# સમયસારખ્યાતિ ભાગ-૧

(ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી પરમાગમ ઉપર સમયસારમર્મજ્ઞ
શ્રી કહાનગુરુવરનાં અધ્યાત્મરસભીના ૧૯મી વારના અક્ષરશઃ પ્રવચન)




શ્રી મહાવીરસ્વામી



શ્રી સીમંધરસ્વામી



શ્રી કુંદકુંદાચાર્ય

શ્રી સમયસારજી



શ્રી અમૃતચંદ્રાચાર્ય

પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પ્રકાશક :-પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

ॐ સમયસારખ્યાતિ

સમયસારખ્યાતિ ॐ

સ
મ
ય
સા
ર
ખ્યા
તિ

સ
મ
ય
સા
ર
ખ્યા
તિ

॥ नमः परमात्मने ॥

સ્વરૂપસાધક શ્રી કહાન ગુરુદેવશ્રી દ્વારા પ્રવાહિત

# સમયસારખ્યાતિ

ગ્રંથાધિરાજ શ્રી સમયસારજી પરમાગમ ઉપર
સમયસારમર્મજ્ઞ શ્રી કહાનગુરુવરનાં
અધ્યાત્મરસભીનાં
૧૯મી વારના અક્ષરશઃ પ્રવચન


## ભાગ-૧

(ગાથા ૧ થી ૧૨, શ્લોક ૧ થી ૫)


[ પ્રવચન નં. ૧ થી ૩૫ ]

: પ્રકાશક :

ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ



ભરતના ભવ્ય જીવોને સમયપ્રાભૃત પ્રદાન કરનાર
કળિકાળ સર્વજ્ઞ શ્રી કુંદકુંદાચાર્યદેવ



આત્માર્થી ભક્તોને આત્મખ્યાતિ વડે અમૃતરસ પાનાર
સ્વરૂપગુપ્ત શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ



અમ બાળકોની જ્ઞાનપરિણતિમાં જ્ઞાયકદેવની પ્રતિષ્ઠા કરનાર
કુંદામૃતહૃદય ખોલનાર શ્રી કહાન ગુરુદેવ

## સ્વરુપસાધક સંતનો ભેટો....

એક સત્ પુરુષ આવી મળ્યા, સત્ય સ્વરૂપ સમજાવી ગયા ....
એક સત્ પુરુષ આવી મળ્યા, સાર સમયનો બતાવી ગયા ....

કરુણા ભીનાં હૃદયે આવ્યા, સીમંધર વાણી લાવ્યા;
જ્ઞાનદાન ભક્તોને આપ્યા, ભવસાગરથી પાર ઉતાર્યાં ....એક સત્ પુરુષ...(૧)

વિદેહ દેશના પાત્ર યુવરાજ, ભરતના કહાન ગુરુરાજ;
અલ્પ ભવમાં ભગવાન થવાના, અહો સદ્ભાગ્ય અમારા ....એક સત્ પુરુષ...(૨)

જિનવાણીના રહસ્ય ખોલ્યા, વીતરાગતા સાર કહી ગયા;
કુંદકુંદના છો સાચા નંદન, કરીએ આજે તુજને વંદન ....એક સત્ પુરુષ...(૩)

ઉમરાળામાં જન્મ લીધો, પાલેજમાં વ્યાપાર કીધો;
સંસાર અસાર લાગ્યો, વૈરાગ્યને ધારણ કર્યો ....એક સત્ પુરુષ...(૪)

સત્ની તીવ્ર ઝંખના હતી, સત્ની શોધ શરુ કરી;
જીવનમાં સત્ પ્રાપ્ત થયું, સમયસાર હાથ આવ્યું ....એક સત્ પુરુષ...(૫)

સંપ્રદાય છોડ્યો ધર્મ ધાર્યો, સુવર્ણપુરીમાં વસવાટ કર્યો;
દિવ્યધ્વનિના વિરહા ભૂલાવ્યા, ડૂબતા જીવોને તમે ઉગાર્યાં ....એક સત્ પુરુષ...(૬)

શું ગુરુવર ચરણે ધરું ? આત્મસ્વરૂપ બતાવી દીધું;
ઉપકારો ભૂલાય નહિ, ભૂલવાનો કદી અવકાશ નથી ....એક સત્ પુરુષ...(૭)

ઉપકાર તારા કેમ કથું ? શબ્દોમાં શું વર્ણન કરું ?
અંતર હૃદયમાં તુજને સ્થાપી, વંદન કરું અહો ! ઉપકારી ....એક સત્ પુરુષ...(૮)

***



જ્ઞાન-વૈરાગ્યધારા દ્વારા સમયસારખ્યાતિ કરી સ્વાનુભૂતિપ્રાપ્ત
પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેન

# ભાવસભર ભાવના

આજથી ૨૫૪૫ વર્ષ પહેલાં આ ભરતભૂમિમાં, ૩૦ વર્ષ સુધી દિવ્યધ્વનિ વર્ષા વરસાવી, પાવાપુરીથી શાસનનાયક શ્રી મહાવીર પ્રભુ નિર્વાણપદને પામ્યા. પછી શું દિવ્યવાણીનો પ્રવાહ અટકી.... ? ના, ના.... તે પાવન ધારા અટકી ગઈ ન હતી. તે પછી ૬૨ વર્ષમાં ત્રણ કેવળી ભગવંતો થયા, જેમણે અમૃતધારાને અખંડપણે વહેતી રાખી. હા, ત્યારબાદ જિનેશ્વરદેવની ૐકાર ધ્વનિનો પ્રત્યક્ષ વિયોગ થયો, છતાં પણ તેના અંતરંગ નિર્મળભાવોને, પાંચ શ્રુતકેવળી મુનીશ્વરોએ ૧૦૦ વર્ષ સુધી, બાર અંગના જ્ઞાન દ્વારા અકબંધ સાચવી રાખીને દિવ્યધારાને ટકાવી રાખી.

સમય વીતતો ગયો... આત્માર્થી જીવોની અલ્પતા, ક્ષયોપશમ જ્ઞાનની હીનતા અને પુણ્યોદયની અછત વર્તાવા લાગી. તેવા કાળમાં શ્રુતજ્ઞાનદાતા શ્રી ધરસેનાચાર્યના પરમ અનુગ્રહથી વચનરૂપ વાણી, શાસ્ત્ર લખાણરૂપે પરિણમવા લાગી. પ્રવાહ આગળ વધવા લાગ્યો.

વીરનિર્વાણના ૫૦૦ વર્ષ પછી આ જ ભૂમિ ઉપર એક સમર્થ આચાર્ય જાગ્યા. તેઓશ્રીને ગુરુ-પરંપરાએ વીરવાણી તો મળી જ, સાથે-સાથે વિદેહક્ષેત્રે બિરાજમાન જીવંતસ્વામી શ્રી સીમંધરપ્રભુની ૐકારવાણી પ્રત્યક્ષ સુણવાનો તેમ જ શ્રુતકેવળીઓ સાથે ચર્ચા-વાર્તા કરવાનો સુયોગ પણ બન્યો હતો. આભના થોભ જેવા આચાર્યદેવને કરુણા જાગી... વર્ધમાનદેવે વહાવેલી જ્ઞાનગંગા સુકાવા લાગી છે. કુદરતમાં આવી જ રીતે ચાલ્યા કરશે તો ?....તો ?....બસ, આવા જ એક નિષ્કારણ કરુણા વિકલ્પથી ચમત્કાર થયો. વીરપ્રભુએ વહાવેલ જ્ઞાનામૃતને એક અનુપમ ભાજનમાં સંગ્રહિત કર્યું. અહો ! ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! ધન્ય દિવસ ! હે કૃપાસાગર આચાર્યવર ! આપશ્રીએ અમારા ઉપર અનુપમ-અનંત-અપરિમિત-અગાધ-અદ્ભુત-અલૌકિક-ઉપકાર કર્યો છે.

આ અનુપમ ભાજન ક્યાં છે ? ક્યાં છે ? જોવા મળશે ?

અરે મિત્ર ! ભાઈ ! આ અમૃતભાજન ઠેર-ઠેર છે. દરેક આત્માર્થીના ઘરે જ નહીં, હસ્તકમળમાં પણ છે અને તેને જે નિજ હૃદયકમળમાં બિરાજમાન કરે છે, તેને માત્ર

જોવા-જાણવા જ નહીં, ચાખવા-માણવા-અનુભવવા પણ મળી શકે છે—પુરુષાર્થ કરે તો. મહા પુણ્યથી તેનો યોગ પ્રાપ્ત થાય છે અને પુરુષાર્થ કરવાથી તેની પ્રાપ્તિ-પરિણમન થાય છે.

આ અમૃતભાજન એટલે શ્રી સમયપાહુડ.....શ્રી સમયપ્રાભૃત....શ્રી સમયસાર પરમાગમ અને તેના સર્જનહાર છે ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય શ્રી કુંદકુંદાચાર્યદેવ કે જેઓશ્રીને ત્રિલોકીનાથ શ્રી સીમંધરપ્રભુનાં સાક્ષાત્ આશીર્વાદ પ્રાપ્ત થયાં હતાં કે "છે આચાર્ય સમર્થ એ ભરતના, સદ્ધર્મવૃદ્ધિ કરા.." અહો ! આનાથી અધિક કોઈ પરિચય, ઓળખાણ જોઈએ છે ! હે આચાર્યદેવ ! ખરેખર આપ કળિકાળ સર્વજ્ઞ ભગવાન કુંદકુંદાચાર્ય છો !

અનાદિનું કાળચક્ર ભવિષ્ય તરફ આગળ વધે છે. શ્રી સમયસારાદિ ભાગવત્ શાસ્ત્રોની ગાથાઓના અલ્પ શબ્દોમાં ભરેલા અધ્યાત્મ ભંડારને જોવાની-ઉકેલવાની ક્ષમતા જીવોમાં અલ્પ થતી જાણી, હજાર વર્ષ પહેલાં થયેલાં એક બીજા આચાર્યવરની પણ આપણા ઉપર કૃપાદ્રષ્ટિ થઈ. તેઓશ્રીએ પરમ મહેરબાની કરીને ગાથાના ગંભીર ભાવોને ઉકેલીને વિસ્તારપૂર્વક "આત્મખ્યાતિ' નામની ટીકા રચી. "હું તો સ્વરૂપગુપ્ત છું, શબ્દોએ સ્વયં શક્તિથી આ ટીકાની રચના કરી છે.'—આમ કહીને યથાર્થ વસ્તુસ્વરૂપ સમજાવી, અમૃતચંદ્રાચાર્યે જિનવાણીનાં અમૃતપાન કરાવ્યાં છે. અહો ! આપશ્રીએ તો તીર્થંકરતુલ્ય શ્રી કુંદકુંદાચાર્યનાં હ્દયપટ ખોલીને ગણધરતુલ્ય કાર્ય કર્યું છે ! અહો ! ભરતક્ષેત્રનું અલૌકિક શાસ્ત્ર સમયસાર ! તેની અદ્દ્ભુત આત્મખ્યાતિ ટીકા ! તેનો અચિંત્ય કર્તાકર્મ અધિકાર !

શ્રી વીરપ્રભુના નિર્વાણને ૨૪૦૦ વર્ષ ઉપરાંત થઈ ગયાં, સ્વયં શ્રી કુંદકુંદાચાર્યને ૨૦૦૦ વર્ષ તેમ જ શ્રી અમૃતચંદ્રાચાર્યને ૧૦૦૦ વર્ષ આ ભૂમિને પાવન કર્યાને વીતી ગયા. શું સમય ક્યારેય ઊભો રહે છે ? આ ભરતક્ષેત્ર, તેમાંય હુંડાવસર્પીણી કાળમાં ઉત્કૃષ્ટ પાત્રવંત અને પુણ્યશાળી જીવોની ઉપસ્થિતિ અપેક્ષિત કેમ હોય ? પરમ વીતરાગ જિનદેવોના વિરહમાં ને જિનમાર્ગ આરૂઢ પરમ નિર્ગ્રંથ મુનિવરોના વિયોગમાં વીતરાગરસ નીતરતી નિત્યબોધિની જિનવાણી વિદ્યમાન હોવા છતાં તેના રહસ્ય-મર્મ સુધી પહોંચવાની દ્રષ્ટિ જીવોમાં ક્યાં હતી ? શ્રીમાન્ પંડિત શ્રી જયચંદજીએ દેશભાષામાં સરળ શબ્દોમાં ભાવાર્થ લખ્યો છે તો પણ ભાષાજ્ઞાનથી માત્ર શબ્દો સુધીની પહોંચ હતી ત્યાં ભાવની ઊંડપ સુધી પહોંચવાની વાત તો શી કરવી ? શાસ્ત્ર અભ્યાસની ધારા-

પ્રવૃત્તિ જ અલોપ થઈ ગઈ હતી ત્યાં ચિંતન-મનન તો ક્યાંથી હોય ? છતાં કોઈ કોઈ આત્મહિતાર્થી જીવો ક્યાંક ક્યાંક હતા, જેના પુણ્યોદયે એક મહાપુરુષનાં પાવન પગલા અહીં થયાં.

શ્રી સમયસારજીની ગાથાના-પદ્યના અલ્પ શબ્દો તથા તેનો ગદ્ય લખાણમાં ટીકારૂપે વિસ્તાર અવસ્થિત હતો તેને વચન-વાણી દ્વારા અતિ વિસ્તૃતપણે વ્યક્ત કરવા એક મહાત્મા વિદેહમાંથી સ્વર્ગમાં જતાં અલ્પ સમય માટે આ ભરતભૂમિમાં પધાર્યાં. સત્‌જિજ્ઞાસુ-સત્‌પિપાસુ, સત્‌શોધક તે ધર્માત્માએ શ્રી સમયસારમાં સત્‌ જોયું, વાંચ્યું, ઓળખ્યું એટલું જ નહીં, પ્રાપ્ત કર્યું—મેળવ્યું-અનુભવ્યું પણ ખરું ને તેની, અકારણ -નિરપેક્ષ કરુણાથી પ્રભાવના-પ્રસિદ્ધિ પણ કરી.

આ કોણ મહાત્મા-ધર્માત્મા-સત્પુરુષ છે ? અધ્યાત્મમૂર્તિ પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કહાન ગુરુદેવ. નિરંતર જિનવાણી વાંચન, મનન-ચિંતવન-ઘોલન તથા જાહેર પ્રવચનો વડે તેઓશ્રીએ જિનવાણીનાં મૂળ ગ્રંથકર્તા વીતરાગ સર્વજ્ઞદેવ, વીતરાગતા પોષક જિનવાણી તેમ જ જિનવાણી રચયિતા વીતરાગમાર્ગ આરૂઢ નિર્ગ્રંથ ગુરુઓ પ્રતિ પોતાની ભક્તિ-બહુમાન-અહોભાવ-નિઃશંકપણે વ્યક્ત કર્યો છે. શ્રીસમયસારજી મળ્યા પછી તો હર સાધના પળે તે પરમાગમ તેઓશ્રીનું સાથીદાર રહ્યું છે. પ્રાણપ્યારા આ પરમાગમનો અંગત અભ્યાસમાં સેંકડો વાર સ્વાધ્યાય કર્યો છે ને ૧૯ વાર તો જાહેર પ્રવચન કર્યાં છે. શ્રી સમયસારજી, પૂજ્ય ગુરુદેવશ્રી અને સોનગઢ—એકાર્થવાચી બની ગયા છે. આ પરમાગમ પ્રત્યેના અહોભાવથી, પૂજ્ય બહેનશ્રીનાં કરકમળથી તેની સ્થાપના થતાં સ્વાધ્યાય હોલ "સ્વાધ્યાય મંદિર" બની ગયું છે.

હે ગુરુવર ! અમારા, સ્વાનુભૂતિ અને સંતસાન્નિધ્ય ઇચ્છુક બાળકોના, એટલા પુણ્ય નથી કે જેથી આપશ્રીની પ્રત્યક્ષ નિશ્રા-છત્રછાયા પ્રાપ્ત થાય. છતાં જ્યારે પણ આપશ્રીની જીવંત વાણી એકાગ્રચિત્તથી સાંભળીએ છીએ કે અલ્પ અક્ષરદેહને વાંચીએ છીએ ત્યારે મનઃચક્ષુ સમક્ષ જાણે કે આપશ્રીનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. અમો ઉપકારી જ્ઞાનીઓને મસ્તક ઉપર રાખીને અને જિનવાણી માતાની આંગળી પકડીને સાધના માર્ગે ધીરે....ધીરે-ભલે કીડી વેગે-ચાલવા પ્રયત્નશીલ છીએ તે બધો ઉપકાર આપશ્રીનો જ છે. આપશ્રીનાં અનહદ, અનુપમ ઉપકારોનું વર્ણન શું થાય ? મન શૂન્યપણાને પ્રાપ્ત થાય છે. વાણી મૌન થઈ જાય છે ને કાયા સહજપણે આપશ્રીનાં ચરણકમળમાં ઢળી

પડે છે. અધિક શું કહીએ ? અમારી સાધના-આરાધનાની હર પળે આપશ્રી શિરછત્ર રહો તેમ જ અમને સદાય સાથે રાખો એ જ અભિલાષા ભાવના છે.

આ જ ભાવનાવશ આપશ્રીનાં શ્રી સમયસારજી ઉપરના ૧૬મી વારના નિજ આત્મસ્પર્શી, અધ્યાત્મરસ ભરપૂર, જ્ઞાન-વૈરાગ્ય સુગંધથી મહેકતાં, ચૈતન્યદેવને હસ્તરેખાવત્ દેખાડતાં, મુમુક્ષુપ્રિય મીઠી મધુરી ભેદજ્ઞાન બંસરીના સૂરથી ગુંજતાં તેમ જ અંતરંગ હૃદયમાં ધ્યેયના ધ્યાનની ધૂણી જાગૃત કરાવતાં પ્રવચનો અર્થ-ભાવસભર અક્ષરશઃ પ્રસિદ્ધ કરવાનો ભાવ જાગ્યો હતો. તેના પરિપાકરૂપે પાશેરામાં પૂણીરૂપે **"સમયસારખ્યાતિ ભાગ-૧"** પ્રસિદ્ધ કરતાં હૃદયગત ઉર્મિઓની ભાવાંજલિ પાવન ચરણોમાં નમ્રીભૂતભાવે અર્પણ કરીએ છીએ. આ પ્રવચનોમાં સર્વ સુંદરતા આપશ્રીની છે. જે કાંઈ ક્ષતિ રહી ગઈ છે તે અમારી અલ્પતા છે, જેના અમે ક્ષમાપાર્થી છીએ. અધિક અભ્યાસી સાધર્મી જીવો ક્ષતિ તરફ અમારું લક્ષ દોરે તેવી વિનંતી.

અંતમાં, આ પ્રવચનોને વાંચીને, ધારણ કરીને, અર્થ-તત્ત્વથી જાણીને, તેના ભાવોનું ચિંતવન-મનન-ઘૂંટણ કરીને વિકલ્પમાત્રથી પાર વાચ્ય સમયસાર—શુદ્ધાત્માને આપણે સૌ સ્વાનુભૂતિમાં પામીને સ્વસંવેદનના પાનપૂર્વક **"સમયસારખ્યાતિ"** કરીએ એ જ મંગલ-પવિત્ર ભાવના....

—સ્વાનુભૂતિ અને સંતસાનિધ્ય ઇચ્છુક
બાળકો

# અનુક્રમણિકા


| પ્રવચન નંબર | ગાથા /શ્લોક નંબર | ભાષા | નોંધ | તિથિ સંવત ૨૦૨૪ | તારીખ | પાના નંબર |
|---|---|---|---|---|---|---|
| ૧ | મંગલાચરણ, શ્લોક - ૧ | ગુજરાતી | | ભાદરવા વદ - ૧ | ૭ - ૯ - '૬૮ | ૧ |
| ૨ | શ્લોક – ૧ | ગુજરાતી | | ભાદરવા વદ – ૨ | ૮ - ૯ - '૬૮ | ૨૪ |
| ૩ | શ્લોક – ૧, ૨ | ગુજરાતી | 'સમયસાર'ના અનેક પ્રકારે અર્થ | ભાદરવા વદ – ૩ | ૯ - ૯ - '૬૮ | ૫૨ |
| ૪ | શ્લોક – ૨ | ગુજરાતી | | ભાદરવા વદ – ૪ | ૧૦ - ૯ - '૬૮ | ૮૧ |
| ૫ | શ્લોક – ૨, ૩ ગાથા – ૧ | ગુજરાતી | | ભાદરવા વદ – ૫ | ૧૧ - ૯ - '૬૮ | ૧૦૭ |
| ૬ | ગાથા – ૧ | ગુજરાતી | 'સિદ્ધ' વિષે ભાવવાહી પ્રવચન | ભાદરવા વદ – ૬ | ૧૨ - ૯ - '૬૮ | ૧૩૪ |
| ૭ | ગાથા – ૧ | ગુજરાતી | પ્રવચન ૪૭.૩૦ મિનિટનું છે | ભાદરવા વદ – ૭ | ૧૩ - ૯ - '૬૮ | ૧૫૮ |
| ૮ | ગાથા – ૧, ૨ | ગુજરાતી | અદ્ભુત જીવન પ્રસંગ | ભાદરવા વદ – ૮ | ૧૫ - ૯ - '૬૮ | ૧૮૨ |
| ૯ | ગાથા – ૨ | ગુજરાતી | બેટરીવાળું પ્રવચન | ભાદરવા વદ – ૯ | ૧૬ - ૯ - '૬૮ | ૨૧૦ |
| ૧૦ | ગાથા – ૨, ૩ | ગુજરાતી | | ભાદરવા વદ – ૧૦ | ૧૭ - ૯ - '૬૮ | ૨૩૭ |
| ૧૧ | ગાથા – ૩ | ગુજરાતી | મહા સિદ્ધાંત | ભાદરવા વદ – ૧૧ | ૧૮ - ૯ - '૬૮ | ૨૫૯ |
| ૧૨ | ગાથા – ૩,૪ | ગુજરાતી | | ભાદરવા વદ – ૧૨ | ૧૯ - ૯ - '૬૮ | ૨૮૬ |
| ૧૩ | ગાથા – ૪ | ગુજરાતી | અજ્ઞાની જીવની દશા | ભાદરવા વદ – ૧૩ | ૨૦ - ૯ - '૬૮ | ૩૦૭ |
| ૧૪ | ગાથા – ૩,૪ | ગુજરાતી | | ભાદરવા વદ – ૧૫ | ૨૨ - ૯ - '૬૮ | ૩૨૯ |
| ૧૫ | ગાથા – ૪,૫ | ગુજરાતી | | આસો સુદ – ૧ | ૨૩ - ૯ - '૬૮ | ૩૫૩ |
| ૧૬ | ગાથા – ૫ | ગુજરાતી | | આસો સુદ – ૨ | ૨૪ - ૯ - '૬૮ | ૩૭૪ |
| ૧૭ | ગાથા – ૫, ૬ | ગુજરાતી | | આસો સુદ – ૩ | ૨૫ - ૯ - '૬૮ | ૩૯૭ |
| ૧૮ | ગાથા – ૬ | ગુજરાતી | | આસો સુદ – ૪ | ૨૬ - ૯ - '૬૮ | ૪૧૯ |
| ૧૯ | ગાથા – ૬ | ગુજરાતી | | આસો સુદ – ૫ | ૨૭ - ૯ - '૬૮ | ૪૪૩ |
| ૨૦ | ગાથા – ૬ | ગુજરાતી | | આસો સુદ – ૮ | ૨૯ - ૯ - '૬૮ | ૪૬૮ |
| ૨૧ | ગાથા – ૬, ૭ | ગુજરાતી | | આસો સુદ – ૯ | ૩૦ - ૯ - '૬૮ | ૪૯૫ |
| ૨૨ | ગાથા – ૭ | હિંદી | | આસો સુદ – ૧૦ | ૧ - ૧૦- '૬૮ | ૫૨૨ |
| ૨૩ | ગાથા – ૭, ૮ | હિંદી | | આસો સુદ – ૧૧ | ૨ - ૧૦- '૬૮ | ૫૪૭ |
| ૨૪ | ગાથા – ૮ | હિંદી | | આસો સુદ – ૧૨ | ૩ - ૧૦- '૬૮ | ૫૭૩ |
| ૨૫ | ગાથા – ૮, ૯-૧૦ | હિંદી | | આસો સુદ – ૧૩ | ૪ - ૧૦- '૬૮ | ૬૦૦ |

| પ્રવચન નંબર | ગાથા /શ્લોક નંબર | ભાષા | નોંધ | તિથિ સંવત ૨૦૨૪ | તારીખ | પાના નંબર |
|---|---|---|---|---|---|---|
| ૨૬ | ગાથા – ૯-૧૦ | હિંદી | | આસો સુદ – ૧૫ | ૬ – ૧૦– '૬૮ | ૬૨૮ |
| ૨૭ | ગાથા – ૧૧ | હિંદી | | આસો વદ – ૧ | ૭ – ૧૦– '૬૮ | ૬૫૪ |
| ૨૮ | ગાથા – ૧૧ | હિંદી | | આસો વદ – ૨ | ૮ – ૧૦– '૬૮ | ૬૮૧ |
| ૨૯ | ગાથા – ૧૧ | હિંદી | | આસો વદ – ૩ | ૯ – ૧૦– '૬૮ | ૭૦૫ |
| ૩૦ | ગાથા – ૧૧ | હિંદી | | આસો વદ – ૪ | ૧૦– ૧૦– '૬૮ | ૭૩૧ |
| ૩૧ | ગાથા – ૧૧,૧૨ | હિંદી | | આસો વદ – ૫ | ૧૧– ૧૦– '૬૮ | ૭૫૭ |
| ૩૨ | ગાથા – ૧૨ | હિંદી | | આસો વદ – ૬ | ૧૨– ૧૦– '૬૮ | ૭૮૩ |
| ૩૩ | ગાથા – ૧૨ | હિંદી | ૧૧મી ગાથા ને ૧૨મી ગાથાની સંધિ | આસો વદ – ૭ | ૧૩– ૧૦– '૬૮ | ૮૦૯ |
| ૩૪ | ગાથા – ૧૨, શ્લોક – ૪ | ગુજરાતી | | આસો વદ – ૯ | ૧૫– ૧૦– '૬૮ | ૮૪૨ |
| ૩૫ | શ્લોક – ૪, ૫ | ગુજરાતી | | આસો વદ – ૧૦ | ૧૬– ૧૦– '૬૮ | ૮૬૯ |

## વાંચકોને વિનંતી

(૧) **Red type** અક્ષરો શાસ્ત્રનાં મૂળ શબ્દો છે.

(૨) **Brown type** અક્ષરો પ્રવચનમાં આધારરૂપે આપેલા કોઈ અન્ય શાસ્ત્ર, કાવ્ય વગેરેના સૂચક છે.

(૩) કોઈ શબ્દોને/વાક્યોને **Highlight** કરવા **Green type** કરવામાં આવ્યા છે.

(૪) જ્યાં-જ્યાં બરાબર સંભળાયું નથી અથવા વાક્ય અપૂર્ણ લાગ્યું છે, અથવા જરૂરી લાગ્યું છે ત્યાં ત્યાં .... મૂકવામાં આવ્યા છે.

(૫) સ્પષ્ટતા માટે અથવા વાક્યોની સંધિ માટે કૌંસ ( ) મૂકવામાં આવ્યા છે.

# સમયસાર ભક્તિ

ધન્ય વાણી સમયસાર, અમને બતાવ્યો આતમરામ....

સમયસાર અધ્યાત્મ વાણી, દેખાડે નિજ ભગવાન;
નવ તત્ત્વના ભેદથી જુદો, તું છો જ્ઞાયકભાવ....ધન્ય...૧.

બાર ગાથા પીઠિકામાં છે, સંક્ષિપ્ત સઘળો સાર;
સૂક્ષ્મ રૂચિવંત જીવો સહુ, થઈ જાઓ ભવ પાર....ધન્ય...૨.

અડતીસ ગાથા પૂર્વરંગ, શ્રોતાને આતમ ભાન;
હું એક શુદ્ધ સદા અરૂપી, કરો અનુભવ આજ....ધન્ય...૩.

જીવ-અજીવ અધિકાર જુઓ, કરાવે છે ભેદજ્ઞાન;
જડ-ચેતનને ભિન્ન જાણતાં, ટળે અનંત અવતાર....ધન્ય...૪.

પરનો કર્તા તું કેમ હોય ? રાગને કરે ન કાંઈ;
અકર્તા ભાવ અંતર જગાવી, જ્ઞાતા રહે સદાય....ધન્ય...૫.

પુણ્ય-પાપમાં ભેદ કેવો ? રખડાવે ચાર ગતિમાંય;
મલિનતા, આકુળતા છોડી, આવી જા આનંદધામ....ધન્ય...૬.

મિથ્યાત્વ છે મોટો આસ્રવ, કરાવે બંધ અપાર;
સાચી સમજણ સ્વરૂપની કરી, છોડ વિપરીત ભાવ....ધન્ય...૭.

ભેદજ્ઞાનથી સંવર થાય, પ્રગટે મોક્ષનો માર્ગ;
સર્વ સિદ્ધ ભેદજ્ઞાનથી થયા, અન્ય મળે ન ઉપાય....ધન્ય...૮.

પ્રીતિ સંતુષ્ટિ તૃપ્તિ તું કરજે, નિજ સ્વરૂપમાં જ;
શુદ્ધિની વૃદ્ધિ નિર્જરા થાશે, એકદેશ બંધ અભાવ....ધન્ય...૯.

અન્ય કોઈ નહીં બંધના કારણ, છે માત્ર અધ્યવસાય;
અબંધ સ્વરૂપનો આશ્રય કરતાં, નિશ્ચિત બંધનો નાશ....ધન્ય...૧૦.

તારું લક્ષણ ચૈતન્ય છે ને, બંધનું લક્ષણ રાગ;
પ્રજ્ઞાછીણી થકી બંધ છેદતાં, પ્રગટે મોક્ષ સ્વભાવ....ધન્ય...૧૧.

તું સર્વ વિશુદ્ધ જ્ઞાન સ્વરૂપી, છે ભિન્ન સર્વ સ્વાંગ;
ક્રમબદ્ધનો સાચો સ્વીકાર, છે પુરુષાર્થ યથાર્થ....ધન્ય...૧૨.

અનંત શક્તિ ધારક આતમ, હવે તો નિજમાં નિહાળ;
ઉપાય-ઉપેય બધું જ જ્ઞાનમાં, કર પાકો નિરધાર....ધન્ય...૧૩.

જય હો જય હો સમયસાર, છે જિનેશ્વરની વાણ;
કુંદકુંદદેવે અદ્‌ભુત ગૂંથી, રત્નોની આ માળ....ધન્ય...૧૪.

આત્મખ્યાતિ અનુપમ ટીકા, મળે ન બીજે ક્યાંય;
કમાલ છે અમૃતચંદ્રદેવ, ખોલ્યા જ્ઞાન ભંડાર....ધન્ય...૧૫.

કરકમળમાં પરમાગમ આવતાં, જાગ્યો અંતર પોકાર;
આ અશરીર થવાનું શાસ્ત્ર, કહે સહજ ગુરુરાજ....ધન્ય...૧૬.

સ્વાધ્યાય મંદિરે સમયસાર શોભે, સ્થાપ્યું ભગવતી માત;
અભ્યાસ, ચિંતન મનન કરીને, પામીએ સમયસાર....ધન્ય...૧૭.

ધન્ય વાણી સમયસાર, અમને બતાવ્યો આતમરામ....

❁ ❁ ❁

**પ્રવચન નં. ૧**
**મંગલાચરણ, શ્લોક - ૧**
**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧, શનિવાર, તા. ૭-૯-'૬૮**

સમયસાર શાસ્ત્ર ૧૫ વાર સભામાં પૂર્ણ થઈ ગયું, ૧૬મી વાર ચાલે છે. ૧૬.... ૧૬. સોળ કળાએ ચંદ્ર ખીલેને ત્યારે પૂરો કહેવાય. ચંદ્રની ૧૬ કળા છેને ? ૧૬મી વાર ચાલે (–શરુ થાય) છે આજ. પહેલેથી શરૂ કર્યું છે. એનું પહેલું મંગલાચરણ. આ બાજુ, આ બાજુ મંગલાચરણ છેને ?

ॐ

**श्रीसर्वज्ञवीतरागाय नमः**

શાસ્ત્ર-સ્વાધ્યાયનું પ્રારંભિક મંગલાચરણ

**ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः ।**
**कामदं मोक्षदं चैव ॐकाराय नमोनमः ।।१।।**

એની વ્યાખ્યા : બિંદુ સહિત ૐકારને યોગીઓ નિત્ય ધ્યાવે છે. ૐ શબ્દ તો વાચક છે, પણ આત્મા એ ૐનો વાચ્ય છે. ભગવાન પૂર્ણ આનંદસ્વરૂપ, એ ૐ સ્વરૂપ જ છે.

**'ओंकारं (बिन्दु)'....** બિંદુ સહિત ૐકારને યોગીઓ નિત્ય ધ્યાવે છે.

**('कामदं')....** કામને દેનારા.... આત્માનું ધ્યાન થતાં અપૂર્ણતા રહે તો વચ્ચે રાગ આવે (એ) એને (–સાધકને) સ્વર્ગ આદિ પણ દે છે.

**('मोक्षदं')....** મોક્ષને દેનારા એવા ૐકારને નમસ્કાર હો.. નમસ્કાર હો.

(૧) ૐ એ ભગવાનની દિવ્યધ્વનિ છે. ભગવાન તીર્થંકર કેવળજ્ઞાન પામે ત્યારે એમને (શરીરમાં) ૐ અવાજ ઊઠે છે અંદરથી. સમજાણું કાંઈ ?
(૨) (ૐ) બધા બાવન અક્ષરમાં પ્રધાન અક્ષર છે,
(૩) ૐમાં બધા ૧૨ અંગનું રહસ્ય સમાય છે,
(૪) ૐ એ પાંચ પદનું રહસ્ય છે 'અસિઆઉસા' આદિ.

—એ ૐકારને નમસ્કાર.... નમસ્કાર. પહેલા (દેવને નમસ્કાર) કીધો.

**अविरलशब्दघनौघप्रक्षालितसकलभूतलमलकलङ्का ।**
**मुनिभिरुपासिततीर्था सरस्वती हरतु नो दुरितान् ।।२।।**

ૐ શબ્દ કહીને દેવને નમસ્કાર કર્યો. ૐ એ પરમાત્મસ્વરૂપ છે—એમ કહીને દેવને નમસ્કાર કર્યાં. હવે શાસ્ત્રને નમસ્કાર કરે છે. (પૂજામાં) આવે છેને ? 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન'. (દેવ પછી હવે) શાસ્ત્રને નમસ્કાર કરે છે.

'अविरलशब्द'રૂપ મૂશળધાર વરસાદ વડે.. છેને ? 'अविरलशब्दघनौघ'.... 'अविरल'.... નામ જેમાં આંતરો નથી એવા શબ્દરૂપી મૂશળધાર વરસાદ વડે જેણે સકળ ભૂતલના મળકલંકો.... મનુષ્યના બધા મળકલંકો ધોઈ નાખ્યા છે. એ, મુનિઓ વડે ઉપાસવામાં આવતું શ્રુતજ્ઞાન.... ભાવજ્ઞાન તીર્થસ્વરૂપ છે. એ સરસ્વતી અમારા દૂરિતોને હરો. સમ્યગ્જ્ઞાનને સરસ્વતી કહે છે. પહેલાં દેવને નમસ્કાર કર્યો, પછી સમ્યગ્જ્ઞાન એટલે શાસ્ત્રના ભાવજ્ઞાનને અને શાસ્ત્રને— બેયને (નમસ્કાર કર્યાં). ત્રીજો ગુરુને નમસ્કાર.

**अज्ञानतिमिरान्धानां ज्ञानाञ्जनशलाकया ।**
**चक्षुरुन्मीलितं येन तस्मै श्रीगुरवे नमः ।।३।।**

અજ્ઞાનરૂપી અંધકારથી જે અંધ છે તેના નેત્ર જેણે જ્ઞાનરૂપી અંજનશલાકા વડે ખોલી નાખ્યા છે તે શ્રી સદ્‌ગુરુને નમસ્કાર.... નમસ્કાર.

| | |
|---|---|
| श्रीपरमगुरवे नमः.... | પરમ ગુરુ— પરમાત્મા સર્વજ્ઞદેવ આદિ(ને નમ:). |
| परम्पराचार्यगुरवे नमः.... | એના પરંપરાના ગણધર આદિ આચાર્યને નમઃ. |
| सकलकलुषविध्वंसकं.... | સકળ કલુષનો નાશ કરનારું, |
| श्रेयसां परिवर्धकं.... | શ્રેયનું વધારનારું, |
| धर्मसम्बन्धकं.... | ધર્મનો સંબંધ કરાવનારું આ શાસ્ત્ર, |
| भव्यजीवमनःप्रतिबोधकारकं.... | લાયક પ્રાણીના મનને જ્ઞાન ઉપજાવનારું, |
| पुण्यप्रकाशकं.... | પવિત્રતાનું પ્રકાશક છે, |
| (पापप्रणाशकमिदं शास्त्रं).... | પાપનું નાશક છે એ શાસ્ત્ર, |
| श्री समयसारनामधेयं.... | જેનું નામ સમયસાર છે. |

अस्य मूलग्रन्थकर्तारः श्रीसर्वज्ञदेवा: .... એના મૂળ કર્તા તો સર્વજ્ઞદેવ છે.
तदुत्तरग्रन्थकर्तारः श्रीगणधरदेवाः .... એના પછી કર્તા ગણધરદેવ છે,
प्रतिगणधरदेवाः .... —એમ કરતાં આચાર્ય આદિ.
तेषां (वचनानुसारमासाद्य).... તેમનાં વચનને અનુસરીને
आचार्यश्रीकुन्दकुन्दाचार्यदेवविरचितं, श्रोतारः सावधानतया शृणवन्तु.... (આચાર્ય શ્રી કુંદદદેવ રચિત આ શાસ્ત્રને) સાવધાનપણે સાંભળવું—એમ કહે છે.

મંગલાચરણ કરીએ.

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी ।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।१।।

સમજાણું ? વીર ભગવાન મંગલરૂપ છે, ગૌતમ ગણધર મંગલરૂપ છે, આર્ય (–આચાર્ય) કુંદકુંદાચાર્ય મંગલરૂપ છે, જૈનધર્મ મંગલરૂપ છે.

सर्वमंगलमांगल्यं सर्वकल्याणकारकं ।
प्रधानं सर्वधर्माणां जैनं जयतु शासनम् ।।२।।

સર્વ મંગલોમાં મંગલરૂપ છે, સર્વ કલ્યાણનું કરનારું છે, સર્વ ધર્મોમાં પ્રધાન છે—એવું જૈનશાસન જયવંત વર્તો. દરેક શાસ્ત્રની સ્વાધ્યાય કરતાં પહેલાં એ (–મંગલાચરણ) ચાલે (–હોય) છે. સમજાય છે ?

હવે મંગલિક. આ પોતે જયચંદ પંડિત દેશવચનિકા કરે છેને ? એ પોતે મંગલિક કરે છે. મંગલિક કરવામાં (–શા માટે કરવું એ વિશે) એવો એક શ્લોક છે શાસ્ત્રમાં. (ષટ્ખંડાગમ, પ્રથમ ખંડ-જીવસ્થાન, સત્ પ્રરુપણા, ધવલા ટીકા, ભાગ-૧, સૂત્ર-૧, ગાથા-૨૦). આદ્ય માંગલિકમાં...... मध्ये अवस्थिति विद्या.... મધ્યમાં મંગલિક કરવાથી વિદ્યાનો નાશ ન થાય અને છેલ્લે મંગલિક કરવાથી વિદ્યાનું ફળ પ્રાપ્ત થાય. એ રીતે મંગલિક કરે છે.

ॐ

परमात्मने नमः

શ્રીમદ્-ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

# શ્રી સમયસાર

જીવ-અજીવ અધિકાર.

श्रीमदमृतचन्द्रसूरिकृता आत्मख्यातिः ।

પહેલો શ્લોક.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

હવે મૂળ ગાથાઓનો અને આત્મખ્યાતિ ટીકાનો ગુજરાતી અનુવાદ. એવા જયચંદ પંડિત ગ્રંથનું મંગલિક કરે છે. પહેલાં દેવને નમસ્કાર કરે છે :

શ્રી પરમાતમ પ્રણમીને, શારદ સુગુરુ નમી ય;
સમયસાર શાસન કરું, દેશવચનમય, ભાઈ ! ૧.

જયચંદ પંડિતનું એ લખેલું છે મંગલિક....

શ્રી પરમાતમ પ્રણમીને.... પરમસ્વરૂપ ભગવાન પરમાત્મા સર્વજ્ઞદેવો છે એને હું નમસ્કાર (કરીને).... પ્રણમીને.... લ્યો ! 'પ્રણમન' (શબ્દ) આવ્યો. એમાં (–પ્રવચનસાર ગાથા ૧ થી ૫ ના ઉપોદ્‌ઘાતમાં પણ આ શબ્દ આવે છે).... વંદન કરું છું (એ 'પ્રણમન'નો અર્થ છે). એવા પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વર, અનાદિ સનાતન સિદ્ધ ભગવાનો અને પરમેશ્વર નવા પણ પ્રગટ થાય છે—એ બધા પરમેશ્વરોને.... પૂર્ણ દશા જેને પ્રાપ્ત થઈ છે, વીતરાગવિજ્ઞાન દશા જેની પૂર્ણ થઈ ગઈ છે એવા પરમાત્માને નમસ્કાર કરીને શાસ્ત્રની, ચાલતી ભાષામાં વચનિકા કરું છું.

શારદ.... 'શારદ' એટલે શાસ્ત્ર. પહેલાં દેવને નમસ્કાર કર્યો. 'શારદ' એટલે શાસ્ત્રને નમસ્કાર. શારદા— શાસ્ત્ર. સમ્યગ્જ્ઞાન અને શાસ્ત્ર એને નમસ્કાર. પછી....

સુગુરુ.... 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન.' 'સુગુરુ'.... જ્ઞાની, ધર્માત્મા. ગુરુઓને નમસ્કાર કર્યો.

હવે (નમસ્કાર) કરીને કહે છે : સમયસાર શાસન કરું.... સમયસાર શાસ્ત્ર હું બનાવું છું દેશભાષાએ.... ચાલતી ભાષામાં. 'દેશ' એટલે ચાલતી. દેશવચનમય, ભાઈ !.... શાસ્ત્રના અર્થો ચાલતી ભાષામાં હું આમાં કહીશ.

શબ્દબ્રહ્મ પરબ્રહ્મનો વાચકવાચ્ય નિયોગ;
મંગળરૂપ પ્રસિદ્ધ એ, નમું ધર્મ-ધન-ભોગ. ૨.

કહે છે, પરમબ્રહ્મ.... ભગવાન એવો આત્મા. પરમબ્રહ્મ.... પરમ આનંદસ્વરૂપ એવો આત્મા એ 'વાચ્ય' છે—એ કહેવાને લાયક છે અને 'વાચક' એના (-વાચ્યના બતાવનારા) શબ્દો છે. સમજાય છે કાંઈ ? 'સમયસાર' તે શબ્દ છે વાચક અને પરમબ્રહ્મ.... ભગવાન આત્મા એનું 'વાચ્ય' છે. એ વાચક દ્વારા કહેવાય એ આત્મા (વાચ્ય છે). જેમ 'સાકર' શબ્દ છે. 'સાકર' શબ્દ છે એ દ્વારા વાચ્ય સાકર બતાવાય છે કે 'આ સાકર'. 'સાકર' સમજે ? શક્કર.

એ શબ્દબ્રહ્મ.... એને પણ—'શબ્દ'ને પણ 'શબ્દબ્રહ્મ' કહ્યો, (કેમ કે) વ્યાપક.... પૂર્ણ સ્વરૂપને બતાવનાર છે માટે. પરમબ્રહ્મ.... પરમબ્રહ્મ.... આત્મા પૂર્ણાનંદ સ્વરૂપ અથવા પરમાત્મા થયા એ અને આ આત્મા. એ બેને વાચકવાચ્ય નિયોગ.... બે વચ્ચે શબ્દ.... 'વાચક' એટલે શબ્દ અને 'વાચ્ય' એટલે ભાવ, એનો અર્થ. એવો એનો 'નિયોગ' નામ સંબંધ છે. સમજાય છે કાંઈ ? જેમ 'સાકર' શબ્દથી સાકર પદાર્થ જણાય છે, એમ ભગવાન આત્મા.... આ સમયસાર (શાસ્ત્ર), શબ્દો દ્વારા આત્મા કેવો છે એ જણાવે છે. એવો વાચકવાચ્યનો સંબંધ છે.

મંગળરૂપ પ્રસિદ્ધ એ.... મંગળરૂપ પ્રસિદ્ધ જ છે. નથી આવતું 'સિદ્ધ પ્રસિદ્ધ' ? શું કહેવાય ? 'પ્રસિદ્ધ' (-'પ્રસીદ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ'... જયમાલા, સિદ્ધપૂજા). એ મંગળરૂપ પ્રસિદ્ધ છે. પરમાત્મા.... સિદ્ધ પરમાત્મા અને આ આત્મા શુદ્ધ પરમ પ્રભુ એ મંગળરૂપ પ્રસિદ્ધ છે (—એમ) કહે છે. સમજાય છે કાંઈ ?

એ, નમું.... એને નમસ્કાર કરું છું. ધર્મ-ધન-ભોગ.... એ આત્માના ધર્મરૂપી લક્ષ્મીના અનુભવ માટે. લ્યો, શેઠ ! આ ધન આવ્યું. ધર્મ-ધન-ભોગ.... આત્માનો અનુભવ એવી ધન-લક્ષ્મી આત્માની.... ધર્મની લક્ષ્મી— એ શુદ્ધ ચિદાનંદ પરમાત્મા પોતે આત્મા, એનો શુદ્ધતારૂપી ધર્મ એવી જે પોતાની લક્ષ્મી, એનો જે ભોગ નામ અનુભવ (થાય) એના માટે હું આ માંગલિક કરું છું —એમ કહે છે. કહો, સમજાણું કાંઈ ?

નમું ધર્મ-ધન-ભોગ.... 'ધૂળની લક્ષ્મીના અનુભવ માટે (કે અન્ય માટે) મારે કાંઈ જોઈતું નથી આમાં' (—એમ) કહે છે.

(શ્રોતા :) 'મુનિ પાસે હશે (લક્ષ્મી)'....

(પૂજ્ય ગુરુદેવશ્રી :) લ્યો ! ઠીક, શેઠને એમ કે મુનિ પાસે પૈસા હશે એટલે બહુ દરકાર નહીં— એમ (શેઠ) કહે છે. અહીં તો આત્માનો અનુભવ.... ભગવાન આત્મા કે જેનો સ્વભાવ.... આનંદ જ સ્વરૂપ છે જેનું, અતીન્દ્રિય આનંદનો રસકંદ-દળ છે એ. એવી જે આત્મલક્ષ્મી.... એની જે અનુભવરૂપી —ધર્મરૂપી લક્ષ્મી છે એનો અનુભવ અમારે જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી. સ્વર્ગ પણ નહીં, પુણ્ય પણ નહીં— એમ કહે છે. ભગવાન(રૂપે) અમે છીએ તે પામીએ— એમ કહે છે. ખરી રીતે તો એમ (કહે છે).

અમે છીએ.... અમે અતીન્દ્રિય આનંદમૂર્તિ આત્મા છીએ. એ શરીર-વાણી નહીં, મન નહીં, પુણ્ય-પાપના રાગ નહીં. 'છે' તે પામીએ— એમ કહે છે. અમે છીએ તે પ્રાપ્ત થાય.... એનો અનુભવ પ્રાપ્ત થાય— એમ કહે છે. કહો, સમજાય છે કાંઈ ? 'પુણ્ય થાય, સ્વર્ગ મને મળે અને પછી ભગવાન પાસે જાશું— એ માટે શાસ્ત્ર કહીએ છીએ'—એવું કાંઈ આમાં ન આવ્યું. આ ભગવાન (આત્મા) પોતે ભગવાન છે. અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ આત્મા છે એના અનુભવનો ભોગ એટલે એને અનુભવવું એ અમને જોઈએ છે. બસ, બીજું કાંઈ જોઈતું નથી.

એ દોહા હતા બે. હવે આ ચૌપાઈ છે :

નય નય સાર લહે શુભવાર, પદ પદ માર દહે દુઃખકાર;
લય લય પાર ગ્રહે ભવધાર,–જય જય સમયસાર અવિકાર. ૩.

એ (જયચંદજી) ગૃહસ્થાશ્રમમાં રહ્યા જયપુરના પંડિત છે. એ સંસ્કૃત ટીકાનો અર્થ કરવા માંગતા પહેલાં મંગલિક કરે છે. નય નય સાર લહે શુભવાર.... એ શુદ્ધનયનું અંદર જ્ઞાન કરતાં કરતાં 'શુભવાર' = શુભ કાળ.... આત્માને લાભ થાય એ શુભ કાળ છે મારો. નયનું જ્ઞાન કરતાં.... આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવું એ નયનું.... નયનું જ્ઞાન કરતાં સાર લહે શુભવાર.... શુભ કાળ.... એ અમારા સ્વકાળમાં.... શુભ કાળમાં અમને આનંદનો લાભ થાય નયનું જ્ઞાન સમજતાં—એવું આ સમયસાર છે. સમજાણું કાંઈ ?

નય નય સાર લહે શુભવાર, પદ પદ માર દહે દુઃખકાર.... પદે-પદે.... પદે-પદે.... ન્યાયે-ન્યાયે.... શબ્દે-શબ્દે.... ભાવે-ભાવે.... આ સમયસારને સમજતાં ભાવે-ભાવે માર દહે.... મરણને.... જન્મ-મરણને બાળી નાખે. એ જન્મ-મરણ કેવા છે ? દુઃખકાર છે. કહો, સમજાય છે કાંઈ ?

નય નય સાર લહે શુભવાર, પદ પદ માર દહે દુઃખકાર.... દુઃખના કરનારા જન્મ ને મરણના દુઃખભાવ છે એનો પદે-પદે.... આ શાસ્ત્રનું જ્ઞાન થતાં પદે-પદે એ મરણનો-દુઃખકર્મનો નાશ થવાનો.... (દુઃખનો) નાશ કરનારા છે એ (શાસ્ત્રો). આહાહા ! બાળમરણનો નાશ કરી અને પંડિત મરણને પ્રગટ કરે એવાં શાસ્ત્રો છે.

લય લય પાર ગ્રહે ભવધાર.... ભગવાન આત્મા.... સમયસાર એવો જે આત્મા છે એની શુદ્ધતામાં લય લય થતાં—લીન થતાં.... જુઓ ! આખા શાસ્ત્રનો સાર આમાં કહી દેશે. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ.... પુણ્ય-પાપના વિકલ્પની વાસના વિનાની ચીજ એવો જે શુદ્ધાત્મા (છે તેમાં) લય લય.... લીનતા કરતાં કરતાં પાર ગ્રહે ભવધાર.... ભવના ધરવાનું—ગ્રહવાનું પાર પામી જાય, (પછી) ભવધારણ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા શુદ્ધ આનંદમૂર્તિ, જ્ઞાનનો કંદ પ્રભુ છે એમાં લય—લીનતા થતાં ભવના ગ્રહણનો પાર પામી જાય.... ભવભ્રમણ રહે નહીં. ભવભ્રમણ રહે નહીં એટલે કે મુક્તિ થાય.

જય જય સમયસાર અવિકાર.... હે ભગવાન આત્મા સમયસાર ! અવિકારી સમયસાર ! તારો જય થાવ. સમજાય છે કાંઈ ? 'સમયસાર' એટલે આત્મા, એ અવિકારી સ્વરૂપ છે. પાપ એ તો વિકાર—આસ્રવતત્ત્વ છે. કર્મ, શરીર એ તો અજીવતત્ત્વ છે. ભગવાન આત્મા અનાકુળ, શાંત, આનંદ, અવિકારી તત્ત્વ

છે.—એવો સમયસાર ભગવાન (છે એનો) જય જય—એનો જય થાવ.... જય થાવ અને વિકારનો પરાજય થાવ. (—એમ અસ્તિમાં) નાસ્તિ આવી જાય છે. ‘જય’ અસ્તિથી કીધું. સમજાણું કાંઈ ?

**શબ્દ, અર્થ ને જ્ઞાન—સમયત્રય આગમ ગાયા,**
**કાળ, મત, સિદ્ધાંત—ભેદત્રય નામ બતાવ્યા;**

કહે છે, સમયના ત્રણ નામ :

(૧) એક શબ્દસમય.... આ ‘શબ્દસમય’.... (એટલે) અક્ષરો.

(૨) ‘અર્થસમય’.... (એટલે) પદાર્થ,

(૩) ‘જ્ઞાનસમય’.... (એટલે) જ્ઞાન.

શું કહે છે ? સમજાય છે કાંઈ ?

(૧) શબ્દ—ભગવાનની વાણી એ 'શબ્દસમય'.... એ 'શબ્દસમય'.

(૨) આત્મા આદિ છ પદાર્થ તે 'અર્થસમય'.... ‘અર્થ’ એટલે પદાર્થ, પદાર્થસમય એને કહેવાય.... પદાર્થસમય.

(૩) આ શબ્દસમય અને એનું (–અર્થસમયનું) જ્ઞાન થાય એ 'જ્ઞાનસમય'. સમજાણું કાંઈ ?

(૧) શબ્દસમય.... (૨) જ્ઞાનસમય.... (૩) પદાર્થસમય—એ ત્રણેયને ‘સમય’ કહેવામાં આવે છે. અહીં ‘સમયસાર’ કહેવું છેને ? એટલે આમાં શું કહેવું છે એમ કહીને ‘સમય’ના નામ આપે છે. આમાં શું કહેવું છે ? શબ્દ, અર્થ ને જ્ઞાન—સમયત્રય આગમ ગાયા.... એ ‘સમય‘ ત્રણ પ્રકારે આગમમાં બતાવ્યાં છે.... ગાયા છે.... કહ્યાં છે.

કાળ, મત, સિદ્ધાંત—ભેદત્રય નામ બતાવ્યા....

(૪) એ કાળને પણ સમય કહે છે. ‘કાળ’ સમજાણું ? એક સમય, બે સમય, ત્રણ સમય, વર્ષ, બે વર્ષ આદિ તેને સમય કહે છે.

(૫) મતને પણ સમય કહે છે. આ જૈનમત છે, આ અન્ય મત છે, તેને પણ સમય કહેવામાં આવે છે. મતને પણ.... અભિપ્રાયને પણ સમય કહેવામાં (આવે છે) અને

(૬) સિદ્ધાંતને સમય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ?

તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ... . આ છ બોલ લીધા :

(૧) શબ્દસમય,
(૨) અર્થસમય,
(૩) જ્ઞાનસમય,
(૪) કાળસમય,
(૫) મતસમય અને
(૬) સિદ્ધાંતસમય.

આ કેટલાક (મુમુક્ષુઓ) પહેલાંના સમયના વાંચનમાં નહીં હોય. પોપટભાઈ ! (શાસ્ત્રની) શરૂઆતમાં નહીં હોય. શરૂઆતમાં હતાં (આની) પહેલાંમાં ? કહો, સમજાણું આમાં ? હીરાભાઈ નહીં હોય ?.... પહેલી વાર.

તે મહીં આદિ શુભ અર્થસમયકથની સુણીએ બહુ.... આ છ બોલમાં (સાર) તો પદાર્થરૂપી સમયની વ્યાખ્યા.... કથન કરવું (એ) છે. છ બોલમાં 'અર્થસમય'.... એટલે પદાર્થ. પદાર્થરૂપી સમયની કથની સાંભળો. (અહીં) પદાર્થનું કથન કરવું છે. એ અર્થસમયમાં.... પદાર્થસમયમાં પણ જીવ નામ છે સાર.... પદાર્થ છે છ, એને અર્થસમય કહેવાય છે. એમાં.... છ પદાર્થમાં પણ જીવ નામનો સમય (-પદાર્થ) સાર છે.

અર્થસમયમાં જીવ નામ છે સાર, સુણજો સહુ.... સાંભળજો બધા. અહીં તો બધાને આમંત્રણ.... સાગમટે નોતર્યા છે. 'સાગમટે નોતરુ' સમજતે હૈ કી નહીં સમજતે ? સહકુટુંબ જમણ કરતે હૈન ? બધાય આવજો. અહીં સુણજો સહુ.... બધાય સાંભળો (—એમ) કહે છે. ....એ જ કીધું આમાં.

'સુણજો સહુ'—એમ કહીને (કહ્યું કે) બધાય સાંભળો. જેની સાંભળવાની લાયકાત છે ને સાંભળે છે તે પશુ પણ સાંભળો— એમ કહેવાનું છે. ભગવાનના સમવસરણમાં પશુ પણ આવે છે. ભગવાનના સમવસરણમાં પશુ.... વાઘ, સિંહ, રીંછ સાંભળવા આવે છે, બેસે છે સાંભળવા, સમ્યગ્દર્શન પામે છે, એકાવતારી થઈ જાય છે, તત્કાળ પામી જાય છે. આત્મા ક્યાં પશુ-બસુ હતો ? સમજાણું કાંઈ ?

તે મહીં સાર વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે.... શું કીધું ? છ બોલ કહ્યાં એમાં પણ (સાર) અર્થસમય.... પદાર્થ છે તે સાંભળો. પદાર્થમાં પણ (સાર) જીવપદાર્થ. જીવપદાર્થમાં પણ (સાર).... આ જીવપદાર્થમાં નિગોદ આદિ ઘણા જીવો છે. આ જીવપદાર્થમાં પણ (સાર) વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે.... આ સાર છે આખા સમયસારનો.

વિણકર્મમળ.... કર્મના મળ અને પુણ્ય-પાપનો મળ છે એના વિનાનો ભગવાન.... શુદ્ધ જીવ.... પવિત્ર ભગવાન આત્મા છે એને શુદ્ધનય કહે.... શુદ્ધનય એને (–શુદ્ધ જીવને) આત્મા કહે છે. પુણ્ય–પાપના (ભાવને), શરીરવાળાને કે (અન્યને શુદ્ધનય) આત્મા (કહે નહીં). શુદ્ધનયનો સાર આખા સમયસારમાં કહેશે, તે આ કહેશે. સમજાણું કાંઈ ?

શું કીધું ? છ બોલ કહ્યાં એમાં....

(૧) સાર નામ (સારભૂત છે) 'પદાર્થ'.... પદાર્થસમય લેવો.
(૨) પદાર્થસમયમાં પણ (સાર) જીવ લેવો અને
(૩) જીવમાં પણ (સાર) શુદ્ધ જીવ લેવો.

વિણકર્મમળ.... કર્મ ને રાગ-દ્વેષના મળ વિનાનો ભગવાન આત્મા છે. એ શુદ્ધનય એને 'આત્મા' કહે છે. એ આત્માની કથની આખા સમયસારમાં છે. કહો, સમજાય છે કાંઈ ? વિણકર્મમળ.... એ નાસ્તિથી વાત કરી, અસ્તિરૂપે શુદ્ધ જીવ. વિણકર્મમળ શુદ્ધ જીવ શુદ્ધનય કહે.... શુદ્ધનય તો ચિદાનંદ, અખંડ, અભેદ, શુદ્ધ આત્માને 'આત્મા' કહે છે અને તેની દ્રષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

ધર્મની શરૂઆત.... શુદ્ધનયે બતાવેલો આત્મા છે એની અંતર્દ્રષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને મોક્ષનો પહેલો મારગ (–મોક્ષમાર્ગની શરૂઆત) છે. કહો, સમજાણું કાંઈ ? જુઓ, આ પહેલાના (–પ્રથમ મંગલિકના) આવા અર્થ છે. ઘરે તો કાંઈ સમજાય નહીં ને આંહી કોઈ હોય નહીં પહેલે વખતે (–સમયસારની શરૂઆતમાં). આ ફેરે ૧૬મી (વારમાં) આવી ગયા પહેલાં.

આ ગ્રંથમાં કથની સહુ.... લ્યો ! આ ગ્રંથમાં કથની સહુ.... એ શુદ્ધનય શુદ્ધ જીવને કહે એ બધી કથની છે આખા સમયસારમાં—એમ કહે છે. સમયસાર બુધજન ગ્રહે.... એવો આત્મા.... જ્ઞાનીજન એમાંથી (–આ 'સમયસાર'માંથી) શુદ્ધનય (વડે) શુદ્ધ જીવને ગ્રહે. આખા સમયસારનું વાંચન કરે એમાંથી બુધજન નામ જ્ઞાનીજન 'સમયસાર (–આત્મા) શુદ્ધ જીવસ્વરૂપ છે'—એવો અંદરથી ભાવ કાઢે. વાંચીને એવું કાઢે અને સમજીને (પણ) એમાંથી એ કાઢે. સમજાણું કાંઈ ? આહાહા ! લ્યો ! આ જયચંદ પંડિત ગૃહસ્થાશ્રમમાં (છે તે આ પ્રકારે કહે છે).

નામાદિક ષટ્ ગ્રંથમુખ....—આ 'દોહા' (છંદ) છે હોં. (ઉપરમાં) 'છપ્પઈ' હતી, (ચોથા પદની) ત્રણ (કડી) હતીને ? એ 'છપ્પઈ' હતી. પહેલા બે (પદ 'દોહા' છંદમાં હતા ને ત્રીજું પદ 'ચૌપાઈ' છંદમાં હતું)....

**નામાદિક ષટ્ ગ્રંથમુખ, તેમાં મંગળ સાર;**
**વિઘ્નહરણ, નાસ્તિકહરણ, શિષ્ટાચાર ઉચ્ચાર. ૫.**

કહે છે શાસ્ત્રકર્તા, નામ, આદિ છે તેમાં 'મંગલિક' એ સાર છે.

'નામ' છે, આ શાસ્ત્રનું નામ શું છે ? 'સમયસાર'. તે મંગળને કરે છે. એક મંગળ, બીજું નિમિત્તકારણ. નિમિત્તકારણ.... જેને માટે સમજાવે એ. શાસ્ત્રનું પ્રયોજન.... 'શુદ્ધપણાનો અનુભવ કરવો'.... એ એનું (કહેવાનું) પ્રયોજન. (વગેરે) છ બોલ છે.

નામાદિક ષટ્.... કીધાને ? એટલે....

(૧) એક મંગલિક,
(૨) એક નિમિત્તકારણ (એટલે) કોના માટે,
(૩) શાસ્ત્રનું પ્રયોજન,
(૪) પરિમાણ એટલે સંખ્યા (–માપ).... શાસ્ત્રની સંખ્યા (–માપ), ૪૧૫ (ગાથા), શ્લોક આદિ,
(૫) નામ.... સમયસાર અને
(૬) શાસ્ત્રના કર્તા.... શાસ્ત્રના કર્તા કુંદકુંદાચાર્ય.

—એ નામ (આદિ) છ આવે. દરેક ગ્રંથની શરૂઆતમાં નામ (આદિ) છ હોય.... છ પ્રકાર. સમજાણું કાંઈ ? છેને ?

નામાદિક ષટ્ ગ્રંથમુખ.... ગ્રંથ કહેવામાં એના છ બોલ આવે.

તેમાં મંગળ સાર.... તેમાં પણ મંગલિક કરવું એ સારમાં સાર વસ્તુ છે. 'મંગ'—પવિત્રતાની પ્રાપ્તિ અને પાપનો નાશ કરે એવા ભાવને મંગલિક કહે છે. એ બધા નામાદિક છ બોલમાં પણ મંગલિક સાર છે. કેવું છે મંગલિક એ ?

વિઘ્નહરણ.... એ વિઘ્નનો નાશ કરનાર છે. સ્વરૂપના સાધને ચડતાં તેને વિઘ્ન આવે નહીં. વિઘ્નહરણ.... વિઘ્નનો નાશ કરનાર.

નાસ્તિકહરણ.... એ નાસ્તિકતાનો નાશ કરનાર છે. આમ ન હોય, આમ ન હોય—એમ નહીં; આમ છે, આમ છે, આમ છે. સાંભળનારની નાસ્તિકતાનો નાશ કરનાર આ મંગલિક છે.... આખું સમયસાર એનું (-મંગલિક) જ છે—એમ કહે છે.

શિષ્ટાચાર (ઉચ્ચાર).... ઉત્તમ પુરુષોનો શિષ્ટ આચાર છે કે આ રીતે મંગલિક એણે પહેલું કરવું.

હવે, પોતે દેવ, ગુરુ ને શાસ્ત્ર.... દેવ-શાસ્ત્ર-ગુરુને ફરીને નમન કરે છે.

સમયસાર જિનરાજ છે.... લ્યો ! આ 'દેવ' જ સમયસાર.... ભગવાન એ પોતે દેવ. પૂર્ણાનંદ નિજ શક્તિની મૂર્તિ છે એની પ્રગટતા (થઈ) એવો સમયસાર તે જિનરાજ. જિનરાજ એટલે કોણ ? સમયસાર તે જિનરાજ ! લ્યો ! એ આત્મા.... આનંદ અને શુદ્ધ ચૈતન્યશક્તિની પ્રકાશદશા (–પ્રગટ દશા) જેની પૂરી થઈ ગઈ એ સમયસાર.... એ જિનરાજ.... એ જિનરાજ.

જિન સો હી હૈ આતમા, અન્ય સો હી હૈ કરમ;
કર્મ કટે જિનવચન સો, યે હી સમજ લે સબનો મર્મ..
....સબ શાસ્ત્રકા મર્મ..
(શ્રીમદ્ રાજચંદ્ર, આભ્યંતર પરિણામ અવલોકન, હાથનોંધ-૧ ઉપરથી)

સમજાય છે કાંઈ ?

આ કહે છે કે 'સમયસાર' એટલે એ કોઈ સંપ્રદાયનો (દેવ) નથી—એમ કહે છે. 'જિનરાજ' કોઈ સંપ્રદાયનો દેવ છે—એમ નથી. સમયસાર જિનરાજ છે.... એ 'સમયસાર' એટલે આત્મા જ પોતે જિનરાજ છે. વસ્તુ પોતે જિનરાજ એટલે વીતરાગવિજ્ઞાનનો પિંડ છે. જિનરાજ.... 'જિન' એટલે વીતરાગતાથી શોભતું તત્ત્વ આખું છે. આત્મા વીતરાગસ્વરૂપ, વીતરાગવિજ્ઞાનનો કંદ, શાશ્વત છે. એવો જ પર્યાયમાં પ્રગટ થાય.... વીતરાગવિજ્ઞાનતા પૂર્ણ (થાય) એ સમયસાર.... એ જિનરાજ. સમજાણું કાંઈ ? આહાહા ! ભીખાભાઈ !

સમયસાર જિનરાજ છે, સ્યાદ્વાદ જિનવેણ.... વીતરાગની વાણી અનેકાંતમય સ્યાદ્વાદ છે. વસ્તુને અસ્તિ-નાસ્તિથી કહેનારી વાણી.... ભગવાનની વાણી એ સ્યાદ્વાદ જિનવેણ છે. વીતરાગની વાણી અનેકાંતમય હોય છે—એમ કહ્યું. પહેલાં દેવ કહ્યાં, હવે વાણી કહી.

મુદ્રા જિન નિર્ગ્રંથતા.... મુનિની મુદ્રા (અને) નિર્ગ્રંથ દશા. આહાહા ! અંતરમાં વીતરાગ દશા, બહારમાં નગ્નદશા. નિર્ગ્રંથ.... કાંઈ પકડ ન મળે રાગાદિ કે વસ્ત્રાદિની. વીતરાગ મુદ્રા.... મુનિની અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન સહિત વીતરાગ મુદ્રા એ મુદ્રા જિન નિર્ગ્રંથતા.... એ વીતરાગ (મુનિરાજ)ની નિર્ગ્રંથતા (અને) મુદ્રા એના વીતરાગ (ભાવ) જેવી હોય. મુનિ નિર્ગ્રંથ દશા.... આહાહા ! સમજાણું કાંઈ ? બાહ્યમાં વસ્ત્ર આદિનો પરિગ્રહ ન હોય, અંતરમાં રાગાદિની પકડ (ન હોય). એકલો પકડેલો ભગવાન વીતરાગ આનંદ પ્રભુ છે એની અનુભવ દશા.... વીતરાગી દશા એ એની 'મુદ્રા' છે (અને) એ 'નિર્ગ્રંથતા' છે.

'નમું'.... એ ત્રણને હું નમસ્કાર કરું છું. જિનરાજ દેવને, વીતરાગી અનેકાંત વાણીને અને નિર્ગ્રંથ મુનિની મુદ્રાને.... અંતર મુદ્રાને.... નમું કરે સહુ ચેન.... બધા પ્રકારે આત્માને આનંદ આપે—ચેન આપે. એવા ત્રણને નમસ્કાર કરવાથી આ (આનંદમય) સ્થિતિ થાય છે. લ્યો ! સમજાય છે કાંઈ ?

(સમયસારની) શરૂઆતમાં ભગવાનજીભાઈ નહીં હોય કોઈ દિ' ? નહીં, યાદ નથી. ન હોય, આ તો ઘણી વાર ચાલતું હોય. ૧૫ વાર ચાલી ગયું, ૨૨ની સાલમાં શ્રાવણ મહિને, (પ્રથમ) શ્રાવણ સુદ-૧૧(ના ૧૫મી વારનું શરુ કરેલું). એ પહેલાં (૨૦૧૮, આસો વદ નોમના દિવસે) ચૌદમી વારનું ચાલ્યું (–સમયસાર

શરુ કર્યું) હતું આહીં. (બીજે દિવસે) મુકુંદભાઈ (ખારાના મકાનનું વાસ્તુ) આસો વદ દસમના હતું. સમજાણું....

આ સોળમી વાર.... આસો વદ એકમ, મહિનાનો (પહેલો દિવસ).... મહિનો બેસે છે આજ. શાસ્ત્ર (પ્રમાણે) મહિનો આજ બેઠો, આસો વદ એકમ. મહિનાનો પહેલો દિવસ.... આસો મહિનાનો પહેલો દિવસ. શાસ્ત્ર હિસાબે પહેલાં વદ આવે, કેમ કે પંદર દિવસ જ્યારે થાય ત્યારે અમાસ થાય. અમાસ થાય એટલે અડધો માસ થયો. પૂર્ણ માસ.... પૂર્ણિમા એટલે પૂર્ણ માસ. મહિનાની શરૂઆત.... આસો મહિનાની આજથી (શરૂઆત) થાય છે. આ સોળમી વાર શરૂ થાય છે ત્યારે આ પહેલો દિવસ.

આ પ્રમાણે મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરીને.... લ્યો ! મંગલિકપૂર્વક પ્રતિજ્ઞા કરી, શ્રી કુંદકુંદ આચાર્યકૃત ગાથાબદ્ધ સમયપ્રાભૃત ગ્રંથની શ્રી અમૃતચંદ્ર આચાર્યકૃત આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષામાં વચનિકા લખીએ છીએ....—એમ (પંડિત જયચંદજી કહે છે). કુંદકુંદાચાર્યની ગાથાઓ (અને) અમૃતચંદ્ર આચાર્યની ટીકા.... આત્મખ્યાતિ નામની જે સંસ્કૃત ટીકા છે તેની દેશભાષા—ચાલતી ભાષામાં આ વચનિકા-વચનો લખાય છે.

પ્રથમ, સંસ્કૃત ટીકાકાર શ્રી અમૃતચંદ્ર આચાર્ય ગ્રંથના આદિમાં (પહેલા શ્લોક દ્વારા) મંગળ અર્થે ઇષ્ટદેવને નમસ્કાર કરે છે.... અલૌકિક મંગલિક છે અસ્તિપણાને સિદ્ધ કરનારું.... ઓહોહોહોહો ! એમાં નાસ્તિને યાદ જ કરી નથી. કહે છેને કેટલાક કે વિકલ્પ તોડો, પણ એ વાત જ નથી અહીંયા. 'અસ્તિ'.... આવો આખો ભગવાન આત્મા છે.

બસ, એ 'છે' એવો અનુભવ કરે (તો) વિકલ્પ તૂટી જાય, રાગ રહે નહીં (અને) કર્મ ખસી જાય. (જો કે) એ પણ અહીંયા કહેવાની જરૂર નથી, (કારણ કે) વાત એ (છે કે) આખા સમયસારમાં મૂળપણે અસ્તિથી કહેવું છે, પછી વિસ્તાર આવતા બધું (–નાસ્તિ આદિ) આવે. પણ કળશનો મૂળ સાર ('અસ્તિથી કહેવું' એ છે). કળશ બોલાય ગયો છે, ફરીને....

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

ઓહોહો !

| | | |
|---|---|---|
| (स्वानुभूत्या चकासते એટલે) | સાધકપણું (–પર્યાય).... | (સંવર, નિર્જરા તત્ત્વ) |
| (सर्वभावान्तरच्छिदे એટલે) | સિદ્ધપણું (–પર્યાય).... | (મોક્ષતત્ત્વ) |
| (चित्स्वभावाय એટલે) | ભાવપણું (–ગુણ).... | (જીવતત્ત્વ) |
| (भावाय એટલે) | ભાવવાનપણું (–દ્રવ્ય).... | |

કેટલું સિદ્ધ કરી દીધું છે ! આ શબ્દ ('અર્થ'માં) ન હતોને પહેલાં ? (–પ્રથમ આવૃત્તિમાં). 'नमः समयसाराय'.... (એ મૂળ કળશનો સંસ્કૃત શબ્દ) ન હતો. नमः समयसाराय.... લ્યો ! શરૂ ન્યાંથી થયું, એ મંગલિક શરૂ થયું. પહેલામાં ન હતું, નહીં ? પહેલામાં એટલે જયચંદજી પંડિતની (વાત) નહીં.... નહીં ?.... ન હતું એટલે તમારે (પ્રથમ આવૃત્તિમાં) ન હતું.... એમાં (–મૂળ કળશમાં તો) ભર્યું હતું.... 'समय'.... એમ પાઠ છે. 'समय' અર્થાત્ જીવ નામનો પદાર્થ.... —એમ કહ્યું.

नमः समयसाराय.... 'સમય' નામ જીવ નામનો પદાર્થ.... ('સમય') = સમ્+અય—એનો આગળ અર્થ આવશે. સમ્યક્ પ્રકારે જ્ઞાન પોતે પોતાનામાં પ્રણમે (–પરિણમે) પુણ્ય-પાપના વિકાર વિના, એવી સ્થિતિ આત્માની (થાય) એને 'समय(साराय)'—સમયસાર કહેવામાં આવે છે. અહીં 'समय' શબ્દે હજુ આત્મા લેશે—પદાર્થ.

(સમય અર્થાત્) જીવ નામનો પદાર્થ, તેમાં સાર—જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા.... દેખો ! સમય+સાર.... 'સમય'.... એટલે આત્મા, જીવ પદાર્થ અને 'સાર'.... એટલે જેમાં દ્રવ્યકર્મ નથી, ભાવકર્મ નથી, નોકર્મ એટલે શરીર-વાણી નથી. એવો જે શુદ્ધ આત્મા છે એ 'સમયસાર'.... તે સમયસાર. કહો, સમજાણું કાંઈ ?

નિયમ+સાર.... (તેની વ્યાખ્યા) આવે છેને એમાં એ ? (તેમાં અજ્ઞાની) વાંધો કાઢે છેને ? નક્કી.... 'નિયમ' એટલે શુદ્ધતા (–રત્નત્રય) અને 'સાર'

એટલે નિશ્ચય એકલી વસ્તુ (અર્થાત્ નિશ્ચય મોક્ષમાર્ગ છે તેનાથી વિપરીત એવો) વ્યવહાર એમાં આવે જ નહીં. 'નિયમસાર'માં આવે છેને ? નિયમ = નિશ્ચય મોક્ષમાર્ગ.... (જે વ્યવહારથી) નિરપેક્ષ છે તે 'નિયમસાર'. ('શુદ્ધરત્નત્રયાત્મક માર્ગ પરમ નિરપેક્ષ હોવાથી મોક્ષનો ઉપાય છે'.... ગાથા ૨)—એમ (અર્થ છે)..........

અહીં કહે છે, ભગવાન આત્મા એ 'સમય' અને 'સાર' એટલે જડકર્મ રહિત, પુણ્ય-પાપના વિકલ્પના ભાવ(કર્મ) રહિત અને વાણી, શરીર, ઇન્દ્રિય આદિ નોકર્મ છે એનાથી રહિત એવો શુદ્ધ આત્મા. જુઓ ! આ લક્ષમાં લેવાયોગ્ય આત્મા.... ધ્યેય કરીને સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટેનો આ આત્મા.... પ્રથમમાં પ્રથમ મોક્ષના માર્ગનો મંગલિક અવયવ સમ્યગ્દર્શન (અને) એનું સાધન શુદ્ધ ભગવાન આત્મા. એવો જે શુદ્ધાત્મા છે તેને અહીં 'સમયસાર' કહ્યો.

પહેલો કહ્યો હતો સમયસાર જિનરાજ....—એમ કહ્યું હતું (પંડિત જયચંદજીએ) મંગલિક કરતાં, આ ('નમઃ સમયસારાય' કહીને) પણ સમયસારને જિનરાજ (કહે) છે. રાગ અને દ્વેષ અને વિકલ્પ, શરીર, કર્મ વિનાનો એવો ભગવાન આત્મા છે તેને મારો નમસ્કાર....—એમાં હું નમું છું (તેમ જ) પૂર્ણ પરમાત્મદશા પ્રાપ્ત છે એને નમું છું.

મારો શુદ્ધ ભગવાન આત્મા છે એમાં હું નમું છું એટલે કે 'મારું પરમાત્મસ્વરૂપ છે'—એ રીતે (જાણીને)....

(૧) હું પરિણમું છું....
(૨) એમાં હું ઢળ્યો છું....
(૩) એમાં હું રહ્યો છું....
(૪) એમાં મારું—પર્યાયનું દ્રવ્ય સાથે મિલન થયું છે....

સમજાણું કાંઈ ? એને નમું છું (—એમ કહે છે). લ્યો ! તેને મારો નમસ્કાર હો.... શુદ્ધ ભગવાન આત્મા.... જડકર્મ, વિકારી પરિણામ (–ભાવકર્મ) અને નોકર્મથી રહિત એવો પરમાત્મા ત્રિકાળી સ્વરૂપ છે તેને મારો નમસ્કાર.... અથવા એવી પ્રગટ દશા થઈ ગઈ છે તેને મારો નમસ્કાર.... કહો, સમજાણું કાંઈ ?

કેવો છે સમયસાર ? ....

[I] 'भावाय'.... શુદ્ધ સત્તાસ્વરૂપ.... જુઓ ! 'भावाय'.... ભાવસ્વરૂપ. પણ કેવો ભાવ ? શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.... 'भावाय'.... શુદ્ધ સત્તા. ભગવાન આત્માનું શુદ્ધ હોવાપણું તે 'भावाय'.... સમજાણું કાંઈ ? એ વસ્તુ.... શુદ્ધ સત્તારૂપ વસ્તુ. શુદ્ધ હોવાપણે.... સત્તારૂપ વસ્તુ છે એને અહીં 'भावाय'.... કીધો છે. આહીં દ્રવ્યને 'भावाय'.... કહ્યો છે. શું કીધું ? વસ્તુ છે શુદ્ધ સત્તા.... ત્રિકાળી શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે એને 'भावाय'.... કહ્યો છે. એ 'भावाय'.... એટલે શુદ્ધ સત્તારૂપ પદાર્થ.... શુદ્ધ સત્તારૂપ વસ્તુ છે. તે વસ્તુ.—એ દ્રવ્ય કહ્યું.

આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો.... એ શું કહે છે ? અભાવ 'સર્વથા' માનનારા ખોટાં છે, કથંચિત્ અભાવ છે ખરો. કેમ ? કેમ કે (કથંચિત્—પરથી) અભાવ તો આત્માનો બરાબર સ્વભાવ છે. પરનો અભાવ (એવો) સ્વભાવ છે, પણ પોતાનો અભાવ છે—એમ છે નહીં. પુણ્ય-પાપ વિકલ્પ (અને) કર્મનો અભાવ (એવો) સ્વભાવ છે. એટલે આત્મા અભાવસ્વરૂપે પણ છે, પણ પરની અપેક્ષાએ અભાવસ્વરૂપ છે. પણ બિલકુલ અભાવસ્વરૂપ એક જ (ધર્મ) છે—એમ નથી.

'भावाय'.... તે (આત્મા) પરથી અભાવસ્વરૂપ છે એટલે ભાવ અને અભાવ—બે સ્વરૂપે એ છે. સમજાણું કાંઈ ? અભાવ (એ) મૂળ સ્વરૂપ છે, (પણ) સર્વથા અભાવવાદી નાસ્તિક (માને છે)—એમ (સ્વરૂપ) નથી. (તેથી) 'ભાવ'ને પહેલો સિદ્ધ કર્યો. 'તત્ત્વ કોણ (–કેવું) છે'—(એ મૂળ) વસ્તુસિદ્ધાંત છે. એમ ને એમ (સમજ્યા વિના) 'રાગનો નાશ કરો, પુણ્યનો નાશ કરો, વિકલ્પનો નાશ કરો'—એ તો બધી નાસ્તિ થઈ, (પણ તે યથાર્થ નથી—એમ) કહે છે. સમજાણું કાંઈ ?

સાંખ્યમતમાં આવે છેને ? 'ચિંતાનો નિરોધ તે ધ્યાન.' (પણ સર્વથા) એમ છે નહીં. એ તો (એકાંત) નાસ્તિ થઈ.... નાસ્તિ થઈ. પણ અસ્તિ શું ? શેમાં (–ક્યાં) દ્રષ્ટિ આપવાથી ચિંતાનો નિરોધ થાય ? શેમાં (–કેવા) અસ્તિપણામાં દ્રષ્ટિ જતાં વિકલ્પની ઉત્પત્તિ ન થાય ? એ અસ્તિ શું ? સમજાણું કાંઈ ?

'રાગ છોડો.... રાગ છોડો', પણ છોડે શી રીતે ? એ તો નાસ્તિ થઈ. 'રાગ છોડું' એ દ્રષ્ટિ પણ પર્યાય ઉપર જાય છે અને પર્યાયદ્રષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ ? અહીં તો પહેલા મંગલિકની અંદરમાં 'ભાવાય'.... (કીધું). છેને ? એવો પદાર્થ જે શુદ્ધ છે એને નમસ્કાર કર્યોને પહેલો ? એ વસ્તુ(ને કહી કે).... **શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ.**

પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા;
નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા....

પરમાત્માને (ભક્ત) કહે છે : હે નાથ ! 'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા; નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા'. હે પરમાત્મા ! (આપે) તમારા જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક જોયા, તેમાં આ આત્માની નિજ સત્તા આપ શુદ્ધપણે જ દેખો છો. સમજાય છે કાંઈ ? ભગવાન નિજ સત્તાથી (–સત્તાની અપેક્ષાએ આત્માને) શુદ્ધ જોવે છે, એવો આ ભગવાન આત્મા 'સત્તાએ શુદ્ધ (છે'—એમ) જોવે એનું નામ સમ્યગ્દર્શન અને જ્ઞાન છે. સમજાણું કાંઈ ?

'ભગવાને દીઠું તે સાચું' એ આ. ભગવાને દીઠું આ.... 'તારું નિજ હોવાપણું શુદ્ધ છે પ્રભુ ! એકલો.... પૂર્ણાનંદ, શુદ્ધ-શુદ્ધ દ્રવ્ય—વસ્તુ નિજ સત્તાથી (અર્થાત્) હોવાપણે શુદ્ધ છે'—એ ભગવાને જોયું, તું જો. 'નિજ સત્તાએ શુદ્ધ'....—આ દ્રવ્ય કહ્યું. (આત્માનો) સર્વથા અભાવ નથી, (છતાં) કથંચિત્ અભાવ પણ છે. એ કીધુંને પહેલું ? કર્મ ને નોકર્મનો અભાવ છે એ અપેક્ષાએ આત્મામાં 'અભાવ' નામનો પણ ગુણ છે. (પરંતુ) એકલો અભાવ હોય તો વસ્તુ રહેતી નથી. 'ભાવાય'....—પહેલું અસ્તિથી સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ ?

અત્યારે (બહારમાં એવો ઉપદેશ) ચાલે છેને ? કે 'વિકલ્પ તોડો'.... ધ્યાન કરાવીને (–કરાવે છે).... (આત્માને ધ્યાન બીજો) કોણ કરાવે સાંભળને ? બીજો (તારામાં કાંઈ) કરાવે કે એની સત્તા એ સંભાળે ? સમજાણું કાંઈ ?

(તેમના ભક્તોને) એમ કહેવામાં આવે છે કે 'ત્યાં તો કાનજીસ્વામી તત્ત્વની વાત કરે છે ને હું તો પ્રેક્ટીકલ કરાવું.... ધ્યાન કરાવું'.

(સમાધાન :) જડના (ધ્યાન) છે ત્યાં, (આત્મ)ધ્યાન ક્યાં હતાં ?

(એક શ્રોતાને સંબોધીને :) એ એના (પંથમાં) જન્મેલા છે.... તમારા તારણપંથીમાં જન્મેલા છે. શું કહેવાય ? રજનીશ. તે એમ કહે છે 'કાનજીસ્વામી તો તત્ત્વની વાત કરે છે, હું તો પ્રેક્ટીકલ (કરાવું છું.)' ધૂળેય ધ્યાન નથી, જડનું ધ્યાન છે ત્યાં. શૂન્ય થઈ જશે.... જિંદગી હાલી જશે.

'સત્તાએ (વસ્તુ) શુદ્ધ ચીજ છે'—તે સિદ્ધાંત પહેલો નક્કી (કરવો જોઈએ). તે સત્તા કેટલામાં અને કેવા સ્વભાવવાળી છે....—એ હમણાં કહેશે. સમજાણું કાંઈ ? એક (–દરેક આત્માની) શુદ્ધ સત્તા છે. (પોત)પોતાની એક (–ભિન્ન-ભિન્ન સત્તા), પણ બધાની થઈને (એક સત્તા છે) નહીં. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા શુદ્ધ સત્તા છે.... દ્રવ્ય છે.... વસ્તુ છે. ત્યારે તે વસ્તુમાં સ્વભાવ શું છે ? વસ્તુ હોય (તો) એનો સ્વભાવ શું ? સમજાય છે ? (ઘણા) 'આત્મા.. આત્મા..' કરે છે. ભાઈ ! એ વિચાર આવ્યો હમણાં કે 'આ આત્મા.. આત્મા.. (કરે છે),' પણ આત્મા છે એનો સ્વભાવ શું ? 'આત્મા' (શબ્દ) તો ઘણા કહે છે, 'આત્માને સાંભળો, આત્માનો વિષય.... આત્માનું ધ્યાન કરો.' પણ 'આત્મા' એટલે તો વસ્તુ થઈ.... નામ (થયું), પણ એનો સ્વભાવ શું ? 'આત્માનું ધ્યાન કરો, આત્માને ઓળખો, આત્મા....' પણ આત્મા છે એનો સ્વભાવ શું ? સમજાણું કાંઈ ?

એથી ભગવાન અમૃતચંદ્રાચાર્યે બીજો બોલ નાખ્યો છે કે....

[II] 'चित्स्वभावाय'.... 'આત્મા' એ તો વસ્તુ થઈ....

(૧) તો વસ્તુનું સ્વરૂપ—સ્વભાવ શું ?....
(૨) એનું સ્વરૂપ શું ?....
(૩) એનો ગુણ શું ?....
(૪) એનું કાયમનું સત્ત્વ અને તત્ત્વ શું ?....
(૫) અર્થનું સત્ત્વ શું ?....
(૬) સત્‌નું સત્ત્વ શું ?....
(૭) 'છે' તેનો ભાવ શું ?....

સમજાણું કાંઈ ? કહે છે, (આત્મા) છે એનો 'चित्स्वभावाय'.... છે. (આત્મ)વસ્તુ છે એનો જ્ઞાનસ્વભાવ.... પરમ જ્ઞાનસ્વભાવ.... 'चित्स्वभावाय'.... છે. આવી વાત સર્વજ્ઞ અને સર્વજ્ઞના સંતો-જ્ઞાની સિવાય ક્યાંય હોઈ શકે નહિ. (કોઈ) ખોટેખોટા નામ આપે 'આત્મા.. આત્મા..', પણ આત્મા એટલે શું ? એનું ક્ષેત્ર કેટલું ને એનો ભાવ કેવો ? સમજાય છે કાંઈ !

(શાસ્ત્રમાં આ વાત તો) હતી, આ તો અમૃતચંદ્રાચાર્યે (એના શ્લોકમાં) આખા સમયસારનું દોહન કરી આ કાઢ્યું કે,

'છે' ભગવાન આત્મા.... જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.... (भावाय) એ વસ્તુ થઈ. જેમ કે પરમાણુ એ વસ્તુ છે, (જે) અજીવ છે. પણ હવે એનો (પરમાણુનો) સ્વભાવ શું ? સ્વભાવ ભેદે વસ્તુભેદ પડે છેને ? (તો પરમાણુનો) ભાવ (શું) ?—રંગ, ગંધ, રસ, સ્પર્શ એનો સ્વભાવ છે. રજકણ ભલે નાનો છે.... એના (અલ્પ ક્ષેત્રથી એની) કાંઈ (હીનતા) નથી, પણ એનો સ્વભાવ રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. ભાવ.... સ્વભાવને (વિશાળ) ક્ષેત્રનું કામ નથી, ભાવ (તો) અમાપ છે. પરમાણુ.... રજકણ વસ્તુ.... દ્રવ્ય છે, એનો રંગ-ગંધ-રસ-સ્પર્શ સ્વભાવ છે એ અચેતન સ્વભાવ છે.... એ અચેતન સ્વભાવ છે.

ભગવાન (આત્મા) છે એનો (સ્વભાવ) 'चित्स्वभावाय'.... આત્માનો (સ્વભાવ) 'चित्स्वभावाय'.... જાણવું.... એ જાણવાના (સ્વભાવવાળી) ચીજ.... જાણવું. સમજાય છે કાંઈ ? એ જાણવામાં (–'चित्स्वभावाय'માં) 'સર્વજ્ઞ' સ્વભાવ છે—એમ (પણ) આવી ગયું. પર્યાયમાં (સર્વજ્ઞપણું) પ્રગટ થાય એ (વાત) પછી ('सर्वभावान्तरच्छिदे'માં) કહેશે. સમજાણું કાંઈ ? સત્તા.... (આત્મ)વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે, એનો ચિત્સ્વભાવ છે.... જીવનો જ્ઞાનસ્વભાવ છે. ચિત્—જ્ઞાન સહિત એવો સ્વભાવવાન એ આત્મા છે. સમજાય છે કાંઈ ?

જુઓ, દ્રવ્ય અને ગુણ—બેની વ્યાખ્યા કરી. આ રીતે ન હોય તો (બીજી કોઈ રીતે) વસ્તુ સાબિત થઈ શકશે નહીં. સમજાણું કાંઈ ? જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે. આ વિશેષણથી.... એ વિશેષણ કીધુંને ? આત્મા 'चित्स्वभावाय'.... એ વિશેષણ કહ્યુંને ? 'સત્તા.... શુદ્ધ સત્તારૂપ' એ પણ

વિશેષણ કહ્યું. 'વિશેષણપદથી'.... આવ્યું'તું ને ? આંહી પણ આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો (—એમ કહ્યું).

એટલે શું કહે છે ? 'આત્મા ગુણી જુદો અને જ્ઞાન(ગુણ) જુદો'—એમ કહેનારા જૂઠા છે, વસ્તુ એમ છે નહિ. સમજાણું ?

'જુઓ ! માટી છે તેમાં ગંધ નથી દેખાતી કોઈ દિ'. પાણી પડે ત્યારે ગંધ એમાં દેખાય છે—આવે છે. (માટે) ગંધ ગુણ નવો આવે છે'—એમ (કોઈ કહે છે.) ....પાણી પછી ગંધાશે, ગંધ નવી થશે (—એમ કોઈ માને છે).

(સમાધાન) : (ગંધગુણ) ક્યાંથી નવો થાતો'તો ? તેનામાં ગંધશક્તિ (તો) છે, (પણ) એ પ્રગટ(પણે માટીમાં પાણી પડ્યું) તે વખતે દેખાણી. ....ગંધ(ગુણ) તો એમાં પડ્યો જ છે. (તેવી રીતે) પાણીના રજકણમાં (પણ) ગંધ(ગુણ) તો પડ્યો છે, (પણ) પ્રગટ(પણે) તે વખતે ઇન્દ્રિય(જ્ઞાન)વાળાને (ગંધવાળું પાણી ખ્યાલમાં) આવ્યું. અતીન્દ્રિય(જ્ઞાન)વાળાને તો (માટી તેમ જ) પાણીમાં ગંધ છે એ તો પહેલેથી જાણવામાં જ છે.

એમ આત્મામાં જ્ઞાનસ્વભાવ ક્યારે થયો ? કે 'અંદર જોડાણ થયું (ત્યારે)'—એમ (કોઈ) કહે છે. (અર્થાત્) જ્ઞાનગુણ (અને) આત્મા જુદાં (છે તે) બે ભેગા થાય ત્યારે એ જ્ઞાની (–જ્ઞાનમય આત્મા) કહેવાય, (પરંતુ) એમ નથી.

(અજ્ઞાનીનો તર્ક) : (આ સમયસારની) ટીકા છેને ? તેથી જુઓ, નવું નવું જ્ઞાન થાય છે. પહેલું પર્યાયમાં નહોતું ને (જ્ઞાન) નવું થાય છે એ આવ્યુંને ક્યાંકથી ?

(સમાધાન : પરમાંથી) ક્યાંથી આવે ? કેમ કે તારામાં છે એ આવ્યું છે. સમજાણું કાંઈ ?

ભગવાન ગુણી જે આત્મા છે એ ગુણસ્વરૂપ જ છે. ગુણ ને ગુણીને નામભેદે ભેદ છે, (પણ) પ્રદેશભેદે ભેદ નથી. ગુણ-(ગુણી)ના નામભેદે ભેદ છે.... સમજાણું કાંઈ ? નામભેદે (જુદાં) નામ ભલે કહેવાય. (તેવી રીતે) ગુણી એક છે, (પણ) ગુણ અનંત છે (–સંખ્યાભેદ). ગુણ (અર્થાત્) સ્વભાવ.... વસ્તુ તે સ્વભાવવાન અને (તેનો) સ્વભાવ એકરૂપ છે. એટલે (આત્મા) સ્વભાવવાન છે

તેનો કોઈ સ્વભાવ ખરો કે નહીં ત્યારે ? (હા), એનો ચેતના સ્વભાવ.... ભગવાન (આત્મા)નો ચેતના સ્વભાવ.

'જ્ઞ' સ્વભાવ.... 'જ્ઞ' સ્વભાવ.... સર્વજ્ઞ સ્વભાવ.... પૂર્ણ સ્વભાવ.... એકરૂપ સ્વભાવ.... ચૈતન્ય સ્વભાવ—એ એનું સ્વરૂપ છે. ભગવાન (આત્માનો) ચૈતન્ય સ્વભાવ. ચેતન (દ્રવ્ય).... તેનો ચૈતન્ય સ્વભાવ. ચૈતન્ય સ્વભાવ એ ગુણ અને ગુણી (ચેતન દ્રવ્ય) અભિન્ન છે.... બે થઈને એક છે. (કોઈ એમ માને કે) બેના પ્રદેશો.... ગુણના અંશો (–પ્રદેશો) જુદાં ને ગુણીના અંશો (–પ્રદેશો) જુદાં.... ગુણનું ક્ષેત્ર જુદું (અને) ગુણીનું ક્ષેત્ર જુદું', (તો તેને કહે છે કે)—એમ નથી. શું કીધું સમજાણું કાંઈ ?

ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર.... કથંચિત્ ભેદ છે પાછો. કીધું છેને એમાં ? 'સર્વથા ભેદ માનનાર'.... ખોટા છે, (કેમ કે) કથંચિત્ ભેદ છે. 'ગુણ -ગુણી'—બે નામભેદ પડ્યા કે નહીં ?.... સંજ્ઞાભેદ પડ્યા કે નહીં ? ગુણ અનંત છે ને ગુણી એક છે—એમ સંખ્યાભેદ પણ છે.... ગુણ અનંત છે, ગુણી એક છે. સમજાણું કાંઈ આમાં ? આહાહા ! ફેર (–સંખ્યાભેદ) છે, (માટે) વસ્તુ કથંચિત્ ભેદ છે (અને) કથંચિત્ અભેદ છે. ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર.... 'સર્વથા ભેદ' માનનારા (ખોટા છે) હોં, કથંચિત્ (ભેદ) તો જ્ઞાની માને જ છે કે ગુણ-ગુણી.... એટલો નામભેદે ભેદ છે, પણ વસ્તુ તો એ જ છે.

આવું સ્વરૂપ આત્માનું (છે).... [I] દ્રવ્યરૂપે શુદ્ધ સત્તા અને [II] ગુણરૂપે ચૈતન્ય સ્વભાવ (—એમ) બે વાત કરી.

વળી તે કેવો છે ?....

[III] હવે પર્યાય નાખે છે : 'स्वानुभूत्या चकासते'.... પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે.... લ્યો ! શું કીધું ?

(૧) શુદ્ધ સત્તા (એ) આત્મા (દ્રવ્ય), એનો
(૨) ચૈતન્ય સ્વભાવ (એ) ગુણ, (અને) એની
(૩) અનુભૂતિની ક્રિયા (એ પર્યાય).

સ્વભાવમાં એકાગ્ર થવાની અનુભૂતિની ક્રિયા છે એ દ્વારા 'આ આત્મા છે'—એમ પ્રસિદ્ધિને પામે છે. સમજાણું કાંઈ ? દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પુણ્ય વિકલ્પથી આત્મા પ્રસિદ્ધિ પામે એવું સ્વરૂપ જ નથી—એમ કહે છે. 'स्वानुभूत्या चकासते'.... પોતાની જ પ્રત્યક્ષ અનુભૂતિ પર્યાય દ્વારા તે પ્રસિદ્ધિને પામે છે. આહાહા ! કહો, આ આત્મા આને કહીએ—એમ કહે છે. સમજાણું કાંઈ ?

'स्वानुभूत्या चकासते'...પોતાની જ અનુભવનરૂપ ક્રિયા...—એ પર્યાય છે.

(૧) શુદ્ધ ચેતન (એ દ્રવ્ય), એનો
(૨) ચૈતન્ય સ્વભાવ (એ ગુણ), (અને) એની
(૩) ચૈતન્ય અનુભૂતિ.... નિર્મળ જ્ઞાનની અનુભૂતિ (એ પર્યાય).

—એ અનુભૂતિની પર્યાય દ્વારા 'આ આત્મા'—એમ પ્રસિદ્ધિને પામે છે.... પર્યાય દ્વારા પ્રસિદ્ધિને પામે છે. સમજાણું કાંઈ ? શુદ્ધ સત્તા (એ દ્રવ્ય), શુદ્ધ ગુણ (અને) એની શુદ્ધ પરિણતિ 'स्वानुभूत्या'.... (એ પર્યાય). એમાં સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણે આવી જાય છે.... સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર—ત્રણ અંશો. સ્વાનુભૂતિ = સ્વ+અનુભૂતિ = ચૈતન્ય સ્વભાવની અનુભૂતિ તે એની પર્યાય. એ પર્યાય દ્વારા (આત્મા) પ્રસિદ્ધ થાય છે —એમ કહે છે. કહો, સમજાણું આમાં ?

પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે.... ઘણો સાર.... ઘણો સાર ! લ્યો ! આ વ્યવહારની ક્રિયાથી (આત્મા) પ્રકાશે છે ને વ્યવહાર એ મોક્ષમાર્ગ (છે)—એ બધા (મિથ્યા અભિપ્રાય)નો અહીંયા નિષેધ કરે છે. અસ્તિ સ્થાપે છે કે આ (સ્વાનુભૂતિ એ સાચી) ક્રિયા.

કહો, શેઠ ! અપના જો ચૈતન્ય સ્વભાવ હૈ ઉસકી અનુભૂતિ (વહ) ક્રિયા. રાગ, પુણ્યના વિકલ્પ રહિત જ્ઞાનની અનુભૂતિથી.... જ્ઞાનમાં એકાગ્રતાથી (આત્મા) પ્રસિદ્ધ (થાય છે).... પ્રત્યક્ષ જ્ઞાનની અનુભૂતિ છે તેનાથી પ્રસિદ્ધ થાય એવો એનો (–આત્માનો) સ્વભાવ છે.... એવી એની પર્યાયની તાકાત છે. આ દ્રવ્ય, ગુણ, પર્યાય—ત્રણને સિદ્ધ કર્યાં. એવી વાત ભગવાન સિવાય ક્યાંય હોઈ શકે નહીં.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨
### શ્લોક - ૧
### સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૨, રવિવાર, તા. ૮-૯-'૬૮

આ સમયસાર શાસ્ત્ર છે. એના મંગલાચરણ તરીકે, ટીકાકાર અમૃતચંદ્રાચાર્ય મુનિ છે એ, પહેલા શ્લોક (દ્વારા) ઇષ્ટદેવને નમસ્કાર કરે છે. ઇષ્ટદેવ કેવા હોય એનું ભાન કરીને નમસ્કાર (કરે છે). કોઈ નામધારીને નહીં, અહીંયા 'સમયસાર' (એવું) નામ લઈને નમસ્કાર કરે છે.

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।**

નીચે અર્થ. ટીકા (-અર્થ) છેને ?

(અર્થ :—) 'નમઃ સમયસારાય'.... આ જીવ નામનો પદાર્થ.... ભગવાન આત્મા, જીવ જે છે વસ્તુ.... સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકર પરમાત્માએ જે આ જીવપદાર્થ જોયો અને એ પરમાત્માએ પ્રગટ પર્યાયમાં જ્ઞાન-દર્શન-આનંદરૂપે પૂર્ણ પ્રગટ કર્યો એવો શુદ્ધ પદાર્થ કેવો છે ? કે જે દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ રહિત શુદ્ધ આત્મા.... ભગવાન આત્મા.... પરમેશ્વર સર્વજ્ઞ પરમાત્માનો આત્મા.... અરિહંતનો કે સિદ્ધનો (આત્મા) કે આ (પોતાનો) આત્મા એ (સ્વભાવે) પરમાત્મા છે....

'દ્રવ્યકર્મ'.... નામ જડકર્મના રજકણોથી રહિત છે,
'ભાવકર્મ'.... નામ પુણ્ય-પાપના મેલ છે એનાથી રહિત છે અને
'નોકર્મ'.... શરીર-વાણીથી પણ રહિત છે.

—એવા પરમેશ્વરને અહીં 'સમયસાર' કહેવામાં આવે છે.

'સમ્' = સમ્યક્ પ્રકારે (દર્શન),
'અય' = ગમન, જ્ઞાન અને
'સાર' નામ ચારિત્ર

સહિત (પૂર્ણ) વીતરાગ દશા જેને પ્રગટ થઈ છે એને.... પરમાત્માને અહીંયા 'સમયસાર' શબ્દે બોલાવવામાં આવ્યા છે. સમજાય છે કાંઈ ? સમ્+અય+સાર....

('સમ્'.... નામ) સમ્યક્ પ્રકારે દર્શન—સમ્યક્દર્શન,
'અય'.... નામ સમ્યક્જ્ઞાન,
'સાર'.... નામ ચરણ—(સમ્યક્)ચારિત્ર.

એવા જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે.... આત્માના પૂર્ણાનંદ સ્વભાવની શ્રદ્ધા, જ્ઞાન ને ચારિત્ર છે એનાથી જેને પૂર્ણ દશા પ્રાપ્ત થઈ ગઈ છે એવા પરમાત્મા અરિહંતદેવ અથવા સિદ્ધદેવ છે એમને 'સમયસાર' તરીકે કહેવામાં આવ્યા છે. એમને 'સમયસાર' કહીને તેમને નમસ્કાર કર્યાં છે. અમરચંદભાઈ !

કહે છે, કેવો જીવપદાર્થ છે આ (પોતાનો) અને ભગવાનનો ? 'લોગસ્સ'માં પણ આવે છે 'વિહુયરયમળા'. એનો અર્થ ન આવડતો હોય. 'લોગસ્સ'માં આવે છે કે નહીં ?

'વિહુયરયમળા'.... પરમાત્મા સર્વજ્ઞદેવ પરમેશ્વર અરિહંત કે જેમણે....

'વિહુય'= 'વિ' એટલે વિશેષે, 'હુય' એટલે ધૂઈ (-ધોઈ).... જેમણે વિશેષે ટાળ્યા છે.

'રયમળા'= 'રય' એટલે રજ.... કર્મ, આઠ કર્મ જડ, આ જે દ્રવ્યકર્મ કહેવાય છે તે અને 'મળ' (એટલે) ભાવકર્મ. 'વિહુયરયમળા'.... 'મળ' એટલે મેલ. શુભ-અશુભ, પુણ્ય-પાપના ભાવ એ ભાવકર્મ મેલ છે અને જડકર્મ આઠ એ રજકણ-જડ છે, એને જેમણે ટાળ્યા છે. સમજાણું કાંઈ ?

અર્થની ખબર ન હોય એને, પણ વસ્તુમાં (-વસ્તુસ્વરૂપ ખરેખર) એવું છે. ગડિયો હાંકે જાય, પણ એમાં શું કહેવું છે અને શું ભાવ (છે) તેની ખબર (ન હોય.) બરાબર છેને ? 'લોગસ્સ' તો ઘણાને મોઢે હોય. ન સમજાય ત્યારે અર્થ કાંઈના કાંઈ કરે.

આહીં એ કહે છે, ભગવાન આત્મા.... પૂર્ણ પરમાત્મદશા જેમને પ્રગટ થઈ છે એ ઇષ્ટદેવ. (અહીં) નામ ન લીધું કે મહાવીર કે તીર્થંકર. જે આત્મા આવા થયા એ બધા ઇષ્ટદેવ છે. જેને....

(૧) 'દ્રવ્યકર્મ'.... એટલે જડકર્મ, પરમાણુ-માટી-ધૂળ છે એનો નાશ થયો છે.... (એનાથી) રહિત છે;

(૨) 'ભાવકર્મ'.... એટલે જેને ('લોગસ્સ'માં) 'રયમળ'માં 'મળ' કીધો એ પુણ્ય ને પાપના વિકલ્પ.... જે શુભ-અશુભ રાગ મેલ છે એને જેમણે ટાળ્યા છે અને

(૩) 'નોકર્મ'.... એટલે આ શરીરથી એ રહિત થઈ ગયા છે.

—એવા જે શુદ્ધ આત્મા—તેને મારો નમસ્કાર....—એમ કહીને પરમાત્માનું સ્વરૂપ કેવું છે એ જ્ઞાનમાં લીધું છે અને આનું (-પોતાનું) સ્વરૂપ પણ એવું છે—એમ જ્ઞાનમાં લીધું છે. સમજાણું કાંઈ ? આહાહા !

આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ શુદ્ધ સિદ્ધ સમાન છે. ભગવાનને પર્યાયમાં.... અવસ્થામાં પ્રગટ થઈ ગયો છે એવો જ 'આ આત્મા' છે. 'સિદ્ધ સમાન સદા પદ મેરો'. (સમયસાર નાટક, મંગલાચરણ પદ-૧૧). એ, 'આત્મવસ્તુ' છે.... જેને 'આ આત્મા' કહીએ.

શરીર અને કર્મ તો અજીવ છે. અજીવ કંઈ એનામાં નથી, અજીવથી તો રહિત તે ચીજ છે અને પુણ્ય ને પાપના ભાવ તો આસ્રવતત્ત્વ છે. નવ તત્ત્વમાં.... જીવ, અજીવ, આસ્રવ, બંધ, પુણ્ય, પાપ, સંવર, નિર્જરા ને મોક્ષ છે એમાં શરીર ને કર્મ આ બધા, અજીવતત્ત્વ-માટી છે. એ આત્મામાં નથી.... જીવમાં અજીવ નથી. એમ પુણ્ય ને પાપના ભાવ જે વિકલ્પ છે શુભ-અશુભ.... પુણ્ય-પાપરૂપ શુભાશુભભાવ છે એ તો આસ્રવતત્ત્વ છે, નવા આવરણનું કારણ છે. એ આસ્રવ આત્મામાં નથી. આત્મામાં હોય તો ટળી શકે નહીં. સમજાણું કાંઈ ?

કહે છે કે આ (મારું) આત્મ(તત્ત્વ) પણ એ જડકર્મ, શરીર આદિ અજીવ(તત્ત્વ) છે એનાથી રહિત છે (અને) પુણ્ય-પાપના આસ્રવતત્ત્વથી રહિત છે. એવો મારો પરમાત્મસ્વભાવ છે એને હું ઓળખીને નમું (છું), એને વંદન.... એનો આદર કરું છું. સમજાય છે કાંઈ ? સૂક્ષ્મ વાત છે ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વરનું

કહેવું બહુ સૂક્ષ્મ છે.... વીતરાગનો માર્ગ બહુ ઝીણો અને સૂક્ષ્મ છે. (એ માર્ગને) અનંત કાળથી એણે અંતરમાં.... લક્ષમાં લીધો નથી. એના ભાન વિના ચોરાશીના અવતાર અનંત.... અનંત વાર કરી રહ્યો છે.

અહીં કહે છે કે અમારા પરમેશ્વર કેવા ? અને એ પરમેશ્વર (જેને) પ્રાપ્ત કરે એવો આત્મા કેવો ? એવા આત્માને ઓળખીને નમસ્કાર કરું છું.

કેવો છે આત્મા.... આ જીવ ? ભાષા ભાઈ ! શું વાપરી ? જુઓ ! કે 'જીવ નામનો પદાર્થ'.... (પહેલી લાઈનમાં) એ શબ્દ વાપર્યો છે. હવે (બીજી લાઈનમાં) એને (-જીવને) પાછો અર્થમાં 'શુદ્ધ આત્મા'.... કહ્યો. કેમ કે વળી કોઈ, જીવ અને આત્મા—બેને જુદાં માની ન લે. એ તો જીવ કહો કે આત્મા કહો—એક જ ચીજ છે. સમજાણું કાંઈ ? એટલે ત્યાં પહેલો 'જીવ નામનો પદાર્થ'.... (કહ્યો), તેમાં (સાર) એવો શુદ્ધ આત્મા—તેને મારો નમસ્કાર.... ત્યાં 'આત્મા'.... શબ્દ વાપર્યો.

બીજી (હવે આગળ) વાત....

(i) 'भावाय'.... ભગવાન આત્મા 'भावाय'.... એ શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ છે.... (એમ કહીને) દ્રવ્ય લીધું.... હવે દ્રવ્ય લીધું. જુઓ ! પરમેશ્વરે કહેલાં દ્રવ્ય, ગુણ અને પર્યાય. કેવળજ્ઞાની પરમાત્માએ જેને કહ્યો એવો દ્રવ્યસ્વભાવ શું ?.... ગુણસ્વભાવ શું ?.... અને પર્યાયસ્વભાવ શું ? —એ ત્રણ વાત પરમેશ્વર સર્વજ્ઞના (માર્ગ)માં હોય, બીજે હોઈ શકે નહીં.

તો કહે છે કે, આ આત્મા અથવા પરમાત્મા એ શુદ્ધ સત્તારૂપ દ્રવ્ય છે. વસ્તુ છે એક.... સમજાણું કાંઈ ? શુદ્ધ હોવાપણારૂપ.... શુદ્ધ હોવાપણારૂપ.... આત્મા વસ્તુ શુદ્ધ હોવાપણે વસ્તુ છે. પરમાત્મા તો શુદ્ધ હોવાપણાનું દ્રવ્ય છે જ, એવું જ દ્રવ્ય આ (મારો) આત્મા છે. દ્રવ્ય એટલે વસ્તુ.... શુદ્ધ સત્તાસ્વરૂપ ભગવાન આત્મા શુદ્ધ સત્તાએ છે. સમજાણું કાંઈ ?

કાલ કહ્યું'તું થોડુંક. ભગવાનની સ્તુતિ કરતાં.... 'પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ....' દેવચંદજી સ્તુતિ કરે છે.

વિહરમાન ભગવાન વર્તમાન બિરાજે છે.... વીસ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે.... વીસ તીર્થંકર મહાવિદેહક્ષેત્રમાં મોજૂદ બિરાજે છે મનુષ્યપણે. પાંચસો ધનુષ્યનો દેહ, કરોડ પૂર્વનું આયુષ્ય એવા વીસ તીર્થંકરો વર્તમાનમાં મહાવિદેહમાં બિરાજે છે.

(ભગવાનને) ઉદ્દેશીને કહે છે :

પ્રભુ તુમ જાણગ રીતિ, સહુ જગ દેખતા હો લાલ;
નિજ સત્તાએ શુદ્ધ, સહુને પેખતા હો લાલ....
(નવમા સુવિધિ/પુષ્પદંત ભગવાનનું સ્તવન)

હે નાથ ! હે પરમેશ્વર ! આ આત્માની નિજ સત્તા નામ નિજ હોવાપણું છે એને આપ શુદ્ધપણે દેખો છો. એ (જ વાતને અહીં) આ ‘શુદ્ધ સત્તાસ્વરૂપ વસ્તુ’.... કહે છે, આહાહા ! ભગવાન આત્મા શુદ્ધ હોવાપણે.... શુદ્ધ હોવાપણે પદાર્થ છે આત્મા. સમજાય છે કાંઈ ?

આ વિશેષણપદથી સર્વથા અભાવવાદી નાસ્તિકોનો મત ખંડિત થયો.... અભાવ જ.... આત્માનો અભાવ (જ) છે—એમ નહીં. (હા), અભાવ છે ખરો.... પરની અપેક્ષાએ અભાવ છે, પણ પોતાની અપેક્ષાએ ભાવ છે. આ આંગળી (પોતાની) આંગળીની અપેક્ષાએ ભાવ છે, પણ આ બીજી આંગળીની અપેક્ષાએ એનો (પહેલી આંગળીમાં) અભાવ છે.

એમ ભગવાન આત્મા—કે જે દેહમાં બિરાજમાન છે ને પરમાત્મા સર્વજ્ઞ, એ પોતાની અપેક્ષાએ સત્તા.... હોવાપણે ભાવરૂપ છે અને પર આત્મા અને પર જડની અપેક્ષાએ અભાવરૂપ છે. સમજાય છે કાંઈ ? એટલે સર્વથા અભાવ કહેનારાઓ છે એની અહીં નાસ્તિ (-નિષેધ) કરી કે નહીં.... (પદાર્થનો) સર્વથા અભાવ નથી, (પણ) પરની અપેક્ષાએ અભાવ છે. એમાં (-આત્મામાં) શરીર, કર્મ, વિકાર નથી એ અપેક્ષાએ અભાવ છે, પણ પોતાના સ્વરૂપની સત્તા અપેક્ષાએ પોતે સદ્‌ભાવ.. સદ્‌ભાવ.. સત્ ભાવ.. વસ્તુ છે. એવું જે દ્રવ્ય છે એને અહીંયા સત્તાસ્વરૂપે શુદ્ધ કહેવામાં આવે છે.

(ii) હવે (કહે છે) કેવો છે તે જીવ ? 'चित्स्वभावाय'....

એ ('भावाय' કહીને) તો જીવ પદાર્થ કહ્યો, (પણ) એનો સ્વભાવ શું ?.... ગુણ શું ?.... એની શક્તિ શું ?....

('भावाय') એ તો સત્ કીધું, જીવ સત્ (છે એની) સત્તા કીધી.

(હવે કહે છે), એનું સત્ત્વ શું ?.... સત્નું સત્ત્વ શું (-કેવું છે) ?.... એનો ગુણ શું ?.... એનો ભાવ શું ?.... સમજાય છે કાંઈ ?

પહેલા દ્રવ્ય વર્ણવ્યું, હવે ગુણ વર્ણવ્યો. જેમ સાકર દ્રવ્ય છે, એમાં સફેદ, મીઠાશ આદિ ગુણ છે. એમ ભગવાન આત્મા દ્રવ્ય—સત્તા વસ્તુ છે, એમાં 'चित्स्वभाव'.... જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન જેનો ગુણ છે. આહાહા ! સમજાણું કાંઈ ? કહે છે કે 'चित्स्वभावाय'.... જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.... આહાહા !

'વસ્તુ સત્તારૂપ શુદ્ધ'....—એ તો દ્રવ્ય થયું.... પદાર્થ થયો. પણ એનો ગુણ શું ?.... પદાર્થનો ગુણ શું ? અફીણ હોય તો કડવાશ ગુણ, સાકર હોય તો મીઠાશ ગુણ, જડ રજકણ હોય તો તેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ ગુણ. (તો) આત્મા છે એનો ગુણ શું ? કે ગુણ એનો 'चित्स्वभावाय'....

(૧) જ્ઞાન જેનો સ્વભાવ છે....
(૨) જ્ઞાન જેનો ગુણ છે....
(૩) જ્ઞાન જેનું રૂપ છે....
(૪) જ્ઞાન જેનું સત્ત્વ છે.

—આવો આત્મા એણે કોઈ દિ' જાણવાનો અનંત કાળમાં પ્રયત્ન કર્યો નથી અને એ જાણ્યા વિના તેના જન્મ-મરણ કોઈ દિ' મટે એવા નથી. કહો, સમજાય છે કાંઈ ?

(આત્માનો) ગુણ 'चित्स्वभावाय'.... જેનો સ્વભાવ ચેતનાગુણરૂપ છે.... ભગવાન આત્મા.... પરમાત્માનો પણ ગુણ ચેતનાગુણરૂપ છે અને આ (મારા) આત્માનો પણ ચેતનાગુણ છે. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું.. જાણવું..

એવો જ્ઞાનસ્વભાવ જેનો ગુણ છે (તે) આત્મા. આત્મા દ્રવ્ય થયું.... વસ્તુ થઈ. એનો ચેતના એ સ્વભાવ.... ગુણ છે.

આ વિશેષણથી ગુણ-ગુણીનો સર્વથા ભેદ માનનાર નૈયાયિકોનો નિષેધ થયો.... કેટલાક અન્યમતિઓ એમ માને છે કે ગુણ જુદો ને ગુણી જુદો, (પણ) એમ છે નહીં.

(દ્રષ્ટાંત : ૧) સાકર ને સાકરનું ગળપણ જુદાં ન હોઈ શકે, (કારણ કે) સાકર તે ગુણી છે ને (ગળપણ) તે ગુણ છે.

(દ્રષ્ટાંત : ૨) અગ્નિ તે ગુણી છે (અને) ઉષ્ણતા તેનો ગુણ છે, (તેથી) એ ગુણ ને ગુણી જુદાં હોઈ શકે નહીં.

(સિદ્ધાંત :) એમ ભગવાન આત્મા ગુણી છે (અને) જ્ઞાન એનો ગુણ છે, (તેથી) એ ગુણ અને ગુણી જુદાં હોઈ શકે નહીં.

ન્યાય સમજાય છે ? ન્યાયથી સમજાય એવું છે હોં. આમાં લોજીકથી વાત ચાલે છે, આમાં કાંઈ ન સમજાય એવું નથી. જરીક ધ્યાન રાખે તો.... ધ્યાન રાખે તો સમજાય, પણ ન ધ્યાન રાખે તો લૌકિકનું પણ ન સમજાય. સમજાણું કાંઈ ? એના ઘરની વાત છે. પરમેશ્વર એના ઘરની વાત કહે છે કે તું કોણ છો. એ એને કહે છે.

કહે છે, ભગવાન....! અહીંયા તો 'ભગવાન' તરીકે જ બોલાવે છે આત્માને. પ્રભુ ! તું તો આત્મા છોને ! શુદ્ધ સત્તાવાળી ચીજ, દ્રવ્ય છો અને એમાં જ્ઞાનગુણ તારો સ્વભાવ છે. કોઈ રાગ ને પુણ્ય ને પાપ તારો સ્વભાવ નથી.... સંસાર તારો સ્વભાવ નથી.... વિકાર તારો સ્વભાવ નથી. સમજાય છે કાંઈ ? આહાહા ! ગુણ-ગુણીનો સર્વથા ભેદ (નથી).... કથંચિત્ ભેદ કહેવાય. ભગવાન આત્મા ગુણી અને જ્ઞાન ગુણ (—એમ) નામભેદ પડ્યો.... સંજ્ઞાભેદ પડ્યો (અને) સંખ્યાભેદ પડે....ગુણી એક અને ગુણ અનેક. પણ વસ્તુભેદ (કે) પ્રદેશભેદ નથી.

(કોઈ કહે :) 'આમાં શું (કહે) છે એ કાંઈ (સમજાતું નથી).....'
(સમાધાન :) અહીં....

(દ્રષ્ટાંત :) વસ્તુ છે જુઓને ! આ એક સુખડ.... આ સુખડનું લાકડું છેને ? હવે લાકડું છે સુખડ એમાં ગુણ છે હળવાપણું, સુંવાળાપણું. હવે સુખડ તરીકે એક છે વસ્તુ, પણ ગુણ તરીકે અનેક છે....સુંવાળાપણું, સુગંધપણું વિગેરે. છતાં એ ગુણ-ગુણી જુદી ચીજ નથી, એક ને એક છે.

(સિદ્ધાંત :) એમ ભગવાન આત્મા વસ્તુ તરીકે એક છે અને એના જ્ઞાન-દર્શન આદિ ગુણ તરીકે અનેક છે, છતાંય એ ગુણ ને ગુણી કોઈ જુદી ચીજ નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

(iii) હવે, 'स्वानुभूत्या चकासते'.... હવે ત્રીજી (વાત). અહીં સુધી તો કાલે આવી ગયું હતું હોં. પણ આ બધા મહેમાન નવા આવ્યા છેને એટલે (બે બોલ) ફરીને શરૂ કર્યું (-લીધા). કાલે (સમયસાર) શરૂ કર્યું હતું. હવે આ 'स्वानुभूत्या'માં પર્યાય લીધી છે.

(૧) દ્રવ્ય.... ચિદાનંદ સત્તાસ્વરૂપ વસ્તુ,
(૨) ગુણ.... એના જ્ઞાન આદિ ત્રિકાળ રહેનારા.

—બે (દ્રવ્ય, ગુણની વાત આવી ગઈ). હવે એની વર્તમાન દશા, જેને ભગવાન વર્તમાન પર્યાય કહે છે.... પર્યાય. દ્રવ્ય, ગુણ અને પર્યાય. એ વર્તમાન પર્યાય એની કેવી છે અને કેનાથી (-શેના દ્વારા એ) આત્મા પ્રસિદ્ધ થાય (—એ વાત કહે છે).

'स्वानुभूत्या चकासते'.... પોતાની જ અનુભવનરૂપ ક્રિયાથી પ્રકાશે છે.... જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા છે તે એની વર્તમાન દશામાં જ્ઞાનની અનુભૂતિથી.... એ જ્ઞાન (પર્યાય), જ્ઞાનમાં (-દ્રવ્યમાં) એકાગ્ર થાય એવી જ્ઞાનની અનુભૂતિ(થી આત્માને પ્રકાશે છે). એવી જે જ્ઞાનની પર્યાય (અર્થાત્) એ જ્ઞાનની દશા (તે 'स्वानुभूत्या चकासते' છે).

જ્ઞાન ત્રિકાળી ગુણ, એનો ધરનાર ગુણી આત્મા (દ્રવ્ય) અને એની આ પર્યાય. પુણ્ય-પાપના વિકલ્પ રહિત, રાગ રહિત, એ જ્ઞાનની અનુભૂતિ (થાય).... જ્ઞાનની અવસ્થા અંતરમાં એકાકાર થઈને અનુભવે ત્યારે તે આત્મા પ્રસિદ્ધ થાય.... પ્રગટ થાય.—એવો એ આત્મા છે. સમજાય છે કાંઈ ?

'स्वानुभूत्या चकासते'.... ભગવાન આત્મા.... સર્વજ્ઞ પરમેશ્વરોએ પોતાની અનુભૂતિ.... સ્વરૂપની અનુભૂતિ.... સ્વરૂપને અનુસરીને.... અંતરમાં એકાગ્ર થઈને સર્વજ્ઞ કેવળજ્ઞાન પરમાત્મપદ પ્રાપ્ત કર્યું. (એટલે કે) એ (અનુભૂતિ) દ્વારા આત્મા પ્રસિદ્ધ થયો. નીચે (-નીચેના ગુણસ્થાનોમાં) પણ ભગવાન આત્માની (આવી અનુભૂતિ થઈ શકે છે).

૧. (નોકર્મ :) આ દેહ તો માટી, જડ, ધૂળ છે.... આ તો પુદ્‌ગલ છે.... પુદ્‌ગલ, માટી, ધૂળ છે. આ વાણી પુદ્‌ગલ, શરીર પુદ્‌ગલ.... (નો)કર્મ પુદ્‌ગલ —એ તો અજીવ છે.... જગતના અજીવ તત્ત્વો છે, એ કાંઈ આત્માના છે નહીં. આત્માને અને એને કાંઈ સંબંધ નથી. (આત્માથી) તદ્દન જુદી, જગતની જડ-માટી ચીજ છે આ.

૨. (દ્રવ્યકર્મ :) એમ અંદર આઠ કર્મના રજકણો જે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય (આદિ) આઠ છેને.... મોહનીય, નામ, ગોત્ર, અંતરાય, (આયુ ને વેદનીય છે) એ પણ માટી-જડ-અજીવતત્ત્વ છે. એને ને આત્માને કાંઈ સંબંધ નથી. આત્મા ભિન્ન છે, એ જડ ભિન્ન છે. સમજાણું કાંઈ ?

૩. (ભાવકર્મ :) હવે એમાં (-ભાવકર્મમાં) રહ્યા પુણ્ય અને પાપના વિકલ્પ.... રાગ (આદિ). એ દ્વારા (પણ) આત્મા જણાય એવો એ આત્મા નથી. સમજાય છે કાંઈ ?

એનો અર્થ એ થયો કે ભગવાન (આત્મા ચેતન) દ્રવ્ય છે વસ્તુ (અને) એના જ્ઞાન આદિ ગુણ છે અનંત. એની સન્મુખ થતાં, રાગનો ભાગ (-રાગની અપેક્ષા) રહ્યા વિના, સીધી જ્ઞાનની દશા (-પર્યાય) અનુભવને પ્રાપ્ત કરે એનાથી.... 'આ આત્મા પવિત્ર છે' એવી 'स्वानुभूत्या'થી તે આત્મા (જેવો) છે એવો પ્રસિદ્ધ.... પ્રગટ થાય છે. આહાહા ! ભારે ઝીણું આ આવ્યું. ત્રીજું ઝીણું છે (-સ્વાનુભૂતિની વાત ઝીણી છે), એ (અનુભૂતિ) અનંત કાળથી એણે કરી નથી. સમજાય છે કાંઈ ?

સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ ત્રણ કાળ, ત્રણ લોક (જોયા).... ભગવાનના જ્ઞાનમાં જણાણા. (તેમાં) છ દ્રવ્ય ભગવાને જોયા છે, કાંઈ એક જ દ્રવ્ય જોયું નથી. અનંત આત્માઓ છે, અનંત પરમાણુઓ છે,

કાળાણુ અસંખ્ય છે, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક (આકાશ)—એવા (જાતિએ) છ દ્રવ્ય જોયા છે ભગવાને. એમાં એક-એક દ્રવ્યની શક્તિ ભગવાને પૂરી જોઈ છે.

એ અહીં કહે છે કે એ આત્મા કેમ પ્રસિદ્ધ થાય ? અનુભવમાં કેમ આવે ? અથવા 'આ આત્મા આવો છે'—એમ એની દશામાં (-પર્યાયમાં) ભાન કેમ થાય ?

(આત્માનું) ભાન, દશામાં (-પર્યાયમાં) થાય છે, દ્રવ્ય-ગુણ તો ત્રિકાળી છે.... વસ્તુ અને ગુણ-શક્તિ તો ત્રિકાળી છે.... વસ્તુ ત્રિકાળી છે. હવે એને ભાન થાય એ દશામાં થાય છે. અનિત્ય દ્વારા નિત્યનો નિર્ણય થાય છે, પર્યાય દ્વારા પર્યાયવાનનો (-દ્રવ્યનો) અનુભવ (-જ્ઞાન) થાય છે. અનુભવ (-વેદન) તો પર્યાયનો છે (અને) પર્યાય દ્વારા 'આ કોણ છે ?' એનો અનુભવ (-જ્ઞાન) થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

દ્રવ્ય, ગુણ અને પર્યાય—ત્રણ બોલ છે. દરેક.... છ દ્રવ્ય છે ભગવાને જોયેલા. એમાં....

(૧) વસ્તુ છે તેને દ્રવ્ય કહીએ, એની
(૨) શક્તિઓને ગુણ કહીએ અને એની
(૩) વર્તમાન હાલત—દશાને પર્યાય કહીએ.
—આવું જ વસ્તુનું સ્વરૂપ (છે, તેને) ભગવાને કાંઈ કર્યું નથી....

ભગવાને તો જ્ઞાનમાં જેવું (વસ્તુનું સ્વરૂપ)....

(૧) હતું (-અનાદિનું છે) તેવું જોયું,
(૨) જોયું એવું કહ્યું અને
(૩) કહ્યું એવું છે.

સમજાણું કાંઈ ? પણ એણે અનંત કાળમાં કોઈ દિ' (વસ્તુના સ્વરૂપને) લક્ષમાં લીધું નથી. એને (-સ્વરૂપને) મૂકીને બધી વાતું (કરી છે), વર મૂકીને જાન (જોડી છે). સમજાણું કાંઈ ?

આ કહે છે, કેવો છે આત્મા ? આહાહા ! **'स्वानुभूत्या'**.... સ્વ-અનુભૂતિ.... પોતાનો ભગવાન આત્મા નિર્મળાનંદ છે એના સન્મુખની અનુભૂતિ.... નિર્મળ નિર્વિકલ્પ દ્રષ્ટિ ને સ્વસંવેદન જ્ઞાન છે એ દ્વારા આત્મા પ્રગટ થાય છે. એની ધર્મની ક્રિયા સ્વાનુભૂતિ છે એ પર્યાય છે, ગુણ (ને) દ્રવ્ય છે તે ત્રિકાળી છે. સ્વાનુભૂતિ.... રાગ, પુણ્ય-પાપના વિકલ્પથી રહિત જ્ઞાનની દશા દ્વારા જ્ઞાનીને (-આત્માને) પકડવો અંદર. સમજાય છે કાંઈ ?

વર્તમાન જ્ઞાનનું પ્રગટપણું.... વિકાસપણું.... ઉઘાડપણું જે છે એ <u>પર્યાય</u> છે, ત્રિકાળી જ્ઞાન તે શક્તિ-<u>ગુણ</u> છે, એનો ધરનાર તે ત્રિકાળી <u>દ્રવ્ય</u> છે. કહે છે કે એ આત્મા વર્તમાન જ્ઞાનની પર્યાયથી....અનુભૂતિથી પ્રસિદ્ધ થાય છે. અનુભૂતિ તેની ધાર્મિક ક્રિયા છે. આહાહા ! સમજાણું કાંઈ ? 'કાંઈ સમજાણું'—એમ કહેવાય છેને ? કાંઈ 'બધું સમજાણું'—એમ નથી કહેતાં. આહાહા !

અરે ! પણ એણે કોઈ દિ' (સમજવાની) મહેનત જ કરી નથી. આ દુનિયામાં મજૂરીયું કરી.... મજૂરીયું બધી. કેમ ...ભાઈ ? આ પૈસા માટે, ધૂળ માટે. (તેમાં) બે-પાંચ કરોડ ભેગા થાય (તો) જાણે કે 'અમે મોટા શેઠિયા થયા ધૂળના.' ધૂળમાંય (શેઠિયા) નથી સાંભળને હવે. એ તો પૂર્વના કોઈ પુણ્યના રજકણો પડ્યા હોય શાતાના, (તો) પાકને (-ઉદયને) કાળે ચીજો દેખાય કે આવી. એમાં (પર ચીજ) તારી પાસે ક્યાં આવી હતી ? તને આવી તારી પાસે મમતા.... એ (પર) ચીજ તો ત્યાં (-ભિન્ન) રહી ગઈ છે, એ (શું) તારી પાસે (-પર્યાયમાં) છે અહીં પડી ? (ના). 'મને મળી'—એવી મળી તને મમતા.... પૈસાની મમતા. પૈસા.... એ આ બધા શેઠિયા રહ્યા જુઓને ! કરોડપતિઓ બધા બેઠાં છે ઘણા. ધૂળમાંય (સુખ) નથી એમાં. ત્યાં છે શું પણ ? સમજાણું કાંઈ ?

આ શરીરના રજકણો પણ જ્યાં આત્માને અડ્યા નથી.... 'આ અડ્યા નથી'—એમ કહે છે ભગવાન. આ (શરીર) જડ છે, ભગવાન (આત્મા) ચૈતન્ય છે. આ (ચૈતન્ય) અરૂપી છે અને આ (શરીર) તો રૂપી છે. આ તો રંગ, ગંધ, (રસ), સ્પર્શવાળા હાડકાં છે (અને) ભગવાન આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે. (આત્મા) અરૂપી છે, આ (શરીર) તો રૂપી છે. એ અરૂપીને અહીં નજીકનું રૂપી (શરીર) અડતું નથી. ધૂળ તો ક્યાંય રહી ગઈ, એના બંગલા.... બંગલા.

શેઠ ! (શેઠને) છ લાખનો બંગલો છે ત્યાં સાગરમાં.... એમનો ઘરે રહેવાનો છ લાખનો આરસપહાણનો (બંગલો છે). મોટા હજીરામાં પડ્યા હોય ઉંદરડા, એવું છે ત્યાં (–બંગલામાં). શોભાલાલજી ! અહીં અમારે ધારૂંમાં (–બખોલમાં) બહુ રહે છે નોળ-કોળ. જોયું છે ? આ ધારૂં.... ધારૂં હોય છેને મોટી. ધારૂંમાં નોળ-કોળ (–નોળીયો) રહે એમ (અજ્ઞાની) મોટા હજીરામાં રહે છે. ભાન ન મળે, કહે છે કે, માળા ! તને તારી.—એમ કહે છે.

શ્રોતા : પણ જેલમાં (–મહેલમાં) તો મજા કરાયને ?....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળમાંય મજા નથી, દુઃખ છે ત્યાં. મજા કે દિ' હતી ? 'આ ઠીક છે' એવો જ્યાં વિકલ્પ (છે ત્યાં) રાગ છે (અને) રાગ છે એ દુઃખ છે.... આકુળતા છે. મજા ક્યાંથી આવી એને ઘરે ? સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે કે વિકલ્પ વિનાની ચીજ તારી છે. આ પૈસા વિનાનો તો તું છો.... મકાન વિનાનો તો તું છો.... પણ અંદર પુણ્ય-પાપના વિકલ્પ ઊઠે એ આસ્રવતત્ત્વ વિનાનો (પણ) તું છો. એના (–આસ્રવના) આશ્રય વિના તારી સીધી સ્વાનુભૂતિથી તું પ્રસિદ્ધ થા એવો છો. બરાબર છે કે નહીં ભાઈ ?

વલ્લભદાસભાઈને તો બહુ રુચતું આ.... બહુ રુચતું, બહુ કહેતા. બહુ સારી રુચિ લઈને ગયા હોં. હાં, એનું તો કામ કરી ગયા છે. રુચિ.... ઘણી રુચિ.... એને બહુ રુચિ. બોલે તો આમ એટલું થઈ જાય. ભોગીભાઈને પણ ખૂબ કહ્યું (હતું) હોં ભોગીભાઈને. તમારા હતા ફૂલચંદભાઈ.... તમારા વેવાઈ નહીં ? ભરૂચ. એને ખૂબ કહ્યું (હતું) એણે. આવ્યા'તાને એક ફેરી. 'માર્ગ આ છે હો'.—એમ ખૂબ કહેતા. બિચારાને દમ ચડતો એટલે શ્વાસને લઈને જરા.... પ્રેમ ઘણો, રુચિ બહુ લઈને ગયા. ઘણી રુચિ. આહાહા !

આ આત્મા.... પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માએ.... '**केवलिपण्णत्तं धम्मं सरणं....**' બોલે છે કે નહીં ? સાંજ-સવાર બોલે પહેલાં.... માંગલિકમાં. '**अरिहंता (मंगलं), सिद्धा मंगलं, साहु मंगलं....**' (અર્થ) કોણ જાણે—અર્થની કાંઈ ખબર ન મળે.

કીધું ન હતું એક ફેરી ? 'વિહુયરયમળા'નો હમણાં અર્થ ન કર્યો ? 'વિહુયરયમળા'. દશા-વિસાની તકરાર થઈ હતી એક ફેરી લીંબડીમાં.... લીંબડીમાં. અર્થ તો આવડે નહીં. દશાશ્રીમાળીની બાઈ-ડોશી હશે (અને) આ પાઠ (-શબ્દ) આવ્યો 'વિહુયરયમળા'. એનો અર્થ એ છે કે 'વિહુય'.... વિશેષે ટાળ્યા છે, 'રયમળા'.... 'રય' એટલે રજકર્મ અને 'મળ' એટલે મેલ, પુણ્ય-પાપના ભાવ. હે ભગવાન ! આપે કર્મના રજ ટાળ્યા છે અને મેલ ટાળ્યા ને પૂર્ણ (કાર્ય) થયું.

હવે, અર્થ આવડે નહીં ડોશીને અને વિરુદ્ધભાવ (-તકરાર) દશા-વિસા બન્નેને. એટલે જ્યાં પાઠ આવ્યો (ત્યાં ડોશી બોલ્યા) 'વિહા રોઈ મળ્યા.' 'વિહુયરયમળા' આવ્યુંને ? (લોકો) કહે, 'આપણી તકરાર આમાં ક્યાંથી આવી ? 'લોગસ્સ'માં ક્યાંથી આવી ગઈ ?' (કોઈ) કહે, 'શું છે અર્થ ? જુઓ તો ખરા ?' ડોશીને કહે, 'તમે આ ક્યાંથી કાઢ્યું કે 'વિહા રોઈ મળ્યા' ? પણ એમ ન હોય, 'લોગસ્સ'માં આપણી તકરાર આહીં ક્યાંથી આવી ? જુઓ તો ખરા પાઠમાં તેના અર્થ શું છે એ ?'

તો (કોઈ) કહે, 'વિહુયરયમળા' છે, 'વિહા રોઈ મળ્યા' નથી આંહી. 'વિ' નામ પરમાત્માએ વિશેષે, ('હુય' =) 'ધૂઈ'.... ખંખેરી નાખ્યા છે. પંખીણી જેમ ધૂળ ચોંટી હોય ને (પાંખ હલાવીને ધૂળને) ખંખેરી નાખે છે, એમ ભગવાનના આત્માએ પોતાના આનંદસ્વરૂપમાં આવીને કર્મના રજકણને ખંખેરી નાખ્યા છે. સમજાય છે કાંઈ ?

(શાસ્ત્રના) અર્થ આવડે નહીં, ભાવ સમજે નહીં (ને માને કે), થઈ ગયા અમારે ધર્મ. એમ ને એમ (સમજણ વિના) અનંત કાળ અજ્ઞાનીઓએ ધર્મ સમજ્યા વિના ગાળ્યો છે. .... બસ—એમ છે. પણ સમજવાની દરકાર કે દિ' કરી છે ?

રૂપિયા-રૂપિયા કર્યા છે આખો દિ'.... આખી જિંદગી. શોભાલાલજી ! 'સમજાનેવાલા મિલા નહીં તો ક્યા કરે ?'—એમ (તમારા ભાઈ કહે છે). બુલંદ.. બુલંદ.. કેવું તમારું ગામ કહેવાય ? શહેર.... કેવું કહેવાય એ દેશ ? બુંદેલખંડ. બુંદેલખંડના બાદશાહ કહેવાય છે.... મહારાજા કહેવાય છે બેય જણા. બેય

ભાઈ છે કરોડોપતિ.... પચાસ-સાઠ લાખ હશે. ગમે તે, એનું કાંઈ નહીં, પણ કહેવાય કરોડોપતિ. બુંદેલખંડના બાદશાહ કહેવાય છે, લ્યો ! હવે એને ભાન ન મળે કાંઈ. કહો, સમજાણું કાંઈ ?

અહીં તો ભઈ ! જેવું છે તેવું (કહેવાય) છે. ધૂળમાં.... ધૂળને લઈને શું છે ? ત્યાં ધૂળ.... મરે ત્યારે ત્યાં ઘરેણે (-ગીરવે) મૂકાય એવી છે ? ભાઈ ! ઘરેણે મૂકો, મારે દુર્ગતિ જતાં અટકી જવાય. હવે તારી ધૂળ પડી રહી આહીં. માટી.... શરીરના રજકણો પણ ફૂ.... (થઈ જશે), આ (શરીર) તો માટી છે.

ભગવાન આત્મા તને (-તારે) પ્રાપ્ત કરવો હોય તો ઉપાય તે લક્ષ્મી.... ચિદાનંદરૂપ લક્ષ્મીની (-અનુભૂતિ) છે, આ ધૂળની નહીં. ભગવાન આત્મા અનંત જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો પ્રભુ છે. એ કેવળજ્ઞાન, પરમાત્માને પ્રગટ થાય છે તે ક્યાંથી આવે છે ? બહારથી આવે છે ? પરમાત્મા અરિહંતદેવને અનંત કેવળજ્ઞાન, અનંત કેવળદર્શન, અનંત આનંદ, અનંત વીર્ય (આદિ) અનંત ગુણની પર્યાય (પ્રગટી) એ આવી ક્યાંથી ? બહારથી આવે છે ક્યાંયથી ? આત્મામાં અંદર શક્તિરૂપે અનંત જ્ઞાન, દર્શન, આનંદ પડ્યા છે. એની અનુભૂતિ દ્વારા એ પ્રગટ થાય છે. સમજાણું કાંઈ ?

'स्वानुभूत्या'.... પોતાની જ અનુભવનરૂપ ક્રિયા.... દેખો ! આ ક્રિયા. આ શરીર-વાણી-મન તો જડની ક્રિયા છે, માટીની છે. આત્મા આને (-શરીરની અવસ્થાને) કરી શકતો નથી, (કેમ કે) એ તો એની સ્વતંત્ર પર્યાય છે આ જડની. પરમાણુ છે આ જગતના.... ભગવાન અનંત પરમાણુ કહે છે. એક-એક પરમાણુમાં અનંતી શક્તિ.... ગુણ કહે છે રંગ, ગંધ (આદિ). આ એની અવસ્થા રૂપાંતર આદિ થાય છે એ એની અવસ્થા છે, આત્માની નથી. (તેને) આત્મા કરી શકતો નથી. સમજાણું કાંઈ ?

કહે છે....

(૧) <u>જડની ક્રિયા</u> એ આત્માની (ક્રિયા) નહીં, એક વાત.
(૨) બીજા પાપના પરિણામ થાય.... હિંસા, જૂઠું, ચોરી એ <u>પાપબંધનની ક્રિયા</u> (થાય) એ ધર્મની (ક્રિયા) નહીં.

(૩) વચમાં (–કદાચિત્) દયા-દાન-વ્રતના વિકલ્પ ઊઠે પુણ્યના, એ પણ પુણ્યની ક્રિયા છે,

(૪) એ ધાર્મિક ક્રિયા નહીં.

શ્રોતા : એ (પુણ્ય) આત્માની (ધાર્મિક) ક્રિયા નહીં ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ આત્માની (ધાર્મિક ક્રિયા) નહીં. સમજાય છે કાંઈ ? આકરી વાત છે બાપુ ! પોતે શું છે એની એને ખબર નથી. પરમાત્મા તો પુણ્ય-પાપને ટાળીને વીતરાગ થયા. (શું પુણ્ય-પાપ) રાખીને (વીતરાગ) થયા ? જો (પુણ્ય-પાપ) એની (–આત્માની ધાર્મિક) ક્રિયા (હોય) તો (પૂર્ણ વીતરાગદશામાં પણ) સાથે રહે ભેગી. (પણ એમ તો છે નહિ). સમજાણું કાંઈ ? એ કહે છે, ભાઈ ! તારો (આત્મા) અનુભવરૂપી ક્રિયાથી પ્રકાશે (–પ્રસિદ્ધ થાય) એવો છે. (—એવો) તું છો. સમજાણું કાંઈ ?

વસ્તુ આત્મા, શુદ્ધ ચૈતન્યશક્તિનો પિંડ પ્રભુ છે. એની અનુભૂતિ.... વર્તમાન દશા અંતર્મુખ થઈને આત્માનો અનુભવ કરે.... 'અનુ' એટલે કે અનુસરીને (અને 'ભવ' એટલે) થાય. વસ્તુના ગુણને અનુસરીને થાય, (પણ) રાગને અનુસરીને (થાય) નહીં એવી ધાર્મિક ક્રિયા છે. એનાથી.... આત્મા પોતાના જ્ઞાનથી પ્રસિદ્ધ થાય એવો ભગવાન આત્મા છે. અને પરમાત્માએ પણ પોતાના અનુભવથી પરમાત્મપદ પ્રાપ્ત કર્યું છે. સમજાણું કાંઈ ? આહાહા ! વીતરાગનો માર્ગ.... સર્વજ્ઞ પરમેશ્વરનો (માર્ગ છે એની) આખી દુનિયાથી જુદી જાત છે. સમજાણું કાંઈ ?

અનુભવનરૂપ ક્રિયાથી.... આ ક્રિયા એટલે પર્યાય થઈ, અવસ્થા....

(૧) પહેલાં **'भावाय'**.... કીધું એ સત્તા—દ્રવ્ય કીધું,

(૨) **'चित्स्वभावाय'**....—એ ગુણ કીધો અને

(૩) **('स्वानुभूत्या')**.... 'અનુભવન'.... એટલે રાગ રહિત, આત્માના સન્મુખની એકાગ્રતાની ક્રિયા છે તેને પર્યાય (કીધી).... તેને ક્રિયા કીધી.

—એ દ્રવ્ય, ગુણ ને પર્યાય.... આ ત્રણ સિદ્ધ કર્યાં. રાગ આદિ, પુણ્ય આદિ એની (આત્માની નિર્મળ) પર્યાય નહીં; શરીર, કર્મ આદિ (તો) તેની પર્યાય

(જ) નહીં. રાગ રહિત શ્રદ્ધા, જ્ઞાન ને શાંતિ (–ચારિત્ર.... આત્મ)સન્મુખ થઈને થાય તે તેની (ધાર્મિક) ક્રિયા.... એ એની (નિર્મળ) પર્યાય.

શ્રોતા : એ (આત્મસન્મુખતાની) ક્રિયાથી ધર્મ થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ (આત્મસન્મુખતાની) ક્રિયા એ પોતે ધર્મ છે. આહાહા ! જયંતિભાઈ ! જયંતિભાઈ બહુ આવતા વલ્લભભાઈની સાથે. ક્યાં ગયા તમારા (સંબંધી) ? બીજા (કોઈ) આવ્યા છે કે નહીં ? મનસુખ.... નહીં. કહો, સમજાણું આમાં ?

આહાહા ! પ્રભુ.... કહે છે, પ્રભુ ! તારી પ્રભુતા કેમ પ્રગટે ? કે આ જ્ઞાનના વિકાસનો અંશ જે દેખાય છે તેને અંતરમાં વાળતા એકાગ્રતા થાય તેનાથી આત્મા પ્રસિદ્ધ થાય છે. બહુ ટૂંકી વાત ને મોટું ફળ. સમ્યગ્દર્શન ને જ્ઞાન અને ચારિત્ર—એ દશા અંતરના શુદ્ધ સ્વભાવને અનુસરીને થાય તેને અહીંયા ધાર્મિક ક્રિયા.... એને મોક્ષનો માર્ગ.... (અને) એને મોક્ષસ્વરૂપ જ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? જુઓ, આ તો હજુ સમયસારની ટીકા ઉપાડતાં (–શરુ કરતાં), પહેલા કળશમાં આ મંગલાચરણ થાય છે. સમજાણું કાંઈ ?

તમારે આ લગ્ન કરે ત્યારે નાખે છેને માંડવો ? એનું લાકડું માણેકસ્તંભનું ચાર લાકડાવાળું હોય છેને ? શું કહેવાય એ ? માણેકસ્તંભ કહે છેને તમારે કાંઈ, નહીં ? લાકડું હોયને લાલ. નાખે ચાર બાજુ ચાર, ચાર ગતિયું છેને રખડવાની.

શ્રોતા : એમ નહીં, ચારે દિશામાં હોય તો બરાબર સલામત રહે.

પૂજ્ય ગુરુદેવશ્રી : સલામત રહે એટલે ચારેય દિશામાં રખડ્યા કરે, —એમ (અર્થ) છે મૂળ તો. ત્યાં શું છે પણ ? આ તો ભગવાનનો જ્ઞાનમંડપ નખાય છે. જેમાંથી મોક્ષલક્ષ્મી મળે એવો મંડપ નખાય છે. આહાહા !

શ્રોતા : મુક્તિના માંડવા.

પૂજ્ય ગુરુદેવશ્રી : મુક્તિના માંડવા. આહાહા ! મંગલાચરણ. પ્રભુ ! 'મંગલ'....'મંગ' નામ પવિત્રતા ને 'લ' નામ લાતિ (–આપે). 'મંગલ'.... ત્રણ અક્ષર છે. મંગલિક કરે છેને ? 'ઇક' તો પ્રત્યય છે. 'મંગલ'.... 'મંગ' એટલે પવિત્રતા ને 'લ' એટલે પ્રાપ્તિ. એને પવિત્રતાની પ્રાપ્તિ (થાય) તેને સ્વાનુભૂતિ ને

તેને મંગલિક કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? એની શ્રદ્ધા તો કરે, એનું જ્ઞાન તો કરે કે 'માર્ગ આ છે.' માર્ગની ખબર ન મળે અને કુમાર્ગે જાય ને (સાચો) માર્ગ માને, (તો) આરા કોઈ દિ' આવવાના નથી. ચોરાશીના.... આહાહા ! અવતાર, અનંત.... અનંત કાળ ગયો.

'અનેક જુગ વીત્યા રે, એને પંથે ચાલતા;
ન આયો ન આયો પંથડા કેરો રે પાર.....
લોકડીયાની લાજે રે, બહેનું કાઢી ઘુંઘટા....'

લોકની લાજે ક્રિયા આ કરી.... આ કરી, (પણ) વસ્તુ શું છે તેનું ભાન કર્યું નહીં. સમજાણું કાંઈ ?

પોતાને પોતાથી જ જાણે છે—પ્રગટ કરે છે.... દેખો ! ભગવાન આત્મા છે એનામાં 'પ્રકાશ' નામનો એક ગુણ છે. આત્મામાં 'પ્રકાશ'.... જેમ જ્ઞાનગુણ છે, આનંદગુણ છે, શ્રદ્ધાગુણ છે, ચારિત્રગુણ છે તેમ 'પ્રકાશ' નામની એક શક્તિ છે. (૧૨મી શક્તિ). તો કહે છે કે પ્રકાશશક્તિ.... 'પ્રકાશ'.... સ્વ (પોતે) પ્રત્યક્ષ થાય એવો જ એનામાં ગુણ છે. આહાહા ! એ નીચે (ચોથે ગુણસ્થાને) પણ સમ્યગ્દર્શનના કાળમાં મતિ-શ્રુતજ્ઞાનમાં પ્રત્યક્ષપણે આત્મા જણાય એવો એ આત્મા છે—એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

આ વિશેષણથી, આત્માને અને જ્ઞાનને સર્વથા પરોક્ષ જ માનનાર જૈમિનીય.... જૈમિનીય મત કહેવાય છે અન્યનો.... ભટ્ટ-પ્રભાકર આદિના મતનો વ્યવચ્છેદ થયો.

(અજ્ઞાની) એમ (માને છે) કે આત્મા ને જ્ઞાન પ્રત્યક્ષ હોય જ નહીં, પરોક્ષ જ છે.

(સમાધાન) : એ અજ્ઞાનીને પરોક્ષ છે, (પણ) વસ્તુના સ્વભાવમાં (આત્મા અને જ્ઞાન પરોક્ષ જ જણાય એવું) પરોક્ષપણું છે નહીં.

'સર્વથા' (પરોક્ષ) કીધું છેને ?

'સર્વથા (પરોક્ષ)'નો અર્થ એ છે કે અજ્ઞાનભાવમાં ભાન નથી ત્યાં (પણ આત્મા) પરોક્ષ છે (અને) વસ્તુના ભાનમાં (પણ આત્મા) પરોક્ષ છે, (પરંતુ) એમ છે નહીં, પ્રત્યક્ષ જ વસ્તુ છે. સમજાણું કાંઈ ?

'સર્વથા' શબ્દ છેને ભાઈ ? (અન્યમત) એમ કહે છે કે આત્મા અને (જ્ઞાન સર્વથા પરોક્ષ છે).—બેય હોં (અર્થાત્) દ્રવ્યને (અને) ગુણને (બન્નેને પરોક્ષ માને છે). આત્માને અને જ્ઞાનને પ્રત્યક્ષ નહીં માનનારા.... સર્વથા પરોક્ષ જ માનનાર અન્યમતિનો વ્યવચ્છેદ થયો.

ભગવાન સર્વજ્ઞના.... પરમાત્માના પંથમાં તો આત્મા, જ્ઞાનથી પ્રત્યક્ષ થાય એવો એનો સ્વભાવ છે (—એમ કહે છે). સમજાણું કાંઈ ? બેયની (-આત્મા ને જ્ઞાનની) વાત થઈ (કે બન્ને પ્રત્યક્ષ છે).

(અજ્ઞાની કહે છે કે), આત્મા, પરોક્ષ છે અને એનું જ્ઞાનેય પરોક્ષ છે.

(અહીં કહે છે), ના. આત્મા ને જ્ઞાન—બેય પ્રત્યક્ષ થઈ શકે એવો એનો સ્વભાવ છે. સ્વભાવ....

(૧) અંતર જ્ઞાનથી, જ્ઞાન(પોતા)ને જાણે (અને)
(૨) તે જ્ઞાન દ્વારા આત્માને જાણે (તે) પ્રત્યક્ષ છે, ત્યાં રાગ ને મનનો આશ્રય નથી.

એવો આત્માનો સ્વભાવ (છે).... પોતે પોતાને જાણે એવો સ્વભાવ છે. કહો, સમજાણું ?

તેમ જ જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય છે, પોતે પોતાને નથી જાણતું —એવું માનનાર નૈયાયિકોનો પણ પ્રતિષેધ થયો....

શું કીધું ?

(અજ્ઞાની કહે છે કે), આત્મા છે એનું ભાન થયું—જ્ઞાન (થયું). પણ એ જ્ઞાનની પર્યાય પ્રગટ થઈ, એ પ્રગટ થયેલી (પર્યાય) પોતે પોતાને કેમ જાણે ? જે કાળે જ્ઞાન પ્રગટ થાય છે તે જ કાળે તે પોતાને કેમ જાણે ? (જ્ઞાન) પ્રગટ

થાય છે તે બીજા કાળે જણાય (અને) બીજું જ્ઞાન એને જાણે.... ઝીણી વાત છે. સમજાણું કાંઈ ?—એમ અજ્ઞાની કહે છે.

અહીં કહે છે કે, નહીં. જ્ઞાનસ્વરૂપ ભગવાન, પુણ્ય-પાપના વિકલ્પ વિનાનો....

(૧) જે જ્ઞાનથી જ્ઞાન (-આત્મા) જણાણું એ જ્ઞાન પ્રગટ્યું (અને)
(૨) તે કાળે (તે) જ્ઞાને જ્ઞાનને (-પોતાને) જાણ્યું....

(જ્ઞાન, આત્માને જાણતું) પ્રગટ્યું અને (તે કાળે જ્ઞાને પોતાને પણ) જાણ્યું —બેય એનો સ્વભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? પ્રગટેલું જ્ઞાન પોતાને ન જાણે, (પણ) બીજું જ્ઞાન એને (-પ્રગટેલા જ્ઞાનને) જાણે—એમ છે નહીં.... ભગવાનના માર્ગમાં એમ છે નહીં.... પણ એમ હોઈ શકે (નહીં).

'જ્ઞાન પ્રગટ્યું આ'.... તે જાણ્યું ક્યાં (-કોણે) ? 'ઓહોહો..! આ જ્ઞાન (પ્રગટ્યું).... આ (આત્મા) શુદ્ધ છે' (—એમ પ્રત્યક્ષ) જાણ્યા વિના 'આ શુદ્ધ છે.... આ આત્મા પવિત્ર છે'—એમ જાણ્યું કોણે ? સમજાણું કાંઈ ? ઝીણી વાત છે, પણ છે મૂળ રકમની (-મૂળ વસ્તુની).

વાણિયા મૂળ રકમ લેવા માંગે કે નહીં ? પાંચ લાખ ધીર્યા હોય છ આનાના (વ્યાજ) તરીકે ને.....

(વાણિયા :) '(વ્યાજ) લેતાં ભાઈ ! વીસ વર્ષ કાઢ્યા, હવે (મૂળ રકમ) મૂકને.... પૈસા લાવ.'
(વેપારી :) 'પણ ભાઈસા'બ ! પૈસા નથી.'
(વાણિયા :) 'વ્યાજ ઘણું ખાધું, હવે રકમ લાવને મૂળ'.
(વેપારી :) 'રકમ નથી'.
(વાણિયાને મનમાં થયું :) 'હાય-હાય ! વ્યાજ ખાઈને શું કર્યું આમાં ?'

(—એમ) આ મૂળ રકમની વાત છે. સમજાય છે કાંઈ ? મૂળ રકમ લાવ.... એકલો (-પૂર્ણ) આત્મા કોણ છે તેને લાવ દ્રષ્ટિમાં, એ વિના બધા ધૂળ ને ધાણી છે.

અમરચંદભાઈ ! (સાગરવાળા શેઠ) પૈસા લેવા જાય છેને કાનપુર, કેટલાં ? ઓહોહો ! લાખો રૂપિયાનો બીડીનો વેપાર. એક દિ'ના કેટલા લાખ ? ને મહિનામાં કેટલાં કરોડો રૂપિયા લાવતા હોય. દસ લાખ ને વીસ લાખ બે-ચાર દિ'માં કાનપુર જઈને (લાવે). ધૂળ ભેગી થાય છે ત્યાં. સમજાય છે કાંઈ ? એ પુદ્ગલ છે કે નહીં ? એ તો પુદ્ગલ (છે)…. ભગવાન એને (પુદ્ગલ) કહે છે અને પુદ્ગલને ભગવાન અજીવતત્ત્વ કહે છે. એ અજીવતત્ત્વનો આત્મા સ્વામી (નથી).

જેમ ઈશ્વર કોઈ, જગતનો કર્તા છે ? છે કોઈ એનો (–જગતનો) કર્તા કે (જેથી) એનો તે સ્વામી હોય ? કોઈ નથી. એમ જડનો સ્વામી જડ છે, જડનો સ્વામી આત્મા ન હોય. (આત્મા) જડનો કર્તા પણ નથી ને આત્મા જડનો સ્વામી પણ નથી. જડનો સ્વામી (પોતાને) માને તે જડ કહેવાય. ભેંસનો સ્વામી પાડો હોય, એમ જડનો સ્વામી (પોતાને) માને એ પાડા…. જડ જેવા છે—એમ કહે છે અહીં તો ભગવાન. જેન્તીભાઈ !

અહીં વીતરાગને ક્યાં પડી છે જગતની. આ માર્ગ છે બાપા ! સાંભળવું હોય તો સાંભળ અને સમજવું હોય તો સમજ તું. અહીંયા પૈસા કાંઈ ઉઘરાવવા છે ? કે (શ્રોતા) ખુશી થાય ને ખરડો કરી આપે બે-પાંચ-પચાસ હજારનો. ધૂળમાં શું છે ? મૂકને પડતું. સમજાણું કાંઈ ?

ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અને સંતો એમ કહે છે કે ભાઈ ! તારી સ્વરૂપલક્ષ્મી અંદર પડી છેને ! પૂર્ણાનંદનો નાથ છોને તું ! એની અંતર સન્મુખ થઈને અનુભવ કર એ તારી લક્ષ્મી છે…. એ તારી ક્રિયા છે અને એ તારો ધર્મ છે. અને તે વખતે તું તને જાણીશ…. તને (પ્રત્યક્ષ) ખબર પડશે કે ઓહોહો ! ભાન થયું મને, આત્મા જણાણો. કોઈ તને કહે (કે 'તને આત્મા જણાણો'), તો (તને આત્મા) જણાશે એમ છે નહીં—એમ કહે છે. સમજાણું કાંઈ ? લ્યો ! ત્યાં સુધી તો કાલ આવ્યું'તું. થોડોક આ (વિસ્તાર) નહોતો થયો.

જ્ઞાન અન્ય જ્ઞાનથી જાણી શકાય….—એમ (અજ્ઞાની) કહે છે.

(સમાધાન :) (પ્રથમ) જાણનારું જ્ઞાન બીજાથી જણાય અથવા બીજું જ્ઞાન વળી ત્રીજાથી જણાય તો, મેળ તો રહ્યો નહીં કાંઈ. પોતાના જ્ઞાને 'આ આત્મા છે'—એમ જાણ્યું, (આથી)….

(૧) એ જ્ઞાને, જ્ઞાનને (-પોતાને.... પર્યાયને) પણ જાણ્યું અને
(૨) જ્ઞાને પોતાના દ્રવ્ય-ગુણને પણ જાણ્યા.
—એવો આત્માનો સ્વભાવ છે.

પોતે (-આત્મા), પોતાના (જ્ઞાનમાં) પ્રત્યક્ષ થઈને જણાય એવો છે, એમાં વચ્ચે રાગ અને પુણ્ય ને નિમિત્ત—કોઈનો અંદરમાં અવકાશ.... અવકાશ (-મદદ) છે નહીં.—એવો એ (-પ્રત્યક્ષ થવાનો) સ્વભાવ છે ભગવાન આત્માનો. આમ, અનુભવ ને પ્રતીત કરે ત્યારે તેને ધર્મી અને સમકિતી કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(iv) હવે **'सर्वभावान्तरच्छिदे'**.... કેવો છે ભગવાન આત્માનો સ્વભાવ ? **'सर्वभावान्तर'**.... પોતાથી અન્ય દ્રવ્ય—જેટલાં આ આત્મા સિવાયના અનંતા આત્માઓ છેને !.... નિગોદના અનંતા આત્માઓ.... 'નિગોદ' સમજાય છે ? આ બટાટા, શક્કરકંદ, લીલફૂગ. એની એક કટકી લ્યો રાઈ જેટલી, તેમાં અસંખ્ય તો શરીર છે અને એક શરીરમાં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે.

ક્યા (કહા) ? આ બટાટા, શક્કરકંદ.... શું કહેવાય તમારે ? ડુંગળી, આ લસણ.... ઢોકળામાં નાખે છેને સરખું ? લસણનું શાક ને ભાખરી.... શું કહેવાય ? મસાલો. એ લસણની આટલી કળીની એક રાઈ (જેટલી) કટકી લ્યો.... રાઈ જેટલી કટકી, તો ભગવાન પરમેશ્વર સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ કહે છે કે તેમાં અસંખ્ય ઔદારિક શરીર છે.... ઔદારિક શરીર અને એક શરીરમાં અત્યાર સુધી જેટલાં (સિદ્ધ થયાં)....

સિદ્ધ પરમાત્માની સંખ્યા અનંત કાળથી (વૃદ્ધિગત) થતી આવે છે.... (નવા-નવા) સિદ્ધ થતાં આવે છે.... છ મહિના ને આઠ સમયમાં છસ્સો ને આઠ (જીવની) મુક્તિ થાય એવો ભગવાનના જ્ઞાનમાં લેખ છે. અઢી દ્વીપમાંથી છસ્સો ને આઠ (જીવ) મુક્તિને પામે છે. તો જેટલો.... અનંત કાળ ગયો તે અનંત કાળમાં જેટલાં સિદ્ધ થયાં એથી (અનંતગુણા જીવ એક શરીરમાં છે).... એક રાઈ (જેટલી) કટકીમાં અસંખ્ય શરીર (અને) એક શરીરમાં એ સિદ્ધ કરતાં

અનંતગુણા જીવ છે. સમજાણું કે નહીં ? જુવાનિયાઓએ તો સાંભળ્યું પણ નહીં હોય. (વસ્તુ વ્યવસ્થાની) કોને ખબર છે જૈનમાં જન્મે તોય....

એવા અનંતા જીવ (આદિ), કેવળજ્ઞાની આત્માની પર્યાયમાં જણાય એવો પર્યાયધર્મ જીવનો છે.... અનંતા નિગોદના જીવને એક સમયમાં (પૂર્ણ) જ્ઞાન જાણે છે. જુઓ ! પોતાથી અન્ય સર્વ જીવ.... સર્વ જીવમાં તો અનંતા નિગોદ(ના જીવ) આવ્યા, (ત્રણ કાળ સંબંધી) અનંતા કેવળી આવ્યા, અનંતા સિદ્ધ આવ્યા. —એ બધાને આત્માનું જ્ઞાન.... શ્રુતજ્ઞાન જાણે—એમ કહે છે. કેવળજ્ઞાની તો જાણે, પણ શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ જણાય. સમજાણું કાંઈ ?....

'**सर्वभावान्तर**'.... છેને ? સર્વ અનેરા ભાવ.... પોતાના ભાવથી અનેરા ભાવ. કોણ ? 'સર્વ જીવ'.... અનંતા આત્માઓ.... કેવળીઓ.... અનંતા સિદ્ધ થઈ ગયા.... લાખો કેવળી વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે.... વીસ તીર્થંકરો પરમાત્મા મહાવિદેહમાં બિરાજે છે.—એ બધા જીવને, આત્મા જ્ઞાનની પર્યાયમાં જાણે એવો જ્ઞાનનો સ્વભાવ છે. (જુઓ !) 'સર્વજ્ઞ'ને સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? 'સર્વ જીવ'....

બીજી વાત, 'સર્વ અજીવ'.... 'જીવાજીવ'.... છેને ? 'સર્વ અજીવ'.... પરમાણુથી માંડીને આખા લોકના જેટલાં રજકણો....આ ધૂળ....માટી આદિ બધું છે (તે) બધાને એક સમયમાં ભગવાન જાણે એવો એનો સ્વભાવ છે. 'જાણે' (એવો) એનો સ્વભાવ, (પણ) 'કરવું' (એવો) એનો સ્વભાવ નહીં.

પછી, 'ચરાચર'.... શબ્દ છે. એટલે જીવ-અજીવમાં (–પુદ્ગલમાં) બે પ્રકાર છે. કેટલાંક જીવો સ્થિર છે સિદ્ધ આદિ અને કેટલાંક જીવો ગતિમાં ચાલતા હોય છે.—એ બધાને ભગવાનનું જ્ઞાન જાણે. 'ચર'.... ચાલતાં (અને) 'અચર'.... સ્થિર.—એવા (બધા) જીવને ભગવાન એક સમયમાં જાણે છે. સમજાણું કાંઈ ?

એક સેકંડના અસંખ્યમા ભાગમાં નિગોદના.... બટાટાના અનંતા જીવો આહીં મરીને બીજે (સ્થાને) જતાં રસ્તામાં હોય (અથવા) એક જીવ અહીં મરીને બીજે (સ્થાને) ઊપજવા જાય તો રસ્તામાં (હોય) એને 'ચર' કહેવાય.... ગતિ કરનારા.—એવા અનંતા (જીવ)ને ભગવાન જાણે અને....

('અચર').... ઊભેલા (–સ્થિર એવા) અનંતા જીવો નિગોદના પડ્યા છે એને પણ જાણે. સિદ્ધ અનંતા (સ્થિર) છે એને પણ (પૂર્ણ) જ્ઞાનનો પર્યાય જાણે અને અહીં (અઢી દ્વીપમાંથી) સિદ્ધ થઈને (ઊર્ધ્વ) જતાં હોય એને પણ ભગવાન જાણે. સમજાણું કાંઈ ?

ચરાચર પદાર્થો.... તે દ્રવ્ય લીધાં (–દ્રવ્યની વાત કરી). ચર-અચર પદાર્થો—એ દ્રવ્ય એટલે વસ્તુ લીધી. એને આત્માનું જ્ઞાન.... સર્વજ્ઞપણું જાણે એવો આત્માનો સર્વજ્ઞ (શક્તિરૂપ) સ્વભાવ છે અને પર્યાયમાં પ્રગટ થતાં બધું પ્રત્યક્ષ જાણે એવો આત્માનો (પર્યાયરૂપ) સ્વભાવ છે. એ સર્વ જીવાજીવ.... એક વાત.

ચરાચર પદાર્થો.... એટલે દ્રવ્ય લીધું.... વસ્તુ.

હવે સર્વ ક્ષેત્રકાળ.... એ લોક અને અલોક ક્ષેત્ર છે (તથા સર્વ કાળ છે) એને ભગવાનનું જ્ઞાન જાણે.

'સર્વ ક્ષેત્ર'.... છેને ? 'સર્વ ક્ષેત્ર'.... એટલે આ લોક.... આખો બ્રહ્માંડ.... ચૌદ બ્રહ્માંડ.... ચૌદ રાજુ (ઊંચો) લોક અને બીજો અલોક ખાલી છે તે. લોક થઈ રહ્યા પછી ખાલી ભાગ (–ક્ષેત્ર) છે, જેને ભગવાન 'અલોક' કહે છે. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. જેનો ક્યાંય અંત નથી એવો અલોક. ક્યાંય અંત નથી એ ક્ષેત્રનો, (ત્યાં માત્ર) આકાશ છે. એ સર્વ ક્ષેત્રને.... જુઓ ! સર્વ ક્ષેત્ર છે એને જાણે ભગવાનનું જ્ઞાન. આત્માની —જ્ઞાનની એટલી તાકાત છે. સમજાણું કાંઈ ? એમ ને એમ (સમજ્યા વિના) વાંચી જાય (તો) પાર આવે એવું નથી. એક-એક શબ્દમાં માલ ભર્યો છે અંદર.

સર્વ ક્ષેત્રકાળ.... પણ શું 'સર્વ (ક્ષેત્ર)' (એટલે) ? આ ચૌદ રાજુ (ઊંચો) લોક.... ભગવાને ચૌદ બ્રહ્માંડ.... ચૌદ રાજુ (ઊંચો લોક) જોયો છે અસંખ્ય યોજનમાં અને એ સિવાય ખાલી (ક્ષેત્ર) છેને પછી ખાલી ? ખાલી (ક્ષેત્ર)નો.... આકાશનો અંત ક્યાં ? આકાશ ક્યાં થઈ રહેતું હશે (–અંત આવતો હશે) ? થઈ રહ્યા પછી (–જો આકાશનો અંત હોય તો આગળ) શું હશે ? કોઈ દિ' વિચાર કર્યો છે કોઈ દિ' ?

ભગવાને 'આકાશ' નામનો પદાર્થ જોયો છે (તે) અનંત.. અનંત.. અનંત.. ચાલ્યો જ જાય છે.... છે.. છે.. છે.. છે.. છે.. છે.. છે, (તેમાં) 'નથી'—એમ ક્યાંય આવે નહીં. (જો આકાશ) 'નથી' તો (એના) પછી શું છે ? —એવા અપાર ક્ષેત્રને પણ આત્મા એક સમયમાં જાણે એવો સર્વજ્ઞ (પર્યાય)નો સ્વભાવ છે અને આ આત્માના ગુણનો સ્વભાવ પણ એવો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(૧) સર્વ પદાર્થો લીધાં પહેલાં. 'સર્વ' શબ્દ છેને પહેલો જુઓ ? પોતાથી અન્ય સર્વ જીવાજીવ, ચરાચર....એ દ્રવ્ય.... વસ્તુ લીધી.
(૨) પછી પોતાથી અનેરું '(સર્વ) ક્ષેત્ર'.... એટલે લોકાલોક. એને ભગવાનનું જ્ઞાન (જાણે) ને આત્માનો (એવો) જ્ઞાન (સ્વભાવ છે).
(૩) સર્વ કાળ.... લીધો પછી. ત્રણ કાળ....ભૂત, ભવિષ્ય અને વર્તમાન છે એને આત્માની જ્ઞાનની પર્યાય, સર્વજ્ઞ થાય એટલે પૂર્ણ જાણે.
(૪) એવો આત્માનો સર્વજ્ઞ સ્વભાવ.... ગુણ છે અંદર. તે ગુણમાંથી (સર્વજ્ઞ) પર્યાય પ્રગટ થાય છે, (પણ) કાંઈ બહારથી (સર્વજ્ઞ પર્યાય) આવતી નથી. સમજાણું કાંઈ ?

ત્રણ બોલ થયા, આત્માનો સ્વાનુભવ થઈને. જુઓ !

(૧) 'भावाय'.... લઈને (-કહીને) દ્રવ્ય લીધું,
(૨) 'चित्स्वभावाय'.... લઈને (-કહીને) ગુણ લીધો,
(૩) 'स्वानुभूति'.... લઈને (-કહીને) પર્યાય લીધી.

—એ 'स्वानुभूति'માં.... અનુભવમાં સંવર અને નિર્જરા આવી ગયાં.

(૧માં) જીવદ્રવ્ય (-તત્ત્વ) આવી ગયું,
(૨માં) જીવનો ગુણ આવ્યો,
(૩માં) અનુભૂતિમાં સંવર ને નિર્જરા (તત્ત્વ આવી ગયાં).
શુદ્ધતા પ્રગટી પર્યાયમાં અંતર અનુભવથી, એને સંવર ને નિર્જરા કહે છે અને આ....
(૪) 'सर्वभावांतर'માં હવે કેવળજ્ઞાનરૂપી મોક્ષ (તત્ત્વ) કહે છે.

જીવ, સંવર, નિર્જરા ને મોક્ષ—ચાર તત્ત્વ સિદ્ધ કર્યા અસ્તિરૂપે.

'અજીવ ને આસ્રવ, બંધ (જીવમાં) નથી' એમ નાસ્તિનું કામ (મંગલાચરણ હોવાથી) નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે,

(૧) ભગવાન આત્મા પોતાનું દ્રવ્ય છે,
(૨) પોતાની (જ્ઞાનાદિ) શક્તિ (–ગુણ) છે અને
(૩) પોતાની અનુભૂતિ ક્રિયા (–પર્યાય) છે.

—એ દ્વારા સર્વજ્ઞ થઈ શકે છે. એ સર્વજ્ઞની પર્યાય, અવસ્થા છે.... દશા છે. કંઈ 'સર્વજ્ઞ (પર્યાય)' કોઈ ગુણ નથી ત્રિકાળી, એની (–જીવની) દશા છે. એ દશા, પોતાથી અનેરા (સર્વ) જીવ-અજીવ (દ્રવ્ય—કે જે) ચરાચર છે તેને જોવે, સર્વ ક્ષેત્રને જોવે અને સર્વ કાળ સંબંધી ત્રણ કાળને જાણે. સમજાણું કાંઈ ?

શ્રોતા : 'ત્રણ કાળને જાણે'—એ (સમજવું) જરા કઠણ પડ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી : 'ત્રણ કાળને જાણે'—એમાં શું ? ભૂત, ભવિષ્ય, વર્તમાન (જેમ) છે એમ જાણ્યા. ભૂત આમ છે, વર્તમાન આમ છે, ભવિષ્ય આમ છે....'છે' એવું જાણ્યું. જ્ઞાનની પર્યાયમાં ન જણાય એવું શું છે ? સર્વજ્ઞ ન જાણે એવું શું હોય ? 'સર્વજ્ઞ' કોને કહીએ ? 'સર્વજ્ઞ' એટલે સર્વને જાણે. 'ન જાણે' (એવું) એમાં (સર્વજ્ઞપણામાં) આવે નહીં....'ન જાણે' એ આવે જ નહીં.

ત્યારે (કોઈ) કહે, 'અનાદિ છે તેને જાણ્યું ?'

(સમાધાન :)

(૧) અનાદિને અનાદિ(પણે) જાણ્યું (–ભૂતકાળ),
(૨) અનંત છે એને અનંત(પણે) જાણ્યું (–ભવિષ્યકાળ),
(૩) 'છે' (એને 'છે') એમ જાણ્યું (–વર્તમાનકાળ).

સમજાણું કાંઈ ? આહાહા ! ભગવાનના ઘરની મોટી વાતું છે ભઈ આ તો.... આહાહા !

કેવળજ્ઞાની એટલે ?

એક સમયમાં.... સેકંડના અસંખ્યમા ભાગમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવું કેવળજ્ઞાન (જેને) પ્રગટ્યું છે (અને) એ પ્રગટ્યું તે અનંત કાળ એમ ને એમ રહેશે. આહાહા ! એવો તારો સ્વભાવ છે. 'ભાઈ ! તું (તારી) સામું તો જો.... તને (તો જો !)'—એમ કહે છે. પર સામું જોઈને હેરાન થઈને મરી ગયો છો.

કહે છે, સર્વ ક્ષેત્રકાળસંબંધી અને સર્વ વિશેષણો સહિત....

હવે 'ભાવ' આવ્યો. 'વિશેષણો'.... એટલે ભાવ. (૧) દ્રવ્ય, (૨) ક્ષેત્ર, (૩) કાળ ને (૪) ભાવ—ચાર બોલ આવ્યા. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પોતાની અનુભૂતિની ક્રિયાથી પોતાને જાણે અને સર્વજ્ઞ પર્યાયમાં....

(૧) પોતાથી અનેરા અનંત આત્માઓ, અનંત પરમાણુઓ (આદિ દ્રવ્યો) અને
(૨) તેના (–વિશ્વના) ત્રણ (લોક તથા અલોક)ના ક્ષેત્ર અને
(૩) ત્રણ કાળનો કાળ અને
(૪) બધા પદાર્થોના ગુણોને (–ભાવોને જાણે).

'વિશેષણો'.... એટલે ગુણો. એક આત્માના અનંતા ગુણોને આત્મા (–સર્વજ્ઞ) જાણે.

એક પરમાણુ.... આ પોઈન્ટ.... આ (આંગળી) કાંઈ મૂળ ચીજ નથી, (તેના) કટકા કરતાં.. કરતાં.. કરતાં.. છેલ્લો પોઈન્ટ રહે એને ભગવાન 'પરમાણુ' કહે છે. આ (આંગણી) તો ઘણા રજકણોનું ભેગું (થયેલું) દળ, જડ છે માટી. એના કટકા કરતાં.. (કરતાં..) છેલ્લો પોઈન્ટ રહે એને ભગવાન પરમાત્મા 'પરમાણુ' કહે છે. ('પરમાણુ') = પરમ+અણુ.... એનાથી નાનો કોઈ (અણુ) હોઈ શકે નહીં. એવા એક પરમાણુમાં અનંતા ગુણ છે (અને) એની અનંતી પર્યાય છે.

આ 'વિશેષણ' એટલે ભાવની (–ગુણની) વાત છે. દરેક આત્મા અને દરેક પરમાણુ (આદિ દ્રવ્યના) અનંતા ગુણો છે એને 'વિશેષણ' (કહે છે).

અનંત <u>દ્રવ્ય</u>ને અનંત <u>ક્ષેત્ર</u>, અનંત <u>કાળ</u>, અનંત ગુણ (-<u>ભાવ</u>) સહિત એક જ સમયે જાણનારો.... એક સમયમાં જાણનારો એવા આત્માનો (સર્વજ્ઞપણું એ) સ્વભાવ છે. આહાહા ! સર્વજ્ઞની હજી ખબર ન મળે (કે) સર્વજ્ઞ કોને કહેવાય ? સમજાણું કાંઈ ? એક જ સમયે જાણનારો છે. આ વિશેષણથી, સર્વજ્ઞનો અભાવ માનનાર મીમાંસક આદિનું નિરાકરણ થયું.... 'સર્વજ્ઞ હોઈ શકે નહીં'—એમ માનનારા છે.... આજે પણ છે.

અરે ભગવાન ! બાપુ ! તું આત્મા છોને ભાઈ ! અને આત્મા તો **'चित्स्वभाव'....** કીધો પહેલો.... જ્ઞાનસ્વભાવ કીધો. તો એનો જ્ઞાનસ્વભાવ જ્ઞાનમાં (-જાણવામાં) પૂર્ણ (હોય). 'જ્ઞાન' સ્વભાવ કહો.... ગુણ કહો.... પૂર્ણ કહો.... એક કહો કે અખંડ કહો (એક જ વાત છે). એવો પૂર્ણ (જાણવાનો) સ્વભાવ છે તે સર્વજ્ઞસ્વભાવ છે. એની એકાગ્રતા કરતાં પર્યાયમાં સર્વજ્ઞસ્વભાવ પ્રગટે એને કેવળજ્ઞાની પરમાત્મા કહેવાય છે. સમજાણું કાંઈ ? એ કેવળી ત્રણ કાળ, ત્રણ લોક, દ્રવ્ય-ગુણ-પર્યાય—બધાને જાણે છે. સમજાય છે કાંઈ ?

(કોઈ અજ્ઞાની) સર્વજ્ઞને માનતા નથી. (તેઓ કહે કે) 'સર્વજ્ઞ હોય ? અરે, સર્વજ્ઞ હોય તો ત્રણ કાળ, ત્રણ લોક જણાઈ જાય એનામાં. પછી તો આપણા એ ભગવાને જાણ્યું એમ થાય, આપણું કર્યું કાંઈ થાય નહીં. માટે સર્વજ્ઞ નથી.' (વળી કોઈ અજ્ઞાની, 'સર્વજ્ઞ) સામાન્ય જાણે, એના પેટાભેદ ન જાણે'—એમ કહે છે. (એટલે કે તેઓનું એમ કહેવું છે કે) 'જો (સર્વજ્ઞ) બધું જાણે.... કેવળજ્ઞાનમાં બધું જણાય કે આ દ્રવ્યની, આ પર્યાય, આ ક્ષેત્રે, આ કાળે થશે—એવું બધું જાણે તો આપણે કરવાનું કાંઈ રહેતું નથી.'

(સમાધાન :) અરે, સાંભળને ? સર્વજ્ઞ ભગવાને બધું.... ત્રણ કાળ, ત્રણ લોક વિશેષ સહિત (અર્થાત્) કઈ પર્યાય, ક્યા ક્ષેત્રે, ક્યે કાળે, કેમ થાય એ બધું જાણ્યું છે. સમજાણું કાંઈ ? એ સર્વજ્ઞ પરમાત્માનો જેણે નિર્ણય કર્યો એને સમ્યગ્દર્શન થાય (અને) એને જાણવાનું-દેખવાનું રહી જાય છે.... એ જાણે (-જાણનાર રહે) છે. સમજાણું કાંઈ ?

આવે છેને ? શીતલનાથ ભગવાન(ના સ્તવન)માં આવે છે, નહીં ? દેવચંદજી(કૃત) સ્તવનમાં આવે છે. 'દ્રવ્ય ક્ષેત્ર ને કાળ ભાવ ગુણ, રાજનીતિએ

ચાર જી; જડ-ચૈતન્ય....' એમાં આવે છે, શબ્દ ભૂલી ગયા. 'આપની આજ્ઞા લોપતા નથી'—એવું આવે છે, શીતલનાથ ભગવાનના (સ્તવન)માં આવે છે.... શીતલનાથ ભગવાનના (સ્તવન)માં એ શબ્દ આવે છે, દેવચંદજીએ (રચેલી) સ્તુતિમાં....

'દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવ-ગુણ, રાજનીતિએ ચાર જી;
ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુની, કોઈ ન લોપે કાર જી.'

લ્યો ! આવી ગયું. એ તો શબ્દો આવતાં આવતાં.... ઘણા કાળ પહેલાં વાંચ્યું હોય.

'ત્રાસ વિના જડ-ચૈતન્ય પ્રભુની, કોઈ ન લોપે કાર જી,'

ભગવાન ! તારી આજ્ઞા કોઈ લોપે (-ઉથાપે) નહીં. તારા જ્ઞાનમાં જણાણું તે પ્રમાણે જગતમાં થાય, પણ ત્રાસ વિના.... કાંઈ તમે જાણ્યું માટે (તે પ્રમાણે) થાય એમ નહીં. એની પર્યાયનો ધર્મ તે કાળે તેમ થવાનો છે. સમજાણું કાંઈ ? શીતલનાથ ભગવાન(ના સ્તવન)માં આવે છે, એ દેવચંદજીની (રચેલી) સ્તુતિ છે.

પણ ક્યાં.... વિચાર-મનન ન મળે, લોકોને નવરાશ ન મળે. (પાપમાં) ત્રેવીસ કલાક ગાળે અને માંડ એક કલાક એવો, ઠઠડવા (-પરાણે કરવા) જેવો, કાઢે....કાં ભક્તિ કરી.... કાં '**णमो अरिहंताणं**'(ની માળા) કરી.... કાં સામાયિક થોથા (-વેઠ ઉતારવા) જેવી કરી ને આ પૂરી થઈ.... જાવ. થોથા જેવી (કરી).... વાસ્તવિક એક સમયની સામયિક કરે (તો) જનમ-મરણ ટળી જાય. એ દશાની આ વાત ચાલે છે. સમજાય છે કાંઈ ? આ સમતા.... આત્માના આનંદનો લાભ થાય એને સામાયિક (કહે છે). આ સમયસારની સામાયિક કહેવાય છે.

કહે છે, સર્વજ્ઞ.... આહાહા ! ભગવાન અરિહંત.... લાખો કેવળી બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, અત્યારે મોજૂદ છે જમીન ઉપર. સીમંધર ભગવાન આદિ તીર્થંકરો મોજૂદ છે.... બિરાજે છે. અનંતા સિદ્ધો (સિદ્ધશિલા ઉપર) બિરાજે છે. એવા સર્વજ્ઞ એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણે (છે અને) એવી જ આ આત્માની શક્તિ છે. કોઈનું કરવાની શક્તિ નથી, પણ ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિ છે એવો આત્મા છે. એવા આત્માને અંદર જાણીને અનુભવવો, આ એનું નામ ધર્મ અને સમ્યગ્દર્શન કહેવાય છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

प्रवचन नं. ૩

શ્લોક - ૧, ૨

સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૩, સોમવાર, તા. ૯-૯-'૬૮

(ભાવાર્થ :–) પહેલા કળશમાં મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે.... જુઓ ! આ ઇષ્ટપણું. મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે.... કોઈનું નામ લઈને નહીં, (પણ) શુદ્ધ આત્મા ને પરમાત્માને (નમસ્કાર કર્યો છે).

જુઓ ! ઇષ્ટદેવ.... ધર્મીના ઇષ્ટદેવ પરમ આત્મા (છે કે) જેને પૂર્ણ દશા પ્રગટ થઈ ગઈ છે. 'सर्वभावान्तरच्छिदे'.... કહ્યુંને ? 'स्वानुभूत्या'થી (મોક્ષમાર્ગ) પ્રગટ કરીને (પછી) 'सर्वभावान्तर'.... ત્રણ કાળ, ત્રણ લોક.... સર્વ દ્રવ્ય-ક્ષેત્ર -કાળ-ભાવને જેણે જ્ઞાનની પર્યાયમાં જાણ્યા છે એવા સર્વજ્ઞ પરમાત્મા છે તેને.... મંગળ અર્થે શુદ્ધ આત્માને નમસ્કાર કર્યો છે.... અંદર પોતાનો આત્મા શુદ્ધ છે એને પણ નમસ્કાર એમાં આવી જાય છે. સમજાણું કાંઈ ?

કોઈ એમ પ્રશ્ન કરે કે કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો ?.... મહાવીર, ઋષભદેવ, શાંતિનાથ, પાર્શ્વનાથ (આદિ) કોઈ (તીર્થંકર)નું નામ તો લીધું નહીં ? ચોવીસ તીર્થંકરમાંથી કોઈ તીર્થંકરનું નામ લેવું હતુંને ?

તેનું સમાધાન : વાસ્તવિકપણે.... એટલે કે ખરેખર તો ઇષ્ટદેવનું સંક્ષેપમાં સ્વરૂપ એવું છે કે સર્વ કર્મરહિત.... એનો અર્થ કે પહેલાં કર્મ હતાં, પછી કર્મ રહિત થયાં. જુઓ ! આ સિદ્ધાંત ઇષ્ટદેવનો. પરમાત્માને (પૂર્વે) કર્મ સહિતપણું હતું, (પછી) એ કર્મ રહિત થયાં (અને) એકલો આત્મા થયો (–રહ્યો).

સર્વજ્ઞ....

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ....(પરમાત્મ)તત્ત્વ તો અનાદિનું છે.... (શ્રોતાને ઉદ્દેશીને :) એથી વાત શું છે પણ ? એ (અગાઉ) વાત શું ચાલી ? 'શુદ્ધ સત્તા' કહેતાં જ અશુદ્ધ સત્તા હતી.... પર્યાયમાં અશુદ્ધતા હતી. (એવી જ રીતે) 'ઇષ્ટદેવ' એટલે પરમાત્મા સર્વ કર્મ રહિત (અને એમ) કહેતાં જ (પૂર્વે) કર્મ

સહિત હતાં (એ સાબિત થાય છે). એ તો એની સાથે આ ન્યાય (પણ) ભેગો આવી જાય છે. સમજાય છે ?

ઇષ્ટદેવનું સંક્ષિપ્તમાં.... ટૂંકું સ્વરૂપ તો એ સર્વ કર્મરહિત અને સર્વજ્ઞ છે. એક સમયમાં....

(૧) જ્ઞાનસ્વભાવી આત્મા (છે),
(૨) એટલે એની (જ્ઞાનની) પર્યાય પૂર્ણ થાય
(૩) એટલે સર્વજ્ઞ (થાય અને)
(૪) એટલે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે.

—એ સર્વજ્ઞ પરમાત્મા તે ઇષ્ટદેવ છે. સમજાય છે કાંઈ ? અને

વીતરાગ.... સર્વજ્ઞની સાથે રાગરહિત(પણું).

પહેલાં 'કર્મરહિત' કહ્યું હતું, (પછી) 'સર્વજ્ઞ' કહ્યું, (હવે) રાગરહિત ('વીતરાગ' કહ્યું). ભગવાન આત્માની અસ્તિ (તેમ જ) સિદ્ધ (ભગવાનની) અસ્તિ છે એનું સ્વરૂપ....

(૧) કર્મરહિત,
(૨) સર્વજ્ઞ,
(૩) રાગરહિત (–વીતરાગ) છે.

કહો, સમજાણું કાંઈ ? તેઓ શુદ્ધ આત્મા જ છે.... એ તો શુદ્ધ આત્મા જ આવો છે.... પરમાત્મા (અને) શુદ્ધ આત્મા આવા છે.

(પરમ અધ્યાત્મ તરંગિણી, શ્લોક ૧માં) આ 'સમયસાર'ના અર્થમાં (પહેલા) અરિહંતને ઉતાર્યાં છે નમસ્કારમાં (–'नमः समयसाराय'ના અર્થમાં). 'સમયસાર' શબ્દ છેને ? એના (અર્થમાં) પછી આમેય (–આ રીતે પણ) બધા (–પંચ પરમેષ્ઠી) ઉતાર્યાં છે....

(૧) (અરિહંત....) સમતાના.... સમ્યક્ પ્રકારે વાસ્તવિક સ્વરૂપના જાણનારા એવા સાતિશય સમ્યગ્દ્રષ્ટિ જીવોથી માંડીને બારમા ગુણસ્થાન સુધી, એવા જે 'સમય'.... સમ્યક્ પ્રકારે જાણનારા (છે એના સાર).... એના જે

મુખ્ય (–પૂજ્ય) એવા જિનરાજ (–અરિહંત). એટલે 'સમયસાર'માં (–એના અર્થમાં) જિનરાજ (–અરિહંત) પણ કાઢ્યા (–કહ્યા) છે, વ્યક્તિ કે ફલાણું એમ નહીં. વસ્તુ આવી છે. સમજાય છે ?

(૨) સિદ્ધમાં પણ એ (રીતે) ઉતાર્યું છે. 'સમ+અય'.... સમતાના ધણી જે યોગીરાજ—મુનિઓ. 'સમય'.... સમતા—વીતરાગતા છે એના સ્વામી જે યોગીઓ છે એના પણ 'સાર'.... મુખ્ય (એ) સિદ્ધ. એટલે 'સમયસાર'માં સિદ્ધ પણ આવી જાય છે.

(૩) આચાર્ય પણ.... સમ્યક્—સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન.... 'સમય' (શબ્દ) છેને ? સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિ આચારના પાળનારા એવા જે 'સમય'.... સંતો, એમાં 'સાર'.... મુખ્ય એવા (તે) 'સમયસાર'. (તેથી) આચાર્ય પણ એમાં આવી જાય છે.

(૪) ઉપાધ્યાય.... 'સમય'.... શાસ્ત્રના જાણનારા.... શાસ્ત્રના જાણનારા. 'સમય'.... એટલે શાસ્ત્ર છે એના જે જાણનારા, એમાં 'સાર'.... જણાવનારા અને જાણનારા એવા ઉપાધ્યાય (એ) 'સમયસાર'. શોભાલાલજી ! અને

(૫) સાધુ.... સમ્યક્ પ્રકારે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને સાધે. 'સમય'= સમ્ +(અય). 'સમ્'.... એટલે સમ્યગ્દર્શન, 'અય'.... એટલે જ્ઞાન, 'સાર'.... એટલે ચારિત્ર—'સમયસાર'. સમય.... 'સમયસાર'.... એને જે આરાધે—સાધે એ સાધુ. અને

(૬) 'સમયસાર'.... 'સમ્' એટલે સમ્યગ્દર્શન, 'અય' એટલે સમ્યગ્જ્ઞાન, 'સાર' એટલે ચારિત્ર.

'સમયસાર'.... ('સમય') એમાં પણ 'સાર' (આત્મ)વસ્તુ (અને) વીતરાગતાની પૂર્ણતા. એને પણ નમસ્કાર. (આ રીતે)....

(૧) પંચ પરમેષ્ઠીને નમસ્કાર....
(૨) સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને નમસ્કાર.... (અને)
(૩) એ બધાના સાર સ્વરૂપ ઇષ્ટદેવને નમસ્કાર.

સમજાણું કાંઈ ? અલૌકિક (વાત) છેને ? આ તો આચાર્યના કથનો છે, પારંગત છે જે બધામાં. અમૃતચંદ્રાચાર્ય સંત.... દિગંબર મુનિ છે, એમણે જ્યાં જંગલમાં (ટીકા લખવાની) શરૂઆત કરી (હશે) તાડપત્ર ઉપર (અને) જ્યારે આ ઘોળાતું હશે !! આહાહા !!! આચાર્ય પોતે કહે છે : **'नमः समयसाराय'....** બસ, **'સમયસાર'** એક જ આવો (–અજોડ) છે એને નમસ્કાર કરું છું. (એમાં) પાંચે પદને (નમન) થઈ ગયું, ત્રણ રતનને (નમન) થઈ ગયું.

ઇષ્ટદેવ.... કર્મરહિત, સર્વજ્ઞ, રાગરહિત (–વીતરાગ) એવા ઇષ્ટદેવ (જે) શુદ્ધ આત્મા છે એને ખ્યાલમાં લઈને.... તે આવા આત્મા હોય (છે) અને અમારે એ દશા પ્રસિદ્ધ.... પ્રગટ કરવી છે, માટે ઇષ્ટદેવ એ છે. અને ઇષ્ટદેવ તરીકે '(ત્રિકાળી) દ્રવ્ય' પણ ઇષ્ટદેવ છે, કારણ કે એ પોતે (છે) એમાંથી પંચ પરમેષ્ઠી પદ પ્રગટ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પણ એમાંથી પ્રગટ થાય છે દ્રવ્યમાંથી. માટે એ દ્રવ્ય પોતે જ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો પિંડ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

સમયસાર તો આ ભરતક્ષેત્રનું અલૌકિક, અદ્વૈત ચક્ષુ છે—અજોડ ચક્ષુ છે. આવું શાસ્ત્ર બીજા (ધર્મ)માં તો હોય નહીં, પણ આ દિગંબર (જૈનધર્મના) શાસ્ત્રોમાં પણ સર્વોત્કૃષ્ટ શાસ્ત્ર 'સમયસાર' ! એ ટૂંકામાં ઘણું જ બતાવનાર, એક-એક શબ્દની વ્યાખ્યામાં ઘણું ગંભીર બતાવનાર છે.

કહે છે, તેથી આ અધ્યાત્મગ્રંથમાં સમયસાર કહેવાથી.... જુઓ ! સમયસાર કહેવાથી ઇષ્ટદેવ આવી ગયા.... છેને ? એ પાંચે પદ આવી ગયા.... બધું આવી ગયું.... વસ્તુનું સ્વરૂપ આવી ગયું, (પણ) કોઈનું નામ કાંઈ ન આવ્યું. અનંત તીર્થંકરો થઈ ગયા એ બધા એમાં આવી ગયા, અનંત સિદ્ધો થઈ ગયા તે એમાં આવી ગયા.

તથા એક જ નામ લેવામાં અન્યમતવાદીઓ મતપક્ષનો વિવાદ કરે છે તે સર્વનું નિરાકરણ.... સર્વનું નિરાકરણ, સમયસારનાં વિશેષણો વર્ણવીને.... દેખો ! **'स्वानुभूत्या चकासते.... सर्वभावान्तरच्छिदे'....** આદિ કીધાને ? (તે વિશેષણોથી અન્યમતવાદીઓના મતપક્ષનું નિરાકરણ) કર્યું.

વળી અન્યવાદીઓ પોતાના ઇષ્ટદેવનું નામ લે છે તેમાં ઇષ્ટ શબ્દનો અર્થ ઘટતો નથી.... (કોઈ) ઈશ્વર કર્તા કહે કે કોઈ બ્રહ્મા-વિષ્ણુ-મહેશ વગેરે કહે, પણ તેમાં ઇષ્ટ શબ્દનો (અર્થ) ઘટતો નથી.... વિરુદ્ધતા આવે છે. સ્યાદ્વાદી જૈનોને.... અપેક્ષિત જ્ઞાનવાદી જ્ઞાનીઓને તો સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે....

(ઉમંગમાં આવી જતાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં મુખમાંથી સહજ સરી પડે છે....)

‘વાહ !’

‘સર્વજ્ઞ’.... જુઓ !

‘સર્વજ્ઞ, વીતરાગ’.... જ્ઞાને પૂર્ણ ને કષાયથી (શૂન્ય) અકષાયભાવે પરિપૂર્ણ.... જ્ઞાને પૂર્ણ (અને) રાગ રહિત ભાવમાં વીતરાગતાએ પરિપૂર્ણ.

—આ વસ્તુનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ? (આત્મા) જ્ઞાને પરિપૂર્ણ છે, કારણ કે એનો જ્ઞાનસ્વભાવ છે અને સમતા એટલે ચારિત્રસ્વરૂપ ત્રિકાળ છે. (એથી) એ (સર્વજ્ઞ)દશામાં જ્ઞાનની પર્યાય પૂર્ણ થઈ ગઈ (અને) વીતરાગતા (પણ) પૂર્ણ થઈ. એટલે સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા જ ઇષ્ટ છે.... કહો, સમજાય છે કાંઈ ?

પછી ભલે તે ઇષ્ટદેવને પરમાત્મા કહો.... લ્યો ! આ ‘સમયસાર’ શબ્દના (ઘણા) અર્થ ઉતાર્યાને ? એને કહે છે કે....

(૧) પરમાત્મા કહો.... પણ આ સ્વરૂપને. પરમ આત્મા.... પરમ આત્મા.... ઉત્કૃષ્ટ આત્મા. સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા (—એમ કહીને) ‘સમયસાર’ને ઓળખાવ્યો. એને ‘પરમાત્મા’ કહો.... તો પણ કહી શકાય છે (—એમ) કહે છે.

(૨) પરમજ્યોતિ કહો.... ચૈતન્યજ્યોતિ... પરમજ્યોતિ.... પરમજ્યોતિ. જ્ઞાનની જ્યોત જેને પૂરી.... પરમ ખીલી ગઈ છે ત્યાં (પૂર્ણ) વીતરાગતા તો સાથે હોય જ છે. પરમજ્યોતિ.... ચૈતન્યસૂર્ય ભગવાન (આત્મા), પરમ શક્તિનું આખું

તત્ત્વ હતું (–છે) એ ખીલી ગયું છે. પરમજ્યોતિ.... એ ઇષ્ટદેવ છે.... એ સમયસાર છે.... તે ધર્માત્માને પ્રિય કરવા લાયક દેવ છે. સમજાય છે કાંઈ ?

(૩) પરમેશ્વર.... કહો, આ પરમેશ્વર.... (પણ) જગતના કોઈ કર્તા ને હર્તા... ટાળનાર.... નાશ કરનાર (નથી). બ્રહ્મા બનાવે, વિષ્ણુ પાળે ને શંકર ટાળે.... ટાળે એટલે મારે (–નાશ કરે)—એમ નથી. એ તો ઉત્પાદ-વ્યય-ધ્રુવ એવું સ્વરૂપ દ્રવ્યનું છે. (દ્રવ્ય, ગુણ) ધ્રુવ તે (વિષ્ણુ), (નવી પર્યાય) ઉત્પન્ન થાય તે **(**બ્રહ્મા), અને (જૂની પર્યાય) વ્યય થાય તે શંકર. સમજાણું કાંઈ ? એવું (ખરેખર) સ્વરૂપ છે....

(૧) અજ્ઞાન-રાગનો નાશ થયો (–વ્યય),
(૨) સર્વજ્ઞ, વીતરાગ (દશા)ની ઉત્પત્તિ થઈ (–ઉત્પાદ) ને
(૩) ધ્રુવપણું કાયમ રહ્યું (–ધ્રૌવ્ય).

સમજાય છે કાંઈ ? વસ્તુની સ્થિતિ આવી છે. આ વસ્તુ આ રીતે છે એનાથી વિરુદ્ધ કોઈ કહે (તો) તદ્દન ઊલટું થઈ જાય.... એની શ્રદ્ધા, જ્ઞાન ને (ચારિત્ર)—બધું ઊલટું થઈ જાય. સમજાય છે કાંઈ ?

પરમેશ્વર.... આ પરમેશ્વર છે. સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા તે 'પરમેશ્વર'.... અથવા સમયસાર તે 'પરમેશ્વર'.... સમજાય છે કાંઈ ? સમતાના.... ચારિત્રના ભાવ ને સમ્યગ્જ્ઞાનથી પરિપૂર્ણ (વીતરાગ ને સર્વજ્ઞ) થઈ ગયા એવા 'પરમેશ્વર' છે. ('પરમેશ્વર') = પરમ+ઈશ્વર = પૂર્ણ ઈશ્વરતા જેને પ્રગટ થઈ ગઈ છે. દુનિયાનું કરી દે કે ટાળે એ ઈશ્વર નહીં. (ઈશ્વર) કરે શું ? (જગતનું કાંઈ કરે નહિ, કેમ કે) જગતના તત્ત્વો....

(i) 'છે' એને (કોઈ) કરે શું ? (–કર્તા) અને
(ii) 'છે' તેનો (કોઈ) નાશ કરે શું ? (–વ્યય) અને
(iii) 'છે' તેની (કોઈ) ઉત્પત્તિ કરે શું ? (–ઉત્પાદ) અને
(iv) 'છે' તેની (કોઈ) રક્ષા કરે શું ? (–ધ્રૌવ્ય)

સમજાય છે કાંઈ ? ભલે કાં (સમયસારને) 'પરમેશ્વર' કહો. એ 'સમયસાર'ના (ચાર) વિશેષણ [(1) સર્વ કર્મરહિત, (2) સર્વજ્ઞ, (3) વીતરાગ, (4) શુદ્ધ આત્મા] આપ્યાને ? એ સમયસારને જ 'પરમેશ્વર' કહો.

(૪) પરબ્રહ્મ.... કહો. ('પરબ્રહ્મ' એટલે) પરમ આનંદ. ભગવાન આત્મા આનંદસ્વરૂપ છે તો પર્યાયમાં 'પરમ બ્રહ્મ' પ્રગટ થઈ ગયો.... પરમ આનંદ પ્રગટ થયો (અને) તે શુદ્ધ આત્મા જ છે. સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા એ જ પરમ આનંદ છે.... 'પરમ બ્રહ્મ' છે. સમજાય છે કાંઈ ? 'પરમ બ્રહ્મ'.... બીજો કોઈ કર્તા જગતનો (છે અને તે પરબ્રહ્મ છે)—એમ છે નહીં. આ 'પરમ બ્રહ્મ' છે.

(૫) શિવ.... લ્યો ! આવ્યા શંકર. 'શિવ'.... એટલે ઉપદ્રવ રહિત. શુદ્ધ ચિદાનંદસ્વરૂપ આત્મા સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા) છે. (તેથી) એ ઇષ્ટદેવ (છે અને) તેને 'શિવ' કહીએ. કોઈ 'શિવ'.... કોઈ શંકર, પાર્વતીનો ધણી (છે)—એવો કોઈ છે નહીં. સમજાણું કાંઈ ? 'નમોત્થુણં'માં આવે છે 'સિવમલય....' આવે છેને 'નમોત્થુણં'માં ? 'સિવમલયમરુયમણંતમ્....' એ 'શિવ'.... નામ કલ્યાણમૂર્તિ. 'શિવ'નો અર્થ કલ્યાણસ્વરૂપ. ભગવાન આત્મા વસ્તુએ તો કલ્યાણસ્વરૂપ છે, પણ પર્યાયમાં કલ્યાણરૂપ (એવું) સર્વજ્ઞ, વીતરાગપણું પ્રગટ થઈ ગયું એને (–પરમાત્માને) 'શિવ' કહીએ.... એને 'શિવ' કહીએ.... એને શંકર કહીએ. સમજાય છે કાંઈ ?

(૬) નિરંજન.... લ્યો ! જેને અંજન નથી. એ સમયસારને.... સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવને 'નિરંજન'.... શબ્દથી પણ ઓળખાવાય છે. જેને અંજન નથી.... રાગ ને કર્મનું અંજન નથી. 'નિરંજન'.... (એટલે કે જે) પૂર્ણ વીતરાગ, સર્વજ્ઞ પર્યાયે પ્રગટ થઈ ગયા. સમજાણું કાંઈ ? એ 'નિરંજન'.... તમારી મેળાએ કોઈ દિ' વાંચો છો કે નહિ શેઠ ? ઘરે વાંચવાનો વખત નહીં હોય. એ અત્યારે નહીં, અત્યારનું નથી કહેતો. 'નિરંજન'....

(૭) નિષ્કલંક.... સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા (એવો) સમયસાર તે 'નિષ્કલંક' છે. તેને જન્મ નથી, મરણ નથી, રાગનું કલંક નથી, રાગનો ક્લેશ (નથી). અવતરવું તે કલંક છે (અને) તે તેને નથી. એકલો પરમાત્મા.... શુદ્ધ આત્મા.... સમયસાર. સમયસાર તે 'નિષ્કલંક' છે, કલંક છે નહીં—એમ કહે

છે. પહેલાં (–સંસારદશામાં) કલંક હતું, (હવે) કલંક નીકળીને 'નિષ્કલંક' થઈ ગયા.

(૮) અક્ષય.... છે. એને અક્ષય.... કોઈ દિ' ક્ષય ન થાય એવો ભગવાન (આત્મા) છે એને (અક્ષય) કહીએ. (તેવી રીતે).... સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવનો (પણ) ક્ષય શી રીતે થાય ? (કેમ કે) પૂર્ણ અસ્તિ.... વસ્તુ પ્રગટ થઈ ગઈ.

સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) <u>ઇષ્ટદેવ</u> એટલે <u>સમયસાર</u> (અને)

<u>સમયસાર</u> એટલે સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા <u>ઇષ્ટ)દેવ</u>.

—એ 'અક્ષય' છે, કોઈ દિ' નાશ ન થાય.

જુઓ ! આ મહામંગલિક ! (ઇષ્ટદેવને) ગુણી.... ગુણી (–દ્રવ્ય) તરીકે ઓળખાવ્યા છે, 'ફલાણો જીવ'—એમ નહીં. આવો ગુણી (ત્રિકાળી દ્રવ્ય અને) ગુણની પર્યાયમાં પૂર્ણ થઈ ગયા (એવા પરમાત્મા)—એ (બન્નેને) ઇષ્ટદેવ કહીએ. સમજાણું કાંઈ ?

(૯) અવ્યય.... વ્યય ન થાય એવા. ('અક્ષય') = સર્વથા ક્ષય ન થાય (—એમ) આવ્યું ને (અહીં અવ્યય) = વ્યય-નાશ ન (થાય).... થોડો.... થોડો (પણ) નાશ ન થાય એવા. અવ્યય.... નાશ ન થાય.... અવિનાશી (છે) ભગવાન. સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવ 'અવ્યય' છે—એવા ને એવા, નાશ વિનાના અનાશ છે.

(૧૦) શુદ્ધ.... એ શુદ્ધ છે. (ત્રિકાળી દ્રવ્ય) તદ્દન શુદ્ધ છે (અને પરમાત્મા) દ્રવ્યે શુદ્ધ, ગુણે શુદ્ધ ને પર્યાયે શુદ્ધ છે.... ત્રિકાળી શુદ્ધ (દ્રવ્ય અને) એ (પૂર્ણ) શુદ્ધ એવા પરમાત્માને અહીંયા ઇષ્ટદેવ તરીકે યાદ કરીને (અને ત્રિકાળી દ્રવ્યને) ધ્યેય બનાવીને નમસ્કાર કરે છે. સમજાણું કાંઈ ?

(૧૧) બુદ્ધ.... એકલો જ્ઞાનનો પિંડ છે. એ બુદ્ધ.... આ આત્મા છે એને 'બુદ્ધ' કહીએ. (બાહ્યમાં) 'બુદ્ધ' કહે છેને બુદ્ધ ?—એ નહીં. આ બૌદ્ધધર્મનો

'બુદ્ધ' છેને ?—એ નહીં. આ આત્મા સર્વજ્ઞ, વીતરાગ છે એ પોતે 'બુદ્ધ' (છે). આહાહા !

અહીં સર્વજ્ઞનું.... જુઓને ! પહેલેથી (–પહેલા શ્લોકથી જ) 'સર્વજ્ઞપણું' નાખ્યું. 'सर्वभावान्तरच्छिदे'.... એ સર્વજ્ઞ પર્યાય છે એ (મૂળ વસ્તુ) નહીં, (પણ) સર્વજ્ઞ(સ્વભાવમય આત્મા) એ મૂળ વસ્તુ છે. એની જેને ખબર નથી (કે) સર્વજ્ઞ.... આત્મા સર્વજ્ઞસ્વભાવી (અનાદિનો) છે અને સર્વજ્ઞ પર્યાયવાળા જીવો (–અરિહંત ને સિદ્ધ પણ) અનાદિના છે એ (ધ્યેય ને સાધ્યતત્ત્વ) મુખ્ય છે. એની જેને ખબર નથી એ બધા વાતું કરનારા.... બધી નાસ્તિકની વાતું કરનાર છે.

એક સમયમાં સર્વજ્ઞપણાનું અસ્તિપણું આટલું મોટું.... એકલો 'જ્ઞ' સ્વભાવ.... એકલો 'જ્ઞ' સ્વભાવ.... એટલે આત્મા.... એટલે જ્ઞાનસ્વભાવ.... જ્ઞાયકસ્વભાવ.... બસ. જ્ઞાયક એટલે પરિપૂર્ણ.... એટલે સર્વજ્ઞ-સર્વદર્શી ઉપયોગસ્વરૂપ.... એકલો દર્શન-જ્ઞાન ઉપયોગ આખો. એવી પર્યાય પ્રગટ થઈ ગઈ સર્વજ્ઞ-સર્વદર્શી, (એટલે) ઉપયોગ પૂર્ણ થઈ ગયો.

આહાહા ! એને 'બુદ્ધ' કહીએ.... એને 'બુદ્ધ' કહીએ. 'બુદ્ધ'માં ઉપયોગ લીધો. અહીં આવ્યો (–ઉપયોગની વાત આવી). જ્ઞાન ને દર્શનનો અખંડ ઉપયોગ જે (કેવળજ્ઞાન- કેવળદર્શન) છે (તે) પર્યાયમાં અખંડ પ્રગટ થઈ ગયો તે સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવ છે (અને) તેને 'બુદ્ધ' કહીએ. સમજાણું કાંઈ ? આહાહા !

(૧૨) અવિનાશી.... (કોઈ કાળે) નાશ ન થાય તેનો (અને તેના) કોઈ પ્રદેશનો. સમજાય છે કાંઈ ? અસંખ્ય પ્રદેશી પરમાત્મા—(કે જે) સર્વજ્ઞ, વીતરાગતાના પિંડ છે (તે) નાશ ન થાય એવા 'અવિનાશી' છે.

વીતરાગ.... છે. એને રાગનો અંશ છે નહિ. પહેલાં રાગ હતો, (પછી પૂર્ણ) વીતરાગ (થયા) એને ઇષ્ટદેવ (અર્થાત્) સર્વજ્ઞ, 'વીતરાગ' (કહે છે.) આ કોઈ સંપ્રદાયની વાત નથી, આ તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. આહા ! સમજાણું કાંઈ ? વીતરાગ, અર્હત્....

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : રહી ગયું ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, ઠીક ! અવિનાશી, અનુપમ.... જેને કોઈ ઉપમા નથી. 'સર્વજ્ઞ, વીતરાગ' (એવા પરમાત્મા) બહુ તરે છેને મગજમાં ? (એટલે લક્ષ) ત્યાં ('વીતરાગ' શબ્દ ઉપર) આવી ગયું.

(૧૩) અનુપમ.... જેને કોઈ ઉપમા નથી. ઉપમા શું ? એની ઉપમા એને, એ એના જેવા. સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવ પૂર્ણ આત્મા (છે એને કોની ઉપમા ?).... જ્ઞાનનો એક સમયનો કાળ (–પર્યાય છે તેમાં) સર્વજ્ઞ બધું જાણે અને પૂર્ણ રાગ રહિત વીતરાગ દશા છે.... સમજાય છે ? એને શું.... કોની ઉપમા ? એને ઉપમા કોની ? કહો, સમજાણું કાંઈ ? તમારે થાય છેને કાંઈક 'ઉપમા' નામનો ખોરાક-ખાવાનું, શું એવું (આ) હશે ? શું કંઈ કહેવાય છેને ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ઉપમા કરે છે, કાંઈક ખોરાક-ખોરાક.

શ્રોતા : 'ઉપમા' મદ્રાસ બાજુ બહુ આવતો.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, ઉપમા એ.

શ્રોતા : ...........

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ આ (આત્માને) ઉપમા તો, કહે છે કે, કોઈ લાગુ પડતી નથી એવો આત્મા છે. (ખાવાના) પદાર્થને 'ઉપમા' કહે, 'આવો પકવાન'—એમ કાંઈક કહે છે. સુના હૈ ? 'ઉપમા' નામકા પદાર્થ, ભોજનમેં હોતા હૈ.

આ તો મહા અનુપમ ભોજન.... આત્માકા આનંદ. 'અનુપમ'.... એને ઉપમા શું ? ઓહોહો ! વસ્તુની શક્તિએ ભરેલો ભગવાન છે એ પર્યાયે જ્યાં પૂર્ણ થઈ ગયો (ત્યાં) એને શું ઉપમા આપવી ? કોની ઉપમા એને દેવાય ? એવા ભગવાન.... સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) સમયસાર (એ) ઇષ્ટદેવ છે એને 'અનુપમ' કહેવામાં આવે છે.

(૧૪) અચ્છેદ્ય.... એ છેદાય નહિ એવો છે. કહો, એ (શબ્દ) તો આવે છે ગીતામાં. નથી આવતું ? 'અચ્છેદ્ય' અને 'અભેદ્ય' (—એવા શબ્દો) આવે છે, પણ પાછું મૂળ ઠેકાણું ન મળે.... મૂળ વસ્તુનું. (અહીં કહ્યાં) એવા શબ્દો તો ઘણાય (અન્ય મતમાં) લઈ લીધા છે. 'અચ્છેદ્ય'.... આહીં તો, સર્વજ્ઞ સ્વભાવી (ત્રિકાળી આત્મા) છે (તેને તેમ જ) સર્વજ્ઞ પર્યાય પ્રગટ થઈ અને વીતરાગતા (પૂર્ણ) થઈ એવા આત્માને 'અચ્છેદ્ય' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? 'અચ્છેદ્ય'.... છેદાય નહિ, ટૂકડા ન થાય.

(૧૫) અભેદ્ય.... ભેદાય નહિ, ભૂકો ન થાય. 'અભેદ્ય'.... ભૂકો ન થાય. એક ગુણ આમ (–એક બાજુ) જાય ને એક ગુણ આમ (–બીજી બાજુ) જાય (—એમ વિખરાય જાય નહિ), પણ અભેદ્ય. અભેદ્ય અખંડાનંદ પ્રભુ છે. સર્વજ્ઞ, વીતરાગ, પરમેશ્વર, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવ.... ખાલી નામ નહિ, પણ આવા (ગુણવાળા) જેટલા ભગવાન હોય (છે) તે બધાને ઇષ્ટદેવ ગણવામાં આવે છે.

(૧૬) પરમપુરુષ.... પરમપુરુષ. લ્યો ! એ પુરુષમાં પરમપુરુષ. વીતરાગી પુરુષ.... એમાં પણ પરમપુરુષ. સર્વજ્ઞ, વીતરાગ એ 'પરમપુરુષ' છે, એ પુરુષોત્તમ પુરુષ.... પરમપુરુષ છે. સમજાણું કાંઈ ? એ પુરુષ.... પરમપુરુષ.

(૧૭) નિરાબાધ.... નિર્+આ+બાધ.... બાધા જેને નથી, કોઈ વિઘ્ન નથી. વિઘ્ન શું ? શાશ્વત કળા જ્યાં પૂર્ણ ખીલી ગઈ સર્વજ્ઞ ને વીતરાગ દશાની, એને બાધા કોની હતી (–હોય) ? વિઘ્ન ક્યાં હતાં (–કેમ હોય) ? નિર્વિઘ્નદશા તેમને પ્રગટ થઈ છે, માટે તેમને.... ભગવાનને 'નિરાબાધ' કહીએ. આ, 'સમયસાર'ના બધા નામ છે, આ નામથી તે ઓળખાવાય છે. અને એ બધા નામ એને ઘટે (–લાગુ પડે) છે, એક જ નામ ઘટે (–લાગુ પડે) છે એવું કાંઈ નથી —એમ કહે છે.

(૧૮) સિદ્ધ.... લ્યો ! એને સિદ્ધ કહીએ. સર્વજ્ઞ, વીતરાગ(રૂપ) ચોક્કસ વસ્તુ (–દશા) પ્રગટ થઈ ગઈ એને સિદ્ધ પરમાત્મા (અથવા) ઇષ્ટદેવ કહીએ.

(૧૯) સત્યાત્મા.... સાચો આત્મા. લ્યો ! સાચો આત્મા થયો એ. હજુ (જ્યાં સુધી) અજ્ઞાન ને રાગ-દ્વેષમાં તું હતો (ત્યાં સુધી) સાચો આત્મા નહોતો. આહા ! સત્.. સત્.. જેવું સત્ છે જ્ઞાન, આનંદ, વીતરાગતાનું; એવા જ સત્ જ્ઞાન, આનંદ, (વીતરાગતા) પર્યાયમાં પ્રગટ થઈ ગયા એ સાચો આત્મા. આહાહા ! સમજાણું કાંઈ ?

(૨૦) ચિદાનંદ.... એને જ્ઞાનાનંદ કહો. 'ચિદ્' એટલે જ્ઞાન, અને 'આનંદ'.... જ્ઞાનાનંદ. મુખ્ય વસ્તુ (–પ્રગટ કરવાયોગ્ય) એ છેને ? જ્ઞાનાનંદ —ઉપયોગ અને આનંદ. પૂર્ણ ઉપયોગ અને આનંદ (ભગવાનને પ્રગટ) થઈ ગયા છે, એટલે પૂર્ણ જ્ઞાન અને આનંદ (હોવાથી તેઓ) 'ચિદાનંદ' છે. એ સર્વજ્ઞ, વીતરાગને 'ચિદાનંદ' પણ કહેવામાં આવે છે.

(૨૧) સર્વજ્ઞ.... કહેવામાં આવે છે. એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક જેણે જાણ્યા.... એવી પોતાની પૂરી પર્યાયને જાણી એને 'સર્વજ્ઞ' કહેવામાં આવે છે.

(૨૨) વીતરાગ.... રાગ રહિત છે.

(૨૩) અર્હત્.... પૂજ્ય છે ઇન્દ્રોને. સમજાય છે કાંઈ ? ઇન્દ્રોને પૂજ્ય છે એ શુદ્ધ (આત્મા), વીતરાગ, સર્વજ્ઞ (એવા) પરમાત્મા (–ઇષ્ટદેવ).

(૨૪) જિન.... એને જિન કહીએ.

(૨૫) આપ્ત.... એને કહીએ. (ઇષ્ટદેવ) હિતકારી ઉપદેશના કહેનારા (છે, માટે) 'આપ્ત' કહીએ. ઉપદેશના કહેનારા ન હોય તો પણ આ (–સર્વજ્ઞ, વીતરાગ, શુદ્ધ આત્મા એવી) દશાવાળાને 'આપ્ત' કહીએ.

(૨૬) ભગવાન.... કહીએ. લ્યો ! ભગ+(વાન)—સ્વરૂપલક્ષ્મીના વાન.... (ચૈતન્ય)લક્ષ્મીના સ્વરૂપવાન. ભગવાન આત્મા.... શુદ્ધ અનંત (ચૈતન્ય)લક્ષ્મી જે સ્વરૂપમાં હતી (–છે) એને (જેણે) પર્યાયમાં પ્રગટ કરી છે એને 'ભગવાન'.... સ્વરૂપલક્ષ્મીના રૂપવાળા કહીએ, અનંત (ચૈતન્ય)લક્ષ્મીના સ્વરૂપવાળા (છે તેને) 'ભગવાન' કહીએ.

(૨૭) સમયસાર.... કહીએ. લ્યો ! છેલ્લો શબ્દ, મૂળ 'સમયસાર' (શબ્દ) જે હતો એ.

ઇત્યાદિ હજારો નામોથી કહો.... લ્યો ! સમજાણું કાંઈ ? તે સર્વ નામો કથંચિત્ સત્યાર્થ છે.... તે-તે ગુણની અપેક્ષાએ એ (નામ) સાચા છે (અને) બીજા ગુણની અપેક્ષાએ બીજા (નામ સાચા) છે. તે-તે (નામ) કહ્યા એ તે-તે ગુણની અપેક્ષાએ સાચા છે (અને) બીજા ગુણ.... બીજા ગુણની અપેક્ષાએ (બીજા નામ) સાચા છે.

સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે.... ભિન્ન નામ આપે....

(૨૮) 'સહજાત્મસ્વરૂપ' (નામ આપે)....

(એકાંતવાદી કહે) : "વળી 'સહજાત્મસ્વરૂપ' ક્યાંથી આવ્યા ?"

(શાસ્ત્રમાં આત્માનું નામ)....

(૨૯) 'સહજાનંદી' આત્મા (પણ છે).

(એકાંતવાદી કહે) : "વળી 'સહજાનંદી' આત્મા જૈનમાં ક્યાંથી આવ્યા ? 'સહજાનંદી' તો સ્વામીનારાયણને હોય." વળી એ તકરાર.

(સમાધાન :) એ ('સહજાત્મસ્વરૂપ' અને) 'સહજાનંદી' આત્મા છે એને જ ('સહજાત્મસ્વરૂપ' અને) 'સહજાનંદી' આત્મા કહીએ (છીએ) સાંભળને ! સ્વામીનારાયણને 'સહજાનંદી' ક્યાં (કહેવા છે) ? એ તો નામ હતું એનું. (સહજ + આનંદી) = સ્વાભાવિક + આનંદનો ધણી ભગવાન (આત્મા) એ 'સહજાનંદી' છે. શુદ્ધસ્વરૂપી સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા ઇષ્ટદેવ) છે એને 'સહજાનંદી' કહીએ. સમજાય છે કાંઈ !

(૩૦, ૩૧, ૩૨) આ એને (–ઇષ્ટદેવને) 'બ્રહ્મા' કહીએ, 'વિષ્ણુ' કહીએ, 'મહેશ' કહીએ. આ બધા (નામ) એને કહીએ —એમ કહે છે. બીજા (લોકો) બ્રહ્મા, વિષ્ણુ, (મહેશ) કહે છે—એ નહિ. સમજાણું કાંઈ ? આહાહા !

સર્વથા એકાંતવાદીઓને ભિન્ન નામોમાં વિરોધ છે.... જુદાં જુદાં નામ આપે (તેમાં વિરોધ છે).

(૩૩) (કૃષ્ણ).... અહીં તો કર્મ કૃષે સો 'કૃષ્ણ' કહીએ. સમજાય છે ? 'કૃષ્ણ' પણ એને કહીએ.... કર્મનો નાશ કરીને એકલી (–પૂર્ણ) દશા જેણે પ્રગટ કરી છે (તેને 'કૃષ્ણ')—એમ (પણ) કહીએ.

(૩૪) (આત્મારામ).... આત્મામાં રમે સો 'આત્મારામ' પણ કહીએ.

(૩૫) (રામ).... ઇષ્ટદેવને 'રામ' પણ કહીએ, પણ આવા હોં ! સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) ઇષ્ટદેવ તે રામ.

(ઇષ્ટદેવ) એ કૃષ્ણ, એ પરમેશ્વર, તે વિષ્ણુ, તે બ્રહ્મા.... (—એમ) કહો.

(વિષ્ણુ).... સર્વ વ્યાપક.... બધાને જાણે છે એવા પરમાત્મા છે એને 'વિષ્ણુ' પણ કહીએ, પણ આવા (પૂર્ણ) સ્વરૂપને (પ્રાપ્ત હોય તેને). સમજાણું કાંઈ ? લોકોએ માનેલા છે એને નહીં.

સ્યાદ્વાદીને કાંઈ વિરોધ નથી.... અપેક્ષાએ સમજનારને કાંઈ (વિરોધ નથી).

(૩૬) (પુણ્યવાન).... એને 'પુણ્યવાન' કહીએ પરમેશ્વરને. 'પુણ્ય' એટલે ? 'પુણ્ય' એટલે પવિત્રતા. (કષાયની મંદતારૂપ) પુણ્યનું અહીં ક્યાં કામ છે ? પુણ્યવાદી.... પુણ્યવાન.... પવિત્રવાન છે ભગવાન. 'પુણ્યવાન' એટલે પવિત્રવાન. ઇષ્ટદેવ (અર્થાત્) સર્વજ્ઞ, વીતરાગ, (શુદ્ધ આત્મા એવા) સમયસાર 'પુણ્યવાન' છે. સમજાય છે કાંઈ ? —એમ છે ભાઈ !

ઘણા નામ અપાય છે. એક ફેરી....

(૩૭) 'પાપી'.... નામ આપ્યું છે. 'પાપી' પણ ભગવાનને કહેવાય. અનુભવને.... અનુભૂતિને 'પીવે' છે પોતે અને જગતને 'પીવડાવે' (–પાય) છે, માટે 'પાપી'. ન્યાલભાઈ !

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, હા. અહીં તો એનું.... વસ્તુનું (–આત્માનું એવું) સ્વરૂપ છે (—એમ કહે છે). ભગવાન સર્વજ્ઞ પરમાત્મ(પણું) (એ) પોતાનું (–દરેક આત્માનું) સ્વરૂપ છે. (એથી જેને) એવી (–સર્વજ્ઞ પરમાત્મ)દશા પ્રગટ થઈ એને, (આત્માને) લાગુ પડે તેવા કોઈપણ (નામથી) કહો તે વાત બરાબર છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : .... સાધુનો અર્થ 'ભલો' કર્યો છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : શાસ્ત્રમાં સાધુને....

(૩૮) 'પાખંડી' કહ્યા છે, 'પાખંડી' (–'पासंडी') ઠીક ! 'સમયસાર'માં નથી આવતું પાછળ 'પાખંડી' ? (ગાથા ૪૦૮, ૪૧૦ અને ૪૧૩). 'પાખંડી'.... એટલે પાપના ખંડ-ખંડ કરનારા તે પાખંડી.

શ્રોતા : એવો અર્થ છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એવો અર્થ છે. શબ્દ છે પાઠમાં.... (પ્રાકૃત) ગાથામાં, સમયસારની પાછળ ગાથાઓમાં છે (ગાથા ૪૦૮, ૪૧૦ અને ૪૧૩). સમજાય છે કાંઈ ? શબ્દમાં શું છે ? એનો ભાવ શું છે એને સમજવો જોઈએ. ભાવ સમજ્યા વિના એમ ને એમ 'ભગવાન.. ભગવાન..' કરે તો પણ ખોટા. સમજાણું ?

શ્રોતા : ...............

પૂજ્ય ગુરુદેવશ્રી : એ (જગતના) પાખંડી જુદાં ને આ (સાધુને કહ્યાં તે) 'પાખંડી' જુદાં. એ તો કીધુંને ? એ (જગતના) પાખંડી છે એ જુદાં.

હવે (પંડિત જયચંદજીએ) હિન્દી કર્યું છે ટૂંકું, એ (પહેલા) શ્લોકનું (હિન્દી) છે હોં....

**नमः समयसाराय स्वानुभूत्या चकासते ।**
**चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।**

આ, (नमः समयसाराय....) એ શ્લોક(નો અર્થ જયચંદજીએ) કર્યો છે આ :

પ્રગટે નિજ અનુભવ કરે, સત્તા ચેતનરૂપ;
સૌ–જ્ઞાતા લખીને નમું, સમયસાર સહુ–ભૂપ.

પ્રગટે નિજ અનુભવ કરે.... એ નિજ અનુભવ કરવાથી પ્રગટ થાય એવો ભગવાન આત્મા છે. स्वानुभूत्या चकासते.... આ આત્મા આનંદમૂર્તિ છે, જ્ઞાનની મૂર્તિ સચ્ચિદાનંદસ્વરૂપ છે. એ આત્મા.... અંદર જ્ઞાનની પર્યાયના અનુભવથી પ્રગટ થાય એવો એ આત્મા છે. સમજાણું કાંઈ ? કોઈ દયા-દાન-વ્રત-વિકલ્પની ક્રિયાથી પ્રગટ થાય એવો આત્મા છે જ નહીં, (કેમ કે) એમાં (–આત્મામાં) એ વિકલ્પો છે જ નહીં.

પ્રગટે નિજ અનુભવ કરે.... નિજ અનુભવ.... આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ છે એનો અનુભવ કરે તો એને (જ્ઞાન) પ્રગટ થાય કે 'આ આત્મા છે' ને એવી (જ્ઞાન) દશા પ્રગટ થાય.

સત્તા ચેતનરૂપ.... આવ્યું'તુંને ? 'भावाय' અને 'चित्स्वभावाय'....

'भावाय'નો અર્થ 'સત્તા' કર્યો,

'चित्स्वभावाय'નો અર્થ 'ચેતનરૂપ' કર્યો. સમજાય છે કાંઈ ?

'स्वानुभूत्या चकासते'નો અર્થ આ (–પ્રગટે નિજ અનુભવ કરે) કર્યો.... (—કે જે) પહેલું પદ છે.

'સત્તા ચેતનરૂપ'.... 'भावाय'.... આવ્યું'તુંને ? 'नमः समयसाराय'.... 'चित्स्वभावाय भावाय'.... 'भावाय'.... આવ્યું'તુંને ? 'ભાવ' એટલે એ સત્તા છે.... ભગવાન આત્મા હોવાપણે વસ્તુ છે. જેમ આ (શરીર) આદિ માટી-જડ છે, એમ ભગવાન (આત્મા) અંદર ચિદાનંદસ્વરૂપ સત્તા છે. 'શુદ્ધ સત્તા' કીધી છે ત્યાં (શ્લોકાર્થમાં). 'भावाय'નો અર્થ જુઓ ! 'શુદ્ધ સત્તાસ્વરૂપ' છે, કેમ કે (સર્વજ્ઞને) અશુદ્ધપણું પર્યાયમાં હતું તે ગયું ને શુદ્ધ સત્તા રહી ગઈ એકલી. એટલે....

'भावाय' છે એને 'સત્તા' કીધી અને
'चित्स्वभावाय' છે એને 'ચેતનરૂપ' કીધું.

—એ (શ્લોકના) શબ્દોના જ આ અર્થ છે આમાં.

(૧) ભગવાન આત્મા 'સત્તા'.... ભાવરૂપ છે (-દ્રવ્ય) અને
(૨) એનું સ્વરૂપ 'ચેતનરૂપ'.... જાણવું-દેખવું છે (–ગુણ).

એનું.... ભગવાન આત્માનું જ્ઞાનરૂપ છે. કહો, સમજાય છે કાંઈ ? આ, એવા આત્માને....

(૩) અંદર અનુભવવો એનું નામ ધર્મ છે (–પર્યાય).

—બાકી બધી વાતું. સમજાણું કાંઈ ?

સૌ–જ્ઞાતા લખીને નમું.... આ 'सर्वभावान्तरच्छिदे'ની વ્યાખ્યા. 'सर्वभावान्तरच्छिदे'.... આવ્યું'તુંને ? ક્યાં આવ્યું'તું ?

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : ભીખાભાઈને (પૂછ્યું છે), તમારું (–તમને) નહીં. ભીખાભાઈને આમ.. આમ.. (–ગભરામણ) થઈ જાય છે અંદરથી. ક્યાં આવ્યું છે ? ક્યાં ? લાવો જોઈએ ક્યાં છે ?

શ્રોતા : બતાવો, બતાવો ...........

પૂજ્ય ગુરુદેવશ્રી : એ હેં.... હેં.... થઈ જાય છે ત્યાં એને અંદરથી. એ ત્યાં તલાટી(પણા)માં ચાલ્યું હશે એનું. અહીં તો....

શ્રોતા : ...........

પૂજ્ય ગુરુદેવશ્રી : પહેલી ગાથા.... પહેલી ગાથા કે કળશ ? શું છે ? નામ શું છે ?

શ્રોતા : 'चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे'....

પૂજ્ય ગુરુદેવશ્રી : 'सर्वभावान्तरच्छिदे'.... એ (પૂછ્યું હતું), 'चित्स्वभावाय (भावाय)'નું કામ ન હતું અહીં (–એ શબ્દ કહેવાની જરૂર ન હતી). (એ તો) એમાં (–'સત્તા ચેતનરૂપ'માં અર્થ થઈ) ગયો છે.

શ્રોતા : આખું વાંચી જવું...............

પૂજ્ય ગુરુદેવશ્રી : અહીં તો કહે છે, એ (શ્લોકના) ચારે પદના દરેક પદનો—શબ્દનો (અર્થ) કર્યો હિન્દીમાં. જુઓ ! આ તો આપણે ગુજરાતી (અક્ષરો) છેને ? જુઓ ! 'चित्स्वभावाय भावाय'....

(૧) 'भावाय'.... નો અર્થ 'સત્તા'.... કર્યો (–દ્રવ્ય), } જીવ તત્ત્વ
(૨) 'चित्स्वभावाय'નો (અર્થ) 'ચેતનરૂપ' કર્યો (–ગુણ), }
(૩) 'स्वानुभूत्या चकासते'નો અર્થ 'પ્રગટે નિજ અનુભવ કરે'.... કર્યો, (–પર્યાય.... સંવર, નિર્જરા) અને
(૪) 'सर्वभावान्तरच्छिदे'નો અર્થ 'સૌ જ્ઞાતા....' (કર્યો) (–પર્યાય.... મોક્ષ).

ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો ભગવાન આત્માની પર્યાયનો સ્વભાવ છે. આત્મા એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક છે એને (તન્મય થઈને) ન જાણે, પણ પોતાની પર્યાયને જાણતાં બધું જણાઈ જાય. એક પર્યાયની એટલી તાકાત ! (એવો) સ્વભાવ.. ચૈતન્ય સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવ.. (અને) એવા સર્વજ્ઞ પરમાત્મા.... પરમેશ્વર છે તેને લખીને.... તેને જાણીને (નમું છું)—એમ કહે છે. આવા આત્માને હું ઓળખીને નમું છું.... નમસ્કાર કરું છું. સમજાણું કાંઈ ?

આવા પરમાત્મા પરમેશ્વર.... જેને શુદ્ધતા, વીતરાગતા, સર્વજ્ઞતા પૂર્ણ પ્રગટ થઈ ગઈ છે....

(૧) એને પરમાત્મા કહીએ.... સમજાય છે કાંઈ ?
(૨) એને સમયસાર કહીએ....
(૩) એને જિનરાજ કહીએ....
(૪) એને આત્મા કહીએ....
(૫) એને ઇષ્ટદેવ કહીએ....

સમયસાર સહુ-ભૂપ.... લ્યો ! ('સમયસાર') શબ્દ છેલ્લો આવ્યો. 'नमः समयसाराय'.... આવ્યું'તુંને ? 'नमः'.... (નો અર્થ) તો 'નમું'.... (શબ્દ)માં આવી ગયો (અને) 'समयसाराय'.... (માટે 'સમયસાર' શબ્દ) આવ્યો હવે.

नमः समयसाराय स्वानुभूत्या चकासते ।
चित्स्वभावाय भावाय सर्वभावान्तरच्छिदे ।।१।।

(કળશનું) બધું (કથન) એમાં (–પદમાં) સંકેલી લીધું છે....

સહુ–ભૂપ.... એ સમયસાર ત્રણ લોકનો રાજા છે. જાણનાર તરીકે પરમાત્મા, મહાભૂપ—મોટા રાજા. ભગવાન આત્મા પૂર્ણ પરમાત્મદશા પ્રગટ કરે શુદ્ધ ચેતનની આનંદમય દશા.... બસ, એ સર્વ ભૂપ.... મોટો રાજા.... એ રાજાનો રાજા.... મહારાજા એ આત્મા ! બાકી બધા ભિખારા ને રાંકા. કહો, સમજાણું કાંઈ ?

લ્યો ! એક શ્લોકનો અર્થ થયો, એક કળશનો. એ દેવની વ્યાખ્યા છે.... દેવને વંદન કર્યું. 'દેવ-શાસ્ત્ર-ગુરુ તીન' (—એમ) આવે છેને ભક્તિમાં (–પૂજામાં) ? 'દેવ–શાસ્ત્ર–ગુરુ તીન.' આ દેવને વંદન કર્યું.

હવે શાસ્ત્રને વંદન કરે છે. (બીજા શ્લોકમાં) સરસ્વતીને નમસ્કાર કરે છે.... સરસ્વતી કોણ છે એને ઓળખાવશે....

अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः ।
अनेकान्तमयी मूर्तिर्नित्यमेव प्रकाशताम् ।।२।।

જેમાં અનંત.... અનેક અંત (ધર્મ) છે એવું જે જ્ઞાન.... એ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનમાં અનંત સ્વભાવ (–ધર્મ) છે, (માટે) એ સરસ્વતી છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્માનું જ્ઞાન.... સર્વજ્ઞ જ્ઞાન અથવા શ્રુતજ્ઞાન છે તેમાં અનંત ધર્મ છે, કારણ કે એ જ્ઞાન અનંત (ધર્મ)ને જાણે છે, (તેથી) એવા અનંત સ્વભાવ (–ધર્મ) છે એ જ્ઞાનમાં. એક કેવળજ્ઞાનની પર્યાય અને એક શ્રુતજ્ઞાનની પર્યાય (—કે જે) જ્ઞાન છે એમાં અનંત ધર્મ છે. (તે જ્ઞાન) અનંત (ધર્મ)ને જાણે (છે, માટે) એવા અનંત ધર્મ એક (જ્ઞાન)પર્યાયમાં છે. સમજાણું કાંઈ ?

તથા વચન.... કહેનારી વાણી. બે (–જ્ઞાન અને વચન વચ્ચે) નિમિત્ત-નૈમિત્તિક (સંબંધ) છે. વાણી વ્યવહાર તરીકે સરસ્વતી છે, (જ્યારે) કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન નિશ્ચય તરીકે સરસ્વતી છે. વાણી (તત્ત્વને) બતાવે છે એટલે

નિમિત્ત (–વ્યવહાર) કીધી (અને) આ જ્ઞાન જાણે છે એટલે વાસ્તવિક સ્થિતિએ (નિશ્ચય) કીધું. કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન એ સરસ્વતી છે, કેમ કે એ (જ્ઞાન) અનંત ધર્મવાળું છે ને એ અનંત ધર્મવાળા તત્ત્વને દેખે છે.

'તેમય મૂર્તિ'.... એટલે સ્વરૂપ.... (જ્ઞાન ને વચનમય મૂર્તિ) સદાય પ્રકાશરૂપ હો.... અહો ! કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન અને વીતરાગની વાણી સદાય પ્રકાશરૂપ હો....—એમ કહે છે.

(૧) કેવળજ્ઞાન એ સાધ્ય,
(૨) શ્રુતજ્ઞાન સાધક અને
(૩) વાણી બતાવનાર (–નિમિત્ત)

—એ ત્રણેય જયવંત વર્તો.... જગતની અંદર ત્રણેય રહો—એમ કહે છે. સમજાણું કાંઈ ?

જુઓ ! આ 'સરસ્વતી' એટલે આત્મજ્ઞાન ને વાણી. વીતરાગની દિવ્યધ્વનિ—એ પણ એક સરસ્વતી છે. વીતરાગ વાણી—કે જે વસ્તુને બતાવનારી છે અને જાણનારું કેવળજ્ઞાન છે—એ પણ એક સરસ્વતી છે. ('સરસ્વતી') = 'સરસ્'+'વતી' = આનંદના રસવાળી. 'સરસ્વતી' = સરસ્+વતી છેને ?.... સ + રસ્.... સરસ્વતી. સમજાણું કાંઈ ? 'સરસ્વતી' છેને શબ્દ ? જુઓને ! રસવાળી.

(૧) ભગવાન આત્માનું (કેવળ)જ્ઞાન સ+રસવાળું.... આનંદના રસવાળું (છે) એ સરસ્વતી છે.... સમજાણું કાંઈ ? અને
(૨) આત્માની શ્રુતજ્ઞાનની પર્યાય—કે જે આત્માને સાધે છે ને આત્માને જાણે છે એ પણ સ+રસ.... આનંદવાળી (સરસ્વતી) છે અને
(૩) વીતરાગની વાણી પણ સરસ્વતી છે.

વચનામૃત વીતરાગનાં, પરમ શાંત રસમૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.

(શ્રીમદ્ રાજચંદ્ર, ૧૭મા વર્ષ પહેલાં, દોહરા)

આવી વાત છે. લોકો બહારના ભભકા ને વાણીમાં એવા મૂંઝાઈ ગયા છે (કે) માણસને (ત્યાં) આહાહા ! (થઈ જાય છે). અરે ! વસ્તુ આવી છે ભાઈ ! સમજાણું કાંઈ ? બહુ ગંભીર ચીજ.... દૈવી ચીજ. (પણ) અનાદિનો અભ્યાસ નહિ ને વાસ્તવિક તત્ત્વના ખ્યાલ વિના એને (–લોકોને) અનેક પ્રકારના બીજા કહેનારાઓ મળે ભભકાદાર, (એટલે તેની વાત એવી) લાગે કે આહાહા ! આવી ઝીણી વાત ! (એ વાત) બહુ સારી લાગે.... ઝીણી (લાગે).

(કોઈ પોતાની મતિકલ્પનાથી કહે છે તે સંબંધી :) 'કોઈ-કાંઈ સિદ્ધાંત, કોઈ સત્, કંઈ તત્ત્વ (તારામાં છે) ખરું કાંઈ ? અને તારા પહેલાં કોઈ થઈ ગયા છે ઇષ્ટદેવ ?.... પરમાત્મા કોઈ છે કે નહીં ? અને એનું કહેલું તત્ત્વ ને એની કહેલી વાણી (આદિ) કંઈ છે કે નહીં ? કે તું જ પાક્યો પહેલો ?'

ધીરુભાઈ ! તમારા ઘરમાંથીય આપી છેને મદદ.... પુષ્ટિ. હવે અહીં કોઈક કહે છે કે બોટાદમાં લાવવાના (–તેને બોલાવવાના) છે. જગતને ભ્રમણા પણ.... પરમેશ્વર, સર્વજ્ઞ, વીતરાગસ્વરૂપ એવો આત્મા છે. (જે) એવા પ્રગટ થયેલા આત્મા છે એણે (–પરમાત્માએ) શું કહ્યું છે તે વાતની અસ્તિ વિના કોઈ દિવસ કોઈની વાત સાચી હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ?

કહે છે કે જેમાં અનંત (ધર્મ) છે એવું જે જ્ઞાન.... જ્ઞાન....

(૧) એ જ્ઞાનની પર્યાયમાં અનંત (ધર્મ)ને જાણવાનો સ્વભાવ છે (માટે જ્ઞાનમાં પણ અનંત ધર્મ છે)—એમ કહે છે અને
(૨) વચન પણ અનંત ધર્મને બતાવનાર (છે) માટે વચનમાં પણ અનંત ધર્મ છે—એમ કહે છે.

સદાય પ્રકાશરૂપ હો.... અહો ! શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન (અર્થાત્) સાધકપણું ને સિદ્ધપણું.... સાધ્યપણું.... ધ્યેયપણું જગતમાં સદાય રહો.

(૧) જગતમાં સાધક પણ સદાય છે અને
(૨) સિદ્ધ નામ સાધ્ય પણ સદાય છે અને
(૩) વાણીના કહેનારા પણ (તથા) વાણી પણ સદાય છે.

સમજાણું કાંઈ ? ત્રિકાળ દિવ્યધ્વનિ દાતાર અને દિવ્યધ્વનિ જગતમાં ત્રિકાળ.... સદાય વર્ત્યા કરે છે.

કેવી છે તે મૂર્તિ ?.... (કેવું છે એનું) સ્વરૂપ ?.... (અહીં) જ્ઞાન અને વાણી—એમ (બન્ને લેવા). એ જ્ઞાન અને વાણીનું કેવું છે સ્વરૂપ ?.... જ્ઞાન—કેવળજ્ઞાન, શ્રુતજ્ઞાન અને વાણી છે એનું કેવું સ્વરૂપ છે ?

જે અનંત ધર્મવાળો છે અને જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન.... એ આત્માની વ્યાખ્યા કરે છે (કે) આત્મા કેવો છે ? સમજાણું કાંઈ ? **'प्रत्यक्'**.... એટલે (ભિન્ન), પર.... પરથી ભિન્ન અનંત ધર્મોવાળો છે આત્મા.

આ આત્મા અનંત સ્વભાવવાળો છે.... અનંત શક્તિ છે.... જ્ઞાન, દર્શન આદિ અનંત ગુણો છે એનામાં. એવો આ જે ભગવાન આત્મા.... જે પરદ્રવ્યોથી ને પરદ્રવ્યના ગુણપર્યાયોથી ભિન્ન છે.... કર્મ, શરીર, વાણીથી ભગવાન (આત્મા) ભિન્ન છે અને પરદ્રવ્યના ગુણ-અવસ્થાથી પણ ભિન્ન છે.

શું કીધું ? સમજાણું ?

ભગવાન આત્મા.... સચ્ચિદાનંદ પ્રભુ આ આત્મા છે એ પરદ્રવ્યના ગુણો ને પર્યાયો અને દ્રવ્યો—ત્રણેથી ભિન્ન છે. શરીર, કર્મ.... કર્મ (એ પુદ્‌ગલ) દ્રવ્ય, એના ગુણ ને એની પર્યાય છે એનાથી (આત્મા) ભિન્ન છે.... શરીરના રજકણોના દ્રવ્ય, ગુણ ને પર્યાયથી (આત્મા) ભિન્ન છે.... જગતમાં બીજા આત્માઓ છે એના દ્રવ્ય, ગુણ ને પર્યાયથી પણ (આત્મા) ભિન્ન છે. સમજાણું કાંઈ ?

પરદ્રવ્યોથી.... ભગવાન આત્મા.... પરદ્રવ્યોની અસ્તિ સિદ્ધ કરી (કે) 'છે' પરદ્રવ્ય, (જગતમાં) એકલો આત્મા છે—એમ નહીં. અનંત પરવસ્તુ છે, (પણ) એનાથી આ ભગવાન આત્મા તદ્દન જુદો છે અને પરદ્રવ્યોની શક્તિઓ અને તેની અવસ્થાઓ છે એનાથી પણ આ આત્મા જુદો.... તદ્દન જુદો છે.

તથા પરદ્રવ્યના નિમિત્તથી થતા પોતાના વિકારોથી.... કર્મના નિમિત્તથી થતા પોતાના વિકાર છે એનાથી કથંચિત્ ભિન્ન છે. સમજાય છે ? (વિકાર) પર્યાયમાં છે, (પણ) દ્રવ્યથી ખરેખર ભિન્ન છે માટે કથંચિત્ ભિન્ન છે, સર્વથા

ભિન્ન નથી. પર્યાયમાં છે, દ્રવ્યથી ભિન્ન છે. એવો 'એકાકાર'.... ભગવાન આત્મા.... દેખો !

(૧) દ્રવ્ય—અનંત ગુણનો પિંડ પોતે,
(૨) ગુણ—અનંત ગુણ (તથા)
(૩) પર્યાયમાં (અસ્તિત્ત્વ આદિ ગુણોની) નિર્મળતા અને કંઈક (ગુણોની) મલિનતા....

—એવી અવસ્થાવાળું એ તત્ત્વ છે. એવા આત્માના તત્ત્વને.... લ્યો ! એવા આત્માના તત્ત્વને.... કેવળજ્ઞાન જાણે છે, શ્રુતજ્ઞાન જાણે છે (અને) વાણી એને બતાવે છે. સમજાણું કાંઈ ?

'પરદ્રવ્યના નિમિત્તથી' હોં.... પાછું, જો 'નિમિત્તથી' (એવો શબ્દ) આવે તો....

(અજ્ઞાની) વાંધા ઉઠાવે (છે કે 'જુઓ !) 'નિમિત્તથી' (કહ્યું છેને ?')

(સમાધાન :) પણ 'નિમિત્તથી'.... એટલે કે અહીં (ઉપાદાને કાર્ય) કર્યું ત્યારે 'નિમિત્તથી થયું'—એમ કહેવાય છે. વાંધા....

'પરદ્રવ્યના નિમિત્તથી'.... એટલે કે કર્મના નિમિત્તથી થતા પોતાના વિકારો....—એ પુણ્ય-પાપની દશા જીવની અવસ્થામાં થાય છે. એ જીવની અવસ્થા, સ્વરૂપ તરીકે (–ત્રિકાળી સ્વરૂપની અપેક્ષાએ) ભિન્ન છે, (પણ) પર્યાય તરીકે અંદર અભિન્ન છે (અર્થાત્) એનામાં (–આત્માની પોતાની પર્યાયમાં) થાય છે. સમજાણું કાંઈ ?

એવા આત્માના તત્ત્વને, અર્થાત્ અસાધારણ—સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ.... દેખો ! 'અસાધારણ'....

'સજાતીય'.... એટલે પોતાની જાતના (અન્ય) આત્માઓ છે એનાથી આ (આત્મા) જુદો છે. (અન્ય) અનંત આત્માઓ છે.... સિદ્ધો, નિગોદના જીવ એકેન્દ્રિય, આદિ એ સજાતના જીવો છે (અને) એનાથી આ (આત્મા) જુદો છે.

'વિજાતીય'.... પરમાણુ, ધર્માસ્તિકાય, (આદિ દ્રવ્ય) છે એ આત્માની જાતથી વિજાત છે (અને) એનાથી (આત્મા) જુદો છે.

આહાહા ! ભગવાન આત્મા.... સચ્ચિદાનંદ આત્મા પ્રભુ છે એ (અન્ય) સજાતીય અનંત આત્માથી જુદો છે. (જગતમાં) એક (જ) આત્મા (છે—એમ) નહીં, સજાતીય અનંત આત્માઓ છે—એમ કહે છે. આહાહા ! (જીવો) નિગોદના પણ છે, સિદ્ધના પણ છે. સજાતીય અનંત આત્માઓ છે. સમજાણું કાંઈ ? એનાથી પણ ભગવાન આત્મા તદ્દન ભિન્ન વસ્તુ અંદર છે.

અને (સજાતીય) દ્રવ્યોથી વિલક્ષણ.... ભાષા જોઈ ?

(પ્રશ્ન :) અરે ! એ (અન્ય) અનંત આત્માઓ છે એના લક્ષણથી પણ (આ આત્મા) વિલક્ષણ ? (આપે આ) શું કીધું ? બીજા અનંત આત્મા છે એના લક્ષણથી પણ આનું (–આ આત્માનું લક્ષણ) વિલક્ષણ ?

(સમાધાન :) (અહીં) કહે છે, હા. એનું (–બીજા આત્માનું) લક્ષણ ત્યાં (–તેનામાં) છે ને આનું (–આ આત્માનું) લક્ષણ આહીં (–પોતાનામાં) છે. (તેથી) એના (–અન્ય આત્માના) લક્ષણથી (આ આત્મા) વિલક્ષણ છે.

શું કીધું સમજાણું કાંઈ ? શું કીધું ?

શ્રોતા : વિલક્ષણ છે, જુદું છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : (સર્વ આત્માઓનું જ્ઞાન) ભિન્ન છે, પણ વિલક્ષણ કેમ કીધું ? (કેમ કે) એ (બીજા આત્મામાં) જ્ઞાન છે એવું જ્ઞાન (તો) આહીં (પોતાનામાં પણ ) છે ?

શ્રોતા : ના, સાહેબ ! એ.... જુદું, આ જ્ઞાન જુદું.

પૂજ્ય ગુરુદેવશ્રી : (જ્ઞાન) જુદું ભલે હો, પણ જાત.... (જ્ઞાન) લક્ષણ તો બેના (–બન્નેના) એક છે કે નહીં ? જ્ઞાન લક્ષણે લક્ષિત થાય છે બેય જણા (–સ્વ-પર આત્મા).

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : 'દ્રવ્યોથી વિલક્ષણ'.... એટલે કે એના (–અન્યના જ્ઞાન) લક્ષણે એ (–અન્ય આત્મા) લક્ષિત થાય (અને) આ (આત્માના જ્ઞાન) લક્ષણે આ (આત્મા) લક્ષિત થાય. એટલે એનાથી (–અન્ય આત્માથી) તો આ (આત્મા પોતે) વિલક્ષણ છે. કહો, સમજાણું કાંઈ ?

શ્રોતા : ....એવો ભાવ આવે તો .... રાજી થઈ જાય.
પૂજ્ય ગુરુદેવશ્રી : એમ હોય કંઈ, નામ કોઈ દિ' ભૂલાય છે 'ભીખાભાઈ' ?

શ્રોતા : ભૂલાતું નથી પણ.... એકાકાર થઈ જવાય છે.
પૂજ્ય ગુરુદેવશ્રી : એમ.... થઈ જવાય છે.

'આત્માના તત્ત્વને'.... એટલે કે સ્વરૂપને.... એટલે કે અસાધારણ સ્વરૂપને—એમ (કહેવું છે). સમજાય છે ? (આત્માનું) એવું અસાધારણ સ્વરૂપ છે કે 'સજાતીય'.... નામ (અન્ય) અનંત આત્માઓ (છે) એનાથી (તે) વિલક્ષણ છે (અને) 'વિજાતીય'.... પરમાણુઓ (આદિ)થી પણ ભગવાન આત્મા ભિન્ન છે.

એવું જે નિજસ્વરૂપ.... એ (–પહેલાં) તો ભિન્નની (–કોનાથી ભિન્ન છે તેની) વ્યાખ્યા કરી, પણ (અસ્તિથી સ્વરૂપ) છે કેવું પાછું ? (—એ કહે છે). 'નિજસ્વરૂપ'.... ભગવાન આત્મા સચ્ચિદાનંદ.... શાશ્વત જ્ઞાનાનંદ મૂર્તિ છે તે 'નિજસ્વરૂપ' છે. એ (નિજસ્વરૂપ), પરદ્રવ્ય.... (સજાતીય પર) આત્માથી ભિન્ન છે અને (વિજાતીય) પર પરમાણુઓ, શરીર, વાણી, કર્મ આદિ જડદ્રવ્યોથી પણ ભિન્ન છે. એવા સ્વરૂપને કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન દેખે છે.... આવા આત્માને દેખે છે. છેને ?

'નિજસ્વરૂપને, તે મૂર્તિ'.... એટલે કે (૧) કેવળજ્ઞાન, (૨) શ્રુતજ્ઞાન ને (૩) વાણી તે મૂર્તિ અવલોકન કરે છે....

(૧) કેવળજ્ઞાન પણ આવા આત્માને જાણે છે,
(૨) શ્રુતજ્ઞાન પણ આવા આત્માને જાણે છે ને
(૩) વાણી (પણ) આવા આત્માને કહે છે.

સમજાણું કાંઈ ?

શ્રોતા : ........ જાણે ખરા એના........
પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ ?.... કીધુંને ? પોતાનું. પોતાના આવા તત્ત્વને જ્ઞાન જાણે—એમ અહીં અત્યારે (વિશેષ) છે વાત. અહીંયા (કહેવું છે કે) શ્રુતજ્ઞાન છે એ, પોતાનું જે તત્ત્વ આત્મા—કે જે (અન્ય) સજાતીય આત્માઓથી ભિન્ન (તેમ જ) વિજાતીય પરમાણુ (આદિ)થી ભિન્ન એવું આત્માનું તત્ત્વ છે એને

શ્રુતજ્ઞાન જાણે—એમ કહે છે. સમજાણું કાંઈ ? માટે તે જ્ઞાનને 'સરસ્વતી' કહેવામાં આવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો હવે સોળમી વાર ચાલે છે. (શાસ્ત્ર) છે કે નહીં સૌના હાથમાં ? આ સોળમી વાર તો સભામાં ચાલે છે. પંદર વાર તો પૂરું થઈ ગયું. સમજાણું ?

શ્રોતા : બધી વખતે કંઈ નવો નવો ભાવ નીકળતો હોયને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો નીકળતો હોય. કોણે ના પાડી ? પણ ચાલે છે સોળમી વાર—એમ કીધું છે. (ભાવ એવો ને એવો હોય)—એમ ક્યાં કીધું છે ?

આત્માનું તત્ત્વ.... ભગવાન આત્માનું તત્ત્વ.... 'નિજસ્વરૂપને'.... એમ કહ્યુંને અહીંયા જુઓને ? 'આત્માના તત્ત્વને' એટલે 'નિજસ્વરૂપને'—એમ લેવું. ત્યાં (ઉપરની લીટીમાં) છેને ? ('આત્માના તત્ત્વને'—એ શબ્દોને) એની (–'નિજસ્વરૂપ' શબ્દની) સાથે સંબંધ છે. 'આત્માના તત્ત્વને' એટલે કે 'નિજસ્વરૂપને'—એમ (કહ્યું છે). પછી તો ('અસાધારણ—સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ'—એમ કહીને) એનો (–નિજસ્વરૂપનો) વિસ્તાર કર્યો થોડો.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ તો એનો વિસ્તાર કર્યો, પણ 'આત્માના તત્ત્વને'.... એટલે કે નિજસ્વરૂપને....—એમ (અર્થ છે). (આત્માના તત્ત્વને) એટલે કે અસાધારણ—સજાતીય વિજાતીય દ્રવ્યોથી વિલક્ષણ.... એવા અસાધારણ નિજસ્વરૂપને તે કેવળજ્ઞાન ને શ્રુતજ્ઞાન અવલોકન કરે છે.... આહાહા ! ભાવશ્રુતજ્ઞાનની પર્યાય પણ.... અવસ્થા પણ અનંતા ધર્મવાળો આત્મા અને કથંચિત્ વિકાર અંશ છે એને બરાબર જાણે છે—એમ કહે છે. જુઓને ! ઓહોહો ! સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાન છે એ તો પૂર્ણ જાણે છે બધાનું સ્વરૂપ. સમજાય છે ? તેરમા ગુણસ્થાનમાં પણ કથંચિત્ વિકાર અંશે છે. કેવળજ્ઞાની એને (–વિકારને) જાણે ને એને (–સ્વરૂપને પણ) જાણે છે. બસ, જાણે છે. સમજાણું કાંઈ ? (તેમને) જોગનું કંપન છેને ? કર્તા-કર્મ આદિ જરી ઉદયભાવે પરિણમ્યા છે જરી. (તો) એ (વિકાર) પણ 'છે' એમ જાણે છે (અને) આ (નિજસ્વરૂપ) પણ 'છે'—એમ બધું જાણે છે કેવળજ્ઞાન.

શ્રુતજ્ઞાનની પર્યાય, દ્રવ્ય-ગુણ શુદ્ધ છે ને પર્યાય (થોડી) શુદ્ધ છે (તેમ જ) થોડી અશુદ્ધ છે પોતાને કારણે—એમ પર્યાયદ્રષ્ટિએ (-પર્યાય અપેક્ષાએ જાણે છે). દ્રવ્યદ્રષ્ટિએ (વિકાર) ભિન્ન છે (અને) પર્યાયદ્રષ્ટિએ અભિન્ન છે.... એનામાં છે.—એમ શ્રુતજ્ઞાનની પર્યાય (પણ) પોતાના આત્માને આવા દ્રવ્ય, ગુણ અને આવી પર્યાયવાળો જાણે છે. કહો, સમજાણું આમાં ?

ભાવાર્થ :—અહીં સરસ્વતીની મૂર્તિને.... 'મૂર્તિ'.... એટલે સ્વરૂપ. 'આશીર્વચન'.... આશીર્વાદ કહે છેને ? આશીર્વાદ. આશીર્વાદ કહો કે આશીર્વચન કહો (—એક જ છે). આશીર્વાદ આપ્યો. 'વાદ' એટલે વચન. 'આશીર્વચન'.... એટલે આશીર્વાદ. આશીર્વાદરૂપ નમસ્કાર કર્યો છે.... સમજાણું કાંઈ ? સરસ્વતીના સ્વરૂપને આશીર્વાદરૂપ નમસ્કાર કર્યો છે.

લૌકિકમાં જે સરસ્વતીની મૂર્તિ પ્રસિદ્ધ છે તે યથાર્થ નથી.... મોર ઉપર સરસ્વતી બેસાડે છે એ ક્યાં વસ્તુ (-ખરેખર) છે ? વસ્તુ તો, ભગવાન આત્મા અનંત જ્ઞાનનો ધણી છે એની જે જ્ઞાનપર્યાય પૂર્ણ છે તે સરસ્વતી છે અને ભાવશ્રુતજ્ઞાન છે તે સરસ્વતી છે.—એ સરસ્વતી છે. સમજાણું કાંઈ ?

કોઈ (અન્ય) 'સરસ્વતી દેવી' છે ને એ આત્માને જણાવે છે—એમ છે નહીં. સમજાણું ? એ (અજ્ઞાની) 'સરસ્વતી દેવી' એને કહે છેને (—કે જેને) મોરનું વાહન છે. મોર છે (તે) સર્પ આખાને ગળી જાય. સરસ્વતીનું વાહન મોર છે. મોર આખા (સર્પ)ને ગળે એમ સમ્યગ્જ્ઞાન રાગ-દ્વેષના ઝેરને નાશ કરી દે છે.—એ ભાવશ્રુતજ્ઞાન સરસ્વતી છે. સમજાણું કાંઈ ? એ (નિજસ્વરૂપનું) અવલોકન કરે છે એટલે કે દેખે છે.

....તે યથાર્થ નથી તેથી અહીં તેનું યથાર્થ વર્ણન કર્યું છે. જે સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સાચી મૂર્તિ છે.... જે આત્માના અનંત ધર્મને.... અનંત ગુણોને, પર્યાયોને અને કથંચિત્ વિકાર (આદિ) છે એને જાણે તે જ્ઞાનને વાસ્તવિક સરસ્વતીની મૂર્તિ (અર્થાત્) સરસ્વતીનું સ્વરૂપ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

સમ્યગ્જ્ઞાન છે તે જ સરસ્વતીની સાચી મૂર્તિ છે. તેમાં પણ સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે.... સંપૂર્ણ (જ્ઞાન).... કેવળજ્ઞાન.... એક સમયમાં કેવળ જ્ઞાન....

એકલું જ્ઞાન. અપૂર્ણ (જ્ઞાન) હોય એ એકલું જ્ઞાન ન હોય, (પણ) આ (કેવળજ્ઞાન) તો એકલું જ્ઞાન.... એકલી જ્ઞાનપર્યાય પૂર્ણ.... કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.... જેમાં સર્વ.... ત્રણ કાળ, ત્રણ લોક કેવળજ્ઞાની પરમાત્માને પ્રત્યક્ષ ભાસે છે. માટે તે કેવળજ્ઞાન જ સાચી સરસ્વતી છે. સમજાણું કાંઈ ?

તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે.... અહો ! સર્વજ્ઞ દશા.... આત્માની કેવળજ્ઞાન દશા તે અનંત ધર્મો સહિત.... આત્માના અનંત ગુણો અને ધર્મ છે.... 'घर्मण:' શબ્દ પડ્યો છે, એમાંથી પછી (ગુણ ને સાપેક્ષ ધર્મો એવા) બે ભેદ કરશે.

અનંત ધર્મો સહિત.... આત્મામાં એક જ ધર્મ છે—એમ નહીં. 'ધર્મ' એટલે ધારેલી (–ધારણ કરેલી) શક્તિઓ, (પર્યાયો), યોગ્યતાઓ. આત્મામાં જ્ઞાન-દર્શન આદિ ગુણરૂપી ધર્મ, (પર્યાયરૂપી ધર્મો) અને નિત્ય-અનિત્ય આદિ અપેક્ષિત ધર્મો (છે). એવા અનંત ધર્મોને ધારનારો ભગવાન આત્મા એકરૂપ આત્મા છે. સમજાણું કાંઈ ?

એવા અનંત ધર્મો સહિત.... આત્માના સ્વરૂપને પ્રત્યક્ષ દેખે છે કેવળજ્ઞાની પરમાત્મા. આહાહા ! વાંધા આના (–કેવળજ્ઞાનીની શ્રદ્ધાના) હતા મોટા પહેલાં (સંવત ૧૯૭૨માં)**[1].

(૧) ત્યાં (પહેલા શ્લોકમાં) પણ 'सर्वभावान्तरच्छिदे'.... (કહીને <u>'સર્વજ્ઞ'</u>) લીધા હતા,

(૨) પહેલી ગાથામાં પણ ('સિદ્ધ' કહીને) <u>'સર્વજ્ઞ'</u> (લેશે અને)

(૩) આમાંય (–બીજા શ્લોકમાં) 'अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती'.... (કહીને) <u>'સર્વજ્ઞ'</u> લીધા છે.

જુઓ ! ગાથા (અને શ્લોક) દીઠ 'સર્વજ્ઞ'ને સિદ્ધ કરીને પ્રસિદ્ધ કરે છે.

એ (કેવળજ્ઞાન) અનંત તત્ત્વને (–ધર્મને) પ્રકાશે છે તેથી તે સરસ્વતીની મૂર્તિ છે.... કેવળજ્ઞાન.... એક સમયનું (પૂર્ણ) જ્ઞાન, આત્માના પૂર્ણ તત્ત્વને

---

**1 વિક્રમ સંવત ૧૯૭૨માં બોટાદની પાસેના 'સરવા' ગામે રાત્રિના ગુરુભાઈ મૂળચંદજી સાથે 'કેવળીએ જોયું એવું થશે' એ વિષય ઉપર ચર્ચા થયેલી.

પ્રકાશે છે તેથી તેને (સરસ્વતીની મૂર્તિ કહે છે). દેખો ! એમાં (–આત્માના જ્ઞાનમાં) લોકાલોક (જાણવામાં) આવી ગયા ભેગા.... એની વાત એમ છે.

(કેવળજ્ઞાન) આત્માના પૂર્ણ તત્ત્વને પ્રકાશે છે.... તેના દ્રવ્યને, ગુણને ને પર્યાયને (પ્રકાશે) છે એ પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક (જાણવામાં) આવી જાય છે. એટલે કે આત્માને આ કેવળજ્ઞાન પ્રકાશે છે.... આત્માને પ્રકાશે (છે) એમાં એ બધું (–લોકાલોક જાણવામાં) આવી ગયું. લ્યો !

તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે.... એ પોતાની કેવળજ્ઞાન પર્યાય—કે જે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે છે (તે) કેવળજ્ઞાન, તેને (–પોતાને) પણ જાણે છે.... (કેવળ)જ્ઞાન, જ્ઞાનને જાણે છે. (કેવળ)જ્ઞાન દ્રવ્યને જાણે, ગુણને જાણે, પોતાની પર્યાયને (–પોતાને પણ) જાણે. સમજાણું કાંઈ ? તેથી તેને સરસ્વતીની મૂર્તિ.... કહેવાય છે લ્યો !

હવે તેને (–કેવળજ્ઞાનને) અનુસારે (થતાં) શ્રુતજ્ઞાનને પણ.... ભાવશ્રુતજ્ઞાન થાય તેને પણ સરસ્વતીની મૂર્તિ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૪
## શ્લોક - ૨
## સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૪, મંગળવાર, તા. ૧૦-૯-'૬૮

સંપૂર્ણ જ્ઞાન તો કેવળજ્ઞાન છે કે જેમાં સર્વ પદાર્થો પ્રત્યક્ષ ભાસે છે.... છે ? પહેલી લીટી, ચોથું પાનું. આ આત્મા જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ શુદ્ધ પૂર્ણ છે. એને અને બધા પદાર્થોને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે તેથી કેવળજ્ઞાન જ સાચી સરસ્વતીની મૂર્તિ છે.

પહેલાં દેવની વ્યાખ્યા કરી ગયા '**नमः समयसाराय**'માં, આ જ્ઞાનની વ્યાખ્યા છે. કેવળજ્ઞાન આત્માની શક્તિમાં પડ્યું છે. વસ્તુની અંદરમાં.... આત્મામાં કેવળજ્ઞાન શક્તિરૂપે છે. એ પ્રગટ થતાં કેવળજ્ઞાન, સ્વના તત્ત્વને અને પરના બધા તત્ત્વોને એક સમયમાં પ્રત્યક્ષ દેખે (-જાણે) છે. એવો, એક સમયના કેવળજ્ઞાનના (જાણવાના) સ્વભાવનો સામર્થ્ય ભાવ છે. સમજાણું કાંઈ ?

એ કેવળજ્ઞાન કોઈને કરતું નથી, પણ કેવળજ્ઞાન સ્વ ને પર પૂરું છે એને જાણે છે. આત્મા અખંડ પૂર્ણ અનંત ગુણનો પિંડ છે તેને કેવળજ્ઞાન જાણે, પોતે (-કેવળજ્ઞાન) પોતાની પર્યાયને (-પોતાને) જાણે અને ત્રણ કાળ, ત્રણ લોકના બીજા દ્રવ્ય, ગુણ, પર્યાય છે તે બધાને જાણે.—એવી આત્માની પૂર્ણ જ્ઞાનપર્યાય બધાને પ્રત્યક્ષ કરે (-જાણે છે) માટે સરસ્વતી છે. સમજાણું કાંઈ ?

જયવંત રહો કેવળજ્ઞાન !—એમ કહે છે. આહાહા ! જે જ્ઞાનની પર્યાય ત્રણ કાળ, ત્રણ લોકને જાણે—એવો સ્વભાવમય જ્ઞાનપર્યાય છે તે સરસ્વતી છે. જયવંત રહો !.... એ ભાવ પ્રગટરૂપે એમ (ને એમ) રહો !—એમ આશીર્વચન કરીને મંગલિક કર્યું છે. સમજાણું કાંઈ ?

તે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને પ્રત્યક્ષ દેખે છે.... લ્યો ! તે કેવળજ્ઞાન અનંત ધર્મો સહિત.... આત્મામાં અનંત શક્તિ-ગુણો, પર્યાયો (અને સાપેક્ષ) ધર્મો છે. એવા આત્મતત્ત્વને (કેવળજ્ઞાન પ્રત્યક્ષ) દેખે છે. એ આત્મતત્ત્વને દેખતાં લોકાલોક એમાં (જાણવામાં) આવી જાય છે. અહીં તો આત્મતત્ત્વને જ (દેખવાનું) કહ્યું છે, પણ એ આત્મતત્ત્વ છે એને દેખતાં લોકાલોક એમાં જણાઈ જાય છે.—એવું જ એ આત્મતત્ત્વ છે. સમજાય છે કાંઈ ?

એને ભરોસો નથી આવતો (કે) હું એક મહાન ચૈતન્ય પદાર્થ છું.... મહા માણેક ચૈતન્યરત્ન છું અને એમાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની શક્તિ તો જ્ઞાનની એક સમયની અવસ્થામાં છે. સમજાણું કાંઈ ? એવો જે જ્ઞાનનો પર્યાય છે એ આખા અખંડ પૂર્ણ (દ્રવ્ય)ને દેખે છે.... ગુણને, પર્યાયને—બધાને (દેખે છે). અને પોતાની પર્યાયમાં એ બધું (જ્ઞાન) આવી ગયું તો, 'પર્યાયને દેખતાં એ આત્મતત્ત્વને દેખે છે'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? શું કીધું ?

અનંત ધર્મો સહિત.... બધા ધર્મોનું.... દ્રવ્ય, ગુણ, પર્યાયનું જ્ઞાન પોતામાં આવી ગયું એ એનો (-આત્માનો) પોતાનો (જાણવાનો) ધર્મ થયો. એવા અનંત ધર્મો સહિત આત્મતત્ત્વને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે.... સમજાણું કાંઈ ? આત્મામાં ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાનો જે સ્વભાવ.... ધર્મ છે એવા ધર્મ સહિત અનંતા ધર્મો આત્મામાં (છે). પણ એ તો જ્ઞાનની એક સમયની પર્યાયનો ધર્મ એટલો (-બધાને જાણવાનો) તો છે. સમજાય છે કાંઈ ?

એવા અનંતા પર્યાયનો પિંડ તો (એક) ગુણ છે. એવા અનંતા ગુણોનું રહસ્ય.... તત્ત્વ આખું ચૈતન્ય છે. તે મહા ચૈતન્ય હીરો છે. એવા ચૈતન્ય હીરાને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે (અને) એ આત્મતત્ત્વને દેખે એમાં બધું.... લોકાલોકનું (જ્ઞાન) પણ એ (આત્મ)તત્ત્વના (જ્ઞાનમાં) આવી જાય છે. સમજાણું કાંઈ ?

તેથી તે સરસ્વતીની મૂર્તિ છે.... તેથી તે જ્ઞાનની મૂર્તિને અહીંયા સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. ઓહોહો ! વિશ્વાસ ક્યાં છે એને વિશ્વાસ ! કે હું એક....

(૧) અનંત.. અનંત.. અનંત.. ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવી એક સમયની પર્યાય અને

(૨) એવી અનંતી પર્યાયનો પિંડ એક (જ્ઞાન) ગુણ (અને)

(૩) એવા અનંતા.. અનંતા ગુણોનો પિંડ એક દ્રવ્ય છું.

આહાહા ! એવા આત્મતત્ત્વને કેવળજ્ઞાન દેખે છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? એથી એ સરસ્વતી જયવંત રહો, એવો પર્યાય.... સાધ્ય જે છે પ્રગટેલો તે સદાય રહો. તે મંગલિક કર્યું.... મંગલિક !

તદનુસાર.... હવે એ કેવળજ્ઞાનને અનુસારે જે શ્રુતજ્ઞાન છે.... દેખો ! તદનુસાર જે શ્રુતજ્ઞાન છે.... લ્યો ! (ખાનિયા) ચર્ચામાં આવે છેને ભાઈ ? (પ્રતિપક્ષ કહે છે) કે કેવળજ્ઞાન જુદું જાણે અને શ્રુતજ્ઞાનેય જુદું જાણે, તદનુસાર (-કેવળજ્ઞાન અનુસાર) નહીં. અરે ભગવાન ! શું કરે છે તું ભાઈ ! તે 'તદનુસાર'નો અર્થ (એ છે કે કેવળજ્ઞાન અનુસાર ભાવશ્રુતજ્ઞાન) પરોક્ષ (જાણે) છે. સર્વજ્ઞપદની પર્યાય પ્રત્યક્ષ દેખે છે, એ જ અનુસાર તેવું જ શ્રુતજ્ઞાન છે.

આત્મામાં ભાવશ્રુતજ્ઞાન છે. ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ ચૈતન્ય છે એનું જે જ્ઞાન.... ભાવશ્રુતજ્ઞાન છે એ પણ એક સરસ્વતીની મૂર્તિ છે. કેમ કે ભાવશ્રુતજ્ઞાન તે આત્મતત્ત્વને પરોક્ષ દેખે છે....—એટલો ફેર છે. સમજાણું કાંઈ ? આત્માની કેવળજ્ઞાનની એક પર્યાયમાં પ્રત્યક્ષ બધું..... જુઓ ! એકલું આત્મતત્ત્વ છે એના પ્રત્યક્ષ (જ્ઞાન)માં બધું (જ્ઞાન) આવી ગયું—સ્વ ને પર. અને એવું સ્વ-પરને (જાણનારું) આત્મતત્ત્વ છે એને શ્રુતજ્ઞાન પરોક્ષ રીતે દેખે છે. સમજાય છે કાંઈ ?

તદનુસાર જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને.... એટલે માથે (-ઉપર) કહ્યું હતુંને ? કે અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ.... છે એને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે. એવું જે આત્મતત્ત્વ.... જેમાં લોકાલોક, ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો જે પર્યાય છે (અને) એવા (પર્યાય) સહિતનું આખું આત્મતત્ત્વ છે એને શ્રુતજ્ઞાન પરોક્ષ દેખે છે.... સમજાય છે કાંઈ ?

શ્રોતા : પણ 'પરોક્ષ' એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'પરોક્ષ' નામ પ્રત્યક્ષ નહિ, એમ. 'પરોક્ષ' એટલે પ્રત્યક્ષ 'આ અસંખ્ય પ્રદેશ છે'—એમ અહીં (ભાવશ્રુતજ્ઞાની) પ્રત્યક્ષ દેખતાં નથી.

(દ્રષ્ટાંત :) જેમ આંધળો સાકર ખાય એ સાકરનો સ્વાદ પ્રત્યક્ષ છે, પણ સાકરનો (રંગ, આકાર) શું છે તે દેખતો નથી. પણ તેને ખ્યાલ બરાબર છે કે 'સાકર આ ને સ્વાદ આ'. સમજાણું કાંઈ ? 'આ સાકર જ છે (અને) તેનો જ આ સ્વાદ છે'—(એમ) સ્વાદ પ્રત્યક્ષ છે, (પણ) સાકર પ્રત્યક્ષ નથી. સમજાણું કાંઈ ?

(સિદ્ધાંત :) (એમ ભાવશ્રુતજ્ઞાનીને) પ્રત્યક્ષ સ્વાદ (આવે છે), પણ (પ્રદેશ આદિ પ્રત્યક્ષ) દેખતો નથી, (છતાં) પણ બરાબર જાણે છે કે 'આ સ્વાદ અને આ સ્વાદ આ આત્માનો'.—એમ (ભાવશ્રુતજ્ઞાનીને પ્રત્યક્ષ વેદન છે, પણ

પ્રત્યક્ષ જ્ઞાન નથી તેથી) તેને (-જ્ઞાનને) પરોક્ષ કહે છે. અને કેવળજ્ઞાની 'આ સ્વાદ અને આ આત્માનો સ્વાદ'—એમ પ્રત્યક્ષ દેખે છે (તેમ જ) અસંખ્ય પ્રદેશી, અનંત ધર્મોવાળું તત્ત્વ (છે એમ પણ આત્મતત્ત્વને પ્રત્યક્ષ જાણે છે).—એવો આત્માનો સ્વભાવ છે. ઓહોહો ! 'अनंतधर्मणस्तत्त्वं'.... સમજાણું કાંઈ ?

જે શ્રુતજ્ઞાન છે તે આત્મતત્ત્વને.... માથે (-ઉપર) કહ્યું હતું : 'અનંત ધર્મો સહિત આત્મતત્ત્વ'.... બીજી લીટીમાં. એ જ આત્મતત્ત્વ.... એટલું જ આત્મતત્ત્વ ને એ જ આત્મતત્ત્વ (અર્થાત્) અનંત ધર્મો સહિત જે આત્મતત્ત્વને કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે તે જ આત્મતત્ત્વ (અને) એવડું જ આત્મતત્ત્વ (શ્રુતજ્ઞાન પરોક્ષ દેખે છે). સમજાય છે કાંઈ ?

શ્રુતજ્ઞાન.... (એ) અંદરની જ્ઞાનની દશા છે. આવું જે આત્મતત્ત્વ છે.... જે અનંત ધર્મવાળું તત્ત્વ કેવળી પ્રત્યક્ષ દેખે છે (એટલે કે) 'આ પ્રદેશ છે, આ ગુણ છે, આ પર્યાય છે' (—એમ કેવળજ્ઞાન પ્રત્યક્ષ દેખે છે, પરંતુ) આ (શ્રુતજ્ઞાન) પરોક્ષ છે એટલે પ્રત્યક્ષ થતું નથી. પણ બરાબર 'આ જ્ઞાન, આ જ્ઞાનનો ધરનાર આત્મા, એમાં અનંતા ગુણો'(—એમ) બરાબર પ્રતીતમાં-જ્ઞાનમાં એને (-શ્રુતજ્ઞાનીને) આવી જાય છે. સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનીના.... કેવળજ્ઞાની જે આત્મતત્ત્વને દેખે છે, એ જ અનુસારે શ્રુતજ્ઞાની બરાબર એ જ આત્મતત્ત્વને (પરોક્ષ) દેખે છે. (કેવળજ્ઞાની દેખે છે) એ જ, એવડો જ (આત્મા) શ્રુતજ્ઞાની (પરોક્ષ દેખે છે). અર્થાત્ છ દ્રવ્ય, એના અનંતા ગુણો (અને) એની પર્યાય છે (તેને) એક સમયમાં જાણે એવી અનંત (કેવળજ્ઞાન) પર્યાયનો પિંડ તો એક જ્ઞાન(ગુણ) છે, એવા એવા અનંતા ધર્મોનો ધરનાર.... ગુણનો ધરનાર આત્મા છે.—એવું જે આત્મતત્ત્વ (છે) એને શ્રુતજ્ઞાન પરોક્ષ દેખે છે.... સમજાય છે કાંઈ ?

તેથી તે પણ સરસ્વતીની મૂર્તિ છે.... એ (શ્રુત)જ્ઞાનની દશા આખા આત્મતત્ત્વને, જેવું તત્ત્વ કેવળી દેખે છે એવડું અને એ જ, પરોક્ષ દેખે છે. ભેદ (-તફાવત) બીજો કાંઈ નથી. સમજાણું કાંઈ ? એટલો તો એક શ્રુતજ્ઞાનની પર્યાયનો ધર્મ.... સ્વભાવ છે.... એની પર્યાયની તાકાત આટલી છે.

એને વિશ્વાસ નથી કે 'હું આવડો છું'. 'રાંકો છું, આ છું ને આ છું' —(એમ) માની લીધું છે. રાગવાળો ને પુણ્યવાળો ને શરીરવાળો—એ વાળો (તું નથી). બાપુ ! તું તો અનંતા ગુણ, (અનંતી પર્યાય), અનંતા ધર્મનો ધરનાર એવું એક આત્મતત્ત્વ (છો.)

(જો કે) અહીં (-ભાવાર્થમાં) 'ચૈતન્ય'ને આત્મતત્ત્વ (કહેશે). ચૈતન્યને સર્વ (ધર્મો)માં વ્યાપક કહીને, એને આત્મતત્ત્વ કહેશે. સમજાય છે કાંઈ ? જરી સૂક્ષ્મ વાત ! આ તો સમયસાર છેને ? સૂક્ષ્મ વાત છે જરી. (આત્મા એટલે) સાધારણ જાણે.. જાણે..—એમ નહીં, પણ જાણવાની શક્તિ આવડી છે—એમ એના ભાવમાં વિશ્વાસ આવવો જોઈએ. મગનભાઈ ! સમજાણું કાંઈ ?

તેથી તે પણ.... એમ. કેવળજ્ઞાનને (સરસ્વતીની મૂર્તિ) કીધીને ? તેથી આ (-શ્રુતજ્ઞાન) પણ એક સરસ્વતીની મૂર્તિ છે. આહાહા ! (કેવળજ્ઞાની) દેવનો આત્મા જે પૂર્ણ શુદ્ધ છે એવો જ આ આત્મા (સ્વભાવે) પૂર્ણ શુદ્ધ છે.—એવા પૂર્ણ શુદ્ધને પર્યાય દેખે છે શ્રુતજ્ઞાનની તો. શ્રુતજ્ઞાનની પર્યાયે (નિજ)દેવ આત્માને પણ એવો જોયો.... 'શુદ્ધ આત્મા છે'—તેવો જ જોયો. શ્રુતકેવળીઓ કે શુદ્ધ પરમાત્માઓએ (શુદ્ધ આત્મા જ જોયો). (કેવળ)જ્ઞાનમાં (જે) આવે (–જણાય) છે કેવળીને, એમ (–એવું જ) આ જ્ઞાનમાં (–શ્રુતજ્ઞાનમાં પણ) આવે છે. (આ રીતે) એવું આખું (આત્મ)તત્ત્વ શ્રુતજ્ઞાન દેખે છે. સમજાણું કાંઈ ? ગંભીર ભગવાન છે.

શ્રોતા : પ્રતીતિમાં આવતી નથી વાત....

પૂજ્ય ગુરુદેવશ્રી : એને 'આવડો હું છું'.... (—એ) બેસતું નથી. એણે (પોતાને) રાંકો માની લીધો છે.

શ્રોતા : મોંઘુ પડે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આમ ને આમ અનાદિથી (ભટકે છે). 'ભીખો' નામ છેને ?

શ્રોતા : મારી વાત લીધી....

પૂજ્ય ગુરુદેવશ્રી : આ તો દાખલો આપ્યો, બધા 'ભીખા' જ છેને ? માંગ.. માંગ.. ક્યાંકથી લાવ.... ક્યાંકથી લાવ. પણ તારામાં બધું પડ્યું (છે), મોટો ત્રણ લોકનો નાથ છે (તું).... અનંતા નાથનો (-કેવળજ્ઞાન પર્યાયનો) નાથ (એવું) તારું

સ્વરૂપ છે, લે. સમજાય છે કાંઈ ? અનંતા સિદ્ધ પરમાત્મા, અનંતા કેવળીઓ જેના કેવળજ્ઞાનની પર્યાયમાં જણાય એવું જે આત્મતત્ત્વ છે (એને) અને એવા એવા અનંતા પર્યાય ને ગુણો આદિ ધર્મ છે એને કેવળજ્ઞાની પ્રત્યક્ષ (જાણે છે અને) એવા.... એ જ આત્માને શ્રુતજ્ઞાની પરોક્ષ દેખે છે. જેઠાભાઈ ! એવી વાતું છે. આહાહા !

શ્રોતા : સત્ય વાત તો ખરી, પણ વાત અમને બેસે....

પૂજ્ય ગુરુદેવશ્રી : (શ્રોતા) એમ (કહે છે) કે 'આ વાત હોય (-છે) તો ખરી આવી, (પણ)....' —એમ (શ્રોતાનું કહેવું છે). સમજાય છે કાંઈ ?

જુઓ, આ ધર્મ ! આત્મામાં અનંતા નિત્ય-અનિત્ય અને સત્-અસત્ આદિ ધર્મો (તેમ જ) વસ્તુત્વ આદિ ગુણો છે. એવા ગુણોમાં એક જ્ઞાનગુણ પણ એવો છે કે ત્રણ કાળ, ત્રણ લોકને જાણે. દર્શન પણ એવો છે કે ત્રણ કાળ, ત્રણ લોકને સામાન્યપણે દેખે. એવા એવા અનંતા ધર્મ, (પર્યાય) અને ગુણનો (ધરનાર) જે આત્મા છે.... એવું જે આત્મતત્ત્વ છે તેને શ્રુતજ્ઞાન બરાબર પરોક્ષ રીતે દેખે છે —એમ કહે છે. સમજાણું કાંઈ ?

એની આંખ્યુંમાં મોટો ભગવાન નજરે પડે એવો એ છે—એમ કહે છે. શ્રુતજ્ઞાનની આંખમાં.... ભાવશ્રુતજ્ઞાનની આંખમાં. અનંતા ભગવાન જેના જ્ઞાનમાં (-જાણવામાં) આવ્યા એવું કેવળજ્ઞાન છે (અને) એવા એવા કેવળજ્ઞાન ધર્મ પણ જેના જ્ઞાનમાં (-જાણવામાં) આવી ગયા એ શ્રુતજ્ઞાની છે. એ શ્રુતજ્ઞાની એવા (-અનંત ધર્મ સહિત) આત્માને દેખે છે. આહાહા ! કહો, સમજાય છે કાંઈ ?

એને કેટલો ? (અજ્ઞાની પોતાને કેટલો માને છે ?) કે 'હું આટલો જાણનાર, આટલા ઘરનો, આ દેશનો, મકાનનો, ફલાણાનો.'

(સમાધાન :) ભાઈ ! તું એવડો નથી. તારી મોટપની વાત શું કરવી ? કેવળજ્ઞાનીની સાથે તને બેસાડીએ એવડો છો—એમ કહે છે અહીં તો, પર્યાયમાં હોં.

'આ ભગવાન આત્મા'—આમ એની એક સમયની પર્યાયમાં.... અવસ્થામાં આત્મતત્ત્વ જણાણું, તો આત્મતત્ત્વના (જ્ઞાન સાથે) લોકાલોકનું (જ્ઞાન) પણ

(આવી ગયું). (અર્થાત્) અંદર તત્ત્વને (જાણતાં લોકાલોકનું જ્ઞાન પણ) આવી ગયું. 'એવડો ભગવાન આત્મા છે' એને કેવળજ્ઞાની પ્રત્યક્ષ દેખે છે, આ (-શ્રુતજ્ઞાની) પરોક્ષ (દેખે છે). એટલે કે (શ્રુતજ્ઞાનીને) નજરમાં 'શું વસ્તુ (-કેટલા પ્રદેશ કે ગુણ) છે'—એમ આવી નથી, પણ 'આ જ ચીજ છે'—એમ પરોક્ષ (જ્ઞાન)માં આવી ગઈ છે. સમજાણું કાંઈ ? એ કારણે એને પણ સરસ્વતીની મૂર્તિ કહેવામાં આવે છે. કોને ? શ્રુતજ્ઞાનને.

આ વળી દ્રવ્યશ્રુત વચનરૂપ છે તે પણ તેની મૂર્તિ છે.... લ્યો ! કારણ કે વચનો દ્વારા અનેક ધર્મવાળા આત્માને તે બતાવે છે.... લ્યો ! એ વાણી પણ આવો આત્મા (છે તેને કહે છે). કેવળજ્ઞાનની એક પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોકના કેવળી-તીર્થંકરો (આદિ) જણાય.—એવી એક સમયની પર્યાય, એવા અનંતા પર્યાયનો પિંડ ગુણ (અને) એવા અનંતા ગુણનું (ભરેલું) તત્ત્વ(-દ્રવ્ય છે તેને) એ વાણી કહે છે—એમ કહે છે.

શ્રોતા : વાણીની મહત્તા પણ આવી.

પૂજ્ય ગુરુદેવશ્રી : મહત્તાની નથી વાત, વાણી આવી હોય છે માટે એ પણ 'સરસ્વતી' કહેવામાં આવે છે—એમ (કહેવું છે). વાણીનું સ્વરૂપ (એ છે કે), વાણી પણ એને.... આવા આત્મા અખંડને બતાવે છે (—એમ કહેવું છે). જેમ....

(૧) (શ્રુત)જ્ઞાન પરોક્ષ જાણે છે,
(૨) કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે છે, તેમ
(૩) વાણી પણ એટલા સ્વરૂપને.... એવડા સ્વરૂપને કહે છે.

—એમ કહે છે. આહાહા ! વાણી દ્વારા પણ ભગવાન આત્મા (કહ્યો છે).

'વચનામૃત વીતરાગનાં'.... વીર વીતરાગનાં વચનો એટલે કે વીતરાગભાવથી નીકળેલાં વચનો. એ વચનોનું સ્વરૂપ.... વચન તો વચનસ્વરૂપે નીકળ્યા છે, પણ એ વચનોમાં ભગવાન આત્મા (કહ્યો છે). અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ (જ્ઞાન)ગુણ અને એ પર્યાયમાં ત્રણ કાળ, ત્રણ લોક જણાય એવો એનો સ્વભાવ.—એવા અનંતા ધર્મ, (પર્યાય) અને ગુણવાળું (આત્મ)તત્ત્વ છે એને જ વચન કહે છે. સમજાણું કાંઈ ? એ વચન પૂરા (આત્મતત્ત્વ)ને કહે છે.

(૧) કેવળી પૂરા (આત્મતત્ત્વ)ને પ્રત્યક્ષ જાણે,

(૨) શ્રુત(જ્ઞાની) પૂરા (આત્મતત્ત્વ)ને પરોક્ષ જાણે અને

(૩) વાણી પૂરા (આત્મતત્ત્વ)ને કહે.

—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? બાપુ ! આ તો આતમદેવ છે. સમજાણું કાંઈ ?

વચનો દ્વારા અનેક ધર્મવાળા.... 'અનેક ધર્મ' એટલે આ બધા (–ગુણ, પર્યાય, અપેક્ષિત ધર્મો). બીજો (–વધારે) વિસ્તાર (અહીં ભાવાર્થમાં) કરશે હજુ એનો, પણ એ અસ્તિ-નાસ્તિ આદિ ધર્મો, (પર્યાય અને) જ્ઞાન-દર્શન આદિ ગુણો —બધા ધર્મો છે. એમાં એકેક ગુણમાં (અનંત તાકાત છે)....

(૧) ત્રણ કાળ, ત્રણ લોકને જાણવાની (અનંત) તાકાત જેવી (રીતે) જ્ઞાનમાં છે,

(૨) (તેવી રીતે) એટલી (અનંત) તાકાત દર્શનમાં (દેખવાની) છે ને

(૩) એવી જ (એટલી અનંત) તાકાત વીર્યના સામર્થ્યમાં (સ્વરૂપ રચનાની) છે અને

(૪) એટલી જ (અનંત) તાકાત ચારિત્રમાં સ્થિર થવાની છે.

—એવી એવી અનંત શક્તિ, (પર્યાય) ને ધર્મનો ધરનાર ભગવાન આત્મા એક(રૂપ) છે. એ એક(રૂપ) આત્માના (જ્ઞાન સાથે) લોકાલોક (પણ જાણવામાં) આવી ગયા (–જાય છે.)—એવા આત્માને તે વચનો બતાવે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ તો નિજઘરની મોટી વાતું છે. સમજાણું કાંઈ ? એણે નિજઘરની કેટલી કિંમત છે.... (તેમાં) કેટલી મૂડી છે એ કોઈ દિ' જોઈ નથી. કહો, પોપટભાઈ ? આહાહા ! આવો આત્મા....

(૧) જેવો કેવળીઓએ જોયો,

(૨) એવો શ્રુતજ્ઞાનીએ દેખ્યો અને

(૩) એવો જ વાણીએ કહ્યો.

—એમ કહે છે આંહી. ત્રણેયને સરખા લગાવી દીધા જુઓ ! (કેવળી અને શ્રુતકેવળી જેવા આત્માને જોવે છે) એવા જ વાચ્યને (–આત્માને) વાચક શબ્દો.... તેટલાને, તેટલો, તે પ્રકારે (વાણી) કહે છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને.... આ રીતે સર્વ પદાર્થોનાં તત્ત્વને જણાવનારી.... દેખો ! જ્ઞાનરૂપ અને વચનરૂપ.... (તેમાં) જ્ઞાનરૂપ બે કહ્યાંને ? કેવળજ્ઞાન અને શ્રુતજ્ઞાન. અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે....

(૧) એ શ્રુતજ્ઞાન પણ અનેકાંતમય (સરસ્વતીની) મૂર્તિ છે,
(૨) કેવળજ્ઞાન પણ અનેકાંતમય (સરસ્વતીની) મૂર્તિ છે અને
(૩) વાણી પણ અનેકાંતમય.... પૂરા તત્ત્વને કહેનારી હોવાથી, અનેકાંતમય સરસ્વતીની મૂર્તિ છે.

—એનો અર્થ એવો નથી કે વાણીમાં કેવળીના ગુણો આવી ગયા છે.

(પ્રશ્ન :) (કેવળીના ગુણોની) છાપ ત્યાં પડતી હશે વાણીમાં ?

(સમાધાન :) (ના). (એ તો) વાણીની એટલી તાકાત છે.... સ્વ-પર કહેવાની પૂરી તાકાત (છે અને) એટલી વાણીની (તાકાત) અહીંયા બતાવે છે. બસ, એટલું (કહેવું છે). સમજાણું કાંઈ ? એનામાં (–વાણીમાં) કાંઈ ભાવ ભર્યા નથી કેવળીના ને જ્ઞાનના, આનંદના.... એ ભાવ ત્યાં કાંઈ નથી વાણીમાં. વાણી તો 'આ આનંદમય (આત્મા) છે' એમ બતાવે અને 'હું (વાણી) જડ છું' એમ એ વાણી બતાવે છે —એમ કહે છે. સમજાણું કાઈ ?

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : કીધુંને ? વ્યવહારથી (નિમિત્ત) કીધીને વચનની (મૂર્તિને).... વચનરૂપી મૂર્તિને. આ (કેવળજ્ઞાન અને ભાવશ્રુતજ્ઞાન એ) જ્ઞાનરૂપી મૂર્તિ (ઉપાદાનરૂપે અને) વચનરૂપી (મૂર્તિ) નિમિત્તરૂપે કીધી. ઉપાદાનપણે શુદ્ધ મૂર્તિ તો આ (જ્ઞાન) છે, નિમિત્તપણે (મૂર્તિ) એ (વાણી) છે.

આ રીતે સર્વ પદાર્થોનાં.... જુઓ ! સિદ્ધ (–અસ્તિરૂપ) સર્વ પદાર્થ છે, પણ (કાંઈ) એક જ આત્મા (છે)—એમ નહિ. અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, કાલાણુ અસંખ્ય, ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ એક-એક—(એ બધા પણ છે).

એ બધાને જાણનારું આત્મતત્ત્વ છે. એવા સર્વ પદાર્થોનાં તત્ત્વને.... એમ.... (જુઓ ! 'તત્ત્વને'—એમ કહ્યું).

....જણાવનારી જ્ઞાનરૂપ અને વચનરૂપ અનેકાંતમયી સરસ્વતીની મૂર્તિ છે; તેથી સરસ્વતીનાં નામ....

'વાણી'.... એ શબ્દ તરીકે,
'ભારતી'.... એને જ 'ભારતી' કહેવામાં આવે છે,
'શારદા'.... જ્ઞાનદેવી.... જ્ઞાનદેવી 'શારદા'.

શું ? ઇશારો કર્યો હતોને કાલ ?.... નહિ ?.... કાંઈક બોલતા'તા : 'ન બોલે એવી શારદા'—એમ કરીને (કોઈને તમે) કહ્યું હતુંને ? (તો લ્યો !) આ 'શારદા' (શબ્દ) આવ્યો, જુઓ આંહી ! કહો, સમજાણું કાંઈ ?

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, ના, આ તો એક શબ્દ ('શારદા') આવ્યોને અહીંયા (એટલે વાત કરી. એક ભાઈને) કો'કને કાંઈક કહેવું હશે કે, 'તે ન બોલે'. એટલે કાંઈક ઇશારો કર્યો કે (જેથી) બોલતા બંધ થાય. કહો, સમજાણું કાંઈ ? અહીં તો બધું (ખ્યાલમાં) હોયને ? ભીખાભાઈ ! આહાહા !

શારદા.... દેખો ! એ જ્ઞાનને (પણ) 'શારદા' અને વાણીને (પણ) 'શારદા' કહે છે.

'વાગ્દેવી'.... લ્યો ! એ વચનની દેવી.... એ વચનસ્વરૂપ વચનદેવી. અથવા શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન—એ જ્ઞાનદેવી અને આ (વાણી) વચનદેવી. એ આવે છે, નહીં ? 'વાગ્દેવી'.... નહીં ? (પૂજા/સ્તુતિમાં એ શબ્દ આવે છે). સરસ્વતી શું.... 'નમો દેવી વાગેશ્વરી....' ત્યારે (અજ્ઞાની) સમજે શું ? 'નમો દેવી વાઘેશ્વરી'.... વાઘેશ્વરી.

શ્રોતા : (સરસ્વતી) વાઘ ઉપર બેસેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ, અહીં વાત ક્યાં હતી ? 'નમો દેવી વાગેશ્વરી....' —એમ આવે છેને આપણે ? પંડિતજી નથી બોલતા પૂજા વખતે ? 'નમો દેવી

વાગેશ્વરી જૈનવાણી....' 'નમો દેવી વાગેશ્વરી....' 'વાગ્' = (વાક્ = વાણી), વાઘ નહીં. નમો દેવી વાગેશ્વરી.... વાઘ ઉપર બેસેને, એ સરસ્વતી નહીં.

શ્રોતા : વાઘ ઉપર કોણ બેસે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોણ બેસે ? આહીં તો જ્ઞાનદેવી(ની વાત છે). 'વાઘ' નામ અજ્ઞાન ને રાગ-દ્વેષને મારી-તોડીને.... સર્પને જેમ મોર ખાઈ જાય છે તેમ જ્ઞાનસ્વરૂપ (દેવી) ઝેરને મારી.... અમૃતમય પરમાત્માને પ્રગટ કરે છે. ભગવાન અમૃતનો સાગર પરમાત્મા પોતે છે.... અમૃતનું પૂર-નૂર આત્મા છે. એને જ્ઞાનદેવી પ્રગટ કરે છે અને (અજ્ઞાનરૂપ) ઝેરને મારી નાખે છે. મિથ્યાત્વ ને રાગ-દ્વેષના ઝેરને મારી.... વ્યય કરી પોતાના અમૃત સાગરને ઉછાળીને પ્રગટ કરે છે. સમજાણું કાંઈ ?

અરે ! એને વિશ્વાસમાં.... ભરોસે ક્યાં આવે છે આ ? (ધર્મ) કો'ક કરી દેશે (–કર્તા) ને કો'કમાં(થી) આવશે (–અપાદાન) ને કો'કથી આવશે (–કરણ) ને કાં વિકલ્પમાંથી આવશે ને પુણ્યમાંથી આવશે ને વ્યવહારમાંથી આવશે—એમ (અજ્ઞાની માને છે). ન્યાં ક્યાં (ધર્મ) હતો કે આવે ? સમજાણું કાંઈ ? આહાહા !

સર્વજ્ઞનું કથન અને એનો કહેલો ભાવ એ અલૌકિક વસ્તુ.... અલૌકિક વસ્તુ છે. કોઈ પણ એક બોલ લ્યો, તો તેમાં તેની (–સર્વજ્ઞની) પૂર્ણતાની ઝલક ઊઠતી હોય છે. સમજાય છે કાંઈ ? કોઈ પણ વાત લ્યો, (સર્વજ્ઞની) પૂર્ણ.. પૂર્ણ.. પૂર્ણ.. (ઝલક આવે).

ભગવાન ! (તું) પૂર્ણ છોને પ્રભુ ! અંતર્મુખનું તત્ત્વ જુઓ તો આખું કેવળજ્ઞાન(સ્વરૂપ પૂર્ણ છે). એક સમયની પર્યાય છે એ તો 'બહિર્મુખ' (અર્થાત્) પ્રગટ છે.... પર્યાય બહિર્મુખ છે એક સમયની લ્યો ! 'બહિર્મુખ' એટલે બહાર આવી (–પ્રગટ થઈ). એવી એવી અનંતી (કેવળજ્ઞાનની) પર્યાયનો પિંડ જ્ઞાનગુણ (છે અને) એવા અનંત ગુણનો પિંડ અંતર્મુખ આખું દ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

તેથી તેને વાગ્દેવી' ઇત્યાદિ ઘણાં નામ કહેવામાં આવે છે. આ સરસ્વતીની મૂર્તિ અનંત ધર્મોને 'સ્યાત્' પદથી એક ધર્મીમાં અવિરોધપણે સાધે છે.... લ્યો ! એક જ આત્મામાં કથંચિત્ (–દ્રવ્ય અપેક્ષાએ) પૂર્ણ, કથંચિત્ પર્યાયમાં અપૂર્ણ;

કથંચિત્ (–દ્રવ્યે) શુદ્ધ, કથંચિત્ પર્યાયે અશુદ્ધ—એવું જ્ઞાન, પરિપૂર્ણ (અનંત ધર્માત્મક) વસ્તુને અપેક્ષાએ સાધે છે. અનંત ધર્મોને 'સ્યાત્' પદથી એક ધર્મીમાં.... એક જ વસ્તુમાં અવિરોધપણે.... પાછું વિરુદ્ધ ન થાય એ રીતે (સાધે છે) તેથી તે સત્યાર્થ છે. જ્ઞાનદેવી (તરીકે) શ્રુતજ્ઞાન, કેવળજ્ઞાન ને વાણી (–વચનદેવી) તરીકે વાણી સત્યાર્થ છે.... ત્રણેય સાચા છે. સમજાણું કાંઈ ?

કેટલાક અન્યવાદીઓ સરસ્વતીની મૂર્તિને બીજી રીતે સ્થાપે છે પણ તે પદાર્થને સત્યાર્થ કહેનારી નથી.... ભગવાન આત્મા આનંદ આદિ અનંત ગુણોનો પિંડ એક વસ્તુ (–દ્રવ્ય) છે, એના અનંતા ગુણો છે, અને એની અનંતી પર્યાય છે. (હવે,) એક સમયની (જ્ઞાન)પર્યાયમાં તો બધું—લોકાલોક(ક્ષેત્ર), આદિ આવે (–જણાય) એવો (જ્ઞાન)પર્યાયનો ગુણ (–સ્વભાવ) છે.—એવી (વાત) બીજા (લોકોએ) સ્થાપેલી સરસ્વતીની મૂર્તિ કે વાણી કહી શકતી નથી.... સાચા તત્ત્વને સ્થાપીને એ કહી શકતી નથી. માટે (અજ્ઞાની લોકોએ સ્થાપેલી) સરસ્વતીની મૂર્તિ (સાચી છે) નહીં. સમજાણું કાંઈ ?

કોઈ પ્રશ્ન કરે કે આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે.... એક-એક (–દરેક) આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે.

શ્રોતા : .......

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ કહેશે હમણાં. એનામાં (–દ્રવ્ય, પોતામાં) રહેલા જે ધર્મને (–ભાવને) ધારી રાખે તે 'ધર્મ'. મુસલમાનનો ધર્મ અને ઢીકણાનો ધર્મ એની અહીંયા વાત નથી. એનામાં ધારી રાખે, ટકાવી રાખે એવા સ્વભાવોને અહીંયા 'ધર્મ' કહે છે. 'ધરતિ ઈતિ ધર્મ:'.. (પ્રવચનસાર ગાથા ૭, શ્રી જયસેનાચાર્યદેવની ટીકા).

આત્માને અનંત ધર્મવાળો કહ્યો છે.... એટલે વ્યાખ્યા (–ખુલાસો) કરે છે હવે.... તો તેમાં અનંત ધર્મો ક્યા ક્યા છે ? તેનો ઉત્તર : વસ્તુમાં સત્પણું.... સામાન્ય (ગુણની) વ્યાખ્યા છે પહેલી. આ જગતની અંદર જેટલી વસ્તુ છે....

(૧) અનંત આત્માઓ (–જીવ),
(૨) એથી અનંતગુણા પરમાણુઓ (–પુદ્ગલ),
(૩) અસંખ્ય કાલાણુઓ (–કાળ),

(૪) એક ધર્માસ્તિ,
(૫) (એક) અધર્માસ્તિ,
(૬) (એક) આકાશ.

ભગવાને છ દ્રવ્યો જોયાં છે. છ દ્રવ્યોના નામ પણ સરખા નહીં આવડતા હોય શેઠ !.... આવડતા હશે. (રામજીભાઈ) વકીલ છેને ? (એટલે) કહે છે ભઈ ! એને પૂછો. છ દ્રવ્ય.... છ દ્રવ્ય. ક્યા છ દ્રવ્ય ?

શ્રોતા : જીવ, અજીવ.....
પૂજ્ય ગુરુદેવશ્રી : અજીવ નહીં.... અજીવ નહીં.

શ્રોતા : ધર્મ, અધર્મ, આકાશ, કાળ.
પૂજ્ય ગુરુદેવશ્રી : 'અજીવ' (નામ) ન આવે એમાં (-છ દ્રવ્યના નામમાં). એમાં (૧) જીવ, (૨) પુદ્ગલ, (૩) ધર્માસ્તિ, (૪) અધર્માસ્તિ, (૫) આકાશ અને (૬) કાળ—એમ આવે. નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ (આદિ છે) એમાં એ (અજીવ) આવે. આમાં (-છ દ્રવ્યમાં એક) જીવ અને પાંચ અજીવ છે, (પણ) એને 'અજીવ' ન કહેતાં પાંચ નામ (કહી) ભેદ પાડી દીધાં. (૧) ધર્માસ્તિ, (૨) અધર્માસ્તિ, (૩) આકાશ, (૪) કાળ અને (૫) પુદ્ગલ. સમજાણું કાંઈ ?

લ્યો ! કહીએ છીએ (તે) બરાબર કહીએ છીએ કે નહીં ? શેઠ દરકાર ક્યાં કરે છે ? અહીંયા આવ્યા તોય હજુ એમ ને એમ (-સમજ્યા વગરના છે). નક્કી કરવું પડશે બધું આ. શોભાલાલજી ! અહીં કાંઈ માખણ ચોપડવાનું છે ? મખ્ખન, મખ્ખન. આ તો હિતની વાત છે. નક્કી તો કરવું જોઈએ કે શું છે આ (આત્મસ્વરૂપ ? એને) અનંત કાળથી સર્વજ્ઞ ભગવાન, અનંત તીર્થંકરો કહેતાં આવે છે. સમજાય છે ?

(હું) અનંત ધર્મવાળો આત્મા છું, તો તે ધર્મ શું (-ક્યા) હશે....

(પ્રશ્ન :) ધર્માસ્તિકાયનો 'ધર્મ' હશે એમાં (-આત્મામાં) ?

(સમાધાન :) (આત્મામાં) ધર્માસ્તિકાયનો 'ધર્મ' છે નહીં, પણ દરેક પદાર્થ.... વસ્તુ પોતામાં ટકાવી રાખે છે ગુણ-શક્તિ, પર્યાય ને નિત્ય-અનિત્ય આદિ

(ધર્મ. —એ) બધાને.... એને અહીંયા 'ધર્મ' કહેવામાં આવે છે. ધર્મ ને ગુણ —બન્નેને જુદાં પાડશે પછી. કહો, સમજાણું કાંઈ ?

ભાઈ ! એણે માર્ગ (છે એને) ઓળખવાનો પ્રયત્ન કરવો જોઈએ. આહાહા ! ભગવાન (આત્મા) આખો રહી જાય છે એના જ્ઞાનમાં. બધા જાણ્યા, બધાની વાતું કરી, પણ બધાને જાણનારો પોતે કેવડો છે એને જાણવાની એણે (–અજ્ઞાનીએ) દરકાર કરી નથી. આહાહા !

દુનિયાના ડાહ્યા, દુનિયામાં ઊંડા ઊતરવાના. શેઠ ! 'દુનિયાના ડાહ્યા' એમ કીધુંને ? (નહિતર) સંસારના સમજુઓ.... 'સંસારના સમજુ' એ સંસારના ડાહ્યા છે. આ તો 'દુનિયાના ડાહ્યા' (શબ્દમાં).... 'દ'—'ડ' (પ્રાસ) લાગુ પડે, એમ 'સંસારના સમજુ' (શબ્દમાં).... 'સ'—'સ' (પ્રાસ) લાગુ પડે એટલે (આ રીતે કહ્યું). સમજાણું કાંઈ ? 'સમજુ' (શબ્દમાં) 'સ' આવ્યોને....

સંસારના સમજુ ને દુનિયાના ડાહ્યા;
એ બધા રખડવાના પાયા.

શેઠ ! એવું છે ભાઈ ! અહીં તો. આહાહા !

દરેક વસ્તુમાં સત્પણું.... જુઓ ! જેટલી ચીજો છે એમાં 'સત્પણું' (–અસ્તિત્વ) એ એનો એક ગુણ છે (કે) એનું 'સત્પણું' હોય.... હોવાપણું હોયને અસ્તિપણું ? 'સત્પણું' એનો ગુણ છે.

વસ્તુપણું.... પ્રત્યેક પદાર્થ.... વસ્તુ પોતાની પ્રયોજનની ક્રિયાને સાધે એ 'વસ્તુપણું' ગુણ દરેક દ્રવ્યમાં હોય. દરેક આત્મામાં, દરેક પરમાણુમાં, આકાશમાં, કાળાણુમાં (આદિ) દરેક વસ્તુમાં હોય. સમજાણું કાંઈ ?

પ્રમેયપણું.... દરેક દ્રવ્ય કોઈ પણ (–કોઈ ને કોઈ) જ્ઞાનનો વિષય થાય એવું 'પ્રમેયપણું' (તેનામાં) હોય છે. 'પ્રમેય' એટલે (પ્ર) + મેય.... 'મેય' એટલે માપ અથવા જ્ઞેય. દરેક પદાર્થમાં પ્રમેયપણું.... કોઈ ને (કોઈ) જ્ઞાનમાં જણાય એવો એનામાં ગુણ હોય છે. આત્મામાં પણ એક પ્રમેય નામનો ગુણ છે કે પોતાના (ને બીજા જીવના) જ્ઞાનમાં પોતે જણાય. પરમાણુ અનંતા, અનંતા સિદ્ધો, અનંતા જડ સ્કંધો, આકાશ, કાળ આદિ છે એનો પણ.... એનામાં (પણ) પ્રમેય નામનો ગુણ

છે.... ધર્મ છે કે જેથી બીજાના (-જીવના) જ્ઞાનમાં જણાયા વિના રહે નહીં. સમજાણું કાંઈ ?

જ્ઞેય છે તે જ્ઞાનમાં જણાયા વિના રહે નહીં. જ્ઞેય, જ્ઞાનને આપે નહીં કાંઈ,.... સમજાય છે કાંઈ ? પણ જ્ઞેયમાં જણાવવાની યોગ્યતા છે તેથી (જીવ) તેને જાણે. તેવો પ્રમેયનો (-જણાવવાનો) ધર્મ છે. પ્રમેયનો ધર્મ છે કે બીજાને જણાવે (-જ્ઞાનમાં જણાય) અને જ્ઞાન, પર ને પોતાને—બેયને જાણે. સમજાણું કાંઈ ?

પ્રદેશપણું.... દરેક વસ્તુને ક્ષેત્ર હોય છેને ? ભલે પરમાણુ હોય તો એક પ્રદેશી, કાલાણુ હોય તો એક પ્રદેશી, પણ દરેકને પ્રદેશ હોય છે. 'પ્રદેશ' નામ (ક્ષેત્રનો) અંશ હોય છે.... ક્ષેત્રનો એક ભાગ હોય છે. ધર્માસ્તિ (અને અધર્માસ્તિના) અસંખ્ય પ્રદેશ, આકાશના અનંત પ્રદેશ, જીવના અસંખ્ય પ્રદેશ. 'પ્રદેશ' એટલે શું ? પરદેશ હશે ? 'પ્રદેશ' એટલે શું ? માણસ કહેને ? કે 'પ્રદેશમાં ગયા.... પ્રદેશમાં ગયા.'

શ્રોતા : પ્રદેશમાં નહીં, પરદેશમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કીધુંને આ ? પ્ર+દેશ = આખી ચીજનો ક્ષેત્રથી એક અંશ.... ભાગ તેને 'પ્રદેશ' કહે છે. સમજાય છે કાંઈ ? 'પ્રદેશત્વ' નામનો પણ એક ગુણ છે.

ચેતનપણું.... લ્યો ! આત્મામાં 'ચેતનપણું' એ એનો ગુણ—ધર્મ છે.

અચેતનપણું.... (જીવ સિવાયના) પાંચ દ્રવ્યમાં 'અચેતનપણું' (હોય) એવો એનો ધર્મ છે. આત્મા સિવાય દરેક.... પાંચેય જડ (દ્રવ્ય)નો ('અચેતનપણું' એ ધર્મ છે).

મૂર્તિકપણું.... એકલા પુદ્‌ગલમાં જ (હોય). 'મૂર્તિકપણું' એ પુદ્‌ગલનો સ્વતંત્ર (-વિશેષ) ધર્મ છે. એણે મૂર્તિકપણું ધારી રાખેલ છે—એમ (અર્થ છે).

અમૂર્તિકપણું.... પાંચ દ્રવ્યોમાં 'અમૂર્તિકપણું' છે, પુદ્‌ગલ સિવાય.

(કોઈ કહે) 'કેટલું ધારવું (-યાદ રાખવું) આમાં ?'

(સમાધાન :) છ દ્રવ્યમાં એક (જીવ) ચેતન છે, પાંચ અચેતન છે. છ દ્રવ્યમાં એક (પુદ્ગલ) મૂર્ત છે, પાંચ અમૂર્ત છે. લ્યો ! એ તો સાદી વાત છે.... સાધારણ, (આવું તો) છોકરાવ ભણે છે. શીખવતા નથી એને 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા'માં ? પણ આ છોકરાવ વખતે (-બાળક હતા ત્યારે) નહીં શીખ્યા હોય. શીખ્યા છે ક્યાં ? છોકરાવ વખતે (-બાળક હતા ત્યારે) પાઠશાળામાં જાય શેના ? કહો, સમજાણું કાંઈ ? મોટા થઈને છોકરા થાવું. એમાં શું છે ? શીખવા જાવું.

ઇત્યાદિ (ધર્મ) તો ગુણ છે.... જુઓ ! (જેની પર્યાય હોય) એવા ધર્મોને તો 'ગુણ' કહેવામાં આવે છે. સમજાય છે આ ? અહીં 'ધર્મ' શબ્દ વાપર્યો છેને ? ('આલાપપદ્ધતિ'માં) એમ કહે છે કે ગુણ છે એ અપેક્ષાએ ધર્મ થાય (-કહેવાય) છે; પણ (બધા) ધર્મ, અપેક્ષાએ ગુણ થતાં (-કહેવાતાં) નથી. આવે છેને (શ્રી દેવસેન આચાર્ય રચિત) 'આલાપપદ્ધતિ' (શાસ્ત્ર)માં ? (સૂત્ર-૧૧૮).

અને તે ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું.... ભાષા જુઓ ! આવા જે અનંતા ગુણો પ્રત્યેક પદાર્થમાં તેને તેને લાયક છે, તે અનંત ગુણોનું ત્રણે કાળે સમય-સમયવર્તી.... સમય-સમયવર્તી.... દેખો ! એ પર્યાયની કાળ સ્થિતિ સમય-સમયવર્તી છે. (એક સમયે) એક સમયવર્તી પર્યાય, બીજે સમયે બીજી સમયવર્તી (પર્યાય)—એમ ત્રણ કાળ. સમજાણું કાંઈ ?

ત્રણે કાળે સમય-સમયવર્તી પરિણમન થવું તે પર્યાય છે.... તેને પર્યાય કહે છે, જે અનંત છે.... પર્યાય પણ અનંત છે દરેક દ્રવ્યમાં....

(૧) દરેક પરમાણુમાં, દરેક આત્મામાં, દરેક કાલાણુ (આદિમાં) પણ અનંત ગુણ છે અને એની (-તે બધા ગુણોની વર્તમાન) અનંતી પર્યાય છે.
(૨) (પદાર્થના અનંત ગુણોમાંથી કોઈ એક ગુણની) ત્રણ કાળની પર્યાય થઈને (પણ અનંત પર્યાય છે અર્થાત્) ગુણ એક.... ગુણ એક.... (પણ તેની) પર્યાય ત્રણ કાળની અનંત. સમજાણું કાંઈ ?

'છે તેને પામીએ'.... એનો અર્થ (એ છે કે) વસ્તુ આત્મા છે.... આવા (પોતપોતાના) અનંત ધર્મવાળા પદાર્થો છે એને જાણનારું આત્મતત્ત્વ છે.... એવું

પૂર્ણ તત્ત્વ છે તેને દ્રષ્ટિ-જ્ઞાનમાં પામવું.—એ 'છે તેને પામવું' (એનો અર્થ છે). સમજાય છે ?

અસ્તિ 'છે' એવો ભગવાન આત્મા.... આવા (પોતપોતાના) અનંતા ધર્મવાળા પદાર્થો અનંત (છે). તે બધાને (પોતાની) એક (સમયની) પર્યાયમાં જાણનાર એવો આત્મા છે તેને શ્રદ્ધા-જ્ઞાનમાં લેવો તેનું નામ ધર્મ છે. (અર્થાત્) એવા (જાણનાર) ધર્મીમાં (-આત્મામાં) રહેલા અનંતા ધર્મોને, સ્વભાવ સાથે એકત્વબુદ્ધિ કરી, અંતર્દ્રષ્ટિમાં લેવા આ એને સમ્યગ્દર્શન(રૂપ) ધર્મ કહે છે. સમજાણું કાંઈ ?

વળી વસ્તુમાં.... (પહેલાં) એ બધા ગુણોની વ્યાખ્યા કરી (હતી) કે ગુણોને પર્યાય હોય—એમ (કહ્યું હતું). હવે જેને કહે છે તેને પર્યાય ન હોય, (એ) અપેક્ષિત ધર્મ છે. વળી વસ્તુમાં.... 'આ તો ઘણું ઝીણું આમાં આવ્યું'—એમ માણસને લાગે, (પણ) ઝીણું નથી, આ તો જાડી વાત છે.... બહુ જાડી (વાત) છે.

અહો ! પોતે કોણ છે ? પર શું છે ? પરસંબંધીનું જ્ઞાન પોતાનું પોતામાં છે, (પણ) પરસંબંધી વસ્તુ મારામાં નથી. સમજાય છે ? (પર) એવા અનંતા.... અનંતા પદાર્થસંબંધીનું જ્ઞાન મારામાં છે. એ જ્ઞાનનો ધરનાર હું છું, એ મારો ધર્મ છે. બીજા બધા પદાર્થોનો ધર્મ એનામાં છે. એ બધા ધર્મોને જાણનારો મારો ધર્મ એક જ છે—જ્ઞાન. એવા (-જ્ઞાન જેવા મહિમાવંત) અનંતા ધર્મોનો ધરનાર હું આત્મા છું (એવો વિશ્વાસ આવતાં).... આહાહા ! આ તે શું (-કાંઈ) સાધારણ વાત છે ! ....એવી પ્રતીતિ આવે કે 'હું પરમાત્મા થવાનો છું પાકો. હું સાક્ષાત્ વર્તમાન પરમાત્મા છું' —એમ (પ્રતીતિ) આવી જાય. કહો, સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા સાક્ષાત્ અનંત ગુણનો.... ધર્મનો પિંડ પ્રભુ છે એનું ભાન થતાં '(હું) પોતે પરમાત્મા જ છું અત્યારે, વસ્તુ.... શક્તિએ પરમાત્મા જ છું' —એવી પ્રતીતિ અને 'પરમાત્મા, પ્રગટ પર્યાયમાં અલ્પકાળમાં થવાનો છું'—એવી પ્રતીતિ (પણ થાય છે). પરમાત્મા કંઈ બીજો થશે નહીં, એ પર્યાયપણે પરિણમનાર તો હું જ છું. સમજાણું કાંઈ ? આહાહા !

(પુણ્યનો) ભરોસો કરે છે કે આપણી (પાસે) હમણાં પચાસ લાખ છે તો થોડા વર્ષમાં, (દર વર્ષે) પાંચ-પાંચ લાખ વધે છે તો, આપણને કરોડ થઈ જશે.... અમુક વખતમાં કરોડ થઈ જશે—એમ અનુમાન કરે છે કે નહીં ? શોભાલાલજી ! એ શું કરવા (બહારમાં) કહે પણ ? એ અંદર (ગણતરી) કરતાં હોય. શેઠ ! ભઈ, આપણી પાસે સાઈઠ લાખ છે કે પાંસઠ-છાંસઠ લાખ છે અને હંમેશા પાંચ લાખ.... ત્રણ લાખ વધે છે, તો એને (–કરોડ થવાને) હવે થોડી વાર છે. પંદરેક વરસ જાય એટલે આપણે કરોડપતિ થઈ જશું. ત્યાં હિસાબ માંડે. શેઠ ! આ તો દાખલો.

આહીં (–ધર્મમાં) એને દાખલો (–વિશ્વાસ) કરતાં આવડતું નથી કે 'હું આવો પૂર્ણ શુદ્ધ ચૈતન્ય ભગવાન છું એ મને પ્રતીતમાં આવ્યો છે —ભરોસે ચડ્યો છે તો હું થોડા જ કાળે આ (ચૈતન્ય)લક્ષ્મી વધીને (–વધારીને) પૂર્ણ પરમાત્મા થઈ જઈશ.' શેઠ ! આ તો દાખલો આપ્યો તમારો હોં. કહો, સમજાણું કાંઈ ?

આ તો દરેકને એમ હોય છેને ? કોઈ વેપાર કરે તો એને એમ હોયને (કે આપણી પાસે) ઓણ (–આ વર્ષે) પચાસ હજાર છે, (આ મહિને) દશ હજાર પેદા કર્યા. બે હજારનો ખર્ચ કાઢતાં (આઠ) હજારની બચત થઈ. આ પ્રમાણે જો (દર) મહિને (પેદાશ) વધે તો બાર મહિને આપણને લાખ થઈ જાય, કારણ કે પેદાશ વધતી-વધતી જાય છે. ત્યાં (અજ્ઞાની) સરવાળા માંડે (–ગણતરી કરે). જાદવજીભાઈ ! એને ધારધીરનો ધંધો છે રોકડીયા પૈસાનો કલકત્તામાં. એ માંડે કે આટલી પેદાશ થઈ, ફલાણું થયું, ઢીકણું થયું. પણ છે આત્મામાં (કાંઈ) પેદાશ....?

આવડો મોટો ભગવાન (આત્મા) ત્રણ લોકનો નાથ છે એ અનંતા પરમાત્માને સંઘરીને પડ્યો છે. સમજાણું કાંઈ ? એનો મેં વેપાર માંડ્યો (–સ્વીકાર કર્યો) તો મારા નફામાં (–પરિણામમાં) શું આવ્યું ?

ત્યાં (વેપારમાં) તેનો જવાબ દેનારા છ છોકરાઓને બધું પૂછે, કેટલાં પેદા થયાં ? ઓણ ચાલીસ લાખ હતા, એમાં બે લાખ વધ્યાં કે પાંચ લાખ વધ્યાં પથરામાંથી. એ થાણાના ઇન્જીનમાંથી.... શું કહેવાય એ ? ફેક્ટરી.. શું કહે છે એને ? ફેક્ટરી.... અમારે જુગરાજજી (–એક મુમુક્ષુ) કહે છેને ? 'અહીં તો પરમાત્મા થવાની 'ફેક્ટરી' છે.' ત્યાં તમારે પથરા (–ટાઈલ્સ) નીકળવાની ફેક્ટરી

છે. ભગવાનજીભાઈને નથી ? ભગવાનજીભાઈને ચંપલ.... શું કહેવાય એ ? પ્લાસ્ટીકની મોટી ફેક્ટરી છે. આ શેઠિયાઓને બીડીની મોટી ફેક્ટરી છે. કહો, સમજાણું કાંઈ ? આહાહા !

ભગવાન આત્મા.... અનંત ગુણને ધરનાર અને અનંત અપેક્ષિત ધર્મોને ટકાવનાર.... ધરનાર એવો એક ભગવાન આત્મા (છે). (અહીં) કહે છે કે (તેને) દ્રષ્ટિમાં તું લે. ન્યાલનો પાયો છે એ (સમ્યગ્દર્શન), તને પ્રગટ થઈ જશે. આહાહા ! 'આ દોષ હતા ને આવા....' એ ભૂલી જા. 'દોષ હતા ને દોષ થયા' —એ વાતને ભૂલી જા, યાદ આને કર હવે. સમજાય છે કાંઈ ?

'અરે ! મેં પાપ બહુ કર્યા....' પણ એ તો પર્યાય હતી, બદલી ગઈ. હવે શું છે તારે ? સમજાય છે ? આખી ચીજ છે તેને સંભારને ! આખી ચીજ છે (માલ-મિલકત હોય) ને ખોટ ગઈ તો એને સંભારે (વેપારી) ?

(વેપારી :) 'પેદાશ થઈ છેને આપણને ! ખોટ ગઈ હતી પચીસ હજાર પો'ર (–ગયા વર્ષે), ઓણ (–આ વર્ષે) પાંચ લાખ પેદા થયા.'

તો (વેપારી) પાંચ લાખને સંભારે કે ખોટને સંભારતો હશે ? ....ભાઈ !

(વેપારી :) 'પાંચ લાખ પેદા કર્યા છે, મફતની શું માંડી છે (–નકામા શા માટે દુઃખી થવું) ? જાવ ! છોકરાવ બધાને-દરેકને ફલાણું.... આપીએ (–આપો).'

વળી આપણે (–વેપારી) હોંશમાં આવી જાઈએ (–જાય) તરત તો..... કરી (–દઈ) દે એકાદ મોટર કાં એક-એક ઘડિયાળ કાંડામાં લટકાવી દે....

(વેપારી :) 'જાવ ! એક-એક છોકરાઓને આપો, નાના-નાના છોકરાઓને (પણ) દરેકને ઘડિયાળ આપો નાની-મોટી......'

બસ્સે-બસ્સે, પાંચસે, હજાર, પાંચ-પાંચ હજારની ઘડિયાળ હોય છેને ! પાંચ-પાંચ હજારની ઘડિયાળ નાની આટલી. એક પાંચ હજારની, દશ હજારની. એમાં શું ? ઘડિયાળ તો ઘણી આવે.

મોટા રાજા (પાસે) લાખો રૂપિયાની (ઘડિયાળ) હોય. હીરા નાખ્યા હોય એકલા (અને) સોનાની હોય. કાંટા ભલે પિત્તળના હોય. કાંટા કાંઈ બીજા હોય અંદર ? પણ ઉપરની પાંખડીયું ને ઉપરનું ઢાંકણું (હોય તેમાં) હીરા જડ્યા હોય. શું છે પણ હવે ? એ ધૂળ છે. આહાહા ! કહે છે કે એની તને શોભા લાગે છે, પણ તારા ચૈતન્યની શોભા તને નથી લાગતી કે અનંતા ગુણનો હીરો પડ્યો છે આખો.

આહાહા ! કહે છે, એ દરેક વસ્તુમાં....

એકપણું.... 'એકપણું' છેને વસ્તુમાં એક ધર્મ. બધા પ્રદેશનો આધાર એક (દ્રવ્ય) છેને ? માટે 'એકપણું' ધર્મ છે દરેક આત્મા ને દરેક પરમાણુ (આદિમાં).

અનેકપણું.... (સર્વ પ્રદેશોના) એક આધારમાં એક(પણું), પણ ગુણ-પર્યાય-પ્રદેશપણે અનેક(પણું) છે, (માટે) 'અનેક(પણું)' પણ એનો (–દ્રવ્યનો) એક ધર્મ છે. આત્માનો, પરમાણુનો, (આદિ બધાનો) 'એક(પણું)' ધર્મ છે, તેવો 'અનેક(પણું)' પણ એનો ધર્મ છે.

નિત્યપણું.... કાયમ રહેવું—એ પણ દરેક દ્રવ્યનો ધર્મ છે.

અનિત્યપણું.... બદલવું—એ પણ એક એનો (–દ્રવ્યનો) ધર્મ છે. આ ધર્મ છે હોં, આની પર્યાય ન હોય. પર્યાય તો ગુણો છે તેની હોય. આ તો એક-અનેકપણું, (નિત્ય-અનિત્યપણું) ધર્મ છે.... અપેક્ષિત ધર્મ છે.

ભેદપણું.... સંજ્ઞા, સંખ્યા, લક્ષણે દરેક વસ્તુમાં ભેદ પડે.... ગુણ-ગુણીનો ભેદ હોય છે, નામ, સંખ્યા આદિ (ભેદ હોય છે).

અભેદપણું.... એકરૂપ. અભેદ.... ભેદ નહીં, સંખ્યાભેદ(આદિ) નહીં. પ્રદેશથી અભેદ.... પ્રદેશની અપેક્ષાએ (અભેદ).

શુદ્ધપણું.... લ્યો ! આત્મામાં દ્રવ્યે (–દ્રવ્ય અપેક્ષાએ) શુદ્ધ આદિ (ધર્મો) હોય, પરમાણુ (આદિ દ્રવ્યો) શુદ્ધ હોય.

અશુદ્ધપણું.... વિભાવે (–સ્કંધમાં) પરમાણુ અશુદ્ધ થાય છે પર્યાયે. આત્મા પણ (પર્યાય અપેક્ષાએ) અશુદ્ધ થાય છે.

આદિ અનેક ધર્મ.... જુઓ ! 'અશુદ્ધ(પણું)' પણ એક ધર્મ છે—એમ કહે છે. જીવમાં પણ વિકારપણે થવું એ જીવનો એક ધર્મ છે. પરમાણુમાં વિભાવપણે.... સ્કંધપણે થવું તે પણ તેનો એક ધર્મ છે. એક પરમાણુ સ્થૂળપણે (સ્કંધપણે) પરિણમે તે પણ એક એનો વિભાવિક ધર્મ.... એનો ધારી રાખેલો (ધર્મ) છે. કહો, સમજાણું કાંઈ ?

તે સામાન્યરૂપ ધર્મો તો વચનગોચર છે.... કેટલાક (સામાન્ય) ધર્મો તો વચનથી કહી શકાય છે. પણ બીજા વિશેષરૂપ ધર્મો જેઓ વચનનો વિષય નથી એવા પણ અનંત ધર્મો છે—જે જ્ઞાનગમ્ય છે.... આ તો સામાન્ય વ્યાખ્યા કરી બધા દ્રવ્યોની.

આત્મા પણ.... હવે લીધું (–આત્માની વાત લીધી). (પહેલાં) તો દરેક પદાર્થની વ્યાખ્યા કરી. સમજાણું ? એમ આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના અનંત ધર્મો છે.... લ્યો ! આ તો (પહેલાં) ગુણો અને પર્યાય જે કીધાને, એ એવા જાતના (–છયે દ્રવ્યને લાગુ પડે એવાં) હતાં. (હવે આત્માની વાત કરવી છે) તેથી 'પોતાના' કીધા. મૂર્ત(પણું), અચેતનપણું આદિ (ધર્મ) એનામાં (–આત્મામાં) નથી.

આત્મા પણ વસ્તુ છે તેથી તેમાં પણ પોતાના.... ચેતનપણું, એકપણું, અનેકપણું, વસ્તુપણું, પ્રમેયપણું, પ્રદેશપણું વગેરે એવા અનંતા ધર્મો એટલે કે ગુણ, (પર્યાય) ને અપેક્ષિત સ્વભાવો એક આત્મામાં અનંતા છે. સમજાણું કાંઈ ? રાત્રે તો હમણાં નથી આવતા શેઠ. ઠીક નથીને. (એટલે) એમ (કહેવું છે) કે 'પૂછવું કોને કે આ આવડ્યું છે કે નહીં ?'—એમ આવ્યું (–વિચાર આવ્યો). (રામજી)ભાઈએ કીધુંને કે 'આને પૂછો', પણ અત્યારે પૂછાય ? રાત્રે પૂછે તો કેટલું ધાર્યું (–યાદ છે એ) ખબર પડેને. કહો, સમજાણું કાંઈ ?

આત્માના અનંત ધર્મોમાં.... હવે જુઓ ! ચેતનપણું અસાધારણ ધર્મ છે.... હવે મૂળ વાત, '**अनन्तधर्मणस्तत्त्वं पश्यन्ती प्रत्यगात्मनः**'.... ભગવાન આત્મામાં અનંતા ગુણો, (પર્યાયો) અને અપેક્ષિત ધર્મો છે.

એમાં ચેતનપણું અસાધારણ ધર્મ છે.... ચેતનપણું અસાધારણ.... (એવો) એક જ (ધર્મ) છે—કે જે પોતાના (સિવાય અન્ય) અનંત ગુણરૂપ ધર્મમાં પણ નથી

અને બીજામાં (–પરદ્રવ્યમાં) પણ એ નથી. ચેતનપણું.. ચેતનપણું.. ઓહોહો ! એ ('ચેતનપણું' છે એને મૂળ શ્લોકમાં) 'तत्त्वं' કીધું જોયું ? ચેતનપણું.... એ ચેતનપણું પોતાના અનંતા ધર્મો છે એને જાણે છે, એ ચેતનપણું અનંતા પરપદાર્થના ધર્મને જાણે છે. એવું જે ચેતનપણું.... એ ચેતનપણું એક જ જાણે કે વસ્તુનો (ધર્મ) હોય એમ એનો અસાધારણ ધર્મ છે. સમજાણું કાંઈ ?

'સર્વજ્ઞનો ધર્મ સુશર્ણ જાણી, આરાધ્ય આરાધ્ય પ્રભાવ આણી....'

આ (સર્વજ્ઞના કહેલા ધર્મ) સિવાય બીજો કોઈ ધર્મ ક્યાંય (સાચો) હોઈ શકે નહીં. સર્વજ્ઞ પરમેશ્વરે કહેલો ભાવ (–ચેતનપણું).... એ(રૂપ) જ (આત્મ)વસ્તુ છે તેને 'આરાધ્ય.... આરાધ્ય પ્રભાવ આણી....'

'અનાથ એકાંત સનાથ થાશે, એના વિના કોઈ ન બાંહ્ય સ્હાશે.'

(શ્રીમદ્ રાજચંદ્, અશરણ ભાવના, વર્ષ ૧૭).

તારો હાથ ઝાલનારો કોઈ બીજો છે નહિ. સર્વજ્ઞ પરમેશ્વરે.... પરમાત્માએ જાણ્યો એવો પદાર્થ અને કહ્યો વાણી દ્વારા એવો પદાર્થ.... એવો જે આ આત્મા છે એમાં 'ચેતનપણું' તો એક અસાધારણ (ધર્મ છે—એમ) કહે છે.

ઓહોહો ! શું કહે છે ? કે 'ચેતનપણું'.... પોતામાં અનંત ધર્મો છે તેમાં 'ચેતનપણું' તો એક જ (ધર્મમાં) છે, બીજા બધા (ધર્મોમાં) ચેતન(પણું) નથી (કેમ કે) બીજા ધર્મો પોતાને જાણતા નથી.

(૧) ચેતન(પણું) પોતાને (પણ) જાણે અને ચેતન(પણું) પરને (–જીવના આનંદ આદિ બીજા ધર્મોને પણ) જાણે,
(૨) (જ્યારે) બીજા આનંદ આદિ ધર્મો, પોતાને (પણ) ન જાણે (અને) આ જોડે રહેલો ચેતનગુણ છે તેને (પણ) ન જાણે.

સમજાણું કાંઈ ? એ આ આત્માનો કરિયાવર માંડ્યો છે.... પાથર્યો છે. આહાહા !

અનંત ધર્મોમાં ચેતનપણું તો અસાધારણ.... નહીં વહેંચાયેલું (–અન્યમાં ન હોય એવું છે). 'સાધારણ' એટલે વહેંચાયેલું, ('અસાધારણ' એટલે) નહીં વહેંચાયેલું.... એક જ તંત્ર (–ધર્મ). ભગવાન આત્માનો 'ચૈતન્ય' ધર્મ એક જ છે,

બીજા બધા (ધર્મોમાં) ચેતન(પણું) નથી. ઉપયોગરૂપ ચેતન(પણું) તો એક જ ધર્મ છે.

જુઓ ! તેથી તેને (-આત્માને) ઘણે ઠેકાણે 'उवओगलक्खणो'—ઉપયોગ લક્ષણ.... ઉપયોગ લક્ષણ.... ઉપયોગ તે આત્મા.... ઉપયોગ તે આત્મા—એમ કીધું છે. (ગાથા ૨૪). સમજાણું કાંઈ ? 'ઉપયોગ' એટલે ચેતનભાવ (-ચેતનપણું). ત્રિકાળી દર્શન-જ્ઞાનના ભાવરૂપ ભાવ (= ગુણ) છે તેને 'ઉપયોગ' કહેવામાં આવે છે. ઉપયોગ એટલે 'આમ ઉપયોગ કરું ને એમ'—એ અહીં પ્રશ્ન નથી.

શ્રોતા : (ઉપયોગ એટલે જાણવું....) સમજવું....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા. એ તો તમે બોલ્યા હતા તેમાંથી (ખ્યાલમાં) આવ્યું હતું.... આવ્યું'તું. તમે (બોલ્યા) એમાંથી (-એ શબ્દ ઉપરથી) 'ઉપયોગ' (-વપરાશ) કરવોને ?—એમ (તમારે કહેવું છે એ ખ્યાલમાં) આવ્યું'તું. એ એનો પોતાનો ઉપયોગ એટલે ચેતન(પણું).... દર્શન-જ્ઞાન સ્વભાવ. એકરૂપે કહો તો ઉપયોગ (-ચેતનપણું) એનો ધર્મ છે (અને) બેરૂપે કહો તો દર્શન-જ્ઞાન એનો ધર્મ છે. એ ઉપયોગના બે ભેદ પડે છે, પણ તત્ત્વ આ રીતે છે એકલું (ચેતનપણે). એવો ઉપયોગ (-ચેતનપણું) તે અસાધારણ ધર્મ છે—એમ કહે છે. આહાહા ! જેની તાકાત.....

શ્રોતા : શુદ્ધ ઉપયોગ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આવી ગયું.... અહીં તો જાણવા-દેખવાનો ત્રિકાળી ભાવ તે 'ઉપયોગ'.... 'ચેતન(પણું' છે) એની વ્યાખ્યા ચાલે છે ત્રિકાળી ગુણની. બહુ ભર્યું છે, 'अनन्तधर्मणस्तत्त्वं'.... શબ્દ આવ્યો છેને ? એથી ઘણું ભર્યું છે.

બીજાં અચેતન દ્રવ્યોમાં નથી.... ભગવાન આત્મામાં ચેતનપણું.... જાગૃતપણું.... ઉપયોગપણું.... સ્વભાવપણું.... જાણવા-દેખવાના ભાવપણું છે, એ (ચેતનપણું) આત્મા સિવાય બીજાં દ્રવ્યમાં તો નથી. પરમાણુ, શરીર (આદિ) આ બધા આંધળા છે.... જડ છે.... આ તો માટી છે.

પણ સજાતીય જીવદ્રવ્યો અનંત છે.... અને પોતાની (-જીવની) જાતના પણ અનંતા આત્માઓ છે.... કેટલું સિદ્ધ કરે છે ! ઓહોહો ! તેમનામાંય જોકે

ચેતનપણું તો છે.... નિગોદના આત્મા, સિદ્ધના આત્મા—બધામાં ચેતન(પણું) તો છે.... ચૈતન્ય જ છે.

તોપણ સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે જુદું જુદું કહ્યું છે.... સહુનું ચેતનપણું જુદું (જુદું) છે. બીજા આત્માનું પણ ચેતનપણું જુદું, સિદ્ધનું જુદું, આનું જુદું —દરેકનું ચેતનપણું જુદું (જુદું) છે. બધાનું થઈને ચેતનપણું એક થઈ જાય એવું નથી. કહો, સમજાણું કાંઈ ?

સૌનું ચેતનપણું નિજ સ્વરૂપે.... પોતાનારૂપે જુદું જુદું કહ્યું છે, કારણ કે દરેક દ્રવ્યને પ્રદેશભેદ હોવાથી.... દરેક પરમાણુ (આદિ જડ) અને દરેક (અન્ય) આત્મા છે એના (પ્રદેશરૂપ) અંશો (નિજ આત્માથી) તો જુદાં છે—ક્ષેત્રભેદ છે. માટે તેનો (-નિજ આત્માનો) ચેતન(પણાનો) ધર્મ પણ જુદો છે.

પ્રદેશભેદ હોવાથી કોઈનું કોઈમાં ભળતું નથી.... લ્યો ! દરેક (દ્રવ્યનું) ક્ષેત્ર (ભિન્ન-ભિન્ન હોવાથી) અને (પોતાના) ક્ષેત્રમાં રહેલા દરેક (જીવ)નો ચૈતન્યધર્મ જુદો હોવાથી કોઈ (પણ જીવનું ચેતનપણું) કોઈ (પણ અન્ય જીવ)માં ભળતું નથી.

(તેમ જ કોઈ પણ જીવ, કોઈ પણ અન્ય જીવમાં ભળતો નથી). કહો, (એક) ચેતનનો મોક્ષ થાય એટલે બીજા આત્મામાં ભળી જાય એમ નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

(પ્રશ્ન :) 'અનંતમાં ભળી ગયો'—એમ (લોકો) નથી કહેતાં ?

(સમાધાન :) મોક્ષ થાય તો 'અનંત'માં શું ભળે ? 'અનંત' ક્યાં (છે કે) ભળે 'અનંત'માં ? પોતાની સત્તાનો નાશ થઈને (આત્મા) પરમાં ભળી જતો હશે ? (ના). 'જ્યોતમાં જ્યોત મિલાઈ'.... (—એમ નથી, કેમ કે સિદ્ધ તો પોતે) પોતાનામાં છે, પરમાં ક્યાં 'જ્યોત મિલાઈ' છે. કાંઈ ખબર નહીં (અને) જૈનમાં રહેલા કેટલાક એમ જ દીધે (-કહ્યાં) રાખે છે સમજ્યા વિનાના કે ભઈ ! સિદ્ધ થઈ ગયા પછી 'જ્યોતમાં જ્યોત મિલાઈ.'

મણિયાર આવ્યા હતાને તે દિ' (સંવત) ૯૫માં. આંધળા (હતા), એ કહે, 'જ્યોતમાં જ્યોત મિલાઈ'. આ જૈનના (માનનારા !)..... આ કેટલાક (લોકો)ને

પણ પૂછો તો તેના સરવાળામાં કાંઈ દેખાય નહીં (–તેના અભિપ્રાયમાં કોઈ ઠેકાણા ન હોય).

(કોઈને પૂછીએ :) 'જ્યોતમાં જ્યોત મિલાઈને ?' (લોકો) કહે, હા, 'જ્યોતમાં જ્યોત મિલ ગઈ'.

(સમાધાન :) શું 'જ્યોતમાં જ્યોત મિલે ? બીજા ભગવાનની જ્યોત છે તેમાં આ આત્માની જ્યોત મળી જતી હશે ?' (ના).

શ્રોતા : (સિદ્ધ ભગવાન જુદાં જુદાં રહે તો સિદ્ધશિલા ઉપર સંકડાશ થઈ જાય, માટે જ્યોતમાં જ્યોત ભળી જાય)....

પૂજ્ય ગુરુદેવશ્રી : (સિદ્ધશિલા ઉપર) સંકડાશ કે દિ' થતી'તી ? અહીં (હોલમાં) લાખ દીવા હોય (અને તેનો) પ્રકાશ હોય (તો પણ) ત્યાં સંકડાશ થતી નથી. આ રૂપીની સંકડાશ થાય (નહિ તો), ત્યાં તો અરૂપી છે એ (–સિદ્ધ ભગવાન) તો. 'સંકડાશ' સમજતે હૈં ? 'સંકડાશ' નહીં સમજતે ?

હજાર બત્તી (–બલ્બ) હોતી હૈ હજાર. એક બત્તી હોય ને બીજી હજાર આવે તો કાંઈ પરમાણુમાં ભીડ પડી જતી હશે અંદર ? (ના). દરેક (બત્તી)ના ભિન્ન-ભિન્ન પરમાણુ છે, છતાં એક જગ્યાએ રહી શકે છે. એક બત્તીના, બે બત્તીના, હજાર બત્તીના—ચારે કોર હજાર (બત્તીના પરમાણુ) બધા રહી શકે છે.

એ તો રૂપી છે તો પણ રહી શકે છે, (જ્યારે) આ (સિદ્ધ ભગવાન) તો અરૂપી ચૈતન્ય છે. એક ઠેકાણે (–સિદ્ધશિલા ઉપર) એક (સ્થાને સિદ્ધ) છે એ (જ) ઠેકાણે અનંતા સિદ્ધ ભગવાન બિરાજે છે.... જ્યાં એક સિદ્ધ છે ત્યાં અનંતા સિદ્ધ બિરાજે છે, (છતાં) ભિન્ન–ભિન્ન સત્તા છે.

શ્રોતા : 'જ્યોતમાં જ્યોત મિલ ગઈ.'

પૂજ્ય ગુરુદેવશ્રી : 'જ્યોતમાં જ્યોત' મિલી નથી. આહાહા ! એ ભાઈલાલભાઈ કહેતા તે દિ'. ૮૩માં ગયા હતાને બરવાળે. (તે કહે) 'જુઓ ! જ્યોત (છે) એમાં ભળી જાય (સિદ્ધ થયા) પછી.' કાંઈ બિચારાને ખબર ન મળે, વેદાંતનો અભ્યાસ. ૮૩ની સાલની વાત છે. ભાઈલાલભાઈ.... (સિદ્ધ થતાં) 'જ્યોતમાં ભળી જાય પછી'—એમ તે કહેતા. (એક વાર તે કહે) 'વિભુ કીધો છે આત્માને.' (મેં) કીધું : 'વિભુ એટલે શું ? બધા (ભેગા) થઈને વ્યાપક થઈ જાય

એ ?—એમ નહીં.... એમ નહીં.' ૮૩ની વાત છે, ભાવનગર જતા'તાને (ત્યારે બરવાળામાં વાત થયેલી).

જૈનદર્શનમાં (-જૈનકુળમાં) જન્મ્યા છતાં (ઘણાને) પરિચય ન મળે તત્ત્વનો. જૈન(દર્શન) એટલે વસ્તુસ્થિતિ છે આ. એવો માર્ગ (-જૈનદર્શન) શું છે એનો પરિચય નહીં ને અભ્યાસ નહીં એટલે (જૈનધર્મ) બીજા જેવો લાગે એને (-અજ્ઞાનીને. કેમ કે) બીજા (ધર્મવાળા) કહેને.... વેદાંત કહે, 'આ બધું (અદ્વૈત) છે.' કોઈની સાથે મેળ ખાય એવો (જૈનધર્મ) નથી સાંભળને ! આ તો પરમાત્માનો કહેલો (એવો જૈનધર્મ) 'સ્વતંત્ર, સ્વયંસિદ્ધ વસ્તુ છે'—એ (કહેનારો) ધર્મ છે. સમજાણું કાંઈ ?

તેમનામાંય (-દરેક જીવમાં પણ) જોકે ચેતનપણું.... જુદું (જુદું) છે દરેકનું.

આ ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે.... શું કહે છે ?....

(૧) આત્મામાં 'ચેતનપણું' છેને ? (હા).
(૨) હવે, તો એ 'ચેતનપણું' છે ત્યાં અનંતા ધર્મો બીજા છેને ? (હા).
(૩) (તો, તે 'ચેતનપણું') એમાં (-આત્માના અનંત ધર્મોમાં) વ્યાપક છે.
(૪) (તેથી) તે 'ચેતનપણું' જ્યાં છે ત્યાં....
દર્શન છે.... શાંતિ છે.... આનંદ છે (-<u>વિશેષ ગુણ</u>),
અસ્તિત્વ છે.... વસ્તુત્વ છે (-<u>સામાન્ય ગુણ</u>),
નિત્યપણું છે.... અનિત્યપણું છે.... સત્‌પણું છે આદિ છે (-<u>અપેક્ષિત ધર્મ</u>).
(૫) (એ રીતે) એ 'ચેતનપણું' બધા (ધર્મોમાં) વ્યાપી ગયેલું છે.
(૬) (તેથી) એ 'ચેતનપણું' જ એનું (—આત્માનું) ખરું તત્ત્વ છે એ રીતે કહેવામાં આવે છે.
(૭) એવું 'ચેતન(પણું' છે તેને) જે જ્ઞાન દેખે તે 'આત્મતત્ત્વને દેખે છે' —એમ કહેવામાં આવે છે.

વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

प्रवचन नं. ५
श्लोक - २, ३ ; गाथा - १
संवत २०२४, भादरवा वद ५, बुधवार, ता. ११-९-'६८

त्रीजी-चोथी लीटी छे, भावार्थनो छेल्लो भाग.

આ ચેતનપણું.... શું કહે છે ? આ આત્મામાં અનંત ધર્મો છે. અસ્તિત્વ, વસ્તુત્વ, જ્ઞાન, દર્શન આદિ આવ્યાને ? એ અનંત ધર્મોમાં 'ચેતનપણું' અસાધારણ-મુખ્ય છે. (એ) 'ચેતનપણું' કાયમનું (તત્ત્વ) છે. એ ચેતનપણાથી (વ્યાપેલા).... અનંતા ધર્મો ચેતન(પણા)થી વ્યાપેલા છે. એટલે ચેતનપણાને જ મૂળ આત્માનું તત્ત્વ કહ્યું છે.... સમજાણું કાંઈ ?

શું કહે છે ? કે જે ચેતનપણું પોતાના અનંત ધર્મોમાં વ્યાપક છે.... પોતાના અનંત ગુણો જે છે (તથા) નિત્ય-અનિત્ય આદિ ધર્મો છે તે બધામાં.... આત્મામાં 'ચેતનપણું' પ્રસરેલું છે. તેથી તેને આત્માનું તત્ત્વ કહ્યું છે.... તેથી ચેતનપણાને જ આત્માનું તત્ત્વ કહ્યું છે. જેમ 'જ્ઞાયકભાવ'ને આત્માનું (સ્વરૂપ) કહ્યું છે એમ 'ચેતનપણું' આત્માના બધા ધર્મોમાં વ્યાપ્ત—પરિણમેલ છે અથવા બધા ધર્મોમાં વ્યાપેલ છે. એથી 'ચેતનપણું' 'अनन्तधर्मणस्तत्त्वं' છે.... અંદરનું એ તત્ત્વ છે.

તેને આ સરસ્વતીની મૂર્તિ દેખે છે.... જુઓ ! શું કહ્યું ? કે આ આત્મા જે છે એમાં 'ચેતનપણું' અસાધારણ ગુણ છે, (કેમ કે....)

(૧) બીજા ગુણો એવા (–ચેતનપણે) નથી તેમ જ
(૨) બીજા (દ્રવ્ય)માં એ નથી અને એ ચૈતન્ય,
(૩) પોતાના અનંતા ધર્મોની સંખ્યામાં વ્યાપ્યું છે.

—એવા ચૈતન્યધર્મને કેવળજ્ઞાનની પર્યાય અને શ્રુતજ્ઞાનની પર્યાય દેખે છે. સમજાણું કાંઈ ?

(પૂર્ણ) સમ્યગ્જ્ઞાન (એવું) કેવળજ્ઞાન છે (એ) સરસ્વતીની મૂર્તિ છે (અને) ભાવશ્રુતજ્ઞાન છે એ પણ સરસ્વતીની મૂર્તિ છે. એ એક-એક (કેવળજ્ઞાન ને ભાવશ્રુતજ્ઞાનની) પર્યાય, એક ચૈતન્યતત્ત્વ—કે જે અનંત ધર્મોમાં વ્યાપ્યું છે (તેને દેખે છે).... એવા (આત્માના) અનંત ધર્મમાં વ્યાપેલું ચૈતન્યતત્ત્વ—કે જે આખું....

પૂર્ણ (છે), એને એક-એક (કેવળજ્ઞાન ને ભાવશ્રુત)જ્ઞાનનો પર્યાય દેખે છે. (અર્થાત્) એ (જ્ઞાનમય) સરસ્વતીની મૂર્તિ એને (–ચૈતન્યતત્ત્વને) દેખે છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આત્મામાં 'ચેતનપણું' જે છે એમાં ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થોને જાણવાનો સ્વભાવ આવી જાય છે અને એનામાં (–આત્મામાં) રહેલા અનંતા ધર્મોમાં ચૈતન્યધર્મ વ્યાપક છે. એવું જે આત્માનું ચૈતન્યતત્ત્વ છે એ અસાધારણ લક્ષણ છે.... 'અસાધારણ' એટલે બીજામાં ન હોય એવું. સ્વયંસિદ્ધ એવું આખું જે ચૈતન્યતત્ત્વ છે—એવું જે આત્માનું સ્વરૂપ છે—તેને શ્રુતજ્ઞાનની પર્યાય, કેવળજ્ઞાનની પર્યાય દેખે છે અને વાણી એને કહે છે. સમજાણું કાંઈ ? લ્યો ! વાણી આવા (ચૈતન્યમય) આત્મતત્ત્વને કહે છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? જુઓ ! વાણી આવા આત્મતત્ત્વને કહે છે.

ભગવાન આત્માનું ચૈતન્યસ્વરૂપ અસાધારણ છે.... કોઈ બીજો ગુણ એવો (–ચૈતન્ય જેવો) નથી, એથી અસાધારણ છે. એ ચૈતન્યગુણ.... જેટલાં (એટલે કે) અનંતા પોતાના દર્શન-આનંદ આદિ (વિશેષ) ગુણો, અસ્તિત્વ આદિ (સામાન્ય) ગુણો અને નિત્ય-અનિત્ય આદિ ધર્મો (છે) એમાં ચૈતન્યગુણ વ્યાપેલ છે. એવું મહાન ચૈતન્યમય આત્મતત્ત્વ છે તેને....

(૧) કેવળજ્ઞાન પર્યાય (પ્રત્યક્ષ) દેખે છે,
(૨) શ્રુતજ્ઞાન પર્યાય (પરોક્ષ) દેખે છે અને
(૩) વાણી તેને કહે છે.

માટે એ ત્રણેયને સરસ્વતી(ની મૂર્તિ) કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

જુઓ ! આ શ્રુતજ્ઞાનની પર્યાય આવા (ચૈતન્યમય આત્મ)તત્ત્વને દેખે છે—એમ કહે છે. વાણી (પણ આત્મતત્ત્વને) કહે છે.—એ (વાત) એકકોર રાખો.

(પ્રશ્ન :) (એ) કેવળજ્ઞાન તો વળી પૂર્ણ છે (તેથી ચૈતન્યમય આત્મતત્ત્વને તો જાણે), પણ નીચે (–ચોથા કે પાંચમા ગુણસ્થાનોમાં પણ ચૈતન્યમય આત્મતત્ત્વને જાણે) ?

(સમાધાન :) શ્રુતજ્ઞાનનો.... ભાવશ્રુતજ્ઞાનનો જે પર્યાય (છે) તે.... આવું ચૈતન્યતત્ત્વ—કે જે અસાધારણ (છે અને પોતાના) અનંત ધર્મોમાં વ્યાપક (છે) તેને શ્રુતજ્ઞાનની પર્યાય દેખે છે.—એવી શ્રુતજ્ઞાનની પર્યાયની તાકાત છે. સમજાણું કાંઈ ? એક સમયની શ્રુતજ્ઞાનની પર્યાય, અનંતાનંત ગુણમાં (–ધર્મોમાં) વ્યાપક એવા ચૈતન્યધર્મને દેખે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા :....

પૂજ્ય ગુરુદેવશ્રી : સારે દ્રવ્ય-ગુણકો.... સબ અનંત ગુણકો (શ્રુતજ્ઞાન) પર્યાય (જાનતી હૈ). હા, એમ બોલતા જાવ થોડું, (એટલે) ખબર પડે. ભાઈ ! ઠીક, પ્રશ્ન બરાબર હૈ. વો (શ્રુતજ્ઞાન), પર્યાય હૈ. બસ,—એમ (કહેવું છે). વહ શ્રુતજ્ઞાન હૈન, વહ પર્યાય હૈ. વહ પર્યાય, ચેતનમાં રહેલા (–ચૈતન્યથી વ્યાપ્ત) સારા (–બધા) અનંત ધર્મો(મય) એવું આત્મતત્ત્વ છે એને દેખે છે. યે ઠીક કીયા, એમ પ્રશ્ન કરો તો ખબર પડેને તમને. (શોભાલાલ)ભાઈએ કહ્યુંને ? કે 'હમ કીચડમેંસે નીકલ કર યહાં આયે હૈ.' તો કાંઈ હિત કરનેકો આયે હૈ કે નહીં ? કહો, સમજમેં આયા ? સમજાય છે ? આહાહા !

તેથી તેને.... શ્રુતજ્ઞાનની પર્યાયને સરસ્વતીની મૂર્તિ કીધી. એ (શ્રુતજ્ઞાન) આખા આત્મતત્ત્વને દેખે છે, માટે તે સરસ્વતીની મૂર્તિ છે. શ્રુતજ્ઞાનની પર્યાય (દ્વારા) અનંત ધર્મમાં વ્યાપેલ ચૈતન્યમય વસ્તુ છે એનું લક્ષ કરતાં.... એને જોતાં સમ્યગ્દર્શન-જ્ઞાનની શુદ્ધ પર્યાય (પ્રગટ) થાય છે (અને) એનાથી જીવનું કલ્યાણ થાય છે.... સમજાય છે કાંઈ ? અને એ વાણી કહે છે એ પણ આવા ચૈતન્યને (કહે છે.)

......('ચેતનપણું' જીવનો) અસાધારણ સ્વભાવ છે, (કેમ કે) એનો બધા ધર્મોને જાણવાનો સ્વભાવ છે અને બધા ધર્મોમાં વ્યાપવાનો સ્વભાવ છે. એવા એને (–ચેતનપણાને જેનું) શ્રુતજ્ઞાન દેખે એનું કલ્યાણ થાય છે.... સમજાય છે કાંઈ ?

સર્વ પ્રાણીઓનું કલ્યાણ થાય છે માટે 'સદા પ્રકાશરૂપ રહો'.... અહો ! કેવળજ્ઞાન પણ એમ ને એમ (સાદિ-અનંતકાળ) રહો (અને) મારો શ્રુતજ્ઞાન સ્વભાવ(પર્યાય)—કે જે આખા ચેતનને દેખે (છે તે પણ એમ ને) એમ રહો (અર્થાત્) પાછું ફરો નહિ, (પણ) આગળ વધીને પૂર્ણ થઈ જાવ. સમજાણું કાંઈ ?

માટે 'સદા પ્રકાશરૂપ રહો'.... એ કેવળજ્ઞાન તો (જગતમાં) સદા પ્રકાશરૂપ રહો.... મારા સાધ્યમાં-ધ્યેયમાં. જગતમાં એ વસ્તુ (-કેવળજ્ઞાન પર્યાય) છે (તે સદાય પ્રકાશરૂપ રહો) અને વર્તમાનમાં જે મારી (ભાવશ્રુત)જ્ઞાનની પર્યાય છે—કે જે આખા તત્ત્વને દેખે છે તે પર્યાય (પણ) પ્રકાશરૂપ રહો (અર્થાત્) એમ ને એમ રહો કે જેથી આગળ વધીને હું કેવળજ્ઞાન પામું. કહો, સમજાણું કાંઈ ?

સમયસાર અલૌકિક ચીજ છે, ભરતક્ષેત્રનું અજોડ તત્ત્વ છે આ. '**સમયસાર અવિકાર.... સહુ ભૂપ.**'.... (—એમ પંડિત જયચંદજીના પદમાં) આવ્યું'તું કે નહિ ? (સમયસાર) બધા શાસ્ત્રનો રાજા—ભૂપ છે.

એવું આશીર્વાદરૂપ વચન તેને કહ્યું છે.... લ્યો ! 'આશીર્વાદ' કહે છેને ? 'આશીર્વાદ'.... 'વાદ' એટલે વચન. (એ વચનમાં) એવું કહ્યું છે કે, 'અહો ભગવાન ! તારું ચૈતન્યતત્ત્વ (પોતાના) અનંત ધર્મોમાં વ્યાપેલ છે. (અને) એમાં (-ચૈતન્યતત્ત્વના જ્ઞાનમાં) ત્રણ કાળ, ત્રણ લોકના પદાર્થો પણ જણાઈ જાય છે. —એવું એ ચૈતન્યતત્ત્વ છે.' એટલે ચૈતન્યતત્ત્વને (જાણતાં) કોઈ (જાણવાનું) બાકી રહ્યું નહિ. (ચૈતન્યતત્ત્વને જાણતાં) પોતાના અનંતા ધર્મો (પણ જાણવામાં) આવ્યા કે એના (-આત્માના અનંત) ધર્મોમાં જેમ શ્રદ્ધા (છે, તેમ) જ્ઞાન (પણ છે).... એમાં (-પોતાના અનંત ધર્મોમાં), ત્રણ કાળના અનંતા પદાર્થો જણાય એવું તત્ત્વ (સ્વચ્છત્ત્વ શક્તિ) પણ (છે—એમ જાણવામાં) આવ્યું.

—એવા આખા (આત્મ)તત્ત્વને શ્રુતજ્ઞાન જાણે છે. (તે) એમ (ને એમ સાધ્ય દશા સુધી) રહો એ આશીર્વાદ વચન છે.... મંગલિકનું આશીર્વાદ વચન છે. સમજાણું કાંઈ ?

આહાહા ! ગજબ વાત ! કથનની પદ્ધતિ અલૌકિક છે. અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ જબ્બર ! આ...હા ! આવી કથનની પદ્ધતિ વાચ્યના ભાન વિના આવી શકે નહિ. સમજાણું કાંઈ ?

બસ, એ બીજો શ્લોક પૂરો થયો. હવે ત્રીજો.

(ત્રીજા શ્લોકમાં) ટીકાકાર.... અમૃતચંદ્રાચાર્ય પોતે આ ગ્રંથનું વ્યાખ્યાન કરવાના.... આ ગ્રંથનું અથવા આત્માનું વ્યાખ્યાન કરવાના ફળને ચાહતાં પ્રતિજ્ઞા કરે છે :

परपरिणतिहेतोर्मोहनाम्नोऽनुभावा-
द्विरतमनुभाव्यव्याप्तिकल्माषितायाः ।
मम परमविशुद्धिः शुद्धचिन्मात्रमूर्ते-
र्भवतु समयसारव्याख्ययैवानुभूतेः ।।३।।

શ્રીમાન્ અમૃતચંદ્ર આચાર્ય કહે છે.... છઠ્ઠે ગુણસ્થાને છે, વિકલ્પ ઊઠ્યો છે ત્યારે. આ સમયસાર એટલે (શુદ્ધાત્મા તથા ગ્રંથ).... બે (અર્થ કર્યા)....

'સમયસાર' એટલે....

(૧) શુદ્ધાત્મા અથવા (–તથા)

(૨) વાણી.... એની (–શુદ્ધાત્માની વાત) કહેવાય (–કહેનાર) છે તે.

એની (–સમયસારની) ટીકા કરતાં.... એની વ્યાખ્યા (કથની તથા ટીકા)થી જ.... ટીકા)થી જ મારી અનુભૂતિ.... મારી જે અનુભૂતિમાં મને સુખરૂપ પરિણતિ છે, એ 'અનુભૂતિ'.... અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ.... (થાઓ).... દેખો ! પર્યાયને પણ 'મારી અનુભૂતિ' ભાખી (–કહી) દીધી પર્યાયદ્રષ્ટિએ (–પર્યાય અપેક્ષાએ).

બે વાત (કહી) છે પર્યાયદ્રષ્ટિએ :

(૧) મારી અનુભૂતિની.... જે અનુભવ (અપૂર્ણ) સુખરૂપ પરિણમેલ છે.... (–સંવર-નિર્જરા, મોક્ષમાર્ગ).

(૨) એ અનુભૂતિની પરમ વિશુદ્ધિ.... પૂર્ણ સુખરૂપ (દશા) થાઓ.... (–મોક્ષ).

—એમ અંદર ભાવના કરી છે.

કેમ ? છેલ્લે કહેશે : દ્રવ્યદ્રષ્ટિથી.... ચૈતન્યમાત્ર મૂર્તિ છું.... 'હું દ્રવ્યે તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ (છું)'—એ તો મારું ઘોલન ચાલે જ છે. સમજાણું કાંઈ ? મગનભાઈ ! **'शुद्धचिन्मात्रमूर्तेः'**.... શુદ્ધ જ્ઞાનમાત્ર સ્વરૂપ મારું એકલું છે. 'એ જ હું છું'—દ્રવ્યદ્રષ્ટિએ.... 'એ હું છું, એ જ હું છું' —વસ્તુદ્રષ્ટિએ, પણ પર્યાયદ્રષ્ટિએ (–પર્યાય અપેક્ષાએ) મારી અનુભૂતિ સુખરૂપ છે (તો) પણ એમાં (–સાથે) થોડી દુ:ખરૂપ પરિણતિ છે. સમજાણું કાંઈ ?

મારી અનુભૂતિની.... અનુભવનરૂપ પરિણતિની.... જુઓ, અનુભવનરૂપ પરિણતિ તો છે ભાઈ !

(૧) 'શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું' (–જીવતત્ત્વ)....
(૨) એવી દ્રષ્ટિને લઈને અનુભવની (થોડી) શુદ્ધ પરિણતિ તો છે—એમ સિદ્ધ કર્યું છે. (–સંવર, નિર્જરાતત્ત્વ).... સમજાણું ?
(૩) (સાથે) જે 'કલ્માષિત'.... વિભાવરૂપ પરિણમન છે (–આસ્રવ, બંધતત્ત્વ).... (તેને)
(૪) મોહનીય (કર્મનું નિમિત્તપણું) છે (–અજીવતત્ત્વ)....

(પણ) એનું (અહીંયા) કાંઈ (કામ) નથી. એ વિભાવરૂપ પરિણતિ છે એ.... આ મારા શુદ્ધ ચૈતન્યમૂર્તિના ઘોલન (અર્થાત્) અનુભવની (શુદ્ધ) પરિણતિ (સાથે) અશુદ્ધતા (પણ) થોડી છે.... (પરિણતિ થોડી) શુદ્ધ (તો) છે, પણ (સાથે) થોડી અશુદ્ધ (પણ) છે. એ, ઘોલનના સમયમાં અને આ કાળમાં મારી પરમ વિશુદ્ધિ થઈ જાવ....

(૫) પર્યાયમાં પરમ વિશુદ્ધિ થાઓ.... (–મોક્ષતત્ત્વ)

વસ્તુ(દ્રષ્ટિ)એ તો હું છું તે છું.... સમજાણું કાંઈ ? વસ્તુએ તો હું છું એ છું. એમાં, મારી પરમ વિશુદ્ધિ (થાઓ) કે ઓછી અશુદ્ધિ (ટળો)—એવું કાંઈ છે નહિ. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.... જુઓ, સાધક જીવની (આવી દશા) હોય છે. ભગવાન આત્મા શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ.... એકલા જ્ઞાયકસ્વભાવમય સ્વરૂપ જેનું છે એ વસ્તુ હું (છું)—દ્રવ્ય (અપેક્ષાએ).... વસ્તુ (અપેક્ષા)એ.... ધ્રુવ(ની અપેક્ષાએ). પણ

પર્યાયદ્રષ્ટિએ (–પર્યાય અપેક્ષાએ), મારી પર્યાયમાં અનુભૂતિ જે દ્રવ્યના આશ્રયે થઈ છે એ અનુભૂતિ (સાથે) હજુ **'કલ્માષિત'**.... થોડી કલુષિતતા છે. (શુદ્ધ) અનુભૂતિ છે તો ખરી.... સમજાય છે કાંઈ ? કેમ કે દ્રવ્યદ્રષ્ટિએ 'આવો છું' એવા જે શ્રદ્ધા ને જ્ઞાન પરિણમ્યા (છે એથી) એ શુદ્ધરૂપે અનુભૂતિ તો છે. સમજાણું કાંઈ ?

ઓહોહો ! કહે છે કે 'શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું'—એવું પર્યાયે ભાન કર્યું છે.... શેઠ ! પર્યાયે 'શુદ્ધ ચિન્માત્ર મૂર્તિ છું'—એમ ભાન કર્યું છે એટલે પર્યાય (થોડી) શુદ્ધ તો છે. આ (દ્રવ્ય) તો ત્રિકાળી શુદ્ધ છે, (પણ) એનો સ્વીકાર કર્યો છે એથી પર્યાયમાં શુદ્ધતાની અનુભૂતિ છે.... સુખની, શાંતિની, આનંદની આદિ પર્યાય છે તો ખરી. (દ્રવ્યે) 'ત્રિકાળી શુદ્ધ છું'—એ હું (અને) પર્યાયે 'આ હું આવો (થોડો શુદ્ધ)'—એમ (કહે છે). એ પણ કીધુંને ? **'મમ'**.... 'પર્યાય પણ મારી'—એમ કીધુંને ? વસ્તુ ત્રિકાળી (પણ) હું (અને) પર્યાય પણ મારી. સમજાણું કાંઈ ?

અનુભવનરૂપ પરિણતિની (પરમ વિશુદ્ધિ થાઓ).... એટલે એનો અર્થ એવો નથી કે મારી અનુભૂતિની પરિણતિ બિલકુલ અશુદ્ધ છે. સમજાય છે ? તો તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિની દ્રષ્ટિ થઈ નથી (અને) દ્રષ્ટિ થઈ નથી તો (શુદ્ધ) અનુભૂતિ (પણ) નથી, (પણ) એ વાત તો અહીં છે જ નહિ. સમજાણું કાંઈ ?

આમાં ઘણા (એમ કહે છે), 'જુઓ, ટીકા કરતાં કરતાં એ વિકલ્પ છે (તો) પણ એનાથી શુદ્ધિ થાશે. (—એમ આચાર્યદેવ કહે છે).'

અરે ભગવાન ! એમ નથી ભાઈ ! મગનભાઈ ! આહાહા ! અરે પ્રભુ ! તને એના અર્થો(ની શી ખબર પડે !).... '<u>અર્થ' એવું જે દ્રવ્ય છે એના ભાન વિના અર્થ કરે (તો), એ બધા અર્થના અનર્થ થઈ જાય.</u>

'આ શાસ્ત્ર લખતાં લખતાં વિકલ્પ છે અને એમાંથી મને શુદ્ધિ થઈ જશે. એ શુભભાવમાંથી મને શુદ્ધિ થશે'—આવું (અજ્ઞાની) કાઢે છે આમાંથી. લખ્યું છે ખરુંને ? જુઓ, આ સમયસારની કથની અને ટીકાથી **'જ'**—એમ શબ્દ છે. છે ? અમરચંદભાઈ !

(અજ્ઞાની :) 'ટીકાથી (પરમ વિશુદ્ધિ) થઈ જાઓ'—એમ કહે છે જુઓ !

(સમાધાન :) 'વિકલ્પ કરું છું (ટીકા) લખવાનો એમાંથી મારી (પરમ) વિશુદ્ધિ થઈ જાઓ'—એમ (આચાર્યનું કહેવું) નથી. મારું દ્રવ્યદ્રષ્ટિ(રૂપ) ઘોલન કાયમ થઈને (–રહ્યું છે). જ્યારે (ટીકા લખવાનો) વિકલ્પ આવીને (વસ્તુસ્વરૂપ) સ્થપાય છે (કે) 'આ શું છે.... આ છે' એ વખતે પણ દ્રવ્યદ્રષ્ટિના જોરનું જ કામ છે મારું. એ (દ્રવ્યદ્રષ્ટિના) જોરને કારણે અનુભૂતિ પ્રગટી છે (અને) તેના જ જોરને કારણે અનુભૂતિ પૂર્ણ થાવ—એ મારું ફળ છે ટીકા (લખવા)નું. સમજાણું કાંઈ ?

અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ....—એમ શબ્દ છેને ? 'પરમ વિશુદ્ધિ'નો અર્થ, બિલકુલ શુદ્ધિ નથી ને અશુદ્ધતા (જ છે)—એમ નથી. ભાઈ ! 'પરમ વિશુદ્ધિ'.... શબ્દ મૂક્યો છે. 'પરમ (વિશુદ્ધિ)'નો અર્થ (થોડી) શુદ્ધિ તો છે. વસ્તુ જે ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ.... કલ્યાણમૂર્તિ પ્રભુ છે 'એ હું'—એવી જે દ્રષ્ટિ થઈ, એવું જે જ્ઞાન થયું એથી મારી (થોડી) શુદ્ધિ તો છે.... (થોડી) શુદ્ધિ તો છે, (હવે) પરમ વિશુદ્ધિ હો. સમજાણું કાંઈ ? આહાહા !

'પણ આ.... પણ આ.... આ' (—એમ ચૈતન્ય)વસ્તુનું ઘોલન છે. 'શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું'—એવી દ્રષ્ટિ મારી છે અને (એથી) દ્રષ્ટિની પર્યાય, જ્ઞાન, (આદિ) શુદ્ધ તો થયાં છે, એટલે સર્વથા અશુદ્ધ છે એમ તો નથી. (અને) આ વાતને સ્થાપવા ('પરમ વિશુદ્ધિ થાઓ'—એમ કહ્યું છે). ટીકા (કરવાના) કાળે (વિકલ્પ તો છે, તો) પણ મારું ઘોલન તો (અંદરમાં) છે.... અંદર વલણ છે. એ વલણના અને ઘોલનના કારણે મારી જે શુદ્ધિ.... થોડી શુદ્ધિ છે (તે) પૂરી શુદ્ધિ થાવ દ્રવ્યનો ખૂબ આધાર લઈને—એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા !

આ સમયસારની વ્યાખ્યાથી જ....—એમ છેને શબ્દમાં ? 'समयसारव्याख्ययैव'... લ્યો ! 'સમયસારની ટીકાથી જ'....—એમ (કહ્યું છે). એટલે....

(અજ્ઞાની એમ અર્થ) કાઢે છે કે 'ટીકાથી (–વિકલ્પથી વિશુદ્ધિ) થશે.'

(સમાધાન :) ભાઈ ! ટીકાથી (–ટીકા કરવાનો) તો વિકલ્પ છે (અને) વાણી તો વાણીને કારણે પરિણમે છે. (વાણી =) શાસ્ત્રો. એ તો આગળ કહેશે, છેલ્લે. ....પ્રવચનસારમાં (કળશ ૨૧માં) કહ્યુંને ભાઈ ! (તેમ જ સમયસારના) છેલ્લા

(કળશ ૨૭૮માં પણ કહ્યું કે) 'શબ્દો મારા નથી. એ તો શબ્દોથી આ સમયસાર બની ગયું છે.' (તો જે) શબ્દોથી બની ગયું (હોય) એનાથી મારે (-મને) લાભ થાય ? અને (ટીકા કરવાનો) પરલક્ષી વિકલ્પ ઊઠ્યો છે એ તો પુણ્યનું કારણ છે. હું તો 'સ્વરૂપગુપ્ત' છું. વિકલ્પથી પણ (ભિન્ન) હું અંદરમાં છું, વિકલ્પમાં હું નથી. સમજાણું કાંઈ ? આહાહા !

વસ્તુ (-તત્ત્વ) ન સમજાય એટલે આવો ઊંધો અર્થ (અજ્ઞાની) કરે, (પણ) એથી કાંઈ વસ્તુ (-તત્ત્વ) ફરી જાય છે ? (ના). (કોઈ) ભણ્યા હોય મોટા વ્યાકરણ ને સંસ્કૃત, (પણ) એથી શું ? સમજાય છે ? એમ (વિપરીતતા) ન હોય (-કરાય) ભાઈ ! તને નુકશાન થાય એવી વાત શાસ્ત્રે કરી હોય ? 'વિકલ્પથી આત્માને લાભ થાય'—એ (વાતથી) તો નુકશાન છે. (માટે) 'એનાથી (-વિકલ્પથી) લાભ થાય'—એમ (શાસ્ત્રે) કહ્યું હોય ? (ના). બીજે ઠેકાણે (વિકલ્પથી લાભ થવાની) ના પાડે કે વિકલ્પ તો ઝેર છે, બંધ છે, પુણ્યનું કારણ છે, મોક્ષનો ઘાતક છે (અને) એને.... વિકલ્પને વળી અહીંયા મોક્ષનું સાધન અને શુદ્ધિનું કારણ કહે ? (ના). સમજાણું કાંઈ ? આ સમયસાર.... પરમાત્માકી ઐસી ચીજ હૈ.

શ્રોતા : વિકલ્પ થવાનું કારણ શું છે ?
પૂજ્ય ગુરુદેવશ્રી : ....એ શું પ્રશ્ન છે ?

શ્રોતા : (જ્ઞાનીને) વિકલ્પ ઊઠે છે એનું કારણ શું છે ?
પૂજ્ય ગુરુદેવશ્રી : એમ કહે છે.... (વિકલ્પ) એ પોતાની (-જ્ઞાનીની) નબળાઈથી (થાય) છે. (શ્રોતાને) હજુ નથી (સમજાણું), એને સમજતાં વાર લાગે છેને ? વિકલ્પ, પોતાની નબળાઈને લઈને (જ્ઞાનીને) આવે છે. (તેને) રાગ છે.... વિકલ્પ છે, પણ એનો આશ્રય કે સ્વામી નથી.... આશ્રય એનો (-વિકલ્પનો) નથી. ઝીણી વાત છે. ભાઈ ! આ તો તત્ત્વ એવું ઝીણું છે. લોકોને તત્ત્વના ભાન વિના માર્ગ.... ધર્મ સમજી લેવો છે, (પણ) એવો ધર્મ છે નહિ.

(જ્ઞાનીને હજુ) વિકલ્પ છેને ? (પૂર્ણ) વીતરાગ ક્યાં થઈ ગયો છે આત્મા (-જ્ઞાની) ? એ (ટીકા લખતી) વખતે વિકલ્પ.... રાગ છે શુભ, પણ (આચાર્યદેવ) શુભના સ્વામી નથી.... શુભ પ્રત્યેની રુચિ નથી, રુચિ તો જ્ઞાયકસ્વરૂપ તરફ ઢળી

ગયેલી છે. એ (રૂચિ) ઢળેલી જ્યાં છે ત્યાં વળેલી છે. (હવે) વલણ (–ચારિત્ર) વિશેષ થાઓ—એ વાત છે. સમજાણું કાંઈ ? ઓહોહો !

'એમ જ્ઞાનીના......' એમ હશે ન્યાલભાઈ ?....

એ કહેતાં અમારે (ગુરુભાઈ) હોં.... શ્વેતાંબરમાં કહેતા. ૨૪મો ધમ્મોનો અધિકાર છેને ? ભગવતીનો એક લેખ છે. હા, છેને ?.... અમે તો પહેલું એ વાંચ્યું ત્યારે મને પૂછવા બધા આવતા. એટલું મેં સૂક્ષ્મતાથી વાંચ્યું પહેલું જ હોં, (સંવત) ૭૧માં. ૨૪મો ધમ્મોનો અધિકાર. ૭૧(ની સાલ).

પહેલું જ વાંચ્યું ને ત્યાં અમારા (ગુરુભાઈ) હતા જગજીવનજી. (અમારા ગુરુએ) દીક્ષા આપી હતીને ?.... ૮૮ વર્ષના હતા, તે પૂછવા આવે 'આનું કેમ ?' (તો) બીજા (ગુરુભાઈ) મૂળચંદજી (તેમને કહે :) 'એ તને શરમ નથી આવતી ? ૨૦ વર્ષની દીક્ષાવાળો એક વર્ષની દીક્ષાવાળાને પૂછે છે તો ?' લાઠીમાં વાત થયેલી, (વિક્રમ સંવત ૧૯)૭૧માં.

પણ (તેમાં) સાધારણ વાત હતી (એટલે) ભાઈ ! એકદમ બેસી જતી, કાંઈ વગર (વિશેષ) વાંચ્યે.... કાંઈ બીજું વંચાયું નહોતું બહુ. મારી મેળે વાંચતો હતો. ઓહોહો ! આ તો આમ કહે છે, ધારણાનો વિષય છે. એમાં શું છે ?.... કે 'આના આ જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ ૯ ભેદ છે.... જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ નવ, એક.. એકના નવ ભેદ છે....' એમ વાંચ્યું. એની મોટી—ઘણી વ્યાખ્યા છે.... બહુ અધિકાર સાધારણ, જાણવાની વાત.

જગજીવનજી પૂછવા આવે : 'આનો શું અર્થ ?'

(ઉત્તર) : 'આનો અર્થ આ.'

એ મૂળચંદજીને ખટકે. (તે કહે) : '(તારી) ૨૦ વર્ષની દીક્ષા ને દોઢ વર્ષની દીક્ષાવાળાને પૂછવા જાય, શરમ નથી આવતી ?'

તે (જગજીવનજી) કહે : 'મને આવડતું નથી શું કરું ?'

એમાં કાંઈ (વિશેષ ન હતું), જાણવાની વાત હતી. એમાં તો એવી (–સાધારણ) વાત છે. પણ હવે એમાં લોકોને એમ (અભિમાન થાય કે) 'ધમ્મા જાણી (–જાણે તે) મોટો થઈ ગયો.' તમારા પુરુષોત્તમજીને (એનું અભિમાન) બહુ

હતું.... ધમ્મા.... ધમ્મા.... એને (–પુરુષોત્તમજીને) એમ કે 'અમે બહુ જ્ઞાનવાળા આહાહા !' હવે એમાં તો જાણવાની વાત છે. એમાં શું છે ?

આત્માના જ્ઞાન વિના ક્યાંય સુખ ને શાંતિ નથી. 'સમયસાર'માં (–કળશ ટીકામાં) ન આવી ગયું પહેલું (–પહેલા કળશમાં) ? કળશ (ટીકા)માં આપણે આવી ગયું કે છ દ્રવ્ય, એના ગુણો અને એની પર્યાય (તથા) જે અશુદ્ધ સંસારી જીવ છે એને જાણતાં પણ જાણનારને જ્ઞાન નથી (અને) સુખેય નથી. સંસારી જીવ અનંતા અશુદ્ધ, પુદ્‌ગલ આદિ અજીવ—એને જ્ઞાન પણ નથી ને સુખ પણ નથી. અનંતા જીવો સંસારી અશુદ્ધ અને (જીવથી) અનંતગુણા અનંતા પુદ્‌ગલો, આદિ-વગેરે (પાંચ અજીવ દ્રવ્યો) છે એને (તો) જ્ઞાન ને સુખ નથી, પણ એના જાણનારનેય જ્ઞાન ને સુખ નથી. એના જાણનારને સુખ-જ્ઞાન ક્યાંથી આવ્યું ? આત્મા(માં જ્ઞાન ને) સુખ છે, તો એને જાણનારને (પણ) જ્ઞાન ને સુખ છે. સમજાણું કાંઈ ?

(ધારણાજ્ઞાનમાં) લાખ વાત હોયને શાસ્ત્રની, પણ એમાં શું છે ? પરનું જ્ઞાન એ ક્યાં 'જ્ઞાન' હતું ? એ તો પરપ્રકાશક એકલું જ્ઞાન.... એકાન્ત જ્ઞાન થઈ ગયું. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ પરમાત્મા પોતે છે એનું જ્ઞાન તે 'જ્ઞાન' ને એ જ્ઞાન (સાથે) સુખ તે 'સુખ'. સમજાણું કાંઈ ? એમાં (–ધારણાજ્ઞાનમાં) પાછું અભિમાન થઈ જાય કે 'અમને આવડે છે બહુ.' ધમ્મા આવડ્યા, નામ આવડ્યા, અપર્યાપ્તિમાં આમ હોય, પર્યાપ્તિમાં જઘન્યમાં આમ હોય, મધ્યમમાં આમ હોય, ઉત્કૃષ્ટમાં આમ હોય. લ્યો ! આ પલાખાં શીખ્યો.

'શ્રીમદ્'માં આવે છેને ? નથી આવતું ? શાસ્ત્ર.... શું ? આવે છેને પહેલાં ? નહીં ? શાસ્ત્ર 'ભંગમાં જે સમજે શ્રુતજ્ઞાન....' 'દેવાદિ ગતિ....'—એ એવું છે ત્યાં ધમ્મા (અધિકાર)માં.

દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન;
માને નિજ મતવેષનો, આગ્રહ મુક્તિનિદાન.

(આત્મસિદ્ધિ ગાથા–૨૭)

'દેવાદિ ગતિ ભંગમાં....' બધા ભંગો છે એમાં.... ધમ્મામાં. અપર્યાપ્તિ દેહ હોય ત્યારે તેને આવું જ્ઞાન હોય અને આટલા દર્શન હોય, આટલું.....હોય, પર્યાપ્તિ હોય

તો આમ હોય, જઘન્ય-મધ્યમ-ઉત્કૃષ્ટ.... (આદિ) વાતોના સેંકડો-હજારો બોલ છે. સમજાણું કાંઈ ? 'દેવાદિ ગતિ ભંગમાં....' દેવ આદિ ચારે ગતિ, એના ભંગો, એના પેટાભેદ ને ફલાણું ને ફલાણું..... 'દેવાદિ ગતિ ભંગમાં, જે સમજે શ્રુતજ્ઞાન.'.... લ્યો ! એ (અજ્ઞાની એને) 'શ્રુતજ્ઞાન' સમજે છે. (અહીં) કહે છે કે એ 'શ્રુતજ્ઞાન' નહિ. સમજાણું કાંઈ ?

અહીં તો કહે છે.... છેલ્લું આવશે (કે) 'હું દ્રવ્યદ્રષ્ટિથી તો શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું'.... 'હું વસ્તુથી તો....' આ, 'शुद्धचिन्मात्रमूर्तेः'નો અર્થ કર્યો.... છેને (શ્લોકમાં) ત્રીજું પદ (ત્રીજી લાઈન) ? 'હું દ્રવ્યથી તો શુદ્ધ ચિન્માત્ર છું અને હું પર્યાયથી આવો (થોડો શુદ્ધ) છું'—બેય.... બેય પોતાની વાત છે. 'વસ્તુથી તો હું દ્રવ્ય.... શુદ્ધ ચિન્માત્ર ધ્રુવ જ્ઞાયકભાવ ત્રિકાળી એકરૂપ વસ્તુ છે તે હું. દ્રવ્યદ્રષ્ટિએ તો આ જ હું.' વ્યવહારનયે.... પર્યાયદ્રષ્ટિ (–પર્યાય અપેક્ષા)એ....

હવે એ વાત આવી. 'પર્યાયદ્રષ્ટિમાં—વ્યવહારનયના વિષયમાં મારી અનુભૂતિ શુદ્ધ છે થોડી (અને) એ પર્યાયદ્રષ્ટિએ શુદ્ધ છું.' પૂર્ણ શુદ્ધતા તો ત્રિકાળી દ્રવ્યદ્રષ્ટિએ છે (અને) એનો આશ્રય લઈને મને પર્યાયમાં જે (થોડી) શુદ્ધતા પ્રગટી છે એ પર્યાય, પર્યાય(નયનો).... વ્યવહારનયનો વિષય છે. સમજાણું કાંઈ ?

એ મારી.... 'મમ'.... પાછું આહીં (પર્યાયની વાતમાં) પણ 'મમ' કીધું (અને) ત્યાં (દ્રવ્યની વાતમાં) પણ 'મમ' કીધું.

(૧) દ્રવ્યદ્રષ્ટિવાળો (–દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ 'ત્રિકાળી દ્રવ્ય) હું' અને
(૨) (પર્યાય અપેક્ષાએ) 'અનુભૂતિ (પર્યાય) મારી'—એમ બે વાત લીધી.

દ્રવ્યદ્રષ્ટિએ વસ્તુ તે હું અને (પર્યાય અપેક્ષાએ) અનુભૂતિ પર્યાય તે હું —એમ (કહે છે). સમજાણું કાંઈ ? મારી અનુભૂતિની....

'અનુભૂતિ મારી'—એ તો પર્યાય છે ? સમજાણું કાંઈ ? ભાઈ ! મગનભાઈ !

(સમાધાન :) બાપુ ! પણ પર્યાય પણ મારી છે (અને) ચિન્માત્ર (દ્રવ્ય) પણ હું છું —બે થઈને આખું દ્રવ્ય (–પ્રમાણનો વિષય) છે. સમજાણું કાંઈ ?

અનુભવનરૂપ પરિણતિની પરમ વિશુદ્ધિ.... (આ) પહેલાં 'મારી' શબ્દ પડ્યો છે. મારી અનુભૂતિની (અર્થાત્) અનુભવનરૂપ પરિણતિ.... 'પરિણતિ'

એટલે પર્યાય. એની પરમ વિશુદ્ધિ.... (થોડી) શુદ્ધિ તો છે પર્યાયદ્રષ્ટિમાં (–પર્યાયમાં), (અને એ શુદ્ધિ) દ્રવ્યદ્રષ્ટિએ થયેલી છે. સમજાણું કાંઈ ? (હવે), (સમસ્ત રાગાદિ વિભાવપરિણતિ રહિત ઉત્કૃષ્ટ નિર્મળતા) થાઓ.... લ્યો ! 'ઉત્કૃષ્ટ નિર્મળતા થાઓ'નો અર્થ એવો છે કે (થોડી) નિર્મળતા તો છે. સમજાણું કાંઈ ?

કેવી છે તે પરિણતિ ? પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ (–ઉદયરૂપ વિપાક).... (એના નિમિત્તે) એ મલિનતા છે.... એટલી (અસ્થિરતા છે) હોં. મારી અનુભૂતિ....

(પ્રશ્ન :) પરિણતિમાં 'પરમ વિશુદ્ધિ થાઓ'—એમ કેમ કહે છે ?
(સમાધાન :) (કેમ કે) અશુદ્ધતા થોડી છે.

એ અશુદ્ધતા કેમ છે એ (હવે કહે છે) :

કેવી છે તે પરિણતિ ? પરપરિણતિનું કારણ....

(૧) જે મોહ નામનું કર્મ તેના.... નિમિત્તના અનુભાવને.... પ્રભાવને લીધે (મેલી છે)....
(૨) (ખરેખર તો) મારી યોગ્યતાને કારણે મારામાં અનુભાવ્ય (રાગાદિ પરિણામો)ની વ્યાપ્તિ છે.... મારી પર્યાયમાં રાગાદિ વિભાવની વ્યાપ્તિ છે.

(૧) વસ્તુએ શુદ્ધ છું,
(૨) (થોડી) શુદ્ધિ પર્યાયમાં પ્રગટી છે,
(૩) છતાંય એ પર્યાયમાં જરીક રાગાદિની અશુદ્ધતા પણ વ્યાપેલી છે.

સમજાણું કાંઈ ? એકલી (–પૂર્ણપણે) રાગાદિથી મારી પરિણતિ વ્યાપી છે—એમ ન લેવું એમાં. નહીંતર (અનુભૂતિ થઈ જ નથી—એમ સિદ્ધ થશે).

આહીં એમ કહે છે કે.... કેવી છે તે પરિણતિ ?.... ભાઈ ! (જુઓ ! શું કહેવું છે ? કે) કેવી છે તે પરિણતિ ?

પરપરિણતિનું કારણ જે મોહ નામનું (કર્મ તેના અનુભાવને લીધે) જે અનુભાવ્ય.... રાગાદિ સાથે વ્યાપ્તિ છે.... (પણ) આખી પરિણતિની રાગાદિ સાથે વ્યાપ્તિ છે—એમ નહિ. કેમ કે માથે (–ઉપર) કીધું કે : 'મારી પરમ વિશુદ્ધિ હો.' (એટલે થોડી) શુદ્ધિ તો છે. સમજાણું કાંઈ ? આહાહા !

(થોડી શુદ્ધિ સિવાયની) બાકીની કેવી છે પરિણતિ ?

કે પરિણતિમાં આટલી (–અસ્થિરતાની) અશુદ્ધતા છે, રાગમાં વ્યાપેલાપણું છે (અને) એમ મારું જ્ઞાન જાણે છે. (પર્યાયમાં મલિનતા) વ્યાપેલી છે, (કેમ કે ટીકા લખવાનો) વિકલ્પ ઊઠ્યો છે (તેથી) અવસ્થામાં (અસ્થિરતાના શુભ)રાગની મલિનતા વ્યાપી છે (અને) એ મારી યોગ્યતાથી વ્યાપી છે—એમ કહે છે.

અનુભાવ્ય.... હું રાગને ભોગવાને યોગ્ય (છું એ) માટે.... (રાગને) અનુભવવાને યોગ્ય છું એ માટે એટલી (અસ્થિરતાની) પર્યાય થઈ છે. સમજાણું કાંઈ ? હું સાધક છું, એટલે જરી (અસ્થિરતાના) રાગ-દ્વેષથી બાધકપણાની પર્યાય વ્યાપેલી છે—એમ કહે છે. આહાહા !

અમૃતચંદ્ર આચાર્ય !.... આહાહા ! જ્યારે હશે અહીંયા ભરતક્ષેત્રમાં ધર્મના થાંભલા.... દિગંબર મુનિ, એક મોરપીંછી-કમંડળ બાહ્યના ઉપકરણ. આહાહા ! (પણ) એમને (સંપ્રદાયવાળાએ) ઓળખ્યા નહીં. સંપ્રદાયમાં બે (દિગંબર ને શ્વેતાંબર એવા ભાગ) પડી ગયેલા એટલે એમને પણ જાણ્યા નહીં (ને સંપ્રદાયવાળાએ) 'આપણા નહીં.... આપણા નહીં'(—એમ માન્યું, કેમ કે) એ નગ્ન છે.... આહાહા ! જુઓને પણ એમની સ્થિતિ ! એક-એક શબ્દમાં ને એક-એક ભાવમાં કેટલી ગંભીરતા ! કહો, સમજાણું ?

(ભીખાભાઈ પ્રશંસા કરે છે એટલે પૂજ્ય ગુરુદેવશ્રી કહે છે) : ટાણું આવે ત્યારે કહેને એ. આહાહા ! એમાં (–શાસ્ત્રમાં) છે જુઓને કેટલું ! અને હવે તો આ ૧૬મી વાર વંચાય છે (એટલે) કાંઈ વધારે સ્પષ્ટ તો થાવું જોઈએ કે નહીં ? કહો, સમજાણું કાંઈ ? આહાહા !

અહીં તો એમ લીધું કે મારી અનુભૂતિની.... પરિણતિની પરમ વિશુદ્ધિ હો. પછી (–હવે કહે છે કે) કેવી છે તે પરિણતિ ?.... કેવી છે તે પરિણતિ ?....

પણ એ કઈ પરિણતિ ?

કે પરિણતિમાં જેટલી (-થોડી) અશુદ્ધતા રહી છે—એ પરિણતિ.

પરપરિણતિનું કારણ જે મોહ નામનું કર્મ તેના અનુભાવ.... એના વિપાકને લીધે.... એમાં જોડાણને લીધે. 'વિપાક' એનો (કર્મનો છે). હવે અહીંયા (જીવમાં) અનુભાવ્ય.... પોતાની યોગ્યતા છે જોડાવાની. એને લીધે જે અનુભાવ્ય.... નામ રાગાદિની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર કલ્માષિત છે.... ભાષા જુઓ ! ઓહોહો !

(૧) જેમ દ્રવ્ય ત્રિકાળી શુદ્ધ.... નિરંતર શુદ્ધ છે.... (અનાદિ-અનંત),
(૨) પર્યાયની અંશે નિર્મળતા પણ નિરંતર તો છે.... (સાદિ-સાંત),
(૩) મલિનતાનો અંશ પણ નિરંતર હજુ છે.... (અનાદિ-સાંત)

સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે કે એ નિરંતર કલ્માષિત છે.... છેને ભાષા ? ....શું કીધું પહેલું ? 'अविरतम्'.... જુઓ ! (શ્લોકની) બે લીટી (ત્રીજે પાને) છે ને બે લીટી (ચોથે પાને) છે. अविरतम् अनुभाव्य-व्याप्ति-कल्माषिताया:.... આહાહા ! શું કહે છે ? ભગવાન આત્મા.... જુઓ !....

(૧) અને હું કેવો છું ?—એમ પાછી ભાષા લીધી. અને હું કેવો છું ? (દ્રવ્યદ્રષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું).... (-જીવતત્ત્વ)
(૨) (પર્યાયમાં) 'મમ' (-મારી અનુભૂતિની) પરિણતિ કીધી'તી (અને તે) 'મમ' પરિણતિની પરમ વિશુદ્ધિ થાઓ.... (-સંવર, નિર્જરા ને મોક્ષતત્ત્વ) અને
(૩) એ પરિણતિ જરી કલ્માષિત છે—એવો હું છું.... (-આસ્રવ, બંધતત્ત્વ)

પર્યાયે એવો (થોડો શુદ્ધ પણ) છું (અને)
પર્યાયે એવો (થોડો અશુદ્ધ પણ) છું.

પણ હવે દ્રવ્યે 'હું કેવો છું' ત્યારે પછી....

(તો શું પર્યાયમાં) ન હતો (–નથી) તું ?

(સમાધાન :) (છું ને !). એટલે કે 'હું' (નો) અર્થ (એ છે) કે પર્યાયે-પર્યાયે હું (મલિન) હતો (અને છું, પણ) દ્રવ્યે (–દ્રવ્ય અપેક્ષાએ) એમાં (–મલિનતામાં) હું નથી. દ્રવ્યે તો આ આખો અખંડ છું.

હું કેવો છું ? દ્રવ્યદ્રષ્ટિથી શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.... હું તો એકલો ધ્રુવ.... ચૈતન્યપુંજનો ધ્રુવ.... સદ્રશ એકલો અખંડ (ધ્રુવ) એ હું છું—દ્રવ્યદ્રષ્ટિથી. પર્યાયદ્રષ્ટિએ (–પર્યાય અપેક્ષાએ) અનુભૂતિની પરિણતિ શુદ્ધ છે (અને) કેટલીક (પરિણતિ અંશે) અશુદ્ધ.... મલિન છે એ પણ હું છું. એટલો (અશુદ્ધ અંશ છે) એ પણ **'મમ'** છે.... એ પણ મારી (પરિણતિ) છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? વજુભાઈ !

(૧) પરિણતિ (થોડી) શુદ્ધ છે એ મારી છે અને

(૨) થોડી અશુદ્ધતા છે એ (પણ) મારામાં મારી છે અને

(૩) દ્રવ્યદ્રષ્ટિએ હું ત્રિકાળી (શુદ્ધ) આવો છું.

માટે, પર્યાયમાં જે અશુદ્ધતા છે થોડી, એ દ્રવ્યદ્રષ્ટિના ઘોલનથી (ટળી જાવ. અંશે શુદ્ધ) પર્યાય જે પ્રગટેલી છે (એનાથી) એનું (–દ્રવ્યનું) ઘોલન ચાલશે આ (ટીકાના) કાળમાં (અને) ઘોલન ચાલતાં મારી (અંશે) શુદ્ધિ પૂર્ણ થઈ જાઓ.... પર્યાયની (અંશે) શુદ્ધિ પૂર્ણ થઈ જાઓ—એમ કહે છે. કારણ કે....

(૧) દ્રવ્યદ્રષ્ટિ પણ નિરંતર ચાલે છે,

(૨) શુદ્ધિની પરિણતિનો નિર્મળ અંશ છે એ પણ નિરંતર ચાલે છે અને

(૩) એની સાથે નિરંતર (અસ્થિરતાના) રાગાદિક (પણ) છે.

તો આ (–ત્રિકાળી) નિરંતરના આશ્રયે એ અશુદ્ધતા (–અસ્થિરતા) ટળીને (પૂર્ણ) શુદ્ધિ થાઓ. સમજાણું કાંઈ ?

'નિરંતર' કલ્માષિત... ભારે વાત આ ભાઈ ! ત્રણ પ્રકારના નિરંતર કહ્યાં.

શ્રોતા : સાધુની અપેક્ષાથી....

પૂજ્ય ગુરુદેવશ્રી : (અપ્રમત્તદશાના) સાધુની અહીંયા (વાત નથી).... અહીં તો છઠ્ઠા (ગુણસ્થાન)ની વાત છે અત્યારે. સાતમે (ગુણસ્થાને) અશુદ્ધિ છે, (પણ)

એની ગણતરી નથી (અર્થાત્) એને ગૌણ કરીને કહે છે (કે ત્યાં અશુદ્ધતા નથી).... ગૌણ કરીને (કહે છે). અહીં છઠ્ઠાની અપેક્ષાની વાત છે. ....'શુદ્ધ થઈ જાઉં' એટલે કે પૂર્ણ શુદ્ધ થઈ જાઉં. એનો અર્થ કે હું અપ્રમત્ત દશામાં આવી જાઉં ને (પછી પૂર્ણ) શુદ્ધિ થઈ જાય.—એમ સમુચ્ચય 'શુદ્ધિ'માં (–શુદ્ધિ કહેતાં) 'પૂર્ણ થઈ જાઉં' એમ પણ આવે. ભાષામાં તો એમ છેને અહીંયા.

શુદ્ધ ઉપયોગ ગણ્યો છેને સાતમે (ગુણસ્થાને) ? તો ત્યાં આગળ શુભ(ભાવ) ગણ્યો નથી, (છતાં) છે તો રાગ થોડોક (–અબુદ્ધિપૂર્વકનો). આ તો 'કથંચિત્' (—એમ) ભાઈએ લખ્યું છેને ? (એનો ખુલસો છે) કે કથંચિત્ (અબુદ્ધિપૂર્વકનો રાગ) ન હોય તો પછી સાતમે (ગુણસ્થાને) શુદ્ધ ઉપયોગ છે એકલો ? એકલો શુદ્ધ ઉપયોગ છે ? (ના), રાગનો સંગ છેને (હજુ). (માટે) જે (અપેક્ષાએ) વર્ણવ્યું છે એ અપેક્ષાએ બરાબર છે.

(કોઈ કહે છે) : આહીં 'કથંચિત્' (શબ્દ) ન હોય.

(સમાધાન :) હવે અહીંયા (–સાતમા ગુણસ્થાનમાં) 'કથંચિત્' (રાગ) ન હોય તો ત્યારે શું (પૂર્ણ વીતરાગતા) હોય ? સાંભળને !

જીવના અસંખ્ય પરિણામ છે એને મધ્યમ પરિણામથી (–વર્ણન કરતાં) ચૌદ (ગુણસ્થાનરૂપે) વર્ણવ્યા છે (અને) ઉપયોગથી ત્રણ (અશુભ, શુભ અને શુદ્ધ —એ પ્રકારે) વર્ણવ્યું, પણ ત્રણ ઉપયોગરૂપે મુખ્યપણે વર્ણવ્યું છે. (પ્રવચનસાર ગાથા-૯, જયસેનાચાર્યની ટીકા). બાકી કંઈ અંદર..... અને શુદ્ધ ઉપયોગ સાતમે (ગુણસ્થાને) લીધો છે, તો એકલો શુદ્ધ ઉપયોગ છે ત્યાં ? (અબુદ્ધિપૂર્વક) રાગનો નથી ભાગ ? (પણ) એને નથી ગણ્યો.

એમ અહીંયા ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને) શુભ ઉપયોગવાળા ગણ્યા છે, પણ (તેથી) શુદ્ધ પરિણતિ નથી ત્યાં ? ચોથે, પાંચમે શુદ્ધ ઉપયોગ પણ છે. ઉપયોગ તો.... ચોથે (તથા) પાંચમે (ગુણસ્થાનમાં) પણ (શુદ્ધ) ઉપયોગ છે, પણ કોઈ વાર (હોય) છે. અહીં (–ત્રીજા કળશમાં) તો બીજી (–છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજની) અપેક્ષાએ કહ્યું છે.

સમજાણું ?....

કે જ્યારે એને (ચોથે-પાંચમે ગુણસ્થાને) શુભ(ભાવ)ની મુખ્યતા કીધી, તો પણ શુદ્ધ ઉપયોગ પણ કોઈ વાર છે એ (વાત) એમાં આવી જાય છે. (એવી રીતે) સાતમે શુદ્ધ ઉપયોગની મુખ્યતા કીધી, તો પણ (સાથે અબુદ્ધિપૂર્વક) રાગ છે શુભ. (છતાં પણ) એમાં (સાતમે અબુદ્ધિપૂર્વક રાગ) છે એને ગણ્યો નથી (અને) એની (–શુદ્ધોપયોગની) મુખ્યતાથી વાત કરી છે. આમાં (ચોથે-પાંચમે) શુભભાવની મુખ્યતા (છે) ત્યાં શુદ્ધ ઉપયોગ પણ કોઈ વાર હોય છે.... ચોથે-પાંચમે પણ (શુદ્ધ ઉપયોગ) હોય છે. આહાહા ! સમજાણું કાંઈ ? ભારે વાત.

'કરે (અર્થના) અનર્થ.... અર્થના અનર્થ'....(—એમ) આવે છેને ? 'જનમ અંધનો દોષ નહીં આકરો.......'—એ તો યશોવિજય કહે છે. (કોઈ) કહેતાં હતાં, આટલા (લોકો) કેમ માને નહીં. (તો કહે છે)....

જનમ અંધનો દોષ નહિ આકરો, જે જાણે નહીં અર્થ;
મિથ્યાદ્રષ્ટિ તેથી આકરો, કરે અર્થના અનર્થ....

.... (અર્થ) સમજતે હૈ કે નહીં ? જનમ અંધ હૈ તો દેખતે નહીં (ઔર) દેખતે નહીં તો ક્યા કરે ? અર્થના અનર્થ કરે. (પણ) આ (અજ્ઞાની) તો.... જેને આંખ્યું છે —ક્ષયોપશમ છે અને (તોય શાસ્ત્રમાં) જે ભાવ કહેવાનો (છે) એનાથી ઊંધો જ (ભાવ) કાઢે છે એમાંથી. દ્રષ્ટિની વિપરીતતા એને (–અજ્ઞાનીને) છે.

એને બિચારાને કાંઈ બૂડવાનો ભાવ તો ન હોય, પણ વસ્તુની ખબર નથીને ! એથી એ પર્યાયમાં એવા (–વિપરીત) ભાવો કરે છે ને માને છે કે 'આપણે સારું કરીએ છીએ.' શું થાય ? એવી એની લાયકાત છેને !

જુઓને ! આહીં (પણ) કહે છે કે મારી લાયકાત છેને ! તેથી જરી (–અસ્થિરતાના) રાગરૂપે પરિણમું છું હોં—એમ કહે છે. આ (ટીકાના) વિકલ્પરૂપે પરિણમ્યો છું એ મારી લાયકાતથી પરિણમ્યો છું હોં. પણ એ (અસ્થિરતાનું) પરિણમન હવે ટળીને 'હું (પૂર્ણ) શુદ્ધ થઈ જાઉં' (એ ભાવના છે). સમજાણું કાંઈ ?

ત્રણ નિરંતર કહ્યા :
(૧) વસ્તુ—દ્રવ્યદ્રષ્ટિમાં નિરંતર પડ્યો છું,
(૨) શુદ્ધિની નિર્મળ પરિણતિ પણ નિરંતર વહે છે ને
(૩) પર્યાયની કલુષિતતા પણ નિરંતર છે.

એટલે ભાઈએ કહ્યુંને પંચાસ્તિકાયમાં ? (કે) વ્યવહારમાં આ હું છું સદાય.... અનાદિનો આવો છું.

(કોઈ કહે :) (આચાર્યદેવને) અનાદિનું (પરિણતિમાં) શું હોય ?

(સમાધાન :) અશુદ્ધ પરિણતિ તો અનાદિની છેને આ. આ (અશુદ્ધતા) ક્યાં નવી આવી છે ? ભલે અહીં સમ્યક્(દર્શન) થયું, જ્ઞાન થયું, ચારિત્ર થયું—(એમ) શુદ્ધપરિણતિ છે, પણ (ચારિત્રમોહના) રાગની—અશુદ્ધતાની પરિણતિ છે એ પરિણતિ તો અનાદિની છે. સમજાણું કાંઈ ?

(અશુદ્ધતા) અનાદિની છે એટલે એનો અર્થ એવો નથી કે ત્યાં સમ્યગ્દર્શન ને જ્ઞાન ને (ચારિત્રરૂપ) સાધકપણું પરિણમ્યું નથી (અને વર્તમાનમાં સાધકપણું) પરિણમ્યું છે, છતાંય અશુદ્ધતાની પરિણતિ અનાદિની છે. સમજાણું કાંઈ ? આહાહા ! રાગાદિ છે તેની વ્યાપ્તિ છે તેનાથી નિરંતર મેલી છે.... મેલી છે. આહાહા ! મુનિને છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ ઊઠ્યો છે (તેથી) પરિણતિમાં મેલપ છે. આહાહા ! જુઓ, (મલિનતાનું) જ્ઞાન કરે છે.

દ્રષ્ટિના વિષયમાં તો ત્રિકાળી એકરૂપ છું, (પણ) પર્યાયના વિષયમાં (શુદ્ધતા ને અશુદ્ધતા—એવા) બે ભાગ પડી ગયા છે. પર્યાયદ્રષ્ટિમાં (-પર્યાય અપેક્ષાએ) જોતાં.... વ્યવહારથી જોતાં પર્યાય(ના બે ભાગ પડી ગયા). નિશ્ચયથી આવો (-ત્રિકાળી શુદ્ધ) છું ને વ્યવહારે આવો (-થોડો શુદ્ધ ને થોડો અશુદ્ધ) છું. નિશ્ચયથી આવો છું ને વ્યવહારે અનુભૂતિની (શુદ્ધ) પરિણતિ પણ નિરંતર છે ને (અસ્થિરતાની) કલ્માષિત (પરિણતિ પણ નિરંતર) છે.—વ્યવહારે આવો છું. સમજાણું કાંઈ ?

શ્રોતા : સાચું નિરીક્ષણ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો નિરીક્ષણ જે છે એ છે. સમજાણું કાંઈ ? આહીં કહેવાય છે એને પકડો, (બીજા) પ્રશ્નો ઉઠાવવા કરતાં. પ્રશ્ન ઉઠાવ્યો એમાં કાંઈ માલ ન હતો, ચાલતી વાતને ને એને કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ ? એ (અત્યારની) વાતમાં નિરીક્ષણની (વાત) તો આવે છે. દ્રષ્ટિમાં-પર્યાયમાં (દ્રવ્ય) તો આવી ગયું. (તેથી) દ્રષ્ટિનું.... પર્યાયનું (કથન) તો આવી ગયું. હવે પ્રશ્ન શું ? આ તો પર્યાયમાં મલિનતા છે તે પણ મારા (–આચાર્યના) ખ્યાલમાં છે. બસ, એટલી વાત (કરવી છે).

ત્રણેય મારા ખ્યાલમાં (–જ્ઞાનમાં) છે :

(૧) વસ્તુની દ્રષ્ટિએ, દ્રવ્ય—વસ્તુ શુદ્ધ છે એ પણ મારા ખ્યાલમાં (–જ્ઞાનમાં) છે,

(૨) શુદ્ધ પરિણતિ પ્રગટી એ પણ મારા જ્ઞાનમાં છે (અને)

(૩) એ વખતે જરી (અસ્થિરતાના) રાગનું મલિન પરિણમન છે એ પણ મારા (જ્ઞાનમાં છે).

બસ, જ્ઞાન (જાણ્યા) કરે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : ....તો સમયસાર રચતે હૈ ના ?

પૂજ્ય ગુરુદેવશ્રી : હા. રાગ હૈન ? સમયસાર(કી ટીકાકા) વિકલ્પ ઊઠા હૈન ? (લેકિન) શાસ્ત્રરચનાકા વિકલ્પ મેલ હૈ.—એમ (કહે) છે શેઠ ! ભગવાનની વાણી (શાસ્ત્રરૂપે) રચવી એ પણ વિકલ્પ છે. (જો કે) વાણી (–શાસ્ત્ર) તો વાણીના (–શાસ્ત્રના) કારણે રચાય છે હોં, વાણી (–શાસ્ત્ર) કંઈ આત્મા રચે નહીં. (પણ) 'આ વાણી આમ થાય' એવો જે વિકલ્પ છે એ શુભરાગ છે (અને) આ શુભરાગની મલિનતાની વાત (અહીં) કરે છે, અશુભની નહિ.

લ્યો ! વળી એટલું (વધારે આવ્યું). સમજાણું કાંઈ ?

(અહીં વાત) અશુભની છે નહિ. મારી પર્યાયમાં શુદ્ધતાનો અંશ જે છે એની સાથે શુભનો રાગ છે (અને) તે મલિન છે. (હજુ રાગ) છેને. સમજાણું ?

મુનિ-દિગંબર સંતને ત્રણ કષાયનો નાશ (થઈને) શુદ્ધ પરિણતિ (પ્રગટી છે), પણ (સાથે) આ શુભરાગ છે તે મલિન છે.... (મલિન) છે. સમજાણું કાંઈ ? આત્મદર્શનમાં (-સમ્યક્દર્શનમાં) તો ત્રિકાળીને જોવું (-શ્રદ્ધવાનું હોય), પણ આ તો જ્ઞાનથી જોવે છે (એની વાત છે). સમજાણું ? (સવિકલ્પ દશામાં) જ્ઞાનથી જોવે છે કે આ (પર્યાયમાં શુદ્ધતા ને) અશુદ્ધતા છે તે મારા અસ્તિત્વમાં છે.

પર્યાયના બે ભાગ—વ્યવહારનયના.... પર્યાયના વિષયમાં બે ભાગ :

(૧) એક (ભાગ થોડો) શુદ્ધ છે,
(૨) (બીજો ભાગ) થોડો અશુદ્ધ છે.

દ્રવ્યદ્રષ્ટિએ (તો) ત્રિકાળી એક ભાગ છે :

(૧) 'ત્રિકાળી શુદ્ધ (દ્રવ્ય) છું.'

આહાહા ! સમજાણું કાંઈ ? લ્યો !

ભાવાર્થ :—આચાર્ય કહે છે કે શુદ્ધદ્રવ્યાર્થિક નયની દ્રષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.... (શ્લોકાર્થમાં) એ શબ્દ છેલ્લો લીધો છે. કહે છે કે શુદ્ધ દ્રવ્ય—વસ્તુ.... 'દ્રવ્ય' એટલે વસ્તુ, એનો 'અર્થી' એટલે (એનું) પ્રયોજન છે જેને. જે જ્ઞાનનું પ્રયોજન શુદ્ધ દ્રવ્યને જાણવાનું છે એવા શુદ્ધ દ્રવ્ય—વસ્તુની અપેક્ષાએ.... (એને જાણનારી) નયની દ્રષ્ટિએ તો હું શુદ્ધ ચૈતન્યમાત્ર મૂર્તિ છું.... એકલા જ્ઞાનનો ધ્રુવ પિંડ છું.

પરંતુ મારી પરિણતિ.... મારી પર્યાય મોહકર્મના ઉદયનું નિમિત્ત પામીને.... નિમિત્ત પામીને હોં. 'નિમિત્ત પામીને'.... એટલે નિમિત્ત આવ્યું માટે (અશુદ્ધપણું) થયું એમ નહિ. (સ્વભાવને પૂર્ણપણે) પામ્યો નથી એટલે (પર) નિમિત્તના લક્ષે (અશુદ્ધપણું થયું)—એમ (કહે છે). મેલી છે.... મારી પર્યાયમાં આ શુભરાગ (છે એ) તો મેલ છે. ઓહોહો ! શાસ્ત્ર રચવાનો વિકલ્પ પણ મેલ છે, (કેમ કે) શુભભાવ છે.

(કોઈ) કહે છે : 'દયામાં (નિર્જરા) નહીં.... ઉપદેશ દઈએ એમાં નિર્જરા.' અમરચંદજીના (લખાણ)માં આવ્યું હતું કે, 'હું આ ઉપદેશ કરું છું એમાં મારે

નિર્જરા થાય છે'—એમ (સ્થાનકવાસી) તેરાપંથી કહે છે. (અર્થાત્) આપણે તો બીજાને ઉપદેશ દેવો, એમાં નિર્જરા છે.

(સમાધાન :) ધૂળેય નિર્જરા નથી સાંભળને !

(૧) ઉપદેશ તો વાણી છે (અને) વાણી ક્યાં આત્માની છે કે (તેનાથી) આત્માને લાભ થાય ?

(૨) એ બોલવાનો વિકલ્પ ઊઠે છે એ પુણ્ય છે, શુભ છે. ત્યાં નિર્જરા શાને લઈને (થાય) ? સમજાણું કાંઈ ?

(૩) નિર્જરા તો જેટલો.... શુભરાગ અને પરનું લક્ષ છોડીને જે સ્વના લક્ષે પડી છે અંદર પર્યાય, એ પર્યાયમાં સ્વને લક્ષે શુદ્ધતા વધે છે એ નિર્જરા છે.

સમજાણું કાંઈ ? શું થાય ? ભારે વાતુ ભાઈ !

ઓહોહો ! એક-એક તત્ત્વમાં જીવે શું કર્યું છે અનાદિનું ? કંઈનું કંઈક.... કંઈનું કંઈક (વિપરીત) કરી નાખ્યું છે, એટલે દુઃખી થયો છે. આહાહા ! ઊંધું કરશે એનું દુઃખ તો પોતાને (-કરનારને) છેને ભાઈ ! અને એના દુઃખના (-વિપરીતતા) ફળમાં.... અરેરે ! દુઃખમાં (-નિગોદમાં) જાશે અને (પછી) ક્યાંય નીકળવાનો વારો નહીં આવે. એવા દુઃખી પ્રત્યે દયા હોય, કરુણા હોય કે એના પ્રત્યે તિરસ્કાર હોય ? 'ભાઈ ! તને આ (સુખ) હો, (દુઃખ) ન હો'—એમ કહે છે આચાર્ય. આહાહા !

જુઓને ! કુંદકુંદાચાર્ય કહે છે, એકલાપણું.... સ્વચ્છંદપણું હે મુનિઓ ! તમને ન હો. **એકલું.... ભાવ વિનાનું દ્રવ્યલિંગપણું ન હો.... મારા દુશ્મનને ન હો,—એમ કહે છે. સમજાણું કાંઈ ? 'મૂલાચાર' (શાસ્ત્ર)માં.** એકલું.... ભાવ વિના દ્રવ્યલિંગનું અભિમાન થઈ જશે પ્રભુ ! અને સ્વચ્છંદી થઈશ. મારા દુશ્મનને.... વેરીને પણ એ ભાવ વિનાનું દ્રવ્યલિંગ ન હો. આહાહા ! (સાધક) પોતાને જ્યારે વસ્તુદ્રષ્ટિથી જુએ છે તો સામો (જીવ) પણ એવો ભગવાન જ છે —એમ જોવે છે.

ભાઈ ! તારી આ પર્યાયમાં ભૂલ થાય છે. આવી પર્યાયમાં ભૂલ છે ને તને અભિમાન ચડી જશે કે (અમને) દ્રવ્યલિંગ ને પંચ મહાવ્રતના વિકલ્પ છે ને અમે સાધુ છીએ.... આ બાપુ ! ઉગરવાના આરામાં (-કાળમાં), બંધાવાના આરા આવી ગયા તારે હોં. એવું ન હશો હોં.

'પણ આ વિરોધ કરે છેને તમારો ?'

ના, ના બાપુ ! અમારો વિરોધ નથી.... બાપુ ! તમને ન હશો આ (ભાવ વિનાનું દ્રવ્યલિંગ), કારણ કે એમાંથી છૂટવાના આરા તમને મળવા ભારે મુશ્કેલ પડશે.—એમ (કહીને આચાર્યદેવ) દયા કરે છે. અરે ! ભગવાન.....

પરંતુ મારી પરિણતિ.... વસ્તુએ તો છું એ છું, પર્યાયમાં વ્યવહારનયે રાગાદિસ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ.... 'રાગ આદિ' શબ્દ છેને ? એટલે (કે ઉપદેશમાં) જરી એમ સ્થાપે કે 'આમ ન હોય'..... સમજાય છે ? તો એ દ્વેષનો અંશ છે એટલો.

'સત્'—આમ હોય' (તે રાગનો અંશ છે),

'અસત્'—આમ ન હોય'.... એટલો પણ અંદર દ્વેષનો અંશ છે.

આહાહા ! એકલો વીતરાગમાર્ગ છે, એમાં જ્યારે વિકલ્પ ઊઠે કે 'આમ નહિ'—એ તો દ્વેષનો અંશ છે, 'આમ છે'—એ રાગનો અંશ છે. સમજાણું કાંઈ ?

'રાગાદિ'—એમ શબ્દ વાપર્યો છેને ? (તો 'આદિ' કહેતાં) દ્વેષ આદિ.... સ્વરૂપ થઈ રહી છે. તેથી શુદ્ધ આત્માની કથનીરૂપ જે આ સમયસાર ગ્રંથ છે.... આમાં તો શુદ્ધાત્માનું જ કથન છે બસ,—એમ (કહે છે). પરમાત્મા.... શુદ્ધદ્રવ્યસ્વરૂપ અખંડાનંદ પરમાત્મા.... જેના પેટમાં (-જ્ઞાનમાં) ત્રણ કાળ, ત્રણ લોક સમાય (-જણાય જાય) છે એવો ભગવાન આત્મા એક 'મોટો વિરાટ' છે. (ગીતામાં) આવે છેને ? વિરાટનો.... (રામજી)ભાઈ ! ....આવે છે ? કૃષ્ણ મોઢું ફાડે છે.... નહિ ? ....વિરાટ દેખાય છે, અર્જુનને બતાવે છે—એમ આવે છે. વિરાટ..... સમાય જાય છે. આ 'વિરાટ' છે કેવળજ્ઞાની.

ચૈતન્ય ભગવાન (આત્મા) પોતે જ્ઞાનમૂર્તિ 'વિરાટ' છે, (કેમ કે) એમાં (-આત્માના જ્ઞાનમાં) ત્રણ કાળ, ત્રણ લોક સમાય (-જણાય જાય) છે (અર્થાત્) એને (-આત્માને પૂર્ણપણે) જોવે તો આખા ત્રણ કાળ, ત્રણ લોકને જાણે એવો એ

'વિરાટ' છે આત્મા, (પણ) વાત એ છે કે ત્યાં ('વિરાટ આત્મા'ની વાત અજ્ઞાનીને) જડતી નથી ક્યાંય. ('કૃષ્ણના વિરાટ'ની વાત ને) એ બધું ગીતામાં આવે છે.... આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્માનું જ્ઞાન (પૂર્ણ) ખીલતાં અને (પ્રગટ) હોય તો એમાં પણ.... જ્ઞાનમાં ત્રણ કાળ, ત્રણ લોક અંદર પડ્યા છે. જાણવાના સ્વભાવવાળું એ જ્ઞાન એવડું (વિરાટ) છે. સમજાય છે કાંઈ ? એને (–આત્માને) જ્ઞાન—શ્રુતજ્ઞાન ને કેવળજ્ઞાન દેખે છે.... વિરાટ વસ્તુને દેખે છે. એ 'વિરાટ' છે આ (–આત્મા ને કેવળજ્ઞાન)..... સમજાણું કાંઈ ?

એ ચાહું છું ટીકાનું ફળ કે મારી પરિણતિ રાગાદિ રહિત થઈ શુદ્ધ થાઓ.... બસ. હું નિર્મળ દ્રષ્ટિએ.... શુદ્ધ દ્રવ્યદ્રષ્ટિએ જોઉં છું ને વારંવાર મારી શુદ્ધ પરિણતિ (અધિક) શુદ્ધ થતી જાય છે ક્ષણે ક્ષણે.... સમયે સમયે.... શુદ્ધના લક્ષે, શુદ્ધના આશ્રયે. તો તેટલા (–અલ્પ) કાળમાં મારી શુદ્ધતા (પૂર્ણ) થાઓ અને અશુદ્ધતા ટળી (જાઓ).

મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ થાઓ.... કેવી (પર્યાયની) ? (પૂર્ણ) પર્યાયની. સમજાણું કાંઈ ? દ્રવ્યની તો (પ્રાપ્તિ—અસ્તિ) છે, (પણ હવે) મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ.... (અર્થાત્) પર્યાયમાં શુદ્ધ સ્વરૂપની (પૂર્ણ) પરિણતિ થાઓ.... આહાહા ! અમૃતચંદ્રાચાર્ય ગજબ કામ કરે છે. (જાણે) ભગવાન (કુંદકુંદાચાર્ય)ના પેટમાં પોગીને (–પ્રવેશીને) વાતો કરે છે ! ઓહોહો ! મારા શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ....

(કોઈ કહે :) 'શુદ્ધ સ્વરૂપ ભગવાન છું'.... દ્રવ્યદ્રષ્ટિએ—એ તો ખબર છે તમને....

(સમાધાન: ભાઈ !) પર્યાયમાં અભેદ (તત્ત્વ) પૂર્ણરૂપ ઉપલબ્ધ થઈ જાઓ—એ શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ છે.

બીજું કાંઈ પણ—ખ્યાતિ....

(ભક્તો કહે છે :) જગતમાં પ્રસિદ્ધિ થાઓ (કે) ઓહોહો ! અમૃતચંદ્રાચાર્યે શું ટીકા કરી છેને !

(આચાર્યદેવ કહે છે :) ભાઈ ! એ મારી ખ્યાતિ ને (પ્રસિદ્ધિ.... એ) મારું કામ નથી. લાભ, પૂજા... લાભ શિષ્યોનો મળે, આબરૂનો મળે, મોટપનો મળે,

પદવી મળે મોટી—એ કાંઈ જોઈતું નથી. સમજાણું કાંઈ ? ખ્યાતિ, લાભ, પૂજા.... દુનિયા પૂજે, મોટા કહે.... આના કરતાં આ મોટા—(એવી) કોઈ ચાહના નથી પ્રભુ ! મારી પર્યાયમાં જરી (-અસ્થિરતાની) કલુષિતતા છે એ મારા ઘોલનના કાળમાં.... ટીકાના કાળમાં (ટળી, પૂર્ણ) શુદ્ધિ થાઓ. બસ, બીજું કાંઈ (ચાહતા નથી.)

પૂજાદિક—ચાહતો નથી. આ પ્રકારે આચાર્યે ટીકા કરવાની પ્રતિજ્ઞાગર્ભિત.... કહો, સમજાણું ? એના ફળની પ્રાર્થના કરી....—એમ (કહે છે). ટીકા કરવાની પ્રતિજ્ઞાના પેટાભેદમાં એના ફળની પણ પ્રાર્થના કરી. લ્યો !

આ ત્રણ પ્રકારે....

(પ્રશ્ન :) 'આ (-જ્ઞાની, પરનું) કરે છે ને (છતાં પરનું) કરતો નથી'—એમ આમાં આવ્યું ?

(સમાધાન :) એમ નથી.... એમ નથી. પરને તો કરતો (જ) નથી. (હા), રાગની પરિણતિની મલિનતા જરી છે તે (રૂપે) પરિણમે છે. સમજાય છે ? '(જ્ઞાની) એમાં.... કર્મમાં રત છે (અને છતાં) અકર્મ છે (-નિર્મળ છે)'—એમ (પણ કહેવું) નથી અહીંયા.

અહીં તો, (આ ત્રણ પ્રકારે આચાર્યદેવ કહે છે કે અમને)....

(૧) મલિનતાનો અંશ છે,
(૨) (અપૂર્ણ) નિર્મળતાનું ભાન છે.... નિર્મળતાની પર્યાય (અપૂર્ણ) છે (અને એ)
(૩) નિર્મળતાની પર્યાય (દ્રવ્યમાં) એકાકાર થતાં થતાં મલિનતા ઘટી (-ટળી, પૂર્ણ) નિર્મળતા થાઓ.

(આનો અર્થ એ થયો કે...)

(I) આમાંથી (-નોકર્મમાંથી) આ નિર્મળતા (-અકર્મપણું) થાય—એમ છે નહીં,
(II) (દ્રવ્ય)કર્મમાંથી અકર્મપણું આવે—એમ (પણ) છે નહીં (અને)

(III) શુભ(ભાવરૂપ) મલિનતાનું (ભાવ)કર્મ છે એમાંથી (પણ) અકર્મપણું આવે નહીં.

સમજાણું કાંઈ ? (છે પોતે) ભગવાન, પણ અરેરે ! માળો અર્થનો (અનર્થ) કરનારો (–કરે) છે, પણ (તે હવે) જાગે છે ત્યારે.... (પુરૂષાર્થ) પ્રગટ કરે ત્યારે કેવળજ્ઞાન લે (અને ઊંધા) અર્થ કરે ત્યારે નિગોદમાં જાય એવો (પણ) છે.—બેય એની તાકાત છેને ?

હવે મૂળ ગ્રંથ....

હવે મૂળગાથાસૂત્રકાર શ્રી કુંદકુંદાચાર્ય ગ્રંથના આદિમાં મંગળપૂર્વક પ્રતિજ્ઞા કરે છે.... મંગળપૂર્વક ભગવાન કુંદકુંદાચાર્ય એની (–શાસ્ત્ર કહેવાની) પ્રતિજ્ઞા કરે છે, લ્યો ! સમજાણું ? 'સૂત્રાવતાર'.... કુંદકુંદાચાર્યના (ગાથા)સૂત્રનો અવતાર થાય છે.... એ ઉતરે છે.... સૂત્રો ઉતરે છે—એમ (કહે છે).

**वंदित्तु सव्वसिद्धे ध्रुवमचलमणोवमं गदिं पत्ते ।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं ।।१।।**

ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,
વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો ! ૧.

ઓહોહો ! જુઓ, આ કુંદકુંદાચાર્યનું મંગલિક ! સમજાણું કાંઈ ? અને 'સમયસાર કહીશ'—એ પ્રતિજ્ઞા છે.... 'સમયસાર કહીશ'—એ પ્રતિજ્ઞામાં આવ્યું. (પ્રવચનસારમાં) પ્રતિજ્ઞા હતી કે 'ઉપશમપણું.... સામ્યપણું પ્રગટ કરું' —એ પ્રતિજ્ઞા હતી. પ્રવચનસારમાં (ગાથા-૫). 'સામ્ય.... શુદ્ધ ઉપયોગ અંગીકાર કરું'—એ મારી પ્રતિજ્ઞા છે. સમજાણું કાંઈ ? આમાં, સમયસાર.... શુદ્ધાત્મા.... ભગવાન પરમાનંદની મૂર્તિ છું—એ શું છે એને કહીશ.

('वोच्छामि').... —એ મારી પ્રતિજ્ઞા છે અને

આ ('वंदित्तु सव्वसिद्धे').... એમાં મંગલિક છે. સમજાણું કાંઈ ?

એનો (–ગાથાનો) શબ્દાર્થ જરી લઈએ, જુઓ !

(અન્વયાર્થ :—) આચાર્ય કહે છે : હું ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત.... સહિત એવી ગતિને પ્રાપ્ત થયેલ એવા.... પ્રાપ્ત થયેલ એવા.... (એ સિદ્ધગતિ) પહેલી (-અનાદિની પર્યાયમાં) ન હતી ને પછી પ્રાપ્ત થઈ—એમ (કહે છે). સર્વ સિદ્ધોને.... અનંત સિદ્ધોને.... અનાદિના (લઈને) અત્યાર સુધી સિદ્ધ થયા (તે) બધાને નમસ્કાર કરી....

કોઈકને એમ થાય કે 'કુંદકુંદાચાર્ય વખતે સિદ્ધ હતાં એના કરતાં અત્યારે સિદ્ધ વધી ગયા છે, એટલે આપણે તો વધારે સિદ્ધને નમસ્કાર કરીએ (છીએ અને) એટલે આપણે તો ઊંચા છીએ એમનાથી.'—એમ નથી. (સંખ્યા)વિશેષની વાત અહીં નથી, અહીં સામાન્ય (વાત છે કે) અનંતા સિદ્ધો છે એને નમસ્કાર કરીને.... અહો ! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને કહીશ.... લ્યો ! એની ટીકા ચાલશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

प्रवचन नं. ६

ગાથા - ૧

સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૬, ગુરૂવાર, તા. ૧૨-૯-'૬૮

**वंदित्तु सव्वसिद्धे ध्रुवमचलमणोवमं गदिं पत्ते ।**
**वोच्छामि समयपाहुडमिणमो सुदकेवलीभणिदं ।।१।।**

અહીં વજન આવ્યું ભાઈ ! શ્રુતકેવળી અને કેવળીનું કહેલું કહીશ.... વસ્તુનું મૂળસ્વરૂપ.... વસ્તુસ્વરૂપ.... મૂળ વાત. (કોઈ) ઘરની કલ્પનાથી કહે (કે) 'માણસને આમ હોવું જોઈએ અને આમ હોવું જોઈએ'—એમ નહીં. કેમ કે જગતના પદાર્થો છે તો એનો જાણનારો પણ જગતમાં હોય જ. પ્રમાણ (–પ્રત્યક્ષ જ્ઞાન) ન હોય તો પ્રમેય છે એનું અનુમાનથી માપ કોણ કરે ? (–જ્ઞાન કેવી રીતે થાય ?) અહીંયા સાધારણ માણસને (કોઈનું) અનુમાનથી (જ્ઞાન) થાય, (તો) એનો કોઈ પ્રત્યક્ષ જોનાર પણ હોય (જ). એ નિશ્ચય (–પ્રત્યક્ષ જાણનાર હોય) ત્યારે અનુમાનથી (જ્ઞાન) થાય (અને) એ વાત સાબિત થાય. સમજાણું કાંઈ ?

જેમ અગ્નિ છે.... ધૂમાડો છે તો અગ્નિ છે એમ (દૂરથી) અનુમાન કરે કોઈ પ્રાણી. પણ ત્યાં (નજીકથી) જોનારને તો પ્રત્યક્ષ છે કે 'આ અગ્નિ છે.' ધૂમાડો છે માટે અગ્નિ (એમ અનુમાન) નહીં, (પણ) સીધો અગ્નિ જોવે છે. એમ અહીંયા (કોઈ) અનુમાનથી કહે કે 'આ જ્ઞાન તે આત્મા, મોટા (પર્વતાદિ) હોય તે જડ હોય.'—એમ (જે વસ્તુને) અનુમાનથી જાણનાર હોય એને (પ્રત્યક્ષ જાણનાર હોય). જગતમાં સર્વજ્ઞ.... બધું પ્રત્યક્ષ જાણનાર હોય (–છે). સમજાણું કાંઈ ?

ઓહોહો ! મંગલિક કર્યું છે. 'શ્રુતકેવળી' (શબ્દમાંથી) 'શ્રુતકેવળી' અને 'કેવળી'—બેને જુદાં પાડશે. શ્રુતકેવળી અને કેવળી સર્વજ્ઞ ભગવાન—બેનું કહેલું (સમયસાર) કહીશ. આહાહા ! (શ્રી કુંદકુંદાચાર્ય) છે તો મુનિ પોતે, બધું અનુભવ્યું છે, ચારિત્ર છે, સાક્ષાત્ ભગવાન પાસે ગયા હતાં. કહે છે.... આચાર્ય કહે છે કે 'હું'....

**ધ્રુવ, અચલ ને અનુપમ ગતિ પામેલ સર્વે સિદ્ધને,**
**વંદી કહું શ્રુતકેવળી-કથિત આ સમયપ્રાભૃત અહો ! ૧.**

ધ્રુવ.... આ ધ્રુવના ધ્યેયે જેની દશા પ્રગટ થઈ એ પર્યાય પણ ધ્રુવ રહેવાની —એમ કહે છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા ધ્રુવ છે. ચૈતન્ય ધ્રુવ સામાન્ય જ્ઞાયક છે એને જેણે ધ્યેય બનાવ્યો.... જ્ઞેય બનાવ્યો (અને) ધ્યેય બનાવીને જે પર્યાય પૂર્ણ પ્રગટ થઈ એ (પર્યાય પણ) ધ્રુવ છે. સમજાણું કાંઈ ?

(અન્વયાર્થ :—) ધ્રુવ, અચળ અને અનુપમ—એ ત્રણ વિશેષણોથી યુક્ત ગતિને પ્રાપ્ત થયેલ એવા સર્વ સિદ્ધોને નમસ્કાર કરી, અહો !.... 'અહો ! ભવ્યો !'—એમ (કહેવું) છે. 'અહો !'.... શબ્દ છે. અહો ભવ્યો ! શ્રુતકેવળીઓએ કહેલા આ સમયસાર નામના પ્રાભૃતને.... સારને કહીશ. ઓહોહો !.... હવે એની....

ટીકા :—અહીં (સંસ્કૃત ટીકામાં) 'अथ'.. શબ્દ છે પહેલો, જુઓ ! अथ प्रथमत....'अथ प्रथमत'—એમ શબ્દ છે અમૃતચંદ્રાચાર્ય મહારાજનો. अथ प्रथमत....

'अथ'.... શબ્દ મંગળના અર્થને સૂચવે છે. એટલે શું ?
'अथ'.... હવે શરૂ થાય છે મોક્ષમાર્ગ—એમ (કહે છે).
'अथ'.... સમ્યગ્દર્શન શરૂ થાય છે,
'अथ'.... બંધના માર્ગનો છેદ શરૂ થાય છે.
'अथ'.... અનંતકાળે નહીં થયેલી 'अथ'.... આત્માની સાધક દશા.... નિર્મળ દશા પ્રગટ થાય છે.

સમજાણું કાંઈ ? એ રીત જુઓ ! અમૃતચંદ્રાચાર્યની. આહાહા !

'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે.... પવિત્રતાની પ્રાપ્તિ અને અપવિત્રતાનો નાશ—એવી દશાથી આ શાસ્ત્ર શરૂ થયું છે. સમજાણું કાંઈ ? પવિત્રતાની પ્રાપ્તિ અને અપવિત્રતાનો નાશ.... એનાથી આ શાસ્ત્ર શરૂ થાય છે. સર્વજ્ઞને પણ પવિત્રતાની પૂર્ણ પ્રાપ્તિ (અને) અપવિત્રતાનો પૂર્ણ નાશ છે; મુનિને (-આચાર્યને) પોતાને પણ (ઘણી) પવિત્રતાની પ્રાપ્તિ અને અપવિત્રતાનો નાશ (થયો છે).—એ થયા છે એને અહીં 'अथ' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : '**अथ**'માંથી આટલું નીકળ્યું.......

પૂજ્ય ગુરુદેવશ્રી : આ તો (જિન)શાસન છે. '**अथ**' એટલે શું ? 'હવે' શરૂ કરીએ છીએ.... અનંત કાળમાં નહીં થયેલું એવું શરૂ કરીએ છીએ.—એમ (કહે છે). (એટલે કે ભૂતકાળના) અનંત કાળમાં કાંઈક બીજું હતું એ (વાત) પણ એમાં આવી જાય છે.... સમજાણું કાંઈ ? સંસ્કૃત ટીકાનો **'अथ' શબ્દ મંગળના અર્થને સૂચવે છે....** આહાહા ! મંગળિક.. મંગળિક.. મહા મંગળિક. દેખો ! ભગવાન આત્મા (—કે જે) સર્વજ્ઞ પરમેશ્વરે કહ્યો.... એમ કહેશેને ? કહ્યો.... એમણે કહ્યો એ હું કહીશ.... શ્રુતકેવળીઓએ કહ્યો તે કહીશ (અને) સર્વજ્ઞ કેવળીઓએ કહેલો છે તે કહીશ. ઓહોહો !

સર્વજ્ઞ અને શ્રુતકેવળીના ભાન ને પ્રતીતિ સહિત, અમે પણ ભગવાને કહ્યું અને શ્રુતકેવળીએ કહ્યું તે કહીશું. અમારા ઘરની....કલ્પનાની (આ) વાત નથી —એમ કહે છે. 'અમે આમ કહીએ છીએ'—એમ નથી (કહેતાં). આહાહા ! જુઓ તો ખરા નિર્માનતા ! સમજાણુ કાંઈ ? શ્રુતકેવળી (અને) સર્વજ્ઞ કેવળી છે એમણે કહ્યું.... એમણે (–શ્રુતકેવળીએ) માર્ગની (–સાધનાની) શરૂઆત કરી હતી (અને) એકને (–કેવળીને માર્ગ) પૂર્ણ થઈ ગયો હતો. એમણે કહેલો માર્ગ અમે કહીશું. એમાં અમારી પણ મંગળિક (–મોક્ષમાર્ગની) દશા શરૂ થઈ ગયેલી છે. સમજાય છે કાંઈ ?

એ ભૂમિકાથી.... આ એક (–સમયસાર) શાસ્ત્રને કહેનારા ભગવાન ને (શ્રુતકેવળી) ભલે, પણ અત્યારે કહેનારો તો હું છુંને !—એમ કહે છે. સમજાણું કાંઈ ? શ્રુતકેવળીઓએ કહ્યું (અને) કેવળીએ કહ્યું, પણ અત્યારે તો કહેનાર હું છુંને ? ભાવશ્રુતજ્ઞાન મારામાં જે ઝીલાણું.... થયું છે એ દ્વારા હું કહીશ. મારા ભાવશ્રુતજ્ઞાનથી '**अथ**'.... નામ મંગળિક શરૂ થયું છે.... સાધકપણું શરૂ થઈ ગયું છે.... મંગળિક પ્રવાહ પ્રગટ થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહાહા ! કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય કેટલી વાત કરે છે ! ઓહોહો ! **મંગળના અર્થને સૂચવે છે....** એ એક '**अथ**' શબ્દનો અર્થ છે આટલો.

હવે, '**प्रथमत**'.... શબ્દ છેને સંસ્કૃતમાં ? (અર્થાત્) **ગ્રંથના આદિમાં....** —એમ (અર્થ છે). ('**प्रथमत**').... 'પ્રથમ' એટલે આ ગ્રંથની શરૂઆતમાં.... '**प्रथमत**'.... શબ્દ પડ્યો છે. એ ગ્રંથના.... સિદ્ધાંત સમયસારના (તથા) શુદ્ધાત્મા

છે એના કથનમાં અને એની પ્રાપ્તિમાં સર્વ સિદ્ધોને.... દેખો ! વર્તમાન.... શ્રુતકેવળીઓ અને કેવળીઓએ કહેલું છે એ હું કહીશ, પણ એ પહેલાં સર્વ સિદ્ધોને નમસ્કાર કરીશ. જેણે એ (સાધ્ય)દશા પ્રગટ કરી ને (જેઓ) પૂર્ણ થઈ ગયા છે (એ સિદ્ધ).—એવી પણ અંદર પ્રતીતિ.... આસ્થા પહેલી લઈ (–કરી છે).

અનંતા સિદ્ધો થઈ ગયા.... વીતરાગ વિજ્ઞાનઘન જે આત્મા હતો (–છે) એમાંથી પર્યાયમાં પ્રગટ વીતરાગ જ્ઞાનઘન થયેલાં એવા એક-બે-ત્રણ નહીં, પણ અનંત સિદ્ધો થયા છે. કોઈ, '(જગતમાં) એક જ આત્મા છે'(—એમ) કહેનારા હોય (તે કહે છે) 'મુક્તિ થાય તો એક (જ આત્મા) હોય (અને) આહીં (–સંસારમાં) હોય, તો પણ એક (જ આત્મા) હોય'.—એ વાત તદ્દન સત્યથી ઊંધી છે.... કલ્પિત છે. સમજાય છે કાંઈ ?

પૂર્ણાનંદ શુદ્ધ દશા થઈ તો પણ તે સિદ્ધ 'સર્વ' નામ (અર્થાત્) અનંત છે. પૂર્ણ દશા થઈ માટે એના એક(રૂપ)માં બધા ભળી ગયા—એમ છે નહીં. જેની સત્તા જ ભિન્ન છે, એની શુદ્ધતા પણ ભિન્ન જ ત્યાં (–સિદ્ધદશામાં) રહે છે.... જેની સત્તા ભિન્ન છે એની શુદ્ધતાની સત્તા સિદ્ધમાં પણ ભિન્ન જ રહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(સિદ્ધની સ્થાપના) રાગમાં નહીં, (પણ) જે જ્ઞાનની પર્યાય છેને એમાં (સિદ્ધને) સ્થાપે છે. રાગમાં સ્થપાય સિદ્ધને ? રાગ ક્યાં જાણે છે ? સમજાણું કાંઈ ? પોતાની જે જ્ઞાનની પર્યાય પ્રગટ છે ક્ષયોપશમ, એ પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપે છે. સમજાણું કાંઈ ?

પૂર્ણ દશાને પ્રાપ્ત એવા જે સર્વ સિદ્ધો છે એને હું.... મારા શાસ્ત્રના કથનની શરૂઆત (–માંગલિક) માટે બધા (સિદ્ધ)ને યાદ કરું છું—સ્થાપું છું.... અહીંયા સ્થાપું છું.... મારી જ્ઞાનપર્યાયમાં સ્થાપું છું.

સર્વ સિદ્ધોને કઈ રીતે સ્થાપું છું ?

ભાવ નમસ્કાર કરી અને દ્રવ્ય નમસ્કાર (કરી અર્થાત્) 'સ્તુતિ'.... ભાવ સ્તુતિ અને દ્રવ્ય સ્તુતિથી....

('वंदित्तु'નો અર્થ) 'નમસ્કાર' કર્યો છે જયસેન આચાર્યે.... ભાવ ને દ્રવ્ય નમસ્કાર (એવો) અર્થ કર્યો છે ભાઈ ! એમણે 'નમસ્કાર' (એવો અર્થ) કર્યો છે. એ તો સ્તુતિ (કહો કે) નમસ્કાર (કહો—એક જ વાત છે).

અહીં (કહે છે કે) નમું છું (અર્થાત્) સ્તવન (-સ્તુતિ) કરું છું.... અનંતા સિદ્ધોને મારી પર્યાયમાં (સ્થાપીને) ભાવથી નમું છું.... ભાવ નમસ્કાર કરું છું. મારી પર્યાયમાં અલ્પજ્ઞતા છે એમાં અનંતા સિદ્ધને સ્થાપતાં, મારી પર્યાય નિર્વિકલ્પ થઈ જાય છે (અને) એ મારો ભાવ નમસ્કાર છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

જ્ઞાનની પર્યાય ક્ષયોપશમ છે.... અલ્પ છે તેમાં અનંતા સિદ્ધોને સ્થાપું છું. અલ્પજ્ઞ પર્યાયમાં અનંતા સિદ્ધની પર્યાયને રાખું છું ત્યાં મારી પર્યાય દ્રવ્ય ઉપર ઢળી જાય છે.—એ મારો સિદ્ધને ભાવ નમસ્કાર છે.

આ શેઠ છેને, (એ) આ ફેરે પહેલા-વહેલા આવ્યા છે આમાં (સમયસારની શરૂઆતમાં). આ શરૂઆતમાં ન હતા કોઈ વખતે. આ અલૌકિક વાત છે શેઠ !

શ્રોતા : સબ સિદ્ધોકો અપની આત્મામેં....
પૂજ્ય ગુરૂદેવશ્રી : સ્થાપન કીયા. આહાહા !

શ્રોતા : રાગ ક્યાંથી રહે ...... ?
પૂજ્ય ગુરૂદેવશ્રી : (સર્વ સિદ્ધોની પોતાની જ્ઞાનપર્યાયમાં સ્થાપના કરતાં) રાગ રહે શેનો ? જ્ઞાનની પર્યાય (દ્રવ્યમાં) જ ઢળી જાય—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એવો (-અમારો) આત્મા દ્રવ્યે પૂર્ણ અને ગુણે પૂર્ણ છે, પણ પર્યાયમાં અલ્પ જ્ઞાન છે, છતાં સર્વજ્ઞ (એવા) અનંતા સિદ્ધોને.... અનાદિ(ના લઈને) અત્યાર સુધીના (સર્વ) સિદ્ધોને મારી પર્યાયમાં સ્થાપી, હું એને ભાવ નમસ્કાર કરું છું અને વિકલ્પ ને વચનાત્મક (શબ્દો)થી પણ નમસ્કાર (કરું છું) એ વ્યવહાર (—દ્રવ્ય)નમસ્કાર (છે). ભાવ (તે) નિશ્ચય નમસ્કાર છે, દ્રવ્ય તે વ્યવહાર નમસ્કાર છે. નિશ્ચય ને વ્યવહાર—બેય સ્તુતિ કરી. સમજાણું કાંઈ ?

ભાવ–દ્રવ્ય સ્તુતિથી.... સ્તુતિ. એનો અર્થ એ થયો.... કેવળજ્ઞાનીની સ્તુતિ કરીને જ્યારે.... (૩૧મી ગાથા). એ 'કેવળજ્ઞાનીની સ્તુતિ' એટલે કે આત્માની સ્તુતિ (અને 'આત્માની સ્તુતિ' એ) કેવળજ્ઞાનીની સ્તુતિ—એમ કહ્યું. અહીં (કહે છે કે) સ્તુતિ કરું છું.... અનંતા સિદ્ધોને સ્તવું છું. એનો અર્થ (કે) મારા ગુણો છે પૂર્ણ એમાં એકાગ્ર થાઉં છું.—એ અનંતા સિદ્ધોને સ્તવું છું. સમજાણું કાંઈ ?

સર્વ સિદ્ધોને.... ઓહોહો ! 'પ્રવચનસાર'માં (બધાને) પંક્તિમાં બેસાડ્યા છે.... (ગાથા ૧ થી ૫). બધાને બેસાડ્યા છે (જાણે સામે અને) અહીં તો (કહે છે), મારી પર્યાયમાં સ્થાપીને નમસ્કાર કરું છું. એ તો પર્યાયમાં જ (બેસાડવાની વાત) હતી ત્યાં ('પ્રવચનસાર'માં), આહીં ('સમયસાર'માં 'પર્યાયમાં સ્થાપું છું') —એમ (કહીને) સ્પષ્ટ કરી નાખ્યું. આવા (સિદ્ધ) ભગવાનને.... (ભૂત કાળમાં) અનંતા અનંતા થઈ ગયા અને વર્તમાન છે—એ બધા જાણે મારી પાસે વર્તમાન છે ! એનો અર્થ કે મારી પર્યાયમાં એને.... અનંતાને સ્થાપી દઉં છું. સમજાણું કાંઈ ?

મારે આંગણે પધારો (સિદ્ધપ્રભુ !).... મારી પર્યાયમાં હું સ્થાપું છું આપને (ભાવસ્તુતિથી અને) વિકલ્પ ઊઠ્યો છે ને વાણી નીકળે છે એ દ્રવ્યસ્તુતિ છે. સમજાણું કાંઈ ? એવી ભાવ–દ્રવ્ય સ્તુતિથી પોતાના આત્મામાં.... મારા આત્મામાં સ્થાપું છું—એક વાત અને પરના આત્મામાં.... (સ્થાપું છું). શ્રોતાઓને કહે છે ભગવાન !....

જુઓ, શ્રોતાની કેટલી યોગ્યતા છે કે (અનંતા સિદ્ધોને) સ્થાપે છે. શ્રોતાઓ.... જેને હું સંભળાવું છું એ શ્રોતાની જ્ઞાનની પર્યાયમાં આવા અનંતા સિદ્ધોને સ્થાપું છું—(એમ) કહે છે. શેઠ !.... હા. પીછે (–બાદમેં વો) સમયસાર તુમકો કહૂંગા. કેમ કે સિદ્ધપણા તુજે પ્રાપ્ત કરના હૈ, મુજે ભી પ્રાપ્ત કરના હૈ. સમજમેં આયા ? સમજાય છે કાંઈ ? થોડું હિન્દી આવી ગયું (વચ્ચે). સ્થાપન.. સ્થાપન.. સ્થાપન.. સ્થાપન....

(ભક્ત :) ઓહો (આચાર્ય) ભગવાન ! આ બધા શ્રોતાઓ પણ સિદ્ધને માનતા હશે કે સિદ્ધ.... પૂર્ણ (–અનંત) સિદ્ધ છે એમ ?

(આચાર્યદેવ :) સાંભળને ! અમારી પાસે સાંભળવા આવ્યો છે તો એ જીવ એને (-પાત્રતાને) લઈને (આવ્યો) છે (અને ભૂતકાળમાં) સિદ્ધો અનંતા થઈ ગયા સાધકપણે થઈને. (સંસારમાં અનંત-)અનંત જીવ હતાં એમાંથી આટલા.... અનંતા મોક્ષ ગયા. (આ રીતે) મોક્ષમાં અનંતા સિદ્ધ છે (અને) એવા (અનંત) સિદ્ધોનું સ્થાપન (શ્રોતાની જ્ઞાન પર્યાયમાં) કર્યું.

(પ્રશ્ન :) શ્રોતાની એટલી (પાત્રતા છે કે આચાર્ય તેની પર્યાયમાં અનંત સિદ્ધોને સ્થાપે છે ?)

(સમાધાન :) હા, એવા શ્રોતાને અમે શ્રોતા કહીએ છીએ. પોપટભાઈ ! આહાહા ! તારી પર્યાયની થાળી પણ મોટી છે—(એમ) કહે છે. એમાં અમે અનંતા સિદ્ધને પીરસીએ છીએ જો. સમજાણું કાંઈ ? એટલી તો શ્રોતાની પર્યાયની યોગ્યતા હોવી જઈએ —એમ કહે છે. આહાહા !

પછી અમે આ (સમયસાર) કહીશું, કહેતાં.. કહેતાં.. (અમારી શુદ્ધતા વધી જશે અને) તને (સંભાળતાં- સંભાળતાં સ્વરૂપનું) ઘોલન વધી જશે, રાગ તૂટી જશે અને પૂર્ણ થઈ જઈશ જા—એમ કહે છે. (તાળીઓ). અમને પણ, કહેતાં.. કહેતાં.. અમારી શુદ્ધતા વધી જશે. આગળ કહેશે.... (આ જ ગાથામાં) આગળ કહેશે (કે) 'મારા અને પરના મોહના નાશ માટે'.... અમૃતચંદ્રાચાર્યે એવી શૈલી કરી છેને કે 'એ (-મોહના નાશ) માટે હું (સમયસાર) કહું છું, કહેતાં.. કહેતાં.. મારું (-મારી સાધના પૂર્ણ) થાશે અને તારું (-તારી પણ શરૂઆત થઈને પૂર્ણતા) થાશે લે !'—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ !

આ તો સોળમી વાર વંચાય છે હવે, એટલે થોડુંક.. થોડુંક.. કાંઈક.... (નવું આવેને !) લ્યો ! આ શેઠ છેને હાજર ૧૬મી વાર(ના પ્રવચનમાં).... આ તો હાજરના કામ છે. 'કીચડમાંથી નીકળીને....'(—એમ) શેઠ બોલ્યા'તાને. કીચડ હૈ ત્યાં. બહારના વાડામાં જાય તો કાંઈ ઠેકાણા નથી. આ માર્ગ બીજી જાતનો છે. આહાહા ! રોકડિયો માર્ગ અને મંગળિકથી શરૂ થઈને (-કરીને) સિદ્ધ ભગવાનને આ (જ્ઞાનપર્યાયમાં) સ્થાપે છે.

ભાઈ ! અનંતા (જીવો) સાધક થઈને સિદ્ધ થઈ ગયા, એવી અનંતી (સિદ્ધની) સંખ્યાને તું કબૂલ કર અને કબૂલીને (પછી) તારી પર્યાયમાં અમે

(સિદ્ધોને) સ્થાપીએ છીએ લે. આહાહા ! એવા સ્વ-પરના (હિતકારી) સાધક જીવો કેવા હોય છે એને અહીં સિદ્ધ કરે છે. એના (–સાધકના) લક્ષમાં છે કે અનંતા સિદ્ધ થયા છેને ! એ સિદ્ધોમાં મારે ભળવું છે. (એથી) હું એ સિદ્ધોને આહીં (–પર્યાયમાં) લાવું છું. હું ત્યાં અત્યારે જઈ શકતો નથી, (તેથી) એ સિદ્ધોને આહીં (–પર્યાયમાં) સ્થાપ્યા. સમજાણું કાંઈ ? કહો, જગજીવનભાઈ ! આ તો બધું ચાલી ગયું છે ત્રણ-ચાર દિ' પહેલાં ઘણું. આ તો હવે પહેલી ગાથા શરૂ થાય છે. આહાહા !

કહે છે કે પોતાના આત્મામાં....

(ભક્ત :) પ્રભુ ! અત્યારે તમારે (તમારા આત્મામાં સિદ્ધને) સ્થાપવા છે ?

(આચાર્યદેવ :) બાપુ ! અમે તમારી સાથે (–તમને સાથે લઈને) વાત કરવા માગીએ છીએને ? એટલે 'અત્યારે શરૂ કરીએ'—એમ કહીએ છીએ. 'પ્રવચનસાર'માં એમ કહ્યુંને કે 'સામ્ય હું અંગીકાર કરું છું.' (ગાથા ૫). (તો શું) અત્યારે (–શાસ્ત્ર લખવાના સમયે સામ્ય-મુનિપણું) અંગીકાર કરવું હતું ? પણ અમે જે વાત કહેવા માગીએ છીએ તેને 'અમે પ્રાપ્ત કરવા માગીએ છીએ'—એમ કહીને, તમને (પણ પ્રાપ્ત થાવ—એમ શ્રોતાને) સાથે લઈને વાત કરીએ છીએ. સમજાણું કાંઈ ?

પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને.... કોલકરાર.... (અમારા) શ્રોતા અભવિ ન હોય—એમ કહે છે ભાઈ ! આહાહા ! શ્રોતા અનંત સંસારી ન હોય—એમ કહે છે. જુઓ તો ખરા ! આહાહા ! હિંમતભાઈ ! (આવો ભાવ) નીકળે છે કે નહીં એમાંથી ? આહાહા ! એનું (–સિદ્ધની સ્થાપનાનું) જોર કેટલું ?.... પોતાનું (–આચાર્યદેવનું) જોર કેટલું છે ? સમજાણું કાંઈ ?

આ સમયસાર અમે જેને સંભળાવીએ છીએ એની પર્યાયમાં અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ. (તેથી) એ પ્રાણી (–શ્રોતા) અભવિ ન હોય, એ અનંત સંસાર થાય (–રખડે) એવા જીવ ન હોય. આહાહા ! છે કે નહીં એમાં (આવો અર્થ) ? પ્રભુ ! અભવિ તમને નમસ્કાર નહીં કરે, કેમ કે એ રાગને નમસ્કાર કરનારા છે. રાગમાં ('હું' પણું) માનનારા.... પુણ્યમાં (ઠીક) માનનારા એ (અજ્ઞાની) સિદ્ધને

નહીં નમે.... નહીં નમે. ('મિથ્યાત્વી ચિત નહિ તુમ પૂજૈં'.... શ્રી સમન્તભદ્રાચાર્ય વિરચિત 'સ્વયંભૂ-સ્તોત્ર', શ્રી મહાવીર જિન-સ્તુતિ પદ ૧૪૩) સમજાણું કાંઈ ?

અહીં કહે છે, પ્રભુ ! આત્માના માનનારા અમે, સિદ્ધને (મસ્તક) નમાવીને (-નમસ્કાર કરીને સ્વ-પરના) આત્મામાં (સિદ્ધને) સ્થાપીએ છીએ. આહાહા ! એ શ્રોતાઓ પણ પુણ્ય ને રાગના અભિલાષી નથી. એવા જીવને અમે શ્રોતા તરીકે (લઈને) અનંતા સિદ્ધને એની પર્યાયમાં સ્થાપીએ છીએ. આહાહા ! સમજાણું કાંઈ ?

(સમયસારનાં) શ્રવણમાં વિકલ્પ હોવા છતાં સિદ્ધપણાના સ્થાપનમાં એનો (-દ્રવ્યનો) આશ્રય ને લક્ષ છે, વિકલ્પનો આશ્રય નહીં. આહાહા ! (શ્રોતાનું) લક્ષ ફરી ગયું છે—એમ કહે છે. શ્રોતાનું લક્ષ.... (જેણે) અનંતા સિદ્ધને સ્થાપ્યા એનું લક્ષ દ્રવ્ય ઉપર જાય છે (અને) એને અમે આ સમયસાર સંભળાવશું—એમ કહે છે. શોભાલાલજી ! આહાહા ! સમજાય છે કાંઈ ?

પરના આત્મામાં સ્થાપીને.... (કોઈ) શંકા કરતાં નથી કે 'આ શ્રોતાઓને આમ કેમ ?' આવડા મોટા અનંતા સિદ્ધને પહેલા સમયમાં.... પહેલે સમયે.... (શરુઆતમાં જ) સ્થાપી દ્યો છો ?

(આચાર્યદેવ :) સાંભળને ! સમજાણું કાંઈ ?

(સમયસારનો શ્રોતા :) મહારાજ ! (અમે) પહેલા(-વહેલા) જ્યાં સાંભળવા આવ્યા અને પહેલે ધડાકે અનંતા સિદ્ધને (અમારી) પર્યાયમાં સ્થાપી (દીધા) એકદમ ?

(આચાર્યદેવ :) એકદમ નથી, એ છે જ એવી એની સ્થિતિ (-તારી પાત્રતા). આત્માની સ્થિતિ જ સિદ્ધ થવાને લાયક છે. એથી, જેને (-શ્રોતાને) જિજ્ઞાસા થઈ છે અને સિદ્ધ થવું છે એટલે એની પર્યાયમાં અનંતા સિદ્ધને વર્તમાનમાં સ્થાપી દઈએ છીએ. એ સિદ્ધનો પાડોશી થઈ ગયો હવે.... સંસારીનો પાડોશી નહીં રહે હવે.... આહાહા ! સમજાણું કાંઈ ? ઉદયની (-રાગની) સમીપમાં નહીં રહી શકે હવે —એમ કહે છે. ઓહો ! (શ્રોતાની) પર્યાય તો ક્ષયોપશમ (ભાવે) છે, (છતાં) અનંતા ક્ષાયિકભાવવાળાને પર્યાયમાં સ્થાપ્યા....

(૧) (શ્રોતાની) પર્યાય તો ક્ષયોપશમ (ભાવે) છે (અને)
(૨) અનંતા ક્ષાયિકભાવવાળાને (પર્યાયમાં) સ્થાપ્યા, (તો)
(૩) એને ઉદયનો (ઔદયિકભાવનો) સંબંધ રહેશે જ નહીં, પરંતુ
(૪) પરમ પારિણામિકભાવ સાથે સંબંધ થઈ ઉદય છૂટી જશે.

કહો, શેઠ ! જુગરાજજી ! ........ વાત સાચી, વાત તો સાચી.... આહાહા !

ભાઈ ! તારે કરવું છેને હિત ? હિત (કરવા) માટે આવ્યો છેને ? તો હિત જેણે પૂર્ણ સાધ્યું છે એને આમંત્રણ દઈને અમે સ્થાપીએ છીએ તારી પર્યાયમાં.

(પૂજ્ય ગુરુદેવશ્રી :) હિત કરવું છે કે નહીં ? હિત (કરવા) માટે આવ્યો છે કે અહિત કરવું છે એને માટે આવ્યો છે તું ?

(શ્રોતા :) (હિત કરવા માટે આવ્યો છું સાહેબ !)

(પૂજ્ય ગુરુદેવશ્રી :) (તો) તને (આત્મહિત કરવા સિવાય) બીજો હેતુ હોવો જ ન જોઈએ—એમ કહે છે.

અમે તો શ્રોતાને એમ કહીએ છીએ કે બે.... (આત્મહિત કરવા સિવાય) બીજો હેતુ હોય એ (અમારો) શ્રોતા જ નથી. આહાહા ! ભગવાન અમૃતચંદ્રાચાર્યે કુંદકુંદાચાર્યના શબ્દોમાં રહેલો ભાવ કેટલો ખેંચ્યો (–કાઢ્યો) છે ! ....કેટલો ખેંચ્યો છે ! ઓહોહો ! એમના પેટ કળી (-અભિપ્રાય જાણી) લીધાં છે. સમજાણું કાંઈ ?

કહે છે, અરે શ્રોતાઓ !.... 'પરના આત્મામાં' કહ્યુંને ?

(ભક્ત :) પણ પરના આત્મામાં, મહારાજ ! એટલી બધી યોગ્યતા તમે ક્યાંથી એકદમ જોઈ લીધી ?

(આચાર્યદેવ :) સાંભળને ! એનામાં.... ક્ષયોપશમ પર્યાયમાં આગળ વધીને સિદ્ધ થવાની લાયકાત છે (અને) દ્રવ્યના સ્વભાવમાં સિદ્ધપણું પડ્યું છે એમાંથી લાવવું છે, કાંઈ બહારથી લાવવું નથી. સમજાણું કાંઈ ? જેઠાલાલભાઈ ! આહાહા ! આ મહા મંગળિકના માંડવા સ્થપાય છે. (તાળીઓ).

આહાહાહા ! એ ઉપરથી યાદ આવ્યુંને ? (આ) રીતે 'તત્ત્વાર્થસાર' (બંધ અધિકાર, ગાથા ૩માં કહ્યું છે) ત્યાં લક્ષ ગયું : સર્વજ્ઞ પરમેશ્વર છે એણે કહેલાં (તત્ત્વોથી વિપરીત) છદ્મસ્થો (–અજ્ઞાની) કહે.... (જો) પોતાની કલ્પનાથી કરવા (–કહેવા) જશે તો માર્ગ એકરૂપ ત્રિકાળમાં નહીં રહે. 'અમને તર્કમાં ભાસ્યું આમ છે ને તેમ છે'—એમ ન હોઈ શકે. આહાહા ! સમજાણું કાંઈ ?

કુંદકુંદાચાર્યદેવ, અમૃતચંદ્રાચાર્યદેવ જેવા પણ કહે છે : 'અમે અમારી કલ્પનાથી વાત નથી કરતાં, પણ અનાદિના પરમાગમ છે.... અનાદિની (શાસ્ત્રરૂપે) શબ્દની રચના છે હો જગતમાં, અમે (શબ્દની રચના) કરતાં નથી....' (અરે !) કોઈ (જીવ) કરતાં નથી શબ્દની રચના. આહાહા ! અનાદિનિધન પ્રવાહ આગમનો છે, એમાં નિમિત્ત છે સર્વજ્ઞદેવ ને શ્રુતકેવળી. પુરુષ (–કેવળી ને શ્રુતકેવળી શ્રુતના) નિમિત્ત છે એટલું, (પણ તેમનાથી આગમ) રચાયું નથી.... (તેમણે) રચ્યું નથી. રચ્યું છે.... અનાદિ શબ્દબ્રહ્મે રચ્યું છે એ આગમ. સમજાય છે કાંઈ ?

એવા પરમાગમમાં.... આ (સમયસાર)—કે જે અરિહંતનાં શાસ્ત્રનો (–વાણીનો) એક અવયવ છે.... અરિહંતનાં કહેલાં શાસ્ત્રનો ('સમયસાર' એક અવયવ છે) એને કહેતાં, અમે આખા—પૂર્ણ સિદ્ધ થયા એવા અનંતા સિદ્ધોને પહેલાં શ્રોતાની જ્ઞાનની પર્યાયમાં સ્થાપીએ છીએ. એટલે (શ્રોતા) 'ના પાડશે' —એ પ્રશ્ન અહીં છે જ નહીં. સમજાણું કાંઈ ? અસ્તિથી જ વાત છે અહીં તો કે સિદ્ધોને સ્થાપીએ છીએ.... પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને....—એક બોલ થયો.

હવે, આ સમય નામના પ્રાભૃત.... 'સમય' નામ આત્મા અથવા 'સમય' નામ પદાર્થ. આ સમય નામ આત્મા.... શુદ્ધાત્મા. એનું પ્રાભૃતપણું એટલે આ સાર. એવા પ્રાભૃતનું ભાવવચન.... એ ભાવશ્રુતજ્ઞાન, ભાવશ્રુતજ્ઞાનનો પ્રવાહ અને દ્રવ્યવચન.... વિકલ્પ અથવા વાણી. એનાથી પરિભાષણ શરૂ કરીએ છીએ.... સમજાણું કાંઈ ?

ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે કે અમે અનંતા સિદ્ધોને અમારી પર્યાયમાં સ્થાપ્યા (અને) તમારી (–શ્રોતાની પણ પર્યાયમાં) સ્થાપ્યા, ભાવ નમસ્કાર (–સ્તુતિ અને) દ્રવ્ય નમસ્કાર (–સ્તુતિ) કરીને. હવે સમયપ્રાભૃત કહેશું. એનું 'પરિભાષણ'

એટલે યથાસ્થાને—જ્યાં જોઈએ ત્યાં એવી—વચનની રચના થઈ જશે (તેમ જ) એ પ્રકારનું મારું જ્ઞાન પણ યથાસ્થાન—જ્યાં જોઈએ ત્યાં તેવું જ્ઞાન—પ્રગટ થઈ જશે. એ જ્ઞાન ભાવવચન છે અને વાણીની રચના તે દ્રવ્યવચન છે. સમજાણું કાંઈ ?

('वोच्छामि'નો) અર્થ કરશેને પોતે (અમૃતચંદ્રાચાર્યદેવ) ? 'वोच्छामि'નો અર્થ 'પરિભાષણ' કર્યો છેને ? —એમ (પૂજ્ય ગુરુદેવશ્રીનું કહેવું છે). એ (અમૃતચંદ્રાચાર્યદેવ) એમાંથી (–'वोच्छामि'માંથી અર્થ) લેશે કે 'પરિભાષણ'.... નહિતર તો દ્રવ્યવચનથી (–શબ્દથી) 'वोच्छामि'.... (–'કહીશ') એમ જોઈએ, પણ (અહીં) એ 'वोच्छामि'નો અર્થ જ એ ('પરિભાષણ') છે.

પહેલું (–મૂળ ગાથાની બીજી લાઈનનો પહેલો શબ્દ) છેને 'वोच्छामि' ? એનો અર્થ (ટીકામાં) કર્યો કે 'પરિભાષણ શરૂ કરીએ છીએ'—એમ (કહ્યું). 'કહેશું'—એમ (કહ્યું) નહીં, પણ તેનું (–સમયસારનું) 'પરિભાષણ' શરૂ કરીએ છીએ (—એમ કહે છે).

એટલે અંદર ખુલાસો કરશે (ભાવાર્થમાં કે), જે સમયસારનું પરિભાષા(સૂત્ર) બાંધ્યું છે તેમાં યથાસ્થાને.... યથાસ્થાને જે આ ભાવ (–જ્ઞાનમાં) આવવા જોઈએ એ આવશે અને યથાસ્થાને તે પ્રકારની રચના પણ વાણીની થઈ જશે. આહાહા ! સમજાણું કાંઈ ?

ભાવવચન.... ભાવશ્રુતજ્ઞાન પણ યથાસ્થાન.... જે પ્રકારે યથાસ્થાન વાણી નીકળશે તેમાં તે (–જ્ઞાન) જ નિમિત્ત થશે.—એવું યથાસ્થાન જ્ઞાન (–ભાવવચન) પણ (ત્યાં હશે) અને (હવે) યથાસ્થાન વાણી (–દ્રવ્યવચન) છે એનાથી શરૂ કરીએ છીએ—એમ (કહે છે). સમજાણું આમાં ? આ તો સિદ્ધાંત છે.... સંતોનાં કહેલાં સિદ્ધાંત છે. આ કોઈ સાધારણ વાર્તા.... કથા નથી, આ તો આત્મબાદશાહની કથા છે.

એમ શ્રી કુંદકુંદાચાર્ય કહે છે.... લ્યો !

(સંસ્કૃત ટીકાનો :)

प्रथमत'.... (શબ્દનો અર્થ 'ગ્રંથના આદિમાં') થઈ ગયો.... થઈ ગયો છેને ?....

'भावद्रव्यस्तवाभ्यां स्वात्मनि परात्मनि च निधाया'... 'अनादिनिधन'.... (શબ્દનો અર્થ) પછી આવશે.... પાછળ આવશે. સમજાણું કાંઈ ?....

(એમ શ્રી) કુંદકુંદાચાર્ય કહે છે.. એ સિદ્ધ ભગવંતો.... લ્યો ! એ અનંતા સિદ્ધ ભગવાનો સિદ્ધપણાને લીધે.... છેને ? 'भगवतः सर्वसिद्धान् सिद्धत्वेन साध्यस्यात्मनः प्रतिच्छन्दस्थानीयान्'.... સંસ્કૃતમાં છે એ (શબ્દ)નો અર્થ (કર્યો) એ સિદ્ધ ભગવાનો....

એમાં આવ્યું'તુંને ? ભગવાનનું નામ પણ મહા મંગળિક છે. —'પ્રવચનસાર'માં. નામગ્રહણ.... 'વર્ધમાન'. નામ આવ્યું'તુંને 'વર્ધમાન'.... 'વર્ધમાન' નામગ્રહણ પણ ભલું છે. પ્રવચનસારની શરૂઆતમાં (૧ થી ૫ ગાથા).

અહીં તો (કહે છે), અનંતા સિદ્ધોને કેમ સ્થાપ્યા છે અમે ? (કારણ) કે એ સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા તેના પ્રતિચ્છંદના સ્થાને છે.... પડઘો.... પડઘો.... પ્રતિઘાત.

(સાધક :) ' હે ભગવાન ! તમે પૂર્ણ છો'....

(ત્યાં સાધકને) પ્રતિધ્વનિ સામે આવે છે કે 'હે ભગવાન ! તમે પૂર્ણ છો....' શેઠ !

'હે ભગવાન ! આપ પૂર્ણ શુદ્ધ છો....' પ્રતિધ્વનિ આવે છે.... પડઘો.... પડઘો, પ્રતિઘાત. પાછો.... એ અવાજ પાછો આવે છે.... (અવાજ સામે) નાખતાં અવાજ પાછો આવે છે 'પ્રતિચ્છંદ'....

(સાધક :) 'હે પરમાત્મા ! તમે પૂર્ણ અનંત સિદ્ધ છો'....

(સામે પડઘો :) 'હે પરમાત્મા ! તું અનંત સિદ્ધ છો. મારી જેવી અનંતી પર્યાય તારામાં પડી છે એવો તું અનંત સિદ્ધ છો.' સમજાણું કાંઈ ?

આપણે 'પડઘો' નથી કહેતાં પડઘો ? આ રાણપુરમાં નહીં ? આ 'પડઘો' કહે છેને ? હિન્દીમાં 'પ્રતિઘાત'.... અવાજ.... પ્રતિધ્વનિ. રાણપુરમાં છેને મોટો ગઢ સાડા ચારસો વર્ષ પહેલાંનો.... મોટો ગઢ સાડા ચારસો (વર્ષ પહેલાંનો) રાણાનો છે. એ અહીંથી (–એક બાજુથી) બંદૂક વાગે (–ચલાવે), તો ત્યાંથી (–બીજી બાજુથી) બંદૂક વાગે છે એમ લાગે.... જાણે બંદૂક(ની ગોળી) ત્યાંથી

આવતી હોય એમ લાગે. ગઢ પાકો છે. ન્યાના (બનાવનારે) સીસાના પાયા નાખ્યા છે.... એમાં સીસું ભર્યું છે.

આહીં કહે છે, સિદ્ધ ભગવાન કેવા છે ? કે સિદ્ધપણાને લીધે.... પાછું એમ (કહે છે કે) સિદ્ધ ભગવંતો પૂર્ણ પરમાત્મદશા પામ્યા છે તેને લીધે સાધ્ય જે આત્મા.... આત્માનું સાધ્ય એ સિદ્ધ થવાનું છે. (તેથી સિદ્ધ) તેના પ્રતિચ્છંદના સ્થાને છે.... પડઘો છે. (પૂર્ણ) આત્મા 'સાધ્ય' છેને ? (એટલે કે) આત્માને પૂર્ણ પ્રાપ્ત કરવો છે. એ (સિદ્ધ) સાધ્ય(પદ)માં છે, એ (રીતે) પોતે (–પોતાનો પૂર્ણ આત્મા) સાધ્ય છે. (તો), એનું (–સિદ્ધનું) લક્ષ કરીને 'એ જેવા છે તેવો હું છું' (એવો નિર્ણય કર). સમજાણું કાંઈ ? આ છેને સત્સંગ સાચો.

સિદ્ધ ભગવંતો, સિદ્ધપણાને લીધે, સાધ્ય જે આત્મા છે તેના પડઘા છે આ (સિદ્ધ) તો. આહાહા ! (પૂર્ણ) શુદ્ધાત્મા સાધ્ય છે (અને એના જેવી) શુદ્ધતા સિદ્ધને પ્રગટ થઈ છે. તેથી તે (સિદ્ધ) પ્રતિઘાત.... પ્રતિધ્વનિ (જેવા) છે (સાધ્ય આત્મા) સામે.

(સાધક :) 'તમે સિદ્ધ થયા છો.'
(સામે પડઘો :) 'તમે સિદ્ધ થયા છો.... ' આહાહા ! સમજાણું કાંઈ ?

સાધ્ય જે આત્મા (છે તે પૂર્ણ) શુદ્ધ છે—એમ (–એવી રીતે) તેના પ્રતિઘાત.... પડઘા.... પ્રતિધ્વનિને સ્થાને સિદ્ધ (પણ પૂર્ણ શુદ્ધ) છે. જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો.... દેખો ! 'જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવ'.... (કહીને 'સંસારી ભવ્ય જીવોને') સ્થાપ્યા, (કેમ કે) સંસારી ભવ્ય (જીવ) છે એ સિદ્ધ થાય છે કે નહીં ? કે સિદ્ધ થયેલા સિદ્ધ થાય છે ?

સંસારી જીવનું સ્થાપન કર્યું (કે) અશુદ્ધ પર્યાયવાળા જીવ સંસારમાં સંસરણવાળા (–પરિભ્રમણ કરવાવાળા) છે.

એ(માંથી) પણ કોણ (જીવ) ?

ભવ્ય જીવો.... જે ભવ્ય છે, અભવ્યની અહીં વાત લેવી નથી. અહીં તો (ભવ્યમાં પણ જે) સિદ્ધ થાય (–થવાના છે) તે (ભવ્ય) જીવની વાત છે.

આહાહા ! એને (−ભવ્યને) કહે છે કે (સિદ્ધના સ્વરૂપનું ચિંતવન કરવાથી) કોલકરાર થઈ જાય કે 'અમે સિદ્ધ થવાના છીએ.... સંસાર અમારે માટે છે નહીં', આહાહા ! કેમ કે '(પૂર્ણ) શુદ્ધાત્મા' એવું જે સાધ્ય છે એના (પ્રતિચ્છંદના) સ્થાને ભગવાન સિદ્ધ છે.... સિદ્ધ 'પ્રતિધ્વનિ' છે.

(સાધક :) 'તું સિદ્ધ'.
(સામે પડઘો :) કે 'તું સિદ્ધ'.

(સાધક :) 'તમે પૂર્ણ'.
(સામે પડઘો :) કે 'તું પૂર્ણ.'

(સાધક :) 'તમે અનંત કેવળજ્ઞાની મહારાજ'.
(સામે પડઘો :) કે 'તું અનંત કેવળજ્ઞાની મહારાજ.'

—(આમ) પ્રતિધ્વનિ છે. શોભાલાલજી ! ઐસા કભી સુના નહીં હોગા કાનપુરમેં. આહાહા !

........ આહાહા ! શું કરે છે આચાર્ય ! ગજબ કરે છે હોં ! આહાહા ! ભવ્ય ! હે ભવ્ય ! સંસારી જીવ ! એને (−તારે) ચિંતવન કોનું કરવાનું છે ? એકાગ્ર શેમાં થવાનું છે ? સિદ્ધપણું પ્રાપ્ત કરવા આત્મામાં ઊતરવાનું છે.... આત્મામાં એકાગ્ર થવાનું છે. એટલે જેમના સ્વરૂપનું સંસારી ભવ્ય જીવો ચિંતવન..... 'ચિંતવન' શબ્દે એકાગ્રતા. અંતરસ્વરૂપ (અર્થાત્) પોતે (આત્મા) સિદ્ધસ્વરૂપ છે. એ (અનંત) સિદ્ધ છે (તેમને) અહીં (પર્યાયમાં) સ્થાપ્યા, (પણ) તે પોતે (સિદ્ધ જે રૂપે) પ્રગટ થયા એવા બધા સિદ્ધપણા (−અનંત સિદ્ધપર્યાયો) મારા સ્વરૂપમાં છે. એ મારા સ્વરૂપમાં.... એવી અનંતી સિદ્ધની પર્યાયો મારા સ્વરૂપમાં અત્યારે છે. સમજાણું કાંઈ ? આહાહા !

એક સિદ્ધની (પર્યાય છે) એવી અનંતી સિદ્ધની પર્યાયો (મારામાં છે). કારણ કે જે સિદ્ધપર્યાય મને પ્રગટ થવાની છે એ પાછી સાદિ-અનંત (કાળ) રહેવાની છે. (તેથી) એ બધી પર્યાયો મારી પાસે આહીં (−દ્રવ્યમાં) પડી છે.... બધા સિદ્ધો (−ભાવિની બધી સિદ્ધ પર્યાય) મારી પાસે છે. આહાહા ! સમજાય છે કાંઈ ? 'સાદિ અનંત અનંત સમાધિસુખમાં....' (અપૂર્વ અવસર પદ-૧૯). એ બધું

અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત સમાધિ(સુખ અર્થાત્) એ બધી (પર્યાયો) મારામાં પડી છે. એનું (–આત્માનું) ધ્યાન કરીને....—એમ (કહેવું છે). સિદ્ધ સમાન મારો આત્મા છે તેમાં એકાગ્ર થઈને.... —એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા !

(અજ્ઞાનીને) એમ (થાય છે કે :) 'અરર ! અમે એવા (સિદ્ધ જેવા ક્યાંથી) ?'

(પૂજ્ય ગુરુદેવશ્રી :) અરે ભગવાન ! 'ના' ન પાડ.... એવડો (–સિદ્ધ સમાન) છો. સિદ્ધ થવાને લાયક જ છો. સંસારમાં રહેવાને લાયક આત્મા ન હોય. આહાહા ! સમજાય છે કાંઈ ? અરે ! સાંભળવાને મળ્યું, તારા જ્ઞાનમાં આ વાત આવી અને હવે તું સિદ્ધ થવાને લાયક ન હોય એમ બને ?—એમ કહે છે.... એમ કહે છે આહીં. ...ભાઈ ! આહાહા ! જુઓ તો કુંદકુંદાચાર્યની શૈલી ! ગજબ વાત છે ! કોઈ શ્વેતાંબરના (૪૫ ને સ્થાનકવાસીના) ૩૨ (સૂત્ર) વીંખે (–વાંચે) તો (પણ) આ (ભાવ) ન નીકળે એમાંથી. એવો ધ્વનિ (આ છે)....

સાક્ષાત્ પોતે સાધક (–આચાર્યદેવ), મુનિપણાની ભૂમિકામાં ઊભા છે ને 'અનંતા સિદ્ધોને સ્થાપ્યા'—એમ (કહીને પોતે) પોતાના સિદ્ધપણાનો (–સિદ્ધ સ્વભાવનો) અંદર આશ્રય કર્યો છે (—એમ પણ કહ્યું છે). એથી એ સિદ્ધ ભગવાનનું ધ્યાન કરી....

(જિજ્ઞાસુ :) સિદ્ધ ભગવાનનું ધ્યાન (કરવાનું કહો છો, પણ) અહીં સિદ્ધ નથીને ?

(સમાધાન :) છે. જુઓ ! 'તત્ત્વાનુશાસન'માં આવ્યુંને ? (ગાથા ૧૮૮). 'તત્ત્વાનુશાસન'માં કહ્યું કે મહારાજ ! તમે 'અરિહંતનું ધ્યાન (સાધક) જીવ કરે છે'—એમ કહો છો, (પણ અત્યારે) અરિહંત તો નથી ? કોણ કહે છે કે (અરિહંત) નથી ?.... કોણ કહે છે કે નથી ? મારા આત્મામાં અરિહંત છે. અરિહંત હું થવાનો છું.... અરિહંત હું થવાનો છું.—એવી કેવળજ્ઞાનની પર્યાય મારામાંથી આવશે કે બહારથી ? એ પર્યાય મારામાં છે, (તેથી) અત્યારે હું અરિહંત છું. આહાહા ! સમજાણું કાંઈ ?

(પ્રશ્ન :) 'સિદ્ધ ભગવાન છો ?'

(સમાધાન :) 'હા, હું સિદ્ધ ભગવાન છું.' કેમ કે સિદ્ધની પર્યાય જે પ્રગટ મને થવાની છે એ સાદિ-અનંત (કાળ) રહેવાની છે (અને) એ બધી પર્યાય મારામાં અત્યારે પડી છે, (તેથી) હું સિદ્ધ જ છું અત્યારે. આહાહા ! 'સિદ્ધ સમાન સદા પદ મેરો'.... દ્રવ્ય.. દ્રવ્ય (અપેક્ષાએ). (નાટક સમયસાર, મંગલાચરણ પદ-૧૧). સમજાણું કાંઈ ?

લ્યો ! એવા સિદ્ધોનું ભવ્ય જીવો ચિંતવન કરીને.... એટલે કે એનું ધ્યાન કરીને.... એમ (કહેવું છે. પછી) તે સમાન પોતાના સ્વરૂપને ધ્યાવીને.... તે (સમાન) પોતાનું સ્વરૂપ છે (તેનું) ધ્યાન કરીને.... 'હું સિદ્ધ સમાન જ છું,' એ (સિદ્ધના) આત્મામાં અને આ આત્મામાં ફેર નથી. આત્માની (અને સિદ્ધની) જાત.... નાતમાં ફેર છે ? (ના.) 'સર્વ જીવ છે સિદ્ધ સમ, જે સમજે તે થાય.' (આત્મસિદ્ધિ ગાથા ૧૩૫). લ્યો ! 'સિદ્ધ સમ'.... (—એમ) આવે છે કે નહીં ?

'યોગસાર'માં એમ આવે છે : 'સર્વ જીવ છે જ્ઞાનમય....' (ગાથા ૯૯). 'યોગસાર'માં. 'સર્વ જીવ છે જ્ઞાનમય....' (જીવને) જ્ઞાનમય કહો કે એકલો ચૈતન્યપુંજ (કહો—એક જ છે અને) એમાંથી એ સિદ્ધસ્વરૂપ થઈ જશે. '(જીવ) જ્ઞાનમય છે' એમાં વળી રાગમય ને અલ્પજ્ઞાનની (વાત) ક્યાં રહી ? 'સર્વ જીવ છે જ્ઞાનમય....' આ જ્ઞાન.... આ જ્ઞાનમય (આત્મ)વસ્તુ, એકાકાર વસ્તુ છે.

એ સિદ્ધનું ધ્યાન કરતાં પોતાનું ધ્યાન થાય છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? એટલે કે તે (સિદ્ધ) સમાન પોતાના સ્વરૂપનું ધ્યાન કરીને.... તે સમાન.... 'હું તો સિદ્ધ છું.... અનંતા સિદ્ધો (છે) તે જાતનો જ હું આત્મા છું'—એમ પોતાના આત્માની સન્મુખ થઈ, સિદ્ધ સમાન પોતાનું ધ્યાન કરી, તેમના જેવા થઈ જાય છે.... એમના જેવા થઈ જાય છે.... કોલ-કરારે થઈ જાય છે—એમ કહે છે અહીં. એમાં વચ્ચે 'આમ થાશે ને તેમ થાશે, ઢીંકણું થાશે (તો)....'—એ વાત રહેવા (દે) !.... 'સંભાર મા (–યાદ ન કર) મારા જેવા (સંસારીને)....' અહીં તો સિદ્ધની વાત છે.... સિદ્ધના શાહુકારની વાત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

શાહુકાર તો હુંડી(ને કારણે) બધું રાખે.... પૈસા ઘણા રાખે. ગમે એવા (–તેટલા પૈસા) લેવા આવે (તો પણ) 'લઈ જા, લઈ જા' (—એમ કહે), 'કાલે

આવ'—એમ કહે નહીં. (શું શાહુકાર 'ના') કહે ? (ના). પચ્ચીસ-પચાસ હજાર, લાખ રાખી મૂકે તિજોરીમાં, (કેમ કે) ક્યારે આવે (પૈસા) લેવા.... કોણ લેવા આવે (તેની કેમ ખબર પડે ? અને) 'ના' ન પાડે.... પડાય નહીં. શાહુકાર કોને કહેવાય ? સમજાય છે ? તિજોરીમાં રાખી મૂકે પચાસ હજાર, લાખ. એમ (ને એમ) પડ્યા જ હોય. (શું ખબર) કોણ આવે.... ક્યારે (પૈસા) લેવા આવે ? 'ના' ન પડાય, 'કાલ આવ'—એમ ('ના') ન પડાય, શાહુકાર છે. સમજાણું કાંઈ ?

આ ચાર આના ને છ આનાના (વ્યાજે પૈસા) મૂકી જાયને કોઈ શાહુકારની દુકાને. સાચો શાહુકાર તો એવો હોય (કે પૈસા) તૈયાર રાખે. શું શેઠ ! હા, અમારે ભાઈ કુંવરજીભાઈની દુકાન હતી. બહુ સારી છાપ હતી દુકાનની (એટલે કે) કુંવરજીભાઈની, (તેથી) ઘણા (લોકો પૈસા) મૂકવા આવે. બહુ છાપ સારી, છતાં (તિજોરીમાં) પૈસા રાખી જ મૂકે. ત્યારે કહેવાય 'લઈ જા'.... 'ના, હવે કાલે (આવજે'—એમ) કહેવું અમારે ? અમે શાહુકાર છીએ. તમારું હોય એ ખરું, (પણ) આ તો (નજર) સામે જોયેલું છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : (સમજાણું નહિ).....

પૂજ્ય ગુરુદેવ શ્રી : આહીં (દ્રષ્ટાંતમાં તો) સાદી ભાષા છે, એમાં (હિન્દીમાં) શું (કહેવું) ? જુઓ, શાહુકાર હોતા હૈ કિ નહીં ? તો કિસી (દુસરે)કા પૈસા લેતે હૈં ચાર-છ આના વ્યાજસે. તો (કોઈ) કભી ભી (પૈસા) લેનેકો આતે હૈં, તો અપની તિજોરીમેં પચ્ચાસ હજાર, લાખકી સિલક (CASH) રખતે હી હૈં.... નગદ રખતે હી હૈં, (તિજોરી) ખાલી ન રહે. ક્યું કિ, કભી ભી કોઈ (પૈસા) લેને કો આવે તો 'ના' ન પાડે શાહુકાર. 'અભી નહીં'—એમ 'ના' ન પડાય, 'લઈ જા'....(—એમ કહે). સમજમેં આયા ?

સંસારમાંય એવા હોય છે ગૃહસ્થો.... સારા માણસ હોય. આવ્યા (હોય કોઈ પૈસા) લેવા.... એણે છ આના તરીકે મૂક્યા હોય (પૈસા). વ્યાજે મૂકેને ? (તમારે) હવે આઠ આના.... વધી ગયું લાગે છે. પહેલાં ચાર-છ આના આપતા વ્યાજ. સો રૂપિયાના છ આના, ચાર આના (વ્યાજ). પછી (કોઈ) ચાર-છ આને (પૈસા વ્યાજે) મૂકે. એમાં દસ-વીસ હજાર (રૂપિયા) મૂકી ગયા હોય એ લેવા આવે તો 'ના' ન પડાય (કે) 'આજે નહીં ને કાલે (આવજે)'—એમ (કહેવાય) નહીં.

અમુક ઓછે ભાવે.... (ઓછા) વ્યાજે મૂક્યા (હોય પૈસા) અમારી (-શાહુકાર) પાસે...... (અને પૈસા પાછા લેવા આવે તો) એ ટાણે રોકડા ગણી દે એને. એટલી નોટું.... પહેલાં (રોકડા) પૈસા હતા.... કેટલાક (રોકડા પૈસાની) કોથળીયું રાખતા હતા. હવે નોટું રાખે છે નોટ. (એવી રીતે) આહીં તો માલ રોકડિયો પડ્યો છે—(એમ) કહે છે. સિદ્ધ ભગવાનનું ધ્યાન કરતાં અંદર (સ્વભાવમાં શુદ્ધતાનો) માલ પડ્યો છે એ ફટ.... ફટ.... ફટ એને (-જ્ઞાનીને) આપી દે.... સ્વરૂપમાંથી (શુદ્ધતા) નીકળવા જ માંડે અંદરથી. સમજાણું કાંઈ ? એવો શાહુકાર છે આ (આત્મા) તો.

જુઓને ! શું કીધું ? કહે છે : સિદ્ધ સમાન (પોતાના સ્વરૂપને) ધ્યાવીને, તેમના જેવા થઈ જાય છે....—એમ કહે છે. એટલે કે એ પર્યાયે.. પર્યાયે (શુદ્ધતા) સ્વરૂપમાંથી નીકળે જ જાય છે.... ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યનું ધ્યાન કરતાં (શુદ્ધપર્યાય) નીકળે જ જાય છે (અને એ) નીકળતાં.... નીકળતાં સિદ્ધ થઈ જશે. વજુભાઈ ! ('આત્મામાં સિદ્ધની સ્થાપના' એ,) આ 'વાસ્તુ' થાય છે આત્માનું.

તેમના જેવા થઈ જાય છે.... એટલે શું કીધું સમજાણું ? સિદ્ધપણાનું ધ્યાન કરતાં પ્રાપ્તિ એને શુદ્ધિની થાય જ છે—એમ કહે છે. આહા ! મારા (-પોતાના આત્મા) સામું જોઈને એકાગ્ર થયો ને અંદરમાંથી (શુદ્ધતા) ન આવે (—એમ બને નહીં). સમજાય છે કાંઈ ?

(સાધ્ય) એવા સિદ્ધ ભગવાનને પોતાના આત્મામાં સ્થાપીને ધ્યાન કરે છે (કે) 'એવો હું છું', એટલે વળી (-ઢળી) ગયો દ્રવ્ય ઉપર (અને) દ્રવ્ય પર વળતાં જેટલી એકાગ્રતા (કરે) છે એટલી શુદ્ધતા પ્રગટ થાય જ છે.... સિદ્ધની પ્રાપ્તિના કારણરૂપ પર્યાય (-મોક્ષમાર્ગ) પ્રાપ્ત થાય જ છે અને (અધિક સ્થિરતા) કરતાં.... કરતાં પૂર્ણ થઈ જશે. આહાહા ! આમાં ક્યાંય (કોઈ) સંસારી રહેશે કે (સમકિત) પામેલો પડી જશે—એ વાત આહીં નથી. ન્યાલભાઈ ! આહાહા !

દ્રવ્ય તે નાશ થાતું હશે ? દ્રવ્ય નાશ થાય ? દ્રવ્ય પડી જાય ? (ના.)

(કોઈ કહે), 'દ્રવ્ય પડી ગયું લ્યો !'

શું (દ્રવ્ય) પડી ગયું (-જાય) ? (ના.) એમ જ્યાં દ્રવ્યનું ધ્યાન કર્યું, (તો) કહે છે પડે કોણ ? પડે એ તું નહીં.... <u>પડે એ આત્મા નહીં, ચડે તે આત્મા.</u>

સમજાણું કાંઈ ! આહાહા ! વસ્તુસ્વરૂપને.... ભગવાન આત્માને.... સિદ્ધ સમાન પોતાને જાણતો (–જ્ઞાન), માનતો (–શ્રદ્ધા), અનુભવતો (–ચારિત્ર) તે વૃદ્ધિ પામીને સિદ્ધ સમાન થઈ જાય છે.... એનું સિદ્ધપણું નજીકમાં છે. સમજાણું કાંઈ ? કહો, ભીખાભાઈ ! જુઓ.... આ વાત જુઓ ! સમજાય છે ?

હવે કહે છે, કેવી છે તે (પંચમ)ગતિ ?....હવે, પ્રાપ્ત થાય છે જે સિદ્ધપણું —મોક્ષગતિ (તે કેવી છે ?)....

અને ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ.... દેખો ! (સંસારની) ચાર ગતિ છે તેનાથી (પંચમગતિ) વિલક્ષણ છે. (ચાર ગતિમાં, એક) ગતિનો (બીજી) ગતિમાંય સંબંધ છે, પણ આ મોક્ષગતિ તો ચાર ગતિથી જુદાં લક્ષણવાળી છે.... જાત જુદી છે.

ચારે ગતિઓથી વિલક્ષણ જે પંચમગતિ મોક્ષ તેને પામે છે.... લ્યો ! સિદ્ધ જેવા થઈ જાય છે.... —એનો અર્થ એ છે કે પંચમગતિને પામે છે (અને) એટલે ચાર ગતિ રહેતી નથી. ચાર ગતિ હતી કે દિ'.... સ્વભાવમાં છે ક્યાં ? સિદ્ધનેય છે ક્યાં અને આના (–આત્માના) સ્વભાવમાં (પણ) છે ક્યાં ? સમજાણું કાંઈ ?

અને ચારે ગતિઓથી વિલક્ષણ.... 'ચાર ગતિ' એટલે કે નરક, ઢોર (–તિર્યંચ), મનુષ્ય ને દેવ. દેવની ગતિથી પણ વિલક્ષણ, ચક્રવર્તીના મનુષ્યભવથી પણ વિલક્ષણ.... વિપરીત લક્ષણવાળો (મોક્ષ છે). ચાર ગતિનું લક્ષણ અને મોક્ષનું.... સિદ્ધગતિનું લક્ષણ તદ્દન ભિન્ન (છે). એવી વિલક્ષણ જે પંચમગતિ.... જુઓ ! (સંસારની) ચાર ગતિ સિદ્ધ કરી અને (તેનો અભાવ કરી) પંચમગતિને પામે છે.... સિદ્ધ(ગતિ)ને પામે (છે). તો, એનો અર્થ (એ છે) કે સંસાર પહેલો હતો અને સંસારમાં ચાર ગતિ હતી. સમજાણું કાંઈ ?

એવી પંચમગતિ મોક્ષ તેને પામે છે.... પાંચ ગતિ સિદ્ધ કરી. ચાર ગતિ આ સંસાર(ની અને) પાંચમી ગતિ મોક્ષ. (ગતિ=) ગમન.... ગમન કર્યું ત્યાં (મોક્ષમાં) એણે. એ ગતિ થઈ એ થઈ, હવે આગતિ (–પાછા આવવું) નહીં (થાય). ચાર ગતિમાં તો ગતિ (= જવાનું પણ) થાય અને આગતિ (= પાછા આવવાનું પણ)

થાય—ત્યાંથી પાછો આવે ને જાય.... આવે ને જાય. આ (પંચમગતિમાં) તો ગતિ થઈ તે થઈ, આગતિ ન મળે હવે.

માટે ખરી ગતિ એ છે કે જ્યાં પહોંચ્યા પછી પાછું ફરવું ન પડે.—એ એની ગતિ. જે માર્ગ કાપ્યો ને પાછો કાપવો ન પડે (-પાછા ફરવું ન પડે) એ એનું નામ માર્ગ.... સમજાણુ કાંઈ ? ચાર ગતિમાં તો ગતિ, આગતિ છે અને પાંચમી ગતિમાં ગતિ છે એકલી. સમજાણું કાંઈ ?

કેવી છે તે (પંચમ) ગતિ ?.... હવે પંચમગતિની વ્યાખ્યા. એ 'ધ્રુવ'થી ઉપાડ્યું હવે. 'ધ્રુવ' શબ્દ છેને ? **वंदित्तु सव्वसिद्धे ('ध्रुवम्')**.

(જુઓ !) એને (-સમયસારને) 'કહીશ'—એ શબ્દનો (અર્થ) પહેલો નાખી (-કહી) દીધો (અર્થાત્) 'પરિભાષણ'.... (એ) '**वोच्छामि**'નો (અર્થ પહેલાં કર્યો).

પછી હવે સિદ્ધગતિના વિશેષણો (કહે છે—કે જે ગાથાના) બીજા પદમાં છે તે.... **ध्रुवमचलमणोवमं गदिं पत्ते.... 'गदिं पत्ते'**.... કીધું (-'ગતિને પામ્યા'—એમ કીધું), પણ હવે (કહે છે કે), કેવી ગતિને પામ્યા ? આહાહા ! પંચમગતિ કેવી છે ?

સ્વભાવભાવરૂપ છે.... દેખો, એ પંચમગતિ સ્વભાવભાવરૂપ છે.... એ પર્યાયને 'સ્વભાવભાવરૂપ છે'—એમ કીધી. સ્વભાવભાવરૂપ તો દ્રવ્ય છે ત્રિકાળી, (પરંતુ) એવો જ પર્યાય પ્રગટ્યો છે, માટે (તે પણ) સ્વભાવભાવરૂપ છે. સમજાણું કાંઈ ?

એ પંચમગતિ સ્વભાવભાવરૂપ છે.... સ્વભાવભાવરૂપ છે.... નિશ્ચળ સ્વભાવ જે ત્રિકાળી છે એવો જ પર્યાયમાં સ્વભાવભાવરૂપ થઈ ગયો છે. તેથી ધ્રુવપણાને અવલંબે છે.... તેથી ધ્રુવપણાને પ્રાપ્ત થઈ છે. એ ધ્રુવપણું રહ્યું (-રહેશે) ત્યાં હવે, ગતિ ફરતી નથી.

જુઓ ! છે સિદ્ધ, એ પર્યાય, પણ એને 'ધ્રુવ' કીધી. ધ્રુવ તો.... દ્રવ્ય ને ગુણ ધ્રુવ છે, પણ ધ્રુવનું ધ્યાન કરીને (પૂર્ણ) પર્યાય પ્રગટી એ એમ ને એમ રહેશે, (માટે તેને 'ધ્રુવ' કહી છે). સ્વભાવભાવપણાને પ્રાપ્ત છે એ (પંચમગતિ). તો (જે) સ્વભાવભાવપણાને પ્રાપ્ત (હોય) એ પાછી ફરે કેમ ? જેવું છે એવું સ્વભાવભાવપણું (પૂર્ણ) પ્રગટ થઈ ગયું, તો (પૂર્ણ) થઈ રહ્યું—સ્વભાવ(ભાવ)રૂપ

થઈ ગઈ (પંચમગતિ.... સ્વભાવમાં થઈ ગઈ) તન્મય. **તેથી ધ્રુવપણાને અવલંબે છે.... 'ધ્રુવમચલમણોવમં'....** લ્યો ! સમજાણું ?

**'ધ્રુવમચલમણોવમં....'** દીકરીઓ બોલી હતી. ૧૪ હતીને ૧૪. **'ધ્રુવમચલમણોવમં....'** ૧૪ (ગુણસ્થાન)ની પેલી પારનું સીધું સિદ્ધપદ માંગે છે—એમ (કીધું). કાલ ૧૪ હતીને બ્રહ્મચારી (બહેનો) આહારમાં. અમારે **ધ્રુવમચલમણોવમં....** (એવી સિદ્ધદશા જોઈએ છે—એમ ) કીધું (એટલે કે) :

૧૪ (ગુણસ્થાન)ની પેલી પારનું ધ્રુવ,
૧૪ જીવસમાસની પેલી પારનું ધ્રુવ અને
૧૪ માર્ગણા(સ્થાન)ની પેલી પારનું ધ્રુવ.
૧૪ (બોલ) આવ્યાને ૧૪.

કાલ (૧૪) દીકરીઓ હતીને બ્રહ્મચારી, એ ઉપરથી બધા ૧૪ (બોલનું યાદ) આવ્યું આ. ૧૪ (બોલ) હતાને ૧૪. સમજાણું કાંઈ ? આ ૧૪નો આંકડો ધર્મનો, નહોતો કહ્યો ૧૨ની સાલમાં ? ૧૨.... ૧૨. ૧૨ વર્ષ થયા.

૨૦૦૫ની સાલમાં (સૌથી) પહેલાં છ (બહેનોએ કારતક સુદ ૧૩ના દિવસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી). પછી,

(૨૦૧૨ની સાલમાં ૧૪ બહેનોએ ભાદરવા સુદ ૫ ના દિવસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી. પછી),

૨૦૧૯ની (સાલમાં ૮ બહેનોએ ભાદરવા સુદ ૧ના દિવસે બ્રહ્મચર્યની પ્રતિજ્ઞા લીધી હતી).... નહીં ? આઠ. ........

અહીં તો આપણે ૧૪ જીવસમાસ, ૧૪ માર્ગણાસ્થાન, ૧૪ ગુણસ્થાન—એ ૧૪(ની સંખ્યા)વાળી વાત અહીંયા (લેવી છે). ૧૪ ગુણસ્થાનની ઉપરની દશા તે ધ્રુવ (સિદ્ધદશા). સમજાણું કાંઈ ? આહાહા !

કહે છે કે **સ્વભાવભાવરૂપ છે....** 'સ્વભાવરૂપ છે' એમ નથી કહ્યું. **સ્વભાવભાવરૂપ છે....** પર્યાય સિદ્ધ કરવી છેને ? સ્વભાવ છે એ ત્રિકાળી છે, પણ આ (સિદ્ધદશા) તો સ્વભાવપર્યાય.... સ્વભાવ'ભાવ' = પર્યાય = સિદ્ધગતિ છે....

સ્વભાવભાવરૂપ છે. મોક્ષગતિ.... સિદ્ધગતિ સ્વભાવભાવરૂપ છે. આહાહાહાહા ! (સમયસારમાં) હીરા.... હીરા.... છે એકલા હોં.... એકલા હીરા પાથર્યાં છે.

ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી.... કારણ કે (ચારેય ગતિમાં) પરનિમિત્ત છે, તો નિમિત્ત ફરતું જાય છે એમ અહીં (ચાર ગતિની) પર્યાય (પણ) ફરતી જાય છે. આમાં (–સિદ્ધદશામાં) તો (સદ્ભાવરૂપ) નિમિત્ત રહ્યું નહીં અને સ્વભાવભાવ થઈ ગયો એટલે કાંઈ ફરવું રહ્યું નહીં.

ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી.... પર 'નિમિત્ત' છે હોં. અશુદ્ધ ઉપાદાન તો એનું (–જીવનું) પોતાનું છે. આ (સિદ્ધદશા) તો '**स्वभावभावभूत**'.... પોતાથી થઈ છે. ચારે ગતિઓ પરનિમિત્તથી થતી હોવાથી ધ્રુવ નથી, વિનાશિક છે.... ચાર ગતિ વિનાશિક છે.... સર્વાર્થસિદ્ધિનો ભવ પણ નાશ પામે છે.

'ધ્રુવ' વિશેષણથી પંચમગતિમાં એ વિનાશિકતાનો વ્યવછેદ થયો.... લ્યો ! ચાર ગતિઓમાં પરના નિમિત્તને લઈને વિનાશિકપણું છે, (પણ) ધ્રુવપણું નથી.... એકરૂપપણું નથી. એનો (–વિનાશિકતાનો) અભાવ બતાવીને આનું (–સિદ્ધદશાનું) ધ્રુવપણું બતાવ્યું કે એવું ને એવું (હોવાપણું) ત્યાં હવે રહેશે. ચાર ગતિથી વિલક્ષણ એની (–સિદ્ધની) ગતિ છે. એવી આ (સિદ્ધગતિ છે). સમજાય છે ? (ભવ્ય જીવો) સિદ્ધના ધ્યાને પોતે સિદ્ધગતિને પામે છે.—એ 'ધ્રુવ'ની વ્યાખ્યા કરી.

વળી તે ગતિ કેવી છે ? અનાદિ કાળથી (પર) ભાવના નિમિત્તથી થતું જે પરમાં ભ્રમણ.... અનાદિ કાળથી અન્ય ભાવના નિમિત્તથી થતું.... 'નિમિત્તથી થતું'નો અર્થ : સ્વભાવથી પરિભ્રમણ હોય નહીં, નિમિત્તના આશ્રયે થતું (હોય છે) પરિભ્રમણ. (પરિભ્રમણમાં) નિમિત્ત છેને એ (પર ભાવ), ઉપાદાન તો આહીંનું (–જીવનું) પોતાનું છે. (ત્રિકાળી) સ્વભાવમાં (કોઈ) નિમિત્ત હોઈ શકે નહીં, આ તો પરિભ્રમણમાં નિમિત્ત (હોય) છે—એમ કહે છે.

અનાદિ કાળથી (પર) ભાવના નિમિત્તથી.... '(પર) ભાવ' એટલે કર્મ આદિ.... (એના નિમિત્તથી) થતું જે પરમાં ભ્રમણ.... રાગાદિમાં ભ્રમણ.... રાગાદિ વિકલ્પના ચકરાવામાં ભ્રમણ તેની વિશ્રાંતિ.... તેનો અભાવ થયો.... સિદ્ધમાં (ભ્રમણનો) અભાવ થઈ ગયો.

(ગાથાના) 'ध्रुवमचलम्'(શબ્દમાંથી, હવે) 'अचलम्'.... લેવું છેને ? (તેથી કહે છે કે), વિશ્રાંતિ (અભાવ) વશ અચલપણાને પામી છે.... (સિદ્ધદશા) અચળ રહેશે.... ચળવાની નથી. લ્યો ! સમજાણું કાંઈ ?

પહેલા....
(૧) 'ધ્રુવ'માં અસ્તિપણાની વાત કરી, આ હવે
(૨) ('અચલ'માં) નિમિત્તના અભાવની.... નાસ્તિની વાત કરી.

(૧) 'ધ્રુવ'—એ અસ્તિની.... પર્યાયની વાત કરી,
(૨) 'અચલ'પણું.... હવે ચળે નહીં—એ નાસ્તિથી વાત કરી.
સમજાણું કાંઈ ?

'અમળ' લીધું છે જયસેનાચાર્ય (કૃત ટીકા)માં. 'અચળ' અને 'અમળ' —બેય અર્થ કર્યા છે. (તેમની) ટીકા પ્રમાણે (સિદ્ધગતિ) 'અચળ' છે અને 'અમળ' પણ છે. સિદ્ધગતિ (અમળ =) નિર્મળ થઈ છે —એમ (કહેવું છે).... તદ્દન નિર્મળ થઈ છે. ચાર ગતિમાં તો મલિનતાનો અંશ છે. ચૌદમા ગુણસ્થાનમાં પણ હજુ મલિનતાનો અંશ છે, આને (-સિદ્ધને) તો બિલકુલ નિર્મળ દશા છે. પૂર્ણ (-ધ્રુવ), અચલ અને અમળ—એવી ગતિને પામ્યા છે.

આ વિશેષણથી, ચારે ગતિઓને પરનિમિત્તથી જે ભ્રમણ થાય છે તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.... લ્યો ! પાંચમી ગતિમાં ભ્રમણ છે નહીં.

(પહેલા બોલમાં) : 'ધ્રુવ'પણું કહ્યું'તું (તે અસ્તિ). હવે,
(બીજા બોલમાં) : ('અચળ'માં) ભ્રમણ નથી—એમ કીધું તે નાસ્તિ કરી.

(ધ્રુવપણું) છે (એ અસ્તિ), (ભ્રમણ) નથી (એ નાસ્તિ).—એમ કરી અનેકાન્તપણું 'ધ્રુવ' ને 'અચળ'માં સ્થાપ્યું.

ત્રીજું વિશેષણ છે બસ, આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૭
## ગાથા - ૧
## સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૭, શુક્રવાર, તા. ૧૩-૯-'૬૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર ચાલે છે. પહેલી ગાથામાં મંગલાચરણ કર્યું.... મંગલાચરણ.

'वंदित्तु'.... એ એક શબ્દમાંથી આ કાઢ્યું.

શું કાઢ્યું ?.... શું કાઢ્યું ?.... ભીખાભાઈ ?

શ્રોતા :....
પૂજ્ય ગુરુદેવશ્રી : બફમ કર્યું પહેલું....

શ્રોતા : ....સર્વ સિદ્ધોને નમસ્કાર કરવાની વાત આવી.....
પૂજ્ય ગુરુદેવશ્રી : 'वंदित्तु'.... એમાંથી શું કાઢ્યું ટીકામાં ? આપણે (ગઈ કાલે ચાલ્યુંને એમાં) ?

શ્રોતા : ....ભગવાનને નમસ્કાર કર્યો.....
પૂજ્ય ગુરુદેવશ્રી : (ગઈ કાલે પ્રવચન) ચાલ્યું એમાં 'वंदित्तु'નો અર્થ એમ કર્યો કે અનંતા.... સર્વ સિદ્ધો જે છે એને ભાવથી અને દ્રવ્યથી સ્તુતિ કરીને આત્મામાં.... મારામાં અને તમારામાં સ્થાપું છું. એટલે કે 'वंदित्तु'નો આ અર્થ કર્યો.
શ્રોતા : સાહેબ આપને......
પૂજ્ય ગુરુદેવશ્રી : (શ્રોતા) એમ કહે છે કે '(જવાબ આપતા) ન્યાં (જીભ) દબાય જાય છે.... (જીભ) દબાય જાય છે.' ક્યાં ગ્યા હીરાભાઈ ? બાપા (એમ) કહે છે કે.... (ભીખા)ભાઈ કહે છે કે (જીભ) દબાય જાય છે...... સમજાણું કાંઈ ?

'वंदित्तु.... સર્વ સિદ્ધોને'—એમ (મૂળ ગાથામાં) પહેલો શબ્દ પડ્યો છે. એ 'वंदित्तु'નો અર્થ એટલો કર્યો અમૃતચંદ્રાચાર્યે.... 'વંદન કરવું' એટલે વિકલ્પ.... એટલું નહિ. મારી પર્યાયમાં બધા.... અનંત.... સર્વ સિદ્ધોનો સત્કાર

આપીને (–કરીને).... આદર કરીને.... હું સ્થાપું છું એ 'वंदित्तु' છે. આહાહા ! સમજાણું કાંઈ ?

- 'वंदित्तु'.... એટલે કે હું આદર કરું છું,
- આદર કરું છું એટલે કે સત્કાર કરું છું,
- એટલે કે મારી જ્ઞાનની પર્યાયને આંગણે અનંતા.... સર્વ સિદ્ધોને સ્થાપું છું. અને તે પણ ભાવસ્તુતિ દ્વારા સ્થાપું છું (તથા) દ્રવ્યસ્તુતિ દ્વારા સ્થાપું છું.

એ એકલા (મારા આત્મામાં) નહિ, પણ સાંભળનારના આત્મામાં પણ.... હું ભાવ-દ્રવ્ય સ્તુતિ કરીને એના આત્મામાં (પણ) સ્થાપું છું. સમજાણું કાંઈ ? આહાહા ! કેટલી વાત છે ! ગજબ છે ! સમજાણું ? એ 'वंदित्तु'.... એની વ્યાખ્યા એટલી કરી. 'सव्वसिद्धे'.... અનંત સિદ્ધો થયા અત્યાર સુધી (તે) બધા.... સર્વ સિદ્ધોને વંદન કરું છું. એટલે ? 'પગે લાગું છું'—એમ એટલું નહિ.

શ્રોતા : અપની આત્મામેં સ્થાપના.......

પૂજ્ય ગુરુદેવશ્રી : હાં, ઉસકા નામ 'વંદન' કરતાં હૂં.... આદર કરું છું મારી પર્યાયમાં એમનો. (તેથી) નજીકમાં એમને મેં સ્થાપ્યા છે. મારી જ્ઞાનની પર્યાયમાં સર્વ સિદ્ધોને સ્થાપ્યા છે—એ મારું સિદ્ધોને વંદન છે અને તે જ તેમનાં જે ગુણો છે તેનું સ્તવન છે. એટલે કે મારા ગુણોના સ્તવન (–ભાવ સ્તુતિ) સહિત એમને સ્થાપું છું (તેમાં) વિકલ્પ ઊઠ્યો છે જરી, એટલે (તે વિકલ્પને) વ્યવહાર વંદન (–દ્રવ્ય સ્તુતિ) કહેવાય છે. સમજાણું કાંઈ ? કહો, મગનભાઈ !

થોડો (અર્થ) બાકી રહેતો'તો, (તેનો) અત્યારે ખુલાસો થઈ ગયો પંડિતજી સાથે. રાત્રે (પૂજ્ય ગુરુદેવશ્રીને) ઘોળાતું હતું કે....

'इणम' ને 'ओ'.... 'इणम' ને 'ओ'(—એ) બે (શબ્દનો અર્થ) શું ?

(કોઈને પ્રશ્ન થાય કે), એ (બેનો) અર્થ આમાં (–ટીકામાં) આવ્યો નહિ ?

(સમાધાન :) (પણ આવ્યો) છેને !

'वंदित्तु सव्वसिद्धे'.... (નો અર્થ થઈ ગયો. હવે) ચાલે છે (સિદ્ધનાં વિશેષણ, તેમાં)....

'ध्रुवम्, अचलम्'.... એ બે (શબ્દોના) અર્થ ચાલી ગયા.

'अणोवमं गदिं पत्ते'.... નો અર્થ પછી ચાલશે. સમજાય છે ?

'वोच्छामि'.... નો થોડો (અર્થ) આવી ગયો કે પરિભાષણ (શરૂ) કરીએ છીએ.

'समयपाहुडम्'.... સમયસારનું. એનો વિશેષ (અર્થ) આવશે પાછળ (ભાવાર્થમાં).

'इणमो'.... આ આશ્ચર્યકારી (સમયસાર અહો !)

'श्रुतकेवलीभणितम्'.... છે—એમ લેવું (–એવો અર્થ કરવો).

અહો ! 'श्रुतकेवलीभणितम्'.... અહો ! શ્રુતકેવળીએ કહેલું (છે).

—માટે શાસ્ત્ર પ્રમાણભૂત છે. સમજાણું કાંઈ ?

ઓહોહોહો ! અનાદિના સર્વજ્ઞો અને શ્રુતકેવળીઓ એક જ વાત કરે છે અને એ આશ્ચર્યકારી છે. આવા સમયસારને શ્રુતકેવળીઓએ અને કેવળીઓએ કહ્યું છે એ આશ્ચર્યકારી વાત છે. એ વાત.... પ્રમાણપણાને પામેલું છે આ (સમયસાર). એક-એક શબ્દ અને એનો ભાવ પ્રમાણપણાને પામેલો છે. સમજાણું કાંઈ ? શોભાલાલજી ! આ બહોત ગંભીર હૈ ! સમયસાર એટલે ઓહોહો ! બહોત ગંભીર.

હવે, અહીંયા સુધી આપણે આવ્યું છે, જુઓ ! અચલપણાને પામી છે.... વળી કેવી છે તે ગતિ.... સિદ્ધગતિ.... ધ્રુવપણાને પામેલું જે સિદ્ધપણું ? સર્વ સિદ્ધો.... (૧) ધ્રુવ, (૨) અચલ, (૩) અનુપમ ગતિને પ્રાપ્ત એવા સિદ્ધોની વ્યાખ્યા ચાલે છે (અને) એવા સિદ્ધોને મેં વંદન કર્યું છે. સમજાણું કાંઈ ? સર્વ સિદ્ધો.... આ (પંચમ)ગતિને પામ્યા છે એ (સર્વ) સિદ્ધો આવા છે :

(૧) 'ધ્રુવ'.... છે, કારણ કે સ્વભાવભૂતપણાને લઈને છે. જે સ્વભાવ —દ્રવ્યસ્વભાવ હતો (–છે).... વસ્તુસ્વભાવ જે હતો (–છે).... વસ્તુસ્વભાવ હતો (–છે) તે પર્યાયમાં સ્વભાવભૂત(પણે) પરિણમી ગયો છે. સમજાણું કાંઈ ?

'स्वभावभावभूततया'.... 'સ્વભાવભાવરૂપ છે'—એમ આવે છેને ? વસ્તુ જેમ સ્વભાવ(મય) છે.... વસ્તુ (તે) દ્રવ્ય. એક સમયની પર્યાય તો અલ્પ છે, (જ્યારે) આખો વસ્તુસ્વભાવ (પૂર્ણ છે અને) એવા સ્વભાવમાંથી પ્રગટેલી સિદ્ધદશા (છે), તેથી તે (પણ) ધ્રુવપણાને પામી છે.... ધ્રુવના સ્વભાવમાંથી આવેલી (દશા) સ્વભાવભૂત (છે), માટે ધ્રુવપણાને પામેલી છે. આહાહા ! આખો ભગવાન (આત્મા) દ્રવ્યસ્વભાવમાં પડ્યો છે—એમ કહે છે.... સમજાય છે ? એ ભગવાન (આત્મા, સિદ્ધદશા થતાં) સ્વભાવપર્યાયમાં આવી ગયો (–પ્રગટ થઈ ગયો). આહાહા ! સમજાણું કાંઈ ?

એક સમયની (પ્રગટ) પર્યાયની પાછળ આખો જે દ્રવ્યસ્વભાવ —ધ્રુવસ્વભાવ છે.... પર્યાય (છે તેની પાછળ) ધ્રુવસ્વભાવ છે. એ ધ્રુવસ્વભાવને અવલંબીને જે સ્વભાવપર્યાય પ્રગટ થઈ સિદ્ધની, તે ધ્રુવપણે થઈ ગઈ. ભલે (સિદ્ધપર્યાયનું) પરિણમન હો, પણ (તે) ધ્રુવ છે.... કુટસ્થ છે એક ન્યાયે. સમજાણું કાંઈ ?

વસ્તુસ્વભાવ.... જે દ્રવ્યસ્વભાવ છે.... એનો (–આત્માનો) જ્ઞાન-દર્શન આદિ અનંત—બેહદ સ્વભાવ (છે).... સ્વરૂપ છે.... આખું સ્વરૂપ છે. એ રીતે જ્યાં.... ધ્રુવપણાને અવલંબીને (સિદ્ધગતિ) પ્રગટ થઈ છે, એટલે એ (સિદ્ધ)ગતિ ધ્રુવપણાને અવલંબે છે.... એ (સિદ્ધ)ગતિ ધ્રુવપણાને અવલંબે છે.... એટલે ધ્રુવપણાને પ્રાપ્ત થયેલ છે (—એમ કહ્યું છે). સમજાણું કાંઈ ?

(૨) 'અચલ'.... 'અચલ' કીધુંને ? એનો ખુલાસો થઈ ગયો કે અનાદિ કાળથી કર્મના નિમિત્તથી ભ્રમણ હતું તે વિશ્રામ પામી ગયું.... ખરી ગયું. કહો,

I. (ધ્રુવ :) ધ્રુવપણું આહીં (પર્યાયમાં) પ્રાપ્ત થયું (–અસ્તિ) એટલે
II. (અચળ :) (ગતિ ભ્રમણરૂપ) અધ્રુવપણું (–ચળપણું) મટી ગયું.... વિશ્રામ પામી ગયું (–નાસ્તિ).

I. (ધ્રુવ :) ધ્રુવપણું (પર્યાયમાં) થયું.... દ્રવ્યસ્વભાવના આશ્રયથી ધ્રુવપણું થયું (–અસ્તિ) તો

II. (અચળ :) પરના આશ્રયથી જે અધ્રુવપણું.... ચળપણું હતું તે ખસી ગયું (–નાસ્તિ).

—એમ કીધું. સમજાણું કાંઈ ?

બે વિશેષણ થયા. (હવે) ત્રીજું....

(૩) (અનુપમ....) વળી તે કેવી છે સિદ્ધગતિ ? જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય પદાર્થો છે.... જગતમાં જે સમસ્ત ઉપમાયોગ્ય.. સમજ્યાને ? પદાર્થો છે તેમનાથી તો વિલક્ષણ છે.... તદ્દન વિપરીત છે. અદ્દ્ભુત માહાત્મ્ય હોવાથી.... ઓહોહો ! (સિદ્ધદશા) :

(૧) ધ્રુવપણાને પ્રાપ્ત થઈ (અને)
(૨) ચલપણા રહિત થઈ,
(૩) એથી એવી પર્યાયને ઉપમા શું આપવી ?

હવે (જગતમાં) કઈ ચીજ છે કે તેની ઉપમા આપવી ? સમજાણું ? એની ઉપમા એને, બીજાની અપેક્ષા ન પામે (–લાગુ ન પડે). સમજાણું કાંઈ ? ભગવાન (આત્મા) જ્યાં આખો ખીલી ગ્યો પર્યાયમાં.... ભગવાન(સ્વરૂપ) તો હતો (–છે) પોતે, વસ્તુ તો આખી ભગવાન(રૂપ) જ છે. એ ખીલી ગયો એક સમયની પર્યાયમાં ધ્રુવ અને અચળ(પણે તો પછી) એને શું (–કોની) ઉપમા કહેશે (–કહેવી) ?—એમ કહે છે. જે ધ્રુવ ને અચળ છે એને શું ઉપમા ? સમજાણું કાંઈ ?

અદ્દ્ભુત માહાત્મ્ય હોવાથી તેને કોઈની ઉપમા મળી શકતી નથી. આ વિશેષણથી, ચારે ગતિઓમાં જે પરસ્પર કથંચિત્ સમાનપણું મળી આવે છે.... દેવ પણ ગતિ, નરક (પણ) ગતિ છેને ? (તેથી) ગતિના હિસાબે (–અપેક્ષાએ, તેમાં રહેલ જીવોને) ઉદયભાવ આદિની સમાનતા છે કે નહિ એને ? સમાનતા છે ચારે ગતિમાં.

ભલે સર્વાર્થસિદ્ધિની (દેવ)ગતિ (હો), પણ એને (–તેમાં રહેલ જીવને) ઉદયભાવ (છે અને) આનેય (–નારકીને પણ) ઉદયભાવ છે. ભલે (દેવમાં પુણ્યની) જાતનો 'ઉદય' (હોય) અને આ (નારકીને પાપની) જાતનો 'ઉદય'

(હોય), પણ હંમેશા ('ઉદય' છે). એમને એટલી તો સમાનતા (છે). સમાનતા છે ચારે ગતિમાં, (પણ 'ઉદય' રહિત) સિદ્ધ(ગતિ)માં (ચારે ગતિ સાથે) સમાનતા (નથી).... (ચારે ગતિઓથી) પાર છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(સિદ્ધ દશા)....

(૧) 'ध्रुवम्', (૨) 'अचलम्' , (૩) 'अणोवमं'....

(૧) ધ્રુવપણાને પામી (–ધ્રુવ),
(૨) ચલપણાનો નાશ થઈ ગયો (–અચલ), (તો)
(૩) એને ઉપમા પછી કોની આપવી ? (–અનુપમ)

ચારે ગતિમાં તો માંહોમાંહે (–એકબીજામાં) કાંઈક ઉદયભાવનું, (કાંઈક) ક્ષયોપશમભાવનું સમાનપણું હોય જ છે. આને (–સિદ્ધગતિને, ચારે ગતિ સાથે) શું (સમાનપણું) ? પૂર્ણ દશા(રૂપે) જ્યાં ભગવાન (આત્મા) આખો (ખીલી ગયો)..... કળી (–પર્યાય) ખીલી ગઈ.... કળી આખી—પૂર્ણ ખીલી ગઈ (ધ્રુવપણે અને) ચલપણા રહિત (–અચલ દશા) થઈ ગઈ, (તેથી) એને કોઈ ઉપમા (લાગુ પડતી) નથી (–અનુપમ). (સિદ્ધ)ગતિની વાત છે હોં આ.... આ સિદ્ધપર્યાયની વાત છે, દ્રવ્યની નહિ.

(ચારે ગતિઓમાં જે પરસ્પર) કથંચિત્ સમાનપણું (મળી આવે છે) તેનો પંચમગતિમાં વ્યવચ્છેદ થયો.... ચારે ગતિઓમાં એકતા.... અંશે સમાનતા ચારે ગતિઓમાં છે, તેવી સમાનતા સિદ્ધ(ગતિ)માં હોતી નથી (તેથી) સિદ્ધની પર્યાયને કોની ઉપમા દેવી ? એની (–સિદ્ધની) સાથે કોને સમાન કરવા (–ગણવા) ? એના જેવા એ, (પણ) પરની અપેક્ષાએ અનુપમ.... એના જેવા એ, (પણ) પરની અપેક્ષાએ અનુપમ. સમજાય છે કાંઈ ?

હવે.... એ ત્રણ વિશેષણ—(૧) ધ્રુવ, (૨) અચલ, (૩) અનુપમના (અર્થ) થયા. હવે....

'गदिं पत्ते'.... શબ્દ રહી ગયો એક, મૂળ શ્લોકનો (–ગાથાની પહેલી લાઈનનો). 'गदिं पत्ते'.... એનો અર્થ કરે છે.

વળી તે કેવી છે ?.... સિદ્ધપર્યાય.... સિદ્ધગતિ....

(૪) અપવર્ગ તેનું નામ છે. ધર્મ, અર્થ અને કામ....

(I) 'ધર્મ'.... નામ પુણ્ય,
(II) 'અર્થ'.... નામ પૈસો,
(III) 'કામ'.... નામ વિષયવાસના.

—એ ત્રિવર્ગ કહેવાય છે.... ત્રણ વર્ગ કહેવાય છે.... ત્રણનો સમૂહ કહેવાય છે. (૧) પુણ્ય, (૨) પૈસો ને (૩) વિષય–કામ.... (૧) પુણ્ય, (૨) પૈસો ને (૩) કામ—એ ત્રણ વર્ગ છે એકસરખા (સંસારના). પુણ્ય....

(૧) 'ધર્મ' —એ પુણ્ય....
(૨) 'અર્થ' અને 'કામ'—એ પાપ.

પાપના બે પ્રકાર પડી ગયા :
(૧) પૈસાની ઇચ્છા (–અર્થ) અને
(૨) કામની ઇચ્છા (–કામ).

ત્રણેય ત્રિવર્ગ કહેવાય છે.... ત્રિવર્ગ. એમાંથી નીકળેલી (–એનાથી ભિન્ન થયેલી) આ (સિદ્ધગતિ) 'અપવર્ગ' છે. એ (સિદ્ધ) 'ત્રિવર્ગ'માંથી નીકળેલા (–એનાથી રહિત થયા) છે. 'વર્ગ' નથી હોતા છોકરાઓના ? એકડા, બગડાના વર્ગ (અર્થાત્) પહેલો, બીજો, ત્રીજો (આદિ) વર્ગ.... (પછી ભણવાનું પૂર્ણ થઈ જાય એટલે) વર્ગમાંથી નીકળી ગયા (—એમ કહેવાય છે). એમ આ (૧) ધર્મ, (૨) અર્થ અને (૩) કામ (—એ) ત્રણે વર્ગમાંથી સિદ્ધગતિ નીકળી ગઈ છે. સમજાણું કાંઈ ? આહાહા !

તે કેવી છે ?
અપવર્ગ તેનું નામ છે....

કોનું ?
સિદ્ધગતિનું. અપવર્ગ તેનું નામ છે....

કોનું ?

સિદ્ધગતિનું.

કેમ ?

કે ધર્મ, અર્થ અને કામ—એ ત્રિવર્ગ કહેવાય છે. ........એ ત્રણ વર્ગ કહેવાય છે—એમ કહેવું છે. એ (ત્રણ) વર્ગમાંથી નીકળી (ગઈ).... (–વર્ગ રહિત થઈ) એટલે 'અપવર્ગ' છે—એમ (કહેવું છે).

એમાં (–ત્રિવર્ગમાં સિદ્ધગતિ) છે જ નહિ, માટે અપવર્ગ છે. (સિદ્ધ)ગતિને અપવર્ગ કહેવાય છે—એમ કીધુંને ? જુઓને ? તે કેવી છે ?.... કોણ ? (સિદ્ધ)ગતિ. અપવર્ગ તેનું નામ છે.... (સિદ્ધ)ગતિનો અર્થ જ કર્યો અપવર્ગ. (૧) પુણ્ય, (૨) પૈસો ને (૩) વાસના—ત્રણ વર્ગ કહેવાય છે.... ત્રણ વર્ગ જગતના. (તેને) 'પુરુષાર્થ' પણ કહે છે.

આ મોક્ષગતિ આ વર્ગમાં નહિ હોવાથી તેને અપવર્ગ કહી.—આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે.... આવી પંચમગતિ.... (૧) ધ્રુવ, (૨) અચલ, (૩) અનુપમ, (૪) અપવર્ગ છે એવી (પંચમ)ગતિને પ્રાપ્ત થયા છે એવા સર્વ સિદ્ધોને મેં વંદન કર્યું—એમ કહે છે. આવા સિદ્ધોને ઓળખીને.... (આત્મામાં) સ્થાપીને મેં વંદન કર્યું—એમ (કહે) છે. (ઓળખ્યા વિના) એમ ને એમ વંદન નહીં, પણ મેં (સિદ્ધને) ઓળખ્યા છે.

એ (પંચમ)ગતિ આવી છે :

(૧) ઉપમા વિનાની છે (–અનુપમ),
(૨) સિદ્ધપણાને (–ધ્રુવપણાને) પામી છે (–ધ્રુવ),
(૩) અચલપણું થયું છે (–અચલ),
(૪) (ત્રિ)વર્ગમાંથી નીકળી ગઈ છે (–અપવર્ગ).

—એવી ગતિને પ્રાપ્ત થયેલા સિદ્ધોને મારી જ્ઞાનપર્યાયમાં (સ્થાપ્યા) એ મારું એને વંદન છે. સમજાણું કાંઈ ? જુઓ ! શ્રોતાને પણ એમ કહ્યું છે કે "બાપુ ! (હું)

(સિદ્ધોને) સ્થાપું.... (તારા) પોતામાં સ્થાપું (ત્યારે તું) 'હા' પાડીને (તારામાં) સ્થાપ".... (—એમ) કહે છે. સમજાય છે ?

શું કરવા તું આવ્યો છે ? સાંભળવા આવ્યો છે કે નહીં ? હિતનું સાંભળવા આવ્યો છે કે નહીં ? (તો) સાંભળવાનું તો અમારી પાસે આ છે. (માટે) આની (–સિદ્ધની સ્થાપનાની) 'હા' પાડ ન્યાં. સમજાણું કાંઈ ? એવા અનંતા સિદ્ધોને ભાવમાં (–જ્ઞાનની પર્યાયમાં) તું સ્થાપ. હું તો (સિદ્ધોને) સ્થાપું છું, પણ તું સ્થાપ હવે. તું પણ ભાવ ને દ્રવ્ય સ્તુતિ કરીને અને આવી (પંચમ)ગતિને (પામેલ સિદ્ધોને) ઓળખીને (તારામાં) સ્થાપ. સમજાણું કાંઈ ? લ્યો ! આવી પંચમગતિને સિદ્ધભગવંતો પામ્યા છે....

ઓહોહો ! સર્વજ્ઞ સિવાય.... વસ્તુના સ્વભાવના ભાન વિનાના વાતું જે કરે ધર્મની, આત્માની, માર્ગની, ફલાણાની—તે બધી ગપ્પેગપ્પ છે. સમજાણું કાંઈ ? (કોઈ) કલ્પનાથી વાત કરે, (પણ) બાપુ ! એ કંઈ (સાચી) વસ્તુ છે ?

વસ્તુ.... દ્રવ્ય પોતે 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે.... અસ્તિનો આખો પિંડ 'જ્ઞ' સ્વભાવી વસ્તુ છે. વસ્તુ પોતે જ.... વસ્તુ આત્મા જ પોતે સર્વજ્ઞ સ્વભાવી છે. સર્વજ્ઞ સ્વભાવ.... સર્વ 'જ્ઞ'.... સર્વ વસ્તુનું પૂર્ણ જ્ઞાન (જેનો) સ્વભાવ છે એ જ આત્મા છે. એ આત્મામાંથી, (આત્માને) અવલંબીને પૂરો જ્ઞાનસ્વભાવ (જેને) પ્રગટ થયો એમણે.... સર્વજ્ઞે જે જોયું, એ એણે (–શ્રુતકેવળીએ) પણ (પોતાને) આવો (સિદ્ધસ્વરૂપ) જોયો (અને) બીજાને (પણ) આવા (–સિદ્ધસ્વરૂપ) જોયા. સમજાણું કાંઈ ?

(૧) (કેવળી ને શ્રુતકેવળીએ) એની (–સ્વરૂપની) જે જોયેલી વાત (–જોયેલું સ્વરૂપ.... વાચ્ય) અને
(૨) એની (–સ્વરૂપની એમણે) કહેલી વાત (.... વાચક)

—એ (બન્ને) પ્રમાણ છે, કારણ કે વસ્તુ એવી છે—એમ (કહે છે). વસ્તુ એવી છે.... આત્મા એવો છે, એવો હતો (ને હવે) એવો પ્રગટ્યો. સમજાણું કાંઈ ?

આ સમયસાર એમનું (–કેવળીનું) કહેલું અને શ્રુતકેવળીનું કહેલું છે —એમ બે વાત કરે છે. (મહાવિદેહમાં સીમંધર) ભગવાન પાસે અમે સાંભળ્યું હતું, કેટલુંક શ્રુતકેવળીઓ પાસેથી પણ અમને મળ્યું હતું. છદ્મસ્થ મુનિઓ હતાંને ત્યાં, એમની પાસેથી પણ અમને મળ્યું હતું. એમ કહી, 'સમયસાર' એમણે (–કેવળી ને શ્રુતકેવળીએ) કહેલું (છે) માટે પ્રમાણ છે એમ કહીને, સમયસારની પ્રમાણતા (સિદ્ધ) કરે છે.

તેમને.... ફરીને (વાત) લે છે. એ તો પહેલાં વાત આવી છેને ?.... પહેલાં (ટીકામાં વાત) આવી હતી. 'પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને'.... —એમ આવ્યું હતુંને ? એની એ વાત અહીં લે છે.

આવા સિદ્ધોને મેં ઓળખીને, આવી ચીજવાળા.... (૧) ધ્રુવ, (૨) અચલ, (૩) અનુપમ ગતિ, (૪) અપવર્ગવાળા છે એને મેં પોતાના આત્મામાં તથા પરના આત્મામાં સ્થાપીને.... સમજાણું કાંઈ ? સમયનો (સર્વ પદાર્થોનો અથવા જીવપદાર્થનો) પ્રકાશક.... સમયનો પ્રકાશક.... આ પ્રાભૃત....

'સમયપ્રાભૃત' (શબ્દ) આવ્યો છેને ભાઈ ! શબ્દ આવ્યો છેને એમાં (–મૂળ ગાથામાં) કે 'સમયપ્રાભૃત.' (મૂળ ગાથાના) 'वंदित्तु'(શબ્દનો અર્થ થઈ ગયો છે,) પછી છેલ્લે वोच्छामि.... (શબ્દનો અર્થ) આવશે.

(હવે) 'समयपाहुडम्'.... એની વ્યાખ્યા કરે છે.

કેવો છે એ ? કે સમયનો પ્રકાશક.... 'સમય' શબ્દે જીવપદાર્થ અને સર્વ પદાર્થ. એટલે કે (પોતાના) એક જીવપદાર્થનો (પૂર્ણ) પ્રકાશક થયો, એ સર્વ પદાર્થોનો પ્રકાશક હોય જ. સમજાણું કાંઈ ? કારણ કે એક જીવપદાર્થ જ સર્વ પદાર્થોને પ્રકાશવાની તાકાત રાખે છે. સમજાણું કાંઈ ? (પોતાના) એક જીવપદાર્થનો જે (પૂર્ણ) પ્રકાશક છે એ સર્વ પદાર્થોનો પ્રકાશક હોય જ. કારણ કે (એક) જીવપદાર્થ જ સર્વ પદાર્થોને પ્રકાશે એવી તાકાતવાળું તત્ત્વ છે. સમજાણું કાંઈ ?

સમયનો પ્રકાશક એવો જે પ્રાભૃત.... સાર, એવો જે 'સમયપ્રાભૃત'.... 'પ્રાભૃત'.... નામ સાર અથવા અર્હત્‌નું પ્રવચન (છે તેનાં) એક અધ્યાયનું નામ 'સમયપ્રાભૃત'. અર્હત્‌નાં પ્રવચનનો અવયવ છે એનું નામ 'સમયપ્રાભૃત'. 'સમય(પ્રાભૃત)' નામનો અર્હત્પ્રવચનનો અવયવ.... આહાહા ! શું કહે છે ? સર્વજ્ઞ પરમાત્મા ઇન્દ્રોને પૂજ્ય........ (એવા) અર્હત્‌નાં કહેલાં પ્રવચનો છે એનો આ સાર છે 'સમયસાર'. અર્હત્ પરમેશ્વરે કહેલાં વચન છે એનો એક અંશ છે આ 'સમયસાર'. સમજાણું કાંઈ ? 'સમયપ્રાભૃત'.... સમયનો પ્રકાશક એવો જે આ ભાગ છે એ અર્હત્પ્રવચનનો એક અંશ છે. કહો, સમજાણું કાંઈ ? આહાહા !

હવે, એ (સમયસાર) કહીશ શું કરવા ? અનાદિ કાળથી ઉત્પન્ન થયેલ મારા અને પરના મોહના નાશ માટે.... એટલે ? કે 'મારે પણ જરી (–અસ્થિરતાનો) રાગ છે, પણ એનો આ (સમયસાર) કહેતાં નાશ થશે.' ભાઈ !.... અને તે (ચારિત્રમોહ સંબંધી) રાગ અનાદિનો છે.... એમાંય (–મુનિદશામાં પણ) અનાદિનો (તે રાગ) છે. 'મોહ' નામનો (દોષ) અનાદિનો છે.... અનાદિનો છેને ? એ ક્યાં (નવો છે). ભલે અહીં (આચાર્યદેવને મુનિદશાને યોગ્ય) શુદ્ધતા પ્રગટી છે, પણ એ (અશુદ્ધ) પર્યાય તો અનાદિની છે. તે કોઈ દિ' ગઈ (–નાશ થઈ) છે ? (ના)....

(પ્રશ્ન :) અશુદ્ધ પર્યાય કદી ગઈ છે ? (અશુદ્ધતા) ગઈ છે (–હતી) ને નવી થઈ છે ?.... (જેટલી અશુદ્ધતા) ગઈ છે એ તો ગઈ છે, પણ આ જે (ચારિત્રમોહ સંબંધી અશુદ્ધતા) છે એ કંઈ ગઈ હતી ને (નવી) થઈ છે ?

(સમાધાન :) એ તો અનાદિની છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા પોતાના શુદ્ધ દર્શન–જ્ઞાન–ચારિત્રને પ્રાપ્ત થયો, છતાં જે પર્યાયની (ચારિત્રમોહ સંબંધી) અશુદ્ધતા છે તે જાત અનાદિની ચાલી આવે છે. સમજાણું કાંઈ ?

કહે છે કે મારા અને પરના મોહના નાશ.... આચાર્યનો મોહ (અસ્થિરતાનો) રાગ લેવો અને બીજા (અજ્ઞાની) સાંભળનારના મિથ્યાત્વ અને રાગ—બેય મોહ (–દર્શનમોહ ને ચારિત્રમોહ) લેવા. જેને જે પ્રકારે હોય (તે લેવા). સમજાણું કાંઈ ? કારણ કે સાંભળનારા કોઈ મિથ્યાત્વી હોય, કોઈ

સમકિતી હોય, કોઈ પાંચમા (ગુણસ્થાન)વાળા (શ્રાવક) હોય, (કોઈ) મુનિ હોય.... ઘણા (–ઘણી જાતના) સાંભળનારા હોય. સમજાણું કાંઈ ? એને (–શ્રોતાને) તે તે પ્રકારનો ત્યાં મોહ હોય તેના.... મારા અને તેના (–શ્રોતાના મોહના) નાશ માટે આ સમયસાર કહું છું. આહાહા ! લ્યો ! સમજાણું ?

પરના મોહ.... અહીં (પ્રથમ તેમ જ દ્વિતીય આવૃત્તિમાં) લખ્યું છે કૌંસમાં ભલે અજ્ઞાન, મિથ્યાત્વ, (પણ 'મોહ' લેવો. તો તેના) નાશ માટે, હું પરિભાષણ કરું છું.... 'वोच्छामि' શબ્દ છે ખરોને ? (મૂળ ગાથામાં) 'वोच्छामि' છેને ? (તો) એની આ (ટીકામાં) વ્યાખ્યા છે કે 'वोच्छामि'.... 'હું પરિભાષણ કરું છું'.... —એવું અમૃતચંદ્રાચાર્યે 'वोच्छामि' શબ્દમાંથી આ કાઢ્યું....

(શ્રી કુંદકુંદ) આચાર્યના (પણ) હૃદયમાં આ હતું કે ('वोच्छामि' એટલે કે) જે સ્થાને જે જોઈએ તે કહેવું. માટે 'वोच्छामि'નો અર્થ 'પરિભાષણ મેં કર્યું છે'.—એમ (શ્રી અમૃતચંદ્રાચાર્યે) કહ્યું (–કર્યો). સમજાય છે ? ('પરિભાષણ') = સમસ્ત પ્રકારે કહેવું.... જ્યાં જ્યાં જે (શબ્દ) જોઈએ તે તે પ્રકારે ત્યાં પૂરું પાડવું.... પૂરું પડે (–કહે). એવું પરિભાષણ, આચાર્ય મહારાજ કહે છે કે, હું કરીશ. જ્યાં જોઈએ ત્યાં પૂરું કહેશે.... યથાસ્થાને તે ભાવ (અને શબ્દ) બરાબર આવશે. સમજાય છે કાંઈ ?

કેવો છે.... હું પરિભાષણ કરું છું....

એ (અજ્ઞાની) એમાં વાંધા કાઢે (છે) : "જુઓ, 'હું બોલું છું, કહું છું' (—એમ) આવ્યું કે નહીં ?"

અરે ભાઈ ! સાંભળને ભગવાન ! ભાઈ ! તું શું કહે છે ?

(અજ્ઞાની :) (જુઓ ! આપે કહ્યુંને કે 'મેં) વ્યવહારે વંદન કર્યું.'

(આચાર્યદેવ :) ભાઈ ! તને ખબર નથી. એ તો અંદર ભાવ ચાલે છે કહેવાનો, એ મારો ભાવ છે અને આ 'કહું છું' એ નિમિત્તના કથનો છે. (ભાવ) સાથે (શબ્દને) સંધિ (–સંબંધ) નિમિત્ત–નૈમિત્તિક છેને ? મારો ભાવ તે નિમિત્ત છે, એ (શબ્દો) નૈમિત્તિક છે. (મારો ભાવ) નિમિત્ત, તે શબ્દોને અનુકૂળ છે....

સમજાય છે ? (મારો ભાવ) અનુકૂળ છે, માટે 'હું કહું છું'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

(અજ્ઞાની) એમ કહે છે.... (એટલે કે જૈનોના **Magazine**માં એમ) લખ્યું છે : "જુઓ ! કુંદકુંદાચાર્યે (પણ કહ્યું છે કે) **'वोच्छामि'**.... 'હું કહું છું.... હું કહું છું'—એમ કીધું છે. (તેઓ) એમ નથી કહેતાં કે 'વાણી કહે છે.' 'વાણી કહે છે'—એમ નથી કહ્યું."

(આચાર્યદેવ :) અરે ! સાંભળ ભગવાન ! આહાહા ! નિમિત્તથી તો એમ કહે કે નહિ ? વાણીના કાળે નિમિત્તપણું મારું છે, માટે 'હું કહું છું' એમ કહેવામાં આવે છે—એમ કહેવું છે. સમજાણું કાંઈ ? ભાષા શું (કરે) ? (સમજાવવાની) ભાષાનું સ્વરૂપ જ એ છે.... એવું છે (કે) વ્યવહારથી વાત કરે. સમજાણું કાંઈ ?

'હું પરિભાષણ કરું છું' અને '(મોહના) નાશ માટે'—બેય (શબ્દોના અજ્ઞાનીને) વાંધા. "લ્યો !....

(૧) 'આ (શાસ્ત્ર લખવાનો) વિકલ્પ છે, છતાં મોહનો નાશ એનાથી થાશે અને
(૨) આ વાણીને હું કહું છું' એમ (કહીને આચાર્યદેવ પોતાને) કર્તા સ્થાપે છે."

(—આ રીતે) બે (વાતને અજ્ઞાની) સ્થાપે (–કહે) છે. જેઠાલાલભાઈ ! ભાઈ ! આ તો (અજ્ઞાનીની) એવી વાત છે. આહાહા ! મગનભાઈ ! શું થાય ? આહાહા ! <u>પરમેશ્વરને પડખે ચડ્યા વિના વાતું કરે, એની વાતું એવી (વિપરીત) જ આવે.</u> સમજાણું કાંઈ ?

"(એમ કેમ કહ્યું કે) 'હું પરિભાષણ કરું છું'.... એમ કેમ ન કહ્યું કે 'વાણીએ વાણી કરી છે'."—એમ (અજ્ઞાની) કહે છે.

(સમાધાન) : (અહીં) કહ્યું છેને ! અરે ! એ (નિમિત્તથી) કહ્યું છે સાંભળને ભાઈ ! (જુઓને !) છેલ્લે (કળશ ૨૭૮માં આચાર્યદેવ) નથી કહેતાં ? કે **शब्दोએ संसूचित स्वशक्ति..** (–સારી રીતે પોતાની શક્તિથી કહ્યું) છે. શું મેં કર્યું (–ટીકા કરી) છે આ ? (અહીં સમયસાર) કહેવામાં 'નિમિત્તપણું મારું છે' —એટલું જણાવવા 'હું કહું છું'—એમ કહ્યું છે. પણ નિમિત્ત છું માટે (કર્તા છું

—એમ નથી). નિમિત્ત એને કહીએ કે (જે) પર(ના કાર્ય)નો કર્તા ન હોય.... તેને નિમિત્ત કહીએ, કર્તા હોય તો નિમિત્ત કહેવાય નહીં. સમજાણું કાંઈ ?

હવે (કહે છે કે) કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ ? આ 'સમયસાર' છે એ અર્હત્ ભગવાનના પ્રવચનનો એક ભાગ છે. ભગવાનના મુખમાંથી દિવ્યધ્વનિ નીકળી.... પ્રવચન નીકળ્યા.... પ્ર+વચન = પ્ર.... પ્રધાન વચનો.... પ્રધાન વચનો.... ઉત્કૃષ્ટ વચનો.... દિવ્ય વચનો.... દિવ્યધ્વનિ. એનો આ એક ભાગ છે.

કેવો છે તે અર્હત્પ્રવચનનો અવયવ ? અનાદિનિધન પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી.... પહેલું તો એ (વાણીનું નિત્યપણું) સિદ્ધ કર્યું.... જુઓ ! અહીંયા આ સિદ્ધ કર્યું. સમજાય છે ? અહીંયા (વર્તમાન નિમિત્ત) તો પોતે (આચાર્યદેવ) શ્રુતજ્ઞાની છે,......... (પણ આગમનો) પ્રવાહ તો ચાલ્યો (આવ્યો) છે (અને એ) આગમનો અનાદિ પ્રવાહ—કે જે શબ્દબ્રહ્મ છે એમાં નિમિત્ત થનારા (પણ) ત્યાં કાયમ હોય છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : અહીંયા (–સોનગઢમાં આગમનો પ્રવાહ) ચાલુ રહ્યો છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : શું કીધું ?

શ્રોતા : અહીંયા (આગમનો પ્રવાહ) અપ્રતિહત ચાલી જ રહ્યો છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વાત જુદી, અહીં તો...... આ તો (વાણીને) અનાદિ–અનંત સ્થાપવી છેને ? .......શબ્દબ્રહ્મની રચના તે તે કાળે અનાદિની થયા કરે છે. કેમ કે જગતમાં કેવળી અને શ્રુતકેવળીનો વિરહ ને.... મુનિઓનો વિરહ કદી હોય નહીં. એટલે એમના કથનનો પ્રવાહ એમ ને એમ (–ધારાવાહી) અનાદિનો ચાલે છે—એમ કહે છે ભાઈ !

આહાહા ! એની (–વેદાંતીની) સામે આમ સ્થાપે છે (કે) મુનિઓ, કેવળીઓ.... સમકિતીઓ, પાંચમા (ગુણસ્થાન)વાળા (શ્રાવક), પછી મુનિઓ, કેવળીઓ, તીર્થંકરો—એ (બધા સદા) હોય જ છે. એટલે (જેમ) શબ્દ (–વાણી) અનાદિ–અનંત છે, એમ આ (તીર્થંકર આદિ) પણ (અનાદિ-અનંત) ભેગા નિમિત્ત(રૂપે) હોય જ છે. બધાય અનાદિના સાથે જ હોય છે—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

અનાદિ-અનંત પરમાગમ શબ્દબ્રહ્મથી પ્રકાશિત હોવાથી, સર્વ પદાર્થોના સમૂહને.... હવે કહે છે જુઓ, સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત હોવાથી.... દેખો ! એ (વાણીમાં) નિમિત્તપણું આ થયું (–સર્વજ્ઞ બતાવ્યાં). વાણી તો એમ (–અનાદિનિધન) છે, કેવળીઓ પણ (અનાદિનિધન) બિરાજે છે.... સદાય બિરાજે છે સર્વજ્ઞો. સર્વજ્ઞનો વિરહ ભરતક્ષેત્રમાં છે, (પણ) ત્રણ કાળમાં ત્રણ કાળના જાણનારનો વિરહ (સર્વત્ર) હોય નહીં અને એની વાણીનો (પણ) વિરહ હોય નહીં. દેખો !

આહાહા ! તીર્થંકરો, લાખો કેવળીઓ.... ગણધરો, શ્રુતકેવળીઓ (—કે જે) બાર અંગના જાણનારા છે—એ (–એમની વાત) પછી કહેશે. આ કેવળીની વાત છે કે કેવળીના મુખમાંથી (વાણી) નીકળી છે. વાણીની રચના તો હતી અનાદિની હોં, કેવળી એમાં નિમિત્ત છે.... પુરુષ (–આત્મા) નિમિત્ત છે. વેદાંતની પેઠે (–જેમ) નિમિત્ત વિનાના શબ્દો છે એમ નહીં, છતાં નિમિત્તથી (શબ્દો) થયા નથી. અમરચંદભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન.... સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન.... લીધા. જોયું ? બીજી ગાથામાં.... પહેલી (ગાથા)માં ('કેવળી') લીધા અને બીજી (ગાથા)માં (પણ લેશે). આ પહેલીમાં લીધા, (અને) બીજી (ગાથા)માં (પણ) આવશે.

(અહીં કહે છે કે) કેવળીભગવાન સર્વજ્ઞથી પ્રણીત.... લ્યો ! केवलिप्रणीतत्वेन... निखिलार्थसार्थसाक्षात्कारिकेवलिप्रणीतत्वेन.... બસ, (સંસ્કૃત ટીકામાં 'केवलि') એટલું (જ) છે. એ બે અર્થ ('કેવળીભગવાન' અને 'સર્વજ્ઞ', પંડિત જયચંદજીએ) સ્પષ્ટ(તા માટે) કર્યા છે. મેં (પૂજ્ય ગુરુદેવશ્રીએ) કીધું (–વિચાર્યું), 'આ 'કેવળી' અને 'સર્વજ્ઞ' કેમ લીધા ?' (કારણ કે સંસ્કૃત ટીકામાં 'केवलि') એક જ શબ્દ છે. અહીં તો પાછો મેળ ખાવો જોઈએને બધો. 'કેવળી' ને 'સર્વજ્ઞ' તો એક જ (અર્થમાં) છે.

વાત એ સિદ્ધ કરવી છે કે વાણી પણ જેમ અનાદિની છે, તો એના કહેનારા સર્વજ્ઞ પણ.... નિમિત્ત છે એ કેવળીઓ પણ અનાદિના છે. કેવળીનો કોઈ દિ' વિરહ પડતો નથી. સમજાણું કાંઈ ?

સર્વ પદાર્થોના સમૂહને સાક્ષાત્ કરનાર કેવળીભગવાન.... દેખો ! ત્રિકાળમાં (–ત્રણે કાળે), ત્રિકાળના જાણનારા (હોય છે). ત્રિકાળ.... ત્રણે કાળ.... અનાદિ–અનંત.... શબ્દબ્રહ્મની રચના(રૂપે) થનાર વાણી (પણ) છે (અને તેથી) એના નિમિત્ત એવા કેવળી (પણ) સદાય હોય જ છે. સમજાણું કાંઈ ? એનાથી પ્રણીત હોવાથી.... દેખો ! 'પ્રણીત' કીધું પાછું. વાણીની રચના તો ત્યાં (–પુદ્ગલમાં) છે, પણ અહીં નિમિત્ત (કેવળી) છે એટલે 'એમનું કહેલું છે'—એમ (નિમિત્તથી) કહેવામાં આવે છે. '(કેવળીએ) કહ્યું છે' એ આ (–એનો અર્થ આ છે). કહ્યુંને ? પહેલું તો કહી દીધું.

દેવાનુપ્રિયા ! અનાદિ–અનંત (વાણી) છે અને અનાદિ–અનંત (વાણીના નિમિત્ત એવા) કેવળી (પણ) છે —એમ સિદ્ધ કરવું છે આહીં. માટે નિમિત્તપણે 'એનાથી (–કેવળીથી) કહેવાયેલું'—એમ કહેવું છે. 'અદ્ધરથી ઊઠી છે વાણી ભીંતમાંથી, એમ છે નહિ'—એમ કહે છે. પણ (વસ્તુસ્વરૂપ) જેમ હોય તેમ હોયને ? કાંઈ આડું-અવળું ક્યાંથી થાતું'તું ? આ તો સત્યના પડખાની વાતું છે આ બધી. ઘણું ગૂઢ ભર્યું છે.... બહુ ગૂઢ ભર્યું છે.

ઓહોહો ! અનાદિ-અનંત પરમાગમ સિદ્ધ કર્યાં. એની રચના તો કોઈ (પુરૂષ) શરૂ કરનાર જ નથી—(એમ) કહે છે. એ તો અનાદિ–અનંત છે. જેમ વસ્તુ અનાદિ–અનંત છે, એમ પરમાગમની રચના પણ અનાદિ–અનંત રચાય જ છે. (આગમ) રચાવાના કાળમાં કેવળીએ કહેલું નિમિત્ત છે કોઈમાં (અને) કોઈમાં (નિમિત્ત) શ્રુતકેવળી છે—બે (નિમિત્ત) છે. સમજાણું કાંઈ ?

આ તો સર્વજ્ઞ ભગવાનની કથા છે. આ કથા કાંઈ એમ ને એમ (–રુચિ વિના) પકડાય જાય એવી નથી. વજુભાઈ ! સર્વજ્ઞની પેઢીની વાત છે આ. કહે છે, વાણી.... શબ્દબ્રહ્મ.... જેમ '<u>સર્વ</u>જ્ઞ' કહ્યુંને ? (તો) '<u>સર્વ</u>' (એટલે પૂર્ણ = <u>'બ્રહ્મ'</u>) કહ્યુંને ? (તેમ) શબ્દને.... 'શબ્દ<u>બ્રહ્મ</u>' —એમ કીધુંને ? એ શબ્દબ્રહ્મ પુરૂં કહે છે.... શબ્દબ્રહ્મ વ્યાપક છે—(તેમાં) પૂરી વાત છે (અને) એના કહેનારા (સર્વજ્ઞ) પૂરા જાણનાર છે તે મનુષ્ય(ક્ષેત્રમાં) છે.

(આ સમયસાર) એના (–સર્વજ્ઞના) મુખમાંથી નીકળેલો શબ્દબ્રહ્મ છે. (જો કે) એ વખતે આગમરચના તો.... તે કાળે પરમાણુની (રચના તો

સમયસારરૂપે) થવાની જ હતી. સમજાય છે કાંઈ ? અનાદિ-અનંત રચનામાં એ કાળ એનો (–સમયસારની રચનાનો) હતો. સમજાણું કાંઈ ?

સર્વજ્ઞથી પ્રણીત.... લ્યો ! 'केवलिप्रणीतत्वेन'.... છેને ? (એટલે કે) 'કેવળીના કથન'.... —ભાષા તો (વ્યવહારથી) એમ જ આવેને ? (નહીંતર) સમજાય શું (–કેવી રીતે) ? બેયનો (–કેવળી ને વાણીનો) નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો છે. ભગવાન કેવળીઓ અનાદિના છે (અને) વાણીની રચનાય અનાદિની છે, કોઈ દિ' (કેવળી કે વાણીનો) વિરહ પડતો જ નથી. સમજાણું કાંઈ ? અઢી દ્વીપમાં વાણીની રચનાય અનાદિ-અનંત (અને) એના નિમિત્ત (એવા) કેવળીઓ પણ અનાદિ-અનંત હોય જ છે જગતમાં. એમનું કહેલું આ કહીએ છીએ—એમ કહે છે. સમજાણું કાંઈ ?

અને કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર.... જુઓ ! એ (–સાંભળનાર) જીવો પણ જોડે હોય જ છે. એના (–કેવળીના) મુખમાંથી રચનાનો (–વાણી નીકળવાનો) કાળ હોય ત્યારે (સાંભળનાર) શ્રુતકેવળીઓ પણ નિમિત્ત(રૂપે) હોય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

કેવળીઓના નિકટવર્તી.... લ્યો ! श्रुतकेवलिभिः स्वयमनुभव.... એમ છેને ? श्रुतकेवलिभिः स्वयमनुभवद्भि.... પછી अभिहितत्वेन.... (એનો અર્થ) 'કહ્યું' એમને ? 'કહ્યું'. ('નિકટવર્તી').... એ (શબ્દ) તો (પંડિત જયચંદજીએ સ્પષ્ટતા માટે) ઉપરથી લીધો છે, (પણ એ) ઠીક (–બરાબર છે). (કેમ કે) એ (શ્રુતકેવળી) તો 'નિકટવર્તી' છેને ? નિકટ.... નજીક છે. કેવળીઓના સાંભળનારા (એવા શ્રુતકેવળી) નજીક છે.

કેવળીઓના નિકટવર્તી સાક્ષાત્ સાંભળનાર તેમ જ પોતે અનુભવ કરનાર....—એમ કહે છે.

(૧) આગમની રચના અનાદિ,
(૨) એમાં કેવળી નિમિત્ત થયા અને
(૩) એ કેવળીની વાણી નીકળેલી (ત્યારે) તેના નજીકના—સીધા સાંભળનારા (શ્રુતકેવળી) પણ જોડે હતા....

—એમ કહે છે મૂળ તો. જ્યારે આ (સમયસાર) વાણીની રચનાનો કાળ હતો (અર્થાત્) અનાદિ-અનંત (પ્રવાહ)માં આ (શાસ્ત્ર રચનાનો) કાળ હતો ત્યારે કેવળી નિમિત્ત હતાં અને તેને સાંભળનારા પણ (શ્રુતકેવળી) હતાં. એ સાંભળનારાઓએ, (જે કેવળીએ કહ્યું છે તે) પોતે અનુભવ્યું છે.... જાતે અનુભવ્યું છે એ. તેમ જ પોતે અનુભવ કરનાર એવા શ્રુતકેવળી.... આહાહા !

(‘ધવલ’માં) મોટી ચર્ચા આવે છે. (ષટ્ખંડાગમ, પ્રથમખંડ-જીવસ્થાન. સત્પ્રરૂપણા, ધવલા ટીકા ભાગ -૧, સૂત્ર -૨૨) :

(પ્રશ્ન) : ‘ભાઈ ! તમારું વેદાંત છે (એમાં) તમારે શબ્દ (–વાણી કહેનાર કોઈ છે કે નહીં) ?’

વેદાંત(વાળા) કહે : ‘નહિ, અમારે તો (વાણી કહેનાર કોઈ છે નહિ)’.

‘ધવલ‘માં આવે છે કે શ્રુતના અર્થ કહેનારાનો વિક્ષેપ પડ્યો જ નથી. ભાઈ ! ‘ધવલ‘માં આવે છે. એ કથન કરનારા એવા જ્ઞાનીઓનો વિરહ પડ્યો જ નથી. જ્ઞાનીના મુખમાંથી એ વાણી એના ભાવને (સમજનારને) નિમિત્તરૂપે આવે જ છે.

ત્યારે (વેદાંતી કહે) : ‘તમે કહો, શબ્દના ભાવને શબ્દમાં (સમજાવશે) કોણ ?’

(સમાધાન) : એ ભાવને સમજાવનારાનું નિમિત્ત(પણું) પણ સદાય સાથે હતું.... સાથે (હોય) છે—એમ કહે છે. એ (‘ધવલ‘માં) આવે છે.

(વેદાંતીને પ્રશ્ન:) ‘વેદાંતને કોણ સમજશે ?’

ત્યારે (વેદાંતી) કહે : ‘તમારી વાણીને કોણ સમજશે ?’

—એમ (ધવલમાં) ચર્ચા ચાલી છે. સમજ્યાને ?

વેદાંત (માનનારને પ્રશ્ન :) ‘પુરૂષ વિનાની (વાણી) છે (એમ તમે માનો છો) તો એનો અર્થ કોણ કરશે ?’

ત્યારે (તેઓ કહે :) ‘તમારી વાણીનો (અર્થ કોણ કરશે ?)’

(સમાધાન) : 'ના, અમારી (જિન)વાણીમાં તો (સમજાવનારા) પુરૂષનું નિમિત્ત(પણું) છે. એના અર્થ સમજાવનારા હતા (અને) એના મુખમાંથી વાણી નીકળી છે.'

સમજાય છે કાંઈ ? લ્યો ! આવે છે 'ધવલ'માં. જુઓ, 'અપુરૂષ વાણી'નો અધિકાર. ક્યાંનું ક્યાં આવ્યું. લ્યો ! ઠીક.

કહે છે, શ્રુતકેવળી ગણધરદેવોએ કહેલ હોવાથી.... છેને ? 'કહેલ' (શબ્દ) તો છે અંદર.... 'अभिहितत्वेन'.

(કેવળીની વાતમાં) 'प्रणीतत्वेन'.... (શબ્દ) હતો, હતું,

આમાં (–શ્રુતકેવળીની વાતમાં) 'अभिहितत्वेन'.... 'કહે છે' (—એમ શબ્દ છે).

પ્રમાણતાને પામ્યો છે.... 'अहो श्रुतकेवलिभणितम्'.... બસ, એની સાથે ('अहो'.... શબ્દ) લાગુ પાડી દેવો. 'अहो' શબ્દ (મૂળ ગાથાની સંસ્કૃત છાયામાં) પડ્યો છેને ? નહીંતર તો.... इणमो.... इणम ओ सुदकेवलीभणिदं.... (અન્વયાર્થમાં) 'इदं'.... 'આ' (શબ્દ) છેને ? 'इदं'.... 'આ' છે અંદર જુઓ, અર્થમાં—શબ્દાર્થમાં (–અન્વયાર્થમાં).

'આ'.... 'અહો !'.... 'ओ'.... 'इणम ओ'.... 'અહો !.... सुदकेवलीभणिदं....' અહો ! શ્રુતકેવળીઓ અને કેવળીઓએ.... અનાદિ-અનંત શબ્દબ્રહ્મની રચનામાં નિમિત્ત કેવળીઓ અને શ્રુતકેવળીઓ હતાં અને એમનું કહેલું (સમયસાર) છે. સમજાણું કાંઈ ? એમ છેને બરાબર.... દેવાનુપ્રિયા ? કેટલું ભર્યું છે ! જુઓને ! કેટલી વાત છે ! એમાં છે કેટલું જુઓને આ ! (વાણીમાં) આવે એટલું આવે, પણ એમાં ભર્યું છે તો ઘણું.... (ઘણું) ભર્યું છે જુઓ ! કેટલી ગંભીરતાથી ભાવ આવ્યો ! ઓહોહો !

'પોતે અનુભવ કરનાર'.... (શ્રુતકેવળી) એવાં હતાં—એમ પાછા (કહે છે). એમ નહિ કે '(માત્ર) સાંભળી લીધું છે' ....એમ નહિ, એને (–અનુભવને) પામ્યા છે એ (શ્રુતકેવળીઓ). એ જે (સમયસાર) કહેવું છે એને નિમિત્ત થવાને લાયક છે શ્રુતકેવળીઓ—એમ કહે છે. સમજાય છે ? જે વાણીની રચના થવાની

છે ત્યાં તેને અનુભવી (પુરુષ) નિમિત્ત છે. સમજ્યા ? માટે, 'એમનું કહેલું અમે કહીએ છીએ'—એમ કહે છે. જોયું ?

ખરેખર તો, અહીં શબ્દની (–સમયસારની) રચના જે થવાની છે એ અનાદિ-અનંત (વાણીની રચના)માં ભેગી (આવી) જાય છે. પણ અમે વચમાં આ વાણીમાં.... સમયસારમાં નિમિત્ત છીએ (—એમ કહેવું છે). સમજાય છે ?

પ્રમાણતાને પામ્યો છે.... અહો જીવો ! 'અહો ભવ્યો !'—એમ લખ્યું છે આમણે (–જયસેનાચાર્યે, તાત્પર્યવૃત્તિ ટીકામાં). અહો ભવ્યો ! આશ્ચર્યકારી.... આ રચના ભગવાનના મુખથી નીકળેલી અને શ્રુતકેવળીઓએ, અનુભવીઓએ કહેલી આશ્ચર્યકારી છે, તેથી આ સમયસાર પ્રમાણભૂત છે. ત્રણે કાળ, ત્રણ લોકમાં પ્રમાણભૂત છે, એને કોઈ અપ્રમાણ કરવાને સમર્થ છે નહિ. સમજાણું કાંઈ ?

લખિતંગ 'મફતલાલ' નથી—એમ કહે છે. આ શાસ્ત્રના નિમિત્ત (કહેનારા) કેવળીઓ અને લખનાર શ્રુતકેવળીઓ છે—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

તમારે આવે છેને ? નહિ ? ચાર બાજુ દિશા. મકાન વેચે ત્યારે ચતુર્દિશા લખે કે નહીં ? શેઠ ! આ ઉગમણે (–પૂર્વ દિશાએ) ફલાણાનું ઘર છે, આથમણે (–પશ્ચિમ દિશાએ) ફલાણું ઘર છે અને હેઠે (–નીચે) કોઈનો હક્ક નથી. ઠેઠ (–બહુ ઊંડે) ભોંયરા કરીએ તો.... ભોંયરા કરીએ તો હક્ક કોઈનો નહિ અને ઉપર લઈ જઈએ માળ-મેડી પાંચ-દસ તો કોઈનો હક્ક નહિ. આકાશ-પાતાળ હક્ક છે—એમ લખે તમારે. કોણ જાણે કેટલું ઊંડું જાવું છે એને ?

અહીં તો ઊંડું ઉતરીને કેવળજ્ઞાનને પામવાના છે (–છીએ)(—એમ) કહે છે (તાળીઓ).

(સમયસાર) પ્રમાણભૂત છે. કેમ ? સાક્ષી છે (કેવળી) ભગવાન અને (શ્રુત)કેવળીઓની—એમ કહે છે. આ વાણીમાં કેવળીઓની અને શ્રુતકેવળીઓની સાક્ષી છે, માટે પ્રમાણપણાને પામ્યો છે. આહાહા !

(પ્રમોદપૂર્વક પૂજ્ય ગુરુદેવશ્રીનાં મુખકમળમાંથી શબ્દ સરી પડે છે :)

વાહ !

પછી નાસ્તિથી કહ્યું એ તો, અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થની કલ્પના માત્ર નથી કે જેથી અપ્રમાણ હોય.... એ તો ઉપરથી (પંડિત જયચંદજીએ) નાસ્તિથી કાઢ્યું (–કહ્યું). 'અન્યવાદીઓ'.... એટલે કે જેને જ્ઞાન સાચું નથી, (અને) જેની શ્રદ્ધા સાચી નથી. (એથી) એની વાણીમાંથી નીકળેલું હોય એ વાણી (પણ) સાચી હોય નહિ. એના જેવું આ (સમયસાર) નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

અન્યવાદીઓનાં આગમની જેમ છદ્મસ્થ (અલ્પજ્ઞાની)ની કલ્પના માત્ર નથી....

(૧) આ તો વસ્તુનું સ્વરૂપ જ એવું છે,
(૨) એવી જ વાણી છે (અને)
(૩) એવી વાણીમાં આવા પરમાત્મા અને શ્રુતકેવળી નિમિત્ત છે.

એનું.... અર્હત્નું પ્રવચન છે એનો આ (સમયસાર) એક ભાગ છે. (અને) એ અહીંયા કહેવામાં આવશે.

કહેનાર તો હું છું (—એમ) કુંદકુંદાચાર્ય કહે છે.... એ વાણીની રચનામાં મારું નિમિત્તપણું છે, પણ એ વાણીની રચના આવી છે તે અર્હત્ (પ્રવચનનો) ભાગ છે.... અનાદિની (વાણીની) રચના છે એમાંથી આ (સમયસારની) રચના થઈ છે. સમજાણું કાંઈ ? (આ) એક ગાથામાં આખા સમયસારની (પ્રમાણતા) સિદ્ધ કરી (કે) આ સમયસાર આવું છે—એનો ભાવ આવો છે અને એની વાણી આવી પ્રમાણભૂત પામી છે. લ્યો ! એ ગાથા પૂરી થઈ.

ભાવાર્થ :—'सुदकेवलीभणिदं'.... —એમ ભાષા (મૂળ ગાથામાં) મૂકી છે.

(કોઈ) કહે છે : "(સમયસાર) 'सुदकेवलीभणिदं'.... કહ્યું છે, તમે (–આચાર્યદેવે) તો કહ્યું નથી. (કેમ કે) પાઠ આ છેને ?"

(સમાધાન :) હવે સાંભળને ભગવાન ! કથન તો એમ જ આવેને ? (બીજી રીતે) શું કહે ત્યારે ? વાણીની રચના તો (અનાદિની છે).... (આચાર્યદેવ) કહી ગયા (કે) એ કાળ, એ (સમયસાર) વાણીની રચનાનો કાળ જ હતો. અનાદિ–અનંત (કાળમાં) વાણીની રચના થાય છે, (તેમાં) એ કાળે એ જ (સમયસાર) વાણીની રચનાનો કાળ હતો (અને) નિમિત્ત આ (–કુંદકુંદ આચાર્ય) હતાં. (તો) 'सुदकेवलीभणिदं'—એમ કહેવામાં આવ્યું છે.

અરે ભગવાન ! શું તારે કરવું છે ભાઈ ! કર્તાબુદ્ધિને શું (–શા માટે) કરવી છે ભાઈ ! આત્મા (વાણીનો) કર્તા ન હોય.... પરમાણુની પર્યાયનો કર્તા આત્મા હોય ? અને તે પરમાણુની પર્યાય ત્યાં રચાય છે એને વળી રચવી શું ?—એમ તો સિદ્ધ કરે છે.

અનાદિ–અનંત (કાળમાં) રચના (થાય) છે એની (–વાણીની), તો એ (–સમયસારની રચનાનો) કાળ અનાદિ–અનંત કાળમાં ન આવી ગયો ?.... અનાદિ–અનંત (કાળમાં) પરમાગમની રચના છે એમાં એ (–સમયસારની રચનાનો) કાળ ન આવ્યો ભેગો ? (જેમ) આત્મા અનાદિ-અનંત છે, તો 'વર્તમાન છે' એમ ન આવ્યું ? એમ અનાદિ–અનંત (કાળમાં વાણીની) રચના છે એમાં, 'વર્તમાન (સમયસારની) રચના એને કાળે છે'—એમ આવી ગયું છે એમાં. સમજાણું કાંઈ ?

'ભાગ્યશાળીને ભૂત રળે (–પૈસા કમાય)'—(એમ) લોકો કહે છે. ભૂતડા આવીને રળે.... એમ (અહીં) કહે છે, મહાવાણી નીકળવાની હોય ત્યારે જ્ઞાનીઓ જ એને નિમિત્ત હોય. આહાહા ! સમજાણું કાંઈ ? તેથી કહે છે....

'वक्ष्यामि' કહ્યું છે.... તેનો અર્થ ટીકાકારે 'वच् परिभाषणे' ધાતુથી 'પરિભાષણ' કર્યો છે. હવે અમૃતચંદ્રાચાર્યે (કહેલી વાતને) પોતે (–પંડિત જયચંદજી) ખોલે છે. 'वोच्छामि'નો અર્થ અમૃતચંદ્રાચાર્યે ખોલ્યો (કે 'પરિભાષણ શરુ કરીએ છીએ') અને એનો (–'પરિભાષણ'નો) અર્થ હવે જયચંદજી પંડિત ખોલે છે.... સ્પષ્ટીકરણ કરે છે. તેનો આશય આ પ્રમાણે સૂચિત થાય છે.

ચૌદ પૂર્વમાં જ્ઞાનપ્રવાદ....

(૧) ૧૪ પૂર્વ છે (શ્રુત)જ્ઞાનના.

(૨) એમાં એક 'જ્ઞાનપ્રવાદ' નામનો પાંચમો પૂર્વ છે.

જૂનામાં (–પહેલી આવૃત્તિમાં) 'છઠ્ઠો' (શબ્દ) છપાઈ ગયો છે. આ ભૂલ છે. જ્ઞાનપ્રવાદ નામના પાંચમા પૂર્વમાં....

(૩) (તેમાં) બાર 'વસ્તુ' અધિકાર છે.... અધિકારનું નામ.... એ અધિકારનું નામ 'વસ્તુ' છે.

(૪) તેમાં પણ એક એકના વીશ વીશ 'પ્રાભૃત'.... એટલે અધિકાર છે. એક એક ('વસ્તુ')ના અધિકારમાં ૨૦–૨૦ ('પ્રાભૃત') અધિકાર. છે.

(૫) તેમાં દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત.... સાર છે.... (સમયસાર). જોયું ? દશમા વસ્તુમાં સમય નામનું જે પ્રાભૃત છે

(૬) તેનાં મૂળ સૂત્રોના શબ્દોનું જ્ઞાન તો પહેલાં મોટા આચાર્યોને હતું.... એ શબ્દો પણ હતાં અને એનું જ્ઞાન પણ હતું—એમ કહે છે.

(૭) તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર.... તેના અર્થનું જ્ઞાન આચાર્યોની પરિપાટી અનુસાર શ્રી કુંદકુંદાચાર્યને પણ હતું.... હા, શબ્દો(ના અર્થ)નું જ્ઞાન હતું કે આ જ માર્ગ છે.

(૮) તેમણે સમયપ્રાભૃતનું પરિભાષણ કર્યું—પરિભાષાસૂત્ર બાંધ્યું.

(૯) સૂત્રની દશ જાતિઓ કહેવામાં આવી છે.... શાસ્ત્રમાં....

(i) ગાથાસૂત્ર, (ii) મૂલસૂત્ર, (iii) પરિભાષાસૂત્ર, (iv) પ્રવચનસૂત્ર, (v) પ્રતિક્રમણસૂત્ર, (vi) વ્યાકરણસૂત્ર, (vii) ભક્તિસૂત્ર, (viii) કર્મસૂત્ર, (ix) ન્યાયસૂત્ર, (x) કરણસૂત્ર.

તેમાં એક 'પરિભાષા'.... નામની જાતિ પણ છે.

(૧૦) અધિકારને જે યથાસ્થાનમાં અર્થદ્વારા સૂચવે તે પરિભાષા.... કહેવામાં આવે છે. એ સ્થાને (જેવું કહેવું હોય) તેવું જ (વાણીમાં) આવે (અને) જ્ઞાનનો ભાવ (પણ) તેવો જ હોય. (શબ્દો) યથાસ્થાને ગોઠવાય એમ (અર્થાત્) એ ભાષા, એ સ્થાને (જે જોઈએ) એ જ આવે ત્યાં (—એમ કહેવું છે). તેમાં એક 'પરિભાષા' જાતિ પણ છે. '**यथा सूत्रे परिभाषा**'.... (યથાસ્થાનમાં અર્થ દ્વારા સૂચવે તે 'પરિભાષા' કહેવાય છે).

શ્રી કુંદકુંદાચાર્ય સમયપ્રાભૃતનું પરિભાષણ કરે છે એટલે કે સમયપ્રાભૃતના અર્થને જ.... એના જ ભાવને.... એના જ અર્થને.... યથાસ્થાનમાં.... જ્યાં જ્યાં જોઈએ ત્યાં.... આસ્રવને સ્થાને આસ્રવ, સંવરને સ્થાને સંવર, જઘન્યના સ્થાને જઘન્ય, ઉત્કૃષ્ટના સ્થાને (ઉત્કૃષ્ટ).... યથાસ્થાનમાં જણાવનારું પરિભાષાસૂત્ર રચે છે.... લ્યો ! પછી 'મંગળ'ની વ્યાખ્યા કરશે આગળ.

(આ પ્રવચન ૪૭ : ૩૦ મિનિટનું છે.)

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૮
## ગાથા - ૧, ૨
## સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૮, રવિવાર, તા. ૧૫-૯-'૬૮

**णमो सिद्धाणं....** વર્તમાન સિદ્ધ છે ત્યાં સુધીના બધા સિદ્ધોને (નમસ્કાર). સંસારીને શુદ્ધ આત્મા સાધ્ય છે અને સિદ્ધ સાક્ષાત્ શુદ્ધાત્મા છે.... સંસારી પ્રાણીને હિતને માટે તો (ત્રિકાળી) શુદ્ધાત્મા જ ધ્યેય છે. (વળી) જુઓ ! સંસારીને (પ્રગટ) શુદ્ધાત્મા તો સાધ્ય છે—એમ કહેવું છે. સમજાણું કાંઈ ?

સંસારી જીવને ધ્યેય હોય તો (ત્રિકાળી) શુદ્ધાત્મા છે—એમ (–એવી રીતે પ્રગટ શુદ્ધાત્મા સિવાય) બીજું કોઈ સાધ્ય એને (છે નહીં). એટલે ? શુદ્ધાત્મા ધ્રુવ છે તે (ધ્યેય છે અને) એની પર્યાય જે (પૂર્ણ) શુદ્ધ છે તે સાધ્ય છે. એ સિદ્ધ છે તે સાક્ષાત્ શુદ્ધાત્મા છે—એમ કહે છે (અર્થાત્ સિદ્ધ) પ્રગટ થયેલા શુદ્ધાત્મા છે—એમ (કહે છે).

સંસારી જીવને શુદ્ધ આત્મા (–પૂર્ણ શુદ્ધતા) તે સાધ્ય છે. 'સાધ્ય' નામ સાધવાલાયક હોય તો એ છે. ધ્રુવ (શુદ્ધાત્મા) ભલે (ધ્યેય) હો, પણ પ્રગટ પર્યાય સાધવા માટે સંસારી જીવનું સાધ્ય શુદ્ધ આત્મા (–પૂર્ણ શુદ્ધતા) છે.... શુદ્ધ આત્મા પ્રગટ કરવો એ એનું સાધ્ય છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? એમાં....

સિદ્ધ (સાક્ષાત્ શુદ્ધાત્મા છે)—એમ કહે છે.... તેથી તેમને નમસ્કાર કરવો ઉચિત છે.... સમજાણું કાંઈ ?

કોઈ ઇષ્ટદેવનું નામ લઈ નમસ્કાર કેમ ન કર્યો તેની ચર્ચા ટીકાકારના મંગળ પર કરેલી છે તે અહીં પણ જાણવી.—એ (પહેલા શ્લોકના ભાવાર્થમાં) આવી ગયું છે. સિદ્ધોને 'સર્વ' એવું વિશેષણ આપ્યું છે; તેથી તે સિદ્ધો અનંત છે.... અનંત છે, કોઈ (એક જ) આત્મા ને એક જ પરમાત્મા કહેતા હોય તો એમ છે નહીં. ..... (જગતમાં) એક અદ્વૈત જ છે અથવા મોક્ષ જાય ત્યારે (એક બીજામાં) ભળી જાય છે એમ નથી—એમ (કહે છે). સમજાણું કાંઈ ?

હવે, શ્રુતકેવળી શબ્દના અર્થમાં.... 'सुदकेवलीभणिदं'....—એમ (ગાથાનું) ચોથું પદ છે એની વ્યાખ્યા : શ્રુત તો અનાદિનિધન પ્રવાહરૂપ આગમ

કહ્યું.... એનો અર્થ થઈ ગયો હતો પરમ દિ' આપણે. શ્રુતની.... શબ્દની રચના અનાદિની છે, એનો કોઈ (જીવ) કર્તા નથી. (હા) નિમિત્ત છે, કર્તા નથી. અનાદિનો.... શ્રુતની રચનાનો પ્રવાહ અનાદિનો ચાલ્યો આવે છે શબ્દમાં. સમજાણું કાંઈ ?

અઢી દ્વીપની અંદર શ્રુતની રચના કોઈ દિ' તૂટી નથી....

(૧) અનાદિની છે (–ભૂતકાળ),
(૨) અત્યારે છે (–વર્તમાનકાળ) ને
(૩) પછી (પણ) રહેશે (–ભવિષ્યકાળ)

—એમ કહે છે. સમજાણું કાંઈ ? એ શબ્દની (–શ્રુતની) રચના શબ્દથી બનેલી (છે અને તેનો) અનાદિનો પ્રવાહ અત્યારે (છે) ને અનંત (કાળ) રહેશે. સમજાણું કાંઈ ? ભલે ભરત-ઐરાવત (ક્ષેત્રમાં અત્યારે નવી રચના થતી) ન હો, (પણ) મહાવિદેહમાં તો સદાય શબ્દની (–શ્રુતની) રચના બન્યે જ જાય છે.

હવે એમાં નિમિત્ત કોણ ? એટલી વાત સિદ્ધ કરે છે. શબ્દની રચના કરનાર કોઈ નથી.... શબ્દની—આગમની રચના તો અનાદિની પ્રવાહરૂપે ચાલી જ આવે છે. સમજાણું કાંઈ ? એમ સાધક અને સાધ્ય જીવ પણ અનાદિના ચાલ્યા આવે છે.—એ બે વાત કરે છે કેવળી અને શ્રુતકેવળીની. સમજાણું કાંઈ ?

(૧) જેમ અનાદિ-અનંત (કાળ).... શબ્દની રચનાનો શ્રુતપ્રવાહ તો અનાદિનો તૂટ્યો જ નથી
(૨) (તેમ) તેને નિમિત્ત થનારા કેવળીઓ અને શ્રુતકેવળીઓનો પણ પ્રવાહ તૂટ્યો નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

('શ્રુતકેવળી' શબ્દના અર્થમાં)....

(૧) 'શ્રુત' તો અનાદિ-અનંત.. અનાદિ-અનંત પ્રવાહરૂપ આગમ કહ્યું અને
(૨) 'કેવળી' શબ્દથી સર્વજ્ઞ (એટલે કે જ્ઞાનમાં પૂરા) અને
પરમાગમના જાણનાર ('શ્રુતકેવળી' એટલે કે શ્રુતમાં પૂરા) કહ્યાં.

'કેવળી' (શબ્દ)ના બે અર્થ કર્યા :

(૧) 'સર્વજ્ઞ'.... (–જ્ઞાનમાં પૂરા) અને

(૨) પરમાગમ છે એના જાણનાર 'શ્રુતકેવળી' કહ્યાં (–શ્રુતમાં પૂરા).

તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ.... એટલે નિમિત્ત કહ્યું.... એ તો નિમિત્ત કહ્યું. ભાષા તો એમ છે, 'સમયપ્રાભૃતની ઉત્પત્તિ'.... પહેલાં (ટીકામાં) તો કીધું કે સમયપ્રાભૃત આદિ શાસ્ત્ર (પ્રવાહરૂપે) તો (અનાદિના) છે. (વર્તમાનમાં એ સૂત્રરૂપે નવા) રચાય છે, (પણ પ્રવાહરૂપે) અનાદિના છે. (હવે), એમાં નિમિત્ત કોણ છે એ વાત કરી. સમજાણું કાંઈ ?

(કેવળી) શબ્દથી સર્વજ્ઞ તથા (પરમાગમના જાણનાર) શ્રુતકેવળી કહ્યા; તેમનાથી સમયપ્રાભૃતની ઉત્પત્તિ.... એટલે કે (તેઓનું) નિમિત્તપણું છે—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ? ઓહોહો ! કેટલી કથનની ગંભીરતા જુઓને ! શાસ્ત્રની રચના અનાદિ–અનંત, એના કહેનારા નિમિત્તરૂપે (કેવળી અને શ્રુતકેવળી) પણ અનાદિ-અનંત.... કોઈ દિ' વિરહ પડ્યો નથી.

(૧) દ્રવ્ય જેમ અનાદિ–અનંત,(–ધ્યેય) તેમ

(૨) સિદ્ધ પણ અનાદિ–અનંત, (–સાધ્ય/દેવ)

(૩) સાધક (–શ્રુતકેવળી) અનાદિ–અનંત, (–સાધક/ગુરુ)

(૪) કેવળજ્ઞાની અનાદિ–અનંત (–દેવ) (અને)

(૫) શબ્દ (–વાણી)ની રચના (પણ) અનાદિ–અનંત સ્વતંત્ર શબ્દથી. (–શાસ્ત્ર)

સમજાણું કાંઈ ? એને (–વાણીની રચનાને) નિમિત્તરૂપે (કેવળી અને) શ્રુતકેવળીઓ તે તે કાળે હોય જ છે—એમ કહે છે. શબ્દની (–વાણીની) અનાદિ રચનામાં.... શબ્દને કારણે સ્વતંત્ર થતી (શબ્દ) પર્યાયમાં.... એ વખતે કેવળી અને શ્રુતકેવળી નિમિત્તરૂપે હોય છે. આ, 'અપુરુષની વાણી' નથી—એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

વેદાંત કહે છે કે 'ભઈ ! અમારી વાણી પણ અનાદિ છે, પણ એનો કોઈ પુરુષ (–આત્મા) નિમિત્ત નથી.... અપુરુષની વાણી છે'. (અહીં), એમ ન હોય એ વાત સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? વાણી તો વાણીને કારણે થાય છે, પણ પુરુષનું નિમિત્ત હોવું જોઈએ. સમજાણું આમાં ?

આ શબ્દની (–સમયસારની) રચના પણ વાણીને (–પુદ્‌ગલને) કારણે થાય છે—એમ કહે છે, આત્મા તેનો રચનાર નથી. (અહીં) એને નિમિત્તરૂપે કોણ છે તેનું જ્ઞાન (કરાવે) છે (કે શાસ્ત્રની રચનામાં) નિમિત્તરૂપે જ્ઞાની જ હોય. શબ્દની (–શાસ્ત્રની) રચનામાં નિમિત્ત જ્ઞાની (અર્થાત્) કાં સાધક અને કાં કેવળી (હોય). સમજાણું કાંઈ આમાં ? મિથ્યાદ્રષ્ટિ એને નિમિત્ત હોઈ શકે નહિ—એમ કહે છે.

એ રીતે ગ્રંથની પ્રમાણતા બતાવી.... આ રીતે પુરુષપ્રમાણ એ નિમિત્ત અને વાણીની (સ્વયં) રચના (એ) ઉપાદાન—એમ (કહીને) ગ્રંથની પ્રમાણતા બતાવી. સમજાણું કાંઈ ?

અને પોતાની બુદ્ધિથી કલ્પિત કહેવાનો નિષેધ કર્યો.... એ કાંઈ મારી બુદ્ધિથી (કલ્પિત) કહેતો નથી. 'કલ્પિત નથી બુદ્ધિ'—એમ (કહેવું છે), બાકી (અહીં જે કહ્યું છે એ) છે તો વસ્તુની સ્થિતિ (અને તેમાં) નિમિત્તરૂપે થવાનો (જ્ઞાનનો કાળ છે). જે અનાદિનો (વાણીનો) પ્રવાહ ચાલ્યો આવે છે એમાં (જ્ઞાન) નિમિત્ત છે. અત્યારે પણ આ ('સમયસાર'ની) વાણીમાં આ (મારું જ્ઞાન) નિમિત્ત છે—એમ કહેવા માગે છે, પણ 'હું કલ્પિત નથી (કહેતો)'.... ભાઈ ! એમ કીધું.

'કલ્પિત'.... એટલે 'હું કલ્પિત કહેતો (નથી)'. એનો અર્થ કે મારે જ્ઞાનસ્વરૂપ (આત્માના આશ્રયે) શુદ્ધ(જ્ઞાન).... (ભાવશ્રુતજ્ઞાન) છે એ વાણીની (–સમયસારની) રચનામાં નિમિત્ત થાય છે. વાણીની રચના તો એને (–શબ્દને) કારણે થાય છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? 'હું બુદ્ધિથી કલ્પિત કહેતો નથી' એટલે કે મારું જે જ્ઞાન છે એમાં કલ્પિતપણું નથી, એ જ્ઞાનમાં યથાર્થપણું છે ને વાણીની રચનામાં તે નિમિત્ત છે. બસ. આહાહા ! સમજાણું કાંઈ ?

અન્યવાદી છદ્મસ્થ પોતાની બુદ્ધિથી પદાર્થનું સ્વરૂપ ગમે તે પ્રકારે કહી વિવાદ કરે છે તેનું અસત્યાર્થપણું બતાવ્યું.... (કે) આમ ન હોય (–અજ્ઞાની કહે છે એ રીતે વસ્તુસ્થિતિ નથી). સમ્યગ્જ્ઞાની (–કેવળી અને શ્રુતકેવળી) વાણીમાં નિમિત્ત હોય અને વાણીની રચના અનાદિ પ્રવાહમાં ચાલી જ આવે છે—એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ ?

(કોઈ કહે :) 'વાણીની રચના કરનારો જ્ઞાની કહો તો પાછી કર્તાબુદ્ધિ થાય છે, (પણ) એમ (તો વસ્તુસ્થિતિ) છે નહિ ?' સમજાણું ?

(સમાધાન) : 'વાણીમાં (કોઈ નિમિત્ત) નથી'—એમ છે નહિ. વાણી અનાદિની છે (અને) કહેનારા જ્ઞાની પણ (અનાદિ) નિમિત્તરૂપે છે, (પરંતુ નિમિત્ત), કર્તારૂપે નથી. સમજાણું કાંઈ ? એથી એ શાસ્ત્રનું પ્રમાણિકપણું બતાવ્યું. શાસ્ત્રનું પ્રમાણિકપણું છે, (કેમ કે) અનાદિના કેવળીઓ કહેતાં આવ્યાં છે, શ્રુતકેવળીઓ (પણ) કહેતાં આવ્યાં છે (અને) તે જ આ વાણી છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આ ગ્રંથનાં.... 'અભિધેય'.... એટલે સાધ્ય, 'સંબંધ'.... વાણી. 'અભિધેય'.... એટલે વાચ્ય, 'સંબંધ'.... એટલે વાચક શબ્દો. પ્રયોજન તો પ્રગટ જ છે.

(૧) શુદ્ધ આત્માનું સ્વરૂપ તે અભિધેય છે.... આમાં (-સમયસારમાં) તો શુદ્ધ આત્મા તે ધ્યેય છે. સમજાણું કાંઈ ? પ્રગટ કરવાલાયક શુદ્ધ આત્મા (-સિદ્ધદશા) અને ત્રિકાળી ધ્રુવ શુદ્ધ (આત્મા) તે 'અભિધેય' છે.

(૨) તેના વાચક આ ગ્રંથમાં શબ્દો છે.... તેના કહેવાના (-કહેનાર) સંજ્ઞા વાચક....

(દ્રષ્ટાંત :) જેમ 'સાકર' (શબ્દ) સાકર (પદાર્થ)ને બતાવે છે. 'સાકર' શબ્દ વાચક છે (અને) 'સાકર' (પદાર્થ) વાચ્ય છે.

(સિદ્ધાંત :) એમ આ 'સમયસાર' (શાસ્ત્ર) વાચક છે (અને) 'આત્મા' વાચ્ય છે.... શુદ્ધ આત્મા એને (-શ્રોતાને) કહેવાલાયક છે આમાં (સમયસારમાં) તો. સમજાણું કાંઈ ?

તેમનો અને શુદ્ધ આત્માનો વાચ્યવાચકરૂપ સંબંધ તે સંબંધ છે. લ્યો ! પહેલાં (પંડિત જયચંદજીનું મંગલાચરણ, પદ-૨)માં આવ્યું'તુંને એ ? 'વાચ્ય' અહીં શુદ્ધ આત્મા લીધો છે (અને) 'વાચક' શબ્દો કહેનારા નિમિત્ત છે.

(૩) શુદ્ધાત્માના સ્વરૂપની પ્રાપ્તિ થવી તે પ્રયોજન છે.... શુદ્ધાત્માની શ્રદ્ધામાં ધ્યેયરૂપે (અને) પર્યાયમાં પૂર્ણ (પ્રગટ)રૂપે પ્રાપ્તિ થવી તે તેનું 'પ્રયોજન' છે.

હવે બીજી ગાથા.

પ્રથમ ગાથામાં સમયનું પ્રાભૃત કહેવાની પ્રતિજ્ઞા કરી.... સમયનો સાર, (અર્હત્પ્રવચનનો) અવયવ (કહેવાની પ્રતિજ્ઞા કરી). ત્યાં એ આકાંક્ષા થાય કે સમય એટલે શું ?.... આપે 'સમય' કહેવાની (પ્રતિજ્ઞા) કરી, પણ સમય એટલે શું ? તેથી હવે પહેલાં સમયને જ કહે છે.... લ્યો ! એનો અર્થ થયો કે જેને અંતર જિજ્ઞાસા થાય છે (કે) આ સમય એટલે શું ?—એવી જિજ્ઞાસાવાળાને આ 'સમય'ની વ્યાખ્યા બતાવે છે.

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण ।**
**पोग्गलकम्मपदेसठ्ठिदं च तं जाण परसमयं ।।२।।**

જીવ ચરિત-દર્શન-જ્ઞાનસ્થિત સ્વસમય નિશ્ચય જાણવો;
સ્થિત કર્મપુદ્ગલના પ્રદેશે પરસમય જીવ જાણવો. ૨.

આત્મા અને અનાત્માની વાત પહેલી શરૂ કરી.

(ટીકા:—) 'સમય' શબ્દનો અર્થ આ પ્રમાણે છે :

(૧) 'सम्' તો ઉપસર્ગ છે.... વ્યાકરણની (વાત છે). ('सम्') એટલે 'એકસાથે'.... ('सम्') એની વ્યાખ્યા 'એકસાથે'. શું 'એકસાથે' ? 'सम्' = એકસાથે. (તો) 'એકસાથે'.... એટલે શું ? (એ આવશે)....
(૨) અને 'अय गतौ' ધાતુ છે એનો ગમન અર્થ પણ છે અને જ્ઞાન અર્થ પણ છે.

(૩) તેથી.... તે બન્નેનો મેળ કર્યો હવે.... (બન્નેનો) સાથે મેળ (કર્યો).... તેથી એકસાથે જ જાણવું અને પરિણમન કરવું એ બે ક્રિયાઓ જેમાં હોય તે સમય.

અહીંયા આત્મા સિદ્ધ કરવો છેને ! (તેથી કહે છે કે) એકસાથે જાણે અને પરિણમે એનું નામ 'સમય'.... (જેમાં આ) બે ક્રિયા એકસાથે હોય એનું નામ 'સમય' (અને) એ 'સમય' આત્મા જ હોય. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા જે સમયે જાણે એ સમયે પરિણમે.... જે સમયે પરિણમે એ સમયે જાણે. એકસાથે જ જાણવું અને પરિણમન.... ભાષા જુઓ ! પરિણમે છે.... 'ગમન' એટલે પરિણમવું. એકસાથે જાણવું અને પરિણમવું પાછું. ઓહોહો ! ભગવાન આત્મા એક સમયમાં (–જે સમયે) પરિણમે, તે જ સમયે તે જાણે છે (અને) જે સમયે જાણે, તે જ સમયે પરિણમે છે. તે ચીજ તો એક આત્મા જ હોય. સમજાણું કાંઈ ?

જુઓ ! આમાં (આત્મા) રાગરૂપે કે ફલાણારૂપે (છે)—એમ નથી કીધું, પરિણમવું અને જ્ઞાન કરવું—એમ બે વાત કહે છે. રાગરૂપે થાય, પુણ્યરૂપે (થાય—એમ નહીં, પણ) જાણવારૂપે પરિણમે ને પરિણમનને જાણે—બસ, એટલી વાત. (આત્મા) ચૈતન્યસ્વરૂપ છે એટલે તે જાણવારૂપે જ પરિણમે છે. એટલે કે (આત્મા) પરિણમે (છે તથા) તે જાણે છે અને (આત્મા) જાણે છે (તથા) તે પરિણમે છે.... એક સમયમાં બેય ભેગું છે એકસાથે. 'सम्' = એકસાથે, 'अय गतौ' = ગમન અને જ્ઞાન.—એવું (બન્ને) એક સમયમાં (કરે) તેને 'સમય' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

તે આ જીવ નામનો પદાર્થ એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે.... લ્યો ! બીજા (જડ) પદાર્થો એક સમયે પરિણમે છે, (પરંતુ) જાણતા નથી. (અને) જાણતા નથી તો.... જ્ઞેય (–બીજા જડ પદાર્થ, પોતે) શું છે એને જાણ્યા વિના એનું પરિણમન એને (–જડને) શું કામનું ?

અહીં (આત્મા) તો જાણે અને પરિણમે.... તે પોતામાં પોતાને જાણે અને પોતારૂપે પરિણમે (અને એમાં) બીજા (જ્ઞેય)નું જ્ઞાન આવી ગયું (–સાથે આવી જાય છે). એક જ વખતે પરિણમે પણ છે અને જાણે પણ છે.... 'પણ'....

(શબ્દ) છેને ? (કેમ કે) બેય (–જાણવું ને પરિણમવું) ભેગું નાખવું છેને ? તેથી તે સમય છે. લ્યો ! એ 'સમય'ની વ્યાખ્યા થઈ.

હવે એ જીવપદાર્થ સાત બોલે વર્ણવશે, જે વસ્તુનું સ્વરૂપ છે. એવું (વર્ણન) અન્યમાં.... સર્વજ્ઞ પરમાત્મા સિવાય (બીજે ક્યાંય હોય નહીં). આવો આત્મા.... સાત બોલે વર્ણવશે એવો આત્મા બીજે (–અન્ય મતમાં) હોય નહિ. સમજાણું કાંઈ ?

(બોલ-૧) : આ જીવપદાર્થ કેવો છે ? સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી.... જુઓ ! उत्पादव्ययध्रौव्ययुक्तं सत्.... એ (વાત) પહેલાં બોલમાં મૂકી. 'तत्त्वार्थसूत्र'નું (સૂત્ર). उत्पादव्ययध्रौव्ययुक्तं सत् (અને) सद्द्रव्यलक्षणम्. (અધ્યાય-૫, સૂત્ર ૨૯, ૩૦). સમજાણું કાંઈ ?

પહેલી વ્યાખ્યા અસ્તિત્વની મૂકી, સત્તાની.... સત્તાની. 'છે' એની વ્યાખ્યા હોયને ?.... 'છે' એની (કથની) હોયને ?—એમ કહે છે. 'ષટ્ખંડાગમ' (શાસ્ત્ર)ના 'સત્ પ્રરૂપણા'માં ભાઈ ! આવે છે પહેલો બોલ (કે) 'છે'.... સત્ પદ પ્રરૂપણા. (પ્રથમ ખંડ-જીવસ્થાન, ધવલા ભાગ-૧, સૂત્ર-૭, ગાથા ૧૦૨,૧૦૩). 'છે' તેના વાચક શબ્દો (હોય) છે, ન હોય એની વાત શી ? એમ જીવ 'છે'.... પહેલો 'છે'—એમ સિદ્ધ કરે છે.... અસ્તિત્વ સિદ્ધ કરે છે.

એ અસ્તિત્વ પણ કેવા પ્રકારનું ? સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી.... પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે.... ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય છે એનું એકરૂપ રહેવું.... '(એકતારૂપ) અનુભૂતિ'.... એટલે એકરૂપ રહેવું—એમ (અર્થ છે). સમજાણું કાંઈ ?

જીવ કેવો છે ? સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ.... 'અનુભૂતિ'.... એટલે રહેવું (અથવા થવું). (પદાર્થ) ત્રણપણે (હોવા છતાં) એકપણે.... ત્રણપણામાં એકપણે રહેવું—એમ (કહેવું છે). ત્રણના (ભાવ) ભેદ હોવા છતાં, ત્રણના સમય

એક છે. એવું ઉત્પાદ-વ્યય-ધ્રુવનું એકપણારૂપે (રહેવું) એવી જેની સત્તા (છે) એને 'જીવપદાર્થ' કહેવામાં આવે છે.

આ (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય) તો જડમાંય હોય છે. સમજાય છે ? પણ આ તો (જીવની) પહેલી (-હમણાં જ) વ્યાખ્યા કરી ગયા છેને ? (કે જાણે અને પરિણમે તે જીવ. તેથી જીવની વાત કરે છે) અને આગળ (પણ) કરશે. બીજા બોલે જ કરશે, જુઓ. જડમાંય (-પુદ્‌ગલમાં પણ) 'અનુભૂતિ' (હોય એમ) તો આવે છેને ? પરમાણુની (વાત)માં આવે છે (કે) પરમાણુ 'અનુભૂતિ' કરે છે (અર્થાત્) ૨, ૪, ૫ આદિ (પરમાણુ) બંધ(રૂપે) (-સ્કંધરૂપે) પરિણમે છે. બસ, 'અનુભૂતિ' એટલે થવું.... હોવું.

એમ જીવપદાર્થ સદાય પરિણમનસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ.... જુઓ ! પહેલા 'જીવ કેવો છે' (—એમ) એને (-જીવને) એણે જાણવો જોઈએ, જાણ્યા પછી સ્વસમયનું પરિણમન થાય—એમ કહે છે. સમજાણું કાંઈ ? પછી પર્યાયનું (-સ્વસમય અને પરસમયનું) વર્ણન લેશે, હજુ (જીવ)દ્રવ્યનું સામાન્ય વર્ણન કરે છે. એ આવો આત્મા, સ્વમાં ઠરે તે 'સ્વસમય' અને પરમાં ઠરે તે 'પરસમય'—એમ કહેશે. (પણ) આવા આત્મા સિવાય બીજી જાતનો આત્મા (કોઈ) કહે (તો) એ આત્મા એમ (-એવો) છે નહિ. સમજાણું કાંઈ ?

બૌદ્ધ (પદાર્થને માત્ર) 'ક્ષણિક' કાં ઉત્પાદ-વ્યય(રૂપ) કહે છે (અને) વેદાંત, સાંખ્યાદિક (પદાર્થને માત્ર) 'ધ્રુવ' કહે છે, (પણ) એ બધું સમજ્યા વિનાની વાત ખોટી છે. સમજાણું કાંઈ ? (ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય)—એમ કહીને એ પદાર્થની 'અસ્તિ' છે (અને) એમાંથી ઉત્પાદ-વ્યય થાય છે—એમ કહે છે.

(૧) બીજો કોઈ એની (-પદાર્થની) સત્તાને ઉપજાવે છે—એમ નથી, તેમ
(૨) એ (પદાર્થની) સત્તાની પર્યાયને બીજો ઉપજાવે છે—એમ (પણ) નથી.

સમજાણું કાંઈ ?

(૧) જીવની સત્તાનું હોવાપણું (છે) એને બીજો કોઈ ઉપજાવે—એમ નથી અને
(૨) એ (જીવની) સત્તાની પર્યાય વર્તમાન ઊપજે (છે) તેનો બીજો ઉપજાવનાર નથી.

એ પોતે.... (પદાર્થની) સત્તા છે તે (પોતાની પર્યાયને) ઉપજાવે છે.

કોઈ પરમેશ્વરથી એની (–અન્ય જીવની) પર્યાય થાય ને પરમેશ્વર એને (–અન્ય જીવને) પર્યાય આપે—એમ વસ્તુમાં છે નહિ. સમજાણું કાંઈ ? કહો, 'ગુરુથી (જ્ઞાન) ન થાય'—એમ કહે છે. કહો, હીરાભાઈ !

(૧) હોવાપણે (વસ્તુ) છે તે કોઈ (બીજા)થી ન હોય.... વસ્તુ છે એ હોવાપણે છે (અને) તે કોઈ (બીજા)થી ન હોય અને
(૨) હોવાપણે (વસ્તુની) જે (પર્યાય) ઊપજે છે એ બીજાથી ન ઊપજે, પોતાથી ઊપજે છે.

કહો, સમજાણું કાંઈ ? આહાહા !

ઉત્પાદ-વ્યય.... પહેલો 'ઉત્પાદ' નાખ્યો શબ્દ. પરિણમનસ્વરૂપ સ્વભાવમાં.... પાછો એવા સ્વભાવમાં રહેલો હોવાથી.... ટકેલો છે—એમ (કહેવું છે).

ઉત્પાદ.... નવી અવસ્થાથી ઊપજે,
વ્યય.... એક (–એ જ) સમયમાં જૂની અવસ્થાથી બદલી જાય (અને)
(ધ્રૌવ્ય).... એ જ સમયે સદ્રશપણે કાયમ રહે.

ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય.... સમજાય છે ?

(જે સમયે) સમ્યક્ત્વથી ઊપજે.... (ઉત્પાદ)
(તે જ સમયે) મિથ્યાત્વથી વ્યય થાય.... (વ્યય અને)
(તે જ સમયે) ધ્રુવરૂપે ધ્રુવ રહે.... (ધ્રૌવ્ય)

પોતાની પર્યાયને ઉત્પન્ન કરનારો પોતે.... સત્તા પોતે જ છે. સમજાણું કાંઈ ? આવો સિદ્ધાંત પહેલો (–શરૂઆતમાં જ) મૂક્યો છે જુઓ ! આત્માની કોઈ પણ.... અનંત ગુણરૂપ શક્તિ પડી છે એની કોઈ પણ પર્યાયનો ઉત્પાદક એ પોતે સત્તા છે.... એ સત્તા એને (–પર્યાયને) ઉત્પન્ન કરે છે, કારણ કે **उत्पादव्ययध्रौव्ययुक्तं सत्....** પોતે આખું દ્રવ્ય છે.

એકતારૂપ અનુભૂતિ.... 'અનુભૂતિ'.... એટલે (રહેવું).... ત્રણનું એકરૂપે (રહેવું).... ત્રણનું એકરૂપે રહેવું—એમ (કહેવું છે). 'અનુભૂતિ'નો અર્થ એ છે. સમજાણું કાંઈ ? એવું જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.... આવી સત્તાથી સહિત (જીવ) છે....

(૧) ઊપજવું.... (ઉત્પાદ),
(૨) બદલવું.... (વ્યય) અને
(૩) ટકવું.... (ધ્રૌવ્ય)

—એવી સત્તાથી આત્મા સહિત છે. જીવની વ્યાખ્યા સાત બોલે કરશે. મોટા સિદ્ધાંતો આમાં ભર્યા છે જુઓને ! સમજાણું ?

(૧) એની સૃષ્ટિનો ઉત્પાદક એ પોતે છે. અનંત ગુણની પર્યાયરૂપી સૃષ્ટિની ઉત્પત્તિ (થાય છે તેનો) ઉત્પાદક એ દ્રવ્ય છે,
(૨) પૂર્વની અવસ્થાનો વ્યય કરનાર એ પોતે છે અને
(૩) ધ્રુવપણે રહેનાર એ પોતે છે.

'બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ' કહે છેને (બહારમાં) ? બ્રહ્માએ (વિશ્વ) ઊપજાવ્યું, વિષ્ણુએ રાખ્યું, શંકરે નાશ કર્યું—એ ક્યાંય બહારમાં નથી, અંદરમાં (-પદાર્થમાં) છે ત્રણ. (વિષ્ણુએ) ધ્રુવ રાખ્યું, પોતે બ્રહ્મસ્વરૂપ.... એણે (-વિષ્ણુએ) ધ્રુવ રાખ્યું સમજાણું ?.... વિષ્ણુએ (ધ્રુવ) રાખ્યું, બ્રહ્માએ ઉત્પન્ન કર્યું (-ઉત્પાદ) પર્યાય અને શંકરે નાશ કર્યું—વ્યય.... પોતે ને પોતે (જીવ) બ્રહ્મા, વિષ્ણુ ને મહેશ છે. સમજાણું કાંઈ ? એનો (એટલે જીવનો) કોઈ કરનાર નથી —એમ કહે છે.

આ વિશેષણથી જીવની સત્તા નહિ માનનાર....

(કોઈ માને છે કે) 'હોવાપણે આત્મા નથી, નાસ્તિ છે.'

(તેને પ્રશ્ન :) 'નાસ્તિ છે શેની ?'

(તેનો ઉત્તર :) 'કે જીવની'.

(સમાધાન :) 'આ (જીવની) નાસ્તિ છે'—એમ કહેનાર જ (જીવનું) અસ્તિપણું બતાવે છે. સમજાણું કાંઈ ? શ્રીમદ્‌માં આવે છેને :

કરી કલ્પના દ્રઢ કરે, નાના નાસ્તિ વિચાર;
પણ અસ્તિ તે સૂચવે, એ જ ખરો નિર્ધાર.

(શ્રીમદ્ રાજચંદ્ર, વર્ષ ૨૨)

'આ જીવ નથી'—એનો અર્થ કે જીવનું અસ્તિપણું છે, (કેમ કે જીવ છે તે) કહે (–જાણે) છે કે 'નથી'. (જે) ન હોય એ કહે ? (જે) ન હોય એ જાણે ? (જે) ન હોય એ જાણે કે 'હું નથી' ? 'હું નથી' એનો અર્થ જ છે કે 'હું છું.' સમજાણું કાંઈ ?

(દ્રષ્ટાંત :) 'મારી મોટપ નથી'.... તો (એનો અર્થ એ છે કે) તને ખ્યાલમાં આવી છે મોટપ, કે 'આ મોટપ છે'.... (હવે) 'મોટપ' ખ્યાલમાં આવી છે ને (તું કહે છે) કે 'મારી મોટપ નથી'. (તો) એનો અર્થ જ (છે કે) 'મોટપ' તને ખ્યાલમાં આવી છે. 'નથી' (—એમ) તું ના પાડે છે, પણ એ અસ્તિ સૂચવે છે એમાં (–નાસ્તિમાં). સમજાણું કાંઈ ?

(૧) કોઈપણ ચીજની હયાતી (હોય તો) (–વાચ્ય.... અર્થસમય),
(૨) તેનો અવાજ (–વાચક.... શબ્દસમય) હોય છે અને
(૩) એનું જ્ઞાન (–જ્ઞાનસમય.... પણ) હોય છે .

અવાજ અને જ્ઞાન—બેય (હોય છે). સમજાણું કાંઈ ?

નાસ્તિકનો (મત) ખંડિત થયો (તથા) પુરુષને અપરિણામી માનનાર સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ.... 'આત્મા છે, પણ બદલતો નથી'—એમ માનનારના (મત)નો નાશ (–નિષેધ કર્યો). નાસ્તિકને ખોટા ઠરાવ્યા.

(આત્મા) બદલે નહિ તો અજ્ઞાન કેમ ટળે ? જ્ઞાન કેમ પ્રગટે ? આનંદ કેમ આવે ? દુઃખ કેમ જાય ? સમજાય છે ? (કોઈ) સમજવા માગે છે તો એનો અર્થ એ થયો કે....

(૧) અણસમજણ ટળે છે.... (વ્યય),
(૨) સમજણ થાય છે.... (ઉત્પાદ) અને
(૩) બેયની સંધિમાં પોતે કાયમ રહે છે.... (ધ્રૌવ્ય).

સમજાણું કાંઈ ? એટલે નહિ પલટનારનો ('જીવ પલટતો નથી'—એમ માનનારનો) વ્યવચ્છેદ કર્યો (–થયો). ....પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે.... લ્યો ! નૈયાયિક, વૈશેષિક સત્તાને નિત્ય—કાયમી એકરૂપ (માને છે). સમજાણું ?

(બૌદ્ધો) કહે છે કે બદલે.... (પદાર્થ) એકલો (–માત્ર) બદલે. (—એની વાત) પછી લેશે. (સાંખ્યવાદી) કહે, (પદાર્થ) બદલે નહિ. એ સાંખ્યવાદીઓનો વ્યવચ્છેદ, પરિણમનસ્વભાવ કહેવાથી, થયો.

(નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને) નિત્ય જ માને છે (અને) બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે....

(નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને) એકલું નિત્ય માને છે.

(સમાધાન :) પણ એ માનનાર કોણ ? માનનાર પર્યાય છે.... માને એ પર્યાય છે. 'નિત્ય છે'—એમ માને છે એ પર્યાય છે અને (છતાં) તું કહે છે કે 'નિત્ય જ છું ?' ભ્રમ છે. પર્યાય માને છે.... પર્યાય જાણે છે.... પર્યાય 'ના' પાડે છે.... પર્યાય 'હા' પાડે છે.—એ કામ (–બધા કાર્ય) તો પર્યાયમાં ચાલે છે.

એક ઠેકાણે (–કોઈ) કહે છે કે '(હું) નથી', (બીજો કહે છે કે) 'નિત્ય જ છું'.

(સમાધાન :) (પણ) 'નથી' (—એમ) કહે છે (ત્યાં જ સિદ્ધ થાય છે) કે 'છે'. (તેમ જ) 'નિત્ય છું.... એકલો નિત્ય છું' (—એમ) કોણે જાણ્યું ? નિત્યે ?

શ્રોતા : પર્યાયે (જાણ્યું).

જુઓ, જીવની વ્યાખ્યા. 'जीवो'.... (ગાથાનો) પહેલો શબ્દ છે. છેને ? जीवो.... जीव: .... जीव: .... માંગલિકમાં પહેલો શબ્દ આ ઉપાડ્યો. આવો જીવપદાર્થ છે એને સાત બોલે વર્ણવે છે.

તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.... લ્યો ! ઉત્પાદ-વ્યય ને ધ્રૌવ્ય—એ પહેલો સિદ્ધાંત.

મોટી ચર્ચા ચાલતી ભાઈ ! પહેલે અમારે ત્યાં (–સંપ્રદાયમાં).

(કોઈ કહે :) '(આત્મા) આવો છે ગુણ, લક્ષણ(વાળો).... ઉત્પાદ-વ્યય ને.... એ બધું બ્રાહ્મણમાં છે.'

(મેં) કીધું : 'આ બધું બ્રાહ્મણમાં ક્યાંથી આવ્યું (–આવે) ?'

એને (–કહેનારને) તો એમ (કહેવું હતું) કે ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય સમયે-સમયે (કેમ હોય ?)

(સમાધાન :) (ખરેખર) વાત એમ (છે) કે (નવી પર્યાય) સમયે-સમયે ઊપજે છે (અને જૂની પર્યાય વ્યય પામે છે) પોતાથી, કોઈને કારણે નહિ.

(અન્ય કહે) : '(એમ) નહીં, (વિકાર) કર્મને કારણે હોય, ફલાણે કારણે, ઢીકણાને (કારણે વિકાર હોય).' સમજ્યાને ?

'આત્માને (પોતાથી) વિકાર થાય' એ સિદ્ધાંત મોટો આકરો (સંપ્રદાયના જીવોને લાગે છે). 'વિકાર હોય એ કર્મથી થાય.... કર્મથી થાય.... બસ, એમ (લોકો માને છે).

'સંસાર કર્મથી થાય, કારણ કે આત્મા તો શુદ્ધ છે. (તેથી) વિકાર કેમ આવ્યો ? કે કર્મને લઈને આવ્યો' (—એમ કોઈ માને છે).

(સમાધાન:) કર્મ ક્યાં (આત્મામાં) પેઠાં હતાં (–પ્રવેશ્યા છે) કે (કર્મને લઈને વિકાર) આવ્યો ? (વિકારનો) ઉત્પાદ પોતાથી થાય છે....

(1) વિકારનો <u>ઉત્પાદ</u> પોતાથી થાય છે,
(2) વિકારરૂપ પૂર્વની અવસ્થાનો નાશ <u>(વ્યય)</u> પોતાથી થાય છે (અને)
(3) <u>ધ્રુવપણું</u>.... પોતાની સૃષ્ટિમાં (–પર્યાયમાં) પોતે (વિકાર) ઉત્પન્ન કરીને પોતે સૃષ્ટિનો ધારનાર રહે છે. સમજાણું કાંઈ ?

(બોલ ૨) : વળી જીવ કેવો છે ? હવે (જીવનું કથન) આવ્યું બીજા બોલે. આ (ઉપર કહ્યું એ ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યનું) સામાન્યસ્વરૂપ તો પરમાણુ (આદિ)માં પણ હોય છે. ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે.... હવે એને (–જીવને) નાખ્યો.

પહેલું (–પહેલા બોલમાં) 'સત્ દ્રવ્ય'—સત્તા સિદ્ધ કરી. उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । सद्-द्रव्यलक्षणम् ।.... ભાઈ ! પહેલો એ બોલ સિદ્ધ કર્યો. उत्पादव्ययध्रौव्ययुक्तं सत् । सद्-द्रव्यलक्षणम् ।.... 'દ્રવ્ય' સિદ્ધ કર્યું. હવે 'દ્રવ્ય' ક્યું આહીં લેવું છે આપણે, એ હવે સિદ્ધ કરે છે (–કહે છે). સમજાણું કાંઈ ?

પહેલો મહાસિદ્ધાંત કે ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યયુક્તં અસ્તિ અને તે 'અસ્તિ' દ્રવ્યનું લક્ષણ છે. ('સત્') લક્ષણ છે (અને) 'દ્રવ્ય' લક્ષ્ય છે. 'અસ્તિ' (લક્ષણ છે, 'દ્રવ્ય') તે લક્ષ્ય છે.... છે. આ, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય....—ત્રણની વ્યાખ્યા.... સમજાણું કાંઈ ?

હવે અહીંયા (–બીજા બોલમાં) તો આત્મા લેવો છે. જુઓ, આ ચૈતન્ય.... જીવની વ્યાખ્યામાં પહેલામાં પહેલી ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યથી (વાત) શરૂ કરી. કારણ કે જીવનું સ્વરૂપ જ એવું છે. (જો કે) છયે દ્રવ્યનું એવું (સ્વરૂપ) છે, પણ અહીં તો જીવને સિદ્ધ કરવો છેને ! ઓહોહો ! સમયે.... સમયે.... અનંતા ગુણવાળો ભગવાન....

(૧) પોતાની પર્યાયથી ઊપજે છે (–ઉત્પાદ),
(૨) પૂર્વની પર્યાયથી વ્યય થાય છે,
(૩) અસ્તિપણે—ધ્રૌવ્યપણે કાયમ રહે છે.

—એવું એનું સ્વતંત્ર (અસ્તિત્વ છે).... એ સ્વયંસિદ્ધ વસ્તુ છે. સમજાણું કાંઈ ?

હવે ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ નિર્મળ.... કેવો છે ભગવાન આત્મા ? ચૈતન્યસ્વરૂપ છે જેનું. પરમાણુ (આદિ) તો જડસ્વરૂપ છે. ઉત્પાદ-વ્યય-(ધ્રૌવ્ય)વાળા એ (પરમાણુ આદિ) પણ છે.... સત્તાપણે એ પણ છે.... અસ્તિત્વ એનું પણ છે. અહીં તો જીવની વાત છે. ભગવાન આત્માનું ઉત્પાદ–

વ્યય–ધ્રૌવ્યપણું હોવા છતાં, તે (આત્મ)વસ્તુ ચૈતન્યસ્વરૂપપણામય છે. આત્મા એ 'સત્' (–દ્રવ્ય) થયું અને ચૈતન્યસ્વરૂપપણું એનો સ્વભાવ(–ગુણ) છે.... ચૈતન્યપણું સ્વભાવ છે.

ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ છે.... કાયમ પ્રગટરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે.... દર્શન અને જ્ઞાન.... આત્મા, દર્શન અને જ્ઞાન એવી જ્યોતિસ્વરૂપ નિત્ય-ઉદ્યોતરૂપ.... પ્રગટ છે (અર્થાત્) સ્પષ્ટ છે.... પ્રગટ છે ત્રણે કાળે. વસ્તુ તો પ્રગટ છે ચૈતન્ય(પણે). વસ્તુ (–આત્મદ્રવ્ય) અને ચૈતન્યસ્વરૂપ એવો જે સ્પષ્ટ નિર્મળ દર્શન–જ્ઞાનસ્વભાવ છે તે એમ ને એમ ત્રિકાળ છે. સત્તાસૂર્ય.... સત્તાસૂર્ય.... ચૈતન્ય સત્તાસૂર્ય ત્રિકાળ છે એમ ને એમ—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? કેવો છે ? નિત્ય-ઉદ્યોતરૂપ.... (બહારનો) સૂર્ય તો ઊગે, વળી આથમે.

તેથી.... ચૈતન્યસ્વરૂપપણાથી.... પોતાનું 'ચૈતન્ય(સ્વરૂપ)' (—એમ કહીને) સામાન્ય લીધું (–અભેદ વાત કરી). પછી (આ જ બોલમાં) એના (દર્શન-જ્ઞાન એવા) ભેદ પાડશે. ચૈતન્યસ્વરૂપપણાથી.... ચેતન(દ્રવ્ય), ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય-ઉદ્યોતરૂપ.... કાયમ પ્રગટરૂપ એવો ભગવાન આત્મા —જીવ.... એ પણ કેવો ? નિર્મળ અને સ્પષ્ટ.... પ્રત્યક્ષ. સમજાણું કાંઈ ?

એવા દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે.... એ (જ્યોતિની) ઉપમા આપી. 'દર્શન–જ્ઞાનરૂપ છે'—એમ ન કીધું, (પણ) દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે.... (—એમ કહ્યું). 'જ્યોતિ' છે.... ચૈતન્યજ્યોત ઝળહળ બળે (–તેની હયાતી) છે અંદર. દર્શન-જ્ઞાનના.... ચૈતન્યસ્વભાવપણાને લઈને (અર્થાત્) દર્શન–જ્ઞાનપણાથી નિત્ય ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ ચૈતન્યજ્યોતિ ઝળહળે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ચૈતન્યસ્વરૂપપણાથી ત્રિકાળ ઉદ્યોતરૂપ.... એકરૂપ રહેનાર નિર્મળ સ્પષ્ટ જ્યોતિ છે. સૂર્યની (–પ્રકાશની) ઉપમા આપે છેને ? કે દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ.... દ્રષ્ટા ને જ્ઞાતારૂપ પ્રત્યક્ષ સ્વભાવ છે. વસ્તુ (–આત્મા) સામાન્ય દર્શન, પ્રત્યક્ષ (જ્ઞાન)સ્વભાવ, એક, નિત્ય, જ્યોતિરૂપ છે.

જુઓ, આ (દર્શન-જ્ઞાનરૂપ) ઉપયોગની વ્યાખ્યા મૂકી (-વાત કરી) પહેલી ભાઈ ! બીજા અનંતા ગુણો નથી નાખ્યા પહેલાં. એ પછી (ત્રીજા બોલમાં) નાખશે, કારણ કે પહેલાં ઉપયોગરૂપ આખી ચીજ છે—એમ સિદ્ધ કરવું છે. 'उवओगलक्खणो।' (ગાથા-૨૪).

(પહેલા બોલમાં) 'ઉત્પાદ–વ્યય–ધ્રુવ' નાખ્યું,
(પછી હવે બીજા બોલમાં) 'ઉપયોગલક્ષણ' નાખ્યું.

વસ્તુ ચૈતન્યસ્વરૂપપણાથી.... દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ એક છે (—એમ કહીને) એ પહેલું નાખ્યું, (પણ) અનંત ગુણસ્વરૂપ.... અનંત ધર્મસ્વરૂપ (—એમ) પહેલું ન નાખ્યું, કારણ કે જાણનાર–દેખનાર ભાવ જ બધાને જાણે-દેખે છે. બીજાના અસ્તિત્વની કબૂલાત પણ જ્ઞાન–દર્શનમાં આવે છે.... બીજા ગુણોનું હોવાપણું પણ જ્ઞાન–દર્શન જાણે છે. બીજા (ગુણો)નું હોવાપણું (છે), પણ બીજા (ગુણો) પોતાને (કે કોઈને પણ) જાણતા નથી. સમજાણું કાંઈ ? જે જાણનાર છે એ પોતાની હયાતી અને પરની હયાતીને જાણે છે. આવો ચૈતન્યસ્વરૂપ.... ભગવાન (આત્મા) દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે (—એમ) એને પહેલો સિદ્ધ કર્યો. ઓહોહો ! અમૃતચંદ્રાચાર્યની ટીકા !

વસ્તુ.... સર્વજ્ઞે જોયેલો, કહેલો એવો જે આત્મા (છે તે) 'આવો છે' —એમ પહેલાં નક્કી કર. શેઠ ! આ બધું નક્કી કરવું પડશે, એમ ને એમ (સમજ્યા વિના) અત્યાર સુધી આંધળું હાલ્યું છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : આ ધર્મ.... આ ધર્મની (વાત નથી તો) શું ચાલે છે આ ? એ (-ધર્મ કેમ થાય એ વાત) તો પછી ('સ્વસમય'માં) કહેશે.... 'આ આત્મા પોતામાં એકાગ્ર થાય એ ધર્મ'—એ (વાત) પછી કહેશે. હજુ (આત્મા) કોણ છે એ તો નક્કી કરે ?

ધર્મ (કોને થાય એ) પછી કહેશે કે આવો આત્મા (થાય તે) 'સ્વસમય' (-ધર્મી) છે. આવા (ચૈતન્ય)સ્વરૂપમાં એકાગ્ર થાય એ ધર્મ. પણ હજુ વસ્તુ....

(૧) ધર્મ કેમાં (-શેમાં) કરવો ને
(૨) (ધર્મ) કરનાર કોણ ને એનું
(૩) (ધર્મનું) સ્વરૂપ શું ?

—એ નક્કી કર્યા વિના ધર્મ કરશે કોણ ?—એમ કહે છે અહીં. ધર્મ તો પછી બતાવશે. ધર્મ તો પર્યાય છે,.... સમજાય છે ? પણ એ પર્યાય શેમાં થાય ?.... કેવામાં (-કોનામાં) થાય ? કઈ રીતે થાય ? (કે) આવો આત્મા નક્કી કરે, પછી સ્વ-સમયમાં (-પોતાના આત્મામાં) ઠરે ત્યારે ધર્મ થાય—એમ કહે છે.

આવો આત્મા જેને ખ્યાલમાં (-જ્ઞાનમાં), શ્રદ્ધામાં.... ઓળખાણમાં નથી એને (અર્થાત્) એ વસ્તુનું સત્‌પણું જ્યાં ખ્યાલમાં જ આવ્યું નથી આ ઢબે, (ત્યાં) એની એકાગ્રતા (-ચારિત્ર) અંદરમાં થઈ શકે જ નહિ—એમ કહે છે. (કોઈ) બીજી રીતે કલ્પે કે....

(૧) એક જ આત્મા છે ને ફલાણું છે ને ઢીંકણું છે ને
(૨) એ (સર્વથા) કુટસ્થ છે ને
(૩) (સર્વથા) ક્ષણિક છે ને
(૪) એક જ જ્ઞાન-દર્શન ગુણવાળો છે ને કાં
(૫) એકલો જ્ઞાનના ગુણવાળો છે ને
(૬) એકલો દર્શનવાળો છે....

—એને, આ (આત્મ)વસ્તુ (ને) વસ્તુસ્થિતિનું જ જ્યાં જ્ઞાન નથી (ત્યાં) એ જ્ઞાન સત્‌માં ઠરે—એમ બની શકે નહિ. સમજાણું કાંઈ ? આહાહા ! (જેને સ્વ) માને એમાં ઠરે. ઊંધું માન્યું (તો) ઠરે અજ્ઞાનમાં.... ઠરે. સમજાણું કાંઈ ?

દર્શનજ્ઞાન-જ્યોતિસ્વરૂપ છે.... એ તો એનું સ્વરૂપ જ છે—એમ કહે છે. એ કંઈ બહારથી આવતું નથી—એમ કહે છે જુઓ ! (કારણ કે ચૈતન્યનું પરિણમન દર્શનજ્ઞાનસ્વરૂપ છે).... ત્રિકાળી ચૈતન્યસ્વભાવ છે એનું પરિણમન તો.... દેખવું-જાણવું (એ) એનું પરિણમન છે.... દેખવું-જાણવું (એ) એનું પરિણમન છે. ખરી ચીજ એ છે, એમાં બધા ગુણો (ને) બીજા બધા ધર્મ સાથે આવે છે (-આવી જાય છે).

ખરેખર તો, જ્ઞાન જ એક ભાવ લ્યો ! એક ભાવ. એ જ્ઞાનમાં બધા ભાવો આવી જાય છે, (તેથી) જ્ઞાનમાત્ર જ તે (આત્મ)વસ્તુ છે—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ? એથી એના 'ઉપયોગ'ને પહેલો લીધો છે (-તેની પ્રથમ વાત કરી છે). શાસ્ત્રમાં આ જ્ઞાન-દર્શનના ઉપયોગ(મય દ્રવ્ય)ને જીવ કહ્યો છે (અને) બીજા બધા (દ્રવ્યો)ને અજીવ કહ્યાં છે, કારણ કે જાણનારો આ (જીવ) છેને ! ચૈતન્યસ્વરૂપથી જાણે તે જીવ. ન જાણે (એવો) કોણ (-ક્યો) જીવ (હોય) ? —એમ કહે છે. સમજાણું કાંઈ ?

ચૈતન્યસ્વરૂપથી.... દર્શન-જ્ઞાનથી જાણે તે જીવ. શ્રદ્ધા, આનંદ આદિ (ગુણ) છે તે જાણતા નથી. એને....

(૧) જ્ઞાન જાણે છે કે 'આ આનંદ છે'....
(૨) જ્ઞાન જાણે છે કે 'આ શ્રદ્ધા છે'....
(૩) જ્ઞાન જાણે કે 'આ ચારિત્ર છે'....

સમજાણું કાંઈ ? એનું (-જીવનું) સ્વરૂપ જ એ છે—ચૈતન્યસ્વરૂપ જ્યોતિ (અને એનું) પરિણમન દર્શન-જ્ઞાન છે. (અર્થાત્) જાણવું-દેખવું (જેનું પરિણમન છે અને) ઉપયોગ જેનું સ્વરૂપ છે (તે જીવ છે). સમજાણું કાંઈ ?

આ વિશેષણથી, ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર.... લ્યો ! સાંખ્ય(મત) છેને ? (તે કહે છે): "અરે ! જ્ઞાનમાં બધું જણાય—એમ નહિ. જ્ઞાન અંધ (-જાણવાનું બંધ) થઈ જાય ત્યારે જ્ઞાન (કહેવાય).... કોઈને ન જાણે ત્યારે જ્ઞાન કે આત્મા (કહેવાય). (જ્ઞાન) જાણે તો 'વોઈ મારે !' ઉપાધિનો પાર નહિ. જ્ઞાનમાં જાણવું (થાય) તો બહુ થઈ ગયું.... ઉપાધિ થઈ ગઈ. માટે જ્ઞાન નહિ (-જ્ઞાન ન હોય) તે આત્મા. સિદ્ધમાં જ્ઞાન નાશ થઈ જાય"—એમ (જ્ઞાનના નાશને) મોક્ષ માને. જુઓ ! અજ્ઞાનીના એવા એવા વાંધા (-દોષ) હોય, (છતાં) માનનાર પણ મળી જાય છેને એને.... સૌને.

ચૈતન્યને જ્ઞાનાકારસ્વરૂપ નહિ માનનાર.... જ્ઞાન પરિણમન થઈને સ્વ ને પરને જાણે એવો સ્વનો (-આત્માનો) સ્વભાવ (છે—એમ) નહિ માનનારા જૂઠા છે. એને ચૈતન્યસ્વરૂપ એવો આત્મા છે એની ખબર નથી. સમજાણું કાંઈ ?

(બોલ-૩) : વળી તે કેવો છે ? હવે (દ્રવ્યનો બોલ) આવ્યો. અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે.... જુઓ ! એકલા જ્ઞાન-દર્શન (ગુણ) નહિ, પણ હવે અનંતા ધર્મો લીધા. જાણવા-દેખવાના ભાવમાં આવેલા (–અવિનાભાવી જે અનંત ધર્મો છે) એને અંદર (–સાથે) લીધા. સમજાણું કાંઈ ? અનંત ધર્મોમાં રહેલું.... ભગવાન આત્મામાં અનંત ધર્મો છે, એમાં રહેલું દ્રવ્ય એક છે. ધર્મો અનંત છે, દ્રવ્ય એક છે. અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું.... એટલે એક વસ્તુપણું.... સમજાણું ?

'અનંતધર્મત્વ' ગુણ પણ છે એનો. ૪૭ શક્તિમાં આવે છેને ? (શક્તિ ૨૭). અનંતધર્મપણાનો ગુણ છે એક. (આત્મામાં) અનંતા ધર્મો છે તે 'અનંતધર્મત્વ' ગુણ છે. જ્ઞાન–દર્શનના ઉપયોગમાં આવે (–સહિત હોય) એવા જે વસ્તુ(ધર્મો) છે તે બધા.... અનંત ધર્મોનો ધરનાર વસ્તુ છે (તે) દ્રવ્ય(પણે) એક છે. જ્ઞાન-દર્શનનો ઉપયોગ અને એમાં (–સાથે) અનંતા ધર્મો બીજા—તે બધાનો આધાર (આત્મ)દ્રવ્ય છે (અર્થાત્) તે બધા (ધર્મો)નું એકરૂપ તે (આત્મ)દ્રવ્ય છે—એમ (કહે છે. આત્મામાં) જ્ઞાન–દર્શન (ગુણ ક્ષેત્રથી) જુદાં પડે અને બીજા ધર્મો (ક્ષેત્રથી) જુદાં (પડે)—એમ છે નહિ. સમજાણું કાંઈ ?

જ્ઞાન–દર્શન (અને અવિનાભાવી) અનંતા ધર્મો (મળીને આત્મ)દ્રવ્ય એક છે.... (આત્મામાં) જ્ઞાન–દર્શનનો ઉપયોગ અને બીજા (અવિનાભાવી ધર્મો છે) માટે બે દ્રવ્ય(પણું) છે (—એમ નથી). એક (આત્મ)દ્રવ્યમાં જ્ઞાન-દર્શનવાળું (ક્ષેત્ર જુદું અને બીજા ધર્મોવાળું ક્ષેત્ર જુદું—એમ નથી). મગનભાઈ ! (તેમ જ) એક શક્તિ.... એક જ્ઞાનશક્તિ સર્વ ગુણોને ચૈતન્ય કરનારી અને એક જ્ઞાનશક્તિ જ્ઞાનરૂપે (–જાણવારૂપે) રહેનારી (—એમ) બે (પ્રકાર) નથી—એમ કહે છે.

મગનભાઈનો પ્રશ્ન હતોને ? કે એક પરમાણુ છે. તે એક પરમાણુમાં અનંત ગુણો જડ(પણે) રાખ્યા (–રહ્યા) છે—બધાય જડરૂપે છે. એમ એક આત્મામાં જેટલા ગુણો છે એ બધાને ચૈતન્યપણે રાખે એવો કોઈ ગુણ છે કે નહિ ? બધાને ચૈતન્યપણે રાખે એવો (કોઈ ગુણ છે) ? (ના).

શું કીધું સમજાણું ?

(જ્ઞાનગુણનો) એક જાણવાનો સ્વભાવ જુદો (અર્થાત્) જાણવું.... (એટલે કે) એક (જ્ઞાનસ્વભાવ) જાણે (અને જ્ઞાનની બીજી) એક શક્તિ (-સ્વભાવ) એવી છે કે (બધાને ચૈતન્યપણે રાખે—એમ છે ? ના, એમ નથી.) જેમ પરમાણુમાં અનંતા ધર્મો જડ કરીને રાખ્યા (-જડપણે રહ્યા) છે, એમ (આત્મામાં) એવો એક ગુણ છે કે બધાને ચૈતન્ય કરીને રાખે ? એનો આ ખુલાસો (પૂજ્ય ગુરુદેવશ્રીએ) કર્યો (કે જીવના) અનંત ગુણોને ચૈતન્ય કરીને રાખે એવો કોઈ ગુણ છે નહિ. સમજાણું કાંઈ ?

શું કહ્યું વળી આ ?

(આત્મામાં અનંત ગુણોનું એકબીજામાં) વ્યાપકપણું છે, પણ (ચૈતન્યગુણે) બીજા (અનંત ગુણો)ને ચૈતન્ય કર્યા નથી કાંઈ. એ માટે તો એને (-ચૈતન્યગુણને) જુદો પાડ્યો છે. (ચૈતન્યગુણે) બીજા (અનંત ગુણો)ને ચૈતન્ય કર્યા નથી. (બીજા અનંત ગુણો) ચૈતન્યની સાથે (દ્રવ્યમાં) રહેલા છે માટે (બધા ગુણો) દ્રવ્ય(પણે) એક છે,.... સમજાણું કાંઈ ? પણ (ચૈતન્યગુણે બીજા બધાય ગુણોને) જાણવા-દેખવાના ગુણરૂપે.... (બીજા) બધાય ગુણોને જાણવા-દેખવારૂપે કરી નાખ્યા છે—એમ નથી.

'વ્યાપક'નો અર્થ (એ છે) કે (એક)ક્ષેત્રે વ્યાપ્યા છે. (બધા ગુણો એક)ક્ષેત્રે વ્યાપ્યા છે (અને) એક કાળે છે, પણ એક કાળે હોવા છતાં (તેમ જ) એકક્ષેત્રે હોવા છતાં જ્ઞાન-દર્શન(ગુણે) બીજા (બધા) ગુણોને જ્ઞાન-દર્શનરૂપે કર્યા નથી.... બીજા (બધા) ગુણોને ચૈતન્ય કર્યા નથી.

'આ (જડમાં) તો બધા (ગુણ) જડ છેને ?'—એમ (પ્રશ્નકારનું કહેવું છે). (અર્થાત્) ત્યાં (જડમાં) તો બધું જડ જ છે, એમાં બે ભાગ નથી. ત્યાં તો એકલું.... બધું જડ જ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ (આદિ) બધું જડ જ છે.... એકલું જડ છે, એમાં કોઈ ભાગ બીજી જાતનો નથી. એમ આમાં (-જીવમાં) કોઈ બીજી જાતનું છે કે નહિ ?—એમ (પ્રશ્ન છે). સમજાણું કાંઈ ?

અમરચંદભાઈ ! જેમ પરમાણુના જેટલા ગુણો છે એ બધા એકસરખા જડ છે, (એવી રીતે) આમાં (-જીવમાં) એવો કોઈ ગુણ છે કે બધા ગુણોને ચૈતન્યપણે કરી નાખે ? (અર્થાત્) એક (ચૈતન્ય ધર્મ હોય) અને (એક ધર્મ) બીજા (બધા) ધર્મોને (ચૈતન્યપણે) રાખે ? (જેમ કે) જાણવાની (ચૈતન્ય શક્તિ)

જુદી રાખે (-હોય) અને એક ચૈતન્યશક્તિ એવી હોય કે જે બધા (ગુણો)ને ચૈતન્ય બનાવી દે. (—એમ છે નહિ). (ભાઈ ! એક ગુણનું બીજા બધા ગુણમાં) વ્યાપવું એ જુદું છે અને બીજા (બધા ગુણો)ને ચૈતન્ય બનાવવા એ જુદું છે. (—એમ છે નહીં). સમજાણું કાંઈ ? આહાહા !

પરમાણુના અનંત ગુણમાં તો જડ(પણું) વ્યાપે છે અને ઉપજતા (-પરિણમતા પણ) જડ થાય (-છે). એમ આ ભગવાન આત્મા છે એનું ચૈતન્યસ્વરૂપપણાથી સ્વયં ઉદ્યોતરૂપ તો દર્શન-જ્ઞાન પરિણમન છે. (-બીજો બોલ).

હવે (ત્રીજા બોલમાં કહે છે કે), એ બે દર્શન-જ્ઞાન (ધર્મ) જે છે એટલો જ આત્મા નથી, બીજા પણ (અનંત) ધર્મો છે. બીજા (અનંત) ધર્મો છે એ કાંઈ દર્શન-જ્ઞાનરૂપ થયા નથી, (છતાં) પણ બીજા (બધા) ધર્મો છે. (તો) એ બીજા (બધા) ધર્મો અને આ (દર્શન-જ્ઞાન) ધર્મ સહિતનું (આત્મ)દ્રવ્ય એક છે.

(એક ભાગ) આવા જ્ઞાન-દર્શનવાળો અને (એક ભાગ) બીજા (બધા) ધર્મવાળો—એમ બે (ભાગવાળું આત્મ)દ્રવ્ય છે એમ નથી. એક (ભાગમાં), જ્ઞાન-દર્શનને ધરનારું (આત્મ)દ્રવ્ય અને (એક ભાગમાં), બીજા આવા અનંતા (ધર્મ)ને.... જેમાં જ્ઞાન-દર્શન નથી એવા (ધર્મ)ને ધરનારું (આત્મ)દ્રવ્ય—(એમ) બે (ભાગવાળું આત્મદ્રવ્ય) નથી, (આત્મ)દ્રવ્ય તો એક જ છે. સમજાણું કાંઈ ? આ તો ગંભીર છે. સમયસાર એટલે કેવળીના પેટ (-અંતરંગ રહસ્યને) ખોલીને મૂક્યા છે. આહાહા ! સમજાણું આમાં ?

અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું.... એક વસ્તુપણું તેને લીધે.... એમ (કહીને કારણ આપ્યું). અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને કારણે જેને દ્રવ્યપણું પ્રગટ છે.... વસ્તુપણું પ્રગટ છે. સમજાણું કાંઈ ? (કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).... અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે (અને) અનંત ધર્મોની (લક્ષણથી) ભિન્નતા-ભિન્નતા તે તો ગુણ છે. અનંત ધર્મોની ભિન્નતા-ભિન્નતા તો ગુણ.... ગુણધર્મ છે (અને ક્ષેત્રથી) એકતા તે દ્રવ્ય છે. સમજાય છે કાંઈ ? આહાહા ! જોયું ? લોજીક પણ મૂક્યું છે કે નહિ ?....

ભગવાન આત્મા....

(૧) પહેલાં અસ્તિપણું.... ઉત્પાદ-વ્યય-(ધ્રૌવ્યમય) સત્તા સિદ્ધ કરી.... 'છે' તેની વ્યાખ્યા (કરી કે) એ 'છે' કેવું ? કે ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળું. એક વાત.

(૨) હવે તેનો ખાસ ગુણ શું છે કે જેથી બીજા બધાથી ભિન્ન પડે ? ખાસ ચૈતન્ય લક્ષણ એ જ્ઞાન-દર્શનસ્વરૂપ છે. ચૈતન્યપણું—એ સામાન્ય કીધું (અને) જ્ઞાન-દર્શન—એ વિશેષ કીધું. સામાન્ય, વિશેષ સમજાય છે ?

(૩) હવે એવો આત્મા.... જેને ચૈતન્યપણાના સ્વરૂપથી જ્ઞાન–દર્શનના પરિણમનરૂપ કહ્યો એ જીવ પણ અનંત ધર્મોથી ભરેલો છે, માટે એ (બધા) ધર્મોનો ધરનાર હોવાથી એક જ દ્રવ્ય છે.

(જીવ)દ્રવ્ય તો એક જ છે. જ્ઞાન–દર્શનને (જીવદ્રવ્ય) રાખે છે અને (બીજા) અનંતા ધર્મને (પણ જીવદ્રવ્ય) રાખે છે એટલે (ક્ષેત્રથી જીવદ્રવ્યના) બે ભાગ પડી ગયા છે—એમ નથી. (હા,) ધર્મોની જાતમાં બે ભાગ પડ્યા. ભાઈ ! જ્ઞાન-દર્શનની એક જાત અને એક (બીજા અનંત ધર્મોની) બીજી જાત—એમ જાતમાં ભેદ પડ્યા, (પણ) દ્રવ્યમાં ભેદ નથી.... દ્રવ્ય તો એક છે. સમજાણું કાંઈ ?

ઓહોહો ! જુઓ, આવો આત્મા સર્વજ્ઞ સિવાય.... જૈન પરમેશ્વર સિવાય ક્યાંય હોઈ શકે નહિ અને આ વ્યાખ્યા પણ દિગંબર સંતો સિવાય ક્યાંય આવી ન હોય. સમજાણું કાંઈ ? કેટલું થોડામાં.... 'ગાગરમાં સાગર' ભરી દીધો છે, 'ગાગરમાં સાગર' ભરી દીધો છે. કહો, સમજાણું ? જુઓ ! આ ૯૦૦ વર્ષ પહેલાંના અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ, ચાલતાં સિદ્ધ. આહાહા !

આજ તો સવારે એ આવ્યું હતુંને ભાઈ ! આપણે આ 'वंदित्तु.. सिद्धे'.... આવ્યું'તું ને ? 'હું સિદ્ધને વંદું છું'.

રામચંદ્રજીની (વાત) આવે છેને ? રામચંદ્રજી નાના હતાને બે વર્ષના બાળક, પછી (–ત્યારે) ચંદ્ર પૂનમનો ઊગેલો. (રામચંદ્રજી) આમ (ચંદ્ર સામું) જોવે ને રોવે.... રોવે.... આમ (ચંદ્ર સામું) જોવે ને રોવે. દશરથને ખબર પડી....

(દશરથ) : 'રામ ક્યોં રોતે હૈં ? અરે દિવાન !'

દિવાનજી : 'અન્નદાતા !'

(દશરથ) : 'કેમ રોવે છે આ ?'

(દિવાનજી) : 'અન્નદાતા ! હું રાજ કરું કે છોકરાને રમાડું ? (મને શું ખબર) કેમ રોવે છે ? (શું હું) છોકરાને રમાડું ?'

(દશરથ) : 'કોણ છે ? રામ કોણ પુરુષ છે આ ? પુરુષોત્તમ પુરુષ, આ ભવમાં મોક્ષગામી જીવ છે આ. આ રોવે છે કેમ અગાસીમાં ?'

(રામચંદ્રજી) ચંદ્ર સામે જોવે ને (રોવે). દીવાનને (થયું) નક્કી આને ચંદ્ર જોવે છે ગૂંજામાં (–ખીસામાં). (ચંદ્ર) ઉપર છે તેને હેઠે ઉતારવો છે. એટલે (દીવાનજીએ રામચંદ્રજીને) એક અરીસો આપ્યો, અરીસો. 'અરીસો' સમજે ? શીશા. શીશો નાખ્યો ગૂંજામાં (–Pocketમાં), (તો) ચંદ્ર આવ્યો ગૂંજામાં.

(દિવાનજી) : 'લ્યો, રામ ! દેખો ચંદ્ર. હા, લે !'.... <u>એમ....</u>

<u>અનંતા સિદ્ધને નાખ્યા જ્ઞાનની પર્યાયમાં—એમ કહે છે</u>. (તાળીઓ).

રામના અરીસા (સમાન) ભગવાન (આત્મા) જ્ઞાનરૂપી અરીસો છે અહીંયા (અને) એની પર્યાયમાં અનંતા સિદ્ધને પહેલાં ઉતાર્યાં. 'સ્થાપ્યા છે'(—એમ) આવ્યુંને ? 'સ્થાપ્યા.'

(પ્રશ્ન :) (સિદ્ધ, સિદ્ધશિલા) ઉપર છેને ?

(સમાધાન :) (મારી જ્ઞાનપર્યાયમાં તેમને) સ્થાપું છુંને ! (તેથી) મારી પાસે છે, દૂર નથી. મારા જ્ઞાનના દર્પણમાં મેં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે. .... ના, (સિદ્ધ) છે જ અહીંયા, (કેમ કે) મારી પર્યાયમાં સ્થાપું છુંને ! અને શ્રોતાનેય કહ્યું.... શ્રોતાને કહ્યું કે (તારી જ્ઞાનપર્યાયમાં પણ અનંત સિદ્ધોને સ્થાપું છું).

બહુ.... આ ફેરે (–વખતે) વ્યાખ્યાન (નં. ૬માં) ઘણું ચાલ્યું હતું. શ્રોતાને કહ્યું કે હું તને (–તારામાં અનંત સિદ્ધોને) સ્થાપું છું. 'ના' પાડીશ (એ) પ્રશ્ન (જ) નહિ (–નથી) અને આ રીતે 'હા' પાડીને હાલ્યો આવ. હવે તને 'સમયસાર' કહીશ એમાં તને નિર્જરા થશે ને સિદ્ધ થઈ જઈશ—એમ કહે છે.

ઉતાર્યા સિદ્ધને તારા જ્ઞાનની પર્યાયમાં. હવે તારી પર્યાય ઓછી (–અપૂર્ણ) રહી શકે નહિ.... રાગવાળી ન રહી શકે, (કેમ કે) ત્યાં ક્યાં સિદ્ધને રાગ હતો ? સમજાણું કાંઈ ? અને શ્રોતા.... એને શ્રોતા (તરીકે) સિદ્ધ કર્યા (–સ્વીકાર્યા) છે આહીં—કે જેને (–જેનામાં) સિદ્ધપણું સ્થાપીએ છીએ અને (જે) સિદ્ધ થવાના છે.—એ અમારા સાંભળનારા શ્રોતા છે એમ કહે છે. આહાહા ! જુઓને !

શ્રોતા : પોતે (આચાર્યે) તો (સિદ્ધને પોતાની પર્યાયમાં) ઉતાર્યા છે, શ્રોતાએ (પણ) ઉતારી દીધા ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એણે (સિદ્ધને ઉતાર્યા). એ (–સિદ્ધ) તે કોણ છે ? નિમિત્ત છે કે નહિ ? ત્યારે ઉપાદાન તો એનું (–શ્રોતાનું છે).... તારું (ઉપાદાન) નથી ? પાંચમી ગાથામાં કહેશે. સમજાણું ? 'जदि दाएज्ज पमाणं'.... કહું તો પ્રમાણ કરજે.... પ્રમાણ જ કરજે. આ (સમયસાર) નિમિત્ત અને ત્યાં (પોતાનો આત્મા) ઉપાદાન—બેમાં સંધિ કરજે. સમજાણું ? આ તો અલૌકિક.... કુંદકુંદાચાર્ય એટલે પંચમ આરાના પરમેશ્વર. આહાહા ! એમણે જે શાસ્ત્ર કહ્યાં (–રચ્યાં).... શબ્દો કહ્યાં (તે) ભરતક્ષેત્રમાંય ક્યાંય બીજે છે નહિ. ઓહોહો ! એવી વાત છે. ઓહોહો ! સમજાણું ?

અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે... (કારણ કે અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).... ભાષા જુઓ ! ધર્મો છે અનેક, પણ એની એકતા તે દ્રવ્ય છે. (જો કે) એનો (–આત્માનો) જ્ઞાન-દર્શનનો ઉપયોગ પહેલો (બીજા બોલમાં) ખાસ લીધો.... 'ચૈતન્યસ્વરૂપપણાથી નિત્ય' —એમ ખાસ લીધું, છતાં બધા ધર્મની એકતા તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

ઓહોહો અમૃતચંદ્રાચાર્ય ! કેટલો (ક્ષયોપશમ).... સંસ્કૃત-વ્યાકરણનો (ક્ષયોપશમ તો) ઠીક, અંતરની વાતું.... ટીકા.... જગતના ભાગ્ય કે આવી ટીકા થઈ ગઈ.... જુઓને ! નહીં તો ટીકા.... પરમાણુની ભાષા (–રચના) થવાની

હતી એ (પરમાણુના કારણે થઈ) છે. આ તો નિમિત્ત આવા (-અમૃતચંદ્રાચાર્યદેવ જેવા) મળ્યા—એમ કહેવું છે.

જુઓને ! તેથી કહ્યુંને.... (મેં) संसूचित (-સારી રીતે કહ્યું છે—એમ) નહીં, શબ્દોએ संसूचित કર્યું છે. ત્યાં એમ કહ્યુંને છેલ્લે ? (સમયસાર કળશ - ૨૭૮). શબ્દમાં એ (રચનાની) શક્તિ છે, મેં કહ્યું (-રચના કરી) નથી. તે કાળે શબ્દની રચનાનો કાળ હતો, (તો) ત્યાં પ્રવાહમાં એ (શબ્દ) આવ્યો હતો. આહાહા ! અમે તો નિમિત્તમાત્ર છીએ. તે કાળે સમયસારની શબ્દમાં રચના થવાનો કાળ (હતો ત્યારે) એનું નિમિત્ત આ (શ્રી અમૃતચંદ્રાચાર્ય હતાં). સમજાણું કાંઈ ? કેટલું અસ્તિપણું સિદ્ધ કરે છે !

(....અનંત ધર્મોની એકતા તે દ્રવ્યપણું છે).... કોઈ ધર્મ (ક્ષેત્રથી) જુદો પડે ને દ્રવ્ય રહે—એમ છે (નહિ). કહો, આ વ્યાખ્યા વીતરાગ સિવાય ક્યાં હોય ? શોભાલાલજી ! પણ અભ્યાસ જ કર્યો નથી, દરકાર (-રુચિ) વિના એણે (બધું કર્યું છે). અમરચંદભાઈ ! આ (-શોભાલાલભાઈ) તો કાંઈક વળી ત્યાં વાંચે છે, (પણ) આ (ભગવાનદાસભાઈ) કોની સાથે વાંચતા હશે ત્યાં ?

શ્રોતા :..... અભ્યાસ કહાં કરે.... ?

પૂજ્ય ગુરુદેવશ્રી : બાત તો સચ્ચી હૈ. આ તો સર્વજ્ઞ પરમેશ્વરે કહેલું.... પ્રગટ-પ્રત્યક્ષ થયેલું.... એવી વાતુ છે. સમજાણું કાંઈ ? હું તો (ભગવાનદાસ)ભાઈને (સ્વાધ્યાય કરવાનું) કહું છું. તમે તો વળી ત્યાં થોડો સ્વાધ્યાય કરો છો કાનપુરમાં, (પણ) આ કરે છે કે નહિ એકલા ?—એમ મારું કહેવું છે. એકલા પડ્યા સાગરમાં. સાગર.... સાગર. રીલ (-**Record** કરેલા પ્રવચન) સાંભળે લ્યો ! <u>પણ વાંચન કરવું જોઈએ થોડું, એ વિના પોતાને સમજાય નહીં.</u> (વાંચન કરવાથી) ક્યાં (-શું) સમજાણું.... આ શું થયું.... આ શું છે (—એમ) તર્ક ઊઠે. સમજાણું ?

ભાઈ ! અમારે હીરાજી મહારાજ હતાં. ગુરુ હતાંને સંપ્રદાયના. પછી બે વર્ષની દીક્ષાએ (-દીક્ષા થયેલી અને) જ્યાં-જ્યાં જઈએ ત્યાં....

લોકો કહે : 'કાનજી મુનિ વ્યાખ્યાન વાંચે, કાનજી મુનિ વ્યાખ્યાન વાંચે.'

(હીરાજી) મહારાજે એકવાર કહ્યું : 'ભાઈ ! તું વાંચ, આ લોકોનો બહુ આગ્રહ છે વાંચ.....'

(ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ હીરાજી મહારાજને કહ્યું :) 'મહારાજ ! હું વ્યાખ્યાન વાંચવા નીકળ્યો નથી. મહારાજ ! હું વાંચવા નથી નીકળ્યો હોં ! હું તો મારું કરવા નીકળ્યો છું. મને કહેશો નહીં હોં ફરીને....' (—એમ) કીધું મેં.

પછી એકવાર (તેઓ) કહે.... (અમારા ગુરુ) બહુ મીઠાં હતાં, કષાય મંદ બહુ. સંપ્રદાયમાં તો 'હીરા એટલા હીર, બાકી સુતરના ફાળકા'—એવું કહેવાતું ભાઈ ! એવા હીરાજી મહારાજ હતાં.

પછી (એક વાર) કહે : 'કાનજી ! તને એમ થાય છે કે હું એકલા બેઠાં-બેઠાં વાંચીશ. પણ ભાઈ ! (વ્યાખ્યાન) વાંચતા વાંચતા પોતાને તર્ક ઊઠશે કે, કેમ (-કેવું) લાગે છે, (કોઈ પ્રશ્ન કરે તો) કેવો સામે જવાબ (આપવો).... —એમાં તારું જ્ઞાન ખીલશે'.—એમ કહેતાં. બહુ શાંત માણસ. પ્રેમ બહુ હતો મારા ઉપર એમને.

દીક્ષા (લીધા પહેલાં) : 'હું તને મારી સેવા માટે દીક્ષા નથી આપતો હોં'. —એમ કીધું'તું. '<u>જૈનશાસનના આધાર માટે તને દીક્ષા આપું છું</u>' એમ બોલ્યા (હતાં). (તાળીઓ). ભલે એમને (બીજી) ખબર નહીં, (પણ) એમ બોલ્યા (હતાં). એ લીંબડીનો જૂનો અપાસરો છે.... લીંબડીનો જૂનો. પોપટભાઈ ડોક્ટરની સામે, સુંદર વોરાનો (ઉપાશ્રય છે) મેડી ઉપર.... નહિ ? (સંવત) ૬૯ના વૈશાખની વાત છે. ત્યાં (આ રીતે) કહ્યું'તું એમણે.

(મેં દીક્ષા પહેલાં કહેલું) : 'આ દીક્ષા બરાબર નથી.... આ સાધુપણું,' (કેમ કે સાધુ) અપાસરા વાપરે, એના માટે ઓરડી (-ROOM) કરી અને વાપરે એ (સાચા) સાધુ નહીં—એવું શાસ્ત્રમાં આવતું.

ત્યારે એમણે કહ્યું હોં.... એમ કહ્યું : 'ભાઈ ! જુઓ, એ દોષ ન કહેવાય હોં બહુ, કારણ કે....' (પછી એમણે) મકાનનો દાખલો આપ્યો હતો ૬૯માં કે 'ખુશાલભાઈએ મકાન કરાવ્યું હોય ને તું રહે, તો એમાં તને અનુમોદન (દોષ) આવે ? કરવું, કરાવવું ન આવે.'

(મેં વિચાર્યું) : શાસ્ત્ર તો એવું કહે છે કે (સાધુ પોતાના માટે બનાવેલ મકાન) વાપરે તો અનુમોદન આવે. ૬૯ના વૈશાખની (વાત છે). (વળી મેં વિચાર્યું: "હીરાજી) મહારાજ 'ના' પાડે છે (એટલે) તેમની સામે (–સાથે ઉપાશ્રય વિષેની) ચર્ચા ન કરવી".... તે (વખતે એમણે) કીધું હતું આ હો કે ('જૈનશાસનના આધાર માટે તને દીક્ષા આપું છું')—એમ બોલ્યા'તાં હોં બિચારા. બહુ (રુડો) જીવ, (પણ) એને (તત્ત્વ) મળ્યું નહીં બિચારાને ! રુડો જીવ બહુ....... સમજાણું કાંઈ ? આહાહા !

લ્યો ! વખત થઈ ગયો તમારો. એક દ્રવ્યપણું છે.... સમજાણું ? એની —ત્રીજા (બોલ)ની વ્યાખ્યા પછી કહેશે. વસ્તુને ધર્મોથી રહિત માનનાર બૌદ્ધમતીનો નિષેધ થયો....

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૯**
**ગાથા - ૨**
**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૯, સોમવાર, તા. ૧૬-૯-'૬૮**
**(આ પ્રવચન બેટરીવાળું છે)**

....કેવળજ્ઞાનમાં. તેનો (–આત્માનો) પહેલો નિર્ણય કરી, પછી સ્વસમયનું પરિણમન કરે (તે ધર્મ છે). જે (આત્મ)વસ્તુ છે (તેને) આ રીતે જાણીને સ્વભાવ સન્મુખનું પરિણમન કરે તેનું નામ મુક્તિનો સત્ય માર્ગ છે. આવો આત્મા છે એ જાણ્યા વિના વાસ્તવિક (મુક્તિનો માર્ગ મળે નહિ).... બીજી).... બીજી રીતે કલ્પીને...... આત્મામાં લક્ષ કરવા માગે તો થાય નહીં.

(અહીં) કહે છે જીવ (કેવો છે)....

પહેલા (બોલમાં) તો ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સિદ્ધ કર્યા. આત્મા પોતે ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યસ્વરૂપ છે. ભગવાને પણ જ્ઞાનમાં એક સમયમાં દ્રવ્યના ત્રણ અંશ (–ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય) જાણ્યા (અને) ત્યારે એમને સર્વજ્ઞપદ છે એમ સિદ્ધ કર્યું (–થયું). પહેલેથી (–પહેલા બોલમાં) આમ સિદ્ધ કર્યું છે.

જગતના દ્રવ્યોનો એક સમયમાં ત્રણ પ્રકારનો (ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય) ભાવ છે એ આપે એક સમયમાં જાણ્યું.—એ, આપ સર્વજ્ઞ છો તેની સિદ્ધિ છે. (શ્રી સમન્તભદ્રાચાર્યકૃત 'સ્વયંભૂ-સ્તોત્ર', શ્રી મુનિસુવ્રત જિન-સ્તુતિ પદ ૧૧૪). સમજાણું કાંઈ ? સર્વજ્ઞ સિવાય આ ત્રણ (અંશ) એક સમયમાં હોય —એમ (કોઈ) જાણી શકે નહીં. જુઓ ! પહેલો બોલ સિદ્ધ કર્યો.

બીજા બોલ(માં) એમ સિદ્ધ કર્યું કે ચૈતન્યસ્વરૂપ નિત્ય–ઉદ્યોતરૂપ નિર્મળ સ્પષ્ટ દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે.... સ્વરૂપ ચૈતન્ય છે..... વિકાર તે સ્વરૂપ છે (નહિ), પણ સ્વરૂપ તેનું ચૈતન્ય છે. તેથી તેને દર્શન-જ્ઞાનની જ પર્યાય પરિણમે એ જીવનું સ્વરૂપ.... સ્વભાવ છે. ચૈતન્ય(સ્વભાવ) છે (અને) તેથી દર્શન-જ્ઞાનરૂપ એનું પરિણમન છે—એવો એ જીવ છે.

ત્રીજા (બોલ)માં એમ કહ્યું, જે દર્શન-જ્ઞાનરૂપ ધર્મ છે એ સિવાય અનંતા ધર્મો છે. એ બધા ધર્મોનો આધાર દ્રવ્ય એક છે. સમજાણું કાંઈ ? છેને ? અનંત ધર્મોમાં રહેલું જે એક ધર્મીપણું તેને લીધે જેને દ્રવ્યપણું પ્રગટ છે....

દ્રવ્યપણું પ્રગટ છે.... અનંત ધર્મો.... જ્ઞાન, દર્શન, વીર્ય, અસ્તિત્વ આદિ છે તેનું એકપણું એ વસ્તુનું દ્રવ્યપણું છે.... સમજાણું કાંઈ ? વસ્તુનું સ્વરૂપ છે.

કેવો છે એ આત્મા ?.... ટીકામાં 'જીવ' (શબ્દ) વાપર્યો છે, (કેમ કે) છેને મૂળ પાઠમાં ? (-કે 'जीवो'). એનો અર્થ એ છે કે એ ('जीवो' એટલે) 'આત્મા'—એમ (કહેવું છે).

ચોથો બોલ : કેવો છે ? ક્રમરૂપ અને અક્રમરૂપ.... ભગવાન આત્મા.... ક્રમરૂપ (અને અક્રમરૂપ) પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ છે.... ક્રમરૂપ પ્રવર્તતા (અર્થાત્) પર્યાયો (અને અક્રમરૂપ પ્રવર્તતા અર્થાત્ ગુણો એવા) અનેક ભાવો.... ક્રમરૂપ (અને અક્રમરૂપ) અનેક (ભાવો) છે એવો જેનો સ્વભાવ હોવાથી જેણે (ગુણ)પર્યાયો અંગીકાર કર્યા છે.... એણે ક્રમભાવી પર્યાયને (અને અક્રમભાવી ગુણને) અંગીકાર (કર્યા છે).... એનામાં ક્રમભાવી પર્યાય છે (અને અક્રમભાવી ગુણ છે). સમજાણું કાંઈ ?

ક્રમરૂપ અને અક્રમરૂપ.... (ક્રમરૂપ પર્યાય અને) અક્રમરૂપ ગુણ (છે). એવા પ્રવર્તતા અનેક ભાવો જેનો સ્વભાવ હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.... સમજાણું ?.... सङ्गित = જગતના સંગ.... 'उत्सङ्गित'.... 'उत्सङ्गित'.... હા, ઠીક.... 'उत्सङ्गित' = ઊંચું સંગ.. ખોળામાં લીધા છે..... ખોળામાં. 'उत्सङ्गित'.... હવે તો આ અમે ઉત્સંગે બેઠા (છીએ) ને સિદ્ધને બોલાવીએ છીએ.... ભગવાન સિદ્ધ (નિજ અંતરમાં) બેઠા છે.... ખોળામાં લીધા છે.

એ આત્મા વસ્તુ છે—કે જેણે ક્રમે પ્રવર્તતા પર્યાયો પોતામાં લીધા છે.... 'उत्सङ्गित'.... સમજાણું કાંઈ ? અને અક્રમરૂપ એવા ગુણો—કે જે અનાદિ -અનંત (છે) એવા ગુણોથી (ભરેલો છે).

(ગુણ) અને પર્યાય(રૂપ) અનેક ભાવો જેનો સ્વભાવ છે.... એ તો એનું સ્વરૂપ છે. ....હોવાથી જેણે ગુણપર્યાયો અંગીકાર કર્યા છે.... (એટલે કે) ખોળામાં લીધા.... પોતામાં લીધા.... પોતામાં (ગુણપર્યાયો) છે. સમજાણું કાંઈ ? 'પોતામાં' એટલે અપનેમેં. કેટલા વરસથી વાત અહીં સાંભળે છે તો

(પણ) 'પોતામાં' શબ્દ(નો અર્થ) આવડે નહીં ? ('પોતામાં' એટલે) અપનેમેં—ખુદમેં. સમજાય છે કાંઈ ?

**(પર્યાય ક્રમવર્તી હોય છે....)** જુઓ, આહીં 'ક્રમવર્તી' (શબ્દ) નાખ્યો પહેલેથી (–શરૂઆતથી), (કેમ કે) જીવનો સ્વભાવ જ એ છે. એ ત્યાં (ગાથા ૩૦૮ થી ૩૧૧માં) 'ક્રમબદ્ધ' કહો (કે અહીં) 'ક્રમવર્તી' કહો (—એક જ છે),

પણ એ ક્રમવર્તીનું (–પર્યાયનું) લક્ષ કરવું છે ?

(ના).

'જીવદ્રવ્ય કેવો'—એમ કીધું છેને ? સમજાણું કાંઈ ? જીવદ્રવ્ય કેવો છે ?

(સમાધાન :) ક્રમવર્તી(પણે) અને અક્રમવર્તી(પણે) પ્રવર્તવું જેનો (–જીવનો) સ્વભાવ છે. (તેથી) એણે પોતાના ગુણપર્યાય અંગીકાર કર્યા છે. એવો જે આત્મા છે એનું (ભાન ક્યારે થાય ? કે જ્યારે ત્રિકાળી) દ્રવ્યનું લક્ષ કરે ત્યારે એ ગુણ-પર્યાય (સહિત આત્મા)નું યથાર્થ ભાન થાય. સમજાણું કાંઈ ? પછી....

અહીં તો હજુ એને (–જીવને) પદાર્થ (–'સમય' તરીકે) સિદ્ધ કરવો છે.... આવો જીવ નામનો પદાર્થ, 'સમય' છે—એટલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? (તેથી કહે છે કે) ભગવાન આત્માએ પોતામાં ક્રમે પ્રવર્તતી પર્યાયોને ખોળે લીધી છે એટલે કે અંગીકાર કરી છે અને અક્રમે પ્રવર્તતા ગુણો (અર્થાત્) જેને સહવર્તી.... સાથે રહેલા.... 'અક્રમ' (ગુણો) કહીએ એ બધાને પોતે અંગીકાર કર્યા છે, એટલે કે એનામાં છે. એવો એ 'જીવ' નામનો પદાર્થ છે. જુઓ, આહીં (જીવને) અસ્તિથી સિદ્ધ કરે છે.

હવે (રજનીશ) કહે, 'જીવ છે કે નહિ ? કેવો છે ?—એનું કાંઈ નહિ. આપણે ધ્યાન કરો, વિકલ્પ છોડો'. કહે છે કે એમ.... અજ્ઞાન થઈને જડ જેવો થઈ (જઈશ). સમજાણું કાંઈ ? અસ્તિરૂપ આવો આત્મા છે.... એવો 'સમય' નામનો પદાર્થ છે (એને) આ સાત બોલે કરીને (–કહીને) સિદ્ધ કરે છે. જુઓ ! એવા આત્માને જાણીને પછી અંદરમાં (–ત્રિકાળી આત્મામાં) એકાકાર થાય, (તો) વિકલ્પ તૂટે (અને) નિર્વિકલ્પ થાય. વસ્તુ આ રીતે છે. સમજાણું કાંઈ ?

(પર્યાય ક્રમવર્તી હોય છે અને ગુણ સહવર્તી હોય છે; સહવર્તીને અક્રમવર્તી પણ કહે છે.) શાસ્ત્રમાં (શક્તિ ૧૮માં 'અક્રમવર્તી') શબ્દ પડ્યો છેને ?....

આ વિશેષણથી, પુરુષને નિર્ગુણ માનનાર.... આત્મામાં ગુણ જ નથી (—એમ માનનારનો નિષેધ થયો). આત્મામાં કાંઈ પ્રકૃતિ(ના સત્વ) આદિ ગુણો નથી, પણ આ (જ્ઞાન, દર્શન આદિ) ગુણો (તો) એનું સ્વરૂપ છે. સત્વ, રજ, તમો આદિ એનામાં (-આત્મામાં નથી, પણ) આ (જ્ઞાનાદિ) ગુણ તો છે.... સાંખ્યમતીઓનો નિરાસ થયો....

લ્યો ! ચાર બોલ થયા.

આ છે તો એક સાથે બધું (-બધા બોલ) હોં; પણ સમજાવવામાં ક્રમ પડેને ? એક સમયમાં જ આવો આત્મા છે :

(૧) ઉત્પાદ-વ્યય-ધ્રુવ(સ્વરૂપ),
(૨) ચૈતન્યસ્વરૂપ દર્શનજ્ઞાનજ્યોતિ,
(૩) અનંત ધર્મોનો ધરનાર દ્રવ્ય,
(૪) ક્રમરૂપ અને અક્રમરૂપ પર્યાય ને ગુણને અંગીકાર કરનારું તત્ત્વ —દ્રવ્ય.

કહો, સમજાણું કાંઈ ? આ રીતથી (જુદી) બીજી રીતે જીવને કોઈ કહેતા હોય તો એવો જીવ છે નહિ.

(પ્રશ્ન :) અનેકાંત (છેને) ?....

(સમાધાન :) આ રીતે (ચૈતન્યમય જીવ) છે ને બીજી રીતે (જડમય) નથી.... આ રીતે છે ને બીજી રીતે નથી—એનું નામ અનેકાંત છે. આ રીતે (ચૈતન્યમય પણ જીવ) છે ને વળી બીજી રીતે (જડમય પણ જીવ) છે—એમ વસ્તુનું સ્વરૂપ છે નહીં.

પાંચમો બોલ : વળી કેવો છે ? પોતાના અને પરદ્રવ્યોના આકારોને એટલે વિશેષ પ્રકારને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી.... દેખો ! કેવો છે ભગવાન

આત્મા ? પોતાના અને પરદ્રવ્યોના—પરના આકારો એટલે કે વિશેષો.... એને પ્રકાશવાનું સામર્થ્ય છે, (પણ) કોઈ (પર)નું કરવાનું સામર્થ્ય નથી. પોતાના ને પરના આકારો એટલે કે વિશેષો.... પ્રકાર છે એને આત્મામાં પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે.... જેણે સમસ્ત રૂપને.... સમસ્ત રૂપને પ્રકાશનારું....

દેખો ! (પ્રથમ તથા બીજી આવૃત્તિમાં) 'ઝળકાવનારું' (શબ્દ) છેને ? એનું (-એ શબ્દ બદલીને) 'પ્રકાશનારું' કરવાનું છે. છે ? સુધાર્યું છે ? એ 'ઝળકાવનારું'નો અર્થ 'પ્રકાશનારું' કર્યું છે. 'ઝળકાવનારું'નો અર્થ (અર્થાત્) અંદર (જ્ઞાનમાં તેનાથી) કંઈ ઝલક.... ઝલક પડતી નથી. સમજાણું કાંઈ ?

પોતાના અને પરદ્રવ્યોના (આકારો).... જેટલા વિશેષ પ્રકારો.... પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય છે (અને) અનંતા બીજા (દ્રવ્ય)ના દ્રવ્ય-ગુણ-પર્યાય (છે—તે) બધાને પ્રકાશવામાં.... છેને ? પ્રકાશવાનું સામર્થ્ય છે.... જેણે સમસ્ત રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે.... પાછું એમ (કહે છે કે) બધાને પ્રકાશનારું (જ્ઞાન છે), પણ એકરૂપ છે.... બધાને પ્રકાશે છે, (છતાં જ્ઞાન) એકરૂપ છે. સમજાણું કાંઈ ?

(જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે....) ત્યાં (-'ઝળકે છે'ની જગ્યાએ 'પ્રતિભાસે છે')—એમ લેવું, (પ્રથમ તથા બીજી આવૃત્તિ પ્રમાણે) 'ઝળકે છે' એને (-એ શબ્દોને) કાઢી નાખવા. (જેમાં અનેક વસ્તુઓના આકાર પ્રતિભાસે છે....) 'ઝળકે છે' એનો અર્થ 'પ્રતિભાસે છે'—એમ લેવું. (....એવા એક જ્ઞાનના આકારરૂપ તે છે).... અનેક આકાર ઝળક્યા (-પ્રતિભાસ્યા) છતાં એક જ્ઞાનના આકારરૂપ છે, જ્ઞેયના આકારરૂપે.... પરના આકાર(રૂપે) થઈ ગયો (નથી). પોતાનો એક જ.... જ્ઞાનનો આકાર છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા(માં) પોતાના ને પરદ્રવ્યોના સ્વરૂપને પ્રકાશનારું એવું (સામર્થ્ય) હોવા છતાં તે જ્ઞાન એક આકારરૂપે છે. અનંત જ્ઞેયોને જાણે છતાં (જ્ઞાનમાં) અનેક જ્ઞેયોનો આકાર (-સ્વરૂપ) નથી, આકાર તો.... જ્ઞેયાકાર (જ્ઞાન) એકરૂપ જ છે. પરને આકારે અનેકાકાર (જ્ઞાન) છે એ નિમિત્તની

(-જ્ઞેયની) અપેક્ષાથી છે. સમજાય છે કાંઈ ? છે (જ્ઞાન) અનેકાકાર, છતાં પણ જ્ઞાનાકાર છે. જ્ઞાનાકાર ને જ્ઞેયાકાર—એવા બે ભેદ નથી. અનંતા જ્ઞેયનું જ્ઞાન છે, પણ છે બધું જ્ઞાનાકાર. 'અનેકપણું' પણ છે જ્ઞાનાકાર—એમ કહેવું છે. સમજાણું કાંઈ ?

આ વિશેષણથી, જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો.... નિષેધ કર્યો. એકલો જ્ઞાનનો જ આકાર છે અને જ્ઞેય સંબંધીનો જ્ઞાનનો આકાર એમાં નથી—એમ માનનારનો નિષેધ કર્યો. સમજાણું કાંઈ ? ઝીણું છે. શું કીધું ? જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું.... (—એમ નથી). પરને જાણવા છતાં જ્ઞાનાકારે જ્ઞાન પરિણમે છે. (અજ્ઞાની) કહે છે, '(જ્ઞાન) પરને જાણતાં (પરને) નથી જાણતું, એ તો પોતાને જ એકલાને જાણે છે'.... (પણ) એમ નથી.

જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ માનનારનો, તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે.... અનેકાકારે છે એમ અનેકાકાર જ માનનારનો, વ્યવચ્છેદ થયો. સમજાણું કાંઈ આમાં ? જ્ઞાનાકારપણે એક અને 'અનંત જ્ઞેયાકારપણે (-અનંત જ્ઞેયને જાણતાં આત્મા પર જ્ઞેયાકારપણે) અનેક'—એમ છે નહીં, એમ કહે છે. અનેક જ્ઞેયાકારપણે અનેક—એમ નહીં, જ્ઞેયાકાર સંબંધીના 'જ્ઞાનપણે અનેક' છે. સમજાણું કાંઈ ? ભારે ઝીણું.

જીવ આવો છે. આવા જીવને જાણ્યા વિના વાસ્તવિક જીવનું સ્વરૂપ એને દ્રષ્ટિમાં આવે (નહીં).... આવા જીવને (જાણ્યા વિના) એની દ્રષ્ટિ અંતરમાં જાય નહીં. સમજાણું કાંઈ ?

(૧) (જ્ઞાન) પરને જાણે (નહીં—એમ એકાંતે) એકાકાર (જ્ઞાનને) માનનારનો તથા

(૨) (જ્ઞાન) પોતાને જાણતું નથી (—એમ એકાંતે અનેકાકાર જ્ઞાનને માનનારનો) (નિષેધ કર્યો. જ્ઞાન) છે તો એકાકાર, પણ સ્વ-પરના—બધાના જ્ઞાનરૂપે એકાકાર છે—એમ (કહેવું છે).

(૧) એકલો જ્ઞાનાકાર (-પોતાને જ જાણે) છે—એમ છે નહીં, તેમ
(૨) એકલા પરના જ્ઞેયાકારરૂપે થઈ ગયો છે (-પરને જ જાણે છે)—એમ (પણ છે) નહીં.

સમજાણું કાંઈ ? એમાં શું ફેર પડ્યો—એ આવડે ...ભાઈ ? આવડે, આમાં જુઓ તો......

અનેકપણું.... (જ્ઞેયથી) જ્ઞેયાકારનું અનેકપણું આહીં (આત્મામાં) નથી—એમ કહે છે. અનેક જ્ઞેયોને જાણવાનું સામર્થ્ય પોતાનું છે તેથી (પોતે આત્મા) અનેકપણે પરિણમ્યો છે. (તે કારણે જ્ઞેયાકાર હોવા) છતાં છે જ્ઞાનનો આકાર. ભોગીભાઈ ! આ તો મગજને કેળવવું પડે એવું છે.

જુઓને ! પોતાના અને પરદ્રવ્યોના આકારો.... 'આકાર' શબ્દે વિશેષો —પ્રકારો બધા.... તેને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી.... પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને.... બધા રૂપને પ્રકાશનારું.... સ્વ-પરના બધા રૂપને પ્રકાશનારું.... બધા રૂપને પ્રકાશનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે....—એમ (કહે છે). સમજાય છે કાંઈ ?

અરીસો જાણે સ્વ ને પરના આકારપણે પરિણમ્યો હોય (એમ લાગે), પણ છતાં.... એ અરીસો અનેકપણે પરિણમતા છતાં એ અરીસાની જ પર્યાય પોતે (-પોતાની) છે. (જ્ઞાનમાં દેખાતું) 'અનેકપણું'—એ કાંઈ જ્ઞેયનું ત્યાં (-જ્ઞાનમાં) આવ્યું નથી. જ્ઞેય સંબંધીનું.... પોતાને ને પરને પ્રકાશવાનું સામર્થ્ય છે તે અનેકાકારપણે પરિણમ્યું છે, (છતાં) પણ છે એ જ્ઞાનનો આકાર. સમજાણું કાંઈ ? કહો, સમજાય છે કે નહીં આમાં ?

શ્રોતા : ....
પૂજ્ય ગુરુદેવશ્રી : એ આમાં એમ (-એ રીતે) આવે એવું નથી.

આહીં તો કહે છે કે પોતાના ને પરદ્રવ્યોના જેટલા સ્વભાવો છે એ બધાને પ્રકાશવાનું સામર્થ્ય પોતામાં પોતાથી છે. પોતામાં પોતાથી બધાને.... સ્વ-પરને જાણવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને.... (અર્થાત્) સ્વ-પરના બધા ભાવને જાણવાનું સામર્થ્ય (હોવાથી જેણે સમસ્ત રૂપને) પ્રકાશનારું એકરૂપપણું

પ્રાપ્ત કર્યું છે.... એમ (કહેવું છે) કે, (જ્ઞાન) પરને અને સ્વને જાણે, છતાં પરના જ્ઞેયાકાર—કે જે પરજ્ઞેય છે એ અહીં (જ્ઞાનમાં) આવ્યા નથી.... અનેક જે જ્ઞેયો છે એ અહીં (જ્ઞાનમાં) આવ્યા નથી, (પણ) એને પ્રકાશનારું પોતાનું જ્ઞાન એ અહીં પોતામાં થયું છે. સમજાણું કાંઈ ?

પોતાને પ્રકાશનારું જ્ઞાન અને પરને પ્રકાશનારું જ્ઞાન છે, એ પોતાના ને પરના જ્ઞાનનું રૂપ પ્રકાશ્યું—ઝળક્યું છે ત્યાં (જ્ઞાનપર્યાયમાં). એટલે કે (એક) જ્ઞાનાકારરૂપ હોવા છતાં જ્ઞાન, અનેક—અનંત જ્ઞેયોના જે સ્વભાવ છે એ પ્રકારના જ્ઞાનરૂપે પરિણમ્યું છે (અર્થાત્) અનેકાકાર પણ પોતે પરિણમ્યું છે. જ્ઞાન જ પોતે એકરૂપ રહીને અનેકાકારે પરિણમ્યું છે, જ્ઞાન કાંઈ જ્ઞેયરૂપે થઈને અનેકાકારે પરિણમ્યું છે એમ (નથી). (જ્ઞાન) એકાકાર (હોવા) છતાં એ (પરજ્ઞેય) સંબંધીના અનેકપણાના (જ્ઞાન)રૂપે પરિણમ્યું છે, પણ એ સંબંધીના કર્મ-કાર્ય(રૂપે અર્થાત્) એ સંબંધી જ્ઞેયાકાર.... (પર જ્ઞેયરૂપે) થઈ ગયું છે જ્ઞાન—એમ નથી. સમજાણું કાંઈ ?

જ્ઞેયાકારનું જે જ્ઞાન છે.... સ્વ-પરનું જે જ્ઞાન છે.... સ્વ-પરનું જે જ્ઞાન છે.... એ પોતાનું છે.

(૧) એ (જ્ઞાન) એકરૂપ (હોવા) છતાં અનેક(રૂપ) છે અને
(૨) અનેકરૂપ (હોવા) છતાં એક(રૂપ) છે.

(અર્થાત્)

(૧) સ્વ-પરને જાણવાનો અનેકપણે આકાર (હોવા) છતાં,
(૨) છે એ જ્ઞાનનો (એકરૂપ) આકાર અને
(૩) જ્ઞાનનો (એકરૂપ) આકાર હોવા છતાં
(૪) સ્વ-પરના (જાણવાપણારૂપ) અનેકપણાનું પરિણમન એમાં (-જ્ઞાનમાં) છે.

—એમ (કહે છે). સમજાણું કાંઈ ? આ (પ્રવચનનું) તો રેકોર્ડીંગ થાય છે આખું. ભગવાન આત્મા.... જુઓને ! કેટલું મૂક્યું સ્પષ્ટ ! સમસ્ત રૂપને....

પોતાના અને પરદ્રવ્યોના (આકારોને) = પ્રકારોને = ભેદોને = વિશેષોને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી.... પોતાને અને પરને પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી.... પ્રકાશવાનું સામર્થ્ય હોવાથી જેણે સમસ્ત રૂપને.... બધા રૂપને.... લોકાલોક અને પોતે—બધાને.... ઝળકાવનારું એટલે કે પ્રકાશ કરનારું એકરૂપપણું પ્રાપ્ત કર્યું છે.... આટલું (–બધાનું જ્ઞાન) હોવા છતાં છે તો (એક) જ્ઞાનાકારરૂપ.

જ્ઞાનનો એક(રૂપ) આકાર છે, એમાં (પર)જ્ઞેયનો આકાર (વળી) બીજો છે એમ નથી—એમ કહેવું છે. 'જ્ઞેયનો આકાર' એટલે કે (પર)જ્ઞેયનો આકાર આહીં (જ્ઞાનમાં) આવી ગયો છે—એમ છે નહીં. એ તો એને (–સ્વને ને પરને)— બન્નેને પ્રકાશવાનું સ્વરૂપ છે પોતાનું (અને) એ રૂપે જ્ઞાન પરિણમ્યું છે. સમજાણું કાંઈ ?

એ પાંચમો બોલ થયો. (થોડું ફરીને)....

'જ્ઞાન પોતાને જ જાણે છે.... પરને જાણતું નથી. નહીંતર, પરને જાણે તો વળી પરરૂપ થઈ જાય'....—એમ (અજ્ઞાની) કહે છે.

(સમાધાન :) (પણ) એમ નથી (—એમ અહીં) કહે છે. પરને જાણતાં કાંઈ (આત્મા) પરરૂપે થતો નથી, પરને જાણતાં પોતારૂપે રહીને પરને જાણે છે—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

(અજ્ઞાની માને છે કે) 'વળી પરને જાણે તો (જ્ઞાન) પરરૂપે થાય.'

(સમાધાન :) ના.... ના. સ્વ-પરને જાણવાનું પોતાનું સામર્થ્ય સ્વમાં છે. પરને અડ્યા વિના.... પરને સ્પર્શ્યા વિના.... પરનું (અવલંબન) લીધા વિના —પરનું (અવલંબન) લીધા વિના.... પરને અડ્યા વિના પોતાના સ્વ-પર(ને પ્રકાશવા)ના સ્વભાવના સામર્થ્યનું પ્રકાશવું (–પરિણમવું) એવું અનેકપણાનું રૂપ ધારણ કરી (આત્મા) જ્ઞાનમાં એકાકાર છે. જેઠાલાલભાઈ !

આવો જીવ નામનો પદાર્થ છે. શોભાલાલજી ! જીવ આવો છે. (કોઈ) 'જીવ.... જીવ....' કરે, પણ એમ નહીં. 'આવો જીવ છે'—એમ જાણવો જોઈએ. 'જીવ છે, લ્યો ! જીવ છે. (હવે) કરો જીવનું ધ્યાન.... કરો જીવમાં

ધર્મ.' (—આ રીતે અજ્ઞાની કહે છે. પણ) કેવો જીવ ? (જેને) શ્રદ્ધાના વાંધા .... એને એકે-એક (વાત)ના (વાંધા).

આહીં તો કહે છે, સ્વ-પરને પ્રકાશનારું સામર્થ્ય પોતાનું, પોતાને લઈને છે; પરને લઈને નહીં. (માટે) એ પરનું જ્ઞાન નહીં—એમ (કહે છે). એ પરનું (જ્ઞાન) નહીં.... લોકાલોકને પ્રકાશે એ જ્ઞાન પોતાનું છે, પરનું નહીં.... પરમાં નહીં.... પરને લઈને નહીં. પરસંબંધીનું પોતાનું જ્ઞાન અને પોતાના સંબંધીનું પોતાનું જ્ઞાન (—તે બન્નેથી) પોતે એકરૂપે પોતાથી ઝળકે છે..... આહાહા !

જુઓ ! આવો જીવ નામનો પદાર્થ છે. આવો (જીવ) ન જાણે ને બીજી રીતે જાણે (એ અજ્ઞાન છે).

(કોઈ કહે :) બીજાને જાણે એ વ્યવહાર (અને) પોતાને જાણે (એ) નિશ્ચય.

(સમાધાન :) પણ પર સંબંધીનું જ્ઞાન પોતાનું છે એ પોતે નિશ્ચય છે. આવો જીવ પદાર્થ છે (—એમ) કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

લોકોને તત્ત્વનો અભ્યાસ નહીં ને ઉપરથી (–કષાયની મંદતાથી) ધર્મ કરી લેવો છે. શેઠ ! ઉપરથી કાંઈક થઈ જાય ધર્મ (—એમ નથી). પૈસાથી કે પૂજાથી કે ભક્તિથી કે નામસ્મરણ....'ભગવાન.... ભગવાન....' (કરવાથી કે) અપવાસ–ઉપવાસ કરી નાખે કે સામાયિક કરી નાખે બે-ચાર, (તો પણ) ધૂળમાંય નથી ન્યાં ધર્મ સાંભળને !

શ્રોતા : સુગમતા છોડકર કરતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : 'સુગમતા છોડકર કરતે હૈં'—એમ (શેઠ કહે છે). 'એટલી સગવડતા છોડીને બેસે છે કે નહીં ?'—એમ (શેઠ) કહે છે. (અજ્ઞાની) મિથ્યાત્વ લઈને બેસે છે—એમ કહે છે અહીં. 'મેં સુગમતા છોડી, મેં આ ધર્મ કર્યો'—એ બધી વાત મિથ્યાત્વભાવમાં છે.

(અહીં કહે છે કે), એના (–જીવના) જ્ઞાનમાં સ્વ-પરને જાણવાના સામર્થ્યવાળું પોતાનું સ્વરૂપ, સ્વતઃ.... પોતાથી પોતામાં છે. સમજાણું કાંઈ ? જુઓને ! (૪૭ શક્તિમાં) આવ્યુંને ? સર્વજ્ઞત્વ, સર્વદર્શિત્વ.... 'આત્મજ્ઞ' (શબ્દ નાખ્યો છે ૧૦મી શક્તિમાં) (અને) પહેલાં (૯મી શક્તિમાં)

'આત્મદર્શિપણું'—એ (શબ્દ) નાખ્યો છે. સમજાણું કાંઈ ? ...... ઓહોહો ! અમૃતચંદ્રાચાર્યની કથન પદ્ધતિ દિગંબર મુનિની....... અલૌકિક હૈ ભૈયા ! યે તો વસ્તુકા સ્વરૂપ હૈ. આ તો સર્વજ્ઞશક્તિ, પરમેશ્વરશક્તિ છે વીતરાગ.

એવો માર્ગ.... સવારના પહોરમાં (વિચાર) આવ્યો હતો કે ('આત્મસિદ્ધિ'માં) એ આવે છેને એમ.... 'એવો માર્ગ.... (વિનય તણો), ભાખ્યો શ્રી વીતરાગ'.... આહીં કીધું, 'એવો માર્ગ ભગવાનનો, ભાખ્યો શ્રી વીતરાગ....' 'આવો....'

'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન;
મૂળ હેતુ એ માર્ગનો, સમજે કોઈ સુભાગ્ય'....
(આત્મસિદ્ધિ ગાથા ૨૦ ઉપરથી)

ભગવાનની સાથે....... વીતરાગ....... વિનય......

'એવો માર્ગ વિનય તણો, ભાખ્યો શ્રી....'
એમ નહિ....
'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન.'

સમજાણું કાંઈ ? પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર વીતરાગદેવના મુખમાંથી આ વસ્તુ આવી છે. આહાહા ! સમજાણું કાંઈ ? જૈનમાં જન્મ્યા, છતાં જૈનમાં 'જીવ કેવો હોય' એની ખબર ન મળે. કેટલા વર્ષ ગાળ્યા (જૈનપણામાં) ? (તો પણ) હવે (–હજુ) ભાન (ન મળે) ! પૂછોને આ બધા શેઠિયાને ? શેઠ ?.... (પ્રવચનકે સમય 'સમયસાર') પુસ્તક લેની ચહિયે.....

જીવ છે અહીંયા.... ન્યાલભાઈ ? ભાઈ ! 'જીવ' છે (એની આ વાત છે અને કહે છે કે) સાત બોલે (જેવો) જીવ (કહ્યો) છે એવો જીવ તારો છે. એનાથી કોઈ (બીજી) રીતે (શ્રદ્ધામાં) વિપરીતપણું હશે અથવા (જ્ઞાનમાં) અજાણપણું હશે તો એને 'જીવ' હાથ આવશે નહીં. એવો (–જેવો) એ છે એ રીતે એને જાણશે તો (જીવ) હાથ આવશે. સમજાય છે કાંઈ ? શાહુકાર ને કરોડપતિને કોઈ 'ભિખારી' કહે તો એ જવાબ આપશે ? એને જેવો છે એવો

કહેશે તો જવાબ આપશે. એમ 'જીવ આવો છે'—એમ જાણશે તો જવાબ આપશે. સમજાણું કાંઈ ? એવી રીતે કહ્યું છેને !....

જુઓ, એક 'જીવ' શબ્દની વ્યાખ્યા થાય છે. (મૂળ ગાથામાં) પહેલો એક શબ્દ છેને 'जीवो'.... તેના સાત બોલ ઉતાર્યા છે.

ઓહોહો ! દિગમ્બર મુનિઓ તો કેવળજ્ઞાનના થાંભલા છે બધા. માર્ગને થંભાવી રાખ્યો છે. અનાદિ-અનંત જ્ઞાનાનંદ વસ્તુ.... જેઠાલાલભાઈ ! એક-એક ગાથા જુઓ તો ટંકોત્કીર્ણ.... કેવળજ્ઞાનને ઊભું કરી દીધું છે.

જુઓને ! 'કેવળજ્ઞાન' આવ્યુંને આ (પાંચમા બોલમાં) ? સ્વ-પરને જાણવાનું સામર્થ્ય પોતાનું હોવાથી પોતે જ્ઞાનાકારે પરિણમ્યો છે.... અનેકપણાના જાણપણે પણ જ્ઞાનાકારે પરિણમ્યો છે—એમ કહે છે, કાંઈ જ્ઞેયાકારે પરિણમ્યો નથી. પરના આકારે (અર્થાત્) પરરૂપે થયો છે ? પર(રૂપે) થઈને પરને જાણે છે ? પોતારૂપે થઈને (-રહીને) સ્વ-પરને જાણે છે એવું એનું સામર્થ્ય છે. પોતારૂપે થઈ.... પોતારૂપે રહી.... પોતાના ભાવે પરિણમી.... સ્વ -પરને જાણે છે. સમજાણું કાંઈ ?

એવો જીવ નામનો પદાર્થ છે. એટલે (-આ રીતે) આ (બોલ)માં પરપદાર્થ પણ સિદ્ધ કર્યા. પણ એ પરપદાર્થ સંબંધીનું જ્ઞાન પોતાનું છે એમાં પોતે છે એમ કહે છે, પરપદાર્થમાં તે નથી. સમજાણું કાંઈ ? આહાહા !

(૧) જ્ઞાન પોતાને જ જાણે છે, પરને નથી જાણતું એમ એકાકાર જ (માનનાર).... ('જ્ઞાન પોતાને જ જાણે'—એમ જ્ઞાનને) એક જ પ્રકારનું માનનારા જૂઠા છે.

(૨) તથા પોતાને નથી જાણતું પણ પરને જાણે છે (એમ) અનેકાકાર.... (જ્ઞાન) પરને જ એકલું જાણે છે, સ્વને નથી જાણતું (—એમ માનવું) એ પણ ખોટું છે.

પાંચ બોલ થયા.... જીવના (વર્ણનના) પાંચ બોલ થયા.

ઘરના રૂપિયા કેટલા થયા (–વધ્યા) એની બધી ખબર હોય હંમેશા.... (એમાં) શું હતું ? પાપ કર્યા બધા એકલા ને થઈ રહ્યું.... ચાલ્યા ગયા, થઈ રહ્યું. કાંઈ ધૂળેય સાથે આવી નહીં.... પણ અહીંનું માન.. માન.. માન.... કાંઈ મોટા.... મોટા કહે (તે) પણ સાથે આવ્યું નહીં. ધૂળેય (સાથે) રહે નહિ, તારી સાથે (તેને) છે શું ? આહાહા !

તું તો સ્વ-પરના જાણવાના.... જ્ઞાનના સામર્થ્યવાળો છો, તું તારામાં છો. સમજાય છે કાંઈ ? રાગ-બાગ એ તારો ક્યાં છે ? પર એ ક્યાં તારા છે ? આ તો 'સ્વરૂપ એ તારો (–તારું) છે'—એમ કહે છે. 'રાગવાળો છો'—એમ નથી કહ્યું અહીં. સમજાણું કાંઈ ? અહો ! સમયસાર ગંભીર વસ્તુ છે.... ઘણી ગંભીર ! જ્યારે જ્યારે વાંચો, તો એમાં નવું નવું નીકળ્યા જ કરે છે, એવી વસ્તુ.... એવી વસ્તુ છે.

પાંચ બોલ થયા.

છઠ્ઠો (બોલ) : વળી તે કેવો છે ભગવાન આત્મા ? અન્ય દ્રવ્યોના જે ખાસ ગુણો.... અન્ય દ્રવ્યોના જે વિશિષ્ટ નામ ખાસ ગુણો.... હવે ગુણોથી (વાત) લીધી. એ ગુણો જે :

આકાશનો અવગાહન(હેતુપણું) ગુણ,
ધર્માસ્તિનો ગતિ(હેતુપણું) ગુણ,
અધર્માસ્તિનો સ્થિતિ(હેતુપણું) ગુણ,
કાળનો વર્તનાહેતુપણું ગુણ (અને)
પુદ્ગલનો રૂપીપણું (ગુણ)

—એમ અન્ય દ્રવ્યોના ખાસ ગુણો છે તેમના અભાવને લીધે.... એ ગુણો આત્મામાં નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ? એ અન્ય દ્રવ્યોના જે આ ખાસ ગુણો છે તે આત્મામાં (નથી).

ત્યારે (આત્મામાં) છે શું ? અસાધારણ ચૈતન્યરૂપતા–સ્વભાવના સદ્ભાવને લીધે.... જુઓ ! ગુણથી (વાત) લીધી.

અન્ય દ્રવ્યના જે એક-એક ખાસ ગુણો છે, તે તે ગુણનો આ ભગવાન આત્મામાં અભાવ છે. ત્યારે (આત્મામાં) છે શું ?

અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને લીધે.... અસાધારણ ચૈતન્યરૂપ પોતાનું છે. (એવો) એક જ ગુણ છે, બીજો છે જ નહીં એવો (ગુણ). બીજા (દ્રવ્ય)માં (તો) નથી, (પણ) પોતામાં બીજો (એવો ગુણ) નથી.

અસાધારણ ચૈતન્યરૂપતા.... જાણવા-દેખવાની.... ચૈતન્યરૂપતા સ્વભાવની હયાતીને લીધે (અર્થાત્) આવા (ચૈતન્ય)ગુણની હયાતીને લીધે.... આ બીજા (દ્રવ્યના) ગુણના અભાવને લીધે અને આ (ચૈતન્ય)ગુણની હયાતીને લીધે.... (એટલે કે) અવગાહન-ગતિ-સ્થિતિ-વર્તનાહેતુપણું-રૂપીપણું તેના અભાવને લીધે અને પોતાના અસાધારણ ચૈતન્યસ્વભાવની હયાતીને લીધે આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ—એ પાંચ દ્રવ્યોથી જે ભિન્ન છે.... જુઓ ! એક બોલ લીધો (આ) છઠ્ઠો (એમાં કેટલી વાત કરી !) સમજાણું કાંઈ ?

શું લીધું (-કોની વાત લીધી) ? આમાં ફેર શું પાડ્યો ?

કે, આત્મા સિવાય પાંચ દ્રવ્યો છે એના જે ગુણો છે ગુણો, એ ગુણોનો અહીં (-આત્મામાં) અભાવ હોવાથી અને અસાધારણ ચૈતન્યભાવરૂપ સ્વભાવને લઈને (આત્મા એ) પાંચ દ્રવ્યોથી જુદો છે. સમજાણું કાંઈ ? ઓહોહો !

(૧) અન્ય (પાંચ) દ્રવ્યો સ્થાપ્યા,
(૨) એના ગુણો સિદ્ધ કર્યા,
(૩) એ ગુણોનો આમાં (-આત્મામાં) અભાવ સિદ્ધ કર્યો (અને)
(૪) પોતાનો ચૈતન્યસ્વભાવ સિદ્ધ કર્યો.

સમજાણું કાંઈ ?

આહા ! પરમેશ્વર સર્વજ્ઞ સિવાય આ જાતને (-રીતને) કોઈએ જાણી નથી. (જગતમાં) એક.... એક (જ) દ્રવ્ય કહે એ ખોટી વાત, અજ્ઞાનીની છે. એક જ આત્મા છે ને એક જ દ્રવ્ય છે— એમ નથી, જગતમાં છ દ્રવ્યો છે.

અનાદિ-અનંત (કાળમાં) ભગવાને (જાતિ અપેક્ષાએ છ દ્રવ્યો જોયા છે અને) છ દ્રવ્યોને ઝળકાવવા.... જાણવા.... પ્રકાશવા એવું તો એક-એક જીવમાં સામર્થ્ય છે. તો, છ દ્રવ્યને ન માને તેણે પોતાના જ્ઞાનનું સામર્થ્ય આવું છે (તેને અને જ્ઞાનમય) એવા જીવને જ એણે માન્યો નથી. સમજાણું કાંઈ ? જો, (જગતમાં) અનંતા-અનંતા દ્રવ્યો છે એને ન માને તો અનંતા દ્રવ્યોને અને પોતાને— બન્નેને ઝળકાવવાનું (-જાણવાનું) સામર્થ્ય ચૈતન્યનું છે એવો જીવ જ એણે માન્યો નથી, ખોટો જીવ માન્યો છે એણે. સમજાણું કાંઈ ? આહાહા ! ........

(જીવ) કેવો છે ? અન્ય દ્રવ્યોના જે ખાસ ગુણો.... —એમ પાછું (લીધું). એ (અન્ય દ્રવ્યોના ગુણોનો) આમાં (-આત્મામાં) અભાવ છે અને પોતાનો ખાસ ગુણ (છે એનો સદ્ભાવ છે)— એમ લીધું. બીજા (દ્રવ્યો)ના ખાસ ગુણો છે તેનો આમાં (-આત્મામાં) અભાવ છે અને પોતાનો ખાસ ગુણ છે તેનો સદ્ભાવ છે. સમજાણું કાંઈ ? આહાહા !

અસાધારણ ચૈતન્યરૂપતા-સ્વભાવના સદ્ભાવને.... સ્વભાવની હયાતીને લીધે.... (અન્ય દ્રવ્યોના ગુણોનો) અભાવ (અને) આનો (-ચૈતન્ય ગુણનો) ભાવ —એમ (કહે છે). આકાશ, ધર્મ, અધર્મ, કાળ અને પુદ્ગલ— એ પાંચ દ્રવ્યોથી જે ભગવાન (આત્મા) ભિન્ન છે.... સમજાણું ?

પાંચ દ્રવ્યો સંબંધીનું જ્ઞાન પોતાનું, પોતામાં છે (અર્થાત્) એ (પાંચ દ્રવ્યોને) ઝળકાવનારું (-પ્રકાશનારું જ્ઞાન) પોતામાં છે—એ તો (પાંચમા બોલમાં) કીધું, પણ (હવે કહે છે કે), તેના (-પરદ્રવ્યોના) ગુણો છે તેનો આમાં (-જીવમાં) અભાવ છે ને પોતાનો ચૈતન્યસ્વભાવ (સદ્ભાવ) છે તેને લઈને પરથી તે (-જીવ) ભિન્ન છે. હા, (અન્ય) દ્રવ્યો સિદ્ધ કર્યા (અને) એનું જ્ઞાન પોતામાં પુરું (થઈ શકે છે— એ પણ) સિદ્ધ કર્યું.

એના (-પરદ્રવ્યોના) ગુણો આમાં (-જીવમાં) નથી, પણ એને જાણનારું.... એને (-પરને) અને (સ્વને)—બધાને જાણનારું એ જ્ઞાનપ્રકાશ સાધન છે તેને લઈને પોતે.... તેને લઈને પોતે (-જીવ) પરથી ભિન્ન છે— એમ (કહે છે).... એને (-જ્ઞાનને) લઈને પોતે પરથી ભિન્ન છે. સમજાણું કાંઈ ?

આહાહા ! આ વાંચવું ને ઓગાળવા જેવું છે. શેઠ ! પહેલાં વાંચવા જેવું છે. અમને 'ન સમજાય.... ન સમજાય.... ન સમજાય'—એમ ન કરવું. આ અભ્યાસ કરવો બાળકની પેઠે (-જેમ). શરુઆત કરવાથી આવડી જશે.... (આ ફેરે) શરુઆતમાં છો તમે.... સોળમી વાર શરૂ કર્યું છે.

ગજબ વાત ! ભગવાન (આત્મા) એકલો જ્ઞાનસ્વરૂપ છે. એનો (ખાસ) ગુણ તો એ (ચૈતન્ય) છે.... એનો ગુણ તો એ છે (અને) બીજા (દ્રવ્યો)ના (પોતપોતાના) ગુણો (પણ) છે ખાસ ખાસ. (અહીં) કહે છે, (અન્ય દ્રવ્યોના) બીજા (સામાન્ય) ગુણોની તો વાત શું કરવી, (પણ) ખાસ ગુણો જે પાંચ દ્રવ્યોના છે એનો (પણ) આહીં (-આત્મામાં) અભાવ છે અને આનો (-આત્માનો) ખાસ ગુણ જે ચૈતન્ય છે તેનો સદ્ભાવ છે. આને કારણે (આત્મા) પરદ્રવ્યથી જુદો છે.

(આત્માને પર)દ્રવ્યથી જુદો (તો) કીધો, પણ આવા (અન્ય દ્રવ્યના) ગુણો નથી માટે (જુદો છે). તે (-આત્મા) પોતાના (ચૈતન્ય)ગુણથી પોતે છે (અને) પરના ગુણો (તેનામાં) નથી, માટે (આત્મા) પરદ્રવ્યથી જુદો છે.

આહાહા ! અમૃતચંદ્રાચાર્ય ટીકા કરતાં હશે ત્યારે કેટલો એમનો ક્ષયોપશમ કામ કરતો હશે ! ઓહોહોહોહો ! જંગલમાં મુનિ.... દિગંબર મુનિ મહા ધ્યાનમાં વિચરતા (-લીન) હતાં.... લ્યો ! હજુ તો ૯૦૦ વર્ષ પહેલાં થયા છે ટીકાકાર. ધર્મના થાંભલા, ધર્મધુરંધર, કેવળજ્ઞાનના કેડાયત.... કેવળજ્ઞાનના કેડાયત....

'કેડાયત' સમજતે હૈં ? 'કેડાયત' નહીં સમજતે ? 'કેડાયત' એટલે કેડે-કેડે ચાલનારા. 'કેડાયત' નહીં સમજતે ? રસ્તા. હમારે 'કેડા' કહતે હૈં.... રસ્તા.... રસ્તા.... એમ થોડા થોડા હિન્દીમેં... થોડા ગુજરાતીમેં (સમજી લ્યો !). કેડાયત હૈ.... કેવળજ્ઞાનકા કેડાયત હૈ. '<u>ક</u>' કેવળજ્ઞાનનો ને ('<u>ક</u>') કેડાયત(નો)—એમ (પ્રાસ મેળવ્યો). રસ્તા.... કેવળજ્ઞાનના રસ્તે ચાલનારા. સમજાણું કાંઈ ?

જીવને ઓળખાવવાના સાત બોલની આવી વાત જ બીજે નથી ક્યાંય......જુઓ ભઈ ! અમારે ભૈયાજી કહતે હૈ. કહો, સમજાણું આમાં ?

આહાહા ! આ વિશેષણથી, એક બ્રહ્મસ્વરૂપને જ માનનારનો વ્યવચ્છેદ થયો.... લ્યો ! આ કહેવાથી (સિદ્ધ કર્યું) કે, બીજાના ગુણોનો આમાં (–જીવમાં) અભાવ હોવાથી અને પોતાના અસાધારણ ચૈતન્યગુણનો સદ્‌ભાવ હોવાથી (જીવ) પરથી ભિન્ન છે. એમ કરીને (કહે છે કે 'જગતમાં) એક જ આત્મા છે' એમ કોઈ માનનારા (હોય તો) જૂઠા છે. કહો, સમજાણું કાંઈ ?

'સંતબાળ' છેને ? જૈનનો એક..... (તે કહે છે :) 'એક જ બ્રહ્મ છે, બીજું કાંઈ છે જ નહીં.' સંતબાળ નહિ ? (તે કહે છે) 'એક જ સર્વજ્ઞ છે'..... એ વળી બીજી વાત છે. આ તો ........તમને ક્યાં કાંઈ.... મજૂરી કરી છેને દુકાનની. 'વિશ્વધર્મ'.... (–એ વળી) જુદો (વિષય છે). એ કહે છે, 'એક જ આત્મા'—એમ કહે છે. 'અદ્વૈત'.... એક—એમ કહે છે.... 'એક જ અદ્વૈત છે. હિંદુસ્તાન બેને (–દ્વૈતને) માને નહીં, (તેનો) નિષેધ કરે છે.' (—એમ કહે છે)....

શ્રોતા :.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ (અન્ય વક્તા) તો વળી સતત ભૌતિક વાત કરે છે. આ (સંતબાળ) તો 'અદ્વૈત.... એકલો આત્મા છે, બે (–દ્વૈત છે) નહીં' (—એમ કહે છે). હવે હાલ.... હાલ. હવે સ્થાનકવાસીનો વેશ, મુહપત્તિ.... હૈ ને વો સંતબાળ ? (તેને) બિલકુલ જૈનની શ્રદ્ધા છે નહીં. એ વળી લૌકિક કામ જે કરે એ જુદી વાત છે, પણ આ મૂળ (શ્રદ્ધા)માં આખો ફેર છે.

શ્રોતા : શ્રદ્ધાની વાત કરે છે એમાં (ફેર છે) એની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એમ (કહેવું છે). લૌકિક કાર્ય તો કરે—બીજો પણ કરે. સમકિતી હોય એ પણ કરે કદાચિત્ લ્યોને ! રાગને લઈને.... એ જુદી વાત છે. આ તો મૂળ વાત (–શ્રદ્ધા)માં 'ઘા' (–વિપરીતતા) છે. મહામિથ્યાત્વ (છે કે) 'એક જ અદ્વૈત છે'. .......... 'એક (અદ્વૈત) સિવાય બીજો વાદ હિંદુસ્તાનમાં (હોય તો તેનો) નિષેધ કરે.... એક (અદ્વૈત) સિવાય

બીજાનો નિષેધ કરે'. આ વસ્તુ સાંભળને ! સમજાણું કાંઈ ? અભ્યાસ કરવો પડે. લૌકિક કરે એ જુદું. પોપટભાઈ !

લૌકિક કામ તો કદાચિત્ જ્ઞાનીને (પણ) હોય, એવા વિકલ્પ હોય (તો અને) બહારમાં (પણ) દેખાય. રાગ હોય છેને ? જેમ ઋષભદેવ ભગવાન (–રાજાએ).... સમજાય છે ? (ત્રીજા કાળના અંતમાં) બધાને (–પ્રજાને અસિ, મસિ, કૃષિ આદિ) બતાવ્યું. (તેઓ) ત્રણ જ્ઞાનના ધણી, ક્ષાયિક સમકિતી (હતાં). ૭૨ કળા.... રાંધવું કેમ, ઠામડા (–વાસણ) કેમ કરવા (–બનાવવા), ચોખા કેમ રાંધવા, શેરડી કેમ કરવી (–ઉગાડવી), (વાસણ કેમ) ઊટકવું (વિગેરે)— બધું શીખવ્યું.

'ઠામ' સમજે ? આ વાસણ નહિ ? બર્તન. બર્તન નહીં સમજતે ? બર્તન કેમ માંજના, કેમ કરના.... કેમ બનાના— બધું ભગવાન (–રાજા) ઋષભદેવે શીખવ્યું હતું માણસને (–પ્રજાને). ૭૨ કળા— બધું શીખવ્યું હતું. એટલો તો વિકલ્પ (ગૃહસ્થ)દશા અનુસાર હોય એ જુદી વસ્તુ છે, (પણ) અંદર દ્રષ્ટિ ક્યાં હતી ને દ્રષ્ટિમાં શું હતું એ (અહીં) વાત છે.

ભગવાનને (ગૃહસ્થાશ્રમમાં કળા શિખવાડવાનો) વિકલ્પ હતો, પણ જાણતાં (હતાં) કે 'વિકલ્પ મારું સ્વરૂપ નથી અને હું કાંઈ બીજાને બતાવું છું માટે તે જાણે છે—એમ નથી. એ તો એની યોગ્યતા છે માટે જાણે છે. મારે વિકલ્પ(નો કાળ છે) ત્યારે (આ પ્રકારનો વિકલ્પ) આવ્યો કે આ લોકો (શિખે).' કારણ કે એ વખતે કાંઈ હતું નહીં બીજું. ઠામડા-ઠામ (–વાસણ) નહોતા, બર્તન નહોતા.... કાંઈ નહોતું અને પાક શેરડીનો બહુ (થયો)....

'હવે શું કરવું ? કલ્પવૃક્ષ તો બંધ થઈ ગયા.... (પહેલાં) અહીંયા કલ્પવૃક્ષમાં કલ્પવૃક્ષના ફળ પાકતા હતા (–બધી સામગ્રી મળતી હતી). (હવે) ખાવું શી રીતે ?'

ભગવાને કીધું : 'જાઓ, ગન્ના છેને એ લાવો, કટકા કરો. એક લાકડાનો બનાવો (સંચો અને) રસ નિકાલો, તરત ખાઓ.'—એમ ઋષભદેવ ભગવાને (–રાજાએ) બતાવ્યું. 'બતાવ્યું'નો અર્થ (એ છે કે, બતાવવાનો)

વિકલ્પ હતો અને (વાણીની) ક્રિયા થવાની (હતી તો) થઈ. —એમ છે એનો અર્થ....

શ્રોતા : (જીવને) વિકલ્પ થવા છતાં પણ વિકલ્પથી (પરમાં કાર્ય) નથી થતું..

પૂજ્ય ગુરુદેવશ્રી : હા. આ તો અમારે ....ભાઈ (બોલ્યા એટલે કહ્યું) '.... લૌકિક જુદું'.... લૌકિક(ની વાત) જુદી છે. લૌકિક કાર્યનો વિકલ્પ હોય, (પણ) કાર્ય તો સ્વતંત્ર થાય છે.

અંતરમાં.... '(જગતમાં) આત્મા એક જ છે કે આવો છે ને ખોટો છે (–આત્માની હયાતી નથી)'—એમ માનનારા બધાની દ્રષ્ટિ મિથ્યા છે.

આ રીતે જીવનું સ્વરૂપ (છે તેનાથી) કાંઈ પણ ઓછું–વધતું (કે) ફેરફાર માને..

(૧) ઓછું,
(૨) અધિક કે
(૩) વિપરીત

માને તે બધા મિથ્યાદ્રષ્ટિ છે, જીવને જાણતા નથી. સમજાણું કાંઈ ? (તે પછી) ચાહે તો માંધાતા મોટો શાસ્ત્રનો ભણનાર મોટો હોય.

આ રીતે જ જીવનું સ્વરૂપ છે. એથી કોઈ....

(૧) ઓછું માને,
(૨) અધિક માને,
(૩) ઊલટું માને,

તે તદ્દન વિપરીત (માન્યતા છે, તે) જીવને માનતો જ નથી. સમજાણું કાંઈ ?

ઓહોહો ! (સમયસારમાં) પહેલો જીવ જ સિદ્ધ કર્યો, (કેમ કે) એની જ વાત કરવી છેને ? (જીવનું) કેવું અસ્તિત્વ છે—એ સિદ્ધ કરીને એને બતાવવો છે 'સમયસાર'માં.

એક બ્રહ્મવસ્તુને જ માનનારનો વ્યવચ્છેદ થયો.... લ્યો !

હવે....

<u>સાતમો બોલ</u> : વળી તે કેવો છે ? અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહરૂપ હોવા છતાં.... જુઓ, એકક્ષેત્રમાં (સંખ્યા અપેક્ષાએ) અનંતા (અને જાતિ અપેક્ષાએ છયે) દ્રવ્યો ભેગા છે. જ્યાં (આ) આત્મા છે ત્યાં બીજા અનંત આત્માઓ છે, બીજા અનંતા પરમાણુઓ છે, અસંખ્ય કાલાણુઓ (આદિ છયે દ્રવ્યો) છે. આહીં હોં, આહીં (–આત્મા છે ત્યાં).

આહીં જીવ છેને ? ત્યાં....

(૧) અનંતા (<u>પુદ્ગલ</u>) પરમાણુઓ છે,
(૨) અસંખ્ય <u>કાલાણુ</u>ઓ છે,
(૩) અનંત (અન્ય) <u>જીવો</u> છે,
(૪) <u>ધર્માસ્તિ</u>ના અસંખ્ય પ્રદેશ છે,
(૫) <u>અધર્માસ્તિ</u>ના અસંખ્ય (પ્રદેશ) છે (અને)
(૬) <u>આકાશ</u>ના અસંખ્ય (પ્રદેશ) છે.

અનંત અન્યદ્રવ્યો સાથે.... અનંત અન્યદ્રવ્યો સાથે.... પાછા (અનંત દ્રવ્યો સાથે) એમ.... એક (દ્રવ્ય) સાથે નહીં. અત્યંત એકક્ષેત્રાવગાહ.... અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહ.... (અનંત દ્રવ્યો) એકક્ષેત્રમાં છે. જુઓ ! આહીં (પોતાનો) આત્મા છેને ? ત્યાં પણ અનંત (અન્ય) આત્માઓ છે, આહીં અનંતા પરમાણુઓ (આદિ દ્રવ્યો) છે. આ આત્મા છે ત્યાં જ અનંતા (પરમાણુ આદિ દ્રવ્યો) એકક્ષેત્રમાં.... એક જગ્યામાં છે.

જ્યાં આત્મા છે તે આકાશની જગ્યામાં અનંતા સ્કંધો પડ્યા છે પરમાણુના.... (અને) અસંખ્ય કાળાણુઓ (આદિ દ્રવ્યો) છે. એવા અનંત અન્યદ્રવ્યો સાથે અત્યંત એકક્ષેત્રાવગાહ.... એક જગ્યાએ વ્યાપ્ત હોવા છતાં પણ પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી.... પણ પોતે (–જીવ) પોતાથી છૂટ્યો નથી, ટંકોત્કીર્ણ ચૈતન્યસ્વભાવરૂપ છે.... આહાહા ! ભગવાન આત્મા પરને અડ્યોય નથી. એક જગ્યાએ અનંત (દ્રવ્યો) વ્યાપેલા (–રહેલા) હોવા છતાં પોતે (જીવ) તો પોતાથી છે (ને) પરથી ભિન્ન છે.... ચૈતન્યસ્વભાવરૂપ (જીવ) પરથી ભિન્ન છે.

પોતાના સ્વરૂપથી નહિ છૂટવાથી.... પોતાનું સ્વરૂપ ક્યાંય (બીજે) ભળી ગયું નથી. એક જગ્યાએ (અનંત દ્રવ્યો) રહે છે, છતાં પોતાનો (–જીવનો) ભાવ ક્યાંય (અન્યમાં) ભળ્યો નથી. 'ટંકોત્કીર્ણ'.... એટલે કે જેવો ને તેવો છે. ચૈતન્યસ્વભાવરૂપ.... ભગવાન (આત્મા) ચૈતન્યસ્વભાવરૂપ છે.... ચૈતન્યસ્વભાવરૂપ છે....

લ્યો ! સાત બોલ થયા.

આ સાત (બોલ) યાદ રહે કે નહીં રાત્રે (–રાત્રિચર્ચામાં) ? શેઠ ! રાત્રે હમણાં બે દિવસથી નથી આવતા. (શેઠ કહે છે) 'બહુ આકરું લાગે છે'.... (ખરેખર તત્ત્વ) આકરું નથી કાંઈ. સમજાણું કાંઈ ?

આ સાત બોલ છે. પોપટભાઈ ! રાત્રે યાદ રહેશે કે નહીં ? છોકરા કેટલા છે એ ખબર છે કે નહીં ? છોકરાને કેટલા છોકરા છે એ બધી ખબર હોય એને. મોટાને આટલા (સંતાન) છે, (તેમાં) એને છોડીયું આટલી છે ને છોકરા આટલા છે.

(અહીં) કહે છે કે તું કોણ છો ? કેવડો છો ?

આ સાત બોલે તું છો. આહાહા ! આવો જીવસ્વરૂપ !.... ભગવાને જોયો (છે કે) આ (જીવ) આવો છે. સમજાય છે ? (અરે !) જીવની હજુ વ્યાખ્યાની ખબર ન મળે.

આ વિશેષણથી.... 'ચૈતન્યસ્વરૂપ' વિશેષણથી વસ્તુસ્વભાવનો નિયમ બતાવ્યો....

હવે પોતે આચાર્ય કહે છે : આવો જીવ નામનો પદાર્થ સમય છે.... લ્યો ! એ આચાર્યનું કથન (અર્થાત્ સંસ્કૃત ટીકાના શબ્દો છે). આવો જીવ નામનો પદાર્થ સમય છે.... આહીં 'સમય'ની વ્યાખ્યા કરી. આવો સાત બોલે જે વર્ણવ્યો.... એવો જે ભગવાને કહ્યો (તે) આવો જીવ નામનો પદાર્થ છે.... સમજાણું કાંઈ ?

(લોકો) કહે છેને ? કે, ભગવાનદાસ શોભાલાલ આવા છે. આટલા એને મકાન, આટલી એને દુકાન, આટલી એને.... શું કહેવાય તમારી ? મોટરું, એના આટલા કારખાના, આટલે ઠેકાણે એની દુકાનો ચાલે, એના આટ-આટલા આડતિયા, ....પણ એકલો એ (બહારનો) ખોળ (–તુચ્છ વસ્તુ) છે. શું ધૂળમાંય (તારા) નથી, એ તો એના (–પરના) ઘરમાં છે.

આ તો બહારથી ઓળખવું હોય કે ભગવાનદાસ શોભાલાલ કોણ ? કે જુઓ ! એની મોટી-મોટી દુકાનો હાલે છે, ફલાણા હાલે છે આમ, આટલી આટલી મોટરો બીડીયું લઈ જવાની-મૂકવાની છે, આ તે.... સમજ્યાને ? શું કહેવાય સાધારણ મોટર હોય એને ? જીપ.... કેટલી જાતની (જીપ ને) ફલાણું ....ફલાણું.

હા, એ તો જીપમાં એક ફેરી બતાવ્યું હતુંને ? ફેરવ્યાં'તાં ત્યાં.... જીપમાં લઈ ગયાં હતાં. મલ્હારગઢ જોવું'તુંને ? તમે બધા હતાને ? શું કહેવાય ? બજાર.... કેમ કે સારી મોટર ચાલે નહીં ત્યાં, જીપ ચાલે. સડક હોય તો સારી મોટર ચાલે. બંદૂક પણ.... ને બે તો પોલીસ હતા ત્યાં જંગલમાં બંદૂક સહિત.... કહે છે હવે, આવી ભગવાનદાસ શોભાલાલની.... બે ભાઈઓની આવી ઋદ્ધિ હતી એમ (લોકો) કહે, લ્યો ! એથી ઓછી-વત્તી કહો તો એને ઓળખ્યા (ન કહેવાય). આ તો દાખલો છે શેઠ ! એમ આત્મા આવો છે. આથી ઓછો–વત્તો માનો તો આત્મા એવો છે નહીં. શું જુગરાજજી ! આહાહા !

સમયસાર.... આવો જીવ નામનો પદાર્થ છે એને સમય કહેવામાં આવે છે.

હવે ઉપાડવું છે તો આહીં 'સ્વસમય' ને 'પરસમય' (અર્થાત્) ધર્મી (–જ્ઞાની) ને અધર્મી. પણ એ પહેલાં ધર્મી એવું (જીવ)દ્રવ્ય કેવું છે (તે વર્ણવ્યું) અને ત્યાર પછી એ ધર્મી એવું (જીવ)દ્રવ્ય છે એ પોતામાં પરિણમે.... જ્યારે સ્વમાં ગતિ (–દ્રષ્ટિ) કરે ત્યારે 'સ્વસમય' થાય એટલે ખરો આત્મા થાય. તો, એક દ્રવ્યરૂપ (સામાન્ય આત્મા) છે એ પરિણમે શુદ્ધપણે ત્યારે ખરો

આત્મા કહેવાય અને રાગ-દ્વેષમાં પરિણમે (ત્યારે) અણાત્મા.... પુદ્ગલ.... અણાત્મા કહેવાય —એમ કહે છે. સમજાણું કાંઈ ?

જ્યારે હવે.... (અત્યાર સુધી) 'સમય'ની વ્યાખ્યા કરી, આત્માની. હવે જ્યારે આ (જીવ).... હવે 'સમય'ની વ્યાખ્યામાં 'સ્વસમય' ને 'પરસમય' (—એવા) બે ભેદ પાડે છે પર્યાયમાં. આ (પહેલાં જીવ)દ્રવ્યની વાત કરી (અને) 'દ્રવ્ય' (કહેતાં એમાં) પર્યાય આવી ગઈ ઉત્પાદ-વ્યયની, પણ આ તો હવે (શુદ્ધ-અશુદ્ધ) પરિણમનની વાત કરે છે.

જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ.... દેખો, ગાથા દીઠ (–દરેક ગાથામાં) 'કેવળજ્ઞાન' આવ્યું.... (આ) બીજી ગાથામાં 'કેવળજ્ઞાન'(ની વાત આવી અને) પહેલી (ગાથા)માં (પણ) 'સર્વ સિદ્ધ' ને 'કેવળજ્ઞાની'ની (વાત હતી). કેવળજ્ઞાનીઓને જ્યાં ત્યાં યાદ કરીને બેસાડ્યા છે !

સર્વ પદાર્થોના સ્વભાવને... શું કીધું ? સર્વ પદાર્થોના સ્વભાવને હોં.... જેટલા અનંતા આત્માઓ, અનંતા પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ અને એક આકાશ—એનો જે સ્વભાવ છે.... એનો જે સ્વભાવ છે.... સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને.... આ કેવળજ્ઞાનની વ્યાખ્યા. સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ.... એવું કેવળજ્ઞાન.... એટલી વ્યાખ્યા આવી.

હવે એને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ.... કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ.... કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનાર પુણ્ય, દયા-દાન, વ્યવહાર એ નહીં—એમ કહે છે. સમજાણું કાંઈ ? સાધ્ય (–કેવળજ્ઞાન) અને સાધન (–ભેદજ્ઞાન)—બેય સમજાવ્યું ભેગું.

સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને.... સાધ્ય પરમાત્મદશાને ઉત્પન્ન કરનારી..... કોણ ઉત્પન્ન કરનારી ? ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી.... ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી.... એ 'રાગ અને નિમિત્તથી પર (–ભિન્ન છું)'—એવું આત્માનું ભેદજ્ઞાન છે તે ભેદજ્ઞાન, કેવળજ્ઞાનને ઉત્પન્ન

કરનાર છે.... ભેદજ્ઞાન તે સાધન છે, એનાથી સાધ્ય કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ વ્યવહાર જે (સાધકદશામાં) થશેને એ વ્યવહાર સાધન-ફાધનની આહીં ના પાડી છે. (કેમ કે) એ વ્યવહાર છે એનાથી તો ભિન્ન પડીને (કેવળજ્ઞાન થાય છે). પોતામાં ભેદજ્ઞાન (પ્રગટ) કરી પરથી ભિન્ન (થયો અર્થાત્) પોતાથી અભિન્ન થયો અને પરથી ભિન્ન (થયો).... પરથી ભિન્ન (અને) પોતાથી અભિન્ન.—એવી જે ભેદજ્ઞાનજ્યોતિ છે એનાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ?

કેવળજ્ઞાનજ્યોતિ ઉત્પન્ન થવામાં.... કાલે જ આપણે ('પ્રવચનસાર'માં) તો આવ્યું'તુંને ? (પ્રવચનસાર ગાથા ૧૬, પ્રવચન નં. ૧૩) કે ('સ્વયંભૂ').... કોઈ (અન્ય) સાધનની જરૂર (નથી). બસ, એ જ (વાત) અહીં કહે છે. એ પણ અમૃતચંદ્રાચાર્યની ટીકા છે, એ જ અમૃતચંદ્રાચાર્યની આ ટીકા છે. ઓહોહો ! સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાય—ત્રણેયની ટીકા ગણધરની ટીકા જેવી છે. માણસ મધ્યસ્થ થઈને.... પોતાના સંપ્રદાયનો આગ્રહ છોડીને મધ્યસ્થતાથી વિચારે ને મધ્યસ્થતાથી.... સંપ્રદાય.... 'અમે આ સંપ્રદાય(વાળા) માટે આમ છે'—એમ નહીં, વસ્તુ શું છે ? (વસ્તુ શું છે એ વિચારવું જોઈએ). સમજાણું કાંઈ ? પણ આ સંપ્રદાય બાંધીને એવા મારી નાખ્યા જગતને....

'ગચ્છના ભેદ બહુ નયને નિહાળતાં, તત્ત્વની વાત કરતાં ન લાજે'....

અમારો આ સંપ્રદાય.... અમારો આ સંપ્રદાય.... સંપ્રદાય ભઈ ! હવે (રહેવા દે અને) ભગવાને કહેલો માર્ગ લેને ! સંપ્રદાયનું તારે શું કામ છે હવે ? આહાહા !

કહે છે, સર્વ પદાર્થોના સ્વભાવને.... 'સર્વ'.... કાંઈ બાકી નહીં. સર્વ દ્રવ્ય, સર્વ ક્ષેત્ર, સર્વ કાળ અને સર્વ ભાવ—એ બધાનો સ્વભાવ પાછો. સર્વ ક્ષેત્રનો, કાળનો, ભાવનો, ગુણનો, દ્રવ્યનો, પર્યાયનો (સ્વભાવ).—એવા સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાનને ઉત્પન્ન કરનારી ભેદજ્ઞાનજ્યોતિ.... એક જ ઉપાય કીધો. એનો ઉદય થવાથી.... ભાષા

જુઓ ! પ્રગટ થઈ નવી, અનાદિની ભેદજ્ઞાનજ્યોતિ નહોતી. (કેમ કે જીવ) અનાદિનો તો રાગ સાથે એકત્વ (માનતો) હતો. સમજાણું કાંઈ ? અનાદિનો તો વિકલ્પની સાથે એકત્વ હતો—માન્યતામાં હોં, (પણ સ્વભાવનું રાગ સાથે) એકત્વ થયું નહોતું. સમજાય છે કાંઈ ?

(સ્વભાવ સાથે વિકલ્પ) એકત્વ થયો નથી, (કેમ કે) વિકલ્પ વિકલ્પ છે, સ્વભાવ સ્વભાવ છે. પણ માન્યતામાં.... વિકલ્પ જે ઊઠે છે (એની જોડે) એકત્વ માનતો હતો (એ તૂટીને) ભેદજ્ઞાનની જ્યોતિ ઉત્પન્ન નવી થઈ. (એકત્વનો) વ્યય થયો, આ (ભેદજ્ઞાન) ઉત્પન્ન થયું. જ્ઞાનસ્વરૂપ ભગવાન (આત્મા) ચૈતન્યસ્વરૂપ છે અને રાગ છે તો જ્ઞેય, પણ માન્યતામાં.... તે (બન્નેની) સંધિ (હોવા છતાં) બેને એક માન્યું'તું, (એથી) એ અભેદ થયું (–એકત્વ માન્યું) પર સાથે (અને) એ તો સંસાર છે.... મિથ્યાત્વ છે..... એનાથી સંસારની ઉત્પત્તિ છે.

આ કેવળજ્ઞાનની ઉત્પત્તિ.... આ વિકલ્પથી ભિન્ન પડીને ભેદજ્ઞાનને પોતાથી અભેદ કરવું એ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. આહાહા ! 'કાઢી નાખ્યું આહીં તો.... એ સાંભળેલું કાઢી નાખ્યું બધું (–સાંભળવાથી કેવળજ્ઞાન થાય તેનો પણ નિષેધ કર્યો). સાંભળેલું કાઢી નાખ્યું અને સાંભળેલા (શબ્દોનું ધારણા) જ્ઞાન પણ કાઢી નાખ્યું.' આહાહા ! વાત તો જુઓ ! કથનની પદ્ધતિ તો જુઓ ! એ (–આચાર્ય) તો કહે છે કે પરથી ભિન્ન પડીને આહીં (સ્વમાં) આવ્યો, બસ એ કેવળજ્ઞાનની ઉત્પત્તિનું કારણ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એક જ માર્ગ. 'લાખ વાતની વાત નિશ્ચય....' (છ ઢાળા, ઢાળ- ૪, પદ-૪)

કહે છે કે જે કંઈ વિકલ્પ હતા કે પર તરફનું જાણપણું આદિ હતું એનાથી જુદો પડ્યો.... જુદો પડ્યો (એટલે કે) એ (પર તરફનું) લક્ષ ફેરવ્યું. લક્ષ હતું આહીં (પર સન્મુખ) એ લક્ષ ફેરવી નાખ્યું, ત્યારે ભેદજ્ઞાનની દશા ઉત્પન્ન થઈ. ભેદજ્ઞાનજ્યોતિ.... જોયું ? (બીજા બોલમાં) પણ 'જ્યોતિ'.... કહ્યું'તું, 'દર્શનજ્ઞાનજ્યોતિ'.... ભેદજ્ઞાનજ્યોતિ.... રાગને બાળીને ઉત્પત્તિ ન થવા દે.... બાળીને રાખ કરી નાખે એવી 'ભેદજ્ઞાનજ્યોતિ'. સમજાણું કાંઈ ?

(કોઈ કહે છે :) 'ભાઈ, ભેદજ્ઞાન તો વ્યવહાર આવ્યો ? અભેદ થાય (તો નિશ્ચય કહેવાય)'

(સમાધાન :) 'એ તો (આત્માને) આહીં રાગથી ભિન્ન (જાણ્યો)—એ અપેક્ષાથી કહ્યું છે, આમ (-ખરેખર) તો (ભેદજ્ઞાન છે તે સ્વરૂપથી) અભેદ છે. સમજાય છે કાંઈ ? પરની અપેક્ષા લઈને 'પરથી ભેદજ્ઞાન'.... એટલું (—એમ) કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? 'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન.' લ્યો !....

ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી.....

ઉદય થવાથી.... પરથી જુદાં પડવાનું (-હોવાનું) ભાન થવાથી

સર્વ પરદ્રવ્યોથી છૂટી.... જુઓ, સર્વ રાગાદિથી છૂટી

દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિતપ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વ.... દેખો, દર્શનજ્ઞાનસ્વભાવ.... વસ્તુ જે આત્મા છે તેનો દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં

નિશ્ચિતપ્રવૃત્તિરૂપ.... એમાં જે નિશ્ચિતપ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વ.... (દ્રવ્યરૂપ) ભાવ છે એની

સાથે એકત્વરૂપે લીન થઈ.... એની સાથે એકત્વરૂપે લીન થઈ.... એની સાથે એકત્વરૂપે લીન થઈ

પ્રવૃત્તિ કરે છે.... અંદર પ્રવૃત્તિ કરે છે.... જુઓ ! આ પ્રવૃત્તિ આવી.

પરદ્રવ્યોથી છૂટી.... (એ) નાસ્તિ(થી) કીધું.

હવે દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિતપ્રવૃત્તિ.... 'દર્શનજ્ઞાન' (શબ્દ) છેને ? આત્મા છે તે 'દર્શનજ્ઞાનરૂપ જ્યોતિ છે' (—એમ) કીધું હતું પહેલું.... બીજા બોલમાં. એ દર્શનજ્ઞાનમાં નિશ્ચિતપ્રવૃત્તિરૂપ.... એમાં પ્રવૃત્તિરૂપ (-અસ્તિરૂપ) એવું આત્મતત્ત્વ.... સમજાય છે ? એવા (-દર્શનજ્ઞાનમય) આત્માની પર્યાય, આત્મા સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે છે. સમજાણું કાંઈ ?

દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિતપ્રવૃત્તિરૂપ.... વર્તમાન પરિણતિ, એવું (-દર્શનજ્ઞાનમય) જે આત્મતત્ત્વ છે એની સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે

છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થવાથી.... ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્ર.... એટલે કે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપે.... એકતારૂપે એક જ વખતે જાણતો અને પરિણમતો એવો તે 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.... લ્યો ! આ ધર્મી થયો—એમ કહે છે. આહાહા !

આવો જે ભગવાન (આત્મા) 'સમય' છે એ પોતામાં, પરદ્રવ્યોથી ભિન્ન પડી, દર્શનજ્ઞાનસ્વરૂપ એવું જે આત્માનું તત્ત્વ છે એની સાથે એકત્વરૂપ પરિણતિ કરે છે, (ત્યારે) દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિર થાય છે. (અને) ત્યારે સ્થિત થવાથી પોતાના સ્વરૂપને એકતારૂપે..... એકતારૂપે એમ.... એક જ કાળે જાણતો અને પરિણમતો.... બસ. બે (–જાણવું ને પરિણમવું) આવ્યુંને 'સમય'નો અર્થ. એક (-જે) સમયે જાણે ને એક (–તે) જ સમયે પરિણમે એનું નામ 'સમય'. આહીં લીધો સરવાળો, (આ ગાથામાં) પહેલાં કીધું હતું એ. એક જ કાળે (સ્વનું) જાણપણું (ને પરિણમવું) કરે એ 'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે....—એ 'સ્વસમય' છે.

જુઓ, અહીં તો ચોથા (ગુણસ્થાન)થી (સ્વસમયપણું) શરૂ કરી લીધું છે.... (ટીકાકાર) પોતે મુનિ છે (એટલે) છઠ્ઠા (ગુણસ્થાન)થી વાત કરે છે. સમજાણું કાંઈ ? (અમૃતચંદ્રાચાર્ય) મુનિ છેને ! એટલે ચારિત્રથી વાત કરે છે, બાકી તો પોતાનું જે તત્ત્વ છે (તેને અનુભવીને) દર્શન-જ્ઞાન-સ્થિરતામાં અંદર રમે છે ત્યારથી એને (–જીવને) 'સ્વસમય'.... (સ્વને) જાણતો ને પરિણમતો—એમ કહેવામાં (આવે છે).... એને ધર્મી કહેવામાં આવે છે. લ્યો ! સમજાણું કાંઈ ? વિશેષ વ્યાખ્યા આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૦**
**ગાથા - ૨, ૩**
**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧૦, મંગળવાર, તા. ૧૭-૯-'૬૮**

બીજી ગાથા. જીવ-અજીવ અધિકાર.

આવો જીવ નામનો પદાર્થ સમય છે.... ત્યાંથી ફરીને. સાત બોલ આવ્યા'તાને સાત ? સાત બોલ પૂછ્યા હતાને ભીખાભાઈને ? રાત્રે (-રાત્રિ ચર્ચામાં) મૂંઝવણમાં (હતા). આ, જીવની વ્યાખ્યા (છે). (ગાથામાં) પહેલો 'जीवो' શબ્દ છેને ? એ જીવ કેવો છે ?....

(૧) ઉત્પાદ-વ્યય-ધ્રુવવાળો છે.
(૨) ઉપયોગવાળો.... દર્શન-જ્ઞાનના પરિણમનરૂપ ભાવ છે.
(૩) એવા (દર્શન-જ્ઞાન આદિ) અનંત ધર્મનું એક(રૂપ) દ્રવ્ય છે.
(૪) એવા દ્રવ્યે, ગુણ ને પર્યાય.... ક્રમ-અક્રમને અંગીકાર કર્યા છે.
(૫) સ્વ-પરને પ્રકાશવાનું સામર્થ્ય પોતે પોતાથી રાખે છે.
(૬) પરના ગુણોનો.... પાંચ (જડ) દ્રવ્યોના ગુણોનો આત્મામાં અભાવ હોવાથી (અને) પોતાના ગુણથી હયાતી હોવાથી, પરદ્રવ્યથી ભિન્ન છે.

—છ બોલ થયા. સાતમો....

(૭) અનંત દ્રવ્ય એક ક્ષેત્ર-જગ્યાએ રહ્યા છતાં (જીવ) પોતાના સ્વરૂપથી ચ્યુત થઈને પરરૂપ થતો નથી, પોતારૂપે રહે છે.

કહો, આ 'જીવ' નામનો પદાર્થ. કહો, સમજાણું કાંઈ ?

હવે એને ધર્મ કેમ થાય અને અધર્મ કેમ થાય (-થઈ રહ્યો છે)—એની વાત ચાલે છે. આવું જીવસ્વરૂપ સર્વજ્ઞે જોયેલું, સર્વજ્ઞે કહેલું, સર્વજ્ઞના જ્ઞાનમાં આવેલું છે. હવે એવો જે 'સમય' નામનો પદાર્થ.... જ્યારે આ (જીવ), સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ.... સર્વ પદાર્થોના સ્વભાવને પ્રકાશવામાં સમર્થ એવા કેવળજ્ઞાન....—એ કેવળજ્ઞાનની વ્યાખ્યા છે. કેવળજ્ઞાન એવું છે કે સર્વ પદાર્થને પ્રકાશવામાં સમર્થ છે. એને ઉત્પન્ન કરનારી... 'કેવળજ્ઞાનને' એટલે મોક્ષદશાને ઉત્પન્ન કરનારી.... અહીં જ્ઞાનથી એકલી વાત લીધી છેને ?

ભેદજ્ઞાનજ્યોતિનો ઉદય થવાથી....

શી રીતે (ભેદજ્ઞાનનો ઉદય થયો) ?

(સમાધાન :) પરથી ભિન્ન (પડતાં).... રાગ (–ભાવકર્મ), શરીર (–નોકર્મ), કર્મ (દ્રવ્યકર્મ)—એ બધા પરદ્રવ્ય છે એનાથી ભિન્ન (પડતાં). સર્વ (પર)દ્રવ્યોથી છૂટી.... એ રાગાદિ, શરીરાદિ, કર્મનું—સર્વનું બધું લક્ષ છોડીને.... પરદ્રવ્યોનું લક્ષ છોડી દઈને દર્શનજ્ઞાનસ્વભાવમાં.... ભગવાન આત્મા દર્શનજ્ઞાન.... (જેનો) દ્રષ્ટા-જ્ઞાતા સ્વભાવ છે એવું જે નિશ્ચિત.... હોવાપણારૂપ આત્મતત્ત્વ છે.... આવું જે ખરેખર પોતાનું હોવાપણારૂપ આત્મતત્ત્વ છે.... એ દર્શનજ્ઞાનસ્વભાવમાં જ રહેલું અસ્તિરૂપ એવું આત્મતત્ત્વ છે.... સમજાણું કાંઈ ?

(આત્મતત્ત્વ છે) એની સાથે એકત્વરૂપે લીન થઈ પ્રવૃત્તિ કરે.... આવી જે દર્શનજ્ઞાનસ્વભાવરૂપ (આત્મ)વસ્તુ છે એની સાથે એકત્વરૂપ પ્રવૃત્તિ કરે એનું નામ સ્વસમય.... એનું નામ સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્ર.... એનું નામ ખરો આત્મા. કહો, સમજાણું આમાં ? શરીર, વાણી, મન તો પર છે બધા જડ, એનું કંઈ આત્મામાં (તો હોવાપણું) છે નહિ. આત્મામાં તો.... અહીં (કહે છે કે) પુણ્ય ને પાપ, દયા-દાન-વ્રત-ભક્તિના પરિણામ છે એ (પણ) આત્મામાં નથી, આત્મામાં તો દર્શન ને જ્ઞાન એવો સ્વભાવ છે.

એની (–દર્શન-જ્ઞાન સ્વભાવની) હયાતીરૂપ જે ભગવાન આત્મા (છે) એની અંદર એકાગ્ર થઈને..... પરદ્રવ્યથી છૂટીને આહીં (–આત્મામાં) એકાગ્ર થાય.... ન્યાં જે એકાગ્ર હતો—રાગમાં, પરમાં (અથવા) શરીરની ક્રિયામાં કે 'આ હું.. આ હું.. આ હું.. હું કરું.. હું કરું.. હું કરું.. આ મારું'—એવું જે પરદ્રવ્યમાં પોતાનું હોવાપણું સ્વીકાર્યું હતું એનાથી છૂટી, પોતાનો આત્મા—કે જે દ્રષ્ટા-જ્ઞાતા સ્વભાવથી ભરેલી વસ્તુ છે એમાં એકાકાર થઈ.... સમ્યગ્દર્શન –જ્ઞાન–ચારિત્રની પર્યાયને પ્રગટ કરી એમાં લીન થઈ પ્રવર્તે એને સ્વસમય.... કહીએ.... એને ધર્મી કહીએ.... એને આત્મા કહીએ.... (એટલે કે) એ આત્મા જેવો હતો (–છે) એવો આત્મા થયો (—એમ) કહીએ. સમજાણું કાંઈ ?

એકત્વરૂપે.... જે, રાગ ને પરમાં એકત્વની માન્યતારૂપે હતો એ અનાત્મા હતો. આસ્રવ, પુણ્ય–પાપના ભાવ પરતત્ત્વ છે (અને) કર્મ, શરીર, અજીવ—પર છે. (તે બન્નેની) હયાતીમાં આત્માની હયાતી નથી. સમજાય છે કાંઈ ? એટલે પરની હયાતીનું લક્ષ છોડી, પોતાની હયાતીવાળો ભગવાન આત્મા છે.... આવો જે કીધો એ દર્શનજ્ઞાનસ્વભાવ/સ્વરૂપ (આત્મા છે એની) અંદર એકાગ્ર થતાં.... લીન થઈ પ્રવૃત્તિ કરે છે....

જોયું ! પોતે પુરુષાર્થ કરે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત (થવાથી).... વર્તવાથી (અર્થાત્) તે કાળે પોતાના સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન ને સમ્યક્ચારિત્ર છે એમાં સ્થિત થવાથી.... જ્યારે આ પરદ્રવ્યોથી છૂટી, સ્વદ્રવ્યના હોવાપણાના સ્વભાવમાં એકાગ્ર થઈ પ્રવર્તે છે ત્યારે.... 'ત્યારે'—એમ કહે છે (એટલે કે) જ્યારે (પુરુષાર્થ) કરે છે ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રમાં..... જ્યારે પોતાનું સ્વરૂપ જે દર્શનજ્ઞાનસ્વભાવી ત્રિકાળ (છે) એની પ્રતીતિ (–શ્રદ્ધા), એનું જ્ઞાન અને એની રમણતા (–ચારિત્ર કરે છે ત્યારે).... સમજાણું કાંઈ ?

વસ્તુ ભગવાન આત્મા દર્શનજ્ઞાનસ્વભાવવાળું.... હયાતીવાળું તત્ત્વ છે. એનામાં આ પુણ્ય-પાપ, શરીર, વાણીની હયાતી નથી. એ એમાં નથી (–એ રાગાદિ આત્મામાં નથી, છતાં) એમાં (–રાગાદિમાં) જે લક્ષ હતું (તે) એના લક્ષને છોડી, પોતાનો દર્શન-જ્ઞાનસ્વભાવ છે એમાં એકાકાર થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન –ચારિત્રની પર્યાયમાં લીન થવાથી, પોતાના સ્વરૂપને એકતારૂપે.... પોતાનું સ્વરૂપ જે જ્ઞાનાનંદસ્વરૂપ છે તેને શ્રદ્ધા, જ્ઞાન અને ચારિત્રની વીતરાગ પર્યાય દ્વારા એક જ વખતે.... એ જ સમયે જાણે છે ને એ જ સમયે પરિણમે છે. (તેથી તે 'સ્વસમય' છે). સમજાણું કાંઈ ?

એક જ વખતે જાણતો.... એ જ કાળે તે દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપે પરિણમતો પોતાને જાણે છે કે 'આ રૂપે હું છું'. (આ રીતે) તે જ વખતે જાણતો અને પરિણમતો એવો તે 'સ્વસમય' છે. 'સ્વસમય' એટલે ખરો આત્મા. આત્મા છે તેવો (પ્રગટ પર્યાયમાં) થયો એને 'સ્વસમય' આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.

પોતાનો (ચૈતન્ય)સ્વભાવ હોવાપણે ત્રિકાળી છે, એમાં તો દર્શન ને જ્ઞાનસ્વભાવ જ ભર્યો છે. એને અવલંબીને.... (એમાં) એકાકાર થઈને સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં એકત્વરૂપે પરિણમે છે.... કહો, સમજાણું ? પોતાના સ્વરૂપને એકતારૂપે.... પરિણમે છે અને જાણે છે એવો તે આત્મા ('સ્વસમય' છે). બહુ જ મીઠી વાત અને ઘણી જ સીધી વાત.

પોતાનું હયાતીપણું અને પરનું હયાતીપણું—બે સિદ્ધ કર્યાં. પણ પરની હયાતીનું હોવાપણું એનામાં (–પરમાં) છે, આહીં (–આત્મામાં) નથી. એથી તેને.... પરદ્રવ્યની હયાતીના લક્ષને છોડી દઈને, પોતાની હયાતીવાળો જે ભગવાન (આત્મા) દર્શન–જ્ઞાનસ્વરૂપ છે એમાં એકતારૂપે.... અંતર એકતારૂપે દર્શન–જ્ઞાન–ચારિત્રસ્વરૂપ થવાથી પોતાના સ્વરૂપને.... એક જ વખતે જાણે ને પરિણમે છે ત્યારે તેને ('સ્વસમય') આત્મા કહેવામાં આવે છે.... ત્યારે તે ધર્મી થયો.... ત્યારે તે પોતાના ઘરમાં આવ્યો. સમજાણું કાંઈ ? છે ?

'સ્વસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.... કહો, સમજાય છે કે નહીં ? પોપટભાઈ ! શેઠ ! આ સમજવું પડશે. (નહીંતર) કલ્યાણ નહિ (થાય). હા... ઐસા હૈ. ચોરાશીના અવતાર.... આહા ! અરે ! અકલ્યાણના પંથે પડ્યો છે ચોરાશીના (અવતાર)માં.

જે પોતામાં નથી એનું અવલંબન લીધું.... જે પોતામાં નથી એવા પુણ્ય-પાપના વિકલ્પ, શરીર, વાણી, મન છે એનું અવલંબન લીધું (અને) પોતામાં છે એનું અવલંબન છોડ્યું (–લીધું નહિ).—આ ધંધો કર્યો છે. હવે કહે છે કે જે તારામાં નથી તેનું લક્ષ છોડી દે અને જે તારામાં છે તેમાં જોડા (–જોડાણ કર). સમજાણું કાંઈ ? અને તેથી....

(૧) એ (આત્મ)વસ્તુની પ્રતીતિ (–<u>દર્શન</u>),
(૨) એ (આત્મ)વસ્તુનું જ્ઞાન (–<u>જ્ઞાન</u>),
(૩) એ (આત્મ)વસ્તુની રમણતા (–<u>ચારિત્ર</u>)

—એ રૂપે થવાથી... જુઓ ! થવાથી....—એમ (કહે છે). પહેલો (અજ્ઞાનદશામાં) બીજી રીતે થયો હતો, (હવે) આ (જ્ઞાનદશામાં) આ રીતે થયો પર્યાયમાં. સમજાણું કાંઈ ?

આ રીતે દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થવાથી.... જો....જો.... (ધ્યાન રાખો).... 'પર્યાયમાં સ્થિત થવાથી'—એમ લીધું છે. સમજાણું કાંઈ ? દ્રવ્ય તરફની (દ્રષ્ટિપૂર્વક) એમાં એક્તા થતાં આખો (મોક્ષમાર્ગ પ્રગટે છે એને) અહીં (મોક્ષમાર્ગમાં) 'સ્થિત થવાથી'....—એમ લીધું છે. સમજાણું કાંઈ ?

પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે. (આવું ચૈતન્યમય) દ્રવ્ય છે એમાં એકતારૂપે પરિણમતાં.... દ્રષ્ટિ તો ત્યાં (ત્રિકાળી દ્રવ્ય ઉપર) ગઈ (અને) પરિણમીને (–પરિણમતાં જે મોક્ષમાર્ગનું પરિણમન) થયું (એને જ) એમાં 'સ્થિત છે'—એમ કહેવું છે આહીં.

અનાદિનો જે અજ્ઞાન ને રાગ-દ્વેષમાં સ્થિત હતો તે સંસાર.... મિથ્યાત્વભાવ હતો. સમજાણું કાંઈ ? (હવે) પોતાના ઘરમાં આવી અને દર્શન–જ્ઞાન–ચારિત્રની સ્થિતિ (–દશા) પ્રગટ કરી. એમાં 'સ્થિત થવાથી'.... (એટલે કે) પોતાના સ્વરૂપમાં એકતાપણે પરિણમ્યો (અને)....

(૧) એને સમ્યગ્દ્રષ્ટિ....
(૨) એને આત્મા....
(૩) એને ધર્મી....
(૪) એને મોક્ષમાર્ગી (–'સ્વસમય')

કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

હવે જેની વિધિની.... રીતની ખબર ન મળે (અર્થાત્) કેમ ધર્મ થાય અને કેમ અધર્મ ટળે એની ખબર (નથી) અને ધર્મ કરનારો કેવડો—કેમ છે એની ખબરું ન મળે (એને ધર્મ શી રીતે થાય ?) આહાહા ! સમજાણું કાંઈ ?

પહેલી ગાથા(માં સિદ્ધને) વંદન કરીને કહ્યું હતું, તો બીજી (ગાથા) શરૂ કરીને આ કહ્યું : ભગવાન આત્મા આવો (છે) એ પોતાના.... પોતાના હોવાપણામાં એકાગ્ર થઈને પરિણમે છે ત્યારે ખરેખર દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત છે, (પણ) એ રાગમાં કે કર્મમાં સ્થિત નથી. સમજાણું કાંઈ ? મોંઘો માર્ગ છે.

શ્રોતા : સસ્તો નથી, મોંઘો છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : છે તો સસ્તો (–સહેલો) સત્‌ને લઈને, પણ પુરુષાર્થ અવળો અનાદિનો છે. સાંભળી નથી એ (સત્‌ની) વાત દેરિયાજી !

શ્રોતા : .... પરમેં પોતાપણા માન રહા હૈ અનાદિસે....

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા (કરે).... પર કૌન હૈ (ઔર) પોતે કૌન હૈ એની પણ ખબર નથી. 'આ શરીરની ક્રિયા હું કરું છું, બોલું છું હું, જુઓ ! શરીરને રાખું છું—સંયમમાં રાખું છું.... ઇન્દ્રિયદમન કરું છું' (—એમ અજ્ઞાની માને છે, પણ) બધું જડ છે એ તો. સમજાણું કાંઈ ?

'મેં ઇન્દ્રિયનું દમન કર્યું.... શ્વાસ થોડો લીધો એથી ઇંદ્રિયનું દમન થયું, એથી મને સંયમ થયો' (—એમ માનનારને) મિથ્યાત્વ થયું છે. સમજાણું કાંઈ ? કારણ કે જેમાં (–પોતામાં) જે નથી એનું દમન શું કરવું ? એનું રોકવું શું ? સમજાય છે કાંઈ ? (એની પર્યાયમાં) જે પુણ્ય ને પાપના વિકલ્પો ઊઠે છે એનું અસ્તિત્વ એ (ત્રિકાળી) આત્મામાં નથી. (છતાં) એના (–વિકલ્પના) અસ્તિત્વમાં ટકતો છે....

(૧) તે સંસાર છે....
(૨) તે મિથ્યાત્વ છે....
(૩) તે અનાત્મા છે....
(૪) તે અધર્મી આત્મા ('પરસમય') છે.

કારણ કે એનો ધર્મ (–સ્વભાવ) નથી એમાં એ ટક્યો છે.

આ (જ્ઞાની) તો પોતાનો સ્વભાવ.... દર્શનજ્ઞાનસ્વભાવ છે એમાં એકાકાર થઈને દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થયો તે....

(૧) નિજ ઘરમાં પડ્યો—આવ્યો....
(૨) એને 'સ્વસમય' કહીએ....
(૩) એને ધર્મી કહીએ....
(૪) એ ધર્માત્મા એને કહીએ.

કહો, સમજાણું આમાં કાંઈ ?

પણ જ્યારે તે.... પહેલી વાત સવળી લીધી.... સ્વસમયની લીધી. જોયું ! અનાદિની (પરસમયની વાત) પછી લીધી. (કેમ કે) સાચું જ્ઞાન થાય ત્યારે અનાદિનું શું હતું એનું જ્ઞાન થાય. પહેલો સ્વસમય લઈ, પછી પરસમય (વર્ણવ્યો). નહિ તો, છે તો પરસમય અનાદિનો, પણ એ પરસમયનું જ્ઞાન ધરાવે કે થાય ક્યારે ? કે યથાર્થ સ્વસમય થાય ત્યારે (જ્ઞાન થાય કે) ઓહો ! અનાદિનો આ પ્રમાણે હું (પરસમય) હતો. સમજાણું કાંઈ ?

પણ જ્યારે... 'પણ જ્યારે' એટલે શું ? કે આ (સ્વસમયપણું કરવાયોગ્ય) છે, પણ જ્યારે.... આ પ્રમાણે (સ્વસમયપણું) ન કરે તો અનાદિ અવિદ્યારૂપી જે કેળ.... અનાદિ અજ્ઞાન.... 'અવિદ્યા'.... અજ્ઞાનરૂપી કેળ. 'કેળ.... કેળ'.... નથી આ ? કેળાની કેળ.... કેળના ઝાડ. ('કેળ'નો અર્થ) 'આદત' નહીં, કેળ.... કેળ. કેળના 'બછડા' નથી હોતા ? કેળના બછડા. આ કેળાના ઝાડ—બચ્ચા. ખોલે તો કેળ નીકળ્યા જ કરે. 'બછડા' કહે છેને ? ક્યા કહતે હૈં ? પત્તે.... પત્તા.... ગાંઠ.... કેળની ગાંઠ. કહે છે, એવો મોહ, કેળની ગાંઠ જેવો છે. સમજાણું કાંઈ ? અમારા કાઠિયાવાડમાં એને 'બછડા' કહે છે. 'નીકળ્યા જ કરે'—એમ (એનો અર્થ છે). (ગાંઠ) ખોલ્યા કરે તો પાંદડા નીકળ્યા જ કરે.... ૨૫-૫૦ (પાંદડા) નીકળ્યા જ કરે.

અનાદિ અવિદ્યારૂપી જે કેળ.... કેળ. એ કેળનું ઝાડ છે એની અહીં ઉપમા આપી છે (કે) અવિદ્યારૂપી કેળ. (બહારની) કેળ નહિ, પણ આ અજ્ઞાનરૂપી કેળ. તેના મૂળની ગાંઠ જેવો.... અજ્ઞાનરૂપી કેળના મૂળની ગાંઠ જેવો.... ગાંઠ નાખી પાછી. જે (પુષ્ટ થયેલો) મોહ તેના ઉદય અનુસાર.... જડ મોહ જે પુષ્ટ થયો છે અનાદિનો, એના ઉદયને અનુસાર (અજ્ઞાની) પ્રવર્તે છે—આમ (કહેવું છે). સ્વભાવને અનુસાર (પ્રવર્તવું) છોડી દઈને, પુષ્ટ (મોહ)કર્મના ઉદયને અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી.... (રાગાદિરૂપે પ્રવર્તે છે). સમજાણું કાંઈ ?

પોતાનો સ્વભાવ હોવાપણે છે તેની પ્રવૃત્તિને છોડી, (મોહ)કર્મનો જે ઉદય છે એને અનુસાર પ્રવૃત્તિમાં (અર્થાત્) એને (મોહકર્મને) અનુસાર કેડે.... કેડે ચાલ્યો. (આ રીતે) તેના ઉદય અનુસાર પ્રવૃત્તિના આધીનપણાથી.... એને (–રાગાદિને) વશ થઈ ગયો. એના (–કર્મના) ઉદય અનુસાર જે રાગ અને દ્વેષ, પુણ્ય ને પાપ (થાય છે) એને આધીન થઈ ગયો.

દર્શનજ્ઞાનસ્વભાવમાં નિશ્ચિતપ્રવૃત્તિરૂપ આત્મતત્ત્વથી છૂટી.... આ 'એને (-રાગાદિને) આધીન થયો' એટલે શું થયું ? કે દર્શન-જ્ઞાન એવો આત્માનો સ્વભાવ ત્રિકાળી કાયમ છે.... દ્રષ્ટા-જ્ઞાતા સ્વભાવથી ભરેલો ભગવાન છે.... એવું જે નિશ્ચિત = નિયત, વૃત્તિ = ટકવું.... નિશ્ચય જેનું ટકવું છે એવું જે આત્મતત્ત્વ છે તેનાથી છૂટી.... પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન મોહરાગદ્વેષાદિ ભાવોમાં.... વિશેષ સ્પષ્ટ કર્યું.

પરદ્રવ્યના નિમિત્તથી ઉત્પન્ન.... મિથ્યાત્વ અને રાગ-દ્વેષાદિ ભાવોમાં એકતારૂપે લીન થઈ પ્રવર્તે છે.... (—એ) પર્યાયબુદ્ધિ છે. કર્મના ઉદયને અનુસાર એકતારૂપે મોહ અને રાગ-દ્વેષના ભાવમાં પ્રવર્તે છે.... એકતા થઈને (-કરીને) પ્રવર્તે છે.

ત્યારે પુદ્‌ગલકર્મના કાર્મણસ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિત થવાથી.... લ્યો ! છે તો રાગ-દ્વેષમાં સ્થિત, પણ આહીં (-આત્મામાં) સ્થિત નથી એટલે 'પુદ્‌ગલકર્મમાં સ્થિત છું'—એવું અજ્ઞાનપણે એણે માન્યું છે.... 'હું જાણે પરમાં સ્થિત છું.... પરમાં સ્થિત છું.' સમજાણું કાંઈ ? જે દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધના પરિણામમાં સ્થિત છે, એ ખરેખર (સ્વ)દ્રવ્યમાં સ્થિત નથી. એટલે 'પુદ્‌ગલકર્મમાં સ્થિત છે' (—એમ કહ્યું છે). સમજાણું કાંઈ ?

આ રીતે (જીવ) જ્યારે પ્રવર્તે છે ત્યારે....

('સ્વસમય'ની વ્યાખ્યામાં) એમ આવ્યું હતું કે જ્યારે (પુરુષાર્થ) કરે છે ત્યારે દર્શન-જ્ઞાન-(ચારિત્ર)માં સ્થિત થવાથી.... આહીં ('પરસમય'ની વ્યાખ્યામાં) પણ એમ કહ્યું છે કે જ્યારે તે (જીવ) આ રીતે ઉદય અનુસાર.... પ્રવર્તે છે (ત્યારે કાર્મણસ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિત થવાથી....)

ભગવાન આત્માના સ્વભાવને અનુસરતો નથી અને નિમિત્તને અનુસરે છે, તેથી પરદ્રવ્યના નિમિત્તથી થતાં.... ઉત્પન્ન થતાં (અર્થાત્) વસ્તુમાં નથી, (પણ) પરના લક્ષે (પર્યાયમાં) ઉત્પન્ન થતાં મોહરાગદ્વેષાદિ ભાવોમાં એકતારૂપે લીન....એકતારૂપે.... વસ્તુ (-રાગાદિ) પર છે, છતાં 'સ્વભાવમાં એ છે'—એમ માની તેમાં (-રાગાદિમાં) એકતારૂપે પ્રવર્તે છે (કે) 'એ રાગ ને દ્વેષ અને પુણ્ય-પાપ તે હું છું'. સમજાણું કાંઈ ? આહાહા !

શુભ-અશુભ રાગ, વિકલ્પ છે એમાં એકતારૂપે પ્રવર્તવું એ જ મિથ્યાદર્શન–જ્ઞાન ને મિથ્યાચારિત્ર છે. સમજાણું કાંઈ ? એકતારૂપે લીન થઈ પ્રવર્તે છે ત્યારે પુદ્ગલકર્મના કાર્મણસ્કંધરૂપ પ્રદેશોમાં સ્થિત થવાથી....—એમ (કહે છે, જ્યારે 'સ્વસમય'ની) વ્યાખ્યામાં 'દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થવાથી....' (—એમ) હતું પહેલાં (સ્વસમય)માં.

(સ્વસમય જીવ) પોતાના સ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન ને રમણતામાં સ્થિત છે, (જ્યારે) આ (પરસમય જીવ) કર્મપ્રદેશમાં સ્થિત છે. કારણ કે એના (–કર્મના ઉદય) અનુસાર થતાં રાગ–દ્વેષમાં સ્થિત છે એટલે 'કર્મના પ્રદેશના ભાગમાં સ્થિત છે'—એમ (કહે છે અર્થાત્) નિમિત્તમાં જ એનું ચિત્ત ચોંટ્યું છે. સમજાણું કાંઈ ? આહાહા !

શુદ્ધ ઉપાદાન ભગવાન આત્મા છે તેનાથી છૂટી.... 'છૂટી' એટલે કે (અજ્ઞાની આત્મતત્ત્વથી) છૂટેલો છે જ અનાદિનો. સમજાણું કાંઈ ? એમ કીધુંને (અહીંયા) ? 'આત્મતત્ત્વથી છૂટી'.... એટલે કે એ (અજ્ઞાની) પોતે (આત્મતત્ત્વથી) છૂટ્યો જ છે અને પરદ્રવ્યના નિમિત્તથી થતાં (રાગાદિમાં).... પુદ્ગલમાં સ્થિત થવાથી પરદ્રવ્યને પોતાની સાથે એકપણે.... લ્યો ! પરદ્રવ્યને પોતાની સાથે એક.... પરદ્રવ્ય.... એટલે (જે) વિકલ્પ છે રાગ.... દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધ આદિ વિકલ્પ છે એ પરદ્રવ્ય છે. પરદ્રવ્ય અનુસારે થયેલો ભાવ.... પરના નિમિત્તે થયેલો ભાવ 'પર' જ છે ખરેખર.

એવા પરદ્રવ્યને પોતાની સાથે.... ભગવાન આત્માનો તો જ્ઞાન–દર્શનસ્વભાવ છે, એમાં રાગ છે નહીં. રાગ આસ્રવતત્ત્વ છે, કર્મ અજીવતત્ત્વ છે. અજીવના અનુસારે થતો આસ્રવભાવ છે તેમાં એકતા થઈ (તો) સ્વભાવભાવ છૂટી ગયો (—એમ કહે છે). સમજાણું કાંઈ ?

એ પરદ્રવ્યને પોતાની સાથે એકપણે એક કાળમાં જાણતો અને રાગાદિરૂપ પરિણમતો.... દેખો ! 'જાણતો' તો લીધો, કારણ કે જ્ઞાનની પર્યાયનો (જાણવાનો) સ્વભાવ છે. એ વખતે જાણવું એ જ અંદર અવ્યક્તપણે છે—એમ (કહે છે). જ્ઞાનનું જાણવું (–સ્વનું જ્ઞાન થવું) જોઈએ, એને ઠેકાણે (–બદલે) રાગ અને દ્વેષ—બે અંશ કૃત્રિમ વિભાવભાવના છે એને જાણતો અને તેરૂપે

પરિણમતો.... લ્યો ! તે (જાણવું અને પરિણમવું—તે બન્નેનો) સમય એક જ લીધો. એક કાળમાં જાણતો અને રાગાદિરૂપ પરિણમતો.... ઓહોહો !

(પ્રશ્ન :) પુણ્ય-પાપને જાણે છેને ! ( છતાં) એ ('પરસમય' જીવ) ?

(સમાધાન :) (તે ભેદજ્ઞાન પૂર્વક જ્ઞાતા છે)—એમ નહીં. એ જ્ઞાનની પર્યાયમાં તે પ્રકારના રાગાદિ જે છે એને જાણવાનો 'વિકાસ' (–ઉઘાડ) છે, એ રીતે 'જાણતો'—એમ કહેવામાં આવ્યું છે. જે (પોતાને સ્વભાવમય) જાણવો જોઈએ, એને ઠેકાણે (પરસમય જીવ) પોતાને (રાગાદિપણે) જાણે છે. એવો જાણતો (અને) પરિણમતો.... સમજાણું કાંઈ ? (પરસમય જીવ રાગને) જુદો પાડીને (–ભેદજ્ઞાન કરીને) જાણતો નથી કે 'આ રાગ છે'.—એમ (કહેવું છે). એનો (–'જાણતો'નો) અર્થ એ છે કે જેમાં (–રાગાદિમાં) એકાકાર થાય છે (અને) તેને જાણવાનું કાર્ય ત્યાં જ્ઞાનની પર્યાયમાં થાય છે. (આ રીતે જાણવાનું) થાય છે ને પરિણમે છે. સમજાણું કાંઈ ?

સમયસાર સાંભળવાને માટે પણ અમુક જાતની પાત્રતા જોઈએ છે. પહેલેથી (–પહેલી ગાથામાં) કહ્યું હતુંને ? અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ.... અનંતા સિદ્ધને સ્થાપીએ છીએ. ભાઈ ! આ તો મોક્ષના માલ કાઢવાના છે. સમજાય છે ? ઘણી ગંભીરતા, ધીરજ અને અંદર અમુક જાતની પાત્રતા હોય ત્યારે આ વાત ખ્યાલમાં એને આવે. સમજાણું કાંઈ ? આ તો મૂળ વાત છેને ! મૂળ વાત છે.

ભાઈ ! તારું ડાકલું પરમાં વાગે છે. 'ડાકલા' નહીં હોતે ? સમજતે હૈં ? ડમરુ. આની કોર (–જમણી બાજુ) વાગે (અને) આની કોર (–ડાબી બાજુ) વાગે. આની કોર (સ્વભાવમાં) વાગવું જોઈએ, એને ઠેકાણે આની કોર (રાગાદિમાં) વાગે છે, કહે છે, તારું ડાકલું. રાગ–દ્વેષમાં એકાકાર થયો છે એ જ વખતે જાણવું ને પરિણમવું થાય છે એ ઊંધું છે તારું ડાકલું. આહાહા ! સમજાણું કાંઈ ?

તેને 'પરસમય' એટલે અણાત્મા.... એને અણાત્મા એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.... એ અણાત્મા છે—એમ શ્રદ્ધા કરવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા સચ્ચિદાનંદસ્વરૂપ, જ્ઞાન–દર્શનનો પિંડલો છે. એ એનું

હોવાપણું (છે, છતાં) એનું લક્ષ છોડી બીજી ચીજના (–કર્મના) ફળના અનુસારે પ્રવર્તતો, (મોહાદિમાં) એકાકાર થઈ લીન થતો, તે કાળે તેને (–રાગાદિને) જાણતો ને પરિણમતો (એવા) તેને (–અજ્ઞાનીને) 'પરસમય' કહેવામાં આવે છે. એ આત્મામાંથી નીકળી ગયો છે.... અણાત્મા છે એ. વ્યવહારે આત્મા, નિશ્ચયથી અણાત્મા. સમજાણું કાંઈ ?

શ્રોતા : આપને ફરમાયા ઈસલિયે અણાત્મા બૈઠ જાતા હૈ (–સમજાય જાય છે).

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં, વો (શાસ્ત્ર) કહતે હૈ તો હમ કહતે હૈ. રાગરૂપ પરિણમતે હૈં વો અણાત્મા હૈ. (રાગમેં) શરણ-બરણ કહાં યહાં (વીતરાગમાર્ગમેં).

શ્રોતા : બહોત કઠીન માર્ગ હૈ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : લ્યો ! માર્ગ તો.... વીતરાગકા માર્ગ હૈ, ભાઈ ! સર્વજ્ઞ પરમેશ્વર તીર્થંકરદેવને ઐસા કહા હૈ અને ઐસા હી (વસ્તુસ્વરૂપ) હૈન ? દૂસરી ક્યા (–કૌનસી) ચીજ હૈ ? સુનનેમેં, ખ્યાલમેં આતા હૈ કિ નહીં ? સમજમેં આયા ? આહા !

એ (અજ્ઞાનીને) તો ખબરેય નથી કે કઈ રીતે 'પરસમય'નું પરિણમન થાય છે અને કઈ રીતે 'સ્વસમય'નું (પરિણમન) થાય. એની વિધિની.... રીતની (પણ) ખબર ન મળે (અને) હાલો (–ચાલો) ધર્મ કરો.... સાધુ થાવ.... વ્રત લઈ લો.... (એવો ઉપદેશ અપાય છે).

શેના વ્રત ? ભાઈ ! તને ખબર નથી. તું કેવડો.... ક્યાં.... કેમ છો.... એને (–એની સમજણ) છોડીને તારામાં નથી એને (–મોહાદિને) વળગ્યો છો. સમજાણું કાંઈ ? વળગ્યો'તો (અર્થાત્) લીન થયો'તો. આહાહા ! આહીં તો એ કહે છે, વ્યવહારના.... દયા-દાન-વ્રતાદિના વિકલ્પ–વૃત્તિ ઊઠે છેને ! આ, એમાં જે સ્થિત છે એ પરસમય છે—એમ કહે છે આહીં તો. સમજાય છે કાંઈ ?

'અમારે (–અમે) વ્યવહારમાં છીએ.... અમે વ્યવહારમાં રહ્યા છીએ.... અમે વ્યવહારમાં પડ્યા છીએ'(—એમ કોઈ કહે છે, પરંતુ) એટલે શું ? એની વ્યાખ્યા શું ? ભગવાન આત્મા, પોતાના જ્ઞાન–દર્શનના હોવાપણાના....

સ્વભાવના પ્રતીતિ (–શ્રદ્ધા), જ્ઞાન ને રમણતા (–ચારિત્ર) છોડીને એ રાગાદિ ભાવની પ્રવૃત્તિમાં એકાકાર થઈને પડ્યો છે, કહે છે કે, એ અણાત્મા છે.... વ્યવહારના વિકલ્પમાં પડ્યો છે લીન થઈને, એ અણાત્મા છે (અર્થાત્) એ આત્મા નહીં, (પણ) મિથ્યાદ્રષ્ટિ સંસારી છે. હૈ ? દેખો ! સબ બાત સ્પષ્ટ હૈ, ઉસમેં કોઈ ગુપ્ત બાત હૈ નહીં.... પડદા પાછળ હૈ નહીં, પડદો ખુલ્લો છે. કહો, ભીખાભાઈ !

(ધર્મીપણું) ક્યાંથી લાવવું છે ?

કહે છે, (જે ધર્મસ્વરૂપ) 'છે' એમાંથી (ધર્મીપણું) આવશે કે નહીં હોય એમાંથી આવશે ? 'છે' (એમાંથી આવશે).

તો આત્માનો દર્શન ને જ્ઞાનસ્વભાવ છે એની સન્મુખની પ્રતીતિ, જ્ઞાન ને રમણતામાં લીન થવું એ આત્મા છે.... એ ધર્મી છે.... એ **'સ્વસમય'** છે.

(તથા) જે એનામાં (–પોતામાં) નથી એને (–મોહાદિને) ઉત્પન્ન કરીને એમાં સ્થિર થાય છે (અને) એને જાણતો (–જાણે છે તેમ જ) ટકે છે (અર્થાત્) પરિણમે છે એ અણાત્મા (**પરસમય**) છે.

આહાહા ! નવમી ગ્રૈવેયક ગયો જૈન સાધુ થઈ.... દિગંબર સાધુ હોં, પાછો દ્રવ્યલિંગી સાચો. આ તો બધા.... વસ્ત્ર–પાત્રવાળા દ્રવ્યલિંગી પણ નથી. દ્રવ્યલિંગી.... જે ૨૮ મૂળગુણ, પંચ મહાવ્રતના વિકલ્પ (પાળે છે તે), કહે છે કે, એમાં (–વિકલ્પમાં) ઠર્યો છેને ? ત્યાં પડ્યો છેને ? (તેથી).... જે એનામાં નથી એમાં એ પડ્યો છે (તેથી) અણાત્મા છે. સમજાય છે કાંઈ ? અમરચંદભાઈ ! આ શેઠિયાઓ પણ શું ? આ બધા મોટા.... મોટા થઈને (પણ આત્માની) દરકાર કરી નથી કાંઈ. મોટા.... મોટા બિરુદ લઈ લેવા શોભાના.... એ જ કર્યું છે, (આત્માની) દરકાર કરી નથી.

શ્રોતા : ....સુનનેકો નહીં મિલા..

પૂજ્ય ગુરુદેવશ્રી : એક ન્યાયે (–રીતે) બરાબર હૈ. (પણ) દૂસરા ન્યાયે, (સ્વયંને) અપની દરકાર કિયા નહીં. દરકાર કરી (હોય) તો ભગવાન બિરાજે છે.... કેવળજ્ઞાની બિરાજે છે ત્યાં કેમ ન ગયો ? સમજાય છે ?

જેણે પોતાના સર્વજ્ઞસ્વભાવ.... 'દર્શનજ્ઞાન(સ્વભાવ)'....(—એમ અહીં) આવ્યુંને ? સર્વદર્શિસ્વભાવ.... ભગવાનને સર્વદર્શિ-સર્વજ્ઞપણું પ્રત્યક્ષ છે પ્રગટ (અને) ભગવાન આત્મા (દર્શનજ્ઞાનસ્વભાવમય છે)....

'દર્શનજ્ઞાનસ્વભાવ'—એમ (અહીં) લીધુંને ?

'દર્શનજ્ઞાનસ્વભાવ'.... એટલે કે....

(૧) સર્વદર્શન, (૨) સર્વજ્ઞ(સ્વભાવ)....

એટલે કે

(૧) પુરું દર્શન અને (૨) પુરું (જ્ઞાનસ્વભાવ).

'આત્મા' એટલે શું ? કે....

દર્શનજ્ઞાનસ્વભાવ....

એટલે શું ?

(૧) પૂર્ણ દર્શન, (૨) પૂર્ણ જ્ઞાન(સ્વભાવ).

એટલે શું ?

એકલો....

(૧) સર્વદર્શન, (૨) સર્વજ્ઞાન એવો સ્વભાવ.

—એના સમીપમાં એકાગ્ર ન થતાં.... સર્વજ્ઞ, સર્વદર્શિસ્વભાવી ભગવાન પરમાત્મા પોતે (છે) એના સમીપમાં એકાગ્ર ન થતાં, જે એનામાં નથી.... (અર્થાત્ આત્મામાં) અલ્પજ્ઞપણું પણ નથી (અને) અહીં તો, (આત્મામાં) રાગ-દ્વેષ પણ નથી ને પર (પણ) નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

એનામાં (–આત્મામાં) તો પૂર્ણ સ્વભાવ.... એકલું દર્શન, એકલું જ્ઞાન. 'એકલું' (એટલે) પૂર્ણ.... 'એકલું' (એટલે) સર્વ.. સર્વ.. સર્વ. સર્વ(દર્શન-જ્ઞાન છે) એની સમીપતાને છોડી, જેણે કર્મના સમીપમાં દ્રષ્ટિ આપી છે (ને) એને (–કર્મને) અનુસારે થતાં વિકલ્પ.... ચાહે તો દયા-દાન, વ્યવહારરત્નત્રયનો રાગ હો એમાં જે સ્થિત છે તે (મિથ્યાદ્રષ્ટિ છે). એ તો

જ્ઞાનના પર્યાયનો સ્વભાવ છે કે તે કાળે (થતાં) તેને (–રાગાદિને) જાણે, (પણ) તેરૂપે પરિણમે છે (તો) એ મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ ?

હજારો રાણીને છોડીને ત્યાગી થયો હોય, પંચ મહાવ્રતના વિકલ્પો પણ એની પાસે હોય શુભ, (પણ) એમાં સ્થિત છે તે મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ ?

કેમ ?

(કેમ) કે જે જેમાં (–પોતામાં) નથી એમાં એ સ્થિર થયો છે એટલે મિથ્યાશ્રદ્ધા થઈ (અને) જે જેમાં (–પોતામાં) છે તેમાં સ્થિર થાય છે તો સમ્યક્ થયું એ તો. સમજાણું કાંઈ ?

એને 'પરસમય' એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.... ઓહોહો ! એક ગાથાએ બંધ(માર્ગ) અને મોક્ષમાર્ગનો નિકાલ ! અરે ! એવી વાત સાંભળવાય મળે નહીં, (તો) એ....

(૧) સાંભળ્યા વિના એનો વિચાર કેમ કરે અને
(૨) (વિચાર કાર્ય વિના) રુચિમાં કેમ લે અને
(૩) (રુચિમાં લીધા વિના) સ્વ-સન્મુખ કેમ (થાય) ?

સમજાણું કાંઈ ?

આ રીતે જીવ નામના પદાર્થને.... લ્યો ! પહેલાં 'પદાર્થ' કીધો હતોને સાત બોલે ? એવા જીવ નામના પદાર્થને સ્વસમય અને પરસમય—એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.... આહાહા ! અરે ! બેપણું (થયું એ) બગડ્યો. સમજાણું કાંઈ ? બેપણું પ્રગટ થયું..... એકલો ભગવાન આત્મા (છે તેની સાથે એકતા થવી જોઈએ) એને ઠેકાણે (–બદલે) આ રાગાદિની (સાથે) એકતા (થઈ એ) બગડ્યો.... દ્વિવિધપણું ઉત્પન્ન થયું (અને) એ એને શોભા પામતું નથી. સમજાણું કાંઈ ?

એવું દ્વિવિધપણું પ્રગટ થાય છે.... જોયું ? 'પ્રગટ થાય છે'.... (—એમ કહ્યું છે). એક(પણે) દ્રવ્ય (છે), (છતાં) એણે સ્વ(માં એકપણે) પરિણમવું છોડી દઈને રાગાદિનું એકત્વ (કરતાં, દ્વિવિધપણું) પ્રગટ થાય છે (અને) એ 'મોટો ગોટો (–ગોટાળો)' ઊઠ્યો (—એમ) કહે છે.

ભાવાર્થ :—જીવ નામની વસ્તુને પદાર્થ કહેલ છે.... હવે 'જીવ' એવો અક્ષરોનો સમૂહ તે 'પદ' છે. 'પદ'.... (શબ્દ) છેને ? પદાર્થ. 'પદાર્થ' = પદ એનો અર્થ.

(દ્રષ્ટાંત :) સાકર 'પદ' (–શબ્દ છે), એનો અર્થ (એ) સાકર વસ્તુ. શબ્દ 'સાકર' છેને શબ્દ ? એ પદ (છે અને) એનો અર્થ (તે) સાકર (પદાર્થ છે). એમ....

(સિદ્ધાંત :) 'જીવ' નામનો શબ્દ.... 'જી.... વ' બે અક્ષર. 'જીવ' તે પદ થયું, પદ (–શબ્દ) અને તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ અનેકાંતસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે. 'તે પદથી'.... એટલે કે એ તો શબ્દો છે, પણ એ શબ્દમાં એમ કહ્યું કે આ 'જીવ' દ્રવ્ય ને પર્યાયસ્વરૂપ છે. તે પદ (–શબ્દ) છે તે વાચક છે (અને) એનું વાચ્ય છે આ દ્રવ્ય–પર્યાય(સ્વરૂપ પદાર્થ). તે પદથી જે દ્રવ્યપર્યાયરૂપ.... 'દ્રવ્ય'.... નામ ધ્રુવપણું અને 'પર્યાય'.... નામ ઉત્પાદ –વ્યયપણું.

અનેકાંતસ્વરૂપપણું.... જુઓ ! દ્રવ્યમાં પર્યાય નથી, પર્યાયમાં દ્રવ્ય નથી; પરથી પોતે નથી, પોતે પરમાં નથી.... એવું જે અનેકાંતસ્વરૂપપણું.... ('અનેકાંત') = અનેક+અંત એટલે કે (અનેક) ધર્મસ્વરૂપપણું નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.... પદ 'જીવ' (અર્થાત્) 'જીવ' એ એક (શબ્દ) થયો.

'જી' અક્ષર થયો,
'વ' અક્ષર થયો (અને)
તે બે થઈને પદ (–શબ્દ) થયું.... 'જીવ' પદ.
એ પદે દ્રવ્ય–પર્યાયને બતાવ્યા છે તે વાચ્ય (પદાર્થ) છે.

આ વાંચતાય આ રીતે નથી આવડતું રતિભાઈ ! કેટલાય વર્ષથી પડ્યું હશે પુસ્તક કો'કને (ત્યાં)....

કહે છે કે આ પદ.... (ષટ્ખંડાગમના પ્રથમ ખંડમાં) 'સત્' પદ પ્રરૂપણા છેને ? 'સત્' હોય એની પ્રરૂપણા હોયને ? એના (–વાચ્ય એવા 'સત્'ના વાચક) પદો (–શબ્દો) છે અને (તેથી) પદો તે 'સત્'ને બતાવે છે—એમ કહે છે. સમજાણું ? કોઈ પણ (વાચક) શબ્દ હોય એનું વાચ્ય (હોયને ? અને વાચ્ય)

હોય તો (વાચક) શબ્દ હોયને ? તો કહે છે કે 'જીવ' એ (વાચક) શબ્દ છે, શબ્દ. એ વાચક (છે એણે) બતાવવાનું છે દ્રવ્યપર્યાયરૂપ.... દ્રવ્યપર્યાય(રૂપ) (–વાચ્ય). 'દ્રવ્ય'.... એટલે કાયમ રહેનારું (તત્ત્વ અને) 'પર્યાય'.... એટલે અવસ્થા. અનેકાંતસ્વરૂપપણું.... જુઓ, નિશ્ચિત કરવામાં આવે તે પદાર્થ છે.

એ જીવપદાર્થ.... હવે (જીવના) સાત બોલ આવ્યા.

(૧) ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યમયી સત્તાસ્વરૂપ છે.... લ્યો ! ત્યાંથી ઉપાડ્યું પહેલું.... 'ઉત્પાદ'થી ઉપાડ્યું....
'ઉત્પાદ'.... નવી અવસ્થા ઊપજે,
'(વ્યય)'.... જૂની અવસ્થા જાય,
'(ધ્રૌવ્ય)'.... સદ્રશ જાતિપણે ટકી રહે.

—એવું સત્તાસ્વરૂપ છે.... એવા હોવાવાળી ચીજ છે આત્મા–જીવ.

(૨) દર્શનજ્ઞાનમયી ચેતનાસ્વરૂપ છે.... બીજો બોલ. 'દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ'....(—એમ ટીકામાં) આવ્યું'તુંને ? ચેતનાના સ્વભાવને લઈને દર્શનજ્ઞાન–જ્યોતિસ્વરૂપ છે.

(૩) અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે.... (આત્મા) એકલા ચૈતન્યગુણ જેટલો નથી, અનંતધર્મસ્વરૂપ દ્રવ્ય છે અને તેથી તે દ્રવ્ય હોવાથી વસ્તુ છે.... —એમ લીધું (પંડિત જયચંદજીએ). મૂળ તો 'દ્રવ્ય' સિદ્ધ કરવું છે એમાં (–ટીકામાં), પણ (ભાવાર્થમાં) આમ લીધું. અનંતધર્મસ્વરૂપ વસ્તુ હોવાથી તે દ્રવ્ય છે—એમ લેવું.... અનંતધર્મસ્વરૂપ વસ્તુ હોવાથી તે દ્રવ્ય છે. તે એક દ્રવ્યનો (બોલ) થયો. સમજાણું કાંઈ ?

આ બહુ.... ઘૂંટાય છે તો બહુ જાદવજીભાઈ ! (એટલે) યાદ રહે એવું છે હોં. રાત્રે (–રાત્રિચર્ચામાં) ભીખાભાઈને પૂછતાં હેં.... હેં.... થઈ ગયું થોડું. અમારા શેઠને કસીએ છીએ હવે. શેઠ હમણાં આવતા નથી રાત્રે (–રાત્રિચર્ચામાં), નહીં તો આ તો પૂછીએ. અહીં તો પરીક્ષા લેવાની છે આની. શું કર્યું, શું ભણ્યા (–શીખ્યા) તમે આટલા (દિવસ)માં ? ઠીક, પણ હવે આવીને

અહીંયા પડ્યા (–રહ્યા) તો છે. 'આનંદઘન પ્રભુ ઘર દ્વારે....' આવે છેને ? 'રટણ કરું ગુણધામા.' (આનંદઘનજીકૃત પદ). ઓહો !

(૪) ગુણપર્યાયવાળો છે....—એ ક્રમ–અક્રમની (વાત) લીધી. ક્રમે અને અક્રમે પ્રવર્તતા ગુણ ને પર્યાય જેણે અંગીકાર કર્યા છે. ('उत्सङ्गित') 'ખોળામાં લીધા છે'....—એમ (સંસ્કૃત ટીકામાં) આવ્યું'તુંને ?

(૫) તેનું સ્વપરપ્રકાશક જ્ઞાન અનેકાકારરૂપ એક છે.... સ્વ અને પરને જાણવા છતાં.... અનેકાકાર (જ્ઞાન થવા) છતાં.... વસ્તુ તો —જ્ઞાનની પર્યાય એકરૂપ છે.

(૬) વળી તે (જીવપદાર્થ) આકાશાદિથી ભિન્ન અસાધારણ ચૈતન્યગુણસ્વરૂપ છે....—એમ (કહે છે).

ગુણ.... (પાંચ જડદ્રવ્યોના ખાસ) ગુણથી (જીવને) ભિન્ન લીધો'તોને ? પાંચ (જડ)દ્રવ્યના ખાસ ગુણ છે તે ગુણ વર્ણવ્યા, (તે દ્વારા અન્ય) દ્રવ્ય વર્ણવ્યા (અને) એનાથી ભિન્ન (ચૈતન્ય)ગુણવાળો (જીવ) વર્ણવ્યો. આહાહા ! સર્વજ્ઞ પરમાત્મા છે એણે જોયેલા (છ) પદાર્થનું સ્વરૂપ આ છે. સમજાણું કાંઈ ?

(૭) અને અન્ય દ્રવ્યો સાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં પોતાના સ્વરૂપને છોડતો નથી.... વસ્તુ કાંઈ છૂટે (–અભાવ થાય) ? પરથી નાસ્તિ અને સ્વથી અસ્તિ (—એમ) સદૈવ-ત્રિકાળ વસ્તુ ટકી રહી છે એમ ને એમ.... પરથી નાસ્તિ (ને) સ્વથી અસ્તિ (—એ રીતે) એમ ને એમ (ટકી) રહી છે વસ્તુ. ભલે (અન્ય દ્રવ્યો સાથે) એક જગ્યાએ રહે, (છતાં) પોતાના સ્વરૂપને છોડતો નથી.

સાત (બોલ) થઈ ગયા. લ્યો ! સાત આવ્યા બોલ. જોયું ?

આવો જીવ નામનો પદાર્થ.... આવો (જીવ) સમજે એને સાત પ્રકૃતિનો (–દર્શનમોહનીયની ૩ ને ચારિત્ર મોહનીયની ૪ પ્રકૃતિનો) નાશ થાય.... ક્ષાયિક સમકિત થાય.

આવો જીવ નામનો પદાર્થ સમય છે. જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય.... જોયું ? સ્વભાવમાં સ્થિત હોય.... દર્શન–જ્ઞાન(સ્વભાવમાં) સ્થિત હોય ત્યારે દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાયમાં સ્થિત હોય (જ)—એમ (કહેવું છે).... પોતાના દર્શન-જ્ઞાન(રૂપ) કાયમી સ્વભાવમાં સ્થિત હોય, ત્યારે તે દર્શન-જ્ઞાન-ચારિત્ર પર્યાયમાં સ્થિત હોય (જ)—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ? ત્યારે (તો) સ્વસમય છે.... ત્યારે તેને 'આત્મા' કહેવામાં આવે છે.... તેને ધર્મી કહેવામાં આવે છે.

લ્યો ! હવે (એક પંડિત) કહે છે : 'સ્વસમય' ચૌદમા (ગુણસ્થાન) સુધી ન હોય, પરસમય હોય. સિદ્ધને 'સ્વસમય' હોય. દિલ્હીમાં (એક પંડિતે) ભાષણ કર્યું હતું એવું.... લ્યો ! ઓહોહો ! સવારના (પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન પછી ભાષણ) કર્યું'તું પહેલાં (સંવત ૨૦૧૩માં) ગયા (હતા) ત્યારે. એ જાણે (–પંડિતને ખબર) કે આ (કાનજીસ્વામી) સ્વસમયની વાત કરે છે ચોથા ગુણસ્થાનથી, (એથી) એ કહે : 'સ્વસમય સિદ્ધને હોય, આપણને નહીં જાવ.' આહાહા ! સમજાણું કાંઈ ?

બહારમાં પુણ્યપ્રકૃતિ અને બોલવાની ભાષાનો યોગ (હોય એટલે પ્રસિદ્ધિ મળે). 'પંડિત' તત્ત્વ એને કહેવાય....

મેં કીધું : 'આ (પંડિત) શું કહે છે ?'

'કહે છે' (—એમ) એને (–પંડિતને) નહોતું કહ્યું, જિનેન્દ્ર (વર્ણી)ને કહ્યું હતું.

(જિનેન્દ્ર વર્ણી કહે) : 'કોઈ અપેક્ષાથી લ્યો.'

ભારે ભાઈ આ 'અપેક્ષા !' કઈ અપેક્ષા ?

(મેં) કીધું : 'આ (પંડિત) પરસમય ચૌદમા (ગુણસ્થાન) સુધી કહે છે ને સ્વસમય સિદ્ધને કહે છે, આ શું (કહે છે) ?'

(જિનેન્દ્ર વર્ણી) કહે : 'કોઈ અપેક્ષાથી લ્યો.'

(જીવો બાહ્ય ત્યાગમાં) મરી (–ઠગાઈ) ગયા છે. લ્યો ! (ત્યાગી થયા એટલે) લુગડાં (તો) ફર્યાં, (પણ હવે બીજું) કાંઈક ફેરવવું છે ? શું થયું આ !

(પણ) એનું પદ (–મોટાઈ) રાખવું છેને.... કૈલાસચંદજીએ વખાણ કર્યા : 'બઢીયા વ્યાખ્યાન કિયા'....(—એમ કહ્યું). કોણ જાણે શું ચાલે છે આંધળું ?

(બાહ્ય ત્યાગ જોવે એટલે) માણસ ભેગા થાય. દસ–દસ હજાર.... પંદર-પંદર હજાર.... માણસ હોં. આ મેરઠ.... મેરઠ.... બડૌત ? ક્યાં ? અત્યારે ? બડૌત. (એક બાહ્ય ત્યાગી) બડૌત ગયા ત્યાં લાખ માણસ (ભેગા થયા હતાં).... ઊછળી ઊઠે માણસ.... લોકોને જાણે આહાહા ! (–આશ્ચર્ય થાય).

અરે ભગવાન ! શું છે ભાઈ ? બહારની ચીજને લઈને અંતરને શું છે ? અંતરવસ્તુ.... જ્યાં વિકલ્પ ટકતો (–પ્રવેશતો) નથી એવી જે ચીજ છે.... આ, તેને જાણ્યા વિના બધા થોથે થોથાં છે. (અજ્ઞાની), જ્યાં ટકવા (જેવું) છે ત્યાં ટકતો નથી (અને) જ્યાં ટકવા (જેવું) નથી ત્યાં ટકીને પડ્યો છે. સમજાણું કાંઈ ? આહાહા ! એ એમ (જ) અનાદિની વસ્તુસ્થિતિ છે.... દુર્લભ વસ્તુ છે.

જ્યારે તે પોતાના સ્વભાવમાં સ્થિત હોય ત્યારે તો સ્વસમય છે અને જ્યારે પરસ્વભાવ—રાગદ્વેષમોહરૂપ થઈને રહે.... પુણ્ય ને પાપના વિકલ્પમાં (એકાકાર) રહે ત્યારે મિથ્યાત્વ ને રાગ-દ્વેષમાં રહ્યો છે.... ત્યારે પરસમય છે. કહો, સમજાણું ? એ પ્રમાણે જીવને દ્વિવિધપણું આવે છે.... એક ફીટીને બે –બીજો (–પરસમય) થઈ ગયો—એમ કહે છે.

હવે, ત્રીજી ગાથા.

અલૌકિક ગાથાઓ છે એકેક.... એકેક !

હવે, સમયના દ્વિવિધપણામાં આચાર્ય બાધા બતાવે છે.... અરે ! એકમાં બીજું શું આ વળી ? આ, રાગ ને પુણ્ય ને વિકલ્પનો સંબંધ..... અરે ! બંધનો સંબંધ.... બંધ–સંબંધ.... રાગનો (–ભાવકર્મનો) સંબંધ ને શરીર (–નોકર્મ ને) કર્મનો (–દ્રવ્યકર્મનો) સંબંધ.... આ, એક(રૂપ) ચીજને આ શું (–કેમ) ? સમજાણું કાંઈ ?—એ ત્રીજી ગાથામાં કહે છે.

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे ।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि ।।३।

એકત્વ-નિશ્ચય-ગત સમય સર્વત્ર સુંદર લોકમાં;
તેથી બને વિખવાદિની બંધનકથા એકત્વમાં. ૩.

એનો શબ્દાર્થ (–અન્વયાર્થ) લઈએ.

(અન્વયાર્થ:—) એકત્વનિશ્ચયને પ્રાપ્ત જે સમય છે તે લોકમાં બધેય સુંદર છે.... સ્વરૂપ (–પદાર્થ) પોતે પોતામાં એકપણે રહે તે સુંદરતા ને શોભા છે.... પ્રત્યેક પદાર્થ પોતે પોતામાં (એકપણે) રહે તે સુંદરતા ને શોભા છે.

તેથી એકત્વમાં બીજાના સાથે બંધની કથા.... 'બંધની કથા'નો અર્થ બંધનો ભાવ. એક(રૂપ) ભગવાન આત્માની સાથે આ કર્મ અને આ રાગ–દ્વેષ.... આ શું (–કેમ) ? ભગવાન ચૈતન્યદ્રવ્ય જ્ઞાયકમૂર્તિ છે એની સાથે આ વિકલ્પના.... પુણ્ય-પાપના થોકડા ? વિકલ્પ છે એ (સાથે) સંબંધ ? આ સંબંધ શો ? અબંધને આ સંબંધ શો ? સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા દર્શન–જ્ઞાનસ્વભાવી, અબંધસ્વરૂપ છે.... એકત્વપણે એ તો છે. એમાં આ પુણ્ય ને પાપના વિકલ્પ ને રાગ—વિકાર ?—એનો સંબંધ શું ? અબંધ (તત્ત્વ)ને આ સંબંધ શું ? (એ તો) વિપરીતપણું ઊભું થઈ ગયું. સમજાણું કાંઈ ? એ બીજાના સંગે બદલીને બગડી ગયો (—એમ) કહે છે. સમજાણું કાંઈ ?

બીજાના સાથે બંધની કથા.... 'કથા' તો વાચકથી (–વાચકની અપેક્ષાએ) એક શબ્દ મૂક્યો છે હોં. વાર્તા ખોટી નથી, વાર્તા તો વાર્તા છે. (પણ 'બંધની કથા' એટલે) બંધભાવ. એક(રૂપ) વસ્તુમાં રાગનો સંબંધ અને કર્મના રજકણનો નિમિત્તરૂપ બંધ—આ શું ? સાથે.... સાથે 'લપ' ? સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા દર્શન–જ્ઞાનસ્વભાવનો પિંડ પ્રભુ, એકપણે છે. એમાં, એનામાં નથી એવા કૃત્રિમ વિકારો ને અજીવપદાર્થનો સંબંધ.... (અર્થાત્) એ બીજાની સાથેનો ભાવ વિરોધ કરનારી વાત છે.... એ સ્વભાવનો વિરોધ કરે

છે.... સમજાય છે કાંઈ ? વિસંવાદ ખડો કરે છે. 'વિસંવાદ' = સંવાદથી વિરુદ્ધ.... 'વિસંવાદ' = સત્યથી વિરુદ્ધ.... 'વિસંવાદ' = વિરોધ કરે છે.

ટીકા :—અહીં 'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે.... અહીં ('સમય' એટલે) સર્વ (પદાર્થ) લેવા. (બીજી ગાથામાં) 'સમય'માં જીવ લીધો હતો. (ત્યાં) જીવને (–જીવની વાત) લેવો હતોને ? હવે આહીં સમુચ્ચય બધાને (–છએ દ્રવ્યોને) સ્થાપી, એ બધા સર્વત્ર (પોતાથી) એકપણે હોય એ શોભે છે, (પણ) પરના સંબંધે (તેની) શોભા નથી—એમ સિદ્ધ કરવા બધા દ્રવ્યને સાથે લીધા.

'સમય' શબ્દથી સામાન્યપણે સર્વ પદાર્થ કહેવામાં આવે છે કારણ કે વ્યુત્પત્તિ પ્રમાણે '**समयते**' એટલે એકીભાવે.... એકસાથે પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ..... પોતાની શક્તિ ને અવસ્થાને પ્રાપ્ત થઈ.... દરેક દ્રવ્ય પોતાની શક્તિ ને પર્યાયને પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય.... લ્યો ! ઠીક. આ નિમિત્તને પ્રાપ્ત થઈ ને ફલાણાને પ્રાપ્ત થઈ (પરિણમન કરે)—એમ કાઢી નાખ્યું આહીં તો. 'પોતાના ગુણપર્યાયોને પ્રાપ્ત થઈ'—એમ લીધું છે. છેને ? '**गच्छति**'.... '**गच्छति**'.... નો (અર્થ) કર્યોને ? બરાબર.

દરેક પદાર્થ.... (દરેક) વસ્તુ, એની શક્તિઓને અને એની પર્યાયને પ્રાપ્ત છે. દરેક વસ્તુ એની શક્તિઓ એટલે ગુણ અને એની અવસ્થા—એને પ્રાપ્ત છે. તે પ્રાપ્ત થઈ જે પરિણમન કરે તે સમય.... હવે સમયના (–દ્રવ્ય/પદાર્થના) નામ આપ્યા (–આપે છે). તેથી....

(૧) (ધર્મ :) એક ધર્માસ્તિકાય વસ્તુ છે,
(૨) (અધર્મ :) એક અધર્માસ્તિ(કાય),
(૩) (આકાશ :) એક આકાશ,
(૪) (કાળ :) અસંખ્ય કાળાણુઓ,
(૫) (પુદ્ગલ :) અનંત પુદ્ગલ,
(૬) (જીવ :) અનંત જીવદ્રવ્ય.

—એવા સ્વરૂપ લોકમાં.... આવા છ દ્રવ્યસ્વરૂપ લોકમાં.... દેખો ! આ છ દ્રવ્યસ્વરૂપ લોકમાં સર્વત્ર જે કોઈ જેટલા જેટલા પદાર્થો છે.... 'સર્વત્ર'—બધા

સ્થાનમાં, જે કોઈ જેટલા જેટલા.... સંખ્યાવાળા પદાર્થો છે તે બધાય નિશ્ચયથી એકત્વનિશ્ચયને પ્રાપ્ત હોવાથી જ સુંદરતા પામે છે.... તે બધા નક્કીપણે (પોતાથી) એકપણે રહેવાથી તેની શોભા ને સુંદરતા છે.

અન્ય પ્રકારે તેમાં સંકર, વ્યતિકર આદિ સર્વ દોષો આવી પડે.... લ્યો ! બીજી રીતે કરતાં (–બીજારૂપે પરિણમતાં) **'सर्वेषां युगपत्प्राप्तिस्संकर:'**.... (સપ્તભંગી તરંગિણી, ત્રીજા અધિકારમાં આધારરૂપે).... બેનું (–બે પદાર્થનું) એકપણું થઈ જાય અથવા (પદાર્થ) એકબીજામાં ભળી જાય. આવું (–પોતાથી એકપણું) જો ન હોય તો (પદાર્થ) એકબીજામાં ભળી જાય એવો સંકર ને વ્યતિકર દોષ આવે છે. એ વાત વિશેષ કહેશે, લ્યો !

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૧**

**ગાથા - ૩**

**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧૧, બુધવાર, તા. ૧૮-૯-'૬૮**

ત્રીજી ગાથા. જીવ–અજીવ અધિકાર. અહીં સુધી આવ્યું છે જુઓ !

અન્ય પ્રકારે તેમાં સંકર, વ્યતિકર આદિ સર્વ દોષો આવી પડે*[1].... અહીં સુધી આવ્યું છે. શું કહે છે ? આ જગતમાં જેટલા પદાર્થો છે.... આત્માઓ, આ પરમાણુઓ (આદિ) એ જગતની ચીજો છે. એ પોતપોતામાં રહેલી (–રહે તો) શોભા પામે છે, (પણ) પરના સંબંધથી તે અશોભાને પામે છે—એમ કહે છે.

આ આત્મા છે (તે) સચ્ચિદાનંદ શુદ્ધસ્વરૂપ, જ્ઞાયક.... જાણનાર–દેખનાર, આનંદસ્વરૂપ છે. એમ આ પરમાણુ છે એ જડ.... રંગ-ગંધ-રસ-સ્પર્શવાળી ચીજ—માટી છે. એ (આદિ) દરેક પદાર્થ પોતામાં રહ્યા.... (પરના) સંબંધ વિના એ શોભે, પણ પોતે પોતાને છોડીને પરના સંબંધમાં આવે તો એ શોભા પામે નહીં, દુઃખી (–અશુદ્ધ) થાય. શું કહ્યું સમજાણું ?

ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ.... જેની હયાતીમાં બધું જણાય એવો જાણનાર ચૈતન્ય છે તે પરના સંબંધ વિના પોતાના સ્વભાવમાં એકત્વ પામે, એ એની સ્થિતિ અને એ એનું સ્વરૂપ છે. (પણ) એને છોડીને પુદ્ગલકર્મ આદિ જે જડવસ્તુ છે એના અંતર સંબંધને પોતે (આત્મા) પામે તે 'દ્વિધા' છે (અને તેથી) વિકારની ઉત્પત્તિ થતાં સ્વરૂપથી ભ્રષ્ટ થઈ અનાદિનો પરના સંબંધમાં રખડી રહ્યો છે. સમજાય છે કાંઈ ?

'સંકર*[2] અને વ્યતિકર*[3] (દોષ)'.... (દરેક પદાર્થ પોતાથી એકત્વ છે. જો) એમ ન હોય તો એક પદાર્થ બીજા પદાર્થરૂપે બદલી જાય (અર્થાત્) એક પદાર્થ બીજા પદાર્થરૂપે થઈ જાય, (પણ) એમ બને નહીં. વસ્તુ છે (તે) સત્

---

*[1] (૧) સંકર, (૨) વ્યતિકર, (૩) વિરોધ, (૪) અનવસ્થા (૫) વૈયાધિકરણ (૬) ઉભય, (૭) સંશય, (૮) અપ્રતિપત્તિ, (૯) અભાવ, આ સંકરાદિ દોષ છે.

*[2] સર્વ વસ્તુઓ પરસ્પર મળવાથી એક વસ્તુરૂપ થઈ જાય.

*[3] જે વસ્તુની કોઈ પણ પ્રકારે સ્થિતિ ન હોય (જેમ કે ચક્ષુથી સાંભળવું).

છે.... આત્મા, રજકણો, જગતના (બીજા) અજીવ તત્ત્વો, તે સત્ છે.... એ પોતાથી ત્રિકાળ ટકી રહ્યા છે. સમજાય છે કાંઈ ?

જો એમ ન હોય તો પરના સંબંધમાં આવતાં (પોતે) પરરૂપ થઈ (જાય).... પરરૂપ થઈ (જાય).... (અથવા) કાં પર (પદાર્થ) પોતાનું (સત્પણું) ગુમાવી (આત્મરૂપ થઈ જાય) અને કાં પોતે (આત્મા) પરરૂપ થઈ જાય. (પણ) એમ બને નહીં. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે જરી. અનંત કાળમાં એણે (આ વાત સાંભળી નથી).

હવે અહીંયા (મહાસિદ્ધાંત) આવે છે જુઓ !

કેવા છે તે સર્વ પદાર્થો ? કેવા છે તે વસ્તુ ભગવાન આત્મા ને રજકણે-રજકણ (આદિ) એક-એક (પદાર્થ) ? પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના ચક્રને ચુંબે છે.... શું કહે છે ? દરેક આત્મા અને દરેક રજકણ.... પરમાણુ (આદિ) જગતના પદાર્થ છે એ દરેકમાં એના (–પોતાના) અનંતા ધર્મ છે.

'ધર્મ'.... એટલે સ્વભાવ.... એના ગુણો. આત્મામાં જ્ઞાન-દર્શન આદિ ગુણ, પરમાણુમાં રંગ-ગંધ-રસ-સ્પર્શ આદિ આ જડ ગુણ છે. એવા દરેક પદાર્થ પોતે પોતાની શક્તિરૂપ ગુણ અને પોતાની પર્યાયને.... અવસ્થાને..... હાલતને.... દશાને.... સ્પર્શે છે. દરેક પદાર્થ પોતાની શક્તિ અને અવસ્થાને સ્પર્શે છે. સમજાણું કાંઈ ?

પોતાના દ્રવ્યમાં અંતર્મગ્ન.... આત્મામાં જાણવું, દેખવું, આનંદ, શાંતિ એવી જે અનંત શક્તિઓ છે એ આત્મામાં અંતર્મગ્ન વસ્તુ (–રહેલી) છે. એમાં (–આત્મામાં) રહેલ પોતાના અનંત ધર્મો.... જ્ઞાન, દર્શન, ચારિત્ર.... 'ધર્મ'.... એટલે સ્વભાવ અને (તેને) ધરનાર આત્મા (ધર્મી). એવા જે એના (–આત્માના) ધર્મો (છે) એના ચક્રને.... અનંત (ધર્મોના) સમૂહને.... આત્મા પોતાના ધર્મને.... શક્તિને નામ સ્વભાવને અડે છે—સ્પર્શે છે—ચુંબે છે—આલિંગન કરે છે.

આ પરમાણુ.... એક એક રજકણ—પોઈન્ટ (–પરમાણુ).... આ (શરીર) કાંઈ મૂળ ચીજ નથી, ઘણા પોઈન્ટ એકઠા થઈને આ દેખાય છે. (તેનો) છેલ્લો ટુકડો—કે જેને કહીએ 'પરમાણુ'.... નાનામાં નાનો (અણુ), એમાં પણ રંગ, ગંધ, રસ, સ્પર્શનું અસ્તિત્વ છે. એ રજકણ, એના અનંતા ધર્મને.... જે રંગ, ગંધ આદિ એમાં રહેલ છે એને સ્પર્શે છે—એને ચુંબે છે—એને આલિંગન કરે છે, (પણ) એક પદાર્થ બીજા પદાર્થને ચુંબતો નથી. ભારે વાત ! શેઠ !

શ્રોતા : સબ અલગ-અલગ હૈ.
પૂજ્ય ગુરુદેવશ્રી : અલગ-અલગ હૈ....

દેખો ! સર્વ પદાર્થ.... 'છે' એવી ચીજો પોતાના દ્રવ્યમાં.... એટલે પોતાની વસ્તુમાં અંતર્મગ્ન રહેલ.... કારણ કે વસ્તુ છે, (તો) એ વસ્તુનો....

સ્વભાવ હોયને ?
શક્તિ હોયને ? એના
ગુણ હોયને ?
એ 'સત્'નું સત્ત્વ હોયને ?

વસ્તુ 'સત્' છે એનું સત્ત્વ એટલે ગુણ ને અવસ્થા. એ (વસ્તુ) પોતામાં અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મો.... અનંત શક્તિ.... અનંત ભાવ.... અનંત સ્વભાવ....છે એના ચક્રને.... નામ (સમૂહને) સ્પર્શે છે તોપણ જેઓ પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી....

(૧) આત્મા આ પરમાણુને અડતો નથી (–<u>અત્યંત અભાવ</u>),
(૨) એક પરમાણુ આત્માને સ્પર્શતો નથી (–<u>અત્યંત અભાવ</u>),
(૩) એક પરમાણુ બીજા (પરમાણુ)ને પણ સ્પર્શતો નથી (–<u>અન્યોન્ય અભાવ</u>).

ઝીણી વાત છે. અનંત કાળથી એણે 'એકત્વનિશ્ચય' શું ચીજ છે તે સાંભળી નથી (અને) સાંભળી નથી એટલે કરી નથી.... પ્રગટ કરી નથી અને એ પ્રગટ કર્યા વિના એને શુદ્ધતા પ્રગટ થાય નહીં અને જન્મ-મરણ ટળે નહીં. અનાદિના જન્મ-મરણ.... અવતાર કરી રહ્યો છે.

એ (દ્રવ્ય) છે.... અહીં તો એ સિદ્ધ કરવું છે....

(દ્રષ્ટાંત :) જુઓ ! આ (પહેલી) આંગળી છે. એ આંગળીની જેટલી શક્તિઓ છે રંગ-ગંધ-રસ-સ્પર્શ (આદિ), એને એ આંગળી અડેલી—સ્પર્શેલી છે. પણ આમાં.... જે રંગ-ગંધ-રસ-સ્પર્શ (આદિ) આ (પહેલી) આંગળીના છે એને આ (બીજી) આંગળી અડતી નથી—સ્પર્શતી નથી—ચુંબતી નથી —આલિંગન કરતી નથી, (કેમ કે બન્ને) ભિન્ન છે માટે.

(સિદ્ધાંત :) એમ આત્મા, આ શરીરના રજકણો.... આ માટી કે કર્મ રજકણો છે એને ચુંબતો નથી—અડતો નથી. આહાહા !

એ આત્મા પોતાના જ્ઞાન, દર્શન, આનંદ આદિ સ્વભાવ અને એની વર્તમાન થતી અવસ્થા.... હાલત—કે જે એમાં (–આત્મામાં) રહેલ છે.... એમાં છે એને ચુંબે છે—એને સ્પર્શે છે, પણ એ પરમાણુના દ્રવ્ય, ગુણ–શક્તિ ને પર્યાય.... (અર્થાત્) આ પરમાણુઓ એ દ્રવ્ય—વસ્તુ, એની શક્તિઓ રંગ, ગંધ (અને) એની અવસ્થા છે એને આત્મા અડતોય નથી—અડ્યો નથી —ચુંબન કરતો નથી—સ્પર્શતો નથી. તમારી (હિન્દી) ભાષામાં 'છૂતે નહીં.' એક પદાર્થ દૂસરે પદાર્થકો છૂતા નહીં કભી. ભૈયા દેખો !

શ્રોતા : બહુત સૂક્ષ્મ બાત હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : સૂક્ષ્મ (ક્યા).... યહી બાત હૈ. (ઉસકો) સૂક્ષ્મ કહો કે યથાર્થ કહો કે જો હૈ વો કહો (–એક હી બાત હૈ). સુના નહીં કભી. અજ્ઞાનીની બાહ્યદ્રષ્ટિ (હોવાથી સમજ્યા વિના તે) એમ ને એમ બહારમાં ભમ્યા કરે છે. પોતાની જાત શું છે, પરની જાત શું છે એની ખબર વિના બેભાન થઈ, પાગલ થઈને ફરે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : બતાયે બગૈર (–વિના) કૈસે માને ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ.... દરકાર કહાં કિયા હૈ અભી તક ? તંબાકૂમેં કૈસી દરકાર કી હૈ ? ઐસી તંબાકૂ ને ઐસી ફલાણા ને ઐસી.... ધૂલ. કેટલી જાતની તમાકુ.... કેટલી મોટરું.... ને જ્યાં ત્યાં હાંકે ગાડી, લોરી મોટી.... પણ હોયને ધંધા મોટા તે. અહીંથી અહીં મોકલવી હોય કરોડ બીડીઓ ને અહીંથી

અહીં કરોડ મોકલે. આ ખજાનચી છે. કહો, સમજાણું કાંઈ ? ધૂળમાંય નથી, આહીં તો કહે છે. આહાહા !

ભગવાન ! તારી ચીજમાં જે શક્તિઓ.... (આત્મ)વસ્તુ છેને ? તું વસ્તુ છોને ? પદાર્થ છોને ? (આત્મા) 'છે'.. 'છે'.. તે આદિ-અંત વિનાની અકૃત્રિમ ચીજ છે. (હવે આત્મા) 'છે'.... તો એ છે શું (–કેવો) પણ ? એ તો આત્મા કીધો કે 'છે', પણ 'છે'....

એનું સ્વરૂપ શું ?
એનામાં શક્તિ શું ?
એનો ગુણ શું ?
એનો સ્વભાવ શું ?
એની દશા શું ?

(સમાધાન :) તો કહે છે, એ 'છે' આત્મા એમાં જ્ઞાન, દર્શન, આનંદ આદિનું અસ્તિત્વ છે.—એ બધા એના ગુણો છે અને એની વર્તમાન હાલત.... અવસ્થા.... પર્યાય.... થાય એ દશા છે. એ એના ગુણો અને અવસ્થા—એ એના ધર્મ છે. 'ધર્મ'.... એટલે ? એ ગુણ ને પર્યાય આત્માએ ધારી રાખ્યા છે માટે ધર્મ છે. એવા ધર્મને.... આત્મા પોતે પોતાના ધર્મને ચુંબે.... અડે છે, પણ આ પરમાણુના.... શરીર, માંસ, હાડકા, રજકણના રંગ, ગંધ, રસ, સ્પર્શને (અડતો નથી).

એ પરમાણુના રંગ, ગંધ, રસ, સ્પર્શ છે એ એનો (–પરમાણુનો) ધર્મ છે. 'ધર્મ'.... એટલે ? એ રજકણે રંગ, ગંધ, રસ, સ્પર્શ ધારી રાખ્યા છે, માટે (રંગાદિ) એના ધર્મ છે. 'ધર્મી' એવો રજકણ.... 'ધર્મી' એટલે અહીં, આ (જ્ઞાન, દર્શનાદિ) ધર્મ છે—એ ધર્મનો (ધરનાર 'ધર્મી આત્મા') નહીં, (પણ) 'ધરનાર'.... એની (રંગાદિ) શક્તિરૂપી ધર્મ છે એનો ધરનાર રજકણ. એ પોતાના રંગ, ગંધ, રસ, સ્પર્શને રજકણ સ્પર્શે છે, પણ એ રજકણ આત્માને અડતો નથી.... (બન્ને) ભિન્ન ચીજ છે.

શ્રોતા : ક્યારની આ વાત ચાલે છે ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ અત્યારની વાત ચાલે છે. ક્યારની શું ? કહો, ભીખાભાઈ ! અરે ! એણે કોઈ દિ' સાંભળ્યું નથી (કે) શું છે આત્મા ને આત્મા કઈ રીતે છે. (સમજ્યા વિના) એમ ને એમ આંખ્યું મીંચી, મૂઠિયું વાળીને દોડ્યો ગયો ચોરાશીના અવતારમાં અનાદિનો. સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા.... કહે છે કે ભાઈ !.... (એક) તો આવ્યું'તુંને 'ઊર્ધ્વતા'નું ભાઈ પહેલું ? (સમયસાર નાટક, ઉત્થાનિકા પદ ૨૬. શ્રીમદ્ રાજચંદ્ર વર્ષ ૨૬, પત્રાંક-૪૩૮). કોઈ પણ જાણનાર.... કોઈ પણ જાણનાર પદાર્થ, કોઈ પણ ક્ષેત્ર અને કાળમાં પોતાની હયાતી વિના પરને જાણે એમ બને ?

શું કહ્યો સિદ્ધાંત ?

કોઈ પણ જાણનાર પદાર્થ.... જાણનાર પદાર્થ પોતાની હયાતી વિના કોઈ પણ ક્ષેત્ર, કાળ ને પદાર્થને જાણે ? ભગવાન આત્મા જાણનાર પદાર્થ છે એની હયાતીમાં આ.. આ.. આ.. આ.. આ.. આ..—એમ (પરજ્ઞેય) જણાય છે, (પણ) એમાં (–જાણનારમાં) એ (પરજ્ઞેય) નથી. શરીર, વાણી, મન એ જણાય છે, (પણ જાણનારમાં તેઓ નથી). સમજ્યાને !

જેની (–જાણનારની) હયાતીમાં (જણાય છે), કારણ કે જેની (–જાણનારની) મુખ્યતા(માં).... જ્ઞાનમય જાણપણાવાળો મુખ્ય ન હોય તો 'આ.. આ.. આ.. આ..'—એમ જાણે કોણ ? એટલે દરેક ચીજને જાણવાના પ્રસંગમાં.... ક્ષેત્ર અને કાળના યોગમાં (–સંબંધમાં) જાણનાર મુખ્ય હોય તો તે જણાય. ન્યાય સમજાય છે કાંઈ ? લોજીકથી તો વાત છે આ. જાણનાર.... કોઈ પણ જાણનાર આત્મા, પોતાની હયાતી વિના પરને જાણે—એમ બને નહીં.

આહાહા ! એ પોતે ભગવાન (આત્મા) જાણનાર.. જાણનાર.. જાણનાર..(—એમ) એની હયાતી છે. એમાં, 'આ શરીર' અને 'આ વાણી' અને 'આ બધું' (—એમ જણાય છે). કોઈ પણ વસ્તુ જાણી, (તો) એ જાણનારની મુખ્યતા તેમાં આવી, (કેમ કે) ત્યારે (તો) એણે જાણ્યું (કે) 'આ

શરીર છે'. અરે ! 'આ રાગ છે'.... 'આ પુણ્ય છે'.... 'આ પાપ છે'—એ પણ જાણનારની હયાતીમાં જાણ્યું છે, છતાં એ જાણનારને.... જાણનારમાં એ શરીર અને રાગ નથી. સમજાણું કાંઈ ?

જાણનાર ભગવાન (આત્મા) ચૈતન્યસ્વભાવી.... જ્ઞાયકસ્વભાવી છે (એ) એની (–પોતાની) હયાતીમાં (રહેલા) એના (–પોતાના) જ્ઞાનને અડે.... સ્પર્શે (એટલી મર્યાદા છે). પોતાનો ધર્મ એ જાણવું.... એ 'ધર્મ' એટલે સ્વભાવ. એને આત્મા ધારે (–ધારણ કરે) અને એને સ્પર્શે. એના જ્ઞાનમાં 'આ શરીર છે, આ કર્મ છે, આ માટી છે, આ પૈસો છે, આ બાયડી છે, આ છોકરો ને બધા છે'—એમ આહીં જ્ઞાનમાં જણાય (છે) હોં. (છતાં એ શરીરાદિ) આહીં (–જ્ઞાનમાં) આવે નહીં, આ (જ્ઞાન) ત્યાં જાય નહીં.

પોતાની સત્તામાં કે પોતાના હોવાપણામાં, 'આ (પરચીજ) શું છે' (—એમ) એ (જાણનાર) જાણે (અને) એ જાણનાર (પોતાના જ્ઞાન)ધર્મને સ્પર્શે, પણ જણાય એવી (પર)ચીજને એ અડતો નથી, કેમ કે એ ચીજ ભિન્ન છે. કોઈ દિ' વિચાર્યું નથી.... કોઈ દિ' એણે મૂળ તત્ત્વને સંભાર્યું નથી. સંભાર્યાં એ થોથા સંભાર્યાં બધા બહારના. જેઠાલાલભાઈ !

શ્રોતા : સેવા સમાજકી તો કરના.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળ.... સમાજસેવા કોણ કરતો'તો ? 'સમાજભૂષણ'નું બિરૂદ મળે તમને, (પણ) ધૂળમાંય નથી કાંઈ ન્યાં. વાણી (–શબ્દ) શું ? 'સમાજભૂષણ'.... સમાજના ભૂષણ છે એ. 'સમાજ' ક્યાં રહ્યો ને 'ભૂષણ' ક્યાં રહી ગયું ? ધૂળમાંય નથી, (સમાજ)સેવા-બેવા કોણ કરી શકે છે ?

શરીરની (સેવા આત્મા) કરે છે ? (ના, માત્ર) 'શરીરમાં રોગ આવ્યો' (—એમ) એને જ્ઞાનમાં આવે, કેમ કે જ્ઞાનમાં જણાય છે કે 'આ રોગ છે'. 'એ (રોગ) પરવસ્તુ છે' (—એમ) એ જ્ઞાન જાણે (અને) એ જ્ઞાનને આત્મા (સ્પર્શે અર્થાત્) જ્ઞાન, જ્ઞાનને સ્પર્શે, (પણ કાંઈ જ્ઞાન) રોગને સ્પર્શે ? (ના, કેમ કે) એ તો ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ ? હવે આનું (–શરીરનું) કાંઈ કરે નહીં, એ બીજાનું (–સમાજનું) કરવા જાય !! શોભાલાલજી !

શ્રોતા : પરને દવા દેવી પડેને ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ધૂળેય (પરનું કોઈ કાંઈ) કરતા નથી. દવા કોણ (દે) ? દવાના પરમાણુ, પરમાણુમાં (કાર્ય) કરે. (અહીં પર)વસ્તુ(થી) ભેદજ્ઞાન બતાવે છે કે ભાઈ ! તારી ચીજ (પરથી) ભિન્ન છે અને....

(૧) જે જેનાથી જુદો એ જુદાને અડે નહીં,
(૨) જે જેનાથી જુદો એ જુદાનું કાંઈ કરે નહીં,
(૩) જે જેનાથી જુદો એ જુદાને સહાય આપી શકે નહીં,
(૪) જે જેનાથી જુદો એનાથી—પરથી—સહાય લઈ શકે નહીં.

નિયમો—સિદ્ધાંત શું છે તત્ત્વના એ એને સમજમાં આવે નહીં (એટલે) અનંત કાળનો રખડી મર્યો છે ચોરાશીના (અવતારમાં). સમજાણું કાંઈ ? ન્યાયથી સમજવું પડશેને ? લોજિક.... 'नि' ધાતુ છે 'ન્યાય' (શબ્દ)માં.... 'नि' ધાતુ (એટલે) દોરી જવું. જેવું સ્વરૂપ છે તેમ તેના જ્ઞાનને લઈ જવું.... દોરી જવું એનું નામ 'ન્યાય'. આ લૌકિકના 'ન્યાય' નથી હોં, દુનિયાના (લોકોએ) બાંધેલા. આ તો (વસ્તુ) સ્વભાવના ન્યાય છે. ભગવાન આત્મા.... મહા ટુકડો આવ્યો છે આ તો.

કહે છે કે સર્વ પદાર્થો.... 'સર્વ'.... એટલે આત્મા અનંત, એમ પરમાણુ આ રજકણો અનંત, (આદિ) એ સર્વ (પદાર્થો). કેવા છે તે સર્વ પદાર્થો ? પોતાના દ્રવ્યમાં.... પોતાની વસ્તુ.... 'દ્રવ્ય'.... એટલે વસ્તુ. દ્રવ્યમાં અંતર્મગ્ન.... દ્રવ્યમાં (અંતર્મગ્ન) રહેલ.... અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મો.... આત્માના જ્ઞાન, દર્શન, આનંદ આદિ (ધર્મો છે). 'ધર્મ' એટલે સ્વભાવ. પરમાણુનો રંગ-ગંધ-રસ આદિ સ્વભાવ છે.... એવા (દરેક દ્રવ્ય પોતાના) અનંત ધર્મોના પિંડને.... (સમૂહને) ચુંબે છે.... સંસ્કૃત (ટીકામાં) છે.... '**स्वकीयद्रव्यान्तर्मग्नानन्तस्वधर्मचक्रचुम्बिनोऽपि**'.... સંસ્કૃત છે. આ તો મહાસિદ્ધાંતો છે. સમજાય છે કાંઈ ?

આહીં તો કહે છે, કર્મનો ઉદય છેને જડ, એ પોતાની (જડ) પર્યાયને.... પોતાના (જડ) ધર્મને સ્પર્શે છે, (પણ) એ કર્મ આત્માને અડતુંય નથી.

(અજ્ઞાની) રાડેરાડું પાડે છે : 'એ.. મને કર્મ નડ્યા.'

(સમાધાન :) ધૂળેય (નડ્યા) નથી સાંભળને મફતનો ! એ (કર્મ) પર વસ્તુ છે (અને) પર વસ્તુ (તને કેમ નડે !)

આ શરીરના એક-એક પોઈન્ટ છે જુઓ ! રજકણ, એ પોતાની અવસ્થાને (અને) શક્તિને સ્પર્શે છે, (પણ) એ (રજકણ), આ બીજા રજકણને કેમ સ્પર્શે ? કારણ કે (બન્ને) ભિન્ન ચીજ છે.... એક (રજકણ)માં બીજા (રજકણ)નો અભાવ છે. આમાં (–પહેલા રજકણમાં) આનો (–બીજા રજકણનો) અને આમાં (–બીજા રજકણમાં) આનો (–પહેલા રજકણનો અભાવ છે). (અર્થાત્ દરેક રજકણ) પોતાથી છે, પરથી નથી.

જો (પદાર્થ) પોતાથી છે અને પરથી પણ હોય તો બેય (સ્વ ને પર) એક થઈ જાય. (પરંતુ દરેક પદાર્થ) પોતાથી છે ને પરથી નથી (અને) ત્યારે (પોતાનું સ્વતંત્ર) અસ્તિપણું ટકાવી રાખે છે. એટલે દરેક વસ્તુ પોતાથી છે ને પરથી નથી, એમ દરેક રજકણ પોતાથી છે ને આત્માથી નથી. (તેથી) આ શરીર ટકે છે એ એનાથી ટક્યું છે, આત્માથી નહિ.

શ્રોતા : (શરીર) અનાજથી ટકે ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : (શરીર) ધૂળેય ટકતું નથી અનાજથી, એની (–શરીરની) ટકવાની પર્યાયથી (તે) ટકે છે. (કોઈ) અનાજ (શરીરમાં) નાખે (–ખાય છે) ને મરી જાય છે. કહો, આ 'ક્ષય'માં જુઓને ! કેટલા (ભોજન) નાખે અંદર (શરીરમાં) ને બળખા (બહાર) આવતા હોય મોટા. એની (–પરની) પર્યાય.... અવસ્થા જ્યારે થવાની હોય (ત્યારે) પરને લઈને થાય. (શું) તે આત્માને લઈને છે ? ડોક્ટર-બાક્ટર કે દવા શું મટાડી દે રોગ ?—એમ કહે છે. ભારે આકરું ! જગતથી ઊંધું છે આ.

કહે છે, જે પદાર્થ છે.... 'પદ'નું (–શબ્દનું વાચ્ય) છેને પદાર્થ ? પદ. 'પદ'.... એટલે શબ્દ (અને) શબ્દે બતાવેલો અર્થ (એ) પદાર્થ. (જુઓ, ગાથા-૨નો ભાવાર્થ). જેમ 'જીવ' કીધુંને ? જી....વ, જી....વ, જી.... વ. 'જી' અક્ષર છે ને 'વ' અક્ષર છે. જી....વ—બન્ને થઈને પદ થઈ ગયું.... પદ. એ પદે બતાવેલો કોણ ? જીવપદાર્થ. ('જીવ') શબ્દ, (આત્મા) જીવપદાર્થ.

શબ્દમાં કાંઈ પદાર્થ નથી (અને) પદાર્થમાં શબ્દ નથી. આ જીવ.... 'જીવ' (પદાર્થ—વાચ્ય).... આ 'જીવ' શબ્દ (–વાચક). એ (આત્મા) જીવપદાર્થ, એમ અજીવપદાર્થ આ રજકણ.

(આ રીતે) પોતાના અસ્તિત્વમાં રહેલા દરેક પદાર્થ....

(૧) એમાં (–પોતામાં રહેલી) પોતાની શક્તિ.... ગુણો.... સ્વભાવો છે એને તે અડે—સ્પર્શે છે—એમાં રહેલો છે, પણ
(૨) કોઈ પદાર્થ બીજાના દ્રવ્ય, ગુણ-શક્તિ કે પર્યાયને અડતો નથી.... કરતો નથી.... છૂતો નથી (તેમ જ)
(૩) પરમાં જાતો નથી (અને) પર આહીં (સ્વમાં) આવતું નથી.

કહો, સમજાય છે કાંઈ ? ભારે વાત ભાઈ !

અંતર્મગ્ન રહેલ પોતાના.... 'પોતાના'.... (એટલે) ક્યા (–એનો શું અર્થ) શેઠ ? અપનેકા. અપના અનંત ધર્મોના.... જોયું ! એક-એક પદાર્થ.... એક-એક પદાર્થમાં અનંત ધર્મ છે.

'ધર્મ'.... એટલે શક્તિ....
'ધર્મ'.... એટલે સ્વભાવ....
'ધર્મ'.... એટલે એનો ગુણ અને એની અવસ્થા.

એ દરેક પદાર્થ પોતાના (દ્રવ્યમાં) અંતર્મગ્ન રહેલ પોતાના અનંત ધર્મોના.... (સમૂહને).... સ્પર્શે છે....

(અજ્ઞાની કહે છે) 'ભલે (દ્રવ્ય પોતાના ધર્મોને સ્પર્શે, પરંતુ) ત્યારે પરને (પણ સ્પર્શે તો શું વાંધો ?).... (પદાર્થ) પોતાના ધર્મને સ્પર્શે છેને ? તો પરને (પણ) સ્પર્શે તો (શું વાંધો) ?' એક ગાય... કહે છેને ? 'એક ગાયનો ગોવાળ તો બે ગાયનો ગોવાળ'—એમ કહતે હૈં હમારે.

સમજમેં નહીં આયા, નહીં ? વો ગાયકો ચરાનેકો લે જાતે હૈંન ગાયને, એક ગોવાળિયો. (તો કોઈ માણસ ગોવાળિયાને કહે) '(તું) એક ગાયને લઈ જાય (છે, તો) ભાઈ ! મારી બે (ગાયને પણ) લઈ જા. તારે (ગાય) ચરાવવી

છેને ? (તો) એક (ગાય) ભેગી (મારી) બે (ગાય)'. 'એક ગાયનો ગોવાળ તો બે ગાયનો ગોવાળ'.... ગોવાળિયા. એમ (-એવી રીતે પદાર્થ) પોતાને સ્પર્શે છેને ? તો પરનેય સ્પર્શે. (પરંતુ એમ છે) નહીં.

ભાઈ ! તને ખબર નથી. દરેક પદાર્થની મર્યાદા.... પોતાના ક્ષેત્ર અને પોતાના ભાવમાં રહેવું—એ એની મર્યાદા છે.

પરપદાર્થના ક્ષેત્રમાં અને પરના ભાવમાં કોઈ પદાર્થ જતો (નથી) અને અડતો નથી. જો (કોઈ પણ પદાર્થ, પરમાં) જાય ને અડે તો પોતાનું અસ્તિત્વ ટકી શકે નહીં. અરે ! શું કરે ? એની (-પોતાની) એને ખબર ન મળે.... એની એને ખબર ન મળે ને બીજાની ખબરું કરવા ગયો—ડહાપણ કરવા (ગયો) દુનિયાના.... શેઠ ! પોતાની ખબર ન મળે (કે) હું ક્યાં ને કેમ છું (અને) પરના (કામ કરવા ઈચ્છે છે). આહાહા ! જુઓ તો ખરા !

આહીં 'ચુંબે (નહીં)'નો અર્થ ભાઈ ફૂલચંદજી (સિદ્ધાંતશાસ્ત્રી) એમ કરતા કે 'એ (-પદાર્થ) પરરૂપે થતો નથી'—એમ કહ્યું છે. આ 'ચુંબે નહીં' એનો અર્થ કીધો ભાઈ ! કે 'અડે નહીં.' ત્યારે (ફૂલચંદજી) કહે, 'પરરૂપે થતો નથી'.—એવો અર્થ (એમણે) કર્યો. (તમે) સાંભળ્યું'તું ? કહ્યું'તું એક ફેરી (-સમયે) આહીં (સોનગઢમાં).

(અહીં કહે છે), (અન્ય વસ્તુ સાથે) કાંઈ સંબંધ નથી ખરેખર. કેમ કે જ્યાં એક (વસ્તુ) છે, ત્યાં બીજી (વસ્તુ)નો એમાં અભાવ છે (અને જો બીજી વસ્તુનો) અભાવ ન હોય તો એ વસ્તુ પોતાપણે રહી કેમ શકે ?

(વસ્તુ) સ્વપણે છે, પરપણે નથી. જ્યારે અનેક વસ્તુ છે (જગતમાં) અનેક, (ત્યારે) એ અનેક (વસ્તુ)નું અનેકપણું કઈ રીતે રહે ? કે અનેક.... એક-એક વસ્તુ પોતાથી છે અને અનેક.... (એક-એક વસ્તુ) બીજાથી છે નહીં. એમ દરેક (વસ્તુ) પોતાથી છે અને પરથી નથી, ત્યારે અનેકપણું અનેકપણે ટકી શકે. નહીંતર અનેકપણું અનેકપણે ટકી શકે નહીં. ન્યાય સમજાય છે કાંઈ ? આહાહા ! મૂળ પદાર્થની ખબર ન મળે ને લોકો હાલી નીકળ્યા બિચારા ધર્મને નામે (કે) આ આહીં ધર્મ થશે ને આમ થશે ને આમ થાશે. જેઠાલાલભાઈ !

કહે છે, ભલે.... આહાહા ! એક રજકણ હોં આ પરમાણુ.... એ પરમાણુ છેલ્લો પોઈન્ટ છે. આના (–સ્કંધના) ટુકડા થાય છે, કારણ કે આ (સ્કંધ) કાંઈ મૂળ ચીજ નથી આખી. (તેના) ટુકડા થતાં.. થતાં.. થતાં છેલ્લો પોઈન્ટ રહે તે અસ્તિ છે. રજકણ.... પરમાણુ.... પરમ અણુ.... નાનામાં નાનો પોઈન્ટ છે—કે જેના બે ભાગ પછી થાય નહીં. એ રજકણ પણ અનંત ગુણથી ભરેલું તત્ત્વ છે. વસ્તુ છે તો અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ આદિ શક્તિઓનો ધર્મ.... સ્વભાવ એમાં રહેલો છે. એ પરમાણુ પોતાના સ્પર્શ (આદિ) ધર્મને અડે, (પણ) બીજા રજકણને (અડે) નહીં ને આત્માને (પણ) અડતો નથી એ. આહાહા ! કહો, સમજાણું કાંઈ ?

ત્યારે (કોઈ) કહે છેને કે 'ભઈ, માથાને અડે છે આ તરવાર આની.... છરીનો ઘા વાગે છે (ત્યારે તે) આત્માને અડે છે.'

(અહીં) કહે છે : 'ના, ભાઈ ! તને ખબર નથી.' એ (તને) જ્ઞાન થાય છે એમાં (–એ સમયમાં). 'આ આહીં (શરીરમાં કાંઈક) થાય છે.... એમાં કાંઈક થાય છે'—એવું તને જ્ઞાન થાય છે. પણ જ્ઞાન થતાં એને (–તને) ભ્રમ પડી જાય છે કે 'આ મને અડ્યું'. (ખરેખર અડતું નથી). સમજાણું કાંઈ ? કારણ કે એ (તરવાર) તો જડ છે, (જ્યારે) આત્મા ચૈતન્ય છે તે અરૂપી છે. આ (તરવાર) તો રૂપી છે.... રૂપી. (તો પછી) રૂપી, અરૂપીને શી રીતે અડે ?

આત્મા તો રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની ચીજ છે.... રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાનો મહાન ચૈતન્યપદાર્થ, જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે. (જ્યારે) આ તો જડ.... માટી.... ધૂળ છે—શરીર, દાળ, ભાત, પાણી, આ મકાન, પૈસા, આબરૂ, કીર્તિ એ તો બધા માટી.... ધૂળ છે. (તો ચૈતન્ય, આ જડ-)ધૂળને શી રીતે અડે ? અરૂપી, રૂપીને સ્પર્શે કઈ રીતે ?

(પ્રશ્ન :) 'આ શરીરના માંસ ને હાડકાને (આત્મા) સ્પર્શે છેને ? આ દાળ–ભાત ખાય છેને ?

(સમાધાન :) 'કોણ ખાય ? ભગવાન ! તને ખબર નથી.' એ દાળ –ભાત–રોટલાના પરમાણુ જગતની ચીજ છે અજીવ. એ અજીવ, પોતાની અંદર શક્તિઓ છે તેને સ્પર્શીને, બદલીને ત્યાં (અજીવમાં) ફેરફાર (કર્યા) કરે

છે. એ (ફેરફાર) આત્માને લઈને (થાય) નહીં ને આત્મા એને અડતોય નથી અને આત્મા એને (–દાળ-ભાતને) ખાતોય નથી. ભારે ભાઈ.... આ ભારે વાત ભાઈ ! કહો, શેઠ !

અનાદિ-અનંત.... સનાતન સત્ય આ છે. 'પદાર્થ અનેક છે'—એમ કહો, તો તે અનેક (પદાર્થ), અનેકપણે રહીને અનેકપણે ટકી રહ્યા છે. એ અનેક (પદાર્થ), એક થઈને ટકે—એમ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ? પણ એને શ્રદ્ધામાં બેસતું નથી.

(કોઈ કહે છે :) 'મારે શરીર વિના.... શરીર વિના હાલે નહીં'.... કહો, સમજાણું કાંઈ ? 'બાયડી વિના હાલે નહીં, રોટલા વિના હાલે નહીં, આબરૂ વિના હાલે નહીં.'

(સમાધાન :) બાપુ ! ભાઈ ! તું તો આત્મા છોને ! એ (શરીરાદિ) ચીજ તો પરમાણુ.... રજકણો છે બધા (અને) એના વિના તેં રોડવ્યું (–અનાદિનું ચલાવ્યું) છે. એટલે ? એના વિના જ તું ટકી રહ્યો છો. છતાં તું કહે છો કે 'એના વિના હાલે નહીં'—એ તને ભ્રમ છે મોટો. આ ભ્રમણા મોટી અનાદિની છે જગતને.

શું કીધું સમજાણું ?

ભગવાન આત્મા ચૈતન્યજ્યોત, સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત સત્ વસ્તુ છે અને તેમાં અનંત શક્તિઓ એટલે ગુણો છે. બેહદ જ્ઞાન, દર્શન (આદિ) હયાતી ધરાવનારા ગુણો એમાં છે. એવા ગુણો (અને એ)ની અવસ્થા વર્તમાન થાય તેમાં તે રહેલો છે આત્મા. (તે પોતે આત્મા), પોતાના ગુણ એટલે શક્તિ ને પોતાની વર્તમાન હાલત સિવાય શરીરને, કર્મને અને બીજા પદાર્થને અડ્યોય નથી.... એને સ્પર્શોય નથી.... એમાં ગયો નથી (તેમ જ) એ (અન્ય) ચીજ આહીં (–આત્મામાં) આવી નથી. (જો) એમ ન હોય તો પોતાનું (–ચેતનનું કે જડનું), પોતાપણું ટકી શકે (નહીં). સમજાણું કાંઈ ?

(અજ્ઞાનીની) દ્રષ્ટિ પર ઉપર છેને ? (તેથી) 'મારે પર વિના હાલે નહીં' (—એમ કહે છે).

(સમાધાન :) (ભાઈ !) પર વિના જ (તેં) હલવ્યું છે. 'હલવ્યું છે' એટલે ? તારું હોવાપણું પરના અભાવરૂપે જ ટકી રહ્યું છે.... (તારું હોવાપણું) તારા 'ભાવ'થી ટકી રહ્યું છે અને પરના 'અભાવરૂપે' ટકી રહ્યું છે. (છતાં) તું કહે છે કે 'મારે પરના ભાવ વિના હાલે નહીં'—એ તારો.... અજ્ઞાનીનો ભ્રમ છે (અને તેથી) એની (–તારી) નજર અંતરમાં જાતી નથી.

શ્રોતા : હા, પ્રભુ ! પૂરેપૂરી એકલી અંતર દ્રષ્ટિ (કરવાની બાકી) રહેતી હતી..

પૂજ્ય ગુરૂદેવશ્રી : માટે કહે છે, ખ્યાલ કરો.... ખ્યાલ કરો.... એમ. આ તો જન્મ-મરણ ટાળવાની વાતું છે ભાઈ ! સાધારણ વાતો બધી—દયા, દાન, પૂજા, ભક્તિ, ફલાણું ને ઢીકણું કર્યા કરે છે લોકો બિચારા. (તેમાં) પુણ્ય બાંધે અને માને ધર્મ, (તેથી) રખડી મરે. સમજાણું કાંઈ ?

આ તો પદાર્થ ભગવાન આત્મા અને આ રજકણો જગતના તત્ત્વો, (તે) ભિન્ન-ભિન્ન (છે, તેથી તેના ભિન્ન-)ભિન્ન કાર્યો છે.... ભિન્ન(-ભિન્ન)ની ભિન્ન(-ભિન્ન) દશા છે.... ભિન્ન(-ભિન્ન)ના ભિન્ન(-ભિન્ન) ધર્મો છે.... (તો) એ ભિન્ન (દ્રવ્યના) ધર્મોને ભિન્ન દ્રવ્ય કેમ અડે ? (ન અડે). સમજાણું કાંઈ ?

(આવું સ્વીકારતાં) એ દ્રષ્ટિ એની પરથી સમેટાઈને અંદરમાં જાય.

(પ્રશ્ન :) મારામાં એ (–પરદ્રવ્ય) નથી ને એનામાં (–પરદ્રવ્યમાં) હું નથી, ત્યારે મારામાં છે શું ? એ (પરદ્રવ્ય) મારામાં નથી.... એને (-પરદ્રવ્યને) હું અડતો નથી, એ મને અડતા નથી.... એનામાં હું જતો નથી, એ મારામાં આવતા નથી ત્યારે મારામાં છે શું ? જ્યારે પરના અભાવસ્વરૂપે હું છું.... પરને અડતો નથી (અને) મારા ભાવથી (હું) છું ત્યારે કેવા ભાવથી છું ?

(સમાધાન :) કે જ્ઞાન, દર્શન, આનંદ આદિ ભાવથી છો (અને) એ ભાવનું લક્ષ કરતાં 'દ્રવ્ય આ છે' (એવી દ્રષ્ટિ થાય છે). સમજાણું કાંઈ ? સિદ્ધાંત જરીક ઝીણા છે, પણ છે સત્યના એકલા માખણ. સમજમેં આતા હૈ ?

બીજા કેટલાક કહે છે : 'કરો આ, કરો આ, કરો આ, પરોપકાર કરો, ફલાણું કરો, ઢીકણું કરો.'

(સમાધાન :) પણ (તું) શું કરે ? તું કોણ અને ક્યાં કર (-કરી શકે) ?.... તું કોણ અને ક્યાં કર ? અને જ્યાં કર તે ચીજ શું છે ? જ્યાં કરવા જા છો ત્યાં પર છે (અને) પર તો (સ્વતંત્ર) વસ્તુ છે. પરપદાર્થ (સ્વતંત્ર) અસ્તિ છે. (તે) અસ્તિ છે કે સસલાના શિંગડાની (જેમ 'નાસ્તિ') છે ? (ના. નાસ્તિ નથી). આ મકાન, આબરૂ, શરીર—એ બધી અસ્તિ છે. 'છે'.... 'છે'.... એ (હોય તે) દેખાય કે ન હોય એ દેખાય ? 'છે', તે છે.... અસ્તિ છે (એ દેખાય). હવે 'છે' એ તો એનાથી છે અને એનું બદલવું પણ એનાથી છે. (તો) તારાથી (કરવાપણું) ક્યાંથી આવ્યું ન્યાં ? સમજાણું કાંઈ ? ભારે સ્પષ્ટતા !

'અનંત કાળથી આથડ્યો વિના ભાન ભગવાન,
સેવ્યા નહીં ગુરુ સંતને....'

(પત્રાંક-૨૬૪, શ્રીમદ્ રાજચંદ્રજી, વર્ષ- ૨૪)

(જ્ઞાનીની સેવાની વાત) મૂકશે હોં આગળ. એ આવશે ચોથી ગાથામાં. 'સેવ્યા (નહિ)' નો અર્થ એ છે કે એને (-જ્ઞાનીને) જાણ્યા નહીં.... 'સેવ્યા (નહિ)' નો અર્થ જ છે કે જાણ્યા નહીં. સમજાણું કાંઈ ? એ ચોથી ગાથામાં આવશે. આ ('સમયસાર'માં) તો મહાસિદ્ધાંતો છે—કે જે અપૂર્વ છે.... અનંત કાળમાં એને કાને નથી પડ્યા. એ ચોથે કહેશે.... ચોથી ગાથામાં કહેશે.

ભાઈ ! તારું પરથી પૃથક્ અને તારા સ્વભાવથી એકત્વ—અભિન્ન (એવું) સ્વરૂપ (તેં) સાંભળ્યું નથી પ્રભુ !.... તે સાંભળ્યું નથી. આહાહાહા ! (અને) સાંભળે તો તો એને નિર્ણય આવે કે 'આહા ! આ વાત ! ઓહો ! મારી ચીજ પરથી તદ્દન જુદી અને પર તદ્દન મારાથી જુદા.' લ્યો !

કોના ને કોના કામ માટે હું રોકાઉં કે જેના કામ હું કરું ? એ (પરદ્રવ્ય) તો બધા (સ્વતંત્ર) પદાર્થ છે અને એના કામ એટલે એના કાર્ય તો તેનાથી થાય છે. (એમાં) એના કામને 'હું કરું'—એ ક્યાંથી આવ્યું ? કારણ કે એ (પરદ્રવ્ય), પદાર્થ છે (અને) એની અવસ્થા.... હાલત એ એનું કામ છે આ

બધું. (તેથી) એના (–પરદ્રવ્યના) કામમાં એ છે.... એના કામને એ (પરદ્રવ્ય) અડે (ને કરે) છે, તો એ કામને હું ક્યાં અડવા (કે કરવા) જાઉં ? શોભાલાલજી ! આહાહા !

શોભાલાલજી : બરાબર ગુરુદેવ ! પ્રત્યેક દ્રવ્ય અપને-અપને ગુણોમેં રહેતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા. (દ્રવ્ય) અપની શક્તિમેં અને પર્યાયમેં રહતે હૈં.... (પણ) અરે ! એની એને (–અજ્ઞાનીને) ખબર ન મળે (અને) 'કરો ધર્મ—પાળો દયા, કરો ભક્તિ ને કરો પૂજા.' (—એવો ઉપદેશ સંભાળવા મળે છે). શેની (–કોની) પણ (દયા ને ભક્તિ) ?.... એ (આત્મ)વસ્તુની તો ખબર ન મળે.... સમજાય છે કાંઈ ? કોણ તું છો (–હું છું) ? કોણ પર છે ? બેની વચ્ચે એકતા છે કે નહીં ? બેની વચ્ચે ભિન્નતા છે કે નહીં ?.... (એની) ખબર ન મળે અને 'કરવું.. કરવું.. કરવું' (—એવી) કર્તાબુદ્ધિ અનાદિની અજ્ઞાનીની છે.

કહે છે, ઓહોહો ! એક ટુકડે તો ગજબ વાત કરી છે. (જુઓ !) એક આત્મા છે અને બીજા (પણ) આત્માઓ છે. એ દરેક આત્મા પોતાની શક્તિઓ—ગુણો અને અવસ્થા છે એને અડે, (પણ) બીજા આત્માને કેમ (અડે) ? (કેમ કે) બીજાનું હોવાપણું—અસ્તિત્વ ભિન્ન છે.... બીજા આત્માનું હોવાપણું ભિન્ન છે. આના (–પહેલા આત્માના) પરિણામ ભિન્ન છે (અને) એના (–બીજા આત્માના) પરિણામ ભિન્ન છે. (અર્થાત્)....

(૧) (પોતાના) પરિણામ (પરથી) ભિન્ન છે....
(૨) (પોતાની) પર્યાય (પરથી) ભિન્ન છે....
(૩) (પોતાની) અવસ્થા (પરથી) ભિન્ન છે....
તો....
(૪) (પોતાની) અવસ્થાનો કર્તા (એવો હું) પણ પરથી ભિન્ન છું.

સમજાણું કાંઈ ? અહીંયા તો મહાસિદ્ધાંત.... અનાદિ-અનંત પરમ સત્ય છે કે દરેક વસ્તુ–દ્રવ્ય પોતાનામાં રહેલાં પોતાના ધર્મ એટલે શક્તિઓ—ગુણો —સ્વભાવો (અને) અવસ્થા છે એને સ્પર્શે છે એટલે કે એમાં રહેલી છે, પણ પરસ્પર.... પરસ્પર... દેખો !....

(૧) (એક) પરમાણુ, (બીજા) પરમાણુને.. (–અન્યોન્ય અભાવ),
(૨) આત્મા, પરમાણુને.... (–અત્યંત અભાવ),
(૩) (એક) આત્મા, (બીજા) આત્માને.... (–અત્યંત અભાવ),
(૪) પરમાણુ, આત્માને.... (–અત્યંત અભાવ).

પરસ્પર એકબીજાને સ્પર્શ કરતા નથી.... આ કાંઈ કથા નથી કે શબ્દોમાં ઝટ સમજાઈ જાય. આ તો ઊભા (–મહા) સિદ્ધાંતો છે. સમજાણું કાંઈ ?

જેઓ પરસ્પર એકબીજા.... એકબીજાને.... સ્પર્શતા નથી.... સ્પર્શ કરતા નથી.... સમજાણું કાંઈ ? આહીં કહે છે કે બીજાની દયા પાળી શકતો નથી આત્મા—એમ કહે છે. કારણ કે....

(૧) એની (–બીજા) જીવના બચવાની પર્યાય ત્યાં (બીજા જીવમાં) થાય છે (અર્થાત્)....
(૨) એની (–બીજા જીવના બચવાની પર્યાય) એની (–બીજા જીવની) દશામાં થાય છે....
(૩) એના (–બીજા જીવના) ધર્મમાં (–અસ્તિત્વમાં કાર્ય) થાય છે.... અને
(૪) આ (અજ્ઞાની) કહે કે 'હું (બીજા જીવનું) કરું.'

(<u>સિદ્ધાંત</u> :) (તું અન્યને) અડતો નથી.... સ્પર્શતો નથીને ! (તો પછી તેનું) શું તું કર ? સમજાણું કાંઈ ?

આ બધા કરે છેને નેતાઓ ? પંચશીલ ને મોટા.... શું કહેવાય ? સડક. હા, પંચશીલ.... પંચવર્ષીય યોજના તો ઠીક. સડકો કાઢવી (–રસ્તા બનાવવા) ને કૂવા ખોદવા ને (વગેરે) આવે છેને બધું ? ઢેબરભાઈ કહેતા કે કૂવા ખોદીએ ને...... (તેમને પ્રશ્ન) : પણ તમારાથી થાતું હશે આ ? (તે) કહે કે 'ના, થાય નહીં, પણ હવે....' આહીં સાંભળેલું એટલે (પછી કહે) : 'નિમિત્ત તો થાઈએ.' (લ્યો) ઠીક. પણ (તમે) નિમિત્ત (હોવા છતાં કર્તા) શેના થાવ ? જે ચીજ જગતની છે તેનો ધર્મ તેનામાં સ્વભાવરૂપે થઈ રહ્યો છે (–તેની પર્યાય તેનામાં પરિણમનરૂપે થઈ રહી છે, જો) એને તમે નિમિત્ત થઈને કરો (–કર્તા થાવ) તો, એ તો પછી બેય (–સ્વ ને પર) એક થઈ ગયા.

(ઢેબરભાઈએ અહીંનું) સાંભળ્યું ખરુંને ? એટલે સાંભળીને (કર્તાપણું) તો કહે નહીં હવે. (તેથી કહે), 'આપણે નિમિત્ત થઈએ.... નિમિત્ત થઈએ.' ભાઈ ! 'નિમિત્ત થઈએ'ની વ્યાખ્યા શું ? ત્યાં તે કાળે તે તે પદાર્થની અવસ્થા (અર્થાત્) ધર્મ થઈ રહ્યો છે, ત્યાં તું 'હો' એટલું. (પણ તું) 'હો' એટલે તારાથી ત્યાં (–પરપદાર્થમાં કાર્ય) થયું છે (—એમ) ત્રણ કાળમાં છે નહીં.

કારણ કે (જો) તારાથી ત્યાં (કાર્ય) થયું તો એનાથી (–પરપદાર્થથી) ત્યાં શું થયું ? એ પણ વસ્તુ છે જગતની.... (જગતમાં) રજકણો છે, આત્માઓ છે, (આદિ પદાર્થો છે). (હવે જો) એની (–પરપદાર્થની) અવસ્થા.... એના કાર્યો તારાથી થયા તો એ (શું)....

(૧) (એના) કાર્ય વિનાનો....
(૨) એની દશા વિનાનો....
(૩) એના કાર્ય—કામ વિનાનો....

—એ પદાર્થ રહ્યો ? (પરપદાર્થ) એની (–પોતાની) અવસ્થાના કામને કરે (અને) તારી અવસ્થાના કામને તું કર. પરના કામમાં (તું) પ્રવેશ કરતો નથી.... અડતો નથી ને (તો પણ) પરને કરે (—એમ) શી રીતે બને ? સમજાણું કાંઈ ?

અરે ! એક પણ સત્યનો નિયમ જો એને બેસી જાય (તો) નવરો (–કર્તાબુદ્ધિ વિનાનો) થઈ જાય પરથી. પણ અભિમાન.. અભિમાન.. અભિમાન..

'હું કરું, હું કરું એ જ અજ્ઞાન છે, શકટનો ભાર જેમ શ્વાન તાણે.'

<u>(દ્રષ્ટાંત :)</u> ગાડું સો મણનું હોય ને હેઠે (–નીચે) કૂતરું હોય ને જો અડતું હોય એને હેઠે એક ઠાઠું (તો માને કે) 'મારાથી આ (ગાડું) હાલે છે.' (તારાથી) ન હાલે બાપુ ! (તારી ઉપર વજન આવશે તો) પડી જઈશ ને મરી જઈશ.

<u>(સિદ્ધાંત :)</u> એમ જગતના પદાર્થો જડ ને આત્માઓ પોતપોતાની શક્તિ અને અવસ્થાથી ટકીને, બદલી રહ્યા છે. એ (–જગતના પદાર્થો), તારે કારણે

(ટકે કે બદલે) નહીં અને તું એને કારણે (ટકે કે બદલે) નહીં. આહાહા ! આ સિદ્ધાંત બેસી જાય તો પર (ઉપર)ની દ્રષ્ટિ ઊડી જાય એને.

(પ્રશ્ન :) (તો) હવે મારું (અસ્તિત્વ) શું (–કેવું) ?

(સમાધાન :) તારું (અસ્તિત્વ) એ જ્ઞાન, દર્શન ને આનંદ.... એનો ધરનાર તું. એની દ્રષ્ટિ કર તો સમ્યગ્જ્ઞાન થાય (અને) તો જન્મ–મરણ ટળે. સમજાણું કાંઈ ? ....

આ તો ટુકડો બહુ સારો આવ્યો છે હોં. બરાબર આવ્યા છો તાકડે (–યોગ્ય સમયે).... મહાસિદ્ધાંત. આહાહા ! ભગવાન ! તું તારા સ્વભાવને અડે.... સ્પર્શે કે બીજાના સ્વભાવને અડે ? આ તાવ આવે છે શરીરમાં એને આત્મા અડે ? તાવ છે તે ઊની.... ઊની દશા છે ઊની. ઊની તે સ્પર્શગુણની દશા છે. સ્પર્શગુણની દશાને પરમાણુ અડ્યા છે, (શું) આત્મા અડે એને ? (નહીં).

એ (જાણનાર આત્મા) તો જાણે, એનો તો જાણવાનો સ્વભાવ છે. જેની (–એની) હયાતીમાં જાણવાનું (થાય) છે. જે કોઈ પણ (સંસારી કે સિદ્ધ આત્મા) જાણનાર છે તે પોતાની હયાતીને (કારણે) જાણે છે. (જ્ઞાની) 'આ સ્પર્શ છે'—એમ જાણે છે.

'આ સ્પર્શ છે'—એમ (જ્ઞાની) જાણે છે (કે) 'હું સ્પર્શ છું'—એમ જાણે છે ?

(સમાધાન) : 'આ સ્પર્શ છે'—એમ (જ્ઞાની) જાણે છે (અને) 'હું જાણનાર છું'—એમ જાણે છે. (પરંતુ) એમ ન માનતાં 'સ્પર્શ મને થઈ જાય છે' (—એવો) ભ્રમ પડી જાય છે અજ્ઞાનીને. સમજાણું કાંઈ ? જેઠાલાલભાઈ !

(દ્રષ્ટાંત :) સાકર.... સાકર આવી લ્યો ! મોઢામાં સાકર લ્યો ! સાકર તો માટી (–જડરૂપ) અસ્તિ છેને ? અસ્તિ છેને સાકર ? છેને ? (તે) રજકણોનો પિંડ છે. તો એની ગળી અવસ્થા છે.... ગળી દશા છે (અને) ગળી દશા તો જડ છે.... રૂપી છે.... મૂર્ત છે.... અજીવ છે.

(સિદ્ધાંત :) (સાકરને) આ જ્ઞાન જાણે છે.... જ્ઞાન જાણે છે કે આ 'છે' એટલું (અર્થાત્) 'આ (સાકર) ગળી છે'—એમ (જ્ઞાન જાણે છે). એ ગળી (દશા)નું જ્ઞાન અહીંથી (–આત્મામાંથી) આવ્યું છે, (માટે) એ તો જ્ઞાન પોતાનું છે. જ્ઞાનની હયાતીમાં ગળી (દશા) જણાણી છે, પણ....

(૧) ગળી (દશા)ને જ્ઞાન અડ્યું છે ? (ના).
(૨) ગળી અવસ્થા જ્ઞાનને અડી છે ? (ના).

(સિદ્ધાંત :) ગળી (દશા) જડ છે ને આ (જ્ઞાન) તો અરૂપી છે, (તો એક-બીજાને અડે કેમ ?)

સમજાણું કાંઈ ? માળે, ભારે ભ્રમ ભાઈ !

એ કહે છે, દરેક પદાર્થ પોતાની ક્ષણે–ક્ષણે થતી અવસ્થા ને શક્તિઓ છે તેને અડે.... સ્પર્શે.... (તેમાં) રહે.... ટકે, પણ કોઈ બીજા દ્રવ્યની શક્તિ ને (અવસ્થાને) સ્પર્શતો.... અડતો નથી. આહાહા ! એક પદાર્થ બીજા પદાર્થની અવસ્થાને અડતો નથી.... સ્પર્શતો નથી. તો પરનું શું કરે અને પરમાં કેમ આવે અને પર અવસ્થા આહીં (આત્મામાં) કેમ આવી જાય ? સમજાણું કાંઈ ?

'સમજાણું કાંઈ' (—એમ કહેવામાં) આવે છેને ? બધું સમજાય (જાય) તો ન્યાલ થઈ જાય. આ તો વસ્તુ એવી છે.... પરમ સત્ સિદ્ધાંતો છે. સમજાય છે કાંઈ ? પદાર્થવિજ્ઞાન.... પદાર્થવિજ્ઞાન છે. ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર.... સર્વજ્ઞ પરમાત્માએ પદાર્થો જોયા તેનું આ વિજ્ઞાન છે. આ (બહારમાં) લોકો પદાર્થવિજ્ઞાન કહે છે એ બધું સમજવા જેવું હોય ત્યાં તો નિશાળમાં.

આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી (વાત છે). એક સેકન્ડના અસંખ્યમા ભાગમાં.... જેવો જ્ઞાનસ્વભાવ છે આત્માનો એવો વિકાસ કરીને જેણે (–સર્વજ્ઞે) એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જાણ્યા (અને)....

(૧) જાણ્યા છતાં (તેને) અડ્યા નહીં (તેમ જ)....
(૨) એ (લોકાલોક) છે માટે (જ્ઞાને) જાણ્યા (—એમ પણ) નહીં. સમજાણું કાંઈ ? એ (લોકાલોક) છે માટે (જ્ઞાને) જાણ્યા (—એમ પણ) નહીં (અર્થાત્)
(૩) એ (લોકાલોક) છે માટે (જ્ઞાનમાં) જાણવાનું થયું—એમ નહીં, (પણ) પોતાથી જાણવાનું (થયું છે).

સર્વજ્ઞ સ્વભાવ પોતાનો છે એમાં એકાકાર થઈને સર્વજ્ઞ પર્યાય (પ્રગટ કરી).... પોતાના ધર્મને (–સ્વરૂપને) સ્પર્શીને (ક્રમે કરીને સર્વજ્ઞ પર્યાય) પ્રગટ કરી (ત્યારે) જણાણું કે 'આ ચીજ (–લોકાલોક) છે', પણ....

(૧) એ ચીજ (–લોકાલોક) છે માટે જ્ઞાન છે—એમ નહીં અને
(૨) આ જ્ઞાન છે માટે એ ચીજ (–લોકાલોક) છે—એમ (પણ) નહીં.

અને....

(૩) સર્વજ્ઞ પર્યાય લોકાલોક.... જગતને અડે છે—એમ નહીં અને
(૪) જગતના પદાર્થો જ્ઞાનની સર્વજ્ઞ અવસ્થાને અડે છે—એમ (પણ) છે નહીં.

સમજાણું કાંઈ ? આ તો બધા લોજીક.... નિયમો છે એના (–સર્વજ્ઞના). આહાહા ! લ્યો ! એટલું આવ્યું (–આટલો વિસ્તાર આવ્યો).

હવે બીજો ટુકડો.

**અત્યંત નિકટ એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છે તોપણ....** શું કહે છે ? કે (સર્વ પદાર્થો) રહ્યા છે તો એક જગ્યાએ ભેગા.... જ્યાં દૂધ ત્યાં પાણી, દૂધ ત્યાં સાકર, એમ આત્મા ત્યાં શરીર.... આ માંસ, હાડકા (આદિ) સાથે ને સાથે છે. આ જગ્યાએ આત્મા ને તે જ જગ્યાએ શરીર.... આ જગ્યાએ આત્મા ને તે જ જગ્યાએ કર્મ.—બધું ભેગું (–બધા દ્રવ્યો ભેગા) એક જગ્યાએ રહ્યું છેને ? **અત્યંત નિકટ....** નજીક છે તદ્દન. ભગવાન આત્મા.... અંદર આત્મા અરૂપી જ્ઞાનઘન છે ત્યાં જ આ કર્મના ને શરીરના પરમાણુનો પિંડ છે એક ક્ષેત્રમાં.... એક જગ્યામાં રહેલો છે.

અત્યંત નિકટ એટલે નજીક.... એકક્ષેત્રાવગાહરૂપે રહ્યા છતાં.... રહ્યા છે.... એકક્ષેત્ર અવગાહ.... 'અવગાહ' એટલે વ્યાપવું. એકક્ષેત્રમાં વ્યાપ્યું છે આ બધું (–છએ દ્રવ્ય), તોપણ જેઓ સદાકાળ.... ત્રણે કાળ, 'સદા(કાળ)'.... નામ ત્રણે કાળ પોતાના સ્વરૂપથી પડતા નથી.... કોઈ (પણ) વસ્તુ પોતાના સ્વરૂપથી ડગતી નથી.... આહાહા ! પોતાના સ્વરૂપથી ખસી જતી નથી. એકક્ષેત્રમાં અનંત પદાર્થ રહ્યા છતાં તે (કોઈ પણ) પદાર્થ પોતાના સ્વરૂપથી ખસીને પરમાં જતો નથી. ક્ષેત્ર ભલે એક જગ્યાએ હો, (પણ) સૌનો ભાવ ભિન્ન(-ભિન્ન) છે. સમજાણું કાંઈ ?

અત્યંત નિકટ.... એક જગ્યાએ રહેવા છતાં.... આત્મા છે ત્યાં રજકણો છે.... આ શરીર, માટી, ધૂળ (આદિ) બધું છે ભેગું, છતાં.... અત્યંત નજીકમાં રહ્યા છતાં, તોપણ જેઓ.... જેઓ એટલે કે શરીરના રજકણો ને આત્મા (આદિ પદાર્થો) સદાકાળ પોતાના સ્વરૂપથી પડતા નથી અને પરરૂપે નહિ પરિણમવાને લીધે.... તે (પદાર્થો) પરરૂપે નહીં થવાને લીધે પોતાની અનંત.... (પ્રગટતા) નાશ પામતી નથી.... (—એમ કહ્યું છે).

નહીંતર (વાતની) સંધિ તો જાણે એવી આવે છે કે.... (જગતમાં રહેલા પદાર્થોની) અનંત (પ્રગટતા) નાશ પામતી નથી (—એમ કહેવું છે).

(પહેલી ને બીજી આવૃત્તિની ફૂટનોટમાં તો એક પદાર્થના અનંત) ધર્મ લેવા પડ્યા (–કહ્યા), નહીં(તર) તો <u>અનંતની (–જગતમાં રહેલા અનંત પદાર્થોની) અનંતતા નાશ પામતી નથી (—એમ) આવે.</u> સમજ્યા, (હું) શું કહું છું ભાઈ ?

રામજીભાઈ : ધર્મ લીધા....

પૂજ્ય ગુરુદેવશ્રી : અહીં (ફૂટનોટમાં) તો (એક પદાર્થના અનંત) ધર્મ કહ્યા, <u>પણ હું બીજું કહું છું.</u> આમ તો, અનંત(પદાર્થો)ની અનંતતા નાશ પામતી નથી.... વ્યક્તિઓ (–અનંતપણું) નાશ પામતી નથી—એમ ધ્વનિ (–અભિપ્રાય) એવો ઊઠે છે.

રામજીભાઈ : વ્યક્તિઓ....

પૂજ્ય ગુરુદેવશ્રી : (વ્યક્તિઓ =) પદાર્થ.... એવો ધ્વનિ આમાં છે. (વિચારણાનો) પ્રવાહ હાલતા એમ (વિચાર) આવી ગયો. સમજાણું કાંઈ ? અમારે પંડિતજી તો કેટલા........ લ્યો ! આહાહા !.... કારણ કે આ ધ્વનિ જતાં....

રામજીભાઈ : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ વાત છે. ભાઈ ! સમજાય છે ? આ (પહેલી ને બીજી આવૃત્તિની ફૂટનોટમાં) અર્થ જે કર્યો છેને, એ કરતાં.... એ કરતાં.... અનંત 'વ્યક્તિ'.... એટલે પદાર્થ (અને) એની (–પદાર્થોની) સંખ્યા જેટલી (–અનંત) છે એ (નાશ પામતી નથી)—એમ (અર્થ) જોઈએ.

રામજીભાઈ : (દરેક દ્રવ્યની) વ્યક્તિ (–પ્રગટતા) એમ ને એમ જળવાય રહે છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : (હા) એમ, બસ.... બસ.... બસ. (વ્યકિત =) વસ્તુ—એમ (અર્થ) મેળ ખાય છે. કારણ કે જુઓને ! સિદ્ધાંત એમ નીકળ્યોને ?

અત્યંત નિકટ.... એક જગ્યાએ રહેવા છતાં પણ સદાકાળ પોતાના સ્વરૂપથી.... નહીં પડતા હોવાથી અને પરરૂપે નહિ.... થવાને લીધે પોતાની.... એટલે જેટલા—અનંત પદાર્થ છે તેની સંખ્યા પ્રગટપણે નાશ પામતી નથી.... (પદાર્થોની સંખ્યા) જેટલી—અનંત છે તે અનાદિ-અનંત રહે છે. કહો, સમજાણું કાંઈ ?

સમજમેં આતા હૈ કિ નહીં ?

(જગતમેં) જિતને—અનંત પદાર્થ હૈં.... આત્મા કે અનંત પરમાણુ આદિ, એ પોતાના સ્વરૂપથી ડગતા નથી (અને) પરરૂપે થતા નથી. (તેથી) એની (–પદાર્થોની) જેટલી સંખ્યા છે અનંત, તે અનંતપણે કાયમ રહે છે. સમજાણું કાંઈ ?

અનંત.... (પ્રગટતા) નાશ પામતી નથી માટે જેઓ ટંકોત્કીર્ણ જેવા સ્થિત રહે છે.... ('શાશ્વત').... વસ્તુ એમ (ને એમ) રહે છે. આત્મા

આત્માપણે, પરમાણુ પરમાણુપણે એમ ને એમ શાશ્વત સત્.. સત્.. સત્.. સત્ (રહે છે). આહાહા !....

એનો અર્થ નથી કર્યો, નહિ ? .... અર્થ નહીં કર્યો હોય. અન્વયાર્થ નથી કર્યોને એમ. ઠીક. આણે કર્યો છે ઠીક.... કાઢી નાખ્યો છે.

ખરેખર તો આમ (–અનંત પદાર્થો અનંતપણે શાશ્વત રહે છે—એમ વાત) હાલે (–ચાલે) છે.... ખરેખર, (ટીકાના) ચાલ્યા આવતા પ્રવાહમાં ('પદાર્થના અનંત ધર્મો'નું કથન) આવ્યું (તેથી) ત્યાં ખટકતું'તું કે આ વળી આમ (–પદાર્થની અનંતતા કહેવી) છે ને વળી '(પદાર્થના ધર્મોમાં અનંત'નું શું (કથન) આવ્યું ?

આહીં તો '(પદાર્થના) ધર્મ' નહીં, (પણ) 'ધર્મી' (અર્થાત્) દ્રવ્યો જેટલા છે તેટલા એમ ને એમ કાયમ ટકી રહે છે (—એમ કહેવું છે). બસ, જેટલા છે તેટલા અનંત આત્માઓ, અનંત પરમાણુઓ, અસંખ્ય કાળાણુઓ, ધર્માસ્તિકાય (આદિ) વસ્તુ એવી ને એવી ટંકોત્કીર્ણ શાશ્વત ભિન્ન-ભિન્ન રહે છે. આહાહા ! તું તારામાં ને એ (અન્ય દ્રવ્યો) એનામાં. તારે ને એને કાંઈ સંબંધ નથી. જો સંબંધ માન્યો તો બંધકથા ઊભી થઈ (—એમ) કહે છે....

ભગવાન આત્મા પોતાના શુદ્ધસ્વરૂપ.... 'एयत्तणिच्छय'.... લીધું છેને ? 'एयत्तणिच्छय'.... પોતાના એકત્વને પ્રાપ્ત થતાં.... શુદ્ધપણાને પ્રાપ્ત થતાં તે શોભે છે. કર્મના સંયોગને પ્રાપ્ત થતાં તે (આત્મા) હેયપણાથી શોભે છે.... એ તો હેયપણાથી શોભે છે .

ભગવાન આત્મા—કે જેનું રૂપ જ્ઞાન, દર્શન ને આનંદ છે (તેની) એવી અંતર અવસ્થા (થાય).... પોતાની અંતર્મુખ થઈને, શુદ્ધતાને પ્રગટ કરીને શુદ્ધપણે જે થાય....

(૧) એ આત્માની ધર્મદશા....
(૨) એ આત્માની શોભા....
(૩) એ આત્માનું આત્માપણું....
(૪) એ આત્માનું અસ્તિપણું—સત્પણું છે.

એને છોડીને પરસંબંધમાં.... કર્મ આદિના સંબંધમાં જઈને રાગ-દ્વેષ આદિથી મેલો થાય તે....

(૧) અણાત્મપણું છે....
(૨) દુઃખદશા છે....
(૩) સંબંધ દશા છે, (પણ) ભિન્ન દશા નથી.

આહાહા ! સમજાણું કાંઈ ?

'ટંકોત્કીર્ણ'.... એટલે જેવા ને તેવા. રજકણો પણ એવા ને એવા અનાદિથી છે, આત્મા પણ એવો ને એવો છે—અનંત આત્માઓ (પણ) એવા ને એવા છે.... ટંકોત્કીર્ણ. જેમ 'અદબદનાથ' છેને આહીં ?.... અંદરથી કાઢેલી મૂર્તિ પાલીતાણામાં છે, અંદરથી કાઢેલી. આ એવી વસ્તુ 'અદબદ' (–અંદરથી કાઢેલી છે). આત્મા ને રજકણો (આદિ) આમ ને આમ વસ્તુ છે. (આત્મા) પોતાની શક્તિનો પિંડ એકલો, એવો ને એવો અનાદિથી છે (અર્થાત્)

(૧) પોતે પોતાથી પતિત નથી થતો (અર્થાત્)....
(૨) પરપણે પરિણમતો નથી (અને)
(૩) પોતાથી ખસતો નથી.

—એવી (જ રીતે બધી) ચીજો (પોતે) પોતામાં સદાય રહેલી (છે).

જેઓ ટંકોત્કીર્ણ જેવા (શાશ્વત) સ્થિત રહે છે અને સમસ્ત વિરુદ્ધ કાર્ય ને અવિરુદ્ધ કાર્યના હેતુપણાથી.... લ્યો ! અસ્તિ-નાસ્તિ (કરી). પરથી નથી ને પોતાથી છે. હંમેશાં વિશ્વને ઉપકાર કરે છે—ટકાવી રાખે છે.... 'વિશ્વ'.... નામ અનંત પદાર્થ.... 'વિશ્વ'.... શબ્દે અનંત પદાર્થ.... અનંત પદાર્થ. 'વિશ્વ'.... એટલે સમસ્ત, 'સમસ્ત' એટલે અનંત. જેટલા.... અનંત પદાર્થ છે, એ પોતે પોતાથી છે ને પરથી નથી. એ રીતે.... ચૌદ બ્રહ્માંડ આ પ્રમાણે અનાદિ-અનંત પોતાથી ટકી રહ્યું છે. કહો, સમજાણું કાંઈ ?

સમસ્ત વિરુદ્ધ કાર્ય.... પર્યાયનું લીધું'તુંને (–પર્યાયની વાત લીધી હતીને) એક ફેરી (–વાર) ? કે ઉત્પાદ–વ્યય વિરુદ્ધ છે (અને) ગુણ તે

અવિરુદ્ધ છે. દરેક વસ્તુમાં ક્ષણે-ક્ષણે અવસ્થા થાય (ને) જાય—એ વિરુદ્ધ કાર્ય છે (એટલે) કે ઉત્પાદ–વ્યય.... ઉત્પાદ–વ્યય છે. નવી અવસ્થા થાય ને જૂની જાય—એ વિરુદ્ધ છે (અને) ગુણરૂપે અવિરુદ્ધ છે.... 'ધવલ'ના હિસાબે (–પ્રમાણે). 'ધવલ'માં (ષટ્ખંડ આગમની 'ધવલા' ટીકામાં આ વાત) છે.

વિરુદ્ધ કાર્ય ને અવિરુદ્ધ કાર્ય છે એના કારણે (પદાર્થો) હંમેશાં આખા જગતને.... અનંત (પદાર્થો) જે રીતે છે (તે રીતે) તેને (–વિશ્વને) ટકાવી રાખે છે.... (વિશ્વ) એમ ને એમ રહ્યું છે.... એ 'સત્'નો કોઈ કર્તા છે નહીં. 'સત્'ને કોણ કરે ? (જો કોઈ કરે) તો અસત્ થઈ ગયું એ તો. સમજાણું કાંઈ ?

એક-એક 'સત્'નું સત્પણું, પોતાથી અનાદિનું ટકી રહ્યું છે.... ભલે પર્યાયથી કે ગુણથી. નવી અવસ્થા થાય, જૂની જાય, ગુણ (કાયમ) રહે (તથા) સ્વપણે રહે ને પરપણે નહીં.—(આ રીતે) એમ ને એમ અનાદિના પદાર્થોનું.... ચૌદ બ્રહ્માંડનું સ્થિતિપણું જેવું છે તેવું ટકી રહ્યું છે. કહો, સમજાણું આમાં ?

તત્ત્વદ્રષ્ટિ એવી ઝીણી છે જરી.... એણે અનંત કાળમાં એનો (અભ્યાસ કર્યો નથી) અને અત્યારે તો બધું ગોટા જ હાલે છે ધર્મને નામે. શાંતિભાઈ ! (લોકોને) પદાર્થ શું છે એની ખબર ન મળે.... સર્વજ્ઞ પરમેશ્વર—જેણે એક સમયમાં ત્રણ કાળ ત્રણ લોક જોયા એવો જ એનો સ્વભાવ છે જ્ઞાનનો.

(૧) એ (સર્વજ્ઞે પદાર્થો) જોયા એવી વાણી આવી.... (–દેવ),
(૨) (આચાર્યોએ) એ વાણીમાંથી શાસ્ત્ર કર્યું (–રચ્યું અને) (–ગુરુ),
(૩) એ શાસ્ત્રમાં પદાર્થનું સ્વરૂપ આવું કહ્યું છે.... (–શાસ્ત્ર).

સમજાણું કાંઈ ?

(૧) (જગતમાં) બધા થઈને એક આત્મા (છે)—એમ નથી,
(૨) જગતમાં એક જ ચૈતન્ય છે—એમ (પણ) નથી (અને)
(૩) જગતમાં જડ એક જ છે—એમ (પણ) નથી. (પરંતુ)
(૪) (જગતમાં) જડ અનંત છે ને આત્માઓ પણ અનંત છે.

—તે એક-એક આત્મામાં અનંતા ધર્મો છે અને અનંતી અવસ્થા છે અને પરથી તે નાસ્તિરૂપ છે.

આ રીતે અનાદિ-અનંત (કાળ) જગત ટકી રહ્યું છે. એને (–આત્માને) પરથી જુદો પાડતાં (–જાણતાં).... પરથી જુદો પાડતાં સ્વ ઉપર દ્રષ્ટિ જાય છે (અને) ત્યારે તેને સમ્યગ્દર્શન ને ધર્મ થાય છે.... સમજાય છે કાંઈ ? ત્યારે ધર્મ થાય, નહીં તો (ધર્મ) થાય નહીં.

'સત્'.... 'સત્' દ્રષ્ટિમાં આવે ત્યારે ધર્મ થાયને ? (આત્મ)વસ્તુ, પરથી ભિન્ન છે (અને) એના સ્વભાવથી અભિન્ન છે....—એની (ઉપર) દ્રષ્ટિ પડતાં.... (અર્થાત્) સમ્યગ્દર્શન.... સાચું દર્શન.... સાચી પ્રતીત થતાં મિથ્યા પ્રતીતનો નાશ થાય છે અને અંતરમાં મોક્ષના પંથે ગતિ કરે છે. આ ધર્મ છે ને આ ધર્મનું ફળ છે, પણ આ રીતે સમજે તો.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૨**
**ગાથા - ૩, ૪**
**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧૨, ગુરૂવાર, તા. ૧૯-૯-'૬૮**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ત્રીજી ગાથા.

આ જગતની અંદર જેટલા દ્રવ્યો છે, એ પોતે પોતાના ગુણ-પર્યાયમાં રહેલા છે. અને ખરેખર, પ્રત્યેક પદાર્થ પોતાની પર્યાયમાં.... પોતામાં એકાકાર રહે (તો) એ સુંદરતાને પામે છે. (પણ) પરના સંબંધમાં આવતાં જીવને વિકાર થાય છે (અને) એ વિકાર દુઃખદાયક છે.... એ બંધભાવ દુઃખદાયક છે.

આહીં કહ્યુંને ? જગતના જેટલા પદાર્થો છે એ પોતપોતામાં ટકી રહ્યા છે અનાદિના. જેટલા.... અનંત આત્માઓ, અનંત પરમાણુઓ (આદિ) છે—એ બધા હંમેશાં વિશ્વને ઉપકાર.... એટલે સમસ્તપણે જે અનંત (પદાર્થ) છે તે અનંતપણે ટકી રહ્યાં છે. કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યને અડતું નથી. પોતાના જે ગુણો છે પદાર્થના અને એની જે અવસ્થા છે એને એ સ્પર્શે છે, કેમ કે એમાં એ છે. (પણ) જેમાં એ (પદાર્થ) નથી એને એ અડતો નથી (અને અન્ય) કોઈ દ્રવ્ય (પણ) એને અડતું નથી—એમ કહે છે. એવી જ વસ્તુની સ્થિતિ છે.

આ પ્રમાણે સર્વ પદાર્થોનું ભિન્ન ભિન્ન એકપણું સિદ્ધ થવાથી.... દરેક વસ્તુ.... આત્મા, રજકણ આદિનું (પરસ્પર) જુદા-જુદા(પણું અને સ્વથી) એકપણું સિદ્ધ થવાથી.... પોતે પોતામાં એકપણે છે—એમ સિદ્ધ થવાથી.... પરની સાથે એક છે—એમ નહીં. સમજાય છે કાંઈ ? જીવ નામના સમયને.... ભગવાન આત્મા 'જીવ' નામનો પદાર્થ છે એને બંધની કથાથી.... એને (–જીવને), કહે છે કે, આ કર્મના સંબંધે જે ભાવ છે એનાથી વિસંવાદની આપત્તિ આવે છે.... વિખવાદ—ઝેર ઉત્પન્ન થાય છે એમાં. સમજાણું કાંઈ ?

વસ્તુ પોતે જ્ઞાયકસ્વભાવી છે એમાં આ કર્મના સંબંધથી ભાવબંધ (થાય છે). જડકર્મનો (સંયોગ)સંબંધ અને એના સંબંધથી થતો વિકારી પુણ્ય -પાપભાવ....—એ એકમાં બંધ (ઊભો થયો). દ્રવ્યબંધ અને (એના સંબંધે) જે

ભાવબંધ ઊભો થયો એ વિસંવાદ છે.... વાસ્તવિક તત્ત્વમાંથી ઊંધી અવસ્થા ઉત્પન્ન થઈ. સમજાણું કાંઈ ?

વસ્તુ પોતે જ્ઞાયક ચૈતન્ય, પવિત્ર આનંદ આદિ સ્વભાવથી ભરેલો ભગવાન છે. એમાં જે એકપણું હોય એ તો વસ્તુની સ્થિતિ છે, પણ કર્મના સંબંધે બેકલાપણું (પર્યાયમાં) થયું (—એમ) કહે છે. કર્મનો સંબંધ છે નિમિત્તરૂપે બંધ અવસ્થામાં. એને લઈને અંદરમાં (–પર્યાયમાં), સ્વભાવમાં નથી એવી વિકૃતદશા ઉત્પન્ન થઈ એ વિસંવાદ.... ઝેર ઉત્પન્ન થયું (—એમ) કહે છે. સત્યમાંથી વિપરીતતા ઊભી થઈ.... સત્યમાંથી સત્ય આવવું જોઈએ એને ઠેકાણે, નિમિત્તના સંબંધે સત્યથી વિપરીત ભાવ ઊભો થયો. સમજાણું કાંઈ ?

એ વિસંવાદની આપત્તિ.... (કહે છે) એ તો આપદા છે.... પીડા છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા આનંદ ને જ્ઞાનની મૂર્તિ પ્રભુ, એવું સ્વદ્રવ્ય છે. એ સ્વતત્ત્વ એકરૂપ છે એને, આ બીજું.... કર્મના સંબંધથી ઉત્પન્ન થતી વિપરીત દશા છે એણે ઝઘડો નાખ્યો.... સ્વભાવમાં ઝઘડો ઊભો કર્યો—એમ કહે છે. સમજાણું કાંઈ ? ક્લેશ ઉત્પન્ન કર્યો.... દુઃખ ઉત્પન્ન કર્યું.

ભગવાન આત્મા તો જ્ઞાનાનંદસ્વરૂપ છે. (તેથી) એમાંથી તો.... એનું લક્ષ કરે તો તો આનંદ અને જ્ઞાન ને શાંતિ ઉત્પન્ન થાય (અને) એ તો એની સ્થિતિ અને એની શોભા છે. (એટલે કે) એમાં (–જ્ઞાન, આનંદ, શાંતિમાં) રહેવું એ તો એની ચીજ છે. (પણ) જે એમાં (આત્મામાં) નથી એવા કર્મના સંબંધના લક્ષે જે વિકૃતભાવ ઊભો થયો એ બધો તો ઝઘડો.... ક્લેશ.... વિખવાદ.... વિસંવાદ.... વિપરીતવાદ.... સ્વભાવથી વિરુદ્ધ ભાવ ઊભો થયો. સમજાણું કાંઈ ?

કેમ કે બંધકથાનું મૂળ—જે પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું.... એ ભાવ....

(પ્રશ્ન :) વિસંવાદ જે ઊભો થયો એનું મૂળ શું ?

(સમાધાન :) કે નિમિત્ત (એવા) કર્મના ઉદયમાં.... (તેની) અંદર દ્રષ્ટિ જવી. સમજાણું કાંઈ ? પુદ્ગલકર્મના પ્રદેશોમાં.... એટલે પરવસ્તુ (એવા) કર્મના

ઉદયમાં તેનું સ્થિત થવું.... તેમાં ચિત્ત ચોંટ્યું (અને) તેમાં તેનું ચિત્ત ચોંટ્યું એટલે જ્ઞાનાનંદસ્વભાવથી અનાદિનો ખસી ગયો છે. સમજાણું કાંઈ ?

તે જેનું મૂળ છે.... શું કહે છે ? ભગવાન આત્મા પોતાના સ્વભાવને છોડી કર્મપ્રદેશ એટલે ઉદયના જોડાણમાં જતાં પરસમયપણું.... વિપરીતપણું.... વિરુદ્ધપણું.... ઝઘડાપણું.... ક્લેશપણું.... મિથ્યાત્વભાવપણું.... ઉત્પન્ન થયું એ પરસમયપણું છે.... એ અણાત્માપણું છે. સમજાય છે કાંઈ આમાં ? સ્વસમય ન રહ્યો એ.... જ્ઞાનાનંદ ચૈતન્ય ભગવાન પોતાના નિજઘરમાં ન રહ્યો એ.... પરના ઘરમાં જઈ અને વ્યભિચારીભાવ ઊભો કર્યો. સમજાય છે કાંઈ ? એથી, એ વિપદા ને વિસંવાદનું મૂળ પરના નિમિત્તમાં જોડાવું તે.... તેમાં સ્થિત થવું તે છે.

તે જેનું મૂળ છે એવું પરસમયપણું તેનાથી ઉત્પન્ન થતું.... પરસમયપણું (પર્યાયમાં) ઉત્પન્ન થયું. વસ્તુ તો (એવી ને એવી) રહી દ્રવ્ય.... વસ્તુ, સમજાય છે ? પણ (પર્યાયમાં) નિમિત્તના સંબંધે પુણ્ય-પાપના શુભાશુભ ભાવો, મિથ્યાભ્રાંતિ ઉત્પન્ન થયા એ પરસમયપણું થયું.... એકમાં બે થયા. સમજાણું કાંઈ ? ભગવાન (આત્મા) એકલો ચૈતન્યમૂર્તિ છે એમાં, નિમિત્તના લક્ષમાં રહેવાથી એને દ્વિવિધપણું.... દ્વિધા ઉત્પન્ન થઈ. અને....

તેથી પરસમયપણું તેનાથી ઉત્પન્ન થતું પરસમય અને સ્વસમયરૂપ દ્વિવિધપણું જીવને આવે છે.... એટલે દ્રવ્ય-વસ્તુ તો એકરૂપ છે, (પણ) એમાં (–પર્યાયમાં) આ (પરસમય)પણું એવો વિકૃતભાવ ઊભો થાય છે. એ એને....

(૧) સંસારનું કારણ છે....
(૨) નુકશાનનું કારણ છે....
(૩) ઝેરનો અનુભવ છે....

(કેમ કે) એકમાં બે થઈ ગયા. સમજાય છે કાંઈ ?

માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે.... ખરેખર તો પરના સંબંધથી છૂટી, સ્વનો સંબંધ કરે તે એકપણું છે—એમ સિદ્ધ.... સાબિત (થાય છે અને તે) યથાર્થ છે. સમજાણું કાંઈ ? અંતરની વાત છે (એટલે) ઝીણી છેને થોડી. એ વાસ્તવિક તત્ત્વ(ની વાત) કહેશે, એમાં—ચોથી (ગાથા)માં જ કહેશે એ

વાત કે પરથી ભિન્ન શું (ચીજ) છે—એ વાત એણે સાંભળી નથી અને પરથી એકત્વની વાત સાંભળી છે.

ભગવાન આત્મા એકલો જ્ઞાયક, દ્રષ્ટાસ્વભાવ.... આનંદના સ્વભાવથી જડેલો (–શોભતો) આત્મા (છે તેમાં એકત્વ) એવું સ્વસમયરૂપ એકપણું થવું (જોઈએ) એ અટકી ગયું છે (–કર્યું નથી) અનાદિનું. પરના સંબંધમાં આવતાં, સ્વભાવમાં નથી એવી વિપરીત અવસ્થા ઉત્પન્ન થતાં, તેને પરસમયપણું થયું.... તેને અણાત્માપણું થયું—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આત્મા એને કહીએ કે જે પુણ્ય-પાપના વિકલ્પથી રહિત પોતાના દ્રવ્ય-ગુણમાં એકાકાર થાય.... તેને આત્મા કહીએ. સમજાય છે કાંઈ ? *'एकत्वनिश्चयगत'*:....

(૧) પોતાની પર્યાયને અંતરમાં એકત્વ કરે તે આત્મા (–જીવ)
(૨) (પણ જો) તે (પોતાની) પર્યાયને નિમિત્તના સંબંધમાં જોડે અને રાગ-દ્વેષને ઉત્પન્ન કરે તે અણાત્મા (–અજીવ).... એ પરસમય.

જુઓ ! આમ જીવ-અજીવની વ્યાખ્યા છે. ભૈયા ! દસ પ્રાણે જીવે એ જીવ—એ (વાત) આહીં નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

અહીંયા તો ભગવાન આત્મા ચૈતન્ય, આનંદ આદિ સ્વભાવ(રૂપ) પ્રાણ(મય) વસ્તુ—એ જીવ (તેમ જ) એની વર્તમાન અવસ્થાને તેમાં જોડીને (–જોડતાં) જે જીવન ઉત્પન્ન થાય તેનાથી જીવે તેને 'જીવ' કહીએ.

(પણ) એમ ન થતાં (–કરતાં) વર્તમાન દશાનો બંધના સાથે સંબંધ કરતાં, ઉત્પન્ન થતાં 'પુણ્ય-પાપના ભાવો અને મિથ્યાભ્રાંતિ'—એ બધું જીવપણું (છે) નહીં. એ પરસમયપણું છે.... અણાત્માપણું છે. 'અજીવ'પણું એને થઈ ગયું છે, (પણ) વાસ્તવિક ચૈતન્યપણું રહ્યું નહીં. સમજાણું કાંઈ ?

ટૂંકી.... પહેલી (–શરૂઆતની) ગાથાઓમાં બહુ ટૂંકામાં (વાત છે)—ટૂંકું બહુ છે. આહાહા !

જીવ..... પહેલાં 'જીવ' (—એમ) આવ્યું'તુંને ? (બીજી ગાથામાં). જીવ કોને કહેવો ? એના સાત બોલ આવ્યા, પછી સ્વસમય-પરસમયપણું આવ્યું. એ જીવ પોતે પોતાના કાયમી અસલી સ્વભાવમાં વર્તમાન દશાને જોડી 'निश्चयगत:' થઈને (શુદ્ધતા) પ્રાપ્ત થાય.... શુદ્ધપણું પ્રાપ્ત થાય તે તો આત્મા....

(૧) તેને 'જીવ' કહીએ....
(૨) તેને 'આત્મા' કહીએ....
(૩) તેને 'સ્વસમય' કહીએ....
(૪) તેને 'ધર્મી' કહીએ.

(પણ) પોતાનો સ્વભાવ ત્રિકાળી છે એને છોડી વર્તમાન અવસ્થા, વર્તમાન ક્ષણિક પરના—નિમિત્તના સંબંધમાં જોડાય અને પુણ્ય-પાપના વિકલ્પો (ઉત્પન્ન) થઈને 'તે અસ્તિત્વ હું છું અને તે મારું સ્વરૂપ છે' એવી જે ભ્રાંતિ (થાય) એ અણાત્માપણું (–પરસમયપણું) છે. સમજાય છે કાંઈ ?

ચાહે તો નવમી ગ્રૈવેયક (જનારો દ્રવ્યલિંગી) જૈન દિગંબર સાધુ હો, પણ અંતરમાં વિકલ્પો જે નિમિત્તના સંબંધે થયેલા (છે) તેમાં રોકાયેલો છે (તો) એને પરસમયપણું.... અણાત્માપણું કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? ભારે વાતું ભાઈ ઝીણી. ચોખ્ખી વાત છે. ચોખ્ખામાં તો ચોખ્ખી જ વાત હોયને ?

'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे ।'.... ભગવાન આત્મા પોતાની પર્યાયને સ્વભાવમાં એકત્વ કરે એનું નામ ધર્મ અને એનું નામ આત્મા. એનું નામ આત્મા.... એનું નામ 'જીવ' અને જે પોતામાં એકત્વ ન થતાં, પર—કે જે ભિન્ન છે એની સાથે એકત્વ થાય એ 'જીવ નહીં' (—એમ) કહે છે.... એને જીવનું જીવન જીવતાં આવડ્યું નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

માટે સમયનું એકપણું હોવું જ સિદ્ધ થાય છે; (અને એ જ પ્રશંસા કરવા....) લાયક છે.

નિમિત્તરૂપ બંધના.... નિમિત્તના સંબંધમાં.... આ જડના પાંચ ઇન્દ્રિય (આદિ) દસ પ્રાણ તો બાહ્ય-સ્થૂળ રહ્યા.... એ તો આત્મા જ નથી, એ તો જડ

છે. પણ અંદર (જડ)કર્મ જે છે એના.... ચૈતન્ય તરફના અંતર વલણની દશા છોડી એના (–જડકર્મના) સંબંધમાં (સ્વયં જીવ) જોડાય છે.

એ (જડકર્મ, જીવમાં) કાંઈ કરતું નથી, એને (–જડકર્મને કાંઈ) ખબરેય ક્યાં છે ? (પણ જીવ, સ્વભાવમાં) ન જોડાતાં, (કર્મના સંબંધમાં) જોડાય છે અને (તેથી) ઉત્પન્ન (થાય છે) વિપરીતભાવ.... ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિના શુભભાવ (ઉત્પન્ન થતાં હો),—એ બધો વિપરીતભાવ.... બંધભાવ છે. એકરૂપ અબંધસ્વરૂપ ભગવાન.... અબંધસ્વરૂપ પ્રભુ છે એમાં બંધભાવે વિસંવાદ ખડો કર્યો છે એણે—એમ કહે છે. સમજાય છે કાંઈ ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : આમ ને આમ (અજ્ઞાની અનાદિનો) છે. કેમ કે પ્રેમ છેને જુઓને આમ (–પર તરફ) ? ગળે વળગે છેને હીરાભાઈ કેટલા ?

શ્રોતા : ..... કેમ વળગ્યા ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ વળગ્યા છે મમતાને લઈને. (તનું) નામ પડે ત્યાં અંદરથી આમ.... આમ.... (હર્ષ) થઈ જાય છે અંદર. કહો, સમજાણું આમાં ? આ તો દાખલો આપ્યો. 'મારો હીરો' (—એમ વિચારે) ત્યાં (હર્ષ) થાય કે 'આહાહા !'.... કોના હીરા ને કોના.... ? (કોઈ) છે કોઈનું ?

શ્રોતા : ..........

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહે છે કે જે પોતાનું છે.... જે પોતાનું હોવાપણું છે એ (પોતાના) હોવાપણે એને ભાસ્યું નહીં એટલે એને પરના સંબંધમાં.... કાંઈક (બીજે) 'હોવાપણું' ભાસ્યું (અને) 'તે હું' એમ માન્યું. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા 'જ્ઞ' સ્વભાવી વસ્તુ.... જ્ઞાયકસ્વભાવી પદાર્થ છે એનું હોવાપણું દ્રષ્ટિમાં ન ભાસ્યું, ત્યારે હવે ક્યાંક (બીજે) એનું (–પોતાનું) હોવાપણું ભાસે તો ખરુંને ? તો આમ દળ (–પુદ્‌ગલ) ઉપર દ્રષ્ટિ અનાદિની છે....

(૧) નિમિત્તના સંબંધમાં (–<u>નોકર્મ</u>),
(૨) સંબંધના બંધમાં (–<u>દ્રવ્યકર્મ</u>),
(૩) બંધના ભાવમાં (–<u>ભાવકર્મ</u>),

(અર્થાત્) નિમિત્તના ભાવમાં.... એના સંબંધમાં (જીવ) છે.—એ સંબંધમાં પોતે વિપરીતભાવ.... સ્વભાવથી ઊલટો ભાવ ઊભો કર્યો છે—કે જે એને અશોભાનું કારણ.... અશોભાનું કારણ.... જીવવસ્તુને અસુંદરતાનું કારણ છે.... અશોભાનું કારણ છે. સમજાણું ?

માટે એને છોડી ભગવાન આત્મા (પોતાના) એકત્વમાં આવે (તો) એ સુંદરતાને પામે છે. આહાહા ! પણ જ્યાં હજુ રીતની (તેમ જ હોવાપણાની વાત) સાંભળી નથી કે વસ્તુ શું છે, કેમ છે (અને) એમ ને એમ (તત્ત્વ સમજ્યા વિના) અનાદિનો (રખડે છે). જૈન સાધુ થયો, પંચ મહાવ્રત લીધા, હજારો રાણી છોડી; (તો) પણ રાગ છે (એને જ).... પર સંબંધીના (–સાથેના) સંબંધથી ઉત્પન્ન થયેલો (રાગ) છે એને જ પોતાનું સ્વરૂપ માનીને પરસમય—અજ્ઞાનપણે પરિણમેલો છે. જુગરાજજી ! આહાહા ! શું વાત કરી છે !

'एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे ।'....

(૧) પોતાની પર્યાય પોતામાં એકાકાર થાય....
(૨) એકપણું રહે....
(૩) દ્વિવિધા ન થાય—બેપણું ન થાય....
(૪) બંધનો સંબંધ ન થાય....

(અર્થાત્) અબંધસ્વભાવી ભગવાન છે એની વર્તમાન પર્યાય અબંધ (સ્વભાવ) ઉપર જાય ત્યારે તે એકત્વથી સુંદરતાને પામે છે. આહાહા !

અને તે એકત્વ છોડી, એ બીજી ચીજ—(કે) જે એના સંબંધમાં ફક્ત વર્તમાન પૂરતી આવી છે એ ક્ષણિક સંબંધમાં આવેલી ચીજમાં જોડાતાં (એટલે કે) તેના તરફ (લક્ષ) જતાં વિપરીતભાવ....

(૧) મિથ્યાત્વ (–શ્રદ્ધા સંબંધી) અને
(૨) રાગ-દ્વેષ વિકલ્પ (–ચારિત્ર સંબંધી) ઉત્પન્ન થાય છે.

—એ, સ્વભાવમાં નથી એવો ઝઘડો ઊભો થયો એકમાં. બગડે બે.... 'એકડે એક ને બગડે બે'.... બગડ્યો. 'બગડે' સમજતે હૈં ?

શ્રોતા : બિગડ ગયા....

પૂજ્ય ગુરુદેવશ્રી : બિગડ ગયા. હમારી ગુજરાતી ભાષા ઐસી હૈ કિ.... ‘એકડે એક, બગડે બે’.... બગડે બે. બે થાય તો બગડે.... બિગડ ગયા.

શ્રોતા : એક રહા વહાં તક ઠીક હૈ, દો હુઆ તો બિગડ ગયા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : (દો હુઆ તો) બિગડ ગયા ઔર તીન હુઆ તો ‘ત્રગડ’ ગયા.... દર્શન, જ્ઞાન, ચારિત્ર તીનોં વિપરીત (હૈં) તો ખલાસ હો ગયા, જાવ. સમજાય છે કાંઈ ? આહાહા ! શું પણ વાત છે.... ઘણી થોડામાં, (પણ) ઘણી જ મોટી વાત છે. સમજાણું કાંઈ ?

કહે છે, ભાઈ ! ભગવાન આત્મા વસ્તુ છે. તો જે વસ્તુ એમાં (–આત્મામાં) નથી એમાં (–પરમાં) લક્ષ કરીને, એમાં (–આત્મામાં) નથી એવો ભાવ (–વિભાવ) ઊભો કરે, એ કાંઈ આત્માની શોભા છે નહીં. (એ) અસુંદરતા છે.... દુઃખરૂપ દશા છે.... ઝઘડો નાખ્યો (–ઊભો કર્યો) એણે. સ્વભાવ ને નિમિત્ત.... સ્વભાવથી ખસી અને નિમિત્તના સંબંધે (ઝઘડો ઊભો કર્યો).

બંધભાવ કહો કે તેનો (–નિમિતનો) સંબંધ કહો (એક જ વાત છે). (તો, નિમિત્તમાં) જોડાઈને જે કાંઈ.... ચાહે તો શુભભાવ ઉત્પન્ન કરે કે અશુભભાવ ઉત્પન્ન કરે—એ બધી વિપરીત દશા છે અને ‘એ (બંધભાવ) જીવ છે’ એ માન્યતા મિથ્યાત્વભાવ છે. સમજાય છે કાંઈ ?

ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ ઊભા કર્યા શુભ, એ બંધભાવ છે.... એ નિમિત્તના સંબંધે ઉત્પન્ન થયેલો બંધભાવ છે. ‘એ બંધભાવ મારો છે.... એ મને લાભદાયક છે’—એ (માન્યતા) અનાત્માપણું.... પરસમયપણું.... મિથ્યાપણું છે. સમજાય છે કાંઈ ? માટે આચાર્ય સરવાળો લે છે.... પાઠ (–મૂળ ગાથા) તો એટલો છે (કે) ‘बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि ।’....

(એકપણું) સુંદર છે, માટે એકપણું પૂર્ણ પ્રશંસા કરવા લાયક છે. ભગવાન આત્મા બીજી ચીજના બંધમાં અથવા સંબંધમાં ન જોડાય અને પોતાના શુદ્ધસ્વભાવનો સંબંધ કરે એ પ્રશંસાને લાયક છે.... સમજાણું કાંઈ ? પોતાનો

સ્વભાવ છે એની સાથે સંબંધ કરે એ પ્રશંસાને લાયક છે, (પણ) જે એમાં (–સ્વભાવમાં) નથી એની સાથે સંબંધ કરે તો વિસંવાદ—ઝેર ઉત્પન્ન થાય.... મિથ્યાત્વરૂપી સંસાર ઉત્પન્ન થાય—એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભાવાર્થ :—નિશ્ચયથી સર્વ પદાર્થ.... દરેક આત્મા, દરેક રજકણો (આદિ) પોતપોતાના સ્વભાવમાં સ્થિત રહ્યે જ શોભા પામે છે.... (પદાર્થ), પોતાનો સ્વભાવ.... કાયમીભાવ.... કાયમીસ્વરૂપ છે એમાં રહે તે તેની શોભા છે. ભગવાન આત્મા જ્ઞાતા-દ્રષ્ટાના સ્વભાવમાં.... એનો સ્વભાવ જાણવું, દેખવું, આનંદ છે એ સ્વભાવમાં રહે તો એની શોભા છે. એટલે (સ્વભાવમાં) એકપણું.... એટલે (સ્વભાવમાં) એકપણું (કરે) છે તો એ આત્માપણું.... એ જીવપણું (છે અને તે શોભા છે). સમજાણું કાંઈ ?

પરંતુ જીવ નામના પદાર્થની અનાદિ કાળથી પુદ્‌ગલકર્મ સાથે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે.... જુઓ ! એ આઠ જડકર્મ, જડ.... માટી.... ઝીણી ધૂળ છે (એની સાથે) નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે.... બંધ છે. તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે.... એ નિમિત્તના (–જડકર્મના) સંબંધમાં જોડાવાથી જીવમાં.... જીવમાં હોં....

(૧) વિસંવાદ....
(૨) વિપરીતભાવ....
(૩) વિભાવભાવ....
(૪) શુભાશુભભાવ....
(૫) મિથ્યાત્વભાવ....
(૬) અમૃતસ્વરૂપથી વિરુદ્ધ ઝેરભાવ....

ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ ? ગંભીર હૈ ભૈયા ! બહોત ગંભીર.... અનંત કાલમેં યે બાત સુની નહીં. (બિના સમજે) ઐસે.... ઐસે.... અગિયાર અંગ પઢ ડાલે (ઔર) ચૌદ પૂર્વસે કમ (અર્થાત્ નવ) પૂર્વ પઢ ડાલે, (પર) યે ચીજ (–આત્મા) ક્યા હૈ (વહ) ઉસકે લક્ષમેં આયા હી નહીં. સમજમેં આયા ?

તે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે.... તે નિમિત્તરૂપ બંધ-અવસ્થા છે જડની. તે બંધાવસ્થાથી આ જીવમાં વિસંવાદ ખડો થાય છે તેથી તે શોભા પામતો નથી.... આહાહા ! કહે છે કે નિમિત્તના સંબંધથી જે કાંઈ વૃત્તિઓ ઉત્પન્ન થાય છે.... દયા, દાન કે શુભ-અશુભભાવ છે તે બધાય વિપરીતભાવો છે સ્વભાવથી. સમજાણું કાંઈ ? ભગવાન (આત્મા) પોતામાં (–પોતાના ઘરે) ન આવતાં પર ઘરે ગયો.... એ વ્યભિચારી ભાવો છે બધા.

રસ્તા ભૂલ ગયે.... ક-રસ્તે—કાંટાના રસ્તે ચઢી ગયો. 'બાવળ' હોતા હૈન ? બબુલ, બબુલ.... બહોત કાંટા. ત્યાં કેડો દીઠો (–રસ્તો જોયો) નહીં ને જ્યાં ત્યાં હાલવા મંડ્યો, કાંટે ચઢી ગ્યો. ભગવાન આત્મા, પોતાનું શુદ્ધસ્વરૂપ પવિત્રધામ છે....

(૧) એને દોરે જવું જોઈએ....
(૨) એને રસ્તે જવું જોઈએ....
(૩) એને આશ્રયે જવું જોઈએ....
(૪) એના પંથમાં વળવું જોઈએ....

(પણ) એને છોડી દઈને પરને પંથે ચાલ્યો.... સમજાણું કાંઈ ? એ વિસંવાદ ખડો (થયો, એ) શોભા નથી.

માટે વાસ્તવિક રીતે વિચારવામાં આવે તો એકપણું જ સુંદરતા—સુંદર છે.... ભગવાન આત્મા.... પોતાની વસ્તુ અને એનો કાયમી સત્ સ્વભાવ.... જ્ઞાન, દર્શન, આનંદ આદિ સત્ સ્વભાવ છે એમાં એકત્વ થાય તે શોભા છે. (નિજ)દ્રવ્યમાં એકત્વ થાય એ શોભા છે અને નિમિત્તમાં એકત્વ થાય તે અશોભા છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? વાત છે મોટી (–મહિમાવંત) ને (છતાં) વાત છે નાની.... થોડામાં ઘણું છે. એની ભૂલ પણ કેવડી (મોટી) થઈ છે અને ભૂલ કેમ ભાંગે—બેય વાત છે આમાં. સમજાણું કાંઈ ?

મોટો પરમાત્મા સત્ સાહેબ પોતે છે—કે જેનું જ્ઞાનાનંદના સ્વભાવથી (ભરેલું) સ્વરૂપ છે.... જેનો સ્વભાવ.... જેનો ભાવ છે.

(૧) ભાવવાન તો વસ્તુ છે.... (–દ્રવ્ય) (અને)
(૨) એનો ભાવ, અપરિમિત શક્તિ-સ્વભાવ છે (–ગુણ).
(૩) (હવે) એની વર્તમાન અવસ્થા (–પર્યાય) તેના સ્વભાવમાં જોડાય એ શોભા છે....

એ એની શોભા છે.... એ ઘરની શોભા છે.... એ ઘરનો પુત્ર કે પ્રજા છે એ. સમજાણું કાંઈ ? અરે ! પરઘરના લક્ષે ગયો.... ત્યાં દોરાણો અને ચાહે તો શુભભાવ ઉત્પન્ન થાય કે અશુભભાવ થાય—એ બધો ક્લેશ છે.... દુઃખ છે.... ભગવાન (આત્માના) સ્વસમય(પણા)થી એનું (–રાગનું) સ્વરૂપ વિરુદ્ધ છે. સમજાણું કાંઈ ?

હવે તે એકત્વની અસુલભતા બતાવે છે.... ચોથી, ચોથી (ગાથા).

सुदपरिचिदाणुभूदा सव्वस्स वि कामभोगबंधकहा ।
एयत्तस्सुवलंभो णवरि ण सुलहो विहत्तस्स ।।४।।

નીચે હરિગીત....

શ્રુત,પરિચિત, અનુભૂત સર્વને કામભોગબંધનની કથા;
પરથી જુદા એકત્વની ઉપલબ્ધિ કેવળ સુલભ ના. ૪.

એનો શબ્દાર્થ કરીએ પહેલા....

અન્વયાર્થ:—હવે સોળમી વાર ચાલે છેને ! સર્વ લોકને.... એકેન્દ્રિયથી માંડીને બધા પંચેન્દ્રિય સંસારી પ્રાણીને.... નિગોદના જીવથી—એકેન્દ્રિયના જીવથી (લઈને).... નિત્ય નિગોદમાં પડ્યા પ્રાણી એકેન્દ્રિય જીવ અને બહાર નીકળેલા વ્યવહાર રાશીના જીવો એવા સર્વ લોકને.... અરે ! નવમી ગ્રૈવેયકે ગયો દિગંબર જૈન મિથ્યાદ્રષ્ટિ સાધુ.... એ પણ સર્વ લોકમાં જ આવે છે, એ કાંઈ બહાર ગયો નથી.... (સર્વ લોકની) બહાર નથી. સમજાણું કાંઈ ?

સર્વ લોકને કામભોગસંબંધી બંધની કથા.... એક તો ઇચ્છા.....

'કામ'.... એટલે ઇચ્છા અને
('ભોગ'.... એટલે) એનું ભોગવવું....

પોતાને છોડીને પરની ઇચ્છા કરવી અને તેનું (–ઇચ્છાનું) ભોગવવું—એના સંબંધી બંધકથા.... એવા ભાવબંધની કથા.... ભાવબંધની કથા તો સાંભળવામાં આવી ગઈ છે....

ઇચ્છા કરવી અને ઇચ્છા ભોગવવી....
પરના લક્ષે ઇચ્છા કરવી ને ઇચ્છા ભોગવવી....
રાગ—તૃષ્ણા કરવી ને તૃષ્ણાને ભોગવવી....
વૃત્તિ ઊભી કરવી ને વૃત્તિને ભોગવવી....

—એવો જે બંધભાવ.... જે સ્વભાવમાં નથી એવી ઇચ્છા (કરવી) અને એનો અનુભવ (કરવો) તે બંધરૂપભાવ છે.—એવી વાત એટલે એવો ભાવ.... એવો ભાવ સાંભળવામાં આવી ગયો છે (લ્યો !) એટલે એકેન્દ્રિયને (પણ) સાંભળવામાં આવી ગયો છે—એમ કહે છે. એકેન્દ્રિય પ્રાણી પણ તે રાગના વિકલ્પને જ અનુભવે છે.... વેદે છે. આ, એનું નામ એણે બંધકથા 'સાંભળી'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે.... આત્મા વીતરાગ વિજ્ઞાનઘન છે. (છતાં અજ્ઞાની) જીવે આવી રાગની વાત (સાંભળી છે)—કે જે એનામાં (–આત્મસ્વભાવમાં) નથી.... ઇચ્છા થવી એનામાં નથી. અહીં તો (અજ્ઞાનીએ) પરવિષયની ઇચ્છા (કરી છે) અને સ્વવિષય છોડ્યો છે—એ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

(અજ્ઞાનીએ) પોતાનો (સુખનો) વિષય જે દ્રવ્ય છે તેનું લક્ષ છોડેલું છે અનાદિનું, તેથી તેને પરવિષયની જ વૃત્તિ ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ ? ચાહે તો બાયડી (–સ્ત્રી), છોકરા માટે (ઇચ્છા) ઉત્પન્ન થાય કે ચાહે તો દેવ-ગુરુ માટે, પણ ઇચ્છા પરને લક્ષે થાય (છે અને) એ કામની કથા છે—એમ કહે છે. અમરચંદભાઈ ! આહાહા !

'કામભોગ'.... એટલે પાંચ ઇન્દ્રિયના શબ્દ, રૂપ (આદિ) એકલા (પાપના વિષય)—એમ નહીં, (પણ) આત્મા સિવાયના.... આત્મા—કે જે (સુખનો) વિષય છે.... જે સ્વવિષય છે.... જ્ઞાનની અવસ્થાનો સ્વવિષય-સ્વધ્યેય છે એને છોડીને, જે (કોઈ) ઇચ્છાઓ (છે તે) પરદ્રવ્યના.... કોઈ પણ પરદ્રવ્યના લક્ષમાં દોડ્યા કરે છે (અને) એવી ઇચ્છાઓ (અજ્ઞાનીએ) અનંત વાર કરી છે.

(૧) એ ઇચ્છાની (વાત) સાંભળી છે (–શ્રુત),
(૨) એ ઇચ્છાનો પરિચય કર્યો છે (–પરિચિત) (અને)
(૩) એ ઇચ્છાને તેં વેદી છે (–અનુભૂત).

સમજાણું કાંઈ ?

સાંભળવામાં આવી ગઈ છે, પરિચયમાં આવી.... ટેવાઈ ગયો છો તું. કહે છે, ઇચ્છા થવી.... ઇચ્છા ભોગવવી અને અબંધસ્વભાવમાંથી (ખસતાં) ભાવબંધ જે થયો એનો પરિચય તને (–અજ્ઞાનીને) થઈ ગયો છે.... ટેવાઈ ગયો છો તું એમાં.... સમજાણું કાંઈ ? તારી આદત જ એમાં ગઈ છે અનાદિની. અને અનુભવમાં પણ આવી ગઈ છે.... લ્યો ! નિગોદના જીવને.... એકેન્દ્રિય જીવને પણ, અબંધ ભગવાન આત્મા છે એ લક્ષમાં—દ્રષ્ટિમાં નથી, તેથી તેની દ્રષ્ટિમાં રાગ અને રાગનો અનુભવ (છે અર્થાત્)....

(૧) તે (–રાગનું કથન) એણે સાંભળ્યું છે (–શ્રુત)....
(૨) (એના) પરિચયમાં આવ્યું છે (–પરિચિત) અને
(૩) વેદ્યું છે (–અનુભૂત).

સમજાણું કાંઈ ?

(પ્રશ્ન :) મિથ્યાદ્રષ્ટિ, દિગંબર જૈન સાધુ હોય, એને કાને (વાત તો) પડી છે કે 'રાગ (ને જ્ઞાન જુદા છે')…. (છતાં) એને ('રાગની વાત) સાંભળવામાં આવી છે'(—એમ કહ્યું છે એટલે) શું ?

(સમાધાન :) કે 'આ રાગ છે એ ઠીક છે'—એમ જે (એણે) માન્યું છે (એનો અર્થ જ એ છે કે) એ બધી રાગની જ વાત એણે સાંભળી છે. ભગવાન

પાસે સાંભળ્યું (હોય) તોય કહે છે કે 'રાગની વાત એણે સાંભળી છે'—એમ કહે છે આહીં તો.

શું કીધું ?

(અજ્ઞાનીએ ભગવાન પાસે પણ રાગની વાત સાંભળી છે), કારણ કે ભગવાન પાસે સાંભળતા (સમયે) પણ એને રાગથી પ્રીતિ હતી. (તેથી) તે રાગને જ એણે સાંભળ્યો છે. સમજાણું કાઈ ?

'એ રાગ' એટલે કે વિકલ્પ એટલે કે વૃત્તિ—'એ ઠીક છે'....

(૧) એવું તેણે સાંભળ્યું છે,
(૨) પરિચયમાં આવી ગયું છે (અને)
(૨) વેદનમાં (પણ) આવી ગયું છે.

તેથી તે વાત, તેને ટેવાઈ ગઈ હોવાથી સુલભ થઈ ગઈ છે. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા વીતરાગ વિજ્ઞાનઘન..... વીતરાગનો અર્થ ? 'વીતરાગ' તો ગુણવાચક શબ્દ છે. 'વીત' એટલે નહીં (અને) 'રાગ' એટલે સ્નેહ (અને) સ્નેહ નથી ત્યાં દ્વેષ પણ નથી.

એ સ્નેહ અને દ્વેષ વિનાનો જે આત્માનો સ્વભાવ છે (અને) એવો જે વીતરાગ વિજ્ઞાનઘન ભગવાન (આત્મા) છે એની વાત એણે (–અજ્ઞાનીએ) સાંભળી નથી. સમજાણું કાંઈ ? એનાથી (–સ્વભાવથી) વિરુદ્ધ વાત (અર્થાત્) રાગની વૃત્તિ.... ઇચ્છાની વૃત્તિ ઉત્થાન (–પ્રગટ) થાય એ વાતને (તે) જાણે છે, વેદે છે (તથા) પરિચયમાં આવી ગઈ છે એ વાત. (તેથી) એ કાંઈ નવી નથી.... એ તો સુલભ થઈ પડી છે. અનાદિની એ (વિકાર) અવસ્થા એના અભ્યાસમાં આવી ગઈ છે અને (વર્તમાન) નવો-નવો અભ્યાસ પણ એ જાતનો (કર્યા) જ કરે છે—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

કહે છે, એવી ઇચ્છા કરવી અને ઇચ્છા ભોગવવી. એટલે કે....

(૧) જે (એના) અસ્તિત્વમાં (–સ્વરૂપમાં) નથી એવી (ઇચ્છા) ઉત્પન્ન કરવી (–કર્તા) અને
(૨) જે (એના) અસ્તિત્વમાં.... સ્વરૂપમાં નથી એવા રાગનું અનુભવવું (–ભોક્તા).

(—આ રીતે) એવા રાગને કે ઇચ્છાને (કરવા તથા ભોગવવાની) વાતું (અજ્ઞાની) કરે છે (અને રાગાદિ) ઉત્પન્ન કરે છે, (માટે તેનાથી) ટેવાઈ ગયો છે અને અનુભવે (પણ) છે. તેથી એ રાગની વાર્તા એને સહેલી થઈ ગઈ છે.... સરળ થઈ પડી છે.... કહો, સમજાણું કાંઈ ? એને (–અજ્ઞાનીને) સોંઘી થઈ પડી છે એ (વાત)—એમ કહે છે. ટીકામાં નાખશે બહુ હોં (–વિસ્તાર કરશે).

તેથી (અજ્ઞાનીએ, વિકલ્પથી) ભિન્ન આત્માનું એકપણું હોવું કદી સાંભળ્યું નથી.... પણ ભગવાન આત્મા, એ દયા-દાન-વ્રત-ભક્તિના વિકલ્પથી પણ ભિન્ન છે એ વાત એણે સાંભળી નથી. અબંધસ્વભાવી ભગવાન, બંધભાવને.... રાગની ઇચ્છાને ભોગવવાથી પાર છે. સમજાણું કાંઈ ?

એ ભિન્ન આત્માનું.... એટલે કે નિમિત્તના સંબંધથી ઉત્પન્ન થતાં વિકલ્પો છે એનાથી ભિન્ન એવા આત્માનું એકપણું.... એકપણું.... રાગાદિ (થાય એ) બેકલાપણું થઈ ગયું (અને) રાગ વિનાનું (એ) એકલાપણું છે. (એવો) ભગવાન (આત્મા) વીતરાગ વિજ્ઞાનઘન છે એ વાત (અજ્ઞાનીએ) કદી સાંભળી જ નથી. શોભાલાલજી ! 'સાંભળી જ નથી'—એમ (કહે છે).

(પ્રશ્ન :) 'લ્યો ! ભગવાન પાસે ગયેને ? (ઉસને વહાં) સુનાને ? અગિયાર અંગ પઢેને ?'

(સમાધાન :) સુન તો સહી ! બંધભાવકે પ્રેમમેં પડે (હૈ ઔર) સુનતે હો, તો યે બાત.... રાગસે ભિન્નકી બાત સુની હી નહીં તેં,—એમ કહતે હૈં. વો 'સુની હી નહીં' કા અર્થ (યહ) કિયા શેઠ ! (કિ વો) રાગકી પર્યાયમેં તુમારા એકત્વપના હૈ તો વો (રાગકી હી) બાત સુની હૈ, (લેકિન) રાગસે ભિન્નપને(કી બાત) સુની નહીં—એમ કહતે હૈં. સમજાય છે કાંઈ ? આહાહા ! લ્યો !

કદી સાંભળ્યું નથી, પરિચયમાં આવ્યું નથી.... સાંભળ્યું નથી, એટલે ટેવમાં (–પરિચયમાં) ક્યાંથી આવે ? વિશેષ અભ્યાસ ક્યાંથી હોય ?—એમ કહે છે. (અને) અભ્યાસ નથી તો અનુભવમાં આવ્યું નથી તેથી એક તે સુલભ નથી.... કેવળ એક તે સુલભ નથી.... એટલે ? રાગ વિનાની.... વિકલ્પ વિનાની.... ઇચ્છા વિનાની વસ્તુ, '(રાગાદિથી) ભિન્ન છે'—એ એક જ (વાત) સુલભ નથી.... એ દુર્લભ છે. સમજાણું કાંઈ ? પુણ્ય કરવું અને પુણ્યના મીઠાં

ફળ ભોગવવા.... ભાઈ ! એ વાત તો તેં અનાદિની સાંભળી છે. સમજાણું કાંઈ ?

કાંઈક-કાંઈક પુણ્ય કરશો, કષાય મંદ કરશો તો કાંઈક (સાચા) રસ્તે ચઢશો—એવી અજ્ઞાનીઓની વાતો તો તેં અનંત વાર સાંભળી છે (—એમ) કહે છે. અનંત કાળનો (રાગ સાથે) પરિચય છેને નિગોદથી માંડીને. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. અનંત.. (કાળનો રાગ સાથે પરિચય) છે. આહાહા ! ભગવાન (આત્મા) પણ અનંત.. અનંત.. અનંત કાળનો એવો ને એવો છે. (છતાં) એને (–આત્માને) છોડીને (અર્થાત્ અજ્ઞાનીએ) વીતરાગભાવને ન સાંભળ્યો કે ન જોયો.... ન જાણ્યો.... ન અનુભવ્યો. એને (–વીતરાગભાવને) છોડીને....

(૧) રાગની-વિકલ્પની વાતું તને મળી,
(૨) (એને) તેં સાંભળી,
(૩) તને (તે) રુચિ,
(૪) તેને (તે) વેદી (અને)
(૫) (વર્તમાનમાં) તેના અભ્યાસમાં તું છો.

(તેથી) તે કંઈ નવી વાત (નથી), એ તો સહેલી થઈ ગઈ છે તને. સમજાણું કાંઈ ?

એ ભગવાન આત્મા ઇચ્છાથી પાર વસ્તુ છે.... એ વ્રત-વિકલ્પ(થી) પાર (એટલે કે) ભિન્ન ચીજ છે એવી વાત તેં સાંભળી નથી (—એમ) કહે છે. (તેથી) એ સુલભ નથી, (પણ) દુર્લભ છે—એમ કહેવું છેને !

(૧) અનંત કાળના અણ-અભ્યાસે (આત્માની વાત) દુર્લભ છે અને
(૨) અનંત કાળના અભ્યાસે રાગની વાત તને સહેલી થઈ ગઈ છે.

રાગ કરવો-અનુભવવો.... રાગ કરવો-અનુભવવો.... એથી તો તું ટેવાઈ ગયો છે, માટે તને સહેલું થઈ પડ્યું છે. વિકલ્પ કરવો અને અનુભવવો એ તો તને (–અજ્ઞાનીને) સહેલું થઈ પડ્યું છે, કેમ કે ટેવાઈ ગયો છો અનંત કાળનો.

પણ વિકલ્પ વિનાની ચીજ અંદર ભગવાન આત્માને.... વિકલ્પ જેનામાં નથી એવી ચીજને સાંભળવી (–સાંભળવા મળવી) એ કાંઈ સુલભ નથી, દુર્લભ છે (—એમ કહે છે). સમજાણું કાંઈ ? પૈસા મળવા દુર્લભ છે—એમ નથી કહ્યું અહીંયા. દેવપદ મળવું દુર્લભ છે—એમ (પણ) નથી કહ્યું, (કેમ કે) એ તો અનંત વાર (મળ્યું છે). એ શું (અપૂર્વ) ચીજ છે કાંઈ ? આંહી, રાગ મળ્યો (–થયો) એ પણ (અપૂર્વ) મળ્યું નથી, (કેમ કે) એ તો તું (અનાદિના) અજ્ઞાનને (કારણે) મળ્યો છો (–કરે જ છે)—એમ કહે છે.

શ્રોતા : પુણ્યને મળ્યો એ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : અજ્ઞાનને મળ્યો એ તો, જડને મળ્યો તું.... સમજાય છે કાંઈ ? જડ સાથે ભેટા થયા તારા. ચૈતન્ય ભગવાન.... પુણ્યના પરિણામ —દયા, દાન, વ્રત, ભક્તિના છે એ અચેતન-જડ છે, વિકલ્પ છે, રાગ છે. એ (પુણ્ય) નથી જાણતું પોતાને કે નથી જાણતું ચૈતન્યને.—એવી વિકલ્પદશાના મેળમાં (–સાથમાં) જોડાઈ ગયો છો (અર્થાત્) ચૈતન્યે જડ સાથે સંગ કર્યો. સમજાણું કાંઈ ? (એથી) એ (વિકલ્પથી) ભિન્નપણું (સાંભળવા મળવું) સુલભ નથી.... બસ,—એમ (કહેવું છે).

ટીકા :—આ સમસ્ત જીવલોકને.... આ સમસ્ત જીવલોક.... (એમાં) બધું આવી ગયું જુઓ ! (બાદર-સૂક્ષ્મ) એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, (સંજ્ઞી-અસંજ્ઞી પાંચ ઇન્દ્રિય) અપર્યાપ્ત-પર્યાપ્ત.... એક ઇન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત, બે ઇન્દ્રિય પર્યાપ્ત-અપર્યાપ્ત, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિય, પંચેન્દ્રિય—દેવ, નારકી, મનુષ્ય, ઢોર (–તિર્યંચ).... બધા.

આ સમસ્ત જીવલોકને....

'કામ'.... નામ રાગ અને

'ભોગ'.... નામ અનુભવવું

—એવા જે સંબંધવાળી વાર્તા અથવા ભાવ છે.... એવો ભાવ એકપણાથી વિરુદ્ધ હોવાથી.... ભગવાન આત્માના જ્ઞાયકસ્વભાવનું એકપણું છે તેનાથી એ ઇચ્છા અને ઇચ્છાનું ભોગવવું.... (ઇચ્છા સાથેનો) તેનો જે સંબંધ છે એ, સ્વભાવના સંબંધથી વિરુદ્ધ હોવાથી અત્યંત વિસંવાદી છે (આત્માનું અત્યંત બૂરું

કરનારી છે).... આહાહા ! એ પુણ્યભાવ આત્માનું બૂરું કરનારો છે—એમ કહે છે.

(પુણ્ય પણ) ઇચ્છા છેને ? વસ્તુમાં (–આત્મામાં) ક્યાં છે એ ? વસ્તુમાં નથી એવી (પુણ્યરૂપ વિકારી) પર્યાય ઉત્પન્ન કરી અને તેમાં જોડાઈને (અજ્ઞાની) સ્થિર થઈ ગયો છે. કહે છે, એ અત્યંત વિસંવાદી.... ઘણું જ આત્માનું બૂરું કરનારી વાત છે. આહાહા ! પણ, કહે છે કે એને મીઠાશથી સાંભળે છે (અજ્ઞાની).

જ્યાં પુણ્યની વાત આવે.... રાગ આમ થાય, પુણ્ય આમ થાય અને એનાથી પૈસા મળે કે એનાથી કાંઈક સ્વર્ગ મળે કે પુણ્યથી હળવે-હળવે આગળ (વૃદ્ધિ થાય—એમ વાત સંભાળતાં) એની મીઠાશ લાગી છે.—એ ઝેરની કથા એણે સાંભળી છે.... 'દંસણભેદણી' કથા સાંભળી છે.... આત્માને રાગથી એક કરનારી વાત સાંભળી છે એણે. સમજાણું કાંઈ ?

કંઈ પણ અંદર વિકલ્પ ઊઠે (તેનાથી) આત્માને લાભ થાય—એ વાત, અત્યંત બૂરું કરનારી (હોવા) છતાં, એણે વેદી છે.... સાંભળી છે. (તેથી) એને (–અજ્ઞાનીએ) સહેલી થઈ (પડી છે). સમજાણું કાંઈ ? ભગવાન (આત્મા)ના ઘરમાં (વિકલ્પ) છે નહીં (અર્થાત્) એકત્વગતમાં (વિકલ્પ) નથી, એ તો દ્વિતીયગતમાં—પરમાં જોડાણો ત્યારે થયો છે. સમજાણું કાંઈ ? એવી ઇચ્છાઓ.... ચાહે તો શુભ હો કે ચાહે તો અશુભ હો—એ ઇચ્છાઓમાં (એકાકાર) રહેવાથી એ ઇચ્છાની વાત તેં સાંભળી છે.

તોપણ, પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે.... બૂરું કરનારી હોવા છતાં. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા વીતરાગી આનંદઘન પ્રભુ.... અતીન્દ્રિય આનંદનું ચોસલું પ્રભુ આત્મા છે એનો આશ્રય.... (એનું) એકત્વ છોડી, એણે પુણ્યની-પાપની વૃત્તિઓના ભાવમાં એકત્વ કરી એ (રાગાદિની) વાતું (સાંભળી છે). 'સાંભળી'નો અર્થ અજ્ઞાનીઓએ એને કહી અને એને એ વાત બેઠી. સમજાણું કાંઈ ?

પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે.... લ્યો ! ઓહો ! એકેન્દ્રિયમાંથી તો (ઘણા) નીકળ્યાય નથી.... કેટલાય જીવો તો એવા છે, તોય કહે છે કે 'અમે કહીએ છીએ કે એણે અનંત વાર સાંભળ્યું છે.' વાસ્તવિક વસ્તુ જે છે એનાથી વિરુદ્ધ ભાવને વેદે છે, તો એણે (–અજ્ઞાનીએ) 'અનંત વાર વિપરીત વાતને સાંભળી છે' એમ અમે કહીએ છીએ—એમ (કહે છે). સમજાણું કાંઈ ?

કહો, સમજાય છે કે નહીં આમાં ? પૂર્વે અનંત વાર.... ઓહો ! અનંત કાળ ગયો.... અનંત કાળ ગયો.... તોય રાગનું જ વેદન કર્યું, તો તેં અનંત વાર (રાગની) વાત સાંભળી. આહાહા ! ભગવાન આત્મા.... વીતરાગી વિજ્ઞાનઘન આત્મા જેને કહીએ.... આ વિકલ્પ કંઈ આત્મા છે ? (ના). એ તો આસ્રવ છે.... એ તો પુણ્ય-પાપ(રૂપ) આસ્રવ છે. 'એ મારા ને એ કરવા ને મને (તેનાથી) લાભ છે' એવી મિથ્યાત્વની વાત તેં અનંત વાર સાંભળી છે.

શ્રોતા :....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ તો અનંત કાળસે હૈ ભૈયા ! શેઠ જુગરાજજી ! ભૈયાજી કહતે હૈં કિ ઉસ ઓર (રાગકી બાત) બહુત સુની હૈ. ઉસમેં તો અનંત કાળ ગયા હૈ ભૈયા. આહીં તો કહતે હૈં કિ ભગવાનકે પાસ ગયે.... સમવસરણમેં અનંત વાર ગયે, તો ભી (રાગકી કથા સુની).

(પ્રશ્ન) : ભગવાનકી કથા તો વીતરાગી કથા થી ?

(સમાધાન :) પર યહાં (ઐસા કહના હૈ કિ) ઉસકે.... રાગકે પ્રેમસે સુનતે હૈં તો રાગની જ વાત એણે (–અજ્ઞાનીએ) સાંભળી છે. ભગવાનના સમવસરણમાં પણ અનંત વાર ગયો છે.... (ત્યાં), ત્રણ લોકના નાથ તીર્થંકરદેવની ધ્વનિ સાંભળતા પણ, એ (અજ્ઞાની) અંતરમાં સ્વભાવથી વિરુદ્ધ રાગના પ્રેમમાં પડ્યો (હોવાથી), એ રાગની જ વાત સાંભળે છે.... રાગની જ મીઠાશ એને છે.

શ્રોતા : ભગવાન આગળ સાંભળે તો.... ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : સાંભળે એમાં વિકલ્પ છેને ? (તો), એ વિકલ્પમાં જ એનો (–અજ્ઞાનીનો) પ્રેમ છે (તેથી) ભગવાન પાસે (ભગવાનની વાત) સાંભળતો નથી (ખરેખર). ભગવાન તો આહીં છે અંદર. (બાહ્યમાં) ભગવાન છે એ પરદ્રવ્ય

છે અને વાણી (પણ) પરદ્રવ્ય છે. એમાં (–એના લક્ષે) જે ઇચ્છા ઉત્પન્ન થાય તે ઇચ્છાની અપેક્ષાએ (ભગવાન ને વાણી) પરવિષય છે.... પરવિષય છે (અને) ઇચ્છાએ પરવિષયને ઘેરો ઘાલ્યો છે (—એમ) કહેશે હમણાં.

ઇચ્છાએ પરદ્રવ્યમાં ઘેરો ઘાલ્યો છે, (કેમ કે) ઇચ્છા સ્વઘરમાં આવી શકતી નથી. ચાહે તો શુભ દ્રવ્ય (પુણ્યના નિમિત્ત) હો કે અશુભ બાહ્ય પદાર્થ (પાપના નિમિત્ત) હો, પણ ઇચ્છાએ નિમિત્તમાં જ ઘેરો ઘાલ્યો છે. આ.. આ.. આ.. આ (નિમિત્ત જ) છે—એમ બસ. સમજાણું કાંઈ ? આકરી વાત છે આ. એ પરલક્ષી (ઉપયોગ) છે સાંભળતા વખતે.

શ્રોતા : .......અંદર વાત બેસાડવી કેમ ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : (અંદર વાત) બેસાડવી છે તેમાં પરલક્ષ ક્યાં આવે એમાં ?

શ્રોતા: .....એ તો સાહેબ ! આવે ત્યારે આવે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : બસ, (સ્વલક્ષ) આવે ત્યારે.... (સ્વલક્ષ કરે) ત્યારે જ (આ વાત) બેસે, એ વિના બેસે જ નહીં —એમ કહે છે. (શ્રોતા ભીખાભાઈને સંબોધીને) એક જણો તો જુએને સ્પષ્ટીકરણ કરનાર (–કરવા માટે). બીજાને મનમાં (મૂંઝવણ) રહેતી હોય, કોઈક એને બહાર પાડે આ. આહાહા !

ભાઈ ! અહીંયા તો કહે છે, કો'ક (બીજા) સામું જોવાનું તારે છે જ નહીં. કો'ક સામું જોવામાં ઇચ્છાએ બહારમાં.... વિષયમાં ઘેરો ઘાલ્યો છે (અર્થાત્ ઇચ્છા) ત્યાં અટકી છે—એમ કહે છે. આહાહા ! (કેવી) વીતરાગની વાત ! પરમેશ્વર ત્રિલોકનાથ એમ કહે છે, 'અરે ! અમારા તરફના વલણની ઇચ્છા (છે તો) પણ, અમે તારી ઇચ્છાના વિષય છીએ હોં !' આહાહા ! સમજાણું કાંઈ ?

('વિષય' એટલે) એકલા સંસારના રૂપ.... શબ્દો, રંગ (આદિ)—એમ (માત્ર પાપના વિષય) નહીં, (પણ) બધા (અન્ય પદાર્થો). ભગવાનની વાણી પણ ઇચ્છાનો વિષય છે. આકરી વાત છે.

લોકોને એવું લાગે (છે કે) 'અરે ! આ (કાનજીસ્વામી) તો આમ કહે છે.'

સાંભળને હવે ! ભડકે.... ભડકે.... બિચારા (સમજણ વિના). ભડકન છેને ? ભેંસ તો ભડકેને ઊંટ દેખીને....

ભાઈ ! આહીં એ કહે છે.... જુઓ ! (એ વાત આગળ) કહેશે.... હજુ તો (ચાલતો વિષય) આવે છેને ?

પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે, અનંત વાર પરિચયમાં આવી છે.... અરે ! ભગવાન પાસે ગયો, જૈનનો સાધુ થયો.... દિગંબર મુનિ થયો અનંત વાર, તોય કહે છે કે 'રાગની વાત જ તેં સાંભળી છે, (કેમ કે) તારું બહિર્બુદ્ધિપણું ગયું નથી (અને) અંતર્બુદ્ધિ થઈ જ નથી.' સમજાણું કાંઈ ?

અને અનંત વાર અનુભવમાં પણ આવી ચૂકી છે.... અનંત વાર એ વિકલ્પનું વેદન ને વિકલ્પનું કરવું (થયું છે). આહીં તો બે વાત સિદ્ધ કરે છે કે....

(૧) ઇચ્છાનું અસ્તિત્વ આત્મામાં નથી અને એનું ભોગવવું આત્મામાં નથી અને
(૨) ઇચ્છાનું કરવું એ સ્વરૂપમાં નથી અને ઇચ્છાનું ભોગવવું એ સ્વરૂપમાં નથી.

(એટલે કે)

(૧) (ઇચ્છાનું) અસ્તિત્વ (આત્મામાં) નથી અને
(૨) (તેનું) કરવું-ભોગવવું (પણ આત્મામાં) નથી.

—એ બેય (આત્મામાં નથી. એવા આત્માની) વાત જ્યાં નથી (એવી કામભોગની વાત) એણે (–અજ્ઞાનીએ) સાંભળી છે (અર્થાત્) એણે (ઇચ્છા) કરી છે ને ભોગવી છે અનંત વાર.

હવે પછી (અજ્ઞાની) જીવ કેવો છે એની વ્યાખ્યા વિશેષ કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૩**

**ગાથા - ૪**

**સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧૩, શુક્રવાર, તા. ૨૦-૯-'૬૮**

આ સમયસાર, ચોથી ગાથા.

કહે છે કે આ ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવ વસ્તુ, પરથી ભિન્ન છે. એ પુણ્ય-પાપના રાગ અને દેહાદિથી તો તદ્દન જુદી ચીજ છે. એવી એકત્વ ચીજને કોઈ દિ' એણે (–અજ્ઞાનીએ) અનંત કાળમાં સાંભળી નથી. સમજાય છે કાંઈ ?

એ કહે છેને જુઓ ! આ સમસ્ત જીવલોકને, કામભોગસંબંધી કથા એકપણાથી વિરુદ્ધ.... છે. 'એકપણાથી (વિરુદ્ધ)'.... એટલે ?

ભગવાન આત્મા ચૈતન્ય શુદ્ધ ધ્રુવ જ્ઞાયકભાવ, સત્ત્વ-તત્ત્વ છે. એવું જે પરથી ભિન્નપણું (અને સ્વથી) એકપણું છે એનાથી (વિરુદ્ધ) આ (કામભોગની) વાત છે. (અર્થાત્)....

(૧) પુણ્યના પરિણામ કરવા....
(૨) પાપના (પરિણામ) કરવા....
(૩) ઇચ્છા કરવી....
(૪) ઇચ્છાને ભોગવવી....
(૫) ઇચ્છાનો સંબંધ (કરવો)....
(૬) ઇચ્છાથી થવો બંધ

—એવી વાત એણે અનંત વાર (સાંભળી છે). આત્માના પરથી ભિન્નપણાથી (અને સ્વના) એકપણાથી વિરુદ્ધ હોવા છતાં (કામભોગસંબંધી કથા અજ્ઞાનીએ) અનંત વાર સાંભળી છે. આત્માને નુકશાન કરનારી.... અલાભ કરનારી છે, છતાં એ વાત (એણે) અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ ?

સમસ્ત જીવલોકને....

'કામ' નામ ઇચ્છા અને
'ભોગ' નામ ભોગવવું.

અથવા....

(કામ.... ) પર તરફના વલણવાળી વૃત્તિ (એવો) રાગ અને
(ભોગ.... ) તેનો અનુભવ અને
(સંબંધ....) તેનો રાગનો સંબંધ થવો અને
(બંધ.... ) રાગથી પડવો (–થતો) બંધ

—એવી વાર્તા એકપણાથી વિરુદ્ધ હોવાથી.... ભગવાન આત્મા વસ્તુ પોતે પરથી તદ્દન ભિન્ન છે (અને સ્વથી) એકપણે જ્ઞાયક ચૈતન્યસ્વભાવ છે. એવા એકપણાના ભાવથી એ (બંધ)ભાવ તદ્દન વિરુદ્ધ છે. સમજાણું કાંઈ ?

(એકપણાથી વિરુદ્ધ એવું) 'અનેકપણું' એટલે....

(૧) પુણ્ય ને પાપના વિકલ્પો કરવા,
(૨) પર આશ્રય લેવો અને
(૩) એનાથી વિકાર થાય એ વિકારમાં 'લાભ' છે

—એવી (વિપરીત) માન્યતાની વાત એણે અનંત વાર સાંભળી છે. સમજાણું કાંઈ ?

એકપણાથી વિરુદ્ધ હોવાથી ....અત્યંત બૂરું કરનારી છે).... આહાહા ! શુભાશુભભાવ કરવા અને પર આશ્રયની ઇચ્છાઓ કરવી—એ આત્માનું ભૂંડું કરનાર છે.... નુકશાન કરનાર છે, છતાં એ વાત તો પૂર્વે અનંત વાર સાંભળવામાં આવી છે.... પ્રાપ્ત એકેન્દ્રિયની પર્યાયથી માંડીને પંચેન્દ્રિયની પર્યાયમાં મનુષ્ય થયો, દ્રવ્યલિંગી દિગંબર જૈન સાધુ થયો, તો (પણ) કહે છે કે એવી (–કામભોગસંબંધી) વાત એણે અનંત વાર સાંભળી છે.

રાગ કરવો.... પુણ્ય કરવું.... પાપ (કરવું).... પરદ્રવ્યની આશ—ઇચ્છાઓ કરવી.... પરદ્રવ્ય તરફનો ઝૂકાવ કરવો—એવી વાતું એણે અનંત વાર સાંભળી છે, (પણ) ભગવાન ચૈતન્ય વસ્તુ જ્ઞાયકમૂર્તિ પોતે છે એના તરફ એકત્વ થવું (–કરવું) અને પરથી ભિન્ન પડવું—એ વાત એણે (–અજ્ઞાનીએ) અનંત કાળમાં સાંભળી નથી. સમજાણું કાંઈ ?

(કામ ને ભોગના) બે અર્થ કર્યા છેને (–બે પ્રકારના જુદા-જુદા વિષય લીધા છેને) જયસેનાચાર્યે ?....

(૧) 'કામ'ના બે અર્થ કર્યા છે (–'કામ'માં બે પ્રકારના વિષય લીધા છે) —સ્પર્શ અને રસ.

(૨) 'ભોગ'માં ત્રણ (પ્રકારના વિષય) લીધા છે—(ઘ્રાણ, ચક્ષુ, શ્રોત્ર.)

(ગાથા ૪ની ટીકા)

મૂળ તો એ પાંચ ઇન્દ્રિયથી (રહિત) અણિન્દ્રિય સ્વરૂપ (આત્મા) છે (—એમ કહેવું છે). (આવો) અણિન્દ્રિય આત્મા પરથી પૃથક્ છે—એ વાત (અજ્ઞાનીએ) સાંભળી નથી એટલે....

(૧) ઇન્દ્રિયો તરફના વલણના વિકલ્પો (કરવા) અને

(૨) ઇન્દ્રિયો તરફ જવું અને

(૩) પરના વલણમાં રહેવું

—એ વાત એણે સાંભળી છે. કહો, સમજાણું કાંઈ ?

તો પણ (પૂર્વે) અનંત વાર.... ભગવાન આત્મા.... રાગરૂપ વિકલ્પ કે અનેક પ્રકારની વિકૃત અવસ્થાઓ છે એનાથી ચૈતન્ય ભગવાન આત્મા તો તદ્દન ભિન્ન છે.... તદ્દન જુદો છે—એવું એણે સાંભળ્યું નથી, પણ એ જુદાથી (–રાગાદિથી વિભક્ત એવા આત્માથી) વિરુદ્ધ જે વાત છે એ (અજ્ઞાનીએ અનંત વાર સાંભળી છે). (એ વાત) એને નુકશાન કરનારી છે.... સમજાણું કાંઈ ? છતાં પર તરફનું (વલણ) કરવું.... દયા, દાન ને વ્રત, ભક્તિ ને પૂજા ને હિંસા —એ પર તરફના વલણવાળો ભાવ (કરવો—એવી વાત) એણે અનંત વાર સાંભળી છે.

સ્વદ્રવ્યના આશ્રયને છોડી પરદ્રવ્યના આશ્રયની લાગણીઓ કરવી—એવી વાત તો એણે અનંત વાર સાંભળી છે, પરિચયમાં આવી છે.... અનંત વાર તેનો અભ્યાસ (કર્યો છે).... ટેવાઈ ગયો છે. પરદ્રવ્યના વલણના ભાવમાં એ ટેવાઈ ગયો છે—એમ કહે છે. આદત પડી ગઈ છે. સમજમેં (આયા) શેઠ ? સ્વદ્રવ્ય

તરફકા વલણકી આદત હૈ હી નહીં, (ક્યોં કિ) સુના હી નહીં (કિ) સ્વદ્રવ્ય ક્યા ચીજ હૈ.

ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ પરથી ભિન્ન (અને) સ્વભાવથી અભિન્ન એવી ચીજ.... વસ્તુ એકપણે છે (અને) એનાથી આ (વિભાવનું) અનેકપણું તે વિરુદ્ધ છે. ચાહે તો શુભભાવ હો.... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ હો કે (ચાહે) અશુભ હો—એ બધું સ્વભાવથી વિરુદ્ધભાવ છે.

એ વિરુદ્ધભાવને કરવા.... એને ભોગવવા.... એનો આશ્રય લેવો—એ વાત એણે (–અજ્ઞાનીએ), નુકશાન કરનારી હોવા છતાં સાંભળી છે.... ટેવાઈ ગયો છે અને અનંત વાર અનુભવમાં (પણ) આવી ચૂકી છે.... કહો, સમજાય છે કાંઈ ? એ બંધભાવ.... એ ભાવ એના (સાંભળવામાં) આવ્યો છે, પરિચયમાં આવ્યો છે ને બંધભાવ કરવામાં (તેમ જ) અનુભવમાં પણ આવ્યો છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.... એ વિકલ્પ (અર્થાત્) પરાશ્રય વિકલ્પ કરવા એ વસ્તુ (–એવું સ્વરૂપ) જ એનામાં નથી. એનાથી (–વિકલ્પથી રહિત) ભગવાન ચૈતન્યદ્રવ્ય.... જ્ઞાયક આત્મા.... સચ્ચિદાનંદ પ્રભુ પોતે છે. (છતાં એવી) પરથી જુદાપણાની વાત એને સાંભળવા મળી નથી. સમજાણું કાંઈ ? શેઠ ! જોગ ન મિલા. ભૈયાજી !

તીર્થંકરકે પાસ ગયે.... સુના.... પણ એના લક્ષમાં 'પરદ્રવ્ય તરફના વલણનો ભાવ જ ઠીક છે'—એ રીતે (–એ મિથ્યા અભિપ્રાય રાખીને) એણે સાંભળ્યું, (તેથી) ત્યાં (–પર તરફ) જોર.... ગતિ થઈ. (તે) કર્મ(ને કારણે) નહીં. કર્મને (કારણ) કોણ કહે ? અપના ઝૂકાવ (થા). વો જો વિકલ્પ–રાગ હૈ ઉસ તરફ ઝૂકાવ થા (અને) ઉસ ઝૂકાવમેં એકત્વ હોકર સુના હૈ. (તેથી) રાગસે ભિન્ન (આત્માકી) બાત ઉસને સુની નહીં....

ભગવાનકે પાસ સુના, તો ભી રાગસે ભિન્ન (આત્મા) સુના નહીં. (વહાં) ભી ઉસકી ઐસી (વીતરાગી વાણી સુની) નહીં. 'ભગવાન કહતે હૈં (વહ સુનનેકા) રાગ મેરા હૈ.... વિકલ્પ ઉસ (વાણી) તરફ જાતે હૈ વો (મુજે) લાભકારક હૈં.... મુજે હિતકારક હૈં.... વો પર તરફકા વલણસે મુજે હટના

નહીં.... વહાં (રાગ પર) મુજે લક્ષ રખના હૈ'—ઐસા (મિથ્યા અભિપ્રાયસે) તુને બાતેં સુની.

શ્રોતા : ભગવાનને સાંભળતાય એવું ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભગવાનને સાંભળતાય એમ (–એ રીતે વાત) સાંભળી. ભીખાભાઈ !....

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાત તો સાચી. હીરાભાઈ ક્યાં ગયા ? લ્યો ! બાપુજી કહે છે કે ઘડ બેસે (–સમજાય) તો કંઈક ('હા') કહીએને ? તે વિના શી રીતે કહું ? (—એમ) કહે છે. વાત તો સાચી છે. પણ 'આ શું કહેવાય છે'—એમ તો ખ્યાલમાં આવે છે કે નહીં ?

આહાહા ! ગજબ વાત કરી છે. काम, भोग અને बंध—(એ મૂળ ગાથાના) ત્રણ શબ્દોમાં ગજબ વાત નાખી છે !....

(૧) (काम) : એણે 'ઇચ્છા કરવી'—એ વાત સાંભળી છે (—એમ) કહે છે,
(૨) (भोग) : 'ઇચ્છા ભોગવવી'—એ વાત સાંભળી છે અને
(૩) (बंध) : 'તેમાં અટકવું.... બંધપણું એ વાત ઠીક છે'—એ વાત (પણ) સાંભળી છે;

પણ....

(૧) (काम રહિત) : ઇચ્છા વિનાની ચીજ,
(૨) (भोग રહિત) : રાગના ભોગ વિનાની ચીજ અને
(૩) (बंध રહિત) : ભાવબંધ વિનાની અબંધ ચીજ—એણે સાંભળી નથી.

સમજાણું કાંઈ ? સમવસરણમાં ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા (બિરાજે છે). તે પરમેશ્વરની સમવસરણ સભામાં ગયો, હજારો (રાણી છોડી) સાધુ થયો દિગંબર નગ્ન.... સમજાણું કાંઈ ? પણ એણે અંતર લક્ષમાં (–અભિપ્રાયમાં) વાત સાંભળી છે આ કે 'પરદ્રવ્ય તરફના વલણવાળો ભાવ તે હું, તેમાં ઠીક છે

(અને) તે મને લાભદાયક છે'.—તે જ વાત તેણે (–અજ્ઞાનીએ) શ્રવણમાં-લક્ષમાં લીધી છે. સમજાણું કાંઈ ?

અનંત વાર અનુભવમાં (પણ) આવી ચૂકી છે.

કેવો છે જીવલોક ?.... આ જગતના પ્રાણી.... જીવો કેવા છે ?

(I) સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે.... શું કહે છે ?

પરદ્રવ્યના વલણવાળા ભાવમાં (અર્થાત્) સંસારના ચક્રમાં એ સ્થિત છે. (સંસાર) પરિભ્રમણ(નું કારણ) એવો જે મિથ્યાભાવ છે એના મધ્યમાં પડ્યો છે એ (–અજ્ઞાની). આત્મા સિવાય પરદ્રવ્યના વલણવાળો જે ભાવ છે એના મધ્યમાં (અજ્ઞાની) પડ્યો છે.

સંસારરૂપી ચક્રના મધ્યમાં સ્થિત છે.... (અજ્ઞાની) મધ્યમાં સ્થિત છે હોં. કેડે નહીં.... (છેડે) નહીં.... બરાબર મધ્યમાં. ભગવાન અબંધસ્વરૂપ પરમાત્મા (છે એના મધ્યમાં સ્થિત રહેવું જોઈએ), એને ઠેકાણે (–બદલે) એ વિકલ્પ-રાગ—કે જે ભાવસંસાર.... ભાવસંસાર છે.... શુભ આદિ રાગ એ ભાવસંસાર છે એમાં (એની) દ્રષ્ટિ પડી છે. અજ્ઞાની અનાદિના સંસરણ (–બદલાતા).... સમજાય છે કાંઈ ? સંસારરૂપી ચક્ર.... વિકલ્પનું ચક્ર.... શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-અશુભ એવું જે ચક્ર છે એના મધ્યમાં સ્થિત છે.... એમાં એ પડ્યો છે. સમજાણું કાંઈ ?

(II) નિરંતરપણે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ (અને) ભાવરૂપ અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે.... એ પુણ્ય અને પાપના ચકરાવામાં.... એ ચકરાવો છેને ચકરાવો ? એ (અજ્ઞાની) એમાં (–પુણ્ય-પાપના ચકરાવામાં) પડ્યો રહેવાથી નિરંતરપણે જેને જગતના સંયોગી પદાર્થો (–દ્રવ્ય), એના ક્ષેત્રો, એનો કાળ, એના ભવ અને ભાવ શુભાશુભ—એવા અનંત પરાવર્તોને લીધે જેને ભ્રમણ પ્રાપ્ત થયું છે.... એ વિકારના ચક્રે ચડ્યો છે, ચાર ગતિના ભ્રમણમાં પોતે ચડી ગયો છે. સમજાણું કાંઈ ?

દ્રવ્ય (પરાવર્તન) એટલે સંયોગી અનંતા પરમાણુઓ છેને? (એનો ફરી ફરી સંયોગ થવો). અહીં મૂળ (જીવને) ભાવ.... ભાવમાં (પરાવર્તન) છેને ? (તેની

વાત લેવી છે). સ્વભાવથી વિરુદ્ધ ભાવ એવો સંસારભાવ.... મિથ્યાત્વભાવ.... રાગભાવ.... પુણ્યભાવ છે એના મધ્યમાં પડ્યો હોવાથી, એણે (અજ્ઞાનીએ) બાહ્યના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને (અંતરંગના) એ શુભાશુભ ભાવ છે એમાં અનંત પરાવર્તન.... અનંત વાર પલટા ખાધા છે. સમજાણું કાંઈ ?

એણે શુભભાવ પણ એવા કર્યા છે કે નવમી ગ્રૈવેયક જાય (અને) એવા શુભભાવમાં પરાવર્તન એણે અનંત વાર કર્યા છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? '(મેં) હજારો રાણી છોડી, રાજપાટ છોડ્યા'—એમ (તે) માને, પણ અંદરમાં સ્વભાવથી વિરુદ્ધ વિકલ્પ છે તેની પ્રીતિમાં.... રૂચિમાં.... પ્રેમમાં.... પડ્યો છે (તો) એ સંસારના મધ્યમાં જ પડ્યો છે. સમજાણું કાંઈ ?

જેમ ઘંટીમાં પડ.... બે પડ હોયને ? પડ. ઘંટી. 'ઘંટી' સમજતે (હો) ? ચક્કી, ચક્કી. બે પડના મધ્યમાં દાણો પડે તો પિસાઈ જાય છે, એમ આત્મા અનાદિનો શુભાશુભ પરિણામના ચકરાવામાં ભીંસાઈ ગયો છે. સમજાણું કાંઈ ? એને લઈને એને (–અજ્ઞાનીને) અનંત વાર ભાવના (પરાવર્તન) એવા શુભાશુભ પરાવર્તનો.... પરિવર્તનો.... બદલા થઈ ગયા છે. અનંત વાર શુભાશુભભાવમાં જ ગુલાંટ ખાઈને નવા.. નવા.. નવા.. નવા.. શુભ-અશુભ, શુભ-અશુભ, શુભ-(અશુભ—એમ ભાવ પરાવર્તન) અનંત વાર થયા છે એને. સમજાણું કાંઈ ?

ભ્રમણ પ્રાપ્ત થયું છે.... ચકરાવે ચડ્યો. (જેમ ચકડોળમાં) ચકરાવે ચડેને, પછી ગતિ (SPEED) મળે એને વિશેષ. એમ એ ગતિના વેગમાં.... મિથ્યાભાવ—સ્વભાવથી વિરુદ્ધ ભાવ છે એના મધ્યમાં હોવાથી એને ભ્રમણ.... ચકરાવાની ગતિ ચઢી છે (—એમ) કહે છે. ચાર ગતિમાં રખડવું એ ચકરાવો છે એને.... ચાહે તો પછી નરક હો કે સ્વર્ગ હો—બધી ગતિ રખડવાની ગતિ છે. સમજાણું કાંઈ ? આહાહા !

શ્રોતા : લાયકાત હૈ ઐસી....

પૂજ્ય ગુરુદેવશ્રી : લાયકાત હૈ ઊંધી ઐસી. ઊંધી.... ઊંધી ઐસી (લાયકાત) કિયા (–હૈ) તો (પરિણતિ ભી ઐસી) ઊંધી હુઈ—એમ કહતે હૈં. સમજાય છે કાંઈ ? અબંધસ્વભાવી ભગવાન આત્મા છે એને ન વિચારતાં.... ન સન્મુખ થતાં, એનાથી વિમુખ થઈને પુણ્ય ને પાપના ભાવને પોતાના માની તેમાં

સ્થિર થતાં જેને (–અજ્ઞાનીને) ચોર્યાસી (લાખ યોનિ)ના.... (ચાર) ગતિના ચકરાવાના ભ્રમણ પ્રાપ્ત થયા છે.... સમજાણું કાંઈ ? એ દુઃખને દાવાનળે સળગી રહ્યો છે—એમ કહે છે.

આહાહા ! ભગવાન આત્મા.... અતીન્દ્રિય આનંદની મૂર્તિ આત્મા છે, અતીન્દ્રિય આનંદનું રૂપ એનું છે. એને ન સાંભળતાં.... એને ન જોતાં.... એને ન વિચારતાં.... એનાથી વિરુદ્ધ ભાવ (જે) પુણ્ય ને પાપ(રૂપ) બંધભાવ છે.... સ્વભાવથી વિરુદ્ધ (એટલે કે) અબંધભાવથી વિરુદ્ધ બંધભાવ છે એના ચકરાવામાં ચડ્યો (છે, તેથી) એને ભ્રમણ પ્રાપ્ત થયું છે (—એમ) કહે છે. અહો, ગતિનો ચકરાવો ચડી ગયો છે એને.... સમજાણું કાંઈ ? એ મિથ્યાભ્રાંતિને લઈને. જે પુણ્ય-પાપના વિકલ્પો પોતાના નથી.... પોતામાં નથી.... પોતાને લાભદાયક નથી.... સમજાણું કાંઈ ? એને પોતાના માની, રખડવાના ચક્રે ચડી ગયો છે.

(III) સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્યથી વશ કરનાર મોટું મોહરૂપી ભૂત.... દેખો ! એ મિથ્યાત્વરૂપી ભૂતડું. શુભ-અશુભભાવ એ બંધભાવ છે, (છતાં) 'એ મારા છે, એ હું છું'—એવો જે મિથ્યાત્વભાવ છે, એ મિથ્યાત્વભાવરૂપી મોટું ભૂતડું સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્ય.... મિથ્યાત્વના રાજ્યમાંથી કોઈ નીકળ્યો (–છૂટ્યો) નથી.... બાદશાહી ગુણસ્થાન છે. સમજાણું કાંઈ ? મોટો માંધાતા ત્યાગી મુનિ થાય બહારનો, (તો પણ) એને અંદરમાં 'આ વિકલ્પ છે એ મારો છે.... મહાવ્રત હું પાળું છું'—એવું મિથ્યાત્વનું ભૂતડું વળગ્યું છે. સમજાણું કાંઈ ?

સમસ્ત વિશ્વને એકછત્ર રાજ્ય.... જ્યાં જુઓ ત્યાં મિથ્યાત્વનું રાજ્ય છે. સમજાણું કાંઈ ?....

(૧) 'મેં દયા પાળી પરની'—(એવી પરની કર્તાબુદ્ધિ) મિથ્યાત્વભાવ....
(૨) 'મેં શુભભાવ કર્યો'—(એવી રાગની કર્તાબુદ્ધિ) મિથ્યાત્વભાવ....
(૩) 'મેં અશુભ ટાળ્યો'—(એવી) પર્યાયદ્રષ્ટિ
'અશુભ મેં ટાળ્યો'—(એવી પર્યાયબુદ્ધિ) } મિથ્યાત્વભાવ....

(આ રીતે) જ્યાં ત્યાં મિથ્યાત્વભાવનું રાજ્ય છે—એમ કહે છે આહીં. સમજાણું કાંઈ ? 'મેં આ આટલા સંયોગો છોડ્યા.... આટલા સંયોગો મેં રાખ્યા' (—એવું માનવું) એ (બધું) મિથ્યાત્વનું ભૂતડું વળગ્યું છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? ....ભાઈ !

સમસ્ત વિશ્વને એકછત્ર.... 'વિશ્વ'.... એટલે સમસ્ત મિથ્યાદ્રષ્ટિ પ્રાણીને —એમ (કહેવું છે.) એકછત્ર રાજ્યથી.... ચક્રવર્તીનું એકછત્ર રાજ્ય હોયને ? એમાં બીજાનું રાજ્ય ન હોય. એમ મિથ્યાત્વનું રાજ્ય.... એકેન્દ્રિયમાં જોવો તો પણ 'રાગ મારો' (–એવો અભિપ્રાય), (બહારથી) મુનિ થઈને બેઠો તો (પણ) કહે 'રાગ-પુણ્યની ક્રિયા છે એ મેં કરી અને મારી, (એનાથી) મને લાભ' (—એમ) બધે ઠેકાણે મિથ્યાત્વનું.... ચક્રવર્તીની (જેમ), એક(છત્ર) રાજ્ય ચાલે છે (—એમ) કહે છે. સમજાય છે કાંઈ ?

એ (મિથ્યાદ્રષ્ટિ) એકેન્દ્રિયની હરોળમાં જ બેઠો છે (—એમ) કહે છે. (પછી ભલે) એ આહીં (મનુષ્યપણામાં) પંચેન્દ્રિય થયો (હોય) ને મુનિ થયો (હોય ને) ત્યાગી થયો (હોય) બહારનો. એને એનું (–ત્યાગનું અભિમાન હોય કે) 'મેં ત્યાગ કર્યો છે અને હું ત્યાગી છું, મેં શિર મુંડાવ્યું છે'.... સમજાય છે ?

એવો જે મિથ્યાત્વભાવ છે (અર્થાત્) રાગને પોતાનો માનવો ને 'એ ક્રિયા મેં કરી અને એ ક્રિયા મેં છોડી'(—એવી માન્યતા).... એવો જે મિથ્યાત્વભાવ (છે એણે) એકછત્ર રાજ્યથી બધાને વશ કર્યા છે (—એમ) કહે છે. (મિથ્યાત્વભાવે બધાને) તાબે કર્યા છે.... મોટા માંધાતાને તાબે કર્યા છે.... સમજાણું કાંઈ ? ત્યાગી, ભોગી, જોગી, એકેન્દ્રિય, પંચેન્દ્રિય—બધાને (તાબે કર્યા છે).

(અજ્ઞાનીએ મિથ્યાત્વભાવથી) પોતાના અબંધસ્વભાવથી વિરુદ્ધની વાત (એટલે કે) પુણ્ય-પાપના વિકલ્પની વાત મીઠાશથી સાંભળી છે (અને) મીઠાશથી કરી છે.—આવો જે મિથ્યાત્વભાવ (છે એણે) આખી દુનિયાને (પોતાને) વશ કરી દીધી છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ?

મોહરૂપી.... પાછું કેવું છે ? મોટું મોહરૂપી ભૂત.... ભૂતડું વળગ્યું, ભૂતડું. (તે ભૂતડું) જેની પાસે બળદની જેમ ભાર વહેવડાવે છે.... એ મિથ્યાત્વભાવ

મજૂરી કરાવે છે.... 'આ ઇચ્છા કરું, આ કરું, આ પુણ્ય કરું, આ પાપ કરું, આ છોડું, આ મૂકું'.... (—એવી) મજૂરીનો.... મિથ્યાત્વના ભાવનો ભાર (મોહરૂપી ભૂત) વહેવડાવે છે. શોભાલાલજી ! આહાહા !

કહે છે, બળદની જેમ ભાર વહેવડાવે છે.... બળદ હોયને મોટા બળદ ગામમાં ? તેની માથે સો-સો મણ ભાર નાખેને ? એમ મિથ્યાશ્રદ્ધા.... 'બંધભાવ તે મારો' એવી મિથ્યાશ્રદ્ધા.... એ મિથ્યાશ્રદ્ધા.... પરદ્રવ્યના લોલુપીપણામાં, બળદની જેમ, તૃષ્ણા ઊભી કરે છે (—એમ) કહે છે. (મિથ્યાત્વભાવ) ભાર વહેવડાવે છે (કે) 'આ કરું, આ કરું, આ છોડું, આ મૂકું, આ લઉં'.... આહાહા ! જુઓને ! પણ આચાર્યની એક પદ્ધતિ !

કહે છે, મિથ્યાત્વરૂપી ભૂતડું, વિકલ્પની અનેકતાના પ્રેમમાં.... રસમાં પડ્યો છે એવા મિથ્યાત્વને કારણે, (અજ્ઞાની પાસે) બળદની જેમ ભાર વહેવડાવે છે.... 'આ કરું, બીજાનું ભલું કરી દઉં, આમ કરી દઉં, આવા આચરણ કરું, આમ વાંચી લઉં, આમ વાંચવાથી મને આમ થાય, હું બીજાને કહું તો આમ (થાય)'....—એવા વિકલ્પની જાળમાં.... મહેનતમાં (–મજૂરીમાં) મિથ્યાત્વે, બળદની (જેમ), જોડી દીધો છે ત્યાં.... સંકલ્પ-વિકલ્પની જાળમાં મિથ્યાત્વે એને (–અજ્ઞાનીને) જોડી દીધો છે. સમજાણું કાંઈ ? એથી....

(IV) જોરથી ફાટી નીકળેલા.... તૃષ્ણા ફાટી.... કહે છે હવે. આહીં અંદર એકાગ્ર થવું જોઈએ (આત્માને) દ્રષ્ટિમાં લઈને, એને ઠેકાણે (–સ્થાને) તૃષ્ણા ફાટી હવે બહારની. જોરથી ફાટી નીકળેલા તૃષ્ણા.... એ ઇચ્છા ફાટી ઇચ્છા. મિથ્યા દ્રષ્ટિમાં તો, કહે છે, ઇચ્છા જ ફાટે (કે) 'આ કરું, આ લઉં, આ દઉં, આ મૂકું, આમ કરું'.... સમજાણું કાંઈ ?

તૃષ્ણારૂપી રોગના કારણે.... 'રોગના કારણે'—એમ લેવું. 'દાહથી'.... શબ્દ નથીને અંદર (સંસ્કૃત ટીકામાં) ? રોગના કારણે જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે.... ભગવાન (આત્મા) ચૈતન્યરસ, આનંદકંદ છે એના સ્થાનને.... ભાવને પોતે છોડી દઈને વિકલ્પની જાળના પ્રવાહમાં ગયો, (તેથી) પીડા ઉત્પન્ન થઈ છે—જે આકુળતા છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? અંતરમાં દ્રષ્ટિ કરે તો એકપણું પ્રાપ્ત થાય અને આનંદ પ્રાપ્ત થાય, (જ્યારે) અહીં બહારમાં (વિષયોનું)

અનેકપણું પ્રાપ્ત થતાં આકુળતા ઉત્પન્ન થઈને તૃષ્ણા ફાટી (કે) 'આ કરું, આ કરું, આ કરું'.... સમજાણું કાંઈ ? એ સૂક્ષ્મ શલ્ય છે આ ઝીણા.

અંદર.. અંદરમાં 'આ બનાવું, આ કરું, આમ કરું, આમ કરું....' —એવી પરદ્રવ્યના વલણની ઇચ્છામાં.... મિથ્યાત્વભાવમાં તૃષ્ણા જ ફાટે, ત્યાં કાંઈ આત્મા તરફ વળે એવું (પરિણમન) છે નહીં—એમ કહે છે. આહાહા ! એ (જિન)શાસનને બહાને પણ એને (–અજ્ઞાનીને) તૃષ્ણા ફાટે (—એમ) કહે છે. ન્યાલભાઈ ! 'આનું કરી દઉં, શાસનનું કરી દઉં, બીજાનું કરી દઉં, આનું કરી દઉં'.... સમજાણું ? એ મિથ્યાત્વ ભાવમાં તો ઇચ્છા જ ફાટે અને ઇચ્છામાં દુઃખ જ હોય. આહાહા ! સમજાણું કાંઈ ?

જેને અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે.... અંતરંગમાં 'ઘા' વાગે છે (—એમ) કહે છે. આત્માની વર્તમાન અવસ્થામાં એ પુણ્ય-પાપના પ્રેમના રસ્તે.... પંથે પડ્યો (છે, એથી) પર તરફના વલણની તૃષ્ણા ફાટી (છે અને) એને અંતરંગ અસંખ્ય પ્રદેશે પીડા (થાય) છે.... એ દુઃખના કીડા છે. સમજાણું કાંઈ ?

લે ! આમ બેઠો હોય.... ચક્રવર્તીનું રાજ હોય બહારમાં આખા (છ ખંડનું તો પણ પીડા છે) ?

(સમાધાન :) અરે ! (બાહ્યથી) નગ્ન મુનિ હોય દિગંબર લ્યો ! (તો પણ પીડા છે). સમજાય છે ? (તેને) કાંઈ ન મળે લંગોટી કે કાંઈ, (છતાં) આ અંદરમાં સ્વભાવ તરફના વલણનો ભાવ નથી, તેથી વિભાવ તરફના વલણના ભાવમાં એને વિકારનું દુઃખ જ વેદાય છે. આહાહા ! સમજાણું કાંઈ ? 'આમ સત્ય બોલું, આમ અસત્ય ન બોલું, દયા પાળું, હિંસા ન કરું, ચોરી ન કરું....'—એવા વિકલ્પની જાળમાં.... આહાહા ! અંતરંગમાં પીડા પ્રગટ થઈ છે.

(V) આકળો બની બનીને મૃગજળ જેવા વિષયગ્રામને જે ઘેરો ઘાલે છે.... શું કહે છે ?

ઇચ્છાના વેગમાં બાહ્યના પદાર્થો જે ક્ષણિક છે.... ચાહે તો દેવ-ગુરુ-શાસ્ત્ર હો કે સ્ત્રી, કુટુંબ, પરિવાર હો. એ મૃગજળ જેવા વિષયગ્રામને....

બાહ્યના પદાર્થોને ઘેરો ઘાલે છે.... (કે) 'આને ચોંટું, આને લઉં, આનું લક્ષ કરું, આનું કરું, આનું કરું, આનું લક્ષ કરું, આનું લક્ષ કરું'.... સમજાણું કાંઈ ? અંતર દ્રવ્યદ્રષ્ટિ કરી અંતરમાં ઘેરો ઘાલવો જોઈએ સ્વભાવમાં, એને ઠેકાણે (–સ્થાને) બાહ્યની ઇચ્છાવાળાની (–અજ્ઞાનીની) વૃત્તિઓ બહારમાં ઘેરો ઘાલે છે (કે) 'આ નિમિત્ત આવું બનાવું, આનું આમ બનાવું, આનું આમ બનાવું'... કહો, સમજાણું કાંઈ ?

'અપાસરા બનાવું, મંદિર બનાવું, જાત્રા કરાવું, સમ્મેદશિખરને સુધારી દઉં, પગથિયા નખાવી દઉં....' કહે છે કે વૃત્તિનો વેગ પરદ્રવ્યમાં ઘેરો ઘાલે છે. સમજાણું કાંઈ ? કારણ કે ભગવાન આત્મા ઇચ્છા અને બંધના ભાવ વિનાની ચીજ છે, એવી ચીજને તો દ્રષ્ટિમાં લીધી નથી. એથી એની દ્રષ્ટિનો વિષય તો વર્તમાન રાગ ને પુણ્ય ને વિકલ્પોનો ચકરાવો છે અને એનાથી તો એની તૃષ્ણા પરદ્રવ્ય ઉપર જાય છે. આહીં (સ્વરૂપ તરફ દ્રષ્ટિ) નથી જાતી, (તો) ત્યાં (પરદ્રવ્ય તરફ) જશે એની (દ્રષ્ટિ). આહાહા ! સમજાણું કાંઈ ? આહાહા ! ભારે વાત ! એમાં સૂક્ષ્મ કેટલું નાખ્યું છે !

ભગવાન (આત્મા સ્વ તરફ) વળ્યો નહીં એટલે (પર તરફ) વળ્યો ત્યારે જેટલા બધા પરદ્રવ્ય છે.... ભલે તે શુભ(ભાવના નિમિત્ત) કે અશુભ(ભાવના નિમિત્ત) દ્રવ્ય હો....—એ બધા (પર)લક્ષે (થતી) ઇચ્છાના કરનારા (–નિમિત્ત એવા) વિષયો છે. સમજાણું કાંઈ ? (ગાથા) ૩૧માં એ જ નાખ્યુંને (–વાત કરીને) ?

(ગાથા) ૩૧માં (કહ્યું) નહિ ? 'ઇન્દ્રિય અને ઇન્દ્રિયના વિષયો જીત્યા છે એણે'.... એનો અર્થ જ એ થયો કે દ્રવ્યેન્દ્રિય, ખંડ(-ખંડ) ભાવેન્દ્રિય અને પાંચ (ઇન્દ્રિયોના વિષય)—એ બધું બાહ્ય (છે અને) એનું લક્ષ છોડ્યું ત્યારે અતીન્દ્રિયપણું થાય છે. પરના લક્ષમાં રહે છે ત્યાં તો ઇન્દ્રિયનો બોધ (–ઇન્દ્રિયજ્ઞાન) છે. સમજાણું કાંઈ ?

કહે છે, એ બાહ્ય સંયોગો મૃગજળ જેવા.... છે. ક્ષણે-ક્ષણે બદલાય.... રૂપાંતર થાય (છે). જેવા વિષયગ્રામ.... એટલે પાંચ ઇન્દ્રિયના વિષયોનો સમૂહ. (કરણેંદ્રિયનો વિષય) એ શબ્દો.... તે પછી ભગવાનની વાણી હો કે ગાળની

વાણી હો—એ બધા ઇન્દ્રિયના વિષયો છે એમ કહે છે અહીં તો. અમરચંદભાઈ ! વિષયસમૂહને ઘેરો ઘાલે છે.... (અર્થાત્) એ નિમિત્તરૂપ શબ્દો (આદિ)માં એનું લક્ષ ચોંટી જાય છે....

શ્રોતા : ..... આપ રસ્તો બતાવોને ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : આ રસ્તો બતાવીએ છીએને !

શ્રોતા : આપ આટલી વાત કરો છો તો અમારું લક્ષ એ બાજુ.... સ્વરૂપ તરફ જશે જ.......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ (લક્ષ, સ્વરૂપ તરફ) આનાથી (–વાણીથી) નહીં જાય—એમ કહે છે. હીરાભાઈ ! કાંઈક ટેકો આપો બાપાજીને. ભઈ, હવે ચિરંજીવી છેને તમારો એ. આહાહા !

ભાઈ ! આ સ્વદ્રવ્યમાં ખજાને શું ખોટ છે કે તેની સામું જોતો નથી ! —એમ કહે છે. તારા ખજાનામાં શું ખોટ છે કે તું એની સામું જોતો નથી અને તું પર સામું જોઈને સ્વ સામું જોવા માગે છો.—એ કોઈ રીત છે ? જાવું હોય ઉગમણું (–પૂર્વ દિશા) (અને) મુઠીયું વાળીને (દોડ) મૂકે આથમણું (–પશ્ચિમ દિશા તરફ ?)

અહીં તો સ્વદ્રવ્ય અને પરદ્રવ્ય—બેની જ વાત છે.... એક જ સિદ્ધાંત. જેને સ્વદ્રવ્યના વલણની વૃત્તિ અને દ્રષ્ટિ જ્યાં નથી એટલે કે એકપણાનો ભાવ જ્યાં નથી, ત્યાં એની અનંતા પરદ્રવ્ય તરફના વલણની—વિષયની તૃષ્ણા ઘેરો ઘાલે છે કે આ.. આ.. આ.. આ.. આ. ચાહે તો સાક્ષાત્ ત્રિલોકનાથ ભગવાન સમવસરણમાં હોય, (તો) એ પણ ઇચ્છાનો જ વિષય છે. એ આત્માનો.... (આત્મ)જ્ઞાનનો વિષય નથી, એ સ્વનો વિષય (એટલે કે).... સ્વ નથી. 'મહાજન સાચા, પણ પાછી (–મારી) ખીલી ખસે નહીં'—એનું શું સમજવું ?

અહીં તો એક ઘા ને બે કટકા.... ફડાક દઈને. ભગવાન આત્મા અખંડાનંદ પ્રભુ સ્વદ્રવ્ય (છે તેના) સન્મુખ ન રહેતાં, એ પરદ્રવ્યના સન્મુખપણે અનાદિ કાળ ગાળ્યો છે (અને) પર સન્મુખતામાં તો પીડા જ એકલી છે—એમ કહે છે. ચાહે તો શુભભાવ હો કે ચાહે તો અશુભ હો, ચાહે તો ભગવાન ત્રણ લોકના નાથ

ઉપર નજર પડી હો, પણ એ શુભરાગનો જ વિષય છે ને પીડાનું જ કારણ છે. કહો, સમજાય છે કાંઈ ?

શ્રોતા : સોનગઢમાં જ ચાલે એવું છે !

પૂજ્ય ગુરૂદેવશ્રી : હવે સાંભળે.... (કોઈને) સાંભળવું હોય તો. અહીં (અમારે) શું છે ? આ શેઠ આવ્યા છેને ? જુઓને, (બધું) મૂકીને આવ્યા છેને ન્યાંથી ! પડાવ નાખ્યો તો ખરો હવે ન્યાંથી પહેલો અહીંયા. હવે સમજવાની દરકાર કરે ત્યારે ખરી. બાપુ ! વસ્તુ જ આ છે. સમજાણું કાંઈ ?

એકકોર ભગવાન આત્મા.... એકકોર રામ ને એકકોર ગામ. આ 'ગ્રામ' કીધુંને ? આત્માનો સ્વભાવ.... એકરૂપ દ્રવ્યસ્વભાવ છે એના સિવાય જેટલા પદાર્થો છે એ પર છે.... એ વિકલ્પથી માંડીને ભગવાન ત્રણ લોકના નાથ કે નારકીનો જીવ કે મિથ્યાદ્રષ્ટિ કુદેવ, કુગુરુ છે—એ બધા પરદ્રવ્ય છે (અને) પરદ્રવ્યના વલણનો ભાવ રાગ અને તૃષ્ણા છે. વાત એવી છે ભીખાભાઈ ! આ તો.... આહાહા ! ભગવાન !.... આહાહા ! કુંદકુંદાચાર્ય સ્વદ્રવ્યથી વિરુદ્ધભાવને ખડો કરે (–બતાવે) છે.

ભગવાન ! તું એકપણાને ભૂલ્યો છો ભાઈ ! મહા આનંદની ખાણ પ્રભુ.... શાંતિના સ્વભાવનો દરિયો ભગવાન આત્મા છે.... ભાઈ ! એના સામું જોવું તેં છોડી દીધું છે અનાદિનું અને સ્વદ્રવ્ય સિવાય (પરદ્રવ્ય ઉપર લક્ષ કર્યું છે). વિકલ્પ એ પરવસ્તુ છે, એ ભાવબંધ છે અને એ વિકલ્પનું લક્ષ જાય છે પરદ્રવ્ય ઉપર. (—આ પ્રકારે) એ બધી સાંકળ બધી પરમાં જાય છે. સમજાણું કાંઈ ? ભાઈ ! આ તો (સર્વજ્ઞનો) માર્ગ છે.... સમજાણું કાંઈ ? આ કાંઈ વાતની વાતું નથી. આ તો અનંત કાળમાં મિથ્યાશ્રદ્ધાથી કેમ રખડ્યો એની વાત વર્ણવે છે. સમજાણું કાંઈ ?

આહીં (ટીકામાં) પહેલેથી કહ્યું છેને ? કે કામભોગ(સંબંધી) કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી.... ત્યાંથી ઉપાડ્યું છે. 'એકપણાથી'.... શબ્દ પડ્યો છેને (ટીકાની) પહેલી લીટીમાં ? ઓહોહો ! સમજાણું કાંઈ ? છેને અંદરમાં ? '**चैकत्वविरुद्धत्वेन**'.... એ (સંસ્કૃત ટીકાની) પાંચમી લીટી છે. '**अनुभूतपूर्वा चैकत्वविरुद्धत्वेन**'.... ઓહોહો !

ભગવાન આત્મા....

(૧) શુભ-અશુભ વિકલ્પ (–ભાવકર્મ),

(૨) કર્મ (–દ્રવ્યકર્મ) અને

(૩) બાહ્ય પદાર્થ (–નોકર્મ) છે

—એનાથી તદ્દન ભિન્ન એક(રૂપ) વસ્તુ છે.

(પરથી) ભિન્ન, (સ્વથી) એકત્વ છે આત્મા.—એ વાતને છોડી દઈ, એકપણામાં આ અનેકપણાના વિકલ્પોની વૃત્તિઓ (ઉઠાવવી) અને પરનો આશ્રય (લેવો)—એ બધું દુઃખદાયક ભાવ છે.... આકુળતા છે. (—આવી દશા છે ત્યાંસુધી) એ તૃષ્ણાનો અંત ક્યાંય આવે નહીં. સમજાય છે કાંઈ ?

ધર્મના બહાને પણ દ્રષ્ટિ જ્યાં (પર ઉપર છે, પણ સ્વ)દ્રવ્ય ઉપર નથી, એથી એની તૃષ્ણા ને વિકલ્પની ઝાંય.... '......, પરનું આ કરી દઉં, પરનું આ કરી દઉં, આને સુધારી દઉં, આનું આમ કરી દઉં....' (—એમ) એના (–પરના) વલણમાં જ એની વૃત્તિ જાય છે (અને) એની એ વૃત્તિનો અંત (આવતો) નથી. સમજાય છે કાંઈ ? અનંતા પરદ્રવ્યોના વલણમાં જતી વૃત્તિઓએ પીડાને પ્રગટ કરી છે, છતાં એમાં એ સુખ માને છે. છે દુઃખી, પણ એને ખબર નથી.

કહે છે, આકળો (બની) બનીને ઘેરો ઘાલે છે.... (પર તરફ) ઘેરો ઘાલે છે હોં.... (કે) 'આ.. આ.. આ.. આ.... આનું લક્ષ કરું, આનું લક્ષ કરું, આનું લક્ષ કરું, આને લઉં, આને દઉં, આ મૂકું, આ કરું'.... (—આ રીતે) સ્વદ્રવ્યની એકતાને છોડી પરદ્રવ્યના ઘેરામાં પડ્યો છે. આહાહા ! 'આના પછી આ, આના પછી આ, આના પછી આ કરવું છે, આના પછી આ કરવું છે, આના પછી આ કરવું છે, આના પછી આ કરવું છે'.... (—એમ વિકલ્પો કરતાં.... કરતાં) તારી (તૃષ્ણાનો) પાર નહીં આવે ત્યાં પાર, સાંભળને હવે ! સમજાણું કાંઈ ?

આ સંસારમાં નહીં ? ભઈ, ચાર છોકરા (છે તેમાં) બે પરણાવ્યા છે, બે પરણાવી દઈએ, ત્રણ છોડીઓ (–દીકરીઓ) પરણી જાય, પછી આપણે નિવૃત્તિ લઈએ.... એ નિવૃત્તિ લ્યે નહીં ને મરે છૂટકો એમ ને એમ તૃષ્ણામાં. કારણ કે કોઈ (આપણી) પાછળ કરનાર નહીં (અને) આપણે આબરૂદાર માણસ છીએ.

કાંઈક કાળી છોડી (–દીકરી) હોય સાધારણ.... રંગે કાળી (કે) એવી (તો એને કોઈ) નહીં વરે, (માટે) આને વરાવીને પછી (ધર્મ) કરશું.... અને આમ કરીને (ધર્મ) કરશું. 'વરાવીને' સમજે ? લગ્ન કરાવીને.

(કોઈ દીકરી) કાંઈક સાધારણ હોય તો પણ, પછી આવા શેઠિયા (વચ્ચે) હોય તે (દીકરીને) લઈ લે (અને) દઈ દે કોઈકને (–લગ્ન કરાવી દે તો) કોઈ 'ના' ન પાડે. આવા એને (–શેઠિયાઓને) અભિમાન હોય (કે) 'હું આ કરી દઉં' એમ. અભિમાન.... 'આનું આ કરી દઉં, આ છોકરો જરી સાધારણ છે તો એને જરી મારી હયાતીમાં વરાવી દઉં. મારી આબરૂથી કોઈ (છોકરી) આપી દેશે, નહીંતર નહીં આપે....' આવા ને આવા (અભિમાન) માથા (ફરેલ કરે છે). એમ....

આ ધર્મને બહાને 'હું આટલું કરાવી દઉં, સમ્મેદશિખરનું કરાવી દઉં, શાસનનું કરાવી દઉં, શાસ્ત્રનું કરાવી નાખું'....એ (પણ) પરદ્રવ્યના કરવાના (–કર્તાપણાના) વિકલ્પમાં ઘેરો ઘાલ્યો છે તેં (—એમ) કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? વજુભાઈ ! આહાહા !

(જુઓ !) કેવી કથનની પદ્ધતિ ને કેવા સિદ્ધાંતોના નિયમને મૂકે છે ! કે તે પરદ્રવ્યરૂપ વિષયગ્રામ.... (સ્વ તરફનો) વિષય નથી.... જ્ઞાને વિષય આત્માનો (કરવો જોઈએ અર્થાત્) જ્ઞાનની પર્યાયનો ખરો વિષય (સ્વ)દ્રવ્ય છે એને વિષય (બનાવ્યો) નથી.... ધ્યેય (બનાવ્યું) નથી (અને પરદ્રવ્ય) વિષય થઈ ગયા.... એકલા પરદ્રવ્ય(રૂપ) વિષય રહી ગયા. સમજાણું કાંઈ ?

'આ શાસ્ત્રના પાના વાંચી લઉં, આટલા ભણી લઉં, આટલા કરી લઉં'....—એ પણ એક વિષય છે એમ આમાં કહે છે. કઈ રીતે ? કે (દ્રવ્ય)દ્રષ્ટિ નથી અને (તેથી) વિકલ્પની જાળ (–ગતિ) પરદ્રવ્યમાં વળી છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? એને (–જીવને) સૂક્ષ્મપણે ક્યાં મારી ગતિ (–વલણ જાય) છે એની ખબર નથી......

આકળો બની બનીને.... આહાહા ! 'અમે ધર્મની રક્ષા કરીએ (છીએ), અમે બીજાની રક્ષા કરીએ છીએ, વાત્સલ્ય કરીએ છીએ, ધર્મપ્રભાવના કરીએ છીએ'.... (આવા અભિમાનમાં) એની દ્રષ્ટિ દ્રવ્ય ઉપર (જતી) નથી (અને)

એટલે એના (પર તરફના) વલણના આ ભાવ કોઈ દિ' ખૂટે નહીં (–ખૂટતાં નથી).... ચાલ્યા જ કરે છે એની આ (વણઝાર).

શું છે હવે બે વચ્ચે કાંઈક ?.... લ્યો ! એ નાખ્યું વળી, હમણાં જાવું'તું એ. એ કહે કે તમે સ્વાર્થ ....કહો, સમજાણું કાંઈ ?

આહાહા ! ('વિષયગ્રામને જે ઘેરો ઘાલે છે')—આ એક શબ્દમાં (–વાક્યમાં ઘણું ભર્યું છે).... અંતરમાં (વલણ) નથી એટલે તૃષ્ણાનું વલણ પરદ્રવ્યના.... અનંત (પર)દ્રવ્યના (તરફ ગયું અને એ) વલણમાં ઘેરાઈ ગયો (—એમ) કહે છે.

(VI) અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે.... હવે પોતે આવો છે (અને) બીજાઓ પણ એને એ જ વાત કરે છે. (એકબીજાને) કહે છે : 'હા, કરવું જોઈએ, પરનું ભલું કરવું જોઈએ, બીજાનું આ કરવું જોઈએ, પહેલું આ કરવું જોઈએ, માનવસેવા કરવી જોઈએ'.... પ્રવીણભાઈ ! એકબીજા ઉપદેશ પણ એવા આપે છે—એમ (કહે છે).

આચાર્યપણું.... (અર્થાત્) માંહોમાંહે એમ કહે : 'હા, એ બરાબર છે. એમ ચાલતા હશે ? શાસન કંઈ એમ હાલે ? બધું કરવું પડે.... વિકલ્પ કરવા પડે.... એ કરવો પડે'....

અરે ! એ (વિકલ્પ) લંગડો થઈને (અસ્થિરતાનો જ્ઞાનીને) આવી જાય એ જુદી વાત છે, (પણ) આ (અજ્ઞાની) તો કહે : '(વિકલ્પ) કરવો પડે.... કરવું પડે, કર્યા વિના હાલે ?'—એ આચાર્ય.... પરસ્પર આચાર્યપણું.... એટલે એકબીજાને કહીને અંગીકાર કરાવે. સમજાય છે કાંઈ ?

'શુભભાવ કરવો પડે, કર્યા વિના ચાલતા હશે ? એમ ને એમ થાતા હશે આ બધું—પાઠશાળા, મંદિર.... કંઈક શુભભાવ કરો તો થાતા હશે કે નહીં ? કરો શુભભાવ પહેલેથી, (તે વિના) પુસ્તકો, ચૈત્યાલય (વગેરે) બધા (કાર્યો) ક્યાંથી થાતા હશે ? કાંઈક ઇચ્છા કરો તો થાતા હશે કે એ વિના ?' (—આ રીતે)

અજ્ઞાનીનું વલણ પરદ્રવ્યના કરવા અને (તેના) લક્ષ.... આશ્રય તરફ ઢળી ગયું છે—એમ કહે છે. સમજાય છે કાંઈ ?

સિદ્ધ ભગવાન કોને કરે છે ? (કોઈને નહિ), જોવે છે. એમ જ્ઞાનનો સ્વભાવ તો જોવાનો છે.... થાય તે જોવે. એને ઠેકાણે, 'થાય તે કરું અને આમ કરું અને આમ કરું'—એવી તૃષ્ણાએ.... સ્વદ્રવ્યના લક્ષ ને આશ્રય વિના, પરદ્રવ્ય તરફના વલણવાળી વૃત્તિઓએ જગતના બાહ્ય પદાર્થોમાં ઘેરો ઘાલ્યો છે. સમજાણું કાંઈ ? અને એ (અજ્ઞાનીઓ) માંહોમાંહે વ્યવહારનો ઉપદેશ કરે છે—એમ કહે છે.

સાધુ નામ ધરાવનારા પણ એ કહે છે : 'વ્યવહાર કરવો પડે (કે) નહીં ? પરનું ભલું કરવામાં રોકાવું પડે કે નહીં ? આપણને કદાચ એકાદ ભવ વધે, પણ (બીજાનું) ભલું થતું હોય તો આપણે ભવ કરવો'.

(મિથ્યાત્વથી) મરી ગયો.... (બીજાનું ભલું કરવાના ભાવ કરી કરીને) મરી જાને (તો પણ) મિથ્યાત્વ છે. સાંભળને હવે ! સમજાણું કાંઈ ?

(સાધુ નામ ધરાવનારના શ્રોતા) કહે : 'હા, આપણા ઉપર કેટલી કરુણા !'

(સાધુ નામ ધરાવનાર કહે) 'તમારા ખાતર હું ગરીબને ઘરે અવતરીશ, પણ તમારો ઉદ્ધાર કરીશ. પુણ્ય કરો.... હા, પુણ્ય કરો.'

(—એવો અભિપ્રાય) મિથ્યાત્વ છે (—એમ) કહે છે અહીં તો. આહાહા !

શ્રોતા : પાપ થોડા હો જાયેગા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાપ થોડા ? મિથ્યાત્વકા પાપ બડા હૈન ઉસમેં. 'પુણ્યકા વિકલ્પ અચ્છા હૈ.... કરને લાયક હૈ'—વહી (માન્યતા).... મિથ્યાત્વભાવ બડા પાપ હૈ. (ફિર) કિસકો છોટા (પાપ) કહના ? ખબર નહીં.... લોકોને ખબર નહીં. (સત્ય) બાત સુની હી નહીં. 'સુની હી નહીં' એમ કહેશેને ? હમણાં કહેશે. સમજાય છે કાંઈ ?

'સાંગો કહે સલવાણા, કંઈક ચડ્યા કંઈક પાળા.' ધર્મને બહાને પણ (અજ્ઞાની) મિથ્યાત્વને સેવતો હોય હો અંદર અને માનતો હોય કે 'હું કંઈક

પરોપકાર કરું છું, બીજા માટે આમ કરું છું, બીજાનું આમ કરી દઉં છું, બીજાને મદદ કરું છું'.—એ પરદ્રવ્યના ચકરાવામાં, મિથ્યાત્વ અને તૃષ્ણાના ભાવ જ એવા હોય છે (—એમ) કહે છે. જેઠાલાલભાઈ !

શ્રોતા : પાટ ઉપર બેસી બેસીને....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પાટ ઉપર બેસે કે હેઠે (–નીચે) બેસે એમાં (શું) ?.... (જેમ કે) માખી ઊંચે બેસે એટલે ઊંચી થઈ ગઈ કંઈ ? પાટ ઉપર તો ઘણાય (બેસે).... માંકડેય બેસે છે આમાં. માંકડ નહીં બેઠતે ? 'માંકડ' નહીં.... બેસતે નહીં, પાટ ઉપર નહીં બેસતે ? પાટમેં હી રહતે હૈ વો તો. (એમ) પાટ ઉપર બેસે તો ક્યા બડા હો ગયા ? શોભાલાલજી ! બાત તો ભઈ યહાં ઐસી.... સચ્ચી હૈ. આહાહા ! બાત તો યહી હૈ ઓહોહો !

કહે છે, (અજ્ઞાની) બંધભાવની (અર્થાત્) એકપણાથી વિરુદ્ધના વિકલ્પોની અને પરદ્રવ્યના આશ્રયની જ વાત માંહોમાંહે કહીને અંગીકાર કરાવે છે—એમ કહે છે. મિથ્યાદ્રષ્ટિનો ભાવ (–અભિપ્રાય) આ જ ચાલે છે (કે) 'કરો (વ્રત) અંગીકાર, કરો આ રાગ, કરો આ કર્મ.' સમજાય છે ?

અરે ભગવાન ! (આત્મા) ચૈતન્યજ્ઞાનમૂર્તિ પ્રભુ છે એનાથી વિરુદ્ધ રાગને કરવો એ તો મિથ્યાત્વભાવ છે.... આહાહા ! મિથ્યાદર્શન શલ્ય છે મોટું.—એની તો એને (–અજ્ઞાનીને) ખબર ન મળે. સમજાણું કાંઈ ?

'ઘણાની સેવાઓ કરવી, ઘણાનું આ કરી દઉં....' (—એમ મિથ્યાદ્રષ્ટિ માને છે).

(સમાધાન :) (બીજાનું) કોણ કરે ? ધૂળેય નથી કરતો સાંભળને ? રજકણ પણ આ શરીરનો એક ફરે, એ એને કારણે ફરે છે. તું શું કરે ? (અને) કોને (કરે) ? આખી દુનિયાનો બોજો માથે ઉપાડે (કે) 'આખી દુનિયાને સુધારી દઈશું અમે'—એમ (તે અજ્ઞાની) કહે. સમજાણું કાંઈ ? <u>અરે ! તને સુધારી શકતો નથી ને દુનિયાને સુધારવા ક્યાં નીકળ્યો તું ?</u>

આવે છેને 'બંધ અધિકાર'માં ? આ (ટીકામાં કહ્યા છે તે) ટુકડા તો બહુ સામાન્ય (–સંક્ષિપ્તમાં) મૂક્યા છે, (પણ) આવે છેને પછી (કે) 'બીજાને બંધ કરાવું, બીજાનો મોક્ષ કરાવું'....'બંધ અધિકાર'માં (ગાથા ૨૬૬). —એ બધી વાત આને (–અહીં કહી છે તેને) વિસ્તારીને સ્પષ્ટ કરી છે વધારે. આ બાર ગાથામાં સમયસારનું સારું (–આખું) સ્વરૂપ ગોઠવી દીધું છે.

(અજ્ઞાની માને છે :) 'બીજાનો મોક્ષ કરાવું.'

(જ્ઞાની શ્રીગુરુ :) 'એમ ? બીજાનો મોક્ષ એના વીતરાગી પરિણામ વિના (શું) તારાથી થાશે ?' સમજાય છે કાંઈ ? એ તારો વિકલ્પ મિથ્યા છે—એમ કહે છે. આહાહા ! એમ (–આ રીતે અજ્ઞાનમાં) અનંત કાળ એણે ગાળ્યો છે અને એ ગાળવાનો.... રખડવાનો પ્રકાર આ જ છે—એમ કહે છે.

અને જે પરસ્પર.... પાછા બેય (–પોતે અને બીજા અજ્ઞાની) માંહોમાંહે (કહે) : 'હા, એમ કંઈ વ્યવહાર વિના હાલતા હશે ? વ્યવહારમાં આપણે પડ્યા છીએ.'

(ભાઈ !) વ્યવહારમાં પડ્યા છીએ એટલે મિથ્યાત્વમાં પડ્યા છીએ (—એમ) કહે છે. વ્યવહાર એટલે રાગ-વિકલ્પ (અને) એમાં (એકાકારપણે) પડ્યો છે એટલે મિથ્યાત્વમાં પડ્યો છે, પણ તું આત્મામાં છો નહીં. કહો, સમજાણું કાંઈ ?

એકપણાથી વિરુદ્ધ.... આંહી તો મૂળ (–ટીકામાં) પહેલો (–પહેલી લાઈનમાં) શબ્દ મૂક્યો છે એનો અહીંયા (વિસ્તાર ચાલે છે). આહાહા ! આ વાત (ઉપર કહી હતી) એ જ છે.

અને જે પરસ્પર.... માંહોમાંહે (....બીજાને કહી તે પ્રમાણે અંગીકાર કરાવે છે).... (કે) 'કરો સંકલ્પ.... નક્કી કે આ કરવું (–કરવાની) છે અમારે પાઠશાળા.... કરો વિકલ્પ.... નક્કી કે આ મંદિર બનાવવું છે સવા લાખ કાઢીને.' શેઠ !

અરે ભગવાન ! તું તો જ્ઞાનસ્વરૂપ ચૈતન્ય છોને ? એવા (કર્તાપણાના) વિકલ્પથી તારા (હિતના) કાર્ય થાય અને વિકલ્પ તારું કાર્ય છે (—એમ છે નહિ,

છતાં એમ માનવું એ) મિથ્યા શલ્ય છે. (અરે !) દુઃખની પીડામાં ઘેરાઈ ગયો છો.... દુઃખની ઘાણીએ પીલાણો છો. ભાઈ ! તને ખબર નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે....—એમ (કહે છે).

'પણ'.... શું કરવા લીધું (–કહ્યું) ?

કે પોતે તો (કર્તાબુદ્ધિ) કરે છે, પણ માંહોમાંહે પણ અંગીકાર કરાવે છે પાછા.

'પણ'.... શબ્દ છેને ? એ વિકલ્પ જે મહાવ્રતનો કે દયા-દાનનો (કે) દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો છે એનાથી પાર ભગવાન આત્મા છે. એવા આત્માની દ્રષ્ટિ અને એકત્વ ન કરતાં, (આત્માના) એકપણાથી (વિરુદ્ધ) આવા (કર્તાપણાના)....

(૧) (એ) વિરોધી ભાવ ઉત્પન્ન કરીને (તેમ જ) બીજાને પણ,
(૨) એ વિરોધી ભાવ ઉત્પન્ન કરવાનું કહીને,
(૩) એ (વિરોધી ભાવ) અંગીકાર કરાવવાનો ભાવ (અજ્ઞાની) રાખે છે.
સમજાણું કાંઈ ?

બીજી રીતે (કહીએ તો), 'વ્યવહારના કોઈ પણ વિકલ્પથી જીવને લાભ થાય'—એ વાત (કરનારને) પરદ્રવ્યના વલણમાં મીઠાશ (લાગે) છે (અને) એના પ્રેમની (એ) વાત (કરે) છે બધી. સમજાણું કાંઈ ? કારણ કે વિકલ્પ છે એ પરદ્રવ્યના લક્ષે આવે (–થાય) છે. એનાથી (–વ્યવહારના વિકલ્પથી) આહીં નિશ્ચયનો (–વીતરાગતાનો) લાભ થાય (—એમ માનવું) એ શલ્ય પડ્યું છે એને (–અજ્ઞાનીને) પર તરફના વલણનું એકલું (અને તેથી) સ્વદ્રવ્યના વલણમાં આવવું એને રુચતું નથી. સમજાણું કાંઈ ?

શ્રોતા : વિદ્યાદાન......

પૂજ્ય ગુરૂદેવશ્રી : વિદ્યાદાન કોણ દેતો'તો ? વિદ્યા (–જ્ઞાન) ક્યાં (બીજા પાસે) હતી ? વિદ્યા તો એની (–પોતાની) પાસે છે.... એ (વિદ્યા) એની (પોતાની) પાસે છે ત્યાંથી લે પોતે. અહીં (પોતાની પાસે) છે (બીજાનો) પર્યાય કે ત્યાં આપે

બીજાને ? 'વિદ્યાદાન દેવું-જ્ઞાનદાન દેવું, અભયદાન દેવું કે ઔષધદાન દેવું' —એમ બધું (ચરણાનુયોગના ઉપદેશમાં આવે). અરે ભગવાન ! એ વિકલ્પની જાળમાં તને અટકાવ છે અને (છતાં) એની મીઠાશ છે (તને) ! આહાહા ! (તું) મિથ્યાત્વને ઘટ્ટ કરે છે. આકરી વાત છે બાપુ ! આ તો વીતરાગનો મારગ છે. સમજાણું કાંઈ ?

હા, ઇચ્છામાત્રની (–કોઈ પણ ઇચ્છાની) વૃત્તિ થાય, (પણ) એમાં લાભ માને કે 'મેં કાંઈક લાભ કર્યો મને અને મેં લાભ કર્યો પરને'—(એ) બિલકુલ મિથ્યા.... મિથ્યાત્વને સેવે છે.... સમજાણું કાંઈ ? શલ્ય છે એ (મિથ્યાત્વ) અને આ શલ્ય હોય ત્યાં સુધી એને સમ્યગ્દર્શન હોય નહીં અને જો સમ્યગ્દર્શન ન હોય તો વ્રત ક્યાંથી આવ્યા ?.... ચારિત્ર ને વ્રત આવ્યા ક્યાંથી ? આહાહા ! કામ ભારે.

પરસ્પર 'આચાર્યપણું (પણ) કરે છે'.... સમજ્યાને ? 'આચાર્યપણું' એટલે અંગીકાર કરાવે છે).... અધિકપણું કરાવે છે (કે) 'વાત બરાબર છે, (રાગાદિ) હોયને ? આપણે ગૃહસ્થી છીએ, આપણે (ક્યાં) કાંઈ ત્યાગી છીએ ? આપણે તો આવું (–રાગાદિ) કરવું પડે.'

(ભાઈ !) આ આત્મા ગૃહસ્થીય નથી ને ત્યાગીય નથી, એ તો જ્ઞાયકમૂર્તિ છે સાંભળને ! સમજાણું કાંઈ ?

'અને આપણે છદ્મસ્થ છીએ, પાંચમા આરાના જીવ છીએ. આપણે એવો વ્યવહાર ન કરીએ તો પછી (શું) વ્યવહાર વિના રહેવાતું હશે ?'—એમ વ્યવહારને સ્થાપીને વ્યવહારને અંગીકાર કરાવે છે મિથ્યાદ્રષ્ટિ. સમજાણું કાંઈ ? આહાહા !

તેથી કામભોગની કથા તો સૌને સુલભ.... થઈ પડી છે (—એમ) કહે છે. હવે એનાથી ભિન્નની વાત કરશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૪
## ગાથા - ૩, ૪
## સંવત ૨૦૨૪, ભાદરવા વદ ૧૫, રવિવાર, તા. ૨૨-૯-'૬૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ચોથી ગાથા ચાલે છે.

ત્રીજી ગાથાનો થોડો અર્થ ફર્યો છે, જુઓ ! અમારે પંડિતજીએ અર્થ બીજો કર્યો છે અંદર, બરાબર છે એ.

શું કહે છે ?

પહેલી ગાથામાં તો (સિદ્ધ) ભગવાનને વંદન કરી, સ્થાપી ને સમયસાર કહેશું. સમય.... **'समयप्राभृत.... वोच्छामि.... समयप्राभृत'**.... 'સમયસાર કહેશું'—એમ કહ્યું.

બીજી ગાથામાં એમ કહ્યું કે આ આત્મા આનંદ–જ્ઞાનસ્વરૂપ આદિ(મય) વસ્તુ છે, પણ એ પોતાના નિર્મળ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રમાં સ્થિત થાય તો તે 'સ્વસમય' અને 'સ્વસ્વરૂપ' અને 'આત્મા' કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? વસ્તુ પોતે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય જ્ઞાયક છે. (તો) એ (–જીવ) પોતે 'જ્ઞાયકમાં ઠરતાં'.... એનો અર્થ એ છે કે એની પર્યાય જે પ્રગટ થઈ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની, એમાં ઠરે (–એ રૂપે પરિણમે) એનું નામ 'સ્વસમય'.... 'ધર્માત્મા' અથવા 'આત્મા' અથવા એને 'સમયસાર' કહેવામાં આવે છે.

પણ એ આત્મા પોતામાં સ્થિર ન થતાં....

- કર્મના ઉદયમાં.... પરદ્રવ્યમાં સ્થિર થાય....
- (એટલે કે) પરદ્રવ્યનું લક્ષ કરીને તેમાં સ્થિર થાય
- એટલે કે ઉદયભાવમાં જોડાય
- એટલે કે જે એનામાં (–જીવમાં) નથી એવો બંધભાવ.... રાગ અથવા કર્મ છે એમાં સ્થિત થાય....

સમજાણું ? એ તો પરસમય છે.... એ તો વિરુદ્ધ છે. વસ્તુનું..... પોતાનું (સ્વથી) એકપણું (ને પરથી) ભિન્ન(પણું) ન રહ્યું, (એ તો) પરમાં અટક્યો.... અટક્યો....—એ બીજી ગાથામાં કહ્યું.

ત્રીજી (ગાથા)માં કહ્યું : 'एयत्तणिच्छयगदो समओ'.... હવે ન્યાં 'સમય' લીધો. 'એકલો' (–'एयत्त' એ ગાથાનો) પહેલો (શબ્દ) છે. (કહે છે), વસ્તુ છે પદાર્થ આત્મા, એ તો પોતે એકપણે જ છે. ('एयत्त').... શબ્દ આવ્યો હતોને પહેલો (મૂળ ત્રીજી ગાથામાં) ?

ચોથી (ગાથા)માં આવ્યું'તું કે 'કથા એકપણાથી વિરુદ્ધ'.... એક(રૂપ) વસ્તુ પોતે, 'સમય' નામ પદાર્થ (છે અર્થાત્) ધ્રુવ શુદ્ધ ચૈતન્ય વસ્તુ એક(રૂપ) 'સમય' છે એ જ સમીચીન છે.... સત્ય છે.... યથાર્થ છે.... વાસ્તવિક છે.

'એ વાસ્તવિક છે.... યથાર્થ છે' એવો અનુભવ (થયો) એને..... એ પરિણતિ સહિત (આત્મદ્રવ્યને) લઈને જયસેન આચાર્યે અહીંયા (ત્રીજી ગાથામાં) 'એકત્વ નિશ્ચય' કહ્યું. બાકી, આ સત્ય 'છે' ને આ જ 'છે' ને આ 'છે'.... એવો જે વિષય છે 'સમય', તે વસ્તુ છે—એમ અહીં અમૃતચંદ્રાચાર્યને સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

એવી જે એકરૂપ વસ્તુ છે એમાં, કહે છે કે, આ બંધરૂપભાવ (–ભાવબંધ) અથવા બંધ.... (દ્રવ્ય)બંધ—કર્મના પ્રદેશોમાં સ્થિત થવું (અર્થાત્) પરમાં સ્થિત થવું (અને) એનાથી ઉત્પન્ન થતું જે પરસમયપણું—એવું (બેપણું છે તે) એને.... એક(રૂપ સમયને) કેમ ઘટે (–હોઈ શકે) ? સમજાય છે કાંઈ ?

વસ્તુ એક(રૂપ) છે એવો 'સમય' પદાર્થ.... આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્ય છે એ પરમાં (અર્થાત્) પુદ્‌ગલમાં સ્થિત થતાં એનાથી ઉત્પન્ન થતું પરસમયપણું એવું (બેપણું છે તે) એના (એકરૂપ) 'સમય'માં કેમ ઘટે ? આત્મામાં એ ઘટે નહીં.... દ્વિવિધપણું હોઈ શકતું નથી. એમ છેને ભાઈ ? અમારે પંડિતજીએ (આવો) અર્થ કર્યો, (પહેલાં કહ્યું એનાથી) ફેરવ્યો થોડો. આવો અર્થ પહેલાં નથી થયો કોઈ દિ'.

એ 'कुतः'.... શબ્દમાંથી કાઢ્યું. જયચંદ પંડિતે 'કારણ' નાખ્યું છે (અને) આમણે (–અમૃતચંદ્રાચાર્યદેવે) કહ્યું, 'કેમ હોય ?'—એ (અર્થ) બરાબર છે. વસ્તુ

એક(રૂપ) જ્ઞાયક ચૈતન્યજ્યોત સત્.. સત્.. સત્.. ધ્રુવ છે એમાં વળી આ 'બેપણું' શું ? દ્વિવિધપણું ઉત્પન્ન થાય (અર્થાત્) એને નરકની ગતિ અને મનુષ્યની ગતિ (આદિ મળે) અને રાગવાળો ને પુણ્યવાળો ને ભાવબંધવાળો (થાય) અને સંબંધ —સમ્+બંધ (થાય).... અબંધ(તત્ત્વ)માં આ સંબંધ શું શોભે ? સમજાણું કાંઈ ?

અબંધ કહો કે એકરૂપ વસ્તુ કહો (—એક જ વાત છે). એવી જે એકરૂપ વસ્તુ છે એમાં મૂળ....

- આ પરમાં સ્થિત થવું એ પરસમયનું મૂળ છે (અને)
- એ પરમાં સ્થિત થવું (જેનું મૂળ છે એવું) પરસમયપણું
- આમાં (–એકરૂપ વસ્તુમાં) ઘટે શી રીતે ?

કારણ કે એકમાં બેપણું કેમ ઘટે ? (—એમ) કહે છે. એ વિસંવાદ છે.... અસત્યાર્થ છે.... ઝઘડો છે.... આપત્તિ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે બહુ. શેઠ !

શ્રોતા : અપની ભૂલસે.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : 'ભૂલસે'—એ નહીં, પણ ભૂલ કૈસે (હુઈ) ? એ ભાષા (બોલો) એમ ન ચાલે. ઓઘે ઓઘે શેઠ પકડે છે. 'ઓઘે' સમજે ?

શ્રોતા : ઉપર ઉપરથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : (માત્ર) 'અપની ભૂલ'—ઐસે (યહાં નહિ કહના હૈ, પરંતુ) ભૂલમાં હેતુ શો ? (—એ કહેવું છે). 'પોતાના સ્વભાવમય વસ્તુ છે એ એકરૂપ વસ્તુ છે. એ 'પરમાં ટકે' એ શું આ (–એવું પરસમયપણું શી રીતે હોય) ? (—એમ) કહે છે. આ વસ્તુ શું (–શી રીતે હોય) ?—એમ કહે છે. અમરચંદભાઈ !

પોતે (આત્મા) વસ્તુ છે.... વસ્તુ–પદાર્થ છે. અનાદિ–અનંત ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મા છે એને, આ પરમાં સ્થિત થતાં ઊભો થયેલો વિકાર.... નારકી, દેવ, મનુષ્ય આદિ ભેદ, ગુણસ્થાન આદિ ભેદ—એ એમાં હોય શી રીતે ? એ દ્વિવિધપણું (એને) શોભે શી રીતે ? એટલે કે દ્વિવિધપણું હોઈ શકે નહીં—એમ સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ? ઝીણો વિષય છે પહેલી ગાથાઓમાં.

એકદમ (-આખો) ભગવાન આત્મા.... કહે છે કે 'સમય' છેને ? 'एयत्तणिच्छयगदो समओ'.... (એ) એકપણાને પ્રાપ્ત પોતે છે. 'એકપણું' તે તેની....

(૧) સમીચીનતા....
(૨) સત્યાર્થતા....
(૩) યથાર્થતા....
(૪) વાસ્તવિકતા છે,

(તો) એને આ બંધના સંબંધની વાતથી કહેવો એ કેમ શોભે ? એમાં (બેપણું) કેમ હોય ? —એમ અહીં (કહેવું છે). 'શોભે નહીં' (—એમ માત્ર નથી કહેવું), એ (બેપણું) એમાં કેમ હોય ? —એમ કહે છે અહીં. એક(પણા)માં બેપણું હોય કેમ આ ?—એમ કહે છે. (બેપણું) આયા કહાંસે ? હોય ક્યાંથી ? —એમ (શ્રી અમૃતચંદ્ર) આચાર્યે આશ્ચર્ય કરીને 'कुत:' કહ્યું છે.

જીવ નામના સમયને.... (જયચંદજી) પંડિતે અર્થ લખ્યો છે આ.... બંધની કથાથી વિસંવાદની આપત્તિ આવે છે.... (ગાથા ૩ની ટીકાની છેલ્લેથી પાંચમી લાઈન). બંધનો સંબંધ (જીવના) ભાવરૂપે છે, 'કથા'.... તો શબ્દ છે. બંધ-સંબંધ.... (ખરેખર) તો સંબંધ.... એકને (બીજા સાથે) સંબંધ કહેવો આપત્તિ છે. સમજાય છે કાંઈ ?

તો પછી બંધ જેનું મૂળ છે.... (કઈ) ચીજમાં.... શેમાં ? પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થવું, તે જેનું મૂળ છે એવું પરસમયપણું, તેનાથી ઉત્પન્ન થતું દ્વિવિધપણું.... એકપણામાં દ્વિવિધપણું ઉત્પન્ન થાય તે કેમ હોય ?.... એકપણામાં દ્વિવિધપણું ઉત્પન્ન થાય તે કેમ હોઈ શકે ? —એમ કહે છે. મૂળચંદભાઈ ! આહાહા ! સમજાય છે કાંઈ આમાં ? માર્ગ ઝીણો છે ભાઈ !

ભગવાન આત્મા વસ્તુ છેને ? અનાદિ-અનંત સત્.. સત્.. સત્. —ત્યાં સુધી આવી ગયુંને અંદરમાં (-ત્રીજી ગાથાની ટીકામાં) તો ? કે એક દ્રવ્ય, બીજા દ્રવ્યને અડતું નથી.... ચુંબતું નથી.... સ્પર્શતું નથી. સમજાય છે કાંઈ ?

તો એ 'દ્રવ્યપણું' છે તેને તેનું....

(૧) સત્યાર્થપણું કહો....
(૨) વિસંવાદ રહિતપણું કહો કે
(૩) અવિરુદ્ધપણું કહો

(—એક જ વાત છે). સમજાય છે કાંઈ ?

વસ્તુપણું છે.... 'વસ્તુપણું' છે એને એનું....

(૧) અવિરુદ્ધપણું કહો....
(૨) અવિસંવાદપણું કહો....
(૩) સત્યાર્થપણું કહો....
(૪) સમીચીન(પણું) કહો (કે)
(૫) જેમ છે તેમ કહો

(—એક જ વાત છે). સમજાણું કાંઈ ?

એ ભગવાન આત્મા પરમાં (સ્થિર થાય).... એ પરવસ્તુ જ જ્યાં આત્મામાં નથી અને (છતાં એ) પરમાં સ્થિર થાય.... અટકે તે જેનું મૂળ છે એવું પરસમયપણું.... પરપણું જ જેમાં (–આત્મામાં) નથી, (તેથી પરથી ભેદજ્ઞાન થવું જોઈએ, છતાં) એને ઠેકાણે પરમાં અટકીને (–અટકતાં) આ (બેપણું) ઉત્પન્ન થયું એ ક્યાંથી હોય આમાં (–આત્મામાં) ? —એમ કહે છે. સમજાણું કાંઈ ? વજુભાઈ ! ભારે.

લ્યો ! આ તમે આટલા વર્ષોથી વાંચનકાર (છો તો) કાઢ્યું હતું આટલું.... આવું ? અમારે તો ભઈ ! શબ્દાર્થ ન આવડે, અમે તો ઠીક, અમે તો ભાવ કાઢીએ અમુક-અમુક. પણ તમે તો અંદર ભણેલા છો કે નહીં વ્યાકરણ અને સંસ્કૃત ? કહો, સમજાણું આમાં ?

જુઓ ! 'कुतः'.... (શબ્દમાંથી) કાઢ્યું (–આ અર્થ કાઢ્યો) લ્યો ! અરે ! દ્વિવિધપણું ક્યાંથી હોય ? અરે ! એક(પણા)માં બેપણું ક્યાંથી હોય ?.... —એમ કહે છે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ..

ચૈતન્યમૂર્તિ છે એમાં.... એક(પણા)માં બે(પણું) કેમ હોય ? બેપણું કેમ હોઈ શકે ? હોઈ શકે (નહીં).... બેપણું અસત્યાર્થ છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા !

એ વાત ચોથી (ગાથા)માં લે છે, જુઓ ! 'एयत्तस्सुवलंभो'.... છેને એમાં (–મૂળ ગાથામાં) એ ? ભગવાન આત્મા.... કહે છે કે પરમાં સ્થિત (–પરના લક્ષે થતો) એવો જે રાગ અથવા દ્વેષ અથવા ઉદયભાવ અથવા પુદ્‌ગલકર્મમાં રહેવું—એવી જે (વાત અર્થાત્) ઇચ્છા અને ઇચ્છાનું ભોગવવું અને પરભાવમાં રહેવું—એવી વાત તો અનંત વાર જીવે સાંભળી છે.... અનંત વાર.

'એ રાગ છે તે હું,
પુણ્ય છે તે હું,
આ (–વિભાવ) છે તે હું,
જે એનામાં (–મારામાં) નથી એવો બંધભાવ તે હું'....

સમજાય છે ?

'એ રાગનું કરવું તે હું,
રાગનું અસ્તિત્વ તે હું,
પરનું અસ્તિત્વ છે તે હું,
એ 'પર'નો અર્થ (એ છે) કે રાગ અને દ્વેષનું અસ્તિત્વ છે તે હું.'

(—આમ મિથ્યાદ્રષ્ટિ માને છે). સમજાણું કાંઈ ? આહાહા ! આહીં તો, 'દયા–દાન–વ્રત–ભક્તિના શુભ પરિણામમાં હું (છું'—એમ માનવું તે), કહે છે કે, પરસમયપણું (છે અને તે) મિથ્યાદ્રષ્ટિ છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

કહે છે, એવી પરસમયની વાત તો એટલે (કે) અજ્ઞાનભાવે સ્વસમયને છોડીને, 'પરમાં રહ્યો છું' એવી વાત તો એણે અનંત વાર સાંભળી છે (અને) એના પરિચયમાં (પણ) આવી છે. ઉદયભાવ—પુણ્ય-પાપના જે ભાવ (છે એ) ભાવ સ્વભાવમાં નથી, એ આત્મા(નો સ્વભાવ) તો (પરમ) પારિણામિકભાવ(રૂપ) છે.... ભગવાન આત્મા તો પરમ પારિણામિક સ્વભાવરૂપ છે.

એમાંથી (–સ્વભાવમાંથી), કહે છે કે, (ઉત્પન્ન) નહીં થયેલો (આ રાગાદિ ભાવ) ઉત્પન્ન થઈને (–કરીને રાગાદિમાં) રહ્યો અને રહે એ અસ્તિત્વ—એવું અસ્તિત્વ (એ પરસમયપણું છે.) અહીં તો (જીવ-અજીવ અધિકારમાં) જીવ-અજીવની વાત છેને ? (તો) એવા (રાગાદિમય) અસ્તિત્વથી ('જીવ') છે—એવી વાત તો જીવે....

(૧) અનંત વાર સાંભળી છે,
(૨) અનંત વાર ટેવાઈ ગયો (–પરિચયમાં આવી ગઈ) છે અને
(૩) 'પર'ના અસ્તિત્વનો અનુભવ (પણ) એને (–અજ્ઞાનીને) અનંત વાર (થયો છે.)

'પર'નું અસ્તિત્વ એટલે ? પુણ્ય-પાપના વિકલ્પોના હોવાપણાનો અનુભવ એને અનંત વાર થઈ ગયો છે. સમજાણું કાંઈ ? આહાહા !

પછી કહ્યુંને ? કે, પરમાં બુદ્ધિ પડી છે તેથી તે મિથ્યાત્વભાવ છે, સમ્યક્ (ભાવ) નહીં.... સમીચીન (–સત્યાર્થ દ્રષ્ટિ) નહીં. વસ્તુ જે સમ્યક્ દ્રવ્ય છે એ ઉપર દ્રષ્ટિ નથી, એટલે (પરમાં દ્રષ્ટિ) છે (અને) એટલે મિથ્યાત્વ છે. આમ (વાત) છે. વસ્તુ છે એવી દ્રષ્ટિ કરે એ સમીચીન (દ્રષ્ટિ) છે. વસ્તુ સમીચીન છે અને (એની) દ્રષ્ટિ પણ સમીચીન છે. વસ્તુ છે.... વસ્તુ છે.... એ સમીચીન—સત્યાર્થ છે (અને) એની દ્રષ્ટિ કરે તો એ પણ સમીચીન અને સત્યાર્થ દ્રષ્ટિ છે.

હવે વસ્તુમાં નથી એવા પુણ્ય-પાપના વિકલ્પોમાં અટકીને 'આ (વિકલ્પનું) અસ્તિત્વ તે હું' (—એમ માનવું) એવો જે મિથ્યાત્વભાવ છે.... એ મિથ્યાત્વભાવ છે.... એ અસત્યાર્થભાવ છે.... સ્વરૂપમાં નથી એવો જૂઠોભાવ છે. એવા જૂઠાભાવનો અનુભવ એને (–અજ્ઞાનીને) અનંત વાર થઈ ગયો છે. સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ ! ધર્મને માટે આવું બહુ ઝીણું સમજવું પડતું હશે ? જેઠાભાઈ ! આહાહા !

ભાઈ ! તું કોણ છો અને ક્યાં અટક્યો છો ? ત્યાં ઘરમાં (–સ્વરૂપે) તો વસ્તુ.... શુદ્ધ ચૈતન્ય ધ્રુવ પરમાત્મા છોને તું તો. એ પરમાત્મા (–આત્મા) પોતે વસ્તુ 'સમય' છે. એ સત્યાર્થ છે અને એની દ્રષ્ટિ કરવી, એનું જ્ઞાન કરવું તે સાચું

(શ્રદ્ધાન)–જ્ઞાન છે. એટલે કે સમ્યગ્દર્શન–જ્ઞાન છે—એમ (કહેવું છે). પણ ભગવાન આત્મામાં પુણ્ય ને પાપ (આદિ) ઉદયભાવ.... વિકારભાવ (થાય) એ પરમાં સ્થિત એવું પરસમયપણું છે (અને) એને જ પોતાનું માનીને વેદવું એ મિથ્યાત્વભાવ છે. આહાહા ! સમજાણું કાંઈ ? એવી વાત એણે (સાંભળી છે, પરિચય કર્યો છે ને અનુભવ કર્યો છે).

કહે છે કે પરમાં (–રાગાદિમાં) સ્થિત થવાથી એની (–અજ્ઞાનીની) તૃષ્ણા ફાટી છે પરને માટે. (જો તેની) આહીં (દ્રવ્ય ઉપર) દ્રષ્ટિ હોય તો તો અંતરમાં એકાગ્રતાની ભાવના આવે. ભગવાન આત્મા વસ્તુ છે 'સમય'.... ધ્રુવ ચૈતન્ય છે —એવી સમ્યક્ દ્રષ્ટિ થાય તો તો એમાં એકાગ્રતાની ભાવના આવે, પણ અહીંયા જ્યાં રાગ અને વિકલ્પમાં સ્થિર થયો ત્યારે તેની (–અજ્ઞાનીની) તૃષ્ણા એને (–વિષયોને) વધારવાની ફાટી (અર્થાત્)....

(૧) પરદ્રવ્યના અવલંબનની....
(૨) પરદ્રવ્યના લક્ષની....
(૩) પોતાના દ્રવ્યને ચૂકીને અનંતા પરદ્રવ્યનું આલંબન કરવાની (–લેવાની)....
(૪) (પરને) નિમિત્ત બનાવવાની....

એની વૃત્તિમાં—મિથ્યાત્વમાં તૃષ્ણાનો વેગ જાગ્યો. સમજાણું કાંઈ ? ઓહોહો !! (જુઓને !) ટીકા કેવી કરે છે !

કહે છે, એ મૃગજળ જેવા.... (જે) લક્ષ નિમિત્તોમાં જાય છે એ તો બધા નિમિત્તો મૃગજળ જેવા છે.... નાશવાન છે. સમજાય છે કાંઈ ? એ સમ્મેદશિખર (અપેક્ષાએ) નાશવાન, મંદિર નાશવાન, સમવસરણ નાશવાન—એમ કહે છે અહીં તો. એની (–અજ્ઞાનીની) દ્રષ્ટિમાં એ (બધા નિમિત્તો) રમ્યા કરે છે આમ ને આમ (–નિરંતર), (પણ) કહે છે કે એ (ચીજ) તો નાશવાન છે. (છતાં) ત્યાં ને ત્યાં (નિમિત્તના) આલંબને (આલંબન લઈને) પડ્યો (છો) ને ત્યાં ઘેરો ઘાલ્યો છે તેં. (તેથી તારી) વસ્તુને ભૂલી ગયો છો. સમજાણું કાંઈ ?

કહે છે, એ ઘેરો.... અને જે પરસ્પર આચાર્યપણું પણ કરે છે.... માંહોમાંહે (અજ્ઞાની), સ્વદ્રવ્યને છોડીને....

(૧) 'પરદ્રવ્ય (તરફ)ની વૃત્તિઓ ઊભી કરવી ને
(૨) પરનો આશ્રય કરવો....
(૩) પરનું લક્ષ કરવું....
(૪) પરનું આલંબન લેવું'

—એ વાતનો જ ઉપદેશ કરી રહ્યા છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? આ ઉપદેશકો પણ એવા એને (–અજ્ઞાનીને) મળ્યા અને એની (–અજ્ઞાનીની) પણ 'હા' એમાં ભળી (કે) 'વાત સાચી આ.... એ બરાબર છે. આલંબન વિના ચાલે ?.... પરના આલંબન વિના ચાલે ?' કહો, સમજાણું કાંઈ ?

માંહોમાંહે (–પરસ્પર), સ્વદ્રવ્યને છોડીને, પરદ્રવ્ય (તરફ)ના ઝાવાં નાખવાની જ વાતો એણે કરી છે (—એમ) કહે છે. આહાહા ! ભારે ! સમજાય છે કાંઈ આમાં ? એકકોર ભગવાન (આતમ)રામ ને એકકોર ગામ. ભગવાન આત્મા ચૈતન્યમૂર્તિ, અનાકુળ આનંદ ને એકલો જ્ઞાયકભાવનો પિંડ, રસકંદ તત્ત્વ–સત્ત્વ છે એ 'સમય' છે (અને) એની દ્રષ્ટિ ને જ્ઞાન કરવા તે 'સ્વસમય' છે. એ દ્રષ્ટિ, (સ્વ)દ્રવ્યને છોડીને પરદ્રવ્યના લક્ષમાં રહીને, પર (તરફ)ના ઝાવાંના—વલણના વેગમાં જતાં.... અનેક પ્રકારના વિકલ્પો ઊઠાવીને ત્યાં રહેતાં.... એણે તે પરદ્રવ્યમાં ઘેરો ઘાલ્યો છે.

સ્વદ્રવ્ય (તરફના વલણ)ને રોક્યું, પરદ્રવ્યમાં ઘેરો ઘાલ્યો અને એ વાત માંહોમાંહે.... માંહોમાંહે કરીને એકબીજામાં ઠસાવે છે.... સમજાણું કાંઈ ? અમરચંદભાઈ ! કે 'વ્યવહાર—રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા-પાઠ એ ખાસ કરવા જેવા છે.... ત્યાં લક્ષ દેવા જેવું છે.... એનો આશ્રય કરવા જેવો છે.' દયા, દાન, વ્રત, ભક્તિ—એ બધા પરિણામ પર છે.... વિકાર છે.... વિભાવ છે, પરમાં સ્થિત છે. (છતાં) એનો જ ઉપદેશ એને મળે છે અને (અજ્ઞાની) 'હા' પાડે છે.... સુગનચંદજી ! (અજ્ઞાની માને છે કે) સુગંધમાંથી (–સ્વરૂપમાંથી મિથ્યાત્વરૂપી) દુર્ગંધ ઊઠી—એમ કહે છે. આહાહા !

આચાર્યપણું માંહોમાંહે કરે છે (અર્થાત્) એકબીજાને એ વાત જ મળે (–કહે) છે—એમ કહે છે. સમજાય છે કાંઈ ? અનાદિ કાળથી એ વાત મળે છે એકબીજાને (કે) 'હા, વ્યવહાર કરવો પડે, વ્યવહાર કર્યા વિના નિશ્ચય થાય નહીં, વ્યવહાર

સાધન કહ્યું છે શાસ્ત્રમાં'....(ગઈ) કાલે જ (જૈન MAGAZINE માં એવું) આવ્યું છે ઘણું બધું.

અરે, સાંભળને હવે ! એ તો (વ્યવહાર) 'નિમિત્ત તરીકે છે' (—એવું) જ્ઞાન કરાવ્યું છે.

વ્યવહાર—રાગ, વિકલ્પ છે એ તો પરવસ્તુ છે તદ્દન.... ખરેખર અચેતન, જડ છે. (છતાં) ચૈતન્ય ભગવાનને છોડીને ત્યાં (રાગમાં) ટક્યો છો અને એ (રાગમાં) ટકવાની વાત તને.... એકબીજાને મળે છે. (એટલે કે તને) મિથ્યાત્વની વાત મળે છે અને (બીજાને કહીને તું) મિથ્યાત્વની પુષ્ટિ કરે છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? (તેથી) વિસંવાદ—આપત્તિ ઊભી કરે છે (—એમ) કહે છે.... આપદા વહોરે (–મેળવે) છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

ત્યારે (કોઈ) કહે છે, 'જ્ઞાનીને આવે છેને વિકલ્પ ને રાગ ?'

(સમાધાન :) (જ્ઞાની, રાગાદિ) આવે છે (એને) પરવસ્તુ(પણે) જાણે છે, પણ એમાં સ્થિર નથી.... જ્ઞાની એમાં સ્થિર નથી. જ્ઞાની રાગ અને વ્યવહારથી મુક્ત છે. આહાહા ! સમજાણું કાંઈ ?

'ધર્મીને પણ એવું (રાગાદિ) દેખીએ છીએને ?' (—એમ કોઈ) કહે છે. (એટલે કે) એ જાતની ક્રિયાવાળા, રાગવાળા (પ્રસંગો)માં (જ્ઞાની) જોડાય છે—એ બધું દેખીએ છીએને ?

(સમાધાન :) સાંભળને ! એ રાગ આદિથી મુક્ત ધર્મી છે. સ્વદ્રવ્યના સ્વભાવનો જ્યાં આશ્રય છે..... સમયનો (–નિજદ્રવ્યનો) આશ્રય થઈને (–લઈને જેને) સ્વસમય દશા પ્રગટી છે, એ (જ્ઞાની) સ્વસમયરૂપ શ્રદ્ધા–જ્ઞાનમાં છે. વ્યવહારના રાગમાં જ્ઞાની છે જ નહીં.... સમજાણું કાંઈ ? અને વ્યવહારમાં (–રાગમાં) જે એકલો (એકાકાર) છે તે મિથ્યાદ્રષ્ટિ છે—એમ કહે છે આહીં તો. સમજાણું આમાં કાંઈ ?

આ કારણે કામભોગની કથા તો સૌને..... સહેલી (થઈ) પડી છે.... સુખે (પ્રાપ્ત) થઈ છે.... સુખે (પ્રાપ્ત) થઈ છે..... સુખે (પ્રાપ્ત) થઈ છે, (કેમ કે) અભ્યાસ થઈ ગયો છેને એને (–અજ્ઞાનીને). આહાહા ! ભગવાન આત્માને છોડીને, જે એમાં (–પોતામાં) નથી એમાં (–એવા રાગાદિમાં અજ્ઞાની) સ્થિત થાય છે.

રાગાદિ એમાં (–આત્મામાં) નથી (—એમ) કહે છે. એ પુદ્‌ગલકર્મ પ્રદેશ છે સાંભળને ! સમજાય છે કાંઈ ? એ (કામભોગની) વાત એને (–અજ્ઞાનીને) સહેલી–સુલભ થઈ પડી છે (અને) આ (એકત્વ-વિભકત આત્માની) વાત દુર્લભ (થઈ પડી) છે.

પણ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે એવું.... લ્યો ! પર્યાય લીધી.

'દેખવામાં આવે'....

(પ્રશ્ન :) શું એ (કીધું) ?....શું કીધું (એ) સમજાય છે આમાં ?

(સમાધાન :) ....કઈ અપેક્ષા છે તે એણે સમજવી જોઈએને દેવાનુપ્રિયા ! (અહીંયા) કહે છે કે (અજ્ઞાની) રાગમાં.... પુણ્યમાં.... ઉદયમાં સ્થિત છે અને એ વાતનો એને અનુભવ છે અનાદિનો અને માંહોમાંહે એ વાતને પુષ્ટિ આપે છે. પણ જે એનામાં (–આત્મામાં નથી એવા) રાગ-વિકલ્પ કે (નિમિત્ત)... નિમિત્તપણું કે રાગપણું—બન્ને એક જ ચીજ છે....—એ બન્ને જેમાં નથી એવું જે રાગથી ભિન્નપણું (છે એ) પોતાનું સ્વરૂપ છે. સમજાણું કાંઈ ?

નિર્મળ ભેદજ્ઞાન(રૂપ) પ્રકાશથી.... જુઓ ! પર્યાયની (વાત) લીધી છે ન્યાંથી. (પર તરફ) લક્ષ હતું એ છોડીને (સ્વ તરફ) લક્ષ કર્યું.... (સ્વ તરફ) લક્ષ કર્યું ત્યાં રાગથી ભિન્ન પડ્યો. એટલે આહીંથી વાત લીધી (કે) રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન(રૂપ) પ્રકાશથી (જાણવામાં) આવતું.... કોણ ? કે આ દ્રવ્ય. સમજાય છે કાંઈ ?

આ સમજે છૂટકો છે, પરાણે (સમજવાની કે 'હા' પાડવાની) નહીં હોં. અમારે શેઠ કહે છે કે 'ભઈ ! અમારે સમજવું પડશે, તો કલ્યાણ થશે'.... 'સમજવું પડશે' (એટલે) જાણે કે કોઈ મજૂરી—વેઠ કરવી પડતી હોય (—એમ એમનું કહેવું છે). દરકાર કિયા નહીં શેઠ ! અભી તક. આહાહા ! ભગવાન (આત્મા) આવો બિરાજે છે, (છતાં) કહે છે કે, (તેની) સામું તેં જોયું નથી (અને) પર સામું જોઈને અટકેલો છો. સમજાણું કાંઈ ?

આ (–કામભોગની કથા) સુલભ છે ત્યારે દુર્લભ શું છે ? એટલે કે સુલભ શું નથી ?

કે નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી.... ભાષા એમ છે. એકલું 'ભેદ(જ્ઞાન)....' (નહીં, પણ 'નિર્મળ ભેદજ્ઞાન'....) વિકલ્પથી ભિન્ન પડી.... રાગથી–ઉદયભાવથી ભિન્ન પડી અને વસ્તુ પોતે—કે જેનો સ્વભાવ અભેદ છે એના તરફ ઢળીને નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી.... દેખો ! ઉદયભાવ (એ) અંધારું હતું (અને) એમાં (અનાદિનો) સ્થિત હતો, (હવે) એનાથી ભિન્ન પડી નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે.... એ મતિ અને શ્રુતજ્ઞાનમાં 'આત્મા છે'—એમ પ્રત્યક્ષ દેખવામાં આવે છે. એવું ભેદજ્ઞાન છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

(ટીકામાં) છેલ્લે (શબ્દો) છે એ : निर्मलविवेक आलोकविविक्तं.... निर्मलविवेक आलोकविविक्तं....

<u>વાહ !</u> શું કહે છે ?

ભગવાન આત્મા.... 'સ્પષ્ટ'.... તો વધારે (–વધારાનો) શબ્દ છે ખરું ! 'आलोक'.... (શબ્દ)માંથી.... મૂળ 'आलोक'માંથી.... ('आ'.. ઉપરથી 'સ્પષ્ટ'.. શબ્દ) કાઢ્યો..... ખ્યાલ છે, અંદર (ટીકામાં 'आलोक'.... શબ્દ છે એની નીચે) એક ફેરી લીટી કરી હતી. એ નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશ.... (—એમ) છેને ?.... (તો) એ ('પ્રકાશ') અંદર (ક્યારે) થયો ? કે રાગથી ભિન્ન પડી.... પરના લક્ષથી જુદો પડી, સ્વના લક્ષમાં આવ્યો એટલે રાગથી ભિન્ન પડ્યો.

નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી સ્પષ્ટ ભિન્ન દેખવામાં આવે છે.... 'આ આત્મા'.... 'આવો સમય'.... (—એમ સ્પષ્ટ) દેખવામાં (આવે છે). 'સમય'.. 'સમય'.. એ વસ્તુ. 'સમય'... પરથી ભિન્ન પડી જ્ઞાનની પર્યાય દ્વારા 'આ.... આ સમય છે.... આ આત્મા છે'....—એમ દેખવામાં આવે છે એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ.... એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું જ.... દેખો ! એક(પણું).... વસ્તુ પોતે છે એનું 'એકપણું'.... પરથી ભિન્ન 'એકપણું'.... પરથી ભિન્ન 'એકપણું'.... જુઓ ! આ સમ્યગ્દર્શન.... આ સમ્યગ્જ્ઞાન અને આ ધર્મની શરૂઆત. સમજાણું કાંઈ ?

નિર્મળ ભેદજ્ઞાનરૂપ પ્રકાશથી.... નિર્મળ જ્ઞાનના પ્રકાશથી (પોતે) પ્રકાશમાં (-જાણવામાં) આવતો (અને રાગથી) ભિન્ન દેખવામાં આવતો.... એથી (અહીં) વાત કરી છે કે (વસ્તુ) અંદરમાં (સ્વથી એકપણે અને) રાગથી ભિન્ન છે.... મતલબ કે વસ્તુ છે તે (આવી) દેખવામાં આવે છે—એમ (કહેવું છે). 'ભિન્ન દેખવામાં આવે'.... એટલે કે (આત્મા) રાગમય દેખતો નથી. અને (અનુભવ કાળે) રાગને દેખતો નથી....

'રાગથી ભિન્ન દેખવામાં'.... એટલે કે 'આ રાગ છે અને એનાથી ભિન્ન' (—એવો અનુભવ કાળે વિકલ્પ નથી). એ તો એક કથનની શૈલીથી સમજાવે છે. એ જ્ઞાનની પર્યાય રાગથી ભિન્ન પડીને, રાગથી ભિન્ન વસ્તુ જે છે (તેની) અંતરમાં (અભેદ થઈ) ગઈ ત્યારે એ ભેદજ્ઞાન દ્વારા 'આ આત્મા છે'—એવું દેખવામાં આવે છે.... માનવામાં આવે છે.... અનુભવમાં આવે છે.

એવું માત્ર આ ભિન્ન આત્માનું એકપણું.... એ સમયપણું.... વસ્તુપણું.... આત્માનું (પરથી) જુદાપણું અને (સ્વથી) એકપણું.... પહેલાં એ કીધું'તું, આહીં (ટીકામાં) નહિ ? કામભોગની કથા એકપણાથી વિરુદ્ધ હોવાથી.... પાછો ફરીને એ શબ્દ આવ્યો છે 'એક'.... 'निर्मलविवेक आलोकविविक्तं केवलमेकत्वम्'.... ઠીક, બીજી (વાર 'એક' શબ્દ) આવ્યો લ્યો ! સમજાણું ? ભગવાન આત્મા ધ્રુવ પરમ પારિણામિક સ્વભાવભાવરૂપ છે એને, રાગથી ભિન્ન પડીને નિર્મળ (જ્ઞાન)પ્રકાશ દ્વારા જ્યાં દેખવામાં આવ્યો (ત્યાં) 'આત્મા એકરૂપ વસ્તુ છે' (—એમ દેખાય છે). સમજાણું કાંઈ ? આહાહા ! એકરૂપ જેવું કરવા....

આત્માનું એકપણું જ—જે સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે.... એ તો (આત્મ)વસ્તુ, વસ્તુ જ છે—એમ કહે છે. 'સદા'.... ત્રિકાળ અંતરંગમાં પ્રકાશમાન.... વસ્તુ હોં, વસ્તુ, (પર્યાય નહીં.) એ વસ્તુ (એટલે) દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. —આહીં 'સમય' જે કીધો એ. 'સમય'.... દ્રવ્ય તો સદા.... ત્રિકાળ (પ્રગટપણે) અંતરંગમાં પ્રકાશમાન.... એકરૂપ છે. એ રાગથી ભિન્ન પડીને નિર્મળ જ્ઞાન દ્વારા જોયું તો એ વસ્તુ 'એક જ.... એકપણે છે'(—એમ જણાય છે). સમજાણું કાંઈ ? આહાહા ! ભારે (વાત).... નિર્મળ પર્યાયે દ્રવ્યને દેખ્યું, પણ દ્રવ્યને 'એકરૂપ' દેખ્યું. કહો, સમજાણું કાંઈ ? ભારે.

આ પહેલી ગાથાઓ બહુ ઊંડી છે.... બાર ગાથા(માં) આખું સમયસાર ભરી દીધું છે. (આ સોળમી વારમાં) સોળ વલું (વધારે સ્પષ્ટ) થાય છે.... અહીંયા (૩જી ગાથાનો) પાછો થોડો અર્થેય ફેરવ્યોને જરી, એટલે વધારે સ્પષ્ટ થાયને ? એમને (પંડિત હિંમતભાઈને)ય સૂઝતું જાયને થોડું થોડું. ફેરફાર.... (અનુવાદ) કર્યા વખતે આવું સુઝયું નહીં હોય એ વખતે એને. એ તો હોય, એ તો. સમય-સમયે (ક્ષયોપશમમાં) ફેર છેને (–હોયને) ?...... વિચાર આવે.... આવે....આવે એ તો બધું, એમાં કાંઈ નહીં.

'कुत:'.... શબ્દ (૩જી ગાથાની ટીકામાં) છેને ? એટલે (જે અર્થ કર્યો તે) બરાબર છે. અરે ! એક(પણા)માં બેપણું કેમ હોય ?—એમ કહે છે. અરે ! એક(પણા)માં બેપણા કેમ હોય ? એ એક(પણા)માં બેપણા તો જૂઠા છે (—એમ) કહે છે. એક(પણા)માં એકપણું એ સાચું છે—એમ (કહે) છે.

આહાહા ! ગજબ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય ! કેવળીના પેટ ખોલ્યા છે. વસ્તુને, ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જે (રીતે) જોઈ (તે રીતે) કહી (અને) એ રીતે મૂકવાની પદ્ધતિ આચાર્યની છે. આહાહા ! અરિહંતના પ્રવચનનો અવયવ છેને આ (સમયસાર) ? શબ્દબ્રહ્મ છે એનો (આ સમયસાર) અવયવ છે. એ પણ અવયવ તો તે કાળે પરિણમવાનો હતો, એને (આચાર્ય) નિમિત્ત થયા છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.... કે જે પરથી ભિન્ન છે એ (ભિન્ન આત્માનું એકપણું) સુલભ નથી (—એમ) કહે છે. આવો (આત્મા) સદા પ્રગટપણે અંતરંગમાં પ્રકાશમાન છે.... હવે (દ્વિવિધપણું) લે છે જુઓ ! તોપણ કષાયો સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી.... આ વાત.... આ વસ્તુ (–ખરેખર આ કહેવું છે).... આ 'દ્વિવિધપણું' કીધું. સમજાણું કાંઈ ? પુણ્ય ને પાપના વિકલ્પો જે કષાય છે એની (સાથે) એકરૂપ જેવું.... એકરૂપ (જેવું) કરવામાં આવતું.... એકરૂપ જેવું કરવામાં.... (કષાયો સાથે) એક(પણું)....

છે નહીં (–વર્તમાનકાળ)....
થતું નથી (–ભવિષ્યકાળ)....
હોતું નથી (–ભૂતકાળ)....

છતાં પણ જાણે 'એક ભાવ (હોય)'—એમ માની રહ્યો છે અજ્ઞાની.

ભગવાન આત્મા અકષાયસ્વભાવનો પિંડ છે.... જુઓ ! એની (−અકષાયસ્વભાવની) સામે 'કષાય' નાખ્યો (−શબ્દ વાપર્યો છે). ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘન છે એ 'સમય' છે. એ 'સમય'નું પરથી ભિન્નપણું દેખવું એ સુલભ નથી, દુર્લભ છે. અનંત કાળમાં એ વાત એણે સાંભળી નથી—એમ કહે છે આહીં તો. સમજાય છે કાંઈ ? આહાહા !

સદા પ્રગટપણે અંતરંગમાં.... એ વસ્તુ તો વસ્તુ છે.... પ્રગટ જ છે. વળી, વસ્તુ કે દિ' અવસ્તુ થતી હશે ? વસ્તુ કે દિ' પડદે પડતી (−ઢંકાતી) હશે ? વસ્તુ કે દિ' ઢંકાઈ જતી હશે ? વસ્તુ.... જે ચૈતન્ય ધ્રુવ વસ્તુ છે તે અંતરંગમાં પ્રગટપણે એકાકાર.... એવી ને એવી ચીજ અનાદિની છે.

એવી હોવા છતાં કષાયો સાથે એકરૂપ જેવું કરવામાં આવતું હોવાથી.... જુઓ ! વિકલ્પ... જે પુણ્ય−પાપના વિકલ્પ અને વૃત્તિઓ છે.... જે રાગ આદિ (છે તે) કષાય છે. (અજ્ઞાનીએ), અકષાય એવો ભગવાન આત્મા છે એને કષાય સાથે એકરૂપ માનવાથી.... જાણે એકરૂપ (જેવું) કરવામાં આવતું હોવાથી અત્યંત તિરોભૂત પામ્યું છે..... દ્રવ્યભાવ (પર્યાય અપેક્ષાએ) ઢંકાઈ ગયો. રાગ અને કષાય (સાથે)ની એકતાબુદ્ધિમાં દ્રવ્ય (પર્યાય અપેક્ષાએ) ઢંકાઈ ગયું.... દ્રવ્ય, દ્રષ્ટિમાં આવ્યું નહીં.

શ્રોતા : ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : (અબ તક ઊંધા) સુના હૈ, તો તમે કેમ ઊંધા પકડ્યા ? યે હમારે શેઠેય (−સાગરવાળા ભગવાનદાસજી) કહતે હૈં.

હમારે શેઠ હૈંન વો ? વો કહતે હૈં, 'હમને ઐસા સુના, ઉસમેં હમ ક્યા કરે ?'

(સમાધાન:) ક્યા કરે (ક્યા) ? તુમને ઊલટા ક્યોં સુના ? શેઠ ! ઐસી યોગ્યતાસે ઐસા મિલા ભૈયા ! (લેકિન વિપરીત બાતકો) કબૂલ તો તુમને કિયા ન ભૈયા ?

ભગવાન (પ્રત્યક્ષ) દેખે છે તે વસ્તુ કૈસી હૈ (તેની વાત) પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વરના મુખમાંથી વાણી દ્વારા આવી છે (અને) એ વાત અહીંયા સંતો કહે છે. સમજાય છે ?

ભાઈ ! 'સમય' છેને તું ? ચૈતન્ય ધ્રુવ તું વસ્તુ છેને ? આદિ-અંત વિનાની અહેતુક સત્ ચિદાનંદ પ્રભુ એવી (વસ્તુ) 'સમય' છેને ? (અને) એ તો પ્રગટ જ છેને (નિજ)પરમાત્મા ? (તે) પ્રગટ હોવા છતાં તેને, પરથી ભિન્ન પડીને જોયો નહીં, પણ પરની સાથે એકપણું કરીને રહ્યો (છો). માટે તે (સ્વનું એકત્વ) દુર્લભ થઈ પડ્યું છે.... તિરોભૂત થઈ ગયું છે. સમજાણું કાંઈ ? આહાહા !

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં.'

તરણા ઓથે ડુંગર.... એક વિકલ્પની—કષાયની લાગણી.... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિની કોઈ પણ શુભ વૃત્તિ છે એવા રાગ–કષાય સાથે આત્માનું એકપણું કર્યું છે.... (અર્થાત્) એવું માન્યું છે, (પણ એકપણું) થયું નથી હોં.... એક(પણું) થયું નથી.

એની (–અજ્ઞાનીની) દ્રષ્ટિ જ્ઞાયકસ્વભાવ ઉપર નહીં હોવાથી અનાદિની, તે પર કર્મનો પ્રદેશ એટલે જે વિકલ્પ–ઉદયભાવ છે તેમાં સ્થિત થવાથી અને તેનાથી જાણે આત્મા એકરૂપ હોય એમ.... સાથે.... કષાયો સાથે.... ઓહોહો ! પુણ્ય-પાપના ભાવ સાથે.... અરે ! વ્યવહારના વિકલ્પની સાથે એકરૂપ જેવું કરવામાં આવતું.... એકરૂપ જેવું કરવામાં.... (આત્મા, કષાય સાથે) એકરૂપ થયો નથી. થાય કેમ ? (કેમ કે) વસ્તુ છે ભગવાન (આત્મા, એ) વીતરાગવિજ્ઞાનઘન ચૈતન્ય છે—કે જેમાંથી વીતરાગતા અને કેવળજ્ઞાન પ્રગટે છે.

એ તો પોતે (આત્મા) સત્ત્વની ખાણ છે. સમજાય છે ? એ તો કુંડ મોટો છે.... કેવળજ્ઞાનનો કુંડ છે.... એમાંથી તો કેવળજ્ઞાન ને વીતરાગતા નીકળે એવો એ કુંડ છે. એમાં આ (કષાય સાથે એકત્વ) ક્યાંથી તેં કાઢ્યું ? (—એમ) કહે છે. જે એમાં નથી એવો વિકલ્પ ઉઠાવીને (કષાય સાથે) એકપણા જેવું તેં કર્યું છે, એથી આત્મા તને (કષાયથી) ભિન્ન ભાસતો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

કષાયો સાથે.... એટલે કે શુભાશુભ વિકલ્પો, ઉદયભાવ સાથે.... બસ, એક જ વાત છે. ભગવાન આત્મા સ્વભાવભાવનું ધામ.... 'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ'....

'જ્યાં ચૈતન્ય ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ...'

(યોગસાર, ગાથા-૫૫)

ભગવાન એમ કહે છે, 'જ્યાં તું છો, ત્યાં બધા—અનંત ગુણો છે'. બધા અનંત ગુણો.... કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ આદિ જેટલા પર્યાયો ઊછળે છે—એ બધા (ગુણનો) પિંડ છે અંદર તારો (આત્મા).

એવું જે સમય સ્વરૂપ પોતાનું છે એ.... આ (અજ્ઞાની) એનામાં (–પોતામાં) નથી એવા રાગના વિકલ્પની સાથે....

(૧) એકપણું કરવાથી....
(૨) એકપણું માનવાથી....
(૩) એક જેવું કરવાથી.... એક જેવું કરવાથી....

(આત્મા) ભાસતો નથી, ઢંકાઈ ગયો છે ભગવાન આત્મા. વિકલ્પની પ્રીતિ.... રુચિ.... પ્રેમમાં પડ્યો (હોવાથી) એ ભગવાન ઢંકાઈ ગયો છે.... (તેને) ભૂલી ગયો છે.... ઢંકાઈ ગયો છે.... આહાહા ! તરણું આડું આવી ગયું છે. આહાહા !

જુઓને ! (જે રાગાદિ તારામાં) નથી એમાં (તું) ટક્યો છે—એમ કહે છે. (ખરેખર) એનામાં (–રાગાદિમાં) ક્યાં ગયો છે તું ? એ નવો ઉત્પન્ન કરેલો (ભાવ) છે પુદ્ગલનો ખરેખર.... એટલે કે ખરેખર એ પુદ્ગલ છે.... રાગ આદિ, પુણ્ય આદિ એ પુદ્ગલ છે.

'પુદ્ગલકર્મ પ્રદેશે સ્થિત'.... છેને ?.... એનું નહીં ? કાંઈક આવે છેને ? (ગાથા-૨) એનો અર્થ કાંઈક કર્યો છે એક ફેરી (પંડિત) ફૂલચંદજીએ. નહીં ? શું (અર્થ કર્યો છે) કે અજ્ઞાનીઓ એવું માને છેને !—એમ કંઈક અર્થ કર્યો છે. (બીજી ગાથામાં) કહ્યું કે **'पुद्गलकर्मप्रदेशस्थितं'**—એમ કહ્યું છે, પણ એ તો પુદ્ગલકર્મના પ્રદેશનો જ ભેદ છે, એ બધો ઉદયભાવ તે. પુદ્ગલકર્મના પ્રદેશનો જ ભેદ–ભાગ છે એ બધો ઉદયભાવ—એમ (કહેવું છે.) સમજાણું કાંઈ ?

'ઉદય(ભાવ)' નામ (સ્વભાવમાં) નથી તે (ભાવ) પ્રગટ્યો (અને) આ (–અજ્ઞાનીએ) એમાં પોતાપણું.... એકપણું માન્યું (તેથી આત્મ)વસ્તુ પડી રહી (–દ્રષ્ટિમાં આવી નહીં). સમ્યગ્દર્શન (થઈને) આત્મા પ્રતીતિમાં આવવો જોઈએ, (તેને બદલે) એ આત્મા પડ્યો રહ્યો (–પ્રતીતિમાં આવ્યો નહીં અને) અહીં રાગમાં એકત્વ થઈને (–કરીને જે) માન્યું તે મિથ્યાત્વભાવ છે (—એમ) કહે છે. આહાહા !

મોટા માંધાતા મુનિ થઈને ફરતા હોય દ્રવ્યલિંગી સાધુ, પણ.... કહે છે કે, જે વિકલ્પ અંદર વસ્તુમાં નથી તેની સાથે એકત્વબુદ્ધિ (કરીને) પડ્યો છે, (તો) આત્મા ઢંકાઈ ગયો છે એને (અર્થાત્) એને આત્માનું ભાન નથી.... એને આત્મા છે એની પ્રતીતિ નથી, (પણ) એને રાગ છે એની પ્રતીતિ છે.

એ તો આવ્યું'તુંને ? (ગાથા ૨). એકસાથે—એક સમયે જાણે ને (પરિણમે). 'જાણતો અને રાગપણે પરિણમતો'.... એ ભાષા (–વાત અહીંયા પણ) એ જ કહેવી છે. આહાહા ! સમજાય છે ? જ્ઞાનનો પર્યાય છે.... એનો (આત્માનો) સ્વભાવ (શું છે એની) ભલે એને (–મિથ્યાદ્રષ્ટિને) ખબર ન હોય, પણ એ રાગને જાણતો રાગરૂપે પરિણમે છે મિથ્યાદ્રષ્ટિ. જ્ઞાનના પર્યાયમાં એને (–રાગને) જાણવાની એ વખતે યોગ્યતા છે, (પણ સ્વભાવને) જાણવાની (યોગ્યતા) નથી. (રાગને) જાણવાની યોગ્યતા છે એટલે રાગને જાણતો (–જાણે છે અને) રાગરૂપે પરિણમે છે, (એથી) એ પરસમય મિથ્યાદ્રષ્ટિ છે. સમજાણું કાંઈ ? આહાહા !

કષાયો સાથે એકરૂપ જેવું કરવામાં આવતું..... 'ऐकीक्रियमाण'.... (એ શબ્દનો અર્થ છે)ને ? **'ऐकीक्रियमाण.... कषायचक्रेण'** જુઓ ! **'चक्र'**.... શબ્દ છે હોં ! **'कषायचक्रेण'**.... (શબ્દ) છે. એ (**'चक्र'**.... નો અર્થ) કેમ ન આવ્યો ? કારણ કે 'ચક્ર'માં પુણ્ય-પાપ.... પુણ્ય-પાપ....—એમ ફરે છેને 'ચક્ર' ? (**'चक्र'**.... નો) અર્થ આવ્યો નહીં એમાં ? કષાયો સાથે એકરૂપ.... **'चक्र'**.... (શબ્દનો અર્થ) ન આવ્યો ? આપણને તો ખબર નથી, શબ્દાર્થ ન આવડે, નહીંતર....

શ્રોતા : બધું આવડે છે સાહેબ !

પૂજ્ય ગુરૂદેવશ્રી : અમારે પંડિતજીને આવડે. આ તો જુઓ ! આહીં શું આવ્યું ? જુઓ ! 'कषायचक्रेण'.... છે ભાઈ ! શબ્દમાં—સંસ્કૃતમાં. 'चक्र' છે.... 'चक्र'.... ચક્ર ફરે છેને ? શુભ-અશુભ.... શુભ-અશુભ.... શુભ-અશુભ (એવું) કષાયચક્ર. શુભ-અશુભ.... શુભ-અશુભ.... શુભ-અશુભ.... (એવા) પરિણામના ચક્રમાં (અજ્ઞાનીએ) પોતાને માન્યો છે.

કેમ 'कषायचक्रेण'.... નો અર્થ ન કર્યો તે દિ' ? પણ તે દિ' કહ્યું'તું, (કે પંડિત જયચંદજીના હિન્દી અનુવાદમાંથી) 'બહુ ફેરવવું નહીં હોં'—એમ પણ કહ્યું હતું. વાત સાચી છે.... એ વાત સાચી. એ વાત હતી, વાત સાચી છે.

એ (વાત) હતી, પણ હવે એ તો સમયમાં ફેર છેને ? એમ કે આપણે.... ઘણા વર્ષ થઈ ગયા હવે. (સંવત) ૧૯૯૫.... એટલા (–કેટલા) વર્ષ થઈ ગયા લ્યો ! પાંચ ને ચોવીશ.... ઓગણત્રીસ વરસ થઈ ગયા. (અમૃતલાલભાઈ) ઝાટકીયા હતાને ત્યાં ૯૫માં, એ કરતાં (–અનુવાદ જોતાં) હતાને ત્યાં.... મોહનભાઈના મકાનમાં કરતાં (–અનુવાદ જોતાં હતા) ૯૫માં. એનો (–સંસ્કૃત ટીકાનો) જે મૂળ (શબ્દ છે) એનો શબ્દાર્થ હોયને તો તેમાં ગંભીરતા ઘણી હોય.... ઘણી હોય.

શું કીધું ? કહે છે, 'इदं तु नित्यव्यक्ततयान्तःप्रकाशमानमपि'.... ભગવાન ચિદાનંદ પ્રભુ નિત્યાનંદ શુદ્ધ દ્રવ્ય હોવા છતાં, એણે કષાયના ચક્રની.... પુણ્ય-પાપના ચક્રની પર્યાયમાં (અર્થાત્) પુણ્ય-પાપના વિકલ્પમાં.... શુભ-અશુભ(ભાવ)માં એક જેવું કર્યું હોવાથી....

'ऐकीक्रियमाणत्वात्'.... '(એકરૂપ જેવું)'—એવું ક્યાંથી કાઢ્યું ?

શ્રોતા : ભાવ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ભાવ લઈને (અર્થ કાઢ્યો). ઠીક થયું. 'ऐकीक्रियमाणत्वात्.... कषायचक्रेण'.... सहैकीक्रियमाणत्वादत्यन्त-तिरोभूतं'.... ભાવ લઈને (અર્થ કર્યો) એ ઠીક થયું.

અહીં તો એમ (કહેવું છે) કે, એ (અજ્ઞાની) કષાયના ચક્રમાં 'એકીરૂપે' (—એકરૂપપણું) માનીને બેઠો છે—એમ કહે છે. ભલે એ (સ્વભાવદ્રષ્ટિએ કષાયરૂપે) થઈ શકતો નથી, પણ આચાર્યે આમ કહ્યું છે. (આત્મા ને કષાયને) એકીસાથે લઈ (–એકરૂપે) માનીને બેઠો છે એ (–અજ્ઞાની)—એમ (કહેવું છે.) વિકલ્પ–કષાયનો અંશ છે એની સાથે એકપણું કરીને જ (અજ્ઞાની) બેઠો છે.

તેથી આહીં સ્વભાવ..... ભગવાન (આત્મા)—કે જે વિકલ્પ વિનાની ચીજ નિર્વિકલ્પ 'સમય' વસ્તુ છે એને પામતો નથી.... ઢંકાઈ ગયો છે. તિરોભૂત થઈ ગયો (છે એટલે કે) ઢંકાઈ ગયો છે.... પડદા આડે ભગવાન બિરાજે છે. આહાહા ! કહો, સમજાણું કાંઈ ? ઢંકાઈ ગયો.

હવે.... હવે આવ્યું ભીખાભાઈ ! તૈયાર કરવા જોઈએને એને. પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી.... પોતે આત્મા શું છે.... રાગ વિનાનો, વિકલ્પ વિનાનો છે એનું એને જ્ઞાન નથી (એટલે) અનાત્મા છે. અનાત્મા એટલે રાગ સાથે એકત્વ થયેલો એવો અનાત્મા (–અજ્ઞાની) છે એ. અનાત્મ–જ્ઞ.... (–આત્માને નથી જાણતો), પણ અનાત્મજ્ઞ (–આત્મારૂપે નથી એવા રાગાદિને પોતાપણે જાણે) છે હોં. આહાહા !

એ તો જ્યાં (ગાથા બીજીમાં) 'જાણતો ને રાગ(રૂપે) પરિણમતો' કીધુંને ! 'રાગને (પોતાપણે) જાણતો પરિણમે' (—એમ અહીં) લીધું.... અનાત્મજ્ઞપણું હોવાથી.... એ રાગને (પોતાપણે) જાણતો હોવાથી.... રાગને પોતાપણે જાણતો 'અનાત્મા'.... —એ રાગ અનાત્મા છે. પુણ્ય–પાપ.... દયા, દાન, વિકલ્પ આદિ શુભ(ભાવ) અનાત્મા છે. એને (અજ્ઞાનીને) અનાત્માનું જ્ઞાન છે.... અનાત્માનું, (પણ) આત્માનું જ્ઞાન એને નથી. સમજાણું કાંઈ ? આહાહા !

અનાત્મજ્ઞપણું હોવાથી (–પોતે આત્માને નહિ જાણતો હોવાથી) અને બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા નહિ કરી હોવાથી.... જુઓ ! છે હોં અંદરમાં.... **'परेषामात्मज्ञानामनुपासनात्'**.... સંસ્કૃત (ટીકા) છે હોં આમાં. **'परेषाम'**.... એનો અર્થ (એ છે કે), એણે (–અજ્ઞાનીએ) જે **'परेषाम.....'** (બીજા આત્માએ) રાગથી ભિન્ન સ્વરૂપ જાણ્યું છે (અને) એવું જે કહે છે એનું (–જ્ઞાનીનું)

ભાવથી સાંભળ્યું જ નથી. અને ભાવથી સાંભળે ત્યારે અંદર લક્ષ થાય (તો) 'પરની (–જ્ઞાનીની) સેવા કરી' એમ કહેવામાં આવે—એમ કહે છે. હીરાભાઈ !

શ્રોતા : સાંભળે તો તરત (ધર્મ) થઈ જાય ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ સાંભળે (ધર્મ) થાય નહીં—એમ (અહીં કહેવામાં) આવે છે. હા.... એવી વાત છે અહીં તો. એ (વાત) કાલે માંડી (–વિસ્તારથી કહી) ન હતી ? સાંભળી નહોતી બપોરે (પ્રવચનસારના પ્રવચન નં.૧૯માં) ? કહો, સમજાણું આમાં ? આહાહા ! અરે ભગવાન ! કહે છે, તને તારો (આત્મા) સાંભળવો (–તારી વાત સાંભળવી) પડે એ તે કંઈ વસ્તુ (–શોભે) છે ? —એ કહે છે. આહાહા ! અલૌકિક વાતું છે બાપા ! (આ તો) સર્વજ્ઞના પેટ છે.

લ્યો ! સુગનચંદજી કહેતા હતા કે સમ્યગ્દર્શન કોને કહેવું અરે ! એની ખબરૂ ન મળે અને (અજ્ઞાની માને કે 'અમે) થઈ ગયા જ્ઞાની ને ચારિત્રવંત ને વ્રતધારી સાધુ સાચા.' બાપા ! ભાઈ ! (સાધુપણાની) જવાબદારી આકરી છે ભાઈ ! સમજાણું કાંઈ ?

કહે છે કે પોતાને તો જ્ઞાન નથી, પણ (બીજા આત્માને) જાણનારાઓની સેવા.... એમ છેને શબ્દ ? 'परेषामात्मज्ञानामनुपासनात्'.... 'સેવા કરી નહીં'.... એનો અર્થ એ છે કે આમ તો ભગવાન પાસે અનંત વાર ગયો છે.... અનંત વાર ભગવાન પાસે ગયો છે, પણ 'સેવા કરી નથી.' એનો અર્થ કે, એ (–ભગવાન) જે કહે છે તે સાંભળ્યું નથી એટલે કે અનુભવ્યું નથી—એમ કહે છે. આહાહા ! હીરાભાઈ ! ઠીક, બાપાએ.... એક (શ્રોતાએ પ્રવચનમાં પૂછવાનું ને બોલવાનું) રાખ્યું છે, એક (એવા શ્રોતા) રાખવા તો જોઈએને ?

શ્રોતા : (સાંભળવામાં) લક્ષ રાખીએ તો.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહે છે કે, એવો એ (આત્મા) છે નહીં. એ (પર) લક્ષ રાખીને (તેના કારણે) પછી (અનુભવ) થાય—એવો એ (આત્મા) છે નહીં એમ કહે છે આહીં. આહાહા ! વીતરાગમાર્ગ.... પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગનો આવો માર્ગ ક્યાંય.... ત્રણ કાળ, ત્રણ લોકમાં બીજે હોઈ શકે નહીં. આહાહા !

(જૈન) તો બધાય કહે, 'केवलिपण्णत्तं धम्मं सरणं.... केवलिपण्णत्तं....' રાડે રાડું પાડે. માંગલિકમાં બોલેને ? અરે ભગવાન ! 'केवलीपण्णत्तं'.... કોને કહેવું ? ભાઈ ! 'केवलिपण्णत्तं धम्मं'માં એમ કહ્યું છે કે એ વિકલ્પથી પાર તારી વસ્તુ છે એની દ્રષ્ટિ–જ્ઞાન કરે તો ધર્મ (થાય અને) એ 'केवलिपण्णत्तं धम्मं'.... કહેવાય છે.... કેવળીએ એમ કહ્યું છે. સમજાય છે કાંઈ ? આહાહા !

આહીં તો કહે છે, બીજા આત્માને જાણનારાઓની સંગતિ-સેવા.... નથી કરી.

(કોઈ કહે :) "ત્યારે અનંત વાર સમવસરણમાં નથી ગયો ? 'પરમાત્મપ્રકાશ'માં (અધ્યાય-૨,ગાથા-૧૪૩માં) તો બહુ આવ્યું છે (કે) હે નાથ ! અનંત વાર સમવસરણમાં ભગવાનની પૂજા કરી, દિવ્યધ્વનિ ભગવાનની સાંભળી, મણિ–રતનના દીવા ને કલ્પવૃક્ષના ફૂલ(થી પૂજા કરી)."

(સમાધાન :) પણ એ તો પરદ્રવ્ય તરફના વલણવાળા વિકલ્પ અને બહારની (ક્રિયાની) વાત છે. સમજાય છે કાંઈ ? ભગવાને કહ્યું.... ભગવાને કહ્યું કે તારો આત્મા પુણ્ય-પાપના વિકલ્પ–આસ્રવથી ભિન્ન છે. (આ જીવ), એવું ભિન્નપણું જાણે ત્યારે તેણે ભગવાન કે ગુરુની સેવા કરી (—એમ) કહેવામાં આવે.... સમજાણું ? (અર્થાત્) એ પછી નિમિત્તથી કથન થાય. સમજાણું કાંઈ ? 'તે તો પ્રભુએ આપિયો'.... આવે છેને ? 'આત્મસિદ્ધિ'માં. (ગાથા ૧૨૫). આવી શૈલી છે !

પોતામાં અનાત્મજ્ઞપણું હોવાથી અને બીજા (આત્મા)ને જાણનારાઓની સંગતિ.... 'उपासना'.. મૂળ (સંસ્કૃત ટીકામાં શબ્દ) તો 'उपासना' છે. (તો ઉપાસના) નહીં કરવાથી નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું.... દેખો ! એ એકપણું.... ચૈતન્ય ભગવાન આત્મા, રાગથી ભિન્ન એવો એક(પણે) ભગવાન આત્મા છે એવી વાત પૂર્વે કોઈ દિ' સાંભળી નથી (—એમ) કહે છે. આહાહા !

સમવસરણમાં અનંત વાર ગયો, ભગવાનની દિવ્યધ્વનિ (સાંભળવા) ગયો. ભગવાન બિરાજે છે મહાવિદેહક્ષેત્રમાં, (ત્યાં) મહાવિદેહમાં અનંત વાર ઊપજ્યો છે. મહાવિદેહમાં તીર્થંકરનો કોઈ દિ' વિરહ હોય નહીં.... મહાવિદેહમાં તીર્થંકરોનો કોઈ દિ'—ત્રણ કાળમાં વિરહ ન હોય, એક પછી એક તીર્થંકર થયા જ કરે છે.

(ત્યાં) અનંત વાર ઊપજ્યો છે મહાવિદેહમાં.... અનંત વાર ગયો છે ત્યાં, (પણ) સાંભળ્યું નથી (—એમ) કહે છે.

શ્રોતા : અત્યારે વર્તમાનમાં શું કરીએ (છીએ) સાહેબ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ કહે છે કે સાંભળ્યું નથી (—એમ) કહે છે. હા, એ સાંભળ્યું નથી—એમ કહે છે.

શ્રોતા : ભગવાન એમ કહે છે કે 'આત્માને ઓળખ'.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : 'ઓળખ'.... એટલે કે ઓળખાણ (–સમ્યગ્દર્શન) કર ત્યારે 'ભગવાનને તેં સાંભળ્યા' એમ કહેવામાં આવે છે—એમ કહે છે. આહાહા !

વીતરાગનો માર્ગ વીતરાગભાવથી ઊભો થાય છે, પરની અપેક્ષાથી ને આલંબનથી ઊભો થતો નથી.....—એવું વસ્તુનું સ્વરૂપ છે. 'વીતરાગમાર્ગ' એટલે ? આત્મા જ એવો (વીતરાગસ્વરૂપ) છે. આહીં તો એ કહે છે (કે) આત્મા જ એવો છે. આહાહા !

'(વીતરાગ)માર્ગ' એટલે કે (વીતરાગતા) એ પોતાનું સ્વરૂપ છે. 'જૈન' સંપ્રદાય નથી.... 'જૈન' તો, જે (આત્મ)વસ્તુ છે તે વસ્તુનો આશ્રય કરીને વિપરીતતાને જીતે (તે જૈન છે)....—એ નાસ્તિથી વાત કરી છે. 'જીતે' (એટલે કે) વસ્તુનો આશ્રય કરીને વિપરીતતાને જીતે. એટલે કે....

(૧) (પર્યાયમાં) વિકાર હતો (એનો), વસ્તુ નિર્વિકાર છે એને આશ્રયે નાશ થાય છે (–વ્યય),
(૨) નવી (નિર્વિકારી પર્યાય) પ્રગટ થાય છે (–ઉત્પાદ) અને
(૩) (વસ્તુ) ધ્રુવ રહે છે (–ધ્રૌવ્ય).

—એવી વસ્તુની મર્યાદા અને સ્થિતિ છે. સમજાણું કાંઈ ?

નથી પૂર્વે કદી સાંભળવામાં આવ્યું.... અહીં તો 'ના' પાડે છે લ્યો ! આહાહા ! અગિયાર અંગ કંઠસ્થ કર્યા, નવ પૂર્વ ભણ્યો... સમજાય છે ? એ જ્ઞાની (ગુરુ) પાસે દીક્ષાઓ લીધી.... આહાહા ! ભગવાનના સમવસરણમાં નગ્ન મુનિ દિગંબર તરીકે રહ્યો.... સમવસરણમાં પણ.

શ્રોતા : .......દીક્ષા આપે ખરા ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : (દીક્ષા) કોણ આપે છે ? (કોઈ) એની મેળાએ (દીક્ષા) લઈને બેઠો હોય તો (આચાર્ય) શું કરે ? છદ્મસ્થ મુનિને (–આચાર્યને) તો ખબર ન હોય (અને) એને (દીક્ષા) આપે વ્યવહાર સારો દેખીને. સમજાય છે ? આ તો કોઈની (–અજ્ઞાનીની) વાત છેને ? એવી વાત છે.... થાય છે. અનંત વાર દીક્ષા, અનંત વાર ચારિત્રપણા—વ્રતપણા, (બાહ્ય) આચારપણા (પણ) અનંત વાર થયા છે. એમાં શું ? બહારનું અજ્ઞાનપણે અનંત વાર (થયું) એમાં નવી શું વાત છે ? સમજાણું ?

નથી કદી પરિચયમાં આવ્યું.... પરિચયમાં.... પરિચય.... સાંભળ્યું નથી ત્યાં પરિચય કેમ (થાય) ? વારંવાર વિચારવું કે મનન કરવું એ એમાં (–સાંભળ્યા વિના) છે જ નહીં.

આ, નથી કદી અનુભવમાં આવ્યું.... રાગથી ભિન્ન ભગવાન આત્મા ચિદાનંદ સમયસ્વરૂપ છે એને અનુભવમાં લીધો નથી. વસ્તુ (–કરવા યોગ્ય) તો એ જ છે, (પણ) અનુભવમાં લીધો નથી.

તેથી ભિન્ન આત્માનું એકપણું સુલભ નથી.... આ જગતમાં, રાગ ને પુણ્યના વિકલ્પથી ભિન્ન ભગવાન (આત્મા) અખંડાનંદ એકરૂપ સ્વભાવ છે તેની પ્રાપ્તિ, અનાદિના પરના અભ્યાસને લઈને સુલભ નથી. (છતાં સ્વભાવનું) સત્‌પણું તો સત્‌પણે છે જ, માટે સરળ છે. સમજાણું કાંઈ ? આ કારણે ભિન્ન આત્મા(નું એકપણું સુલભ નથી).... જુઓ ! બીજું કોઈ 'સુલભ નથી'—એમ નથી કહ્યું, આ એક 'સુલભ નથી' (—એમ કહે છે) ભાઈ !

કહો, એ ચોથી ગાથા થઈ. એનો અર્થ (–ભાવાર્થ) થાશે (–આવશે) લ્યો !

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૫**
**ગાથા - ૪, ૫**
**સંવત ૨૦૨૪, આસો સુદ ૧, સોમવાર, તા. ૨૩-૯-'૬૮**

જીવ અધિકાર, ચોથી ગાથાનો ભાવાર્થ.

(I) આ લોકમાં સર્વ જીવો સંસારરૂપી ચક્ર પર ચડી.... (અજ્ઞાની જીવ), વિકારના પરિણામ જે ફરતા (–બદલતા રહે) છે તે પુણ્ય ને પાપના (ભાવ) એવું જે સંસારચક્ર છે એના ઉપર ચઢી એટલે કે એમાં આરૂઢ થઈ.... (અર્થાત્) પોતાનો સ્વભાવ (જે) નિર્મળ વિજ્ઞાનઘન છે એનાથી અનાદિનો છૂટી, શુભ-અશુભ (કે) પુણ્ય-પાપના ભાવનું જે ચક્ર છે એ સંસારચક્રમાં (આરૂઢ થયો છે).... સ્વભાવથી ખસીને વિકારના પરિણામમાં આરૂઢ થયો છે.

એને લઈને એને (–અજ્ઞાનીને) પાંચ પરાવર્તનરૂપ ભ્રમણ છે.... એવા સંસારચક્રના.... સ્વભાવથી વિરૂદ્ધ પરિણામના આરૂઢપણાથી જગતના બધા દ્રવ્યો, ક્ષેત્ર, કાળ, ભવ (અને ભાવ છે) એમાં એનું ભ્રમણ થયું છે.... (વિકારી) ભાવો છે એને લઈને. એ ભાવ એમાં (–પંચ પરાવર્તનમાં) આવી ગયા—દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ ને ભાવ.

(II) ત્યાં તેમને મોહકર્મના ઉદયરૂપ પિશાચ ધોંસરે જોડે છે.... તેને (–અજ્ઞાનીને) મિથ્યાશ્રદ્ધા છે કે પુણ્ય-પાપનું ચક્ર તે હું.... તે મારું અસ્તિત્વ.... —એવો જે મિથ્યાત્વભાવ છે તે મોહરૂપ પિશાચ.... મિથ્યાત્વ ધોંસરે જોડે છે.... જગતના બાહ્ય પદાર્થના અવલંબનમાં તે મિથ્યાત્વ પ્રેરે છે.... સમજાય છે કાંઈ ? (કે)....

(૧) 'બાહ્ય પદાર્થનો આશ્રય લઉં....
(૨) (તેનું) અવલંબન લઉં....
(૩) એને વિષય બનાવું....
(૪) (એને) લક્ષ બનાવું....
(૫) (એને) ધ્યેય બનાવું....'

સમજાણું કાંઈ ? સ્વદ્રવ્યના વિષય સિવાય જે પુણ્ય-પાપના ભાવરૂપ ચક્ર (છે તેના) ઉપર પર્યાયબુદ્ધિ.... વિકારબુદ્ધિએ અંદર પડ્યો (–ચઢ્યો) છે, તે

સંસારના ભ્રમણને પ્રાપ્ત છે અને મિથ્યાત્વરૂપી ભૂતડું બાહ્ય તરફ જ એને દોરે છે. સમજાણું કાંઈ ?

(III) તેથી તેઓ વિષયોની તૃષ્ણારૂપ.... એને લઈને.... પોતાના (–આત્માના) વિષય સિવાય બાહ્ય પદાર્થો—કે જે વિષય છે એની ઇચ્છાને લઈને (અજ્ઞાની) ઇચ્છાથી પીડિત થાય છે.... 'આ (પર)પદાર્થને અવલંબું.... આ પદાર્થનું લક્ષ કરું.... આ પદાર્થનો આધાર લઉં'....—એમ આત્માનો (–પોતાનો) સ્વદ્રવ્ય(રૂપ) વિષય છોડી, આત્મા સિવાય અનંતા પરદ્રવ્યની ઇચ્છાની તૃષ્ણામાં દોરાયેલા (જીવો) પીડિત છે.... દુઃખી છે. સમજાય છે કાંઈ ?

(IV) અને તે દાહનો ઇલાજ ઇન્દ્રિયોના રૂપાદિ વિષયોને જાણીને તે પર દોડે છે.... (દાહનો) ઈલાજ એ (એમ) જાણે છે કે, 'ઇચ્છા–રાગથી દાહ થયો છે.... એટલે જાણે કે પરને અવલંબું તો મારી દાહ–ઇચ્છા મટે'—એમ એ (–અજ્ઞાની) ધારે છે. 'પરનું લક્ષ કરું.... પરને ધ્યેય બનાવું.... પરનો આશ્રય લઉં....' સમજાય છે કાંઈ ? 'મારી તૃષ્ણાની પીડા, આને (–પરપદાર્થને) અવલંબું તો મટે' —એમ (માનતો અજ્ઞાની, તેને) અવલંબે છે.... તે પર દોડે છે.... પાંચ ઇન્દ્રિયના શુભ-અશુભ (ભાવના નિમિત્તરૂપ) પદાર્થોના લક્ષ—વિષય—ધ્યેય—તરફ દોડે છે, (પણ) ભગવાન આત્મા નિર્મળ વિજ્ઞાનઘન છે તેના તરફ તેનું લક્ષ જતું નથી. સમજાય છે કાંઈ ? અને

(V) પરસ્પર પણ વિષયોનો જ ઉપદેશ કરે છે.... 'બાહ્ય દ્રવ્ય તરફના ભાવને ઉત્પન્ન કરવો'—એવો જ એ ઉપદેશ (અજ્ઞાની) માંહોમાંહે કરી રહ્યા છે. સમજાય છે કાંઈ ? બાહ્ય અનંત પદાર્થો.... તે પછી શુભ(ભાવના નિમિત્ત હો) કે અશુભ(ભાવના નિમિત્ત) હો, તે તરફના વલણવાળો ભાવ રાખવો—એ જ માંહોમાંહે ઉપદેશ કરી રહ્યા છે. સમજાણું કાંઈ ?

એ રીતે તેને કામ (વિષયોની ઇચ્છા) તથા ભોગ (તેમને ભોગવવું)—એ બેની કથા.... તેને પર તરફની ઇચ્છા છે એનું થવું અને તેનું વેદવું (એવા ભાવમાં), સ્વરૂપની દ્રષ્ટિ વિના આત્માના આનંદનું વેદવું અને જાણવું એ રહી ગયું. પર તરફના વલણવાળા એવા ભાવથી તેણે (–અજ્ઞાનીએ) એ કથા (તો) અનંત વાર સાંભળી

છે.... તે પુણ્ય ને પાપના વિકલ્પોના ચક્રવાળો (સમૂહવાળો) ચકરાવો કરવો ને ભોગવવો—એવું એણે....

(૧) અનંત વાર સાંભળ્યું છે....
(૨) અનંત વાર તેના પરિચયમાં આવી ગયું છે અને
(૩) અનંત વાર તેનું દુઃખરૂપ વેદન પણ (થયું છે.)

અનંત કાળમાં, અનંત ભવમાં, અનંત (વિકારી) ભાવથી (દુઃખરૂપ વેદન) આવી ગયું છે. કહો, સમજાણું કાંઈ ?

પણ.... પરદ્રવ્યોથી ભિન્ન.... સર્વ પરદ્રવ્યોથી ભિન્ન.... જુઓ ! આ આત્મા સિવાય બધા પરદ્રવ્યો.... જેટલા છે તે બધા, એનાથી ભિન્ન એક ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની કથાનું જ્ઞાન.... એક ચૈતન્યચમત્કારમાત્ર વસ્તુ એવો જે આત્મા (છે તેની).... પોતાના આત્માની કથા હોં. એ પોતાનો (આત્મા).... ચૈતન્યચમત્કારસ્વરૂપ પોતાના આત્માની વાર્તાનું જ્ઞાન પોતાને તો નથી.... પોતાને કદી થયું નથી.

(અને) જેમને (તે જ્ઞાન) થયું (હતું) તેમની સેવા (કદી) કરી નથી.... જેમને (તે જ્ઞાન) થયું તેનું માન્યું નથી—એમ કહે છે. જેમ 'ભગવાનની સ્તુતિ કરી નથી' —એમ કીધુંને ? 'કેવળીની સ્તુતિ' એટલે કોણ (–શું) ? કે આત્માની સ્તુતિ. (ગાથા ૩૧, ૩૨, ૩૩). એમ 'જ્ઞાનીની સેવા' એટલે શું ? કે આત્માની સેવા. કહો, સમજાણું કાંઈ ?

સંતો-જ્ઞાનીઓ કહે છે, 'ભાઈ ! તારું નિધાન તો તારી પાસે છે. ત્યાં અંતરમાં જો.... નજર નાખ.... ત્યાં ઠર.' એ વાત જ્ઞાનીએ સંભળાવેલી, પણ એની સેવા કરી નહિ.... (વાત) માની નહિ. સમજાણું કાંઈ ? પરદ્રવ્યના વલણવાળા ભાવને જ એણે સાંભળ્યો.... અનુભવ્યો, પણ પરદ્રવ્યથી ભિન્ન ભગવાન (આત્મા)—કે જેને અહીંયા ચૈતન્યચમત્કારસ્વરૂપ આત્મા કહ્યો (છે તેની વાત સાંભળી નથી.)

આગળ વધારે ભિન્ન-ભિન્ન ભાષાથી વર્ણવે છે (કે) નિર્મળ વિજ્ઞાનઘન જેનું સ્વરૂપ છે.... (પાંચમી ગાથા), (જે) જ્ઞાયક છે.... (છઠ્ઠી ગાથા), ધ્રુવ છે.... ચૈતન્યબિંબ છે—એવો જે એનો (–આત્માનો) સ્વભાવ છે એની વાત પોતાએ

(–અજ્ઞાનીએ) જાણી નથી (અને) જેમને (તે) જ્ઞાન થયું (હતું) તેમની સેવા (કદી) કરી નહિ.... તેથી એ વાત (અજ્ઞાનીએ) કદી સાંભળી જ નથી (—એમ) કહે છે.

આ (આત્મ)વસ્તુ રાગથી ભિન્ન છે.... નિત્યાનંદ ભગવાન વિજ્ઞાનઘન પ્રભુ છે એ વિકલ્પથી.... રાગથી.... શુભ-અશુભ(ભાવ)થી તદ્દન ભિન્ન છે.—એ વાત એણે સાંભળી નથી. કહો, સમજાય છે કાંઈ ? આ વસ્તુ, વિજ્ઞાનનું ઘન-દળ.... ચૈતન્ય દળ-પિંડ છે. એવો જે આત્મા છે તે વિકલ્પ.... શુભ-અશુભભાવ અને પર—કે જે બધા પરદ્રવ્ય છે તેનાથી તદ્દન ભિન્ન છે. એ વાત (અર્થાત્) પરદ્રવ્યના વલણવાળા ભાવની સેવાથી આ (રાગાદિથી ભિન્નતાનો) ભાવ એણે કોઈ દિ' જાણ્યો નથી. ભારેવાળાનું (–પુરુષાર્થીનું) કામ છે. સમજાણું કાંઈ ?

આવે છેને 'નિયમસાર'માં ? કે નામમાત્ર (–કથનમાત્ર) વ્યવહાર રત્નત્રયને પણ અનંત વાર સેવ્યા. નહિ ? 'નિયમસાર'માં (કળશ ૧૨૧માં એ વાત) આવે છે. એટલે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ છે એનું શું સ્વરૂપ છે એના (યથાર્થ) ભાન વિના પરદ્રવ્ય તરફની શ્રદ્ધાનો રાગ—વ્યવહાર શ્રદ્ધા, વ્યવહારું જ્ઞાન અને વ્યવહાર આચરણ—એવા વ્યવહાર રત્નત્રય એ પરલક્ષી વસ્તુ (–ભાવ) છે (અને) એણે (–અજ્ઞાનીએ) અનંત વાર એવું તો કર્યું છે.... સમજાણું કાંઈ ?

પણ એ વ્યવહારના વિકલ્પથી પાર.... ભિન્ન ભગવાન (આત્મા) છે એ વાત એને કાને પડી નથી. 'કાને પડી નથી' તેનો અર્થ (એ છે કે આત્મા) રાગથી ભિન્ન છે એ વાત એને (–અજ્ઞાનીને) બેઠી નથી.... એટલે સાંભળી જ નથી (—એમ કહે છે). સાંભળી નથી.... સાંભળી નથી (એટલે કે એ વાત લક્ષમાંથી) કાઢી નાખી છે. કહો, સમજાય છે કાંઈ ?

આહાહા ! ત્રણ લોકનો નાથ—બાદશાહ સર્વજ્ઞ પ્રભુ પોતે, એકલો જ્ઞાનનો ઘન-દળ, ચૈતન્ય પુંજ પ્રભુ, ઠંડી-શીતળ શિલા આત્મા.... વીતરાગી શિલા ભગવાન (આત્મા છે). એ વિકલ્પથી પણ.... વ્યવહાર રત્નત્રયના વિકલ્પથી પણ પાર છે.... ભિન્ન છે. વ્યવહાર રત્નત્રયનો વિકલ્પ છે એ પણ પરદ્રવ્ય છે. આહાહા ! સમજાણું કાંઈ ?

માણસને આકરું એવું પડે છે કે અરે ! દેવ-ગુરુ-શાસ્ત્ર (પર) ? એ દેવ-ગુરુને ઓળખ્યા (ત્યારે કહેવાય કે જ્યારે) દેવ-(ગુરુ)નો આત્મા છે તેને ઓળખીને (પોતાની) અંદર (દ્રષ્ટિ) કરે. પણ એ બીજી વાત થઈ ગઈ.

(૧) પોતાના (સ્વભાવના) આશ્રય-લક્ષ વિના ફક્ત 'આ અરિહંત છે.... આ ગુરુ છે.... આ શાસ્ત્ર છે'.... (—એમ) એમની શ્રદ્ધા (અને તેઓ) જેવા છે એવો વિકલ્પ છે એ.... પરદ્રવ્ય તરફના વિકલ્પ ને (પરલક્ષી) શ્રદ્ધા છે તે પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ ?

(૨) એમ પર તરફના લક્ષવાળું શાસ્ત્રના અગિયાર અંગનું જાણપણું (–પરલક્ષી જ્ઞાન)....—એ બધું (પણ) પરદ્રવ્ય છે.

(૩) એમ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, મહાવ્રત આદિ (પરલક્ષી ચારિત્ર)ના પરિણામ....—એ બધા (પણ) પરદ્રવ્યના વલણવાળા (ભાવ) પરદ્રવ્ય છે.

પરદ્રવ્યના વલણવાળા (કોઈ પણ ભાવ) પરદ્રવ્ય છે.

આહાહા ! ભગવાન કહે છે કે ભાઈ ! એ પરદ્રવ્યથી ભિન્ન (એવા) તારી વાત તેં સાંભળી નથી કોઈ દિ' હોં. અંદરમાંથી 'આહાહા.... આ (આત્મા)' (—એવા આશ્ચર્યપૂર્વક વાત સાંભળી નથી.) વિકલ્પ ને શરીર ને ઇન્દ્રિયોથી તો પાર.... (અરે !) જેમાં ગુણ-ગુણીનો ભેદ (પણ) નથી એવો જે ભગવાન ચૈતન્યચમત્કાર આત્મા વસ્તુ છે.... 'ચમત્કાર'નો અર્થ.... એકદમ (ચૈતન્ય)ચમત્કાર અંદર થાય (અર્થાત્) રાગથી ભિન્ન પડતાં એનું (–આત્માનું) અનુભવન.... ભાન (થાય કે) આ શું થયું. આ શું છે આ ? (ચૈતન્ય)ચમત્કારમય વસ્તુ છે (એવું ભાન થાય —એમ) કહે છે. સમજાણું કાંઈ ?

દેહથી ભિન્ન એકલો.... કેવલ ચૈતન્ય પુંજ પ્રભુ છે એની વાત તેં સાંભળી નથી (—એમ) કહે છે. ઊંડે.... ઊંડે એને (–અજ્ઞાનીને) મીઠાશ, પરદ્રવ્યના વલણવાળા વિકલ્પમાં જ રહી છે. સમજાય છે ? અને એને એ રીતે પણ, 'આ રીતે આમ કરું ને આમ કરું તો એમાંથી મને (લાભ) થશે'—એવો મિથ્યાત્વનો શલ્યભાવ અનાદિનો રહ્યો છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? તેથી કદી (આત્માની વાત) ...

(૧) સાંભળી નથી,
(૨) તેનો પરિચય કર્યો નથી ને
(૩) તેનો અનુભવ થયો નથી.

ન તેનો પરિચય કર્યો (કે) ન તેનો અનુભવ થયો.... સાંભળ્યું નથી કે 'આ (આત્મા) જ્ઞાનઘન છે પ્રભુ.... હું ચૈતન્યઘન છું.' (અને એવો અનુભવ થતાં) એક સમયની પર્યાયનું લક્ષ (ચૈતન્ય)ઘન ઉપર જાય છે —એમ કહે છે. સમજાય છે ? (પણ જો) આ પર્યાયનું લક્ષ રાગ ઉપર ને પર ઉપર જાય છે તો પરદ્રવ્યના વલણમાં મિથ્યાત્વના ધોંસરે જોડાઈ ગયો—એમ કહે છે. સમજાણું કાંઈ ?

ધર્મને બહાને પણ અંદરમાં ઊંડા-ઊંડા શલ્યો એવા હોય છે કે 'કંઈક વિકલ્પો કરું, આને આ કરું, આ આમ કરું, આ આમ કરું, એમાંથી કંઈક.... કંઈક તો મને લાભ થશે.' સમજાય છે કાંઈ ? '(શાસ્ત્ર) વાંચીને, પરને સમજાવવાનો વિકલ્પ થાય તેનાથી પણ કંઈક લાભ થશે'—એવું ઊંડે.... ઊંડે (રહ્યા કરે છે.) એણે પરથી ભિન્નપણાનું (અસ્તિત્વ) સાંભળ્યું નથી એટલે આ (આત્માની) વાત રહી ગઈ છે (–સાંભળી નથી)—એમ કહે છે. સમજાણું કાંઈ ?

માટે તેની પ્રાપ્તિ સુલભ નથી.... મહા—અનંત કાળે (પણ) ચૈતન્યઘનની વાત (અને એના) અનુભવની વાત (સાંભળવા મળવી) દુર્લભ છે.... સમજાણું કાંઈ ? પૈસા મળવા.... રાજ મળવું.... દેવપદ મળવું....—એ દુર્લભ છે એમ નથી કહ્યું આહીં. ધૂળ (–પૈસાદિ).... એ તો વળી અનંત વાર (મળી છે). આ પુણ્ય પરિણામ મળવા (–થવા) દુર્લભ છે (—એમ નથી, કેમ કે) એ અનંત વાર મળ્યા (–થયા) છે, ત્યાં (સંસારરૂપી) ચક્ર પર ચડ્યો હતો (–છે) તેથી. 'મળ્યા' એટલે કે તેમાં (એકાકારપણે) રહ્યો હતો (–છે). સમજાણું કાંઈ ? ભગવાનજીભાઈ !

આહા ! બિંબ સ્થિર પ્રભુ.... વિજ્ઞાનઘન પ્રભુ (આત્મા) સ્થિર છે, (જ્યારે) આ પુણ્ય-પાપના ચકરાવામાં ફેરફાર.. ફેરફાર (થયા કરે છે.) શુભ-અશુભ.. શુભ-અશુભ.. શુભ-અશુભ વિકલ્પોનું ચક્ર ચાલે છે એમાં (અજ્ઞાની) આરૂઢ થયો છે, (તેથી) ભૂલી ગયો છે પોતાને. એની (પોતાની) વાત એણે સાંભળી (નથી) અને સાંભળવા ગયો ત્યારે પણ એની પોતાની વાત (મિથ્યા માન્યતા) રાખીને સાંભળી

છે.... 'રાગથી લાભ થશે, વિકલ્પથી લાભ થશે, પરથી લાભ થશે'—એમ માનીને એણે (–અજ્ઞાનીએ) સાંભળ્યું છે.

શ્રોતા : રાગ ક્યાં (સ્વભાવમાં) આવતો'તો....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ એને અંદરમાં ઊંડે.... ઊંડે ('પરથી લાભ થશે' —એવો અભિપ્રાય) રહે છે. આ તો સામાન્ય (–બધા અજ્ઞાનીની) વાત છે, આ કોઈ મુમુક્ષુવર્ગની વાત (નથી). આ તો વસ્તુની સ્થિતિની (–બધા અજ્ઞાનીની) વાત છે.... આ તો વસ્તુના સ્વરૂપની (–અજ્ઞાનીના અભિપ્રાયની વાત છે). વ્યક્તિગતની અહીં વાત નથી. સમજાય છે કાંઈ ?

આ તો (આત્મ)વસ્તુ એવી છે કે તદ્દન વિજ્ઞાનઘન.... (અર્થાત્) જેને પરદ્રવ્યના વલણવાળા વિકલ્પની બિલકુલ અપેક્ષા છે જ નહીં. સમજાય છે ? '(હું) આટલાને સમજાવું તો એમાંથી મને અંતર્મુખ થવાનો વખત મળશે' (—એમ માનનાર, અહીં) કહે છે કે, એ (પર)વસ્તુમાં અટકેલો છે અનાદિથી. સમજાય છે ? 'કંઈક જૈનશાસનને (ટકાવી) રાખું, બહારનું (–બહારની ક્રિયા) રહેને તો પણ એમાં કાંઈક થોડું ઠીક છે'—એમ (અભિપ્રાય) કરીને એણે (–અજ્ઞાનીએ) બહાર તરફના વિકલ્પને જોર આપ્યું છે.—એ મિથ્યાદર્શન શલ્ય છે. ભારે વાત છે બાપુ ! સમજાય છે કાંઈ ?

શ્રોતા : પ્રભુ ! આટલું સાંભળ્યા પછી આનંદ ન આવે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આવવા (કે) ન આવવાનો પ્રશ્ન નથી. આ તો (આનંદ) ન આવ્યો કેમ ?—એની વાત ચાલે છે. અને પરથી ભિન્ન (આત્માનું એકત્વ સ્વરૂપ) પ્રાપ્ત થવું તે મહા.... અનંત પુરુષાર્થ છે—એમ કહે છે. સમજાય છે કાંઈ ?

એ ચાર ગાથા સુધી વાત કરી, લ્યો.

હવે આચાર્ય કહે છે કે જીવોને તે (પરથી) ભિન્ન આત્માનું એકત્વ....દર્શાવું છું. હવે તે ભિન્ન આત્મા કેવો છે એને હું દેખાડું છું. આચાર્ય પોતે કુંદકુંદાચાર્ય કહે છે :

तं एयत्तविहत्तं दाएहं अप्पणो सविहवेण ।
जदि दाएज्ज पमाणं चुक्केज्ज छलं ण घेत्तव्वं ।।५।।

દર્શાવું એક વિભક્ત એ, આત્માતણા નિજ વિભવથી;
દર્શાવું તો કરજો પ્રમાણ, ન દોષ ગ્રહ સ્ખલના યદિ. ૫.

એનો અન્વયાર્થ :— તે એકત્વ-વિભક્ત આત્માને.... રાગથી પૃથક્ અને સ્વભાવથી એકત્વ.... નિર્મળ વિજ્ઞાનઘન સ્વભાવથી આત્મા એકત્વ અને રાગ, વિકલ્પથી પૃથક્ત્વ—એવા આત્માને.... એવા આત્માને.... સમજાય છે કાંઈ ?

'ક્રિયાનો લોપ થાય, ધર્મનો ધ્વંસ થાય' (—એમ) આવ્યું'તુંને કાલ ? (કોઈએ આવું જૈન સામાયિકમાં લખ્યું હશે). આહાહા ! ભગવાન ! 'ક્રિયા' એટલે શું ભાઈ ? શુભરાગનું પરિણામ છે એ રાગ છે (અને) એ તો પર છે. એ (શુભરાગની) ક્રિયા તો પુણ્યરૂપ છે.... પરદ્રવ્યરૂપ છે. સ્વદ્રવ્યનો આશ્રય કરનારને એની મદદ છે નહીં. પરદ્રવ્ય છે એનાથી ભિન્ન પડવું છે, (તો) એમાં.... (પરદ્રવ્યથી) ભિન્ન પડવામાં એની (-પરદ્રવ્યની) મદદ કેમ હોય ? એ વિભક્ત-એકત્વ વાત હું બતાવું છું—એમ કહે છે. સમજાણું કાંઈ ?

એકત્વ-વિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે.... મારો નિજ અનુભવ(રૂપ) વૈભવ પ્રગટ્યો છે મને પર્યાયમાં. (જોકે) દ્રવ્ય તો (વૈભવમય) છે.... સમજાણું કાંઈ ? આહાહા ! દ્રવ્ય તો દ્રવ્ય છે, પણ દ્રવ્યને આશ્રયે વૈભવ (પ્રગટ્યો છે). મારી પર્યાયમાં મને સ્વસંવેદન-અનુભવનો વૈભવ જે પ્રગટ્યો છે.... એ (પ્રગટવાના કારણરૂપ) ચાર બોલ કહેશે.... તે વૈભવ વડે દેખાડું છું.... ભગવાને કહ્યું છે માટે (આત્માને) દેખાડું છું—એમ નહિ.... ભગવાને આત્મા આવો કહ્યો છે માટે દેખાડું છું—એમ નહિ. સમજાણું કાંઈ ?

શ્વેતાંબરમાં એમ આવે છે, **'सुयं मे आउसं । तेणं भगवया एवमक्खायं....'** હે જંબૂ ! ભગવાન એમ કહેતાં હતાં, એ હું તને કહું છું.' એ પરબારી વાત થઈ (-અધ્ધરથી વાત થઈ, પોતાની સાક્ષી ન આવી). સમજાણું ? પહેલો એ શબ્દ આવે છે એના શરૂઆતમાં.... આચારાંગના પહેલા સૂત્રમાં પહેલું કે, **'सुयं मे आउसं'**.... 'હે આયુષ્યમાન ! હે જંબૂ ! મને ભગવાને કહ્યું છે એ તને કહીશ.'

અહીં કહે છે કે 'મારા વૈભવથી કહીશ'. 'ભગવાને કહ્યું છે માટે કહીશ'—એ તો ભગવાનનું રહ્યું, (–પોતાની વાત તો ન આવી) સુગનચંદજી ! સૂક્ષ્મ વાત છે.

'નિજ'.... પાછો ('નિજ') શબ્દ પડ્યો છેને ? શું કહે છે ? [स्वविभवेन].... [स्वविभवेन].... નિજ વૈભવ વડે દેખાડું છું.... ઓહોહો ! વાણી તો વાણીને કારણે આવશે.... વિકલ્પ, વિકલ્પને કારણે (આવશે), પણ મારો ભાવ (–નિજ વૈભવ) અંદરમાં આ જાતનો ઊભો થયો છેને ? (એનાથી કહીશ—એમ કહે છે). સમજાણું કાંઈ ? (શું) 'નિજ વૈભવ' ત્યાં વિકલ્પમાંથી આવશે ? વાણીમાંથી આવશે ? (ના), પણ ભાવ (–નિજ વૈભવ પ્રગટ) થયો છે (એમાં) એ (–વિકલ્પ ને વાણી) નિમિત્ત છે. (હવે, વૈભવને) અનુરૂપ ભાષા પણ એ રીતે ભાષાને કારણે પરિણમી જશે, હું કંઈ ભાષાનો કર્તા નથી. સમજાણું કાંઈ ?

નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું.... એક વાર તો કહ્યું 'દેખાડું છું'.... દેખાડું છું, પણ જો હું દેખાડું.... (એટલે કે વાણીનો) પ્રવાહ ચાલ્યો તો પ્રમાણ કરવું.... સ્વ-અનુભવથી પ્રમાણ કરવું.... જે વાત કહું છું, તે વાત તારા સ્વ-અનુભવથી પ્રમાણ કરવું, વિકલ્પથી પ્રમાણ કરવું ને 'હા' પાડવી એમ નહિ —એમ કહે છે.

(પ્રશ્ન :) "હવે તમે કહો છો (કે 'દેખાડું તો) પ્રમાણ કરવું', (પણ) એ (શ્રોતા) તો અંદરમાં ગયો (–નિર્વિકલ્પ દશા થઈ) ત્યારે એ (કેવી રીતે) કહે કે, 'પ્રમાણ (કર્યું ?' એવો વિકલ્પ પણ ત્યારે) ક્યાંથી આવે પછી ?" સમજાણું કાંઈ ?

(સમાધાન :) (ભાઈ !) 'દેખાડું તો પ્રમાણ કરવું'.... એનો અર્થ એ છે કે (સ્વયં વાણી) ઉપાદાનપણે છે અને અહીંયા (વાણીનો) પ્રવાહ (નીકળે છે તેમાં) નિમિત્તરૂપે (આચાર્યદેવ છે. હવે) જો વાત નીકળી, તો તારા ઉપાદાનમાં શુદ્ધ સ્વભાવ તરફ વલણ કરી, અનુભવ કરી ને પ્રમાણ કરજે કે 'આ વસ્તુ બરાબર છે.' આ (વસ્તુ) બરાબર છે (એટલે કે) 'હું (આવો છું)'—એમ (અનુભવ કરીને સ્વીકારજે). સમજાણું કાંઈ ?

'હા, મહારાજ ! વાત તમે કહેતાં હતાં તે બરાબર છે'—એમ (વિકલ્પ કરવો એ 'પ્રમાણ કરજે'નો અર્થ) હશે ? શું હશે ? 'તમે કીધું હતું એ (બરાબર છે' —એવો વિકલ્પ અનુભવથી પ્રમાણ કરતી વખતે હશે ?)

(પ્રશ્ન ) : (આપે) કીધુંને ? કે 'પ્રમાણ કરજો, દેખાડું તો....'

(સમાધાન :) એનો અર્થ એ છે કે દેખાડું છું ત્યાં આગળ (–ત્યારે) અંતર વલણ કરી અને સ્વદ્રવ્યનો અનુભવ કરી (વાત) સ્વીકારજે. અંદરનો સ્વીકાર (–અનુભવ) કરજે કે 'હું રાગ રહિત નિર્વિકલ્પ વિજ્ઞાનઘન છું.' (—આ રીતે) એનો (–આત્માનો) અનુભવ કરીને તેં તેનો (–આત્માનો) સ્વીકાર કર્યો, (તો) એ 'મેં (–આચાર્યદેવે) દેખાડ્યું તેનો સ્વીકાર કર્યો'—એમ કહેવામાં આવે છે. વજુભાઈ ! આહાહા ! આ (આચાર્યદેવની) પદ્ધતિ જુઓને ! ગજબની વાત છે !

(પ્રશ્ન ) : 'દેખાડું તો પ્રમાણ કરજે'.... (કહીને) શું કહો છો (–કહેવા માગો છો) પ્રભુ ? તમે કીધું 'એ રીતે (પ્રમાણ કરવું'—એનો અર્થ શું ?)

(સમાધાન ) : 'એ રીતે'નો અર્થ કે.... મેં કીધું 'એ રીતે'નો અર્થ કે તું તારા તરફનું વલણ (કરે), ત્યારે અમે કીધું 'એ રીતે' તને અનુભવ થયો (—એમ કહેવામાં આવે છે). પછી (–અનુભવના કાળે) એમ નહિ (–એવો વિકલ્પ ન હોય) કે 'ભગવાન કુંદકુંદાચાર્ય કહેતાં હતાં એ રીતે મને અનુભવ થયો'.... એમ પછી રહેતું નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન (આત્મા) વિજ્ઞાનઘન પ્રભુ છેને ! દરબાર છેને અંદર મોટો ! ચૈતન્ય દરબાર પરમાત્મા પોતે છે અંદર. એ પરમાત્મામાં અનંતા પરમાત્મા બિરાજે છે.— એવો જે ભગવાન આત્મા છે તેને અમે વિકલ્પથી બાહ્ય.... ભિન્ન બતાવીએ છીએ, તો (વિકલ્પાદિને) ભિન્ન કરીને (આત્માને) અનુભવજે. એમ કહેતાં (–કહીને) એમેય કહ્યું કે આ સાંભળનારામાં એવા જીવો પણ હશે.... સમજાય છે ? કે એને આહીં (વાણીનું) નિમિત્ત આવું છે તો ઉપાદાનમાં અનુભવ થશે. એવા પણ જીવો છે—એમ કહે છે. સમજાણું કાંઈ ? ઓહોહો !

જુઓ ! આ મુનિઓની વાણી આટલી ગંભીર છે તો કેવળીઓની વાણી તો કેવી (હશે) ? કેવળજ્ઞાનીની વાણી.... દિવ્યધ્વનિ છે એનું શું કહેવું ? એના પટના પટમાં (–ઊંડાણમાં) શું છે.... કેટલું (હશે) ? આ તો પંચમકાળના છદ્મસ્થ મુનિ,

ભાવલિંગી સંત આનંદના અનુભવમાં રહ્યાં તે, કહે છે કે મારા નિજ વૈભવથી કહીશ હોં. એ વૈભવ કોણ (–કેવો) ? આનંદની સંપદા પ્રગટી છે એ વૈભવ. કહો, આ તમારા પૈસા-ફૈસા—ધૂળના વૈભવ ગણ્યા જ નથી અહીં તો. (એ તો) ઉકરડા છે મોટા.

આહાહા ! એવો માર્ગ વીતરાગનો (છે કે) જે એક વિકલ્પ.... 'જૈનશાસનને નભાવું'—એવો જે વિકલ્પ છે એ વિકલ્પથી પણ તે (વીતરાગ માર્ગ) પાર (–રહિત) છે. એ વિકલ્પથી પણ ચૈતન્યને લાભ નથી, કારણ કે એ (વિકલ્પ) પરદ્રવ્ય છે. એનાથી ભિન્ન પડીને સ્વદ્રવ્યનો અનુભવ કરજે.... પ્રમાણ કરજે હોં. અહીં કહે છે કે મને વિકલ્પ ઊઠ્યો છે....(શાસ્ત્ર લખવાનો) વ્યવસાય કરું છું, પણ એનો આ આશય છે. સમજાણું કાંઈ ?

અને જો કોઈ ઠેકાણે ચૂકી જાઉં.... શું કહે છે ? વાસ્તવિક અનુભવ.... રાગથી ભિન્નતાની વાત (અમારી) બરાબર હશે. (પણ) શબ્દોની શૈલી ઘણા પ્રકારની છે—ભૂત-ભવિષ્ય-વર્તમાનકાળ, આ વિભક્તિ, ફલાણું, ધાતુ.... એવા ઘણા (પ્રકારની છે) અને તને (વાણી) સાંભળતાં, તારા ખ્યાલમાં એવી જાતનો ખ્યાલ (–ક્ષયોપશમ) હોય કદાચિત્ સંસ્કૃત, વ્યાકરણ આદિનો તો એણે (–તારે).... કોઈ ઠેકાણે ચૂકી જાઉં તો છળ ન ગ્રહણ કરવું.... ત્યાં ઊભા ન રહેવું.... એટલો પકડ કરીને ઊભા ન રહેવું.

રાગથી ભિન્ન (આત્માને) જે રીતે કહું છું તે રીતે તું લક્ષમાં લેજે, પણ કોઈ અન્ય (વાત પકડીને કે) 'જુઓ ! આ (આચાર્યદેવ) વાણી બોલ્યા, આ વાણીમાં....' (—એમ ઉપચારને પકડીને ઊભો ન રહીશ). (ખરેખર) એ વાણી.... વાણી મારી (–જીવદ્રવ્યની) નથી (એમ સમજીને) સાંભળ !

વાણીની પર્યાયમાં કોઈ ફેરફાર.... તને સંસ્કૃત, વ્યાકરણના શબ્દમાં (ફેરફાર લાગે અને) ખ્યાલ તને હોય (તો ત્યાં ઊભો રહીશ નહીં). તેથી કહ્યું છેને ટીકામાં ? જુઓને ! 'न छलग्रहणजागरुकैर्भवितव्यम्'.... છલને ગ્રહીને જાગૃત —ત્યાં ઊભા ન રહેવું તારે. વાત કરીએ છીએ રાગથી ભિન્ન ભગવાન આત્મા પૂર્ણાનંદના નાથ(ની), એની (–એને કહેનારી) ભાષામાં (વ્યાકરણ આદિનો) કેટલો

ફેરફાર છે એ તારે ન જોવો. એમાં કહેલો ધ્યેય (-વાચ્ય) જે (આત્મા) છે એને પકડીને અનુભવ કરજે. આહાહા ! સમજાણું કાંઈ ?

ઓહોહો ! સમયસારે તો અમૃત વરસાવ્યાં છે ! કેવી એની ઢબ ને કેટલી એની ચમત્કારિક વાત કહેવાની રીત ! અરે ! ક્યાં આમાં ઝગડા બહારના ને ક્યાં બાપુ ! આમાં.... સમજાણું ?

અહીં તો કહે છે કે વિકલ્પની ક્રિયાનો લોપ કરીને અંતરમાં જા ત્યારે તને અનુભવ થશે. 'લોપ કરવું' એ પણ એક નાસ્તિથી વાત છે. અમે રાગથી ભિન્ન, પરદ્રવ્યથી ભિન્ન (આત્માને) કહીએ છીએ ત્યાં જા. ત્યાં જા એટલે વિકલ્પ છૂટી જશે. સમજાય છે કાંઈ ? એવી (-વિકલ્પાદિથી ભિન્ન) ચીજને અવલંબી, અનુભવ કરજે. અને કહેવાનો અમારો આ જ આશય છે એકલો. સમજાણું કાંઈ ?

'આ બધો વ્યવહાર.... વ્યવહાર આવેને ?' (—એમ કોઈ) કહે છે.

(સમાધાન:) એ અમારો કહેવાનો આશય નથી. એ આવી જાય તેને પણ સ્વ-અનુભવ(પૂર્વક) જાણી લેજે. સમજાય છે ? જ્ઞાન તરફના અનુભવમાંથી (બહાર આવતાં) એ વિકલ્પ અંદર (-પરિણતિમાં) હોય છે, (પણ તેને) જાણવાનું કામ તારું છે.... એ (વિકલ્પને) જાણવાનો (અને પોતાનો) અનુભવ (કરવાનો)—એ તારું કામ છે, એ વિકલ્પ તારું કામ નથી. સમજાણું કાંઈ ?

હવે તેની ટીકા. આ તો આપણે શબ્દાર્થ (-અન્વયાર્થ) કર્યો.

આચાર્ય કહે છે કે જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે.... જે કાંઈ.... જે કાંઈ.... 'इह किल'.... એ છેને ? (ના). ક્યાં છે એ ? ત્રીજી (લાઈન).... ઠીક.... 'च य: कश्चनापि ममात्मनः'.... જે કાંઈ મારા.... જે કાંઈ મારા આત્માનો નિજવૈભવ છે તે સર્વથી હું.... ઓહોહો ! જેટલાં જ્ઞાન, દર્શન, આનંદ આદિ પ્રગટ્યા છેને મારા વૈભવમાં, એ બધાના સામટા (-એક સાથેના) જોરથી હું વાત કરીશ.

તે સર્વથી હું.... જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ, વીર્ય આદિ અનંત ગુણોની નિર્મળતાનો ભાવ પ્રગટ્યો છે એ બધા ગુણોના (પ્રગટેલા) સામર્થ્યના બળથી....

જેટલું બળ (પ્રગટ્યું) છે તેટલાથી કહેવાનો મેં (ઉદ્યમ) કર્યો છે, (નિર્ણય) કર્યો છે.... કહો, સમજાણું કાંઈ ?

તે સર્વથી.... નિજવૈભવ છે તે સર્વથી.... —એમ (કહે છે). 'स्वो'.... ને ? 'ममात्मनः स्वो'.... 'स्वो' એટલે ક્યાં (–શું અર્થ) ? 'स्वो'.... 'પોતાનું' એમ ને ? 'स्वो'.... 'स्वो'.... 'ममात्मनः स्वो'.... 'મારો' એટલું. 'स्वो'.... સ્વ.... સ્વ.... પોતાનું. 'विभवस्तेन समस्तेन'....

(શ્રોતા :) ઓહોહો ! બધો વૈભવ પ્રગટ્યો એ બધાથી કહેશો !

(આચાર્યદેવ :) અત્યારે મારા ઉપયોગનું વલણ.... જ્ઞાનમાં (વલણ) આ પ્રકારનું છે.... સમજાય છે ? (તેથી) એટલા જોરથી વાણીમાં, વાણીને કારણે એ જાતનું પરિણમન થઈ જશે. (જ્ઞાનનું) નિમિત્તપણું આવું છે એટલે નૈમિત્તિકમાં —વાણીમાં પણ એવો જ ભાવ વાણીને કારણે (થશે).... એ જાતની સ્થિતિ (–વાણીની પરિણતિ) ત્યાં ઊભી થશે. હું તો એમાં નિમિત્તમાત્ર છું.... સમજાણું કાંઈ ? કર્તા નહિ......

શું કહે છે ? પહેલું તો કહે છે કે આત્માનો નિજવૈભવ છે તે સર્વથી.... 'समस्तेन'.

વિકલ્પને અડશે નહિ એ વૈભવ.... વાણીને અડશે નહિ એ વૈભવ. પણ કહે છે કે ઉત્કૃષ્ટ વૈભવથી (કહેવાની) ત્યાં આગળ મારી તૈયારી છેને ? (તો) એવા (વૈભવનું) નિમિત્તપણું છે (અને) એવી જાતનો (કહેવાનો) ત્યાં વિકલ્પ (પણ) છે, (તેથી) એવી જાતની વાણી તેને (–નિજવૈભવને) અનુરૂપ થઈ જશે. સમજાય છે કાંઈ ? આટલા જોરથી જ્યારે હું કહેવા માગું છું (ત્યારે) મારા ભાવમાં ઘોલન (પણ એવું) છે—એમ (કહે છે).

ઓહોહો ! સમયસારને કહેવાની યોગ્યતા.... ભૂમિકા પોતે (–પોતાની) આવી છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

જે જ્ઞાન, દર્શન, ચારિત્ર, આનંદ (આદિ) અનંતા ગુણોની અંશે નિર્મળતારૂપ નિજવૈભવ પોતાનામાં પ્રગટ્યો છે, તે બધાના જોરથી.... 'समस्तेन'... બધાથી.... સર્વથી હું આ એકત્વ-વિભક્ત આત્માને દર્શાવીશ.... આ આત્મા અંદર જે છે

તમારો અને આ (મારો)....આ આત્મા છે તેનું એકત્વ.... ભગવાન આત્મા પોતાના કાયમી જ્ઞાન, દર્શન, ધ્રુવ સ્વભાવથી એકત્વ વસ્તુ છે..... —એમ લીધું છેને ? જુઓ ! એકત્વ-વિભક્ત આત્મા = (ગુણોથી) એકત્વ આત્મા ને (રાગાદિથી) વિભક્ત આત્મા. એટલે.... સમજાય છે કાંઈ ?

આત્મા જે છે તે આ વસ્તુ થઈ અને (તે)....

(૧) કાયમના જ્ઞાન.. દર્શન.. આનંદ આદિ જે ધ્રુવ (–ત્રિકાળી) સ્વભાવ છે તેનાથી એકત્વ છે અને

(૨) રાગાદિથી વિભક્ત છે.

સમજાણું કાંઈ ?

આ (અજ્ઞાની) વળી એમ કહે છે, 'જુઓ ! (આચાર્યદેવે આ ગાથામાં) એમ કીધું છેને કે હું દર્શાવીશ.... (તેઓશ્રીએ) એમ ક્યાં કીધું છે કે વાણી દેખાડે છે'....

અરે ભગવાન ! સાંભળ ભાઈ ! (અજ્ઞાનીને) શબ્દે-શબ્દે વાંધા.

(વળી તે કહે છે), 'वोच्छामि समयपाहुडं'.... હું કહીશ.... એમ (પહેલી ગાથામાં) કીધું છે. (શું) એમ કીધું છે કે વાણી કહેશે ?'

(સમાધાન :) બાપા ! તને ખબર નથી, સાંભળને ભાઈ ! આહાહા ! અહીં કહે છે કે 'હું દર્શાવીશ'.... એ તો નિમિત્તના કથન છે. એટલું અહીં (સ્વભાવ તરફનું) જોર છે તો વાણીનો પ્રવાહ પણ વાણીના કારણે (આવશે). અનાદિના આગમ.... જે સિદ્ધાંત છે પરમાગમ, એ રીતે પરમાગમનું (–'સમયસાર'નું) પરિણમન ત્યાં એને કાળે.... એને કારણે થશે. પણ આવું મારું નિમિત્તપણું આટલા જોરવાળું છે—એટલું (અહીં) બતાવે છે. વજુભાઈ ! આહાહા !

અરે ભગવાન ! (અજ્ઞાની) એમાંથી (–શાસ્ત્રમાંથી એવું કાઢે છે કે) જુઓ ! 'અમે કહેશું....—એમ (આચાર્યદેવે) કીધું છે (કે) વાણી કહેશે એમ કીધું છે ?'

(સમાધાન :) ભાઈ ! (કથન) એમ જ આવે. (શું) આત્મા કહે છે.... કહી શકે છે ? (ના). એ તો વાણી (કથન કરે) છે.... વાણી જડ છે એ કહે છે. (પણ) એ તો (પોતાનું) નિમિત્તપણું છે એટલે (આચાર્યદેવ) કહે છે કે 'દર્શાવીશ'. મારું

લક્ષ 'આ ભાવ (-વસ્તુસ્વરૂપ) છે'—એમ (તેના ઉપર હોવાથી આ 'સમયસાર'ની રચનામાં) નિમિત્ત છું (અને) એથી એને નિમિત્તમાં (-નિમિત્તની અપેક્ષાએ) એ રીતે બોલ્યા (-કહ્યું કે 'દર્શાવીશ'). સમજાણું કાંઈ ? અજર પ્યાલા છે બાપા ! આ કાંઈ.... વીતરાગમાર્ગને ઓળખવો....

જડથી અને વિકલ્પથી (પોતે) ભિન્ન છે અને (છતાં) ભિન્નપણાનો પોતે કર્તા થાય કે 'મારાથી વિકલ્પ ઊઠ્યો છે અને મારાથી વાણી થઈ છે'....—એમ હોય ? અહીં (જડ ને વિકલ્પથી) ભિન્નતા તો બતાવે છે. સમજાણું કાંઈ ? હું આ (સ્વથી) એકત્વ આત્માને (તેમ જ વિભાવથી) વિભક્ત આત્માને (બતાવીશ)—એમ (કહે છે).

જે એનો કાયમી અસલ સ્વભાવ છે (તે) અનંત.... બેહદ.... અપરિમિત ધ્રુવ સ્વભાવથી ભગવાન (આત્મા) એકત્વ છે.... એકરૂપ છે.... એની સાથે એકરૂપ છે. અને આ વિકલ્પ ઊઠે છે....ચાહે તો વ્યવહાર રત્નત્રય આદિનો વિકલ્પ (હો અથવા) આ (સમયસાર) કહેવા વખતનો વિકલ્પ છે.... જુઓ ! સમજાય છે કાંઈ ? એનાથી (આત્મા) ભિન્ન (છે અને તેને) હું દેખાડીશ. હું અત્યારે (પણ) એનાથી ભિન્ન (છું અને) મારો (પ્રગટેલો) વૈભવ (પણ) અત્યારે એનાથી (-વિકલ્પાદિથી) ભિન્ન છે. શું કીધું ? (આ લખવાનો) વિકલ્પ ઊઠે છે એનાથી (પણ) મારો વૈભવ અત્યારે ભિન્ન છે. આહાહા !

અરે ! વાણી તો, વાણીની રીતે વાણી આવેને ! ભગવાનમાં ક્યાં વાણી અંદર હતી કે રજકણને (-વાણીને) આત્મા કરે.... બોલે. આહાહા ! જ્ઞાનસ્વરૂપી ભગવાન રાગથી પણ ગુપ્ત પડ્યો છે. એ રાગમાં જ્યાં આવતો નથી ત્યાં તે (આત્મા) 'વાણીમાં આવે' ને 'વાણી દ્વારા દેખાડે ' (—એમ કેમ બને ?). ('આચાર્યદેવ વાણી દ્વારા દેખાડે છે')—એ તો નિમિત્તના કથનો છે. 'નિમિત્તપણું કોનું છે' —એટલું બતાવવા એ વાત છે. સમજાણું કાંઈ ?

આગળ કહેશે છેલ્લી ગાથામાં (-કળશ ૨૭૮માં) તો અમૃતચંદ્રાચાર્ય કે, એ શબ્દોએ આ વાત કરી છે બધી હોં. મારી રખેને (-ભૂલથી પણ) માનતા નહીં. આહાહા ! એ વખતમાં.... અનાદિના સિદ્ધાંતો જે આગમ છે (તેનો) એ વખતે.... એ અનાદિ પ્રવાહમાં, એ રીતે જ અનાદિના સિદ્ધાંતના શબ્દોને પરિણમવાનો તેનો

વર્તમાનમાં એ સ્વકાળ છે. એ પહેલી ગાથાના (ભાવાર્થમાં) આવી ગયું છે કે પ્રવાહ અનાદિ (–'અનાદિનિધન પ્રવાહરૂપ આગમ'). એમાં મારું આવું નિમિત્તપણું છે....—એટલું જણાવવું છે. બસ, એટલું. મારા નિજવૈભવના જોરથી હું (આત્માને) જણાવીશ—સર્વ જોરથી.... બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ ?

એવો મેં.... જોયું ? એવા આત્માને દર્શાવીશ એવો મેં વ્યવસાય કર્યો છે, (ઉદ્યમ) કર્યો છે.... અંદર જ્ઞાનમાં.... વીર્યની સ્ફૂરણામાં એ જાતનું મારું પરિણમન છે. સમજાણું કાંઈ ?

હવે એ કેવો છે મારા આત્માનો નિજવિભવ ? જુઓ ! કેવો છે મારા આત્માનો નિજવિભવ ? આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર.... શબ્દબ્રહ્મ.... આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રાવાળો જે શબ્દબ્રહ્મ.... શબ્દબ્રહ્મ—અર્હંતનાં પરમાગમ.... અર્હંત પરમેશ્વરના મુખમાંથી નીકળેલું પરમાગમ. આહાહા !

આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો.... જોયું ! બધી–સમસ્ત વસ્તુઓનો..... જેમ સર્વજ્ઞ બધી વસ્તુને જાણે છે, તેમ અરિહંતનું પરમાગમ બધી વસ્તુને દેખાડવા (–કહેવા) સમર્થ છે. એ શબ્દબ્રહ્મ છે.... વ્યાપક છે. કોઈ (પણ).... ત્રિકાળ (–ત્રણે કાળની) વસ્તુને.... બધી વસ્તુને દેખાડવાની શબ્દબ્રહ્મમાં (અર્થાત્) વાણીમાં તાકાત એટલી છે (—એમ) કહે છે. સમજાણું કાંઈ ?

સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર અને 'स्यात्' પદની મુદ્રા.... ચિન્હ.... ('स्यात्' એટલે) કથંચિત્ કહેવું—એમ (અર્થ છે.) એવો શબ્દબ્રહ્મ—અર્હંતનાં પરમાગમ.... અર્હંતનું પરમ આગમ.... તેની ઉપાસનાથી જેનો જન્મ છે.... ભાષા દેખો ! ભીખાભાઈ ! એનો અર્થ એ છે કે મારું જ્ઞાન તો મારાથી પ્રગટ્યું છે, (પણ) એમાં (–એ જ્ઞાન થવામાં) આ નિમિત્તપણું તો આવું જ હોય, બીજું હોય નહિ —એમ સિદ્ધ કરે છે. અર્હંત સર્વજ્ઞ પરમેશ્વરની વાણી.... પોતાના તરફના અનુભવના વલણમાં નિમિત્ત હોય તો આ વાણી જ હોય, બીજું નિમિત્ત હોઈ શકે નહિ.

પરમાત્મા ત્રિલોકનાથની વાણી.... પરમાગમ છે એ જ (સ્વાનુભવમાં) નિમિત્તપણે હોય, કારણ કે એમાં પૂર્ણ વસ્તુ કહેવાની તાકાત છે. પૂર્ણ—બધું કહેવાની તાકાત છે એ (વાણી સ્વાનુભવમાં) નિમિત્ત (હોય) છે—એમ (કહેવું છે). (તેની) ઉપાસનાથી.... એટલે કે પહેલાં એના (-વાણી) તરફનું વલણ હતું, પછી સ્વભાવ તરફના વલણથી (સ્વરૂપ) જાણ્યું ત્યારે મારો નિજવૈભવ મારાથી પ્રગટ્યો, પણ તેમાં નિમિત્તપણું આવા (-વીતરાગી) પુરુષની વાણીનું હોય (-હતું)—એ અહીં સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ?

શ્રોતા : મુદ્રાવાળો એટલે છાપ ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : છાપ. 'स्यात्'.... (એટલે) 'કથંચિત્' કહેવું—એમ (અર્થ છે.) આત્મા....

(૧) (કથંચિત્) નિત્ય છે, કથંચિત્ અનિત્ય છે;
(૨) કથંચિત્ શુદ્ધ છે, કથંચિત્ અશુદ્ધ છે;
(૩) કથંચિત્ ત્રિકાળ છે, કથંચિત્ (એક) સમય પૂરતો છે....
—એમ 'स्यात्'.... (એટલે) અપેક્ષાએ (-કથંચિત્).

ત્યાં ('स्यात्' લગાડવામાં) પણ ગોટો છે બધે.... (પદાર્થમાં જે ધર્મ) ન હોય એને પણ 'स्यात्' લગાડવું (—એમ કોઈ) કહે છે.

આ (અહીં) તો (કહે છે કે) એનામાં (-પદાર્થમાં) હોય એવા ધર્મોને 'स्यात्' લગાડીને કહેવું. અરે ભગવાન ! શું કરે છે ભાઈ ? મોટા કુતર્કના દરિયાને ઓળંગીને પાર જવાનું છે.

આહાહા ! ક્યાંય એવા (કુતર્કમાં) માણસો અટકતા હોય છે તેને (-તે માણસને) છોડી દઈને (તેમ જ) પોતે તેના (કુતર્ક) તરફના વલણમાં અટકતો હોય તો તેને (-કુતર્કને) છોડી દઈને અહીં (સ્વભાવમાં) જવાનું છે (—એમ) કહે છે. કહો, સમજાણું કાંઈ ?

આ લોકમાં પ્રગટ સમસ્ત વસ્તુઓનો પ્રકાશ કરનાર.... લ્યો ! અહીં તો (શબ્દબ્રહ્મ) બધી વસ્તુઓનો પ્રકાશ કરનાર છે—એમ કીધું છે હોં. શ્રીમદ્‌માં ('અપૂર્વ અવસર', કડી-૨૦ માં) તો એમ આવે છે કે ('જે પદ શ્રી સર્વજ્ઞે દીઠું

જ્ઞાનમાં) કહી શક્યા નહીં પણ તે....' એ તો અપેક્ષાથી વાત કરી છે. અહીં તો (શબ્દબ્રહ્મ) બધું કહી શકે છે—એમ જ લીધું છે.... પૂરું કહી શકે છે. આહાહા ! એવી સત્ય વાત.... શૈલી એવી છે આ. સમજાણું કાંઈ ?

પોતે પૂરો (જાણનાર) છેને ? એટલે વાણી પણ પૂરી પ્રકાશ કરનારી.... —એવી જ હોય છે. ભગવાન આત્મા પૂરો.... ત્રણ કાળ, ત્રણ લોકને જાણનાર છેને ? તે પૂરો જાણનાર છે તો વાણી (પણ) પૂરું કહેનારી છે—એમ કહે છે.

અર્હંતના મુખમાંથી નીકળેલો શબ્દબ્રહ્મ છે. પરમાત્મા તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર પૂર્ણપણે (જાણનાર) છે.—એ તો પોતાની પર્યાયમાં છે, પણ (તેમની) વાણી જે નીકળી તે પણ પૂરું કહેનારી છે માટે તેને 'શબ્દબ્રહ્મ' કહેવામાં આવે છે. આહાહા !

(૧) 'આત્મબ્રહ્મ' ભગવાન (આત્મા),
(૨) ત્યારે એ (વાણી) 'શબ્દબ્રહ્મ'.

(૧) 'આત્મબ્રહ્મ' નામ આત્મા બધાને જાણી લે વ્યાપકપણે એવો,
(૨) ત્યારે શબ્દ (–વાણી) બધાને કહી શકે એવો એ 'શબ્દબ્રહ્મ'.

સમજાણું કાંઈ ?

પહેલી ૧૨ ગાથાઓ બહુ સૂક્ષ્મ છે. પીઠિકા છેને ? આખા સમયસારનો એ મોટો ઓટલો છે, પછી એમાંથી ઝાડ ઊગે છે.... વિસ્તાર કરે છે. એવી ચીજ છે. એક-એક વાત અલૌકિક ! આ તો કેવળજ્ઞાની પરમાત્માની જાતની (કહેલી વાત) છે. લોકોમાં (–લોકોના અભિપ્રાયમાં) બહુ ફેર છે.... ઘણો ફેર છે, પણ શું કરે.... અરે પ્રભુ !.... સમજાણું કાંઈ ?

('स्यात्'નો અર્થ 'કથંચિત્' છે..).... (શબ્દબ્રહ્મની) ઉપાસનાથી જેનો જન્મ છે.... વૈભવનો. અહીં એ સિદ્ધ કરવું છે. છેને ? 'अप्पणो सविहवेण'.... સ્વવૈભવ કેમ પ્રગટ્યો ? કે એમાં સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા અર્હંતની વાણીનું જ નિમિત્ત હોય, અજ્ઞાનીઓની વાણી કે (અન્ય કુદેવાદિ નિમિત્ત) ન હોય....—એમ પહેલું સિદ્ધ કરવું છે. સમજાણું કાંઈ ?

જેણે સર્વ જાણ્યું છે.... એવી દશા જ્યાં પ્રગટી છે એટલે (ત્યાં) વાણી પણ સર્વને કહેનારી (હોય) છે એ વાણી. એ વાણી.... અમારા વૈભવના ઉત્પન્ન થવામાં (ઉપાદાન) કારણ તો અમારો આત્મા છે, પણ તેમાં આ (વાણી ને તેનું) લક્ષ નિમિત્ત હતું. સમજાય છે કાંઈ ? (એટલે) એને સર્વજ્ઞની વાણી જ વાણીપણે (ઉપદેશકના ઉપદેશમાં) આવવી જોઈએ.... એ (સર્વજ્ઞની) વાણીને અનુસારે (ઉપદેશમાં) આવવું જોઈએ, (પણ) પોતે કલ્પનાથી કહે એ વાત આવવી ન જોઈએ—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આહાહા ! અમારો (-અમારા વૈભવનો) ત્યાંથી (-વાણીના નિમિત્તથી) જન્મ છે (અર્થાત્) અમારો આનંદ વૈભવ (પ્રગટ્યો છે) એમાં નિમિત્તપણું આવું હતું (અને) એને વ્યવહારથી (શબ્દબ્રહ્મની) 'સેવા કરી'....—એમ કહેવામાં આવે છે. શબ્દાર્થથી (-શબ્દના અર્થમાંથી) એકલા (શબ્દો) પકડે અને ભાવાર્થ ન પકડે તો આમાં (અજ્ઞાની) ઊંધું મારે એવું છે કે 'જુઓ ! વાણીની સેવાથી' (—એમ કહ્યું છે). એકકોર તો એમ કહ્યું કે વાણીથી અહીં (આત્મામાં) જ્ઞાન થાય નહિ અને વાણી તરફનું જ્ઞાન છે એ જ્ઞાન પણ વાસ્તવિક જ્ઞાન નથી. ઇન્દ્રિયોથી તે (આત્મા) જણાય એવો નથી અને ઇન્દ્રિયોથી તે (આત્મા) જાણે એવો નથી.

અલિંગગ્રહણમાં (બોલ-૧, ૨માં) આવે છેને ? કાલે આપણે આવી ગયુંને ? કે સંસારીમાં.... એનો અર્થ જ એ છે કે....

(બોલ ૧ :) (છદ્મસ્થ જીવોને) ઇન્દ્રિયોના નિમિત્તથી જાણે એવું (ઇન્દ્રિય)જ્ઞાન છે, (પણ) એનાથી જાણે એવો (જ્ઞાયક આત્મા) નથી. તેમ જ....

(બોલ ૨ :) બીજા જાણનારા, ઇન્દ્રિયો (-ઇન્દ્રિયજ્ઞાન) દ્વારા આત્માને જોવે-જાણે (અર્થાત્) ભગવાન (આત્મા)ને ઇન્દ્રિયો (-ઇન્દ્રિયજ્ઞાન) દ્વારા ઓળખે (-જાણે) એવો (જ્ઞેયરૂપ) આત્મા જ નથી.

આહાહા ! આત્મા જ પોતે અણિન્દ્રિય (જ્ઞાન)થી પોતાને જાણે અને પરને જાણે એવો એ આત્મા છે. સમજાણું કાંઈ ?

અહીંયા એમણે (-આચાર્યદેવે) નિમિત્તથી (આગમની) ઉપાસનાને (નિજવૈભવ પ્રગટવામાં કારણ કહી) છે. આવા વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના

પરમાગમનો (–વાણીનો) જે અવયવ છે એ જ (નિજવૈભવમાં) નિમિત્ત હોય. અહીં કહે છે કે અમને એ નિમિત્ત હતું. (ભલે) અમે પંચમકાળના મુનિ છીએ.... સમજાય છે ? પણ અમને આવા અર્હંતના પરમાગમનો અવયવ નિમિત્ત છે અત્યારે. અહીં સિદ્ધ કરી દીધું ભાઈ ! કે અત્યાર સુધી અર્હંતના વચનો છે.... અત્યારે (પણ) ચાલુ (-પ્રાપ્ત) છે. આહાહા ! સર્વજ્ઞ પરમેશ્વરે કહેલી વાણી (અને) એ વાણીનું શબ્દબ્રહ્મપણું અત્યાર સુધી ચાલ્યું આવે છે. અમારા (નિજવૈભવમાં) નિમિત્ત એ છે. સમજાણું કાંઈ ?

ઉત્પત્તિ છે....(વાણીની) ઉપાસનાથી જેની (-નિજવૈભવની) ઉત્પત્તિ છે. ભગવાન આત્મા જ્ઞાનની ખાણ છે એનું અંતર લક્ષ કરવાથી જેને જ્ઞાનની ઉત્પત્તિ (થઈ છે).... (જ્ઞાન) વૈભવ પ્રગટ્યો છે, એને આ (વાણીના) નિમિત્તથી પ્રગટ્યો છે —એમ નિમિત્તપણાને સાબિત કરવા (આચાર્યદેવે) આ વાત કરી છે. સર્વજ્ઞના આગમો જ (મોક્ષમાર્ગમાં) નિમિત્ત હોય (તેમ જ) અજ્ઞાનીના કરેલા આગમો તે આગમ નહિ—એમ સિદ્ધ કરે છે ભાઈ ! કોઈએ પોતાથી કલ્પિત બનાવ્યા આગમ, તે અર્હંતના (પ્રવચનના) અવયવ નહિ. આહાહા ! સમજાણું કાંઈ ?

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા, એ વખતે (-વાણી છૂટી ત્યારે) પરમાગમરૂપ વાણીના પ્રવાહમાં નિમિત્ત હતાં. એ જ વાણીનો અવયવ અત્યાર સુધી ચાલ્યો આવે છે અને તે નિમિત્તમાં (-વાણીમાં) અમારું લક્ષ હતું પહેલું, પછી અમારા (સ્વભાવના) લક્ષમાં ગયા તો અમે અમારા અનુભવને પામ્યા. (આ રીતે) અમને (અનુભવ પહેલાં) સાંભળવામાં અરિહંતની (વાણીનો) અવયવ આવ્યો હતો. સમજાણું કાંઈ ?

અહો ! ગજબ બધી વાતું ! ગજબ વાત ! ઉપાદાન તો અમારું અમારામાં છે (અને) અમારાથી (નિજવૈભવ) પ્રગટ્યો છે, પણ તે વખતે નિમિત્ત આવું.... અરિહંતની વાણી જ હોય (-હતી). લોકોએ કલ્પીને શાસ્ત્રો બનાવ્યા એ વાણી અનુભવમાં નિમિત્ત ન હોય—એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ? અને તે (અરિહંતની વાણીનો) પ્રવાહ અમે છીએ ત્યાં સુધી.... અમારા ગુરુ પાસેથી આ વાણીનો પ્રવાહ (અમે છીએ) ત્યાં સુધી આવેલો છે. એટલે પહેલી એ (વાત) ત્યાં સિદ્ધ કરી. સમજાણું કાંઈ ? આહાહા !

'સ્યાત્'.... નો અર્થ 'કથંચિત્' છે એટલે કે 'કોઈ પ્રકારથી કહેવું'. પરમાગમને શબ્દબ્રહ્મ કહ્યાં તેનું કારણ : અર્હંતનાં પરમાગમમાં સામાન્ય ધર્મો —વચનગોચર.... દેખો ! વચનગોચર છે એટલે (તે) સર્વ ધર્મો—નાં નામ આવે છે અને વચનથી અગોચર જે કોઈ વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે.... પણ (કહેવામાં કાંઈ) બાકી નથી રહેતું—એમ કહે છે.... કહેવામાં કાંઈ બાકી નથી, બધું કીધું છે—એમ કહે છે. સમજાય છે ? સામાન્ય (ધર્મો) કહ્યાં અને વિશેષ (ધર્મો) છે એનું અનુમાન (–કરાવ્યું), પણ કહ્યું છે બધું. આહાહા ! એવી (શૈલી) છે.

આહાહા ! વિશેષ ધર્મો છે તેમનું અનુમાન કરાવવામાં આવે છે; એ રીતે તે સર્વ વસ્તુઓનાં પ્રકાશક છે માટે સર્વવ્યાપી.... = શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે....—એમ (કહે છે). તેથી તેને (–વાણીને) સર્વવ્યાપી.... ઓહોહો ! સર્વજ્ઞ પરમેશ્વર (આત્મબ્રહ્મ છે), ત્યારે વાણીને સર્વવ્યાપી = શબ્દબ્રહ્મ (કહે છે).

(૧) ભગવાન (આત્મા) આત્મબ્રહ્મ, ત્યારે....

(૨) એ (વાણી) શબ્દબ્રહ્મ....

પૂરેપૂરા.... આખા બે લીધા.... (આત્મા) ને (વાણી). આહાહા ! સમજાણું કાંઈ ?

અને તેથી તેમને શબ્દબ્રહ્મ કહેવામાં આવે છે—એમ (કહે છે). (વાણી) સર્વવ્યાપી છેને ? (અર્થાત્) બધું કહે છે.... શબ્દો બધું કહે છે. દ્રવ્યનું જેવું, જેટલું સ્વરૂપ છે તે બધું વાણી પૂરું પાડે (–કહે) છે (—એમ) કહે છે. આહાહા ! જ્ઞાન પૂરું પાડે છે પૂર્ણ થવાને.... જાણવાને (અને) વાણી પૂરું પાડે છે બધું કહેવાને. એવો જ અરિહંત ભગવાનના (પ્રવચનનો) અવયવ અને પરમાગમ છે (તથા) એની સેવાથી 'અમને (જ્ઞાન) પ્રગટ્યું છે'—એમ નિમિત્તથી કથન કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૬**
**ગાથા - ૫**
**સંવત ૨૦૨૪, આસો સુદ ૨, મંગળવાર, તા. ૨૪-૯-'૬૮**

સમયસાર, જીવ-અજીવ અધિકાર, પાંચમી ગાથા.

આચાર્ય મહારાજ કુંદકુંદાચાર્ય પોતે કહે છે કે 'હું સમયસાર કહીશ એ મારા નિજવૈભવથી કહીશ.'

'મારો નિજવૈભવ' એટલે ?

આત્મા જે નિર્મળ વિજ્ઞાનઘન છે એમાં એકાકાર થવાથી જે મને (વૈભવ પ્રગટયો છે તે 'નિજવૈભવ'). (તેના) નિમિત્ત તરીકે સર્વજ્ઞની વાણીની સેવા છે (અર્થાત્ વાણીની) ઉપાસના છે અને પછી, (ઉપાદાન તરીકે) સ્વ તરફના વલણથી મને જે આત્મવૈભવ પ્રગટ્યો છે—એનાથી હું (સમયસાર) કહીશ.

(૧) એક બોલ આવ્યો છેને ? 'અરિહંતનો ઉપદેશ'.... સર્વજ્ઞ પરમેશ્વરનો ઉપદેશ (અથવા જે) અરિહંત (પ્રવચન)નો અવયવ છે એની ઉપાસના. સર્વજ્ઞની વાણી છે.... એમણે જે કહ્યું છે તેની સેવા એટલે કે એમણે કહ્યું છે તે મારા આત્મામાં મેં ઉતાર્યું છે. સમજાણું કાંઈ ? એક વાત.

એ (–સમયસાર) પોતાના નિજવૈભવથી કહીશ. (તો) એ વૈભવ કેવો છે એની વ્યાખ્યા ચાલે છે આ. જુઓ ! સંત મુનિ.... આચાર્ય-મુનિ કેવા હોય છે એની પણ ભેગી (–સાથે) આ વ્યાખ્યા છે. સમજાય છે કાંઈ ?

મુનિ અથવા આચાર્ય-સંત કેવા હોય છે ?

કે નિમિત્તરૂપ સર્વજ્ઞની વાણીની સેવાથી જેને આત્માનો (પ્રચુર) આનંદ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ ? (આચાર્યદેવને) આત્મવૈભવ પ્રગટ્યોને ? તો, વૈભવ અંદરમાં હતો (એ પ્રગટ્યો).

જ્ઞાન, આનંદ, શાંતિ એવા સ્વભાવ.... સ્વરૂપ પોતાનું ત્રિકાળી (દ્રવ્ય) છે (અને) ભગવાને (પણ) એમ કહ્યું હતું વાણીમાં—એમ કહે છે. (તે) ભગવાનની વાણીની 'સેવા'નો અર્થ એ છે કે.... એમાં એ કહ્યું હતું કે 'આત્માના

સ્વભાવ—સ્વરૂપ તરફ વળીને આનંદનો અનુભવ કરવો.'—એમ ભગવાનની વાણીમાં આવ્યું હતું (અને) એની 'સેવા' કરવાથી મને આત્મવૈભવ પ્રગટ્યો છે. એટલે કે એમની વાણીમાં આત્મવૈભવ પ્રગટ કરવાનું આવ્યું હતું—એમ કહે છે. વજુભાઈ ? આહાહા ! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા દ્રવ્યે અને ગુણે તો પરિપૂર્ણ આનંદ અને વિજ્ઞાનઘન છે.... અતીન્દ્રિય આનંદનું દળ.. દળ છે એ આત્મા. એમાંથી.... ભગવાનની વાણીની 'સેવા' કરવાથી, એમણે (–ભગવાને) કહ્યું (એવો અનુભવ થયો અને) ભગવાનની વાણીમાં (પણ) એમ (–અનુભવ કરવાનું કથન) આવ્યું (હતું).

એનો અર્થ આ થયો કે.... સર્વજ્ઞની વાણીના ઉપદેશમાં એ આવે છે કે 'આ ભગવાન આત્મા પૂર્ણાનંદ છે એક-અખંડ, એની સેવા કર એટલે કે એમાં એકાગ્ર થા તો તને આત્મશાંતિ.... આત્મ-આનંદ અને ધર્મ પ્રગટ થાય.' સમજાણું કાંઈ ? (અને) એ (ધર્મ) મને પ્રગટ્યો છે—એમ કહે છે. મુનિ હોય સાચા.... આચાર્ય સાચા (હોય) એની એવી દશા હોય જ—એમ કહે છે. સમજાય છે કાંઈ ? અને....

(૨) વળી તે નિજવિભવ કેવો છે ? સમસ્ત જે વિપક્ષ.... ભગવાને કહેલો આત્મા કે ભગવાને કહેલો માર્ગ છે એનાથી વિપક્ષ જેટલા માર્ગો છે જગતના (તે) અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ.... છે. સર્વજ્ઞ પરમાત્માની વાણીમાં (કહેલ માર્ગ) સિવાય અજ્ઞાનીઓએ કહેલા જેટલા માર્ગો છે (તે) સર્વથા એકાંતરૂપ નયપક્ષ છે.

(૧) કાં એકાંત નિત્ય જ માને, કાં એકાંત અનિત્ય જ માને;
(૨) કાં એકાંત શુદ્ધ જ માને, કાં એકાંત.... પર્યાય અશુદ્ધ છે તો (પૂર્ણ દ્રવ્ય) અશુદ્ધ જ માને;
(૩) (કાં એકાંત) એક જ માને, (કાં એકાંત) અનેક જ માને વગેરે....

વીતરાગ સર્વજ્ઞની વાણીના ઉપદેશ સિવાય જેટલા અન્યમતીઓના (કથન) છે એ બધા એકાંત પક્ષના કહેનારા છે.

કહે છે કે એકાંત પક્ષરૂપ નયપક્ષ—તેમના નિરાકરણમાં સમર્થ જે અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ.... અંતરના ન્યાયથી મેં (–આચાર્યદેવે) સિદ્ધ કર્યું છે કે કુયુક્તિથી કહેનારા એ જૂઠા છે. એ મેં નિસ્તુષ.... અખંડ યુક્તિથી સિદ્ધ કર્યું છે. સમજાણું કાંઈ ?

સમસ્ત જે વિપક્ષ.... ભગવાનના માર્ગથી વિપક્ષ. ઓહોહો ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વરના (કહેલા પંથ) સિવાય જેટલા પંથો છે જગતમાં, એ બધા સ્વચૈતન્યપક્ષથી અથવા આત્મપક્ષથી તદ્દન વિરુદ્ધ પક્ષવાળા છે. એ વિરુદ્ધ પક્ષવાળા અન્યવાદીઓથી ગ્રહણ કરવામાં આવેલ સર્વથા એકાંતરૂપ નયપક્ષ —તેમના નિરાકરણમાં સમર્થ....

(એટલે) શું ? કે એનો (–એકાંતરૂપ નયપક્ષનો) નિષેધ કરવામાં.... તેઓ (ખોટા છે એવો) નિર્ણય કરવામાં સમર્થ..........

શું (–કોણ) ?

અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ.... અતિનિસ્તુષ....

'તુષ'.... એટલે ફોતરાં,

('નિઃ' એટલે) વિનાની.

('નિસ્તુષ' અર્થાત્) અખંડ.... અખંડ

'નિર્બાધ'.... બાધા વિનાની

—એવી યુક્તિ તેના અવલંબનથી.... મારા આત્મવૈભવનો 'જન્મ'.... નામ ઉત્પત્તિ છે. સમજાય છે કાંઈ ?

અન્યમતીઓ જેટલું કહે છે એનો મેં મારી (–આચાર્યદેવે પોતાની) અખંડ યુક્તિ દ્વારા નિર્ણય કરીને.... 'એ ખોટા છે ને (સત્ય) વાત બીજી છે.'—એમ (નિર્ણય કરીને) અખંડ નિર્બાધ યુક્તિથી મેં મારા આત્માનો વૈભવ પ્રગટ કર્યો છે. સમજાય છે કાંઈ ? એનો અર્થ એ છે કે અજ્ઞાનીના જેટલા પંથો છે એ બધા મારા ખ્યાલમાં આવી ગયા છે અને મેં એનું નિરાકરણ કરી નાખ્યું છે કે વસ્તુ(સ્વરૂપ)—એમ છે નહિ. સમજાય છે કાંઈ ?

ન્યાય-યુક્તિ દ્વારા.... અંતરના ન્યાય અને યુક્તિ દ્વારા (અર્થાત્) અખંડ યુક્તિ દ્વારા (નિરાકરણ કર્યું)—એમ (કહેવું છે). અતિનિસ્તુષ નિર્બાધ યુક્તિ તેના અવલંબનથી....

(અહીં) અસ્તિ-નાસ્તિ કરી છે....

(પહેલો બોલ :) સર્વજ્ઞની વાણીની સેવા.... (–અસ્તિ) અને
(બીજો બોલ :) એ (–સર્વજ્ઞ) સિવાયના અજ્ઞાનીઓની વાણીનું નિરાકરણ (કર્યું) કે આ (–અજ્ઞાની કહે છે) એમ વસ્તુ છે નહિ.... (–નાસ્તિ).

એ રીતે મારા આત્માના આનંદનો.... ધર્મનો.... વીતરાગી પર્યાયનો.... (મારામાં) ઉત્પન્ન (અથવા) જન્મ થયો છે. સમજાણું કાંઈ ? એનો અર્થ કે જેને ધર્મ પ્રગટ થાય એને આ રીતે જ થાય—એમ (કહે છે). સમજાણું કાંઈ ?

(૧) સર્વજ્ઞ પરમાત્મા છે એની વાણીનો અવયવ મળે, એનો નિર્ણય (કરે) અને
(૨) અજ્ઞાનીઓના (વિપરીત) નિર્ણયનો વિરોધ (–નિષેધ) કરે કે 'આ નહિ.... આ નહિ.... આ નહિ....'

સમજાય છે ? એથી એને આત્માનું જ્ઞાન અને આત્મદર્શન (એટલે કે) આત્માનું સમ્યગ્દર્શન.... અનુભવ થાય. ન્યાય સમજાય છે કાંઈ ?

તેમના નિરાકરણમાં સમર્થ.... ન્યાય કરવામાં.... તેનો (–અન્યવાદીઓનો) નિષેધ કરે (કે 'આ રીતે વિપરીત) ન હોય.... ભગવાન કહે છે તેમ વસ્તુ હોય, અજ્ઞાનીઓ કહે છે તેમ ન હોય'. એવો (–એ રીતે) જે (યથાર્થ) આત્મા છે એનો મેં નિર્ણય (કર્યો છે અને) અજ્ઞાનીઓની યુક્તિઓ સામે નિર્બાધ યુક્તિથી મેં એમનું નિરાકરણ કરી નાખ્યું છે. સમજાય છે કાંઈ ? હવે એમાં (–અન્યમત સંબંધી શંકા થતી) નથી કે અન્યમતીમાં કાંઈક (સત્ય) કહેતા હશે કે (કોઈ અપેક્ષાએ) કહેતા (હશે) ?—બધું નિરાકરણ થઈ ગયું છે. સમજાણું કાંઈ ?

બે બોલ થયા.

(૩) વળી તે કેવો છે મારો વૈભવ ? વૈભવ.... (એટલે) આત્માની નિર્મળ વીતરાગી પર્યાયની આ વાત ચાલે છે. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ આત્માનો 'વૈભવ' છે. સમજાય છે કાંઈ ? ભગવાન આત્મા દ્રવ્ય-ગુણે તો પૂર્ણાનંદ પ્રભુ છે. (હવે) એની અંદર સેવા કરવાથી જે સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્રમય વીતરાગતા પ્રગટ થઈ એ આત્માનો નિજવૈભવ.... પર્યાયરૂપ દશાનો નિજવૈભવ કહેવામાં આવે છે. શક્તિએ (-ગુણ અપેક્ષાએ) તો પૂર્ણ (વૈભવ) પડ્યો છે. સમજાણું કાંઈ ?

જુઓ ! કરિયાવર દેખાડે છેને છોડીને (-દીકરીને) વળાવે ત્યારે ? કરિયાવર નથી આપતા ? ક્યા કહતે હૈં તુમ્હારે ? દહેજ, કે આટલું આપીએ છીએ.... આટલું આપીએ છીએ. આ પાંચ હજારનું સોનું, આ ૧૦૧ સાડલા, ફલાણું, ઢીંકણું, આ સાંકળી આટલી—એમ કહે છેને બધું ? પાથરે છેને પછી ઢોલિયામાં ? એ તો બતાવવા.... ખોટા અભિમાન કરવા (માટે છે).

આ, (આચાર્યદેવ) કહે છે કે મારો વૈભવ હું તમને બતાવું છું ભાઈ ! આ મારો વૈભવ મને આ રીતે પ્રગટ્યો છે (અને) આ રીતે પ્રગટ્યો છે એ વૈભવથી હું આ વાત (-સમયસાર) હવે કહીશ. સમજાય છે કાંઈ ? ગજબ વાત ! સમયસારની વસ્તુ (-કથન શૈલી)....

વળી તે કેવો છે મારો વૈભવ ? એટલે કે આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગી દશા એવો મારો વૈભવ. નિર્મળવિજ્ઞાનઘન જે આત્મા.... પહેલી તો વ્યાખ્યા કરી આત્માની કે....

આત્મા કેવો ?

કે નિર્મળવિજ્ઞાનઘન.... ભગવાન આત્મા નિર્મળવિજ્ઞાનનો ઘન પ્રભુ છે. સમજાય છે ?

નિર્મળવિજ્ઞાનઘન....(—એ) ધ્રુવ છે.
તેમાં અંતર્નિમગ્ન....—એ પર્યાય છે.

વિજ્ઞાનઘન જે આત્મા.... અને તેમાં અંતર્નિમગ્ન.... એ વિજ્ઞાનઘનમાં અંતર્ + 'નિ'.... વિશેષે મગ્ન થયા (એવા) પરમગુરુ—સર્વજ્ઞદેવ.... પરમેશ્વર.

સર્વજ્ઞ પરમાત્મા છે એ વિજ્ઞાનઘન આત્મામાં.... જે સર્વજ્ઞ પરમાત્મા થયા એ, વિજ્ઞાનઘન આત્મા છે (એમાં) અંતર્નિમગ્ન.... (અર્થાત્) એ સ્વરૂપની અંતર્ + 'નિ'.... વિશેષે મગ્ન થઈ ગયા. એવી જે સર્વજ્ઞ દશા (છે તે જેને પ્રગટી છે).... સમજાય છે કાંઈ ? એનાથી કહેલો આ ઉપદેશ છે—એમ કહે છે.... આહાહા !

જુઓ ! ઠેઠ (-શરૂઆત) સર્વજ્ઞથી લીધું (-કરી). વિજ્ઞાનઘન નિર્મળ પરમાત્મા.... પોતે આત્મા વસ્તુ જ વિજ્ઞાનઘન છે.... દળ છે.... ધ્રુવ છે. તેમાં અંતર્નિમગ્ન.... ભાષાનું ધ્યાન રાખજો (કે)....

(૧) કેવળજ્ઞાનીને માટે જે ('અંતર્નિમગ્ન') શબ્દ વાપરે છે
(૨) એ જ ('અંતર્નિમગ્ન') શબ્દ છદ્મસ્થ (ગણધરાદિ) મુનિઓને માટે પણ વાપરે છે,

થોડોક ફેર (–અલ્પ ચારિત્રમોહ) છે એ વાત કાઢી નાખે છે. સમજાય છે કાંઈ ?

'આત્મા' એટલે એમ કહ્યું પાછું.... 'આત્મા' એટલે (નિર્મળવિજ્ઞાનઘન—એમ) પણ બતાવ્યું. એ આત્મા.... કાંઈ શરીર, વાણી, મન અને પુણ્ય-પાપના વિકલ્પ-રાગ એ કાંઈ આત્મા નથી. તેમ (જ) એક સમયની પર્યાય જેટલો (પણ) આત્મા નથી—એમ પહેલું સિદ્ધ કરવું છે. એકલો જ્ઞાનઘન.... જેમ બરફની શીલા છે (ઘન) એમ આત્મા એકલો વિજ્ઞાનઘન છે. આત્મા નિર્મળવિજ્ઞાનઘન.... એ વસ્તુ (–દ્રવ્ય), એમાં અંતર્નિમગ્ન.... પર્યાય દ્વારા આમાં (–આત્મામાં સર્વજ્ઞ) લીન થયા.

અંતર્+નિ+મગ્ન....

('અંતર્') = અંતરમાં,
'નિ'= વિશેષે,
('મગ્ન') = મગ્ન થયા

—એવા સર્વજ્ઞ પરમાત્મા. સમજાય છે કાંઈ ?

અને એ 'પરમગુરુ'.... એટલે સર્વજ્ઞદેવ અને અપરગુરુ.... ગણધરદેવથી માંડીને (અમારા ગુરુ પર્યંત). ભગવાન મહાવીર પરમાત્મા (થયા) પછી (-તેમના સમયે ૧૧) ગણધર થયા, તેઓ.... ગણધર પણ નિર્મળવિજ્ઞાનઘન આત્મા છે તેમાં અંતર્નિમગ્ન હતાં. સમજાય છે કાંઈ ? ગણધર થયા એ પણ નિર્મળવિજ્ઞાનઘન ભગવાન આત્મામાં ડૂબકી મારતાં.... અંતર્નિમગ્ન હતાં. એમાં (-'અપરગુરુ'માં) એ (ગણધરદેવ પણ) આવી ગયા.

ઓહો ! આટલું બધું ઠેઠનું (-સર્વજ્ઞદેવ સુધીનું) નક્કી કરી લીધું ! બધાની પરીક્ષા (-ઓળખાણ) કરી લીધી કે....

(૧) વીતરાગ (સર્વજ્ઞદેવ) આવા હતાં....
(૨) ગણધર આવા હતાં....
(૩) એના પછીના મુનિ આવા હતાં....
(૪) એના પછીના મુનિ આવા (હતાં)....
(૫) એના પછીના મુનિ આવા (હતાં) !

તે (-સર્વજ્ઞથી લઈને) અમારા ગુરુ પર્યંત બધા.... નિર્મળવિજ્ઞાનઘન (આત્મા છે) એમાં અંતર્નિમગ્ન હતાં એમ અમે અનુભવ્યું છે (અર્થાત્) જાણ્યું છે—એમ કહે છે.

શ્રોતા : વૈભવ.....

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, એ (વૈભવ) અમને પ્રગટ્યો છે (આ રીતે), પણ એ (અમારા ગુરુ આદિ) આવા હતાં (—એમ કહેવું છે અને) એમણે અમને અનુસરીને શિખામણ આપી છે (એટલે કે) અમારા ઉપર મહેરબાની કરી પ્રસાદ કર્યો.... પ્રસાદ આપ્યો અમને. આવા પરમાત્મા અને પછી પરંપરામાં થયેલા ગણધર, મુનિઓ—આમ ધારાવાહી.... આહાહા !

અમારા ગુરુ પર્યંત.... પોતે (આચાર્યદેવ) છદ્મસ્થ છે, છતાં કહે છે કે એ બધા.... (અમારા ગુરુથી લઈને) ઠેઠ પરમાત્મા (સુધી) નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન હતાં (અને) એમણે અમને.... મહેરબાની કરીને અમને અનુસરીને.... 'अनुशासन'.... અમને અનુસરીને (કહ્યું હતું). (ભગવાનની

વાણીના ભાવ અમે યથાર્થ ગ્રહણ કર્યાં એટલે) ‘અમને અનુસરીને ભગવાને કહ્યું હતું’. (—એમ કહે છે). કહો, સમજાણું કાંઈ ?

તે અપરગુરુ—ગણધરાદિકથી માંડીને અમારા ગુરુ પર્યંત.... દેખો ! ગુરુ આવા હોય.... સાધુ આવા હોય ને આચાર્ય આવા હોય—એમ કહે છે.... સમજાણું કાંઈ ?—કે જે, ભગવાન આત્મા નિર્મળવિજ્ઞાનઘન છે એમાં લીન છે.... એમાં લીન છે. એટલી જેને વીતરાગતા પ્રગટ થઈ છે તેને ગુરુ કહીએ.... તેને સાધુ કહીએ (અને) તેને આચાર્ય કહીએ. સમજાણું કાંઈ ? એમણે (–આચાર્યદેવે) એમ નથી કહ્યું કે અમારા ગુરુ પંચ મહાવ્રતના પાળનારા હતાં.

શ્રોતા : છ કાયના પિયર....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પિયર.... છ કાયના પિયર. એ વળી અમારે (વડાલવાળા) ન્યાલભાઈના સંપ્રદાયનું (કથન) આવ્યું કે છ કાયના રક્ષક.... છ કાયના ગોવાળ.

આહાહા ! શું (આ સમયસારની) એક શૈલી પણ ! સર્વજ્ઞ પરમેશ્વરથી માંડીને અમારા ગુરુ (કે જેઓ) અત્યારથી લઈને બે હજાર વર્ષ (પહેલાં) થયા (અને) એમનાથી (મહાવીર ભગવાન) છસો વર્ષ (પહેલાં થયા). લગભગ કહે છે.... થોડો ઘણો એટલો ફેર.... છસો વર્ષ. ઠેઠ (–શરૂઆત) મહાવીર ભગવાન પરમાત્માથી માંડીને (અમારા ગુરુ સુધી—બધા આત્મામાં નિમગ્ન હતાં), કારણ કે અમને પ્રગટ્યું છે એવું (અંતર્નિમગ્નપણું). એમણે અમને કહ્યું હતું એવું અમને પ્રગટ્યું છે (તો) એ એવા હતાં. સમજાય છે કાંઈ ?

(જે) પરમાત્માના મુખમાંથી વાણી નીકળી એ કેવાં હતાં ?

કે નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન હતાં. કારણ કે અમે પણ એ વાણીની સેવા (કરી હતી અને તે) કરવાથી અમને આ (અંતર્નિમગ્નપણું) પ્રગટ્યું છે. તે (સર્વજ્ઞની) વાણીમાં એ (અંતર્નિમગ્ન થવાનું) આવ્યું હતું ને વાણીમાં નિમિત્ત કેવળજ્ઞાની–સર્વજ્ઞ હતાં, (તેથી) એ સર્વજ્ઞ અંતર્નિમગ્ન જ હતાં. સમજાણું કાંઈ ? આહાહા !

અરે ! અહીં તો કહે છે.... એ તો ઉપદેશ એમનો.... સર્વજ્ઞનો નીકળે (ત્યારે તેઓ અંતર્નિમગ્ન હોય જ), પણ હવે ગુરુ જે છે.... ગણધરથી માંડીને અત્યાર સુધીના જે (મુનિરાજ) છે એ (બધા) તો છદ્મસ્થ છે. (તેથી) ઉપદેશ વખતે તો એમને વિકલ્પ (હોય છે), ભાઈ ! છતાં અમે તો કહીએ છીએ કે અમારા ગુરુઓ—કે જે સંત છે એ નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં નિમગ્ન છે.

શ્રોતા : ઉપદેશ વખતે પણ (આત્મામાં) નિમગ્ન ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : (હા), ઉપદેશ વખતની વાત છેને ! એ (ગુરુ) તો નિમગ્ન ત્યાં (આત્મામાં) છે, વિકલ્પમાં આવ્યા જ નથી. સમજાણું કાંઈ ? શું કથનની પદ્ધતિ પણ તે ! અને તે અમારા અનુભવથી અમે કહીએ છીએ. કારણ કે એ વાણીમાં એ (અંતર્નિમગ્નતા કરવાનું કથન) આવ્યું હતું.

એ (દિવ્ય)વાણીમાં નિમિત્તપણે સર્વજ્ઞ હતાં અને અહીં ગુરુની વાણીમાં.... વાણીમાં (ગુરુનું નિમિત્તપણું) આવી ગયું, (અર્થાત્) એ વાણીમાં એમનો (–ગુરુનો) ભાવ નિમિત્તપણે હતો. તો, એમનો ભાવ આવો (–અંતર્નિમગ્ન થવાનો) હતો (—એમ કહેવું છે). આહાહા ! સમજાય છે કાંઈ ? (પણ) આવી દેહની ક્રિયા કરતાં હતાં એ અમારા ગુરુ ને સર્વજ્ઞ આવી વાણી કાઢતાં હતાં અને એમને સમવસરણ હતું (—એમ નથી કહેવું). સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા એ જ્ઞાનનો કંદ છે. જેમ શક્કરકંદ છે તે એકલું મીઠાશનું દળ છે, તેમ (આ) આત્મા એકલો જ્ઞાન ને આનંદનો દળ છે. (શક્કરકંદ) રૂપી છે ને આ (આત્મા) અરૂપી છે એટલું, બીજું કાંઈ (ફેર) નહિ. પણ છતાં આ (આત્મા) મહાન પદાર્થ છે, કારણ કે જડને પણ.... જડપણાને પ્રસિદ્ધ કરનાર તો આ જ્ઞાન છે. સમજાય છે કાંઈ ?

એવો જે આ ભગવાન આત્મા નિર્મળવિજ્ઞાનઘન (છે તે) આત્મામાં અંતર્નિમગ્ન સર્વજ્ઞપ્રભુ, ગણધરદેવ (હતાં—કે જેઓ કુંદકુંદાચાર્યના) વખત (–સમય અગાઉ લગભગ) છસો વર્ષ (પહેલાં) થયાં હતાં. ત્યારથી માંડીને અત્યાર સુધી.... અમારા ગુરુ પર્યંત.... છે ? અપરગુરુથી માંડીને અમારા ગુરુ પર્યંત....—એ બધા વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતાં. આહાહા ! કેવી શૈલી છે !

અમૃતચંદ્રાચાર્યે છેલ્લા (કળશ ૨૭૮માં) કહ્યુંને કે ભઈ ! આ વિકલ્પમાં અમે આવ્યા છીએ (એમ ન માનો). અમે તો સ્વરૂપગુપ્ત છીએ.... અમે તો સ્વરૂપગુપ્ત છીએ. આ વાણી અમારી કરેલી જ નથી, વાણી તો જડથી બની છે.—એ જ (વાત) અહીં કહે છે. સમજાણું કાંઈ ?

અમારા ગુરુ તો સ્વરૂપગુપ્ત હતાં.... સમજાય છે કાંઈ ? એનો અર્થ (કે) અમે પણ (સમયસાર) કહેશું ત્યારે (અમે સ્વરૂપગુપ્ત હશું).... અમે પણ સ્વરૂપગુપ્ત જ છીએ. આહાહા ! સમજાણું કાંઈ ? અમે કહીએ છીએ એ કાળે પણ અમે નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન જ છીએ—એમ કહે છે. વજુભાઈ ! આહાહા ! વાત તો (ગુરુની) કરે છે, પણ (સાથે પોતાની વાત પણ) કહે છે પાછું. આહાહા !....

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ (શાસ્ત્ર) તો એની મેળાએ રચાય છે.

જ્ઞાનસ્વરૂપ છે પ્રભુ આત્મા, એમાં નિમગ્ન દશાથી આત્માપણું (–વીતરાગપણું થયું) તે આત્મા છે. (શું) વિકલ્પ ઊઠ્યો એ આત્મા છે ? અને એમાં અમે છીએ ? એ (–વિકલ્પ) તો આસ્રવતત્ત્વ છે. શરીર (છે), વાણી (ઊઠી) એમાં અમે છીએ ? એ તો અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ ? આહાહા !

(કોઈ) કહે છે કે 'કુંદકુંદાચાર્ય અને આમણે (–અમૃતચંદ્રાચાર્યે) અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા, પંચ મહાવ્રત પાળ્યા અને તમે કહો છો કે મહાવ્રત એ આસ્રવ છે.... પુણ્ય છે.... હેય છે ?'

(અતિ કરુણાથી :) અરે ભગવાન ! તેં (સત્) સાંભળ્યું નથી પ્રભુ ! એ પ્રભુના પંથ તેં સાંભળ્યા નથી નાથ ! તું પણ પ્રભુ છો હોં ! આહાહા ! ફક્ત (તારું) નિમગ્નપણું પરમાં છે—એટલો ફેર છે. વિજ્ઞાનઘન ભગવાન (આત્મા) આનંદનો કંદ છે, એને છોડીને (તું) રાગમાં નિમગ્ન છે. બસ, એ જ (ફેર છે), (બાકી) વસ્તુ ભગવાન (આત્મા) તો ભગવાન જ છે. ભગવાનજીભાઈ ! આહાહા !

ભાઈ ! તું રાંકો થઈને રાગમાં એકાકાર થયોને ? પણ એ તું નહિ હોં ! એ તારી નાત નહિ.... તારી જાત નહિ હોં એ.... એ આત્મા નહિ હોં પ્રભુ ! આહાહા ! સમજાય છે ? તું (પર્યાયમાં સાચો) આત્મા નથી થયો. જેની રાગમાં લીનતા છે.... પુણ્યનો નાનો પણ વિકલ્પ છે એમાં જેણે અસ્તિપણું ને એકત્વ માન્યું છે એ આત્મા નથી. એ ભગવાન તો ખરો વસ્તુએ, પણ પર્યાયે તે પામર અને અનાત્મા થઈ ગયો છે. આ (-જે આત્મામાં નિમગ્ન છે એ) તો દ્રવ્ય-ગુણે 'આત્મા' ને પર્યાયે પણ 'આત્મા'—એમ કહે છે અહીં તો. આહાહા ! સમજાણું કાંઈ ?

વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. વસ્તુ.. 'વસ્તુ વહોરજો રે, દોશીડાને હાટે'.... —એવું આવે છેને કાંઈકને ? (શ્રોતા : એ તો લગ્નમાં આવે છે.) લગ્નમાં.... આ પણ લગ્ન છેને આહીં. એવું આવે છે ગાયન. આપણે સાંભળેલું હોય એવું, બાયું (-બહેનો) બોલતી હોયને ક્યાંક. 'વસ્તુ વહોરજો રે, દોશીડાને હાટે'. 'દોશી' વેપાર કરતા હોયને—એમાંથી (ત્યાં કહ્યું). આહાહા ! વસ્તુ વહોરજો રે, આ ભગવાનની પાટે બેસીને અંદરમાં.... (—એમ આહીં) કહે છે. આહાહા ! સર્વજ્ઞનો નાથ પરમાત્મા પોતે બિરાજે છેને ! એ વસ્તુને વહોરજેને ?.... એને વહોરને ?.... એને લેને ? સમજાણું કાંઈ ?

ભગવાન કુંદકુંદાચાર્ય ફરમાવે છે કે 'હું સમયસાર કહીશ હોં !.... મારા વૈભવથી કહીશ. પણ મારો વૈભવ પ્રગટ્યો છે એમાં નિમિત્ત કારણ કોણ હતું અને એનો ઉપદેશ કરનારા કેવાં હતાં ?.... કેવાં હતાં ? એ બધા(ને) ઓળખીને હું વાત કરું છું.' આહાહા !

જુઓ ! લોકો કહે છેને ભઈ ! કે 'એ છદ્મસ્થથી કાંઈ પરનું જણાય ? છદ્મસ્થ જ્ઞાની (આચાર્યને) અવધિજ્ઞાન નહીં.... મનઃપર્યયજ્ઞાન નહીં, (તો પછી) આ ગુરુ નિર્મળવિજ્ઞાનઘન (આત્મામાં અંતર્નિમગ્ન) છે એ કેમ નક્કી થાય ?'

(સમાધાન :) અરે ભગવાન ! શું તું કહે છે ? રહેવા દે.... એમ રહેવા દે. સમજાય છે કાંઈ ? એ વાણીના પ્રવાહના (નિમિત્તે) જે નૈમિત્તિકપણું આવ્યું (-જે જ્ઞાન થયું), એમાં નિમિત્તપણું કેવું હતું (-સર્વજ્ઞ આદિ કેવાં હતાં) એ એના જ્ઞાનમાં ખ્યાલ આવી (જ) જાય. સમજાય છે કાંઈ ?

કહે છે.... આહાહા ! એ વીતરાગના માર્ગની પરંપરા કેવી હતી એ પણ બતાવ્યું છે. આહાહા ! આવા વીતરાગના કેડાયતો બધા (ગણધરાદિ ભૂતકાળમાં) થયાં હતાં.... પરમેશ્વરની પાછળ.. પાછળ.. અમે થયા ત્યાં સુધી. અને અમે પણ....—એમ ભેળવીને ન કીધું, પણ (નરમાશથી કહ્યું કે) અમને આ (ઉપદેશ) મળ્યો (એથી નિજ)વૈભવ પ્રગટ્યો આહીં. આહાહા !

એવા જે અમારા ગુરુ પર્યંત.... લ્યો ! એ બધા વિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન હતાં. 'એકલા નિમગ્ન'—એમ નહીં, (પણ) અંતર્નિમગ્ન. 'મગ્ન'.... એકલા નહિ, એકલા 'નિમગ્ન'.... નહિ, (પણ) અંતર્નિમગ્ન.... 'અંતર્ + નિ + મગ્ન'... આટલા શબ્દ વાપર્યા છે (અર્થાત્) અંતરમાં વિશેષે મગ્ન હતાં (—એમ કહે છે, કેમ કે) કેવળી અને મુનિઓની વાત છે ખરીને ? (એટલે આ રીતે કહ્યું છે). સમજાય છે કાંઈ ? સમ્યગ્દ્રષ્ટિ, (શ્રાવક) એટલા બધા (કેવળી ને મુનિઓ જેટલા) અંતર્નિમગ્ન.... એટલા બધા (અંતર્નિમગ્ન) ન હોય ભાઈ !—એમ બતાવવું છે.

મુનિઓ અંતર્ + નિ + મગ્ન છે. મુનિ કોને કહે ! આહાહા ! અહીં તો બેયને (–કેવળી ને મુનિને) સરખા નાખ્યા (–બતાવ્યા). સર્વજ્ઞ પરમેશ્વર પણ વિજ્ઞાનઘન આત્મામાં અંતર્ + નિ + મગ્ન છે (અને) ગણધરથી માંડીને અમારા ગુરુ કે સાચા મુનિ–સંત પણ વિજ્ઞાનઘન નિર્મળ આત્મામાં અંતર્ + નિ + મગ્ન છે (અને) એમણે અમારા ઉપર મહેરબાની કરીને ઉપદેશ આપ્યો—એમ કહે છે.... અમને પ્રસાદી આપી. કહો, સમજાણું કાંઈ ?

'સત્યનારાયણ'ની કથામાં આવે છેને ? શીરો વહેંચેને (ત્યારે) 'પ્રસાદી લીધા વિના ન જાવું'—એમ બ્રાહ્મણ બોલે. 'પ્રસાદી (લીધા) વિના ગયો તો ફલાણું થયું હતું'—એવું (એમાં) આવે છે. કથા સાંભળી હતી, (તેમાં) આવે છેને ? કે વહાણ ભરીને ગયા હતા ને એમાં.... અમારે ત્યાં થાતી'તી પટેલ (સમાજ)માં પણ તે 'સત્યનારાયણ'ની કથા. (ખરેખર તો) 'સત્યનારાયણ' (એટલે) આ (આત્મા) સત્યનારાયણ છે. સમજાય છે કાંઈ ? સત્યનારાયણ ભગવાન.... નરનો નારાયણ થવાને લાયક આત્મા છે. પરમેશ્વર.... નારાયણ થઈ ગયા (અર્થાત્) સત્યસ્વરૂપમાં મગ્ન થઈ ગયા એ નારાયણ.... પરમાત્મા થઈ ગયા. —એ (સાચા) નારાયણ હોં.

અમે કહીએ છીએ કે અમારા ગુરુ પર્યંત.... છસો-છસો વર્ષ ચાલ્યા ગયા.... ભગવાન ને કેવળજ્ઞાનના વિરહ પડી ગયા (તેમ જ) અવધિ અને મનઃપર્યય(જ્ઞાન) નથી, છતાં અમે અમારા ભાવથી—ભાનથી ચોક્કસ કહીએ છીએ.... અમે સત્ય જાણનારા (અને) સત્ય બોલનારા (આવું કહીએ) છીએ.... સમજાય છે કાંઈ ? નિઃસંદેહપણે સત્ય કહેનારા (કહીએ) છીએ કે (કેવળીથી લઈને) અમારા ગુરુ પર્યંત એ (બધા) નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન હતાં. આહાહા ! આ દશા જુઓ સાધુની ! સુગનચંદજી !

ભગવાન !.... (લોકો) ચકરાય (–ચકરાવે ચડી) જાય એટલું (અજ્ઞાનીએ) ફેરવી નાખ્યું છે. હવે એને અહીં જ્યાં (સત્ય) કહેવાય છે ત્યાં.... 'અરે ! તમે આમ કીધું ?' (—એમ અજ્ઞાની કહે છે.)

(અતિ કરુણાથી :) ભાઈ ! વસ્તુનું સ્વરૂપ આવું છે બાપા ! ભાઈ ! તું (મિથ્યા માન્યતાથી) છેતરાઈ જઈશ. સમજાય છે ? એ રાગની ક્રિયા અને પુણ્યની ક્રિયામાં મુનિપણા માનીશ તો શ્રદ્ધામાં છેતરાઈ જઈશ.... બાપા ! હણાઈ જઈશ, (પછી) તારો આરો નહીં આવે. સમજાય છે કાંઈ ?.... ભાઈ ! માર્ગ તો આ છેને બાપા ! (માત્ર તારા) માટે (આ વાત) નથી, આ તો વસ્તુની સ્થિતિ જ આવી છે. સર્વજ્ઞ પરમેશ્વરના માર્ગમાં આવો જ માર્ગ ચાલે છે. સમજાય છે કાંઈ ?

પોકાર છે છદ્મસ્થનો. કુંદકુંદાચાર્ય ભગવાન (મહાવીર) પછી છસો વર્ષે (થયાં—કે જ્યારે) અવધિજ્ઞાનના વિરહ પડ્યા (હતા), મનઃપર્યયજ્ઞાનના વિરહ પડ્યા (હતા અને) કેવળીના (તો) વિરહ પડ્યા (હતા જ. છતાં) પણ 'અંતર્નિમગ્નતા'નો વિરહ નથી (–નહોતો) પડ્યો....(—એમ આચાર્યદેવ) કહે છે. સમજાણું કાંઈ ?

આહાહા ! વસ્તુ ભગવાન (આત્મા) નિર્મળાનંદનો નાથ છે એમાં અંતર્નિમગ્ન (એવા) અમે કહીએ છીએ કે અત્યાર સુધી (અંતર્નિમગ્નતાનો વિરહ) કોઈ દિ' મુનિઓને પડ્યો નથી હોં. આહાહા ! ભલે મન:પર્યય(જ્ઞાન) ન હોય, અવધિ(જ્ઞાન) ન હોય અને કેવળ(જ્ઞાન પણ) ન હોય. વજુભાઈ ? આહાહા ! જુઓ ! આ એક મુનિપણાની પરીક્ષા (–ઓળખાણ), તેનું જ્ઞાન, મુનિપણાની મર્યાદાની હદ....

(૧) નગ્નપણું એ મુનિ(પણું) નહીં,
(૨) અઠ્યાવીસ મૂળગુણ (એ) મુનિપણું નહીં, (પણ)
(૩) નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્નતા (એ મુનિપણું).

—એનો અર્થ (એ છે કે) દર્શન–જ્ઞાન–ચારિત્રની.... વીતરાગતાની દશા, નિર્વિકલ્પ આનંદની રમણતા એ સાધુપણું છે.

એ કેવળીનું કેવળજ્ઞાન પણ એવું (–નિર્મળવિજ્ઞાનઘન આત્મામાં અંતર્નિમગ્ન) છે અને આનું (–મુનિરાજનું) સાધુપણું (–ચારિત્ર) પણ એવું છે —એમ કહે છે. આહાહા ! થોડો (ફેર) ઉઘાડમાં (–પરિણતિમાં) છે. (જેમ કે) સર્વજ્ઞને સર્વજ્ઞ(પણું) છે ને આને (–મુનિરાજને) શ્રુતજ્ઞાનનો ઉઘાડ છે, (પણ) એની વાત ન લ્યો (—એમ) કહે છે. આહાહા ! જુઓને ! એકેએક (–બધી વાત) !

એ સર્વજ્ઞને એક સમયમાં ત્રણ કાળ, ત્રણ લોક (પ્રત્યક્ષ) જણાય છે, આ શ્રુતજ્ઞાનમાં પરોક્ષપણે (જણાય છે). ભલે (શ્રુતજ્ઞાનમાં) પરોક્ષપણે જણાય (અને) એ ભલે એનાથી (–કેવળજ્ઞાનથી) અનંતમા ભાગે (છે.... શ્રુતજ્ઞાનમાં) પરોક્ષપણું કહો અને ઓછી શક્તિ કહો, (છતાં) પણ અમે તો એમ કહીએ છીએ કે નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)—કે જેમાં પરમાત્મા.... અનંતા પરમાત્મા પડ્યા છે એમાં એ (મુનિરાજ) અંતર્નિમગ્ન છે. તો (જેમ) સર્વજ્ઞ (આત્મામાં) અંતર્નિમગ્ન છે તેમ મુનિઓ પણ એમાં જ અંતર્નિમગ્ન છે. સમજાણું કાંઈ ?

ગુરુ પર્યંત.... છેને ? (ટીકામાં) મૂળ તો 'पर अपरगुरु'.... (શબ્દ છે). 'प्रसादीकृत'.... હવે 'प्रसादीकृत'.... આવ્યું. એ પ્રસાદરૂપે અપાયેલ.... એની (આખી) ચીજનો તો શું પાક (–ફળ), પણ એની થોડી પ્રસાદી આપી.... નમૂનો. પ્રસાદરૂપે અપાયેલ....

(પ્રશ્ન :) શું અપાયેલ ? પ્રસાદરૂપે શું અપાયેલ ?

(સમાધાન :) શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ.... શુદ્ધાત્મતત્ત્વનો અનુશાસન ઉપદેશ.... अनुशासन.... (ટીકામાં) મૂળ તો 'अनुशासन'.... (શબ્દ) છે. શુદ્ધાત્મતત્ત્વનો (ઉપદેશ) અમને અનુસરીને કહ્યો છે.... શિખામણ આપી છે.

આહાહા ! જુઓ ! સર્વજ્ઞે પણ એમ (ઉપદેશ) આપ્યો, અમારા ગુરુએ (પણ) એમ (ઉપદેશ) આપ્યો.

(પ્રશ્ન :) પણ બીજો ઉપદેશ કેમ ન (આપ્યો) ?

(સમાધાન :) બાપુ ! (અનુભવવા યોગ્ય) વસ્તુ તો આ છે. સમજાય છે કાંઈ ?

**પ્રસાદરૂપે અપાયેલ....** એ **શુદ્ધાત્મતત્ત્વ....** જોયું ! પર્યાયમાં અશુદ્ધતા છે, (પણ) વસ્તુ શુદ્ધાત્મા છે.... એ (દ્રવ્ય) ત્રિકાળી (શુદ્ધ) છે. ત્રિકાળી શુદ્ધ ભગવાન (આત્મા) સચ્ચિદાનંદ પ્રભુ છે—એવો **શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક....** **'અનુગ્રહપૂર્વક'** = મહેરબાની કરીને.... અમને અનુસરીને.... અમને લક્ષ કરીને.... પાઠમાં **'अनुशासन'....** છેને ? પાઠમાં **'अनुशासन'....** છે. **'अनुशासन'**નો અર્થ 'અનુગ્રહ' કર્યો છે.

મૂળ તો **'अनुशासन'....** (શબ્દ) છેને ! અમને અનુસરીને શિખામણ આપી છે (કે) 'જુઓ ! આ શુદ્ધાત્મતત્ત્વ કહેવાય છે, આ શુદ્ધાત્મા....'—એમ કહે છે. સમજાય છે ? શુદ્ધાત્મતત્ત્વનો અમને અનુસરીને ઉપદેશ આપ્યો છે.... મને જ અનુસરીને ભગવાને આવો ઉપદેશ આપ્યો છે.... મારા માટે.... આહાહા ! સમજાણું કાંઈ ?

શું પણ સંસ્કૃત ટીકા ! શું એની ગંભીરતા ! શું (આચાર્યદેવની) અંદર વીતરાગતાના ભાવોની અદ્‌ભુતતા ! કે જેમાં (–જેના કારણે) આવી વાણી એને અનુરૂપ નીકળી. સમજાય છે કાંઈ ? એ વાણીને એ ભાવ (–વીતરાગતા) અનુકૂળ હતો એટલે કે નિમિત્ત હતો. બસ, એટલું. કર્તા-બર્તા નહિ.

કહે છે, **શુદ્ધાત્મતત્ત્વનો.... ઉપદેશ....** આહાહા ! જુઓ ! હવે કોઈ કહે છે કે ભઈ, ઉપદેશ.... આ (આચાર્યદેવ) તો કહે છે, 'અમારા ગુરુએ તો અમને આ (શુદ્ધાત્મતત્ત્વનો) ઉપદેશ આપ્યો છે. દયા પાળો, આવા વ્રત પાળો, આ ભક્તિ કરો, ફલાણું કરો—એવો કાંઈ ઉપદેશ અમને તો આપ્યો નથી, અમને તો આ ઉપદેશ આપ્યો છે.'

(સમાધાન:) એ તો આ (શુદ્ધાત્મતત્ત્વનો) ઉપદેશ આપવામાં બીજું (–ભૂમિકાના વ્રતાદિને) સમજાવે (છે, પણ) એ જ્ઞાન કરવા માટે છે. આદરણીય (કરવા) માટે વસ્તુ, આ (શુદ્ધાત્મતત્ત્વ) એક જ ચીજ છે. સમજાય છે કાંઈ ?

આહાહા ! (કોઈ) કહે છે કે, 'બસ, તમને એક (શુદ્ધાત્મતત્ત્વનો) જ.... એટલો જ ઉપદેશ આપ્યો ? આખો દિ' ભેગા (–સમવસરણમાં ભગવાન પાસે) રહ્યા, કેટલાક ગુરુ (–શ્રુતકેવળી) પાસે (ચર્ચા કરી તો પણ) તમને આટલો જ ઉપદેશ (આપ્યો) ?'

(સમાધાન :) બાપા ! સારમાં સાર (ઉપદેશ) આ જ હતો. સમજાણું કાંઈ ? એ સર્વજ્ઞે (પણ) એમ (જ) કહ્યું—એમ કહે છે. સર્વજ્ઞે પણ અમારા ઉપર મહેરબાની કરીને આવો (–શુદ્ધાત્મતત્ત્વનો જ) ઉપદેશ આપ્યો હતો. અમે તો કહીએ છીએ કે અમને [1*]અનુલક્ષીને એમણે (–સર્વજ્ઞે) તે દિ' (સમવસરણમાં આ જ) કહ્યું હતું. આહાહા ! અમે સંધિ કરીએ છીએને ! કે અમને અનુલક્ષીને ભગવાને (આ જ) કહ્યું હતું. કહે ? શું કહેવું છે તારે ? ન્યાલભાઈ ! આહાહા !

શ્રોતા : કુછ કરનેકી જરૂરત નહિ ?.... ક્રિયાદિ કુછ કરનેકી જરૂરત નહિ ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : કઈ ક્રિયા ? આ (વીતરાગતા એ) ક્રિયા નથી ? આ જ (કરવાયોગ્ય) ક્રિયા છે. (રાગ) તો થોથા ક્રિયા—ઝેરની ક્રિયા છે.... રાગાદિની ક્રિયા તો ઝેરની ક્રિયા છે, (જ્યારે) આ (વીતરાગતા) તો અમૃતની ક્રિયા છે—કે જેમાં અમૃતપણું છે. પોતે મરે નહિ ને (જીવ) જીવતો-જાગતો ઊભો રહે એનું નામ અમૃતક્રિયા છે. રાગની ક્રિયામાં તો (આત્મા) મરી જાય છે.... આત્માની શાંતિનો નાશ થાય છે. આહાહા ! સમજાય છે કાંઈ ? 'અમૃતક્રિયા'.... નથી આવતી એમાં (–સંપ્રદાયમાં) ? પાંચ પ્રકારની આવે છેને ? એ વળી જુદી જાતની કહે છે. એના આગળ (–સંપ્રદાયમાં સાચા) જ્ઞાન(ની વાત નથી).

---

[1*](વાણીના ભાવો યથાર્થ ગ્રહણ કર્યા હોવાથી 'અમને અનુલક્ષીને'—એમ કહે છે).

આ અમૃતક્રિયા. કહે છે, અમારો (નિજ)વૈભવ પ્રગટ્યો છે એ અમારી અમૃતક્રિયા છે અને (કેવળી તેમ જ શ્રુત)કેવળીઓએ અમને લક્ષીને (-લક્ષમાં રાખીને) તે દિ' (સમવસરણમાં આ જ) કહ્યું હતું—એમ અમે કહીએ છીએ.

'अनुशासनजन्मा'.... (કહ્યું) એમાં સર્વજ્ઞ, પરાપર ગુરુ (—એમ) ઠેઠ સુધી છે કે નહિ ? ભઈ, અમારે પંડિતજીને પાછું.... અમરચંદભાઈ ! અમે તો એમ કહીએ છીએ કે પરમેશ્વરના મુખમાંથી શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આવ્યો એ अनुशासन.... અમને લક્ષીને (-લક્ષમાં રાખીને) આવ્યો છે. (પરમેશ્વરનો ઉપદેશ અમે યથાર્થ ગ્રહણ કર્યો એનો અર્થ એ છે કે) એમના ઉપદેશનું લક્ષ અમારા ઉપર હતું. સમજાણું કાંઈ ?

અત્યાર સુધી.... અમારા ગુરુ (પર્યંત).... शुद्धात्मतत्त्वનો अनुशासन.... પછી તો 'अनुशासन'નો (અર્થ 'અનુગ્રહપૂર્વક) ઉપદેશ' (કર્યો). अनुशासनजन्मा.... બસ, અમને લક્ષીને કહેલું એમાંથી (નિજવૈભવ) ઉત્પન્ન થયો. પરમેશ્વરે અમને લક્ષીને કહ્યો શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ (અને) ગુરુએ (પણ) અમને લક્ષીને.... અનુસરીને કહ્યું (એ) 'अनुशासन'. આ એમાંથી અમારા (નિજવૈભવનો) જન્મ થયો છે.... એમાંથી અમારી શાંતિ અને આનંદ પ્રગટ્યા છે. સમજાય છે કાંઈ ? 'સત્યનારાયણ'ની કથા ચાલે છે આ.... 'પ્રસાદી' આવી (-'પ્રસાદ'.... શબ્દ) છેને ? જુઓને ! આહાહા ! આ કાંઈ વાતની વાત નથી ભાઈ ! આ તો અલૌકિક વાત છે. આહાહા !

(શુદ્ધાત્મામાં) લક્ષ બાંધ્યા (જે) આત્માએ, કહે છે, ભગવાને એને (એટલે કે) અમને લક્ષ કરીને ઉપદેશ આપ્યો હતો—એમ અમે કહીએ છીએ. સમજાણું કાંઈ ? ભવ્ય જીવો.... જેને આત્માના લક્ષ થયા છે એવાને અનુસરીને ભગવાનનું કહેવાનું લક્ષ હતું (અર્થાત્) અમને અનુસરીને ભગવાને શિખામણ આપી છે હોં.... અમને (શિખામણ) આપી. આહાહા !

(પ્રશ્ન :) અરે ભગવાન ! (-આચાર્યદેવ !) બહુ વિરહ હતાને તમને (ભગવાનના) ?

(સમાધાન :) એ આંતરો અમે નથી દેખતા (—એમ) કહે છે લ્યો ! સમજાણું કાંઈ ?

એ તો એક (વાત), પણ અહીં તો (કહે છે કે) શુદ્ધાત્મતત્ત્વનો અનુશાસન = ઉપદેશ (આપ્યો).... અમને અનુસરીને શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો છે. 'પુણ્ય કરજે અને વ્યવહાર કરજે ને આ થાશે, વ્યવહારથી આ થાશે'—એ વાત તો ભગવાને કીધી જ નથી અમને (—એમ) કહે છે.

જુઓ ! એનો અર્થ એ (છે કે) એમણે (–ભગવાને) કીધું છે આ (શુદ્ધાત્મતત્ત્વ)—એમ કહે છે. એ તો (મોક્ષમાર્ગમાં) વચ્ચે વ્યવહાર આવે છે (અને) નિશ્ચયનું જ્ઞાન થયું છે તેમાં એ (વ્યવહાર) જણાઈ જાય છે.... જણાઈ જાય છે. એ (વ્યવહાર કરવાનું) કહ્યું નથી (તેમ જ) એ કંઈ નવું જ્ઞાન કરવાનું નથી એને (–વ્યવહારને જાણવા) માટે. સમજાણું કાંઈ ?

એ શુદ્ધાત્મતત્ત્વનો ભગવાને ઉપદેશ આપ્યો છે (અમારે) લક્ષે.... અમને અનુસરીને (અને) અમને અમારો વૈભવ પ્રગટ્યો. એ અમારો નિશ્ચય વૈભવ તે (સાચો) વૈભવ છે. આ (શાસ્ત્ર લખવાનો) વિકલ્પ ઊઠ્યો છે એને જાણવો એ અમારો વૈભવ છે (અને) એને જાણવો એ (પણ) સ્વના લક્ષે (છે એટલે કે) સ્વનું જ્ઞાન થતાં તેને (–વિકલ્પ) જાણવો એ અમારો વૈભવ છે, (પરંતુ) રાગ અમારો વૈભવ નથી. સમજાણું કાંઈ ? અને ભગવાને એમ કહ્યું હતું—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

આ શુદ્ધાત્મતત્ત્વનો ભગવાનની વાણીમાં ઉપદેશ આવ્યો (અને એ જ પ્રમાણે) અમારા ગુરુએ (પણ) અમને 'શુદ્ધાત્મ.... પરમાત્માસ્વરૂપ આ (આત્મા) છે'—એમ કહ્યું. (તેઓ) પોતે નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન હતાં, (તેથી તેમની) વાણી આવી તેમાં આમ કહ્યું. (બીજી રીતે કહીએ તો) શુદ્ધાત્મતત્ત્વની અમને લક્ષીને વાત કરી છે એમાં આ આવ્યું છે. સમજાણું કાંઈ ? એમાં (–વાણીમાં) વ્યવહાર આવ્યો છે ને અમને વ્યવહાર સમજાવ્યો છે (—એમ નથી. જુઓ !) એમની વાણીમાં વ્યવહાર આવ્યો હતો—એમ નથી કહ્યું અહીંયા ભાઈ ! આહાહા ! બહુ ગજબ વાત છે ! ઓહોહો !

'વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે'.... (ગાથા-૧૨). તેનો અર્થ કે એ (–વ્યવહારને) જાણવા માટે કાંઈ નવું (જ્ઞાન કરવું પડતું) નથી. શુદ્ધાત્મતત્ત્વનું જ્યાં ભાન થયું ત્યારે જે રાગ બાકી છે તેનું જ્ઞાન અને આ (શુદ્ધાત્મતત્વનું)

જ્ઞાન—બેયનું (જ્ઞાન) એ પોતે વૈભવ એનો (–જીવનો) છે, રાગ-બાગ (જીવનો વૈભવ છે) નહિ. સમજાણું કાંઈ ?

(પ્રશ્ન :) ભગવાન (આચાર્યદેવ !) બાર અંગમાં તો ઘણો ઉપદેશ હતોને (–હોય છેને) ? આ (બાર) અંગમાંથી, (બારમા) અંગના (પાંચમાં પૂર્વના) અમુક ભાગનો (અર્થ જ્ઞાનમાં) રહી ગયો (હતો) થોડો થોડો એમાં આ (વાત) હતીને ? (અન્ય આચાર્યો) કહે છે કે કુંદકુંદાચાર્યને.... તમને (વિદેહક્ષેત્રમાં) તો ઘણું (જ્ઞાન) મળ્યું હતુંને ?

(સમાધાન :) એમાં આ હતું.... (વિદેહક્ષેત્રમાં સાંભળેલું) એમાં આ (શુદ્ધાત્મતત્ત્વની વાત) હતી હોં. એ દ્રવ્યસ્વરૂપ શુદ્ધાત્મા છે એને (–એનું સ્વરૂપ) અમને અનુસરીને ભગવાને કહેલું (અને અમારા) ગુરુએ (પણ) એ કહ્યું હતું. એ બધી વાતમાં કહેવાનું આ (–શુદ્ધાત્મતત્ત્વ) હતું. સમજાય છે ?

અમને અનુભવમાં એ (નિજ)વૈભવ પ્રગટ્યો છે. એમાં (–સાધકદશામાં) વચ્ચે જે વ્યવહારનો વિકલ્પ ઊઠ્યો છે ને પંચ મહાવ્રત હોય છે, એ કાંઈ અમારા (ત્રિકાળી) અસ્તિત્વમાં નથી.... સમજાય છે ? એ અમારા (નિજ) અસ્તિત્વમાં નથી.... એ અમારો (નિજ)વૈભવ નથી.... એ (ઉપર) અમારું સ્વામીપણું નથી, (તેથી) એ અમારામાં છે નહિ. સમજાણું કાંઈ ? અમે તો નિર્મળવિજ્ઞાનઘન (આત્મા) છે એમાં અંતર્નિમગ્ન છીએ. આહાહા ! સમજાણું કાંઈ ? બહુ ભર્યું છે પણ હોં ! ઓહોહો !

શ્રોતા: છેડો નથી.

પૂજ્ય ગુરૂદેવશ્રી : (અંદરથી) આવતાં.... આવતાં.... આવે એટલું આવે છે. કેટલું નાખ્યું છે આચાર્યે ! ગજબ ટીકા છે હોં ! ઓહોહો ! ગણધર જેવી ટીકા કરી છે અમૃતચંદ્રાચાર્યે. પાઠમાં (–મૂળ ગાથામાં પણ) એટલું સમાડ્યું છેને ? કે 'નિજવૈભવથી કહીશ'.... 'सविहवेण'.... એનો અર્થ કે '(નિજવૈભવ સાથે) ઉપદેશ પણ ધર્મીનો આવો હોય'—એમ આવે (–વાત આવી જાય) છે એમાં. 'ધર્મીનો ઉપદેશ જ આવો હોય'—એમ કહે છે.

આવે છેને ('આત્માવલોકન'માં) ? કે વીતરાગ.. વીતરાગ.. વીતરાગ.. (—એમ) 'मुहु.... मुहु'.... (–વારંવાર ગુરુ) 'વીતરાગ.... (વીતરાગ)....' કહે. (ગુરુ અધિકાર, ગાથા-૨).

મુનિઓનાં મુખમાંથી તો વીતરાગતાનો જ ઉપદેશ આવે. નથી આવતું 'છ ઢાળા'માં ? 'મુખચંદ્રતૈં અમૃત ઝરૈં'.... આવે છેને 'છ ઢાળા'માં ? (ઢાળ-૬, પદ-૨). મુનિ કોને કહીએ ? આહાહા ! વિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન છે, આનંદ.. આનંદના જેને ઝરણાં છે.... અતીન્દ્રિય આનંદના ઝરણાં ફાટ્યાં છે મુનિને. સમ્યગ્દર્શનમાં તો છે (આનંદનું ઝરણું) થોડું, પણ આમાં (–મુનિદશામાં) વિશેષ (છે—એમ) કહે છે.

મુનિને તો 'अमंद'.... (પ્રચુર આનંદના) ઝરણાં છે—એમ પાઠ (–ટીકામાં છે.) એ છેને ? 'अमंद'.... (શબ્દ) છે. પછી 'अमंद'નો અર્થ 'પ્રચુર' કર્યો. 'अमंद'.... (પ્રચુર આનંદ) છે અમારી પાસે.... આહાહા ! 'मंद'.... 'मंद'.... (આનંદનું) વેદન નથી, (કેમ કે) મુનિ છેને ? (માટે) 'अमंद'.... (પ્રચુર આનંદનું) વેદન છે.... આનંદનું 'अमंद'.... (પ્રચુર) વેદન છે.

મુનિને અતીન્દ્રિય આનંદનું 'अमंद'.... એટલે ઉગ્ર વેદન છે. કારણ કે આનંદનું 'मंद'.... (અલ્પ) વેદન તો ચોથા ગુણસ્થાનમાંય હોય સમકિતીને (અને) પાંચમા (ગુણસ્થાનમાં શ્રાવકને પણ) હોય, પણ આ તો મુનિ છે. મુનિદશામાં તો 'अमंद'.... નામ પ્રચુર આનંદનું વેદન હોય છે. આહાહા ! એને મહાવ્રતનું વેદન હોય છે એ વિકલ્પનું, એમ છે નહિ—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આહાહા ! ભારે (ઊંડા મર્મવાળી) ગાથા પણ હોં ! એક.... એક.... ગાથા ! એમાંથી નીકળવું (ગમે એવું નથી). (જુઓ !) કેટલું (નીકળે) છે ન્યાલભાઈ ? તમારા (પૈસા વ્યાજે મૂક્યા હોય) તેમાંથી કેટલું નીકળ્યા કરે જુઓને ! એમ ને એમ.... બચડાના બચડા.... વ્યાજનું વ્યાજ.... ચક્રવર્તી (વ્યાજ) કાઢેને ? —એમ (આ શબ્દોમાંથી ભાવ નીકળ્યા જ કરે). આહાહા ! (અહીંયા)....

(૧) ઉપદેશ કેવો હોય,
(૨) મુનિ કેવા હોય (અને)
(૩) ઉપદેશમાં ખાસ ઉપદેશ આ (શુદ્ધાત્મતત્ત્વનો) હોય

(—એ બધું વર્ણવે છે). વ્યવહારનો ઉપદેશ ને પુણ્યનો ઉપદેશ ને નિમિત્તનો ઉપદેશ ને નિમિત્ત મેળવવા ને વ્યવહાર કરવો ને.... કહે છે કે એ ઉપદેશ જ (હોય) નહિ—એમ કહે છે અહીં તો. આહાહા ! કારણ કે એ (-વ્યવહાર) વચ્ચે આવે છે એનું તો આહીં (પર્યાયમાં જ્ઞાન થાય જ છે).

નિશ્ચય સ્વતત્ત્વના અનુગ્રહથી જે દશા પ્રગટી, એમાં એનું (-વ્યવહારનું) એ જાતનું જ્ઞાન ઉત્પન્ન થઈને આવે જ છે અહીંયા (-દશામાં). એટલે 'આ વ્યવહારનું કરવું, જાણવું કે વ્યવહારને કર, વ્યવહારને જાણવો'—એમ પણ અહીં તો કહ્યું નથી. (વ્યવહારને) કરવાની તો વાત નહિ, પણ વ્યવહારને જાણે એ પણ નહિ. 'શુદ્ધાત્મતત્ત્વને તું જાણ.... અનુભવ'—બસ, આટલું (ઉપદેશમાં કહ્યું છે).... સમજાણું કાંઈ ?—એમ (કહે છે).

'એ વ્યવહારને કર તો ઠીક' (—એમ તો) નહીં, પણ વ્યવહારને જાણવાનોય ઉપદેશ (કહ્યો) નથી અહીં તો—એમ કહે છે. અહીં તો (કહે છે કે), શુદ્ધાત્મતત્ત્વનો અમને લક્ષીને ઉપદેશ આપ્યો છે (અને એ પ્રમાણે) અમને શુદ્ધાત્મના લક્ષે જે વૈભવ પ્રગટ્યો છે એ અમારો વૈભવ છે. એ વ્યવહાર નહિ, (પણ) વ્યવહાર સંબંધીનું અમારું અમારાથી ઉત્પન્ન થયેલું જ્ઞાન—એ અમારો વૈભવ છે. સમજાણું કાંઈ ? બીજ છે બીજ આજ (તિથિ) !

શુદ્ધાત્મતત્ત્વનો અનુગ્રહપૂર્વક ઉપદેશ.... અમને લક્ષીને શિખામણ આપી છે (—એમ) કહે છે. **अनुशासन** = શિખામણ. અમને લક્ષીને ગુરુએ અમને શિખામણ આપી છે હોં (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? પણ શિખામણમાં (બતાવ્યું) આ શુદ્ધાત્મતત્ત્વ. આહાહા ! ભગવાન આત્મા.... જુઓ ! ત્યાં (શુદ્ધાત્મતત્ત્વનો અનુભવ થતાં)....

(૧) પર્યાય ગૌણ થઈ ગઈ,
(૨) રાગ ગૌણ થઈ ગયો (અને)
(૩) નિમિત્ત ગૌણ થઈ ગયું

—એનો અભાવ (–એ બધાનું લક્ષ છૂટી ગયું અને જ્ઞાનમાં) આ એકલો (શુદ્ધાત્મ)ભાવ રહી ગયો. (અર્થાત્ જેવા) શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો એવા શુદ્ધાત્મતત્ત્વને મેં જાણ્યો—એમ (કહે છે). સમજાય છે કાંઈ ? બસ....

પૂર્વાચાર્યો અનુસાર જે ઉપદેશ.... એ તો ઉપરથી (પંડિત જયચંદજીએ) નાખ્યું છે, (મૂળ ટીકામાં નથી). પણ એ (બધા) આવી ગયાને ? 'અપરગુરુ'માં એ (બધા અંદરમાં) આવી ગયા. 'અપરગુરુ'માં.... પરંપરાએ જે ગુરુની સંધિ હતી એમાં બધા (પૂર્વ આચાર્યો) આવી ગયા. જુઓ ! વીતરાગી સંતો અને આચાર્યોનો પરંપરાનો આ ઉપદેશ છે—એમ સિદ્ધ કરે છે. અમરચંદભાઈ !

શ્રોતા : આ પરંપરા ....

પૂજ્ય ગુરુદેવશ્રી : આ પરંપરા છે. બીજી પરંપરા વચમાં ગરી (–આવી ગઈ) હોય તે પરંપરા સાચી નથી. આહાહા ! અમારા કેવળજ્ઞાની પરમાત્મા અને અહીંયાથી માંડીને ગણધરો (અને તેમનાથી) માંડીને મુનિઓ....—એમની પરંપરાના ઉપદેશમાં તો શુદ્ધાત્મતત્ત્વનો જ ઉપદેશ આવ્યો છે. સમજાય છે ? તો, આ પંચમ આરાના મુનિ કહે છે કે કોણ કહે છે આ ?

(કોઈ કહે છે :) 'ચોથા આરામાં આવું હોય, પાંચમા આરામાં (ન હોય).'

(સમાધાન :) તો (અહીં) કહે છે 'પાંચમા આરા અને (બીજા) આરા-ફારાની અહીં વાત નથી સાંભળને !' આરો (–કાળ) આરામાં ગયો, આરાને પાર કર્યો ત્યાં આરો ક્યાં રહ્યો અંદર ? સમજાણું કાંઈ ?

**शुद्धात्मतत्त्व अनुशासन....** બસ....

'**अनुशासन**'.... (અર્થાત્) 'શિખામણ આપી' એમ એનો (અર્થ છે).

(પછી જયચંદજીએ એનો)

'ઉપદેશ' (એવો) અર્થ કર્યો કે અમને લક્ષીને ઉપદેશ.... શિખામણ આપી એમ.

તેનાથી જેનો જન્મ છે.... એમાં એ કહ્યું હતું.... એ ઉપદેશમાં એ કહ્યું હતું કે 'શુદ્ધાત્મતત્ત્વને અવલંબ.... અનુભવ કર.' એ જે કહ્યું હતું એવું (પરિણમન) અમને થયું છે. સમજાણું કાંઈ ? જેઠાલાલભાઈ ! જુઓ ! આ (શું

કહે છે ? અજ્ઞાની) કહે છે કે 'અમારી પરંપરા તોડી નાખી.' અરે ભગવાન ! સાંભળને ભાઈ ! આ (સર્વજ્ઞની) પરંપરા તેં તોડી છે કે આ આત્માએ તોડી છે ?

આહાહા ! ભગવાન ત્રિલોકનાથથી.... આ તો સર્વજ્ઞથી.... (ભલે) અહીં મહાવીરથી લીધું છે, (પણ પરંપરા ચાલી આવે છે) ઠેઠ અનાદિ કાળથી. અનાદિ કાળની તીર્થંકરદેવની.... વીતરાગમાર્ગની પરંપરામાં 'શુદ્ધાત્માનો ઉપદેશ'.... —એ એની પરંપરાનો ઉપદેશ છે. સુગનચંદજી ! વાતું આખી જુદી જાતની છે. (સર્વજ્ઞના અભિપ્રાય સાથે) ક્યાંય મેળ ખાય નહિ એટલે બિચારા (અજ્ઞાની એમ) કરે (–કહે) હોં કે 'અરેરે !.... મુશ્કેલ પડે છે.'

(એક શ્રોતાને સંબોધીને) : હવે પણ તમારે શું છે ? હવે તમે ક્યાં ક્રિયામાં (–સંપ્રદાયમાં) છો ? હવે તમે તો અહીં (વીતરાગમાર્ગમાં) આવી ગયા છો.

ના.... ના, આ તો કહું છું. ના, (તમારી) વાત સાચી છે. આહાહા ! (આ તો બધાની વાત છે). એ (શુભરાગની) ક્રિયા હોય, (પણ) એની અહીં વાત નથી. અહીં તો, સ્વનું જ્ઞાન થતાં એના (–વ્યવહારના) સંબંધીનું જે જ્ઞાન હોય તે આત્માનો વૈભવ છે (—એમ કહેવું છે.) બસ, થઈ રહ્યું. સમજાણું કાંઈ ?

તેનાથી જેનો.... જેનો.... એટલે ? અમારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની વીતરાગ પર્યાય(રૂપ) જે વૈભવ (છે તેનો જન્મ) આનાથી (–ઉપદેશથી) છે. એનો અર્થ (એ છે) કે વીતરાગના ઉપદેશમાં વીતરાગી તત્ત્વનો જ ઉપદેશ આવે છે. 'વીતરાગભાવ પ્રગટ કર'.... એનો અર્થ (એ છે કે) શુદ્ધાત્મતત્ત્વના આશ્રયે જા.... શુદ્ધાત્મતત્ત્વને આશ્રયે જા (તો) વીતરાગતા થશે.—એ પરંપરા વીતરાગનો માર્ગ છે.

એ સિવાય (કોઈ) આડું-અવળું કહે એ સર્વજ્ઞનો માર્ગ છે નહિ ભાઈ ! (અને) સર્વજ્ઞનો (માર્ગ છે) નહિ, તો (એ) તારા ગુરુનો (માર્ગ છે) નહિ (તેમ જ) તારા ગુરુનો (માર્ગ છે) નહિ, તો તારો પણ (માર્ગ છે) નહિ, (કેમ કે) આત્મા એવો નથી. સમજાય છે કાંઈ ?

હવે પછી પોતાના વેદનની વાત કરે છે જરી. એ સમજવા જેવી આવશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૭
## ગાથા - ૫, ૬
## સંવત ૨૦૨૪, આસો સુદ ૩, બુધવાર, તા. ૨૫-૯-'૬૮

સમયસાર, જીવ-અજીવ અધિકાર. જીવ કેવો છે (અને) એવા જીવનો અનુભવ કઈ રીતે થાય એનું વર્ણન છે આમાં. 'જીવ'ની (વાત) છેને જીવ અધિકારમાં ?

આચાર્ય કહે છે કે, એ જીવનું સ્વરૂપ પરથી જુદું (–વિભક્ત) અને સ્વભાવથી એકત્વ છે. પુણ્ય-પાપના વિકલ્પો આદિથી ભિન્ન સ્વરૂપ છે અને પોતે આત્મા છે એનો અનંત (-બેહદ) સ્વભાવ જે છે.... ત્રિકાળી જ્ઞાયકસ્વભાવ છે એનાથી એકત્વ-અભિન્ન છે. એ આત્માની વાત કહીશ. એ એકત્વ-વિભક્ત આત્માને હું કહીશ, પણ હું મારા નિજવૈભવથી કહીશ. વર્તમાનમાં એ વૈભવ (મને પ્રગટ્યો છે).... જે હું કહેવા માગુ છું તે સ્વરૂપ મારી પર્યાયમાં મને પ્રગટ્યું છે –એમ કહે છે. સમજાય છે કાંઈ ?

(૧) આ આત્મા (–એ) ત્રિકાળી દ્રવ્ય અને
(૨) ત્રિકાળ શુદ્ધ (–એ) ગુણ (તેમ જ)
(૩) એની પર્યાયમાં નિજવૈભવ (પ્રગટ્યો છે) એટલે પર્યાય.

સમ્યગ્દર્શન, જ્ઞાન, આનંદ સહિતની સ્થિરતા આદિ નિજવૈભવ છે એ મને પ્રગટ્યો છે. એ નિજવૈભવ ચાર પ્રકારે (–કારણે) પ્રગટ્યો છે–એમ કહે છે. એ નિજવૈભવથી હું આત્માની વાત કરીશ અને તે પણ જગતના પ્રાણીને એ અનુભવ કરવા (–કરાવવા) માટે વાત કરીશ. સમજાણું કાંઈ ?

(૧) પહેલું એમ કહ્યું કે સર્વજ્ઞની આ જે વાણી છે એની ઉપાસનાથી મારી નિજવૈભવ દશાની ઉત્પત્તિ થઈ છે. સર્વજ્ઞ પરમાત્મા—(કે) જેના મુખથી દિવ્યધ્વનિ નીકળી એમના (અર્થાત્) અર્હંતના પ્રવચનનો અવયવ—અંશ એવા જે આગમ છે તે આગમની સેવા.... એટલે કે પહેલું મારું લક્ષ ભગવાન શું કહે છે (એ જાણવા) આગમ ઉપર હતું. (આ રીતે) આગમની સેવાથી મારી વૈભવ દશા ઉત્પન્ન થઈ. એટલે કે એના (–આગમના) તરફનું

લક્ષ છોડી મેં આત્મા(નું લક્ષ કર્યું), કારણ કે એમાં (–આગમમાં) એમ કહેવામાં આવ્યું'તું.

પરમાગમમાં એમ કહેવામાં આવ્યું'તું કે, 'આ આત્મા શુદ્ધ આનંદસ્વરૂપ છે તેનો અનુભવ કર.' સમજાય છે કાંઈ ? (તો), એ અનુભવ કર્યો એટલે 'પરની (–આગમની) સેવાથી મને (નિજવૈભવ) ઉત્પન્ન થયો'—એમ (વ્યવહારે) કહેવામાં આવ્યું. નિજવૈભવ = ધર્મવૈભવ. આત્માનું સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, આનંદનો અનુભવ–એ નિજવૈભવ.... એ નિજલક્ષ્મી.... નિજસંપદા. એ મને આ રીતે.... આગમની સેવા (કરવાથી) પ્રગટ થઈ છે.

(૨) એકાંત મતના કહેનારાઓના (કથનોનો) યુક્તિ દ્વારા મેં નિર્ણય (–નિષેધ) કર્યો કે, એ ખોટી વાત છે. એમ યુક્તિના આલંબનથી (નિજવૈભવ પ્રગટ્યો છે). સર્વજ્ઞ સિવાય જેણે એકાંત મતથી કલ્પનાએ કહેલા ને કરેલા (કથનો) છે એનું મેં યુક્તિના આલંબનથી નિરાકરણ કર્યું છે (કે) એ વસ્તુ એમ છે નહીં. સમજાય છે કાંઈ ? અને ત્રીજું....

(૩) અમને.... સર્વજ્ઞ પરમાત્મા અને ગણધર આદિથી (લઈને) વર્તમાન અમારા ગુરુ (પર્યંત)—કે જેઓ નિર્મળવિજ્ઞાનઘન (આત્મા)માં અંતર્નિમગ્ન હતાં (અને) છે (તેમની શિખામણથી નીજ્વૈભાવ પ્રગટ્યો છે).

નિર્મળવિજ્ઞાનઘન.... 'નિર્મળવિજ્ઞાનઘન'.... વિજ્ઞાનઘન (આત્મા) તો નિર્મળ જ છે, (પણ) વિશેષ નિર્મળ કહેવા અને (એમાં) મલિનતાની પર્યાય નથી (એ બતાવવા 'નિર્મળવિજ્ઞાનઘન' કહ્યું છે). નિર્મળવિજ્ઞાનઘન ચૈતન્ય આત્મા (—એમ કહો) કે વિજ્ઞાનઘન તે જ આત્મા (એમ કહો—એક જ વાત છે). એ નિર્મળવિજ્ઞાનઘન એવો જે આત્મા છે એમાં (સર્વજ્ઞ આદિ) અંતર્નિમગ્ન હતાં. સર્વજ્ઞથી માંડીને અમારા ગુરુ પર્યંત.... બધાં એક હારમાં અંતર્નિમગ્ન હતાં. એમણે અમને પ્રસાદી આપી છે.... એમણે અમને અનુલક્ષીને શિખામણ આપી છે (અને) એનાથી આ (અમારો) નિજવૈભવ પ્રગટ્યો છે. સમજાય છે કાંઈ ?

એ ત્રણ બોલ તો થયા હતા કાલ. ચોથો બોલ હવે....

(૪) હવે, કહે છે કે આ ભગવાન આત્મા વિશુદ્ધ આનંદસ્વરૂપ છે.... નિત્યાનંદ પ્રભુ આત્મા છે. એનો અનુભવ કરતાં અમને વૈભવ (પ્રગટ્યો છે). એ અમારો નિજવૈભવ કેવો છે (—કે જે) અત્યારે વર્તમાન (પ્રગટ્યો) છે ? કે નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો.... આનંદ.... પ્રચુર સ્વસંવેદન.... સમજાય છે કાંઈ ?

'સ્વસંવેદન' કેવો કે કેવું (કહેવાય) ? 'કેવો' (લખ્યું) છે આમાં, નહીં ? શું છે આમાં ? નિરંતર ઝરતો—આસ્વાદમાં આવતો.... એ તો ('કેવો' શબ્દ) આનંદ સાથે જાય (-આનંદ માટે છે.) ઠીક.

એ સુંદર જે આનંદ.... કેવો છે અમારો (આનંદ) ?

આહાહા ! કે ભગવાન આત્મા છે એને અમે રાગથી, વિકલ્પથી ભિન્ન પાડી (-જાણ્યો)....—એ વિભક્ત (અને) સ્વભાવના એકત્વનો અનુભવ (કર્યો). (તેથી) નિરંતર ઝરતો.... નિરંતર વેદનમાં આવતો.... નિરંતર આનંદ વેદનમાં આવતો.... આહાહા ! જુઓ ! આ મુનિપણું ! સુગનચંદજી ! આ આચાર્યપણાની દશા.... આ સાધુપણાની દશા.... એ ધર્મની પ્રગટ થયેલી વૈભવ દશા. સમજાય છે કાંઈ ?

નિરંતર.... अनवरतस्यन्दि.... નિરંતર સ્વાદમાં આવતો—એમ (કહે છે). ઝરતો.... 'ઝરે છે' એનો અર્થ કે આસ્વાદમાં આવતો.... ડુંગરો જેમ હોય ને ઝરેને પાણી ! એમ આત્મામાંથી આનંદ ઝરે છે. 'અતીન્દ્રિય આનંદ ઝરે છે' એટલે કે આસ્વાદ આવે છે—એમ (કહેવું છે). 'ઝરવા'નો અર્થ એ છે કે પર્યાયમાં.... વર્તમાન અવસ્થામાં અતીન્દ્રિય આનંદનો આસ્વાદ આવે છે.

એવો સુંદર જે આનંદ.... સુંદર આનંદ.... કહો, સમજાય છે કાંઈ ? જુઓ ! એક વ્યાખ્યા તો જુઓ ! ઓહોહો ! મુનિપણાની દશા આવી હોય છે. આ, ઉત્કૃષ્ટ (અંતરાત્મા અર્થાત્) મુનિપણાની વાત છેને. સમકિતીની વાત એના (-મુનિની વાતમાં) અંદર ગૌણ(પણે આવી જાય) છે. સમજાય છે કાંઈ ?

મુનિ જેને કહીએ.... જેને વીતરાગ સર્વજ્ઞ પરમાત્માના માર્ગમાં મુનિપણું પ્રગટ્યું હોય એને મુનિ કહીએ. સમજાય છે ? જેણે આત્માના આનંદ (સ્વભાવ)ને સાધીને (પ્રચુર) આનંદ પ્રગટ કર્યો છે (તે મુનિ છે).

પુણ્ય-પાપના વિકલ્પો છે એ તો આકુળતા છે.... વિકાર છે.... દુઃખ છે. એનાથી (ભિન્ન) આ ભગવાન આત્મા અંતરમાં વિજ્ઞાન અને આનંદનો ઘન છે. તેની અંતર એકાગ્રતાથી સંતોને.... અહીં 'સંત'ની મુખ્ય(તાથી) વાત છે, (એટલે) મુનિને નિરંતર આનંદ સ્વાદમાં આવે છે (—એમ કહે છે). એવો મારો સુંદર આનંદ છે એ મારો નિજવૈભવ છે.... એ મારી દશા ને સ્થિતિ છે. એ વૈભવથી હું સમયસારને એટલે કે આત્માને (કહીશ).

પરથી, વિકલ્પથી ભિન્ન (-વિભક્ત) અને સ્વભાવથી અભિન્ન (-એકત્વ) આત્માને (નિજ)વૈભવથી હું કહીશ. આહાહા ! કહેનારા (સંત) પણ કેવા હોય એમ (-એ વાત) કહે છે.... આહાહા ! સમજાણું કાંઈ ? અને સાંભળનારને, કહેનારા આવા હોય તો એ સાંભળે (-એનું સાંભળવું)—એમ કહે છે અહીં તો. આહાહા ! સમજાણું કાંઈ ? 'આને (—એકત્વ-વિભક્ત આત્માને) સંભળાવીશ' એનો અર્થ કે આ વાત જ સાંભળવા જેવી છે અને સાંભળનારને આવા સંભળાવનારા હોય—એમ (પણ) એમાં ભેગુ (-સાથે) કહે છે. આહાહા ! અમરચંદભાઈ !

નિરંતર.... આસ્વાદમાં આવતો.... 'ઝરતો'નો અર્થ એ છે. 'સ્યંદિ'.... 'સ્યંદિ'.... નો અર્થ એ ('ઝરતો') છે. સુંદર જે આનંદ.... ઓહો ! આત્માનો દ્રવ્યસ્વભાવ પૂર્ણ આનંદથી ભરેલો છે. એ અંતર અનુભવમાં આવતાં તેનો.... આનંદનો સ્વાદ આવ્યો (—એમ) કહે છે (અને આ) અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો એ મારો નિજવૈભવ છે.

આ (ટીકા લખવાનો) વિકલ્પ ઊઠ્યો છે કે પંચ મહાવ્રતના વિકલ્પો છે એ કાંઈ મારો નિજવૈભવ નથી. શરીરની નગ્ન દશા.... મુનિને નગ્ન દશા જ હોય છે, (છતાં) એ પણ મારો નિજવૈભવ નહીં. આહાહા ! સમજાય છે કાંઈ ? નિજવૈભવ તો.... ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, શાશ્વત આનંદ અને જ્ઞાનનો કંદ છે. એ, 'મારા સ્વભાવથી એકત્વ (અને) પરથી ભિન્ન' એવા આત્માનો મેં અનુભવ કર્યો

ત્યારથી આનંદનું ઝરવું.... (આત્માને) અનુભવવું કાયમ રહે છે (અને) એવો મારો નિજવૈભવ છે. ઓહોહો !

અમે આ પાળીએ છીએ (—એમ) કહે છે (અર્થાત્) આ (આનંદનો) અમે આસ્વાદ લઈએ છીએ એ અમારું આચરણ ને સાધુપણું છે.... સમજાણું કાંઈ ? આનંદનો અનુભવ એ અમારું આચરણ છે, એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આવી ગયા ભેગા. સમજાણું કાંઈ ? અરે ! મુનિપણું કેવું હોય.... હજુ સમકિત કેવું હોય એની ખબરું ન મળે અને એને ધર્મ થઈ જાય (એમ કેમ બને ?) શું થાય ભાઈ ?

અહીં તો કહે છે કે, (અમને) ભગવાન આત્મા(નો ઉપદેશ આપ્યો).... અમને પરમાત્માએ, સંતોએ, અમારા ગુરુએ તો શુદ્ધ આત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો અને એ આપીને અમને શુદ્ધ આત્મા પમાડ્યો (–પ્રાપ્ત કરાવ્યો). સમજાણું કાંઈ ? એમાં વિનય છે કેટલો ! અમારા ગુરુ આવા હતાં. એમણે અમને (મહેરબાની) કરીને પ્રસાદી (–શિખામણ આપી).... અમને અનુલક્ષીને શિખામણ આપી છે. સમજાણું કાંઈ ? આહાહા !

જેમ માણસને આ ઠેકાણે બાણ મારવાનું (છે—એમ) કોઈ લક્ષ્ય હોય કે નહીં ? તેમ સંતોના ઉપદેશનું લક્ષ્ય અમારા તરફ હતું (—એમ) કહે છે. અમને અનુસરીને આ શિખામણ છે હોં—એમ કહે છે. આહાહા ! અને તે આ ચોથા બોલથી કહીએ છીએ કે, અમને વેદનમાં આનંદ કાયમ વર્તે છે—એમ અમે તો જાણીએ છીએ. આહાહા !

(પ્રશ્ન :) (તેઓ) છદ્મસ્થ છેને ? પંચમ આરાના સાધુ છેને આ ?

(સમાધાન :) સાંભળને ! આરો ક્યાં છે ને ફલાણું ક્યાં ત્યાં છે ? સમજાય છે કાંઈ ? અમૃતચંદ્રાચાર્ય પોતે કહે છે. સમજાય છે કાંઈ ?

જે પુણ્ય અને પાપના વિકલ્પો ઉત્પન્ન થતાં એ તો એનામાં (–આત્મામાં) નહોતા. શુભ-અશુભ વિકલ્પો.... જે દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધની વૃત્તિઓ ઉત્પન્ન થતી.... એ ઉત્પન્ન થતી, (પણ) એમાં (–આત્મામાં) નહોતી. (હવે) આ તો એનાથી (–વિકલ્પથી) ભિન્ન પડીને એનામાં (–આત્મદ્રવ્યમાં) આનંદ (છે એ કાઢ્યો).... એ (આત્મા) અનાકુળ આનંદસ્વરૂપ (છે) એમાંથી અમે

આનંદનું ઝરણું કાઢ્યું છે. જુઓ ! આનું નામ ધર્મ. સમજાણું કાંઈ ? ધર્મમાં અમને આનંદ વેદાય છે.... દુઃખી અમે નથી.

તમે (–અજ્ઞાની) એમ કહેતા હો કે 'અરે ! મુનિ.... આમને ખાવા મળે નહીં, પીવા ન મળે.... ટાઢા ટાણે (ઠંડું જોઈતું હોય ત્યારે) ઊના (–ગરમ) મળે, ઊના ટાણે (–ગરમ જોઈતું હોય ત્યારે) ટાઢા (–ઠંડું) મળે. ઉનાળો હોય.... સમજાય છે ? એને ઊનું જોઈતું હોય (તો) ઠંડું (મળે).... ઉનાળામાં ઠંડું (જોઈતું હોય) તો ઊનું મળે, શિયાળામાં ઊનું જોઈતું હોય ત્યારે ઠંડું મળે. અરે ! સુવાના ઠેકાણા નહીં, હેઠે (–નીચે) ક્યાંય.... કાંકરા પડ્યા હોય, પાથરવાના નહીં.' (કોઈ) કહે છે, 'આ મુનિ કેવી રીતે (રહેતા હશે) ? એ દુઃખી હશે.'

(સમાધાન) : 'નહીં, અમે દુઃખી નથી હોં. અમે તો આનંદમાં છીએ એમ જાણજો હોં'....(—એમ) કહે છે. ભીખાભાઈ ! 'અમને, અમે જેમ છીએ એ રીતે તું જોજે. અમે જેમ છીએ.... જેમાં છીએ એ (રીતે) તું જોજે અને (અમે) જેમાં નથી (એમાં છીએ)—એ રીતે તું જોઈશ તો અમને તું જોઈ શકીશ નહીં.' સમજાણું કાંઈ ?

(૧) 'એ શરીરની અવસ્થામાં અમે નથી' (–નોકર્મથી રહિત),
(૨) 'એ (જડ)કર્મમાં અમે નથી' (–દ્રવ્યકર્મથી રહિત) અને
(૩) 'કર્મથી (–કર્મના નિમિત્તે કે) પોતાના મનથી (–મનના નિમિત્તે) વિકલ્પ આદિ કોઈ ઉત્પન્ન થયા એમાં અમે નથી' (–ભાવકર્મથી રહિત).

—એમાં અમે નથી. અમે જ્યાં છીએ ત્યાં તો અમને આનંદનો સ્વાદ આવે છે.... ત્યાં અમે છીએ. સુગનચંદજી ! જુઓ ! આ સાધુપણું વીતરાગના માર્ગનું. આહાહા ! કહો, સમજાય છે કાંઈ ?

કહે છે કે સુંદર જે આનંદ તેની છાપવાળું.... હવે કહે છે.... કહે છે કે અમારા વેદનની 'મહોર છાપ' શું છે ? મહોર છાપ મારે છેને મહોર છાપ ?

(અમારા વેદનમાં) આનંદની મહોર છાપ છે. ભગવાન આત્મા વેદનમાં (આવતાં) અમારું વેદન (એ છે કે) જેમાં આનંદની મહોર છાપ છે. આહાહા ! સમજાણું કાંઈ ? દુઃખની એમાં મહોર છાપ નથી.... દુઃખ એમાં છે જ નહીં. સમજાણું કાંઈ ? અમે મુનિ છીએ.... ધર્મી છીએ.... અમે અમારા ધર્મમાં છીએ....

અમે અમારા ધર્મમાં આનંદના છાપવાળા વેદનમાં છીએ. સમજાણું કાંઈ ? મહોર છાપ નથી મારતા માથે (ટપાલ ઉપર) ?

શ્રોતા : યતિધર્મ પાળતા હશે ત્યારે અંદર (વિકલ્પ) નહીં આવતા હોય ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યાં.... 'યતિ' કોને કહેવા પણ હજુ ? એની (–યતિની) જ આ વાત ચાલે છે. આહાહા ! 'યતિધર્મ' એટલે અંદરની સમતા, શાંતિ અને આનંદની દશા પ્રગટ કરવી એનું નામ યતિધર્મ છે (અને) એની તો વાત ચાલે છે. સમજાણું કાંઈ ? આહાહા ! દેહની નગ્ન દશા અને પંચ મહાવ્રતના વિકલ્પો, એકવાર આહાર લેવો, છ આવશ્યકના વિકલ્પ—એ કાંઈ મુનિપણું નથી. ન્યાલભાઈ ! આહાહા ! એ (વિકલ્પ આદિ) તો પરવસ્તુ છે (અને) પરથી તો (આત્મા) ભિન્ન છે (—એમ) કહે છેને. એકત્વ-વિભક્તની તો વાત ચાલે છે અહીં.

એવા વિકલ્પથી પૃથક્ છીએ અને સ્વભાવથી એકત્વ છીએ. તો, સ્વભાવથી એકત્વ થતાં (અને) પરથી વિભક્ત થતાં, આનંદના ઝરણાં ઝર્યાં અંદરમાંથી. જે આકુળતાની ઉત્પત્તિ હતી.... વિકલ્પની ઉત્પત્તિમાં આકુળતા હતી, એને ઠેકાણે (–બદલે) એનાથી (–વિકલ્પથી) ભિન્ન પડીને અનાકુળ આનંદમાં અમે આવ્યા છીએ અને અહીંથી (–આકુળતાથી) ભિન્ન પડ્યા છીએ. આનંદનો અનુભવ અમને વેદનમાં વર્તે છે.... વર્તમાન વેદનની પર્યાયમાં મહોર છાપ આનંદની છે. અતીન્દ્રિય (આનંદનું) વેદન અમારું છે—એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

સુંદર જે આનંદ તેની છાપવાળું.... છે. 'मुद्रित'.... (શબ્દ) છેને ? 'सुन्दरानन्दमुद्रित'.... સંસ્કૃત પાઠ છે. વળી જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન.... શું કહે છે ? પાઠમાં એમ છે કે 'अमन्दसंविदात्मकस्वसंवेदन'....

એટલે ('अमन्द') કેમ (કહે) છે ?

આ, મુનિપણાની દશા છેને ? એટલે મુનિપણાની દશામાં પ્રચુર સ્વસંવેદન છે (—એમ કહે છે). સમ્યગ્દર્શનમાં ચોથે ગુણસ્થાને સ્વસંવેદન છે, પણ પ્રચુર નહિ.... મંદ છે.... 'अमन्द' નહીં. સમ્યગ્દર્શનમાં.... સમ્યગ્દર્શનમાં.... ચોથા ગુણસ્થાનમાં રાગથી ભિન્ન પડ્યો છે, પણ હજુ ત્રણ કષાય બાકી છે.... સમજાય છે ? (તેણે રાગથી) ભિન્ન પડીને આત્માનું અવલંબન લીધું છે એટલે ત્યાં આનંદની

મહોર છાપવાળું વેદન તો છે, પણ એ મંદ છે. સમજાણું કાંઈ ? જુઓ ! આ સમ્યગ્દર્શનનો ધર્મ. આહાહા !

કહે છે, 'अमन्दसंविदात्मकस्वसंवेदन'.... ઉગ્ર સંવેદનસ્વરૂપ એવું સ્વસંવેદન. મુનિ છેને ? એટલે કહે છે કે અમને તો પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન છે.... આત્માના ઘણા આનંદના સંવેદનવાળું અમને વેદન છે. કહો, અમરચંદભાઈ ! આહાહા !.... અરે ! એક વાત.... એક લીટી.... એક ગાથા પણ મધ્યસ્થથી વિચારે.... વાંચે, સમજે તો ખબર પડે કે શું માર્ગ છે. સમજાણું કાંઈ ?

કહે છે, અમે મુનિ છીએને ? અથવા (અમે) પરથી વિભક્ત અને સ્વથી એકત્વ થયા છીએ. એવા વૈભવથી તમને વાત કરશું, પણ એ વૈભવમાં અમારું (આનંદનું) વેદન છે એ પ્રચુર છે.... ઘણું છે. આહાહા ! સમજાણું કાંઈ ? કેમ કે.... (જુઓ !) એમાં (-મુનિપણાની વાતમાં) ગૌણપણે બીજી (એટલે કે) ચોથા, (પાંચમા ગુણસ્થાનની) વાત પણ લઈ લીધી ભાઈ ! કે ચોથા ગુણસ્થાનમાં અને પાંચમા શ્રાવકના ગુણસ્થાનમાં એને પ્રચુર સ્વસંવેદન નથી, મંદ સ્વસંવેદન છે.

આહાહા ! શાંતિનું.... સ્વશાંતિનું વેદન ચોથે પણ છે, ત્યારે એને ચોથું ગુણસ્થાન કહેવાય છે. પાંચમે એનાથી વધારે શાંતિનું વેદન છે, પણ આ તો મુનિ છે. (તો) તેમને પ્રચુર સ્વસંવેદન છે, એવું (એમનું) સ્વરૂપ છે....—એમ (કહે છે).

શ્રોતા : વહી મુનિપના હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ મુનિપણું છે. આહાહા ! સમજાણું કાંઈ ? જુઓ ! આ વાસ્તવિક આત્માનો ધર્મ અને મુનિપણું. ધર્મની સ્થિતિ શું છે.... ક્યાં છે.... કેમ છે.... —એ (વાત) સાંભળી ન હોય અને ધર્મને નામે ઝઘડા.... ઝઘડા.... ઝઘડા (લોકો કરે છે.)

(કોઈ કહે છે કે), "તમે પુણ્યમાં ધર્મ માનતા નથી, (પણ) પુણ્યથી તો અરિહંત થયા.... 'पुण्यफला अरहंता' થયા." (પ્રવચનસાર ગાથા-૪૫).

(સમાધાન) : 'અરે ભાઈ ! પુણ્ય તો રાગ છે ભગવાન ! અને રાગ એ ધર્મ ન હોય. ધર્મમાં તો.... શાંતિ આવે એ ધર્મ હોય, રાગ તો અશાંતિ છે.' સમજાણું કાંઈ ? કહો, જેઠાલાલભાઈ ! એ (ધર્મના નામે) ઝઘડા.

પત્ર દીઠ (–જૈનના દરેક મેગેઝીનમાં) લખે (–લખાણ આવે છે કે) 'સોનગઢવાળા પુણ્યને ધર્મ માનતા નથી.'

(સમાધાન) : "અરે ભગવાન ! સોનગઢવાળા નહીં, બાપુ ! 'આત્માવાળા' —એમ કહે." આત્માવાળા પુણ્યને ધર્મ માને નહીં, કારણ કે આત્મામાં પુણ્ય છે નહીં. આત્મા તો પુણ્ય રહિત પરમાનંદસ્વરૂપ છે. સમજાય છે કાંઈ ? ધર્મીની દ્રષ્ટિ પુણ્ય-પાપ રહિત પરમાનંદમૂર્તિ (આત્મા છે) એના ઉપર છે અને તેથી તેને અવિકારી પરિણામ પ્રગટેલા છે ધર્મના.... એને ધર્મ કહીએ. વચમાં (–સાધકદશામાં) પુણ્ય, વિકલ્પ આવે એ ધર્મ છે નહીં. આહાહા !

અરે ભગવાન ! શું કરે (છે તું) ? બહુ સાદી ને સરળ ને સીધી વાત છે, (પણ અજ્ઞાનને લીધે) એવી અટપટી કરીને મૂકી (–માની) છેને ! એનો (–મુક્તિનો) માર્ગ શું છે ને કેમ પમાય—એની રીતની ખબર ન મળે, (તો) હવે રીતની (ખબર) વિના એ પ્રયોગ શી રીતે કરે ? સમજાણું કાંઈ ? કહે છે, અમને જે નિરંતર.... આસ્વાદમાં આવતો, સુંદર જે આનંદ તેની છાપવાળું છે.... મહોર છાપ છે.... જે પ્રચુરસંવેદનસ્વરૂપ સ્વસંવેદન છે.... પોતાનું પ્રત્યક્ષપણું (અર્થાત્) જ્ઞાનમાં પ્રત્યક્ષપણે.... આનંદનું વેદન પ્રત્યક્ષપણે છે.... એ પ્રચુરપણે આનંદનું વેદન છે. આહાહા ! જોયું ?....

| (શ્રી જયસેનાચાર્યની ટીકામાં) | | (શ્રી અમૃતચંદ્રાચાર્યની ટીકામાં) |
|---|---|---|
| (૧) | શ્રી જયસેન આચાર્ય(ની ટીકામાં)'स्वसंवेदनप्रत्यक्षेण' એટલો શબ્દ છે એમાં, | આમાં ('अनवरतस्यन्दिसुन्दरानन्द-मुद्रितामन्दसंविदात्मकस्वसंवेदनजन्म') આટલા વિશેષણ નાખ્યા. |
| (૨) | એમાં 'परमगुरु' નાખ્યા (–લીધા) | આમાં, ('परापरगुरु') પરમ, અપર(ગુરુ —બન્ને) નાખ્યા (–લીધા). |
| (૩) | (એમાં) 'स्वसंवेदनप्रत्यक्षेण इति' એટલું (લીધું છે), | અહીં સ્વસંવેદનનું વિશેષણ ('પ્રચુર' લીધું). ખાસ એમની (–મુનિરાજની) ભૂમિકા પ્રમાણેનું (વેદન) હતુંને ? (એટલે) એને (–'પ્રચુર' શબ્દને) નાખ્યો. |
| (૪) | (એમાં) 'स्वसंवेदन' એ સામાન્ય વાત હતી. | અહીં તો કહે છે, ('अमन्द') 'પ્રચુર'.... ઘણું. '(અમે) આત્માના સ્વભાવને એટલો |

| | | |
|---|---|---|
| | | સ્પર્શ્યો છે અને એટલો આશ્રય કર્યો છે કે જ્યાં પ્રચુર.... ઘણું સંવેદનસ્વરૂપ એવું સ્વસંવેદન છે અમને.' |

આ, મુનિપણાની દશા.... આ, આચાર્યના અંતરના હૃદયની દશા. સમજાણું કાંઈ ?

આવા કહેનારા અમે, પરથી વિભક્ત અને સ્વથી એકત્વ (આત્માને) કહેશું—એમ કહે છે.... (અનુભવ) કરેલા (તત્ત્વને) કહેશું—એમ કહે છે. પરથી ભિન્ન ને સ્વથી એકત્વ અમે કર્યું છે (અને) એને (અર્થાત્) પરથી વિભક્ત અને સ્વથી એકત્વ (આત્માને) અમે કહેશું.

લ્યો ! આ તો (એમાં) આવ્યું હતું.... 'પ્રવચનસાર'માં આવે છેને ? ભાઈ ! છેલ્લે, નહિ ? '....માર્ગ તેના પ્રણેતા અમે આ ઊભા.' (ગાથા ૨૦૧ની ટીકાનું છેલ્લું વાક્ય). વાહ રે વાહ ! ચારિત્ર (-મુનિ) દશા કેવી હોય અને એ ચારિત્રની દશામાં (કઈ) જાતના વિકલ્પની હદ કેટલી હોય, એના અમે અનુભવનારા (-જાણનારા) આ રહ્યા—એમ કુંદકુંદાચાર્ય કહે છે. સમજાય છે ? 'એના પ્રણેતા અમે આ રહ્યા.'.... જુઓ ! આ (ચારિત્રને અમે 'પ્રવચનસાર'માં) કહેશું, (કેમ કે) ત્યાં ચરણાનુયોગની વાત કરવી છેને ? અહીં કહે છે કે, 'પરથી વિભક્ત અને સ્વથી એકત્વ (આત્માને) કહેનારા અમે આ રહ્યા.' સમજાણું કાંઈ ? ઓહોહો !

પ્રચુરસંવેદનસ્વરૂપ.... સ્વસંવેદનનું એ ('પ્રચુર') વિશેષણ છે. 'સ્વસંવેદન' મારું કેવું છે ? મારું.... સ્વનું આનંદ(મય) વેદન કેવું છે ? પ્રચુર સંવેદનસ્વરૂપ છે.... ઓહોહો ! ઘણું વેદન છે (—એમ) કહે છે.

(પ્રશ્ન :) પણ એટલું બધું (કઈ રીતે) જાણ્યું તમે ? (તમે) છદ્મસ્થ મુનિ.... (તમને) અવધિજ્ઞાન નહીં, મનઃપર્યય(જ્ઞાન) નહીં.... સમજ્યાને ? (અને તમને) કેવળ(જ્ઞાન) તો (છે) નહીં ?

(સમાધાન :) સાંભળને હવે ! જ્ઞાનની વિશેષતાનું (-ક્ષયોપશમનું) અહીં ક્યાં કામ છે ? અહીં તો જે જ્ઞાને પોતાના પ્રચુર સ્વસંવેદનને જાણ્યું.... બસ, એ જ જ્ઞાનની મુખ્યતા છે. સમજાય છે કાંઈ ?

જુઓ ! (ભાવશ્રુત)જ્ઞાનમાં '(પોતાને) પોતાનું વેદન છે'—એમ જણાય છે અને તે નિઃસંદેહ જણાય છે—એમ સિદ્ધ કરે છે. 'કેમ હશે ? આમ હશે કે તેમ ? ભગવાન જાણે (અમને) મુનિપણું આવ્યું હશે કે નહીં ?.... અમને મુનિપણું છે કે નહીં એ કેવળી જાણે'—એમ અહીં નથી કહ્યું. સમજાણું કાંઈ ? 'અમે જાણીએ છીએ કે આમ (મુનિપણું) છે (અને) એ રીતે ભગવાન જાણે છે.' સમજાણું કાંઈ ? આહાહા ! ગજબ ટીકા પણ હોં ! અમૃતચંદ્રાચાર્યે (કરી છે).

પ્રચુરસંવેદન.... પ્રચુરસંવેદનસ્વરૂપ.... એવું જે સ્વસંવેદન, તેનાથી જેનો જન્મ છે.... અમારા નિજવૈભવની આનાથી ઉત્પત્તિ થઈ છે.... એ આનંદના વેદનથી અમારો નિજવૈભવ પ્રગટ્યો છે—એમ કહે છે. સમજાય છે કાંઈ ?

જુઓ ! ચાર બોલ થયા. ચાર દિશા બાંધે છેને તમારે મકાનની ? અહીં ચાર બાંધીને (-ચાર બોલ કહીને) એક (નિજવૈભવને) બાંધી નાખ્યું (-બતાવ્યો). આ મકાન વેચે ત્યારે (લખાણમાં) નથી આવતું ? ચતુર્દિશા બાંધેને ? કે આ દિશામાં આ છે ને આ દિશામાં આ છે. આ અમારી ચાર દિશાથી (-પ્રકારથી) અમારો વૈભવ (પ્રગટ) થઈ ગયો લે ! (—એમ કહે છે). અમારું સ્થાન જ્યાં છે (ત્યાં) એ (નિજવૈભવ) ચાર દિશાથી (-પ્રકારથી) ઉત્પન્ન થયેલ છે. આહાહા !

એમ જે જે પ્રકારે મારા જ્ઞાનનો વિભવ છે.... —એમ (કહે છે). '**कश्चनापि ममात्मनः**'.... (—એમ) છેને ? પહેલાં (-ટીકાની શરૂઆતમાં) એમ આવ્યું'તુંને ? કે કાંઈ પણ મારા.... જે કાંઈ મારા.... (—એમ ટીકાના) પહેલા શબ્દમાં હતું.... એનું એ (કથન હવે) છે, (માત્ર) એનો શબ્દ ફેરવ્યો છે કે જે જે પ્રકારે મારા.... આત્માનો વૈભવ છે તે સમસ્ત વિભવથી દર્શાવું છું.... એ, પહેલાં શબ્દ આવી ગયો છે (કે) 'તે સર્વથી હું આ.... કહીશ'....—એ, પહેલાં આવી ગયું છે એનો અહીં સરવાળો કર્યો છે (કે) તે બધા વૈભવથી દર્શાવું છું.

જો દર્શાવું તો સ્વયમેવ (પોતે જ) પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું.... તમારે (-શ્રોતાએ) પણ આ જ કરવાનું છે (—એમ) કહે છે. રાગથી ભિન્ન પડી સ્વભાવથી એકત્વ (એવા આત્માનો) અનુભવ કરવો—એ તમારે કરવાનું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

ધર્મીએ (–જીવે) ધર્મ કરવો હોય તો ધર્મનું કરવું (–પરિણમન) આ રીતે (થાય) છે. દર્શાવું તો સ્વયમેવ.... તમારી મેળાએ અંતરમાંથી પોતાના અનુભવ.... સ્વસંવેદન જ્ઞાન અને જ્ઞાનનું (–આનંદનું) વેદન.... રાગ અને વિકલ્પથી ભિન્ન પડી સ્વયમેવ.... અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા.... કરવી. પરીક્ષા (કરવી) એટલે કે ત્યાં અનુભવમાં નિર્ણય કરવો. સમજાણું કાંઈ ? (આચાર્યદેવ કહે છે કે,) આ તારે પણ આ રીતે અનુભવ કરવો, એ માટે અમે આ વાત કરીએ છીએ.

'પરથી વિભક્ત અને સ્વથી એકત્વ' (આત્મા) કહેવાનો આશય (એ છે કે) તને પણ પરથી વિભક્ત અને સ્વથી એકત્વ (એવા આત્મા)નો અનુભવ થાય (અને) ત્યારે તેં અનુભવથી પરીક્ષા કરી—એમ કહેવામાં આવે છે.

(કોઈને એમ લાગે કે) 'ઓહો ! પણ (આ) મોટી વાત છે ભઈ !'

(સમાધાન) : 'હા' તો પાડ ! એટલુંય (અહીં કહ્યું ) નહીં.... નહીં.

(કોઈ કહે : અન્ય સ્થાનમાં) કહે છેને ? કે 'હા' તો પાડ કે 'આ (માર્ગ)'.

(અહીં કહે છે) : ના. એ (સાચી) 'હા' નહીં. એ વસ્તુ.... પરથી ભિન્ન પડીને, સ્વનો આશ્રય લઈને, અનુભવ કરવો એ 'હા' (છે અને) ત્યારે અસ્તિની સાચી 'હા' થઈ. તારા ખ્યાલમાં ન આવ્યું કે આ વસ્તુ એવડી–કેવડી છે, કેમ છે, પરથી જુદી ને સ્વથી એકત્વ કેવડી છે.... —એ ખ્યાલમાં ન આવ્યું, તો તું 'હા' શી રીતે પાડીશ ?

વાતને (–વિષયને) પણ કુંદકુંદાચાર્ય જે ઉપાડે છે તે ઠેઠથી (–શરૂઆતથી) ઉપાડે છે. અમે તને આ (–એકત્વ-વિભક્ત આત્મા) કહેશું.... કહેશું આ વૈભવથી. (અમે) આ (મુનિપણાની) ભૂમિકામાં રહ્યાં (છીએ).... તું પણ વિકલ્પ અને પરથી ભિન્ન પડી, સ્વથી એકત્વ થઈ, તારા સ્વયમેવ પ્રત્યક્ષ વેદનથી.... અનુભવ કરીને નિર્ણય કરજે.

લ્યો ! એ નિર્ણય કરજે ત્યાં (–અનુભવમાં).... કહો, સમજાણું ? (અને) ત્યારે (યથાર્થ) નિર્ણય થયો (—એમ કહેવાય). રાગથી ભિન્ન પડી સ્વભાવના એકત્વમાં એકાકાર થતાં જે અનુભવ.... પ્રત્યક્ષ વેદન થયું (અને) એમાં નિર્ણય થયો—એ 'પરીક્ષા કરીને નિર્ણય કર્યો' (અર્થાત્) '(પરીક્ષા) કરી' (—એમ) કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

જો દર્શાવું તો સ્વયમેવ....

(મૂળ ગાથાની પહેલી લીટીમાં) 'દર્શાવું છું (-દેખાડું છું)'.... તો કહ્યું, (છતાં) પણ 'દર્શાવું (તો'.... એમ બીજી લીટીમાં કેમ કહ્યું ?)

(એનો અર્થ એ છે કે) દર્શાવવાનો પ્રવાહ જો આવ્યો બરાબર (તો).... —એમ (કહેવું છે). ભાવ તો (એકત્વ-વિભકત આત્માને) દર્શાવવાનો મારો થયો, પણ હવે દર્શાવવાનો (ભાવ) એમ ને એમ (ટકી) રહ્યો (અને) પ્રસંગ (બન્યો....લખવાનું થયું તો) પ્રમાણ કરજે ત્યાં. સમજાણું કાંઈ ?

પોતાના અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી.... એ અનુભવ-પ્રત્યક્ષથી પરીક્ષા કરી.... અંદરમાં વેદન કરીને પ્રમાણ કરવું.... પ્રમાણ કરજે. કહો ! એ પાંચમા આરાના શ્રોતાને પણ આમ કહે છે. પહેલેથી (-પહેલી ગાથામાં) કહ્યું'તું કે અમે સિદ્ધને સ્થાપીએ છીએ શ્રોતાના જ્ઞાનમાં.... અનંતા સિદ્ધોને (શ્રોતાની) જ્ઞાનની પર્યાયમાં અમે સ્થાપીએ છીએ અને અમે આત્માની વાત કરશું. અમે અમારી પર્યાયમાં અનંતા સિદ્ધોને સ્થાપ્યા છે (કે) સિદ્ધસ્વરૂપ અમારું છે, રાગાદિ (એ અમારું સ્વરૂપ) નહીં. એમ તમે પણ (સ્થાપજો). (અમે તો) અનંતા સિદ્ધોને તમારી પર્યાયમાં સ્થાપ્યા છે. (આ રીતે કહીને) પહેલી ગાથામાં શરૂઆત કરી છે. સમજાય છે ?

હવે અમે વાત કરીએ છીએ કે 'પડજે.... અંદરમાં જજે. આ પરનું લક્ષ છોડી દઈ સ્વના લક્ષમાં જા.' (આ રીતે) પરથી વિભક્ત થયો (અને) સ્વમાં એકત્વ થયો એનાથી તને પરીક્ષા (થશે).... પ્રત્યક્ષપ્રમાણથી અનુભવ થશે. એનાથી તને, આ ભગવાન ને આચાર્યો કહેતાં હતાં તે 'આ અનુભવ' (—એમ નિર્ણય થશે). આહાહા ! સમજાય છે કાંઈ ?

જો ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં તો છલ (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.... એટલે કે વાતમાં, ભાષામાં, કોઈ એવી વિભક્તિ આદિના શબ્દોમાં ફેર પડે (અને) એ તને કદાચિત્ તારા લક્ષ-ખ્યાલમાં આવી જાય (તો) ત્યાં ઊભો ન રહીશ. અમારે તો અનુભવપ્રધાન પદાર્થને કહેવો છે. અનુભવ.... સ્વસંવેદન (અને) પરથી ભિન્ન સ્વનું એકત્વ કહેવું છે એ ભાવને પકડજે.

કોઈ શબ્દોની શૈલીમાં.... ભાષામાં.... ધાતુમાં આ (હોય) અને ફલાણું.... અક્ષર અને માત્રા.... હ્રસ્વ 'ઇ' થઈ ગઈ ને દીર્ઘ 'ઈ' થઈ ગઈ.... હ્રસ્વ 'ઉ' થયું, દીર્ઘ 'ઊ' આમાં આવી ગયું ને કોઈ અલંકારમાં ફેર પડી ગયો હોય.... કોઈ દાખલો આપતાં એ દાખલામાં બરાબર અલંકાર ન મળ્યો હોય તો એ વાત (ધ્યાનમાં) લઈશ નહીં.

આહાહા ! ગજબ કોઈ સમયસારની ગાથાઓ અને સમયસાર એવે પળે લખાઈ ગયું છે.... એવી દશામાં ! અલૌકિક વસ્તુ, અલૌકિક ભાવ, અલૌકિક વાણી ! સમજાય છે ? એવી ચીજ છે અંદર.... આહાહા ! આમાં બધા આગ્રહ છૂટી જાય એના વાદવિવાદના.... બાપુ ! આમાં વાદવિવાદનું સ્થાન ક્યાં છે ભાઈ ? સમજાય છે કાંઈ ?

તું જેવો છો તેવો પામ, એમાં બીજી વાત ક્યાં છે ? આહાહા ! જેવો તું છો એવો થા.... છો એવો બની જા. પરથી ભિન્ન અને સ્વથી એકત્વ—એ વાત કરીએ છીએ એમાં (એનાથી) બીજી વિશેષ (વાત) શું છે ? આમાં વાદ ને ઝઘડા ને 'આ વ્યવહારથી થાય' (–એ વાતને સ્થાન ક્યાં છે ?) એ ન હોય બાપુ ! કારણ કે પરથી જુદું પડવું છે ત્યાં વ્યવહારનો વિકલ્પ (શું મદદ કરે ?) જેનાથી જુદું પડવું છે એનાથી મદદ મળે ?—એ (આચાર્યદેવ) એમ કહેતાં આવે છે પહેલેથી. સમજાય છે કાંઈ ?

(કોઈ કહે છે) : 'કાંઈક આપણને પહેલાં કષાયની મંદતા હોય, પુણ્ય હોય તો કાંઈક મદદ (મળે).'

(સમાધાન) : પણ જેનાથી જુદું પડવું (છે) એ મદદમાં હોય નહીં. આહાહા ! સમજાય છે ? એ તો સ્વના લક્ષે અહીંથી (–વિભાવથી) ભિન્ન પડી જાય એટલે વ્યવહારથી જુદો પડી ગયો....

(૧) સ્વના લક્ષે (વિભાવથી) ભિન્ન પડી ગયો
(૨) એટલે અહીં (સ્વભાવમાં) એકાગ્ર થયો (અને)
(૩) એટલે 'વ્યવહારથી થાય' એ વાત રહેતી નથી.

આહાહા ! સમજાણું કાંઈ ?

અને ન્યાયથી એના મગજમાં કાંઈક વિચારે તો એને એ (ખ્યાલમાં) આવે કે જ્યારે પરથી, વિકલ્પથી જુદું (કહ્યું).... વિકલ્પ તો વ્યવહાર છે લ્યો ! હવે એનાથી વિભક્ત (અને) સ્વથી એકત્વ (થતાં.... અર્થાત્) અહીંથી (–વિકલ્પથી) લક્ષ છોડીને અહીં (સ્વમાં) લક્ષ કર્યું ત્યારે અહીંથી (–વિકલ્પથી) જુદો પડ્યો અને (વિકલ્પથી) જુદો પડ્યો ત્યારે આને (–નિર્મળતાને) 'વ્યવહારની મદદ મળી' એમ રહ્યું ક્યાં ? —એમ (કહે છે). સમજાય છે કાંઈ ?

આ તો એકલો (–સ્વયં) પરથી ભિન્ન પડતાં (અને) સ્વ લક્ષમાં આવતાં જે દશા પ્રગટી તે નિશ્ચયને (–સ્વભાવને) લક્ષે પ્રગટી છે. (તેથી) તે નિશ્ચય (મોક્ષમાર્ગની) પર્યાય છે (તેને વ્યવહારની મદદ નથી). બસ, (એમ કહેવું છે.) સમજાણું કાંઈ ?

(આ નિશ્ચય મોક્ષમાર્ગની પર્યાય)....

(૧) વ્યવહારને લક્ષે (પ્રગટે) નહીં,
(૨) વ્યવહારથી જુદાં પડતાં (પ્રગટી હોવાથી તે પર્યાય) વ્યવહારમાં (હોય) નહીં તેમ જ
(૩) ત્યાં (–તેમાં) વ્યવહારપણું ઊભું થતું નથી (—એમ) કહે છે.

નિશ્ચયના (–સ્વભાવના) લક્ષે પરથી ભિન્ન પડતાં નિશ્ચય (મોક્ષમાર્ગ)ની પર્યાય ઊભી થાય તે વસ્તુ (–યથાર્થ મોક્ષમાર્ગ) છે. કહો, સમજાણું આમાં ? જુઓ ! (ટીકામાં) 'સ્વયમેવ'.... કહ્યું'તું.... તમારી મેળાએ (પરીક્ષા) કરજો, કો'કનો હાથ (–મદદ) લેશો નહીં—એમ કહે છે ત્યાં.

શ્રોતા : સારું પ્રભુ ! આપની આજ્ઞા.

પૂજ્ય ગુરૂદેવશ્રી : આવડે છેને બોલતાં એને થોડુંક. (ભીખાભાઈએ) તલાટીપણું કર્યું છેને ? (તેથી) ઘણા સાથે વાતમાં આવવું પડે, ઘણા. આહાહા !

ક્યાંય અક્ષર, માત્રા, અલંકાર, યુક્તિ દેવામાં કાંઈક ફેર પડી જાય....

(કોઈ કહે કે) યુક્તિ આ તમારી મળી નહીં (–સમજાતી નથી).

(સમાધાન) : હવે સાંભળને ! અમારે જે કહેવું છે એ ઉપર જાને. સમજાણું કાંઈ ?

આદિ પ્રકરણોમાં ચૂકી જાઉં.... (દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.... (મૂળ ગાથામાં) એમ કથન છેને ? કે छलं ण घेतव्वं.... (દોષનો) ખ્યાલ તારામાં આવી જાય કદાચિત્ ઉઘાડ હોય ને ક્ષયોપશમ હોય તો, (પણ) એ વાતમાં ઊભો ન રહીશ. કારણ કે અમારે એ વાત (ઉપર) વજન નથી દેવું. અમારે તો સ્વસંવેદન.... (સ્વભાવ) સહિત ને રાગથી ભિન્ન (ચૈતન્યનું) એકત્વ છે એના (ઉપર) વજન દેવું છે. એ ભાવને પકડજે.... એ અર્થને લેજે.... એમાં સાવધાન થજે.... બીજું મૂકી દેજે. આહાહા ! કેવું પાંચમું પદ મૂક્યું (-પાંચમી ગાથામાં વાત કરી) છેને ?

(દોષ) ગ્રહણ કરવામાં સાવધાન ન થવું.... એટલે શું કહે છે ? ખ્યાલમાં કોઈ વાત (-દોષ) આવી જાય તો ઊભો (નહીં રહેતો). એનાથી (-રાગથી) ભિન્ન પડવાની અને સ્વથી એકત્વની વાત છે ત્યાં તારું હૃદય.... જ્ઞાન જવું જોઈએ. સમજાણું કાંઈ ? ઓહોહો ! અનંતા જન્મ-મરણના અંતના આરા આ છે. સમજાય છે કાંઈ ? આ સમ્યગ્દર્શનની ભૂમિકા છે. આ (આચાર્યદેવ) તો (પોતાની) ચારિત્રની ભૂમિકાથી વાત કરે છે, પણ (વાત કરે છે) સમ્યગ્દર્શન ભૂમિકાની, (કે જે) પરથી ભિન્નતા અને સ્વના એકત્વથી પ્રાપ્ત થાય છે. સમજાણું કાંઈ ?

શાસ્ત્રસમુદ્રનાં પ્રકરણ તો ઘણા છે.... શાસ્ત્રના પ્રકરણો અનેક વિધ.... ઘણા પ્રકારે હોય છે. માટે અહીં સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે.... એ જયચંદ પંડિતે નાખ્યું છે. સ્વસંવેદનરૂપ અર્થ.... 'અર્થ' એટલે પદાર્થ (-ભાવ). અહીં તો આત્માને, રાગ અને પુણ્યના વિકલ્પથી ભિન્ન પડીને સ્વનું એકત્વ થાય એવો 'સ્વસંવેદન'નો અર્થ છે. 'સ્વસંવેદન' એવો ભાવ છે એની મુખ્યતા છે અહીં તો. સમજાણું કાંઈ ? સ્વસંવેદનરૂપ અર્થ પ્રધાન છે.... (એટલે કે) એ જ મુખ્ય કહેવું છે—એમ (કહે છે).

તેથી અર્થની પરીક્ષા કરવી.... એટલે કે સ્વસંવેદન(રૂપ) અનુભવ કરવો એ અર્થની પરીક્ષા છે. સમજાણું કાંઈ ? બહુ સરસ વાત (આવી) છે આજ. આવ્યા.... બરાબર ઠીક આવ્યા આજ. આહાહા ! કહે છે, અમારે કહેવાનું (પ્રયોજન) તો 'પરથી વિભક્ત અને સ્વથી એકત્વ' એવો ભાવ કહેવો છે. એ ભાવને પકડજે.... બસ, થઈ રહ્યું, બીજી વાતને જોઈશ નહીં. સમજાણું કાંઈ ? અમારે જે કહેવું છે એ આ ભાવ છે અને તારે એ ભાવ પકડવો. સમજાણું કાંઈ ?

લ્યો ! એ ટીકા પુરી થઈ. આહાહા ! બહુ સરસ.

ભાવાર્થ :—આચાર્ય.... મહારાજ.... ભગવાન કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય વગેરે સંતો....

(૧) આગમનું સેવન.... ભગવાનની વાણીનું સેવન. તીર્થંકર સર્વજ્ઞદેવ પરમાત્મા છે એના મુખથી નીકળેલી વાણી.... એ વાણીને આગમ કહીએ. એ આગમનું સેવન.... એટલે એ આગમનું સાંભળવું. એનાથી (આચાર્યદેવ કહે છે કે), અમારી દશા પ્રગટેલી છે. એ આગમ સિવાય બીજા (કથનો) સાંભળવા જેવા નથી—એમ કહે છે. સમજાય છે કાંઈ ? એનો અર્થ એ થયો કે સર્વજ્ઞના કહેલાં (વચનો છે) એને (આગમ) કહે છે (અને) એ પરંપરાએ એક જ વાત કરે છે. એને (–આગમને) સાંભળવા.... એની સેવા કરવી એટલે એ કહે છે તેમ જાણવું —એમ (કહે છે).

બીજા આડા-અવળા કહેનારા, સર્વજ્ઞ સિવાય (હોય એ સાંભળવા નહીં). અને જેને એ સર્વજ્ઞની પરંપરા મળી છે ને પોતાની અંદરમાં મળી છે (–અનુભવ થયો છે તેનું જ સાંભળવું). સમજાય છે ? જેને કાંઈ (અનુભવ) છે જ નહીં (તેમ જ સર્વજ્ઞની પરંપરા) મળી નથી ને અદ્ધરથી.... કલ્પનાથી વાતો કરે છે એને (–એ વાતને) આગમ ન કહીએ અને એ આગમ (વાણી), (સમ્યક્)જ્ઞાન થવામાં નિમિત્ત પણ હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ?

એમ કહીને ભાઈ ! એમેય કહ્યું.... આ જુઓ ! (અજ્ઞાની, કોઈની પણ વાણીને) દેશનાલબ્ધિ કહે છેને ? (તેની સામે અહીં) જ્ઞાનીની (વાણી) જ દેશનાલબ્ધિ હોય—એમ કહ્યું છે. ઓહોહો ! કેટલી વાત સિદ્ધ (કરે છે !) અજ્ઞાનીની વાણી (અનુભવમાં) નિમિત્ત હોઈ શકે નહીં. સમજાણું કાંઈ ?

આગમ.... સર્વજ્ઞના, જ્ઞાનીના કહેલાં વચનો છે એનું (અનુભવમાં) નિમિત્તપણું હોય.... સમજાય છે ? અજ્ઞાનીની વાણી અને અજ્ઞાની નિમિત્ત હોઈ શકે નહીં. (કોઈ) કહે છેને ? (કે) કહેનારા ગમે તેવા હોય, પણ શાસ્ત્રની વાત કરતા હોય તો આપણે માન્ય રાખવી ને એ દેશના(લબ્ધિ છે).—એની ના પાડે છે અહીં લ્યો ! આ (શાસ્ત્ર) તો આમ કહે છે જુઓ !

કહે છેને મનોહરલાલ વર્ણી ને (બીજા) ? એમાં (–જૈનના મેગેઝીનમાં) લખે છે. નહિ ? કે '(કહેનાર) ગમે તેવા (અજ્ઞાની પણ) હોય, પણ શાસ્ત્રની વાત કહેતા હોય (તો એ દેશનાલબ્ધિ છે).'

(સમાધાન :) પણ એ (અજ્ઞાનીની વાણી) બરાબર (–યથાર્થ) હોય જ નહીં. જ્યાં બરાબર (–યથાર્થ શ્રદ્ધા) અંદર નથી ત્યાં (તેની વાણી સમ્યક્દર્શનમાં) નિમિત્તરૂપે.... બરાબર અનુકૂળ (હોઈ શકે નહિ) ને (નૈમિત્તિક એવું સમ્યક્દર્શન પણ અજ્ઞાનીની વાણીને) અનુરૂપ હોઈ શકે નહીં. સમજાય છે ? જ્યાં *[1]નિમિત્ત અનુકૂળ નથી, ત્યાં *[2]નૈમિત્તિક અનુરૂપ હોઈ શકે જ નહીં—એમ કહે છે અહીંયા. આહાહા ! સમજાણું કાંઈ ?

એ (વાતનો) તો પહેલાં ખ્યાલ આવ્યો'તો, વળી અત્યારે અહીં (ભાવાર્થમાં) આવ્યો. જુઓને ! શું કહે છે આ ? કેવળીની વાણી તે (સમ્યક્દર્શનમાં) નિમિત્ત હોય છે.... જ્ઞાનીની વાણી નિમિત્ત હોય છે—એમ કહે છે મૂલચંદભાઈ ! છતાં પામે છે પોતાથી. 'આ (વાણી) કહે છે આમ' —એમ (ખ્યાલ) કરીને અંદરમાં (–સ્વરૂપમાં) જાય છે જ્યારે, ત્યારે તેને આ (વાણી) નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? આહાહા !

(૨) યુક્તિનું અવલંબન.... આગમનું સેવન.... (I) આગમનું (સેવન) અને (II) યુક્તિનું અવલંબન. યુક્તિ.... ન્યાયથી, તર્કથી, લોજીકથી. ન્યાયથી.... અન્ય મતમાં એકાંતપણું શું શું (–જે જે) છે તેનું યુક્તિના અવલંબનથી નિરાકરણ કર્યું છે. સમજાણું કાંઈ ?

(I) કોઈ એક જ આત્મા કહેતા હોય,
(II) (કોઈ) એકલા દ્રવ્યને માનતા હોય,
(III) (કોઈ) એકલી પર્યાયને માનતા હોય.... સમજાય છે ? અને
(IV) કો'ક આ વ્યવહારથી (ધર્મ) માનતા હોય.

---

*[1] નિમિત્ત, નૈમિત્તિકને અનુકૂળ હોય છે.
*[2] નૈમિત્તિક, નિમિત્તને અનુરૂપ હોય છે.
} જુઓ, ગાથા ૮૬ની ટીકા.

—એ બધા એકાંત કહેનારાના (અથવા માનનારાના) આગમ, એ આગમ જ નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! એ અમે યુક્તિથી.... (યુક્તિનું) અવલંબન કરીને (-લઈને) એનું નિરાકરણ કરી નાખ્યું છે. આહાહા ! સમજાણું કાંઈ ?

(૩) પરાપર ગુરુનો ઉપદેશ.... લ્યો ! (પહેલા બોલમાં) વાણી આવી, હવે આ કહેનારા (આવ્યા). 'પર'.... નામ સર્વજ્ઞ પરમાત્મા (અને) 'અપર'.... નામ ગણધરથી માંડીને અમારા ગુરુ પર્યંત.... એમનો ઉપદેશ (હતો) એનાથી અમારો વૈભવ પ્રગટેલો છે. અને ચોથું....

(૪) સ્વસંવેદન.... એ જે (મૂળ કારણ) હતું એ.... જે હતું એ. (પહેલા ત્રણ) તો નિમિત્તથી વાત કરી છે, પણ છતાં એમાં ઉપાદાન પોતાનું જાગૃત છે. કહો, સમજાણું ? નિમિત્તથી (વાત કરી, પણ) મૂળ વસ્તુ આ. સ્વ.... જેવો આનંદસ્વરૂપ (આત્મા) છે તેવું સ્વસંવેદન.... જ્ઞાનથી (-પોતાથી) પ્રત્યક્ષપણે વેદન. રાગના અવલંબન વિના, ભગવાન (આત્મ)દ્રવ્યના અવલંબનથી સ્વસંવેદન (થાય)—તે મૂળ વસ્તુ છે. એનાથી અમે આ વાત.... સમયસાર કહેશું.... આત્માને કહેશું.... શુદ્ધાત્માને કહેશું.

અમને, ભગવાને.... મુનિઓએ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો હતો, એનાથી અમને થયું (-નિજવૈભવ પ્રગટ્યો. હવે) અમે એ જ શુદ્ધાત્માનો ઉપદેશ કહેશું. આહાહા ! સમજાણું કાંઈ ? અરે ! ઝઘડા બાપા ! આમાં ક્યાં ભાઈ ? જ્યાં આકુળતા ટાળવાના રસ્તા (મળ્યા), એમાં આકુળતા શી (-કેવી રીતે) આવે ?

આ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનના વિભવથી એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.... સમજાણું ? એ ચાર પ્રકારે ઉત્પન્ન થયેલ પોતાના જ્ઞાનનો વૈભવ.... જ્ઞાનની ક્ષયોપશમરૂપ દશા છેને ? (એનાથી) એકત્વ-વિભક્ત શુદ્ધ આત્માનું સ્વરૂપ દેખાડે છે.... આત્માનું શુદ્ધસ્વરૂપ એવું જ છે.... પરથી વિભક્ત અને સ્વથી એકત્વ. એવા આત્માનું સ્વરૂપ દેખાડે છે.

તેને સાંભળનારા હે શ્રોતાઓ ! પોતાના સ્વસંવેદન-પ્રત્યક્ષથી પ્રમાણ કરો.... ઓહોહો !

(અજ્ઞાની) એમ કહે છે કે 'શ્રોતા કેવા છે એમ દેખીને ઉપદેશ કરવો.'

(સમાધાન :) અહીં તો (કહે છે કે શુદ્ધાત્મતત્ત્વનો) એક જ ઉપદેશ છે આ. શ્રોતા કોઈ એવા હોય તો....

(કોઈ કહે છે :) 'ભઈ ! જુઓ ! ભીલને માંસ......'

(સમાધાન :) હવે એ તો એક વ્યક્તિગત (વાત) છે, (મુખ્ય) વસ્તુ—તત્ત્વ તો આ છે. સમજાય છે કાંઈ ? એ વાતને....

(વળી કોઈ કહે છે :) 'જુઓ ! (ભીલને) આ બતાવ્યું ?'.... આવે છેને (પુરાણમાં) ?.........

(સમાધાન :) હવે એ પ્રસંગમાં એવો વિકલ્પ આવ્યો ને એ થયું. હવે સાંભળને ! એ વાત મુખ્ય નથી, મુખ્ય તો આ છે. સમજાય છે કાંઈ ? હવે એ વાત (મુખ્ય નથી). એવા ક્ષેત્ર, કાળ (આદિ પ્રમાણે) એવો વિકલ્પ આવી જાય છે, કરવો પડે છે ક્યાં કે 'આને આમ કરું ને આમ કહું.' સમજાય છે કાંઈ ? કે 'આને આટલી હદ છે માટે આમ છોડાવું'.... (—એવા) વિકલ્પના કર્તા થાય છે એ (મુનિરાજ) ? એ વિકલ્પ ઉઠાવી શકે છે ? (ના). ઓહો ! માર્ગ તે માર્ગ છેને !

કહે છે, પોતાના સ્વસંવેદન.... ભગવાન આત્માને જ્ઞાન દ્વારા પકડી જ્ઞાનનું વેદન કરવું—એ તારું કામ છે અને એ કામ સાટું (–માટે) અમારો શુદ્ધાત્માનો ઉપદેશ છે. લ્યો ! 'શું અમારે કરવું'—એમ (કોઈ) કહે છેને ? 'શું અમારે કરવું ?' કે આ તારે કરવું.... સમજાણું ?

ક્યાંય કોઈ પ્રકરણમાં ભૂલું તો એટલો દોષ ગ્રહણ ન કરવો એમ કહ્યું છે. અહીં પોતાનો અનુભવ પ્રધાન છે.... અહીં તો આત્માના વેદનની મુખ્યતા છે. જાણપણું કોઈ ઓછું-વત્તું હોય એની અહીં વાત નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ? જાણપણાની વાત ઓછી-વત્તી હોય.... જાણપણું અથવા જાણપણાના કથનની પદ્ધતિમાં શબ્દો કોઈ ઓછા-વત્તા (કે વ્યાકરણમાં) ફેર હોય એની અહીં વાત નથી.

અહીં તો પોતાનો અનુભવ પ્રધાન છે.... (આ મૂળ) વાત (છે). તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો.... લ્યો ! આ કરવાનું (આવ્યું). તેનાથી શુદ્ધ....

કોનાથી (નિશ્ચય કરવો) ?

(સમાધાન :) અનુભવ પ્રધાન છે; તેનાથી શુદ્ધ સ્વરૂપનો નિશ્ચય કરો—એમ કહેવાનો આશય છે.

એ પાંચમી ગાથા થઈ.

અહીંથી (સમયસારની) શરૂઆત કરે છે હવે હોં. હવે છઠ્ઠીના લેખ ફર્યા ફરે નહીં.... (એવી) છઠ્ઠી ગાથા. (તાળીઓ).... કહે છેને લોકો ? છઠ્ઠીના (લેખ). ગાથા છઠ્ઠી આવી હવે લ્યો !

હવે પ્રશ્ન ઊપજે છે.... એવો શુદ્ધ આત્મા કોણ છે.... અહીં શું માંડ્યું (-શરૂઆત કરી) હવે ? (શ્રોતાએ) પ્રશ્ન (કર્યો) એનો અર્થ એ છે કે એને.... શ્રોતાને.... શિષ્યને હવે ધગશ થઈ છે. 'મહારાજ ! આવો આત્મા ! પરથી ભિન્ન, સ્વથી એકત્વ એવો શુદ્ધસ્વરૂપ.... એવો શુદ્ધસ્વરૂપ આત્મા ! કોણ છે એ ? એ શું છે ?'—એવી જેને જિજ્ઞાસા છે એને માટે આ ગાથા કહેવામાં આવે છે—એમ સિદ્ધ કરે છે. સમજાણું કાંઈ ?

શિષ્યને આમ પ્રશ્ન ઉઠે છે. આ વાત આવી ને સાંભળી, ત્યારે હવે એ (-શિષ્ય) કહે છે, 'તમે એકત્વ-વિભક્ત કહેવા માગો છો તો શુદ્ધ આત્મા છે કોણ ?.... છે કોણ ? શુદ્ધ આત્મા કોણ છે ?.... સમજાણું કાંઈ ?

જુઓ ! સાંભળનારને અથવા પ્રશ્ન કરનારને આ પ્રશ્ન ઊઠ્યો. 'મહારાજ ! પુણ્ય કેમ કરવું ?.... પહેલું પુણ્ય કેમ કરવું ?.... પહેલો વ્યવહાર કેમ કરવો ?'—એમ એમાં (-ગુરુની વાણીમાં) આવ્યું નહોતું, તેથી એનો (-સાંભળનારનો) પ્રશ્ન પણ એમ નથી. સમજાય છે કાંઈ ?

'શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ.... પરથી વિભક્ત (ને સ્વથી એક્ત્વ એવા આત્માને) અમે કહીશું'.... એમ 'કહીશું' (એવું) એમણે (-આચાર્યદેવે) કીધું, ત્યારે હવે એને.... શિષ્યને એ જ પ્રશ્ન થયો. બીજી વાત નહીં (કે) વ્યવહાર પહેલો કરવો ને પછી (નિશ્ચય) આવે.... એ વાત અમે ક્યાં તને કહી હતી ? અમે તો શુદ્ધાત્માનો ઉપદેશ કરશું (—એમ કહ્યું હતું). હવે તું પૂછ.... શું પૂછવું છે ? તો,

'એ શુદ્ધ આત્મા કોણ છે ?'.... બસ, એક જ વાત (પૂછે છે). સમજાય છે કાંઈ ? આહાહા !

એ એવો શુદ્ધ આત્મા.... છેને ? कोऽसौ शुद्ध आत्मेति.... સંસ્કૃત છે.... અમૃતચંદ્રાચાર્યે સંધિ કરી.... કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?.... કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?.... એવો તે શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?.... અને જાણે તો સ્વસંવેદન થાય અને ન્યાલ થાય. આવા પ્રશ્નના.... આવા પ્રશ્નના ઉત્તરરૂપ ગાથાસૂત્ર કહે છે.... આવી જેને અંતરથી ધગશ અને જિજ્ઞાસા થઈ છે એને આ મારું સૂત્ર કહેવામાં.... આ તત્ત્વનો ઉપદેશ કરવામાં આવે છે.

છઠ્ઠી ગાથા કહેશે....

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૧૮

### ગાથા - ૬

### સંવત ૨૦૨૪, આસો સુદ ૪, ગુરૂવાર, તા. ૨૬-૯-'૬૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. વાસ્તવિક જીવદ્રવ્ય કોને કહેવું એનો મુખ્ય અધિકાર છે આમાં.

અહીં શિષ્યે પ્રશ્ન કર્યો પાંચ ગાથા સાંભળ્યા પછી. હવે પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે.... તમે કહ્યું કે અમને ગુરુએ શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો અને અમને શુદ્ધાત્મતત્ત્વનો નિજવૈભવ પ્રગટ થયો છે. એનાથી અમે આત્માને.... આત્મા કહો, સમય કહો, પદાર્થ કહો, સમયશુદ્ધ (કહો, એક જ છે).... કહેશું. શુદ્ધ આત્માને કહેશું.... સમયને કહેશું.... સમયસારને કહેશું.... શુદ્ધાત્માને કહેશું.

તો કહે છે કે, એ શુદ્ધ આત્મા છે કોણ ? જુઓ ! આ (છઠ્ઠી ગાથા એ ) મૂળ ગાથા છે.

સમ્યગ્દર્શનનો વિષય શું છે અને

સમ્યગ્દર્શન કેમ થાય ?

—એ આ વાત છે. સમજાણું કાંઈ ? ઓરા (–નજીક) આવો, અહીં જગ્યા છે.... અહીં આવી જાઓ. ....એ તો ભલે રહ્યા, બીજા મોઢા આગળ આવી જાયને એકાદ. એનું સ્થાન બદલવું કઠણ છે.... સમજાણું કાંઈ ?

શિષ્યનો પ્રશ્ન છે કે એવો તે શુદ્ધ આત્મા કોણ છે કે જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?.... જેનાથી સમ્યગ્દર્શન થાય અને અનંત કાળના જન્મ-મરણ ગળી જાય એવો તે શુદ્ધ (આત્મા) કોણ છે ?—એમ પ્રશ્ન કરે છે. સમજાણું કાંઈ ? જેનું સ્વરૂપ જાણવું જોઈએ ?.... એ પ્રશ્નના ઉત્તરરૂપ ગાથા છે. એવી જેને અંતર ધગશ થઈ છે એને આ ઉત્તર કહેવામાં આવે છે, જેથી એને સમાધાન થાય—એમ કહે છે. છઠ્ઠી....

ण वि होदि अप्पमत्तो ण पमत्तो जाणगो दु जो भावो ।
एवं भणंति सुद्धं णादो जो सो दु सो चेव ।।६।।

નથી અપ્રમત્ત કે પ્રમત્ત નથી જે એક જ્ઞાયક ભાવ છે,
એ રીત 'શુદ્ધ' કથાય, ને જે જ્ઞાત તે તો તે જ છે. ૬.

જુઓ ! આ સમયસારની શરૂઆત અહીંથી મૂળ થાય છે. જે શુદ્ધ આત્મા સમ્યગ્દર્શનનો વિષય અભેદ ચીજ (છે).... સમજાય છે કાંઈ ?.... એ કોને કહેવો. જ્ઞાયકભાવ.... જ્ઞાયક પદાર્થ.... શુદ્ધ આત્મા.... (ગાથામાં) છેને જ્ઞાયક 'भावो'.... જ્ઞાનસ્વરૂપ પદાર્થ.... ત્રિકાળી જ્ઞાનસ્વરૂપ પદાર્થ.... જ્ઞાયકભાવ.... શુદ્ધ આત્મા—એ બધું એક જ છે. એ કોણ છે અને કેમ છે ? કેવો છે ?

(ટીકા) :— કહે છે કે જે વસ્તુ પોતે છે....

(પહેલો બોલ) : જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી (કોઈથી ઉત્પન્ન થયો નહિ હોવાથી), અનાદિ સત્તારૂપ છે.... એ જ્ઞાયક એકરૂપ ભાવ (—કે) જેને શુદ્ધ આત્મા કહો.... જ્ઞાયક—જ્ઞાનસ્વરૂપ એકરૂપ ભાવ કહો.... જ્ઞાયક એકસ્વરૂપ પદાર્થ કહો.... તે કેવો છે ?

પોતે પોતાથી જ સિદ્ધ છે એટલે કે પોતે પોતાથી જ નિષ્પન્ન છે.... કોઈથી ઉત્પન્ન થયો નથી (માટે અનાદિની) સત્તા છે. (ક્યારેય) ઉત્પન્ન થયો નથી, અનાદિ સત્તારૂપ છે.... અનાદિ હોવાપણે છે. જ્ઞાયકભાવ અથવા શુદ્ધ આત્મા.... શુદ્ધાત્મ પદાર્થ એ કોઈથી ઉત્પન્ન થયો નથી.... અનાદિ હોવાપણે છે.... અનાદિ હોવાપણે છે. એથી.... પોતાથી જ સિદ્ધ હોવાથી ઉત્પન્ન થયો નથી, તેથી અનાદિ હોવાપણે છે.

(બીજો બોલ) : કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે.... ભવિષ્યની વાત લીધી.

(ભૂતકાળમાં) અનાદિ હોવાપણે છે, (કારણ કે) ઉત્પન્ન થયો નથી માટે અથવા કોઈથી ઉત્પન્ન થયો નથી માટે (અથવા) ઉત્પન્ન થયો નથી માટે અથવા

કોઈથી ઉત્પન્ન થયો નથી માટે.... સમજાણું કાંઈ ? એ અનાદિ સિદ્ધ—સત્તાસ્વરૂપ છે.

ભગવાન આત્મા જ્ઞાયકભાવ શુદ્ધાત્મ પદાર્થ (જેમ તે ભૂતકાળમાં) અનાદિ સત્તારૂપ છે એમ (ભવિષ્યમાં) અવિનાશી છે. કદી વિનાશ પામતો નથી.... ભવિષ્યમાં પણ કોઈ દિ' નાશ પામતો નથી, (માટે) અનંત છે. કહો, સમજાય છે કાંઈ ? અને....

ત્રીજો બોલ : નિત્ય ઉદ્યોતરૂપ છે. નિત્ય વર્તમાન.... એમ (ને એમ) કાયમ.... નિત્ય પ્રગટરૂપ જ.... પ્રકાશ—સ્પષ્ટરૂપ છે એનું ત્રિકાળ (હોવાપણું)....

(૧) (ભૂતકાળમાં) : અનાદિ સત્તારૂપ છે,
(૨) (ભવિષ્યમાં) : અનંત છે—નાશ ન થાય એવો (છે),
(૩) વર્તમાન(માં) : નિત્ય ઉદયરૂપ (–પ્રગટરૂપ) છે.

પછી જરી અર્થ (જયચંદજી) પંડિતે કર્યો (કે નિત્ય ઉદ્યોતરૂપ) હોવાથી ક્ષણિક નથી.... (સંસ્કૃત) પાઠ તો આટલો છે.... સમજાણું ? नित्योद्योतो.... સમજાય છે ? નિત્ય ઉદ્યોતરૂપ છે.... કાયમ પ્રગટરૂપ જ છે.... (જ્ઞાન) પ્રકાશની મૂર્તિ (આત્મા) નિત્ય–કાયમ છે. એ ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ આત્મા પદાર્થ—વસ્તુ એ નિત્ય ઉદ્યોતરૂપ.... કાયમ એવો ને એવો નિત્ય છે. સમજાય છે કાંઈ ?

(૧) (ભૂતકાળમાં) : અનાદિ સત્તા,
(૨) (ભવિષ્યમાં) : નાશ ન થાય એવો,
(૩) વર્તમાન(માં) : નિત્ય ઉદ્યોતરૂપ....
—ત્રિકાળી એમ ને એમ (રહેનારો).

(ચોથો બોલ) : અને સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે.... ભગવાન આત્મા વસ્તુ તરીકે.... દ્રવ્ય તરીકે.... જ્ઞાનસ્વરૂપ—જ્ઞાયકભાવ તરીકે.... એ તો સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે.... પ્રગટ પ્રકાશમાન ચૈતન્યજ્યોતિ છે. સમજાય છે કાંઈ ? સત્ છેને ?.... સત્ છેને ?.... ધ્રુવ છેને ?.... સ્વભાવભાવરૂપ.... સ્વભાવભાવરૂપ છે.

સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.... આ વ્યાખ્યા.... 'जाणगो दु जो भावो'.... ચોથો (બોલ) છેને એ (ગાથાના બીજા પદની) વ્યાખ્યા કરી. 'जाणगो दु जो भावो'.... એવો.... આવો જે જ્ઞાયક.... જ્ઞાનસ્વરૂપ, ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક.

(૧) અનાદિ સત્તા,
(૨) નાશ ન થાય એવો,
(૩) નિત્ય ઉદ્યોતરૂપ,
(૪) પ્રગટ પ્રકાશમાન.... સ્પષ્ટ જ્યોતિમાન

—એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.... એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.... સમજાણું કાંઈ ? જુઓ ! આ વસ્તુ જ્ઞાયક શુદ્ધ, આવો એક 'ભાવ' છે.... એક 'ભાવ' છે. કહો, સમજાય છે કાંઈ ?

એવો જે જ્ઞાયક એક 'ભાવ'.... સ્વભાવભાવ વસ્તુ છે એને સંસારની અવસ્થામાં .... હવે પર્યાયથી એને જોઈએ તો.... વસ્તુ તો આવી છે. સમજાણું કાંઈ ?

(મુમુક્ષુ આવતાં પૂજ્ય ગુરુદેવશ્રી :) આવ્યા.... આ બાજુ.. અહીં જગ્યા કરજો.... દેવશીભાઈ ! ત્યાં જગ્યા કરજો.

શું કહ્યું આ ? ફરીને.

શિષ્યે એમ પ્રશ્ન કર્યો છે કે 'મહારાજ ! એવો શુદ્ધ આત્મા તે કોણ છે કે જેને અનુભવે જીવને સમ્યગ્દર્શન થાય ?' ..... સમજાય છે કાંઈ ?

શું પ્રશ્ન છે ?

પ્રશ્ન ઊપજે છે કે એવો શુદ્ધ આત્મા કોણ છે.... જ્યારે એમ તમે કહ્યું કે.... 'અમને ગુરુએ, તીર્થંકરોએ, સર્વજ્ઞોએ શુદ્ધાત્માનો ઉપદેશ આપ્યો અને અમારો નિજવૈભવ (પ્રગટ્યો)..... આત્મા આનંદમૂર્તિ, સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધસ્વરૂપ છે —એવું અમને ભાન થઈને અમને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવ્યો છે. એવા અમે છીએ—એમ મુનિ કહે છે. સમજાય છે ? 'અતીન્દ્રિય આનંદના સ્વાદમાં અમે

છીએ. (એકત્વ–વિભક્ત) એવો આત્મા અમને દ્રષ્ટિમાં આવતાં અમે આનંદમાં મગ્ન છીએ.... સ્વસંવેદનમાં મગ્ન અમે છીએ (અને) એવા આત્મા અમે (છીએ).'

ત્યારે શિષ્યે પૂછ્યું, 'એવો તે આત્મા કોણ છે કે જે આત્માને જાણ્યે જીવને સમ્યગ્દર્શન થાય ? જેને અનંત કાળમાં એણે જાણ્યો નથી.... એનો અનુભવ કર્યો નથી પર્યાયમાં, તો એ ચીજ છે કોણ ? એ દ્રવ્ય—એ વસ્તુ છે કોણ ?' એના ઉત્તરમાં કહે છે.... શરૂઆતથી પહેલું (લઈએ).

(પહેલો બોલ) : જે પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી.... અનાદિ સત્તારૂપ છે.... ભગવાન આત્મા પોતાથી સિદ્ધ છે. 'સિદ્ધ' એટલે નિષ્પન્ન.... એની ઉત્પત્તિ કોઈ ચીજથી થઈ નથી.... એનો કોઈ ઉત્પન્ન કરનાર નથી. 'છે' આ આત્મા એ પોતે પોતાથી જ સિદ્ધ હોવાથી.... અનાદિ સત્તારૂપ છે.... અનાદિ હોવારૂપે છે. એક (વાત).

(બીજો બોલ) : કદી વિનાશ પામતો નહિ હોવાથી અનંત છે.... ભવિષ્યમાં કોઈ દિ' નાશ ન થાય એવી ધ્રુવ સત્તા અનાદિ(–અનંત) છે. ભગવાન સર્વજ્ઞસ્વભાવી.... જ્ઞાયકભાવી આત્મા અવિનાશી છે.

(ત્રીજો બોલ) : વળી નિત્ય ઉદ્યોતરૂપ.... વર્તમાન પ્રગટ.... નિત્ય પ્રકાશરૂપ (–પ્રગટરૂપ) કાયમ છે.

(ચોથો બોલ) : સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે....

—એવો જે આ ભગવાન આત્મા.... એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.... લ્યો ! આ એટલો જવાબ આપ્યો પહેલો. એવો એક જ્ઞાયક 'ભાવ' છે (—કે) જે એ જ્ઞાયક 'ભાવ'ની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય. સમજાય છે કાંઈ ? લ્યો ! ભીખાભાઈ ! તમારો ઉત્તર આવે છે આ. આહાહા ! શું થાય ?

જે જ્ઞાયક એક 'ભાવ' છે....—એમ (ટીકામાં) શબ્દ પડ્યો છે. પાઠમાં (મૂળ ગાથામાં) એટલું છે કે 'जाणगो दु जो भावो'.... જ્ઞાયકભાવ.... (ગાથાનું) બીજું પદ છે એનો અર્થ (ટીકામાં) કર્યો : આ જ્ઞાયક એક 'ભાવ'.... એક 'ભાવ'.... (છે—કે જેમાં) પર્યાયભેદ નહીં, રાગ નહીં, નિમિત્ત નહીં. એ ચીજ એકરૂપ 'ભાવ' છે....

એને 'શુદ્ધ આત્મા' કહીએ....
એને 'દ્રવ્યસ્વભાવ' કહીએ....
એને 'જ્ઞાયક શુદ્ધાત્મા' કહીએ....
એને પોતાનો 'પરમ પદાર્થ–પારિણામિકભાવ પદાર્થ' કહીએ....

—કે જેની અંદર દ્રષ્ટિ આપવાથી (સમ્યગ્દર્શન થાય છે).... એ સમ્યગ્દર્શનનો વિષય છે. સમજાય છે કાંઈ ? સમ્યગ્દર્શન.... (મોક્ષમહેલનું) પહેલું (પગથિયું એવું) સમ્યગ્દર્શન છે એનો એ વિષય છે. (અર્થાત્) જ્ઞાયક એકરૂપ શુદ્ધ આત્મા 'ભાવ'.... પદાર્થ છે એની દ્રષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. કહો, સમજાય છે કાંઈ ? ધર્મની ઉત્પત્તિનું કારણ આ છે. ધર્મ તે (નવો) ઉત્પન્ન થાય છે, ધર્મ કાંઈ અનાદિનો નથી. વસ્તુ અનાદિની છે.

ભગવાન જ્ઞાયકભાવ.... જ્ઞાનસ્વરૂપ ભાવ.... ચૈતન્યભાવ....

(૧) અનાદિ સત્તારૂપ છે (–ભૂતકાળ)
(૨) અનંત—વિનાશ ન થાય એવો છે (–ભવિષ્યકાળ)
(૩) નિત્ય પ્રકાશરૂપ છે (–વર્તમાનકાળ) અને
(૪) સ્પષ્ટ પ્રકાશમાન જ્યોતિ છે (–વર્તમાનકાળ)

—એ તો છે એ છે (–ધ્રોવ્ય), એને પ્રગટ થવું નથી (–ઉત્પાદ) (કે) તેનો નાશ થતો નથી (–વ્યય). એવો જે ભગવાન આત્મા જ્ઞાયક એક ભાવરૂપ છે એની દ્રષ્ટિ કરવાથી....

(૧) સમ્યગ્દર્શનની ઉત્પત્તિ થાય છે (–ઉત્પાદ),
(૨) મિથ્યાત્વનો નાશ થાય છે (–વ્યય),
(૩) જ્ઞાયકભાવપણે.... ધ્રુવપણે ધ્યેય કાયમ રહે છે (–ધ્રૌવ્ય).

સમજાણું કાંઈ ? મૂળ ગાથા છે આ. (જેમ) છઠ્ઠીના લેખ ફરે જ નહિ (તેમ) આ છઠ્ઠી ગાથાનો ભાવ ત્રણ કાળમાં ફરે નહીં એવો છે ભાઈ ! આ તો અલૌકિક વાત છે.

અનંત કાળથી એણે સમ્યગ્દર્શન ને એનો વિષય શું છે એ સાંભળ્યો નથી. સમજાય છે કાંઈ ? અનંત વાર નવમી ગ્રૈવેયક ગયો.... 'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક

પાયો, ફેર પીછો પટક્યો....' સમજાય છે ? 'સજ્જાય'માં આવે છે. ચાર 'સજ્જાયમાળા' છેને ? એમાં આવે છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ વળી આમાં.... 'છ ઢાળા' માં આવે છે. આ તો એમાં.... ચાર 'સજ્જાયમાળા'માં આવે છે. એ બધી.... ચાર 'સજ્જાયમાળા' મેં તો દુકાન ઉપર વાંચેલી તે દિ'.... ૧૯૭૦ની સાલ પહેલાં. ચાર 'સજ્જાયમાળા'.... એક એક (સજ્જાય).. વાંચેલું બધું, (કારણ કે) નિવૃત્તિ ઘણીને. એમાં આ હતું :

'દ્રવ્યસંયમસે ગ્રૈવેયક પાયો, ફેર પીછો પટક્યો....' સમ્યગ્દર્શન વિના અનંત વાર એવા જન્મ-મરણ કર્યાં, પણ એણે સમ્યગ્દર્શન શું છે અને એનું ધ્યેય શું છે એને લક્ષમાં અને અનુભવમાં લીધું નહીં.

એ કહે છે, એવો જે જ્ઞાયક એક 'ભાવ' છે.... તે શુદ્ધાત્મા છે—એમ કહે છે મૂળ તો. પણ એ શુદ્ધાત્મા કોને (પ્રાપ્ત) થાય એ પછી કહેશે. સમજાય છે કાંઈ ? આવો શુદ્ધ આત્મા ભગવાન પોતે ધ્રુવ.. ધ્રુવ.. છે—કે જેમાં અનંતા (ગુણ છે).

જે સિદ્ધ છે સિદ્ધ.... એક-એક (-દરેક) સિદ્ધ.... એ સિદ્ધને જે કેવળજ્ઞાન, કેવળદર્શન, આનંદ આદિ પર્યાય પ્રગટી છે એ પર્યાય છે, ગુણ નથી કાંઈ. સિદ્ધદશા એ પર્યાય છે (અને) એ પર્યાયમાં જે કેવળજ્ઞાન, અનંત આનંદ આદિ પ્રગટ્યા છે એ (પણ) પર્યાય છે.

સિદ્ધને (પણ) પર્યાય એક સમય રહે છે, બીજે સમયે બીજી પર્યાય થાય છે. પહેલા (સમય)ની (પર્યાયનો બીજા સમયે) વ્યય થાય છે (અને) બીજાનો (-બીજી પર્યાયનો) ઉત્પાદ થાય છે. તો કેવળજ્ઞાનની પર્યાય પહેલે સમયે જે થઈ હતી તે બીજે સમયે જાય (-વ્યય થાય) છે અને નવી (પર્યાય ઉત્પન્ન) થાય છે. એવી એવી કેવળજ્ઞાન, અનંત આનંદ આદિની પર્યાયો.... કે જે જ્યારથી પ્રગટે છે (ત્યારથી લઈને) અનંત કાળ પ્રગટ થાય (-થયા કરે) છે તે અનંતી કેવળજ્ઞાનની પર્યાય આત્માના જ્ઞાનગુણમાં પડી છે.... આ જ્ઞાયકભાવમાં પડી છે. સમજાણું કાંઈ ?

એવો જે આત્મા જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ છે તે એક ભાવરૂપ વસ્તુ છે, તે સમ્યગ્દર્શનનો વિષય છે અને તેને શુદ્ધ આત્મા કહેવામાં (આવે છે). પણ 'શુદ્ધ આત્મા' કહેવામાં આવે છે એ (વાત) પછી (ટીકામાં) લેશે ભાઈ ! અહીં તો, આટલું "જ્ઞાયક એક 'ભાવ' છે".... બસ આટલું (લેવું છે).

હવે એને પર્યાયમાં શુદ્ધાત્માનું ભાન ક્યારે થાય એ વાત કરતાં પહેલાં એની પર્યાયમાં શું છે એ બતાવે છે.

તે સંસારની અવસ્થામાં.... આવો ભગવાન આત્મા જ્ઞાયકરૂપે.... એકરૂપે હોવા છતાં (એટલે કે) વસ્તુસ્વભાવ ચિદાનંદ પ્રભુ.... કેવળજ્ઞાનનો કંદ આત્મા ધ્રુવ.... અનંતી કેવળજ્ઞાનની પર્યાયનો પિંડ એવો ગુણ(સ્વરૂપ) આત્મા અનાદિનો એકરૂપ હોવા છતાં, સંસારની દશાથી જોઈએ.... પર્યાયદ્રષ્ટિથી જોઈએ.... વ્યવહારદ્રષ્ટિથી જોઈએ તો તેની અવસ્થામાં અનાદિ બંધપર્યાયની નિરૂપણાથી.... (જુઓ ! 'નિરૂપણાથી' એ સંસ્કૃત ટીકાની) ભાષા આવી ભાઈ !

બેયમાં (–બંધપર્યાયની વાતમાં અને દ્રવ્યસ્વભાવની વાતમાં સંસ્કૃત ટીકામાં) 'निरुपण'.... (શબ્દ) છે, બેયમાં 'निरुपण'.... (શબ્દ) છે. પછી 'અપેક્ષાથી' (શબ્દ) નાખ્યો આમાં (–દ્રવ્યસ્વભાવની વાતમાં). છેને ? અહીં (–બંધપર્યાયની વાતમાં) તો (શબ્દ) 'નિરૂપણ' છે, પણ આ (દ્રવ્યસ્વભાવની વાતમાં) તો 'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી'.... એમ લખ્યું છે એમાં. પણ, ત્યાં પણ 'निरुपण'.... (શબ્દ) છે મૂળ (સંસ્કૃત) પાઠમાં.

(બંધપર્યાયની) પર્યાયની નિરૂપણાથી જોઈએ (તો)....

શ્રોતા : દ્રવ્યસ્વભાવ.......

પૂજ્ય ગુરુદેવશ્રી : એ (વાત) પછી વળી. અહીં (બંધપર્યાયની વાતમાં શબ્દ) 'નિરૂપણ'.... છે. પહેલાં અહીં (બંધ)પર્યાયની (વાત છે). વસ્તુ તો આવી (–શુદ્ધ) છે, પણ એની વર્તમાન અવસ્થાની દ્રષ્ટિથી જોઈએ.... વ્યવહારનયથી જોઈએ.... અશુદ્ધનયથી જોઈએ.... પર્યાયનયથી જોઈએ.... ભેદદ્રષ્ટિથી જોઈએ તો બંધપર્યાયની.... (અપેક્ષાથી) ક્ષીર-નીરની જેમ.... દૂધ અને પાણી જેમ ભેગા દેખાય છે, એમ કર્મના પરમાણુઓ જડ અને ભગવાન આત્મા (જુદા

હોવા છતાં) કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ.... વ્યવહારનયે.... વર્તમાન પર્યાયદ્રષ્ટિથી જોઈએ ત્યારે (આત્મા) કર્મના.... નિમિત્તના સંબંધમાં જોડાયેલો છે.

વર્તમાન અવસ્થાથી દેખતાં (કર્મપુદ્‌ગલો સાથે) એકરૂપ હોવા છતાં.... જાણે બેય (–જીવ અને કર્મપુદ્‌ગલ) એક હોય.... એકરૂપ હોય—એમ પર્યાયદ્રષ્ટિથી.... વર્તમાન અવસ્થાથી દેખાય છે. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ તો છે તે છે. સમજાણું કાંઈ ? આહાહા ! સંસાર દશામાં.... એની (સંસાર)પર્યાયની અવસ્થામાં અનાદિ બંધપર્યાય.... કર્મના સંબંધ(વાળી) અવસ્થાથી ઉત્પન્ન થયેલી દશા છે એ અપેક્ષાથી જોઈએ તો ક્ષીર-નીરની જેમ કર્મપુદ્‌ગલો સાથે એકરૂપ હોવા છતાં.... એ એક વાત થઈ.

બીજી વાત. દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોવામાં આવે.... જુઓ ! ભગવાન આત્મા વસ્તુ.... દ્રવ્ય જ્ઞાયકભાવ—કે જેને પહેલાં 'જ્ઞાયક એક ભાવ'.... કહ્યો હતો એ દ્રવ્યસ્વભાવની (અર્થાત્) વસ્તુ સત્.... સત્.... અનંત જ્ઞાનાદિ સ્વભાવથી ધ્રુવરૂપ છે એવા દ્રવ્યસ્વભાવની અપેક્ષાથી.... (અહીં) 'અપેક્ષા'.... (શબ્દ) લીધો છે, પણ પાઠમાં (–સંસ્કૃત ટીકામાં) '**निरुपण**'.... (શબ્દ) છે. માટે....

(૧) દ્રવ્ય(સ્વભાવ)ના <u>નિરૂપણથી</u> જોઈએ તો.... એમ (લેવું અને)
(૨) પર્યાયના <u>નિરૂપણથી</u> જોઈએ તો.... એમ (લેવું).

'મોક્ષમાર્ગપ્રકાશક'માં (શબ્દ) લીધો છેને 'નિરૂપણ' ? એ અહીંથી આવે છે. બે પ્રકારે નિરૂપણ છે.... મોક્ષમાર્ગનું બે પ્રકારે નિરૂપણ છે, મોક્ષમાર્ગ બે નથી. મોક્ષમાર્ગ તો એક જ છે. (સાતમો અધિકાર, ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિ પ્રકરણ). અમરચંદભાઈ !

ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાનનો કંદ, અનાકુળ આનંદનો પિંડ પ્રભુ છે. એવા દ્રવ્યસ્વભાવને....

(૧) દ્રવ્યસ્વભાવથી જોઈએ તો પહેલાં વસ્તુ કીધી (એ) 'જ્ઞાયક ભાવ છે.'
(૨) પછી કીધું કે એની (બંધ)પર્યાયથી.... અવસ્થાથી જોઈએ તો જાણે કર્મપુદ્ગલ સાથે, નિમિત્ત-નૈમિત્તિક સંબંધરૂપ વ્યવહારથી, એકરૂપ દેખાય છે.
(૩) હવે કહે છે કે વસ્તુના સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો જેનું મટવું કઠણ છે.... એટલે કે....

હમણાં બીજો અર્થ કર્યો પંડિતજીએ.

'दुरन्त'.... શબ્દ પડ્યો છેને ? दुरन्तकषाय-चक्रोदयवैचित्र्यवशेन.... ('वैचित्र्य') એટલે કે ઘણા પ્રકારે.... અનંત પ્રકારે. કષાયચક્રના ઉદયની વિચિત્રતા.... (દ્રવ્ય)કર્મનો ઉદય ઘણા પ્રકારે.... અનંત પ્રકારે.... અનેક પ્રકારે છે. એવું કષાયચક્ર.... એટલે કે મોહચક્ર જડનું.... જડનું હોં મોહ(ચક્ર), એના ઉદયની.... ઉદય જડનો છે, એની વિચિત્રતા.... (એ) અનેક પ્રકારનો છે એને આત્મા વશ થાય છે પર્યાયમાં. સમજાણું કાંઈ ?

શું કહે છે ? ભગવાન આત્મા જ્ઞાયક એકરૂપ ભાવ.... (એ) વસ્તુ હોવા છતાં, પર્યાય.... વર્તમાન અવસ્થાની અપેક્ષાથી જોઈએ તો, પાણી અને દૂધનો જેમ એકક્ષેત્રાવગાહે..... સંબંધ છે એમ અહીંયા (સિદ્ધાંતમાં), આત્માને અને કર્મના રજકણોને.... ધૂળને એકક્ષેત્રાવગાહે એકરૂપ(પણું છે—એમ) વ્યવહારનયથી દેખવામાં આવે છે.

પણ વસ્તુથી જુઓ તો, જેનો અંત (આવવો સહેલો) નથી એવા અનેક પ્રકારના કષાયચક્ર.... જે મોહ જડકર્મ છે એના ઉદયની વિચિત્રતા.... વિશેષતા (અર્થાત્) ઉદયની અનેકતા છે એને વશે.... આત્મા પર્યાયમાં એને (–ઉદયને) વશ (થયો).... પર્યાયમાં એને વશ.... એને તાબે (થયો). (પણ તે) કર્મને લઈને નહીં, (કેમ કે) કર્મનો (ઉદય) તો એની (–જડની) સત્તામાં (છે અને) એની જડની સત્તામાં (જ) એના ઉદયની વિચિત્રતા આવી છે. (હવે) અહીંયા (જીવે) એને (–કર્મના ઉદયને) વશ.... (જીવે પોતાના ઊંધા પુરુષાર્થથી) પોતાની પર્યાય એને વશ કરી છે (–પોતે કર્મના ઉદયને વશ થયો છે). સમજાણું કાંઈ ? ....

ન સમજાણું ?

(ફરીને :) (વિકાર થવામાં) કર્મનો દોષ નથી, (કેમ કે) કર્મ તો પરદ્રવ્ય છે. એના.... કર્મના દ્રવ્ય-ગુણ-પર્યાય કર્મમાં છે. કર્મના....

(૧) દ્રવ્ય એટલે પરમાણુઓ,

(૨) ગુણ (એટલે) એની વર્ણ-ગંધ આદિ શક્તિ અને

(૩) પર્યાય (એટલે) એનો ઉદય થયો તે.

એ દ્રવ્ય, ગુણ, પર્યાય—ત્રણેય અજીવ.... જડ, જડમાં છે. જડ છેને ? આહાહા ! સમજાણું કાંઈ ?

'વિહુયરયમલા' ....(શબ્દ) નથી આવતો ? 'લોગસ્સ'માં આવે છે કે નહીં ? 'વિહુય' = 'વિ'–વિશેષે, 'હુય'–ટાળ્યા છે. 'રયમલા'.... 'રય'માં 'ય'નો 'જ' થાય છે. 'રજ' = આઠ કર્મની રજ. તે 'હુય' અને 'મળ' (–'મલા') એટલે પુણ્ય-પાપનો મેલ.... વિકલ્પ.... ભાવકર્મ. —એ બેને (–કર્મની રજ ને ભાવકર્મ તેને) ટાળ્યા છે. (આવો અર્થ) આવે છે એમાં (–'લોગ્ગસ'માં), પણ અર્થની ક્યાં ખબર છે અત્યારે ? જેઠાલાલભાઈ ! હાંકે રાખે ગાડા....

'વિહુયરયમલા....' નહોતું કહ્યું એક ફેરી (કે અર્થ) સમજે નહીં (તો કેવું થાય !).... વિશાશ્રીમાળી અને દશાશ્રીમાળીને (એકબીજા સાથે) તકરાર (હતી. એક બાઈ) અર્થ સમજે નહિ 'લોગસ્સ'નો. પછી બન્નેને (એકબીજા સાથે) તકરાર (હતી એટલે તે) દશાશ્રીમાળીની બાઈ ('લોગસ્સ'નો પાઠ કરતાં) 'વિહુયરયમલા'(ને બદલે) 'વિહા રોઈ મળ્યા' (—એમ બોલી). (માણસો) કહે, "આપણી અહીંની તકરાર 'લોગસ્સ'માં ક્યાંથી આવી ? આપણી તકરાર દશા-વિશાની હોય...."

દશા-વિશા સમજતે હૈં ?

આ વાણિયામાં (નાત) હોય છેને ? અમારે દશાશ્રીમાળી અને વિશાશ્રીમાળી (એવી બે નાત છે. તે) બેયને તકરાર થઈ લીંબડીમાં. (ત્યાં એક બાઈને 'લોગસ્સ'નો) અર્થ આવડે નહીં. ભગવાનભાઈ ! 'વિહુય' (શબ્દ) છેને ? (એટલે બાઈ બોલી) 'વિહા'.... 'રયમલા' (શબ્દ છે એટલે બોલી) 'રોઈ મળ્યા'.... (કોઈ

કહે) "આ 'લોગસ્સ'માં ક્યાંથી આવ્યું ? આપણી તકરાર અહીં ક્યાંથી આવી ? અર્થ તો જુઓ ! અરે ! આ તો વિશાની વાત નથી, આ તો 'વિહુયરયમલા' છે."

ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ પ્રભુ ! આપે 'વિહુય'.... ધૂઈ.... ખંખેરી નાખ્યા છે. જેમ પંખી ધૂળને ખંખેરી નાખે, એમ 'રજ' = ર+જ = રય.... આઠ કર્મની રજ ખંખેરી ગઈ (-નાખી) છે અને 'મલ'= પુણ્ય-પાપ. શુભ-અશુભ રાગરૂપ જે વિકલ્પો.... દયા, દાન, વ્રત, કામ, ક્રોધના ભાવ છે એ પુણ્ય-પાપ ભાવ મેલ (છે અને) એને ટાળ્યા છે આપે (તેથી) આપ વીતરાગ સર્વજ્ઞ થયા છો. સમજાણું કાંઈ ?

શું થાય ? (અત્યારે) એવી ચીજ (-સ્થિતિ) થઈ ગઈ છે કે નથી એના (શબ્દોના) અર્થની ખબર કે નથી એના ભાવની (ખબર). વસ્તુ શું છે અને (તેની) કેમ દ્રષ્ટિ કરવી—એ આખી.... બધી વાતનો ફેરફાર થઈ ગયો છે આખો. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવનો.... પરમાત્માનો.... પરમેશ્વરનો માર્ગ.... સમજાય છે ? કહે છે, આ માર્ગ છે ભગવાન !

વસ્તુ ભગવાન.... દ્રવ્યસ્વભાવથી વસ્તુ (-આત્મા) જોઈએ, તો તો (તે શુભ-અશુભરૂપે પરિણમતી નથી. હા,) તેમાં (-પર્યાયમાં) ઉદયની વિચિત્રતાના.... અનેકતાના વશે થયેલો આત્મા.... પર્યાયમાં હોં, પર્યાયમાં. વસ્તુ તો વસ્તુ છે. એવા (ઉદયની વિચિત્રતાના) વશે પ્રવર્તતા.... શું (-કેવી રીતે) પ્રવર્તતા ? 'વશે પ્રવર્તતા'.... ભાઈ ! એમ કહ્યું છે. ઉદયની વિચિત્રતા.... અનેકતા .....જડમાં છે એ તો જડની પર્યાય (-દ્રવ્યકર્મ) છે. હવે આત્મા તેને વશે પ્રવર્ત્યો એ જીવની વિકારી પર્યાય (-ભાવકર્મ) છે. સમજાણું કાંઈ ?

પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર.... જુઓ ! શું કહે છે ? પુણ્ય-પાપના નવા રજકણો જે બંધાય છે એને.... જે નવા પુણ્ય-પાપ બંધાય છે એને ઉત્પન્ન કરનારા.... નિમિત્તરૂપ કોણ છે ? (કે) સમસ્ત અનેકરૂપ (શુભ-અશુભ ભાવો)....

'उपात्त'નો અર્થ 'સમસ્ત' કર્યો છે ? 'उपात्त'.... 'उपात्त'.... શબ્દ પડ્યો છે. निर्वर्तकानामुपात्त.... 'અનેક'.... (એ) તો વિશ્વની (-'वैश्व'ની) વ્યાખ્યા છે.... 'उपात्त'ની વ્યાખ્યા 'અનેકરૂપ પ્રાપ્ત કર્યા છે' એમ ? 'વિશ્વ' (-'वैश्व'

એટલે) અનેક ને 'उपात्त'.... (એટલે) પ્રાપ્ત કર્યું છે. શબ્દ બરાબર નથી.... (એનો) અર્થ નથી બરાબર.

વાત તો.... ખરેખર તો આમ છે કે વસ્તુ પોતે જ્ઞાયકભાવ ચિદાનંદ પ્રભુ ધ્રુવ હોવા છતાં.... એકરૂપે હોવા છતાં એની વર્તમાન અવસ્થામાં એને (–જીવને), કર્મ પુદ્ગલ સાથે (માત્ર) નિમિત્તપણે.... વ્યવહારથી એકરૂપ દેખાવા (–દેખાય છે) છતાં....

તેને (–જીવને) કેમ (શુભાશુભ ભાવ) થાય છે ?

(સમાધાન :) કે કર્મ(ના ઉદયની) અનેક વિચિત્રતા જડમાં જડને કારણે છે. એ જડ(કર્મ)નો ઉદય.... (કર્મ) સત્તામાં પડ્યા છે એમાંથી ઉદય આવતાં.... (એ તો) તેની જડની પર્યાય થઈ. (હવે) એને વશે.... આત્મા પોતાના દ્રવ્યસ્વભાવ તરફ ન જતાં (એટલે કે) વર્તમાન પર્યાયથી દ્રવ્યસ્વભાવ (તરફ) ન જતાં, વર્તમાન પર્યાય તેને (–ઉદયને) વશ થતાં નવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર.... એવા શુભાશુભ ભાવને અંગીકાર કર્યા છે જેણે (–અજ્ઞાનીએ) લ્યો ! ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ (શુભાશુભ ભાવો).... પ્રાપ્ત કર્યાં છે. 'અંગીકાર કર્યા છે'—એમ કીધુંને ભાઈ ? વિશ્વરૂપ અંગીકાર કર્યું છે એમ.... (અર્થાત્) અનેકપણાને પ્રાપ્ત કર્યું છે.

એટલે શું સમજાણું કાંઈ ?

આ બાજુ એકરૂપ ભગવાન છે.... વસ્તુ જ્ઞાયક એકરૂપ વસ્તુ છે. પણ આ બાજુ પર્યાયમાં, પુણ્ય અને પાપને ઉત્પન્ન કરનારા એવા અનેક પ્રકારના શુભ ને અશુભ.... પુણ્ય અને પાપ(ને ઉત્પન્ન કરનાર) દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિ—એ શુભાશુભ ભાવ છે તેને પ્રાપ્ત થયો છે. એવા ભાવો છે, (છતાં જ્ઞાયકભાવ) તેમના સ્વભાવે પરિણમતો નથી.... (—એમ) હવે અહીંયા (આચાર્ય) અર્થ લે છે. પર્યાયે (–શુભાશુભ ભાવને) પ્રાપ્ત છે, છતાં દ્રવ્યસ્વભાવથી જોઈએ તો તે દ્રવ્ય શુભાશુભ ભાવે થતું નથી. આહાહા !

ફરીને....

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ પ્રભુ (છે—કે) જેને સમ્યગ્દર્શનનો વિષય કહીએ.... જેને શુદ્ધ આત્મા કહીએ.

કેમ ?

(કેમ) કે કર્મ....

(૧) શરીર છે એ તો અજીવ તત્ત્વમાં જાય છે (–નોકર્મ). સમજાય છે કાંઈ ? અને

(૨) કર્મમાં જે શાતા-અશાતા બંધાય છે એ (પણ) બધા અજીવતત્ત્વ.... જડમાં (જાય છે), આઠેય કર્મના દ્રવ્ય-ગુણ-પર્યાય જડ છે (–દ્રવ્યકર્મ).

(૩) હવે આત્માની પર્યાયમાં જડને વશ થઈને.... (પર્યાય સ્વ-તરફ) ન આવતાં એને (–જડને) વશ થઈને (અર્થાત્) પર્યાયમાં.... અવસ્થામાં.... હાલતમાં એને (–જડને) તાબે થઈને.... એનું (–જડનું) લક્ષ કરીને (–કરતાં) ઉત્પન્ન થતાં શુભાશુભ ભાવ (–ભાવકર્મ) છે (અને તે) નવા પુણ્ય-પાપનું કારણ (થાય) છે, (પણ જ્ઞાયકભાવ તે રૂપે પરિણમતો નથી). સમજાણું કાંઈ ?

ખરેખર દ્રવ્ય(સ્વભાવ) તો.... અહીંથી હવે (દ્રવ્ય) લેવું પાછું. દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી.... નિરૂપણથી કહેવામાં આવે તો તે (જ્ઞાયકભાવ) શુભાશુભ ભાવરૂપે થતો નથી.... થયો નથી. આહાહા !

વસ્તુ છે વસ્તુ જ્ઞાયકમૂર્તિ ચૈતન્ય પ્રભુ ધ્રુવ, (જ્યારે) એ શુભાશુભ (ભાવ) ખરેખર તો અચેતન છે. અચેતન એટલે ? એ રાગ છે.... એ રાગ નથી જાણતો પોતાને કે રાગ નથી જાણતો જ્ઞાયક ચૈતન્યને, (તેથી) એ (રાગ) અચેતન છે. અચેતન એટલે રંગ-ગંધ-સ્પર્શ(વાળો) છે—એમ નહીં, પણ એમાં ચૈતન્યના.... જ્ઞાયકના નૂરના તેજનો અભાવ છે.

શુભ-અશુભભાવ.... પુણ્ય-પાપના ભાવ.... દયા-દાન-વ્રત-ભક્તિનો શુભભાવ, હિંસા-જૂઠું-ચોરી આદિનો (અશુભ)ભાવ કે મિથ્યાત્વભાવ—એ ભાવમાં, ચૈતન્યનો પ્રકાશ છે તેનો અભાવ છે. કેમ કે વિકૃતભાવ નથી જાણતો પોતાને (અને) એ વિકૃતભાવ સમીપમાં જ્ઞાયક છે એને (પણ) નથી જાણતો. તેથી તેને અચેતન એટલે કે જ્ઞાયકના.... ચૈતન્યના શુદ્ધ નિર્મળ કિરણથી વિરુદ્ધભાવ હોવાથી એને અચેતન કહેવામાં આવ્યા છે. ચેતનનો અભાવ.... (ચેતનપણું) નહીં, માટે અચેતન—એમ (કહેવું છે). સમજાય છે કાંઈ ? ઝીણી વાત છે ભાઈ ! આ

વસ્તુ તો મૂળ વસ્તુ છે ભગવાન ! આ તો અનંત કાળમાં એણે મૂળ ચીજનો પત્તો લીધો નથી પ્રભુ ! સમજાય છે કાંઈ ?

ભગવાન.... આ ગાથામાં તો આખી મૂળ રકમને મૂકે છે.... મૂળ રકમ. વાણિયાને હોયને ? પાંચ-દસ લાખ (વ્યાજે) આપ્યા હોય છ આનાની તરીકે. વીસ વરસ વ્યાજ ખાધું. (પછી કહે) : 'મૂળ રકમ તો લાવ હવે ? વ્યાજ ખાધા ઘણા વરસથી, પણ રકમ (લાવ) ?' (ઉત્તર) : 'રકમ નથી.' અરે ! આ ત્યારે (વ્યાજ ખાઈને) શું કર્યું ? એમ આ ધર્મની મૂળ રકમ (એવા) સમ્યગ્દર્શનમાં શું છે એની વાત ચાલે છે. ન્યાલભાઈ !

કહે છે, ભગવાન આત્મા....

શિષ્યે પૂછ્યું : 'પ્રભુ ! નાથ ! એવો તે શુદ્ધ આત્મા.... જ્ઞાયકભાવ એકરૂપ પદાર્થ કોણ છે એ તે ?'

(સમાધાન :) ભાઈ ! એ એવો પદાર્થ છે—કે જે....

(૧) અનાદિ છે (–ભૂતકાળ),
(૨) અનંત છે (–ભવિષ્યકાળ),
(૩) નિત્ય પ્રગટરૂપ છે (–વર્તમાનકાળ),
(૪) એક સ્વભાવરૂપ છે.

હવે, એનું શુદ્ધપણું સ્થાપવું છેને ભાઈ ! હવે 'શુદ્ધ' ક્યારે એને કહેવાય ?.... એ છે તો શુદ્ધ, પણ એને ક્યારે 'શુદ્ધ' કહેવાય ? કે એની પર્યાયમાં તો....

જડકર્મની અવસ્થા.... જડનું અસ્તિત્વ એમાં (–જડમાં) છે, એ કાંઈ આત્મામાં છે નહીં. કારણ કે દરેક.... (પોતાની વસ્તુના) દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાથી છે અને પર (વસ્તુના) દ્રવ્ય-ગુણ-પર્યાય એનાથી (–પરથી) છે. સ્વચતુષ્ટયે આત્મા છે ને પરચતુષ્ટયથી નથી. પોતે પોતાનું....

(૧) દ્રવ્ય એટલે વસ્તુ,
(૨) ક્ષેત્ર એટલે પહોળાઈ,
(૩) કાળ એટલે અવસ્થા,
(૪) ભાવ એટલે શક્તિ....

(—એ ચારેય, આત્માના) એનાથી (–પોતાથી) છે. પર પરમાણુ (કે) કર્મ આદિના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્મા નથી.... પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી (આત્મા) નથી એટલે કે કર્મના ઉદયની વિચિત્રતાથી આત્મા નથી, એનાથી (–ઉદયથી) તો એ (જડ) છે. પણ એના લક્ષથી ઉત્પન્ન થયેલો વિકૃતભાવ એમાં.... (આત્માની) પર્યાયમાં છે. છતાં પણ એ શુભાશુભપણે દ્રવ્યસ્વભાવ પરિણમતો નથી—એમ સિદ્ધ કરવું છે અહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

વસ્તુ (અશુદ્ધરૂપે) પરિણમે શી રીતે ? શુભ-અશુભ વિકલ્પ છે એમાં તો જ્ઞાનના કિરણનો અભાવ છે.

(દ્રષ્ટાંત :) સૂર્યના કિરણો નીકળે એ કાળો નીકળે કોઈ ? કોલસાવાળો નીકળે ? એ કિરણમાં તો પ્રકાશ.... એકલો પ્રકાશ હોય.

(સિદ્ધાંત :) એમ ચૈતન્ય ભગવાન સૂર્ય અનંત જ્ઞાનનો પિંડ પ્રભુ છે. એની પર્યાય પ્રગટ થાય તો કિરણ જ્ઞાનનું નીકળે.... શાંતિનું-શ્રદ્ધાનું-આનંદનું એ કિરણ નીકળે. રાગ (ન નીકળે), એ રાગ તો બાપુ ! અચેતન છે.

એટલે ?

ચૈતન્યના જ્ઞાયકભાવની પર્યાયનો જેમાં (–રાગમાં) અભાવ છે. દ્રવ્યનો તો અભાવ છે.... ગુણનો તો અભાવ છે.... પણ જ્ઞાયક ચૈતન્યના કિરણનો.... ચૈતન્યની નિર્મળ અવસ્થાનો પણ તેમાં અભાવ છે. સમજાણું કાંઈ ? એવો જે એક (જ્ઞાયકભાવ છે તે નિત્ય શુદ્ધ છે).

જડ(કર્મ)ના ઉદયની વિચિત્રતા એનામાં (–જડમાં) છે.... એનું અસ્તિત્વ એનામાં (–જડમાં) છે. આના (–આત્માની પર્યાયના) અસ્તિત્વમાં, એને (–જુના કર્મના ઉદયને) વશ થઈને પર્યાયમાં.... અવસ્થામાં (થતાં શુભાશુભ ભાવ છે, જે) નવી પુણ્ય-પાપ(પ્રકૃતિ)ને ઉત્પન્ન કરવામાં.... (તેના બંધનમાં) નિમિત્તરૂપે છે. પોતાના ભાવમાં (–જીવના રાગાદિ ભાવમાં) નિમિત્તરૂપે જુનું કર્મ છે (અને ત્યારે) એના (–કર્મના) વશમાં (જીવ) હોય છે (અર્થાત્ રાગાદિમાં) જુનું (કર્મ) નિમિત્ત છે (ત્યારે) અહીં (કર્મને) વશ (જીવ) થયો છે (—એમ કહેવાય છે).

હવે અહીં (કર્મને) વશ થયો (ત્યારે) જે અહીં (જીવમાં) પરિણામ થયા (તે) ક્યા ?

કે શુભાશુભ (ભાવ).

(તે) કેવા ?

કે નવા પુણ્ય-પાપના પરમાણુ (–પ્રકૃતિ)—કે જે એને કારણે બંધાય છે એમાં આ શુભ-અશુભ ભાવ નિમિત્ત છે. સમજાણું કાંઈ ?

એવા પુણ્ય-પાપને ઉત્પન્ન કરનાર સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો.... (કર્મને) વશ થયો એટલે પર્યાયમાં (શુભ-અશુભ ભાવ) હો (–થાય) —એમ કહે છે. પણ એ રૂપે દ્રવ્યસ્વભાવ.... વસ્તુ જ્ઞાયકસ્વરૂપ.... ચૈતન્યસ્વરૂપ જ્ઞાનની મૂર્તિ.... જ્ઞાનનો કંદ જે છે એ દ્રવ્યસ્વભાવ તે શુભાશુભરૂપે થયો નથી. આહાહા ! સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા, આ શરીર (–નોકર્મરૂપે) કે કર્મરૂપે (–દ્રવ્યકર્મરૂપે) તો થયો થયો નથી, (પણ ભાવકર્મરૂપે પણ થયો નથી). ભાઈ ! આમાં ધ્યાન રાખજો. આહાહા ! ભગવાન ચૈતન્ય દ્રવ્યસ્વરૂપ.... શુદ્ધ 'સચ્ચિદાનંદ' = સત્ + ચિદ્+ આનંદસ્વરૂપ ધ્રુવ.... સર્વજ્ઞ પરમેશ્વરે જેવો જોયો.... સમજાય છે કાંઈ ?

એ કહ્યું'તુંને એક ફેરી ? દેવચંદજીએ (રચેલી) સ્તુતિમાં આવે છે.

'પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતાં હો લાલ....'

દેવચંદજી, વર્તમાન (ચોવીસ) ભગવાનની સ્તુતિ કરતાં (કહે છે) :

પ્રભુ તુમ જાણગ રીતિ, સૌ જગ દેખતાં હો લાલ;
નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા હો લાલ....

(નવમા સુવિધિ / પુષ્પદંત ભગવાનનું સ્તવન)

હે નાથ ! હે સર્વજ્ઞ પ્રભુ ! હે પરમાત્મા ! તમે ત્રણ કાળ, ત્રણ લોકને જાણ્યા છે નાથ ! (તો) અમારા આત્માની સત્તાને આપ કેવી દેખો છો ? આ (નિજ) સત્તા

હોં.... (એમ) દરેક આત્મા.... 'નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા હો લાલ.' કેમ કે ભગવાન !....

(૧) આ શરીર, વાણી, મન અને કર્મ તો અજીવતત્ત્વમાં જાય છે અને
(૨) એમાં પુણ્ય-પાપના વિકલ્પો જે ઊઠે છે એ તો આસ્રવતત્ત્વમાં જાય છે,—એ આત્મતત્ત્વમાં નથી.

—તો, આસ્રવ અને અજીવતત્ત્વથી (ભિન્ન), ભગવાન ! આપ આ આત્માને નિજ સત્તાને (શુદ્ધ) જોવો છો. એવી નિજ સત્તાને 'શુદ્ધ' અંદરમાં જોવે ને નજર કરીને અનુભવે ત્યારે તેને 'શુદ્ધ' આત્મા જાણવામાં આવ્યો અને સમ્યગ્દ્રષ્ટિ થયો—એમ કહેવામાં આવે છે.

ભગવાને.... કેવળી પરમાત્માએ જેવો જોયો અહીંયા (–આ આત્માને) 'નિજ સત્તાએ શુદ્ધ, સૌને પેખતા...' 'એ પેખે' (એટલે કે) ભગવાન જાણે છે.

(એવી રીતે) અહીંયા, દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિએ જોતાં કહે છે કે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ ચૈતન્યના હોવાવાળો એકલો સત્ત્વનો કુંડ છે, ચૈતન્યનો દરિયો ભગવાન છે, ચૈતન્યના પૂરનું નૂર છે આત્મા.—એવો જે ભગવાન (આત્મા) શુદ્ધ ચૈતન્ય છે તે પુણ્ય-પાપના આસ્રવપણે થયો જ નથી. સમજાણું કાંઈ ?

(જીવ), કર્મના ઉદયપણે તો થયો નથી.... શરીરપણે થયો નથી, (કેમ કે) આ તો બધું જડ.... માટી છે. આ (–શરીર) તો જડ છે.... વાણી (પણ) જડ છે. સમજાણું કાંઈ ? (અને) ભગવાન આત્માને વસ્તુસ્વભાવથી જોતાં તે વસ્તુ (શુભાશુભ ભાવપણે થઈ નથી).

(પર્યાય), જડકર્મના ઉદયની વિચિત્રતાના સંગમાં પડી છે અને નવા કર્મને ઉત્પન્ન કરનારા એવા શુભ અને અશુભ.... પુણ્ય અને પાપ (અર્થાત્) પ્રશસ્ત-અપ્રશસ્ત રાગાદિ એવા સમસ્ત પ્રકારના શુભાશુભ ભાવો પર્યાયમાં હોવા છતાં, વસ્તુ તે વિભાવપણે.... શુભાશુભ ભાવપણે થઈ નથી. વસ્તુ (વિભાવપણે) થાય ? આહાહા ! કહો, જગુભાઈ ! આહાહા ! આ વાત સર્વજ્ઞ ભગવાન પરમેશ્વર સિવાય કોઈ ઠેકાણે.... ક્યાંય હોય નહીં. વેદાંત (આદિ) બધા (ભલે) વાતો કરે કે (આત્મા) અભેદ છે, શુદ્ધ છે ને આમ છે ને ઢીંકણું છે ને....

શ્રોતા : .... મૂલ બાત હૈ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : મૂળ.... નીંવકી બાત હૈ. ('નીંવ' એટલે) મકાનનો પાયો. યે પાયાકી બાત હૈ.... પાયાકી બાત હૈ પ્રભુ ! લ્યો ! આહાહા ! સમજાય છે કાંઈ ?

કહે છે કે ભગવાન આત્મા તો.... 'ભગ' એટલે જ્ઞાનલક્ષ્મી, 'વાન' એટલે લક્ષ્મીવાળો. ભગવાન આત્મા.... 'ભગવાન' તરીકે જ (આત્માને) બોલાવ્યો છે ૭૨મી ગાથામાં. જ્ઞાયક ચૈતન્યનો પૂંજ પ્રભુ છેને ! એની ખાણમાં તો અનંતી કેવળજ્ઞાનની પર્યાયો પડી છે.... અનંતી કેવળજ્ઞાનની પર્યાય. ભૂતકાળની પર્યાયોથી અનંતગુણી ભવિષ્યની પર્યાયો છે. એ બધી (કેવળજ્ઞાનની) પર્યાયો, કેવળજ્ઞાન થાય ત્યારથી નવી.. નવી.. નવી..નવી.. સમય.. સમય.. સમય.. સમય.. સમય.. નવી પર્યાય થયા કરે છે. એ બધી જ (કેવળજ્ઞાનની) પર્યાયનું સ્થાન.... નિધાન જ્ઞાનગુણ છે અને એ જ્ઞાનગુણનો આધાર દ્રવ્ય ભગવાન આત્મા છે. સમજાણું કાંઈ ?

આહાહા ! કહે છે, એવો પ્રભુ ચૈતન્ય.... જ્ઞાયકસ્વરૂપ એકરૂપ 'ભાવ' જે કહ્યો હતોને ? એ એકરૂપ 'ભાવ', બેરૂપે નથી થયો—એમ કહે છે ભાઈ ! આહાહા ! એ જ્ઞાયક એક 'ભાવ'.... ભગવાન (આત્મા) છે, એ પુણ્ય-પાપરૂપ વિકલ્પના પરિણામરૂપે પરિણમ્યો જ નથી. જ્ઞાનસ્વરૂપ ચૈતન્યઘન છે એ વિકારપણે.... વિભાવપણે.... પુણ્ય-પાપપણે થયો જ નથી (અને વિભાવપણે) થાય તો વસ્તુ રહેતી નથી. સમજાય છે કાંઈ ?

<u>આ તો આત્માનું જેણે કલ્યાણ કરવું હોય એની વાત છે.</u> દુનિયામાં માન ને પ્રતિષ્ઠા (માટે) જગતમાં મરી જવું (–મરણિયો પ્રયત્ન કરવો) હોય (એની વાત નથી). એ તો અનાદિથી (કરીને) હેરાન થઈ રહ્યો છે.

(૧) વાસ્તવિક વસ્તુની નીંવ.... સમ્યગ્દર્શનનો <u>(વિષય)</u> શું છે એનો જ્યાં હજુ પત્તો–ખબર નથી....
(૨) સમ્યગ્દર્શન કેમ પ્રગટ થાય એની <u>(વિધિની)</u> ખબર નથી અને
(૩) સમ્યગ્દર્શન પ્રગટેલું હોય તો એની (–જીવની) શું દશા હોય <u>(–ફળ)</u> એની ખબર નથી

(ત્યાં કલ્યાણ કેમ થાય ?) સમજાય છે કાંઈ ?

આહાહા ! કહે છે કે એ શુભ-અશુભ ભાવ.... અહીં કોર *[1](શબ્દ) લીધો હતો જ્ઞાયક એક 'ભાવ'.... એ એક વસ્તુ. જ્ઞાયક એકરૂપ 'ભાવ'.... જ્ઞાયક એકરૂપ 'ભાવ' (—એ) વસ્તુ.... —એ (વસ્તુ), આ શુભાશુભ ભાવ છે તેમના સ્વભાવે.... 'તેમના સ્વભાવે' એટલે વિકારી ભાવે.... શુભાશુભ ભાવે પરિણમતો જ નથી.... સમજાણું કાંઈ ? (જ્ઞાયક ભાવથી જડ ભાવરૂપ થતો નથી).... જુઓ ! ભાષા એવી કરી છે, જયચંદ પંડિતે કરી છે કૌંસમાં. એનો અર્થ એ છે કે ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ છે તે, વિકલ્પની અચેતનતા છે તે રૂપે થયો જ નથી. સમજાય છે  કાંઈ ? આહાહા !

તેથી પ્રમત્ત પણ નથી અને અપ્રમત્ત પણ નથી.... આ કારણે.... હવે (ગાથાનો) મૂળ શબ્દ લીધો જુઓ ! (મૂળ ગાથામાં) પહેલો શબ્દ (–પદ) હતોને ? 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'.... (મૂળ ગાથામાં) પહેલું પદ. હવે (ટીકામાં તેની) વ્યાખ્યા કરી....

(૧) આ 'जाणगो दु जो भावो' (કેવો છે) એની (ટીકામાં) પહેલી વ્યાખ્યા કરી.
(૨) પછી (કહ્યું કે) 'એ ભાવ'.... પર્યાયથી જોઈએ તો કર્મના સંબંધમાં છે.... આમ જોઈએ—પર્યાયથી જોઈએ તો કર્મના ઉદયની વિચિત્રતાને વશે શુભાશુભ પરિણામ છે, પણ....
(૩) વસ્તુથી જોઈએ તો.... એમ લીધુંને પાછું ? 'દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી'.... નિરૂપણ—કથન ને વાચ્યથી જોઈએ તો તે શુભાશુભરૂપે કોઈ દિ'.... ત્રણ કાળમાં થયો નથી. આહાહા ! સમજાણું કાંઈ ? અને
(૪) આ કારણે એટલે કે વસ્તુ જ્ઞાયક એકરૂપ પ્રભુ જ્યારે શુભાશુભ પરિણામ.... વિકલ્પો.... વૃત્તિઓ.... વાસના શુભ અને અશુભ છે એ રૂપે થયો નથી, તેથી તેમાં પ્રમત્ત-અપ્રમત્તના.... ગુણસ્થાનના ભેદો પડતાં નથી—એમ કહે છે. સમજાય છે કાંઈ ?

કારણ મૂક્યું કે આ તેમના સ્વભાવે પરિણમતો નથી તેથી....—એમ કહ્યુંને ? જુઓ ! 'શુભાશુભભાવાનાં સ્વભાવેનાપરિણમનાત્'....—એમ સંસ્કૃત છે.

---

*[1] (બીજી આવૃત્તિમાં પાના નં. ૧૬, ટીકાની લાઈન ૩-૪નો શબ્દ).

'प्रमत्तोऽप्रमत्तश्च न भवति'.... આહાહા ! ભગવાન આત્મા ધ્રુવપણે ચૈતન્ય સત્ સાહેબો શુદ્ધ જ્ઞાયક ભાવ છે. કહે છે કે શુભાશુભ પરિણામ, પર્યાયમાં.... અવસ્થામાં નિમિત્તને આધીન થયેલા હો, પણ વસ્તુ તે રૂપે થઈ નથી. એ (શુભાશુભ ભાવ) તો પર્યાયમાં છે.... સમજાય છે કાંઈ ? અંશમાં છે, અંશી ત્રિકાળી જ્ઞાયક ભાવ તે રૂપે થયો નથી.

તેથી.... આ કારણે.... ભગવાન જ્ઞાયક ભાવ ધ્રુવ ચૈતન્ય એકરૂપ હોવાથી, પર્યાયમાં અંગીકાર કરેલા અનેકરૂપ શુભાશુભ ભાવરૂપે તે એકરૂપ ('ભાવ') થયો નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદો લાગુ પડતાં નથી.

'પ્રમત્ત'.... નામ પહેલે ગુણસ્થાનથી છઠ્ઠું (ગુણસ્થાન),

'અપ્રમત્ત'.... નામ સાતમેથી ચૌદમું (ગુણસ્થાન).

—એ ગુણસ્થાનભેદ, અભેદવસ્તુમાં લાગુ પડતાં નથી.... એ અભેદ (ભાવ), ભેદપણે થતો જ નથી—એમ કહે છે. આહાહા ! ધીમેથી... ધીરેથી (સમજો).

શું કહે છે ? જ્યારે પ્રભુ આત્મા જ્ઞાયક સ્વભાવરૂપ, રાગથી.... વિકલ્પથી.... આસ્રવથી ભિન્ન છે, (તો) અજીવથી તો ભિન્ન છે જ. કર્મ ને શરીર ને વાણી—એ બધા તો અજીવતત્ત્વો છે. નવ તત્ત્વમાં તો અજીવતત્ત્વમાં ગયા એ. શુભ-અશુભભાવ એ નવ (તત્ત્વ)માં આસ્રવતત્ત્વમાં ગયા. એ (બધા), આત્મા જ્ઞાયકતત્ત્વમાં ન આવે. નહીંતર બે (–જીવ ને આસ્રવ)તત્ત્વ જુદાં રહેતાં નથી. એથી તે આસ્રવતત્ત્વ.... જે વિકલ્પ છે પુણ્ય અને પાપનો, એ પર્યાયમાં પરિણમેલો ભલે દેખાય, (પણ) વસ્તુ તરીકે વસ્તુ (જીવ) એ રૂપે થઈ છે—એમ છે નહીં. આહાહા ! સમજાણું કાંઈ ?

તેમના સ્વભાવે પરિણમતો નથી.... એટલે ? કે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ.... જ્ઞાનસ્વરૂપ.... જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પુણ્ય-પાપના શુભ-અશુભ વિકલ્પો (—કે) જે અચેતન છે એટલે કે એક ન્યાયે તો એ જડ છે—એ રૂપે (અર્થાત્) ચૈતન્યસ્વરૂપ તે જડરૂપે થતો નથી.... એટલે કે ભેદરૂપે થતો નથી. તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત ગુણસ્થાન લાગુ પડતાં નથી. એ જ્ઞાયક ભાવ તો એકરૂપે છે. સમજાણું કાંઈ ?

અને એ '(પ્રમત્ત-અપ્રમત્ત)' શબ્દો કેમ કહ્યાં છે ? (કેમ કે) પોતે (–આચાર્યદેવ) મુનિ છેને ? (અને) મુનિદશામાં અંતર અનુભવ (સહિત) પર્યાયમાં પ્રમત્ત-અપ્રમત્ત દશા હજારો વાર આવ્યા કરે છે. મુનિ (એવા) હોય છેને ? જેને ભગવાન વીતરાગે સાચા સંત.... મુનિ કહ્યા છે એ મુનિને તો વર્તમાન પર્યાયમાં અતિ નિર્મળતા અને અતિ આનંદ.... સ્વસંવેદનની ઉગ્રતાનું વેદન હોય છે. આનંદનું અને.... ભાવશ્રુતજ્ઞાન દ્વારા તેમને અતિ આનંદનું (વેદન હોય છે). કેમ કે તેમને ત્રણ કષાયનો નાશ થયો છે.

એ (વાત) કાલે (પાંચમી ગાથામાં) આવી ગઈ છે. એ મુનિ (–અમૃતચંદ્રાચાર્ય) કહે છે કે અમને તો 'अमन्द' સ્વસંવેદન છે. 'अमन्द' એટલે ઉગ્ર. અમને આનંદનું (ઉગ્ર) વેદન છે (અને) એને મુનિપણું કહીએ. સમકિતીને કે પાંચમા ગુણસ્થાનવાળા સાચા શ્રાવક હોય એને મંદ સ્વસંવેદન હોય છે, આનંદનું મંદ.... આનંદનું થોડું વેદન હોય છે. નહીંતર તો એ ધર્મી નહીં. પણ અહીં તો કહે છે કે "અમે મુનિ છીએ, તો મુનિપણામાં અમને 'अमन्द' આનંદ છે.... સ્વસંવેદનનું અમંદપણું છે. " સંસ્કૃત ટીકામાં ('अमन्द' શબ્દ) આવી ગયો છે કાલ, પાંચમી ગાથામાં. એમ કહેતાં, પ્રચુર સ્વસંવેદન છે અમને, (કેમ કે) અમારી મુનિની દશા જ એવી (હોય) છે.

નિર્મળ વિજ્ઞાનઘન ભગવાન.... જેને અહીંયા 'જ્ઞાયક ભાવ' કહ્યો એવો નિર્મળ વિજ્ઞાનઘન આત્મા છે એમાં અમે લીન છીએ. આનંદના.... અતીન્દ્રિય આનંદના સ્વાદના ઊભરા આવ્યા છે. 'ઊભરા' સમજાય છે ? આ દૂધમાં ઉફાન.... ઉફાન. 'ઉફાન' એ અમારી (ગુજરાતી) ભાષા નહીં, હિન્દી (છે). પણ એ ઉફાન પોલું ઉફાન હોય છે.... આ દૂધનું ઉફાન પોલું (–હવા ભરેલું) હોય છે.... પોલું હોય એકલું.... (નીચે દૂધનું) દળ છે દળ એનાથી એ (ઉપર ઉફાણ) પોલું હોય છે. આ (આનંદ) કઠણ (–કસવાળું) ઉફાન છે.

(મુનિદશામાં) 'अमन्द'આનંદનો અનુભવ છે (—એમ) કહે છે. સમજાય છે કાંઈ ? એ દશામાં પ્રમત્ત-અપ્રમત્તપણું હજારો વાર આવે છે, (તેથી) ત્યાંથી વાત ઉપાડી છે (કે) 'એ પ્રમત્ત-અપ્રમત્ત અમે નથી. અમે તો એક જ્ઞાયક ભાવ છીએ.' સમજાણું કાંઈ ? આહાહા !

તેથી (આચાર્યદેવે) અહીંથી ઉપાડ્યું છે કે, : 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'.... પહેલો 'અપ્રમત્ત'.... શબ્દ ઉપાડ્યો. મુનિને તો અંદર અપ્રમત્તદશા ક્ષણે ને પળે.... ક્ષણે ને પળે.... હાલતાં-ચાલતાં.... ખાતાં આદિ.... અરે ! સૂતાં (વખતે પણ હોય છે).

મુનિ છે જે મુનિ.... જેને ભગવાન 'સાધુ' કહે, એને તો પોણી સેકંડની અંદર (–પોણી સેકંડથી ઓછી) નિદ્રા હોય છે. કારણ કે છટ્ઠા ગુણસ્થાનના વિકલ્પનો પ્રમાદ એટલા અંશે રહે છે, તેથી એટલો કાળ જરી નિદ્રા આવી જાય છે, પછી તો તરત જાગૃત અપ્રમત્ત અવસ્થા થઈ જાય છે. સમજાય છે કાંઈ ? આહાહા ! કહે છે કે એવી પ્રમત્ત-અપ્રમત્ત અવસ્થાઓના જે જોડાણ છે એમાં અમે નથી. એ તો પર્યાય.... વ્યવહારનયનો વિષય છે. અમરચંદભાઈ ! આહાહા !

સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમાત્મા જૈન પરમેશ્વરનો પંથ અલૌકિક છે. न भूतो न भविष्यति.... ક્યાંય આવો માર્ગ ભગવાન વીતરાગ પરમેશ્વર સિવાય.... જિનેશ્વર દેવ સિવાય ક્યાંય હોય નહીં. વસ્તુની જ હજુ જ્યાં ખબર નથી.... સમજાય છે કાંઈ ? (અર્થાત્) પોતાની મેળાએ આત્મા કલ્પે.... પોતાની મેળાએ....

(૧) કાં (એકલો) નિત્ય કલ્પે ને કાં અનિત્ય કલ્પે; ને
(૨) કાં એકલો શુદ્ધ જ કલ્પે ને કાં એકલો અશુદ્ધ કલ્પે; ને
(૩) કાં એક જ આત્મા બધે વ્યાપક કલ્પે ને....

સમજાય છે ? એ તો હજુ મૂળ ચીજ શું છે એનો એને ખ્યાલ નથી. આ તો પરમેશ્વર વીતરાગ ત્રિલોકનાથ જિનેન્દ્રદેવ છે એમણે જોયો.... જાણ્યો ને કહ્યો એવો જે આત્મા છે તેવો એક-એક આત્મા છે.... અનંત એવા આત્મા છે હોં. આહાહા !

જુઓ ! નિગોદ.... એક કણી આટલી રાઈ જેટલી બટાટાની, શક્કરકંદની (લ્યો ! તે) એક કણીમાં અસંખ્ય ઔદારિક શરીર છે અને એક ઔદારિક (શરીર)માં અત્યાર સુધી સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. છ મહિના ને આઠ સમયમાં ૬૦૮ (જીવ) મુક્તિ પામે (—એમ) ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે....

કેવળજ્ઞાનમાં પરમાત્મા પરમેશ્વરે (જોયું છે). અનાદિના કેવળજ્ઞાનીઓ છે અને (અનંત કાળ) તેઓ રહેવાના છે.

કેવળજ્ઞાનીના જ્ઞાનમાં એમ આવ્યું છે કે આ જગતના (–સંસારી) પ્રાણીઓની સંખ્યામાંથી છ મહિના ને આઠ સમયમાં છસ્સો આઠ (જીવ) તો સિદ્ધપદ પામે.... પામે ને પામે.

(અત્યાર સુધી) કેટલી સંખ્યા થઈ ? અનંત પુદ્‌ગલ પરાવર્તન ગયા.

(સમાધાન :) એ બધા સિદ્ધની સંખ્યાનો આંકડો (અનંત છે).

નિગોદ.... બટાટાનો, લસણનો કે આ શું કહેવાય ? ડુંગળીનો કટકો આટલો.... રાઈ જેટલો (લ્યો), એમાં અસંખ્ય ઔદારિક શરીર છે ને (તે એક)–એક શરીરમાં આટલા.... (અનંતા) સિદ્ધ થયા એથી અનંતગુણા જીવ છે. સમજાણું કાંઈ ? આ એમાં એક-એક જીવ આવો છે—એમ કહે છે. સમજાય છે ? નિગોદની અવસ્થા ભલે અલ્પજ્ઞ હો, (પણ) એ (તો) પર્યાય તે પણે પરિણમી છે. છતાં દ્રવ્ય તે પર્યાયપણે પરિણમ્યું નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! એવો ભગવાન (આત્મા) છે એમાં પ્રમત્ત-અપ્રમત્ત એવા ભેદો નથી.

હવે મુદ્દાની રકમનો એક શબ્દ રહી ગયો ઠેઠ (–છેલ્લે). કહે છે એ ‘શુદ્ધ’.... (શુદ્ધ) છે ખરો જ્ઞાયક, પણ કોને ? કે પરનું લક્ષ છોડી.... વિકલ્પનું લક્ષ છોડી.... પર્યાયનું લક્ષ છોડી.... (—એ બધાના) લક્ષ છોડીને દ્રવ્યસ્વભાવ જે ત્રિકાળી છે તેના સેવનમાં.... સેવામાં જાય.... અંતર એકાગ્ર થાય અને ‘શુદ્ધ’(આત્મા)નો આનંદ પ્રગટ થાય (ત્યારે) એવા શુદ્ધ (આત્માના) આનંદના સંવેદનમાં ‘આ આત્મા શુદ્ધ છે’—એમ એને ખ્યાલમાં આવે. એ સિવાય ‘(આ આત્મા) શુદ્ધ છે’—એવો ખ્યાલ આવે નહીં. એ વાત કહેશે બાકી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૧૯**
**ગાથા - ૬**
**સંવત ૨૦૨૪,આસો સુદ ૫, શુક્રવાર, તા. ૨૭-૯-'૬૮**

છઠ્ઠી ગાથા. જીવનું વાસ્તવિક જ્ઞાયકભાવપણું શું છે તે અહીં સિદ્ધ કરે છે. (અહીં) આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નથી—એમ કહ્યુંને ? એમાંથી ન્યાય કાઢ્યો અમૃતચંદ્રાચાર્યે કે પ્રમત્ત-અપ્રમત્ત નથી (એટલે કે આત્મામાં) પ્રમાદ અને અપ્રમાદ એવા ગુણસ્થાન ભેદ નથી.

તો કેમ નથી ?

કેમ કે જે જ્ઞાયક ભાવ.... ત્રિકાળી જ્ઞાયક.... દ્રવ્યસ્વરૂપ વસ્તુ છે એ શુભ અને અશુભ પરિણામ.... વિકલ્પપણે પરિણમ્યો જ નથી. વસ્તુ પોતે દ્રવ્ય જે છે.... (જે) ધ્રુવ છે.... જ્ઞાયક ભાવ જે છે....'जाणगो दु जो भावो'.... જ્ઞાયક જે ભાવ છે એ પ્રમત્ત-અપ્રમત્ત નથી.

કેમ ?

કેમ કે શુભ-અશુભપણે પરિણમતો નથી માટે. સમજાણું કાંઈ ?

વસ્તુ જે ધ્રુવ જ્ઞાયક ભાવ એકરૂપ....'એક'.... કીધુંને ? 'એક'.... છેને ? જ્ઞાયક એક 'ભાવ'....—એમ શબ્દ છે. પાઠમાં એટલું છે કે 'जाणगो दु जो भावो'.... એમાંથી કાઢ્યું જ્ઞાયક એક 'ભાવ'.... એમ. તે, શુભ-અશુભ વિકલ્પો.... પરિણામ.... (—કે) જે નવા પુણ્ય-પાપ(ના બંધ)ને ઉત્પન્ન કરનાર છે તે રૂપે (જીવ)દ્રવ્ય થતું જ નથી. સમજાય છે કાંઈ?

વસ્તુ.... જ્ઞાયક એક 'ભાવ'.... સ્વભાવ.... જે દ્રષ્ટિનો વિષય છે.... સમજાય છે કાંઈ ? એ પોતે દ્રવ્યસ્વભાવ.... એ કહ્યુંને ? દ્રવ્યના સ્વભાવની અપેક્ષાથી જોઈએ તો એ દ્રવ્યસ્વભાવ.... (અહીં) જ્ઞાયક ભાવ (કહેવો છે) એટલે 'એક' શબ્દ લીધો. એકરૂપ જ્ઞાયક ભાવ છે એ શુભ-અશુભભાવ—કે જે અનેક છે.... શુભ-અશુભભાવ—કે જે અનેક છે.... એકરૂપ જ્ઞાયક ભાવ છે એ અનેક એવા શુભભાવ-અશુભભાવરૂપે પરિણમતો નથી. સમજાય છે કાંઈ ? આ ગાથામાં હવે આહીંથી મુદ્દાની રકમ ચાલે છે.

'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'.... (કહ્યું, કારણ કે આચાર્યદેવ) મુનિની દશામાં છે (અને) એથી મુનિ (દશામાં આચાર્યદેવને) અપ્રમત્ત અને પ્રમત્ત—આમ બે ભાવ થયા કરે છે પર્યાયમાં. કહે છે કે, પણ જ્ઞાયક ભાવ એકરૂપ છે એ આ (અપ્રમત-પ્રમત)રૂપે થયો જ નથી. સમજાણું કાંઈ ? એવો જે એક જ્ઞાયક એટલે કે જ્ઞાનસ્વરૂપ.... જ્ઞાયકસ્વરૂપ = જ્ઞાનસ્વરૂપ.... એકલું જ્ઞાનસ્વરૂપ. એ શુભ -અશુભ (ભાવરૂપે પરિણમતો નથી).

પછી અર્થમાં (–અર્થ કરતાં કૌંસમાં) તો ત્યાં સુધી લીધું (–કહ્યું) જયચંદ પંડિતે કે ભઈ ! એ (જ્ઞાયક) તો જડ થયો નથી. એટલે ? કે શુભ-અશુભભાવ છે એ તો અચેતન છે ખરેખર. જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ.... જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ.... તે ચૈતન્યસ્વરૂપ (જ્ઞાયક), આ વિકલ્પો—કે જે અચેતન છે એ અચેતનપણે થયો જ નથી.... જડ થયો જ નથી (અને જડ) થયો નથી એથી એનામાં પ્રમત્ત-અપ્રમત્તના ભેદો છે નહિ. સમજાણું કાંઈ ?

શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે.... જોયું ? તેમના સ્વભાવે પરિણમતો નથી.... જ્ઞાયક ભાવ છે એ શુભ-અશુભપણે કેમ પરિણમે ? વસ્તુ છે.... વસ્તુ ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એ તો.... જ્ઞાયક ભાવનો અર્થ જ જ્ઞાનસ્વરૂપ છે. ત્રિકાળી જ્ઞાનમૂર્તિ વસ્તુ છે એ જ્ઞાનસ્વરૂપ, જે અજ્ઞાન એટલે કે જ્ઞાનથી વિરુદ્ધ છે એવા શુભ-અશુભ પરિણામે (પરિણમતો નથી).

જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ જે અચેતન છે અથવા જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ જે અજ્ઞાન છે.... એ અજ્ઞાન છે, પુણ્ય-પાપના વિકલ્પો એ અજ્ઞાન છે. 'અજ્ઞાન' એટલે કે એમાં જ્ઞાન નથી, (પણ મિથ્યાજ્ઞાન નહીં). સમજાણું કાંઈ ? એ જ્ઞાયકસ્વરૂપ આત્મા પ્રમત્ત-અપ્રમત્તના ભેદવાળો નથી, કેમ કે શુભ-અશુભવાળા વિકલ્પરૂપે તે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. કહો, સમજાય છે કાંઈ ?

વસ્તુ.. વસ્તુ સ્તંભ.. વજ્રનો સ્તંભ.. ધ્રુવ સ્તંભ અને તે પણ જ્ઞાનસ્વરૂપ સ્તંભ. જ્ઞાનસ્વરૂપ = ચૈતન્યસ્વરૂપ એમ (કહેવું છે). (અહીં) 'જ્ઞાયક' લીધોને ? પરમપારિણામિકભાવ.... એકલો ('પારિણામિક'ભાવ) લ્યો, તો વળી

'પારિણામિક'(ભાવ તો) બીજા જડ(દ્રવ્ય)માં પણ હોય છે. સમજાય છે ? અહીં તો આ....

(૧) જ્ઞાયકસ્વરૂપ તે જ્ઞાનસ્વરૂપ (અને)
(૨) જ્ઞાનસ્વરૂપ તે એકરૂપભાવ

—એમ (કહેવું છે). (આ) જ્ઞાનસ્વરૂપ એકરૂપભાવ છે તે, અનેક એવા પુણ્ય-પાપના વિકલ્પો (—કે જે) જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ ભાવ એવા અચેતન છે અથવા જ્ઞાનની જાતથી વિરુદ્ધ એવા અજ્ઞાનભાવ છે (તે રૂપે પરિણમતો નથી). સમજાય છે કાંઈ ? જ્ઞાનરૂપ.... સ્વરૂપ (જ્ઞાયક), એ અજ્ઞાનભાવપણે પરિણમતો નથી. સમજાણું કાંઈ ? ઈશ્વરચંદજી ! જુઓ ! આ (જ્ઞાયક ભાવ) ઈશ્વર છે (—એમ) કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ?

એ (શુભભાવ) વ્યવહાર(નય)નો વિષય છેને ? (અને) વ્યવહાર(નય) તો અભૂતાર્થ છે. ભૂતાર્થ તો આ જ વસ્તુ (-જ્ઞાયક ભાવ) છે—એમ (કહે છે). સમજાણું કાંઈ ? (પહેલાં દ્રવ્યની વાતમાં) 'એક'.... હતુંને ? જ્ઞાયક એક 'ભાવ'.... તો આહીં (શુભ-અશુભ ભાવની વાતમાં) લીધું કે 'સમસ્ત અનેકરૂપ'.... એમ. અનેકરૂપ શુભ-અશુભ ભાવો તેમના સ્વભાવે.... તેના સ્વરૂપે.... તેની સ્થિતિએ ભગવાન જ્ઞાયક ભાવ થતો નથી.

ચૈતન્યબિંબ જ્ઞાનસ્વરૂપી સત્ત્વ-તત્ત્વ આખું (એકરૂપ છે). વિકલ્પની અનેક જાત (નથી, પણ) અનેક પ્રકાર છે.... જાત તો એક છે, પણ અનેક પ્રકાર છે. જાત એક છે એટલે કે 'અચેતન'છે—એમ (કહેવું છે). અનેક પ્રકારના એ (શુભ -અશુભ ભાવ)રૂપે ભગવાન જ્ઞાનસ્વરૂપ ધ્રુવ થયો નથી. (તે રૂપે) થયો નથી માટે.... તેમના સ્વભાવે પરિણમતો નથી તેથી....—એમ કહ્યુંને ? એ કારણ આપ્યું આચાર્યે.... અમૃતચંદ્રાચાર્યે ન્યાય કાઢ્યો એમાંથી. વજુભાઈ !

'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'.... એ તો (શ્રી કુંદકુંદ)આચાર્યનો એટલો શબ્દ છે. શ્રી અમૃતચંદ્રાચાર્યે એનો હેતુ કાઢ્યો કે કેમ પ્રમત્ત-અપ્રમત્ત નથી ? જે જ્ઞાયક એક 'ભાવ' છે.... તે ભાવ અનેક ભાવરૂપે થતો નથી, (એટલે) અનેકરૂપપણું એવું જે પ્રમત્ત-અપ્રમત્તપણું (છે તે) વસ્તુમાં છે નહિ. વજુભાઈ !

શ્રોતા : યુક્તિ આપી.

પૂજ્ય ગુરુદેવશ્રી : યુક્તિ આપી.... ન્યાય આપ્યો. ટીકા તો એનું નામ કહેવાયને ? કે જે વસ્તુ છે તેને ન્યાયથી વિશેષ સ્પષ્ટ કરીને સિદ્ધ કરે. સમજાણું કાંઈ ?

ભગવાન જ્ઞાનસ્વરૂપ સ્તંભ.... ધ્રુવસ્તંભ.... એકલો ચૈતન્યસ્વભાવભાવ.... એકરૂપભાવ છે, (જ્યારે) અનેકરૂપ (એવા શુભાશુભભાવ) એની (–આત્માની એકરૂપ) જાતથી વિરુદ્ધભાવ છે (અર્થાત્) ચૈતન્યસ્વભાવી જ્ઞાયક ભાવથી (શુભાશુભભાવ) વિરુદ્ધભાવ છે, (તેથી તે રૂપે જ્ઞાયક પરિણમતો નથી)

જુઓ ! પછી (ટીકામાં) તો બીજી (રીતે) વાત કરશે હોં કે અન્યદ્રવ્યથી ભિન્ન તે વસ્તુ છે.... પણ અહીં તો (ટીકાની શરૂઆતમાં) એમ કહે છે કે (બંધપર્યાયની અપેક્ષાએ) આ દ્રવ્ય, એના વિકલ્પના જે ભાવ છે એ રૂપે પરિણમ્યો છે. (પછી) 'સેવવામાં' (–ઉપાસવામાં) બીજી (રીતે) વાત કરશે. સમજાણું કાંઈ ? ત્યાં અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્ન.... સેવવો—એમ કહેશે. ત્યાં પછી 'એના પુણ્ય-પાપના વિકલ્પથી (સર્વથા) ભિન્ન (થઈ ગયો)'—એમ (અર્થ છે) નહીં. કારણ કે એના વિકલ્પથી તદ્દન (–પૂર્ણપણે) ભિન્ન (–રહિત) થઈ જાય તો તો પર્યાય શુદ્ધ થઈ જાય તદ્દન (–પૂર્ણ).

આહીં તો દ્રવ્યને.... જ્ઞાયક ભાવને 'શુદ્ધ' વર્ણવવો છે અને જ્ઞાયક ભાવને 'શુદ્ધ' વર્ણવતાં તે જ્ઞાયક ભાવ, તેની પર્યાયમાં શુદ્ધતા આવતાં.... (અહીં) 'તદ્દન (–પૂર્ણ) શુદ્ધતા આવતાં'—એમ (સમજવું) નહિ, (કેમ કે પર્યાયમાં) 'તદ્દન શુદ્ધતા' આવે તો પર્યાય (પૂર્ણ) શુદ્ધ થઈ ગઈ અને (તેથી) એ તો દ્રવ્યની શુદ્ધતા દ્રષ્ટિમાં લેવા જેવી છે એ (વાત) રહેતી નથી.

શું કીધું સમજાણું આમાં ?

પર્યાયની (–પર્યાયમાં) તદ્દન શુદ્ધતા થઈ જાય (કે) થઈ—એ આહીં વાત નથી. આહીં તો દ્રવ્યનું શુદ્ધપણું (બતાવવું) છે. જે જ્ઞાયક ભાવ છે એ, એનાથી વિરુદ્ધભાવે (–શુભાશુભભાવે) પરિણમ્યો નથી, માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.... તેથી તે પ્રમત્ત (કે અપ્રમત) નથી (—એમ કહેવું છે).

તે જ.... તેને.... હવે કહે છે, તે જ.... હવે 'તે જ'.... આત્મા (એટલે) કે તે જ જ્ઞાયક ભાવ.... સમજાણું કાંઈ ? બહુ ઊંડી વાત છે, (કેમ કે) ઊંડો (–મહાન) ભગવાન (આત્મા હાજર) છેને આખો ? તે જ સમસ્ત.... (ઉપર) જે (કહ્યા) હતા એ સમસ્ત અનેકરૂપ શુભ-અશુભ ભાવો.... એની પર્યાયમાં છે.... માથે (–ઉપર કહ્યા) હતા પહેલી લીટીમાં એ (શુભ-અશુભ ભાવો એની પર્યાયમાં છે). (જ્યારે) આ (જ્ઞાયક ભાવ) સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્ન.... (—એમ કહે છે).

શું કહેવું છે ?

કે જે અન્યદ્રવ્ય છે.... કર્મ છે અને એના જે ભાવ છે.... એની (–કર્મની) સ્થિતિ-દશા છે.... એના (–કર્મના) ભાવ છે એનાથી ભિન્નપણે સેવતાં (એટલે કે) ભિન્નપણે ઉપાસવામાં આવતો....—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી.... અન્ય વસ્તુ-પદાર્થ છે એના ભાવથી.... કારણ કે ('શુદ્ધ'ની) વ્યાખ્યા પાછી એવી છેને ? કે (પરદ્રવ્યથી ભિન્ન હોય) એને 'શુદ્ધ' કીધો છે. એને.... (એ વાત) લીધી છેને ભાઈ ! આ 'મોક્ષમાર્ગપ્રકાશક'માં ? કે પોતાના ભાવથી અભિન્ન (–એકત્વ), પરભાવથી (–પરદ્રવ્યથી) ભિન્ન (–વિભક્ત). (સાતમો અધિકાર, કેવળ નિશ્ચયનયાવલંબી જૈનાભાસનું નિરૂપણ, પ્રકરણ). 'પોતાના ભાવથી અભિન્ન'.... (પછી તે) ભલે શુભાશુભ પરિણામ (હોય).

(જ્ઞાની), અંદર શુદ્ધ(દ્રવ્ય)ના ભાનવાળો છે તો પણ એની પર્યાય આહીં આવી (–અશુદ્ધ) છે. (જ્ઞાની, જે) પર્યાય પર છે એનાથી ભિન્ન પડ્યો છે, (છતાં) પર્યાયમાં તદ્દ્ન શુદ્ધતા થઈ નથી.

દ્રવ્યની શુદ્ધતા લક્ષમાં લેતાં (તે સમયે)....

(૧) દ્રવ્યની પર્યાયમાં તદ્દ્ન શુદ્ધતા થઈ (જતી) નથી, તેમ જ
(૨) પર્યાયમાં શુદ્ધતા થયા વિના દ્રવ્યની શુદ્ધતા દ્રષ્ટિમાં આવતી નથી.

આહાહા ! સમજાણું કાંઈ ?...... સૂક્ષ્મભાવ હૈ. ....ભાઈ ! આમાં ઝીણું મગજ કરવું પડે એવું છે, આમાં જાડું (મગજ) હાલે એવું નથી. આહાહા ! શું પણ વાત તે વાત કરી છેને !

પર્યાયમાં એ.... આહીં તો પર્યાય અશુદ્ધ છે એ રૂપે તો દ્રવ્ય પરિણમ્યું નથી એટલી વાત પહેલી કરી દીધી. એ (અશુદ્ધપણે) તો દ્રવ્ય પરિણમ્યું નથી. દ્રવ્ય તો દ્રવ્ય જ છે, માટે (તેમાં) પ્રમત્ત-અપ્રમત્ત (એવા) ભેદ પડતાં નથી.

હવે તે જ્ઞાયક ભાવને સમસ્ત અન્યદ્રવ્યોના ભાવો.... (એટલે) એ શુભાશુભ પરિણામ નહિ. સમજાણું કાંઈ ? સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે ઉપાસવામાં આવતો.... એટલે કે તે પરદ્રવ્યના ભાવ ઉપર જે લક્ષ છે અનાદિનું, એનું લક્ષ છોડીને.... એનાથી લક્ષ છોડીને આહીં દ્રવ્ય ઉપર લક્ષ જતાં.... આ દ્રવ્ય ઉપર લક્ષ જતાં પરથી તો ભિન્ન પડ્યો, (સાથે) રાગથી પણ ભિન્ન (પડતાં) જરી શુદ્ધતા થઈ (અને) ત્યારે 'આ (જ્ઞાયક ભાવ) શુદ્ધ છે' એમ ભાસમાં આવ્યું. સમજાણું કાંઈ ? (લ્યો !) એને (–એ જીવને) માટે (જ્ઞાયક ભાવ) 'શુદ્ધ છે' —એમ કહે છે. વજુભાઈ !

એ (સ્વ) તરફ વળ્યો છે. (જ્ઞાની), અન્યદ્રવ્યના ભાવના લક્ષથી પાછો ફર્યો છે, (કેમ કે) તે ભિન્ન છે અને પોતાનું જે સ્વરૂપ છે જ્ઞાયક ભાવ, તે તરફની સેવામાં (આવ્યો છે) એટલે કે તેનો આશ્રય લીધો છે.... તે તરફ વળ્યો છે.... તે તરફ એકાકાર થયો છે. (અને જ્ઞાયક ભાવમાં) એકાકાર થયો ત્યારે શ્રદ્ધા-જ્ઞાન (આદિ)ની પર્યાય શુદ્ધ.... નિર્મળ તો થઈ.... સમજાય છે કાંઈ ? પણ બધી પર્યાય (પૂર્ણ) નિર્મળ (થઈ) નહીં. સમજાય છે કાંઈ ?

એ વસ્તુ—કે જે છે તદ્દન (પૂર્ણ) જ્ઞાયક ભાવ, તે તરફ વળતાં (અને) આહીંથી (–અન્યદ્રવ્યોના ભાવોથી) ખસતાં.... ઉદયના ને પરના ભાવથી.... શક્તિથી—ભાવથી ખસતાં.... લક્ષ છોડતાં (અર્થાત્) એની (–પરભાવની) જે સેવા હતી.... એના ઉપર વલણ હતું એ વલણને છોડીને તે જ્ઞાયક ભાવ તરફ વલણ જતાં, શુદ્ધતાની દશા અનુભવમાં આવી (અને) એ શુદ્ધતાના અનુભવમાં 'આ શુદ્ધ છે'—એમ (યથાર્થ) કહેવામાં આવે છે.

શ્રોતા : પર્યાયમાં જે ભાસ થયો એ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પર્યાયની શુદ્ધતામાં (જેને) દ્રવ્ય શુદ્ધ ભાસ્યું એને 'આ દ્રવ્ય શુદ્ધ છે'—એમ કહેવામાં આવે છે એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે.... સેવવામાં આવતાં..... 'उपास्यमानः' છેને પાઠ (ટીકામાં) ? 'उपास्यमानः'.... ભગવાન જ્ઞાયક ભાવ જે છે.... ચૈતન્ય દ્રવ્યભાવ છે એની સેવા થઈ.... સેવા થઈ (એટલે કે) એ તરફ પર્યાય ઢળી.... પર્યાય ઢળી. સમજાય છે કાંઈ ? દ્રવ્ય તો છે તે જ છે. (પણ) હવે જે પર્યાય પરના લક્ષવાળી પરના લક્ષે દોરાતી હતી, એ પર્યાય પરનું લક્ષ છોડીને દ્રવ્ય તરફ ગઈ.... દ્રવ્ય તરફ ગઈ (અને) એક(રૂપ) જ્ઞાયકને સેવતાં એટલે કે દ્રવ્ય તરફ ઢળતાં.... એમાં એકાગ્ર થતાં તેને (–જ્ઞાનીને માટે) તે 'દ્રવ્ય શુદ્ધ છે'—એમ કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ ? આ તો મોટા મંત્રો છે. આહાહા !

કહે છે, ભગવાન આત્મા તે જ.... ભગવાન જ્ઞાયકસ્વરૂપ પ્રભુ છે એની સેવા—ઉપાસના (છોડીને પર તરફની) જે ઉપાસના હતી.... અન્યભાવ ઉપર વશ થતો'તોને ? અન્યભાવના ઉદયને વશ થતો હતોને ? (તો) એને વશ હતો એ સેવા એની (–અન્ય ભાવની) હતી. (હવે) એનાથી ભિન્ન પડી, અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે.... (દ્રવ્યની) સેવા કરતાં (તેમાં) એકાગ્ર થયો (અને) એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતા પ્રગટી, (પણ હજુ) બધી (–પૂર્ણ) શુદ્ધતા (થઈ) નહીં.... સમજાય છે ? પર્યાયમાં (હજુ) બધી (–પૂર્ણ) શુદ્ધતા (થઈ) નહીં.

આહીં તો (કહે છે કે) શુદ્ધદ્રવ્ય દ્રષ્ટિમાં કોને આવ્યું ?

કે જેને એ જાતની.... દ્રવ્ય તરફની એકાગ્રતાથી.... શુદ્ધતાની પર્યાયથી દ્રવ્ય સેવવામાં આવ્યું ત્યારે તેને (–જ્ઞાનીને) 'આ દ્રવ્ય શુદ્ધ છે' એમ દ્રષ્ટિમાં આવ્યું.

શ્રોતા : પર્યાય 'શુદ્ધ' નહીં ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : નહીં.... નહીં. પર્યાય 'શુદ્ધ' (—એમ દ્રષ્ટિમાં આવ્યું) નહીં, (પણ) એ તો દ્રવ્ય 'શુદ્ધ' છે (—એમ દ્રષ્ટિમાં આવ્યું). સમજાણું કાંઈ ? આહાહા ! સમજાણું કાંઈ ?

<u>આહીંથી સમયસાર શરૂ થાય છે હવે.</u> ભગવાન આત્મા જ્ઞાયક ભાવરૂપ ધ્રુવ સ્વભાવ.... આહીં પુનરુક્તિ (દોષ) લાગતો નથી.... એવો જે ભગવાન જ્ઞાયક ભાવ એકરૂપ ચૈતન્યસ્વરૂપ.... જ્ઞાનભાવ (–'જ્ઞાયક ભાવ') કીધો છેને ? એટલે કે જ્ઞાનસ્વરૂપ છે આત્મા. એ જ્ઞાનસ્વરૂપ.... એકલા પરમ પારિણામિકભાવને જ્ઞાનસ્વરૂપ કહે છે.... એ એકરૂપ ભાવ છે એને (જ્ઞાનસ્વરૂપ કહે છે). શુભાશુભના ભાવો છે એ જ્ઞાયક ભાવથી તો વિરુદ્ધભાવ છે.... અચેતનભાવ છે.... ચૈતન્યસ્વરૂપથી વિરુદ્ધ—વિપરીત ભાવ છે. સમજાય છે ? તે રૂપે ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ થતો નથી, તેથી તેને પ્રમત્ત-અપ્રમત્તના ભેદો એટલે કે ગુણસ્થાનના ભેદો દ્રવ્યને લાગુ પડતાં નથી.

વ્યવહારનયનો વિષય (ભેદ) છે એ અભૂતાર્થ છે (અને અભેદ) વસ્તુ છે એ ભૂતાર્થ છે—એમ કહે છે. પણ એ ભૂતાર્થનું 'ભૂતાર્થપણું' ક્યારે એને (–જ્ઞાનીને) ખ્યાલમાં આવ્યું ? સમજાય છે કાંઈ ? કે....

(૧) આ અભૂતાર્થ (–ભેદ) ઉપરથી લક્ષ છોડી અથવા પરભાવના લક્ષથી છૂટી....
(૨) ત્યાંથી (–પરભાવના લક્ષથી) છૂટ્યો એટલે ખરેખર તો એના પરભાવ (–વિભાવભાવ) જે હતાં એ (પણ) કેટલાક (છૂટી ગયા).
(૩) (આ રીતે) ત્યાંથી (–પરભાવથી છૂટ્યો અર્થાત્ પરભાવ) લક્ષમાંથી છૂટી ગયા (એટલે ઉપયોગ) દ્રવ્યમાં આવ્યો.... જ્ઞાયકભાવ ઉપર આવ્યો (અને)
(૪) ત્યારે ('ભૂતાર્થપણું' ખ્યાલમાં આવ્યું તથા) તેની પર્યાયમાં કેટલીક શુદ્ધતા પ્રગટી. સમજાય છે ?

તદ્દન શુદ્ધતા પ્રગટે પૂર્ણ, એ તો સિદ્ધને છે. એટલે અહીંયા (–સાધકદશામાં અલ્પ) શુદ્ધતા પ્રગટી.... ત્યાં (–જ્ઞાયક ભાવમાં) એકાગ્ર થયો એટલે. એ (જ્ઞાયક ભાવ) શુદ્ધતાની પર્યાયમાં (પરભાવથી) ભિન્નપણે સેવવામાં (આવતા) 'શુદ્ધ' કહેવાય છે.... એને 'આ આત્મા શુદ્ધ છે'—એમ કહેવાય છે. એને 'આ જ્ઞાયક ભાવ છે.... આ જ્ઞાયક ભાવ છે.... આ એકરૂપભાવ છે.... આ શુદ્ધ છે' (—એમ) એને (–જ્ઞાનીને) માટે કહેવાય છે. સમજાણું કાંઈ ?

કારણ કે જે (આત્મ)વસ્તુ છે એ (શુદ્ધ છે. તો) કહે છે કે, એ જાતનો (–શુદ્ધ) અંશ જ્યાં વર્તમાન પ્રગટમાં (–પર્યાયમાં) આવ્યો નથી.... પ્રગટમાં આવ્યો નથી (અર્થાત્) વસ્તુ લક્ષમાં આવી નથી, તો એ (અશુદ્ધતા) દ્વારા 'આ (આત્મદ્રવ્ય) આખું (–પૂર્ણ) શુદ્ધ છે' (—એમ) શી રીતે દ્રષ્ટિ કરશે ? (આત્મ)વસ્તુ લક્ષમાં આવી ત્યારે તો અંદર પર્યાયમાં શુદ્ધતા આવી છે એ જાતની (અને) એ (દ્રવ્યની) જાતની શુદ્ધતા આવી ત્યારે 'આ (આત્મા) આખો (–પૂર્ણ) શુદ્ધ છે'—એમ એને (–જ્ઞાનીને માટે) કહેવામાં આવે છે.

(દ્રવ્યની) જાતની શુદ્ધતાનો અનુભવ થયો ત્યારે એને (–જ્ઞાનીને) 'આ (આત્મદ્રવ્ય) શુદ્ધ છે'—એમ (ભાન) થયું. (એ ભાન વિના) એમ ને એમ '(આત્મદ્રવ્ય) શુદ્ધ છે' (—એમ કહે) એ તો (અયથાર્થ છે). અસ્તિપણું છે.... (દ્રવ્યનું) શુદ્ધ અસ્તિપણું છે, (પણ આ) 'અસ્તિ છે' (—એમ) એ સત્તાનો સ્વીકાર..... સ્વીકાર પર્યાયમાં ન થાય તો 'આ (આત્મદ્રવ્ય) શુદ્ધ છે' એ શી રીતે એને ખ્યાલમાં આવ્યું ? સમજાણું કાંઈ ?

તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી જુદાપણે.... ભિન્નપણે ઉપાસવામાં આવતો તે જ 'શુદ્ધ' કહેવાય છે.... એમ છેને ? તે જ 'શુદ્ધ' કહેવાય છે.... 'તે' એટલે કે જ્ઞાયક ભાવ જે છે તે 'શુદ્ધ' છે (—એમ) જાણવામાં આવે છે એટલે કે કહેવાય છે—એમ (અર્થ છે).

શ્રોતા : 'અન્યદ્રવ્યો'માં રાગ-દ્વેષ ન લેવા....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ના.... ના.... એ (રાગ-દ્વેષ લેવા) નહિ. પરદ્રવ્યોનો ભાવ અને પરદ્રવ્ય (લેવા અને) એનાથી જુદો પડ્યો. (હવે) એનાથી (જુદો) પડ્યો એટલે કેટલાક વિકલ્પથી પણ જુદો પડ્યો (–મિથ્યાત્વ સંબંધી અશુદ્ધતાનો અભાવ થયો). પણ સર્વથા (જુદો) પડે (–બધી અશુદ્ધતાનો અભાવ થાય) તો પર્યાયગત (પૂર્ણ) શુદ્ધતા થઈ (જાય). પણ અહીં તો દ્રવ્યની શુદ્ધતા સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ ? આહાહા ! સમજાણું ?

(અહીં) પર્યાયની (પૂર્ણ) શુદ્ધતા સિદ્ધ કરવી (–બતાવવી) હોય તો.... તો થઈ રહ્યું.... (જેવા) પર્યાયમાં પૂર્ણ (શુદ્ધ) સિદ્ધ છે એવી સિદ્ધ (પર્યાય) થઈ (ગઈ, પણ એ વાત અહીં નથી). સમજાણું કાંઈ ? અલૌકિક માર્ગ છે ભાઈ ! આ

તો સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્રદેવ પરમાત્માએ કહેલો ને (તેમને ભૂતકાળમાં) પ્રગટેલો એ (માર્ગની) વિધિની રીત છે. સમજાણું કાંઈ ?

તે જ સમસ્ત અન્યદ્રવ્યોના ભાવોથી ભિન્નપણે સેવવામાં આવતો.... તે જ ભિન્નપણે સેવવામાં આવતાં તે જ 'શુદ્ધ' છે....'શુદ્ધ' કહેવાય છે.... એટલે કે (જ્ઞાયક ભાવ) 'શુદ્ધ' (છે એમ) જાણવામાં આવે છે—એમ (કહેવું છે).... ત્યારે (આત્મા) 'શુદ્ધ' (છે એમ) જાણવામાં આવે છે (અર્થાત્) 'આ (આત્મદ્રવ્ય) શુદ્ધ છે'—એમ (જણાય છે). સમજાણું કાંઈ ? ઝીણું પડે (એવું છે) પણ ધ્યાન રાખીને સમજવું. સમજાય છે કાંઈ ?

એવી (આત્મ)વસ્તુ છે. વસ્તુ આખી પોતે પડી છેને આખી ચીજ ! કહે છે કે (તે) એકરૂપ સ્વભાવી છે.

ભગવાન (આત્માનો), એકરૂપ સ્વભાવ (છે કે) એ અનેકરૂપ જ છે ?

(સમાધાન :) 'અનેક' તો પર્યાયનો.... વ્યવહારનો વિષય છે. સમજાણું ? નિશ્ચય (ત્રિકાળી આત્મા) જે છે (તે) એકરૂપ છે. એકરૂપ વસ્તુ.... નિશ્ચય એકરૂપ (વસ્તુ છે) એ અનેકપણે (અર્થાત્) એની જાતથી વિરુદ્ધના વિકલ્પરૂપે થઈ જ નથી. તેથી તેને ભેદ અને ગુણસ્થાન લાગુ પડતાં નથી. એવો જે (જ્ઞાયક) ભાવ છે એ એક(રૂપ છે).

તેને (-જ્ઞાયક ભાવને) પરથી ભિન્નપણે.... પરદ્રવ્યના ભાવોથી જુદો સેવવામાં આવતાં.... જુદો સેવવામાં આવતાં તેની સેવાની (-શુદ્ધ) પરિણતિમાં તે જણાયો કે 'આ શુદ્ધ !'.... એણે (-જ્ઞાનીએ જ્ઞાયક ભાવ) 'શુદ્ધ છે'—એમ જાણ્યું.... એણે 'શુદ્ધ છે'—એમ જાણ્યું. 'કહેવાય છે'—એ તો ભાષા લીધી છે.... સમજાય છે કાંઈ ? (ખરેખર તો) એને (-જ્ઞાનીને જ્ઞાયક ભાવ) 'શુદ્ધ છે'—એમ જાણવામાં આવ્યું. કહો, એ વાત ત્રણ લીટીની (-ગાથાના ત્રીજા પદની) થઈ.

(૧લું પદ :) 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'....

શું (-તે કોણ) ? કે....

(૨જું પદ :) 'जाणगो दु जो भावो'.... જ્ઞાયક (ભાવ બતાવ્યો). થયું ? હવે,

(૩જું પદ :) 'एवं भणंति सुद्धं'....'भणंति'.... (શબ્દ) છેને ? (અર્થાત્) 'કહેવું'—એમ કીધું. છેને શબ્દ તો ? એને (-જ્ઞાયક ભાવને) કહેવો 'શુદ્ધ'.... એને કહેવો 'શુદ્ધ.' આવા જ્ઞાયક ભાવને કહેવો 'શુદ્ધ'—એમ ત્રીજી લીટી (-પદ) છેને ? શું કહેવાય ? (ગાથાનું) ત્રીજું પદ. (ગાથાની) લીટી બીજી ને પદ ત્રીજું. સમજાણું કાંઈ ? 'एवं भणंति'.... એ જ્ઞાયક ભાવને 'શુદ્ધ' કહેવાય છે.

(શિષ્યે) પ્રશ્ન કર્યો'તોને ? શુદ્ધ આત્મા કોણ છે કે જેને જાણવો જોઈએ ? તેનું.... શુદ્ધ (આત્મા)નું સ્વરૂપ શું છે કે જેનું (સ્વરૂપ) જાણવું જોઈએ ?

(સમાધાન :) કે આ (જ્ઞાયક ભાવ) 'શુદ્ધ' છે. 'एवं'.... એવો જે જ્ઞાયક એક 'ભાવ'.... જે શુભાશુભરૂપે થયો નથી (અને) તેથી પ્રમત્ત-અપ્રમત્ત નથી, એવો જે જ્ઞાયક ભાવ છે એને 'શુદ્ધ' કહીએ.

'એને (-જ્ઞાયક ભાવને) શુદ્ધ કહીએ'.... એટલે એ (શબ્દો)માંથી એમ કાઢ્યું અમૃતચંદ્રાચાર્યે (કે) 'એને શુદ્ધ કહીએ' (અર્થાત્) 'એને શુદ્ધ જાણીએ' —એમ (અર્થ છે). 'એને શુદ્ધ જાણીએ'....'એને શુદ્ધ જાણવો' એટલે કે 'એને (-જ્ઞાયક ભાવને) શુદ્ધ જાણવો' (—એમ) જે આ કહ્યો (એ વાચ્ય છે અને) 'भणंति'.... તો વાચક શબ્દ છે. સમજાય છે કાંઈ ?

'એને શુદ્ધ જાણવો'.... (—એમ કહ્યું), ત્યારે 'શુદ્ધ જાણવો'.... એમાંથી (શ્રી અમૃતચંદ્રાચાર્યે) કાઢ્યું કે પરથી ભિન્ન પડીને પર્યાયમાં તેની (-જ્ઞાયક ભાવની) સેવા કરી.... તેને દ્રષ્ટિમાં-લક્ષમાં લીધો ત્યારે તેને 'શુદ્ધ' કહેવામાં આવે છે.... દ્રવ્યને 'શુદ્ધ' કહેવામાં આવે છે. અમરચંદભાઈ ! આ (મૂળ)વસ્તુ.... આ વસ્તુ (-વાત કહેવી છે).


(ગાથાના) ત્રણ (પદ)ની (વ્યાખ્યા) થઈ હવે....

૪થા પદની વ્યાખ્યા : 'णादो जो सो दु सो चेव'.... ચોથું પદ છે હવે.

વળી દાહ્યના આકારે થવાથી.... 'દાહ્ય' એટલે બળવાયોગ્ય પદાર્થ. તેના આકારે થવાથી અગ્નિ—એમ (કહેવું છે). અગ્નિને.... એ તો નાખ્યું છે 'નિષ્ક સુવર્ણ'.... (-આ શબ્દો બીજી આવૃતિમાં છે). દાહ્યના.... એટલે કે બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે....

શું કીધું ?

અગ્નિ છે એ દાહ્ય.... (બળવા)યોગ્ય લાકડાને બાળવાથી તેને.... અગ્નિને ('દહન') કહેવામાં આવે છે. અગ્નિ છે એને.... બળવાયોગ્ય લાકડાને બાળવાથી તેને—અગ્નિને ('દહન') કહેવામાં આવે છે. એટલી (કથનમાં) અપેક્ષા આવી (—એમ) કહે છે, (તો પણ ખરેખર) એ અપેક્ષા અગ્નિમાં છે નહિ.




તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી.... એ દાહ્ય.... બળવાયોગ્ય પદાર્થ છે એને બાળે છે માટે તેને (–અગ્નિને) 'દહન' કહેવામાં આવે છે, પણ એ બળવાયોગ્ય પદાર્થના કારણે અગ્નિ છે—એમ નથી. તે અગ્નિ પોતાથી જ પરિણમી છે, દાહ્ય (–બળવા)યોગ્ય (પદાર્થ) છે માટે (અગ્નિ) એને આકારે થઈ છે—એમ નથી. (અગ્નિ) પોતે જ પોતાના અગ્નિને આકારે છે.... બળવાયોગ્ય પદાર્થને બાળીને (–બાળતી અગ્નિ) પોતાના આકારે થઈ છે. આહાહા ! સમજાણું કાંઈ ?

દાહ્ય છે એને આકારે એટલે કે બળવાયોગ્ય પદાર્થને આકારે.... એટલું થયુંને (–એવો આકાર થયોને) જાણે ! (એટલે) બળવાયોગ્ય પદાર્થને આકારે (થવાથી)....—એમ (કહે છે).... થવાથી અગ્નિને દહન કહેવાય છે.... (સિદ્ધાંતમાં) જ્ઞાયકને લેવો છેને ? જાણે છે આને (–જ્ઞેયને) માટે (આત્માને) જ્ઞાયક કહે છે, એમ આહીં લઈને.... અગ્નિનું દ્રષ્ટાંત આપીને, સ્વતંત્રતા સિદ્ધ કરે છે પર્યાયમાં હોં હવે. દાહ્યના.... બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી.... એના આકારે થવાથી.... થઈ કોણ ? અગ્નિ.... સમજાણું કાંઈ ?

બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ કોણ ? અગ્નિ. (માટે) એને દહન કહેવાય છે.... એને (–અગ્નિને), બળવાયોગ્યને બાળે છે માટે દહન કહેવાય છે.... ('દહન') એવું (નામ) ભાષા(માં કહેવાય) છે, તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને

નથી.... બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ માટે તેને (–અગ્નિને) બળવાયોગ્ય પદાર્થની કંઈ પણ અપેક્ષા આવી છે અગ્નિની પર્યાયમાં—એમ નથી. અગ્નિ પોતાને કારણે.... એને (–દાહ્યને) આકારે અગ્નિ પોતે પરિણમી છે.... અગ્નિની અવસ્થા એ રૂપે (સ્વયં) થઈ છે. (અગ્નિ) પરના આકારે થઈ છે—એમ નથી, અગ્નિની અવસ્થા એ રૂપે (પોતાથી) થઈ છે. સમજાણું કાંઈ ?......

શું કહે છે ? દ્રષ્ટાંત પહેલો સમજવો જોઈએ.

અગ્નિને 'દહન' કેમ કહે છે ?

(સમાધાન:) અગ્નિ.... દહન.... દહન.... (તે) બાળે છેને ? બાળે છેને ? બાળે છે. (અગ્નિ) લાકડા આદિને.... બળવાયોગ્યને બાળે છે, માટે (તેને) 'દહન' કહે છે.

પણ કહે છે કે એટલી....'બાળે છે'—એટલી અપેક્ષા અહીંયા (–અગ્નિમાં) આવી કે નહિ ? બળવાયોગ્ય પદાર્થની અપેક્ષા આમાં (–અગ્નિમાં) આવી કે નહિ ?

(સમાધાન :) કે ના. (કેમ કે) અગ્નિ પોતે પોતારૂપે.... અગ્નિપણે (પરિણમી છે). બળવાયોગ્ય પદાર્થરૂપે (–તેના આકારરૂપે) અગ્નિ પોતે પરિણમી છે.... સમજાણું કાંઈ ? અને (છતાં અગ્નિ) અગ્નિપણે.... અગ્નિપણે (જ રહી છે).

અગ્નિ, પર્યાયમાં બળવાયોગ્ય પદાર્થને આકારે થઈ એટલી (પણ) અશુદ્ધતા (–અપેક્ષા) એને નથી. (કારણ કે અગ્નિ ખરેખર) એના આકારે થઈ નથી, એ તો અગ્નિના (–પોતાના) આકારે.... અગ્નિ એ રીતે પોતાના રૂપે થઈ છે. સમજાણું કાંઈ ? તોપણ દાહ્યકૃત.... બળવાયોગ્ય પદાર્થની અપેક્ષાથી તે અગ્નિને પરાશ્રયપણું.... અશુદ્ધપણું આવ્યું નથી. સમજાણું કાંઈ ? એક ન્યાય (પણ) કેટલી (–કેવી) રીતે મૂકે છે જુઓને ! દાખલો આપવામાં પણ !....

તેવી રીતે.... લ્યો ! એ દ્રષ્ટાંત આપીને હવે (કહે છે કે) તેવી રીતે.... દાહ્ય.... બળવાયોગ્ય પદાર્થને આકારે અગ્નિ થઈ માટે તેને દહન.... બાળનાર.... બાળનાર.... બાળનાર.... કહેવાય છે.

પણ 'બાળનાર' કહેવાય છે માટે 'પરને બાળે' એટલી અપેક્ષા એને આવી (કે નહીં) ?

(સમાધાન:) કે ના. સમજાણું કાંઈ ? એ બાળનાર પોતે (અગ્નિ), અગ્નિરૂપે પરિણમી છે, કાંઈ પર દાહ્યપણે પરિણમી નથી. સમજાણું કાંઈ ? આહાહા ! તેવી રીતે.... દ્રષ્ટાંત એને ખ્યાલમાં આવે તો આ સિદ્ધાંત એને ખ્યાલમાં સહેલાઈથી આવે, માટે દાખલો આપ્યો છે. સમજાણું કાંઈ ?

પાઠમાં (-ગાથામાં) તો એટલું છે કે 'णादो जो सो दु सो चेव'....જાણ્યો તે જાણ્યો (-જ્ઞાયકપણે જણાયો તે તો તે જ છે). એમાંથી (અમૃતચંદ્રાચાર્યદેવે કાઢ્યું કે)....

જાણવાકાળે જ્ઞાયક છે એ (પરને) જાણે છેને ?....—એટલું (-એટલી અપેક્ષા) તો આવ્યુંને ? જાણે છેને ?.... જાણે છેને ?.... એ જાણે છેને ?.... તો જાણે છે એમાં પરની કાંઈક આવી કે નહિ અપેક્ષા ?

(સમાધાન :) (ના).—એ (સમજણ) આપવા માટે આ અગ્નિનો દાખલો પહેલો આપ્યો. અગ્નિ છે તે દાહ્યને બાળે છે એથી એને.... અગ્નિને (દહન) કહો, પણ ખરેખર તો અગ્નિ પોતે.... બળવા યોગ્યરૂપે (-તેના આકારે) અગ્નિ પોતે થઈ છે.... એ અગ્નિનું રૂપ છે, એ કંઈ દાહ્યકૃત રૂપ નથી. પરની અપેક્ષાનું રૂપ આમાં (-અગ્નિમાં) છે જ નહિ. સમજાણું કાંઈ ?

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.... હવે પર્યાયમાં (-પર્યાયની વાત) લે છે હોં. જ્ઞાયક તો ત્રિકાળી છે, પણ હવે 'જ્ઞાયક' કીધોને ? જાણનાર.... જાણનાર.... જાણનાર. (તો) જાણનારે એની પર્યાયમાં 'આ રાગને જાણ્યો.... આને જાણ્યું....'—એવી અપેક્ષા આવી કે નહીં ? જાણનાર 'આને જાણે'....—એમ થયુંને ? બાળનાર આને બાળે.... બાળનાર આને બાળે (એમ) જાણનાર 'આને જાણે'....—એટલી અપેક્ષા આવી કે નહિ ? કે ના. સમજાણું કાંઈ ?

જ્ઞેયાકાર થવાથી.... એટલે ? કે જ્ઞાનસ્વરૂપ જ્ઞાયક ભાવ તો ત્રિકાળી છે. હવે જ્યારે જ્ઞાનની પર્યાય પ્રગટી છે અહીંયા (ત્યારે) એમાં 'શુદ્ધ'નું (-દ્રવ્યનું) ભાન થયું છેને ? (તેમ જ) હવે પ્રગટી છે જે જ્ઞાન(પર્યાય) એમાં રાગનું.... વિકલ્પનું

જ્ઞાન (પણ) છે અહીં. સમજાય છે ? (કેમ કે) એને જાણે છેને ? રાગ આદિ.... વિકલ્પ આદિ પરભાવને એ જાણે છેને ?.... જાણે છેને ? તો 'પરને જાણે છે'....—એટલી અપેક્ષા.... પરાધીનતા.... પર અપેક્ષા એની પર્યાયમાં આવી કે નહિ ? સમજાણું કાંઈ ?

જ્ઞેયાકાર થવાથી.... એ (જે) કાંઈ જડ આદિ પદાર્થો, રાગાદિ ભાવ છે એને આકારે (એટલે કે તેઓ) જે રીતે છે એ પ્રકારે જ્ઞાનની પર્યાય પોતામાં પરિણમે છે. જેમ દાહ્ય.... બળવાયોગ્ય (પદાર્થ)ને આકારે અગ્નિ પરિણમે છે, એમ શુભ વિકલ્પ-રાગ આદિ જે છે.... એવું (જેનું) જે સ્વરૂપ છે એ રૂપે અહીં જ્ઞાનની પર્યાય જાણનાર છેને ? ( તે જ્ઞાનપર્યાય) પોતાને જાણે છે (અને) એને (-રાગાદિને પણ) જાણવારૂપે ત્યાં પરિણમે છે.

(આ રીતે) જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે....જાણવાની અપેક્ષાએ (પર્યાયમાં) તેને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.

(૧) (જ્ઞાયક ભાવ) દ્રવ્યપણે પ્રસિદ્ધ છે ત્રિકાળી (અને)

હવે અહીંયા (કહે છે કે),

(૨) રાગાદિને જાણવાની અપેક્ષાએ (પર્યાયમાં) જ્ઞાયકપણું એનું પ્રસિદ્ધ છે.

જેમ દહન(પણું) બાળવાની અપેક્ષાએ અગ્નિને પ્રસિદ્ધ છે. અગ્નિ તો (જો કે) અગ્નિ છે એકરૂપે, (પણ) હવે એની પર્યાયમાં (દહનપણું છે એની) વાત કરી. સમજાણું કાંઈ ?

તે 'ભાવ'ને.... આ રીતે જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે....—એમ કહે છે. આ રીતે હોં.... જ્ઞેયાકાર થવાથી (જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે)—એમ પાછું (કહે છે). રાગ આદિ જે ભાવ છે.... શુભ આદિ જે ભાવ છે તે પ્રકારે આહીં જ્ઞાન થાય છે. તેથી તેને જ્ઞાયકપણું.... તેને જાણવાપણું પ્રસિદ્ધ છે. 'જાણે છે'—એવું એ પ્રસિદ્ધ છે.... પર્યાયમાં 'આ જાણે છે'—એવું પ્રસિદ્ધ છે. સમજાણું કાંઈ ?

તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.... (રાગને જાણવા કાળે) રાગની અપેક્ષા આવી આહીં જાણવામાં ? કે ના. એ તો પોતે જ જ્ઞાનપર્યાય એ રૂપે પરની

અપેક્ષા વિના (પરિણમી છે. અર્થાત્) તે રીતે એ જ્ઞાન.... જ્ઞાનની પર્યાય પરની અપેક્ષા વિના પરિણમી છે. સમજાણું કાંઈ ?

જ્ઞાયક પોતે હવે દ્રવ્યો.... પરિણમ્યો (—એમ) કહે છે. પર્યાયથી 'આ શુદ્ધ (દ્રવ્ય'—એમ જાણ્યું એ) લીધુંને ! (અને) હવે એ પર્યાયે આહીં રાગાદિને જાણ્યાને ! તો કહે છે, 'રાગ આદિ જાણ્યા'—એટલી પણ (અપેક્ષા) જ્ઞાનની પર્યાયમાં (આવીને) ? જ્ઞાયકને 'જ્ઞાયકપણું'.... 'જાણનાર છે' એ પ્રસિદ્ધ છે. 'પરને જાણનાર' એ પ્રસિદ્ધ છે—એમ કહે છે. 'જાણનાર છે'—એમ પ્રસિદ્ધ છે ત્યારે 'જાણનારે આને (-પરને) જાણ્યું'—એટલી અપેક્ષા આવી કે નહિ ?

(સમાધાન :) ના. સમજાણું કાંઈ ? (કેમ કે) જ્ઞેયકૃત અશુદ્ધતા (તેને) નથી.... જણાવાયોગ્યના (-જ્ઞેયના) કર્તાપણે અહીંયા (-આત્મામાં) જ્ઞાન થયું છે—એમ નથી. સમજાણું કાંઈ ? એ તો જ્ઞાયક ભાવથી તે પ્રકારનું જ્ઞાનરૂપે પરિણમન પોતાથી પોતામાં થયું છે. સમજાણું કાંઈ ?

દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી.... એટલે કે અગ્નિની પોતાની જ પર્યાય તે રૂપે પરિણમી છે, તેમ જ્ઞાયક પોતે જ્ઞાનરૂપે.... રાગાદિને જાણવારૂપે પોતે પોતાથી પરિણમ્યો છે. રાગ છે માટે (રાગના જ્ઞાનરૂપે) પરિણમ્યો છે—(એમ) એની અપેક્ષા છે માટે અશુદ્ધતા.... તેને જાણવાવાળી પર્યાયમાં અશુદ્ધતા આવી છે (—એમ નથી).

દ્રવ્ય તો શુદ્ધ છે,.... સમજાણું કાંઈ ? પણ જાણવાવાળી પર્યાય.... જાણનાર (જેવું જ્ઞેય છે) એવા જ્ઞેયાકારે.... પરને આકારે પરિણમ્યો (એટલે કે) પરનું સ્વરૂપ જેવું છે તેવું જાણવામાં (આવ્યું), તો એટલી અપેક્ષાથી તે જાણવાવાળી પર્યાયને અશુદ્ધતા.... પરાશ્રિતતા.... પરાધીનતા લાગુ પડી કે નહિ ? કે નહીં.

તે પ્રકારની જ્ઞાનની પર્યાય, તે કાળે.... પોતાથી.... તે પ્રકારે પરની અપેક્ષા વિના (પરિણમી છે અર્થાત્) તે પ્રકારે પરને જાણવા છતાં પરની અપેક્ષા વિના નિરપેક્ષપણે જ્ઞાનની પર્યાય પોતાથી પરિણમી છે. માટે તે પર્યાયમાં પણ પરની અપેક્ષાએ અશુદ્ધતા (નથી). દ્રવ્યમાં તો (અશુદ્ધતા જ) નથી. સમજાણું

કાંઈ ? માલચંદજી ! ઐસી બાત હૈ. દેખો ! ઓહોહો સમયસાર ! એકલા જ્ઞાયક ભાવના પેટ (–રહસ્ય) ખોલ્યા છે. સ્વતંત્ર.... સ્વતંત્ર....સ્વતંત્ર.

જેટલો રાગ છે.... વ્યવહાર છે એના આકારે જ્ઞાન પરિણમ્યું છે કે નહીં ? (હા), પર્યાયમાં (પરિણમ્યું છે) હોં. કારણ કે એ જાણનાર છેને ? જાણનાર છે તો પોતાનો જાણનાર તો થયો. હવે વિશેષ (–તે ઉપરાંત) કાંઈ રાગ (છે તેને પણ જાણે છે).

(જ્ઞાન) સ્વ-પરપ્રકાશક છેને ? તો એ જાણનાર, સ્વનો જાણનાર થયો (એટલે) શુદ્ધ થઈ પર્યાય. (હવે) એ શુદ્ધ પર્યાયમાં આ પર જાણવામાં આવ્યું.... પર જાણવામાં આવ્યું અને જેટલું પર છે તે જ પ્રકારે જ્ઞેયાકારરૂપે જ્ઞાન પરિણમ્યું.

તે પ્રકારે જ્ઞાન પરિણમ્યું તો એટલી પરની અપેક્ષાથી અશુદ્ધતા છે કે નહિ ?

(સમાધાન :) કે ના. (કેમ કે) જ્ઞેયકૃત અશુદ્ધતા.... છે નહીં.

(દ્રષ્ટાંત :) (અગ્નિને) દાહ્યકૃત અશુદ્ધતા.... નથી....

(સિદ્ધાંત :) આહીં (જ્ઞાનને) જ્ઞેયકૃત.... જ્ઞેયથી કરાયેલી અશુદ્ધતા નથી....

(દ્રષ્ટાંત :) દાહ્યથી કરાયેલું અગ્નિનું પરિણમન નથી, એમ....

(સિદ્ધાંત :) રાગાદિથી કરાયેલી જ્ઞાનની પર્યાય નથી.... જ્ઞાનની પર્યાય પોતાથી પરિણમીને પોતાથી થઈ છે. સમજાણું કાંઈ ?

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને.... જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને.... હોં.... (તે ભાવ) પર્યાયરૂપે પરિણમ્યો છેને ? તે 'ભાવ'ને.... એટલે કે જ્ઞાયક ભાવને. જ્ઞાનપણે.... રાગાદિના જ્ઞાનપણે, વ્યવહારના જ્ઞાનપણે (પરિણમેલો) હોં આ.

(ભૂમિકાને યોગ્ય) વ્યવહાર હોયને વ્યવહાર ? (તો) એના જ્ઞાનપણે.... (જેમ) દાહ્ય લાકડા છેને.... દાહ્ય છેને લાકડા, એમ જ્ઞેય છેને આ રાગાદિ વ્યવહાર (અને) એને આકારે અહીં (–આત્મામાં) જ્ઞાન થયું છેને. જેવો વ્યવહાર છે એવું

આહીં જ્ઞાન થયું છેને, માટે એટલી અપેક્ષા પરની (–વ્યવહારની) આવીને ? કે ના, બિલકુલ નહીં.

તે પોતાને જ્ઞાયકપણું, જ્ઞેયાકાર થવાથી પ્રસિદ્ધ છે તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.... વ્યવહાર છે માટે જ્ઞાન પરિણમ્યું.... વ્યવહાર છે માટે જ્ઞાન થયું—એ તો નથી.

ભાઈ ! શું કીધું હવે ?

આ દ્રવ્ય છે માટે અહીં શુદ્ધ જ્ઞાન થયું છે, (પણ) વ્યવહાર છે તો શુદ્ધતા પ્રગટી છે—એમ નથી. આ દ્રવ્ય છે તેની સેવાથી શુદ્ધતા પ્રગટી છે, (પરંતુ) વ્યવહારથી (–રાગથી) શુદ્ધતા પ્રગટી છે—એમ તો નથી, પણ જે (વ્યવહારને જાણતું) જ્ઞાન પ્રગટ્યું છે.... એને (–વ્યવહારને) જાણવાવાળી જે અવસ્થા થઈ છે તે, વ્યવહાર છે તેથી (તેનું) જ્ઞાન અહીંયા (પર્યાયમાં) જણાણું (–થયું) છે —એમ નથી. જ્ઞાનનું પોતાનું તે પ્રકારે સ્વ-પરપ્રકાશનું પરિણમન પોતાથી.... પોતા વડે થયું છે, પરની અપેક્ષા વિના. સમજાણું કાંઈ ?

વ્યવહારથી નિશ્ચય (પ્રગટે).... શુદ્ધિ પ્રગટે એ તો નથી, એ નિશ્ચય.... શુદ્ધિ તો (દ્રવ્યની) સેવા કરતાં પ્રગટે છે. પણ હવે 'જાણવું' (એ) એને (–જ્ઞાયકને) પ્રસિદ્ધ છે (તો) એ જાણનાર.... એનો (–વ્યવહારનો) જાણનાર છે કે નહિ ? જાણનાર.... પર્યાયમાં જાણનાર છેને ? તો જાણનાર, જાણે છેને વ્યવહારને ?

(સમાધાન :) કે (જાણનાર) વ્યવહારને જાણે છે, પણ એ સંબંધીનું જ્ઞાન પોતાનું પોતાથી પરિણમેલું છે. એ (વ્યવહારને જાણે) છે માટે આહીં જ્ઞાનમાં અશુદ્ધતા (–તેની સાપેક્ષતા) થઈ છે અથવા પરાશ્રય આવ્યો છે (—એમ) છે જ નહિ. સમજાણું કાંઈ ?

એ દ્રવ્યને તો, કહે છે કે, ભેદપણું નથી.... પરાશ્રિતપણું નથી.... અનેકપણું નથી, પણ પર્યાય જ્યાં જ્ઞાયકપણે પરિણમી છે (તો) એને (પણ) પર અપેક્ષા નથી. સમજાણું કાંઈ ? આહાહા ! કેવી વાત કરે છે જુઓને ! એ વસ્તુની સ્થિતિ જ આ રીતે છે, બીજી કોઈ રીતે વસ્તુ હોઈ શકે જ નહિ.

ચૈતન્યનો પિંડલો (આત્મા) છે. હવે કહે છે કે, (તે) પ્રસર્યો (–પરિણમ્યો).... સમજાય છે ? જાણનાર પરિણમ્યો. (આત્મા) 'જ્ઞાયક' છેને ? તો જ્ઞાયક છે તે જાણવાપણે પરિણમ્યો. પણ જાણવાપણે પરિણમ્યો (ત્યારે) પોતાને તો જાણ્યો, પણ આને (–રાગાદિને) પણ જાણવારૂપે આહીં (પર્યાયમાં) થયો કે નહિ ? એ (જે) પ્રકારનો.... જેવો વ્યવહાર છે રાગાદિનોતે જ પ્રકારે જાણવાની પર્યાય પરિણમી, (તો) તેટલી પરાશ્રયતા આવી કે નહીં ?

(સમાધાન : ) કે ના, (કેમ કે) જ્ઞેયકૃત અશુદ્ધતા.... નથી.... એ, જ્ઞાનકૃત જ્ઞાન છે.... પોતાના જ્ઞાનકૃત એ જ્ઞાનની પર્યાય છે, (પણ) જ્ઞેયકૃત છે નહિ. આહાહા !

(૧) વ્યવહારથી (–શુભરાગથી) નિશ્ચય (–વીતરાગતા) તો થાય નહિ, પણ
(૨) વ્યવહારથી જ્ઞાનની પર્યાય.... વ્યવહારથી જાણવાનું (પણ) ન થાય.... જાણવાની (પર્યાય પણ) ન થાય

—એમ કહે છે અહીં તો. આહાહા ! સમજાય છે કાંઈ ?

નિશ્ચય.... દ્રવ્યસ્વરૂપ જે છે એની સેવાથી શુદ્ધતા પ્રગટી.

વ્યવહારની સેવાથી શુદ્ધતા પ્રગટે ?

(સમાધાન :) (ના, કેમ કે) વ્યવહારપણે (–શુભભાવપણે જ્ઞાયક આત્મા) તો પરિણમ્યો જ નથીને ? એ તો પહેલાં (ટીકામાં) કહ્યું કે દ્રવ્ય પોતે વ્યવહારપણે.... ભેદપણે.... અભૂતાર્થપણે.... શુભાશુભપણે પરિણમ્યો જ નથી. સમજાય છે ? હવે (જે પણે) પરિણમ્યો નથી એનાથી.... એની સેવાથી અહીં (શુદ્ધતા) થાય ? (ન થાય). આહાહા ! (એ તો) ભગવાન આત્મા વસ્તુ જ્ઞાયકપણે ચૈતન્ય ધ્રુવ છે એની સેવાથી શુદ્ધતા પ્રગટી છે. સમજાય છે ?

હવે, શુદ્ધતામાં જ્ઞાન.... સ્વ-પરપ્રકાશકપણું પ્રગટ્યુંને ?.... સ્વ-પરપ્રકાશકપણું. એમાં 'પર' એટલે જેવા પ્રકારનો વ્યવહાર (–રાગ) છે એવા જ (પ્રકારે) જ્ઞેયાકારે જ્ઞાન અહીં (પર્યાયમાં) પરિણમે છેને.... જ્ઞેયાકારે જ્ઞાન પરિણમે છેને ?

(સમાધાન :) કે ભલે પરિણમે, (પરંતુ) જ્ઞેય છે માટે જ્ઞાનનું પરિણમન એવું છે—એમ નથી. સમજાણું કાંઈ ?

જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને.... જ્ઞેયાકાર થવાથી.... એ પર્યાય થઈ (અર્થાત્) જ્ઞાયકને, રાગાદિને જાણનારી જ્ઞેયાકાર પર્યાય થઈ (તેથી) જ્ઞાયકપણું પ્રસિદ્ધ થયું.... એમાં જાણવાપણું પ્રસિદ્ધ છે—એમ (કહે છે). તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી....

ઓહો ! કેટલા [1*]નયનો નિષેધ કરી નાખ્યો ! સમજાણું કાંઈ ? અસદ્‌ભૂત.... (સ્વભાવમાં નથી એવા) પુણ્ય-પાપના વ્યક્ત-અવ્યક્તનો (–બુદ્ધિપૂર્વકના અને અબુદ્ધિપૂર્વકના રાગનો) નિષેધ થઈ ગયો.

પરથી ભિન્ન પડતાં (અર્થાત્ અંતર્મુખ) થતાં (રાગનો) નિષેધ થઈ ગયો અંદરમાં. કારણ કે આશ્રય આહીં (–સ્વભાવનો) કરતાં એને શુદ્ધ પર્યાયનું પરિણમન થયું. શુદ્ધ પરિણમનમાં અશુદ્ધતાનો (–રાગનો, અસદ્‌ભૂત ઉપચરિત ને અનુપચરિત વ્યવહારનો) નિષેધ થઈ ગયો ખરેખર. પરની સેવા છૂટી ત્યાં (રાગનો) નિષેધ થઈ ગયો આહીં પર્યાયમાં, (કેમ કે) દ્રવ્યને આશ્રયે ગયો એટલે. સમજાણું કાંઈ ?

હવે કહે છે કે, એ 'અશુદ્ધતા સંબંધીનું જાણપણું' (–એટલું સાપેક્ષપણું) રહ્યુંને જ્ઞાનપર્યાયમાં ?

(સમાધાન :) કે ના, એ પરને જાણે—એવો સદ્‌ભૂત ઉપચાર (વ્યવહાર) છે એ (પણ) નથી એને (–જ્ઞાયકને), એ પોતે જ પોતાને જાણે છે. જ્ઞેયકૃત જ્ઞાન છે (નહિ), જ્ઞાનકૃત જ્ઞાન છે.... જ્ઞાનકૃત જ્ઞાન છે.... જ્ઞાયકકૃત જ્ઞાન છે. જ્ઞાયકકૃત જ્ઞાન છે, જ્ઞેયકૃત.... વ્યવહારકૃત જ્ઞાનની પર્યાય છે નહિ. સમજાણું કાંઈ ? આહાહા ! અમૃતચંદ્રાચાર્યે (કરેલી આવી) આ ટીકા ભરતક્ષેત્રમાં (બીજે) ક્યાંય નથી, જેમાં કેવળીઓનાં પેટ (–રહસ્ય) ખોલીને મૂક્યા છે. દ્રવ્યનું.... તત્ત્વનું સ્વરૂપ એ અસ્તિપણે જે રીતે છે (તે રીતે) અસ્તિપણે.... સત્તાપણે (પ્રસિદ્ધ કર્યું છે).

(૧) પહેલા જ્ઞાયકભાવનું સત્તાપણું સિદ્ધ કર્યું.
(૨) (પછી દ્રવ્યની) સેવા કરે ત્યારે 'આ જ્ઞાયક છે'—એમ કહ્યું.
(૩) હવે એની પર્યાયની સ્વતંત્રતાની સત્તા સિદ્ધ કરે છે.

---

[1*] [(૧) અસદ્‌ભૂત ઉપચરિત વ્યવહાર, (૨) અસદ્‌ભૂત અનુપચરિત વ્યવહાર તથા (૩) સદ્‌ભૂત ઉપચરિત વ્યવહાર—એ ત્રણ નયનો)]

રાગાદિને જાણે છે માટે આ (જ્ઞાન)પર્યાયની સત્તા છે ? જાણનારી (પર્યાયની) સત્તા.... અસ્તિત્વ (રાગાદિથી) છે ?

(સમાધાન :) કે ના, એ તો જ્ઞાયકની.... પોતાના જ જ્ઞાનની પરિણતિની સત્તા પોતામાં છે.... પોતાથી છે. સમજાણું કાંઈ ? ઝીણું બહુ જાદવજીભાઈ ! બહુ ધ્યાન રાખે તો આ પકડાય એવું છે ભઈ !

રૂપિયામાં તો ફટ (પૈસા) દઈને (કહે કે) 'ભઈ ! આપ્યા જાવ'. ચાર આના, છ આના, આઠ આના તરીકે (વ્યાજે પૈસા મૂક્યા હોય). હવે તો ઘણું વધારે (વ્યાજ) છે લ્યો ! રૂપિયા તરીકે કે દોઢ રૂપિયા. (તેમાં) ફટ દઈને (સહેલાઈથી) સમજાય કે (વ્યાજે) દસ હજાર આપ્યા હતા (તેનું વ્યાજ) લાવ ! આટલા રૂપિયા લાવ.... જેઠાલાલભાઈ ! ડીંગે ડિંગ એ બધું છે. આ ભગવાન ચૈતન્યની કોથળીમાં તો જ્ઞાનસ્વરૂપ ભર્યું છેને ! કહે છે, તે વટાવ (–સ્વીકાર) તો જ્ઞાનપણે (પરિણતિ) નીકળે બહાર, એ કાંઈ રાગપણે આવે નહિ. આહાહા !

કહે છે કે, ભગવાન ચૈતન્ય પ્રભુ જે શુદ્ધ દ્રવ્ય છે, એને જ્યાં લક્ષમાં લીધો ત્યારે તે શુદ્ધ થયો (અર્થાત્) એની દ્રષ્ટિમાં 'શુદ્ધ' આવ્યો. હવે તે વખતે જ્ઞાન પરિણમ્યું ધર્મરૂપે.... જ્ઞાન, સમ્યગ્જ્ઞાનપણે (થયું) તો જ્ઞાનમાં સ્વ-પરપ્રકાશક ભાવ.... સ્વભાવ છેને ? એમાં (–સ્વ-પરપ્રકાશક જ્ઞાનમાં) વ્યવહારને જાણનારું જ્ઞાન જ્ઞેયાકારે થાય છેને ?

(સમાધાન :) (હા), જે પ્રકારનો રાગ.... દયા-દાન આદિ વિકલ્પ છે તે જ પ્રકારનું જ્ઞાન જ્ઞેયાકારે પરિણમે છે. સમજાય છે કાંઈ ? (જ્ઞાન, જ્ઞેયાકારે) પરિણમે છે, છતાં એ જ્ઞેય આકારે પરને કારણે નથી પરિણમતું—એમ કહે છે. સમજાણું કાંઈ ? (અ રીતે) અસદ્‌ભૂત (વ્યવહાર)ના બે (ઉપચરિત અને અનુપચરિત—એ બે ભેદ)નો નિષેધ કર્યો અને સદ્‌ભૂત (વ્યવહાર) ઉપચારનો (પણ નિષેધ) કર્યો. હવે સદ્‌ભૂત (વ્યવહાર) અનુપચાર રહ્યો. એનો સાતમી (ગાથા)માં નિષેધ કરશે.... સાતમીમાં.

હવે કારણ આપે છે. કારણ કે જ્ઞેયાકાર અવસ્થામાં.... એટલે કે રાગાદિને જાણવાની અવસ્થામાં.... રાગાદિ જ્ઞેય છે એના આકારે થતું જ્ઞાન છે એ વખતે જ્ઞાયકપણે જે જણાયો.... જ્ઞાયકપણે.... જાણનારપણે જણાણો....

જાણનારપણે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ.... એ તો પોતે છે. પરને જાણવા વખતે પોતે જણાણો છે—એમ કહે છે અને સ્વને જાણવા વખતે પણ પોતે જણાય છે—એમ કહે છે. સમજાણું કાંઈ ?

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો.... જોયું ? જ્ઞેયાકાર અવસ્થા.... તે જ્ઞાનની પર્યાય થઈ.... જ્ઞાનની પર્યાય—અવસ્થા થઈ (ત્યારે) જ્ઞાયકપણે.... જણાયો.... 'આ જ્ઞાયક છે'—એમ જણાયો. એ (જ્ઞેયાકાર) વખતે પણ જ્ઞાયકપણે જે જણાયો....—એમ કીધું.

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો.... રાગ આદિને જાણવાની અવસ્થામાં પણ જાણનારો જણાયો—એમ કહે છે. જ્ઞાયકપણે.... જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ.... એનો એ પોતે જણાણો છે. પરની અપેક્ષા લઈને (–પરના નિમિત્તે જ્ઞેયાકાર) જ્ઞાન થયું, પણ એ પોતે જણાણો છે એમાં, એમાં પર છે નહિ અને પોતાને જાણવાની અપેક્ષામાં પણ પોતે જણાયો છે.

સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ.... (જ્ઞાયક જ છે) —એમ (કહે છે). દીવાની જેમ.... દાખલો દીવાનો આપ્યો. કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી.... દેખો ! કર્તા-કર્મનું અનન્યપણું.... એક (દ્રવ્ય)માં કર્તા-કર્મપણું હોય, ભિન્ન (દ્રવ્ય)માં કર્તા-કર્મપણું (હોય) નહિ. જુઓ ! આહીંથી (વસ્તુસ્વરૂપ) સિદ્ધ (કરવાનું) શરૂ કરી દીધું.

કર્તા-કર્મનું અનન્યપણું.... એકપણું (એટલે કે) અનેરાપણું ન હોવાથી.... પોતામાં ને પોતામાં જ કર્તા-કર્મપણું હોવાથી.... સમજાય છે કાંઈ ? જ્ઞાયક જ છે.... જ્ઞાયક જ છે.... જ્ઞાયક પોતે કર્તા અને જ્ઞાયકનું પરિણમન જે જ્ઞાન છે એ એનું કર્મ. એ વ્યવહાર (–શુભરાગ) તે કર્તા ને જ્ઞાન પરિણમન તેનું કર્મ—એમ નથી. સમજાણું કાંઈ ? ભારે વાત ભાઈ ! આ તો બહુ ધ્યાન રાખે તો પકડાય.... વાર્તા નથી આ કાંઈ.

આહીં તો કહે છે કે, એ (–આત્મા), એની સામું જોયે (–જોવાથી) જ ખીલે (એવો) એ આત્મા છે. ભગવાન આત્મા.... આહાહા ! છે આ ભગવાન (આત્મા). કહે છે કે, ચૈતન્યસૂર્ય પર્યાયમાં ખીલ્યોને ? (તો) ખીલ્યો એમાં જરી 'પરનું

જાણવાપણું' એટલું (સાપેક્ષપણું) આવ્યું કે નહિ?.... 'પરનું જાણવાપણું' એટલું (સાપેક્ષપણું) આવ્યું કે નહિ ?

(સમાધાન :) કે નહિ. એ પોતાનું જાણવાપણું એમાં છે.

(૧) પરને જાણવાની અપેક્ષાએ (કહેતાં) પણ પોતાને જાણે છે અને
(૨) પોતાને જાણવાની અપેક્ષાએ (કહેતાં પણ) પોતાને જ જાણે છે.
(૩) પરની અપેક્ષાથી પરને જાણે છે—એમ છે નહિ.

સમજાણું કાંઈ ?

'આવી ધર્મની રીત છે ? (તે) આવી હોય ?' (—એમ કોઈ કહે છે.)

(સમાધાન:) વસ્તુસ્થિતિ જ એવી છે અને આ રીતે ન હોય તો વસ્તુ કોઈ રીતે.... બીજી રીતે હોઈ શકે કેમ ? સમજાય છે ? આ તો જેવું સ્વરૂપ છે તે જ રીતે પ્રસિદ્ધ થાય છે.

'આત્મખ્યાતિ' છેને આ (ટીકાનું નામ) ? આત્મખ્યાતિ = આત્મપ્રસિદ્ધિ. (જાણવા કાળે) એ તો જ્ઞાયક પ્રસિદ્ધ થાય છે (—એમ) કહે છે, રાગ પ્રસિદ્ધ થાય છે—એમ છે નહિ. આહાહા ! વસ્તુ આવી જ છે.... આવી જ છે. રાગાદિ હો, (પણ) એને જાણતું જ્ઞાન.... જ્ઞાનનો આકાર (-પરિણમન) તો પોતાનું પરિણમન છે.... એ પોતે છે. પરને જાણવાનો પર્યાય જે છે એ પોતાનો જ છે....

(૧) ત્યાં (પરને જાણતાં પણ) પોતે જ જ્ઞાયકપણે જણાય છે અને
(૨) સ્વરૂપ તરફ જાય તોય પોતે જ જ્ઞાયકપણે જણાય છે.

સમજાય છે ? ત્યાં (-બીજાને જાણતાં) એમાં બીજો જણાય છે.... વ્યવહાર જણાય છે એમ નથી—એમ કહે છે. એ જણાય છે તે.... વ્યવહાર સંબંધીનું પોતાનું જ્ઞાન પોતાથી થયું છે તે જણાય છે. સમજાણું કાંઈ ? આહાહા !

કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે—પોતે જાણનારો માટે પોતે કર્તા.... જુઓ ! પોતે જાણનારો માટે (પોતે) કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.... પોતાને જાણ્યો છેને ? એમાં 'વ્યવહારને, રાગને જાણ્યો'—એમ ક્યાં આવ્યું ? (—એમ) કહે છે. સમજાણું કાંઈ ?

એક પણ વાત ને
એક પણ ગાથા ને
એક પણ પદ....

જો બરાબર સમજે (તો) બેડો પાર થઈ જાય ને ખ્યાલ આવી જાય કે આ વસ્તુ (આવી છે). બધાના ઉકેલ, સારા આગમના....'સારા (–સબ) આગમભેદ સુ ઉર બસે'.... (શ્રીમદ્ રાજચન્દ્ર, વર્ષ ૨૪, પત્રાંક-૨૬૫). સમજાણું કાંઈ ?

હવે (કોઈ) એમ ને એમ (–સમજ્યા વિના) પોતાની કલ્પનાથી જુએ (–વાંચે ને કહે છે :) 'સમયસાર અમે વાંચ્યું છે'.... લ્યો ! (કોઈ) કહેતો હતો કે 'અમે સમયસાર વાંચ્યું છે, માટે સમયસારમાં તમે કહો છો એમ નથી. એમાં વ્યવહાર સ્થાપ્યો છે ને વ્યવહારથી (લાભ) થાય છે.... લ્યો ! એમ (એમાં) કહેવું છે.' ઠીક, ભગવાન ! લીંબડીમાં ભાઈ (એક કહેતા હતા) : 'મેં સમયસાર વાંચ્યું છે. અમે સમયસાર વાંચ્યું છે હોં, નથી (વાંચ્યું) એમ નહીં.' ઠીક, હવે વાંચ્યું.... બાપા ! શું કહીએ (અમે) ? આહાહા !

શ્રોતા : .... રાખી

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, ના. (શાસ્ત્રનો અભિપ્રાય) રાખીને (વાંચે—એમ) નહિ, (અજ્ઞાની, સમયસાર વાંચવા કાળે પણ) પોતાની (ઊંધી) દ્રષ્ટિમાં જ રહેલ છે એ. 'સમયસારને શું કહેવું છે'—ત્યાં એણે ક્યાં વાળવી છે દ્રષ્ટિને ? એના (–સમયસારના) ભાવને પોતાની દ્રષ્ટિ (પ્રમાણે) વાળવા છે. આ (પોતાની) દ્રષ્ટિને, એ (સમયસાર) શું કહે છે ત્યાં વાળવી નથી.

શ્રોતા : આમાંથી (–'સમયસાર'માંથી) ટેકો મળે....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એમ (અજ્ઞાની અર્થ કરે છે). એમાંથી (–'સમયસાર'માંથી) ક્યાંક ટેકો મળે પોતાની દ્રષ્ટિના ભાવને.... એમાંથી (–શાસ્ત્રમાંથી પોતાની દ્રષ્ટિને ટેકો) ક્યાંક મળે એમ એને (–શાસ્ત્રના અર્થને) વાળે છે. બાપુ ! એમ નથી આહીં.

આહીં તો કહ્યું કે વ્યવહાર જે છે એ ખરેખર.... ખરેખર એનાથી તો નિશ્ચય (સમ્યગ્દર્શન) થયું નથી. નિશ્ચય.... જે પર્યાય સમ્યગ્દર્શનની પ્રગટી છે એ તો

દ્રવ્યના સેવવાથી પ્રગટી છે, વ્યવહારના સેવવાથી પ્રગટી નથી. હવે અહીંયા કહે છે કે....

પણ જ્ઞાન થયુંને તે (–વ્યવહાર) સંબંધીનું ? સેવા તો ભલે દ્રવ્યની કરી ને (સમ્યક્)જ્ઞાન પ્રગટ્યું, પણ હવે (એ) જ્ઞાનમાં રાગને પણ જાણતું જ્ઞાન પ્રગટ્યું છે કે નહિ ? વ્યવહાર જેટલો છે (અને) જે પ્રકારનો છે, તેટલું (અને) તે પ્રકારનું જ્ઞાન અહીં (પર્યાયમાં) પ્રગટ્યું છે કે નહિ ?

કે ( હા, જ્ઞાન પ્રગટ્યું છેને).

(તો) એ (જ્ઞાન) પ્રગટ્યું છે એ કોને લઈને પ્રગટ્યું છે ? વ્યવહારને લઈને પ્રગટ્યું છે ?

(સમાધાન : ) (ના). જ્ઞાનની પર્યાય પોતાની યોગ્યતાથી પોતાના કારણે પ્રગટી છે, પરને લઈને નહિ. એવો 'णादो जो सो'.... જાણનાર જણાણો.... તે પોતે જ જણાણો છે (—એમ) કહે છે, પર (જણાણું —એમ) છે નહિ.

વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૦
## ગાથા - ૬
## સંવત ૨૦૨૪, આસો સુદ ૮, રવિવાર, તા. ૨૯-૯-'૬૮

(છઠ્ઠી ગાથાનો) છેલ્લો ભાગ છે. ચોથા પદની વ્યાખ્યા ચાલે છે.

શું કહ્યું પહેલું ?

જુઓ ! 'ण वि होदि अप्पमत्तो ण पमत्तो'.... એની વ્યાખ્યામાં આવી ગયું કે શુભ-અશુભ પરિણામરૂપે.... દ્રવ્ય—વસ્તુ શુદ્ધ ધ્રુવ સ્વભાવ છે એ શુભ-અશુભ (ભાવ)પણે પરિણમતો નથી,

તેથી તેમાં અપ્રમત્ત-પ્રમત્ત આદિ ગુણસ્થાનના ભેદ પડતાં નથી. સમજાણું કાંઈ ?

'અપ્રમત્ત'.... (એટલે) સાતમેથી ચૌદ (ગુણસ્થાન) અને
'પ્રમત્ત'.... (એટલે) પહેલેથી છ (ગુણસ્થાન).

એ વસ્તુ પોતે ધ્રુવ છે શુદ્ધ એક જ્ઞાયક ભાવ.... એમ આવ્યુંને પહેલું ? जाणगो दु जो भावो.... જે જ્ઞાયક ભાવ છે.... વસ્તુ છે....

(૧) તે શુભાશુભપણે થતી નથી,
(૨) તેથી તેનામાં ગુણસ્થાન આદિના ભેદ પડતાં નથી.
(૩) તેથી તેને પ્રમત્ત-અપ્રમત્ત(પણું) લાગુ પડતું નથી.

(—એ) જ્ઞાયક ભાવની વ્યાખ્યા થઈ ગઈ.

હવે, 'एवं भणंति सुद्धं'.... ની વ્યાખ્યા કાઢી (-કરી).

શું કાઢ્યું (-વ્યાખ્યા કરી) ?

'एवं जाणंति सुद्धं'....—એમ લેવું ત્યાં 'भणंति'.... (ના અર્થ)માં. 'एवं जाणंति सुद्धं'.... એવો જે જ્ઞાયક ભાવ છે.... 'एवं जाणंति सुद्धं'.... એટલે એમાંથી કાઢ્યું (-એવો અર્થ કર્યો) કે પરદ્રવ્યથી ભિન્ન પડીને (સ્વ)દ્રવ્યને ઉપાસવામાં આવતાં એટલે કે જાણવામાં આવતાં.... સમજાણું કાંઈ ? एवं भणंति.... એ રીતે તેને જાણે (ત્યારે) 'શુદ્ધ' કહેવામાં આવે છે.

(૧) (એક જ્ઞાયક ભાવ છે.)

(૨) (તે) પ્રમત્ત-અપ્રમત્ત(પણા)થી ભિન્ન છે, (કેમ કે તે) શુભાશુભ (ભાવ)પણે થતો નથી અને

(૩) એ રીતે (તેને) જાણે (ત્યારે 'શુદ્ધ' કહેવાય છે.)

एवं भणंति.... 'भणंति'.... 'કહેવું' (—એ) તો એક શબ્દ છે, પણ એ શુદ્ધ વસ્તુ છે એને જાણે એટલે (-ત્યારે) 'શુદ્ધ' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? —એ (ગાથાના પ્રથમ) ત્રણ પદની વ્યાખ્યા થઈ. વજુભાઈ !

એ તો (ગાથાના) પાઠ(નો અર્થ) લીધો (-કર્યો) છેને ? કે 'શુદ્ધ' કહેવાય છે.... 'કહેવાય છે'.... નો અર્થ કે જાણ્યો આ.. આ.. ('શુદ્ધ').

એ (જ્ઞાયક ભાવને) જાણ્યો ત્યારે એને 'શુદ્ધ' કહેવાય છે.... 'શુદ્ધ.. શુદ્ધ..' જાણવામાં આવ્યો—એમ (કહેવું છે). (ટીકામાં અર્થ) મૂળ તો પાઠમાંથી (-ગાથામાંથી) કાઢ્યા છે કે નહિ ? ટીકા કાંઈ અદ્ધરથી નથી કાઢી (-કરી). પાઠમાં.... (કુંદકુંદાચાર્યદેવના) ભાવમાં છે એ ભાવને સ્પર્શીને (અમૃતચન્દ્રાચાર્યદેવે ટીકા) કરી છે. સમજાણું કાંઈ ?

આ તો પહેલો શ્લોક (-ગાથા) છેને મુખ્ય ! (-સમયસારના વિષયની પહેલી ગાથા છેને !) કે આત્મા, જ્ઞાયક ભાવ એક.... જ્ઞાયક ભાવ એક....—એ વ્યાખ્યા છે (ગાથાના) બીજા પદની. પહેલાના (-પહેલી લીટીના) બીજા પદની.... બીજા ભાગની. જ્ઞાયક એક 'ભાવ'.... તેથી એની સામે કાઢ્યું કે પુણ્ય-પાપના અનેક ભાવ છે (અને) તેને (-પુણ્ય-પાપને) પર્યાયમાં પ્રાપ્ત થવા છતાં દ્રવ્યમાં પ્રાપ્ત છે નહિ.... દ્રવ્યસ્વભાવથી જોઈએ તો તેને (-દ્રવ્યને) તે (પુણ્ય-પાપ) છે નહિ, માટે તેને અપ્રમત્ત અને પ્રમત્તપણાના ભેદો લાગુ પડતાં નથી. વસ્તુ શુદ્ધ ધ્રુવ છે. સમજાણું કાંઈ ?

અને एवं भणंति सुद्धं.... એમાંથી કાઢ્યું આ (-એનો અર્થ આ કર્યો કે) પરદ્રવ્યનું લક્ષ છોડી સ્વદ્રવ્યને સેવે એટલે કે આ શુદ્ધ જે જ્ઞાયક ભાવ છે એના તરફ દ્રષ્ટિ ગઈ.... આહીં (-એમાં) એકાગ્ર થયો ત્યારે એને (-જ્ઞાનીને 'જ્ઞાયક ભાવ) શુદ્ધ છે'—એમ જાણવામાં આવ્યું. સમજાણું કાંઈ ? સમજાય છે કે નહિ આમાં જગજીવનભાઈ ?

શું કીધું ?

શ્રોતા : પોતાના દ્રવ્યમાં એકાગ્ર (થાય) ત્યારે.. એને ('શુદ્ધ') કહેવાય...

પૂજ્ય ગુરુદેવશ્રી : ઠીક. એમાં(થી).... 'एवं भणंति सुद्धं'.... માંથી (આટલું) કાઢ્યું. વજુભાઈ !

હવે, णादो जो सो दु सो चेव.... ચોથા પદની વ્યાખ્યા હાલે (-ચાલે) છે. મૂળ તો ત્યાં (-પરપ્રકાશન કાળે) 'જણાય છે તે (જાણનાર) પોતે જ છે'—એમ કાઢ્યું. (પર) જાણવાના.... પરપ્રકાશનના કાળમાં પણ પોતે જ્ઞાયક જ (જણાણો) છે. પછી કાંઈ કાળભેદ (-સ્વપ્રકાશનના કાળે '<u>જ્ઞાયક છે</u>' ને પરપ્રકાશનના કાળે '<u>જ્ઞાયક નથી</u>'—એવો ભેદ) નથી. એ તો સમજાવે છે કે ભઈ ! આ રાગાદિને જાણતાં પણ.... પરને જાણતાં પણ એ તો પોતે (પોતાનારૂપે) જ છે.... જ્ઞાયક જ છે.

એમાં (-રાગાદિને જાણતાં જ્ઞાયક) કાંઈ બીજો થઈ ગયો નથી.... બીજારૂપે થયો નથી. એ તો પોતારૂપે રહીને બીજાને જાણતાં (-જાણે છે, તેથી) એ જાણ્યું છે એ પોતાનું સ્વરૂપ છે અહીં.

(૧) એ પરને જાણવા વખતે પણ જ્ઞાયકપણે પોતે જણાય છે અને
(૨) (એ) સ્વને જાણવા વખતે (પણ જ્ઞાયકપણે) પોતે જણાય છે,

એટલે બે ભેદ કાંઈ નથી. (એ તો) એને (સ્વપ્રકાશન ને પરપ્રકાશન—એ) સમજાવવાની રીત કરી છે. સમજાણું કાંઈ ?

બહુ ઊંચો શ્લોક (-ગાથા) છે. મૂળ આહીંથી શરૂ થાય છેને આખું (સમયસાર) હવે ! એટલે કહે છે કે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.... (દ્રષ્ટાંતમાં) 'દાહ્યકૃત'.... કીધુંને ? 'દાહ્યકૃત'.... દાહ્યના આકારે.... એટલે બળવાયોગ્ય પદાર્થના આકારે થવાથી અગ્નિને દહન કહેવાય છે.... અગ્નિને દહન કહેવાય છે.... બળવાયોગ્ય પદાર્થને બાળવાની અપેક્ષાએ એને (-અગ્નિને) દહન કહેવાય છે. તોપણ દાહ્યકૃત અશુદ્ધતા તેને નથી.... એ લાકડાં બળ્યાં તેવી અહીં અગ્નિ તે રૂપે પરિણમી છે, (પણ) લાકડાની અપેક્ષાથી (અગ્નિ) પરિણમી છે—એમ છે નહિ.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી.... (મૂળ ગાથામાં) 'जाणगो'.... શબ્દ છેને ? (તેનો અર્થ) 'જ્ઞાયક' છેને ? 'જ્ઞાયક' છે. હવે જ્ઞાયક છે એને પર્યાયમાં લેવો છે (–એની પર્યાયની વાત કરવી છે.) દ્રવ્ય તો છે જ્ઞાયક, હવે પર્યાય જાણે છે જ્યારે રાગ આદિ વ્યવહાર (અને) પરને એ વખતે જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.... જાણવાની અપેક્ષાએ તે (–'જ્ઞાયકપણું') પ્રસિદ્ધ છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી....

(૧) વ્યવહાર (–રાગ) હતો માટે આહીં જાણવાની પર્યાય થઈ અને

(૨) વ્યવહારને જાણે છે માટે એટલી (–તેની અપેક્ષા કે) પરાધીનતા છે

—એમ નથી. જ્ઞેયથી કરાયેલી અશુદ્ધતા નથી. કરાયેલું (–થયેલું જે જ્ઞેયનું જ્ઞાન છે એ) તો પોતાનું જ્ઞાનસ્વરૂપ છે એ. સમજાણું કાંઈ ?

જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી; કારણ.... એનું કારણ આપ્યું પાછું.... જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો.... પરને જાણવા કાળે પણ જણાયો પોતે જ છે, એમાં કાંઈ બીજો છે નહિ.... બીજો થયો નથી.... બીજા રૂપે થયો નથી. એ (જાણનાર) તો પોતાના રૂપે થઈને (–રહીને) પરને જાણે છે—એમ કહેવું (છે અને તેથી) એ વખતે જ્ઞાયક તો જ્ઞાયક જ છે. જાણવાની પર્યાયપણે થયો એ તો જ્ઞાયક તો પોતે જ છે, એમાં પરને જાણવા કાળે બીજો (જ્ઞાયક) અને સ્વને જાણવા કાળે બીજો (જ્ઞાયક) એમ છે નહિ—એમ કહે છે. સમજાણું કાંઈ ?

જ્ઞેયાકાર અવસ્થામાં જ્ઞાયકપણે જે જણાયો.... જ્ઞેયાકાર અવસ્થામાં.... પણ તે (જ્ઞેયાકાર) અવસ્થા તો કોની છે ? પોતાની (–જીવની). એમાં જે જણાયો તે સ્વરૂપપ્રકાશનની અવસ્થામાં પણ પોતે જ છે. અવસ્થામાં પણ.... જ્ઞાયક જ છે....—એમ લેવું, વચમાં તો દ્રષ્ટાંત છે. અવસ્થામાં પણ.... જ્ઞાયક જ છે.... (—એમ) છેને શબ્દ છેલ્લો ? દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું હોવાથી જ્ઞાયક જ છે.... એમ (–એ રીતે) ત્યાં એ (જ્ઞાયક) લેવો છે. સમજાણું કાંઈ ? અલૌકિક.... અલૌકિક વાત !

શ્રોતા : બહોત ગંભીર ભાવ.

પૂજ્ય ગુરુદેવશ્રી : બહોત ગંભીર ભાવ. ઓહોહો !

દીવાની જેમ, કર્તા-કર્મનું અનન્યપણું છે.... તેથી તે જાણનારો.... એ જાણનાર તે કર્તા અને જણાઈ અવસ્થા તે કર્મ—એ કંઈ ભિન્ન છે નહિ.

(પોતે જાણનારો કર્તા ને) પરને જાણ્યું એ (પરદ્રવ્ય) કર્મ

અથવા પર(દ્રવ્ય) કર્તા ને જ્ઞાન પર્યાય કર્મ

—એમ છે નહિ.

રાગ આદિ, વ્યવહાર આદિ જણાયા માટે તે (જ્ઞાન) વ્યવહારકૃત છે (એટલે કે) વ્યવહાર કર્તા અને અહીં જાણનારી પર્યાય તેનું કાર્ય—એમ નથી. તે વ્યવહારને (-રાગને) જાણવા કાળે પણ પોતાના જ્ઞાયકપણાનું પરિણમન છે, (તેથી) એ પોતે (-જાણનારો) કર્તા અને જાણનારી પર્યાય એનું કર્મ છે. સમજાણું કાંઈ ? 'સમયસાર'.... ભઈ ! આ ચીજ છે, એને સમજવા માટે (ઘણી પાત્રતા જોઈએ).

શ્રોતા : રાગને જાણતાં પણ જણાય છે જ્ઞાયક....

પૂજ્ય ગુરૂદેવશ્રી : પોતે જણાય છે, 'રાગને જાણતો' એ તો કહેવાની ભાષા છે (—એમ) કહે છે. 'વ્યવહારને જાણવું'—એમ કહેવું (-એ ભાષા છે), બાકી 'જાણવું' તો પોતાનું છે એમાં. સમજાણું કાંઈ ? તેથી તેને (જે રાગ) જણાયો (તે જાણનારના) કારણે અહીં (જ્ઞાનમાં) જણાયો છે.... જાણવામાં (આવેલ રાગને) કારણે અહીં (જ્ઞાનમાં રાગ) જણાયો—એમ નથી, (જીવના) પોતાના કારણે અહીંયા (જ્ઞાનમાં રાગ) જણાયો છે. સમજાણું કાંઈ ?

પોતે જાણનારો માટે પોતે કર્તા.... ભગવાન જ્ઞાયકસ્વભાવ પોતે જાણનારો છે, માટે જાણનારો એ કર્તા છે. નહિ કે.... વ્યવહારને અહીં (જ્ઞાન) જાણે છે, માટે વ્યવહાર કર્તા ને જાણવું તે (-વ્યવહારનું) કર્મ—એમ તો છે નહિ. સમજાય છે કાંઈ ?


કહો, છેને સામે પુસ્તક ? જુઓ ! જયંતિભાઈ ! ભાવનગરવાળા બધા (મુમુક્ષુઓ) આવે છે ત્યારે કેટલુંક ઝીણું આવે છે. આ (રાજકોટવાળા) આજ ન આવ્યા એ બન્ને. (તેમનો) કાંઈક ભાવ તો એવો હતો કે (છઠ્ઠી ગાથાના પ્રવચન સાંભળવા છે. કોઈ કહેતું હતું કે) આવશે રતિભાઈ.... (રતિભાઈ કહેતા હતાં)

કે, છઠ્ઠી ગાથા સાંભળવી છે. કુદરત(માં) શું.... ભઈ ! એમાં (થવાનું હોય તે થાય).... બહારના સંયોગો (ઉદયાધીન છે)....

આત્માને જાણવા માટે બાહ્ય સામગ્રીની જરૂર નથી.—એ તો આવી ગયું છેને ? (પ્રવચનસાર ગાથા-૧૬). એ તો પોતે જ અંદરમાં.... અંદર ડોકિયું નાખીને પોતે પોતાનું સાધન ને સાધ્ય થાય છે, એને બહારના વિકલ્પની પણ જરૂર નથી. સમજાણું ? અને....

એ વિકલ્પ આહીં જણાયો ?

કહે છે કે ના, જ્ઞાનની પર્યાય જણાણી છે. જ્ઞાન = જ્ઞાયકની પર્યાય. જ્ઞાયકની પર્યાયમાં જ્ઞાયક જણાયો છે, રાગ નહિ અને રાગથી જ્ઞાન થયું છે—એમ (પણ) નહિ, જ્ઞાયકથી જ્ઞાન થયું છે. રાગ સંબંધીનું.... વ્યવહાર સંબંધીનું જ્ઞાયકથી જ્ઞાન થયું છે, તેથી જ્ઞાયક તેનો (–જ્ઞાનનો) કર્તા છે અને જ્ઞાનની અવસ્થા થઈ તે આત્માનું (–જ્ઞાયકનું) કર્મ નામ કાર્ય નામ કર્તવ્ય છે. સમજાણું કાંઈ ? પોતે જાણનારો માટે પોતે કર્તા અને પોતાને જાણ્યો માટે પોતે જ કર્મ.... જોયું ? વ્યવહારને જાણ્યો.... રાગને જાણ્યો એમ નહિ—એમ કહે છે. પોતાને જાણ્યો માટે પોતે કાર્ય.... કર્મ.



જેમ દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાં.... દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક જ છે.... આ ઘડો છે, આ વસ્ત્ર છે, આ છે.... એને પ્રકાશવા વખતે દીપક દીપકપણે રહીને પ્રકાશે છે. દીપક (પર)પણે.... પરરૂપે થઈ ગયો છે ? દીવો જે પ્રકાશે છે એ પરને પ્રકાશે છે ? એ તો, કહે છે કે, કહેવું (–કથન)માત્ર છે. બાકી એ વખતે એ પોતાની પર્યાયને પ્રકાશે છે. સમજાણું કાંઈ ?

દીપક ઘટપટાદિને પ્રકાશિત કરવાની અવસ્થામાંય દીપક છે અને પોતાને —પોતાની જ્યોતિરૂપ શિખાને—પ્રકાશવાની અવસ્થામાં પણ દીપક જ છે.... દીપક જ છે.... દીવો તે દીવો જ છે, દીવો તે કાંઈ પર ઘટપટરૂપે થયો નથી અને ઘટપટને કારણે દીવાની પ્રકાશતા થઈ નથી.... ઘટપટને કારણે દીવાની પ્રકાશતા થઈ નથી. સમજાય છે કાંઈ ?

(....-અન્ય કાંઈ નથી) તેમ જ્ઞાયકનું સમજવું.... (....-અન્ય કાંઈ નથી)....

(દ્રષ્ટાંત :) દીવો દીવારૂપે રહ્યો છે....

પરને પ્રકાશવા વખતે પણ દીવો, દીવામાં રહીને દીવો (પ્રકાશે) છે (અને) પોતાને પ્રકાશતી (વખતે પણ) દીવો, દીવામાં રહીને દીવો (પ્રકાશે) છે.

(સિદ્ધાંત :) એમ ભગવાન આત્મા જ્ઞાયકપણે (જ છે). વ્યવહારને પ્રકાશે એ વખતે પણ જ્ઞાયક, જ્ઞાયકપણામાં રહીને (પ્રકાશે છે, કેમ કે) જ્ઞાયકરૂપ જ એનું છે (અને) પોતાને જાણવામાં પણ જ્ઞાયક, જ્ઞાયકરૂપે જ પોતે છે.... એમાં કોઈ બીજો નથી. (તેમ જ) બીજો થયો નથી એટલે કે બીજાનું જ્ઞાન થયું નથી.... બીજારૂપે એ (જ્ઞાયક) થયો નથી. સમજાણું કાંઈ ?

ઓહોહો ! અમૃતચંદ્રાચાર્યે એટલા પાઠમાંથી (-ગાથામાંથી આ બધું) કાઢ્યું છે લ્યો ! (ગાથાના) ચાર પદનું (કથન) ભાઈ ! જુદું પાડીને વિચાર્યું હતું કે (ટીકામાં) આ બધું કાઢ્યું ક્યાંથી ?.... (મેં) કીધું (-વિચાર્યું). આહાહા ! કારણ કે ટીકા કંઈ ઘરની (-અદ્धરથી) નથી. મૂળ (ગાથાની) અંદર એના (ભાવ) ભરેલા છે.... 'છે' એની સ્પષ્ટતા છે. 'અન્ય દ્રવ્યથી ભિન્ન પડીને સેવા કરવામાં આવતા....' (—એમ) કાઢ્યું ક્યાંથી આ ? કીધું (-વિચાર્યું). સમજાણું ? 'एवं जाणंति सुद्धं'માંથી કાઢ્યું છે. 'भणंति' તો શબ્દ મૂક્યો છે ગોઠવવા માટે. જેમ 'બંધકથા' એવો શબ્દ આવે છેને (ગાથા ૩માં, ત્યાં 'કથા' શબ્દ) 'ભાવ' માટે (મૂક્યો છે).

ભગવાન આત્મા જ્ઞાયક એક 'ભાવ'.... જ્ઞાયક એક 'ભાવ'.... છે એને પ્રમત્ત-અપ્રમત્તપણું હોઈ શકતું નથી. એટલે હેતુ આપ્યો (-કારણ આપ્યું)

આચાર્યે પોતે કે શુભ ને અશુભ ભાવ(રૂપે જ્ઞાયક પરિણમતો નથી). ખરેખર તો એ (શુભાશુભ ભાવની), જ્ઞાયકની પર્યાયથી પણ ભિન્ન જાત છે. જ્ઞાયકપણે.... ચોથા (પદ)માં લીધું (કે) જ્ઞાયકપણે પરિણમે છે એ જ્ઞાનની પર્યાય, (જ્ઞાયકની) છે—એમ (કહ્યું, પણ) આ (–શુભાશુભ ભાવ) એનું (–જ્ઞાયકનું) સ્વરૂપ (તો) નથી.... આ એની (–જ્ઞાયકની) પર્યાય (પણ) નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

આહાહા ! એ જ્ઞાયક ભગવાન આત્મા છે એ તો ચૈતન્યસ્વરૂપ છે.... એ ચૈતન્યસ્વરૂપ પોતે (છે). શુભ ને અશુભ જે વિકલ્પો છે એ ચૈતન્યના દ્રવ્ય-ગુણમાં તો નથી, પણ એનો.... ચૈતન્યનો અંશ (–પર્યાય)—જે (જ્ઞાન)પ્રકાશ(રૂપ) છે એમાં (પણ) નથી.... એમાં નથી. આમાં (–ચૈતન્યમાં) એ (–વિકલ્પ) નથી (અને) આમાં (–વિકલ્પમાં) એ (–ચૈતન્ય) નથી. તો એ (જ્ઞાનપર્યાય ચૈતન્ય)રૂપે છે એમાં એ (–વિકલ્પ) નથી.... એ શુભાશુભ પરિણામ એની (–ચૈતન્યની) પર્યાયમાં (પણ) નથી. કારણ કે ચૈતન્યની પર્યાય શુભાશુભરૂપ હોઈ શકે નહિ. આહાહા ! સમજાણું કાંઈ ?

તેથી એને (–જીવને) ચોથા (પદ)માં સમજાવ્યું કે ભઈ ! આ (જ્ઞાયક શુભાશુભ ભાવ)રૂપે થયો નથી. માટે તે પ્રમત્ત-અપ્રમત્ત નથી એવો જ્ઞાયક એક 'ભાવ' છે. 'एवं जाणंति सुद्धं'.... એને જાણતાં (એને 'શુદ્ધ' કહેવાય છે)

આ 'चेत्'(નો અર્થ) ફક્ત 'પ્રશ્ન' જ છેને ? 'એનું (સ્વરૂપ) જાણવું જોઈએ'—એવું કાંઈ એમાંથી.... ('चेत्') 'પ્રશ્ન'માંથી શબ્દ નથી નીકળતા. 'कोऽसौ शुद्ध आत्मेति चेत्'.... બસ, પ્રશ્ન છે પ્રશ્નકારનો. પછી તો અહીં લખ્યું છે કે જાણવું.... જેનું સ્વરૂપ જાણવું જોઈએ ? આવો પ્રશ્ન છે એનો (–શિષ્યનો). એવો તે શુદ્ધ આત્મા કોણ છે ?—એમ (પ્રશ્ન છે). એ તે શુદ્ધ કોણ છે ?... શુદ્ધ કોણ છે ?—એમ પ્રશ્ન છે. ત્યારે (સમાધાનમાં) 'શુદ્ધ આ છે'.... (—એમ કહ્યું છે).

'આ (શુદ્ધ) છે' એટલે કે જે શુભાશુભ (ભાવ)પણે પરિણમતો નથી (અને) તેથી જેને અપ્રમત્ત-પ્રમત્તના ભેદ (લાગુ) પડતા નથી એવો જે જ્ઞાયક એકરૂપ ભાવ છે એને જાણતાં.... એને જાણતાં 'શુદ્ધ આ' (એમ)

કહેવાય—એમ કહેવામાં આવે છે. અને એવો જે આત્મા જ્ઞાયક ભાવ છે.... તો, જ્ઞાયક છે તો એની પ્રસિદ્ધિ તો જ્ઞાનથી હોય.... જ્ઞાયકની પ્રસિદ્ધિ જ્ઞાનથી (હોય).

(પ્રશ્ન) : ત્યારે ત્યાં વ્યવહાર છેને ? પર છે, તે પર જાણવામાં આવે છેને ?

(સમાધાન) : કે પર જાણવામાં પણ એમાં જ્ઞાયકની પ્રસિદ્ધિ.... પ્રસિદ્ધિ થઈ છે, એમાં કંઈ પરની પ્રસિદ્ધિ થઈ નથી. પરથી (પ્રસિદ્ધિ) થઈ નથી (કે) પરની (પ્રસિદ્ધિ) થઈ નથી.... પરથી થઈ નથી (કે) પરની થઈ નથી. એની (–જ્ઞાયકની) પોતાની (પ્રસિદ્ધિ) થઈ છે. ભાઈ હિંમતભાઈ ! શુભાશુભ પર્યાયનો નિષેધ કર્યોને, ત્યારે હવે આહીં (જ્ઞાયકની) પર્યાય પાછી નાખી. સમજાણું કાંઈ ?

દ્રવ્ય તો એ (શુભાશુભ ભાવ)રૂપે પરિણમ્યું નથી, પણ હવે પર્યાયમાં (શું છે) ? સમજાણું કાંઈ ? એને (–શુભાશુભ ભાવને) જાણવાનો.... ભાવો જે હોય છે વ્યવહારના (અને) પરના, એને જાણવાનો છેને (સ્વ)ભાવ ? સ્વ-પરપ્રકાશકસ્વરૂપ છેને એ (જ્ઞાયક) ? સ્વ-પરપ્રકાશકનું રૂપ એ પોતાનું છેને ?

તો, (કહે છે કે) એ....

(૧) પરને પ્રકાશવા કાળે સ્વ-પરપ્રકાશક (એવો) પોતે જ્ઞાયક જ છે અને

(૨) પોતાને પ્રકાશવા કાળે પણ સ્વ-પરપ્રકાશક એવો પોતે જ્ઞાયક જ છે.

એમાં જ્ઞાયકની પર્યાય પરથી થઈ છે ને પરરૂપે થઈ છે—એમ તો છે નહિ. સમજાણું કાંઈ ? શશીભાઈ ! બહુ ઝીણું. આહાહા ! કહો, સમજાણું આમાં ?

એ ચૈતન્યજ્યોત ઝળહળ જ્યોતિ ભગવાન આત્મા.... જ્ઞાનસ્વરૂપી પ્રભુ છે આત્મા. એટલે 'જ્ઞાયક' શબ્દે (બતાવ્યો છે). 'પરમ પારિણામિક' શબ્દ વાપરવામાં તો બીજા (દ્રવ્યમાં પણ તે 'પારિણામિક ભાવ' છે, તેથી) અહીં તો 'જ્ઞાયક' (શબ્દ) વાપર્યો છે. છે તો પરમ પારિણામિક (ભાવમય) જ્ઞાયક.... જ્ઞાયક, પરમ પારિણામિક (ભાવમય) છે.... જ્ઞાયક પરમ પારિણામિક વસ્તુ એકરૂપ ભાવ છે.... એકરૂપ. તે ભાવ....

શુભ-અશુભ જે ભાવ છે એમાં જ્ઞાનની કોઈ જાત (–પર્યાય) નથી. સમજાય છે ? (શુભ-અશુભ ભાવમાં જ્ઞાનમય) દ્રવ્ય-ગુણ (તો) નથી, પણ એની (–દ્રવ્યની) જ્ઞાનની જાત (–પર્યાય પણ) નથી. એવા (શુભાશુભ ભાવ)રૂપે એ દ્રવ્ય પરિણમ્યું નથી.... એવા (શુભાશુભ ભાવ)રૂપે દ્રવ્ય પરિણમ્યું નથી, એટલે દ્રવ્ય પોતે છે તેને પ્રમત્ત-અપ્રમત્ત(પણું નથી.... અર્થાત્) તે દ્રવ્યને ગુણસ્થાન ભેદો લાગુ પડતાં નથી.

એવો જે (જ્ઞાયક ભાવ) છે.... હવે આમાં (–છઠ્ઠી ગાથામાં વ્યવહારના નિષેધના) ત્રણ જ બોલ (–ભેદ) કહ્યાં છે ભાઈ ! હોં. ચોથો બોલ આમાં નથી. ચારેય બોલનો નિષેધ અગિયારમી (ગાથા)માં લેશે. આહીં (છઠ્ઠી ગાથામાં) તો હજી ત્રણનો નિષેધ થયો છે. એના (–આત્માના) અનુભવમાં ભલે (કોઈ વ્યવહારનો) ભેદ રહ્યો નથી, પણ (છઠ્ઠી ગાથામાં) નિષેધ ત્રણનો કર્યો છે.

ચોથા (બોલના નિષેધ માટે સાતમી) ગાથાની જરૂર છે ત્યાં. કારણ કે અહીંયા શુદ્ધના (–આત્માના અનુભવમાં) 'આ જ્ઞાન, આ દર્શન ને આ આત્મા' એવા ભેદો દ્રષ્ટિમાં રહ્યાં (–રહેતાં) નથી, પણ નિષેધમાં ત્રણ પ્રકાર (અસદ્‌ભૂત ઉપચાર, અસદ્‌ભૂત અનુપચાર અને સદ્‌ભૂત ઉપચાર વ્યવહાર) આહીં (છઠ્ઠી ગાથામાં) વર્ણવ્યા છે. સમજાય છે કાંઈ ? ચોથા (સદ્‌ભૂત અનુપચાર વ્યવહારના) નિષેધ માટે સાતમી ગાથા લેવી પડી છે. સમજાય છે કાંઈ ?

આહાહા ! ભારે પણ જબ્બર વાત. ઓહોહો ! અમૃતચંદ્રાચાર્ય એની કેવી શૈલીથી વાત કરે છે !! આચાર્ય પણ કેટલી.... કઈ (રીતે) વાતને.... સત્ય.. સત્ય.. સત્ય છે એને સિદ્ધ કરે છે. આ રીતે સત્ય છે ભાઈ ! —એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મા.... આહીં તો પુનરુક્તિ (દોષ) લાગુ પડતો નથી હોં, વળી નવો વિચાર કરતાં કાંઈક નવું આવે તો....—એમ (હેતુ છે).

'જ્ઞાયક ભાવ'.... એટલું કહ્યું પાઠમાં (–મૂળ ગાથામાં),

પછી એમાંથી કહ્યું 'જ્ઞાયક એક ભાવ....' એક ભાવ....—એમ (ટીકામાં) કાઢ્યું.... 'જ્ઞાયક એક ભાવ'....—એમ કાઢ્યું. શ્રી અમૃતચંદ્રાચાર્યે એમાં

(–'જ્ઞાયક ભાવ'માં) આ નાખ્યો 'એક' વિશેષ (શબ્દ), નહીંતર પાઠ તો આ છે : 'जाणगो दु जो भावो'.... પછી એને (ટીકામાં) સ્પષ્ટ કર્યું.... '(જે) જ્ઞાયક એક ભાવ.'

હવે (જ્ઞાયક) એક ભાવ 'પ્રમત્ત-અપ્રમત્ત નથી' એમાંથી કાઢ્યું કે પ્રમત્ત-અપ્રમત્ત તો.... શુભાશુભ પરિણામનું પરિણમન હોય તો એ પ્રમત્ત-અપ્રમત્ત હોય. સમજાય છે કાંઈ ? કારણ કે એ બધા ગુણસ્થાન આદિ ભેદો અચેતનની જાતના છે. સમજાય છે કાંઈ ? આહાહા !

તેથી....

(૧) જે (એક) જ્ઞાયકભાવ છે તે શુભાશુભ વિકલ્પો અથવા શુભાશુભ યોગ અથવા શુભાશુભ પરિણામ છે એ રૂપે થયો નથી,

(૨) માટે તેને.... દ્રવ્યને આ (પ્રમત-અપ્રમતનો) ભેદ લાગુ પડતો નથી અને

(૩) તેથી તે વસ્તુને 'एवं जाणंति सुद्धं'.... આવી ચીજને જાણે ત્યારે તેને 'આ શુદ્ધ છે'—એમ કહેવામાં (આવે છે).... એમ જાણવામાં આવે છે.... ત્યારે એને જાણવામાં આવે છે.

અને (હવે) તે (જ્ઞાયક) જાણવામાં આવે છે એ વખતે પર્યાય તો થઈ જાણવાની. જાણવાની પર્યાય તો થઈને ? ભાઈ ! એટલે હવે....

(૪) (ગાથાના) ચોથા બોલની (–પદની) જરૂર પડી.

(જ્ઞાયક જાણવામાં) આવ્યો, ત્યારે એમાં.... જાણવાની પર્યાયમાં એ (જ્ઞાયક) આવ્યો અને વ્યવહાર છે એનું જ્ઞાન (પણ) આવ્યું છે કે નહિ એમાં ?

(સમાધાન :) (હા), એ વખતે એનું (–વ્યવહારનું) જ્ઞાન તો આવ્યું છે. સમજાય છે કાંઈ ? (કેમ કે) એનો સ્વભાવ છે સ્વપરપ્રકાશનો, એ સ્વભાવ ક્યાં જાય ? એટલે (દ્રવ્યને) જાણતાં, તે 'શુદ્ધ છે'—એમ જે જ્ઞાનમાં જણાણું તે જ્ઞાનમાં વ્યવહાર સંબંધીનું.... જે (ભૂમિકા યોગ્ય) વ્યવહાર આદિ છે એનું પણ જ્ઞાન અને આનું (–દ્રવ્યનું પણ) જ્ઞાન.... બેય એકસાથે આવ્યું જ છે. સમજાય છે ?

એટલે હવે કહે છે કે આ વ્યવહારને જાણતાં વખતે શું છે ?

કે એને (-વ્યવહારને) જાણતો નથી (જ્ઞાયક જ જણાય છે)....

(૧) (વ્યવહારને) જાણવા વખતે (પણ) પોતે (જ્ઞાયક) જ રહ્યો છે.... પોતે જ્ઞાયક જ રહ્યો છે (અને)

(૨) પોતાને જાણવા વખતે (પણ) પોતે જ્ઞાયક રહ્યો છે, પર્યાયથી.

સમજાણું કાંઈ ? ભગવાનજીભાઈ ! આ તો (મૂળ વિષય સંબંધીની) પહેલી મૂળ ગાથા છેને ? એટલે આમાં બધું (-ઘણું ભર્યું છે.) જરી.... પાઠમાં શું છે (—એમ મેં) કીધું (-વિચાર્યું). પાઠમાં શું શું છે ?.... ઘણું ભર્યું છે એમાં.

णादो.... (જ્ઞાયકપણે) જણાયો,
जो.... જે,
सो दु सो चेव.... તે (તો) તે જ છે.

—એ (જ્ઞાયક) કાંઈ પરરૂપે થયો નથી (અને) પરને લઈને (જાણપણું) થયું નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

(અન્ય કાંઈ નથી), તેમ જ્ઞાયકનું સમજવું.... 'દીવાની જેમ' (—એમ ઉપરમાં) છેને ? જાણનારો ભગવાન છે (એણે) પોતાને જાણ્યો એ વખતે (જાણવાની) પર્યાયનો (સ્વપરપ્રકાશક) સ્વભાવ (હોવાથી) વ્યવહાર જે છે એનું પણ જાણવાનું (-જ્ઞાન) એમાં આવી ગયું છે. સમજાણું કાંઈ ?

એ 'જાણેલો જણાયો' એટલે શું (-કોણ) જણાયું ?

એ તો જ્ઞાયક જ જણાયો છે, વ્યવહાર જણાયો નથી અને વ્યવહારને લઈને (જ્ઞાયક) જણાયો છે—એમ (પણ) નથી. જ્ઞાયકને લઈને (જ્ઞાયક) જણાયો છે.... જ્ઞાયકને લઈને (જ્ઞાયક) જણાયો છે. જ્ઞાયક કર્તાપણે (છે તેને) લઈને જ્ઞાયક પર્યાયમાં જણાણો—એમ કહે છે. વ્યવહારને લઈને (જ્ઞાયક) જણાણો નથી અને વ્યવહાર જણાયો નથી.... વ્યવહારને લઈને (જ્ઞાયક) જણાયો નથી અને વ્યવહાર જણાયો નથી. સમજાણું કાંઈ ?

તેમ જ્ઞાયકનું સમજવું.... જાણનાર ભગવાન આત્મા.... 'જાણનાર' તો કીધુંને ? 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.... જ્ઞેયાકાર થવાથી તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે....—એમ કીધુંને ? તેવી રીતે જ્ઞેયાકાર થવાથી.... પાછો એકલો જ્ઞાયક.... દ્રવ્ય—એમ (લીધું) નહિ, સાથે પર્યાય લીધી ભેગી. સમજાણું કાંઈ ? દાખલો આપ્યોને ? કે અશુદ્ધતા તેને નથી.... કોને ? અગ્નિને.

તેવી રીતે જ્ઞેયાકાર થવાથી.... જુઓ ! (જ્ઞાન)પર્યાય તો (જ્ઞેયાકાર) થઈ. (તેથી) તે 'ભાવ'ને જ્ઞાયકપણું પ્રસિદ્ધ છે.... જાણનારી પર્યાયથી 'જ્ઞાયક (–જાણનાર) જ છે'—એ પ્રસિદ્ધ છે. તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.... વ્યવહારથી જ્ઞાન થયું છે અને વ્યવહાર કર્તા ને જ્ઞાનની પર્યાય કર્મ—એમ નથી. તેમ વ્યવહાર જ જણાયો છે—એમ (પણ) નથી. સમજાણું કાંઈ ?

(૧) જ્ઞાયક કર્તા ને
(૨) જ્ઞાનપર્યાય કર્મ ને
(૩) જણાયો તે જ્ઞાયક.

આહાહા ! લોજીકસે બાત હૈ.

લ્યો ! એ થઈ ગાથા છઠ્ઠીની (ટીકા). દાસ ! ભાવનગરવાળા આવી ગયા છે. હવે....

ભાવાર્થ:—ચાલતી ભાષામાં જરી ભાવાર્થમાં સમજાવે છે.

અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.... ભગવાન આત્મા ચૈતન્યબિંબ જ્ઞાયકમૂર્તિ છે એમાં.... પર્યાયમાં જે અશુદ્ધતા આવે (–થાય) છે એ તો પરદ્રવ્યના સંયોગથી આવે છે.... (અર્થાત્) 'અશુદ્ધ થવું'—એ કાંઈ એનો (–જીવનો) દ્રવ્યસ્વભાવ નથી—એમ કહે છે. સમજાણું કાંઈ ?

અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે.... 'અશુદ્ધપણું' કાંઈ દ્રવ્યનો સ્વભાવ નથી કે એ (પોતાથી) અશુદ્ધપણે પરિણમે. એ દ્રવ્ય તો શુદ્ધ વસ્તુ છે.... શુદ્ધ છે. સમજાણું કાંઈ ? અશુદ્ધપણું પરદ્રવ્યના સંયોગથી આવે છે....

'સંયોગથી આવે છે'નો અર્થ ?

કે (અશુદ્ધપણું) થાય છે એના ઉપાદાનમાં, પણ 'સંયોગથી આવે છે'.... (એટલે કે) સ્વભાવમાંથી (અશુદ્ધપણું) આવતું નથી. સમજાય છે ? એ અશુદ્ધપણું પણ એનો.... પર્યાયનો પોતે ધારી રાખેલો ધર્મ છે, પણ પરના સંયોગથી (-પોતે સંયોગી ભાવ કરે છે એનાથી) થાય છે એટલો ફેર છે.... સ્વભાવથી (અશુદ્ધપણું થયું) નથી.

ત્યાં મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી.... લ્યો ! મૂળ વસ્તુ જે જ્ઞાયક ચૈતન્યસત્ત્વ છે.... જે સત્ છે.... સત્ છે.... (અર્થાત્) જે જ્ઞાનસ્વરૂપે સત્ છે.... હોવાપણે છે.... ભાવરૂપે—જ્ઞાયકપણે હોવાપણે છે એવો જ્ઞાયક ભાવ તે મૂળ દ્રવ્ય તો અન્ય દ્રવ્યરૂપ થતું જ નથી.... થયું (-બરાબર) ?

ત્યારે હવે થાય છે શું ?

માત્ર પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.... સમજાણું કાંઈ ? 'નિમિત્તથી'ની વ્યાખ્યા પાછી એમ નહિ હોં કે 'નિમિત્તને કારણે'.... —એમ નહિ. 'નિમિત્તથી' (એટલે) આહીં (જીવમાં) અશુદ્ધ ઉપાદાનથી (રાગાદિ થાય), (ત્યારે) ત્યાં 'નિમિત્તથી (થયું)'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? (અજ્ઞાની) સમજે નહિને (એટલે) શબ્દે-શબ્દે વાંધા (કાઢે), શું કરે ?

શ્રોતા : ......
પૂજ્ય ગુરૂદેવશ્રી : એ 'સંયોગથી (અશુદ્ધપણું) થાય છે'.

એટલે શું કીધું ?

કે સ્વભાવથી (અશુદ્ધપણું) થતું નથી—એમ કીધું.... સ્વભાવથી (અશુદ્ધ) થયો નથી. અંદરમાંથી.... સ્વભાવમાંથી અશુદ્ધતા આવી નથી, એટલે 'સંયોગને કારણે અશુદ્ધતા થઈ છે' (—એમ કહ્યું છે). એટલે અશુદ્ધતાનું કારણ (જ્યાં) સંયોગને (કીધું) ત્યાં નિમિત્ત કારણ કીધું છે, અશુદ્ધ ઉપાદાન તો પોતાનું (-પર્યાય) છે. એથી અહીં કીધુંને જુઓને ! પરદ્રવ્યના નિમિત્તથી અવસ્થા મલિન થઈ જાય છે.... સમજાય છે ? એ અવસ્થા મલિન થઈ એ તો (પોતાનું) અશુદ્ધ ઉપાદાન છે, પરદ્રવ્ય તો નિમિત્ત છે. સમજાણું કાંઈ ?

દ્રવ્યદ્રષ્ટિથી તો દ્રવ્ય જે છે તે જ છે.... દ્રવ્યદ્રષ્ટિથી.... દ્રવ્ય છેને વસ્તુ, એ દ્રષ્ટિથી.... જોઈએ તો દ્રવ્ય જે છે તે જ છે.... વસ્તુ તો જે છે તે જ છે, એ કંઈ અશુદ્ધ થઈ નથી (અને) દ્રવ્યદ્રષ્ટિથી જોઈએ તો દ્રવ્ય છે એ કંઈ પર્યાયમાં આવ્યું નથી.

પર્યાય (–અવસ્થા) દ્રષ્ટિથી જોવામાં આવે.... 'પર્યાય' એટલે (–અવસ્થા) દ્રષ્ટિથી જોવામાં આવે તો મલિન જ દેખાય છે.... (–અવસ્થા) દ્રષ્ટિથી જોવામાં.... એની પર્યાયને જોવામાં આવે.... જુઓ ! એની પર્યાયને અવસ્થા દ્રષ્ટિથી જોઈએ તો મલિન જ દેખાય છે.... 'મલિન છે'—એમ છે. સમજાય છે કાંઈ ? પર્યાયદ્રષ્ટિએ પર્યાય મલિન છે. સમજાણું કાંઈ ?

હવે (અજ્ઞાની કહે છેને) ? કે 'એ (–કાનજીસ્વામી) તો (પર્યાયને) મલિન માનતા નથી, એ તો ત્રણે કાળ શુદ્ધ જ માને છે પર્યાયને'.... નિયમસારનું (પ્રવચન બહાર) આવ્યું છેને ? 'કારણશુદ્ધપર્યાય'ની વાત (૧૫મી ગાથામાં છે) એ (બહાર) આવી (એટલે) એની વાતું ખોસી નાખી (–સમજ્યા વિના દરેક વાતમાં લગાડી દે છે).... ઘણે ઠેકાણે લખે છે. અરે, ભગવાન ! શું તું કરે છે બાપુ ? આહાહા ! સમજાણું ?

(પર્યાયદ્રષ્ટિથી દ્રવ્ય) મલિન જ દેખાય છે. એ રીતે આત્માનો સ્વભાવ જ્ઞાયકપણું માત્ર છે.... જોયું ? એ રીતે આત્માનો મૂળ સ્વભાવ તો જ્ઞાયકપણું માત્ર છે.... પર્યાયની મલિનતા થાય એ તો પર્યાયમાં છે, કાંઈ વસ્તુમાં નથી. વસ્તુ જ્ઞાયકમાત્ર જ છે.... વસ્તુ જ્ઞાયકમાત્ર છે. આહાહા !

અને તેની અવસ્થા પુદ્‌ગલકર્મના નિમિત્તથી.... લ્યો ! ખુલાસો કર્યો. (ભાવાર્થની શરૂઆતમાં) 'પરદ્રવ્યના નિમિત્તથી' (અશુદ્ધતા) કીધી હતીને ? તો (એ) પરદ્રવ્ય ક્યું ? એનો પાછો ખુલાસો કર્યો કે પુદ્‌ગલકર્મના નિમિત્તથી.... એમ. પરદ્રવ્ય તો બીજા ઘણા છે, (પરંતુ) પુદ્‌ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે પર્યાય છે.... એ તો પુદ્‌ગલકર્મ નિમિત્ત છે અને અશુદ્ધ ઉપાદાન (એ), પોતે પર્યાયમાં મલિન છે તે પર્યાય છે.... અવસ્થા છે. ઓહોહો !

પર્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે.... અવસ્થાથી જુઓ.... હજુ તો પર્યાયની ખબર ન મળે. એક (ભાઈ) હતાને ? ક્યાં ગયા

એ ? બગસરાવાળા.... (નહીં), બોરસદ.. બોરસદ વયા (–ચાલ્યા) ગયા હશે. બહાર બેઠા છે ? કાંઈ ખબર ન મળે.... અભ્યાસ જ ન મળે લોકોને કાંઈ.

વિકાર એટલે ? (તે) ક્યાં હશે ?
પર્યાયમાં.

પર્યાય એટલે શું હશે ?

કાંઈ અભ્યાસ જ ન મળે લોકોને.... જૈનમાં જન્મ્યા એને (પણ) કાંઈ. વાડામાં જન્મ્યા, પણ (અભ્યાસ નથી કે) ભગવાન શું કહે છે.... દ્રવ્ય-ગુણ-પર્યાય (શું છે ?) અમથું (–સ્થૂળરૂપે) વ્યવહારૂ જાણવું (–જાણપણું પણ નથી) હોં, પરમાર્થની (તો) જુદી વાત છે.

આહીં તો કહે છે કે વસ્તુ જે છે.... હવે 'વસ્તુ' શું વળી પાછું ? એ તે (–એની પણ ઘણાને ખબર ન મળે). દ્રવ્ય એટલે વસ્તુ.... ત્રિકાળી આખું સત્ છે તેને દ્રવ્ય (કે) વસ્તુ કહે છે. ત્રિકાળી સત્.... (ત્રિકાળી) સત્ કહો કે ત્રિકાળી સત્ત્વ (કહો,—એક જ વાત છે અને) તેને દ્રવ્ય અથવા વસ્તુ (કહે છે). તેને દ્રવ્યદ્રષ્ટિથી જુઓ તો દ્રવ્ય તે જ્ઞાયકપણે ત્રિકાળ છે અને તેની દશા.... વર્તમાન અવસ્થા.... હાલત.... પર્યાય.... પુદ્ગલકર્મના નિમિત્તથી રાગાદિરૂપ મલિન છે તે તેની પર્યાય છે.... દ્રવ્ય જ્ઞાયક છે (અને) આ (રાગાદિ) એની પર્યાય છે.—બે થઈને પ્રમાણનો વિષય છે. સમજાણું કાંઈ ?

પર્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે.... મલિન જ દેખાય છે.... હા, એ પર્યાયમાં કાંઈ (અનાદિની) શુદ્ધતા નથી. પણ પર્યાયમાં (પૂર્ણ) શુદ્ધતા હોય તો સિદ્ધ થઈ જાય.... સમજાય છે ? (અને) તો આ (સંસારમાં) રહે શાનો આહીં ? આહાહા ! સમજાણું કાંઈ ?

પર્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે.... એ આત્મા ભગવાન જ્ઞાયકસ્વરૂપ દ્રવ્ય....

(૧) વસ્તુ ત્રિકાળી (શુદ્ધ છે) અને
(૨) એની (–વસ્તુની) અવસ્થા જે ક્ષણિક છે તેમાં મલિનતા છે અને એ મલિનતા,

(૩) પુદ્‌ગલના સંયોગથી.... નિમિત્તથી પોતામાં (–જીવમાં) થયેલી પોતાથી છે.
(૪) —એ અવસ્થાથી જોઈએ તો તે મલિન છે (અને)
(૫) વસ્તુથી જોઈએ તો તે ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ છે.

સમજાણું કાંઈ ? કહો, આ તો વાંચ્યું છે કે નહિ તમે ?

શ્રોતા : આપ સમજાવો પછી ......

પૂજ્ય ગુરૂદેવશ્રી : પણ તમે ત્યાં વાંચ્યું છે કે નહિ ? મુંબઈ.... મુંબઈમાં નવરા ન હોય....

શ્રોતા : પ્રભુ ! આપના સમજાવા પછી બધું સમજાય છે......

પૂજ્ય ગુરૂદેવશ્રી : એમ કીધું, સમજ્યાને ? કે વાંચું છું, પણ કાંઈ ન્યાં 'બરાબર સમજાતું ન હતું'—એમ ન કીધું. વાત તો સાચી છે હોં તમારી એક અપેક્ષાએ કે ભઈ ! એની મેળાએ (–પોતાની રીતે વાંચી જવાથી) એમાંથી (–શાસ્ત્રમાંથી) કાંઈ બરાબર (અર્થ) કાઢી (શકે નહીં).

પર્યાયની દ્રષ્ટિથી જોવામાં આવે તો તે મલિન જ દેખાય છે.... મલિન જ દેખાય છે.... પર્યાય.... સંસાર (એ) પર્યાય છે.... સંસાર (એ) પર્યાય છે.... વિકારી દશા છે એની. એનો (–જીવનો) સંસાર કાંઈ બહારમાં નથી. બાયડી-છોકરા-પૈસા-કુટુંબ એ સંસાર નથી, એ તો બાહ્ય જડ પરચીજ છે. એનો સંસાર....

(૧) જ્ઞાયક ભાવ જે ત્રિકાળી દ્રવ્ય છે એમાં સંસાર નથી તેમ જ
(૨) એનો સંસાર બાહ્ય પદાર્થમાં નથી—કર્મમાં.... શરીરમાં.... બાયડી-છોકરામાં નથી.
(૩) એનો સંસાર.... 'संसरणं इति संसारः'.... જ્ઞાયક ભાવથી ખસીને પર્યાયમાં મલિનતા મિથ્યાત્વની (અને) પુણ્ય-પાપની (થવી અર્થાત્) દયા-દાન-વ્રત-ભક્તિ, કામ-ક્રોધ અને મિથ્યાત્વ.... 'આ (રાગ) મારું કામ છે' એવું કર્તૃત્વ—એવો મિથ્યાત્વભાવ એ એની સંસાર દશા છે.... એ સંસાર પર્યાય છે.

પર્યાયથી જુઓ તો એ સંસાર એનામાં છે. સમજાણું કાંઈ ? એનો સંસાર દ્રવ્યમાં નથી (તેમ જ) એનો સંસાર બાહ્યમાં નથી—બાયડી-છોકરા.... પૈસા-

મકાન.... બંગડીમાં નથી. કહો, સમજાણું કાંઈ ? હીરાભાઈ ને બંગડીમાં એનો (–આત્માનો) સંસાર નથી, એની (–આત્માની) પર્યાયમાં સંસાર છે.

'સંસાર' એટલે વસ્તુ જે જ્ઞાયક ચિદાનંદ.... ભગવાન સચ્ચિદાનંદ પૂર્ણ સ્વરૂપ છે એમાં ન રહેતાં પર્યાયમાં અનાદિની મલિનતા ઉત્પન્ન કરી છે તે (સંસાર છે). (તેમાં) એ સંયોગ નિમિત્ત છે.... પુદ્‌ગલ કર્મ નિમિત્ત છે, (પણ) (સંસાર) ઉત્પન્ન એનાથી.... પોતાના (આત્માના) કારણે થયો છે. એ પર્યાયથી જુઓ તો (આત્મા) મલિન જ છે. કહો, સમજાણું કાંઈ ?

ન્યાલભાઈ ! લ્યો ! (મલિનતા) છે કે નહિ ? જુઓ ! પણ (મલિનતા) છે કે નથી ? 'છે' એનું (કથન) આવ્યું છે કે 'ન હોય' એનું (કથન) આવ્યું છે ? (મલિનતા) છે કે નહિ ? પર્યાયમાં રાગ-દ્વેષ અને પુણ્ય-પાપ ન હોય તો આ સંસાર કોનો ? દુઃખ કોને ?.... દુઃખ કોને ? પર્યાયમાં (જેને) રાગ-દ્વેષ છે એને દુઃખ છે. દુઃખ એમાં.... એની પર્યાયમાં છે. સમજાણું કાંઈ ? આહાહા !

અને દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે.... 'દ્રવ્ય' એટલે વસ્તુ ત્રિકાળી જ્ઞાયકભાવ.... ચૈતન્યભાવ.... ધ્રુવભાવ.... સ્વભાવભાવ.... એકરૂપ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ. એનાથી જોવામાં આવે.... (એટલે કે) દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે હોં, દ્રવ્ય તો દ્રવ્ય છે. હવે દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે....—એમ (કહે છે). તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે.... જ્ઞાનમૂર્તિ ચૈતન્યબિંબ ધ્રુવસ્વરૂપ.... અનાદિ-અનંત જ્ઞાનમૂર્તિ પ્રભુ તો જ્ઞાયક જ છે. સમજાણું કાંઈ ? ઠીક, આ અમરચંદભાઈ આમાં બરાબર રહી ગયા પહેલા શ્લોકોમાં (–ગાથાઓમાં).

દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો જ્ઞાયકપણું તો જ્ઞાયકપણું જ છે, કાંઈ જડપણું થયું નથી.... ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ છે તે કોઈ વિકલ્પરૂપે.... પુણ્ય-પાપરૂપે બિલકુલ થયો જ નથી. સમજાય છે કાંઈ ? ભગવાન ચૈતન્ય શુદ્ધ ધ્રુવ.... જેમાં નજર નાખતાં ધ્રુવપણું જણાય એ વસ્તુ તો જ્ઞાયક જ છે, એમાં કાંઈ અશુદ્ધતા આવી નથી. એટલે એ કંઈ અચેતનપણે થયો નથી.... એટલે કે ચૈતન્યની જાત બદલીને એ બીજી જાતના વિરુદ્ધભાવો.... પુણ્ય-પાપ (ને) અચેતન આદિ છે એ રૂપે તો થયો જ નથી. એ જ્ઞાયક તો જ્ઞાયક જ રહ્યો છે. સમજાણું કાંઈ ? આહાહા !....

(૧) ધર્મ ક્યાં થાય છે ને
(૨) ધર્મ કરનારો કેવડો છે ને
(૩) ધર્મ કેમ પર્યાયમાં નથી.

—આ એને (–એ વાતને) સમજાવે છે. ધર્મ જેમાં થાય છે એ પોતે કોણ છે એને જાણ્યા વિના (ધર્મ કેવી રીતે થાય ?) ધર્મ તે પર્યાય છે.... નિર્દોષ દશા છે. હવે નિર્દોષ દશા જેમાં થાય છે, તે છે કોણ પણ ? એના આશ્રય વિના નિર્દોષ દશા આવશે ક્યાંથી ? સમજાણું કાંઈ ?

ધર્મ કાંઈ બહારથી આવે એવો છે ક્યાંય આમ ? ધર્મી (–દ્રવ્ય) એવો જે જ્ઞાયક સ્વભાવ છે એની અંતરમાં દ્રષ્ટિ અને જ્ઞાનની એકાગ્રતા થતાં.... ધર્મીનો (–દ્રવ્યનો) જે સ્વભાવ છે એમાં એકાગ્ર થતાં શુદ્ધપણાની પર્યાય પ્રગટ થાય એ ધર્મ. સમજાણું કાંઈ ?

દ્રવ્યદ્રષ્ટિથી જોવામાં આવે તો.... કાંઈ જડપણું થયું નથી.... એટલે ? ચૈતન્ય જ્યોત = પ્રકાશનો પૂંજ.... ચૈતન્યપૂંજ છે, તે (રાગાદિ) અંધારારૂપે થયો નથી. સૂર્ય અંધારારૂપે થાય ? (ન થાય). સમજાય છે કાંઈ ? એમ ચૈતન્યનું નૂર.... આ (સૂર્ય) તો સાધારણ પરમાણુનો–અનંત રજકણોનો પિંડ છે.... સાધારણ સ્કંધ છે, એ એક દ્રવ્ય નથી.

આ (જીવ) તો એક દ્રવ્ય.... એક વસ્તુ છે. એકલો ચૈતન્યપૂંજ પ્રભુ.... એકલું ચૈતન્યનું ધોકડું છે.... 'ધોકડું' સમજતે હૈં ? રૂઈકા ગઠ્ઠા હોતા હૈન બડા ? ગઠ્ઠા. ચોવીસ-ચોવીસ મણ.... પચ્ચીસ-પચ્ચીસ મણના ગઠ્ઠા. આ (ચૈતન્ય) અનંત જ્ઞાનનો ગઠ્ઠો છે. ક્ષેત્રની અહીં વાત લીધી જ નથી, ક્ષેત્ર નાનું-મોટું હોય એનો પ્રશ્ન નથી. ભાવ એનો બેહદ.. બેહદ છે. સ્વભાવ, અપરિમિત.... મર્યાદા વિનાનો.... હદ વિનાનો છે. એવો જેનો સ્વભાવ (છે એ) જ્ઞાયક સ્વરૂપ ત્રિકાળી.... શુદ્ધ ત્રિકાળી (દ્રવ્ય) એકરૂપ છે. એ વસ્તુ પુણ્ય-પાપપણે કે અચેતનપણે.... ભેદપણે.... ગુણસ્થાનપણે થઈ નથી.

અહીં દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન કરી કહ્યું છે.... આ ગાથામાં દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન.... મુખ્ય કરીને (કહ્યું છે). પર્યાય છે ખરી, પણ તેને ગૌણ કરી દઈ, વ્યવહાર કરી (–કહી), અભાવ કરી છે. (પર્યાયને) વ્યવહાર—ગૌણ કરી, વ્યવહાર કરીને

(–કહીને), અભાવ કરીને વસ્તુની દ્રવ્યદ્રષ્ટિને પ્રધાન કરી.... (અર્થાત્) વસ્તુ જે છે આ—કે જ્યાં નજર નાખવા જેવી ચીજ છે એને પ્રધાન.... મુખ્ય કરી આમાં છઠ્ઠી ગાથામાં કહ્યું છે.

જે પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે.... પ્રમાદ અને અપ્રમાદ—એ ભેદ ચૌદ ગુણસ્થાનના છે. પ્રમાદ એટલે....

(૧) પહેલા થી છઠ્ઠા ગુણસ્થાન સુધી પ્રમાદ અને
(૨) સાતમે થી ચૌદ (ગુણસ્થાન) સુધી અપ્રમાદ.

—એ પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે એ તો પરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થતી દશાઓ છે, એ કંઈ જ્ઞાયક ભાવ નથી અને જ્ઞાયક ભાવથી ઉત્પન્ન થતાં ચૈતન્યના કિરણો (પણ) નથી.

એ અશુદ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે.... શું કહે છે ? કે પ્રમત્ત-અપ્રમત્ત ભાવ.... ગુણસ્થાન આદિ ભાવ પર્યાયમાં છે, વસ્તુમાં નથી. એ અશુદ્ધતા.... એ પ્રમત્ત-અપ્રમત્તના ભાવ, એ શુભાશુભ ભાવ, એ ગુણસ્થાનભેદના ભાવ એ દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે.... વસ્તુદ્રષ્ટિ કરાવવા તે પર્યાયને ગૌણ કરી નાખી છે. 'ગૌણ'.... એટલે મુખ્ય ન રાખતાં ગૌણ.... પેટામાં કરી નાખી (–રાખી અને) ગૌણ કરીને તેને વ્યવહાર કહ્યો છે. સમજાય છે કાંઈ ? ગૌણ કરી.... મુખ્યપણાના (દ્રવ્ય)ભાવની અપેક્ષાએ તેને (–પર્યાયને) ગૌણ કરી.... પેટામાં લઈ તે 'વ્યવહાર છે' (—એમ કહ્યું છે). દ્રવ્યદ્રષ્ટિમાં....

અશુદ્ધતા એ ગૌણ છે,
એટલે કે વ્યવહાર છે,
એટલે કે અભૂતાર્થ છે,
એટલે કે જૂઠી (–અસત્યાર્થ) છે,
એટલે કે ઉપચાર છે....
બહુ સરસ છે કેટલું, જયચંદજી પંડિતે પણ (કેવું કહ્યું છે) !

શું કીધું ?

ભગવાન ચૈતન્યજ્યોત દ્રવ્યસ્વભાવ વસ્તુ છે એની દ્રષ્ટિમાં.... એ દ્રષ્ટિમાં વર્તમાન પર્યાયના ભેદ છે એને ગૌણ કરી નાખ્યા છે. 'ગૌણ' એટલે એની (-ભેદની) મુખ્યતા ન રાખતાં એને પેટામાં કરી નાખ્યા (-રાખ્યા) અને તેથી તે વ્યવહાર છે. અશુદ્ધતા ગૌણ છે, તેથી તે વ્યવહાર છે..........

(૧) એ પર્યાયની અશુદ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે (અને)

(૨) એને (-ગૌણને) અહીંયા વ્યવહાર કહે છે......

(૩) (તેમ જ) ...એને (-અશુદ્ધતાને) અભૂતાર્થ કહે છે. 'અભૂતાર્થ' (એટલે) નથી....

(૧) ગૌણ પહેલું મૂકી,

(૨) પછી વ્યવહાર મૂકી,

(૩) પછી અભૂતાર્થ મૂક્યું છે.

જુઓ ! સમજાણું કાંઈ ? એ (જૂના) વખતના પંડિતે પણ કેટલું સ્પષ્ટ કર્યું છે લ્યો ! ભઈ ! આપણે સ્પષ્ટ ગુજરાતીમાં હિંદીનું (ભાષાંતર) હિંમતભાઈએ કર્યું ત્યારે આ બધું વિશેષ સ્પષ્ટ ખ્યાલમાં આવે....... સમજાણું ? હા, પણ એ કઠણ છે. એ કીધુંને ?

પ્રમત્ત-અપ્રમત્તના ભેદ છે તે તો પરદ્રવ્યના સંયોગજનિત પર્યાય છે. એ અશુદ્ધતા દ્રવ્યદ્રષ્ટિમાં ગૌણ છે....

એ અશુદ્ધતા....

પ્રમત્ત-અપ્રમત્ત,(ના ભેદ), શુભાશુભ પરિણામ—એ બધી અશુદ્ધતા વસ્તુની દ્રષ્ટિમાં ગૌણ છે, વ્યવહાર છે....

એટલે એનો અર્થ કે વ્યવહાર છે તે પર છે—એમ (કહેવું છે).... સમજાણું ? પોતાનું સ્વરૂપ નથી. એટલે અભૂતાર્થ છે—એમ કીધું. જોયુંને ?

એમ (-વ્યવહાર) કહીને અભૂતાર્થ છે.... દ્રવ્યદ્રષ્ટિમાં એ અશુદ્ધતા છે જ નહિ.... છે જ નહિ જીવમાં (—એમ કહ્યું). સમજાય છે કાંઈ ?

'અ' એટલે.... 'અ' નામ નહિ, ('ભૂતાર્થ' એટલે) છતો પદાર્થ. એ પુણ્ય-પાપના ભાવ, પ્રમત્ત-અપ્રમત્તના (ભેદ)ભાવ એ અશુદ્ધતાના ભાવ .... છે (અને એ....)

(૧) ગૌણ છે,

(૨) વ્યવહાર છે,

(૩) અભૂતાર્થ છે....
('અ' એટલે) નથી (અને 'ભૂતાર્થ' એટલે) છતો પદાર્થ. એ અશુદ્ધતા છતો પદાર્થ નથી—એમ કહીને પછી

(૪) અસત્યાર્થ છે....
એટલે જૂઠી છે—એમ કીધું. છતો પદાર્થ નથી તેથી તે અસત્યાર્થ છે.... સમજાણું કાંઈ ?

શ્રોતા : પર્યાય બતાવી.
પૂજ્ય ગુરૂદેવશ્રી : અશુદ્ધતા (બતાવી). તેથી

(૫) ઉપચાર છે....

સમજાય છે ? હવે એની સામે....

(૧) દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે.... વસ્તુ જ્ઞાયક ભાવ છે તેની દ્રષ્ટિ તે દ્રવ્યદ્રષ્ટિ છે (અને તેનો વિષય) શુદ્ધ છે.

'દ્રષ્ટિ' એટલે ?
દ્રષ્ટિ તો પર્યાય છે, પણ દ્રષ્ટિથી જે દ્રવ્ય લક્ષમાં આવે એ દ્રવ્ય શુદ્ધ છે. સમજાણું કાંઈ ?

દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે.... એનો અર્થ કે દ્રષ્ટિ તો પર્યાય છે, પણ એનો વિષય જે દ્રવ્ય છે તે શુદ્ધ છે. સમજાણું ?

(પહેલાં) 'પર્યાયદ્રષ્ટિ' કીધીને ? એટલે અહીં 'દ્રવ્યદ્રષ્ટિ' લીધી—એમ (કહેવું છે). દ્રવ્યને લક્ષમાં (–લેતાં) એ દ્રવ્ય 'શુદ્ધ' છે. પર્યાયને લક્ષમાં (લેતાં) એ (રાગાદિ) પર્યાય 'અશુદ્ધ' છે.... ગૌણ છે. સમજાણું કાંઈ.

(૨) અભેદ છે.... વસ્તુ છે તે 'અભેદ' છે. (અભેદ અને) શુદ્ધ છે વસ્તુ (એમાં) પર્યાયભેદ (અને) અશુદ્ધતા નથી.

(ઉપર કહી તે) 'અશુદ્ધતા'ની સામે (દ્રવ્યદ્રષ્ટિનો વિષય) 'શુદ્ધ' (છે —એમ) નાખ્યું (-કહ્યું). સમજાણું ? (ઉપર) નાખ્યું'તું ને (-કહ્યું'તું ને કે) 'અશુદ્ધતા'.... પર્યાય(દ્રષ્ટિ)માં (તો) અશુદ્ધતા છે, એની સામે અહીં (કહ્યું કે) દ્રવ્યદ્રષ્ટિ શુદ્ધ છે.... (અને) એ અભેદ છે.... લ્યો ! સમજાણું કાંઈ ?

(પર્યાયદ્રષ્ટિમાં) ભેદ છે, આ (-દ્રવ્યદ્રષ્ટિનો વિષય) 'અભેદ' છે. એ (અશુદ્ધતા) 'ગૌણ' છે, (તો) એની સામે (દ્રવ્યદ્રષ્ટિ) 'અભેદ' છે (—એમ) નાખ્યું (-કહ્યું).

(૩) (અશુદ્ધતા) 'વ્યવહાર' છે, એની સામે (દ્રવ્યદ્રષ્ટિ) 'નિશ્ચય' છે (—એમ) નાખ્યું. સમજાણું ?
દ્રવ્ય.... (દ્રષ્ટિનો વિષય).... જે વસ્તુ છે તે શુદ્ધ છે, અભેદ છે, નિશ્ચય છે,

(૪) ભૂતાર્થ છે.... (અશુદ્ધતા) 'અભૂતાર્થ' છે એની સામે (દ્રવ્યદ્રષ્ટિ) 'ભૂતાર્થ' છે (—એમ) નાખ્યું.

(૫) (સત્યાર્થ છે).... એ (દ્રવ્યદ્રષ્ટિનો વિષય) સાચો પદાર્થ છે—એમ કહે છે. જ્ઞાયક ત્રિકાળી વસ્તુ તે સાચો પદાર્થ છે.
(દ્રવ્ય) 'ભૂતાર્થ' છે.... એટલે છતો પદાર્થ છે—એમ (કહે છે અને) છતો છે તેથી સાચો (-સત્યાર્થ) છે—એમ (કહેવું છે). (અશુદ્ધતા) અછતી (-અભૂતાર્થ) છે માટે ખોટી (-અસત્યાર્થ) છે. સમજાણું કાંઈ ?

(૬) (પરમાર્થ છે)....
(અશુદ્ધતા અસત્યાર્થ છે) તેથી તેને 'ઉપચાર' કહી હતી, (તો) આ (દ્રવ્યદ્રષ્ટિનો વિષય) પરમાર્થ છે. વસ્તુ તે પરમાર્થ છે. વસ્તુ જે જ્ઞાયક

ચૈતન્ય છે એની દ્રષ્ટિ કરવી, કારણ કે વસ્તુ પરમાર્થ છે.... વસ્તુ પરમાર્થ છે. સમજાણું કાંઈ ?

આ, ધર્મ કેમ કરવો એની વાત ચાલે છે. સમજાણું કાંઈ ? ધર્મ.... દેરાસર (–જિનમંદિર) જવામાં પુણ્ય થાય એ ધર્મ નહિ, ભગવાનની ભક્તિ-બક્તિ કરે એ ધર્મ નહિ.... પરમાર્થ (–નિશ્ચય) ધર્મ નહિ. વ્યવહાર.... ગૌણ (ધર્મ કહેવાય), પણ આ પરમાર્થ ધર્મ (સાથે) હોય તો. સમજાણું કાંઈ ? એ દયા-બયા પાળવી એ ધર્મ નહિ—એમ કહે છે. આ વ્રત પાળવા.... કરવા એ ધર્મ નહિ. એ તો રાગની મંદતાનું પુણ્ય છે, ધર્મ નહિ.

ધર્મ.... એ (આત્મ)વસ્તુ છે તેના દ્રષ્ટિ અને જ્ઞાન કરવા (તથા) એમાં સ્થિરતા (કરવી) તે ધર્મ છે, કારણ કે વસ્તુ પરમાર્થ છે.... વસ્તુ પરમાર્થ છે.... વસ્તુ સત્યાર્થ છે.... તે ભૂતાર્થ છે. એની દ્રષ્ટિ, જ્ઞાન ને રમણતા (કરવા) એનું નામ ધર્મ છે. કહો, સમજાણું કાંઈ ?

માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી.... જુઓ ! 'પરમાર્થ' કીધીને (આત્મ)વસ્તુને ? માટે આત્મા જ્ઞાયક જ છે.... 'જ્ઞાયક'.... ચૈતન્યજ્યોત, ચૈતન્યબિંબ, ઝળહળ જ્યોતિ, ચૈતન્ય ધ્રુવ છે તેમાં ભેદ નથી તેથી.... ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. લ્યો ! જોયુંને ? આમણે (–પંડિત જયચંદજીએ) એમ કહ્યું કે (ભેદ નથી તેથી).... આચાર્યે (ટીકામાં) એમ કહ્યું કે શુભાશુભ (ભાવ)રૂપે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એટલે આહીં (પંડિત જયચંદજીએ) કહ્યું કે ભેદ નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એ તો એની એ વાત છે. સમજાણું કાંઈ ?

અમૃતચંદ્રાચાર્ય મહારાજે (ટીકામાં) એમ કહ્યું કે ભગવાન આત્મા જ્ઞાયક ચૈતન્યજ્યોત, ધ્રુવ સત્.. સત્.. ચાંદલો.... ચંદ્રમા છે.... ભગવાન (આત્મા) શુદ્ધ શાંતરસનો કંદ છે. એ શુભ-અશુભ ભાવે પરિણમતો નથી, માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. આહીં (ભાવાર્થમાં) કહે છે કે ભેદ નથી માટે તે (–આત્મા) પ્રમત્ત-અપ્રમત્ત નથી.... એ તો (–એનો અર્થ એ થયો કે) શુભાશુભ (ભાવ)ના ભેદપણે પરિણમતો નથી માટે પ્રમત્ત-અપ્રમત્ત નથી. સમજાણું કાંઈ ? (કોઈ) કહે કે (પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનમાં રોજ) 'સમયસાર' તો એકવાર લેવું જોઈએ, વારંવાર....

મેં (–પૂજ્ય ગુરુદેવશ્રીએ) કહ્યું : પંદર વાર થઈ (–વંચાય) ગયું, હવે સોળમી વાર ચાલે છે.... સોળમી વાર ચાલે છે. મૂળ ચીજ છે.... આ તો મૂળ ચીજ છે. સમયસાર એટલે તો આહાહાહા ! હજારો શાસ્ત્રોનો.... દિવ્યધ્વનિનો સાર. સમયસાર આત્મા....

માટે આત્મા જ્ઞાયક જ છે; તેમાં ભેદ નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી.... સમજાય છે કાંઈ ? અમૃતચંદ્રાચાર્યે એમ કહ્યું કે (જ્ઞાયક ભાવ) શુભ-અશુભ ભાવપણે પરિણમતો નથી તેથી તે પ્રમત્ત-અપ્રમત્ત નથી. એ તો શુભ-અશુભ ભાવ ભેદ છે.... ભેદ છે. વિકલ્પ એ ભેદ છે (અને) એ (જ્ઞાયકમાં) નથી, માટે તે પ્રમત્ત(-અપ્રમત્ત) નથી. અહીં (ભાવાર્થમાં કહે છે) કે પર્યાયના ભેદરૂપે થતો નથી, માટે તેને (–જ્ઞાયકને) પ્રમત્ત-અપ્રમત્તપણું નથી.

'જ્ઞાયક' એવું નામ પણ તેને.... હવે આવ્યો ચોથો બોલ (–મૂળ ગાથાનું ચોથું પદ). 'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે.... જોયું ? 'જાણવાથી'.... (કહ્યું) એટલે પર્યાય આવી. 'જ્ઞાયક' (કહેતાં) 'જાણનાર.... જાણનાર....'—એમ આવેને ધ્વનિ ? 'જાણનાર.... જાણનાર.... ચૈતન્ય ભગવાન જાણનાર....' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે.

શ્રોતા : ક્યા જ્ઞેયને ? સ્વજ્ઞેય કે પરજ્ઞેય ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બધા, બધા. એ બધું એનામાં–જ્ઞાનમાં.... શ્રુતજ્ઞાનની પર્યાયમાં બધું જાણવામાં આવે. સમજાણું કાંઈ ?

કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે.... 'જ્ઞેયો' એટલે પર.... રાગ આદિથી માંડીને બધું પર (અને) એનું જ્ઞાનમાં જ્યારે જાણવું થાય છે....—એમ (કહે છે). 'પ્રતિબિંબ'.... એટલે કાંઈ.... 'પ્રતિબિંબ' કેમ કીધું ? જુઓને ! આવ્યું'તુંને આપણે ? બિંબ અને પ્રતિબિંબ. (બપોરના પ્રવચનમાં શ્રી પ્રવચનસારજી ચાલે છે તેની ગાથા ૩૧). સામી ચીજને જ્યારે બિંબ કહીએ ત્યારે આહીં પર્યાય છે (–જ્ઞાનની પર્યાયમાં જણાય છે) એને પ્રતિબિંબ કહીએ. (કેમ કે) એ પ્રકારની (જાણવાની) પર્યાય થઈ.

'જ્ઞાયક' એવું નામ પણ તેને જ્ઞેયને જાણવાથી.... જ્ઞેયને જાણવાથી આપવામાં આવે છે, કારણ કે જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે.... એટલે જ્ઞેય સામી ચીજ છે તે બિંબ છે, અને આહીં પોતાની પર્યાયમાં તે પ્રકારનું જ્ઞાન થાય છે (એ પ્રતિબિંબ છે).

(જ્ઞેયનું પ્રતિબિંબ જ્યારે ઝળકે છે) ત્યારે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.... જોયું ? એ (જ્ઞાન)પર્યાયમાં (જે જે પ્રકારે જ્ઞેય છે) તે તે પ્રકારનું અહીં જ્ઞાન થયું પોતાનું (–પોતાથી, તેથી) એને જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે. (પર)વસ્તુ અનુભવાતી નથી કાંઈ.... સમજાય છે કાંઈ ? (તેમ જ જ્ઞાનીને) વ્યવહાર અનુભવાતો નથી, તે સંબંધીનું થયેલું પોતાનું જ્ઞાન છે તે જ્ઞાનમાં તેવું જ અનુભવાય છે.... તેવું જ અનુભવાયને ? જેવો (જ્ઞેય પદાર્થ) ત્યાં સામે હોય એવું અહીં જ્ઞાન થાય છે (અને) તે જ્ઞાનને અનુભવે છે.

તોપણ જ્ઞેયકૃત અશુદ્ધતા તેને નથી.... સમજાણું ? તોપણ તે (જ્ઞાનપર્યાયને) જ્ઞેયથી કરાયેલી પરાધીનતા.... પરાશ્રયતા (નથી). જ્ઞાનની પર્યાય એનાથી (–જ્ઞેયથી કરાયેલી) નથી, એને (–જ્ઞાનને) પરાધીનતા છે નહિ. કારણ કે જેવું જ્ઞેય જ્ઞાનમાં ભાસ્યું.... જેવું જ્ઞેય.... રાગાદિ (અને) પર જ્ઞાનમાં જણાણું, તેવો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે.... એ તો જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે.... તે કાંઈ જ્ઞેયરૂપે (થયો નથી). સમજાય છે ?

જ્ઞાયકનો જ અનુભવ કરતાં જ્ઞાયક જ છે. 'આ હું જાણનારો છું તે હું જ છું.... આ હું જાણનારો છું તે હું જ છું....—એમ (કહે છે).

(શું) વ્યવહાર જાણનાર છે ?
(ના).

(શું) વ્યવહારને જાણે છે ?
(ના).

'આ હું જાણનારો છું તે હું જ છું, અન્ય કોઈ નથી'—એવો પોતાને પોતાનો.... પોતાને પોતાનો એકરૂપ.... અભેદરૂપ અનુભવ થયો ત્યારે એ જાણવારૂપ ક્રિયાનો કર્તા પોતે જ છે.... જાણવારૂપ ક્રિયાનો કર્તા આત્મા છે.... જાણવારૂપ ક્રિયાનો કર્તા વ્યવહાર ને જ્ઞેય નથી.

અને જેને જાણ્યું તે કર્મ પણ પોતે જ છે.... એણે.... જ્ઞાનની પર્યાયે એને (–દ્રવ્યને) જાણ્યું છે, પરને જાણ્યું નથી. કહો, સમજાણું કાંઈ ? આવો એક જ્ઞાયકપણામાત્ર પોતે શુદ્ધ છે.... લ્યો ! વિશેષ કહેવાશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૧
## ગાથા - ૬, ૭
## સંવત ૨૦૨૪, આસો સુદ ૯, સોમવાર, તા. ૩૦-૦૯-'૬૮

(શાસ્ત્રનું) પાનું છે ૧૮, છેને ૧૮ ? આ શુદ્ધનયનો વિષય છે.... ત્યાં સુધી આવ્યું છે. છેને ? ત્રીજી લીટી છે. એ (શ્રોતા પાસે) બીજી (આવૃત્તિ) હશે.

શું કીધું ? કે આત્મા જ્ઞાયક, શુદ્ધ ચૈતન્ય એકરૂપ સ્વભાવ છે તે શુદ્ધનયનો વિષય છે.... એટલે કે દ્રષ્ટિનો એ વિષય છે. એકરૂપ ચૈતન્ય છે.... ભેદ આદિ જે છે એને ગૌણ કરીને પોતાનો એકરૂપ જ્ઞાયક શુદ્ધ ચૈતન્યસ્વભાવ છે તે જ આશ્રય કરવાલાયક છે. સમજાય છે કાંઈ ? તે જ શુદ્ધનયનો વિષય છે.... શુદ્ધનયનો વિષય કહો કે સમ્યગ્દર્શનનો વિષય (કહો—એક જ છે). ભૂતાર્થ.... એક સમયમાં પૂર્ણ શુદ્ધ.... પૂર્ણ શુદ્ધ.... સામાન્ય દ્રવ્યસ્વભાવ છે તે જ શુદ્ધનયનો વિષય છે.

અન્ય પરસંયોગજનિત ભેદો છે.... પર્યાયમાં કર્મના, નિમિત્તના સંબંધે જેટલા પરસંયોગજનિત ભેદો છે તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે.... બેય વાત સિદ્ધ કરી....

(૧) જ્ઞાયક, શુદ્ધ એકરૂપ છે તે શુદ્ધનયનો વિષય છે ને
(૨) જેટલા ભેદો છે ગુણસ્થાન આદિ, શુભાશુભ રાગ આદિ.... એ બધા અશુદ્ધનયના વિષય છે.

સમજાણું કાંઈ ? બે ભેગા થઈને 'પ્રમાણ' કહ્યું છે (–પ્રમાણજ્ઞાનનો વિષય કહ્યો છે).

અન્ય પરસંયોગજનિત ભેદો છે.... કર્મના, નિમિત્તના સંબંધથી જેટલા ગુણસ્થાન ભેદો, પુણ્ય–પાપના ભેદો આદિ છે તે બધા પરસંયોગજનિત છે.... એટલી વાત છે આમાં (–છઠ્ઠી ગાથામાં). પર્યાયભેદોથી (રહિત એવા) નિશ્ચય(નયના વિષય)ની વાત છે (અહીં).

શ્રોતા :.....
પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો સાતમામાં (–સાતમી ગાથામાં ગુણભેદથી રહિત નિશ્ચયનયનો વિષય) લેશે.

તે બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે....

શું કીધું ?

આત્મામાં જેટલા ગુણસ્થાન ભેદ, પુણ્ય–પાપના વિકલ્પ આદિ છે.... એ છે એની પર્યાયમાં.... એની પર્યાયમાં છે, તેથી એને અશુદ્ધદ્રવ્યાર્થિક(નયનો વિષય) કીધો.

(૧) દ્રવ્ય છે એ ત્રિકાળી શુદ્ધ છે. (એ) વસ્તુ જ્ઞાયક છે તે શુદ્ધનયનો વિષય છે અને

(૨) દ્રવ્ય પોતે પર્યાયમાં ભેદરૂપ પરિણમે છે તેથી તેને અશુદ્ધ-દ્રવ્યાર્થિક(નયનો વિષય) કીધો.

(૩) ખરેખર તે અશુદ્ધદ્રવ્યાર્થિક(નય) છે તે પણ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં પર્યાયાર્થિક જ છે.... સમજાણું કાંઈ ?

વસ્તુમાં બે અંશ....

(૧) એક ત્રિકાળી અંશ—'જ્ઞાયક ભાવ' અને

(૨) એક (પર્યાય અંશ)—વર્તમાન ભેદરૂપ પુણ્ય–પાપ વિકલ્પ, ગુણસ્થાનભેદ આદિ, નરક–મનુષ્ય–દેવ ગતિ આદિ.

(કહે છે) વસ્તુની દ્રષ્ટિ કરવામાં શુદ્ધનય (દ્વારા) વિષય થતો જે આત્મા છે તે એનો (–શુદ્ધનયનો) વિષય છે અને (પર્યાયમાં) ભેદ પડે છે.... પુણ્ય-પાપનો, ગતિ આદિનો, ગુણસ્થાન આદિનો, એકેન્દ્રિય–પંચેન્દ્રિય આદિનો વગેરે —એ બધા (ભેદપણે અર્થાત્) અશુદ્ધપણે વર્તમાન પર્યાયમાં દ્રવ્ય પોતે પરિણમ્યું છે, તેથી તેને 'અશુદ્ધદ્રવ્યાર્થિક(નય'નો વિષય) કીધો છે. પણ ખરેખર એ 'અશુદ્ધદ્રવ્યાર્થિક(નય'નો વિષય) પર્યાય છે (અને) પર્યાય છે એટલે વ્યવહાર છે. સમજાણું કાંઈ ?

બધા ભેદરૂપ અશુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય છે. અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં.... એકરૂપ ચૈતન્ય જ્ઞાયક ભાવના એકરૂપ સ્વભાવની દ્રષ્ટિની અપેક્ષાએ એને (–અશુદ્ધદ્રવ્યાર્થિકનયના વિષયને) પર્યાય જ કહેવાય છે. 'અશુદ્ધદ્રવ્યાર્થિક' જે કીધું એ તો દ્રવ્ય (પર્યાયમાં અશુદ્ધરૂપે)

પરિણમ્યું છે એટલે એને (–દ્રવ્યને) અશુદ્ધ કીધું, બાકી છે એ (–અશુદ્ધતા) પોતે પર્યાય.... અવસ્થા. અને અવસ્થા છે....

તેથી વ્યવહારનય જ છે.... એ વ્યવહારનય છે. ચૌદ ગુણસ્થાનના ભેદો, શુભાશુભ ભાવ—એ બધો વ્યવહારનયનો વિષય છે (અને) એ પોતે સંસાર છે. અશુદ્ધનયનો વિષય એ સંસાર છે.... વ્યવહારનયનો વિષય એ સંસાર છે. માટે (તેને) હેય કરીને જ્ઞાયક ત્રિકાળી સ્વભાવનો આશ્રય લેવો તેનું નામ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

અશુદ્ધદ્રવ્યાર્થિકનય પણ.... એમ.. શુદ્ધ દ્રવ્યની દ્રષ્ટિમાં.... શુદ્ધ દ્રવ્યસ્વરૂપની દ્રષ્ટિની અપેક્ષાથી તો એ પર્યાય જ છે.... અવસ્થા જ છે. ભેદો જેટલા છે.... ગુણસ્થાનભેદ આદિ, પ્રમત્ત-અપ્રમત્ત આદિ, શુભાશુભ આદિ, નરક-મનુષ્ય ગતિ આદિ—એ બધા પર્યાયો જ છે અને તેથી પર્યાય છે તે વ્યવહારનય જ છે એમ આશય જાણવો.... કહો, સમજાય છે કાંઈ આમાં ?

અહીં એમ પણ જાણવું.... એમ પણ જાણવું.... એમ (કહે છે) ભઈ ! શુદ્ધનયનો.... દ્રષ્ટિનો વિષય એકલો શુદ્ધ (આત્મા) કીધો, તો પછી પર્યાયમાં અશુદ્ધતા છે એ 'છે' કે તદ્દન નથી ? (કેમ કે) એને (–અશુદ્ધતાને) વ્યવહારનય કહી દીધો.... અભૂતાર્થ કીધો.... અસત્યાર્થ કીધો.... જૂઠો કીધો. સમજાણું કાંઈ ? એ (અશુદ્ધતા) કાંઈ 'છે' કે બિલકુલ આકાશના ફૂલ છે ?

અહીં એમ પણ જાણવું કે જિનમતનું કથન.... વીતરાગી (પ્રભુના) અભિપ્રાયનું કથન સ્યાદ્વાદરૂપ છે.... અપેક્ષાથી કથન હોય છે.

શુદ્ધનય, ત્રિકાળી દ્રવ્યસ્વભાવને વિષય કરે છે માટે એને ભૂતાર્થ કહ્યો અને એક સમયની અવસ્થા.... અશુદ્ધદ્રવ્યાર્થિક(નય)રૂપ (અશુદ્ધ)પર્યાય—(કે જે) વ્યવહારનો વિષય છે તેને જૂઠો.... અસત્યાર્થ કહ્યો. પણ તેને ગૌણ કરીને....

વ્યવહાર કહી....
અભૂતાર્થ કહી....
અસત્યાર્થ કહી.

(–એ), ઉપચાર (ગૌણ કરીને) કર્યો હતો, અભાવ કરીને નહીં. સમજાણું કાંઈ ? આહાહા ! કેટલું આમાં જાણવું ? કેટલા પડખાં આમાં જાણવા ?

| એક કોર.... | બીજી કોર.... |
|---|---|
| (૧) શુદ્ધદ્રવ્યાર્થિકનયનો વિષય કહો (કે)<br>(૨) શુદ્ધનયનો વિષય કહો (કે)<br>(૩) દ્રષ્ટિનો વિષય કહો<br>–તે એકલું દ્રવ્ય જ્ઞાયક છે (અને)....<br>(i) એ ભૂતાર્થ....<br>(ii) એ સત્યાર્થ....<br>(iii) એ સાચું–સાચું છે<br>—એમ (કહ્યું). | (૧) ગતિ આદિના ભેદ,<br>(૨) પુણ્ય–પાપના ભેદ,<br>(૩) ગુણસ્થાનના ભેદ<br>(i) એ અભૂતાર્થ છે....<br>(ii) એ અસત્યાર્થ છે....<br>(iii) એ વ્યવહાર છે....<br>(—એમ કહ્યું). |

વ્યવહારનો અર્થ જ અભૂતાર્થ.... ખોટો (–અસત્યાર્થ) છે. ભઈ ! ત્યાં (–ભાવાર્થની શરૂઆતમાં ભેદાદિને) 'ખોટા' કહ્યાં હતાં એ અપેક્ષાથી કહ્યાં હતાં.... સ્યાદ્વાદની—(શુદ્ધ)નયની અપેક્ષાએ (કહ્યાં હતાં). સમજાય છે ?

તેથી અશુદ્ધનયને સર્વથા અસત્યાર્થ ન માનવો.... અશુદ્ધ(નયના વિષય)ને ગૌણ કરીને....

(૧) વ્યવહાર કહ્યો હતો....
(૨) અભૂતાર્થ કહ્યો હતો....
(૩) અસત્યાર્થ કહ્યો હતો....
(૪) ઉપચાર કહ્યો હતો....

સમજાય છે કાંઈ ? (તેથી) એને સર્વથા અસત્યાર્થ ન માનવો.... એ તો દ્રષ્ટિના વિષયની અપેક્ષાએ તેને (–ત્રિકાળી દ્રવ્યને) 'મહા સત્' કહીને ભૂતાર્થ કહ્યું, ત્યારે આને (–અશુદ્ધનયને ગૌણ કરીને) અભૂતાર્થ (કહ્યો). આની (–દ્રવ્યની) અપેક્ષાએ એને અભૂતાર્થ કહ્યો છે. સમજાણું કાંઈ ?

કારણ કે સ્યાદ્‌વાદ પ્રમાણે.... અપેક્ષાથી જાણનારા જ્ઞાન દ્વારા તો શુદ્ધતા અને અશુદ્ધતા—બંને વસ્તુના ધર્મ છે....

(૧) ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ (દ્રવ્ય) પણ આત્માનો સ્વભાવ (–ધર્મ) છે અને
(૨) પર્યાયમાં પરસંયોગજનિત પુણ્ય-પાપ અને ગુણસ્થાનભેદ છે એ પણ (એનો ધર્મ છે).

એ (અશુદ્ધતા) તો 'નિમિત્તજનિત'.... એટલે કે (તે કાળે) નિમિત્ત હતું એટલું (બતાવવું છે), પણ તે છે તો એના (પોતાના) અસ્તિત્વનો ધર્મ. (અશુદ્ધતા—ભાવકર્મ એ) આત્માની પર્યાયમાં.... એના સત્ત્વમાં.... એના અસ્તિત્વમાં.... એનો પોતાનો એ ધર્મ છે, તે કાંઈ (જડ)કર્મનો (–દ્રવ્યકર્મ) ધર્મ ને શરીરનો (–નોકર્મનો) ધર્મ છે એમ છે નહીં—એમ કહે છે. સમજાણું કાંઈ ?

(૧) 'શુદ્ધતા' એટલે ત્રિકાળી (દ્રવ્ય),
(૨) 'અશુદ્ધતા' એટલે વર્તમાન પુણ્ય-પાપ, ગુણસ્થાન (આદિ).

—(શુદ્ધતા ને અશુદ્ધતા)—બન્ને વસ્તુના ધર્મ છે....એ બેય આત્માના ધર્મ છે.

(૧) ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ (સ્વભાવ) પણ આત્માનો ધર્મ છે.... એણે ધારી રાખ્યો છે અને
(૨) અશુદ્ધતા પણ આત્માનો ધર્મ છે એટલે કે (એણે) પર્યાયમાં ધારી રાખેલ છે.

સમજાણું કાંઈ ? પુણ્ય–પાપના ભાવ, અશુદ્ધભાવ પણ જીવની પર્યાયે ધારી રાખ્યા છે.... એણે (–જીવે) ધાર્યા છે. તે કર્મે ધાર્યા છે ને કર્મને લઈને છે એમ છે નહીં—એમ કહે છે.

શ્રોતા : હમણાં આપ કહેતાં હતાં કે '(પર)સંયોગજનિત' છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : '(પર)સંયોગજનિત' એટલે કે નિમિત્તની અપેક્ષાવાળા (ભાવ)—એમ (કહેવું છે), પણ તે છે પોતાનો-પોતાથી. '(પર)સંયોગજનિત' એટલે કે (ભેદો) સ્વભાવથી ઉત્પન્ન થયેલા નથી. એથી.... '(પર)સંયોગજનિત'નો અર્થ (એ છે કે) સંયોગના—નિમિત્તના (લક્ષે)

ઉત્પન્ન થયેલા છે.... નિમિત્તને આશ્રયે ભેદ પડ્યો છે, (પણ) છે તેના (–જીવના) અસ્તિત્વનો ધર્મ. (ભેદ, અશુદ્ધતા એ) આત્માની પર્યાયનો.... અંશનો.... તેનો પોતાનો ધર્મ છે, પોતે ધારી રાખ્યો છે. પર(દ્રવ્ય) તો નિમિત્તમાત્ર છે. સમજાણું કાંઈ ?

તમારી (સાથે આવેલા જિજ્ઞાસુ) બધા હવે સમજે છેને ગુજરાતી ? જ્ઞાનચંદજી ! નહીં સમજતે (હૈં તો) સમજા દેના.... સમજા દેના. વો હિંદી(ભાષી) હૈન ? તો સમજા દેના. અહીં હિંદી (જિજ્ઞાસુ) સદાય હોય તો કોઈ દિ' ગુજરાતી થાય નહીં.... સમજા દેના. કહો, સમજાય છે કાંઈ ?

શુદ્ધતા અને અશુદ્ધતા—બંને વસ્તુના ધર્મ છે.... 'વસ્તુ' એટલે આત્મા. વસ્તુ આત્મા ત્રિકાળી જ્ઞાયક શુદ્ધ છે એ પણ તેનો (–જીવનો) ધર્મ છે એટલે કે એણે ધારી રાખેલો (ભાવ) છે અને પર્યાયમાં અશુદ્ધતા.... મલિનતા.... પુણ્ય-પાપ.... સંસાર.... ઉદયભાવ છે—એ (ભાવ) પણ એણે (–જીવે)....

(૧) ધારી રાખ્યો છે,
(૨) એનામાં છે,
(૩) એનો એ ધર્મ છે,
(૪) એના સત્‌નું એ સત્ત્વ છે.

—એ કંઈ કર્મનું સત્ત્વ (કે) પરનું સત્ત્વ નથી. સમજાણું કાંઈ ? જુઓ ! બહુ સ્પષ્ટ કર્યું છે.

શુદ્ધતા અને અશુદ્ધતા—બંને વસ્તુના ધર્મ છે અને વસ્તુધર્મ છે તે વસ્તુનું સત્ત્વ છે.... વસ્તુનો 'કસ' છે—એમ કહે છે. 'કસ'.... 'કસ' એટલે સત્ત્વ.

(૧) ત્રિકાળી જ્ઞાયક શુદ્ધભાવ છે—એ પણ વસ્તુનું (–આત્માનું) સત્ત્વ છે અને
(૨) વર્તમાનમાં પુણ્ય–પાપ, ગુણસ્થાનભેદ, ગતિ આદિ ઉદયભાવ છે —એ પણ વસ્તુનું (–આત્માનું) સત્ત્વ છે.... એનું સત્ત્વ છે.... એના (–આત્માના) સત્‌નું સત્ત્વ છે. એ (અશુદ્ધપણું પણ) સત્‌નું સત્ત્વ છે.... અશુદ્ધપણું પણ એનું (–આત્માનું એ સત્ત્વ) છે. સમજાણું કાંઈ ?

લ્યો ! આગળ કર્તા-કર્મ (અધિકાર, ગાથા-૭૫) આવશે કે કર્મ વ્યાપક છે અને પુણ્ય-પાપ વિકાર છે તે (કર્મનું) વ્યાપ્ય છે, (તે) આત્મા (છે) નહીં (—એમ કહેશે) !

શ્રોતા : (ત્યાં વિકાર છે તે) પુદ્ગલ છે એમ કહ્યું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બીજી વાત છે. ત્યાં તો સ્વભાવની દ્રષ્ટિમાં, સ્વભાવનું જ્યાં પરિણમન થયું (ત્યાં) હવે વિકારી પરિણમન જે (અસ્થિરતાનું) થોડું છે એને, કર્મ નિમિત્ત અને તેનું કાર્ય (નૈમિત્તિક વિકાર)—એ બેને ભેગું ગણી નાખીને, અહીંથી (–સ્વભાવથી) છૂટું પાડી દીધું છે. સમજાય છે કાંઈ ? કારણ કે વસ્તુમાં અશુદ્ધપણે પરિણમવું એવું (સ્વરૂપ) નથી.

વસ્તુ છે એ તો શુદ્ધ, ધ્રુવ, ચૈતન્ય છે. (તેથી) એને લક્ષે.... એને આશ્રયે તો શુદ્ધ જ પરિણમન થાય. સમજાય છે ? ધર્મીનું શુદ્ધ જ પરિણમન ગણ્યું છે, કારણ કે શુદ્ધ દ્રવ્ય જે જ્ઞાયક છે તેની દ્રષ્ટિમાં (–દ્રષ્ટિ થતાં) તો શુદ્ધ જ પરિણમન (થાય) છે.

દ્રવ્યમાં અશુદ્ધ પરિણમન ક્યાંથી આવ્યું ? એથી.... જે અશુદ્ધ પરિણમનનું સત્ત્વ (–હોવાપણું) એનામાં છે એ નિમિત્તના લક્ષે થયેલું છે, એટલે નિમિત્ત અને એ (–અશુદ્ધ પરિણમન) બંને પરમાં ગયા.... પરમાં ગયા, પોતાના દ્રવ્ય-ગુણમાં આવ્યા નહીં—એમ કહે છે. પણ આ સમજીને.... આ (અશુદ્ધતા પણ જીવનું સત્ત્વ છે એ) વાત રાખીને ('કર્તા-કર્મ અધિકાર'માં અશુદ્ધતા અપેક્ષાએ પુદ્ગલની કહી છે)—એમ કહે છે. કહો, ઈશ્વરચંદજી ! કેટલા લખાણ ને કેટલો (ખુલાસો) ભાઈ ! સમજાણું કાંઈ ?

(કોઈ) એમ જ કાઢી નાખે (–માની લે) કે થઈ રહ્યું, અશુદ્ધતા પરને લઈને.... અશુદ્ધતા પરને લઈને છે, આત્માને કાંઈ (અશુદ્ધતા છે) નહિ. (તો એમ છે નહીં). સમજાય છે ?

એક જણો 'ક્રમબદ્ધ.. ક્રમબદ્ધ.. બસ, બધામાં ક્રમબદ્ધ.... ક્રમબદ્ધ (છે, તેથી) એમાં આપણે કાંઈ કરી શકીએ નહિ.... (પોતામાં પણ) આપણે કાંઈ (–પુરુષાર્થ) કરી શકીએ નહિ, (બધું) ક્રમબદ્ધ છે.' (—એમ કહેતો હતો). શું એના (–સ્વચ્છંદતા) માટે ક્રમબદ્ધ છે ? સમજાણું કાંઈ ? 'બધું

નિયત છે.... બધું નિયત છે'—એય (બધું) ચાલ્યું છે વળી કેટલાક આપણામાંય હોં, અંદરમાં સમજ્યા વિનાના....

શ્રોતા : આપ નથી કહેતાં કે 'નિયત' છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કઈ રીતે પણ ? 'નિયત છે' એનો નિર્ણય કરનારની તો દ્રવ્ય ઉપર દ્રષ્ટિ હોય છે (અને) એ 'નિયત છે.. નિયત છે.. નિયત છે'—એમ જાણે છે. સમજાણું કાંઈ ? (પણ) જેની હજુ દ્રષ્ટિ રાગ ઉપર ને નિમિત્ત ઉપર ને ભેદ ઉપર છે (અને) એ કહે 'નિયત છે'.... (તો) 'નિયત' ક્યાંથી તારું આવ્યું ? કારણ કે (જ્ઞાનમાં દ્રવ્ય) જણાણું નથી (તો 'નિયત') ક્યાંથી આવ્યું ?

શ્રોતા : એના (–અજ્ઞાનીના) જ્ઞાનમાં 'નિયત છે' એમ (નથી જણાણું) ?

પૂજ્ય ગુરુદેવશ્રી : નથી જણાણું. ('નિયત' યથાર્થપણે) જણાણું હોય તો (દ્રષ્ટિ) જ્ઞાયક ઉપર જાય (અને) તો ('નિયત'નું) જ્ઞાન થાય.... ત્યારે એને પર્યાયમાં 'નિયત' (અર્થાત્) 'થવાનું થાય' એનું એને જ્ઞાન થાય. આનું (–દ્રવ્યનું) જ્ઞાન થાય ત્યારે 'નિયત'નું જ્ઞાન થાય. સમજાણું કાંઈ ? એક જણ કહેતો હતો, "આ એક જણ વાંચે છે (તે) 'બસ, બધું નિયત છે.... નિયત છે'—એમ જ કહે છે." વાંચનાર (–સ્વાધ્યાય કરાવનાર) આપણા મુમુક્ષુ માંયલા.... સમજાય છે ? 'બધું નિયત છે, આપણે કાંઈ (પુરુષાર્થ) કરવાનો છે જ નહીં' (—એમ તે કહે છે).

શ્રોતા : આપ પણ કહો છો 'આપણે તો જ્ઞાતા–દ્રષ્ટા રહેવાનું છે.'

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ 'જ્ઞાતા–દ્રષ્ટા રહેવું'.... એ કરવાનું નથી ?.... એ કરવાનું (–પુરુષાર્થ) નથી ?

શ્રોતા : 'કરવાનું નથી' એમ તો આપ પણ કહો છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'કરવાનું નથી' એટલે કે રાગ કરવાનો નહિ.... પરનું કર્તવ્ય નહિ. પણ પરનું કર્તવ્ય નહીં ત્યાં જ્ઞાતા-દ્રષ્ટાનું કર્તવ્ય તો છે કે નહીં ? સમજાણું કાંઈ ? 'પરનું કર્તૃત્વ નથી' તેનો અર્થ શું થયો ? કે પોતાના જ્ઞાતા–દ્રષ્ટાના પરિણામનો કર્તા છે. એનો (–પોતાના પરિણામનો) કર્તા થાય

ત્યારે 'પરનો કર્તા નથી' એમ નક્કી થયું (અને) ત્યારે 'પરનું (કાર્ય) ક્રમસર છે.... નિયત છે' (—એમ) એને નક્કી નિર્ણયમાં આવ્યું. (નહીંતર) એ તો કો'કની વાત પકડી—શબ્દ (પકડ્યો), (પણ) એને ભાસ (–જ્ઞાનમાં સ્વીકાર) ક્યાં થયો છે ? જેઠાલાલભાઈ ! જેમ છે તેમ તેને જાણે નહીં ને આડું-અવળું જાણે તો ઊંધી દ્રષ્ટિ થશે.... ગોટે ચડી જશે. સમજાણું કાંઈ ?

શ્રોતા : ન્યાય વિરુદ્ધ નહીં ચાલે.....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, ન્યાય વિરુદ્ધ નહિ ચાલે જરીયે આહીં. જુઓને ! કહે છેને ? અશુદ્ધતા અને શુદ્ધતા.... એ બેય વસ્તુના ધર્મ છે.... આત્માનો ધર્મ છે. 'ધર્મ' એટલે આત્માએ ધારી રાખેલ છે. 'ધર્મ' એટલે પુણ્ય–પાપ (રહિત) મોક્ષનો માર્ગ (એ) ધર્મ છે—એ અહીં વાત નથી. સમજાણું કાંઈ ?

'ધર્મ' એટલે કે એણે ધારી રાખેલી એની ચીજ (અને તે) એના સત્ત્વમાં છે. ત્રિકાળી સત્ત્વ જે જ્ઞાયક છે એ શુદ્ધ છે વસ્તુ. એ શુદ્ધનયનો વિષય છે.... દ્રષ્ટિનો વિષય છે.... પ્રયોજન સિદ્ધ કરવા માટે તે વિષય છે.... (તે) પ્રયોજન સિદ્ધ કરવા (માટે) વિષય (છે), પણ પર્યાયમાં અશુદ્ધતા ન જાણે તો પ્રયોજન સિદ્ધ કરવાનું.... દ્રવ્ય તરફ ઢળીને (પ્રયોજન) સિદ્ધ કરવાનું રહે ક્યાં ? સમજાણું કાંઈ ?

કહે છે, બેય વસ્તુનું સત્ત્વ છે.... જ્ઞાયક ત્રિકાળી.. ત્રિકાળી.. ત્રિકાળી.. અનંત.. અનંત.. બેહદ સ્વભાવનો સાગર શુદ્ધ દ્રવ્ય—એ પણ વસ્તુનું સત્ત્વ છે.... એ વસ્તુનું સત્ત્વ છે (અર્થાત્) વસ્તુનો સ્વભાવ છે, એના સત્નું એ સત્ત્વ છે અને પર્યાયમાં પુણ્ય-પાપ, કામ, ક્રોધ, મિથ્યાભ્રાંતિ કે રાગ-દ્વેષ આદિ (છે તે) પર્યાય (અને) ગુણસ્થાનભેદ છે એ પણ વસ્તુનો (ધર્મ) છે.... પર્યાયરૂપ એનું સત્ત્વ છે.... પર્યાયરૂપ સત્નું સત્ત્વ છે (અને) આ દ્રવ્યરૂપ સત્નું સત્ત્વ છે.—બેય થઈને આત્મા છે. સમજાણું કાંઈ ?

અશુદ્ધતા પરદ્રવ્યના.... નિમિત્તના સંયોગથી થાય છે એ જ ફેર છે.... આટલી વાત છે. છે તો (અશુદ્ધતા) એનામાં.... એનાથી.... એની પર્યાયમાં, પણ એ અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે.... કર્મ છે એનો સંયોગ....

સંબંધ પોતે કરે છે ત્યારે (અશુદ્ધતા) થાય છે. એટલો ફેર છે, બાકી છે તો એનામાં.... એનાથી.... એના સત્ત્વમાં. સમજાણું કાંઈ ?

એ જ ફેર છે.... લ્યો ! ભગવાન આત્મા ત્રિકાળી શુદ્ધ પરમેશ્વર પોતે છે. એ પરમેશ્વરતા પણ.... શુદ્ધનયના વિષયનું સત્ત્વ પણ પોતાનું છે અને અશુદ્ધતાની પામરતા એની પર્યાયમાં છે એ પણ.... અશુદ્ધનયનો વિષય છે એ પણ સત્‌ની પર્યાયના સત્ત્વમાં છે.... એના સત્ત્વમાં છે.... એના કસમાં છે. એનો કસ (–પદાર્થ) પરિણમ્યો છે એવી રીતે. એ પુણ્ય–પાપ ને ગુણસ્થાન ભેદ કાંઈ કર્મનું (સત્ત્વ) છે અને જડનું સત્ત્વ છે—એમ છે નહીં. સમજાણું કાંઈ ?

શ્રોતા : અનાદિના ચાલ્યા આવે છે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : છેને પણ બેય (ધર્મ) ? વસ્તુ (–ધર્મ) બે છે કે નહીં ? બે (ધર્મ) છે ત્યારે દ્રષ્ટિ..... અહીં કહે છે જુઓ ! એ....

અશુદ્ધતા પરદ્રવ્યના સંયોગથી થાય છે એ જ ફેર છે. અશુદ્ધનયને અહીં હેય કહ્યો છે.... ગુણસ્થાનભેદ, પુણ્ય-પાપનો ભાવ, ગતિ આદિના ભાવ (છે તેને) હેય કહ્યાં છે, કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે.... એ પોતે ઉદયભાવ, ભેદભાવ એ સંસાર છે. એ અશુદ્ધનયનો વિષય સંસાર છે.... સમજાય છે ? દ્રવ્યસ્વભાવ એ મોક્ષસ્વભાવ છે (અને) આ (અશુદ્ધનયનો વિષય) સંસાર છે.

ગુણસ્થાનભેદ, પુણ્ય–પાપના ભેદ, વિકલ્પના અસંખ્ય પ્રકારના ભેદ આદિ—એ અશુદ્ધનયનો વિષય સંસાર છે.... એ સંસાર.... એ જ સંસાર છે, સંસાર કોઈ બીજો નથી. બાયડી, છોકરા, કુટુંબ કાંઈ સંસાર નથી, (કેમ કે તેઓ) જીવના નથી.... જીવમાં નથી. જીવમાં (થતાં) પુણ્ય-પાપ અને 'પુણ્ય–પાપ મારા'—એવો જે મિથ્યાત્વભાવ અને વિકારભાવ છે એ સંસાર છે.—એ અશુદ્ધનયનો વિષય છે.... વ્યવહારનયનો વિષય છે, એથી એને હેય કહ્યો છે. પણ એનામાં (–એની પર્યાયમાં) નથી માટે હેય કહ્યો છે—એમ નથી. સમજાણું કાંઈ ? ઘણું આમાં તો.... (શ્રદ્ધા, જ્ઞાન, આદિમાં) ફેરફાર કાંઈક હોય તો બધું નીકળી જાય એવું છે.

શ્રોતા : ઘણે પડખે સમજવા જેવું છે.

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, (નહીંતર) ગોટે ચઢી જાય.

જુઓ ! (અશુદ્ધનયને અહીં) હેય કહ્યો છે કારણ કે અશુદ્ધનયનો વિષય સંસાર છે અને સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે.... એ વિકારી પરિણામ, ગતિ આદિના ભાવ કે ભેદ.... એ ભેદ પોતે દુઃખરૂપ ભાવ છે.... એ સંસારભાવ છે (અને) એને ભોગવતા દુઃખ.... ક્લેશ ભોગવે છે.... એ (જીવ) પોતે ક્લેશ ભોગવે છે.... પુણ્ય-પાપના ભાવ ને ભેદરૂપ ભાવ.... એ બધા ક્લેશરૂપ ભાવ છે. એ અશુદ્ધનયનો વિષય પોતે સંસાર છે અને દુઃખરૂપ છે. સમજાણું કાંઈ ? સંસારમાં આત્મા ક્લેશ ભોગવે છે.... એટલે કે અશુદ્ધ પર્યાય પોતે જ દુઃખરૂપ છે.... ક્લેશરૂપ છે. એ સંસારદશા કે અશુદ્ધનયનો વિષય એ ક્લેશરૂપ છે. સમજાય છે ?

જ્યારે પોતે પરદ્રવ્યથી ભિન્ન થાય.... જુઓ ! હવે (કહે છે કે) પરના લક્ષથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે.

પરદ્રવ્યથી ભિન્ન થાય.... પરદ્રવ્યના લક્ષથી ભિન્ન થાય એટલે કે વર્તમાન પર્યાયથી.... અશુદ્ધતાથી પણ જુદો પડે ત્યારે દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ જાય. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે.

(ભાવાર્થની પ્રથમ લાઈનમાં 'અશુદ્ધપણું) પરદ્રવ્યના સંયોગથી (આવે છે'—એમ) કીધું હતુંને ? (અશુદ્ધતા) સંયોગના લક્ષે ઉત્પન્ન થયેલ છે, તો હવે એ પરદ્રવ્યનું લક્ષ છોડીને સ્વદ્રવ્યના લક્ષમાં આવે.... જ્ઞાયક ચિદાનંદમાં (લક્ષ) આવે.... પરદ્રવ્યથી ભિન્ન થાય ત્યારે સંસાર મટે.... લ્યો ! પરદ્રવ્યના લક્ષથી જે આ વિકાર આદિ થાય છે એના સત્ત્વમાં.... એની પર્યાયમાં, એનું હવે લક્ષ છોડીને સ્વદ્રવ્ય ચિદાનંદ જ્ઞાયક છે એમાં જો (લક્ષ) આવે તો ક્લેશ મટે. પરદ્રવ્યના સંયોગથી ઉત્પન્ન થતાં ભાવ સ્વદ્રવ્યના લક્ષે (–સ્વદ્રવ્યનું લક્ષ કરે તો) ઉત્પન્ન થાય નહીં. સમજાણું કાંઈ ?

ત્યારે ક્લેશ મટે.... પરદ્રવ્યના સંયોગે ઉત્પન્ન થતો વિકારી ભાવ તે દુઃખરૂપ.... એ ક્લેશ.... એ સંસાર છે. જ્યારે એનું.... પરદ્રવ્યનું લક્ષ છોડે ત્યારે સ્વદ્રવ્યમાં (લક્ષ) આવે.... જ્ઞાયક ચિદાનંદમાં (લક્ષ) આવે. (અને ત્યારે)

એ લક્ષ ત્યાંથી (–પરદ્રવ્યથી) છૂટ્યું એટલે એના નિમિત્તે થતાં ભાવો પણ ઉત્પન્ન થાય (થયા) નહીં. દ્રવ્યસ્વભાવ જ્ઞાયક ભગવાન આત્મા છે એને આશ્રયે જે ભાવ થાય એ તો શાંતિ ને આનંદના થાય, એટલે એને સંસાર મટે.... છેને ? પર(દ્રવ્યથી) ભિન્ન થાય ત્યારે સંસાર મટે (અને) ત્યારે ક્લેશ મટે.... લ્યો !

એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.... જુઓ ! આ રીતે દુઃખ મટાડવા માટે (શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે). (અશુદ્ધતા) એ ક્લેશ.... સંસાર છે. સંયોગજનિત (અશુદ્ધ) પર્યાય એનામાં હોવા છતાં એ દુઃખરૂપ.... ક્લેશ (ને) સંસાર છે. એ દુઃખ મટાડવા (શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે.)

(અશુદ્ધતા) એ....

(૧) સંસાર કહો....
(૨) અશુદ્ધનયનો વિષય (કહો)....
(૩) દુઃખ કહો....
(૪) રાગ–દ્વેષ કહો....
(૫) મલિનતા કહો....

(—એક જ વાત છે). એ બધો દુઃખરૂપ (ભાવ) છે.

એ દુઃખ મટાડવાને શુદ્ધનયનો ઉપદેશ.... મુખ્ય છે. ગૌણમાં (–પર્યાયમાં) અશુદ્ધતા છે તેનો નિષેધ નથી કર્યો (–'અશુદ્ધતાનો અભાવ છે'—એમ નથી કહ્યું, પણ) પર્યાયમાં અશુદ્ધતા છે તેને શુદ્ધ સ્વભાવની દ્રષ્ટિએ ગૌણ કરીને 'નથી'—એમ કહેવામાં આવ્યું છે. આને (–શુદ્ધનયને) મુખ્ય (કરવા).... (તેની) દ્રષ્ટિ કરાવવા. સમજાણું કાંઈ ?

શુદ્ધનયનો ઉપદેશ પ્રધાન છે....—એમ કીધું. મુખ્યપણે, દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ કરાવવા—કે જેથી મુક્તિ થાય અને ક્લેશ, સંસાર મટે (તે માટે શુદ્ધનયનો ઉપદેશ મુખ્ય છે). સમજાણું ? એથી '(તું) એકરૂપ પરમાત્મા (છો).... તું પરમેશ્વર છો'—એમ સ્થાપ.

આવે છેને ? અનુભવપ્રકાશ(માં).... દીપચંદજીમાં આવે છે. 'તું તને પરમેશ્વર સ્થાપ, પામર ન સ્થાપ.' છે ખરી (પર્યાયમાં) પામરતા.... અશુદ્ધતા, (છતાં) '(હું) પરમેશ્વર છું.... પરમેશ્વર છું.... હું પોતે જ પરમેશ્વર છું'.... (—એમ સ્થાપ). દ્રવ્યસ્વભાવ જ પરમેશ્વર સ્વભાવી છે.... પરમ ઈશ્વર સ્વભાવી છે.... વસ્તુસ્વભાવ જ પરમ ઈશ્વર સ્વભાવી છે. એક-એક સ્વભાવ (–ગુણ ઈશ્વર છે), એવો આખો (–એવું આખું દ્રવ્ય) પરમ ઈશ્વર સ્વભાવી છે. (આવા) પરમેશ્વરને સ્થાપ.... દ્રષ્ટિમાં પરમેશ્વર સ્થાપ, દ્રષ્ટિમાંથી પામરતા છોડી દે. સમજાણું કાંઈ ?

એ રીતે દુઃખ મટાડવાને શુદ્ધ(નય)નો ઉપદેશ પ્રધાન છે. અશુદ્ધનયને અસત્યાર્થ કહેવાથી.... અશુદ્ધનયને જૂઠો કહેવાથી એમ ન સમજવું કે આકાશના ફૂલની જેમ તે વસ્તુધર્મ સર્વથા જ નથી.... જેમ આકાશને ફૂલ ન હોય, એમ આત્મામાં પુણ્ય-પાપ, વિકાર, દુઃખ, સંસાર, રાગ-દ્વેષ છે જ નહીં—એમ નથી. સમજાણું કાંઈ ?

જુઓને ! વળી, દિલ્હીવાળો (એક ભાઈ) કહે છે કે 'એ (કાનજીસ્વામી) તો ત્રિકાળી શુદ્ધપર્યાયને જ કહે છે.' છેને ? જ્ઞાનચંદજી ! નહીં ? બીજો જ્ઞાનચંદજી. દિલ્હી જોડે સાહદરાનો... કેવો (–ક્યાંના) કહેવાય ? એનો બહુ (–મોટો) લેખ આવ્યો છે. હમણાં (લેખ) આવ્યો છે, પહેલાં.... (એ લખે છે :) 'એ (કાનજીસ્વામી) તો પર્યાયમાં ત્રિકાળ શુદ્ધતા જ કહે છે, અશુદ્ધતા બિલકુલ માનતા જ નથી, માટે જૂઠા છે.'

(અરે !) શું કહે છે ? (તત્ત્વની) કાંઈ ખબર ન મળે.

(કોઈ પ્રશ્ન કરે છે કે) 'એ (કાનજીસ્વામી) તો (અશુદ્ધતા છે એમ) કહે છેને મોઢેથી ?'

એ (દિલ્હીવાળા ભાઈ) કહે : 'મોઢાનું (કહેલું) બકવાસ છે, લખ્યાની (–છાપેલી) વાત અમે માનીએ. લખ્યામાં (–છપાયેલા પ્રવચનમાં) આમ છે' —એમ (એ) બોલે.... એમ (એ) કહે છે.

એણે 'નિયમસાર'નું (પ્રવચન) વાંચ્યું હશે એક ઠેકાણેથી (–૧૫મી ગાથાનું), પણ બીજે ઠેકાણે શું છે (એ તો વાંચે નહીં) ? એ (નિયમસારમાં) તો ત્રિકાળી કારણશુદ્ધપર્યાયની વાત છે. કારણપર્યાય શુદ્ધ છે, બાકી આ ઉત્પાદ-વ્યયની (કાર્ય)પર્યાય અશુદ્ધ નથી ? (પર્યાય) અશુદ્ધ નથી તો દુઃખ કોનું ? સંસાર કોનો ? સમજાણું કાંઈ ?

એમ ન સમજવું.... અશુદ્ધનયને જૂઠો કહ્યો માટે એમ ન જાણવું કે આકાશના ફૂલ જેમ નથી તેમ પુણ્ય-પાપ.... અશુદ્ધતા.... ગુણસ્થાનભેદ.... તે વસ્તુધર્મ સર્વથા જ નથી. કથંચિત્ (અર્થાત્) દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ (ભેદાદિ) નથી.... કથંચિત્ (અર્થાત્) દ્રવ્યદ્રષ્ટિની અપેક્ષાએ નથી અને પર્યાયદ્રષ્ટિની અપેક્ષાએ છે. વસ્તુધર્મ સર્વથા જ નથી....—એમ છે નહિ. દ્રષ્ટિના વિષયની અપેક્ષાએ (ભેદાદિ) નથી (અને) પર્યાયદ્રષ્ટિના વિષયની અપેક્ષાએ એ છે. સમજાણું કાંઈ ? આમાં કેટલા બોલ ધારવા ? (—એમ કોઈ) કહે છે.

એમ સર્વથા એકાંત સમજવાથી.... એમ સર્વથા....

(૧) વિકારભાવ પર્યાયમાં છે જ નહીં....
(૨) મલિનતા છે જ નહીં....
(૩) પર્યાયમાં દુઃખ છે જ નહીં....
(૪) સંસાર (વર્તમાન) દશામાં છે જ નહીં

—એમ એકાંત સમજવાથી મિથ્યાત્વ આવે છે.... દ્રષ્ટિ મિથ્યા થાય છે. સમજાય છે કાંઈ ?

પર્યાયમાં અશુદ્ધતા છે.... વિકાર છે.... દુઃખ છે.... ઉદયભાવ છે. એ એની પર્યાયનું સત્ત્વ છે, (તે) કોઈને લઈને છે નહીં.... કર્મને લઈને છે નહીં. કર્મ તો નિમિત્ત છે. નિમિત્તને લઈને (–લક્ષે) થયેલું છે, (પણ થયું છે) પોતાથી. (માટે તેને) 'સર્વથા નથી'—એમ માને તો તદ્દન મિથ્યાદ્રષ્ટિ થઈ જાય.

ગૌણ કરીને.... (ભેદાદિ) દ્રષ્ટિના વિષયમાં નથી, તેથી ગૌણ કરીને તેને 'નથી' અને 'અસત્યાર્થ છે' (—એમ) કહેવામાં આવ્યું છે, પણ (ભેદાદિ) પર્યાયમાં બિલકુલ જ નથી—એમ કહેવામાં આવ્યું નથી. કહો, સમજાણું આમાં ? આહાહા !

માટે સ્યાદ્‌વાદનું શરણ લઈ.... એટલે ? કે પર્યાયમાં મલિનતા.... દુઃખ.... ઉદય(ભાવ).... સંસાર છે, (પણ) દ્રષ્ટિના વિષયમાં.... દ્રવ્યમાં એ છે નહીં. 'એ છે' એવું જ્ઞાન કરીને દ્રવ્યની દ્રષ્ટિ કરવી—એ સ્યાદ્‌વાદનું શરણ છે.

શ્રોતા :..... ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : હા, તે (–સ્યાદ્‌વાદનું) શરણ કીધુંને. એમાં.... પર્યાયમાં (મલિનતા આદિ છે), (પણ) દ્રવ્યમાં નથી—એમ કરીને (–જાણીને) એનું.... સ્યાદ્‌વાદનું શરણ લેવું. સ્યાદ્‌વાદનું એટલે કે આત્માનું શરણ લેવું —એમ (કહેવું છે). પણ (મલિનતા આદિને) જાણીને. આમાં (–પર્યાયમાં) અશુદ્ધતા છે એવું જાણી, શુદ્ધતામાં (–દ્રવ્યમાં) એ નથી—એમ (દ્રષ્ટિ કરીને) શુદ્ધતાનું (–દ્રવ્યનું) શરણ લેવું. (પણ પર્યાયનું) જ્ઞાન રાખીને. કહો, ભીખાભાઈ !

સ્યાદ્‌વાદનું શરણ લઈ.... એટલે કે અપેક્ષિત (–અપેક્ષા જાણનાર) જ્ઞાનને જાણી....—એમ (કહેવું છે). પર્યાયમાં અશુદ્ધતા છે.... દુઃખ છે.... મલિનતા છે. એ કાંઈ કર્મની નથી.... એ કાંઈ જડની નથી..... એ કાંઈ પરની નથી દશા..... પોતાની દશા છે. જેટલા પુણ્ય-પાપ(રૂપ) પરના લક્ષે ઉત્પન્ન થયેલા વિકલ્પો છે.... હિંસા, જૂઠું, ચોરી, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ સર્વ ભાવ છે તે એની પર્યાયમાં દુઃખરૂપ.... ક્લેશરૂપ.... સંસાર છે. એનું જ્ઞાન કરી એટલે કે (પર્યાયમાં) 'છે' એમ જાણી અને પછી દ્રવ્યનો આશ્રય લેવો —એમ કહે છે. (પર્યાયમાં પણ) 'નથી' (એમ) જાણીને દ્રવ્યનો આશ્રય લેવો એમ નહીં—એમ કહે છે. સમજાણું કાંઈ ?

સ્વરૂપની પ્રાપ્તિ થયા પછી શુદ્ધનયનું પણ અવલંબન નથી રહેતું.... (અનુભવ) પછી ક્યાં.... સ્વરૂપની પ્રાપ્તિ દ્રવ્યને આશ્રયે થઈ ગઈ, પછી 'અશુદ્ધતા ગૌણ કરવી ને શુદ્ધતાને પ્રાપ્ત કરું'—એવું કાંઈ (–એવા વિકલ્પ) છે (નહિ). થઈ ગઈ.... શુદ્ધતાની પ્રાપ્તિ થઈ ગઈ (પછી) શુદ્ધનયનું પણ અવલંબન નથી રહેતું. જે વસ્તુસ્વરૂપ છે તે છે—એ પ્રમાણદ્રષ્ટિ છે.... પછી દ્રવ્યને પણ બરાબર જાણે છે અને પર્યાયમાં પણ જેટલી શુદ્ધતા પ્રગટી ને જેટલી અશુદ્ધતા હોય એને જાણે. સમજાય છેને ? શરણ લે અહીંનું

(–સ્વરૂપનું), જાણે બેયને (–દ્રવ્ય ને પર્યાયને.) એ સ્વભાવનો આશ્રય લેતાં જે શુદ્ધતા પ્રગટે તે પર્યાયને (પણ) જાણે (અને) દ્રવ્યને (પણ) જાણે.

એનું ફળ વીતરાગતા છે. આ પ્રમાણે નિશ્ચય કરવો યોગ્ય છે.... એકાંત નિશ્ચય કરવો કે 'આ અશુદ્ધતા આત્મામાં બિલકુલ નથી, કર્મને કારણે.... કર્મ વ્યાપ્યું માટે થઈ છે'.... સમજાય છે કાંઈ ? એમ છે નહીં—એમ કહે છે.... એમ (–એવી રીતે) 'વિકાર છે એ બેય (જીવ–પુદ્‌ગલ) ભેગા થઈને થયો છે' એમ (પણ) નથી—એમ કહે છે.... બે—પતિ-પત્ની હોય તો દીકરો થાય, એમ વિકાર, કર્મ ને આત્મા બે ભેગા હોય તો થાય—એમ પણ કોઈ એક ઠેકાણે (શાસ્ત્રમાં) આવે, (પણ) એ તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. (કાર્ય તો) ઉપાદાન.... પોતાથી થયેલું છે—એમ જ્ઞાન (કરવું.)

બાકી (ખરેખર કાર્ય) થયું છે પોતાનું.... પોતાથી.... પોતાના સત્ત્વમાં. નિમિત્તના સત્ત્વમાં નિમિત્તને લઈને (કાર્ય) થયું છે (—એમ કહેવું) એ તો વ્યવહારના કથન છે. સમજાણું કાંઈ ?

લ્યો ! એ છઠ્ઠી ગાથા થઈ. આ (–અજ્ઞાની) તો પોતાની દ્રષ્ટિએ વાંચે અને પાછા સમજે નહીં સરખું, એટલે (પંડિત જયચંદજીએ) કેટલું આમાં સ્પષ્ટ કર્યું છે !!

અહીં, (જ્ઞાયકભાવ) પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું છે.... ભગવાન ચૈતન્યસ્વરૂપ વસ્તુસ્વભાવ ત્રિકાળી એવો જે જ્ઞાયક નામ જ્ઞાનસ્વરૂપ ધ્રુવ છે એ પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું. ત્યાં 'પ્રમત્ત-અપ્રમત્ત' એટલે શું ? પોતે (પંડિત જયચંદજી) ખુલાસો જરી કરે છે કે ગુણસ્થાનની પરિપાટીમાં છઠ્ઠા ગુણસ્થાન સુધી તો પ્રમત્ત કહેવાય છે.... છઠ્ઠા ગુણસ્થાન સુધી અને સાતમાથી માંડીને અપ્રમત્ત કહેવાય છે.

પરંતુ એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે.... એ બધા ભેદો વ્યવહારનયની કથનીમાં છે. 'અશુદ્ધનયની કથની'નો અર્થ કે એની પર્યાયમાં (ગુણસ્થાન આદિ) છેને ? એથી એને (જાણનાર જ્ઞાનને) અશુદ્ધનય કહેવામાં આવે છે. પણ ખરેખર શુદ્ધનયથી આત્મા જ્ઞાયક જ છે.... સમજાણું ? (અમૃતચંદ્ર) આચાર્યે તો ઘણો ખુલાસો કર્યો છે પોતે.

ભગવાન આત્મા પ્રમત્ત–અપ્રમત્ત નથી. કેમ ?
કે શુભ-અશુભભાવે પરિણમ્યું જ નથી દ્રવ્ય માટે.

પ્રમત્ત-અપ્રમત્ત નથી એમ કહ્યું.... કેમ ?

કે ભગવાન જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એ પોતે શુભ–અશુભપણે પરિણમ્યો નથી, માટે તેમાં ભેદ નથી.... માટે પ્રમત્ત-અપ્રમત્ત(પણું) તેમાં છે નહીં. સમજાય છે કાંઈ ?

એ સર્વ ગુણસ્થાનો અશુદ્ધનયની કથનીમાં છે.... 'અશુદ્ધનય' કીધો છેને ?..

- એક સમયની પર્યાયમાં અશુદ્ધતા છેને ? એટલે અશુદ્ધનય કીધો અને
- એ અશુદ્ધનયને અહીંયા અશુદ્ધદ્રવ્યાર્થિક(નય) કીધો અને
- એ અશુદ્ધદ્રવ્યાર્થિક(નય)ને અહીંયા પર્યાય (–પર્યાયાર્થિકનય) કહ્યો અને
- એ પર્યાયને (–પર્યાયાર્થિકનયને) વ્યવહાર કહ્યો. સમજાણું કાંઈ ?

હવે આમાં (વ્યવહારનયના) *ત્રણ બોલનો નિષેધ આવ્યો, છઠ્ઠી ગાથામાં. વસ્તુ (–ત્રિકાળી દ્રવ્યને) તો વસ્તુ તરીકે કીધી.... જ્ઞાયક શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એ જ વસ્તુ છે અને એનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે. એમાં તો બીજું (–ભેદાદિ) આવ્યું નથી, પણ નિષેધના કથનમાં ત્રણ બોલ આવ્યા. ચોથો બોલ આવ્યો નથી. સમજાણું કાંઈ ?

(પહેલા બે બોલમાં) **અશુદ્ધતાનો નિષેધ કર્યો છે ફકત. અને જાણવાની પર્યાય 'પરને જાણે છે'—એમ નહીં.... 'પરને જાણે છે'—એમ નહિ, એ 'પરને જાણવું' એ પોતાનું છે—એમ કરીને પરપ્રકાશકપણાનો....

---

*(૧) અસદ્દ્ભૂત ઉપચાર વ્યવહારનય,
(૨) અસદ્દ્ભૂત અનુપચાર વ્યવહારનય અને
(૩) સદ્દ્ભૂત ઉપચાર વ્યવહારનય

** (૧) સ્થૂળ-બુદ્ધિપૂર્વકનો રાગ એ અસદ્દભૂત ઉપચાર વ્યવહાર અને
(૨) સૂક્ષ્મ-અબુદ્ધિપૂર્વકનો રાગ એ અસદ્દભૂત અનુપચાર વ્યવહાર.
—આ, અસદ્દભૂત વ્યવહારના બે પ્રકારનો નિષેધ કર્યો.

(૩) સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનયનો નિષેધ કર્યો છે.

હવે એક (છેલ્લો) બોલ....

(૪) (સદ્‌ભૂત અનુપચાર વ્યવહાર :)

રહી ગયો (કે શુદ્ધ) પર્યાય તે આત્મા, ગુણ.... જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા (એવો) ભેદ. અશુદ્ધતા નહીં. હવે (ચોથા બોલમાં) જ્ઞાન તે આત્મા.... દર્શન તે આત્મા.... ચારિત્ર તે આત્મા.... આનંદ તે આત્મા.... (શુદ્ધ) પર્યાય તે આત્મા. (ગુણભેદનો) એટલો સંબંધ રહ્યો છે એનો સાતમી ગાથામાં નિષેધ કર્યો છે. સમજાણું કાંઈ ?

'જ્ઞાયક' કેમ કીધું (–કહ્યો) ?

(તેમાં) અશુદ્ધતા નથી માટે. ઠીક. (તે) શુભાશુભ(પણે) પરિણમ્યો નથી એટલે....

(૧) પ્રમત્ત (પણ નથી) (તેમ જ)

(૨) (અપ્રમત્ત પણ) નથી,

એટલે બે (બોલ) થઈ ગયા.... અસદ્‌ભૂત વ્યવહારનયના (૧) ઉપચાર અને (૨) અનુપચારનો નિષેધ થઈ ગયો.

હવે, એ 'જ્ઞાયક છે'—એમ કીધું (એટલે 'જ્ઞાયક') જ્ઞાનથી તો પ્રસિદ્ધ છે.... એ (જ્ઞાયક) જ્ઞાનથી પ્રસિદ્ધ છે. રાગાદિ હોય કે પર હોય એનું જ્ઞાનમાં જ્ઞાન થાય એનાથી જ્ઞાન (–જ્ઞાયક) પ્રસિદ્ધ છે.... 'જ્ઞાયક' જ્ઞાનથી પ્રસિદ્ધ છે. તો, જ્ઞાનથી પ્રસિદ્ધ છે એમાં પરને જાણે છેને ?.... પરજ્ઞેયાકાર જ્ઞાન થાય છેને ?

(સમાધાન :) જ્ઞેયાકાર જ્ઞાન પણ જ્ઞાનાકાર જ છે એ. સમજાય છે કાંઈ ? જ્ઞેયાકારે જ્ઞાન પરિણમ્યું એ જ્ઞાનાકાર(રૂપે) પોતે પોતાથી પરિણમ્યું છે. એ (જ્ઞાન) જ્ઞેયકૃત છે.... એને જ્ઞેયકૃતની કંઈ અપેક્ષા આવી છે—એમ છે નહીં. णादो जो सो दु सो चेव.... (જ્ઞાયકપણે) જાણ્યો તે જણાણો.... જણાણો તે જાણ્યો. (પર) નહીં.... વ્યવહાર નહીં—એમ કહે છે. સમજાણું

કાંઈ ? એમ કરીને પરને જાણવાની અપેક્ષાનો નિષેધ કર્યો. સ્વ-પરનો (જાણનારો).... (એવા) બે ભેદ નહિ, એકલો સ્વનો જાણનાર—એમ કહ્યો.

હવે પર્યાય રહી ગઈ, શુદ્ધ પર્યાય.... શુદ્ધ પર્યાય (–એનો નિષેધ રહી ગયો). દ્રષ્ટિમાં.... શુદ્ધ પર્યાયના વિષયમાં એ (પર્યાય) નથી. એ રહી ગઈ (–એનો નિષેધ રહી ગયો). ગુણભેદ, પર્યાયભેદ છે એનો અહીં સાતમી (ગાથા)માં હવે નિષેધ કરે છે. સમજાણું કાંઈ ?

પહેલી બાર ગાથાઓ છે એ બહુ સૂક્ષ્મ છે. આખું સમયસાર પહેલી બાર ગાથાઓમાં સમાવી દીધું છે. પછી એનો વિસ્તાર કર્યો છે તેરમી ગાથાથી. બાકી (–નહીંતર) બધું (બાર ગાથામાં) સમેટી (લીધું છે).

હવે પ્રશ્ન થાય છે.... શિષ્ય કહે છે : दर्शनज्ञानचारित्रवत्त्वेनास्याशुद्धत्वमिति.... 'મહારાજ ! જ્યારે તમે ભેદથી અશુદ્ધતા કહો છો.... ભેદ પડે એ બધું અશુદ્ધ કહો છો.... પરના લક્ષે બધો ભેદ થયો તે અશુદ્ધ છે (—એમ કહો છો), તો આ, (દર્શન-જ્ઞાન-ચારિત્રના) ત્રણ ભેદથી પણ એમાં અશુદ્ધતા આવે છે ?'—એમ શિષ્યે પ્રશ્ન કર્યો, લ્યો ! એકરૂપ ચૈતન્ય છે.... જ્ઞાયક વસ્તુ છે એમાં 'આ જ્ઞાનવાળો ને આ દર્શનવાળો ને આ ચારિત્રવાળો ને આ પર્યાયવાળો–પર્યાયવાન ને....' સમજાણું કાંઈ ? —એવો ભેદ પડતાં અશુદ્ધતા આવે છે ?

(જુઓ !) એટલું તો પ્રશ્નમાં આવ્યું..... પ્રશ્નકારનેય એટલો તો પ્રશ્ન ઊઠ્યો. 'તમે તો જ્યારે ભેદને અશુદ્ધ કહો છો, તો આ પણ ત્રણ ભેદ પડે છે.... જ્ઞાન, દર્શન, ચારિત્ર. આત્મામાં જ્ઞાન છે.... દર્શન છે.... ચારિત્ર છે.... એની નિર્મળ પર્યાય છે જ્ઞાન-દર્શન-(ચારિત્ર)ની —એ પણ ભેદ પડ્યો, લ્યો ! (અને) ભેદ તે અશુદ્ધ છે એનું શું ?.... એનું શું ?'—એમ શિષ્ય પૂછે છે. 'चेत्' છેને.... 'चेत्' ?.... પ્રશ્ન કરે છે. સમજાણું ? એને (આચાર્યદેવ) ઉત્તર આપે છે.

આવી જેને જિજ્ઞાસા થઈ છે કે આ વસ્તુ છે એકરૂપ જ્ઞાયક, તો એ વસ્તુમાં આ (દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા) ત્રણ ભેદ પણ—એના ગુણભેદ,

પર્યાયભેદ (પણ છે). તો, એ ભેદ છે તે પણ અશુદ્ધ કહેવાય છે. એને કેમ તમે ન લીધા (–તેનો નિષેધ કેમ ન કર્યો) ? સમજાણું કાંઈ ?

તમે અશુદ્ધતાને ટાળી (–નિષેધ કર્યો) કે અશુદ્ધતા નહિ.... ગુણસ્થાનભેદ નહિ.... ફલાણું નહિ.... કેમ કે અશુદ્ધ છે (એ અસદ્‌ભૂત ઉપચાર વ્યવહાર અને અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનો નિષેધ કર્યો. ગાથા ૬).

અને 'જ્ઞાન પરને જાણે'—એમ નહીં, જ્ઞાન જ્ઞાનને જાણે.... પોતાને પોતે જાણે. (એ સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનો નિષેધ કર્યો. ગાથા ૬). (પણ) આ શું કરવું આ (દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ) ત્રણનું ? કહો, વજુભાઈ ! એટલો તો પ્રશ્નકાર તૈયાર થયો છે. એવો લીધો છે.... જુઓ ! આચાર્યે શૈલીમાં એવો (પ્રશ્નકાર) લીધો છે.

શ્રોતા : આટલું સાંભળે તો એટલો તો તૈયાર થાયને ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : થાયને.... આપ્યું (–શ્રોતાએ જવાબ આપ્યો) હોં, તમારી જેમ નથી.... એટલું સાંભળે તો તૈયાર થાયને ?—એમ કહ્યું એણે (–શ્રોતાએ). એટલે પછી અમારા હિંમતભાઈએ દાંત કાઢ્યા.

એના (–પ્રશ્નકારના) ખ્યાલમાં એમ વાત આવી કે (આચાર્યદેવ) આ ભેદને અશુદ્ધ કહેવા માગે છે, તો આ (ગુણભેદ) પણ ભેદ છે ?

અશુદ્ધતાને તમે કાઢી નાખી (અસદ્‌ભૂત ઉપચાર અને અનુપચાર વ્યવહારનો નિષેધ કર્યો અને) પરને જાણવું કાઢી નાખ્યું (સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનો નિષેધ કર્યો). સમજ્યાને ? એ તો ભલે કાઢ્યા....

પણ એમાં (–આત્મામાં દર્શન, જ્ઞાન, ચારિત્ર—એવા) ભેદ ત્રણ પડે એ (શું) ? 'આ દ્રવ્ય ને આ પર્યાય.... આ પર્યાય ને આ દ્રવ્ય અને જ્ઞાન તે આ દ્રવ્ય.... દર્શન તે દ્રવ્ય....' અર્થાત્ એનામાં ને એનામાં.... (દ્રવ્યમાં) ભેદ પડે એ તમારે હિસાબે તો.... તમે કહેવા માગો છો તો એ પણ અશુદ્ધ જ કહેવામાં આવે ?

(સમાધાન :) હા.... હા.... અમે અશુદ્ધ કહીએ છીએ સાંભળને ! અમરચંદભાઈ !

ववहारेणुवदिस्सदि णाणिस्स चरित्त दंसणं णाणं ।
ण वि णाणं ण चरित्तं ण दंसणं जाणगो सुद्धो ।।७।।

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન, જ્ઞાયક શુદ્ધ છે. ૭

આ વાંચીને એક જણો સમજે નહિને (એટલે કહે) : 'લ્યો ! જ્ઞાનીને જ્ઞાન નહિ.... જ્ઞાનીને દર્શન નહિ.... જ્ઞાનીને ચારિત્ર નહિ, ત્યારે શું જ્ઞાની જડ છે ?' એક જણે એમ કીધું વળી. સ્થાનકવાસી એક સાધુ હતો, વાંચ્યું આ (–સમયસાર) એણે, (પછી આમ કહ્યું).

ભગવાન ! તને ભાને ય ન મળે. ભગવાન તો ખરો, પણ ભાન વિનાનો.... ભગવાન તો ખરો, (પણ) પ્રભુમાં (અપ)લખણનો પાર (ન મળે પર્યાયમાં). 'પ્રભુ સર્વ ગુણસંપન્ન છે, પણ અપલખણનો પાર નથી એની પર્યાયમાં.' શ્રીમદે કહ્યું છેને ? શ્રીમદે કહ્યું (–લખ્યું) છે એક ઠેકાણે, (૨૪મું વર્ષ, પત્ર નં. ૧૬૫).

તો એમાંય (–એની પણ કોઈ) ટીકા કરે છે : 'લ્યો ! પ્રભુમાંય અપલખણ કાઢે છે.'

(સમાધાન :) કઈ અપેક્ષા છે સાંભળને ? (તું) પોતે પ્રભુ, સર્વ ગુણસંપન્ન ભગવાન છે. પરમેશ્વર.... પૂરો પરમેશ્વર છો તું. અનંત શક્તિનું સર્વસ્વ સત્ત્વ તે ભગવાન આત્મા (તું) પોતે જ છે, (છતાં) પર્યાયમાં અપલખણના પાર ન મળે.... સમજાણું કાંઈ ? —એમ (શ્રીમદ્‌જીએ) કહ્યું છે. શું ભગવાન કેવળીની વાત કરી છે ત્યાં ? (ના). આહાહા !

આહીં કહે છે, એ વસ્તુ જે જ્ઞાયક છે અથવા જ્ઞાની છે.... (અહીં) જ્ઞાની કહો કે આત્મા કહો (એક જ વાત છે). આત્મા જે જ્ઞાની (–સાધક) છે એની તો દ્રવ્ય ઉપર દ્રષ્ટિ છે.... અભેદ ઉપર દ્રષ્ટિ છે. એવા જ્ઞાનીને દ્રષ્ટિના અભેદ વિષયમાં જ્ઞાન, દર્શન ને ચારિત્રના એ ભેદ છે નહિ (–દેખાતાં નથી) (અને) ભેદ (દેખાતાં) નથી માટે જ્ઞાનીને 'જ્ઞાન, દર્શન, ચારિત્ર નથી'—એમ કહ્યું છે.

સમજાણું કાંઈ ? (કોઈ અજ્ઞાની) સમજે નહીં (એટલે કહે :) 'લ્યો ! જ્ઞાનીને જ્ઞાન નહિ.' આ આવ્યુંને ? જુઓ !

ચારિત્ર, દર્શન, જ્ઞાન પણ વ્યવહાર-કથને જ્ઞાનીને;
ચારિત્ર નહિ, દર્શન નહીં, નહિ જ્ઞાન....

લ્યો ! **ण वि णाणं ण चरित्तं ण दंसणं....** ધર્મીને અથવા આત્માને આત્મામાં 'આ ત્રણ (દર્શન-જ્ઞાન-ચારિત્ર) નથી'—એમ કહે છે.

(એ) કઈ અપેક્ષાએ કહે છે ?

(સમાધાન :) અભેદ (આત્મ)વસ્તુ અખંડ છે એમાં એ ભેદ છે નહીં (અર્થાત્) અભેદદ્રષ્ટિમાં ભેદ દેખાતો નથી (અને) ભેદ દેખાય તો (દ્રષ્ટિમાં) અભેદ (દ્રવ્ય) રહેતું નથી. સમજાય છે કાંઈ ?

એક સમયમાં (–વર્તમાનમાં પણ) ભગવાન (આત્મા) જ્ઞાન, દર્શન, આનંદ આદિ (અનંત) ગુણસંપન્ન છે તેની અભેદદ્રષ્ટિ કરતાં.... (તેને) અભેદ—એકરૂપ જોતાં એમાં અનેકરૂપ કેમ દેખાય ? એમાં અનેકપણું છે ખરું.... છે, છતાં એકરૂપ જોતાં અનેકપણું દેખાય નહિ. માટે એકપણું દેખવાની અપેક્ષાએ.... દ્રષ્ટિના (વિષયરૂપ) અભેદની અપેક્ષાએ એમાં 'ભેદ છે જ નહીં'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? લ્યો ! એનો....

અન્વયાર્થ :—'જ્ઞાનીને' એટલે કે આત્માને એટલે કે ધર્મીને.... આત્માને ચારિત્ર, દર્શન, જ્ઞાન—એ ત્રણ ભાવ વ્યવહારથી કહેવામાં આવે છે.... ભાષા જુઓ ! વ્યવહાર છે.... વ્યવહાર તો, 'પરને વ્યવહાર કહીએ'—એમ કહે છે.... કહેશે આગળ (ભાવાર્થના બીજા પેરેગ્રાફમાં). વ્યવહાર તો, પરને વ્યવહાર કહીએ અને આ તો તમે કહો છો કે (દર્શન, જ્ઞાન, ચારિત્ર)—એ ત્રણને વ્યવહાર કહીએ, એટલે જાણે કે એનામાં (–આત્મામાં ગુણ) છે જ નહીં.... વ્યવહારથી કહેવામાં આવે છે.

નિશ્ચયથી.... ધર્મીને એટલે કે જ્ઞાનીને એટલે કે જ્ઞાનીની દ્રષ્ટિના વિષયમાં જ્ઞાન પણ નથી, ચારિત્ર પણ નથી અને દર્શન પણ નથી; જ્ઞાની તો એક શુદ્ધ

જ્ઞાયક જ છે.... ધર્મીની દ્રષ્ટિનો વિષય તો એકલો જ્ઞાયકભાવ છે. એમાં ત્રણ ભેદ છે જ નહિ.... ગુણભેદ એમાં છે નહિ—એમ કહે છે.

શ્રોતા : .... ઊંધું મારે છે....

પૂજ્ય ગુરૂદેવશ્રી : (અજ્ઞાની) ઊંધુ તો અનાદિથી મારતો (–કરતો) જ આવે છેને ! સવળું કરે તોય પોતે કરે છે ને અવળું કરે તોય પોતે કરે છે. એમાં ક્યાં કોઈ (બીજો) કરતું'તું એને ? કોઈ બીજો (સંસાર રોગ) મટાડી દે એને ?.... એણે કર્યું એ બીજો મટાડે ? કર્યું એણે ને મટાડે બીજો એટલે (–એનો અર્થ) શું ? સમજાણું કાંઈ ?

ઔષધ કોણ (–ક્યાં) મટાડે છે ? એ તો એને પોતાને (પર્યાયમાં) જ્યાં થાય છે ત્યાં મટે છે. ત્યાં મટે છેને ? જ્યાં થાય છે ત્યાં મટે છે કે બીજે મટે છે ? જ્યાં રોગ થાય છે ત્યાં રોગ મટે છે કે ઔષધમાં મટે છે કે પરમાં મટે છે ? આહાહા ! વીતરાગમાર્ગને જાણવો અલૌકિક વાત છે. સાધારણ કોઈ એક જ પડખેથી માની લે એવી ચીજ નથી. (એ તો) મહાજ્ઞાનનો દરિયો છે.... જ્ઞાનનો દરિયો છે. સમજાણું કાંઈ ?

વળી (કોઈ) કહે, 'ભેદે ય નથી જ્ઞાનીને, તો પછી જ્ઞાનીને આ રાગ થાય.... લડાઈ કરે એ શું ?'

(સમાધાન :) એ એનામાં છે જ ક્યાં ? એ તો એનો જાણનાર છે—એમ કહે છે અહીં તો. આહાહા !

ત્યારે (કોઈ) કહે છે કે 'એક કોર જ્ઞાનીને જ્ઞાયકભાવમાં ત્રણ (ગુણ)ભેદ (દેખાતા) નથી, તો એને વળી રાગ ને પુણ્ય ને પાપ ક્યાંથી લાવ્યા ?

(૧) જ્ઞાની લડવા જાય છે....

(૨) ૯૬ હજાર સ્ત્રીઓ ઘરે હોય છે....

(૩) ત્રણ જ્ઞાન એની પાસે હોય છે અને

(૪) રાગની વાસના થાય છે.

—એ જ્ઞાનીને (ગુણ)ભેદ નથી ને વળી આ રાગ ક્યાંથી આવ્યો એને ? તે (પણ) આટલો મોટો રાગ ? કે ૯૬ હજાર સ્ત્રીના વૃંદમાં વાસનાનો રાગ અને

લાખો માણસના વૃંદમાં હાથીના હોદ્દે બેઠો હોય ને ધડાકા ઊડતાં હોય બંદૂકના ધારાવાહી.'

(સમાધાન :) એ તો જડની પર્યાય છે. એ ક્યાં એને પોતે પોતાના અસ્તિત્વમાં જાણે છે ? રાગ થાય છે તેને પોતે જાણે છે કે 'એ મારામાં નથી.... હું તો એનો જાણનાર છું.' આહાહા !

મારા (ત્રિકાળી) અસ્તિત્વમાં એ રાગ નથી, પર્યાયના અસ્તિત્વમાં છે. (પણ) દ્રષ્ટિ દ્રવ્ય ઉપર છે માટે એ (રાગ) મારા અસ્તિત્વમાં નથી.... એ અપેક્ષાએ મારામાં નથી. સમજાણું કાંઈ ? મારી પર્યાયમાંય નથી એ (દ્રષ્ટિની) અપેક્ષાએ તો. અહીં તો પર્યાયમાં (રાગ) છે એટલું સિદ્ધ કરીને જ્ઞાન કરાવ્યું છે, પણ જ્યાં દ્રષ્ટિ થઈ સ્વભાવની.... સ્વભાવની દ્રષ્ટિ થઈ.... જ્ઞાયકની દ્રષ્ટિ થઈ એટલે દ્રવ્ય શુદ્ધ, ગુણ શુદ્ધ ને તેની પર્યાય શુદ્ધ છે.... તે તેના 'સત્'નું છે સત્ત્વ. અશુદ્ધ પર્યાય એના સત્ત્વમાં છે, છતાં તેને ગૌણ કરી.... તેને અશુદ્ધ–પર ગણીને, તેને વ્યવહાર ગણીને.... એની પર્યાયમાં 'નથી' એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ?

ટીકા :— સાતમી ગાથાની ટીકા. આ જ્ઞાયક આત્માને.... આ જ્ઞાયક.... જાણકસ્વરૂપ ભગવાન આત્માને.... 'જ્ઞાયક આત્મા'—એમ લીધું છેને ? જાણકસ્વભાવ એવા આત્માને....—એમ (કહે છે). જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી.... કર્મનો બંધ છેને ? એના બંધપર્યાયના નિમિત્તથી અશુદ્ધપણું તો દૂર રહો..... કહે છે કે એમાં અશુદ્ધપણું છે એ તો દૂર રહો. સમજાણું ? (જ્ઞાયક) એવો જે આત્મા છે એને અશુદ્ધપણું.... સંયોગના સંબંધથી થતું પોતામાં અશુદ્ધપણું એ તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી.... પણ જ્ઞાયકસ્વરૂપ જે એકરૂપ વસ્તુ છે એમાં દર્શન, જ્ઞાન ને ચારિત્રના ભેદ નથી.

(જ્ઞાયકમાં) અશુદ્ધપણું તો નથી.... (અસદ્ભૂત ઉપચાર અને અનુપચાર વ્યવહારનો નિષેધ). સમજાય છે ? 'પરનું જાણવું' એ પણ એનામાં નથી (સદ્ભૂત ઉપચાર વ્યવહારનો નિષેધ), પણ એનામાં.... જ્ઞાયક ચૈતન્ય વસ્તુની અભેદ દ્રષ્ટિ કરતાં આત્મામાં (એટલે કે) આત્માને.... જ્ઞાનીને જ્ઞાન, દર્શન,

ચારિત્રના ભેદ (પણ) છે જ નહીં.... (એ સદ્ભૂત અનુપચાર વ્યવહારનો નિષેધ).

અભેદમાં ભેદ છે જ નહિ. જેમ આત્મામાં અશુદ્ધતા.... પ્રમત્ત-અપ્રમત્ત(ના ભેદ) નથી અને પુણ્ય–પાપના ભાવપણે પરિણમતો નથી માટે અશુદ્ધતા નથી, એમ આત્માના જ્ઞાયકભાવમાં ત્રણ (ગુણ)ભેદ જ નથી.... અભેદની દ્રષ્ટિ કરતાં ભેદપણું છે જ નહિ અંદર. સમજાણું કાંઈ ?

એ તો દૂર રહો.... એમ છેને ? 'आस्तां'.... છેને ? आस्तां तावद्बन्धप्रत्ययात् ज्ञायकस्याशुद्धत्वं, दर्शनज्ञानचारित्राण्येव न विद्यन्ते.... ધર્મી જીવને અથવા આત્માને અથવા જ્ઞાનીને ત્રણ ભેદ જ નથી—દર્શન, જ્ઞાન, ચારિત્રના. કારણ કે દ્રષ્ટિ અભેદ ઉપર છે તેથી અભેદમાં ભેદ છે નહિ. ધર્મીની દ્રષ્ટિનો વિષય તો અભેદ છે, એમાં ભેદ નથી કે 'આ જ્ઞાન તે આત્મા, દર્શન તે આત્મા, ચારિત્ર તે આત્મા'—એવું એમાં (–દ્રષ્ટિમાં) છે જ નહિ. (બસ), 'આત્મા તે જ્ઞાયક'—એમ.... 'આત્મા તે જ્ઞાયક એકરૂપ'—એમ (દ્રષ્ટિમાં આવે છે). એમાં એ ત્રણ (ગુણ)ભેદ નથી. દ્રષ્ટિના વિષયમાં.... શુદ્ધનયના વિષયમાં.... નિશ્ચયનયના ધ્યેયમાં.... અભેદમાં ભેદ છે નહીં. સમજાણું કાંઈ ?

શ્રોતા : અશુદ્ધતા સિદ્ધ કરવા બહુ મહેનત કરી છે.
પૂજ્ય ગુરૂદેવશ્રી : કરી છેને આમાં.

પૂછ્યું છેને (શિષ્યે) કે અશુદ્ધ છેને આ (ત્રણ ભેદ) ?

(સમાધાન :) નથી.... એનામાં (ભેદ) છે જ નહીં. એકલો જ્ઞાયકભાવ છે ચૈતન્યમૂર્તિ પ્રભુ, એમાં (રાગાદિની) અશુદ્ધતા તો નથી, ભેદની અશુદ્ધતા પણ નથી—એમ કહે છે.

એણે (–શિષ્યે) પૂછ્યું હતું એમને (–આચાર્યદેવને) કે ત્રણથી અશુદ્ધતા આવે છેને ?

(ઉત્તર :) એ ભેદની અશુદ્ધતા અભેદમાં છે જ નહીં. એકલો (–એકરૂપ) જ્ઞાયક ચૈતન્ય ભગવાન (આત્માને) દ્રષ્ટિમાં લેતાં, એ આત્મા એવો (–ભેદ રહિત) છે.... જ્ઞાની એવો છે ને ધર્મી એવો છે. સમજાણું કાંઈ ? ઝીણી વાત છે આ આત્માની તો.

(અહીં) સદ્‌ભૂત અનુપચાર (વ્યવહાર)ને કાઢી નાખ્યો. છઠ્ઠી (ગાથા)માં ત્રણ (પ્રકારના વ્યવહાર) કાઢ્યા (–નિષેધ કર્યો હતો)....

(૧) અસદ્‌ભૂત ઉપચાર,
(૨) (અસદ્‌ભૂત) અનુપચાર,
(૩) સદ્‌ભૂત ઉપચાર (વ્યવહાર).

આ (ગાથામાં) સદ્‌ભૂત અનુપચાર (વ્યવહાર) કાઢી નાખ્યો (–નિષેધ કર્યો) કે 'જ્ઞાન તે આત્મા.... ગુણ તે ગુણી.... ગુણ તે ગુણી.... (નિર્મળ) પર્યાય તે આત્મા.' સમજાણું કાંઈ ? કહે છે કે, 'જ્ઞાન તે આત્મા.... દર્શન તે આત્મા....' એવા ભેદને લક્ષે અભેદદ્રષ્ટિ થતી નથી.... એવા ભેદને લક્ષે અભેદપણું એટલે કે આત્માની પ્રાપ્તિ થતી નથી, (પણ) ભેદના લક્ષે રાગની જ પ્રાપ્તિ થાય છે. સમજાણું કાંઈ ?

નિમિત્તની અપેક્ષાથી (–લક્ષથી) તો રાગની ઉત્પત્તિ થાય જ, પણ ભેદની અપેક્ષા લેવા (–લક્ષ કરવા) જાય ત્યાં (પણ) રાગની ઉત્પત્તિ થાય, (પરંતુ) આત્મા ઉત્પન્ન (–પ્રાપ્ત) ન થાય—એમ કહે છે (અને) એ તો અશુદ્ધતા ઉત્પન્ન થઈ. એકલો (–એકરૂપ) જ્ઞાયકભાવ અભેદ છે, એની દ્રષ્ટિમાં ભેદ છે જ નહિ.... ભેદનું લક્ષ જ નથી. ભેદનું લક્ષ હોય તો એ આત્મા (પ્રાપ્ત થતો) જ નથી, એ તો રાગ થયો.... એનાથી રાગની ઉત્પત્તિ થઈ. સમજાણું કાંઈ ?

આત્મા જ એને કહીએ (કે જેની દ્રષ્ટિથી) આત્મા(ની નિર્મળ દશા) ઉત્પન્ન થાય (અને એ તો) અભેદની દ્રષ્ટિએ આત્માની નિર્મળ પર્યાય ઉત્પન્ન થાય છે, ભેદને લક્ષે (નિર્મળ પર્યાય) થાય જ નહિ, (તેથી) એ (ભેદ) આત્મા જ નહીં. સમજાણું કાંઈ ? ઓહોહો ! જ્ઞાયકના દોરે જાય ત્યારે એને આત્મા પ્રાપ્ત થાય—એમ કહે છે, (પણ) ભેદના લક્ષે જાય તો એને આત્મા પ્રાપ્ત થાય નહિ. કારણ કે અભેદ આત્મામાં ભેદ છે નહિ—એમ કહે છે. આહાહા !

શ્રોતા : પ્રભુ ! આ બહુ ઊંડું વિચારે ત્યારે આ ખ્યાલમાં આવતું હશેને ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : એ સમજોને તમે ? આવું તો આવે છે કે નહીં એમાં ? એ જ કહું છું.... કહેવાય છેને ? ઊંડો એટલે એકરૂપ જ્ઞાયકમાં (દ્રષ્ટિ) જાય ત્યારે આત્મા હાથ આવે.

શ્રોતા : (આવું) બની શકે ખરૂં ?

પૂજ્ય ગુરૂદેવશ્રી : બની શકવાની તો વાત છે.... આ જ બની શકે છે. 'છે' એવો પ્રાપ્ત થવો એ જ બની શકે છે. ભેદ છે જ નહિ એમાં.... રાગ છે જ નહીં એમાં, (તેથી રાગ-ભેદના લક્ષે આત્મા) ક્યાંથી પ્રાપ્ત થાય ? (—એમ) કહે છે. સમજાણું કાંઈ ? આહાહા ! ભારે વાત !

આ જ્ઞાયક આત્માને બંધપર્યાયના નિમિત્તથી.... બંધના સંબંધ(વાળી) પર્યાય જે છે એનાથી અશુદ્ધપણું તો દૂર રહો, પણ એને દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી.... આ (અશુદ્ધપણું) તો નથી, આ (ભેદ) પણ વિદ્યમાન નથી—એમ (કહે છે). 'પણ' આવ્યુંને ? આ તો નથી.... અશુદ્ધપણું તો નથી, પણ દર્શન, જ્ઞાન, ચારિત્ર પણ વિદ્યમાન નથી.

છેને ? दर्शनज्ञानचारित्राण्येव.... (દર્શન, જ્ઞાન,) ચારિત્ર પણ 'न विद्यन्ते'.... એમ છેને અંદર ? 'चारित्राण्येव'... —એ પણ નથી. અશુદ્ધતા તો નથી, ત્રણ ભેદ પણ નથી. 'એ ત્રણેય નથી' એનો અર્થ (કે) એક(રૂપ) વસ્તુની દ્રષ્ટિમાં ત્રણ (ભેદ દેખાતાં) નથી એટલે એ ત્રણે આત્માને નથી, આત્મા તો એકરૂપ છે—એમ કહે છે. આ, એની (-એકરૂપ આત્માની) દ્રષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન કહેવામાં આવે છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૨
## ગાથા - ૭
## સંવત ૨૦૨૪, આસો સુદ ૧૦, મંગળવાર, તા. ૧-૧૦-'૬૮

સાતમી ગાથા. જીવ-અજીવ અધિકાર.

દેખો, ટીકા ફિરસે. ક્યા કહતે હૈં પહલે, સાતવીં ગાથામેં ?

इस ज्ञायक आत्माको बंधपर्यायके निमित्तसे अशुद्धता तो दूर रहो....

વહ છઠ્ઠી ગાથામેં કહા ન ? યહ આત્મા જો હૈ (વહ) શુદ્ધ આનંદસ્વરૂપ, જ્ઞાયકસ્વરૂપ વસ્તુ હૈ. ઉસકી પર્યાયમેં.... અવસ્થામેં કર્મકે નિમિત્તસે અશુદ્ધતા હૈ વહ તો દૂર રહો, ક્યોં કિ અશુદ્ધતા ઉસકા (–આત્માક) સ્વભાવ નહિ હૈ. તો અશુદ્ધતાકો દ્રવ્યમેંસે, દ્રવ્યદ્રષ્ટિ કરાકર, નિકાલ દિયા. જો પુણ્ય-પાપ.... કામ -ક્રોધ.... પ્રમત્ત-અપ્રમત્ત.... આદિ ભાવ હૈં યહ વ્યવહારનયકા વિષય હૈ, તો ઉસકો નિકાલ દિયા. '(અશુદ્ધતા કો) છોડ દો, વહ તેરી ચીજ નહિ.... તેરી મૂલ ચીજમેં વહ હૈ નહિ.'

તો કહતે હૈં, इस ज्ञायक आत्माको बंधपर्यायके निमित्तसे अशुद्धता तो दूर रहो.... ઉસકી બાત તો છોડ દી. किन्तु उसके दर्शन, ज्ञान, चारित्र भी विद्यमान नहीं हैं.... —વહ જરી સૂક્ષ્મ બાત હૈ. જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ આત્મા હૈ ઉસમેં તીન પ્રકારકે (–દર્શન, જ્ઞાન, ચારિત્રકે) ભેદ નહીં. સમજમેં આયા ? વસ્તુ જો હૈ જ્ઞાયક ચૈતન્ય દ્રવ્યસ્વભાવ (અર્થાત્) સત્.. સત્.. સત્કા સત્ત્વ—સ્વરૂપ એકરૂપ આત્મા હૈ ઉસમેં 'યહ દર્શન હૈ.... યહ જ્ઞાન હૈ.... યહ ચારિત્ર હૈ....' —ઐસા ભેદ ભી અભેદ એકરૂપ (આત્મ)વસ્તુમેં હૈ નહીં. ક્યોં કિ ભેદ કરનેસે.... (એકરૂપ) વસ્તુમેં ભેદ નહીં (ઔર) ભેદ કરનેસે રાગ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ?

ઓહોહો ! શુભ-અશુભભાવ ઔર ગુણસ્થાનભેદ.... (યહ સબ), જો દ્રષ્ટિકા વિષય (આત્મ)દ્રવ્ય હૈ ઉસમેં હૈ નહીં. દ્રષ્ટિકા વિષય જ્ઞાયકભાવ—કિ જો અભેદ ચીજ હૈ ઉસમેં 'જ્ઞાન-દર્શન-ચારિત્ર (અર્થાત્) જાનાતિ જ્ઞાનં, શ્રદ્ધે તે સમકિત, સ્થિરતા વહ ચારિત્ર'....—ઐસા તીન પ્રકાર(કા ભેદ) ભી વસ્તુકે એકરૂપમેં હૈ નહીં. સમજમેં આયા ?

**उसके दर्शन, ज्ञान, चारित्र भी विद्यमान नहीं हैं.... 'विद्यमान नहीं'**કા અર્થ 'હૈ હી નહીં'—ઐસા (કહતે હૈ). સમજમેં આયા ? ભગવાન જ્ઞાયક ચૈતન્ય એકરૂપ વસ્તુ હૈ ઉસમેં તીન ભેદ વિદ્યમાન નહીં હૈ—ઐસા કહતે હૈ યહાં તો. તીન (ભેદ) હૈ હી નહિ.... **'नहीं हैं'** ઉસકા અર્થ ? કે એકરૂપ (વસ્તુ)મેં.... અભેદમેં તીન (ભેદ) નહીં. અમરચંદભાઈ ! આહાહા ! સમ્યગ્દર્શનકા જો વિષય હૈ અભેદ એકરૂપ, ઉસ ઉપર દ્રષ્ટિ દેનેસે હી સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા ?

ઐસા જો દ્રવ્યસ્વભાવ હૈ.... કહતે હૈં કિ, (ઉસમેં) તીન (ભેદ) વિદ્યમાન નહીં.... તીન (ભેદ) ઉસમેં હૈ હી નહીં—ઐસા (કહતે હૈ). કહો, ભીખાભાઈ ! દર્શન, જ્ઞાન ને ચારિત્ર (ઐસે ભેદ) નહીં. સુનનેકા વિકલ્પ તો નહીં.... સુનના ઉસમેં નહીં, પણ વસ્તુ એકરૂપ ચિદાનંદ ભગવાન જ્ઞાયકભાવ હૈ (વહ) એક(રૂપ)મેં તીન (ભેદ) કહાંસે આયે ? યહાં યૂં (—ઐસે) કહતે હૈં.

એક(રૂપ)મેં તીન (ભેદ) હૈ નહીં. **'विद्यमान नहीं'....** —એમ છેને પાઠ ? દેખોને ! **'....चारित्राण्येव न विद्यन्ते'....** સંસ્કૃત (ટીકામાં) છે. સમજાય છે કાંઈ ?

(તીન ભેદ) ક્યોં (નહિ) ? કારણ શું ? કારણ ક્યા હૈ ?

(સમાધાન :)

(૧) ભગવાન આત્મા.... છઠ્ઠી ગાથામેં તો (કહા કિ) પુણ્ય-પાપકા પરિણમન હી નહિ દ્રવ્યકો, તો ઉસમેં પ્રમત્ત-અપ્રમત્ત ભાવ ભી નહિ દ્રવ્યમેં (-અસદ્ભૂત ઉપચાર અને અનુપચાર વ્યવહારનો નિષેધ) ઔર 'જ્ઞાનકી પર્યાય પરકો જાનતી હૈ'—ઇતની ભી અપેક્ષા ઉસમેં નહિ. (સદ્ભૂત ઉપચાર વ્યવહારનો નિષેધ). વહ તો જ્ઞાન, જ્ઞાનકો જાનતા હૈ. ઠીક. (ઉતના) વહાં (છઠ્ઠવી ગાથામેં) લે લિયા.

(૨) હવે (-અબ), યહાં (સાતવી ગાથામેં) કહતે હૈં કિ યહાં (-દ્રવ્યમેં) ભેદ હૈ કિ નહીં ? કિ 'આ પર્યાય તે દ્રવ્યમાં' અથવા 'દ્રવ્યમેં યહ પર્યાય' અથવા 'દ્રવ્યમેં વહ જ્ઞાન.... દ્રવ્યમેં વહ દર્શન.... દ્રવ્યમેં વહ ચારિત્ર....' —ઐસા તો હૈ કિ નહીં ?

(યહાં કહતે હૈ) નહીં,.... દ્રવ્યમેં તીન ભેદ હી નહિ. સમજમેં આયા ? ચૈતન્ય જ્ઞાયકભાવ એકરૂપમેં તીન ભાવ (–ભેદ) હૈ હી નહીં અને (જો) તીન ભાવ (–ભેદ) જહાં કરને જાયે તો એકરૂપ (દ્રવ્ય)કી દ્રષ્ટિ રહતી નહીં. સમજમેં આયા ? એકરૂપ (દ્રવ્ય)કી દ્રષ્ટિ કરનેમેં તીન ભેદ લક્ષમેં આતે નહીં. સમજમેં આયા ?

કેટલાક તો (આ વાંચીને/સાંભળીને) કહે છે કે, 'લ્યો ! જ્ઞાનીકો જ્ઞાન-દર્શન-ચારિત્ર નહીં, તબ ક્યા (વે) જડ હૈં ?'.... વળી એમ કહે છે. (કેમ કે) અહીં તો કીધુંને (કે) જ્ઞાનીને જ્ઞાન, દર્શન, ચારિત્ર છે નહીં. સમજાય છે કાંઈ ?

કહતે હૈં, **क्योंकि अनन्त धर्मोंवाले एक धर्मीमें....** દેખો ! ભગવાન આત્મા અનંત ધર્મવાલા.... જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ અનંત ધર્મવાલા હૈ, પણ એક(રૂપ) ધર્મી હૈ.... વસ્તુ એક(રૂપ) હૈ. **अनन्त धर्मोंवाले एक धर्मीमें जो निष्णात नहीं हैं....** જિસે ઉસકા ખ્યાલ નહિ હૈ..... ઉસકા જ્ઞાન નહિ હૈ.... અનંત ધર્મવાલા એક(રૂપ) દ્રવ્ય આત્મા.... અનંત ધર્મવાલા હૈ ઐસા જો એક(રૂપ) દ્રવ્ય—ધર્મી.... **'धर्मी'** કહો કે અનંત ધર્મવાલા દ્રવ્ય કહો, (એક હી બાત હૈ).

એક(રૂપ) દ્રવ્યમેં જો નિષ્ણાત નહીં.... જો શિષ્ય ઉસમેં નિપુણ નહીં (અર્થાત્) જો શિષ્યકો અનંત ધર્મકો ધરનેવાલા એકરૂપ ભગવાન આત્મા હૈ ઉસકા જ્ઞાન નહીં.... નિપુણતા નહીં.... વિચક્ષણતા નહીં.... જાનપના નહીં **ऐसे निकटवर्ती शिष्योंको....** (જો શિષ્ય ગુરુકે) સમીપમેં (એકરૂપ આત્માકો) જાનનેકે (લિયે) આયા હૈ ઉસકો.... સમજમેં આયા ?

(ગુરુકે) સમીપમેં (આત્માકો) જાનનેકે (લિયે).... (આત્માકો જાનનેકી) ઇચ્છા કરનેવાલા (શિષ્ય આયા) કિ 'મેરા આત્મા ક્યા (–કૈસા) હૈ મહારાજ ?' સમજમેં આયા ? (ઉસકા અર્થ યહ હૈ કિ) આત્માકો.... એકરૂપ વસ્તુ(કો) તો વહ (શિષ્ય) જાનતા નહીં.... અભેદ ચીજ ક્યા હૈ વહ તો જાનતા નહીં, (યદિ) જાનતા હો તો પૂછને આયે નહીં. સમજમેં આયા ?

એકરૂપ ચૈતન્ય ભગવાન જ્ઞાયકભાવ.... દ્રવ્યભાવ.... ધ્રુવભાવ હૈ ઉસકો જો જાનતા નહીં ઔર હૈ નિકટવર્તી શિષ્ય.... '**निकटवर्ती**'કા અર્થ (સમજનેકે લિયે

શિષ્ય) ક્ષેત્રસે સમીપમેં આયા હૈ.... દૂર(વાલે)કો સમજાને(કે લિયે આચાર્યદેવ) જાતે નહીં. સમજમેં આયા ?

'निकटवर्ती' (અર્થાત્)....

(૧) નજદીકમેં સમજનેકો આયા હૈ.... ક્ષેત્રસે નજદીક ઔર
(૨) અંદર યોગ્યતા ભી નજદીક (–અલ્પ કાલમેં) સમજને કી હૈ.

પાઠમેં (–સંસ્કૃત ટીકામેં) 'अन्तेवासि' કહાં ન ? ....

(૧) ક્ષેત્રસે નિકટમેં હૈ ઔર
(૨) ભાવ(સે નિકટ).... સમજનેકી લાયકાત ભી નિકટ હૈ ઉસકી.

સમજે ? સમજમેં આયા ?

ઐસે शिष्योंको.... એટલે ક્યા (કહના હૈ) ?

(આચાર્યદેવ કહતે હૈ કિ) 'કોઈ અજ્ઞાની (હમારે પાસ) સમજને કે (લિયે) આતા નહીં હૈ ઉસકો તો હમ ભેદસે સમજાતે નહીં હૈ, ક્યોંકિ ઉસકો સમજના હી નહીં હૈ. પણ જિસકો આત્મા ક્યા હૈ ? યહ ચીજ ક્યા હૈ આત્મા ? જિસકા અનુભવ કરનેસે અપનેકો ધર્મકા લાભ.... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રકા લાભ મિલે ઐસા આત્મા ક્યા (–કૈસા) હૈ ? (ઐસી જિજ્ઞાસા હૈ તો ઐસે શિષ્યકો હમ સમજાતે હૈ).'

ઐસા દ્રવ્યરૂપ આત્મા.... એકરૂપ આત્મા જિસકો ખ્યાલમેં નહીં ઐસે નિકટવર્તી શિષ્યકો धर्मीको बतलानेवाले कितने ही धर्मोंके.... દેખો ! 'धर्मी' નામ દ્રવ્ય.... 'धर्मी' નામ વસ્તુ.... અનંત ધર્મ ધરનેવાલા પદાર્થ. धर्मीको बतलानेवाले.... 'धर्मी' નામ દ્રવ્ય.... અનંત ધર્મરૂપ એક દ્રવ્ય. ઐસે દ્રવ્યકો बतलानेवाले कितने ही धर्मोंके द्वारा.... લ્યો ! અહીં તો બધા (ગુણ માટે) 'ધર્મ' શબ્દ વાપર્યો છે (કેમ કે) ધારી રાખે છેને ? જ્ઞાન, દર્શન, ચારિત્ર (ગુણ)ને (માટે) અહીંયા તો 'ધર્મ' શબ્દ વાપર્યો છે, કારણ કે ધારી રાખ્યા છેને ?.... એમાં છેને ?.... ઉસમેં હૈન ?.... ભેદ ઉસમેં હૈન ? સમજમેં આયા ?

પહલે (છઠવીં ગાથાકે ભાવાર્થમેં) યહ કહા થા ન ? કિ અશુદ્ધપર્યાય વહ ભી જીવકે સત્ત્વમેં હૈ.... જીવકા સત્ત્વ હૈ. (—ઐસા) ભી કહા થા. (ફિર દ્રવ્યદ્રષ્ટિ કરાનેકો) નિકાલ દિયા હૈ કિ અશુદ્ધપર્યાય તેરી ચીજ નહીં, તેરી (–તુજે) દ્રષ્ટિમેં લેને લાયક નહીં. પણ 'અશુદ્ધતા'કો કોઈ સર્વથા અસત્યાર્થ કહે કિ 'ઉસકી પર્યાયમેં અશુદ્ધતા હૈ હી નહીં'.... તો યહ બાત જૂઠ હૈ.

અશુદ્ધતા....

(૧) ઉસકી પર્યાયમેં હૈ....

(૨) ઉસકા ધર્મ હૈ....

(૩) ઉસકે સત્‌કા સત્ત્વ હૈ....

(૪) ઉસકે અસ્તિત્વમેં હૈં. સમજમેં આયા ?

ફક્ત ફેર કિતના હૈ ?

કિ (અશુદ્ધતા) સંયોગકે લક્ષસે (પર્યાયમેં) ઉત્પન્ન હુઈ હૈ, ઇતના ફેર હૈ. સમજમેં આયા ? હૈ તો આત્માકે સત્ત્વમેં.... પર્યાયકે સત્ત્વમેં.... પર્યાયકે ભાવમેં વહ અશુદ્ધતા હૈ. પણ દ્રષ્ટિકા વિષય બતાનેમેં.... દ્રવ્ય(દ્રષ્ટિ)કા વિષય જહાં બતાના હૈ તો 'અશુદ્ધતા તેરેમેં હૈ હી નહીં.... અશુદ્ધતા વિદ્યમાન હૈ હી નહીં.... અશુદ્ધતા વિદ્યમાન હૈ હી નહીં' (—ઐસા કહનેમેં આતા હૈ). દ્રવ્યમેં (અશુદ્ધતા) હૈ નહીં વહ અપેક્ષાસે વિદ્યમાન નહીં, (લેકિન) પર્યાયમેં હૈ. સમજમેં આયા ?

હવે (–અબ) દૂસરી બાત. તેરે દ્રવ્યમેં દર્શન, જ્ઞાન, ચારિત્ર ભી નહીં.... ઓ..હો ! સમજમેં આયા ?

ત્યારે (કોઈ) કહે કિ 'આપ સમજાતે હૈં ન શિષ્યકો તીન ભેદસે ?'

(સમાધાન :) ક્યા કરે (ઔર કોઈ ઉપાય નહિ). સુન તો સહી ! જો દ્રવ્યકો.... અખંડ જ્ઞાયક ભગવાન.... શુદ્ધ સચ્ચિદાનંદ પ્રભુ.... ચૈતન્ય પરમેશ્વર.... એકરૂપ ભગવાન આત્મા હૈ ઉસકો જો જાનતે નહીં, નિષ્ણાત નહીં, જિસકી સમજમેં 'આત્મા ક્યા હૈ' વહ બાત આયી નહીં તો આચાર્યોને શિષ્યોંકો, ઐસે धर्मीको बतलानेवाले कितने ही ધર્મોંસે.... ધર્મ દ્વારા ધર્મીકો બતાયા હૈ. સમજમેં આયા ? આહાહા !

धर्मींको बतलानेवाले कितने ही धर्मोंके .... સબ ધર્મોંકો કહાઁસે બતાવે ? સમજે ? ખાસ-ખાસ.... ઉસકે જો ધર્મ હૈં ખાસ-ખાસ.... યું (-ઐસા કહના હૈ). धर्मींको बतलानेवाले कितने ही.... कितने ही धर्मोंके द्वारा, उपदेश करते हुए आचार्योंका.... જો આચાર્ય, શિષ્યકો ઉપદેશ કરતે હૈ ઉનકી બાત હૈ. જો આચાર્ય ધ્યાનમેં હૈં.... અપને અનુભવમેં (-શુદ્ધોપયોગમેં) હૈં ઉનકી તો બાત હૈ નહીં. જો આચાર્ય ધ્યાનમેં નહીં હૈ ઔર સમજનેવાલા નિકટમેં આયા હૈ, તો શિષ્યકો સમજાનેકા આચાર્યકો વિકલ્પ આયા હૈ.... સમજમેં આયા ?—ઐસા કહતે હૈં.

धर्मोंके द्वारा, उपदेश करते हुए आचार्योंका.... જિસ (આચાર્યદેવ)કો નિકટવર્તી શિષ્યકો સમજાનેકા.... ઉપદેશ (દેનેકા વિકલ્પ) હૈ ઐસે ઉપદેશ કરનેવાલે.... 'करते हुए'.... લ્યો ! દેવાનુપ્રિયા ! 'उपदेश करते हुए'.... કહા.

(આત્મા) ઉપદેશ કરી શકે છેને ? લખ્યું છે કે નહીં ? ક્યા હૈ ? દેખો ! શું (કહ્યું છે) ? धर्मिण्यनिष्णातस्य.... तदवबोधविधायि.... લ્યો ! अनुशासतां सूरिणां धर्मधर्मिणोः.... व्यपदेशतो....

લ્યો ! ક્યાં આવ્યું એ ? (-'करते हुए'.... શબ્દ માટે સંસ્કૃત ટીકામાં શબ્દ ક્યાં—ક્યો છે ?) ह्यनन्तधर्मण्येकस्मिन् धर्मिण्यनिष्णात- स्यान्तेवासिजनस्य तदवबोध.... એ.... अवबोध... अनुशासतां.... શિખામણ આપતાં.... લ્યો ! કહો, સમજાણું કાંઈ ? 'इति उपदेशः...'(વાક્યનો) છેલ્લો (શબ્દ) છે.... 'ज्ञानं चारित्रमित्युपदेशः'.... એ ચોથી લીટીમાં છે. જુઓ ! છે.... બરાબર.

લ્યો ! 'उपदेशः'.... પણ 'उपदेशः'.... એટલું કહ્યું. चारित्रमित्युपदेशः... પણ એનો અર્થ થયોને કે ઉપદેશ કરનેવાલે.... શિખામણ આપનેવાલે (-દેનેવાલે)—એમ (કહેવું છે). (કારણ કે ઉપદેશ) આપે છેને ? કરે છેને ? 'કરે છે'.... ('करते हुए')—એમ છેને શબ્દ ? અહીં 'કરે છે'.... ('करते हुए') એ શબ્દ ઉપર (વિચાર આવ્યો)..... યહ તો કથન (-કહનેમેં) આતા હૈ. જબ વિકલ્પ હૈ સમજાનેકા (ઔર) શિષ્ય (ગુરુકે પાસ) આયા તો પૂછતા હૈ કિ 'મહારાજ ! શુદ્ધ આત્મા કિસકો કહતે હૈં ?' છઠ્ઠી (ગાથા)મેં પૂછા હૈન ?

છઠ્ઠી (ગાથા)મેં વહ પૂછા હૈ કિ 'શુદ્ધ' કિસકો કહતે હૈ ?

(સમાધાન :) 'શુદ્ધ' ઉસકો કહતે હૈં કિ શુભાશુભ પરિણમનસે રહિત, પ્રમત્ત-અપ્રમત્તસે રહિત અપના જ્ઞાયકભાવ હૈ ઉસકી.... પરસે લક્ષ છોડકર અપના શુદ્ધસ્વભાવ હૈ ઉસકી સેવા કરનેવાલેકો પર્યાયમેં 'આ શુદ્ધ દ્રવ્ય હૈ' —ઐસા ભાસ.... અનુભવ હોતા હૈ (ઔર) ઉસકો 'શુદ્ધ' કહનેમેં આયા.

તો અબ વહ 'શુદ્ધ'મેં ભેદ હૈ કિ નહીં, વહ બાત યહાં બતાતે હૈ. સમજમેં આયા ? જો (-યદિ) પર્યાયમેં શુદ્ધ (આત્મા) અનુભવમેં આયા કિ, 'આ (આત્મા) શુદ્ધ હૈ' (તો વહ) 'શુદ્ધ' (હૈ—ઐસા કહનેમેં આયા).

તો વહ 'શુદ્ધ'મેં ભેદ હૈ કિ નહીં ?

(સમાધાન :) કિ ભેદ હૈ હી નહીં.

શિષ્ય સમજનેકે લાયક હૈ, પણ સમજા હૈ નહીં. ઉસકો આચાર્ય कितने ही धर्मोंके द्वारा, उपदेश करते हुए.... 'अनुशासतां'.... આવ્યું લ્યો ! 'कैश्चिद्धर्मैस्तमनुशासतां सूरिणां'.... શિખામણ દેનેકા વિકલ્પ જિસકો હૈ ઔર ઉપદેશ કરનેકી ભાષા આયી હૈ ઐસે સૂરિયોંને.... आचार्योंका—यद्यपि धर्म और धर्मीका स्वभावसे अभेद है.... ભગવાન આત્મા....

'धर्मी' નામ દ્રવ્ય અને

'धर्म' નામ જ્ઞાન, દર્શન આદિ ધર્મ.... ગુણ.

વસ્તુ (-ધર્મી ઔર ધર્મ) તો અભેદ હૈ.... જ્ઞાન(ગુણ)કા કોઈ પ્રદેશ ભિન્ન હૈ ઔર આત્મદ્રવ્યકા પ્રદેશ ભિન્ન હૈ.... જ્ઞાન(ગુણ)કા ક્ષેત્ર ભિન્ન હૈ ને આત્માકા ક્ષેત્ર ભિન્ન હૈ—ઐસા તો હૈ નહીં. સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ !

કહતે હૈં, ધર્મોંકે દ્વારા.... धर्म और धर्मीका स्वभावसे अभेद है.... ભગવાન આત્મા ચૈતન્યસ્વભાવ.... અનેક ગુણસ્વભાવ સ્વરૂપ ઐસા ધર્મી આત્મા હૈ વહ ધર્મસે તો અભિન્ન હૈ. દ્રવ્ય અપને ગુણસે ઔર પર્યાયસે તો અભિન્ન હૈ, ભિન્ન હૈ નહીં.

तथापि.... ઐસા હોને પર ભી નિકટવર્તી શિષ્યકો સમજાનેકે (લિયે) नामसे भेद करके.... દેખો ! સમજમેં આયા ? નામથી....

'व्यपदेशतो' (શબ્દ) છેને ? 'व्यपदेश' શબ્દ પડ્યો છેને ? 'व्यपदेशतो भेदमुत्पाद्य व्यवहारमात्र....' બે શબ્દ પડ્યા છે. ઓહોહો ! નામસે ભેદ હૈ, વસ્તુમેં ભેદ હૈ નહીં. વસ્તુ તો જ્ઞાયકમૂર્તિ અખંડ જ્ઞાન, આનંદકા પિંડ-કંદ હૈ (ઔર) ઐસી દ્રષ્ટિ કરાના હૈ, પણ વહ (શિષ્ય) સમજતા નહીં હૈ એક(રૂપ) દ્રવ્યકો. તો દ્રવ્યકે અનંત ધર્મોમેંસે કિતને (હી) ધર્મો.... કિતને (હી) ખાસ-ખાસ ધર્મો(સે આત્માકો સમજાતે હૈ)....

(આ ગાથાની ટીકામાં) અગ્નિનો દાખલો આપ્યો છેને જયસેન આચાર્યે ? કે ભઈ ! અગ્નિને સમજાવવી હોય તો.... અગ્નિ તો અગ્નિરૂપ છે, પણ ઉસકો તીન પ્રકારસે સમજાતે હૈં—

(૧) <u>પાચક</u> તે અગ્નિ,
(૨) <u>દાહક</u> તે અગ્નિ,
(૩) <u>પ્રકાશક</u> તે અગ્નિ.

—એમ ત્રણ પ્રકાર લીધા છેને ? જયસેન આચાર્યે લીધા છે. અગ્નિને બતાવવા હોં.... હૈ તો અગ્નિ અગ્નિરૂપ, તીન ભેદ ઉસમેં નહીં. પણ અગ્નિકો બતાના હો.... દૂસરેસે ભિન્ન બતાકર અગ્નિકા લક્ષ કરાના હો તો કહે કિ....

(૧) <u>પાચક</u>.... અનાજકો પકાવે વહ પાચક અગ્નિ,
(૨) <u>દાહક</u>.... લકડીકો જલા દે વહ (દાહક) અગ્નિ ઔર
(૩) <u>પ્રકાશક</u>.... સ્વ ઔર પરકો પ્રકાશે વહ પ્રકાશક (અગ્નિ).

—યહ અગ્નિ.... યહ તીન પ્રકારસે અગ્નિકો બતાયા.

અગ્નિ તો અગ્નિરૂપ હૈ, ઉસમેં તીન પ્રકારકા ભેદ (નહીં). અગ્નિમેં ભેદ કહાં આયા (-હૈ) ? સમજમેં આયા ? પણ જો અગ્નિકો નહીં સમજતે હૈ ઉસકો (કહતે હૈં કિ) દેખો !....

(૧) જલાતી હૈન....
(૨) પાચન કરતી (-પકાતી) હૈન.... ઔર
(૩) દાહક હૈન....

—વહ અગ્નિ.

(—ઐસી બાત સુનકર સુનનેવાલા કહેતા હૈ :) 'હૅં (ઐસી અગ્નિ) ! હા.... (સહી હૈ)'

ઐસે ભગવાન આત્મા.... અગ્નિકે સ્થાનમેં આત્મા ઔર (અગ્નિકે) તીન ગુણકે સ્થાનમેં જ્ઞાન, દર્શન ને ચારિત્ર. સમજમેં આયા ?

**नामसे भेद करके—व्यवहारमात्रसे ही....** પાછું 'ही' (કહ્યું છે).... **व्यवहारमात्रसे ही.... भेद करके—व्यवहारमात्रसे ही ऐसा उपदेश है कि ज्ञानीके दर्शन है....** લ્યો ! દેખો ! કિ 'શ્રદ્ધા કરતા હૈ વહ આત્મા....' શ્રદ્ધા—વિશ્વાસ....

શ્રદ્ધા કૌન કરતા હૈ ? રાગ કરતા હૈ ? શરીર કરતા હૈ ?
(નહીં). તો....

(૧) શ્રદ્ધા કરતા હૈ વહ આત્મા.
(૨) જ્ઞાનપ્રકાશ કરતા હૈ.... જ્ઞાનપ્રકાશ કરતા હૈ વહ આત્મા ઔર અંદર
(૩) સ્થિરતા (-ચારિત્ર) કરતા હૈ.... રમણતા કરતા હૈ વહ આત્મા.

જૈસે અગ્નિમેં તીન બોલ આયે ન ?

(૧) પ્રકાશક.... વહ જ્ઞાનકે સ્થાનમેં હૈ, સમજમેં આયા ?
(૨) દાહક.... (વહ) ચારિત્રકે સ્થાનમેં હૈ (ઔર)
(૩) પાચક.... (વહ) શ્રદ્ધાકે સ્થાનમેં હૈ.

(૧) (દર્શન) શ્રદ્ધા.... સારે આત્માકી પ્રતીતિ કરે વહ દર્શન.
(૨) જ્ઞાન.... અપનેકો ઔર પરકો પ્રકાશે સો જ્ઞાન ઔર
(૩) (ચારિત્ર).... સ્વરૂપમેં સ્થિર રહકર રાગકો જલા દે ઐસા ચારિત્ર.

—ઐસા ભેદ કરકે બતાયા કિ 'વહ આત્મા....' સમજમેં આયા ? સૂક્ષ્મ બાત હૈ.

(દ્રષ્ટાંત :) જૈસે અગ્નિકો.... અગ્નિ તો અગ્નિરૂપ.... એકરૂપ હૈ, પણ ઉસકો નહીં જાનતે હો ઉસે (કહતે હૈં કિ) દેખ ભઈ ! પાચન કરતી હૈ.... દહન કરે.... વહ અગ્નિ.

(સિદ્ધાંત :) ઐસે આત્મા એકરૂપ દ્રવ્ય હૈ ધર્મી, ઉસકો નહીં જાનનેવાલેકો તીન બોલસે.... कितने ही धर्मों.... 'कितने ही धर्मों'.... કહેતાં (જ્ઞાન, દર્શન આદિ) ખાસ (ધર્મો). હૈ તો ઉસમેં (–આત્મામેં) અનંત ધર્મ અસ્તિત્વ આદિ, (પણ) ઉસકી યહાં (બાત હૈ નહીં). ઉસસે વહ સમજાનેમેં આતા નહીં બરાબર (–યથાર્થ), ક્યોંકિ અસ્તિત્વ દૂસરે (દ્રવ્ય)મેં ભી હૈ. (ઇસલિયે) યહાં (કહતે હૈં), જાને.... પ્રકાશ કરે વહ આત્મા, શ્રદ્ધા કરે વહ આત્મા. પહલે વહ લિયા હૈ.... પહલે દર્શન લિયા હૈ.

શ્રદ્ધા.... 'આત્મા પરિપૂર્ણ શુદ્ધ ચૈતન્ય અખંડ હૈ' (—ઐસી) શ્રદ્ધા કરતા હૈ વહ આત્મા. (પણ) 'શ્રદ્ધા કરતા હૈ આત્મા ?'—વહ ભેદ હો ગયા. સમજમેં આયા ? ઔર 'જ્ઞાન વહ આત્મા'.... (આત્મા) જાનતા હૈન ?.... જાનતા હૈન ? જિસકે અસ્તિત્વમેં જાનપના હૈ.... જિસકે અસ્તિત્વમેં જાનપના હૈ (વહ આત્મા અર્થાત્) 'જ્ઞાન વહ આત્મા'.... (વહ તો ભેદ હો ગયા. આત્મા) તો અભેદ હૈ, પણ નામમાત્રસે ભેદ પાડકર (–કરકે) વ્યવહારસે શિષ્યકો.... જો નહીં સમજતા હૈ ઉસકો સમજાતે હૈં.

(કોઈ કહતા હૈ :) તો દેખો ! ભેદસે અભેદ સમજમેં આયા કિ નહીં ?...... દેખો ! ભેદસે અભેદ સમજાતે હૈં, (ઇસલિયે) ભેદકી જરૂર હૈ.... વ્યવહારસે નિશ્ચય આતા (–હોતા) હૈ. અમરચંદભાઈ !

(સમાધાન :) યહ તો કહતે હૈ ભૈયા ! (કિ) ભેદ સમજાતા હૈં અભેદકો,.... સમજે ? (લેકિન) ભેદમેં રહના નહીં. આહાહા ! 'વહ ચીજ ઐસી હૈ.... વહ ચીજ ઐસી હૈ'.... ઐસા ભેદ પાડકર (–કરકે) અભેદકો દિખાતે હૈં. કિતને (હી) ધર્મોસે, બતાનેવાલા ઉપદેશક, ધર્મીકો (–દ્રવ્યકો) બતાતે હૈં (કિ) 'વહ ધર્મી.... દ્રવ્ય હૈ.' સમજમેં આયા ?

ज्ञानीके दर्शन है.... 'ज्ञानी' નામ આત્મા. 'ज्ञानीके' એટલે કે આત્માકો दर्शन है, ज्ञान है, चारित्र है.... યહ તીન ભેદ, અભેદમેં नामसे भेद करके.... કથનસે ભેદ કરકે.... જુઓ ! અહીં તો વ્યવહારનો (અર્થ) 'કથન' આવ્યું. 'પંચાધ્યાયી'માં તો 'કથનમાત્ર વ્યવહાર'—એમ લે છેને ભાઈ ? 'કથનમાત્ર વ્યવહાર.... કથનમાત્ર વ્યવહાર'—એમ બહુ લે છે એમાં 'પંચાધ્યાયી'(માં). એ આમાં આવ્યું.... જુઓને ! (અહીં) આવ્યુંને ? 'नामसे भेद.... नामसे भेद'.... કથન (માને) નામ હૈ.... કથનસે ભેદ હૈ (ઔર) કથન હૈ વહ વ્યવહાર હૈ—એમ કહતે હૈં.

ત્યાં 'કળશટીકા'મેં ભી યહ લેતે હૈં. સમજાય છે કાંઈ ? લીધું છેને એમાં ? આમાં (–'સમયસાર'ના પાંચમા) કળશ(નો અર્થ છે તેમાં આ શબ્દો) નથી.... આમાં (–'સમયસાર'માં કળશ છે તેમાં આ શબ્દો) નથી. બીજો (–બીજું શાસ્ત્ર) 'કળશ(ટીકા)' છે એમાં લીધું છેને ? છે એમાં (–કળશટીકામાં). 'વ્યવહાર'નો અર્થ કર્યો છેને ?.... આ હિંદી (શાસ્ત્ર) છે. 'વ્યવહાર' (શબ્દ) લીધો છે ક્યાં ? વ્યવહારને 'કથનમાત્ર' કહ્યું છેને ત્યાં. ચોથો ? ('કળશટીકા'માં) પાંચમો (કળશ).

જુઓ ! એ, એ. જુઓ ! 'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्'.... (व्यवहरणनयः) 'જિતના કથન'—એવો શબ્દ લીધો છે. અહીં પણ (એ વાત છે). એણે (–પંડિત રાજમલજીએ) પોતાનું (–પોતાના ઘરનું) નથી (કહ્યું), અહીં (સાતમી ગાથામાં) 'नाम' (શબ્દ) આવ્યું છેને ? 'નામ' = કથન છેને ? જુઓ ! એમાં (કળશટીકામાં) જ આવ્યું છે : 'व्यवहरणनयः यद्यपि हस्तावलम्बः स्यात्'.... 'જિતના કથન. ઉસકા (વિવરણ)—જીવવસ્તુ નિર્વિકલ્પ હૈ. વહ તો જ્ઞાનગમ્ય હૈ. પર (વહી જીવવસ્તુકો) કહના ચાહેં, તબ ઐસે હી કહનેમેં આતા હૈ કિ જિસકે ગુણ દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ જીવ.' લ્યો ! વહ (બાત) ભી યહાં આયી, ઠીક. સમજમેં આયા ?

ઐસે હી કહનેમેં તો વહ (-ભેદ) આતા હૈ. '(જો કોઈ) બહુ સાધિક હો તો ભી ઐસે હી કહના પડે. ઇતને કહનેકા નામ વ્યવહાર હૈ.' સમજમેં આયા ? ઐસી બાત લેતે હૈં વે.... રાજમલજી હૈંન ? ઉન્હોંને બનાયા વહ 'પંચાધ્યાયી'. અહીં તો આપણે શાસ્ત્રમાંથી ઉપમા (–આધાર મળી) આવે, એકેય શબ્દ ઘરનો કોઈ નાખ્યો નથી એવી ટીકા (–'કળશટીકા') છે.

तथापि नामसे भेद करके.... नामसे भेद करके.... 'કહના' વહ હી વ્યવહાર હૈ—ઐસા કહતે હૈ. કથન.... ભેદ કરકે કહના વહ હી વ્યવહાર હૈ. સમજમેં આયા ? व्यवहारमात्रसे ही ऐसा उपदेश है....

શબ્દ દો હૈં ઉસમેં (–સંસ્કૃત ટીકામેં) ભલે. સમજમેં આયા ? 'व्यपदेशतो (૧) भेदमुत्पाद्य (૨) व्यवहारमात्रेणैव'.... પણ એ (–એનો ભાવ) તો આવી ગયોને ? 'व्यपदेशतो (भेदमुत्पाद्य व्यवहारमात्रेणैव)'.... કથન ભેદથી (–ભેદના કથનથી) ઉત્પન્ન વ્યવહારમાત્રથી... થઈ ગયુંને ? (–અર્થ આવી ગયો ને ?) કે '(ભેદનું) કથન વ્યવહારમાત્ર' થઈ ગયું (–છે). વજુભાઈ ! 'પંચાધ્યાયી'માં આવે છે કે નહીં ? 'વ્યવહાર તે કથનમાત્ર.... કથનમાત્ર....' (—એમ) આવે છે. આમાંય (–કળશ ટીકામાં પણ) એનું (–પંડિત રાજમલજીનું) કથન છે. આહાહા !

યહાં કહતે હૈં કિ नामसे भेद करके.... ભગવાન આત્મા એકરૂપ.... અનંત ગુણનો પિંડ એકરૂપ દ્રવ્ય છે. જ્ઞાયકભાવ.... શુદ્ધભાવ.... ધ્રુવભાવ.... કારણપ્રભુ.... કારણપરમાત્મા પોતે છે. યહ એકરૂપ હોને પર (ભી) નામમાત્રસે ભેદ કરકે વ્યવહારસે કથન કરનેમેં આતા હૈ કિ ज्ञानीके दर्शन है.... આત્મામેં યહ દર્શન હૈ....

(૧) યહ શ્રદ્ધે વહ આત્મા હૈ....
(૨) જાને વહ આત્મા હૈ....

સ્થિરતા.... એકાગ્ર હોતા હૈન ? એકાગ્ર કિસમેં હોતા હૈ ? અપને એક(રૂપ)મેં. તો વહ એકાગ્ર હોતા હૈ....

(૩) સ્થિરતા (હોતી હૈ) વહ ચારિત્ર હૈ આત્માકા.

—ઐસા એકરૂપમેં તીન પ્રકારકા કથન વ્યવહારમાત્રસે કરકે બતાયા હૈ. સમજમેં આયા ? પણ બતાયા હૈ ક્યા ? વહ દ્રવ્ય.... ભેદસે બતાયા દ્રવ્ય વહ અભેદ.

'યહ ઐસા હૈ.... ઐસા હૈ' (—ઐસે ભેદકા) લક્ષ છોડ દે ઔર અભેદમેં જા. હમ ભી તુજે વિકલ્પસે (-વિકલ્પમેં આકર) કહતે હૈં, ઉપદેશકા કાલ હૈ તો. સમજમેં આયા ? ઔર તુમ ભી ઐસે.... હમ કહતે હૈં.... તીનરૂપસે કહતે હૈં, પણ એકરૂપ હૈ વહાં દ્રષ્ટિ કર. ઓહોહો ! સમજમેં આયા ?.... ઐસે દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિ કરાને(કે લિયે) તીન (ભેદ)સે બતાયા. વહ (શિષ્ય) ભી તીન (ભેદ)સે સમજ કર એક(રૂપ) દ્રવ્યકો સમજતે (-જાનતે) હૈં, વહ વ્યવહારકા (-ભેદકા) આશ્રય કરતે નહીં.

યહ આઠવીં ગાથામેં આયેગા (કિ વ્યવહાર) અંગીકાર નહીં કરના.... વ્યવહારસે બતાયા હૈ, પણ વ્યવહારકો અંગીકાર નહીં કરના. કહનેવાલેકો ભી (વ્યવહાર) અંગીકાર નહીં કરના ઔર સુનનેવાલેકો ભી (વ્યવહાર) અંગીકાર નહીં કરના—ઐસે કહતે હૈં. અમરચંદભાઈ ! સુનનેવાલેકો તીન ભેદસે બતાયા, પણ તીન (ભેદ)કો અંગીકાર નહીં કરના. આહા ! એકરૂપ ચૈતન્ય ભગવાન.... એકરૂપ ધ્રુવસ્વરૂપ હૈ ઉસ પર દ્રષ્ટિ કર.... સમજમેં આયા ? જિસમેં સારા (-પૂરા) અનંત સિદ્ધપદ ઔર અનંત કેવલજ્ઞાન પડા હૈ ઐસે ધ્રુવપદકા અવલંબન લે.

किन्तु.... નામમાત્રસે.... વ્યવહારસે.... ભેદ(સે).... ઉપદેશ હૈ તો ભી परमार्थसे देखा जाये.... ખરેખર (વાસ્તવિકરૂપસે) દેખા જાવે तो अनन्त पर्यायोंको एक द्रव्य पी जाता है.... યહ (દ્રવ્ય) અનંત ગુણ ઔર પર્યાયકો પી ગયા હૈ, (ઇસલિયે) દ્રવ્યમેં ભેદ હૈ નહીં. પી ગયું અંદરમાં. પી જાતે હૈન ?.... પાની પી જાતે હૈન ? તો (પાની) કોઠા (-પેટ)મેં ચલે જાતે હૈન ? (ફિર) પાની-બાની નહીં દિખતા, કોઠા હી અકેલા (દિખતા) હૈ. ઐસે અનંત ગુણ ઔર પર્યાયકો દ્રવ્ય પી ગયા હૈ, (ઇસલિયે) એકરૂપ દ્રવ્ય હૈ. આહાહા ! સમજમેં આયા ?

'જ્ઞાન વહ આત્મા.... દર્શન વહ આત્મા'—ઐસા ભેદ એકરૂપ દ્રવ્યમેં હૈ નહીં, કારણ કે દ્રવ્ય સબ (ભેદ)કો પી ગયા હૈ. અભેદમેં સબ ભેદ હૈ.... અભેદમેં સબ (ભેદ) હૈ, પણ વહ ભેદ, (ભેદ)દ્રષ્ટિ કરાને(કે લિયે) નહીં (કહતે) હૈ. અભેદકી દ્રષ્ટિ કર, તે માટે (-ઇસલિયે) ભેદસે બતાયા હૈ.

किन्तु परमार्थसे देखा जाये तो अनन्त पर्यायोंको.... અર્થાત્ અનંત ભેદોંકો एक द्रव्य पी ગયા है.... અનંત ભેદોંકો एक द्रव्य (पी जाता है).... અભેદમેં સબ

(ભેદ) આ ગયે હૈં. इसलिये एकरूप.... એ કારણે (દ્રવ્ય) એકરૂપ છે—એમ (કહે છે). અનંત ભેદોંકો.... ગુણોંકો.... પર્યાયોંકો एक द्रव्य पी ગયા હૈ.... યાની કિ એક દ્રવ્યમેં (સબ ભેદ) સમા ગયે હૈં. ઇસલિયે દ્રવ્ય એકરૂપ હૈ—ઐસા (કહતે હૈ).

વસ્તુ એકરૂપ.... ઓહોહો ! જુઓ ! યહ (કાર્ય) ઉસકો કરના હૈ.... પહલેમેં પહલી દ્રષ્ટિ દ્રવ્ય ઉપર કરના, ત્યારે ધર્મકી શરૂઆત હોતી હૈ, નહીં તો ધર્મકી શરૂઆત હોતી નહીં. લાખ બાત દૂસરી કરે.... 'છ ઢાળા'માં આતે હૈ કિ નહીં ? 'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાઓ' (છ ઢાળા, ચોથી ઢાળ, પદ ૯). લાખ બાતકી બાત, પણ દ્રવ્ય ઉપર દ્રષ્ટિ કરો.

એક(રૂપ) દ્રવ્યસ્વભાવ અખંડ હૈ ઉસકી દ્રષ્ટિ કરો. રાગ તો કહાં ગયા.... વ્યવહાર કહાં ગયા.... નિમિત્ત તો કહીં રહ ગયા.... ભેદ ભી છુડા દિયા.... હા, 'છોડ (-તોરી) જગદંદ-ફંદ'.... આવે છેને તેમાં ? 'એક આતમકો ધ્યાવો.' (-નિત આતમ ધ્યાઓ). વહ 'છ ઢાળા' (ઢાળ ૪, ગાથા ૯)માં આતા હૈ. પહલેકે ગૃહસ્થ પંડિતોને ભી બહુત યથાર્થ બાત કી હૈ, અભી સબ ફિર ગયા.... બહોત ફિર ગયા. સમજાય છે કાંઈ ?

જુઓને ! એમ કહે છે : 'લાખ બાત કી બાત (યહી), નિશ્ચય ઉર લાઓ.' લાખ વાત શું, કરોડ વાત ને અનંત વાત હોય શાસ્ત્રમાં લે ! વસ્તુ ભગવાન (આત્મા) સામાન્ય એકરૂપ દ્રવ્ય હૈ.

(૧) પર્યાય (દ્વારા) ઉસકા (-દ્રવ્યકા) સંબંધ બનાવો....
(૨) પર્યાય (દ્વારા) ઉસકા આશ્રય લો.... પર્યાયસે ઉસકા આશ્રય લો....

(અર્થાત્)

(૧) પર્યાય ઉસકે (-દ્રવ્યકે) આશ્રયમેં જાય....
(૨) પર્યાયકા સંબંધ (-લક્ષ) દ્રવ્ય ઉપર જાય....

—વહ કરના હૈ. જ્ઞાનચંદજી ! કહો, સમજમેં આયા ? વહ (હી) દર્શનશુદ્ધિ હૈ. દ્રવ્યકા આશ્રય હુએ બિના ઉસકા કોઈ ભી જ્ઞાન સચ્ચા નહીં.... વ્રત-તપ સચ્ચા નહીં.... સબ મીંડા (-શૂન્ય) હૈ. સમજમેં આયા ? ઓહોહો !

વસ્તુ ઐસી હૈ. ભગવાને કંઈ (-કોઈ વસ્તુ) કરી નહીં હૈ.... ભગવાને કરી નહીં હૈ, ભગવાને તો જાની હૈ (ઔર) જાની ઐસી વાણીમેં આયી હૈ. વે કોઈ (વસ્તુ કે) કર્તા-હર્તા નહીં હૈ, ભગવાન (યા) પરમેશ્વર. ઐસા (ઉનકી) વાણીમેં આયા (કિ) 'ભગવાન ! તેરી ચીજ તો અખંડાનંદ હૈન પ્રભુ ! (તું) એકરૂપ દ્રવ્ય હૈન !' દેખો ! (યહાં) 'एकरूप' (કહા) હૈન ! 'અનંત ધર્મકો પી ગયા'—ઐસી ચીજ એકરૂપ હૈન !

'किंचित् एकमेक मिले हुए आस्वादरूप'....

ક્યા કહતે હૈં ?

કિ ગુણકા સ્વાદ તો ભિન્ન-ભિન્ન હૈ, હરેક ગુણકા સ્વાદ ભિન્ન-ભિન્ન હૈ. 'किंचित् एकमेक मिले हुए आस्वादरूप'....—એમ (કહે છે). સબ (ગુણ)કા સ્વાદ ભિન્ન-ભિન્ન હૈ વે સ્વાદ એક હો ગયા—ઐસા નહીં. વસ્તુ એકરૂપ હી હૈ.... સમજમેં આયા ? પણ સબ ગુણકા સ્વાદ એક હી હો ગયા હૈ.... સ્વાદ એક હો ગયા હૈ—ઐસા નહીં. સમજમેં આયા ? આહાહા !

किंचित् एकमेक मिले हुए.... किंचित् एकमेक मिले हुए....

(એટલે) શું ?

દ્રવ્યકી અપેક્ષાસે એકમેક મિલા હુઆ (સ્વાદ) હૈં, પણ ગુણકે સ્વાદકી અપેક્ષાસે એકમેક હૈં નહીં.

આહાહા ! જુઓને ટીકા ! અમૃતચંદ્રાચાર્યને ગજબ કામ કિયા હૈ ! દિગંબર મુનિ (અમૃતચંદ્રાચાર્ય) વનવાસમેં રહતે થે.... જંગલમેં આત્મધ્યાનમેં મસ્ત થે. ઐસેમેં ('સમયસાર') શાસ્ત્રકી ટીકા (કરને)કા વિકલ્પ આયા (ઔર) વાણીસે શાસ્ત્ર બન ગયા... વાણીસે શાસ્ત્ર બન ગયા (-શબ્દોસે ટીકા બન ગયી). સમજમેં આયા ?

તો કહતે હૈ, किंचित् एकमेक मिले हुए आस्वादरूप.... છતાં अभेद.... અભેદ વસ્તુ.... વસ્તુ તરીકે અભેદ.

एकस्वभाव वस्तुका अनुभव करनेवाले.... (સંસ્કૃત) પાઠમેં તો ઐસા હૈ ત્યાં.... 'एक' (શબ્દ લિયા હૈ) સમજ્યાને ? છેને ? 'एकस्वभावमनुभवतो'.... (સંસ્કૃત ટીકામાં 'वस्तु' શબ્દ નથી), પણ વહ 'द्रव्य' (શબ્દ) પહલે (સંસ્કૃત ટીકામેં) આયા હૈન પહલે ? 'परमार्थतस्त्वेकद्रव्य'.... એમ. એટલે.... (સંસ્કૃત ટીકામાં) 'एक द्रव्य' (શબ્દ) આવ્યો(ને !) એટલે (હિન્દી અર્થમાં 'एकस्वभाव' સાથે) 'वस्तु' (શબ્દ) લઈ લીધો પાછો ત્યાં.... ('एकस्वभाव वस्तुका'....—એમ શબ્દ લીધો).

ખરેખર તો, ('एकस्वभावमनुभवतो').... (એકરૂપ) સ્વભાવનો અનુભવ કર (—એમ કહેવું છે), પણ (સ્વભાવ) કોઈ 'વસ્તુ'નો (હોય)ને ?—એમ.... (સ્વભાવ) દ્રવ્યકા (હોતા) હૈન ? (ઇસલિયે 'एकस्वभाव वस्तुका अनुभव'.... —ઐસા કહા હૈ).

કિંચિત્ મિલે.... अभेद, एकस्वभाव वस्तुका अनुभव करनेवाले.... 'वस्तु' શબ્દ વહાં (સંસ્કૃત ટીકામેં) નહીં હૈ, પણ પહલે 'द्रव्य' (શબ્દ) આ ગયા ન ? .... સમજે ?

ક્યા ?

एक द्रव्य पी जाता है.... વહ 'द्रव्य' (શબ્દ) આયા. વહ દ્રવ્યકા.... एकस्वभाव.... 'एकस्वभाव દ્રવ્યકા अनुभव करनेवाले'.... 'एकस्वभाव દ્રવ્યકા अनुभव करनेवाले'....—ઐસે લેના. સમજમેં આયા ? एकस्वभाव દ્રવ્યકા अनुभव, (પરંતુ) ભિન્ન-ભિન્ન સ્વભાવકા અનુભવ (નહીં). એક સમયમેં एकस्वभाव દ્રવ્ય.... એકસ્વભાવરૂપ દ્રવ્ય જો હૈ.... एकस्वभाव દ્રવ્યકા अनुभव.... 'દ્રવ્ય' કહો કિ 'वस्तु' કહો.... (એક હી બાત હૈ). एकस्वभाव દ્રવ્યકા अनुभव करनेवाले.... સમજમેં આયા ?

ભગવાન આત્માકા જ્ઞાયકસ્વભાવ, એકસ્વભાવ હૈ ઉસકા અનુભવ કરનેવાલે સમ્યગ્દ્રષ્ટિકો.... ઉસકા જ્ઞાન કરનેવાલે पंडित पुरुष.... યે (યથાર્થ) પંડિત.... દેખો ! સમજમેં આયા ?

'पंडित' (શબ્દ) ઉપરથી નાખ્યો ?

ઠીક, એ 'पंडित' (શબ્દ) બરાબર છે, ઠીક છે. હિંદીમાં ભલે (છે), આમાં (સંસ્કૃત) ટીકામાં નથી.... ટીકામાં નથી. એનો (–'अनुभव करनेवाले'નો) અર્થ કર્યોને ? 'જ્ઞાની'.... ('अनुभव करनेवाले') શબ્દ આવ્યોને પહેલો ? (એટલે) જ્ઞાની.... 'જ્ઞાની' એટલે અનુભવ કરવાવાળો. અનુભવ કરવાવાળો એ જ 'જ્ઞાની' ને એ જ 'पंडित' એમ—(કહે છે).

તે 'पंडित' એવું (–એવા શબ્દો) આવે છેને.... 'पंडित' (શબ્દ આવે છે) ને.... નહીં ? 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં.... (એવા) ઘણા (શબ્દો) આવે છે 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં. (એને) 'પંડિત' પણ કહેવાય.... આવે છે.... ત્રણ-ચાર બોલ આવે છે. (એને) 'શૂરવીર' પણ કહેવાય.... 'વીર' પણ કહેવાય (—એમ) આવે છે. ('અષ્ટપાહુડ'માં) આવે છે, આ તો 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માંય (ગાથા- ૧૯માં) આવે છે. 'અષ્ટપાહુડ'માં તો આવે છે, પણ 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં પણ આવે છે આખો શ્લોક જુદો. 'અષ્ટપાહુડ'માં (પણ) છે. (મોક્ષપાહુડ ગાથા-૮૯).

એ વસ્તુ જે ચૈતન્ય.... બીજું ઓછું-વત્તું જાણે એનો પ્રશ્ન (–એની વાત) નહીં.... સમજમેં આયા ? પણ એકરૂપ દ્રવ્યસ્વરૂપ ચિદાનંદ અખંડ હૈ ઉસકી દ્રષ્ટિ કરનેસે, દ્રવ્યકી દ્રષ્ટિ કરનેવાલે ઐસે જ્ઞાનીકો.... ઐસે ધર્મીકો.... ઐસે પંડિતકો.... ઐસે દ્રવ્યકી પિછાન કરનેવાલેકો.... न तो दर्शन है.... એકરૂપ (દ્રવ્યકા) અનુભવ કરનેમેં 'દર્શન' ભિન્ન (દિખતા) હૈ નહીં, તો ઉસકો 'દર્શન હૈ નહીં' (—ઐસે) અપેક્ષાસે (કહા હૈ). અભેદકા અનુભવ કરનેવાલેકો દર્શનકા ભેદ (દિખતા) હૈ નહીં (ઔર) ભેદ (દિખતા) હૈ નહીં તો 'દર્શન હૈ નહીં'—ઐસે કહા હૈ. સમજમેં આયા ? न तो दर्शन है, न ज्ञान है, न चारित्र ही है.... ન ઉસકો દર્શન 'હી' હૈ —ઐસે લે લેના સબમેં. સમજમેં આયા ?

न दर्शनं न ज्ञानं न चारित्रं ज्ञायक एवैक: शुद्धः.... 'एव' છેને ? ન તો સમકિત હૈ.... ન તો જ્ઞાન હૈ.... ન તો ચારિત્ર હૈ. ઓહોહો !

બસ, મોક્ષમાર્ગ ભી નહીં ?

પણ યહ તો પર્યાય હૈ, દ્રવ્યમેં (ગુણ)ભેદ ભી કહાં હૈ ? દ્રવ્યમેં પર્યાય ભી કહાં હૈ ? સમજમેં આયા ? દ્રવ્યમેં પર્યાય કહાં હૈ ?

(પ્રશ્ન :) પર્યાયકા.... વર્તમાન અવસ્થાકા તો સંબંધ હૈ દ્રવ્યકો ?

(સમાધાન :) દ્રવ્યમેં પર્યાય હૈ નહીં.... દ્રવ્યમેં (ગુણ)ભેદ (ભી) હૈ નહીં. સમજમેં આયા ? ધ્રુવ જો હૈ ઉસમેં તો પર્યાયકા અભાવ હૈ (ઔર) ધ્રુવ જો એકરૂપ હૈ ઉસમેં (ગુણ)ભેદકા ભી અભાવ હૈ. યહ પર્યાયકા અભાવ હૈ.... સમજમેં આયા ? ઔર એકરૂપ દ્રવ્યમેં તીન (ગુણ)ભેદકા (ભી) અભાવ હૈ. ભેદ કહાં ત્યાં આયા ? (વહ તો) એકરૂપ હૈન.... એકરૂપ હૈ. એકરૂપ (દ્રવ્ય)કી અપેક્ષાસે (ઉસમેં) ભેદ હૈ નહીં. સમજમેં આયા ? બહુત સૂક્ષ્મ !

એમાં સાતમી ગાથા.... આ (સાતમી ગાથામાં) તો છઠ્ઠી (ગાથાથી પણ) ઉત્કૃષ્ટ (વાત) લઈ લીધીને ! સદ્‌ભૂત અનુપચાર (વ્યવહાર પણ) કાઢી નાખ્યો. આહાહા ! સમજાય છે કાંઈ ? જુઓ ! તમે બરાબર આવ્યા સાતમી (ગાથા)માં દિલ્હીવાળા. આ સોળમી વાર વંચાય છે. સભામેં સમયસાર ૧૫ બાર પહલેસે (લેકર અંત તક) પૂરા હો ગયા. ૧૫ બાર. ૧૬વીં બાર શુરુ હુઆ, તુમ્હારી (તિથિ) આસો વદ એકમસે, હમારી (ગુજરાતી તિથિ) ભાદરવા વદ એકમ. સમજમેં આયા ?

ક્યા કહતે હૈ ? ઓહો ! એક અભેદ સ્વભાવકા અનુભવ કરનેવાલે.... નિર્વિકલ્પ દશાસે અનુભવ કરનેવાલેકો.... ઐસે આત્માકો.... (યહાં) 'આત્મા' કહો, 'જ્ઞાની' કહો, 'પંડિત' કહો (—એક હી બાત હૈ). ઐસે આત્માકો.... 'पंडित पुरुष'કો એટલે ઐસે આત્માકો. સમજાય છે ? વળી પુરુષની જ (વાત છે ને સ્ત્રીની નહીં) એવું કાંઈ (છે) નહીં અહીંયા. ઐસે ('पुरुष'કો એટલે) આત્માકો.... સમજાય છે કાંઈ ?

न तो दर्शन है, न ज्ञान है, न चारित्र ही है; किन्तु वह तो एकमात्र शुद्ध ज्ञायक ही है.... 'ज्ञायक एवैकः शुद्धः'.... 'જ્ઞાયક જ એક શુદ્ધ છે'—એમ (કહે છે). 'ज्ञायक एवैक: शुद्धः' .... દેખો ! एकमात्र शुद्ध ज्ञायक ही.... અનુભવ કરનેમેં અકેલા દ્રવ્ય હી દ્રષ્ટિમેં હૈ.... (દ્રષ્ટિમેં) જ્ઞાયક હી અકેલા હૈ, ભેદ હૈ નહીં. ઉસકા નામ સમ્યગ્દર્શનકા (વિષયરૂપ) અભેદ એકરૂપ દ્રવ્ય (અર્થાત્) 'ધ્રુવ' કહનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

અભી, સમ્યગ્દર્શન કિસકો કહતે હૈં (ઉસકી ભી) ખબર નહીં. સમ્યગ્દર્શન કૈસે.... કિસ પ્રકારસે ઉત્પન્ન હોતા હૈ (અર્થાત્) કિસમેંસે.... કિસકી દ્રષ્ટિસે (હોતા હૈ ઉસકી) ખબર નહીં.... સમજમેં આયા ? (ઔર) કરો વ્રત ને કરો તપ.... મૂર્ખાઈ ભરેલા વ્રત-તપ હૈ સબ. સમજમેં આયા ? જેને 'સમયસાર'માં (ગાથા ૧૫૨માં) ભગવાન કુંદકુંદાચાર્ય 'બાળવ્રત ને બાળતપ' કહતે હૈં.... સર્વજ્ઞ ભગવાન ઉસે 'બાળવ્રત ને બાળતપ' (કહતે હૈં).

વસ્તુ અભેદ એકરૂપ ક્યા (–કૈસી) હૈ, (ઉસકી) જહાં દ્રષ્ટિ હુઈ નહીં ઔર ઉસકે અનુભવમેં આયી નહીં, તો કિસમેં ઠહરના વહ તો દ્રષ્ટિમેં આયા નહીં. સમજમેં આયા ? કિસમેં રમના વહ ચીજ તો દ્રષ્ટિમેં આયી નહીં (ઔર) દ્રષ્ટિમેં આયે બિના રમના.... ચારિત્ર કહાંસે આયા ? સમજમેં આયા ?

તો કહતે હૈં, किन्तु वह तो एकमात्र....'एकमात्र'.... અનેકપના બિલકુલ નહીં. તે પણ शुद्ध ज्ञायक.... એકલો શુદ્ધ જ્ઞાયક કહ્યો. દેખો ! 'एक' ને 'शुद्ध'.... બેય વિશેષણ આપ્યા. સમજાણું ? 'एक' ને 'शुद्ध'.... બેઉ (–બન્ને) આપ્યા વિશેષણ. કોઈ ઠેકાણે.... આમાં 'કળશટીકા'માં (કળશ-૬) 'એક'ને 'શુદ્ધ' કહે છે (અને) 'શુદ્ધ'ને 'એક' કહે છે.—એ વાત છે લ્યો !

અહીં તો 'एक' ને 'शुद्ध'.... બેય વિશેષણ આપ્યા. 'एक' ને 'शुद्ध'....

(૧) અનેકનો નિષેધ કરીને 'एक' અને

(૨) અશુદ્ધતાનો નિષેધ કરીને 'शुद्ध'.

સમજાણું કાંઈ ?

(૧) ભેદનો નિષેધ કરીને 'एक' (અને)

(૨) અશુદ્ધતાનો નિષેધ કરીને એકલું 'शुद्ध'.

—બેય (કથન) આવી ગયું.... છઠ્ઠી (અને) સાતમી (ગાથાનું) ભાઈ ! [1*]છઠ્ઠી-સાતમી (ગાથા)ના બેય (પ્રકારના ભેદનો) નકાર થઈ ગયો એક સાથે. આહાહા ! ભારે વાત ભાઈ ! 'एक: शुद्धः एव ज्ञायक '.... સમજાણું કાંઈ ?

પહેલા ખ્યાલમાં તો વાત લે કે ક્યા ચીજ હૈ અને કૈસી ચીજમેં એકાગ્ર હોનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. જિસકો (સમ્યગ્દર્શનકા વિષય) સમજમેં આયા નહીં.... જિસકો ખ્યાલમેં આયા નહીં.... સુનનેમેં આયા નહીં.... વહ (સમ્યગ્દર્શન) કરે કહાંસે ? નહીં કર સકતે.

લ્યો ! વહ ટીકા પૂરી હુઈ સાતવીં ગાથાકી.

પહેલાં (ટીકાની શરૂઆતમાં) કીધું'તુંને ? કે 'बंधपर्यायके निमित्तसे अशुद्धता तो दूर रहो'.... એ છઠ્ઠી (ગાથા સાથે) મેળવીને કહ્યું હતુંને ? दूर रहो.... પણ આ તો (હવે સાતમી ગાથામાં) 'એકમેં અનેક નહીં' (—એમ કહે છે). એટલે કે ભગવાન આત્મા એકરૂપ શુદ્ધ છે.

(પણ તે) શું (–કેવો) ? જ્ઞાયકમાત્ર. સમજાય છે ? કારણ કે નહીંતર તો પરમાણુ પણ એકરૂપ ને શુદ્ધ છે, પણ અહીં 'એક, શુદ્ધ જ્ઞાયકમાત્ર છે'.—આમ થઈને (–કહીને) વસ્તુ કીધી છે. સમજાણું કાંઈ ? પરમાણુ પણ એક.... વસ્તુ તરીકે એકરૂપ જ છે અને શુદ્ધ જ છે, પણ એ તો જડ છે. અહીં તો 'એક, શુદ્ધ જ્ઞાયકમાત્ર (આત્મા છે'—એમ કહે છે). સમજાય છે કાંઈ ?

'एकमात्र'.... ભગવાન આત્મા.... દ્રષ્ટિના વિષયરૂપ ભગવાન (આત્મા).... દ્રષ્ટિના ધ્યેયરૂપ આત્મા છે એ તો 'एकमात्र' છે.... એટલે કે અનેકપણું છોડી દીધું (–નિષેધ કર્યો). 'शुद्ध'.... તદ્દન પવિત્ર (એટલે કે) અશુદ્ધતા નહીં. ज्ञायक ही है.... એ તો જ્ઞાનસ્વરૂપ હૈ. —એ સમ્યગ્દર્શનનો વિષય છે અને એ ભૂતાર્થ ચીજ છે. 'ભૂતાર્થ' = સત્યાર્થ.... સત્યાર્થ.... કે જેને આશ્રયે સમ્યગ્દર્શન થાય. કહો, સમજાણું કાંઈ ? મુદ્દાની રકમની આ ગાથા છે.

---

[1*] (છઠ્ઠી ગાથામાં કહેલા પ્રમત્ત-અપ્રમત્તના પર્યાયભેદનો અને સાતમી ગાથામાં કહેલા ગુણભેદનો નિષેધ કર્યો).

સમ્યગ્દર્શન....

(૧) નિમિત્તથી થાય નહિ....
(૨) શ્રવણથી (-સાંભળવાથી) થાય નહિ....
(૩) વિકલ્પથી થાય નહિ....
(૪) પર્યાયભેદથી થાય નહિ (અને)
(૫) ગુણભેદથી (પણ) થાય નહિ.

(I) નિમિત્ત વિના જ ચાલે (-ઉપાદાનની દ્રષ્ટિ કરે) એને (સમ્યગ્દર્શન) થાય—એમ કહે છે,
(II) અશુદ્ધતા વિના (દ્રષ્ટિ) કરે એને (સમ્યગ્દર્શન) થાય (—એમ કહે છે),
(III) ભેદ વિના (દ્રષ્ટિ) કરે એને (સમ્યગ્દર્શન) થાય.—એમ કહે છે.

લ્યો ! કહો, સમજાણું કાંઈ ?

આ કીધુંને ? પણ એમણે (-ગુરુએ ભેદથી) કીધું ત્યારે અભેદ સમજાવવા માટે કીધું છે (અને શિષ્ય) આ રીતે અભેદ સમજે છે ત્યારે એમણે (-ગુરુએ) 'ભેદથી સમજાવ્યું'—એમ વ્યવહારથી કહેવામાં આવે છે.... એમાં કાંઈ ચાલે (-બીજો અર્થ થાય) એવું નથી હોં. આહાહા ! એવો માર્ગ છે.

'એવો માર્ગ વીતરાગનો, કહ્યો ભગવાને...' સમજાણું કાંઈ ? 'ભાખ્યો શ્રી ભગવાન'.... —એમ લેવું.

'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન'....

પરમાત્માએ શ્રીમુખેથી વાણી દ્વારા ઇન્દ્રોની સમક્ષમાં.... ગણધરોની સમક્ષમાં.... લોકના નેતાઓની સમક્ષમાં.... મોટા મોટા ......જેવા(ની સમક્ષમાં) ભગવાને આમ કહ્યું હતું. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ આમ કહેતાં હતાં. કહો, સમજાય છે કાંઈ ? ભગવાનજીભાઈ !

હવે, આ ધર્મ સમજવામાં કાંઈ પૈસા-બૈસાની.... શરીરની મદદ મળે કે (તે) જોઈએ કે નહીં ?

કહે છે કે એમાં....

(૧) પૈસાની જરૂર નથી....
(૨) મનુષ્યપણાના દેહની જરૂર નથી....
(૩) એને વિકલ્પની જરૂર નથી (અને)
(૪) એને ભેદની (પણ) જરૂર નથી

—એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન.'....

સમવસરણમાં ઇન્દ્રોની સમક્ષ, ગણધરોની સમક્ષ ભગવાને આ કહ્યું છે.... ત્રિલોકનાથ પરમાત્માની વાણીમાં આ આવ્યું છે. આહા ! એ આવ્યું છે, પણ કેવું છે ?—એ કહે છે. 'ભાઈ ! તું તો દ્રવ્યરૂપે.... ધર્મીરૂપે.... એકપણે ભગવાન છો. (તો) એકમાં અનેકપણું ક્યાંથી આવ્યું ? અને એકને દેખતાં અનેકપણું એમાં આવે કે દેખાય ક્યાંથી ? એકપણે દેખતાં અનેકપણું આવે ક્યાંથી ? એમાં અનેકનું એકરૂપ છે.... અનેક ગુણનું એકરૂપ દ્રવ્ય છે, છતાં એકરૂપ દેખવામાં અનેકરૂપતા હોતી (–દેખાતી) નથી. એકને દેખ્યા વિના એકાગ્રતા થતી નથી ને એકાગ્રતા થયા વિના એક દ્રષ્ટિમાં આવતો નથી. સમજાણું કાંઈ ?

'મૂળ મારગ સાંભળો જિનનો રે....' (–શ્રીમદ્ રાજચંદ્રજી, ક્રમાંક ૭૧૫, વર્ષ ૨૯મું). આ મૂળ માર્ગ વીતરાગનો છે.

જગતને.... સાધારણ પ્રજાને તો એવું લાગે કે આહાહા ! આવું ? પણ બીજું કાંઈ હશે કે નહિ ? અનેકાન્ત માર્ગ છે.... સ્યાદ્વાદ માર્ગ છે (એટલે) બીજું કાંઈ.... 'આનાથી (થાય અને) આનાથી (પણ થાય)'—એવું હોય કે નહિ ?

(સમાધાન :) કે 'આનાથી થાય ને બીજી રીતે ન થાય'—એવો અનેકાન્ત માર્ગ છે. સમજાણું કાંઈ ? 'આ રસ્તે થાય ને બીજે રસ્તે ન થાય'—એનું નામ અનેકાન્ત છે. આનાથી (–વીતરાગતાથી) થાય ને આનાથી (–રાગથી પણ) થાય એમાં અનેકાન્ત (નથી), એ તો ફૂદડીવાદ થયો. આહાહા ! એને કાંઈ (તત્ત્વ) રૂચતું

નથીને ! પાંગળો (–પોતાને પરાધીન માન્યો) છેને ! (એટલે બીજો) કાંઈક આધાર જોવે છે. (ભાઈ ! તું) પાંગળો નથી, મોટો પરમેશ્વર છો સાંભળને !

આહાહા ! તારા પરમેશ્વરની વાતું પર્યાયમાં (–કથનમાં) પૂરી શી રીતે આવે ? આખો પર્યાયમાં ન આવે તે વાણીમાં તો શી રીતે આવે ?—એમ કહે છે. આહાહા ! સમજાણું કાંઈ ? ભગવાન પૂર્ણાનંદનો નાથ દ્રવ્યસ્વરૂપ છે તે પર્યાયમાં ન આવે. એક પર્યાયમાં દ્રવ્ય આવે ? (ન આવે) તો વિકલ્પમાં શી રીતે આવે ને વાણીથી શી રીતે કહેવું ? આહાહા ! સમજાણું કાંઈ ?

એવો ભગવાન.... ભેદથી (–ભેદના કથનથી) પણ એકરૂપ જ્ઞાયક શુદ્ધને દેખાડ્યો છે, ત્યાં (એકરૂપ જ્ઞાયક ઉપર) દ્રષ્ટિ જાય તો એમણે (–ગુરુએ) 'ભેદથી કહ્યું'—એમ (વ્યવહારે) કહેવામાં આવે. બાકી તો (ગુરુએ એકરૂપ જ્ઞાયક બતાવવા) ભેદથી કહ્યું અને (જો શ્રોતા) ભેદને પકડીને ઉભો રહે, એ તો એની એ (અજ્ઞાન) દશા છે. સમજાણું કાંઈ ?

ભાવાર્થ :—इस शुद्ध आत्माके.... ભગવાન આત્મા તો શુદ્ધ દ્રવ્ય છે, આનંદનો સત્ પિંડ છે. સત્.. સત્.. સત્.. સત્... શાશ્વત. 'સત્' એટલે 'છે' એવો શાશ્વત શુદ્ધ આત્મા. એને कर्मबंधके निमित्तसे अशुद्धता होती है.... જોયું ! પર્યાયમાં 'અશુદ્ધતા' એનો ધર્મ છે.... સત્ત્વ છે, (તેથી) તે હોય છે.

यह बात तो दूर ही रहो.... એનું અહીં કામ શું છે ? અહીંયા સમ્યગ્દર્શન પ્રગટ થવામાં એ અશુદ્ધતાનું શું કામ છે ? અશુદ્ધતા तो दूर ही रहो....—એ લક્ષ કરવા જેવી નથી. સમજાણું ? કહે છે કે એ તો લક્ષ કરવા જેવી નથી.

किन्तु.... ઓહોહો ! उसके दर्शन, ज्ञान, चारित्रके भी भेद नहीं है.... ત્રણનો પણ ભેદ નથી. એટલે કે (અશુદ્ધતા) તો નથી, પણ આ (–ભેદ) પણ નથી—એમ (કહે છે). અશુદ્ધતા તો નથી, પણ તેમાં ત્રણનો ભેદ પણ નથી. એકમાં ત્રણનો ભેદ ક્યાંથી આવ્યો ? સમજાણું કાંઈ ?

क्योंकि वस्तु अनन्तधर्मरूप एक धर्मी है.... વસ્તુ જે ભગવાન આત્મા છે એ અનંત ધર્મસ્વરૂપ હો (–છે), પણ વસ્તુ (અપેક્ષાસે) તો એક હૈ.... વસ્તુ અનંત ધર્મસ્વરૂપ એક હૈ.

વસ્તુ બે-ત્રણ (ભેદરૂપ) છે ? (ના). સમજાણું કાંઈ ?

વસ્તુ છે એમાં વસેલા અનંત ધર્મો હોવા છતાં વસ્તુ તો એક છે.

વસ્તુ બે-ચાર-દસ છે ? (ના).

वस्तु अनन्तधर्मरूप.... अनन्तधर्मरूप एक धर्मी है.... એક વસ્તુ હૈ.... એક પદાર્થ હૈ.... (અનંત) ધર્મનો ધરનાર ધર્મી એકરૂપ હૈ.

परन्तु व्यवहारीजन धर्मोंको ही समझते हैं.... કેમ કે ધર્મી (–દ્રવ્ય) જે છે એની અભેદદ્રષ્ટિ તો છે નહીં, અભેદ લક્ષમાં આવ્યું નથી. તેથી व्यवहारीजन धर्मोंको ही समझते हैं.... તેને (–અજ્ઞાનીને) સમજાવે છે કે 'જુઓ !....

(૧) (આત્મા) જાણે છેને ? આ જાણે છેને ? —એ જાણે તે આત્મા.
(૨) (આત્મા) વિશ્વાસ કરે છેને ? વિશ્વાસ કોણ કરે ? (—શું) રાગ (વિશ્વાસ) કરે ? જડ (વિશ્વાસ) કરે ? શરીર કરે વિશ્વાસ ? વિશ્વાસ કરે તે આત્મા'.

—એમ વ્યવહારથી (સમજાવે છે). સમજાય છે ? व्यवहारीजन धर्मोंको.... વ્યવહારસે (–ભેદસે) સમજતે હૈં ધર્મોંકો, धर्मीको नहीं जानते.... એકરૂપ દ્રવ્યને તો જાણતા નથી.... અભેદ ભગવાન વસ્તુને તો પિછાનતા (–ઓળખતા) નથી.

એથી એને પિછાનવા (–ઓળખાવવા) માટે, इसलिये वस्तुके किन्हीं असाधारण धर्मोंको.... દેખો ! 'असाधारण'.... ખાસ (ધર્મો જે) તેમાં હોય અને બીજા (દ્રવ્યો)માં ન હોય એવા (ધર્મો)—એમ લીધું. કારણ કે એનામાં (–આત્મામાં) અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ છે અને બીજામાં (–અન્ય દ્રવ્યમાં) પણ તે (ધર્મો) છે, એટલે તેનું (–સામન્ય ધર્મોનું) અહીં કામ નથી. 'असाधारण'.... (એટલે કે) જે એમાં જ હોય.... એમાં જ હોય—જ્ઞાન, દર્શન, ચારિત્ર વગેરે. એ ચારિત્રમાં આનંદ પણ આવી જાય છે.

असाधारण धर्मों.... વસ્તુ એક, તેના અસાધારણ ધર્મો દર્શન, જ્ઞાન ને ચારિત્ર. ઐસે (ધર્મોકો) उपदेशमें लेकर.... ત્રણ (ધર્મો)ના ભેદને લક્ષમાં લઈને.... જુઓ ! કહેનાર ઉપદેશક પણ કહે છે.... આચાર્ય લીધા છેને અહીંયા

(–ટીકામાં) ? કેવળી નથી લીધા અહીંયા. (ઉપદેશક તરીકે) આચાર્ય (લીધા છે, કેમ કે) પંચમ આરાની વાત છેને ? આચાર્ય જ્યારે ઉપદેશ કરે છે ત્યારે તેમને (–અસાધારણ ધર્મોના ભેદને).... સમજાય છે ? उपदेशमें लेकर.... એટલે (ઉપદેશનો) વિકલ્પ આવ્યો છે.... (અભેદને) ભેદથી સમજાવવા માટે વિકલ્પ.... વ્યવહાર આવ્યો છે.

उपदेशमें लेकर अभेदरूप वस्तुमें भी.... વસ્તુ એકરૂપ ચૈતન્યમૂર્તિ ભગવાન છે એવા અભેદમાં પણ धर्मोंके नामरूप भेदको.... ધર્મોના કથનરૂપ ભેદ.... નામમાત્ર ભેદ.... નામમાત્ર ભેદ છે, વસ્તુમાં ભેદ નથી. નામમાત્ર ભેદ કરકે, भेदको उत्पन्न करके ऐसा उपदेश दिया जाता है.... ऐसा उपदेश दिया जाता है कि.... (એટલે કે ઉપદેશ) કિયા જાતા હૈ. સમજમેં આયા ? कि ज्ञानीके दर्शन है.... લો ! આત્મામેં दर्शन है.... આત્મામેં ज्ञान है.... આત્મામેં चारित्र है....—ત્રણ ભેદથી તેને (–શિષ્યને) સમજાવ્યું. બહુ સ્પષ્ટ કર્યું છે એમણે (જયચંદજી પંડિતે) પણ પાછું.

इसप्रकार अभेदमें भेद किया जाता है.... (ભેદ) દિખાયા જાતા હૈ, તો હવે 'अभेदमें भेद किया जाता है'.... હૈ તો અભેદ એક વસ્તુ, પણ भेद किया जाता है, इसलिये वह व्यवहार है.... અભેદમેં ભેદ કરના વહ હી વ્યવહાર હૈ.... નામમાત્રસે ભિન્ન(-ભિન્ન) કથન કરના (વ્યવહાર હૈ). વસ્તુ તો અભેદ હૈ, તો ભેદ કરના ભી વ્યવહાર હૈ. નામ ને વ્યવહાર—બે ભેદ કરી નાખ્યા.

यदि परमार्थसे विचार किया जाये तो एक द्रव्य अनन्त पर्यायोंको अभेदरूपसे पीकर बैठा है.... એક વસ્તુ અનંત ધર્મોકો (પીકર બૈઠા હૈ અર્થાત્) અભેદરૂપમાં (ધર્મો) પડ્યા છે બધા, જુદા છે નહીં.... જુદા હૈ નહીં, અભેદરૂપમેં હૈ. इसलिये उसमें भेद नहीं है.... ભગવાન જ્ઞાયકરૂપમેં ભેદ નહીં. ઐસે અભેદકી દ્રષ્ટિ કરના.... અભેદમેં દ્રષ્ટિ લગાના ઔર અભેદકા આશ્રય કરના વહી ધર્મકી પહલી સીઢી ઉત્પન્ન કરનેકા (ઉપાય) હૈ. વિશેષ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૩
## ગાથા - ૭, ૮
## સંવત ૨૦૨૪, આસો સુદ ૧૧, બુધવાર, તા. ૨-૧૦-'૬૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. સાતમી ગાથા, એના ભાવાર્થનો બીજો પેરેગ્રાફ.

શું કીધું આમાં ? ક્યા કહતે હૈં ? અમારી ગુજરાતી ચલતી'થી ને. પહલે તો....

છઠ્ઠી ગાથામેં ઐસા કહા કિ : આત્મા પ્રમત્ત-અપ્રમત્ત નહીં, ક્યોંકિ આત્માકી પર્યાયમેં શુભ-અશુભભાવ જો હોતે હૈ ઉસરૂપ આત્મદ્રવ્ય હોતા નહીં. સમજમેં આયા ? આત્મા જો જ્ઞાયકસ્વરૂપ ચૈતન્ય ધ્રુવ સામાન્ય.... જ્ઞાયકસ્વભાવી આત્મદ્રવ્ય હૈ વહ શુભ-અશુભ વિકલ્પ—કિ જો રાગ હૈ ઉસરૂપ હોતા નહીં. ઉસ કારણસે.... શુભાશુભભાવરૂપ નહીં હોતા ઉસ કારણસે ઉસકો પ્રમત્ત–અપ્રમત્તકે ભેદ હો સકતે નહીં. સમજમેં આયા ? દ્રષ્ટિ જ્ઞાયક ઉપર લે જાનેકો.... 'એકરૂપ ચૈતન્યમૂર્તિ (હૂં)'—ઐસી દ્રષ્ટિ લે જાનેકો (–કરાનેકો) પ્રમત્ત-અપ્રમત્તકા ભેદ ભી નિકાલ દિયા, ક્યોંકિ પર્યાયમેં ભેદ હૈ. (ઇસલિયે કહા કિ) અશુદ્ધતાકા ભેદ હૈ (ઉસકા) લક્ષ છોડ દે.

સાતવીં (ગાથા)મેં ઐસા કહા કિ : જો આત્મા હૈ (ઉસમેં) અશુદ્ધતા તો દૂર રહી, દ્રવ્યમેં.... વસ્તુમેં.... દ્રષ્ટિકે વિષયમેં. જો જ્ઞાનસ્વરૂપ આત્મા હૈ વહ દ્રષ્ટિકા.... સમ્યગ્દર્શનકા વિષય (અર્થાત્) ધ્યેય હૈ. વહ ધ્યેય(રૂપ) દ્રવ્યમેં અશુદ્ધતા તો દૂર રહી.... અશુદ્ધતા તો હૈ નહીં, પણ ઉસમેં પર્યાયભેદ ને ગુણભેદ ભી નહીં હૈ. સમજમેં આયા ?

એકરૂપ ચૈતન્ય વસ્તુ જ્ઞાયકમૂર્તિ હૈ વહ અભેદ વસ્તુ હૈ, ઉસમેં ગુણભેદ (કરના).... અભેદમેં ગુણભેદ કરના (યા) પર્યાયભેદ કરના વહ વ્યવહાર હો ગયા.... સમજમેં આયા ? ક્યોંકિ ઉસમેં (ભેદ) હૈ નહીં. એક સમયમેં (–વર્તમાનમેં ભી) જ્ઞાયકભાવ જો ધ્રુવસ્વરૂપ હૈ ઉસમેં ભેદ હૈ નહીં (ઔર) ભેદ હૈ નહીં તો ભેદ કહના વહ વ્યવહાર હો ગયા. 'વ્યવહાર' નામ જૂઠા હો ગયા.... યહ અભેદમેં ભેદ જૂઠા હૈ. સમજમેં આયા ?

એક ચૈતન્યદ્રવ્ય—કિ જિસમેં અનંત શક્તિકા પિંડ પડા હૈ વહ હી દ્રષ્ટિકા વિષય હૈ. સમ્યગ્દર્શન વહ દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ, (ઇસલિયે) વહ હી ભૂતાર્થ હૈ. 'ભૂતાર્થ' નામ 'છતો'.... વાસ્તવિક પદાર્થ ધ્રુવ હૈ. વહી 'ભૂતાર્થ' નામ સત્યાર્થ.... સત્ વસ્તુ હૈ ઔર વહી સત્ વસ્તુકી દ્રષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ.... ઐસી વસ્તુકી દ્રષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન.... પહલેમેં પહલા ધર્મ ઉસસે હોતા હૈ. તો કહતે હૈં કિ દ્રષ્ટિકે વિષયમેં.... દ્રવ્યમેં અશુદ્ધતા તો નહીં, પણ દ્રવ્યમેં ગુણભેદ (ઔર) પર્યાયભેદ ભી નહીં. સમજમેં આયા ?

તો શિષ્યકા પ્રશ્ન હુઆ. દેખો ! यहाँ कोई યહ कह सकता है.... ગુજરાતી ભાષા શું છે ? 'અહીં કોઈ કહે'—એમ છે ? ઠીક. 'અહીં કોઈ કહે'.... ઠીક. यहाँ कोई कह सकता है.... ક્યા કહતે હૈં ? કિ વસ્તુમેં.... એક સમયકી અવસ્થા ઔર રાગાદિ ઉસમેં નહીં ઔર અવસ્થા (તથા) ગુણભેદ (ભી) ઉસમેં નહીં—ઐસા કહા.

તો કહતે હૈં કિ यहाँ कोई कह सकता है कि पर्याय भी द्रव्यके ही भेद हैं.... જો વસ્તુ હૈ જ્ઞાયક ચૈતન્ય ધ્રુવ.... સત્ ચિદાનંદ શુદ્ધસ્વરૂપ ધ્રુવ હૈ ઉસકી જ્ઞાનપર્યાય હૈ વહ ઉસકી (–દ્રવ્યકી હી) હૈં.... સમજમેં આયા ? અવસ્થા જો હૈ.... પર્યાય હૈ.... હાલત હૈ.... દશા હૈ.... વહ તો ઉસકી (–દ્રવ્યકી હી) હૈ, अवस्तु नहीं.... યહ કોઈ બીજી (–દૂસરી) ચીજ નહીં—એમ (કહેવું છે).

'अवस्तु' કહનેકા અર્થ.... દૂસરી ચીજકો 'अवस्तु' કહતે હૈં. અપની ચીજકો 'વસ્તુ' કહતે હૈં ઔર અપની ચીજસે દૂસરી ચીજકો 'अवस्तु' કહતે હૈં. સમજાય છે કાંઈ ?

વિષય સૂક્ષ્મ હૈ. અનંત કાલસે ઉસને આત્મા.... એકરૂપ દ્રવ્ય ક્યા ચીજ હૈ ઉસકી દ્રષ્ટિ કભી કિયા નહીં ઔર વહ દ્રષ્ટિ હુએ બિના ઉસકો કભી સમ્યગ્દર્શન ને ધર્મ હોતા નહીં. સમજમેં આયા ?

તો કહતે હૈં, કોઈ ઐસે કહ સકે कि पर्याय भी द्रव्यके ही भेद हैं.... (પર્યાય કહો), ગુણ કહો.... જ્ઞાન-દર્શન-ચારિત્ર (કહો), વે ઉસકે (–દ્રવ્યકે) હી ભાવ હૈ.... વે દ્રવ્યકે હી ભાવ હૈ.... દ્રવ્યકી હી પર્યાય હૈ.... દ્રવ્યકા હી ભેદ

હૈ.... વસ્તુ હૈ ઉસકા હી (ભેદ) હૈ. તો, (કોઈ) 'कह सकता है' (—ઐસે) કહતે હૈ. અમરચંદભાઈ ! સમજમેં આતા હૈ ?

कोई कह सकता है કિ ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ (હૈ—ઐસા) તુમ કહતે હો, તો જ્ઞાન-દર્શન-ચારિત્ર તો ઉસમેં હૈ.. હૈ.... સમજમેં આયા ? अवस्तु नहीं... 'अवस्तु' નામ (ગુણભેદ કોઈ) દૂસરી ચીજ નહીં, વહ તો અંદરમેં (–દ્રવ્યમે) હૈ, દૂસરી ચીજ (નહિ). જૈસે....

(૧) એક આત્માકી અપેક્ષાસે દૂસરા આત્મા ઔર દૂસરા પરમાણુ 'અવસ્તુ' હૈ,
(૨) સ્વદ્રવ્યકી અપેક્ષાસે દૂસરા (પરદ્રવ્ય) 'અદ્રવ્ય' હૈ,
(૩) સ્વવસ્તુ હૈ વહ અપેક્ષાસે દૂસરી (પરવસ્તુ) 'અવસ્તુ' હૈ (ઔર)
(૪) સ્વભાવ હૈ વહ અપેક્ષાસે દૂસરા (પરભાવ) 'અભાવ' હૈ.

(ઇસલિયે) ઉસકો (–દૂસરે દ્રવ્યોંકો) તો 'અવસ્તુ' કહો.... ઉસકો તો 'વ્યવહાર' કહો (પરંતુ ગુણ-પર્યાય તો 'અવસ્તુ' નહિ). સમજમેં આયા ?

શિષ્યકા પ્રશ્ન હૈ કિ : દ્રવ્યકે ભેદ તો 'અવસ્તુ' નહીં.... વે 'અવસ્તુ' નહીં. દૂસરી ચીજ હૈ તો (ઉસકો) 'અવસ્તુ' કહો. 'અવસ્તુ' કહો કિ 'વ્યવહાર' કહો (—એક હી બાત હૈ). સમજમેં આયા ? દૂસરી ચીજકો (અપના કહનેમેં) વ્યવહાર લાગુ પડતા હૈ (ઔર) અપનેમેં જો હૈ વહ તો નિશ્ચય હૈ.... સ્વવસ્તુ હૈ. અપનેમેં.... દ્રવ્ય જો હૈ વસ્તુ, (ઉસમેં) ઉસકા ગુણ હૈ ને ઉસકી પર્યાય હૈ. તો (યહ) સ્વવસ્તુમેં હૈ (ઇસલિયે) વે તો 'અવસ્તુ' નહીં, વે તો (સ્વ)વસ્તુ હૈ. પરવસ્તુ હો તો (ઉસે) 'અવસ્તુ' (કહતે) હૈ, (લેકિન અપને ગુણ-પર્યાયકો 'અવસ્તુ' ક્યોં કહા ?) સમજમેં આયા ?

શિષ્યકા પ્રશ્ન ઐસા લિયા.... પ્રશ્ન ઉઠાયા વિશેષ સમજાનેકો કિ कोई कह सकता है कि पर्याय भी द्रव्यके.... 'દ્રવ્ય' નામ (યહાં) આત્મા, પર્યાય ઉસકા અંશ હૈ અથવા ગુણ હૈ યહ ભી એક અંશ હૈ દ્રવ્યકા. વહ પર્યાય હૈ (વહ દ્રવ્યકા) ભેદ હૈન ? તો ઉસમેં (–દ્રવ્યમેં) હૈ. એક વસ્તુમેં ગુણ ભી હૈ ઔર વહ ચીજમેં પર્યાય.... અવસ્થા ભી હૈ, (ઇસલિયે) વહ ચીજ (–ગુણ ઔર પર્યાય) 'અવસ્તુ' નહીં.... દૂસરા દ્રવ્ય નહીં. સમજમેં આયા ?

तब फिर उन्हें व्यवहार कैसे कहा जा सकता है ?.... જબ વે (ગુણ તથા પર્યાય) 'અવસ્તુ' નહીં ઔર અપનેમેં હૈ તો ઉસકો 'વ્યવહાર' કૈસે કહતે હો ? तब फिर उन्हें व्यवहार कैसे कहा जा सकता है ?—યહ પ્રશ્ન હૈ. પોતાની વસ્તુ.... અપની વસ્તુ હૈ ઉસકો વ્યવહાર ક્યોં કહો ? દૂસરેકી વસ્તુ હો.... અપનેસે દૂસરી હો ઉસકો 'વ્યવહાર' કહો. અપની હૈ, તો અપનેમેં (હૈ વહ) નિશ્ચય હૈ. સમજમેં આયા ?

આત્મા....

(૧) યહ શરીર, વાણી, મન તો પર હૈ (–નોકર્મ),

(૨) કર્મ પર હૈ (–દ્રવ્યકર્મ) ઔર

(૩) ઉસમેં પુણ્ય-પાપકા વિકલ્પ.. અશુદ્ધતા હૈ વહ ભી પર હૈ (–ભાવકર્મ),

ક્યોંકિ દ્રવ્યમેં હૈ નહીં. પણ દ્રવ્યમેં.... વસ્તુમેં જ્ઞાન-દર્શન-ચારિત્ર ઐસા (ગુણ) તો હૈ. ઔર (ફિર ભી) તુમ તો કહતે હો કિ ઉસમેં (–દ્રવ્યમેં) જ્ઞાન-દર્શન-ચારિત્ર (હૈ—ઐસા) કહના યહ 'વ્યવહાર' હૈ (—ઐસા ક્યોં ?) અભેદમેં ભેદ પાડકર (–કરકે) કહના.... જાનના વહ 'વ્યવહાર' હૈ (—ઐસા ક્યોં ?) સમજમેં આયા ? સાતમી ગાથાકા બડા.... ગૂઢ અર્થ હૈ.

તો કહતે (–પૂછતે) હૈં કિ ઉસકો (–ભેદકો) 'અવસ્તુ' ક્યોં કહા ? તુમ તો અવસ્તુકો 'વ્યવહાર' કહતે હો.... 'વ્યવહાર' તો અવસ્તુ (–અપનેમેં ન હો વહ) હોતા હૈ. (લેકિન) આત્મામેં જ્ઞાન-દર્શન.... જાનના-દેખના આદિ ગુણ તો હૈ ઔર ઉસકી અવસ્થા ભી હૈ. तब फिर उन्हें व्यवहार कैसे कहा जा सकता है ? પ્રશ્નકા રૂપ સમજમેં આયા ?.... પ્રશ્નકા 'રૂપ' (યાની) પ્રશ્નમેં ક્યા આયા ?.... અભી તો પ્રશ્ન ક્યા (–કિસ કારણ) કરતે હૈં વહ સમજના કઠિન હૈ. વાંચ્યું તો ઘણી વાર હશે. ભગવાનજીભાઈ ! આ વાંચ્યું તો હશે.

શ્રોતા : વાંચ્યું તો હોય, પણ સાહેબ ! ભાવ ખ્યાલમાં ન આવેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કે (આચાર્ય) આ રીતે કહે છે....

શ્રોતા : ..........

પૂજ્ય ગુરુદેવશ્રી : યહ ચીજ ઐસી હૈ. અમરચંદભાઈ ! યહાં તો કહતે હૈં, પ્રભુ આત્મા વસ્તુ.. વસ્તુ.. ત્રિકાળ.. ત્રિકાળ.. ધ્રુવસ્તંભ.. ધ્રુવસ્તંભ..

વજ્રબિંબ જૈસા ધ્રુવ સામાન્ય સ્વભાવ હૈ.... ધ્રુવ એકરૂપ દ્રવ્ય હૈ ઔર ઉસકી અવસ્થા હોતી હૈ વહ પર્યાય હૈ.

હવે કહતે હૈં કિ પર્યાયમેં અશુદ્ધતા હોતી હૈ, વહ તો દ્રવ્ય(મેં).... દ્રવ્યમેં હૈ હી નહીં. તો (દ્રવ્ય)દ્રષ્ટિ કરનેવાલેકો પ્રમત્ત-અપ્રમત્તકા આશ્રય લેના હૈ નહીં. વહ ભેદ તો અશુદ્ધતા(કા કારણ) હૈ. સમજમેં આયા ? (ઇસલિયે) દ્રષ્ટિકે (વિષયકા) આશ્રય લેનેવાલેકો (અભેદ) દ્રવ્યકા આશ્રય કરના (–લેના ચાહિયે).

તો (કોઈ) કહે કિ દ્રવ્યકા આશ્રય કરના હૈ તો 'દ્રવ્યમેં ગુણભેદ હૈ'—ઐસા આશ્રય કરના કિ નહીં ?

(સમાધાન :) કહે, નહીં. ક્યોંકિ....

(૧) ગુણભેદ કરને જાયેગા તો ભેદ હો જાયેગા,
(૨) ભેદ હો જાયેગા તો વિકલ્પ ઉત્પન્ન હોગા,
(૩) વિકલ્પ ઉત્પન્ન હોગા તો આત્માકો લાભ નહીં હોગા.

સમજમેં આયા ? વહ કારણસે, આત્મા એકરૂપ.... અભેદ હૈ ઉસમેં ભેદ કરકે બતાના વહ ભી 'વ્યવહાર' હૈ.... 'અભૂતાર્થ' હૈ.... ઉસમેં 'હૈ નહીં'.... 'જૂઠા' હૈ....—ઐસા કહતે હૈ. સમજમેં આયા ? તો કહતે હૈં કિ....

(પ્રશ્ન :) તુમને ઐસા ક્યોં કહા ?.... અપની ચીજકો (–ગુણ, પર્યાયકો) 'વ્યવહાર' ક્યોં કહા ? (વે) અપનેમેં હૈન ?

(સમાધાન :) यह ठीक है.... ठीक है.... તેરી બાત તો ઠીક હૈ. હમ યહ કહતે હૈં કિ જિસ અપેક્ષાસે તુમ (ગુણ-પર્યાયકો દ્રવ્યકા) કહતે હો, યહ (બાત ઉસ) અપેક્ષા(સે) ઠીક હૈ. કિંતુ યહાં દૂસરી (–દ્રવ્ય) અપેક્ષા હૈ. किन्तु यहाँ द्रव्यदृष्टिसे अभेदको प्रधान करके उपदेश दिया है.... ક્યા કહતે હૈં ? द्रव्यदृष्टिसे.... દ્રવ્ય.... વસ્તુ જો પરમાત્મા પોતે (સ્વયં) ચૈતન્યમૂર્તિ જ્ઞાયકભાવ હૈ ઉસકી દ્રષ્ટિ કરાનેકો द्रव्यदृष्टिसे अभेदको.... એકરૂપ વસ્તુ હૈ ઉસકો મુખ્ય કરકે.... મુખ્ય કરકે उपदेश दिया है. સમજમેં આયા ?

अभेददृष्टिमें भेदको गौण कहनेसे ही अभेद भलीभाँति मालूम हो सकता है.... વહ (–અભેદકો યહાં) 'प्रधान' કરા ન, 'प्रधान'. अभेदको प्रधान.... મુખ્ય

करके उपदेश दिया है.... ત્યારે હવે કહતે હૈં કિ अभेददृष्टिमें.... ‘વસ્તુ—દ્રવ્યસ્વભાવ એકરૂપ હૈ’—ઐસી દ્રષ્ટિ કરાનેકો.... अभेद(दृष्टिमें) भेदको गौण कहनेसे.... (યદ્યપિ) ઉસમેં (–આત્મામેં) જ્ઞાન-દર્શન આદિ ગુણ હૈ ઔર પર્યાય અંશ ભી હૈ, તો ભી વે સબકો ગૌણ કરકે.... ગૌણ કરકે (ઉપદેશ દિયા હૈ), ક્યોંકિ દ્રષ્ટિકે વિષયમેં અભેદ દ્રષ્ટિ કરે તો સમ્યગ્દર્શન હોતા હૈ.

તો अभेदको મુખ્ય करके उपदेश दिया ઔર ઉસમેં જો ગુણભેદ ઔર પર્યાયભેદ હૈ ઉસકો गौण कहनेसे.... ‘गौण‘કા અર્થ અભાવ નહીં. સમજમેં આયા ? ‘પર્યાય’ હૈ હી નહીં.... ‘ગુણભેદ’ હૈ હી નહીં—ઐસા નહીં, પણ ઉસકો ‘गौण‘.... (યાની) ઉસકો મુખ્ય નહીં કરના. ક્યોંકિ અભેદ વસ્તુ હૈ ઉસકી અભેદ દ્રષ્ટિ હો તબ સમ્યગ્દર્શન હોતા હૈ, (પણ) અભેદમેં ભેદ કરને જાયે તો સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા ? ઓહોહો !

अभेददृष्टिमें भेदको गौण कहनेसे ही.... અભેદદ્રષ્ટિ કરાનેકો.... અભેદમેં भेदको गौण कहनेसे ही अभेद भलीभाँति.... (અભેદકા) ભલા પ્રકારસે જ્ઞાન હો સકતા હૈ. अभेददृष्टिमें भेदको गौण કરકે.... गौण कहनेसे ही અભેદ વસ્તુ.... દ્રવ્યસ્વભાવ જો હૈ ઉસકા ભલા (–સમ્યક્) પ્રકારસે જ્ઞાન માલૂમ હોતા હૈ, (પરંતુ) અભેદમેં ભેદ કરનેસે અભેદ માલૂમ હોતા નહીં. જેઠાલાલભાઈ !

શ્રોતા : હેતુ હૈ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હેતુ હૈ.... (ન્યાય હૈ).

ભગવાન આત્મા એકરૂપ વસ્તુ હૈ ઉસકી દ્રષ્ટિ કરે તો સમ્યગ્દર્શન હોતા હૈ, (લેકિન) એક(રૂપ)મેં ભેદ કરને જાયે તો વિકલ્પ ઊઠતે હૈં. સમજમેં આયા ? અભેદકો બરાબર સમજનેકે કારણ (–લિયે).... भेदको गौण कहनेसे ही अभेद.... યથાર્થપને માલૂમ હોતા હૈ. સમજમેં આયા ? ભારે વાત ભાઈ !

એવું તત્ત્વ છે કે લોકોને (સમજવું મુશ્કેલ પડે એવું છે). અત્યારે તો (તેઓ) બહારની માથાકૂટમાં બિચારા મરી ગયા છે. વસ્તુ ક્યા હૈ ઔર ઉસકી દ્રષ્ટિ અભેદમેં ક્યોં લે જાના હૈ ઔર ભેદકો.... ઉસકો ભી ક્યોં ‘વ્યવહાર’ કહા—(યહ) સમજમેં ન આવે તો પ્રયોગ કરકે અભેદ ઉપર દ્રષ્ટિ કહાંસે કરે ? સમજમેં આયા ?

ત્યાં કેમ બેઠા તડકામાં મોહનભાઈ ? અહીં છે અંદર (જગ્યા). એ મોઢા આગળ આવો.... મોઢા આગળ, જરીક ખસો.... નજીક આવો.... નજીક થોડા. (બીજા) તડકે બેઠા છે. સમજાય છે કાંઈ ? આહાહા !

ઐસી ધર્મકી દ્રષ્ટિ.... ધર્મીકો ધર્મદ્રષ્ટિ કબ હોતી હૈ ? ધર્મીકો ધર્મદ્રષ્ટિ.... સમ્યક્‌દ્રષ્ટિ.... સમ્યગ્જ્ઞાન કબ હોતા હૈ ? આહાહા !....

(૧) પરકી ક્રિયાસે તો (ધર્મ) હોતા નહીં, ક્યોંકિ પર તો અપનેમેં હૈ નહીં.
(૨) અપનેમેં શુભ-અશુભ પરિણામ ઔર અશુદ્ધતા હોતી હૈ ઇસસે ભી ધર્મ તો હોતા નહીં. ક્યોંકિ વહ અપની અશુદ્ધતા હૈ.... વસ્તુ (–પર્યાય) અપની અશુદ્ધ હૈ તો ઉસમેંસે શુદ્ધ ધર્મ કહાંસે આતા હૈ (–આયેગા) ? ઔર
(૩) અપના ભગવાન આત્મા એકરૂપ ચીજ હૈ ઉસમેં ભેદ કરનેસે શુદ્ધતાકી પર્યાય કહાંસે આતી હૈ (–આયેગી) ? (ક્યોંકિ) ભેદ કરનેસે તો અશુદ્ધતા.... વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ.

સમજમેં આયા ? હૈં (ગુણ) ઉસમેં, પણ એકરૂપ.... અભેદદ્રષ્ટિ કરાનેમેં (–કરાનેકે લિયે) ભેદકો છુડા દિયા હૈ (કિ) ભેદ 'વ્યવહાર' હૈ.... ભેદ 'વ્યવહાર' હૈ.

ભેદકો ગૌણ કરકે 'વ્યવહાર' કહ દિયા.... (ભેદકો) ગૌણ કરકે 'ભેદ નહીં હૈ'—ઐસા કહ દિયા. ઉસમેં (–આત્મામેં) જ્ઞાન-દર્શન (આદિ ગુણ) હૈ.... પર્યાય હૈ, પણ ઉસકે ભેદકો ગૌણ કરકે 'અવસ્તુ' કહકર 'વ્યવહાર' કહ દિયા.... ગૌણ કરકે 'અવસ્તુ' કહકર 'વ્યવહાર' કહ દિયા.... સમજમેં આયા ?

સૂક્ષ્મ બાત હૈ. મૂલ બાત ઐસી ગૂઢ હૈ કિ અનંત કાલસે રહ ગયી હૈ.... ઉસકે ખ્યાલમેં નહીં આયી. પરિભ્રમણ.... ચોરાશીના અવતારમાં કડાકૂટા કર્યા કરે છે (ને) ઘાણીની પેઠે દુઃખથી પિલાય છે. દુઃખસે પીડા.. પીડા.. દુઃખી.. દુઃખી.. દુઃખી હૈં સારે પ્રાણી. અપને આનંદસ્વરૂપકે ભાન બિના સારે પ્રાણી દુઃખી.. દુઃખી.. દુઃખી હૈ.

કોઈ વખતે નરકમેં, કોઈ વખતે સ્વર્ગમેં, કોઈ વખતે શેઠાઈમેં ને કોઈ વખતે રાંકાઈમેં.... પણ સબ દુઃખી.. દુઃખી હૈ. સમજમેં આયા ? ઉસકો આનંદકી દશા ઉત્પન્ન હોનેમેં (કારણ).... અકેલા (–અભેદ) દ્રવ્યકા આશ્રય કરનેસે (–લેનેસે) આનંદકી ઉત્પત્તિ હોતી હૈ. સમજમેં આયા ? સમ્યગ્દર્શન કહો કિ સાથમેં આનંદકી ઉત્પત્તિ કહો (–એક હી બાત હૈ).

આહાહા ! ભગવાન આત્મા....

આનંદકી ઉત્પત્તિ ક્યા પુણ્ય-પાપ (યા) નિમિત્તકે લક્ષસે ઉત્પન્ન હોતી હૈ ?
(નહિ).

ક્યા ઇસમેં [પુણ્ય-પાપ (યા) નિમિત્તમેં] આનંદ હૈ ?
(નહિ).

પુણ્ય-પાપકા આશ્રય કરનેસે ક્યા ઉસમેંસે (–પુણ્ય-પાપમેંસે) આનંદ ઉત્પન્ન (હોતા હૈ) ?
(નહીં).

વે (પુણ્ય-પાપ) તો મલિન હૈ.... દુઃખરૂપ હી હૈ ઔર અપના સ્વરૂપ અભેદ હૈ ઉસમેં ભેદ કરનેસે.... ભેદ કરનેસે તો વિકલ્પ ઊઠતે હૈં, એકાગ્રપના હોતા નહીં.... દ્રવ્યમેં—અભેદમેં એકાગ્રતા હોતી નહીં. (ભેદમેં) એકાગ્રતાસે રાગમય ઉત્પત્તિ હોતી હૈ ઔર રાગકી ઉત્પત્તિમેં આનંદકી ઉત્પત્તિ હોતી નહીં. આહાહા !

તો કહતે હૈં, **अभेददृष्टिमें भेदको गौण कहनेसे ही अभेद भलीभाँति मालूम हो सकता है....** અભેદકા યથાર્થ જ્ઞાન હોતા હૈ. અભેદ ભગવાન આત્મા એકરૂપ (હૈ. વહ) અભેદ, ભેદકો ગૌણ કરનેસે હી ભલે પ્રકારસે જ્ઞાનમેં માલૂમ હોતા હૈ (ઔર તબ) વહ જ્ઞાન, સમ્યગ્જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા ?

આહાહા ! દેખો ! શાસ્ત્રસે ભી જ્ઞાન નહીં હોતા....—યૂં કહતે હૈ યહાં તો. શાસ્ત્રસે જ્ઞાન નહીં હોતા.... રાત્રિ (ચર્ચા)મેં પ્રશ્ન થા. વે (પ્રશ્ન પૂછનેવાલે) ચલે ગયે. એક ઘંટા (યહાં) રહે ઇતનેમેં ક્યા સમજે કિ યહ ચીજ ક્યા હૈ.... શાસ્ત્ર તો પર હૈ, ઉસ તરફકા લક્ષસે રાગ મંદ હોકર જ્ઞાનકા વિકાસ હોતા હૈ વહ તો

પરલક્ષી જ્ઞાન હૈ.... વહ તો બંધકા કારણ હૈ, વહ કોઈ સમ્યગ્જ્ઞાન નહીં. આહાહા ! સમજમેં આયા ?

જિસમેં જ્ઞાન પડા હૈ (ઐસા) ભગવાન (આત્મા) પૂર્ણ.... જ્ઞાનસે સંપૂર્ણ હૈ. ज्ञानं इदं.... पूर्ण इदं.... યહ જ્ઞાનસ્વરૂપ પ્રભુ આત્મા પૂર્ણ હૈ ઉસકા આશ્રય કરનેસે.... ઉસકી દ્રષ્ટિ કરનેસે.... સમ્યગ્દર્શન હોતા હૈ ઔર સમ્યગ્જ્ઞાન હોતા હૈ ઔર સ્વરૂપાચરણ સ્થિરતા ભી સાથમેં હોતી હૈ. તબ ઉસકો ધર્મકી શરૂઆત હોતી હૈ. ઓહોહો !

અભી તો યહ (–અજ્ઞાની) લોગ રાડ પાડતે (–ચિલ્લાતે) હૈં કિ ‘વ્યવહારસે હોતા હૈ.... વ્યવહારસે ધર્મ હોતા હૈ.’

(સમાધાન :) યહાં તો વ્યવહાર.... ગુણભેદ કરકે (–કરના ઉસકો ભી) ‘વ્યવહાર’ (કહતે) હૈ (ઔર) ઉસસે ભી ધર્મ નહીં હોતા—ઐસે કહતે હૈ ભાઈ ! આહાહા ! ભગવાન ! તુમ ક્યા કહતે હો ?

(અજ્ઞાની :) ‘દયા, દાન, વ્રત, ભક્તિરૂપ વ્યવહાર કરો.... વ્યવહાર કરતે-કરતે નિશ્ચય હોગા.... સમ્યગ્દર્શન હોગા.... સમ્યગ્જ્ઞાન હોગા.’

(સમાધાન :) ભગવાન ! ઐસી ચીજ હૈ નહીં. ભાઈ ! વહ વ્યવહાર....

(૧) દયા, દાન (આદિ) વિકલ્પ હૈ વહ તો રાગ હૈ. ઉસમેં તો ધર્મ હૈ નહીં,
(૨) પણ વહ ધર્મકા કારણ ભી નહીં (ઔર)
(૩) યહાં તો કહતે હૈં કિ આત્મામેં ગુણભેદ કરકે જાનના વહ ભી ધર્મકા કારણ નહીં (અર્થાત્) અપની ચીજમેં.... અભેદમેં ભેદ કરકે જાનના યહ ભી ધર્મકા કારણ નહીં.

આહાહા ! જેઠાલાલભાઈ !ધર્મકા કારણ તો અભેદ ચીજ હૈ.... આહાહા ! (કિ) જિસમેંસે ધર્મકી પર્યાય પ્રગટ હો (–હોતી હૈ).

(૧) ક્યા નિમિત્તમેંસે ધર્મકી પર્યાય પ્રગટ હોતી હૈ ? ઉસમેં હૈ ધર્મ ? (નહિ).
(૨) ક્યા દયા, દાન (આદિ) વિકલ્પમેંસે ધર્મકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ ? (નહિ).

(૩) રાગમેં હૈ ધર્મકી પર્યાય ?
(નહિ).
(૪) ક્યા ગુણભેદમેં (ધર્મકી પર્યાય હૈ ?) ગુણભેદ તો વિકલ્પ હૈ.... ભેદ હૈ, ક્યા ઉસમેંસે ધર્મપર્યાય પ્રગટ હોતી હૈ ? ઉસમેં (ધર્મ)પર્યાય હૈ ? (નહિ).

વસ્તુ જો અખંડ અભેદ ચિદાનંદ હૈ ઉસમેં ધર્મ (–સ્વભાવ) પડા હૈ. 'वत्थु सहावो धम्मो'.... (સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ગાથા ૪૭૮). વસ્તુનો સ્વભાવ.... ત્રિકાળી જ્ઞાયક, અભેદ, આનંદ આદિ (રૂપ હૈ. વહ) એકરૂપ વસ્તુ હૈ ઉસમેં સબ ધર્મકી (–ગુણકી ભૂત-ભાવિ) પર્યાય, આદિ સબ કી સબ પડી હૈ. વહ ધર્મી ઐસા આત્મા એકરૂપ અભેદ હૈ—ઐસી દ્રષ્ટિ કરનેસે અભેદમેં ભેદ માલૂમ નહીં હોતા. (ઇસલિયે યહાં) ભેદકો ગૌણ કરકે અભેદકી દ્રષ્ટિ કરાયી હૈ. તો અભેદકી (દ્રષ્ટિ)સે આત્માકા સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદ (પ્રગટ હોગા).

સુખી હોનેકા રાસ્તા.... 'અભેદકા આશ્રય કરના'—વહ હૈ.

ભગવાનજીભાઈ ! શું આમાં તમારા પૈસા–બૈસા એવું કાંઈ આવ્યું નહીં ? આટલા પૈસા થયા.... ૬૦-૭૦ લાખ, કરોડ, બે કરોડ, પાંચ કરોડ, ધૂળ કરોડ, (માટે) સુખી છે ? ધૂળેય (સુખી) નથી સાંભળને, દુઃખી છે બધા.

શ્રોતા : પૈસા છે માટે.

પૂજ્ય ગુરુદેવશ્રી : પૈસા છે માટે નહીં, એની મમતા છે માટે. પૈસા ક્યાં એની પાસે આવે છે ? પૈસા ઉસકે પાસ આતે હૈં ?

શ્રોતા : તો (પૈસા) કોની પાસે (આવે) ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (પૈસા આવે) એની (–પૈસાની) પાસે... વહ (પૈસા) તો પૈસામેં હૈ.... જડ પૈસા, જડમેં હૈ.... જડ, જડમેં હૈ. પૈસા તો જડ હૈ, (ક્યા) જડ, આત્માકે પાસ આતે હૈં ? જડ તો જડમેં રહતે હૈં. વહ (અજ્ઞાની) માનતા હૈ કિ 'મેરા પૈસા'.... વહ મમતા ઉસકે પાસ આતી હૈ (ઔર) મમતા દુઃખરૂપ હૈ.

શ્રોતા : મમતા દુઃખ છે સાહેબ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સુખ(રૂપ) હશે મમતા ? ભગવાનજીભાઈ !

શ્રોતા : બધા એમાં જ સુખ માને છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : માને છે.... આહાહા ! ધૂળમાંય (પૈસામાં) સુખ (છે) નહીં સાંભળને ! દુઃખી હૈ મમતાસે. યહાં તો કહતે હૈં કિ રાગકી મંદતાકા પરિણામ (ઐસા) શુભ(ભાવ)....

(૧) કરના વહ ભી દુઃખ હૈ ઔર
(૨) ઉસકે આશ્રયસે દુઃખ હી ઉત્પન્ન હોતા હૈ ઔર
(૩) વહ દુઃખ, અપનેસે (–અપને આપમેં) દુઃખ(રૂપ હી) હૈ.

આહાહા ! રાગકી મંદતા.... દયા, દાન, વ્રત, પૂજા આદિ શુભભાવ હૈ (ઉસકા) અપના સ્વરૂપ હી દુઃખ હૈ. રાગ હૈ (વહ) દુઃખકા હી કારણ હૈ અને પોતે (સ્વયં રાગ) દુઃખસ્વરૂપ હૈ. ક્યા ઉસમેંસે આનંદ આતા હૈ ? સમજમેં આયા ?

ભાઈ ! યહ તો વીતરાગકા માર્ગ હૈ. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્માને તીન કાલ, તીન લોક દેખે ઔર ઉસમેં (–સાથમેં) આનંદ કૈસે ઉત્પન્ન હુઆ વહ બતાયા. સમજમેં આયા ? (કહતે હૈં) ઓહો ભગવંત ! તેરા અભેદ એકરૂપ સ્વરૂપ હૈ. યહ અભેદકી દ્રષ્ટિ કરનેસે તુજે સમ્યગ્દર્શન, જ્ઞાન ઔર સુખ પ્રગટ હોગા. (વે) નિમિત્તસે નહીં, પુણ્યસે નહીં ઔર ભેદસે (ભી પ્રગટ હોંગે) નહીં. ઓહોહો !

યહાં (અજ્ઞાની) તો અભી (કહતે હૈં કિ) વ્યવહાર કરતે-કરતે નિશ્ચય હોગા.

(સમાધાન:) તેરા (–તુજે) વ્યવહાર કહાં હૈ ? નિશ્ચય બિના વ્યવહાર કહાંસે આયા ? સમજમેં આયા ?

અપના સ્વરૂપ અભેદ ચૈતન્યમૂર્તિ હૈ ઉસકા આશ્રય કરનેસે જો સમ્યગ્દર્શન, જ્ઞાન આદિ ધર્મ હુઆ ઉસ (અદ્ભુત) પ્રસંગમેં.... ઉસ કાળમેં.... જરીક શુભભાવ ભક્તિ, પૂજા આદિકા હોતા હૈ ઉસકો વ્યવહાર ધર્મ કહતે હૈં, (પણ) હૈ (વહ) પુણ્ય બંધકા કારણ. સમજમેં આયા ? નિશ્ચય બિના તો તેરા વ્યવહાર (–શુભભાવ) વ્યવહાર ભી નહીં. સમજમેં આયા ? (અજ્ઞાનીકો વસ્તુકે સ્વરૂપકી) ખબર નહીં (અને) અનંતકાળ એમ ને એમ (સમજ્યા વિના) ગાળ્યો.

કંઈક કંઈક ભ્રમણા.... કૈસી કૈસી ભ્રમણામેં રુક ગયે. ભ્રમણામેં ભગવાન હાથ આયા નહીં. સમજમેં આયા ?

यहां यह अभिप्राय है कि भेदद्रष्टिमें.... 'भी' (શબ્દ) ન જોઈએ ત્યાં. 'भी' શબ્દ છપાઈ ગયો છે આમાં (–આ આવૃત્તિમાં). એ ('भी' શબ્દ હોય) તો (પણ) ઠીક.... (કેમ કે પરદ્રષ્ટિની જેમ) भेदद्रष्टिमें भी निर्विकल्प दशा नहीं होती.... એમ પણ (અર્થ) થઈ શકે શબ્દથી.

भेदद्रष्टिमें (भी) निर्विकल्प दशा नहीं होती....

ક્યા કહતે હૈં ?

કિ 'ભગવાન આત્મા એકરૂપ ચૈતન્યવસ્તુ સામાન્ય ધ્રુવ હૈ'–ઐસી દ્રષ્ટિ કરનેસે.... નિર્વિકલ્પ દ્રષ્ટિ (કરનેસે નિર્વિકલ્પ દશા હોતી હૈ). એટલે કે (જબ) રાગ બિનાકી દ્રષ્ટિ (હોતી હૈ) તબ આનંદકી દ્રષ્ટિ હોતી હૈ. અને भेदद्रष्टिमें (भी) निर्विकल्प दशा नहीं होती.... 'વિકલ્પ' નામ (રાગ). રાગ બિનાકી દ્રષ્ટિ ઔર રાગ બિનાકા આનંદ ઔર રાગ બિનાકા જ્ઞાન ભેદદ્રષ્ટિમેં નહીં હોતા. આહાહા ! સમજમેં આયા ?

જુઓ ! લિખા હૈ કિ નહીં ઉસને ? યહ તો જયચંદ પંડિતજીને લિખા હૈ. વહ (કથન) આચાર્યને તો કહા હૈ.... કુંદકુંદાચાર્યને મૂલ પાઠમેં (–ગાથામેં) કહા, પીછે અમૃતચંદ્રાચાર્ય દિગંબર સંત ૯૦૦ વર્ષ (પહલે) અભી (–પંચમકાલમેં) હુએ ઉન્હોંને (ટીકામેં) કહા (ઔર) યહ જયચંદ પંડિત હુએ જયપુરમેં ઉન્હોંને અર્થ (–ભાવાર્થ) લિખા હૈ.

શ્રોતા : આપ અત્યારે.... આપ સમજાવો છો હાલ બિરાજતા....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ વાત પછી, પહેલા સાંભળો તો ખરા કે શું કહેવું છે ? તમને (–તમારે) પાછું એમાં (–બીજા વિષયમાં ધ્યાન) વયું (–ચાલ્યું) જાય છે. (અમારે) એમ કહેવું છે કે આ ગૃહસ્થ (–જયચંદજી પંડિત) પણ આમ કહે છે. એમાં વળી તમે બીજું નાખ્યું આડું. અત્યારે એ પ્રશ્ન ખોટો થઈ ગયો. સમજાણું કાંઈ ?

યહાં તો, ગૃહસ્થાશ્રમમેં (રહને વાલે) ગૃહસ્થ ભી ઐસા અર્થ કરતે હૈં—ઐસા (મુજે) કહના હૈ. વસ્તુમેં (–ગાથામેં) તો (યથાર્થ) વસ્તુ કહી હૈ આચાર્યોને, (પણ) ઇસકા સ્પષ્ટીકરણ ચલતી ભાષામેં.... ચલતી ભાષામેં ભી ઐસા સ્પષ્ટ કરતે હૈં. સમજમેં આયા ? ભગવાનજીભાઈ !

આહાહા ! (પંડિત જયચંદજી) ગૃહસ્થ થે.... બાયડી, છોકરા, કુટુંબ થે. (સ્ત્રી, પુત્રાદિ) હો તો હો, (તેઓ) એના ઘરે (–એના સ્વક્ષેત્રમાં) રહ્યા. (ઉસસે) ક્યા હૈ ? સમજમેં આયા ? આત્મામેં ક્યા ઘૂસ ગયે હૈ કોઈ સ્ત્રી, પુત્ર ? આત્મામેં રાગ ઘૂસા નહીં.... અરે ! અભેદમેં ભેદ ભી નહીં, તો દૂસરી ચીજ કહાંસે આયી ? સમજમેં આયા ? આહાહા !

ગૃહસ્થાશ્રમમેં ભી સમ્યગ્દ્રષ્ટિ હોતે હૈં.... છ ખંડકા રાજ્ય ચક્રવર્તીકો હોતા હૈ. તો ક્યા રાજ્ય ઉસમેં (–આત્મામેં) આ ગયા હૈ ? રાજ્ય, રાજ્યમેં રહા ઔર જરી રાગ આયા તો રાગ, રાગમેં રહા. અપના જ્ઞાતા-દ્રષ્ટાસ્વરૂપ અપની દ્રષ્ટિમેં.... અનુભવમેં લિયા હૈ તો જ્ઞાતા-દ્રષ્ટાકી પર્યાયમેં ધર્મી હૈ. ધર્મી રાગમેં ભી નહીં ને નિમિત્તમેં ભી નહીં ને રાજ્યમેં (ભી) નહીં. આહાહા ! સમજમેં આયા ?

અલૌકિક માર્ગ હૈ ભગવાન ! આહા ! એ કાંઈ પામરના કામ નથી. કહતે હૈં કિ નિમિત્તસે મેરેમેં ધર્મ હોતા હૈ, પુણ્યસે મેરેમેં ધર્મ હોતા હૈ (—ઐસા માનના) યહ પામર દ્રષ્ટિ હૈ.... પામર દ્રષ્ટિ હૈ.... રાંક દ્રષ્ટિ હૈ.... મિથ્યા દ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

ભગવાન આત્મા.... કિ જિસમેં અનંત શાંતિ ઔર અનંત આનંદ પડા હૈ ઐસી ચીજ.... એકરૂપ અભેદ હૈ.—ઐસી દ્રષ્ટિ કરાનેકો ભેદકો ભી નિકાલ દિયા. ક્યોંકિ भेदद्रष्टिमें (भी) निर्विकल्प दशा नहीं होती.... જબ લગ ભેદદ્રષ્ટિ રહે કિ 'જ્ઞાન હું, દર્શન હું, આનંદ હું, એક સમયકે વિકાસમેં (–પર્યાયમેં) ઇતના વિકાસ હુઆ હૈ'—ઐસી જબ લગ દ્રષ્ટિ રહે, તબ લગ સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ દશા.... આનંદ આતા નહીં. સમજમેં આયા ? આહાહા !

और सरागीके विकल्प होते रहते हैं.... દેખો ! सरागीके.... રાગી પ્રાણી હૈ.... મોહી પ્રાણી હૈ ઉસકો તો વિકલ્પ હોતે રહતે હી હૈ. (રાગી પ્રાણીકો)....

(૧) નિમિત્તકા લક્ષ કરે તો વિકલ્પ હોતા હૈ,
(૨) અશુદ્ધતા (સ્વયં) વિકલ્પ હૈ (ઔર)
(૩) ભેદદ્રષ્ટિ કરે તો ભી વિકલ્પ હોતા હૈ,

(ક્યોંકિ) રાગી હૈ તો રાગ ઉત્પન્ન હોતા હૈ. જ્ઞાની, સર્વજ્ઞ હુએ પીછે ભેદ–અભેદ.... સબકો દેખે. ઉસમેં (–સર્વજ્ઞકો) કોઈ ભેદ દેખના રાગકા કારણ નહીં, પણ યહ રાગી પ્રાણી હૈ.... અલ્પજ્ઞ હૈ ઔર રાગી હૈ, ઉસ કારણસે ભેદદ્રષ્ટિ કરને જાયે તો વિકલ્પ હી ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ?

(અજ્ઞાની કહે છે કે) 'ભારે ! આવું ધર્મનું રૂપ.... ભારે ભઈ આવો ધર્મ ! એ કરતાં તો.... આ વ્રત પાળવા, ભક્તિ કરવી, અપવાસ કરી નાખવા, દાન કરવા (સારા. એનાથી) જાઓ ! ધર્મ (થઈ જાય).'

શ્રોતા : એમાં આત્માનું ક્યાં....?

પૂજ્ય ગુરુદેવશ્રી : ધૂળેય ધરમ નથી, સુન ન ? એમ ને એમ (સમજણ વિના) અનંત કાલસે પરિભ્રમણ કર રહા હૈ, આત્મા ચીજ ક્યા હૈ ઉસકી દ્રષ્ટિ બિના. ઐસા તો અનંત બાર કિયા હૈ. સમજમેં આયા ? 'મુનિવ્રત ધાર....' મુનિવ્રત ધારણ.... ૨૮ મૂલ ગુણ ધારણ કિયા, હજારો રાણી છોડકર....

(૧) (રાની) છોડા વહ દ્વેષ હૈ,
(૨) રાગ.... (૨૮ મૂલગુણ) ગ્રહણ કિયા વહ રાગ હૈ (ઔર)
(૩) 'વે (રાગ-દ્વેષ) મેરી ચીજ હૈ' (—ઐસા) મોહરૂપ પરિણમન કરતે હૈ (વહ) મિથ્યાત્વ હૈ.

ભગવાન આત્મા અભેદ ચીજ હૈ વસ્તુ, ઉસકા આશ્રય કરનેસે હી સમ્યગ્દર્શન ને નિર્વિકલ્પ દશા હોતી હૈ.

**और सरागीके विकल्प होते रहते हैं, इसलिये.....** આ કારણે.... **जहाँ तक रागादिक दूर नहीं हो जाते.....** જહાં તક વિકલ્પકા અભાવ ન હો.... રાગ-દ્વેષ આદિકા અભાવ ન હો.... **वहाँ तक भेदको गौण करके....** તબ લગ.... **भेदको गौण करके अभेदरूप निर्विकल्प अनुभव कराया गया है....** જબ લગ—જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન હો તબ લગ (હમ)....

(૧) અભેદદ્રષ્ટિમેં રહેં, અભેદકે <u>વલણમેં</u> રહેં,
(૨) ભેદકે <u>વલણમેં</u> ન રહેં.
(૩) (ક્યોંકિ) ભેદકે <u>વલણમેં</u> જાયે તો રાગ હોતા હૈ, રાગી હૈ ઇસલિયે.

**अभेदरूप निर्विकल्प अनुभव कराया गया है....** જહાં તક રાગ હૈ તબ લગ અભેદદ્રષ્ટિ કરાયી (હૈ).... અભેદકા વલણ કરાયા હૈ. 'વલણ' સમજતે હૈં ? ઝુકાવ. જબ લગ રાગ હૈ (તબ લગ) અભેદમેં ઝુકાવ કરાયા હૈ. ક્યોંકિ રાગી હૈ તો રાગકે કારણ.... ભેદ કરને જાયે તો રાગકે કારણ વિકલ્પ ઉત્પન્ન હોતા હૈ.

ભેદકા લક્ષ કરને જાયે તો રાગી પ્રાણી હૈ (ઔર) અભેદપના (–ચારિત્ર) પૂર્ણ પ્રગટ હુઆ નહીં.... સમ્યગ્દ્રષ્ટિકો અભેદદ્રષ્ટિ હુઈ હૈ, પણ જબ લગ રાગ હૈ તબ લગ પૂર્ણ વીતરાગતા નહીં હૈ, તો વહ ભી ભેદકા લક્ષ કરે તો ઉસકો ભી રાગ ઉત્પન્ન (હોતા હૈ).... વહ રાગી હૈ માટે રાગ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ?

ભેદકા જાનના વહ રાગકા કારણ નહીં. (યદિ) ભેદકા જાનના (રાગકા કારણ હો) તો કેવલી સબકો જાનતે હૈં.... દ્રવ્ય જાનતે હૈં, ગુણ જાનતે હૈં, પર્યાય જાનતે હૈં, અપનેકો જાનતે હૈં, પરકો જાનતે હૈં. (ફિર ભી રાગ નહીં હૈ, ઇસલિયે) ભેદકો જાનના વહ કોઈ રાગકા કારણ નહીં. પણ રાગીકો રાગ જબ લગ હૈ ત્યાં સુધી ભેદકા (લક્ષ) કરને જાયે તો રાગ ઉત્પન્ન હોગા. સમજમેં આયા ? ભારે ઝીણી વાત.

(કોઈ કહતા હૈ :) હવે અમે ધર્મ સમજનેકો આયે હૈં કિ હમેં કૈસે ધર્મ હોગા...
(સમાધાન :) વહ કહતે હૈં યહાં.

(પ્રશ્ન :) પણ બાહરસે કૈસે કરના ?—ઐસા કુછ હૈ કિ સમેદશિખર જાકર યાત્રા કરના, ૫૦ હજાર ખર્ચ દેના.... લ્યો ! લાખ–બે લાખ ખર્ચ દેના, ધર્મ હોગા ?

શ્રોતા : આપ નક્કી કર દો.....

પૂજ્ય ગુરુદેવશ્રી : (પૈસેસે) ધરમ-બરમ કૈસા ?.... ધર્મ કૈસા ? પૈસા તો જડ હૈ ઔર ઉસમેં રાગકી મંદતા કી હો તો વહ પુણ્ય હૈ. વહ ધરમ-બરમ નહીં.

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : સમેદશિખરકી જાત્રાકા પરિણામ ભી ધર્મ નહીં. સમેદશિખર.... ભગવાન આત્મા અભેદ હૈ ઉસ પર જાના ઉસકા નામ ધર્મ.... જાત્રા હૈ. સમજમેં આયા ?

ઢૂંઢિયાને (–સ્થાનકવાસીને યાત્રામાં) જાવું ગોઠે નહિને ? એટલે (માને કે) 'આ (ધર્મ) ઠીક (છે, આમાં) પૈસા ખરચવા (પડે) નહીં. (આ ધર્મ કરવા) છોકરા પાસે પૈસા લેવા (પડે) નહીં (અને) ક્યાંય જાવું (પડે) નહીં. એટલે ઘેર બેઠાં પૈસા (ખરચ્યાં) વિનાનો ધર્મ આ ઠીક છે. પૈસા રખાય ને (ધર્મ પણ થાય).' પણ જેને એવો ભાવ જાત્રા આદિનો ન હોય.... એવો શુભભાવ ન હોય અને ન જ આવે, એની દ્રષ્ટિ પણ સાચી છે નહીં.

શ્રોતા : અહીં તો (કહે છે કે શુભભાવમાં) ધર્મ નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી : (શુભભાવમાં) ધર્મ નથી, પણ એ ભાવ આવ્યા વિના (રહે નહીં), જબ લગ (પૂર્ણ) વીતરાગ ન હો. (પૂર્ણ) વીતરાગ ન હો તબ (ભી) દ્રષ્ટિ તો અભેદ ઉપર હૈ ધર્મીકી. પણ જબ લગ (પૂર્ણ) વીતરાગ ન હો તો ઐસા શુભભાવ જાત્રાકા.... પૂજાકા.... ભક્તિકા આતા હૈ, પણ વહ હૈ બંધકા કારણ. (ફિર ભી) આયે બિના રહતા નહીં.

(કોઈ) એમ કહે, 'હમેં તો કાંઈ ભક્તિ-બક્તિકા રાગ (આતા નહીં, ક્યોંકિ) તુમ તો કહતે હો (કિ ધર્મીકી દ્રષ્ટિ) અભેદમેં હૈ (ઇસલિયે) હમેં (રાગ) આતા નહીં.'

તો (યહાં કહતે હૈ :) 'તુમ સમજે હી નહીં તત્ત્વકો. (ક્યા તુમ) હો ગયા (પૂર્ણ) વીતરાગ ?.... એક સમયમેં (–પર્યાયમેં કયા પૂર્ણ) વીતરાગ હો ગયા (કિ જિસસે) રાગ આતા નહીં ? રાગ હો, પણ દ્રષ્ટિ કરને લાયક નહીં.' આકરું ભારે.

શ્રોતા : આનું કહું તો આ ખુશી થાય અને આનું........

પૂજ્ય ગુરુદેવશ્રી : સ્થાનકવાસીમાં જાત્રા ને ભક્તિ ન હોય (એટલે અહીંનું સાંભળી કોઈ) કહે, 'હા ! (આ ઠીક છે).'

પણ કઈ અપેક્ષાએ ‘નહીં’ (–ભકિત આદિના રાગનો નિષેધ છે) સાંભળને ! અપના સ્વરૂપ અભેદ વીતરાગસ્વભાવકી દ્રષ્ટિ હુઈ.... સમ્યગ્દર્શન હુઆ, તો ઉસકો (–જ્ઞાનીકો) જબ લગ (પૂર્ણ) વીતરાગતા ન હો તબ (તક) અશુભ (ભાવ) ભી આતા હૈ કિ નહીં ? અશુભ (ભાવ) આતા હૈ કિ નહીં કુટુંબ આદિકી આસક્તિકા ? તો ઉસકો (–જ્ઞાનકો ભી) શુભ(ભાવ) તો આયે બિના રહે નહીં. અશુભ(ભાવ)સે બચનેકો અથવા ઉસ કાલમેં ઐસા શુભભાવ આતા હૈ, (પણ) આશ્રય કરને લાયક નહીં.... વહ ધર્મ નહીં. પણ (ધર્મ) નહીં એટલે (શુભભાવ) આતા હી નહીં (—ઐસા હૈ નહીં).

(કોઈ કહે :) ‘અભેદ.... એકલી વીતરાગતા હો ગઈ હૈ હમારી દ્રષ્ટિમેં.’

(સમાધાન :) દ્રષ્ટિમેં અભેદ હુઆ તો (ક્યા) પર્યાયમેં હુઆ પૂર્ણ વીતરાગ ? પૂર્ણ (વીતરાગ) પર્યાયમેં ન હો તબ તક રાગ આતા હૈ. સમજમેં આયા ? .... જરીક (–કોઈ અપેક્ષાએ જ્ઞાનીને રાગ હોય નહિ) આમ કહે તો વાંધા, (જરીક—કોઈ અપેક્ષાએ જ્ઞાનીને રાગ હોય) આમ કહે તો (પણ વાંધા). ભીખાભાઈ !

શ્રોતા : ....... આમાં વાંધા જ ક્યાં છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આમાં.... વસ્તુને (–અપેક્ષાને) સમજે નહીં તો એમ જ થાય (–વાંધા જ પડે).

(કોઈ કહે : ‘આ ધર્મ) ઠીક, આપણે પૈસા પણ રખાય (ને ધર્મ પણ થાય). ભક્તિ થાય (–કરવાની) નહીં.... પૂજા થાય (–કરવાની) નહીં.... ક્યાંય (યાત્રામાં) જાવું નહીં (અને તેથી) પાંચ (કે) બસ્સો-પાંચસો પૈસા (–રૂપિયા) આપણે ખર્ચવા નહીં.... છોકરાઓ પાસે (રૂપિયા) લેવા મટે અને ધર્મ થઈ જાય.’ ભીખાભાઈ ! ભારે ભાઈ !

(સમાધાન :) એમ (ધર્મ) ન થાય, એ દ્રષ્ટિ મિથ્યા છે—એમ કહે છે. સમજાય છે કાંઈ ? જેઠાલાલભાઈ !

(કોઈ કહતા હૈ :) ‘હા, ઐસે (–પૂજા આદિકા) શુભભાવ હમેં આતે હી નહીં ઔર શુભભાવ તો બંધકા કારણ હૈ.... શુભભાવ કરના વહ કામ આત્મા(કા નહીં, ઇસલિયે હમે પૂજા આદિ) કરના આતા હી નહીં.’

(સમાધાન:) '(રાગ રહિત હૂં)'—ઐસી તત્ત્વમેં દ્રષ્ટિ (હોને પર ભી જ્ઞાનીકો) શુભભાવ આતા તો હૈ. જો રાગ હૈ ઉસકી.... રાગકી દ્રષ્ટિ તો (જ્ઞાનીકો) હૈ નહીં કિ રાગ બરાબર (કરને યોગ્ય) હૈ.—(ઐસા) ઉસકા (–રાગકા) શ્રદ્ધાન તો (જ્ઞાનીકો) સાથમેં હૈ નહીં. પૂર્ણ (સ્વરૂપ)કી અભેદદ્રષ્ટિ હુઈ તો (ભી) રાગ આતા હૈ (ઔર) ઉસકી ભી શ્રદ્ધા બરાબર હોની ચાહિયે. નવ તત્ત્વકી યથાર્થ શ્રદ્ધા હોની ચાહિયે ન ? સમજમેં આયા ?

અભેદદ્રષ્ટિ હૈ વહ યથાર્થ સમ્યગ્દર્શન હૈ, પણ ઉસ સમયમેં (ક્યા પૂર્ણ) વીતરાગ હો ગયા હૈ ? (ના). તો અશુભરાગ આતા હૈ તો શુભરાગ તો ખાસ ઉસકો (–જ્ઞાનીકો) આતા હૈ—ઐસે કહતે હૈં. (નીચેના ગુણસ્થાનોમાં રાગ આવ્યા વિના) રહે નહીં.... આવે, પણ ધર્મ નહીં. '(શુભરાગ) ધર્મ નહીં, માટે હમેં આતા નહીં હૈ'—(ઐસા માનનેવાલા) જૂઠા હૈ.... (તત્ત્વ) સમજતા નહીં. ભગવાનજીભાઈ ! (ઉસે શુભભાવ ન જ આવે) તો અશુભ(ભાવ હી) હૈ. સમજમેં આયા ?

વસ્તુ યહી.... ઐસી હૈ ભઈ ! અનેકાંત માર્ગકા સ્વરૂપ ઐસા હૈ. દ્રષ્ટિકા વિષય તો અભેદ (આત્મા) હી હૈ તીન કાલમેં. જબ લગ (પૂર્ણ) વીતરાગ ન હો તબ લગ અભેદમેં રહના ને અભેદ તરફ જાના ને દ્રષ્ટિ ચૂકના નહીં, પણ ઐસી દ્રષ્ટિ હોને પર ભી જબ લગ પર્યાયમેં (પૂર્ણ) વીતરાગતા, સર્વજ્ઞતા—કેવલજ્ઞાન ન હો તબ લગ (તત્ત્વ) શ્રવણ કરનેકા.... ભક્તિ કરનેકા.... જાત્રા (કરનેકા) —ઐસા ભાવ આયે બિના (રહતા નહીં). ઈશ્વરચંદજી ! લ્યો ! ભારે વાત ભાઈ !

(પ્રશ્ન :) પણ (રાગથી) બંધ છે તો શું કરવા કરવો ?

(સમાધાન :) પણ કરે કોણ ? (રાગ) આયે બિના રહે નહીં (ઔર ઉસકા) કર્તા હો તો તો દ્રષ્ટિ મિથ્યા હૈ. સમજમેં આયા ? આહાહા ! ભારે વાત ભાઈ !

**भेदको गौण करके अभेदरूप निर्विकल्प अनुभव कराया गया है.... जहाँ तक रागादिक दूर नहीं हो जाते....** (રાગીકો) રાગ ઉત્પન્ન હોતા હૈ, (ફિર ભી પૂર્ણતા ન હો) તબ લગ અભેદકી ઓર ઉસકા વલણ રહના ચાહિયે. **वहाँ तक भेदको गौण करके अभेदरूप निर्विकल्प अनुभव कराया गया है। वीतराग होनेके**

बाद भेदाभेदरूप वस्तुका ज्ञाता हो जाता है.... પૂર્ણ દશા પછી તો ભેદ.... પર્યાયકો જાને, ગુણકો જાને, દ્રવ્યકો જાને (ઔર) પરકો (ભી) જાને. (ક્યા) જાનના વહ રાગકા કારણ હૈ ? (નહિ). પણ રાગી પ્રાણી હૈ ને અભેદકા (લક્ષ) છોડકર ભેદ ઔર નિમિત્તમેં લક્ષ કરેગા, તો રાગી હૈ માટે રાગ ઉત્પન્ન હોગા. સમજમેં આયા ?

પરકો જાનનેસે રાગ હોતા હો તો કેવલીકો ભી (રાગ) હોના ચાહિયે. કેવલી તો તીન કાલ, તીન લોકકી પર્યાયકો જાનતે હૈં.... સબ ભેદકો જાનતે હૈં.... સબ વિશેષકો જાનતે હૈં. (વે) સામાન્યકો હી જાનતે હૈં ઐસા નહીં.

વિશેષકો કૈસે (જાનતે હૈ ?)

અપની ઔર પરકી એક-એક સમયકી પર્યાય ભિન્ન-ભિન્ન (કરકે) કેવલી જાનતે હૈં ઔર એક-એક સમયકી પર્યાયમેં અનંતા અવિભાગ પ્રતિચ્છેદ ભિન્ન-ભિન્ન કરકે કેવલી જાનતે હૈં. ઓહોહો ! એક સમયકી પર્યાયકો જાને ઔર એક સમય(કી પર્યાય)કે અનંતા અવિભાગ પ્રતિચ્છેદકો (ભી) જાને.

જાનના.... ભેદકો જાનના.... ભેદકા ખ્યાલ કરના વહ કોઈ રાગકા કારણ નહીં. પણ રાગી પ્રાણી હૈ, તો અભેદકો છોડકર ભેદ અને નિમિત્તકા લક્ષ કરેગા તો ઉસ કારણસે રાગ ઉત્પન્ન હોગા. સમજમેં આયા ? એવી વાત છે ભઈ ! વસ્તુ (-હકીકત) એવી છે કે અંદર એનું અનેકાંત સ્વરૂપ જૈસા હૈ ઐસા ઉસને અનંત કાલમેં સમજમેં લિયા નહીં. એકાંત.. એકાંત.. કોઈ ને કોઈ એકાંતમેં અડ (-અટક) ગયા. સમજમેં આયા ?

वहाँ नयका आलम्बन ही नहीं रहता ।.... વીતરાગ જબ હુઆ પૂર્ણ....

સમ્યગ્દર્શન અભેદકે (આશ્રય)સે હુઆ (તો) ભી રાગ તો હૈ અભી. તો વહ રાગી હૈ તો (ઉસકે) કારણ.... ભેદકા ઔર નિમિત્તકા લક્ષ કરેગા તો (સરાગીકે) કારણ રાગ ઉત્પન્ન હોગા. તો ઉસકો અભેદ તરફકા વલણ.... જબ લગ (પૂર્ણ) વીતરાગ ન હો તબ તક અભેદકા ઝુકાવ ચૂકના નહીં. સમજમેં આયા ? બહુ સરસ આ પેરેગ્રાફ છે. લ્યો ! પૌના ઘંટા હુઆ ઉસમેં, નહિ ? બહુત મર્મ જૈનદર્શનકા.... વીતરાગકા પેટ (-રહસ્ય) ખોલકર મૂક્યા (-રખા) હૈ ઉસમેં. ઓહોહો !

अब यहाँ पुन: यह प्रश्न उठा है .... આ પાછું ઘરે વાંચવું જોઈએ હોં (કે) આનો અર્થ આ થાતો'તો.... આ અર્થ થાતો'તો.... તો સમજાય એવું છે, નહીંતર તો અદ્ધરથી લાકડા (–વિપરીત અભિપ્રાય) ઊભા થાશે.... કાંઈકનું કાંઈક બેસી જાશે પાછું. अब यहाँ पुन: यह प्रश्न उठा है.... દેખો ! यदि ऐसा है तो एक परमार्थका ही उपदेश देना चाहिये.... તુમ તો બહુત પરમાર્થકા જોર દેતે હો તો પરમાર્થકા હી ઉપદેશ દો ન અકેલા ? યહ परमार्थका ही उपदेश देना चाहिये; व्यवहार किसलिये कहा जाता है ?.... વ્યવહાર કિસલિયે કહતે હો તુમ ? તુમ કહતે હો કિ પરમાર્થ.. પરમાર્થ.. પરમાર્થ.. સમજમેં આયા ?

व्यवहार.... પાઠ (–સંસ્કૃત ટીકામેં) તો ઇતના હૈ 'तर्हि परमार्थ एवैको वक्तव्य'.... એમ (કહ્યું છે). પછી એમાંથી ('વ્યવહાર શા માટે કહો છો ?'—એ) નાસ્તિ કાઢી. તો તો પરમાર્થ એક હી કહના ચાહિયે.... 'વ્યવહાર કહનેકી જરૂર નહીં'—ઐસી (નાસ્તિ, અર્થમેંસે) નિકાલ લિયા.... અર્થમેંસે નિકાલા અસ્તિ-નાસ્તિ.

ઉસકા ઉત્તર હૈ (૮વીં ગાથામેં હૈ).

લ્યો ! આ ગાથા વાંચીને એ ભાઈ તે દિ' બોલ્યા'તા. કેવા ? ચીમનલાલ ચકુ (સંવત) ૯૭માં આવ્યા'તાને ૯૭. (તે કહે,) 'જુઓ ! આમાં વ્યવહાર આમ કીધો છે.... જુઓ ! વ્યવહારથી નિશ્ચય થાય છે.'—આ ગાથા વાંચીને (—એમ કહ્યું).

લોકોને કાંઈ ખબર ન મળે. વ્યવહાર તો (નિશ્ચય) સમજાનેકો કહા હૈ. યહ (૮વીં ગાથામેં) કહેંગેં.... સમજે ? વ્યવહાર બિના નિશ્ચય સમજાવી શકાતો (નથી).... સમજાવી શકાય નહીં. અજ્ઞાની(કો) વ્યવહારકે બિના સમજાના શી રીતે (–કૈસે) ? સમજમેં આયા ? વહ કારણસે વ્યવહાર, (નિશ્ચય) સમજાનેકો (–સમજાનેકે લિયે) સ્થાપને લાયક હૈ, પણ વ્યવહાર આદરને લાયક નહીં. વ્યવહાર હૈ, વ્યવહાર હૈ નહીં—ઐસા નહીં. સમજમેં આયા ?

(જિજ્ઞાસુકો) રાગ મંદ હૈ ઔર (ગુરુ) વ્યવહારસે નિશ્ચયકો સમજાતે હૈં કિ 'ભૈયા! આત્મા જ્ઞાનાનંદ હૈ.... જ્ઞાન-દર્શન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા.'

(તો કોઈ કહે :) "યહ તો વ્યવહાર હો ગયા.... 'જ્ઞાન-દર્શન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત (હો વહ) આત્મા.' (—યહ તો) વ્યવહાર હો ગયા. દેખો ! 'જ્ઞાન-દર્શન-ચારિત્ર' (—ઐસા) ભેદ હો ગયા (તો) વ્યવહાર હો ગયા."

(સમાધાન :) પણ વ્યવહાર બિના કહના શી રીતે (–કૈસે) ? (વ્યવહાર બિના) વહ તો તત્ત્વકો સમજતા નહીં સામનેવાલા (જિજ્ઞાસુ) પ્રાણી. સમજમેં આયા ? વહ કહતે હૈ દેખો !

जह ण वि सक्कमणज्जो अणज्जभासं विणा दु गाहेदुं ।
तह ववहारेण विणा परमत्थुवदेसणमसक्कं ॥८॥

નીચે,

भाषा अनार्य बिना न, समझाना ज्यु शक्य अनार्यको ।
व्यवहार बिन परमार्थका, उपदेश होय अशक्य यों ॥८॥

ઉપદેશ દેવામાં વ્યવહાર આયે બિના રહતા નહીં. સમજમેં આયા ? ઉસકા....

(अन्वयार्थ) :—जैसे अनार्य (म्लेच्छ) जनको अनार्यभाषाके बिना.... દેખો ! વ્યવહારને અનાર્ય ભાષાની ઉપમા આપી છે. अनार्यभाषाके बिना किसी भी वस्तुका स्वरूप ग्रहण करानेके लिये कोई समर्थ नहीं.... અનાર્યકો સમજાયે કૈસે ? સમજે ? સમજમેં આયા ? ઉસકી ભાષામેં સમજાતે હૈં અનાર્યકો. उसीप्रकार व्यवहारके बिना परमार्थका उपदेश देना अशक्य है.... વ્યવહાર બિના.... ભેદ પાડ્યે (–કિયે) બિના સમજાના મહા અશક્ય હૈ. (ભેદ કિયે બિના) કઈ રીતે (–કૈસે) સમજાના ? સમજમેં આયા ?

ત્યાં (અજ્ઞાની) એમ (અર્થ) લે છે કે "જુઓ ! 'વ્યવહાર બિના પરમાર્થ હોતા નહીં.' (–ઐસે કહા). વ્યવહાર આતા હૈ કિ નહીં ? આહાહા ! (બીજે) આવ્યું છેને ? ગૌતમસ્વામીએ વ્યવહારનો આશ્રય લઈ શિષ્યોને સમજાવ્યા, કારણ કે એનાથી લાભ થાશે વધારે."

(સમાધાન :) પણ એ તો ભેદ પાડીને અભેદ સમજાવ્યું—એમ કહે છે. આહાહા ! હવે (અજ્ઞાની) એનો અર્થ કાઢે એવો (વિપરીત). શું કરે પણ ? જીવ

પણ શું કરે ?.... એની દ્રષ્ટિમાં ઊલ્ટું (–વિપરીતતા) હોય (તો) એવું કરે. અમરચંદભાઈ ! દ્રવ્ય ક્યા કરે ઉસમેં ? પર્યાયકી જૈસી દ્રષ્ટિ હૈ ઐસા અર્થ લગાવે. દ્રવ્ય તો દ્રવ્ય હૈ.... ધ્રુવ તો ધ્રુવ હૈ. દ્રવ્ય.... ભગવાન (આત્મા) ક્યા કરે ? પર્યાયમેં જૈસી દ્રષ્ટિ હૈ ઐસા અર્થ લગા દે.... ઐસા અર્થ કર દે.... ઐસા અર્થ ચલા દે અપનેમેં.

શ્રોતા : ભગવાન (આત્મા) તો ભગવાન હી હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : વહ (આત્મા) તો ભગવાન હી હૈ. (ફિર ભી) ભગવાન (–ધ્રુવ આત્મા ઔર) પરિણામ(કા) સંબંધ હૈ. ઊસકો.... ઇતના (–ધ્યેય-ધ્યાન આદિ સંબંધ) હૈ. પર્યાયકા (ધ્રુવકે સાથ) સંબંધ તો હૈ, (તો ભી) પર્યાય ઉસમેં.... ધ્રુવમેં ઘૂસ ગયી નહીં હૈ.

આહાહા ! ધ્રુવ ભગવાન તો ભગવાન હી હૈ પૂર્ણાનંદ પ્રભુ, પણ પર્યાયમેં જહાં ભૂલ હૈ તો (અશુદ્ધ) પર્યાય જૈસા 'કામ' (–દ્રષ્ટિ કરેગી વૈસા વેદન હોગા). 'કામ' તો પર્યાયમેં લેના (–કરના) હૈ, તો પર્યાયમેં ભૂલ હૈ તો ઐસી (વિપરીત) દ્રષ્ટિ કરેગા. સમજમેં આયા ?


પાઠમાં (–મૂળ ગાથામાં) કુંદકુંદાચાર્યે તે કાળે (–સમયે) 'અનાર્ય' ભાષા લીધી છે, (જ્યારે) અમૃતચંદ્રાચાર્યે 'મ્લેચ્છ' (ભાષા) લીધી છે. (કારણ કે) કાળ ફર્યો છેને થોડો (કુંદકુંદાચાર્ય) પછી, (એટલે અમૃતચંદ્રાચાર્યે) 'મ્લેચ્છ' ભાષા લીધી છે. 'અનાર્ય' શબ્દ હતો મૂળ પાઠમાં. 'અનાર્ય' શબ્દ હતો એ જરી હળવો (શબ્દ) હતો, પછી પાછું (અમૃતચંદ્રાચાર્યે) 'મ્લેચ્છ' (શબ્દ) લીધો.... મળને ઇચ્છે એવા મ્લેચ્છ.... સમજાય છે ?

(टीका:—) जैसे किसी म्लेच्छ से यदि कोई ब्राह्मण 'स्वस्ति' ऐसा शब्द कहे.... લ્યો ! સમજે ? કોઈ મ્લેચ્છકી (શેરી) હો ઔર મ્લેચ્છકી (શેરીમેં)... સમજે ? ઉસકી (શેરી હો) ઉસમેં બ્રાહ્મણ ચઢ (–ચલા) ગયા. મ્લેચ્છ(ની) શું કહેવાય ? શેરી. 'શેરી'કો ક્યા કહતે હૈં ?

શ્રોતા : મોહલ્લા.. મોહલ્લા

પૂજ્ય ગુરુદેવશ્રી : મોહલ્લા. 'મોહલ્લા' નહીં સમજતે ? કહો ! મોહલ્લા નહીં (સમજતે) ? મોહલ્લા = શેરી. શેરી કહો કે રસ્તા. જહાં મ્લેચ્છ વસતે હો

વહાં બ્રાહ્મણ આ ગયા... જહાં મ્લેચ્છ વસતે હો વહાં બ્રાહ્મણ આ ગયા. (ઇતના) નહીં સમજતે ?




વસ્તી જહાં મ્લેચ્છકી હૈ (વહાં) બ્રાહ્મણને ઐસે.... 'स्वस्ति' ऐसा शब्द कहे.... 'स्वस्ति'.... तो वह म्लेच्छ उस शब्दके वाच्यवाचक संबंधको न जाननेसे.... ક્યા કહતે હૈં ? 'स्वस्ति'.... વાચક શબ્દ હૈ ઉસકા વાચ્ય ક્યા હૈ વહ (મ્લેચ્છ) સમજતા નહીં. 'स्वस्ति' શબ્દ સુના.... વાચક... વાચક શબ્દ સુના, પણ વાચકકા વાચ્ય ક્યા હૈ (વહ જાનતા નહીં). 'તેરા કલ્યાણ હો'.... ઉસકા ('स्वस्ति' શબ્દકા ઐસા) ઉસમેં વાચ્ય હૈ, (પણ) વહ તો સમજે નહીં. (તો વહ સોચતા હૈ કિ) ક્યા કહતે હૈ યહ ?

वाच्यवाचक संबंधको न जाननेसे.... ઉસ શબ્દકા અર્થ ક્યા હૈ.... શબ્દમેં ભાવ ક્યા હૈ વહ તો સમજે નહીં. कुछ भी न समझकर.... દેખો ! वाच्यवाचक संबंधको न जाननेसे.... વાચકકા.... જૈસે 'સાકર' કહા, 'સાકર'. પણ સમજે નહીં (કિ) 'સાકર' (માને) ક્યા ?.... 'સાકર' (માને) ક્યા ?.... 'સાકર' (માને) ક્યા ?.... 'સાકર' (માને) ક્યા ?....

(કોઈ સમજાવે કે :) 'ભઈ ! સાકર.... વહ મીઠી ડલ્લી હૈ વહ સાકર.'
(ત્યારે સાંભળનાર :) 'આહાહા ! આ સાકર !' (—એમ તે સમજી જાય છે).

કેટલાકની એવી ભાષા હોયને કે (સાંભળનાર) સમજે નહીં. આપણે 'શેરડીનો રસ'.... અમારે (અહીંયા) કહે 'શેરડીનો રસ'. વહ (ગુજરાતી નહીં જાણનાર વિચારે કે) 'શેરડીનો રસ' (માને) ક્યા ? (જ્યારે કોઈ તેને સમજાવે) ત્યારે (તે સાંભળનાર) સમજે કે 'ગન્નાકા રસ.... હા, એ (બરાબર).' એની (–સાંભળનારની) ભાષામાં એને (સમજાવવું પડે કે) વહ ગન્ના હોતા હૈન ? ઉસકે રસકો 'શેરડીનો રસ' કહતે હૈ હમારે (ગુજરાત) મેં. (આમ સમજાવે ત્યારે

તે કહે,) 'હા, વહ ઠીક.' ઉસકી ભાષામેં કહે તો ઉસકો ઠીક પડે, નહીં તો સમજે નહીં.... કાંઈ સમજે નહીં.

'યહાં (સોનગઢ જો) સુનને(કે લિયે જાને)વાલે (હૈ ઉન્હેં) ગુજરાતી સમજનેકી લાયકાત લેકર જાના'—ઐસા (બનારસવાલે પંડિત) કૈલાસચંદજીને લેખ લિખા થા. હા, ક્યોંકિ ગુજરાતીમેં જૈસા સ્પષ્ટ એની મેળાએ (–અપને આપ) ચલતા હો વૈસા હિંદીમેં (નહીં હો સકતા). અભી તો ચલતા હૈ ઐસા થોડા.... થોડા. પણ ઐસા.... બરાબર ગુજરાતીમેં જૈસા ભાવ નિકલે ઐસા હિંદીમેં (નહીં આવે), (ક્યોંકિ) હિંદી ભાષાકા ખ્યાલ કરનેમેં અટક જાના પડતા હૈન કિ આ (ગુજરાતી) ભાષા(કા શબ્દ) હિંદી(મેં) ક્યા હૈ ? સમજે ? ગુજરાતી ભાષાકા તો ઐસા અભ્યાસ હૈન કિ (વાણી) ચલે હી જાતી હૈ.... ચલે હી જાતી હૈ.

કૈલાસચંદજીને લિખા થા એક બાર લેખમેં કિ 'મહારાજકે પાસે (સમજનેકે લિયે) જાના હો તો આપણે (–હમેં) થોડા ગુજરાતી શીખકર જાના. ઉનકી (ગુજરાતી) ભાષામેં જો (ભાવ) આતે હૈં ઐસા અપની (હિંદી) ભાષામેં ન આયે. તો આપણી ભાષા આપણે.... (ઉનકે પાસ) સમજને જાતે હૈં તો અપની (હિંદી) ભાષામેં લેના (–સુનના), એ કરતાં ગુજરાતી સમજના.

શ્રોતા : સિદ્ધાંત બરાબર, પણ બધા અમલમાં મૂકી શકે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો બધા.... 'શેઠિયા' તો ગુજરાતીમાં સાંભળવામાં ખુશી (થતાં), દીપચંદ શેઠિયા. બરાબર ગુજરાતી.... ગુજરાતી.

**कुछ भी न समझकर उस ब्राह्मणकी ओर मेंढेकी भांति....** 'ઘેટા' હૈ ન ઘેટા ? 'ઘેટા' કહતે હૈન ? મેંઢા. ક્યા કહતે હૈ ? 'स्वस्ति'.... ક્યા કહતે હૈં ? ગ્રીક લેટીન જેવી ભાષા હોય ને ગુજરાતી (અથવા) હિન્દી માણસ બેઠા હોય તો 'યહ ક્યા કહતે હૈ'—એમ થાયને એને ? ગ્રીક લેટીન જેવી ભાષા (હોય તો) 'ક્યા કહતે હૈ યહ ?' (—એમ મૂંઝવણ થાય. એવી રીતે મ્લેચ્છને મૂંઝવણ થાય કે) 'स्वस्ति'.... ક્યા (કહતે) હૈ ?

(તબ વહ) **मेंढेकी भांति आंखें फाडकर....** બસ, **'टकटकी'....** (શબ્દથી) તો એનો અર્થ કર્યો પછી, મૂલ (સંસ્કૃત ટીકામેં) ઐસા (**'टकटकी'** શબ્દ હૈ) નહીં. મૂલ તો ઐસા હૈન ? **'इव अनिमेष उन्मेषित'**....—એમ છે.

'अनिमेष उन्मेषित'.... છે બસ (અર્થાત્) आंखें फाडकर. (એ તો) પછી 'अनिमेष उन्मेषित' છેને ? એટલે પછી વિશેષ.... 'टकटकी लगाकर'....—એમ એનો વિશેષ શબ્દાર્થ (કર્યો કે) આમ.... આમ.... જોઈ રહે છે કે ક્યા કહતે હૈં યહ ? 'स्वस्ति'.... 'स्वस्ति'.... ક્યા કહતે હૈં ?

लगाकर.... फाडकर.... आंखें फाडकर (टकटकी) लगाकर देखता ही रहता है.... देखता ही रहता है હોં.... ઇતના તો અનુકરણ કરતા હૈ. ઐસે 'ઉહ'.... ક્યા કહતે હૈં યહ ? કુછ સમજમેં (નહીં આતા)—ઐસા (નિષેધ) નહીં.... ઐસા (નિષેધ) નહીં કિ યહ ઐસી ભાષા ક્યોં કરતે હૈં ?—એમ નહીં. (જિજ્ઞાસા હૈ કિ) યહ ક્યા કહતે હૈં ! ઇતના તો ઉસમેં અનુકરણ કરનેકી બુદ્ધિ હૈ. સમજમેં આયા ?

किन्तु जब ब्राह्मणकी और म्लेच्छकी भाषाका.... દેખો ! બ્રાહ્મણને 'स्वस्ति' કહા ઔર મ્લેચ્છ ભાષામેં ક્યા અર્થ હૈ.... દોનોંકો (-સંસ્કૃત ઔર મ્લેચ્છ—દોનો ભાષાકો) જાનનેવાલા.... दोनोंका अर्थ जाननेवाला कोई दूसरा पुरूष.... બ્રાહ્મણની (સંસ્કૃત) અને મ્લેચ્છની ભાષાનો (જાણનાર).... ઓહોહો ! 'વ્યવહાર'ને તો મ્લેચ્છ ભાષામાં નાખ્યો.

શ્રોતા : 'નિશ્ચય' બ્રાહ્મણની ભાષા........

પૂજ્ય ગુરુદેવશ્રી : 'નિશ્ચય' બ્રાહ્મણની ભાષા. નિશ્ચય, અભેદ સ્વરૂપ હૈ. બ્રાહ્મણની અને મ્લેચ્છની ભાષાના.... दोनोंका अर्थ जाननेवाला.... दोनोंका अर्थ जाननेवाला.... બરાબર દોનો (ભાષા)કો જાનતા હૈ ઐસા कोई दूसरा पुरूष या वही ब्राह्मण.... વહી કહનેવાલા म्लेच्छ भाषा बोलकर उसे समझाता है.... म्लेच्छ भाषा बोलकर उसे समझाता है कि 'स्वस्ति' शब्दका अर्थ यह है कि 'तेरा अविनाशी कल्याण हो'....

સુ+અસ્તિ = સ્વસ્તિ. સુ = ભલા તેરા હો.... કલ્યાણ તેરા હો.

(મ્લેચ્છ વિચારતો હતો :) હેં ! ઓહો ! 'સ્વસ્તિ' (કહકર) ક્યા કહતે હૈં ? વે હમકો (ક્યા) કહતે હૈં ? (મ્લેચ્છ 'સ્વસ્તિ'કા અર્થ) નહીં સમજતા, (ફિર ભી) બરાબર ટકટકી (લગા)કર દેખતા હૈ આંખે ફાડકર. સમજમેં આયા ?

'स्वस्ति'કા અર્થ ઐસા હૈ કિ 'तेरा अविनाशी कल्याण हो', तब तत्काल ही.... तत्काल ही.... આમ જ્યાં સાંભળ્યું, (ત્યાં) પરિણમી (ગયો). उत्पन्न होनेवाले अत्यन्त आनंदमय.... સમજાય છે ? 'अमन्द'.... એમાં (–ટીકામાં) એમ છેને ? 'अमन्द'.... (શબ્દ) છે. 'अमन्द'.... એ (શબ્દ) હતોને પાંચમી ગાથામાં ? એવો અહીંયા 'अमन्द'.... શબ્દ છે. 'अमन्द'નો (અહીં) અર્થ કર્યો છે 'अत्यन्त'. સમજમેં આયા ?

मेंढेकी भांति.... लगाकर देखते रहता है, किन्तु जब व्यवहार–परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी.... એ પછી આવશે, નહિ ? હા, એ ન્યાં ને ન્યાં આવ્યું, (આ શબ્દો દ્રષ્ટાંત પછી સિદ્ધાંતમાં આવશે. આ) તો પાનું આગળનું (છે).

तत्काल ही उत्पन्न होनेवाले अत्यन्त आनंदमय अश्रुओंसे जिसके नेत्र भर जाते हैं.... આહાહા ! ઓહો ! ('સ્વસ્તિ' શબ્દકા) 'તેરા કલ્યાણ' ઐસા અર્થ હૈ ! (—આમ સમજતાં જ મ્લેચ્છના) આંખમાંથી આનંદમય (આંસુ) આમ.... ત્યાંય (પાંચમી ગાથામાં પણ) શબ્દ તો એનો એ જ છે 'अमन्द'....

अश्रुओंसे.... आनंदमय अश्रु.... આ 'હર્ષના આંસુ' નથી કહેતા ? 'आनंदमय'નો અર્થ એ (છે). આપણે 'હર્ષના આંસુ' કહે છે. ત્યાં (હિન્દી પ્રાંતમાં) 'હર્ષના આંસુ' નહીં કહતે ? બહુ હર્ષ આતા હૈન ? દીકરો બહાર (–પરદેશથી આવે તો) બહુ પ્રેમમાં હર્ષના આંસુ આવે ઉસકો. ઐસે ઉસકો (–મ્લેચ્છકો) હર્ષકા આંસુ આ ગયા. जिसके नेत्र भर जाते हैं ऐसा वह म्लेच्छ इस 'स्वस्ति' शब्दके अर्थको समझ जाता है.... લ્યો ! હવે ઉપમા (–સિદ્ધાંત) આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

प्रवचन नं. २४
गाथा - ८
संवत २०२४, आसो सुद १२, गुरुवार, ता. ३-१०-'६८

સમયસાર, જીવ-અજીવ અધિકાર. આઠવીં ગાથા ચલતી હૈ.

પ્રશ્ન શિષ્યકા વહ થા કિ જબ વ્યવહારનય આદરણીય નહીં હૈ ઔર નિષેધ કરનેલાયક હૈ, તો ફિર અકેલા પરમાર્થકા ઉપદેશ દેના થા. સમજમેં આયા ?

છઠ્ઠવીં ગાથામેં કહા ન ? કિ : આત્મા જ્ઞાયકરૂપ એકસ્વરૂપ હૈ વહી દ્રષ્ટિકા વિષય હૈ (ઔર) વહી વસ્તુસ્વરૂપ હૈ. શુભ-અશુભ (અર્થાત્) પુણ્ય-પાપકે ભાવરૂપ જ્ઞાયકભાવ હોતા નહીં, ઉસ કારણસે (વહ) પ્રમત્ત-અપ્રમત્ત હૈ નહીં. (—ઐસા કહકર) ઉસકા (–પર્યાયભેદકા) નિષેધ કર દિયા, (ક્યોંકિ) વે વ્યવહારનયકે વિષય હૈં. વર્તમાન ચૌદહ ગુણસ્થાન—જો કિ વ્યવહારનયકા વિષય ઔર અશુદ્ધનયકા વિષય હૈ ઉસકા નિષેધ કર દિયા (ઔર કહા કિ) જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ એકરૂપ હૈ વહી આત્મા હૈ.... વહી ભૂતાર્થ હૈ ને વહી સત્ય હૈ. ઉસકી દ્રષ્ટિ કરનેસે સમ્યગ્દર્શન હોતા હૈ. ઔર....

સાતવીં ગાથામેં કહા કિ : ગુણ-ગુણીકા ભેદ હૈ વહ ભી વ્યવહાર હૈ. 'જ્ઞાન-દર્શન-ચારિત્ર વહ આત્મા.... વહ આત્મા' (—ઐસા કહના) વહ ભી વ્યવહાર હૈ (ઔર) વ્યવહાર છોડનેલાયક હૈ, આશ્રય કરનેલાયક નહીં.

ઐસા કહા તો (આઠવીં ગાથામેં) શિષ્યને પ્રશ્ન કિયા કિ : વ્યવહાર (–ભેદ) કહના હી ક્યા કામકા હૈ ? તુમ એક પરમાર્થ હી કહો ન ? સમજમેં આયા ? '(આત્મા) અકેલા જ્ઞાયકસ્વરૂપ હૈ'—ઐસા પરમાર્થ કહો, ઐસી વ્યવહાર (–ભેદ)કી બાત ક્યોં (કરતે હો) ? તુમ્હેં 'વ્યવહાર' કહકર તો વ્યવહારકો (–ભેદકો) છુડાના હૈ, તો વ્યવહાર (–ભેદ) કિસ કારણસે કહતે હો ? વહ પ્રશ્ન આઠવીં ગાથામેં હૈન ? (આઠવીં ગાથામેં વ્યવહાર) ક્યા હૈ ઉસકા દ્રષ્ટાંત કહા. ભૈયા ! સુન. કોઈ મ્લેચ્છ સ્થાનમેં (–ક્ષેત્રમેં) બ્રાહ્મણ ચલા ગયા.... મ્લેચ્છકી વસ્તીમેં બ્રાહ્મણ ગયા (ઔર) બ્રાહ્મણને 'સ્વસ્તિ' ઐસા કહા. સમજમેં આયા ?

નજીક આવો.... નજીક. ન્યાંથી 'તપસી' બોલે ત્યારે (બેઠેલા નજીક આવે)ને પણ. આહીં તો જગ્યા ઘણી છે મોઢા આગળ.

મુમુક્ષુ : ઠવણી કાઢી નાખો.

પૂજ્ય ગુરુદેવશ્રી : ઠવણી જુદી વાત, હજી ઠવણી સિવાય પહોળા (થઈને) બેઠા છે એને તો (વ્યવસ્થિત) કરો.

(છઠ્ઠી ગાથામેં કહા કિ :) યહ આત્મા હૈ વહ ધ્રુવસ્વરૂપ એક જ્ઞાયકરૂપ હૈ. વહી આશ્રય કરનેલાયક હૈ.... ધર્મી જીવકો વહી અવલંબન ઔર આશ્રય કરનેલાયક હૈ. (—ઐસા) યહાં સ્થાપન કરના હૈ. ઉસમેં જો ચૌદહ ગુણસ્થાન યા શુભાશુભભાવ હોતે હૈં વે ભી આશ્રય કરનેલાયક નહીં, પણ નિષેધ કરનેલાયક હૈ અર્થાત્ ઉસ તરફકા લક્ષ છોડનેલાયક હૈ. સમજમેં આયા ?

ઔર સાતવીં ગાથામેં ઐસા કહા કિ : 'જ્ઞાન-દર્શન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત (હો વહ) આત્મા'—ઐસા વ્યવહાર ભી નિષેધ કરનેલાયક હૈ. ક્યોંકિ તીન ભેદ (કરને)મેં ભેદ (–વિકલ્પ) હો જાતા હૈ ઔર જ્ઞાયક ચૈતન્ય એકસ્વરૂપ અભેદ હૈ વહ ભેદસે.... ભેદમેં દિખતે (નહીં). ભેદસે લક્ષ (હટતા હૈ તો) જાતા હૈ અભેદ ઉપર, પણ (અનાદિસે) ભેદ ઉપર લક્ષ હોનેસે અભેદ દેખનેમેં (–દ્રષ્ટિમેં) આતા નહીં ઔર અભેદ દેખે બિના સમ્યગ્દર્શન.... ધર્મકી પહલી શુરૂઆત હોતી નહીં. સમજમેં આયા ? એકરૂપ, અભેદ, એકાકારકી દ્રષ્ટિ હુએ બિના સમ્યગ્દર્શન હોતા નહીં.

(શિષ્યકા પ્રશ્ન :) 'તુમને તો વ્યવહારકા (–ભેદકા) નિષેધ કર દિયા, (ફિર) વ્યવહાર (–ભેદ) કિસ કારણસે કહતે હો ? અકેલા પરમાર્થ હી કહો ન ?'

તો ઉસકો ઉત્તર દિયા કિ, જુઓ ભાઈ ! બ્રાહ્મણ હૈ વહ મ્લેચ્છકી વસ્તીમેં ચલા ગયા (ઔર) 'સ્વસ્તિ' કહા. 'સ્વસ્તિ'કા અર્થ વહ (–મ્લેચ્છ) સમજા નહીં, તબ મ્લેચ્છ બ્રાહ્મણકી ઓર आंखें फाडकर टकटकी लगाकर देखता ही रहता है.... (અર્થાત્) અનુકરણ (કરતા હૈ કિ) ક્યા (કહનેમેં) આયા.... ક્યા કહતે હૈં.... ક્યા કહતે હૈં.

બાદમેં વહી બ્રાહ્મણને અથવા દૂસરેને આકર ઉસ ('સ્વસ્તિ') શબ્દકા અર્થ કિયા કિ જુઓ ભાઈ ! 'સ્વસ્તિ'કા અર્થ ઐસા હૈ.... સુ+અસ્તિ = તેરા અવિનાશી (કલ્યાણ) હો. (ઇસ પ્રકાર) ઉસકી મ્લેચ્છ ભાષામેં સમજાયા (અને) ત્યારે વહ સમજ ગયા કિ ઓહો ! 'સ્વસ્તિ'મેં તો ઐસા અર્થ ભરા હૈ ! આંખમેં હર્ષકે આંસુ આ ગયે ઔર વહ 'સ્વસ્તિ'કા અર્થ સમજ ગયા. સમજમેં આયા ? વહ દ્રષ્ટાંત દિયા.

ઐસે.... યહાં (સિદ્ધાંત) લેના હૈ, દેખો ! इसीप्रकार.... 'स्वस्ति' शब्दके अर्थको समझ जाता है.... યહાં તક આયા હૈ. સમજમેં આયા ? મ્લેચ્છ ઉસકી (–અપની) ભાષાકે બિના વહ ('સ્વસ્તિ' શબ્દકા અર્થ) સમજ સકતા નહીં, તો ઉસકી ભાષા કરના (–ભાષામેં કહના) પડા કિ 'તેરા અવિનાશી કલ્યાણ હો.' (સુનતે હી મ્લેચ્છકો).... આહા ! ભાઈ ! બહુ અર્થ સરસ છે આ 'સ્વસ્તિ'નો—ઐસા આનંદ.... આનંદ હો ગયા. હર્ષકા આનંદ.... હર્ષકા આનંદ.... આત્માકા આનંદ નહીં, હર્ષકા આનંદ હુઆ કિ ઓહોહો ! બડી (અચ્છી) બાત કિયા.

इसीप्रकार व्यवहारीजन.... સંસ્કૃતમેં (–ટીકામેં) તો 'लोकः'.... ઐસા પડા હૈ શબ્દ. લોકજન = લૌકીકજન.... લોકજન = લૌકીકજન. 'દ્રવ્યસંગ્રહ'માં આવે છેને ભાઈ ? 'લોકોક્તિ.... વ્યવહાર....'—એ શબ્દ છે. (અહીં) જુઓ ! 'लोकः'.... 'लोकः'.... લોકભાષા. લોકમાણસ છે.... વ્યવહારીજન છે એ માણસ—જન લોકોક્તિમાં સમજે છે. વ્યવહારીજન.... 'लोकः'.... શબ્દ હૈન ?

'लोकोऽप्यात्मेत्यभिहिते सति....'—યહ શબ્દ હૈ સંસ્કૃતમેં. તો, એનો અર્થ અહીંયા કર્યો (કે) 'व्यवहारीजन'.... લોકમાં વ્યવહારી.... લૌકીકજન હૈ વહ भी.... વહ भी.... જૈસે વહ મ્લેચ્છ 'સ્વસ્તિ'કા અર્થ નહીં સમજતા થા, ઐસે લૌકિક व्यवहारीजन भी 'आत्मा' शब्दके कहने पर.... 'आत्मा' ઐસા કહા. ઐસા શબ્દ કહને પર 'आत्मा' शब्दके अर्थका ज्ञान न होनेसे.... 'बहिष्कृत'.... (શબ્દ છે સંસ્કૃતમાં) એનો અર્થ કર્યોને ?.... 'बहिष्कृत'કા અર્થ કિયા 'आत्मा' शब्दके अर्थका ज्ञान न होनेसे....

(જૈસે) વહ મ્લેચ્છકો 'સ્વસ્તિ' (શબ્દકે) અર્થકા જ્ઞાન ન હોનેસે ટગટગ દેખતે હૈં. (ઐસે) આ લૌકિકજન હૈ ઉસકો કહા કિ 'આત્મા'.... (તબ 'આત્મા' શબ્દકે અર્થકા જ્ઞાન ન હોનેસે) 'યહ ક્યા કહતે હૈં.... આત્મા ક્યા હૈ'....—ઐસે ટકટકી લગાકર (વહ દેખતા રહતા હૈ.—યહ) અનુકરણ (કરને વાલી) દ્રષ્ટિ હૈ, (મ્લેચ્છકો) કહનેવાલેકા તિરસ્કાર નહીં હૈ. સમજમેં આયા ?

('આત્મા' શબ્દ) કહતે હૈં ઉસકા તિરસ્કાર નહીં, પણ 'યહ ક્યા કહતે હૈં'....—ઐસે ટકટકી લગાકર દેખતા હૈં. સમજમેં આયા ? **'आत्मा' शब्दके अर्थका ज्ञान न होनेसे कुछ भी न समझकर....** કુછ સમજે નહીં (કિ) ક્યા કહતે હૈં 'આત્મા'. યે તો આત્મા.... આત્મા.... (કરતે હૈં), પણ ક્યા (હૈ) આત્મા ? (—ઐસા સમજનેકી જિજ્ઞાસા હૈ).

(ઇસલિયે) **मेंढेकी भांति....** 'મેંઢા' (માને) ક્યા કહતે હૈ તુમ્હારેમેં ? 'મેંઢા' હી કહતે હૈં. 'ઘેટા'.... હમારેમેં 'ઘેટા' કહતે હૈં. વહ (મ્લેચ્છ) મેંઢેકી માફક ટકટકી લગાકર દેખતા હૈ. દેખો ! ઉતની અનુકરણ (કરને)કી દ્રષ્ટિ તો ઉસકી હૈ.... સમજમેં આયા ? ઇતના તો પાત્ર હૈ. 'આત્મા' શબ્દકા (અર્થ) સમજા નહીં, પણ 'આત્મા' (માને) ક્યા કહતે હૈં.... ક્યા કહતે હૈં—ઐસે વહ કહનેવાલેકે પ્રતિ બહુમાનસે આંખે (ફાડકર) ટકટકી લગાકર દેખતા હૈં.... ઇતના તો ઉસકા (–કહનેવાલેકે પ્રતિ) બહુમાન હૈ. સમજમેં આયા ?

**मेंढेकी भांति आँखें फाडकर टकटकी लगाकर देखते रहते हैं, किन्तु जब व्यवहार–परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले....**

અબ ક્યા કહતે હૈં ?

વહ 'આત્મા'કા અર્થ કહનેવાલે....

'આત્મા'કા અર્થ કહનેવાલે કૈસે હૈ ?

કિ **व्यवहार–परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले** હૈં, ક્યોંકિ જબ સમજાના હૈ દૂસરેકો, તો વિકલ્પ તો આયા હૈ. ઐસે (કહનેવાલે) લેને હૈ ભાઈ ! યહાં કેવલી લેના નહીં હૈ, (ક્યોંકિ) વહ (આચાર્યદેવકે) સમયકી બાત હૈન ? સુનનેવાલા આયા (ઔર આચાર્યદેવને) 'આત્મા' કહા.

તો, 'આત્મા' ક્યા હૈ યે.... 'આત્મા' (માને) ક્યા.... યહ ક્યા કહતે હૈં.... (—ઐસે) ટકટકી લગાકર (સુનનેવાલા) દેખતા હૈ.

વે 'આત્મા' કહનેવાલે અથવા દૂસરા કોઈ ભી આચાર્ય અથવા મુનિ, જ્ઞાની.... **व्यवहार....** દેખો ! પહલે **'व्यवहार'....** લિયા હૈ. હૈ ? **व्यवहार-परमार्थ मार्ग पर** અર્થાત્ વે સમજાનેવાલે.... 'આત્મા'કા અર્થ કહનેવાલે વ્યવહારમેં આયે હૈ.... વિકલ્પમેં આયે હૈં. ઉસકો (–અજ્ઞાનીકો) સમજાના હૈન ? તો (આચાર્ય) વ્યવહારમેં આયે હૈં. પરમાર્થમેં તો વે હૈ હી.... અંતરમેં નિશ્ચય.... 'જ્ઞાનાનંદસ્વરૂપ હૂં' ઐસા ભાન તો હૈ.... હૈ ઉસમેં (–નિશ્ચયમેં), પણ ઉસ સમયમેં સમજાનેકા વિકલ્પ.... શુભભાવ આયા હૈ. તો વ્યવહાર (–વિકલ્પ) આયા હૈ ઔર નિશ્ચય (તો હૈ હી)—દોનોં હૈં. સમજમેં આયા ?

યહાં તો વિકલ્પ સમજાનેકા હૈન ? (ઇસમેં) 'વ્યવહાર પહલે આયા' (—ઐસા) કહાં હૈ ? યહાં તો (કહતે હૈ કિ) નિશ્ચય-વ્યવહાર દોનોં સાથમેં હી હૈ. (દેખો !) ક્યા કહતે હૈં ? **व्यवहार-परमार्थ मार्ग....** (કહા) તો (દોનોં) સાથમેં હી હૈ.

(પ્રશ્ન :) વ્યવહાર ક્યોં કહા પહલે ?

(સમાધાન :) (ક્યોંકિ) ઉસકો (–આચાર્યકો) સમજાનેકા વિકલ્પ આયા હૈ (ઇસલિયે). તો, વિકલ્પ વહ વ્યવહાર હૈ અને અંદરમેં વિકલ્પસે રહિત 'મૈં શુદ્ધ આનંદ.... નિર્વિકલ્પ આનંદ(સ્વરૂપ) હૂં'—ઐસા (શ્રદ્ધાનરૂપ) નિશ્ચય તો હૈ હી. નિશ્ચય તો હૈ હી, પણ નિશ્ચય (–નિર્વિકલ્પ) ધ્યાનમેં જબ ન રહે.... નિશ્ચયકી પરિણતિ તો હૈ હી.... શુદ્ધ, જ્ઞાતા-દ્રષ્ટા (ઔર) આનંદકી અવસ્થા તો હૈ હી, પણ સ્વરૂપમેં સ્થિર નહીં (તબ સમજાનેકા વિકલ્પ આયા હૈ.)

સમજનેકે લિયે (જિજ્ઞાસુ) આત્મા લાયક હોકર આયા હૈ, ક્યોંકિ 'આત્મા' કહા તો ઐસે ટકટકી લગાકર (દેખતા હૈ). (ઉસકો અરૂચિ/નિષેધ નહીં હૈ કિ) 'નહીં.... ક્યા કહતે હૈં ઐસા આત્મા.. બાત્મા.. હમેં સમજમેં આયે ઐસા કહો....' ભીખાભાઈ ! (જિજ્ઞાસા વિના જો કોઈ કહે) 'હમેં સમજમેં આયે ઐસા કહો', વહ તો સુનનેકે લાયક હી નહીં—ઐસા કહતે હૈ. સમજમેં આયા ?

એણે (–સાંભળનારે) એમ નથી કહ્યું કે 'અમને સમજાય એવું કહો'. (એ વિચારે છે :) ક્યા કહતે હૈં યે.... (ઇસ પ્રકાર) ઇતના.... 'આત્મા' (શબ્દ) સુનકર, ઉસકી અનુકરણ કરનેકી ઇતની બુદ્ધિ તો હૈ (ઔર) સમજાનેવાલે જબ સમજાતે હૈ તબ (ઉન્હેં) ભેદકા વિકલ્પ આયે બિના સમજા સકતે નહીં. સમજમેં આયા ?

દેખો ! **व्यवहार–परमार्थ मार्ग पर....** પણ (દોનોં) એકસાથ હૈ હોં. વ્યવહાર પહલા ઔર પરમાર્થ (બાદમેં)—ઐસા હૈ નહીં. હૈ તો પરમાર્થ હી અકેલા (યથાર્થ માર્ગ), પણ સમજાનેકે વક્તમેં (–સમયમેં) વ્યવહાર.... વિકલ્પ આયા હૈ તો 'વ્યવહાર' (માર્ગમેં) આયે—ઐસા કહતે હૈં. હૈ તો વ્યવહાર ઉસકો (–આચાર્યકો) ભી આશ્રય કરનેલાયક નહીં.... અંગીકાર કરનેલાયક નહીં. વહ (બાત આગે) કહેંગે.

અજ્ઞાનીકો સમજાનેકે કાલમેં (આચાર્યકો) વિકલ્પ.... વ્યવહાર આયા હૈ, પણ વહ વ્યવહાર આદરણીય હૈ નહીં. આહાહા ! (વ્યવહાર) આયે બિના રહતા નહીં, ક્યોંકિ ઉસ સમય યહાં ધ્યાનમેં રહ સક્તે નહીં ઔર સુનનેવાલા આયા તો 'આત્મા' (ઐસા શબ્દ) ઉન્હોને (–આચાર્યને) કહા. ઉસકો (–સુનનેવાલેકો) 'આત્મા' (ઐસા શબ્દ કહા) તો (વહ) ટકટકી લગાકર (દેખતા હૈ). (ઇસ પ્રકાર) ઉસકી સમજનેકી ઇચ્છા તો હૈ—ઐસા (આચાર્યકો) લગા (ઔર સમજાનેકા) વિકલ્પ આયા....

(૧) યહ વિકલ્પ આયા વહ <u>વ્યવહાર</u> હૈ ઔર
(૨) અંતરમેં વિકલ્પસે રહિત નિશ્ચય દર્શન-જ્ઞાન-ચારિત્રકી જો પરિણતિ.... વીતરાગ અવસ્થા હૈ વહ <u>નિશ્ચય</u> હૈ.... વહ પરમાર્થ હૈ.

સમજમેં આયા ?

**व्यवहार-परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथ....** દોનોં હૈંન ? દો હૈં તો સમ્યગ્જ્ઞાન (ભી) ઐસા હુઆ....

(૧) <u>નિશ્ચય</u>કા ભી જ્ઞાન હૈ અને
(૨) <u>વ્યવહાર</u>.... વિકલ્પ આયા ઉસકા ભી જ્ઞાન હૈ.

मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले.... દેખો ! નિશ્ચયકા ભી અનુભવ હૈ ઔર વિકલ્પ આયા વહ વ્યવહાર ભી હૈ—દોનોંકા હી પ્રવર્તન (–પરિણમન) વર્તમાનમેં હૈ.

ઐસે सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले सारथीकी भांति.... 'સારથી' હોતા હૈ કિ નહીં ? ભગવાનકા રથ નિકલતા હૈ (તબ) 'સારથી' બૈઠતા હૈન ? સારથી. ઐસે (આચાર્યકો) વ્યવહાર ઔર નિશ્ચયકા ભાન તો હૈ (તથા) વ્યવહારમેં (–વિકલ્પમેં) આયે હૈ તો ઉન્હેં.... મારગ ચલાનેવાલેકો 'સારથી' સમાન કહા.

सारथीकी भांति अन्य कोई आचार्य अथवा 'आत्मा' शब्दको कहनेवाला.... (યહાં) ઐસા લિયા હૈ કિ (કિસીને) 'આત્મા' કહા (ઔર) કહનેવાલેકો કદાચિત્ (સમજાનેકા) અવસર હો (–થા ઔર સુનાયા) તો ભી (વહ સુનનેવાલા) ન સમજા. તો કહતે હૈં....

(આચાર્યને) કહ દિયા 'આત્મા', પણ (સુનનેવાલા) ન સમજા. (તબ) પોતાને (–સ્વયં આચાર્યકો) સમજાનેકા વિકલ્પ ન આયા ઔર દૂસરા (જ્ઞાની) આ ગયા.... દૂસરા (જ્ઞાની) આ ગયા. (એમને લાગ્યું કે) આ (સાંભળનાર) કાંઈક વિચારમાં છે કિ ('આત્મા') ક્યા (–કિસકો કહતે હૈં ?).... 'આત્મા' (—ઐસા) ઉસકો કિસીને કહા હૈ, (પણ વહ) સમજતા નહીં 'આત્મા'કો. (તો) ઉસકો (સમજાનેકા) વિચાર દૂસરે (જ્ઞાની)કો આ ગયા.... વિકલ્પ આયા.

व्यवहार–परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले सारथीकी भांति.... સમજમેં આયા ? अन्य कोई आचार्य अथवा 'आत्मा' शब्दको कहनेवाला स्वयं ही व्यवहारमार्गमें रहता हुआ.... દેખો ! (ક્યોંકિ) વિકલ્પ આયા હૈન ? ભેદસે કહના (—ઐસા) એક વ્યવહાર (–વિકલ્પ) આયા. સમજમેં આયા ?

व्यवहारमार्गमें रहता हुआ.... 'व्यवहारमार्गमें रहता हुआ' કા અર્થ ક્યા ?

(સમાધાન :) (સમજાનેકા) વિકલ્પ આયા હૈ (તો) ઉસમેં (–સમજાનેમેં), ઉનકા (–આચાર્યકા) વર્તમાન લક્ષ (–ઉપયોગ) હૈ. દ્રષ્ટિ તો દ્રવ્ય ઉપર હી

હૈ.... અભેદ ઉપર હી અનુભવ (–દ્રષ્ટિ) હૈ, પણ વ્યવહારમેં આયે હૈ (અર્થાત્) વિકલ્પમેં આયે હૈ. સમજમેં આયા ?

તો, **व्यवहारमार्गमें रहता....** વિકલ્પમેં **'रहता हुआ'.... 'रहता हुआ'....** (—યહ) વ્યવહારસે કહા હૈ, નિશ્ચયસે વ્યવહારમાર્ગમેં જ્ઞાની હૈ નહીં. ભાઈ ! લે ! નિશ્ચયસે જ્ઞાની વ્યવહારસે મુક્ત હૈ, પણ જબ વિકલ્પ આયા તો **'व्यवहार(मार्ग)में रहता हुआ'**—ઐસા વ્યવહારસે કહા હૈ. સમજમેં આયા ?

આ ગાથાઓ તો.... બહુ માર્મિક બધી ગાથાઓ આવી. વીતરાગદર્શન (યા) આત્મદર્શન—એક હી બાત.... તાત્ત્વિક વાત. ઓહોહો ! ('જ્ઞાન-દર્શન-ચારિત્ર તે આત્મા') ઇતના (ભેદ) ભી પાલવતા (–સ્વીકાર્ય) નહીં. દેખો ! યહ તીન (ભેદ)કી અપેક્ષા એક (–અભેદ આત્મા) હી (આગે) લેંગેં. તીનસે સમજાતે હૈં, પીછે 'જ્ઞાન હી આત્મા' (—ઐસા ભેદ હૈ) વહ ભી વ્યવહાર હૈ (—ઐસા કહેંગે). લ્યો ! (—ઐસે) કરતે.... કરતે.... વહાં (અભેદ આત્મા તક) લે જાયેંગેં. સમજમેં આયા ?

ભગવાન આત્મા અનંત ગુણરૂપ એકસ્વરૂપ ઐસી જો ચીજ હૈ ઉસકી દ્રષ્ટિ કરના.... અભેદકા આશ્રય કરના વહી મોક્ષકે માર્ગકી ઉત્પત્તિ હૈ. પણ અજ્ઞાની લોકજન.... લોકજન... (ટીકામેં) **'लोकः'** કહા ન ? વહ (લોકજન), ઉસકી વ્યવહારી ભાષા હો (–ભાષામેં કોઈ કહે) તો સમજ સકતા હૈ.

વ્યવહારસે ભાષા હોં, (લેકિન) સમજના તો હૈ અભેદ.... સમજના તો ઉસકો અભેદ હૈ ઔર કહનેવાલેકી ભી અભેદમેં હી દ્રષ્ટિ હૈ. પણ સમજાનેકા વિકલ્પ આયા હૈ તો વ્યવહારમાર્ગ પર.... **'व्यवहार'....** (શબ્દ) આયા હૈન ? **व्यवहारमार्गमें रहता हुआ....** સમજમેં આયા ? **'व्यवहारपरमार्थपथ-प्रस्थापित'.... 'व्यवहारपथम् आस्थाय'....** એમ છેને ? **'व्यवहारपथम् आस्थाय'....** વ્યવહારપથમેં રહતા હુઆ.... **आस्थाय....**

શ્રોતા : વ્યવહારપથની આસ્થા થઈ જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (જ્ઞાનીએ વ્યવહારની) આસ્થા (કરવાનું) ક્યાં કરી (–કહ્યું છે) ? એ (–એવો અર્થ) વળી ક્યાંથી કાઢ્યું ? યે તો વ્યવહારમાર્ગમેં

'आस्थाय....' સ્થ.. સ્થ.. સ્થ.. સ્થિત (અર્થાત્) યહાં ('વ્યવહાર') હૈ. 'હૈ' ઇતના કહા. સમજમેં આયા ?

व्यवहारमार्ग.... ખરેખર તો સમ્યગ્દ્રષ્ટિ જ્ઞાની ચોથે, (શ્રાવક) પાંચમે, (મુનિ) છઠ્ઠે (ગુણસ્થાનમેં) વ્યવહારસે મુક્ત હી હૈ. પણ જબ ઐસા (–સમજાનેકા) પ્રસંગ આયા તો શુભ વિકલ્પ આતા હૈ. સમજમેં આયા ? તો વહ શુભ વિકલ્પકે (કારણ જ્ઞાની) 'વ્યવહારમાર્ગમેં હૈ'—ઐસા વ્યવહારસે કહનેમેં આયા હૈ, નિશ્ચયસે તો (જ્ઞાની) ઉસમેં (–વ્યવહારમાર્ગમેં) હૈ નહીં. સમજમેં આયા ?

શ્રોતા : વ્યવહારમેં આયા....

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહારસે કહતે હૈં (કિ) વ્યવહારમેં આયા, નિશ્ચયસે તો (જ્ઞાની) વ્યવહારસે મુક્ત હી હૈ. દેવાનુપ્રિયા ! આવી વાત છે.

व्यवहारमार्गमें रहता हुआ....

(ઐસા) ક્યોં (કહા) ?

(ક્યોંકિ) આત્મા એકરૂપ અભેદ હૈ ઉસકો ભેદ કરકે સમજાનેકા વિકલ્પ આયા હૈ.... સમજમેં આયા ? આત્મા જો જ્ઞાયકરૂપ એકસ્વરૂપ હૈ ઉસકો સમજાનેકા.... ભેદસે સમજાનેકા વિકલ્પ આયા તો વ્યવહાર આ (–હો) ગયા.

(આગે) યહ કહેંગે કિ વ્યવહાર સ્થાપનેલાયક હૈ (અર્થાત્) વ્યવહાર 'હૈ' યહ બરાબર હૈ. 'હૈ' કા અર્થ હૈ ('અસ્તિ'), (પણ વ્યવહાર) અંગીકાર કરનેલાયક નહીં. સમજમેં આયા ? આહાહા !

व्यवहारमार्गमें रहता हुआ आत्मा शब्दका यह अर्थ बतलाता है.... आत्मा शब्दका यह अर्थ बतलाता है कि 'दर्शन, ज्ञान, चारित्रको जो सदा प्राप्त हो.....' દેખો ! ભેદ કરના પડા ઉસકો (–કહનેવાલેકો). અભેદ ચીજ હૈ ઉસમેં (ક્ષેત્રસે) કોઈ દર્શન ભિન્ન હૈ.... જ્ઞાન ભિન્ન હૈ.... ચારિત્ર ભિન્ન હૈ—ઐસા હૈ નહીં. વસ્તુ તો અભિન્ન હૈ એકાકાર જ્ઞાયક વસ્તુ. વહી અભેદ.... વહી (ભૂતાર્થ) ચીજ દ્રષ્ટિ કરનેલાયક ઔર આશ્રય કરનેલાયક હૈ.

પણ વહ સમજનેવાલા સમજા નહીં 'આત્મા'કા અર્થ ઔર અપનેકો (–કહનેવાલેકો) સમજાનેકા વિકલ્પ આયા.... સમજમેં આયા ? તો ઉસકો (ભેદસે) સમજાયા.

ક્યા (સમજયા) ?

कि 'दर्शन, ज्ञान, चारित्रको जो सदा प्राप्त हो....' सदा प्राप्त हो.... શ્રદ્ધા, જ્ઞાન ઔર લીનતાકો સદા પ્રાપ્ત હો.... 'अतति गच्छति इति आत्मा'.—યહ 'આત્મા'. ઉસકો.... જ્ઞાન-દર્શન-ચારિત્રકો પ્રાપ્ત હો વહ આત્મા. ઐસા આત્મા.... દેખો ! ઇતને (ભેદકો) વ્યવહાર કહા.... ઇતના (ભેદ) ભી વ્યવહાર હૈ. આહાહા ! સમજમેં આયા ?

અહીંયા (અજ્ઞાની) તો હજી દયા, દાન, વ્રત, ભક્તિ એ વ્યવહાર (છે) અને યહ વ્યવહાર કરતે.... (કરતે) નિશ્ચય હોતા હૈ (—ઐસા માનતે હૈં). એ તો ક્યાંય રહી ગઈ તારી ઊંધી વાત.... (વહ) ઉલ્ટી બાત હૈ.

યહાં તો (કહતે હૈ કિ) ઇતના કહનેમેં ભી વ્યવહાર આ ગયા હૈ.... વહ (આગે) કહેંગેં કિ હમેં ભી (વ્યવહાર) અનુકરણ.... આશ્રય કરનેલાયક નહીં.... અંગીકાર કરનેલાયક નહીં. (હમ) ભેદસે કહતે હૈં, (પણ) યહ (ભેદ) હમેં અંગીકાર કરનેલાયક નહીં (તથા) તુમકો કહતે હૈં કિ 'દર્શન-જ્ઞાન-ચારિત્રકો પ્રાપ્ત (હો વહ) આત્મા' (—ઐસા) ભેદસે તુમ સુનતે હો, પણ તુજે (ભી) ભેદ અંગીકાર કરનેલાયક નહીં. તુમ ભી ભેદસે (સમજ કર) અભેદમેં જાના.... વહ (–અભેદ) અંગીકાર કરનેલાયક હૈ. આહાહા ! સમજમેં આયા ?

दर्शन, ज्ञान, चारित्रको जो.... 'दर्शनज्ञानचारित्राण्यततीत्यात्म....' अतति (इति) आत्म.... એ આવ્યુંને ? કે अतति (इति) आत्मा.... બરાબર છે. जो.... जो सदा प्राप्त हो.... સદા દર્શન, જ્ઞાન.... જુઓ, વ્યવહારસે ભી ઐસા (નહીં) કહા કિ 'જો રાગકો પ્રાપ્ત હો.... રાગ(કા) કર્તા હો (વહ આત્મા)'.... સમજમેં આયા ? 'વ્યવહાર(કા) કર્તા હો યહ આત્મા'—ઐસા નહીં લિયા ભાઈ ! ઇતના લિયા કિ 'દર્શન-જ્ઞાન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો.. પ્રાપ્ત હો.' 'આ दर्शन, ज्ञान, चारित्रको.... દર્શન-જ્ઞાન-(ચારિત્ર)કો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા'—ઇતના કહનેમેં આયા વહ ભી વ્યવહાર હૈ.

શ્રોતા : સાતમી ગાથાનો વ્યવહાર લીધો....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ (વાત) કીધી. સાતમીનું લીધું.... સાતમી (ગાથા)ની (વાત) લીધી, (પણ પછી) એ બધું (વ્યવહાર કહીને) કાઢી નાખ્યું. અહીં તો એ કહેવું છેને ! હજી પછી આગળ કાઢી નાખશે.

આગળ (૧૧મી ગાથામાં કહેશે કે) : 'એક જ્ઞાન તે આત્મા... જ્ઞાન તે આત્મા' (—યહ) વ્યવહાર (ભી) છોડ દે.... 'જ્ઞાન તે આત્મા' યહ બાત ભી છોડ દે.

પહલે (છટ્ઠવીં ગાથામેં : 'પ્રમત્ત-અપ્રમત્ત નહીં' ઐસા કહકર) ચૌદ ગુણસ્થાન.... ઐસા (ભેદ) નિકાલ દિયા,

પીછે (સાતવીં ગાથામેં) : જ્ઞાન–દર્શન–ચારિત્ર.... (ઐસા ભેદ) નિકાલ દિયા.

(અબ) યહાં (આઠવીં ગાથામેં : કહતે હૈ કિ) સમજાનેમેં જ્ઞાન-દર્શન (–ચારિત્રકે ભેદ) આયે હૈ (ઔર) વ્યવહાર.... વિકલ્પ આયા હૈ તો ધર્મી સમજાતે હૈ.

આતા હૈન 'મોક્ષમાર્ગપ્રકાશક'મેં ? 'ધર્મકા લોભી....' 'મોક્ષમાર્ગપ્રકાશક'મેં આતા હૈ (કિ) ધર્મકે લોભી પ્રાણી આતે હૈં, તો પ્રશસ્ત રાગકા ઉદયભાવ સંત–મુનિયોંકો, આચાર્યોંકો આ જાતા હૈ. (પહલા અધિકાર, આચાર્યકા સ્વરૂપ). સમજમેં આયા ?

ઉસકો (–જિજ્ઞાસુકો) સમજનેકી ઇચ્છા હૈ ઔર (આચાર્યાદિ) અપને ધ્યાનમેં હૈ નહીં.... સમજમેં આયા ? (ઇસલિયે) ખ્યાલ આ ગયા કિ યહ તો સમજનેકી ઇચ્છાવાલા પ્રાણી હૈ. (આચાર્યાદિ) સ્વયં ધ્યાનમેં હૈં નહીં તબ (સમજાનેકી) ઇચ્છાવાલે (આચાર્યાદિ)કા લક્ષ પર (–જિજ્ઞાસુ) ઉપર ગયા ન ? સમજમેં આયા ? અપને ધ્યાનમેં હો, તો તો વહ (સમજાનેકી) બાત હૈ હી નહીં.

આનંદસ્વરૂપમેં રહના વહી ચીજ (–કરને યોગ્ય) હૈ.... રહના તો અંતર સ્વરૂપમેં (હૈ).... અભેદમેં દ્રષ્ટિ લગાકર સ્થિર રહના વહ હી કર્તવ્ય (અર્થાત્)

કરને લાયક હૈ. પણ (કોઈ) ઉસ સમયમેં ઉસમેં (–સ્વરૂપમેં) ધ્યાન લગાકર રહ સકે નહીં ઔર સામને પ્રાણી 'ધર્મકા લોભી' દેખા.... સમજમેં આયા ? કિ આત્મા સમજનેમેં ઉસકી આકાંક્ષા.... જિજ્ઞાસા હૈ.

તો કહા કિ 'ભૈયા ! આત્મા (વહ હૈ કિ જો) દર્શન—શ્રદ્ધા—વિશ્વાસ કરતા હૈ.

(૧) જ્ઞાનકો પ્રાપ્ત હોતા હૈ....
(૨) વિશ્વાસ (–શ્રદ્ધા)કો પ્રાપ્ત હોતા હૈ....
(૩) શાંતિકો—સ્થિરતા (–ચારિત્ર)કો પ્રાપ્ત હોતા હૈ

—વહ આત્મા.' બસ. હાલે-ચાલે તે આત્મા.... સ્થિર હો તે આત્મા—ઐસા તો નહીં કહા યહાં. બોલે તે આત્મા.... જોરથી બોલે તે આત્મા.... દિવ્યધ્વનિ કરે તે આત્મા (—ઐસા નહીં કહા).

શ્રોતા : (એવો નિયમ હોય તો) સિદ્ધ ભગવાન, આત્મા ન થયા.

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ ઐસા હૈ હી નહીં. સમજાનેમેં ઇતના વ્યવહાર (–ભેદ) આયે બિના રહતા નહીં (સમજાનેવાલેકો) ઔર સમજનેલાયક જીવકો—દોનોંકો.

ભગવાન આત્માકી 'મૂલ રકમ'.... દૂસરે તો અનંત ગુણ હૈં, પણ दर्शन, ज्ञान, चारित्रको जो सदा... सदा... 'सदा'.... (શબ્દ છે) હોં ! જો પ્રાપ્ત હો.... સમજમેં આયા ? सदा प्राप्त हो वह आत्मा.... 'वह आत्मा है'.... ઐસા (આચાર્યાદિને) કહા. ઓહો ! સમજને(કે) લાયક.... સમજનેકે લાયક જીવ ભી કિતના (તૈયાર હૈ) ! કિ જહાં ઇતના વ્યવહારસે સમજાયા (તો તત્કાલ હી સમજ જાતે હૈ).

પાંચવી ગાથામેં કહા ન ? 'प्रमाणीकर्तव्यम्'.... પ્રમાણ કરના. જો (યદિ) મૈં આત્મા દિખાઉં (તો) પ્રમાણ કરના પ્રભુ !.... અનુભવ કરકે પ્રમાણ કરના. મૈં, 'આત્મા' તુજે દિખાઉં કિ આત્મા ઐસા હૈ 'એકત્વ-વિભક્ત....' સ્વભાવસે એકત્વ હૈ (ઔર) વિકલ્પ આદિસે વિભક્ત હૈ—ઐસા દિખલાઉં તો પ્રમાણ

કરના.... અંતર્મુખ અનુભવસે પ્રમાણ કરના.... પ્રમાણ કરના હી. સમજમેં આયા ?

યહાં સુનનેવાલેને જહાં આત્માકા (અર્થ જાના).... દેખો ! ઐસા હી યહાં (જિજ્ઞાસુ) આત્મા લિયા હૈ. ઓહોહો ! આત્માકા અર્થ સમજનેવાલા શ્રોતા ભી ઐસા પાત્ર લિયા હૈ. એકબાર યહાં ઉસકો સુનાયા કિ ભાઈ ! જો આત્મા હૈન.... યહ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો (વહ આત્મા).... अतति गच्छति (इति) आत्मा.

રાગકો પ્રાપ્ત હો, નિમિત્તકો પ્રાપ્ત હો, પરકે કાર્યકો પ્રાપ્ત હો (—ઐસા આત્મા હૈ નહીં, ક્યોંકિ) વે તો ઉસમેં (–આત્મામેં) હૈ હી નહીં. આહાહા ! સમજમેં આયા ? ઉસમેં ત્રિકાલી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર હૈ ઉસકો જો (સદા) પ્રાપ્ત હો.... ભેદકો પ્રાપ્ત હો.... અભેદ (હોને પર) ભી ભેદકો પ્રાપ્ત હો (વહ આત્મા).—ઐસા (કહકર) ભેદસે અભેદકો સમજાયા હૈ. સમજમેં આયા ?

तब तत्काल ही.... तत्काल ही.... દેખો ! આહાહા ! (માત્ર) સમજી જાય (નહીં), તત્કાલ આનંદ આવ્યો—એમ અહીં તો (કહે છે). એવો જ જીવ લેવો છે આહીં. અહીંયા વળી પછી (આનંદ) થાશે ને આમ થાશે ને... એ વાતેય નથી આહીં. અહીં તો 'अभिधेयं'.... તરત, સાંભળીને તરત (આનંદ). સમજમેં આયા ? કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય મહા દિગંબર સંત–મુનિ થે ઉનકી અંતર અનુભવ દ્રષ્ટિ ઔર સ્થિરતા ઇતની થી કિ, શ્રોતાઓંકો ભી વે ઐસે માનતે થે કિ હમારે શ્રોતાકો હમ કહતે હૈં તો વે તરત પામ જાયેંગે (–તુરન્ત આનંદ પ્રાપ્ત કર લેંગે). આહાહા ! સમજમેં આયા ?

વહ તો પહલેસે (–પહલી ગાથામેં) કહા હૈ 'वंदित्तु सव्वसिद्धे'.... સર્વ સિદ્ધોંકો હમારી જ્ઞાનપર્યાયમેં હમ સ્થાપતે હૈં ઔર શ્રોતાકી જ્ઞાનકી પર્યાયમેં (ભી) હમ અનંત સિદ્ધોંકો સ્થાપતે હૈં. રાગ યા વિકલ્પ યા શરીરમેં (સ્થાપતે) નહીં, (ક્યોંકિ) વે તો પર હૈ.

ઉસકી.... શ્રોતાકી જ્ઞાનકી પર્યાયમેં હમ (અનંત) સિદ્ધોંકો સ્થાપતે હૈં (ઔર કહતે હૈ કિ) પીછે હમારી બાત સુનો. ઔર સુનનેસે.... સુનનેસે.... તેરા

લક્ષ.... હમને (તેરી) પર્યાયમેં અનંત સિદ્ધોંકા સ્થાપન કિયા હૈં, તો 'સિદ્ધ સમાન મૈં હૂં' ઐસા લક્ષ તો તુજે હુઆ હૈ. અબ ઐસા સુનને(કે બાદ અંતર) એકાગ્ર હોકર (–હોને પર) તુજે અનુભવ હોગા ઔર કેવલજ્ઞાન હોકર તુજે મોક્ષ પ્રાપ્ત હોગા, જા. હમારા ભી મોક્ષ હોગા (ઔર) તુમ્હારા ભી મોક્ષ (હોગા)—ઐસા કહા. સમજમેં આયા ?

કુંદકુંદાચાર્ય દિગંબર સંત–મુનિ વનવાસી, જંગલમેં રહતે થે. વે પરમાત્માકે પાસ ગયે થે. સમજમેં આયા ? ભગવાન મહાવિદેહમેં બિરાજતે હૈં સીમંધરપ્રભુ, ઉનકે પાસ વે ગયે થે, આઠ દિન રહે થે ઔર વહાંસે આકર યે શાસ્ત્ર બનાયા હૈ.

સાક્ષાત્ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ 'જીવંતસ્વામી'.... (ઐસા શબ્દ કહીં) આયા હૈ ?

(જયપુરકે પાસ) બયાનામેં. બયાનામેં ૫૧૬ વર્ષ પહલે ભગવાન સીમંધર ભગવાનકી પ્રતિમા સ્થાપી હૈ. યહાં (સોનગઢમેં) તો અભી (–૨૭ વર્ષ પહલે) સ્થાપી હૈ, પણ ઉસસે પહલે.... ૫૧૬ વર્ષ પહલે બયાનામેં (સ્થાપિત કી ગઈ) હૈ. (બયાના) ગયે થે ન હમ ગત સાલમેં. તો ૫૧૬ વર્ષ પહલેકી (પ્રતિમા) ઉપર ઉનકા (–ભગવાનકા) નામ લિખા હૈ : 'જીવંતસ્વામી મહાવિદેહક્ષેત્રકે સીમંધર ભગવાન'....—ઐસા લિખા હૈ. સમજમેં આયા ? ૫૧૬ વર્ષ પહલેકી પ્રતિમા હૈ એક મંદિરમેં. વેદીમેં (પ્રતિમા) મુખ્ય હૈ.... મુખ્ય ....હૈ. સમજમેં આયા ?

કહતે હૈ ન કઈ બહુત લોગ કિ, સીમંધર ભગવાનકી (પ્રતિમા) ક્યોં સ્થાપી ?

(સમાધાન :) અરે ! સુનને. સીમંધર ભગવાનકી પ્રતિમા ૫૧૬ વર્ષ પહલેકી વહાં (બયાનાકે એક) મંદિરમેં હૈ. દો મંદિર હૈં બયાનામેં. સમજમેં આયા ? ભગવાન કુંદકુંદાચાર્ય ગયે થે જો પરમાત્માકે પાસ, વહી પરમાત્મા વર્તમાનમેં મહાવિદેહક્ષેત્રમેં બિરાજમાન હૈં. કુંદકુંદાચાર્ય તો સ્વર્ગમેં ચલે ગયે હૈ. સમજમેં આયા ?

કહતે હૈં, ઇતના વ્યવહાર (–વિકલ્પ) સંતોકો (આતા હૈ). સમજનેવાલે (જિજ્ઞાસુકો સમજાનેકા વિકલ્પ હૈ), માટે ઇતના વ્યવહાર આતા હૈ.

શ્રોતા : સમજનાર માટે (વિકલ્પ આવ્યો)....

પૂજ્ય ગુરુદેવશ્રી : વે (–આચાર્ય) અપની પર્યાયમેં (–શુદ્ધોપયોગમેં) રહ સકે નહીં ઇસલિયે (વિકલ્પ) આયા હૈ, (લેકિન દૂસરેકો) સમજાવવા માટે આયા નહીં હૈ.

શ્રોતા : સાંભળનારને માટે (વિકલ્પ આવ્યો) નહીં....

પૂજ્ય ગુરુદેવશ્રી : સાંભળનાર માટે એમને શું ?.... (આચાર્યને પોતાના કારણે વિકલ્પ આવ્યો છે.) (સાંભળનાર ઉપર) લક્ષ કેમ ગયું ? આહીં (સ્વરૂપમાં) સ્થિર કેમ ન રહ્યા ? (જો) ધ્યાનમાં હોય તો 'આ (જીવ) સમજનેકે લાયક હૈ.... સમજનેકો આયા હૈ'—ઐસા લક્ષ ક્યોં ગયા ? અમરચંદભાઈ ! આહાહા !

માથે (–ઉપર) કહ્યુંને ? વ્યવહારમાર્ગમાં (આચાર્ય) પોતે આવ્યા છે.... પોતે આવ્યા છે. **सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले....** પોતાના કારણે (વ્યવહારમાં) આવ્યા છે—એમ પહેલાં આવ્યું કે નહીં ? માથે આવ્યું છે દેખો ! **व्यवहार–परमार्थ मार्ग पर सम्यग्ज्ञानरूपी महारथको चलानेवाले सारथीकी भांति....** અપને કારણસે વ્યવહારમેં આયે હૈ (ઔર) પરમાર્થમેં હૈ. ધ્યાનમેં હો... અંતર ધ્યાનમેં.... આનંદમેં.... મસ્તીમેં.... હો તો 'કૌન હૈ સમજનેકે લાયક' (—ઐસા) ખ્યાલ (–ઉપયોગ) હૈ હી નહીં. (શ્રોતા) સમજે (યા) ન સમજે ઉનકો (–આચાર્યકો) કહાં પડી હૈ ? સમજમેં આયા ?

શ્રોતા : ધ્યાન તો એક સેકન્ડથી ઓછું હોયને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ ભલે હો. ધ્યાન (–ઉપયોગ) અંદર આવે ને (બહાર) જાય.... આવે ને જાય—એમ કરતાં... કરતાં... જો સ્થિર ન રહી શકે ઔર ખ્યાલ આ ગયા કિ 'યહ તો કોઈ સમજને(કે લિયે) આયા હૈ,' (તો સમજાનેક) વિકલ્પ આયા. (વહ વિકલ્પ) અપને કારણસે આયા હૈ.... સ્થિરતા ન રખનેકે કારણ (આયા હૈ).

'ધર્મકે લોભીકો દેખકર કષાયકા કણ આતા હૈ' (—ઐસા) કહતે હૈન ('મોક્ષમાર્ગપ્રકાશક'મેં) ?

વિકલ્પ આયા હૈ (વહ) તો અપને કારણસે આયા હૈ, પરકે કારણસે નહીં આયા હૈ. આહાહા ! ('આત્મા') સમજાનેકા વિકલ્પ ભી કષાયકા કણ હૈ.... કષાયભાવ હૈ.... પુણ્યભાવ હૈ. આહાહા ! સમજમેં આયા ? વહ કોઈ આત્માકા ધર્મ (–સ્વરૂપ) હૈ નહીં. આહાહા !

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરકા ઐસા માર્ગ હૈ. ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ વીતરાગદેવ....

(૧) અનાદિસે અનંત તીર્થંકર ચલે આતે હૈં (–ભૂતકાળ),
(૨) (અભી) ભગવાન બિરાજતે હૈં (–વર્તમાનકાળ),
(૩) (આગે) અનંત તીર્થંકર હોંગે (–ભવિષ્યકાળ)

—સબકા માર્ગ (–કહના) એક હી હૈ કિ સમજાનેકા વિકલ્પ આયા વહ કષાય હૈ. આહાહા !

(પ્રશ્ન :) (સમજાનેસે) કુછ લાભ હોગા કિ નહીં દૂસરેકો ?

(સમાધાન :) (ઐસા) કૌન કહતે હૈ (લાભ) હોગા કિ નહીં ? વહ (લાભ) તો ઉસસે (–સ્વયંસે) હોગા.... ઉસકે (–સ્વયંકે) કારણસે. (જ્ઞાની જાનતે હૈં કિ) મુજે સમજાનેકા વિકલ્પ આયા, બસ. વહ વિકલ્પસે મુજે પુણ્યબંધ હોગા, મુજે સંવર–નિર્જરા હોગી—ઐસા હૈ નહીં. આહાહા ! ભીખાભાઈ !

'એવો માર્ગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન....'

(અન્ય કોઈ) કહે : (કેવળીએ) કેવો માર્ગ કહ્યો ? કેવળીએ ભાખ્યોને (માર્ગ) વિનયનો ?

(પૂજ્ય ગુરુદેવશ્રીએ તેને) કીધું, 'રહેવા દ્યો, હવે આમ લ્યો.'

'ઐસા મારગ વીતરાગકા, ભાખ્યા શ્રી ભગવાન.....'

ત્રિલોકનાથ પરમાત્માએ વિકલ્પ વિના દિવ્યધ્વનિ દ્વારા ઐસા માર્ગ આયા (–બતાયા) હૈ.

(યહાં) તો છદ્મસ્થકી બાત કરતે હૈંન ? છદ્મસ્થ (જ્ઞાનીકો) પરકો સમજાનેકા (વિકલ્પ આતા હૈ). વે ધ્યાનમેં રહ સકે નહીં (તબ) પર લક્ષ કિયા (ઔર) વહ (અજ્ઞાની છદ્મસ્થ) સમજા—ઐસા (સમજાનેવાલા ઔર સમજનેવાલા) દોનો (છદ્મસ્થ) લિયા હૈન ?

'આત્મા' (શબ્દ) તો કહા દૂસરેકો.... વિકલ્પ આયા થા તો સમજાનેવાલે(ને) 'આત્મા' (શબ્દ) કહા. સમજે ? પીછે વિકલ્પ ન રહા ઔર ધ્યાનમેં ઉતર ગયે, (તો) વક્ત (–સમય) ન રહા ઉસકો (અર્થ) કહનેકા. (તબ કહનેવાલા) દૂસરા આયા, ઉસકો ખ્યાલ આયા કિ 'યહ કુછ સમજનેકી ઇચ્છા કરતા હૈ.' તો ઉસકો ભી વિકલ્પ આયા તો સમજાતે હૈં.... કહતે હૈં.

આહાહા ! દેખો માર્ગ ! દેખો વીતરાગકા માર્ગ ! આહાહા ! ઐસા માર્ગ તીન કાલમેં સર્વજ્ઞ વીતરાગકે સિવાય (–અલાવા) કહીં હોતા નહીં.... કહીં નહીં હોતા. (અન્ય) બધા મોટા.. મોટા.. એ મોટી વાતો કરે (અને માને કે) જાણે.... આહાહા ! ધર્મ.. ધર્મ.. ધર્મ.. જાણે (થાય છે).

શ્રોતા : ધર્મનું તો..... ચાલ્યું છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : લખ્યું છે.... (લખાણમાં) આવ્યું છે કે શિહોર (ગામ)માં મહાસાગર ધર્મનો ઉછળ્યો છે.

કોને કહેવો ધર્મ ?

ભગવાન ! ભાઈ ! આહાહા ! બહારની ધમાધમ, જડની ક્રિયા છે અને અંદર રાગ થાય એ તો વિકાર છે. ધર્મ તો, આત્મા અખંડાનંદ પ્રભુ હૈ ઉસકી.... અભેદકી દ્રષ્ટિ કરના વહ ધર્મ હૈ. ઉસ ચીજકી તો ખબર ભી નહીં, સુના હી નહીં, (ફિર) કહાંસે ધર્મ હોગા ?

યહાં તો ઉસને (–શ્રોતાને) 'આત્મા'કો સુના—ઐસા કહતે હૈં. સમજમેં આયા ? (શ્રોતાને 'આત્મા' શબ્દ) સુના હૈ, પણ સમજમેં આયા નહીં. તો ઉસકી જિજ્ઞાસા સમજનેકી હૈ, તો સમજાનેવાલા મિલે બિના રહતા નહીં—ઐસા ભી સિદ્ધ કરતે હૈં. સમજમેં આયા ? 'આત્મા' કહનેવાલેને કદાચિત્ (અર્થ) ન સમજાયા, પણ સમજનેકી ધગશ.... ધગશ.... જિજ્ઞાસા

હૈ (તો અન્ય કોઈ) સમજાનેવાલા આયે બિના રહતા નહીં. (સમજાનેવાલા) ઉસકે (–સમજનેવાલેકે) કારણસે (આયા) નહીં, (લેકિન) ઐસા નિમિત્ત-નૈમિત્તિક મેલ હૈ—ઐસે કહતે હૈં. સમજમેં આયા ?

શ્રોતા : (સમજાવનારને સમજાવવા માટે) શેનું આકર્ષણ રહે છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આકર્ષણકી કહાં બાત કી ? નિમિત્ત-નૈમિત્તિક સંબંધ ઐસા હૈ. ઇસકી (–જિજ્ઞાસુકી) જહાં સમજનેકી લાયકાત હૈ તો સમજાનેવાલા મિલે બિના રહે નહીં—ઐસા નિમિત્ત–(નૈમિત્તિક) સંબંધ હૈ. વહ સમજનેવાલા હૈ તો ઉસકો (–સમજાનેવાલેકો) આના પડા—ઐસા હૈ નહીં. વહ (સમજાનેવાલા) કર્તા ને વહ (જિજ્ઞાસુ સમજે વહ) કાર્ય—ઐસા તો હૈ નહીં. સમજમેં આયા ? પણ જગતમેં ઐસી હી લાયકાતવાલે પ્રાણી હો (અર્થાત્) અપની ચીજકો સમજનેકી જિસકો જિજ્ઞાસા હુઈ હૈ, તો (સમજાનેવાલા) ચાહે વહાંસે (આતે હૈં). દેખો ! સમજમેં આયા ?

જુગલિયામેં (–ભોગભૂમિકે જીવોંમેં કોઈ) સમજનેકે લાયક હોતે હૈં તો ઉપરસે મુનિ ઉતરતે હૈં. સુના હૈ કિ નહીં ? જુગલિયા સમજે ? વહ ભોગભૂમિકે (જીવ). ભોગભૂમિ કહતે હૈન ? દેવકુરુ, ઉત્તરકુરુ આદિ. (તો વહાં) જુગલિયા હૈંન.... જુગલિયા.

ઓહોહો !.... સમજનેકી લાયકાત (હો) તો (ઉપરસે મુનિ નીચે ઉતરતે હૈ). વહાં (ભોગભૂમિમેં) તો મુનિ હૈ નહીં. મુનિ તો મહા અતીન્દ્રિય આનંદકા અનુભવ કરનેવાલે હૈં, (ઉન્હેં) ક્ષણમેં પ્રમત્ત-અપ્રમત્ત (દશા) આતી હૈ. (તો જુગલિયાકો) મુનિકા યોગ (બના). સમજનેકી લાયકાત હૈ, તો મુનિ ઉપરસે ચલે જાતે હો તો ઉનકો ઐસા વિકલ્પ આતા હૈ કિ 'મૈં નીચે ઉતરું.' (નીચે આકર) બૈઠ જાતે હૈં મુનિ ઔર જુગલિયા આ જાતે હૈં સબ. ખડે હો (વે કહતે હૈં), 'મહારાજ ! (કૃપા) કરો.' દેખો ! વહાં મુનિ નહીં હૈં, કેવલી નહીં હૈં. સમજમેં આયા ?

આવે છેને ? ઋષભદેવ ભગવાનનો જીવ (આદિ) બધા ગયા'તાને જુગલિયામાં ? (–હતાને ભોગભૂમિમાં ? વહાં) ઉપરસે મુનિ આયે લો ! (ઉન્હોંને) સમજાયા તો સમકિત પાયા ત્યાં. કોઈ નિમિત્તકા (–મુનિરાજકા)

સંયોગ વર્તમાનમેં (ઉસ) ક્ષેત્રમેં નહીં (થા, ફિર ભી) ઉપરસે દૂર ક્ષેત્ર ચલે જાતે થે મુનિ તો નીચે ઉતર ગયે. વે (મુનિરાજ) અપને કારણસે (નીચે ઉતરે) હોં.... અપને કારણસે ઉતરે હૈં. (મુનિરાજકી) ઐસી પર્યાય ઉસકે (–દૂસરે જીવોંકે) કારણસે (હુઈ) નહીં. ઐસા હી વિકલ્પ આયા કિ 'મૈં યહાં જાઉં.' સમજમેં આયા ?

તો કહતે હૈં કિ જિસકી યથાર્થ તત્ત્વ સમજનેકી જિજ્ઞાસા હૈ, ઉસકો સમજાનેવાલા ન મિલે ઐસી બાત હૈ નહીં. દેખો ! (દ્રષ્ટાંતમેં મુનિરાજ) મિલે અથવા દૂસરા (કોઈ) મિલ (જાતે). (યહાં) ઐસા કહતે હૈં કિ મિલા... મિલે બિના રહે નહીં—ઐસા કહતે હૈ. ઓહોહો ! સમજમેં આયા ? કિતની (–કૈસી) બાત કહતે હૈં, દેખો !

અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય પીછે.... એક હજાર વર્ષ પીછે (–બાદમેં) હુએ, નગ્ન મુનિ દિગંબર વનવાસી. તીર્થંકરકે (ઉપદેશકા) જૈસે ગણધર અર્થ કરતે હૈં, ઐસે કુંદકુંદાચાર્યકી (ગાથાકા) અર્થ અમૃતચંદ્રાચાર્ય (કરતે હૈં). ટીકા ખુલી ન હુઈ હોતી (–ટીકામેં ગાથાકે ભાવ ખોલે ન હોતે) તો ઇસમેં ક્યા ભાવ ભરા હૈં (વહ) સમજમેં ન આવે (–આતે). સમજમેં આયા ?

(ગાથાકે) એક-એક શબ્દકી ટીકા.... ઇસ ભરતક્ષેત્રમેં ઐસી ટીકા દૂસરી કહીં ભી હૈ નહીં. ઓહોહો ! અમૃતચંદ્રાચાર્ય દિગંબર મુનિ જંગલવાસી.... ઐસી ટીકા દૂસરે ધર્મમેં તો નહીં.... (દૂસરા) તો ધર્મ હૈ નહીં. (પરંતુ) યહાં તો યથાર્થ સનાતન ધર્મ.... (જો) જૈન પરમેશ્વરકા કહા હૈ ઉસમેં ભી યહ ટીકા હૈ ઐસી ટીકા દૂસરે (શાસ્ત્રોમેં) હૈ નહીં. ઐસી ટીકા... ઓહોહો ! ભગવાન જૈસા કામ કિયા હૈ ઉન્હોંને. સમજમેં આયા ? ચાલતા.... ચાલતા.... ચાલતા સિદ્ધ ! (બહારમાં) એક મોરપીંછી ને કમંડલ (ઔર) અંતરમેં આત્માકે આનંદમેં ઝૂલતે થે.

બસ, હમ તો આત્મા હૈ. વિકલ્પ ભી હમ તો (નહીં).... (હમ) વિકલ્પસે ભી પર (–ભિન્ન) હૈં.... હમ તો વ્યવહારસે મુક્ત હૈં. (વ્યવહાર) આતા હૈ... (જૈસે) લોકાલોક (જ્ઞેય) હૈ ઐસે રાગ (જ્ઞેય) હો, પણ હમ તો (ઉન રાગ રહિત)—મુક્ત હૈં.

આહાહા ! કહતે હૈં, સમજાનેકા વિકલ્પ આયા હૈ, પણ અંદરમેં (વિકલ્પસે) મુક્ત હૈં. આહાહા ! ઐસી કથની ને ટીકા.... સૂત્ર, જૈસે ગણધરકા સૂત્ર હો ઐસી ટીકા હૈ લ્યો ! આહાહા ! સંતોએ.... પરમેશ્વર કેવલજ્ઞાનીકે કેડાયત થે વે. 'કેવળજ્ઞાનીકે કેડાયત' = પીછે.. પીછે ચલનેવાલે. દિગંબર મુનિ-સંત જંગલમેં રહતે થે, ઉન્હોંને (જૈસા) કામ કિયા હૈ, ઐસા કામ દૂસરા કોઈ કર સકતે નહીં. સમજમેં આયા ? એક-એક ગાથા દેખો !.... અલૌકિક વાત.... અલૌકિક વાત !

કહતે હૈં કિ ઐસા સુનકર तत्काल ही.... આહાહા ! (લાયક જીવકો) સમજનેકી જિજ્ઞાસા થી કિ 'આત્મા ક્યા હૈ.' (ઉસકો) સમજાનેવાલે મિલે (ઔર) ઉસકા (–'આત્મા' શબ્દકા) અર્થ કિયા (કિ) 'અંતરમેં દર્શન—પ્રતીત, જ્ઞાન, રમણતાકો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા.'

(—ઐસા) ભેદ કરકે બતાયા. (પરંતુ) બતાયા (અભેદ) આત્મા હોં, ભેદ બતાના (વહ પ્રયોજન) નહીં હૈ. ભેદસે અભેદકો બતાયા (કિ) વહ આત્મા.... 'દર્શન, જ્ઞાન, ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો.... (ઉસરૂપ) પરિણમે વહ આત્મા.'—ઐસા સુનકર (તુરન્ત હી) ઉસકી, 'ઓહો ! દર્શન-જ્ઞાન-ચારિત્ર(કો સદા) પ્રાપ્ત હો યહ આત્મા !!'—ઐસે આત્મા ઉપર દ્રષ્ટિ ગયી, સુનનેવાલેકી.

तत्काल ही उत्पन्न होनेवाले अत्यन्त आन्दसे जिसके ह्रदयमें.... 'अत्यन्त' (શબ્દ) છેને ? (ટીકામાં) 'अमंद' (શબ્દ) છેને ? એમાંય (પાંચમી ગાથામાંય) 'अमंद' (શબ્દ) છે. ત્યાંય હતુંને 'अमंद' ? કુંદકુંદાચાર્યને પાંચમી ગાથામેં ઐસા કહા,—'હમેં પ્રચુર સ્વસંવેદન વર્તતા હૈ'.... આચાર્ય પોતે પ્રચુર સ્વસંવેદન(માં છે.) ચૌથે ગુણસ્થાનમેં સમકિતીકો સ્વસંવેદન હૈ, પણ થોડા હૈ. પંચમ ગુણસ્થાનમેં સ્વસંવેદન હૈ, પણ ચૌથેસે વિશેષ હૈ (ઔર) મુનિસે થોડા હૈ.

તો આચાર્ય (પાંચવી ગાથામેં) કહતે હૈં કિ આત્માકા 'अमंद' સંવેદનસ્વરૂપ (સ્વસંવેદન) હમકો (પ્રાપ્ત હૈ). 'अमंद' એટલે પ્રચુર.... આત્માકે આનંદકા (પ્રચુર) વેદન.... ઐસે (પ્રચુર સંવેદન)સ્વરૂપ સ્વસંવેદન હૈ યહ હમારા વૈભવ હૈ (ઔર) યહ વૈભવસે હમ કહેંગેં.... આચાર્ય કહતે હૈં કિ ઐસે વૈભવસે હમ આત્માકો કહેંગેં. આહાહા ! સમજમેં આયા ?

ત્યાંય (પાંચમી ગાથામાંય સંસ્કૃતમાં) 'अमंद' શબ્દ છે (અને) અહીં પણ (સંસ્કૃતમાં) 'अमंद' (શબ્દ) છે. દેખો ! अत्यन्त आनन्दसे जिसके हृदयमें सुन्दर.... આહાહા ! (શ્રોતા માટે) એટલું બધું (–'अत्यन्त आनन्द') લઈ લીધું (–કહ્યું) છે. નહીંતર ત્યાંય (–પાંચમી ગાથામાં) 'अमंद' આનંદ (શબ્દ) છે, પણ એ તો મુનિનો 'अमंद' આનંદ છે. અહીં તો સાંભળનારને 'अत्यन्त आनन्द' છે (—એમ કહીને જુઓને !) એટલું બધું લઈ લીધું (–કહ્યું) છે. આહાહા !

'પારસમણિ ઔર સંતમેં, બડો આંતરો જાણ;
વહ લોહા કંચન કરે, વહ કરે આપ સમાન.'

—એમ કહે છે અહીં. પારસમણિ ઔર સંતમેં બડા આંતરા હૈ. પારસમણિ તો લોહેકો સોના કરે.... બનાવે હોં, (—એ) નિમિત્તકી બાત હૈ. લોહા સોના તો બન જાયે, પણ કંઈ લોહા પારસમણિ બન જાયે ?—ઐસા (સંભવ) નહીં હૈ.

ધર્માત્મા કહતે હૈં.... ઓહોહો ! ઐસા (શ્રોતાને) સુના તો અત્યંત આનંદ (પ્રગટ હુઆ). અહીં (અમને) તો 'अमंद' (શબ્દ)ની સાથે જરી ખ્યાલ આ ગયા. ત્યાં (પાંચમી ગાથામાં) 'अमंद'નો (અર્થ) 'પ્રચુર' કીધો (અને) અહીં 'अमंद'નો (અર્થ) 'अत्यन्त' કહ્યો. ('अमंद') શબ્દ બેય (સ્થાને સમાન) છે.

(અત્યંત ભાવવિભોર થઈ પૂજ્ય ગુરુદેવશ્રી :)

'આહાહા ! ધન્ય નાથ !'

સમજાય છે કાંઈ ? ઓહોહો ! કહે છે કે એ તો અમારી જેવો (–અતીન્દ્રિય) આનંદ અંદર આવી જાય એને (–શ્રોતાને). (ભલે) સુનનેવાલા સાધારણ (–અજ્ઞાની) હો, (પણ) હવે એને એકદમ અંતરથી (આનંદ આવી જાય છે). સમજમેં આયા ? तत्काल ही.... તત્કાળ જ.... उत्पन्न होनेवाले.... પહલે અતીન્દ્રિય આનંદ નહીં થા.... આત્માકા ભાન નહીં થા તબ અતીન્દ્રિય આનંદ નહીં થા. જહાં સમ્યગ્દર્શન, જ્ઞાન-ભાન હુઆ તો અતીન્દ્રિય આનંદ આયા.... સમ્યગ્દર્શન–જ્ઞાનમેં અતીન્દ્રિય આનંદ આયા.... ઉસકો સમ્યગ્દર્શન–

જ્ઞાન કહતે હૈં. આહાહા ! સમજમેં આયા ? જુઓ ! આ વીતરાગ માર્ગકા સમ્યગ્દર્શન (—કિ જો) પરમાત્મા ત્રિલોકનાથ સર્વજ્ઞદેવને કહા હૈ.

મુનિયોંને જહાં કહા 'આત્મા'કા અર્થ, તો ઉસમેં (–શ્રોતાકે હૃદયમેં) અત્યંત અતીન્દ્રિય આનંદ ઊછલ ગયા. ભગવાન આત્મા.... 'દર્શન, જ્ઞાન, ચારિત્રકો (સદા) પ્રાપ્ત વહ આત્મા.'—ઐસે ભેદસે (સુનતે હી) જહાં અભેદ ઉપર દ્રષ્ટિ ગયી (તો) વહાં દ્રવ્યમેં જિતને ગુણ હૈં અનંતાનંત, વે સબકે અંશ પર્યાયમેં પ્રગટ હો ગયે. તો, ઉસકી (–આનંદકી) પ્રધાનતાસે દૂસરે (ગુણ)કો ન કહકર 'અત્યંત આનંદ પ્રગટ હુઆ' (—ઐસા) કહતે હૈં યહાં. આહાહા ! સમજમેં આયા ?

**तत्काल ही उत्पन्न होनेवाले अत्यन्त आनन्दसे जिसके हृदयमें.... हृदयमें.... 'हृदयमें'....** ક્યા (કિસ શબ્દકા) અર્થ કિયા ઉન્હોંને (પંડિત જયચંદજીને) ? **'अंत:'.... 'अंत:'.... 'आनंदांत:'.... 'अंत:'....** છેને એ ? **'आनंद अंत:'....** છે. સંસ્કૃત (શબ્દ) છેને **'अंत:...' अत्यन्त.... हृदयमें....** અંતરમેં, એટલે કે યહાં જ્ઞાનમેં—ઐસા (અર્થ હૈ). **'हृदयमें'....** એટલે કે કંઈ મનમેં, વિકલ્પમેં નહીં, (પણ) અંતરમેં. અંતરમેં એટલે કે અપની નિર્મળ પર્યાયમેં. 'આત્મા'કા અર્થ જહાં સુના, (ઔર) ઐસે (અભેદ આત્માકે) અંતરમેં દ્રષ્ટિ કરકે (–કિ તો) અનુભવ હો ગયા.... અંતરમેં અપની જ્ઞાનકી પર્યાયમેં (અનુભવ હો ગયા).

દ્રવ્યમેં, ગુણમેં તો અતીન્દ્રિય આનંદ થા, પણ જબ લગ દ્રષ્ટિ ઔર અનુભવ નહીં થા તો પર્યાયમેં આનંદ નહીં થા.... અવસ્થામેં આનંદ નહીં થા, દુઃખ થા.... વિકલ્પકા દુઃખ થા. (ઔર) જબ અંતરમેં 'દ્રવ્યસ્વભાવ ઐસા હૈ' —ઐસા જહાં અનુભવ હુઆ, તો પર્યાયમેં અતીન્દ્રિય આનંદ અત્યંત ઊછલ ગયા. સમજમેં આયા ? દેખો ! લોક.... વ્યવહારીજનકો સુનનેસે તત્કાલ (આનંદ) આયા (—ઐસા કહતે હૈ). ભાષા તો દેખો ઉનકી (–આચાર્યદેવકી) ! ઓહોહો !

(સુનનેવાલા) સાધારણજન થા.... લોકજન થા.... લૌકિક(જન) થા.... વ્યવહારીજન થા. આહાહા ! સમજમેં આયા ? પણ આત્મામેં કહાં

વ્યવહારીજન (યા) લૌકિકજન હૈ ? આત્મા તો ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ હૈ. કહતે હૈં, લૌકિક(જન) થા.... લોકજન થા.... વ્યવહારસે જાનનેલાયક (–જાનનેવાલા) થા.... અકેલા વ્યવહારમેં પડા થા.

ઉસકો (આત્માકી) બાત બતલાઈ, તો વસ્તુકી દ્રષ્ટિ અંદર હો ગયી. (ક્યોંકિ) બતાના (તો) ઉસકો આત્મા હૈન ? ભેદસે ભી બતાયા હૈ તો આત્માકો, તો વહ (–શ્રોતા) ભી ભેદસે (છૂટકર) આત્મામેં પહુંચ ગયા.... સમજમેં આયા ?

(૧) વહ (હી) ચીજ જાનને લાયક હૈ (–જ્ઞાન)....
(૨) વહ (હી) અનુભવ કરને લાયક હૈ (–ચારિત્ર)....
(૩) વહ (હી) દર્શન કરને લાયક હૈ (–દર્શન) (ઔર)
(૪) વહ આત્મા હી હૈ.

કહો, ભગવાનજીભાઈ ! (શ્રોતાકો) 'ભગવાન મિલ ગયા'—ઐસા કહતે હૈં. આહાહા !

तत्काल ही.... દેખો ! ઉસમેં.... ટીકામેં કિતના ભરા હૈ ! યહ સંસ્કૃત ટીકા હૈ—જો અમૃતચંદ્રાચાર્યને બનાયી હૈ (ઔર) ઉસકા હિંદી તો (પંડિત જયચંદજીને) બનાયા હૈ. આપણે ગુજરાતી બનાવી. કિતના પડા હૈ મર્મ ! કિતના પડા હૈ ! ઓહોહો ! સંતોકી વાણી હૈ વહ. સમજમેં આયા ? (ઐસા) આતા હૈ કિ નહીં ? ભાઈ ! 'છ ઢાળા'મેં આતા હૈ. 'જિસકે મુખચંદ્રસે અમૃત ઝરે....' (ઐસા) આતા હૈ કિ નહીં ? 'મુખચંદ્રતૈં અમૃત ઝરૈં....' (છઠ્ઠી ઢાળ, પદ ૨). આહાહા ! મુનિકી વ્યાખ્યા આતી હૈન ? કેટલામાં આવે છે ?

શ્રોતા : ભ્રમરોગ-હર.
પૂજ્ય ગુરુદેવશ્રી : હાં, વહી. શું આવ્યું છે એ ? 'છ ઢાળા' ને ?

શ્રોતા : છઠ્ઠી ઢાળ....
પૂજ્ય ગુરુદેવશ્રી : છઠ્ઠી ઢાળ. યહાં સબ (શાસ્ત્ર) રખતે હૈં નજીકમેં. શ્લોક ક્યો ? છઠ્ઠી(ઢાળ)નો.... આવ્યો. વહ (સળંગ) ૭૯મો કલશ (–પદ) હૈ.

'ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં'....

આ 'છ ઢાળા' (પંડિત) દૌલતરામજી (રચિત) હૈ. પહલેકે તો પંડિત ભી ઐસે હુએ હૈં.... દૌલતરામજી, દ્યાનતરાયજી, આ ટોડરમલજી, આ બનારસીદાસજી આદિ.... ગજબ કામ સબકા. સમજમેં આયા ? તો કહતે હૈં, દેખો !

અંતર ચતુર્દશ ભેદ બાહિર, સંગ દસધાતૈં ટલૈં,
પરમાદ તજિ ચૌકર મહી લખિ, સમિતિ ઇર્યાતૈં ચલૈં;
જગ-સુહિતકર સબ અહિતહર, શ્રુતિ સુખદ સબ સંશય હરૈં,
ભ્રમરોગ–હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં.

આ મુનિ.... ભાવલિંગી સંત–મુનિ ઇસકો કહતે હૈં. સમજમેં આયા ? દેખો ! 'ભ્રમરોગ–(હર)'.... મિથ્યાત્વના હરનારા 'જિનકે વચન'.... મુનિયોંકે (વચન હોતે) હૈં. 'વિકલ્પકા કર્તા ને પરકા કર્તા' (—ઐસે) વચન મુનિયોંકે હોતે નહીં—ઐસા કહતે હૈં. આહાહા ! સમજમેં આયા?

'ભ્રમરોગ-હર જિનકે વચન, મુખચન્દ્રતૈં અમૃત ઝરૈં'....

ચંદ્રમાંથી જેમ શીતળતા ઝરે છે એમ (મુનિઓનાં) મુખમાંથી અમૃત... અમૃત ઝરે છે. જૈસે ભગવાનકે વચન(રૂપી અમૃત) દિવ્યધ્વનિકે દ્વારા નિકલતા હૈ, ઐસે (મુનિયોંકી વાણીમેંસે) અમૃત ઝરે : 'ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસકો પ્રાપ્ત કરો.... વીતરાગ ભાવ પ્રગટ કરો'—ઐસે હી વચનમેં.... મુનિયોંકી વાણીમેં અમૃત નિકલતા હૈ. સમજમેં આયા ? જુઓ, આ જૈનદર્શનના મુનિ ! સમજમેં આયા ? 'છ ઢાળા'મેં ઐસા લિયા હૈ દેખો !....

છ્યાલીસ દોષ વિના સુકુલ, શ્રાવકતનૈં ઘર અશનકો;
લૈં તપ બઢાવન હેતુ, નહિં તન પોષતે તજિ રસનકો.
(છઠ્ઠી ઢાળ, પદ ૩)

દેખો ! ઓહોહો ! સમજે ? વળી આવ્યુંને ?

ભૂમાહિં પિછલી રયનિમેં કછુ શયન એકાસન કરન.
(છઠ્ઠી ઢાળ, પદ ૫)

'ભૂમાહિં પિછલી રયનિ....' પાછલી રાતે થોડો.... એકાસન થોડો.... થોડા. 'કછુ શયન એકાસન....' એકાસન. ઇતને ધ્યાનમેં મસ્ત હોતે હૈં (કિ) મુનિકો છઠ્ઠા ગુણસ્થાનમેં જરી.... પોણી સેકન્ડકે અંદરકી (–પૌની સેકંડસે કમ) નિદ્રા આ જાતી હૈ, બસ. પોણી સેકન્ડકે અંદરકી નિદ્રા આ જાતી હૈ પિછલી રાત્રિમેં.... પિછલી રાતકે આખિરકે ભાગમેં થોડી વાર. પીછે (તુરંત) સપ્તમ (ગુણસ્થાનમેં) આનંદ.... વળી પોણી સેકન્ડ નિદ્રા, વળી આનંદ....—ઐસી મુનિકી દશા હૈ. સમજમેં આયા ?

વે મુનિ યહાં ઐસા કહતે હૈં કિ હમને (આત્મા) કહા, તો સુનનેવાલેકો ભી ઐસા અત્યંત આનંદ આ ગયા. આહાહા ! સમજમેં આયા ? अत्यन्त आनन्दसे जिसके हृदयमें सुन्दर और मनोहर.... દેખો ! 'सुन्दर'....—એમ પાછું. अत्यन्त आनन्दसे जिसके हृदयमें सुन्दर और मनोहर बोधतरंगें उछलने लगती हैं.... દોનોં લે લિયે, આનંદ અને જ્ઞાન—દોનોં. આનંદ ભી પ્રગટ હુઆ ઔર સમ્યગ્જ્ઞાન ભી પ્રગટ હુઆ. सुंदर.... मनोहर बोधतरंगे.... જ્ઞાનકી તરંગેં ઉછલને લગી કિ ઓહો ! (ઐસા આત્મા !)

(પ્રશ્ન :) શાસ્ત્ર (–શબ્દ) ઇતના (થોડા) સુના, તો કહાંસે ઇતના (–ઐસા) જ્ઞાન આ ગયા ? શબ્દ તો ઇતના સુના હૈ કિ 'આત્મા, દર્શન–જ્ઞાન–ચારિત્રકો (સદા) પ્રાપ્ત'.... ઇતના સુના હૈ ?

(સમાધાન :) પણ સુના હૈ પૂરા 'આત્મા' કિ નહીં ? સારા આત્મા જ્ઞાન, આનંદસે ભરા પડા હૈ. ઉસ આત્મા ઉપર નજર જહાં પડી, જ્ઞાનકે તરંગ આનંદસે ઉછલ નિકલે (–ઉછલ ગયે). ઓહોહો ! દેખો ! ધર્માત્મા ! સમજમેં આયા ?

अत्यन्त आनन्दसे जिसके हृदयमें सुन्दर और मनोहर बोध.... 'सुन्दर', 'मनोहर'....—એ બધા 'बोधतरंग'ના વિશેષણ છેને ? 'सुन्दर' ને 'मनोहर'. કહો, 'सुन्दर' ને 'मनोहर' સમ્યગ્જ્ઞાનના તરંગ....—એમ (કહેવું છે). ખોટા કુતર્ક ને ખોટા જ્ઞાનના (તરંગ) નહીં, આ (તો) 'सुन्दर और मनोहर बोधतरंगे'.... સમ્યગ્જ્ઞાનકી પર્યાય. દ્રવ્યસ્વભાવકી અંતર્દ્રષ્ટિ જહાં હુઈ.... જ્ઞાયકભાવ અભેદકા અનુભવ હુઆ તો બોધતરંગેં આનંદ સહિત ઉછલને

લગી. આહાહા ! દેખો ! યહ સમ્યગ્દર્શન. વીતરાગ સર્વજ્ઞ પરમાત્માને, સંતોને કહા વહ સમ્યગ્દર્શન યહ હૈ. સમજમેં આયા ?

(કોઈ) બાહરસે માન લે કિ દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા, નવ તત્ત્વકી શ્રદ્ધા (સમ્યગ્દર્શન હૈ. લેકિન) વહ તો સબ ભેદવાલી શ્રદ્ધા હૈ.... વહ તો વિકલ્પ હૈ, સમ્યગ્દર્શન નહીં. સમજમેં આયા ?

મધ્યસ્થસે સુનના.... વાંચના.... વિચારના ચાહિયે.... પક્ષપાત છોડકર. યે તો સર્વજ્ઞ પરમાત્માકા માર્ગ હૈ. ક્યા કોઈ કિસીકે પક્ષકા માર્ગ હૈ ? ત્રિલોકનાથ પરમાત્મા હૈ ઉનકા કહા હુઆ માર્ગ હૈ. ઉસકો, જૈસા કહા હૈ ઉસ પ્રકાર ઉસે સમજનેકી તૈયારી કરની ચાહિયે, મધ્યસ્થતાસે આગ્રહ છોડકર. પરમાત્મા ઐસે કહતે હૈં (ઔર) યે મુનિ (ભી) ઐસે કહતે હૈં. સમજમેં આયા ?

યે (અમૃતચંદ્રાચાર્ય) તો પંચમ આરાકે મુનિ હૈંન ? તો, મુનિસે બાત લી હૈ (કિ) મુનિ ઐસે થે, વ્યવહારમેં (–સમજાનેકે વિકલ્પમેં) આયે હૈ. તો ઉસને (–શ્રોતાને) સુના ઔર **सुन्दर.... मनोहर बोधतरंगें उछलने लगती हैं....** દેખો ! સમજાણું કાંઈ ? '**बोधतरंग**'....—એ (શબ્દ) છેને ? **तत्प्रतिपद्यत एव.... अमंदानंदांत:सुन्दरबंधुरबोधतरंग....** ('**उछलने लगती हैं**' એ) ક્યાંથી લીધું ? '**बंधुर**'માંથી કાઢ્યું એમ ને ? ઠીક. '**बंधुर**'નો અર્થ ('**मनोहर**') નથી ભાઈ ! એમાં. એમાં (–પંડિત જયચંદજીના અર્થમાં) '**बंधुर**'નો અર્થ ('**मनोहर**') નથી આવ્યો હોં. એ વાત થઈ ગઈ છે પહેલાં.

શ્રોતા : (અહીં) '**बंधुर**'નો અર્થ '**मनोहर**' કર્યો છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ બરાબર નથી....(—એમ) કહે છે. '**बंधुर**'નો અર્થ '**मनोहर**' બરાબર નથી બેસતો—એમ કહે છે. એમ કહ્યુંને (હિંમત)ભાઈ ? ('**बंधुर**'નો) 'ઉછળવું' (—એવો) અર્થ છે. લ્યો ! એ (પંડિત હિંમતભાઈ) તો બહુ ઠંડા માણસ છે. (તેમનું) એમ (કહેવું છે) કે ('**बंधुर**'નો અર્થ) 'ઉછળવું' જોઈએ. '**बंधुर**'નો (અર્થ, '**मनोहर**') કરતાં વધારે (સારો અર્થ 'ઉછળવું' છે એ) લેવો જોઈએ—એમ (કહેવું છે). 'ઉછળવું'.... માટે બીજો શબ્દ નથી આમાં (–સંસ્કૃત ટીકામાં). (તેથી) એને '**बंधुर**'નો અર્થ '**मनोहर**' કરતાં 'ઉછળવું' ઠીક લાગે છે એમાં (–ભાષાંતરમાં).

सुन्दर बोधतरंगे उछलने लगती हैं.... લ્યો ! 'बंधुर'.... જોયું'તુંને આપણે ક્યાંક નહીં ? શબ્દાર્થ (–Dictionary) જોયો'તો.... હમણાં જોયો'તો. પૂછ્યું'તું કાલ, કે 'बंधुर'.... (—એવો) અહીં (સંસ્કૃત ટીકામાં) શબ્દ છે (એનો અર્થ) 'मनोहर'.... કેમ (કર્યો) ?

'बंधुर'નો (એક) અર્થ 'मनोहर'.... થાય છે (એટલે) 'मनोहर' (અર્થ) કર્યો (એ) બરોબર.... ('बंधुर'ના અર્થમાં 'मनोहर' એવો) એક શબ્દ છે ખરો, પણ વધારે (સારો અર્થ 'ઉછળવું' છે. 'मनोहर'.... એવો અર્થ પણ) છે ખરો.... એ ('ઉછળવું' એવો અર્થ) પણ છે. એ આપણે (Dictionaryમાં) જોયું'તું કે 'मनोहर'.... (એવો અર્થ) પણ છે.

ચૈતન્ય જ્ઞાયક તરફકી દ્રષ્ટિસે જહાં અનુભવ હુઆ, (તો) જ્ઞાનતરંગેં ચમકતી.. ચમકતી.. ચમકતી.. ચમકતી.. ઝળહળ જ્યોતિ પ્રગટ હુઈ. સમજમેં આયા ? આહાહા ! ऐसा वह व्यवहारीजन.... લ્યો ! ऐसा वह व्यवहारीजन.... પહલે (સંસ્કૃત ટીકામેં) લિયા થા ન 'લૌકિક' ? લૌકિકજન કહો કિ વ્યવહારીજન કહો (—એક હી બાત હૈ).

उस 'आत्मा' शब्दके अर्थको अच्छी तरह समझ लेता है.... 'આત્મા' શબ્દ હૈ ઉસકા અર્થ (સમજ લેતા હૈ—ઐસા કહતે હૈ). 'આત્મા' શબ્દ હૈ ઉસકે अर्थको अच्छी तरह समझ लेता है.... લ્યો ! ઉસકો આત્માકા જ્ઞાન યથાર્થ હો ગયા.

(યહાં) ઐસા ભી કહા કિ સમજનેવાલેકો મુનિ યા ધર્માત્માકે હી વચન નિમિત્ત હૈં—ઐસા (અર્થ) ભી આ ગયા ઉસમેં. અજ્ઞાનીકે વચન (સમ્યગ્દર્શનમેં) નિમિત્ત હૈ ઔર (અજ્ઞાનીકે વચનકો) 'દેશનાલબ્ધિ' લાગુ પડતી (–કહા જા સકતા) હૈ—ઐસા (ભી) નહીં, યહ ભી કહ દિયા. સમજમેં આયા ? સમજનેવાલેકો, (જો) સમજાનેવાલે પરમાર્થ ઔર વ્યવહાર માર્ગમેં (–સાધકદશામેં) હૈ વે સમજાતે હૈં—ઐસા ભી આ ગયા ઉસમેં ભાઈ ! ઓહોહો ! કેટલી વાત નાખી દીધી !

લ્યો ! આ તો (સમય થઈ ગયો). બાકી(ની વાત કાલ ઉપર) રાખીએ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૫
### ગાથા - ૮, ૯-૧૦
### સંવત ૨૦૨૪, આસો સુદ ૧૩, શુક્રવાર, તા. ૪-૧૦-'૬૮

૮મી ગાથા. છેલ્લો અધિકાર (–ભાગ) થોડો બાકી છે.

જુઓ ! ક્યા કહતે હૈં ? પહલે તો પ્રશ્ન યે થા કિ પરમાર્થકી બાત કહો. જો (–યદિ) પરમાર્થ હી સત્ય હૈ તો વહ કહો, વ્યવહાર ક્યોં કહા ? વ્યવહારકા ઉપદેશ ક્યોં દેતે હો ? અકેલા પરમાર્થકા ઉપદેશ દેના (ચાહિયે કિ) 'આત્મા.. આત્મા.. આત્મા.. આત્મા..' સમજે ? (—ઐસા) શિષ્યકો પ્રશ્ન ઊઠા.

તો કહતે હૈં કિ વ્યવહારસે.... ભેદસે સમજાયે બિના નિશ્ચય સમજમેં આતા નહીં. 'આત્મા.. આત્મા..' કરનેસે વહ (શ્રોતા) સમજેગા નહીં. તો સમજાનેવાલેકો વ્યવહારસે કહના પડતા હૈ.

'વ્યવહાર કરના પડતા હૈ'કા અર્થ ક્યા હૈ ?

કિ ભેદસે કહનેકા વિકલ્પ ઉસકો (–સમજાનેવાલેકો) આતા હૈ (ઔર કહતે હૈ) કિ 'દર્શન-જ્ઞાન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા.' જુઓ ! 'રાગ આદિકો પ્રાપ્ત (હો) વહ આત્મા '(—ઐસા) નહીં (કહા), (નિશ્ચયકો બતાનેવાલા) વ્યવહાર ભી ઐસા લિયા કિ 'જો આત્મા.... શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા'—ઇતના વ્યવહાર.... ભેદ નિશ્ચયકો (–અભેદ આત્માકો) સમજાનેકે (લિયે) કહનેમેં આયા હૈ. (ઉસકે) બિના દૂસરા કોઈ ઉપાય હૈ હી નહીં. સમજમેં આયા ?

એ શબ્દ છેને (શાસ્ત્રમાં), નહિ ? બહુ બુદ્ધિવાળો હોય તો.... એમ છેને ? 'કળશટીકા'માં નથી એક શબ્દ ? શું ? 'સાધિક'.... શું ? 'સાધિક'.... (એવું) કાંઈક છેને ? શબ્દ એવો છે. 'સાધિક' જીવ.... હા, એ. આટલું તો કહેવું પડે.... એ છે, એ લીધું છે. એ (વાત) આ પાંચમા કળશમાં છેને ? પાંચમામાં.... પાંચમામાં છે હોં. જેમાં વ્યવહારને 'કથનમાત્ર' કહ્યોને એ (કળશમાં). લ્યો ! 'જો કોઈ બહુ સાધિક (–અધિક બુદ્ધિમાન) હો તો ભી ઐસે હી કહના પડે'.... સમજમેં આયા ?

આત્માકો સમજાનેમેં 'આત્મા.... આત્મા....' કહનેસે (કોઈ) સમજેગા નહીં. 'આત્મા' હૈ કૌન (યહ સમજાનેકે લિયે) બહુત બુદ્ધિવાલા (કોઈ) હો તો ઉસકો ટૂંકામાં (-સંક્ષિપ્તમેં) કહે તો, ઇતના તો ઉસકો કહના હી પડે—ઐસે કહના (પડે) કિ 'દર્શન-જ્ઞાન-ચારિત્ર(કો સદા પ્રાપ્ત હો) વહ જીવ હૈ'—ઐસા ભેદ પાડકર.... (કોઈ) બહોત બુદ્ધિવાલા હો ઔર (ઉસકો) સમજાને(કે લિયે) બહુત સંક્ષેપમેં સમજાતે હોં.... સંક્ષેપમેં સમજાતે હોં... તો (ભી) ઇતના તો કહના પડે, ઉસકે બિના (વહ) સમજ (પાયેગા) નહીં. સમજમેં આયા ?

—એ પાંચમા (શ્લોકમાં) છે : 'व्यवहरणनय:'.... હવે આવશેને પછી ? 'व्यवहरणनय:'.... બારમી (ગાથા) થઈ ગયા પછી આવશે 'व्यवहरणनय:'.... એ શ્લોક, ન્યાંથી બધો સાર લીધો છે. એ કળશમાં બધાનો સાર આવ્યોને ઠેઠથી (-શરૂઆતથી લઈને). ત્રણ (શ્લોક પહેલી ગાથા) પહેલાં કીધા અને પહેલી (ગાથા)થી બાર (ગાથા) સુધીના (સાર માટે) એ એક કહી દીધો પાંચમો (કળશ).

ક્યા સમજમેં આયા ?

(અજ્ઞાનીકો) 'આત્મા' સમજાના હૈ, તો 'આત્મા.. આત્મા..' (—ઐસે) કહે તો તો સમજતે નહીં, ક્યોંકિ (વહ) દ્રવ્યકો તો સમજતે નહીં. (ધર્મકા ધારક) ધર્મી ઐસા જો આત્મા હૈ ઉસકો તો સમજતે નહીં (અજ્ઞાની) પ્રાણી.... વ્યવહારીલોક.... વ્યવહારીજન. તો ઉસકો સમજાને (કે લિયે), સંક્ષેપમેં કહે તો, ઇતના તો કહના પડેગા હી કિ જુઓ ભાઈ ! જો દર્શન-જ્ઞાન-ચારિત્ર.... अतति.... (શબ્દ સંસ્કૃત ટીકામેં) હૈન ? 'अतति गच्छति इति आत्मा'.... આત્મા, અપને દર્શન-જ્ઞાન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત કરે વહ આત્મા. સમજમેં આયા ?

શ્રોતા : અનાદિનો કારણપરમાત્મા....

પૂજ્ય ગુરુદેવશ્રી : હૈ કહાં ? (જિસે) ખબર નહીં ઉસકો (કારણપરમાત્મા) હૈ કહાં ? સમજમેં આયા ? (જિસે) ખબર હી નહીં કિ ક્યા આત્મા હૈ.... ધર્મીકા (-અનંત ધર્મસ્વરૂપ આત્માકા) જ્ઞાન નહીં ઉસકો, ઉસકે (-આત્માકે) કિતનેંહી અસાધારણ ધર્મ બતાકર અભેદ (આત્મ)કો બતાના હૈ. બતાના તો અભેદ (આત્મા)કો હી હૈ. સમજમેં આયા ?

(વ્યવહારીજન) પીછે (‘આત્મા’ શબ્દ) સુનકર.... ‘આત્મા‘ (શબ્દ) કાનમેં પડા, (પણ) સમજે નહીં. તો ઐસે.. ઐસે.. નજર કરતા હૈ (–आँखें फाडकर टकटकी लगाकर देखते रहते हैं) કિ ‘ક્યા કહતે હૈં યે.... ‘આત્મા’ (માને) ક્યા કહતે હૈં. પીછે (ઉસે આચાર્ય)) કહતે હૈ : ‘‘ભૈયા ! ‘આત્મા‘ ઉસકો કહતે હૈં કિ જો શ્રદ્ધાકો પ્રાપ્ત હો.... જાનપનેકો પ્રાપ્ત હો.... સ્થિરતાકો પ્રાપ્ત હો.... વહ આત્મા.’’

(યહ બાત સુનતે હી) ‘આહાહા ! આત્મા હૈ ઐસા !!’ (ઇસ પ્રકાર વહ વ્યવહારીજન) આનંદમેં આ ગયા. દેખો ! હૈન ? अत्यन्त आनन्दसे जिसके हृदयमें सुन्दर.... बोधतरंगें (ज्ञानतरंगें) उछलने लगती हैं ऐसा वह व्यवहारीजन उस ‘आत्मा‘ शब्दके अर्थको अच्छी तरह समझ लेता है.... લ્યો ! સમજમેં આયા ?

સમજના હૈ આત્મા, બાકી સબ ફોક. આત્મા ન સમજે (ઔર) સબ ગ્યારહ અંગ આદિ પઢે તો ઉસમેં કુછ હૈ નહીં, યૂં કહતે હૈ. અપની ચીજ ક્યા હૈ ઉસકી કિંમત ન કરે તબ લગ પરકી કિંમત ઉસકો હટતી નહીં. પુણ્યકા પરિણામ, પાપકા પરિણામ, પુણ્ય-પાપકા ફલ, વર્તમાન ક્ષયોપશમકા વિશેષ-અધિક વિકાસ (હો તો) ઉસકી બુદ્ધિ અધિક વહાં રહ જાતી હૈ.... સમજમેં આયા ? (પણ) વહ (બુદ્ધિ) તો પરમેં અધિક હુઈ. વહાં લગ તો ચાર ગતિમેં રુલનેકા ભાવ હૈ ઉસકે પાસ. ચાર ગતિકે ભાવકા અભાવ તો દ્રવ્યસ્વભાવમેં હૈ. સમજમેં આયા ?

ભગવાન આત્મા અકેલા જ્ઞાયકભાવ... સ્વભાવભાવ... અનંત-અનંત કેવલજ્ઞાનકી પર્યાયકા પિંડ હૈ. (ઐસા) જો આત્મા હૈ ઉસમેં ભવકા અભાવ હૈ, તો ઉસકા આશ્રય કરનેસે ભવકા અભાવ હોતા હૈ. સમજમેં આયા ? તો આચાર્ય કહતે હૈં કિ સંક્ષેપમેં ભી ઇતના તો સમજાનેવાલેકો વ્યવહાર કરના પડતા હૈ યાની ભેદ કરના પડતા હૈ કિ (‘દર્શન-જ્ઞાન-ચારિત્રકો સદા પ્રાપ્ત હો વહ આત્મા’).

‘(ભેદ) કરને‘કા અર્થ ઐસા નહીં કિ ‘વિકલ્પકા મૈં કર્તા હૂં‘—ઐસે નહીં.... ઐસે નહીં. પણ ભેદસે સમજાનેમેં ઐસા વિકલ્પ આયે બિના રહતા નહીં. જ્ઞાની ઉસકો (–વિકલ્પકો) જાનતે હૈં, (પણ) કર્તા નહીં. આહાહા ! સમજમેં આયા ? વહ સમજનેવાલાકો, અપને આત્માકી ચીજ.... નિધાન (જો) સચ્ચિદાનંદ પ્રભુ (હૈ વહ મૈં હું).... મૈં હી પૂર્ણ આનંદમય એકરૂપ હૂં.... તીન (ભેદ)કો પ્રાપ્ત એકરૂપ

આત્મા (હૂં).... તીન (ભેદ)કો પ્રાપ્ત એક આત્મા (હૂં) —ઐસી દ્રષ્ટિ આત્માકી હો તબ ઉસકો સમ્યગ્દર્શન-જ્ઞાનમેં અતિ આનંદ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા ?

આનંદ ઉછલને લગતા હૈ.... વિકાર ઉછલતા થા પહલે (અર્થાત્) 'પુણ્ય-પાપ મૈં ઔર પર આદિ મૈં ઔર એક સમયકી અવસ્થા ઇતના મૈં' (—ઐસી માન્યતામેં) વહાં તો વિકાર ઉછલતા થા નામ વિકારકી વૃદ્ધિ-ઉત્પત્તિ હોતી થી. સમજમેં આયા ? (અબ), 'મૈં આત્મા જ્ઞાયક ચિદાનંદ, શુદ્ધ ધ્રુવસ્વરૂપ ત્રિકાલી હૂં'—ઐસી જહાં દ્રષ્ટિ હુઈ તો, કહતે હૈં કિ, ઉસમેં આનંદ ઔર જ્ઞાનકે તરંગ ઉછલતે હૈ. સમજમેં આયા ?

જેમ ફુવારાને દાબે ને ફુવારો ફૂટે (-ઉછળે) છેને ? —પાણી નીકળે છે, ઐસે ભગવાન આત્મા હૈ ઉસમેં દ્રષ્ટિ એકાગ્ર હુઈ.... દ્રષ્ટિ અભેદમેં એકાગ્ર હુઈ (તો) ચિદાનંદ.... જ્ઞાન, આનંદ ઔર શાંતિ આદિ તરંગેં (માને) પર્યાયેં ઉછલને લગતી હૈ. દેખો ! ધર્મ ઐસા સૂક્ષ્મ હૈ. સમજમેં આયા ? ધર્મ કોઈ મંદિરમેં હોતા હૈ, શત્રુંજયમેં હોતા હૈ, સમ્મેદશિખરમેં હોતા હૈ—ઐસા નહીં, એમ કહતે હૈં. સમજમેં આયા ? વ્રત-તપકા વિકલ્પ કરનેસે ધર્મ હોતા હૈ—ઐસા નહીં.

શ્રોતા : (વ્યવહાર શાસ્ત્રમેં) દૂસરી બાત લિખા હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : દૂસરે (-વ્યવહાર શાસ્ત્રમેં દૂસરા) લિખા હી નહીં, (માત્ર) વ્યવહાર જણાવે. તો, વ્યવહારનયકે ગ્રંથ બતાવે કિ (વ્યવહાર) ઐસા હોતા હૈ.... ઐસા હોતા હૈ.... ઐસા હોતા હૈ.

(શ્રોતાને સંબોધીને) આવો અંદર, આવો અંદર. કામમાં હતાને ? સમજમેં આયા ?

ક્યા કહતે હૈં ?

યે આત્મા સચ્ચિદાનંદ = સત્-શાશ્વત + જ્ઞાન ઔર આનંદકા ભંડારરૂપ એકસ્વરૂપ હૈ.... એકસ્વરૂપ. ઉસકો (-અભેદ આત્માકો) સમજાને(કે લિયે) મેં દર્શન-જ્ઞાન-ચારિત્ર (—ઐસા ભેદ કરકે સમજાતે હૈ કિ)....

શ્રદ્ધા કૌન કરતા હૈ ? જડ કરતા હૈ ?

(નહિ).

શ્રદ્ધા કિસકો હોતી હૈ ? શ્રદ્ધા કિસમેં હોતી હૈ ?
કિ આત્મામેં.

જ્ઞાન કિસમેં હોતા હૈ ?
કિ આત્મામેં.
ઔર સ્થિરતા (-ચરિત્ર).... સ્થિરતા.... રમણતા કિસમેં હોતી હૈ ?
કિ આત્મામેં.

(વે ક્યા) જડમેં હૈ ? જડમેં શ્રદ્ધા.... જડમેં જ્ઞાન.... જડમેં સ્થિરતા હૈ ?
નહીં.

તો 'અપને (આત્મા)મેં જ્ઞાન ઔર શ્રદ્ધા, સ્થિરતા હૈ'—ઐસા ભેદ પાડકર (-કરકે) આત્માકો બતાયા કિ 'યે આત્મા હૈ વહ જાનતા હૈ.... શ્રદ્ધા કરતા હૈ (ઔર સ્થિરતા કરતા હૈ).' તો ઉસકી (-શ્રોતાકી) દ્રષ્ટિ (અભેદ) આત્મા ઉપર જાતી હૈ (ઔર) તબ ઉસકો શાંતિ ઔર આનંદકી ઔર સમ્યગ્દર્શન ઔર જ્ઞાનકી પર્યાય ઉત્પન્ન હોતી હૈ.

इस प्रकार जगत तो म्लेच्छके स्थान पर होनेसे.... ભાષા (જુઓ !) દુનિયા તો મ્લેચ્છકે સ્થાન (પર હૈ.) બ્રાહ્મણ ગયા થા ન મ્લેચ્છકી વસ્તીમેં ? (ઔર કહા :) 'સ્વસ્તિ'.... મ્લેચ્છકે સ્થાનમેં (-વસ્તીમેં) ગયા થા બ્રાહ્મણ. તો (કહા :) 'સ્વસ્તિ'.... તો કહતે હૈં કિ મ્લેચ્છકે સ્થાનમેં કૌન હૈ ? જગત.... દુનિયા. और व्यवहारनय भी म्लेच्छभाषाके स्थान पर होनेसे.... દેખો ! ભેદ પાડના (-કરના) ઔર કહના યે મ્લેચ્છભાષા જૈસી ભાષા હૈ.

व्यवहारनय भी म्लेच्छभाषाके स्थान पर होनेसे.... म्लेच्छभाषाके स्थान पर होनेसे.... મ્લેચ્છકો સમજાના હૈન ? (व्यवहारनय) म्लेच्छभाषाके स्थान पर होनेसे परमार्थका प्रतिपादक है.... પરમાર્થકા કહનેવાલા હૈ. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ મૂર્તિ અભેદ હૈ (ઉસકો) ભેદસે દિખાનેમેં વ્યવહાર સ્થાપના પડતા હૈ.... વ્યવહાર આતા હૈ—ઇતના કહતે હૈં.

વ્યવહાર પરમાર્થકા પ્રતિપાદક હૈ.... કહનેવાલા હૈ, (પણ) વ્યવહારસે પરમાર્થ પ્રાપ્ત હોતા હૈ—ઐસા નહીં. સમજમેં આયા ? ભગવાન આત્મા અંતરમેં

આનંદમૂર્તિ પ્રભુ હૈ ઉસકા વ્યવહાર પ્રતિપાદન કરતા હૈ. ભેદસે, ઉસકે (–આત્માકે) કથનમેં (વ્યવહાર) લાગુ પડતા (–આતા) હૈ કિ દેખો ! આત્મા દર્શન-જ્ઞાન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત હૈ.

દૂસરી સબ બાત નિકાલ દી કિ....

(૧) પુણ્ય કરતા હૈ વહ આત્મા....
(૨) પાપ કરતા હૈ વહ આત્મા....
(૩) પાપ છોડતા હૈ વહ આત્મા....
(૪) પુણ્ય છોડતા હૈ વહ આત્મા....

—ઐસા (ભી) નહીં લિયા. સમજમેં આયા ?

(૧) પર(દ્રવ્ય) છોડે વહ આત્મા....
(૨) પુણ્ય છોડે વહ આત્મા....
(૩) પુણ્ય કરે વહ આત્મા

—યે વ્યવહાર (કથન) ભી નહીં ઐસે કહતે હૈં. આહાહા ! જુઓને ! કેટલી વાત મૂકે છે. સમજમેં આયા ?

(પ્રશ્ન :) પાપ કરે વહ આત્મા ?

(સમાધાન :) યહાં કહતે હૈ, નહીં. પાપ કરે વહ આત્મા નહીં. પાપ તો વિકાર હૈ. યે (–પાપ કરે ઐસા) આત્મા કહાંસે આયા ?

(પ્રશ્ન :) પુણ્ય કરે વહ આત્મા ?

(સમાધાન :) વહ (–પુણ્ય કરે ઐસા આત્મા) કહાંસે આયા ?

(પ્રશ્ન :) પાપ છોડે વહ આત્મા ?

(સમાધાન :) (પાપ છોડે ઐસા આત્મા) કહાંસે આયા ? પુણ્ય-પાપ હૈ હી નહીં દ્રવ્યમેં (ઔર ઉસકો) કરે નહીં તો છોડે કહાંસે ? સમજમેં આયા ? કિતની પદ્ધતિ.... ઉપદેશકી પદ્ધતિમેં કૈસા લિયા હૈ ! (ઐસા) હૈ નહીં કિ પરકી દયા પાલે વહ આત્મા.... પરકો જાને વહ આત્મા.

(પ્રશ્ન :) જાને કૌન પરકો ?

(કોઈ કહે :) આત્મા.

(સમાધાન :) (યહાં) કહતે હૈ, ના. ઐસા કહાં કહા હૈ ? હમ તો કહતે હૈં કિ આત્મા જો ચીજ હૈ વહ, 'અપને શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રકો (સદા) પ્રાપ્ત હો વહ આત્મા'. વ્યવહારસે કહે તો, ઇતના વ્યવહાર કહતે હૈં. આહાહા ! દેખો ! (ઇસમેં) ઇતના ભરા હૈ હોં.

(પ્રશ્ન :) શરીરકી ક્રિયા કરે યહ આત્મા, હલે.... ચલે યહ આત્મા ?

(સમાધાન :) (ઐસા) તો કોઈ આત્મા હૈ હી નહીં.

(પ્રશ્ન :) (ઐસા) તો (આત્મા) નહીં, (પણ) પાપ કરે કિ પાપ છોડે (ઐસા) આત્મા (હૈ કિ નહિ) ?

(સમાધાન :) (ઐસા) આત્મા હૈ હી નહીં. યહ આત્માકો (–પાપ કરે યા છોડે ઐસે) ભેદ પાડકર (–કરકે) સમજાનેકી રીત.... વ્યવહાર ભી નહીં—ઐસા કહતે હૈં. સમજમેં આયા ?

(પ્રશ્ન :) ઔર પરકો જાનનેવાલા હૈ વહ તો આત્મા હૈ કિ નહીં ? પરકો જાને કૌન ? જડ જાને ? પરકો જાને વહ ભી આત્મા.

(સમાધાન :) (યહાં) કહે, ના. વહ આત્માકો સમજાનેકી રીત હી નહીં. 'આત્મા અપનેકો જાને, શ્રદ્ધે અને ઠરે'—ઐસા ભેદ પાડના વહ વ્યવહાર હૈ (ઔર) યહ ભી મ્લેચ્છભાષાકે સ્થાનમેં હૈ. આહાહા ! અલૌકિક બાત હૈ ભાઈ ! ભગવાન આત્મા.... યહાં તીન બોલ (–ભેદ) પાડા (–કિયા) હૈન ? પીછે એક ('જ્ઞાન વહ આત્મા'—ઐસા ભેદ) પાડેગા (–કરેંગે) અભી (૯-૧૦ ગાથામેં).

**વ્યવહારનય ભી મ્લેચ્છભાષાકે સ્થાન પર....** પણ કઈ ભાષા (–ક્યો ભેદ).... વ્યવહાર ?

યહ (વ્યવહાર) ઇતના (કિ) 'યહ શ્રદ્ધા કરતા હૈ વહ આત્મા.... શ્રદ્ધાકો પ્રાપ્ત હોતા હૈ વહ આત્મા, જ્ઞાન (ઔર ચારિત્ર)કો પ્રાપ્ત (હોતા હૈ વહ

આત્મા)....' ઉસકા (અપના) હોં. 'ઉસકી (–આત્માકી) શ્રદ્ધા ઔર ઉસકા (–આત્માકા) જ્ઞાન, (ચારિત્ર)'—ઐસા ભેદ પડતે (–હોતે) હૈંન (વહ વ્યવહાર હૈ). દૂસરેકી શ્રદ્ધા ઔર દૂસરેકે જ્ઞાન, (ચારિત્ર)કી બાત નહીં યહાં. અમરચંદભાઈ ! ઉસકા (–અપના શ્રદ્ધા, જ્ઞાન ઔર ચારિત્ર). સમજમેં આયા ?

ક્યા બાત ચલતી હૈ ?

પ્રશ્ન : યહાં તો મ્લેચ્છભાષાકે સ્થાનમેં વ્યવહાર (કો કહા, તો) કિતને (કૌનસે ભેદ)કો વ્યવહાર કહતે હૈં ?

(સમાધાન :) 'યહ આત્મા શ્રદ્ધતા હૈ.... યહ આત્મા જાનતા હૈ અપનેકો હોં.... (યહ આત્મા સ્થિરતા કરતા હૈ)' —ઇતના ભેદ પડતા હૈ (વહ ભી વ્યવહાર હૈ).

(પ્રશ્ન :) પણ એ ભેદ (અપનેમેં) પડે ન....

(સમાધાન :) 'આત્મા યહ (શ્રદ્ધા) કરતા હૈ.... આત્મા વહ જાનતા હૈ.... આત્મા (અપનેમેં સ્થિરતા કરતા હૈ)'—ઇતના ભેદ કરકે કહના ઉસકો ભી (અર્થાત્ ઐસી) ભાષાકો વ્યવહાર (ઔર ઉસકો) મ્લેચ્છભાષાકે સ્થાનમેં કહનેમેં આયા હૈ. આહાહા ! દૂસરેકે (શ્રદ્ધા, જ્ઞાન ઔર ચારિત્રકી) તો બાત હી ક્યા ? સમજમેં આયા ?

(પ્રશ્ન :) (એકેલા) પરકો જાને યહ આત્મા ?

(સમાધાન :) તો પછી (–ફિર) સ્વ-પરપ્રકાશક આત્મા તો રહા નહીં. (ઇસલિયે) પરકો જાને વહ આત્મા નહીં. જાવ....

(પ્રશ્ન :) પરકી શ્રદ્ધા કરે યે આત્મા ?

(સમાધાન :) (યહાં) કહે, નહીં. (ઐસા) કૌન કહતા હૈ ? વહ આત્મા હી નહીં. આહાહા ! સમજમેં આયા ? ભગવાન (આત્મા) 'અપના સ્વરૂપકો શ્રદ્ધે, જાને ઔર ઠરે'—ઇતના ભેદ પાડના (–કરના) વહ વ્યવહાર હૈ ઔર વહ મ્લેચ્છભાષાકે સ્થાનમેં હૈ. સમજમેં આયા ? ભારે વાત !

**जगत तो म्लेच्छके स्थान पर होनेसे और व्यवहारनय भी....** '**भी**'.... (જગતની) સાથે (સરખામણી) લેવી (–કરવી) છેને ? એટલે ('**भी**' કહ્યું છે). **म्लेच्छभाषाके स्थान पर होनेसे परमार्थका....** (કહનેવાલા) **है इसलिये....**

(વ્યવહાર, પરમાર્થકા) **'कहनेवाला'** હૈ હોં, (પરંતુ) 'પરમાર્થકો પ્રાપ્ત કરાનેવાલા હૈ'—ઐસા નહીં.... (વ્યવહાર), 'આત્માકો પ્રાપ્ત કરાનેવાલા હૈ'—ઐસા નહીં, (માત્ર) કહનેવાલા હૈ કિ 'યહ આત્મા શ્રદ્ધા, જ્ઞાન (ઔર ચરિત્ર)કો (સદા) પ્રાપ્ત (હૈ). વિશ્વાસ.... જાને.... ઠરે.... યહ આત્મા.'—ઇતના (વ્યવહાર) કહતા હૈ. (ઇસ પ્રકાર) વ્યવહાર, (પરમાર્થકા) પ્રતિપાદક હૈ, (પરંતુ) વ્યવહાર, પરમાર્થકો પ્રાપ્ત કરાતા હૈ—ઐસા નહીં.

શ્રોતા : ...... વ્યવહાર પ્રાપ્ત કરાવે.....

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, ના. માટે તો કહેવું પડ્યું. વ્યવહાર, (પરમાર્થકા) પ્રતિપાદક હૈ.... ફક્ત કહનેવાલા હૈ, (પરંતુ) વ્યવહાર, પરમાર્થકો પ્રાપ્ત કરાયે (નહીં). પરમાર્થકો વ્યવહાર બતાવે કિ 'યહ હૈ'.... બસ, ઇતના (સંબંધ હૈ). (વ્યવહાર) પ્રતિપાદક.... કહનેવાલા હૈ ઇતના (સંબંધ હૈ, પણ પરમાર્થ) પ્રાપ્ત તો ઉસકા (–વ્યવહારકા) લક્ષ છોડકર અભેદમેં આયે તો પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા ? આહાહા ! ભારે !

અમૃતચંદ્રાચાર્યની ટીકામાં બહુ...બહુ... ન્યાયના એકલા તત્ત્વો.... સિદ્ધાંતો ભર્યાં છે. સમજ્યા ? બીજા શાસ્ત્રોમાં પણ (સમજાવવાની) કઈ રીતે પદ્ધતિ હોવી જોઈએ.... ક્યા (–કૌનસી યથાર્થ) પદ્ધતિ હૈ (—યહ) સબ યહાંસે (–ટીકામેંસે) નીકલતા હૈ. દેખો !

**म्लेच्छभाषाके स्थान पर होनेसे परमार्थका (कहनेवाला) है इसलिये....** કહનેવાલા હૈ ઉસ કારણસે....(—ઐસા કહતે હૈ). ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસમેં ભેદ પાડના (–કરના) ઐસા વ્યવહાર, પરમાર્થકો કહતા હૈ કિ 'યહ વસ્તુ.... યહ વસ્તુ.' ઉસ કારણસે.... એ કારણે **व्यवहारनय स्थापित करने योग्य है....** 'વ્યવહારનય હૈ'—ઐસા સ્થાપિત કરને (યોગ્ય) હૈ.... (વ્યવહાર) 'હૈ' ઐસા સ્થાપન કરનેકે (લિયે) હૈ, (પણ) આદર કરને લાયક નહીં. સમજમેં આયા ?

ઉસ કારણસે **व्यवहारनय स्थापित करने योग्य है.**

શ્રોતા : 'અનેકાંત' છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'અનેકાંત'કા અર્થ ક્યા ? વ્યવહાર, (પરમાર્થકો) સ્થાપન કરતા હૈ.... વ્યવહાર, (પરમાર્થકો) બતલાતા હૈ, પણ વ્યવહાર (ઉસકો) પ્રાપ્ત કરાતા હૈ—ઐસા નહીં હૈ. (પરમાર્થ) પ્રાપ્ત તો.... (જબ) ઉસકા (–વ્યવહારકા) લક્ષ છોડકર અભેદકી દ્રષ્ટિ કરે તો (પરમાર્થ) પ્રાપ્ત હોતા હૈ.

શ્રોતા : 'એકાંત' થઈ જાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : સમ્યક્ એકાંત હી અનેકાંતકા લક્ષણ હૈ. સમ્યક્ એકાંત હો તબ પર્યાય, વ્યવહાર, ભેદ આદિકા જ્ઞાન હોતા હૈ (ઔર ઉસકો) 'અનેકાંત' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

(અજ્ઞાની) કહે, 'અનેકાંતને.....' શું કીધું (હતું) કાંઈ ? કીધું (હતું ને) કંઈ ? 'અનેકાંતને તમે આમ કરી નાંખ્યું'.... (એમ) કીધું'તુંને ? દિલ્હી કે ક્યાં ?

શ્રોતા : તલોદમાં.

પૂજ્ય ગુરુદેવશ્રી : તલોદમાં. એ (હજી) બીજે હશે ક્યાંક. તલોદમાં તો એણે કીધું (હતું જ) કે 'તમે અનેકાંતને (વિષે) કહેજો.... તમારા વક્તાઓને અનેકાંતનું (સ્વરૂપ) કહેજો.' પણ અનેકાન્તને.... હા, એ. હા, ત્યાં સહારનપુર.... સહારનપુર. હા, (ત્યાં) એમ કીધું કોઈકે, 'અનેકાંતકી તુમ બોખલી (–મજાક) ઉડાતે હો.'.... ક્યા ?

શ્રોતા : નેમિચંદકે ભાઈ...

પૂજ્ય ગુરુદેવશ્રી : હા વહ, બસ વહ, બસ વહ. (ઉસને કહા થા કિ) 'અનેકાંતકી તુમ બોખલી ઉડાતે હો.' મજાક.... મજાક. અરે ભગવાન ! ખબર નથી તને ભાઈ ! અનેકાંતકી ઐસે મજાક નહીં (હોતી), અનેકાંતસે તો યથાર્થતા હોતી હૈ.... યથાર્થતા હોતી હૈ.

'સમ્યક્ એકાંત.... દ્રવ્યસે લાભ હોતા હૈ, તીન કાલમેં ભેદસે (લાભ) નહીં'—ઉસકા નામ 'અનેકાંત' હૈ. સમ્યક્ એકાંત.... (દ્રવ્ય) પર ઢલકર જો જ્ઞાન હુઆ, વહ જ્ઞાન, વર્તમાનમેં વ્યવહાર હૈ.... ભેદ હૈ, વિકલ્પ હૈ, પર્યાયકા અંશ હૈ ઉસકો જાનતા હૈ (ઔર) તબ 'અનેકાંત' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? અરે

ભગવાન ! ક્યાં આ તકરાર, વાદ અને વિવાદ. અરે ! માંડ (ભવભ્રમણમાંથી) નિકલનેકા કાલ આયા તબ ઉસકો (–જીવોંકોં) સમજાનેમેં રૂકના ! સમજ્યાને ?

એક (વાત) આવે છે આ લોકોમાં.... શ્વેતાંબરમાં કે વર્તમાનમેં જાતિસ્મરણ જ્ઞાન વિશેષ ક્યોં નહીં હોતા ?—ઐસા આતા હૈ 'ઠાણાંગ'મેં.... (ઉસકા સમાધાન દિયા હૈ) કિ ધર્મીકો ઇતને પ્રતિકૂલ સ્થાન હૈ અને ઇતને પ્રતિકૂલ જીવ હૈ કિ ઉસકા સમાધાન કરનેમેં.... ઉસકે પ્રશ્નકા ઉત્તર દેનેમેં ઔર (ઇસ પ્રકાર) ઉસમેં રૂકનેસે કાલ (ચલા) જાતા હૈ બહોત. ભાઈ ! એવું (એમાં કહ્યું છે).... એક (એવી વાત) આવે છે.

સભામાં.... વ્યાખ્યાનમાં એકવાર કહ્યું'તુંને ? એમ કે ત્યાં....

(અજ્ઞાની) કહે : 'ઐસા નહીં.'
(તો જ્ઞાનીકો) કહના પડે : 'તત્ત્વકા....'
તો (અજ્ઞાની) સામે બોલે : 'ઐસા નહીં.... એમ નહીં, એકાંત હૈ.'
વળી એને (–જ્ઞાનીકો) કહના પડે : 'અરે !....'
વળી એક દૂસરા (પ્રશ્ન અજ્ઞાનીકી ઔરસે) દૂસરી રીતસે આયા....

(—ઇસપ્રકાર જ્ઞાનીકો) અપને તરફમેં (–સ્વકી ઓર) એકાગ્ર વિશેષ હોનેકા અવસર મિલતા નહીં.

(જ્ઞાનીકે સમજાનેકે વિકલ્પ) હૈ તો અપને કારણસે હોં, પરકે કારણસે નહીં. (જ્ઞાની સોચતે હૈ કિ) ઇતના પરમેં.... પર (જીવકો) સમાધાન ન હો (–નહીં હોગા) તો ઐસી ગડબડી હો જાયેગી (કિ વહ) વિરોધ કરેગા.... 'એકાંત હૈ'—ઐસા કહેગા. તો ઉસકો (–અજ્ઞાનીકો) 'અનેકાંતપને ઐસા (સ્વરૂપ) હૈ ભૈયા !'—ઐસા સમજાનેકે વિકલ્પમેં (જ્ઞાનીકા) કિતના (સમય) ચલા જાતા હૈ ! આહાહા ! ઔર વહ વિકલ્પસે અપનેકો (–જ્ઞાનીકો) તો કોઈ લાભ હૈ નહીં ઔર વહ વિકલ્પસે પરકો (–અજ્ઞાનીકો ભી) લાભ હૈ નહીં.

અરે ભગવાન ! આહાહા ! માર્ગ તો દેખો ! અમરચંદભાઈ ! એવી વાત છે. પણ કહતે હૈં, વ્યવહાર આયે બિના રહતા નહીં હોં. વ્યવહાર સ્થાપના તો પડતા હૈ.... (વ્યવહાર) 'હૈ' ઇતના હોં, પણ ઉસસે (પરમાર્થ) પ્રાપ્ત હોતા હૈ—ઐસા નહીં.

व्यवहारनय स्थापित करने योग्य है; किन्तु ब्राह्मणको म्लेच्छ नहीं हो जाना चाहिये.... બ્રાહ્મણકો મ્લેચ્છ નહીં હોના (ચાહિયે). (ભેદસે) ભાષા કરની પડતી હૈ તો (વ્યવહાર) સ્થાપન કરનેકે (વિકલ્પમેં) આના પડતા હૈ, પણ ब्राह्मणको म्लेच्छ नहीं हो जाना चाहिये—इस वचनसे वह (व्यवहारनय) अनुसरण करने योग्य नहीं है.... આહાહા ! દેખો ! વિકલ્પ આતે હૈ સમજાનેકા, પણ વે વિકલ્પકા આદર નહીં કરના.... વ્યવહાર આદરણીય નહીં હૈ. આહાહા !

ઔર સુનનેવાલેકો ભી.... ભેદસે સુનાયા તો સુનનેવાલેકો ભી ભેદકો અંગીકાર નહીં કરના. ભેદસે (–ભેદકા લક્ષ છોડકર) અભેદ પે ચલે જાના.... અભેદમેં અંદર. તો 'વ્યહારસે (પરમાર્થકા) પ્રતિપાદન કિયા'—ઐસા કહનેમેં આતા હૈ, નહીં તો વ્યવહાર (–ભેદ) હી નિશ્ચય હો જાયેગા. સમજમેં આયા ? કિતની સ્પષ્ટતા ! (આચાર્યદેવ વિષયકો) બહોત સ્પષ્ટ કરતે હૈં દેખો !

'નિશ્ચય રાખી લક્ષમાં, સાધન.....' (આત્મસિદ્ધિ ગાથા ૧૩૧માં) આવે છે 'સાધન'.... (બીજામાં) આવે છે 'નિશ્ચય દ્રષ્ટિ હૃદય ધરી, સાધે જે વ્યવહાર.... સાધે જે વ્યવહાર....'

શ્રોતા : પુણ્યવંત તે....
પૂજ્ય ગુરુદેવશ્રી : પુણ્યવંત તે....

'સાધે વ્યવહાર'ની વ્યાખ્યા શી ?

યહાં તો કહતે હૈં, સમજાનેમેં ઐસા વ્યવહાર.... ભેદ આતા હૈ ઔર સમજનેવાલેકો ભી ઐસા ભેદ આતા હૈ, બસ ઇતના. પણ ઉસસે અભેદકી પ્રાપ્તિ હોતી હૈ ઔર કહનેવાલેકો ભેદ.... વ્યવહાર આયા તો ઉસસે લાભ હૈ—ઐસા હૈ નહીં. આહાહા ! વીતરાગ ! તેરા માર્ગ તો દેખ ! વીતરાગતાકી ઉત્પત્તિ તો દ્રવ્યકે આશ્રયસે હોતી હૈ (ઔર વહ) એક હી લાભકા કારણ હૈ. સમજમેં આયા ? ભેદ (યા) વિકલ્પકા સ્થાપન હો.... સ્થાપન તો કરના પડે, (પરંતુ ઉસસે લાભ હોતા નહિ).

વ્યવહાર દર્શનીય.... દિખાને લાયક તો હૈ.... આતે હૈન વહ ? (સમયસાર) ૪૬ ગાથા. જિનવરને વ્યવહાર દિખાયા તો હૈ કિ ઉસકો વ્યવહાર કહના, (લેકિન) આશ્રય કરને લાયક નહીં. સમજમેં આયા ? ૪૬ ગાથા.

એ (અજ્ઞાની ૪૬મી ગાથાને) એના પક્ષમાં લે છે કે 'જુઓ ! આમાં (૪૬મી ગાથામાં) આમ (-'વ્યવહાર કહેવો'—એમ) આવ્યું છે જુઓ ! નહીંતર આમ (-બંધ ને મોક્ષનો અભાવ) થઈ જશે.... (જેમ) ભસ્મને ચોળવામાં (હિંસાનો અભાવ છે) એમ (જીવોને મારવામાં પણ હિંસાનો અભાવ) થઈ જશે માટે....'

(સમાધાન :) એ તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ જણાવે છે કે જુઓ ! શરીરનો અને આત્માનો સંબંધ છે એટલો વ્યવહાર છે—એમ (કહે છે).

(અજ્ઞાનીની દલીલ :) નહીંતર (-વ્યવહાર નહીં માનો તો), જેમ એકલી ભસ્મને ચોળી નાખે (તો હિંસા નથી) એમ (કોઈ) જીવને ચોળી નાખશે (તો પણ હિંસા નહિ થાય), કેમ કે શરીર અને આત્મા તદ્દન જુદા તમે માનો છો, (શરીર સાથે) નિમિત્ત સંબંધેય માનતા નથી.

(સમાધાન :) ભઈ ! સંબંધ છે વ્યવહારે સાંભળને ! એથી એમ કહેવાય કે 'આ શરીરમાં રહ્યો એ જીવ'.... સમજાય છે ? સચેત જીવ એમ 'સચેત શરીર'.... લ્યો !—ઐસે વ્યવહારસે કહનેમેં આતા હૈ, વ્યવહાર. પણ (કોઈ) ઉસસે ઐસે માન લે કિ 'શરીર સચેત હો ગયા.... શરીર, જીવરૂપ હો ગયા ઔર જીવ, શરીરરૂપ હો ગયા....' (તો ક્યા) ઐસા હૈ ? (નહીં). અહોહો !

.....(અજ્ઞાની કહતા હૈ :) "લ્યો ! (આત્મા, ક્યા) શરીર બિના ચલતા હૈ ? ટાંગા (-પગ) તૂટ ગયા, તીસ ગાઉ ચલ કરકે. પાલીતાણાસે રાણપુર આયા તીસ ગાઉ ચલકે અને આ અધ્યાત્મિઓ કહે, '(આત્મા), શરીરકા કુછ કરતા નહીં ઔર શરીરસે આત્મામેં કુછ હોતા નહીં." લ્યો ! એક જણે વળી એવું કહ્યું, 'પાલીતાણાસે રાણપુર આકર (-ચલકે આને પર).... તીસ ગાઉ (ચલનેસે) ટાંગા તૂટ ગયા (અને) આ અધ્યાત્મિઓ.....'

(સમાધાન :) ભાઈ ! 'અધ્યાત્મિઓ....' ઐસી ભાષા રહેવા દે. સત્ય બાત તો ઐસી હૈ કિ (આત્મા), શરીરકા કુછ કરતા નહીં. 'શરીર, આત્માકે સાથ હૈ' —ઐસા કહના ભી વ્યવહાર હૈ. એક ક્ષેત્રમેં (હોને પર ભી) સાથ કિસકા ? ઉસકે (-જડકે) કારણસે વહ (જડ) પરિણમતા હૈ ઔર ઉસકે (-આત્માકે) કારણસે યહ (આત્મા) પરિણમતા હૈ. કિસીકો (કિસીકે સાથ) કોઈ સંબંધ હૈ નહીં. સમજમેં આયા ?

(ઇસ પ્રકાર) શરીર લેકર હમ યહાં આયે—યહ બાત જૂઠી હૈ. શરીર તો શરીરકે કારણસે આયા હૈ. (ક્યા) તેરે કારણસે આયા હૈ ? સમજમેં આયા ? બોલનેમેં ઐસે આવે કિ 'હમ છ કોસ ચલકર આયે હૈ'.... લ્યો ! ઐસા બોલનેમેં આયે કિ નહીં ?—યહ વ્યવહાર ભાષા હૈ.... વહ સબ મ્લેચ્છભાષાકે સ્થાનમેં હૈ. આહાહા !

કહતે હૈં, વ્યવહારસે (પરમાર્થ) પ્રતિપાદન કરને લાયક તો હૈ. વહ કારણસે (વ્યવહાર) સ્થાપિત કરને લાયક હૈ, પણ ब्राह्मणको म्लेच्छ नहीं हो जाना चाहिये —इस वचनसे वह (व्यवहारनय) अनुसरण करने योग्य नहीं है.... દેખો ! સમજમેં આયા ? ब्राह्मणो न म्लेच्छितव्य इति वचनाद्व्यवहारनयो नानुसर्तव्यः.... ધર્મી જીવકો વ્યવહારનય અંગીકાર કરને લાયક નહીં.... અનુસરણ કરને લાયક નહીં.

ભગવાન આત્મા.... કહનેવાલે ભી, ચિદાનંદ સ્વભાવી ભગવાન (આત્મા) અભેદ હૈ ઉસકો અંગીકાર કરો ઔર સુનનેવાલોકો ભેદસે સુનાયા, પણ ભેદ અંગીકાર કરને લાયક નહીં, વે (સુનનેવાલે)ભી અભેદકો અંગીકાર કરો.... ભગવાન (આત્મા) અખંડ અભેદ ચિદાનંદમૂર્તિ હૈ ઉસકા આશ્રય કરો. વહ કલ્યાણકા માર્ગ હૈ.... દૂસરા કોઈ કલ્યાણકા માર્ગ હૈ નહીં. સમજમેં આયા ?

भावार्थ :—<u>लोग</u> शुद्धनयको नहीं जानते.... લોક.... લોક. વહ (શબ્દ) આયા થા ન ઉસમેં (સંસ્કૃત ટીકામેં) ? <u>लोक</u> अपि आत्मा इति.... सति.... એ (લોકો) આત્માને ન જાણે (−નથી જાણતા)—એમ કહે છે. લોગ, આત્મા અભેદ શુદ્ધસ્વરૂપ હૈ ઉસકો તો જાનતે નહીં. અંદર ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપ હૈ.... પૂર્ણાનંદ પ્રભુ હૈ. વહ શુદ્ધનયકા વિષય હૈ.... દ્રવ્યદ્રષ્ટિકા વિષય હૈ.... (લેકિન ઉસકો) તો જાનતે નહીં. અનાદિસે (ઐસે) અજ્ઞાની હૈં લોગ.

क्योंकि शुद्धनयका विषय अभेद एकरूप.... આત્મા અખંડ આનંદસ્વરૂપ એકરૂપ.... अभेद एकरूप वस्तु है.... (ઉસમેં) ગુણ-ગુણીકા (ભી) ભેદ નહીં, एकरूप वस्तु है.... ગુણ-ગુણીકા ભેદ ભી ભેદ (દો) હો ગયા.... દો હો ગયા. (લેકિન शुद्धनयका विषय) अभेद एकरूप वस्तु है.... સમજમેં આયા ?

'शुद्धनय' નામ નિશ્ચયનય. ઉસકા વિષય જો ભગવાન આત્મા હૈ વહ તો अभेद एकरूप (वस्तु) है. (આત્માકો) ભેદરૂપ, અનેકરૂપ કહના વહ તો કથન પદ્ધતિ

વ્યવહારનયકી હૈ. સબ (અજ્ઞાની) લોગ પરમાર્થકો તો સમજતે નહીં, ક્યોંકિ अभेद एकरूप वस्तु है ઉસકો તો જાનતે નહીં. किन्तु वे अशुद्धनयको ही जानते हैं.... દેખો ! (અજ્ઞાની) ભેદસે જાનતે હૈં કિ 'યહ જ્ઞાન.... યહ આત્મા.... જાને યહ આત્મા'—ઐસે ભેદસે જાનતે હૈં (ઔર) ભેદસે જાનતે હૈં વહ અશુદ્ધનયકો જાનતે હૈં. (જુઓ !) ઉસકા.... ઉસકી (–અજ્ઞાનીકી) બાત.... ઉસકી–ઉસકી (–અજ્ઞાનીકી) બાત ઉસમેં (–અશુદ્ધનયમેં) લિયા.

'જ્ઞાન.... જાને (યહ) આત્મા.... શ્રદ્ધે યહ આત્મા'—ઐસે (ભેદસે લોગ) જાનતે હૈં, વહ પર્યાયનયસે (–ભેદસે) 'યહ આત્મા' (—ઐસે) જાનતે હૈં તો અશુદ્ધનયકો જાનતે હૈં. क्योंकि उसका विषय भेदरूप अनेक प्रकार है.... 'દેખના, શ્રદ્ધના, ઠરના'—ઐસે અનેક પ્રકાર.... भेदरूप अनेक प्रकार.... વ્યવહારનયકે વિષય હૈ (ઔર ઉસકો) અશુદ્ધનયકા વિષય કહો.

'અશુદ્ધનય' ક્યોં ?

(ક્યોંકિ) ઉસમેં-ઉસમેં (અપનેમેં ઔર અપનેમેં) ભેદ પાડકર (–કરકે) કહા માટે, પણ હૈ તો વહ (ભી) વ્યવહાર.

इसलिये वे व्यवहारके द्वारा ही परमार्थको समझ सकते हैं.... (અજ્ઞાની) લોગ તો 'આત્મા' કહો તો કુછ સમજે નહીં. તો વાસ્તવિક (–અભેદ) આત્મા બતાને(કે લિયે) व्यवहारके द्वारा ही परमार्थको समझ सकते हैं.... વ્યવહાર દ્વારા પરમાર્થકો સમજ સકતે હૈં.... સમજમેં આયા ? વ્યવહાર દ્વારા પરમાર્થકો (પ્રાપ્ત) કર સકતે હૈં.... વિકલ્પ દ્વારા પરમાર્થકો (પ્રાપ્ત) કર સકતે હૈ—ઐસા નહીં, (પણ) વ્યવહાર દ્વારા પરમાર્થકો સમજ સકતે હૈ.... બસ, ઇતની બાત.

શ્રોતા : વિકલ્પ સહિત કે વિકલ્પ રહિત ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (પ્રથમ) વિકલ્પ સહિત જાનતે હૈં, પણ વહ (ભેદ) દ્વારા (–છોડકર) અભેદકો દેખતે (–દેખના) હૈં અંદર. (પ્રથમ) વહ ખ્યાલ આયા કિ 'યહ જ્ઞાન હૈ.... યહ દર્શન હૈ'—ઐસા વિકલ્પ.

પણ વહ (ભેદ) દ્વારા સમજાયા ક્યા ?

કિ અભેદ.

(ઇસલિયે બાદમેં) ઉસકો (–ભેદકો) છોડકર.... (ભેદકા) અનુસરણ છોડકર.... અનુકરણ છોડકર અભેદ ઉપર (દ્રષ્ટિ) જાતી હૈં તબ આત્માકી શ્રદ્ધા ઔર (આત્માકા) જ્ઞાન હોતા હૈ. સમજમેં આયા ? ભારે વાત.

શ્રોતા : આમાંય બે ભાગ (–અભિપ્રાય) ચાલે છે......

પૂજ્ય ગુરુદેવશ્રી : ચાલે જગતમાં....

अत: व्यवहारनयको परमार्थका कहनेवाला जानकर उसका उपदेश किया जाता है.... उपदेश किया जाता है.... ઉપદેશમેં વહ પ્રકાર (–ભેદ) આતા હૈ કિ 'આત્મા ઐસા હૈ.' યહ એકરૂપ ચિદાનંદ તો, અનંત ગુણકો ઔર અનંત પર્યાયકો પીકર બૈઠા હૈ.—યહ તો (સાતવીં ગાથામેં) આ ગયા હૈ. એકરૂપ ભગવાન (આત્મા) અનંત ગુણ ઔર અનંત પર્યાયકા એકરૂપ (પિંડ) હૈ વહ તો. એકરૂપ અભેદ (આત્મા) હૈ ઉસમેં ભેદ કરકે બતાના હૈ અભેદ.... ભેદ કરકે બતાના હૈ અભેદ. તો અજ્ઞાની ભેદસે.... વ્યવહારનયસે પરમાર્થકો સમજ સકતે હૈં.

व्यवहारनयको परमार्थका कहनेवाला जानकर.... कहनेवाला जानकर.... હોં ! 'વિકલ્પસે નિર્વિકલ્પતાકા લાભ હોતા હૈ'—ઐસી યહાં બાત નહીં હૈ, પણ વિકલ્પમેં (ઐસા) આયા કિ 'યે દર્શન, જ્ઞાન, ચારિત્ર હૈ વહ આત્મા.'—ઐસા આયા તો લક્ષ ગયા દ્રવ્ય ઉપર (ઔર) તબ પરમાર્થકા કહનેવાલા વ્યવહાર હૈ (—ઐસા) કહનેમેં આયા. 'कहनेवाला' = બતાનેવાલા.

પણ વહ વ્યવહારકા લક્ષ છોડકર નિશ્ચયકી દ્રષ્ટિ કરે.... આત્મા અનુભવમેં પ્રાપ્ત હો તબ વ્યવહારકે (–ભેદકે) પ્રતિપાદનસે અભેદકો કહા થા—ઐસા જ્ઞાન કરનેમેં આતા હૈ (–જ્ઞાન હોતા હૈ). અરે ! ધર્મ ભારે આકરી વાત. લોકોએ તો એવું સોંઘું કરીને મૂકી દીધું છેને ! એટલે વાત આ (આકરી લાગે છે).

શ્રોતા : સોંઘું તો મોંઘા માટે થયું......

પૂજ્ય ગુરુદેવશ્રી : મોંઘા માટે.... વખત વયો (–ચાલ્યો) જાય છે એનો.... તત્ત્વની સાચી શ્રદ્ધા-જ્ઞાન વિના વખત ચાલ્યો જાય છે. સોંઘું (–સહેલું) કરે છે (ત્યાં) એ મોંઘુ (–વિપરીત) થઈ ગયું—ચાર ગતિમાં રખડશે. સમજાણું કાંઈ ? ભગવાન આત્મા અભેદ ચિદાનંદસ્વરૂપ છે એ અનંત ગુણોંકો પીકર બૈઠા હૈ

પ્રભુ.—ઐસા અભેદકા અનુભવ કરના.... દ્રષ્ટિ કરના ઔર (ઉસમેં) ઠરના વહી કલ્યાણકા માર્ગ હૈ.... વહ ધર્મ હૈ, દૂસરા કોઈ ધર્મ હૈ નહીં. સમજમેં આયા ?

**इसका अर्थ यह नहीं समझना चाहिये कि यहाँ व्यवहारका आलम्बन कराते हैं....** દેખો ! ઐસા અર્થ નહીં સમજના કિ વ્યવહાર, (પરમાર્થકા) પ્રતિપાદક હૈ (ઇસલિયે) વ્યવહાર સ્થાપન (કરને) લાયક હૈ. વ્યવહાર, પરમાર્થકા કહનેવાલા હૈ ઇતની (–ઐસી વ્યવહારકી) બાત બહુત કિયા આપને (–આચાર્યને), પણ ઉસકા ઐસા અર્થ નહીં સમજના કિ **व्यवहारका आलम्बन कराते हैं, प्रत्युत व्यवहारका आलम्बन छुडाकर....** વહ ભેદસે સમજાતે હૈં, પણ ભેદકા આલંબન છુડાતે હૈં કિ ભેદકા લક્ષ છોડ દે, હમને તો (પરમાર્થ) સમજાને(કે લિયે ભેદસે) બાત કી થી. સમજમેં આયા ? આહાહા !

શ્રોતા : કિતના સાફ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ઇતના (તો) સાફ (–સ્પષ્ટ) કિયા હૈ, તો ભી (અજ્ઞાની) ગડબડ ચલાતે હૈં.

ઐસા નહીં સમજના કિ દેખો ! વ્યવહાર, (પરમાર્થકા) પ્રતિપાદક હૈ (ઇસલિયે વ્યવહાર) સ્થાપન (કરને) લાયક હૈ.... વ્યવહાર, પરમાર્થકો કહતા હૈ—ઐસા કહા તો (ક્યા) વ્યવહારકા આલંબન કરાયા હૈ ? વ્યવહારકા આલંબન.... આશ્રય.... લક્ષ કરાયા હૈ ? વ્યવહારકા લક્ષ કરાયા હૈ ? નહીં.

**प्रत्युत....** વિશેષમેં **व्यवहारका आलम्बन छुडाकर परमार्थमें पहुंचाते हैं—यह समझना चाहिये....** ભગવાન (આત્મા) અખંડાનંદ પ્રભુ હૈ ઉસકો ભેદ પાડકર કહના (હો તો વ્યવહાર) સ્થાપન કિયે બિના તો, દૂસરી બાતસે ચલતે (–કહ સકતે) નહીં. બહોત બુદ્ધિવાલા હો.... બહોત વિચક્ષણ હો તો (ભી) ઇતની તો બાત (અર્થાત્) ભેદ તો કરના પડતા હૈ (કિ) 'દર્શન-જ્ઞાન-ચારિત્ર(કો સદા પ્રાપ્ત હો વહ આત્મા)'.... બસ. સમજમેં આયા ?

પણ વહ....

(૧) વ્યવહારકા લક્ષ કરાને(કે લિયે)....

(૨) વ્યવહારકા આશ્રય કરાને(કે લિયે)....

(૩) વ્યવહારકા આલંબન કરાને(કે લિયે)....

—વ્યવહાર કહા નહીં હૈ. (વ્યવહારસે) પ્રતિપાદન કરકે....
(૧) લક્ષ દ્રવ્યકા કરાને(કે લિયે)....
(૨) આલંબન દ્રવ્યકા કરાને(કે લિયે)....
(૩) ઉસમેં (–અભેદમેં) જાને(કે લિયે)....

—વ્યવહાર કહનેમેં આયા હૈ. કહો, સમજાય છે કાંઈ ? આહાહા !

લ્યો ! ૮મી ગાથા થઈ.

अब, प्रश्न यह होता है कि व्यवहारनय परमार्थका प्रतिपादक कैसे है ? લ્યો ! હવે ટૂંકી બાત લેતે હૈં ઉસસે (–૮વીં ગાથામેં દર્શન-જ્ઞાન-ચારિત્ર—યે તીન ભેદ કહે થે ઉસસે). વ્યવહારનય પરમાર્થકા કહનેવાલા કૈસે હૈ ? इसके उत्तरस्वरूप गाथासूत्र कहते हैं....

શિષ્યકા પ્રશ્ન હૈ કિ ઐસા કોઈ સિદ્ધાંત સિદ્ધ કર દો હમકો કિ વ્યવહાર, પરમાર્થકા કહનેવાલા.... વ્યવહાર, પરમાર્થકા સમજાનેવાલા.... બતાનેવાલા કૈસે હૈ ? હમારે ખ્યાલમેં આયે ઐસા કોઈ દ્રષ્ટાંત દો. ઐસે.... ઐસે સમજાવો.—એમ શિષ્ય પૂછતા હૈ. દો ગાથા હૈ.

कथं व्यवहारस्य प्रतिपादकत्वमिति चेत्....

जो हि सुदेणहिगच्छदि अप्पाणमिणं तु केवलं सुद्धं ।
तं सुदकेवलिमिसिणो भणंति लोयप्पदीवयरा ।।९।।

जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा ।
णाणं अप्पा सव्वं जम्हा सुदकेवलि तम्हा ।।१०।।

લ્યો, આમાં તો હિંદી (પદ્યાનુવાદ) આવ્યું ! આમાં હિંદી હૈ.

इस आत्मको श्रुतसे नियत, जो शुद्ध केवल जानते ।
ऋषिगण प्रकाशक लोकके, श्रुतकेवली उसको कहें ।।९।।

**श्रुतज्ञान सब जानें जु, जिन श्रुतकेवली उसको कहे ।**
**सब ज्ञान सो आत्मा ही है, श्रुतकेवली उससे बनें ।।१०।।**

ઓહોહો !.... એટલે ટૂંકું નાખ્યું પાછું એકદમ. (દર્શન, જ્ઞાન, ચારિત્ર—એ) ત્રણમાંથી કાઢીને (હવે) એક ('જ્ઞાન'થી વાત કરશે).

(શિષ્ય) કહે : વ્યવહાર, (નિશ્ચયનો) પ્રતિપાદક શી રીતે છે ? ત્રણથી (–દર્શન, જ્ઞાન, ચારિત્રથી) તમે (એક આત્માને શી રીતે) કહો છો ?

તો (આચાર્ય કહે છે :) હવે ત્યારે (અમે) એકથી (–અભેદથી) કહીએ છીએ લે !

ભાઈ ! (શિષ્ય) કહે છે કે તમે વ્યવહારથી (અર્થાત્) ત્રણ—દર્શન, જ્ઞાન, (ચારિત્રના ભેદથી) કીધું કે એને (–દર્શન, જ્ઞાન, ચારિત્રને સદા) પ્રાપ્ત થાય (તે આત્મા), તો વ્યવહાર, (પરમાર્થ)નો પ્રતિપાદક (શી રીતે) છે. (તો) હવે ત્રણ (ભેદ) કાઢીને, શિષ્યે પૂછ્યું ત્યારે, એક કાઢ્યું (–એક 'જ્ઞાન'થી વાત કરશે).

ક્યા (કહા) ?

કે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન... ભાવજ્ઞાન છે તે આત્મા (અને) બાકી વ્યવહાર.... ('જ્ઞાન તે આત્મા') ઇતના ભેદ પાડના યહ (ભી) વ્યવહાર હૈ દેખો ! સમજમેં આયા ?

अन्वयार्थ :— લ્યો ! વ્યવહારનય અભૂતાર્થ.... એ તો આવી ગયું....

जो जीव निश्चयसे (वास्तवमें) श्रुतज्ञानके द्वारा इस अनुभवगोचर.... (इस) = 'इमं' = પ્રત્યક્ષ, એમ ('इस' =) પ્રત્યક્ષ. केवल एक.... ભાવશ્રુતજ્ઞાનકે દ્વારા.... છેને ? 'श्रुतेन'.... ભાવશ્રુતજ્ઞાનકે દ્વારા.... દેખો ! સીધા આમ (–અનુભવ) લિયા (કિ) 'इमं'.... આ અનુભવગમ્ય केवल एक शुद्ध.... 'केवलं शुद्धम्'.... आत्माको सन्मुख होकर जानता है.... જ્ઞાન.... ભાવશ્રુતજ્ઞાનસે સીધા (યાને) સન્મુખ હોકર આત્માકો જાનતા હૈ, उसे.... આત્માકો જાનતા હૈ ઉસે.... યૂં (–નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈ). સમજમેં આયા ?

ભાવશ્રુતજ્ઞાનસે આત્માકો જાનતા હૈ ઉસે યૂં.... लोकको प्रगट जाननेवाले.... સર્વજ્ઞ પરમાત્મા.... लोकको प्रगट जाननेवाले પરમેશ્વર પરમાત્મા અથવા ऋषीश्वर.... વે (-પરમાત્મા), ઋષીશ્વર હૈં. श्रुतकेवली कहते हैं.... ઉન્હેં 'શ્રુતકેવલી' કહતે હૈં.

ભાવશ્રુતજ્ઞાનસે (સ્વ)સન્મુખ હોકર દ્રવ્યકો.... દ્રવ્યકો જાનતે હૈં.... આત્માકો જાનતે હૈં ઉન્હેં 'નિશ્ચય શ્રુતકેવલી' (હૈ—ઐસા) પરમેશ્વર અથવા ઋષીશ્વર કહતે હૈં. સમજમેં આયા ?

जो जीव सर्व श्रुतज्ञानको जानता है....

(પહલે ૯મી ગાથામેં કહા કિ) જો જીવકી જ્ઞાનકી પર્યાય.... જ્ઞાનકી પર્યાય (સીધા) જ્ઞાનકો (-દ્રવ્યકો) જાનતી હૈ (અર્થાત્) જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાનકી અવસ્થા હૈ વહ જ્ઞાનસે (સીધા) દ્રવ્યકો જાના તો ભાવશ્રુતકેવલી હૈ.... નિશ્ચય શ્રુતકેવલી હૈ.

પણ जो जीव सर्व श्रुतज्ञान.... યહ (ભાવશ્રુતજ્ઞાન) 'સર્વ શ્રુત' હો ગયા....

(૧) (પહલે કહા કિ) જો જ્ઞાન હૈન, યહ જ્ઞાન આત્માકો પકડતા હૈ તો (વહ નિશ્ચય ભાવશ્રુત)જ્ઞાન.... (નિશ્ચય શ્રુતકેવલી હૈ).

(૨) (હવે ૧૦મી ગાથામેં કહા કિ જો જ્ઞાન) સર્વ વસ્તુકો જાનનેવાલા હૈ.... સારી શક્તિ, (ઔર સર્વ) દ્રવ્ય હૈ ઉસકો જ્ઞાન પકડતા હૈ તો ઉસ જ્ઞાનકો હી (વ્યવહારસે) સર્વ શ્રુત (-શ્રુતકેવલી) કહનેમેં આયા હૈ.

સર્વ ભાવશ્રુત.... સમજમેં આયા ?

उसे जिनदेव श्रुतकेवली कहते हैं.... વ્યવહાર.... (સર્વકો જાને) યે વ્યવહાર (શ્રુતકેવલી) હૈ. સમજમેં આયા ? 'सर्व' આવ્યુંને ? 'सर्व'....

(૧) (જો જ્ઞાન)....

(i) સર્વ શ્રુતજ્ઞાનકો કહતે (-જાનતે) હૈં....

(ii) જ્ઞાનકી પર્યાયકો કહતે (-જાનતે) હૈં (અર્થાત્) જ્ઞાનકી પર્યાયમેં (જ્ઞાનકા) જાનના (હુઆ કિ) 'વહ જ્ઞાન.. વહ જ્ઞાન.. વહ જ્ઞાન'

(તો ઉન્હેં વ્યવહાર શ્રુતજ્ઞાની.... શ્રુતકેવલી કહતે હૈ).

(૨) (જો) જ્ઞાન....

આત્માકો પકડકર અનુભવ કરે દ્રવ્યકા, તો નિશ્ચય શ્રુતજ્ઞાની હુએ.... નિશ્ચય શ્રુતકેવલી.

(જ્ઞાનસે) જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતજ્ઞાની (-શ્રુતકેવલી).... (જ્ઞાનસે) જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતજ્ઞાની (-શ્રુતકેવલી). સમજમેં આયા ?

ફરીને કહીએ.... આહીં વિસ્તારથી કહીએ છીએ.

(૧) યહ (જ્ઞાન)ગુણકી એક સમયકી જ્ઞાનકી પર્યાયકો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ ઔર

(૨) ભાવશ્રુત(જ્ઞાન)સે અંતર દ્રવ્યકા અનુભવ કરે વે નિશ્ચય શ્રુતકેવલી હૈ.

(શ્રોતા કહતા હૈ) વિશેષ કહો. જેઠાલાલભાઈ !

(૧) ભાવશ્રુતજ્ઞાનસે સીધા.... દ્રવ્યકે સન્મુખ હોકર દ્રવ્યકા અનુભવ કરે વે નિશ્ચય શ્રુતકેવલી હૈ ઔર

(૨) ઉસકી (-આત્માકી) જાનનેવાલી જ્ઞાનકી પર્યાય હૈ, યહ જ્ઞાનકી પર્યાયકો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ.

શ્રોતા : થઈ રહ્યું.... (વ્યવહાર) આદરવાયોગ્ય નથી—એમ આપે કહ્યું.

પૂજ્ય ગુરુદેવશ્રી : (હા, વ્યવહાર આદરવાયોગ્ય) નહીં. (ક્યોંકિ) ભેદ હો ગયા ન ? પર્યાયકા ભેદ હો ગયા. સારે (પૂર્ણ) દ્રવ્યમેં અંશભેદ.... (પર્યાય)ભેદ હો ગયા. આહાહા ! ગજબ વાત. સમજમેં આયા ? નિશ્ચય શ્રુતકેવલી (ઔર) વ્યવહાર શ્રુતકેવલી—યહ દો બાત સિદ્ધ કરના હૈ. નવવીં (ગાથા)મેં નિશ્ચય શ્રુતકેવલી (ઔર) દસવીં (ગાથા)મેં વ્યવહાર શ્રુતકેવલી (સિદ્ધ કરના હૈ).

(૧) નિશ્ચય શ્રુતકેવલી અર્થાત્ જો અંતરમેં જ્ઞાન(પર્યાય) પ્રગટ હૈ, ઉસ જ્ઞાનસે અભિમુખ (હોકર) દ્રવ્ય(કો જાને)..... 'अभिगच्छति'.... છેને (૯મી ગાથાની સંસ્કૃત છાયા) ? દ્રવ્ય.... વસ્તુ જો અભેદ હૈ ઉસકો પ્રાપ્ત કરકે અનુભવ કરે વે નિશ્ચય (અર્થાત્) સ્વ-આશ્રય નિશ્ચય

શ્રુતકેવલી કહનેમેં આતે હૈ. સ્વ-આશ્રય.... સ્વકા અનુભવ હુઆ તો ઉસકો નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈં ઔર....

(૨) જ્ઞાનકી પર્યાય સારે (–પૂરે) દ્રવ્યમેં ભેદરૂપ (–સારે દ્રવ્યકી અપેક્ષાસે ભેદરૂપ).... એક સમયકી પર્યાય ભેદરૂપ હૈ.... સમજમેં આયા ? (ઉસ) ભેદરૂપ જ્ઞાનકો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ, ક્યોંકિ ભેદ પડા. (ઇસલિયે) વહ વ્યવહાર શ્રુતજ્ઞાન હૈ.... વે વ્યવહાર શ્રુતકેવલી હૈ. વહ જ્ઞાન બતાતા હૈ ઉસકો (–દ્રવ્યકો), પણ વર્તમાન જ્ઞાનમેં લક્ષ અકેલી (પર્યાયકા) હૈ તો ઉસકો વ્યવહાર શ્રુતકેવલી કહતે હૈં. સમજમેં આયા ?

શ્રોતા : જે શ્રુતજ્ઞાનની પર્યાય દ્રવ્યને પકડે છે એ.....?

પૂજ્ય ગુરુદેવશ્રી : દ્રવ્યને પકડે એ દ્રવ્યશ્રુતકેવળી (–નિશ્ચય શ્રુતકેવળી). (કેમ કે) આનાથી (–ભેદથી દ્રવ્યને પકડ્યું) નહીં, પકડાણું (–પકડ્યું) છે સીધું (દ્રવ્ય). એ તો એણે (ભેદે-વ્યવહારે) બતાવ્યું કે 'આ જ્ઞાન તે આત્મા' એટલું. પણ આત્માને પકડ્યો (સીધો) અને આત્માનો અનુભવ (કર્યો) એ નિશ્ચય શ્રુતકેવળી છે (અને) 'આ જ્ઞાન છે' (—એમ) એને (–ભેદને) જાણે ને ત્યાં રોકાય છે એને વ્યવહાર શ્રુતકેવળી કહે છે. આહાહા ! સમજમેં આયા ? (કેમ કે) એકરૂપ ભગવાન આત્મા હૈ ઉસમેં વહ પર્યાયકા ઇતના ભેદ પડ ગયા ન ?

શ્રોતા : એક પર્યાય આવી......

પૂજ્ય ગુરુદેવશ્રી : હા. ભેદ પડ ગયા. ભલે સારા.... સારી પર્યાય (જાને), પણ ભેદ પડ ગયા. અનંત.... એકરૂપ, અનેકરૂપ હો ગયા. ભિન્ન ભિન્ન જ્ઞાનકી પર્યાય હૈ ઉસકો હી જાને (અને) ત્યાં રોકાય.... વહાં અટક જાય તો ઇસકો વ્યવહાર શ્રુતકેવલી કહતે હૈ. વહાંસે (–ભેદકા લક્ષસે છૂટકર) આ જાય યહાં (અભેદમેં) તો (ઉન્હેં) નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈં. સમજમેં આયા ?

શ્રોતા : અહીંથી સૂક્ષ્મ આવી ગયું.

પૂજ્ય ગુરુદેવશ્રી : સૂક્ષ્મ આવ્યું ? લ્યો ભાઈ ! આ તો આપણા સાંભળનારા છે જુના. નવાને તો (કઠણ) પડે. છે.... સૂક્ષ્મ છેને ! ઝીણું.... ઝીણું છેને.... ઝીણું છે. કહો, સમજાણું આમાં ?

આહાહા ! બાપુ ! આહીં તો કહે છે.... શિષ્યે પૂછ્યું.... જ્યારે (આઠમી) ગાથામાં કહ્યુંને ? કે 'દર્શન, જ્ઞાન, ચારિત્રને (સદા) પ્રાપ્ત થાય તે આત્મા'.... તો એ વ્યવહાર સ્થાપન કરને લાયક હૈ, (લેકિન) આદર કરને લાયક નહીં.

(હવે શિષ્ય પૂછે છે :) વહ (વ્યવહાર) ક્યા માટે પ્રતિપાદક કરને લાયક હૈ ? (–વ્યવહાર કૈસે પરમાર્થકા પ્રતિપાદક હૈ ? —ઐસા) પૂછા, તો ઉસકા ઉત્તર પહલે દિયા.... દેતે હૈં. (ઉસમેં) પહલે (૯મી ગાથામેં) જો દિયા (–કહા) વહ સીધા (નિશ્ચય શ્રુતકેવલીકી બાત હૈ).

શ્રોતા : નિશ્ચયની વાત.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, પહેલી (૯મી ગાથામાં) એ વાત. ભગવાન આત્મા પૂર્ણાનંદ શુદ્ધ એકરૂપ અભેદ હૈ ઉસકા અનુભવ કરે.... ઉસકો પ્રાપ્ત કરે.... ઉસમેં લીન હો.... (વે) નિશ્ચય શ્રુતકેવલી હૈ (અર્થાત્) સ્વ–આશ્રિત અભેદ એક(રૂપ આત્મા)કા અનુભવ હૈ તો નિશ્ચય શ્રુતકેવલી હૈ ઔર....

પર્યાયકા જ્ઞાન કરે અને અકેલી પર્યાયમેં રૂકે (અર્થાત્) ભેદરૂપ હૈ.... વ્યવહારરૂપ હૈ.... અંશરૂપ હૈ.... ઉસકો જાનતે હૈં વે વ્યવહાર શ્રુતકેવલી હૈ. (કેમ કે) ભેદ પડી ગયોને ? આહાહા ! અલૌકિક વાત ! સમજમેં આયા ? લ્યો ! યહ તો શબ્દાર્થ કિયા હોં !

जिनदेव श्रुतकेवली कहते हैं.... એમાં 'વ્યવહાર' (શબ્દ) લઈ લેવો, ભાષા (–શબ્દ) ભલે ન હોય. સમજે ? क्योंकि ज्ञान सब आत्मा ही है, इसलिये वह श्रुतकेवली વ્યવહારસે કહનેમેં આતા હૈ. (ક્યોંકી સબ) જ્ઞાનકા (–જ્ઞાનસે) લક્ષ તો આત્મામેં જાતા હૈ ઔર (સબ) જ્ઞાન આત્મા હી હૈ, જ્ઞાન કોઈ રાગ ઔર પર હૈ નહીં. માટે અકેલે (–સર્વ) (શ્રુત)જ્ઞાનકો (–પર્યાયકો/ભેદકો) જાને વે વ્યવહાર શ્રુતકેવલી કહનેમેં આતે હૈ. સમજમેં આયા ?

કંવરચંદજી ! તમારા આ વાંચનારા (–વાંચનકાર આવે) છેને અહીં વારંવાર, (તો) એને ખબર પડવી જોઈએને કે ક્યા શબ્દનો અર્થ કૈસે હોતા હૈ ? ઈશ્વરચંદજી ! આહાહા ! ઘણી સીધી વાત છે. સમજાય છે ? એકદમ સત્ય ને ખ્યાલમાં આવી જાય એવી વાત છે. આહાહા !

(શિષ્યે) પૂછ્યું કે વ્યવહાર શું કરવા કહો છો ?

(સમાધાન :) ભઈ ! એ જ્ઞાન જાણે છેને.... એ જ્ઞાન જાણે છેને ? (તો), એ જાણવાનો સંબંધ આહીં (આત્મા સાથે) છે, એ જાણવાનો સંબંધ આહીં (રાગ કે પર સાથે) નથી. એથી (પર્યાય/ભેદ) જાણે છે તેને અમે વ્યવહાર શ્રુતકેવળી કહીએ (છીએ અને) આ (-આત્માને) જાણે છે એને નિશ્ચય શ્રુતકેવળી (કહીએ છીએ). લે ! સમજાણું કાંઈ ?

टीका:—એની ટીકા. प्रथम, "जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं वे श्रुतकेवली हैं".... અર્થમાં (-ભાવાર્થમાં) સાધારણ કર્યું (-લખ્યું) છે હોં એમણે. 'शास्त्रज्ञानसे अभेदरूप ज्ञायकमात्र........ जानता है....' એમ લખ્યું.... નાખ્યું છે જયચંદ પંડિતે. પણ એ ('शास्त्रज्ञान'.... કરતાં) 'ભાવજ્ઞાન'—એમ લેવું.

શ્રોતા : એ તો પછી લીધું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : ના, પહેલું એમણે કર્યું (-કહ્યું) છે એ જ ખોટું છે—એમ (કહેવું છે).

શ્રોતા : ભાવાર્થ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ભાવાર્થમાં. એ 'शास्त्रज्ञानसे अभेदरूप ज्ञायकमात्र' —એમ ન જોઈએ. યે તો 'ભાવજ્ઞાનસે એકદમ (-પ્રત્યક્ષ) જ્ઞાયકકો જાને'—એમ (જોઈએ).... વાત એ છે. યહાં 'અભેદ (આત્મા)' લેના હૈન ? પહલે 'અભેદ (આત્મા)' લેના હૈ, (ઇસલિયે) વહ 'દ્રવ્યશ્રુતસે'—ઐસી બાતકા યહાં કામ નહીં હૈ.... દ્રવ્યશ્રુતકા યહાં કામ હી નહીં હૈ.

એ તો જરી ભાઈએ.... જયસેન આચાર્યે (આ ગાથાની ટીકામાં) નાખ્યું છે કે 'द्रव्यश्रुत आधारेण (उत्पन्नं भावश्रुतज्ञानम्)'.... (દ્રવ્યશ્રુતના આધારે) ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.—યહ તો નિમિત્તકા કથન હૈ. પણ ભાવશ્રુત હૈ.... ભાવશ્રુત જો હૈ વર્તમાન જ્ઞાનકી પર્યાય, ઉસસે સીધા (-પ્રત્યક્ષ) આત્માકો જાન લે (વે નિશ્ચય શ્રુતકેવલી હૈ).

श्रुतसे.... એટલે ભાવશ્રુતસે. પહેલા (ટીકાકે પ્રારંભમેં) શબ્દ હૈન ? ભાવશ્રુતજ્ઞાનસે.... જ્ઞાનકી નિર્મલ પર્યાય (ઐસે ભાવ)શ્રુતજ્ઞાનસે.... केवल

शुद्ध.... અકેલા શુદ્ધ आत्माको जानते हैं.... केवल शुद्ध आत्माको जानते हैं वे श्रुतकेवली हैं" वह तो परमार्थ है.... એ તો ખરેખર છે.... યહ તો યથાર્થ હૈ.... વાસ્તવિક હૈ.... યહી વસ્તુકી સ્થિતિ હૈ—ઐસે કહતે હૈં.

ઓહોહો ! શાસ્ત્રકો જાને ને પરકો જાને ઇસકો યહાં.... ભાઈ !....—એને તો વ્યવહારેય (શ્રુતકેવલી) ન કહ્યો. એવી શૈલી ! અમૃતચંદ્રાચાર્યની શૈલી જુદી ! એને (–શાસ્ત્રને જાણે એ) વ્યવહાર (શ્રુતકેવલી પણ) નહીં (—એમ) કહે છે.

(કોઈ કહે :) 'શાસ્ત્રકો જાને એને વ્યવહાર (શ્રુતકેવલી) કહો.... શાસ્ત્રકો જાને (ઉસ) જ્ઞાનકો વ્યવહાર (શ્રુતકેવલી) કહો (ઔર) આત્માકો જાને (ઉસે) નિશ્ચય (શ્રુતકેવલી) કહો.'

(સમાધાન :) એમ નહીં.... એમ નહીં.

(યુવાન) શ્રોતા : જ્ઞાનની પર્યાયને જાણે એને વ્યવહાર (શ્રુતકેવલી) કહ્યો.

પૂજ્ય ગુરુદેવશ્રી : (જુઓ !) દેવાનુપ્રિયા ! (યુવાનકો ભી) ઉત્સાહ આતા હૈ ઉત્સાહ. દેખો ! જુવાન માણસ છે. ઐસી ચીજ હૈન ? પહલે સમજમેં રૂચિ તો કરના ચાહિયે. સમજમેં આયા ?

આહાહા ! 'जो... 'तावत्'.... (સંસ્કૃત ટીકામેં) શબ્દ પડા હૈન ? 'तावत्'.... (શબ્દ) છેને (પહેલી લીટીનો) છેલ્લો ? 'तावत्परमार्थो'.... પહલે યહ કહના હૈ કિ.... યૂં (કહતે હૈ). 'तावत्'.... છેલ્લો શબ્દ છે (સંસ્કૃત ટીકાની) પહેલી લીટીમાં. એ.... આહીં તો આચાર્ય કહતે હૈં કિ હમેં મુખ્ય.... પ્રથમ યહ કહના હૈ કિ.... ઐસે કહતે હૈં, દેખો !

શ્રોતા : પરમાર્થની વાત કરવી છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, હમેં પહલે તો યહ (પરમાર્થ) કહના હૈ. આહાહા ! ગાથા એ (નિશ્ચય શ્રુતકેવલીની) છેને નવમી.

"जो श्रुतसे.... આહાહા ! જિસકે જ્ઞાનકા ખ્યાલ સમ્યક્ હુઆ હૈ (ઔર) યહ જ્ઞાનકે ખ્યાલસે જો આત્માકા ખ્યાલ કર લેતે હૈં (અર્થાત્) ભગવાન આત્માકી ભેંટ કરતે હૈં.... જ્ઞાનકી પર્યાયસે પર્યાયવાન આત્મદ્રવ્ય હૈ ઉસકી ભેંટ કરતે હૈ (વે નિશ્ચય શ્રુતકેવલી હૈ). 'केवल'.... એક 'शुद्ध आत्मा'.... केवल शुद्ध आत्माको

जानते हैं वे श्रुतकेवली हैं"—યહ પરમાર્થ હૈ.... નિશ્ચય હૈ.... યથાર્થ હૈ.... યહ અનુપચાર હૈ. સમજમેં આયા ?

હવે વ્યવહાર. "जो सर्व श्रुतज्ञानको जानते हैं वे श्रुतकेवली हैं"....

'सर्व श्रुतज्ञान'.... ક્યોં કહા ?

(સમાધાન :) ભલે (ભાવશ્રુત)જ્ઞાન થોડા હો, પણ સારા (પૂર્ણ-અભેદ) આત્માકો જાનનેવાલી વહ જ્ઞાનપર્યાય હૈન ? તો ઉસ જ્ઞાનકી પર્યાયકો ભી 'सर्व श्रुतज्ञान' કહ દિયા. સમજમેં આયા ? (ભાવશ્રુત) જ્ઞાનકી પર્યાયમેં સારા (–પૂર્ણ) દ્રવ્ય અનુભવ—લક્ષમેં લેના (–લિયા) હૈ. સારા.... પરિપૂર્ણ વસ્તુ, પૂર્ણ.... પરિપૂર્ણ વસ્તુ હૈ. તો (ઉસકા) યહાં (સમ્યક્)જ્ઞાન જો હુઆ ઉસકો ભી 'सर्व श्रुत(ज्ञान)'.... કહ દિયા. સમજમેં આયા ?

"जो सर्व श्रुतज्ञानको जानते हैं.... सर्व श्रुतज्ञानको जानते हैं...." દ્રવ્ય(શ્રુત)કો (જાનનેકી બાત) યહાં નહીં હૈ, (ભાવશ્રુતજ્ઞાનકી પર્યાયકો જાનનેકી બાત હૈ). सर्व श्रुतज्ञानको जानते हैं.... આત્મા દ્રવ્યસ્વરૂપ હૈ ઉસકો જાનનેકી જો (ભાવશ્રુતજ્ઞાન) પર્યાય હૈ (વહ) અભી અભેદ (–પૂર્ણ) નહીં હુઈ, પણ વહ પર્યાયકો જાનતે હૈં वे श्रुतकेवली हैं यह व्यवहार है.... લ્યો ! સમજમેં આયા ?

નિશ્ચય સ્વભાવ(વાન) ભગવાન આત્મા હૈ ઉસકો પ્રાપ્ત કરે.... જ્ઞાનસે જ્ઞાનીકો (–આત્માકો) પ્રાપ્ત (કરે) વે શ્રુતકેવલી હૈ—યહ પરમાર્થ હૈ.... સચ્ચા હૈ. ઔર જો વર્તમાન (સમ્યક્)જ્ઞાન (પર્યાય) હૈ—કિ જિસમેં સારા (–પૂર્ણ) દ્રવ્યકો જાનનેકી શક્તિ હૈ.... સારા (–પૂર્ણ) દ્રવ્યકો જાનનેકી શક્તિ હૈ, વહ પર્યાયકો (અર્થાત્) સર્વ શ્રુતકો જાનતે હૈં वे श्रुतकेवली हैं" यह व्यवहार है.... ઉસકો વ્યવહાર (શ્રુતકેવલી) કહતે હૈં. લ્યો, દેખો !

'આ જ્ઞાન તે આત્મા.... આ જ્ઞાન તે આત્મા'—ઇતના વ્યવહાર (–ભેદ) કરના પડા ન ? લ્યો ! ભેદ હો ગયા. બહુ ટૂંકામાં લીધું, લ્યો ! (કળશ ટીકામાં, કળશ-પાંચમાં) તો એમ કહ્યું છે કે સાધિક બુદ્ધિવાળો હોય તો (પણ) ત્રણ (દર્શન, જ્ઞાન, ચારિત્ર એવા ભેદ) કરવા પડે—એમ આવ્યું હતું. આહીં તો એક (જ્ઞાન) આવ્યું છે. એમાં (–કલશ ટીકામાં) એમ (કહ્યું છે) કે સાધિક બુદ્ધિવાળો હોય તો

પણ એણે ત્રણ (ભેદ) તો કરવા પડે. આહીં તો કહે છે..... દેવાનુપ્રિયા ! અહીં તો એક (જ્ઞાન) આવ્યું.

વસ્તુ તો છેને વસ્તુ.... એકરૂપ પદાર્થ છેને ? (વહ) અનંત ગુણ ઔર પર્યાયકો પીકર બૈઠા હૈ એકરૂપ. યહ વસ્તુકો અનુભવે, જાને વહ તો નિશ્ચય.... સત્.... સત્ય.... પરમાર્થ.... સાચા.... શ્રુતકેવલી હૈ (ઔર)....

જો ઉસકો (–દ્રવ્યકો) જાનનેકી જ્ઞાનપર્યાય હૈ વહ જ્ઞાનપર્યાયકો ભી 'સર્વ' કહ દીયા.... 'સર્વ શ્રુતજ્ઞાન' કહી દીધું. (તે) સર્વ શ્રુત હૈ (તેને.... જ્ઞાનપર્યાયને જાણે તે વ્યવહાર શ્રુતકેવળી છે).

ઉસમેં (તાત્પર્યવૃત્તિ ટીકામેં) તો અર્થ દૂસરા કિયા હૈ ભાઈ ! જયસેન આચાર્યને. 'સર્વ શ્રુત' (એટલે) બાર અંગકા જ્ઞાન કરે ઔર જબ તક પરકા લક્ષ કરકે વિચારે તબ તક વ્યવહાર (શ્રુતકેવલી હૈ)—એમ લખ્યું છે.... એમણે એવું લખ્યું છે બે-ત્રણ શબ્દોમાં. 'द्रव्यश्रुत आधारेण (उत्पन्नं भावश्रुतज्ञानम्)'.... ભાવશ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે—એમ લખ્યું છે અને એ જ્ઞાન હજી પરના વિચારમાં રોકાય એને વ્યવહાર (શ્રુતકેવલી કહે છે).

યહાં તો કહતે હૈં કિ જો જ્ઞાનકી પર્યાય હૈન ? ઉસમેં જાનનેકી શક્તિ બહોત હૈ.... જાનન શક્તિ. 'સર્વ' કહા ન ? સર્વકો. તો વહ જ્ઞાનકો.... ઉસકો (–જ્ઞાનપર્યાયકો) જાને વહી વ્યવહાર શ્રુતકેવલી હૈ.... ભેદકો જાને વહ વ્યવહાર શ્રુતકેવલી હૈ. સમજમેં આયા ?

(પ્રશ્ન :) આવી ધર્મકથા કઈ જાતની આ ? ધર્મકથામાં તો ઝપટ વાગતી હોય.... દાખલા, દલીલ અને બહારથી હો-હા.... હો-હા (થતી હોય) લ્યો !

(સમાધાન :) ધર્મકથા આ છે ભાઈ ! જિસમેં ભેદસે લાભ મનાવે.... રાગસે લાભ મનાવે વહ ધર્મકથા હી નહીં, વહ તો '**दर्शनभेदणी कथा**' હૈ. સમજમેં આયા ? અભેદ સ્વભાવકી દ્રષ્ટિ, ભેદ કરકે કરે (તો) ભેદ હો જાયેગા.... મિથ્યાત્વ હો જાયેગા. આહાહા ! સમજમેં આયા ?

કહતે હૈં કિ "जो सर्व श्रुतज्ञानको जानते हैं वे श्रुतकेवली हैं" यह व्यवहार है.... કહો, બરાબર હૈ ? હવે 'વ્યવહાર' સિદ્ધ કરતે હૈં વિશેષ, (કિ) 'વ્યવહાર' ક્યોં

કહા ? વહ (સમ્યક્)જ્ઞાનપર્યાયકો ‘વ્યવહાર’ ક્યોં કહા ?.... સમજમેં આયા ? યહ સિદ્ધ કરતે હૈં.

એમ (કહે છે) કે જ્ઞાન તે આત્માની પર્યાય છે (અર્થાત્) ‘આ (જ્ઞાન) આમ (−આત્માનું) છે’. (અસ્થિરતાથી) તે જ્ઞાનનું રાગ ને પર ઉપર લક્ષ (જાય) છે (તેથી) કંઈ એ જ્ઞાન એનું (−રાગ કે પરનું) નથી, (પણ) જ્ઞાન આનું (−આત્માનું) છે. આનું (−જ્ઞેયનું) જ્ઞાન નથી.... રાગનું અને પરનું જ્ઞાન નથી, (પણ) આનું (−આત્માનું) જ્ઞાન છે.

(હવે) એનું (−જ્ઞાનપર્યાયનું) જ્ઞાન છે, પણ (તે) પર્યાયનું (જ્ઞાન) છે. માટે એને વ્યવહાર શ્રુતકેવળી કહીએ છીએ. સમજાણું કાંઈ ? આહાહા ! અલૌકિક વાત. છોટાભાઈ ! દેખો ! આમાં.... ત્રણ (−દર્શન, જ્ઞાન, ચારિત્ર એ ભેદ)માંથી એક (જ્ઞાન).... (હવે) એકમાંથી એક.

**यहां दो पक्ष लेकर परीक्षा करते हैं....** આ વ્યવહારને સિદ્ધ કરે છે હવે. એ જ્ઞાનની પર્યાયને (જાણે તેને) કહ્યુંને કે તે વ્યવહાર શ્રુતજ્ઞાન (−શ્રુતકેવળી) છે.

(તો, એમ) કેમ કહ્યું ? ક્યોં કહા ?
વહ જ્ઞાનકી પર્યાય કિસકી હૈ ? કિસ ઓર ઢલતી હૈ ? સમજમેં આયા ?

**उपरोक्त सर्व ज्ञान आत्मा है या अनात्मा ?** દેખો ! વહ જ્ઞાનકી પર્યાય હૈ વહ આત્માકી હૈ કિ અનાત્માકી હૈ ? એ આત્મા છે કે અનાત્મા છે ?

થઈ ગયો (વખત) ? લ્યો ! એ (વાત) પછી આવશે. ઝીણી વાત છે.... (મુદ્દાની) વાત છે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૬
### ગાથા - ૯ - ૧૦
### સંવત ૨૦૨૪, આસો સુદ ૧૫, રવિવાર, તા. ૬-૧૦-'૬૮

સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૯-૧૦ ગાથા ચલતી હૈ, ઉસકી....

ટીકા :—प्रथम, 'जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं वे श्रुतकेवली हैं'.... દેખો ! ધર્મ પાનેકી પહલી રીત.

પહલી રીત ક્યા ?

શાસ્ત્રકો સુનનેસે (જાનનેમેં) આયા પહલે કિ આત્મા ક્યા (–કૈસા) હૈ. પીછે જ્ઞાનકી પર્યાયમેં (ધર્મ હુઆ). સર્વજ્ઞ પરમાત્માને ક્યા (–કૈસા) આત્મા કહા ઐસી (–વહ) બાત પહલે સુનનેમેં આયી ઔર સુનનેમેં આયી ઉસસે જ્ઞાન ઉસ પ્રકારકા હુઆ, તો (ભી) વહ જ્ઞાન અપનેકો (–આત્માકો) પકડનેમેં કામ નહીં આતા હૈ—ઐસે કહતે હૈં. સમજમેં આયા ?

સાધન લિયા ન ? 'जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं....' પણ જો સુના હૈ વહ બાત એક ઓર રહ ગઈ. પીછે જો જ્ઞાનકી પર્યાય હૈ ભાવશ્રુત ભાવ, વહ અપનેમેં.... અંતરમેં આત્માકો જાને તો ઉસકો સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન કહનેમેં આતા હૈ. જન્મ-મરણકે નાશકા વહ ઉપાય હૈ. સમજમેં આયા ?

પહલે 'શાસ્ત્રસે સુના (ઔર જાના)' વહ બાત યહાં લિયા હી નહીં ભાઈ ! (કેમ કે) એનું કામ નથી માટે. (પ્રથમ) 'સુના હૈ' વહ બાત બરાબર હૈ (ઔર સુનનેસે) લક્ષમાં તો આવી છે વાત. ક્યા લક્ષમાં ? પરલક્ષી (જ્ઞાનમેં) હોં. સમજે ? કિ આ આત્મા.... સર્વજ્ઞ પરમેશ્વર ઔર સંતો–મુનિયોં 'આત્મા ઇસકો કહતે હૈં'—ઐસા ઇન્દ્રિયસે શ્રુત (–શાસ્ત્ર) સુનકર ખ્યાલમેં આયા હૈ. પણ વહ ખ્યાલકી પર્યાય અંતર્મુખ (હોને)મેં કામ નહીં કરેગી. વજુભાઈ ! સમજમેં આયા ?

જિસકો જન્મ-મરણ નાશ કરના હૈ.... જન્મકી પરિપાટી બંધ કરની હૈ ઉસકો ક્યા કરના વહ કહતે હૈં. જો પહલે સુના હૈ વહ બાત (એક ઓર) રહી. પીછે (બાદમેં) અંતરમેં અપની જ્ઞાનકી પર્યાયકો.... ઉસકો અંતરમેં મોડનેસે....

(૧) આત્માકા અંદર વેદન હો....
(૨) આત્માકા અનુભવ હો....
(૩) આત્માકા જ્ઞાન હો....

—ઉસકા નામ ભગવાન ભાવશ્રુતકેવલી અથવા નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈ. સમજમેં આયા ?

'जो श्रुतसे.... 'श्रुत' શબ્દ(કા અર્થ) સીધા ભાવશ્રુત હૈ. દ્રવ્યશ્રુતસે.... એમાં લીધું છે ભાઈ ! (જયસેનાચાર્યે) લીધુંને ? કે द्रव्यश्रुताधारेण.... (દ્રવ્યશ્રુતના આધારથી), પણ એ તો નિમિત્તથી.... એ નિમિત્તની વાત કરી છે. (ક્યોંકિ) પહલે સુનનેમેં તો આયા હૈ.... સમજમેં આયા ? કિ 'યે આત્મા જ્ઞાયકસ્વરૂપ અભેદ ચિદાનંદ હૈ, અનંત આનંદસ્વરૂપ હૈ'—ઐસા સુનનેમેં આયા, પણ વહ સુનનેકી પર્યાય તો પરલક્ષી હૈ. સમજમેં આયા ? ઉસકો યથાર્થ ભાવશ્રુતજ્ઞાન નહીં કહતે. સમજમેં આયા ? પણ પીછેકી અંતરકી પર્યાય જો ભાવશ્રુતજ્ઞાનરૂપ પ્રગટ (હોતી હૈ).... (પર્યાય) અંતરમેં ઝુકતી હૈ તો ઉસકો ભાવશ્રુતજ્ઞાન કહતે હૈ. સમજમેં આયા ?

આહાહા ! ભગવાન આત્મા અખંડ પરમાત્મા.... સચ્ચિદાનંદ પ્રભુ.... केवल शुद्ध आत्मा.... દેખો ! श्रुतसे केवल शुद्ध आत्माको.... 'ભાવશ્રુતજ્ઞાનસે (આત્માકો જાનો'—ઐસા કહકર) કહના ક્યા (હૈ ? ઔર પહલે) ભાવશ્રુત (જ્ઞાન) ભી હુઆ કૈસે ? (યહાં) કહતે હૈ, પહલે ભાવશ્રુત(જ્ઞાન) હુઆ કૈસે કિ '(જિસસે) ભાવશ્રુત(જ્ઞાન)સે આત્માકો પકડના' (—ઐસા કહા).

ભાઈ ! પહલે સુનનેમેં તો આયા.... કેવી શૈલી કરી છે ! ઓહોહો ! મુનિકે મુખસે.... સર્વજ્ઞકે મુખસે.... આચાર્યકે મુખસે સુના કિ 'યહ આત્મા હૈ.' (લેકિન) વહ તો પરલક્ષી (જ્ઞાન)પર્યાય હુઈ, વહ પર્યાય ભાવશ્રુતજ્ઞાન નહીં હૈ. અમરચંદભાઈ ! વહ પર્યાયસે અંતરમેં (નહીં જા સકતે). વહ પર્યાય.... વહ તો (પરલક્ષી જ્ઞાન)પર્યાય હુઈ.... એક સમયકી પર્યાય હુઈ પરલક્ષી. વહ પર્યાય તો પરલક્ષી હૈ, (ઇસલિયે) અબ ઉસ પર્યાયકો અંતર લક્ષમેં કૈસે લેના (–લે જાના) ? (નહીં લે જા સકતે). સમજમેં આયા ?

ઓહોહો ! ઐસે (ભગવાનકી વાણી આદિ) નિમિત્તસે હુઆ ખ્યાલ, પણ વહ ખ્યાલકી (–પરલક્ષી જ્ઞાનકી) વર્તમાન પર્યાયકો છોડકર જો જ્ઞાનકી પર્યાય અંતર દ્રવ્યકો સ્પર્શ કરતી હૈ, વહ જ્ઞાનકી પર્યાયકો ભાવશ્રુતજ્ઞાન કહનેમેં આતા હૈ. અમરચંદભાઈ ! બહુ અપૂર્વ વાત છે, પણ લોકોને બહારની સામાજીક સ્થિતિ (અને) વ્યવહાર એટલા રૂચે છે કે ઉસમેં (સમય ચલા જાતા હૈ ઔર) યહ મૂલ (માર્ગ જો) જનમ-મરણ ગાલનેકા હૈ.... (જન્મ-મરણકી) પરિપાટીકો બંધ કરનેકા યહ માર્ગ હૈ (ઉસકે લિયે સમય નહિ હૈ). મોક્ષમાર્ગકી પરિપાટી શુરૂ હો.... સમજમેં આયા ?

(૧) મોક્ષમાર્ગકી શ્રેણી શુરૂ હો ઔર

(૨) બંધમાર્ગકી પરિપાટી બંધ હો

(—વહ માર્ગ યહ હૈ). સમજમેં આયા ?

કહતે હૈ કિ ભગવાન ! તુમ તો આત્મા.... ચિદાનંદસ્વરૂપ આનંદમૂર્તિ અકેલા જ્ઞાનસ્વરૂપી આત્મા હો. ઉસકો વર્તમાન જ્ઞાનકી અવસ્થા.... જો (–યદિ) અવસ્થા.... જો (–યદિ) પર્યાય (દ્રવ્યકો) વેદનમેં લે.... દ્રવ્યકો પકડે તો 'ભાવશ્રુતજ્ઞાનસે દ્રવ્યકો જાના'—ઐસા (યહાં) કહનેમેં આયા હૈ. જાના આત્માકો.... આત્માકો જાના જ્ઞાનકી પર્યાયસે, તો વહ જ્ઞાનકી પર્યાય(વાલે)કો નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈં. લે ! દ્રવ્ય તો (દ્રવ્ય હૈ).... ભાઈ ! દ્રવ્ય તો દ્રવ્ય હૈ. દ્રવ્યકો નિશ્ચય શ્રુતકેવલી નહીં કહતે યહાં. સમજમેં આયા ?

શ્રોતા : ફરીને કહો.

પૂજ્ય ગુરુદેવશ્રી : ફરીને કહીએ. હજી હળવે.. હળવે.. ચાલ્યું આવે છે. એમ (કહેવું છે) કે આત્મા(નું સ્વરૂપ) જે વર્તમાન સાંભળ્યું, એ વાત એક કોર પડી રહી. (બાદમેં) આત્મા જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય હૈ ઉસકો જો જ્ઞાનકી પર્યાયને પકડા તો વહ જ્ઞાનકી પર્યાય (વાલે)કો નિશ્ચય શ્રુતકેવલી.... ઉસકો નિશ્ચય શ્રુતકેવલી (કહતે હૈં. ક્યોંકિ) અભેદ (આત્મા)કો જાના ન ! અભેદકો જાના તો નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈં.

केवल शुद्ध आत्माको જાના....

કૈસા (જાના) ?

સર્વજ્ઞને કહા ઐસા, (પણ) દુનિયા કહતી હૈ ઐસા (વિપરીત) આત્મા (જાના—ઐસા) નહીં. ઇસલિયે જરા (અનુભવકે) પહલે 'સુનના' ઐસા (શ્રી જયસેન આચાર્યને) લિયા હૈ. ઉસમેં (–મૂલ ગાથામેં) લિયા નહીં હૈ, પણ ઉસમેં (–મૂલ ગાથામેં ઐસા ભાવ) આતા તો હૈ. સમજમેં આયા ? વહ કંઈ (સુનના આદિ) યહાં (મૂલ ગાથામેં) લિયા નહીં, જરૂર નહીં. ક્યુંકિ એકદમ સીધા 'આત્માકો જાના'—ઐસા કહના હૈ કિ નહીં ?

પીછે ઐસે કહતે હૈ કિ વહ (ભાવ)શ્રુતજ્ઞાન હૈ.... વહ (ભાવ)શ્રુતજ્ઞાન હૈ વહ 'આત્મા' હૈ. યહ (પરલક્ષી) જ્ઞાન (પર્યાય) હૈ વહ 'અણાત્મા' હૈ (ઔર ઉસકો જાના) વહ વ્યવહાર શ્રુતજ્ઞાન હો ગયા.... વ્યવહાર શ્રુતકેવલી હો ગયા. (ક્યોંકિ) જ્ઞાન(પર્યાય)કો જાનતે હૈન ? પણ વહ બાત (આગે આયેગી). અભી વે (નિશ્ચય શ્રુતકેવલી) જ્ઞાનકો (–શુદ્ધાત્માકો) જાનતે હૈં ઉસકી બાત કહતે હૈ. પીછે વળી ક્યા આતા હૈ.... સમજમેં આયા ?

યહાં તો, 'जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं....' વહ આત્માકો જાના.... (જિસને) જ્ઞાનસે અભેદ આત્માકો જાના તો ઉસકો શ્રુતકેવલી કહતે હૈ.... ભાવશ્રુતકેવલી.... નિશ્ચય શ્રુતકેવલી. સમજમેં આયા ? સમજાય એવી વાત છે. ભાષા ઐસી કોઈ આકરી (–કઠીન) નહીં હૈ, મગર લક્ષમેં તો લેના પડે કિ ક્યા ચીજ હૈ ઔર કૈસે પ્રાપ્ત હો. ઔર યહ પ્રાપ્ત હુએ બિના સારા—સબ શૂન્ય.... બિના એક કે શુન્ય હૈં.

સારા સંસાર દુઃખમય.. દુઃખમય.. દુઃખમય હૈ. સમજમેં આયા ? સ્વર્ગ હો કિ શેઠાઈ હો, રાજા હો કિ બડા અધિપતિ—અમલદાર, અધિકારી પાંચ-પાંચ હજાર (યા) લાખ-લાખકી માસિક (આવકવાલા) હો, સબ દુઃખી.. દુઃખી.. દુઃખી હૈ. સુખી હશે ? આત્મા ભગવાન.... 'अप्पाणम् जाणदि'.... બસ, અહીં તો આ (આત્માકો જાનનેકી બાત હૈ). ભગવાન આત્માકો જો જ્ઞાનસે જાને.... જો ભાવશ્રુતજ્ઞાનસે જાને ઉસકો યહાં નિશ્ચય શ્રુતકેવલી કહતે હૈ. સમજમેં આયા ?

**वह तो परमार्थ है....** વહ તો નિશ્ચય હૈ.... વહ પરમાર્થ હૈ. જો જ્ઞાનકી પર્યાયસે આત્મા.... જ્ઞાતાકો પકડ લિયા ઔર જ્ઞાતાકા અનુભવ હુઆ, તો વે નિશ્ચય શ્રુતકેવલી હૈ. યહ પરમાર્થ હૈ.... યહ સત્ય હૈ.

**और 'जो सर्व श्रुतज्ञानको जानते हैं'....** અબ જ્ઞાન(પર્યાય) લિયા. વે (–નિશ્ચય શ્રુતકેવળી) તો 'આત્માકો જાનતે હૈં' (—ઐસા) લિયા થા, અબ 'જ્ઞાન(પર્યાય)કો જાના' (—ઐસા લેતે હૈ). જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન હૈન ? (તો) આ જ્ઞાન, આ જ્ઞાનીકા; યે ગુણીકા યે જ્ઞાન....

(૧) યે જ્ઞાન (–ગુણ),

(૨) યે ગુણી (–દ્રવ્ય) ઔર

(૩) યે જ્ઞાન, આનંદ—ઐસે જ્ઞાન(પર્યાય)કો જાના.

(એટલે કે) દ્રવ્યકો પકડને લાયક જો જ્ઞાનકી પર્યાય હૈ ઉસકો જાના (તો) ઉસને સર્વ જાના.... સર્વ શ્રુત જાના.... સર્વ શ્રુત જાના (—ઐસા કહતે હૈં), ક્યોંકિ સર્વ (જાનનેવાલે)કો પકડના (–પકડા) હૈ તો વહ જ્ઞાનને 'સર્વકો જાના' —ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

**'जो सर्व श्रुतज्ञानको जानते हैं वे श्रुतकेवली हैं' यह व्यवहार है....**—વહ તો (જિસને) જ્ઞાન(પર્યાય)કો જાના ઉસકો (વ્યવહાર શ્રુતકેવલી) કહા, (ક્યોંકિ)....

(૧) 'જ્ઞાન(પર્યાય)કો જાના'—વહ તો વ્યવહાર હુઆ (ઔર)

(૨) જ્ઞાનસે 'આત્માકો જાના'—વહ નિશ્ચય હુઆ.

સમજમેં આયા ? તો વહ ભી જણાયા (–બતાયા) કિ વ્યવહારનયકા વિષય (ક્યા હૈ)....

(૧) જ્ઞાન(પર્યાય)કો જાના વહ વ્યવહારનયકા વિષય હૈ (ઔર)

(૨) નિશ્ચય(નય)કા વિષય.... જ્ઞાનસે આત્માકો જાના વહ નિશ્ચય(નય)કા વિષય હૈ.

ભાઈ ! આહાહા ! સમજમેં આયા ?

આત્માકો જાને વે નિશ્ચય શ્રુતકેવલી હૈ ઔર જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ.... જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ. ક્યોં ? ક્યોંકિ (વ્યવહારમેં) 'જ્ઞાન વહ આત્મા' ઐસા (ભેદ) બતાના હૈન ? આત્માકો સીધા પકડ લિયા વે તો નિશ્ચય (શ્રુતકેવલી) હો ગયે, પણ જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ.... જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતકેવલી હૈ—ઐસા સિદ્ધ કિયા હૈન ?

વહ પાઠમેં (–ટીકામેં) હૈન ? દેખો ! '....वे श्रुतकेवली हैं' यह व्यवहार है.... (—ઐસા) પાઠમેં (–ટીકામેં) લિયા હૈ. બીજી (–દસમી મૂળ) ગાથામાં આવ્યુંને ? जो सुदणाणं सव्वं जाणदि सुदकेवलिं तमाहु जिणा.... તેને વીતરાગદેવ, શ્રુતકેવળી વ્યવહારે કહે છે. સમજમેં આયા ?

ધર્મકી બાત ઐસી હૈ.... બહોત સૂક્ષ્મ હૈ ઔર ઉસકા ફલ ભી અલૌકિક હૈ. આહાહા ! જન્મ-મરણ.... ચોરાસીકે અવતાર જહાં બંદ હો (–રુક જાયે) ઔર જહાં મોક્ષકી પર્યાયકા કારણ.... મોક્ષકી પર્યાયકા કારણ શુરૂ હો યે સ્થિતિ (–દશા) તો અલૌકિક હોતી હૈ કિ નહીં ? સમજમેં આયા ? (ઔર) ઉસકા નામ ધર્મ હૈ.

શ્રુતજ્ઞાનસે અંતરમેં આત્માકો જાના ઉસકો.... વહ પર્યાયકો ભાવશ્રુત(જ્ઞાન) કહા (ઔર જિસને) ઉસસે (આત્મા)કો જાના (ઉન્હેં) નિશ્ચય શ્રુતકેવલી કહા ઔર અકેલા સર્વ શ્રુતકો હી જાનતે હૈં.... જ્ઞાન(પર્યાય)કો હી જાનતે હૈં.... ગુણી આત્મા જ્ઞાતા હૈ ઉસકી જ્ઞાન(પર્યાય)કો હી જાનતે હૈં (વે) સર્વ.... '....वे श्रुतकेवली है' यह व्यवहार है.... ક્યુંકિ વહ જ્ઞાન(પર્યાય) આયી ન !—યે શબ્દાર્થ કિયા ગાથાકા.... ઉસમેં (–નિશ્ચયમેં) તો આત્માકો (જાના ઐસા) આયા થા....

(૧) જ્ઞાનસે આત્મા જાના તો નિશ્ચય (શ્રુતકેવલી) કહા થા (ઔર)

(૨) જ્ઞાન(પર્યાય)કો જ્ઞાનસે જાના તો વ્યવહાર (શ્રુતકેવળી) હો ગયે.... વ્યવહાર (શ્રુતકેવળી) હો ગયે. (ક્યોંકિ) ભેદ પડા ન ! પર્યાય હુઈ ન ! (ઇસલિયે) જ્ઞાનકી પર્યાયકો જાને વે તો વ્યવહાર (શ્રુતકેવલી) હો ગયે. સમજમેં આયા ? વહ (ભાવશ્રુતજ્ઞાન) પર્યાય કહેગી

(–જાનતી હૈ તો) નિશ્ચયકો (–શુદ્ધ આત્માકો), પણ (ઉસ પરિણતિકો જાના તો) વે હુએ વ્યવહાર (શ્રુતકેવળી). સમજમેં આયા ?

यहां दो पक्ष लेकर परीक्षा करते हैं.... અબ 'વહ જ્ઞાન હૈ યે આત્મા હૈ' —યહ સિદ્ધ કરના હૈ. તો दो पक्ष लेकर परीक्षा करते हैं :– उपरोक्त सर्व ज्ञान आत्मा है या अनात्मा ? જો જ્ઞાન હૈ જ્ઞાન.... યે જ્ઞાન આત્મા છે કે અનાત્મા ? જ્ઞાન, એ આત્મા સાથે સંબંધ રાખે છે કે એ જ્ઞાન, અનાત્મા સાથે સંબંધ રાખે છે ?

તો ज्ञान आत्मा है या अनात्मा ? यदि अनात्माका पक्ष लिया जाये तो वह ठीक नहीं है, क्योंकि जो समस्त जडरूप अनात्मा आकाशादिक पांच द्रव्य हैं, उनका ज्ञानके साथ तादात्म्य बनता ही नहीं.... જો જ્ઞાન હૈ ઉસકા....

(૧) રાગકે સાથ (–ભાવકર્મ)....
(૨) શરીરકે સાથ (–નોકર્મ)....
(૩) કર્મકે સાથ (–દ્રવ્યકર્મ) (યા)....
(૪) આકાશ (આદિ)કે સાથ (–પરજ્ઞેય)....

તાદાત્મ્ય.... (અરે !) રાગકે સાથ ભી ઉસકા તાદાત્મ્ય (સંબંધ) બનતા નહીં. સમજમેં આયા ?

યે જ્ઞાન હૈ વહ आत्मा है या अनात्मा ?

તો કહતે હૈ, (જ્ઞાનકો) 'અનાત્મા' કહો તો અનાત્માકે સાથ જ્ઞાન એકરૂપ તો હોતા હી નહીં, તો ઉસકા.... જ્ઞાનકા (અનાત્માકે સાથ સંબંધ) નહીં હૈ. (તો) જ્ઞાન અનાત્મા નહીં હૈ.... જ્ઞાન અનાત્મા નહીં હૈ. સમજમેં આયા ?

समस्त जडरूप अनात्मा आकाशादिक पांच द्रव्य हैं.... ધર્માસ્તિ, અધર્માસ્તિ, (આદિ) એ બધા—સબ.... उनका ज्ञानके साथ तादात्म्य.... એકરૂપ(પના) बनता ही नहीं.... શરીર, કર્મ, આ વાણી.... વે જ્ઞાનકે સાથ એકરૂપ નહીં, વે (સબ) તો જડ હૈં. જ્ઞાન, વહ (જડ) તરફ ઝૂકતા નહીં, મિલતા નહીં (ઔર) ઉસકા (–જડકા) જ્ઞાન નહીં (અર્થાત્) જ્ઞાન ઉસમેં (–જડમેં) તાદાત્મ્ય હૈ નહીં. સમજમેં આયા ?

इसलिये अन्य पक्षका अभाव होनेसे.... એટલે કે પરમેં જ્ઞાન નહીં હોનેસે 'ज्ञान आत्मा ही है' यह पक्ष सिद्ध हुआ.... 'જ્ઞાન યે આત્મા હૈ.... જ્ઞાન યે આત્મા હૈ'—ઐસા પક્ષ સિદ્ધ હુઆ, (પણ) 'જ્ઞાન યહ રાગ હૈ.... જ્ઞાન યહ આકાશ હૈ.... જ્ઞાન યહ ધર્માસ્તિ હૈ'—ઐસા પક્ષ સિદ્ધ નહીં હુઆ. સમજમેં આયા ? 'ज्ञान आत्मा ही है' यह पक्ष सिद्ध हुआ. इसलिये श्रुतज्ञान भी आत्मा ही है.... કહો, સમજે ? 'જ્ઞાન' (ઐસા) ભેદ કિયા ન ? (છતાં) પણ જ્ઞાન યે આત્મા હી હૈ.... જ્ઞાન હૈ યે આત્મા હી હૈ. ક્યોંકિ જ્ઞાનકા સંબંધ આત્માકે સાથ હૈ, જ્ઞાનકા સંબંધ પરકે સાથ નહીં હૈ. સમજમેં આયા ?

ધર્મકી સમજ કરના સૂક્ષ્મ હૈ, ઐસે (ઉપર)-ઉપરસે (માન લેનેસે) નિશ્ચય (–ધર્મ) મિલ જાય (—ઐસા ધર્મ નહીં હૈ). (લેકિન) લોગોંકો બહારકી ઐસી રુચિ હૈ.... વ્યવહારકી, સામાજિકકી ઐસી રુચિ હૈ કિ ઓહોહો ! (તેની વાત સાંભળવા) લોકોના ટોળેટોળાં ભેગા થાય. પણ આ (તત્ત્વની) વાત (ક્યાંય છે નહિ). સામાજિક ને આ ને આ(ની વાતું બધેય છે).

કોઈ કહેતું હતું આજ સવારમાં.... શું કહેવાય ? આ ચિત્રભાનુ (છે તે) બહુ ભાષણ આપે છે શ્વેતાંબરમાં અને (તે) ખાવા (પણ) જાય છે (લોકોના) ઘરે. છોડી દીધું (ગોચરી અને) જમવા જાય છે. એ સાંભળ્યું હતું ખરૂં, શું કહેવાય ? ટિફીન (કે) શું કહેવાય એને ? ટિફીન. ટિફીન બહુ મંગાવતા હતા અપાસરે—એવું તો સાંભળ્યું હતું, હવે ખાવા જાય છે. રામજી હંસરાજના (ઘરે) ગયા હશે. જડાવબેન સાંભળવા ગયા હશે ને કીધું હશે જમવાનું. કહો, સામાજિક લોકોને (તેની) વાત એવી લાગે છે કે 'આહાહા ! હવે આ વાત કાંઈક (સારી છે).'

શ્રોતા : (અન્ય વ્યક્તિનું) ભાષણ થાય છે (ત્યારે) ૬૦ હજાર માણસ થાય છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : માણસો (ભેગા) થાયને ! એ તો વેદાંતી છે.... એ વળી અન્ય.... વેદાંતી છે. એ તો એના માનનારા ઘણા એટલે.... એ તો પક્ષ એનો એટલે (ભેગા થાય). એ તો (એનો) પક્ષ માનનારા (હોય તે ભેગા થાય). —એ જુદી વાત છે, પણ આ તો એક જૈનમાં રહેલા, (શ્વેતાંબર સાધુનો) વેશ ને.... શ્વેતાંબર માણસો એને માનતા હોય ને લોકોને (એની વાત ગમે). (સોનગઢમાં) 'આ (આત્માની) વાત શું કહે છે ? આમાં કંઈ (સમજાતું નથી).

શું કરવું ? એમાં કંઈ મોં–માથું સૂઝ પડતી નથી' (—એમ કોઈ) કહે છે. (બીજામાં) તો 'કરો, ઐસા (વ્રત) કરો, ઐસા (તપ) કરો' (—એમ કહે એટલે સમજાય).

શ્રોતા : (અહીં) તો કરવું (–કર્તાપણાની) ના પાડે છે....

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ (પરનું) કરી શકતો નથીને ? (પરકા) ક્યા કરે ? પરકા કર સકતે નહીં, એક અંગુલિ ફિરા સકતે નહીં. આ રાગ કરના વહ ભી ઉસકા સ્વભાવ નહીં. આ શું વાત ! ક્યુંકિ રાગકે સાથ જ્ઞાનકા તાદાત્મ્ય હૈ નહીં. જ્ઞાનકા તો આત્માકે સાથ તાદાત્મ્ય હૈ. આહાહા ! સમજમેં આયા ?

આચાર્યને ઐસી શૈલીસે બાત કીયા હૈ કિ વહ જ્ઞાન.... જ્ઞાનસે જ્ઞાનીકો (–દ્રવ્યકો) પકડના.... જ્ઞાનસે આત્માકા અનુભવ કરના વહી ધર્મ હૈ (ઔર) વે નિશ્ચય શ્રુતકેવલી હૈ. અભેદકા અનુભવ કરના વે નિશ્ચય શ્રુતકેવલી હૈ ઔર વહ જ્ઞાનકો જનના.... અકેલા (જ્ઞાન)ગુણકો જાનના (વે વ્યવહાર શ્રુતકેવલી હૈ).... હૈ (ગુણ) તાદાત્મ્ય ઉસકે (–આત્માકે) સાથ, પણ (અકેલા) ગુણકો જાનના વે વ્યવહાર શ્રુતકેવલી હૈ. ક્યુંકિ ભેદ પડા ન ? (ઇસલિયે) વે વ્યવહાર શ્રુતકેવલી હૈ.

ઉસકા (–જ્ઞાનપર્યાયકા) વિષય હુઆ જ્ઞાન, પણ ઉસને (–જ્ઞાનને) કહા (–જાના) ક્યા ? કિ 'યહ (જ્ઞાન હૈ વહ) આત્મા.' સમજમેં આયા ? તો ઇતના ભેદ પડતા હૈ માટે ઉસકો વ્યવહાર શ્રુતકેવલી કહતે હૈં. દાસ ! ભારે ઝીણું. આમાં તો મગજને બહુ કેળવવું પડતું નથી હોં, પણ બહુ રૂચિ જોઈએ. ન્યાલભાઈ ! જિનવાણીનું માપ કરવા જાય તો (પોતાની મતિ મપાઈ જાય). આહાહા ! વીતરાગ ભાવ ઊભો થાય જેમાંથી.... વહ વીતરાગ ભાવ જિસમેં ખડા હો.... પ્રગટ હો વહી ધર્મ હૈ, વહી જન્મ-મરણકે અંતકા ઉપાય હૈ. સમજમેં આયા ?

કૈસી બાત કીયા ભગવાન !

(જિસને) જ્ઞાનસે આત્માકો પકડા વે જ્ઞાનીકો યથાર્થ (–નિશ્ચય) શ્રુતકેવલી કહતે હૈં, (ક્યોંકિ) આત્માકો જાના ન ઉસને ? તો ઉસકો નિશ્ચય શ્રુતકેવલી.... શ્રુતકેવલી નિશ્ચય (કહતે હૈં). ઓહોહો ! જ્ઞાન વિશેષ ખુલા—ખિલા ન હો....

વિકાસ વિશેષ ન હો, પણ જો સારા (–પૂર્ણ) દ્રવ્યકો લક્ષ–દ્રષ્ટિમેં લિયા (ઔર) જ્ઞાનકા (–આત્માકા) અનુભવ કિયા, (તો) નિશ્ચય શ્રુતકેવલી (હૈ ઔર) ઉસમેંસે કેવલજ્ઞાન હોગા.... સમજમેં આયા ? ઉસમેંસે સિદ્ધપદ હોગા.

પણ 'જ્ઞાન, આત્મા હૈ' ઐસા જો વ્યવહાર (–ભેદ) કહતે (–જાનતા) હૈં, તો કહતે હૈં કિ વહ જ્ઞાન કંઈ પરકે સાથ સંબંધ રખતા હૈ ? જાનપના.... જ્ઞાન હોતા હૈ (ઉસકા) કંઈ પરકે સાથ સંબંધ હૈ ?

(નહીં). જ્ઞાનકા તાદાત્મ્ય સંબંધ તો આત્માકે સાથ હૈ.

તો, કહતે હૈં કિ 'જ્ઞાન, (આત્મા હી હૈ').... इसलिये अन्य पक्षका अभाव होनेसे 'ज्ञान आत्मा ही है' यह पक्ष सिद्ध हुआ.... દેખો ! 'ज्ञान आत्मा ही है'.... યહ વ્યવહાર હૈ હોં.... 'જ્ઞાન, આત્મા હૈ' ઐસા (ભેદ વ્યવહાર હૈ).

'જ્ઞાન યે આત્મા હૈ'—ઐસા સિદ્ધ હુઆ, પણ 'જ્ઞાન, રાગ હૈ (યા) જ્ઞાન, આકાશ કિ ધર્માસ્તિ હૈ'—ઐસા સાબિત નહીં હુઆ. સમજમેં આયા ?

इसलिये श्रुतज्ञान भी आत्मा ही है.... 'જ્ઞાન જો હૈ વહ આત્મા હી હૈ' (—ઐસા) ભેદ કરકે કહા. श्रुतज्ञान भी आत्मा ही है. ऐसा होनेसे 'जो आत्माको जानता है, वह श्रुतकेवली है' ऐसा ही घटित होता है.... ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, પૂર્ણાનંદ, ચૈતન્યસૂર્ય આત્મા હૈ, ઉસકો જો જ્ઞાનસે જાને વે....

(૧) નિશ્ચય શ્રુતકેવલી....
(૨) પરમાર્થ જ્ઞાની....
(૩) પરમાર્થ અનુભવી....
(૪) પરમાર્થ શ્રુતકે જાનનેવાલે....

કહનેમેં આતે હૈ. સમજમેં આયા ? 'जो आत्माको जानता है, वह श्रुतकेवली है' ऐसा ही घटित होता है.... સમજમેં આયા ? ઐસી હી બાત.... પરમાર્થ घटित होता है. ઓહોહો !

और वह तो परमार्थ ही है.... 'जो आत्माको जानता है, वह श्रुतकेवली है'....—એ ઘટિત હોતા હૈ બરાબર. (અર્થાત્) નિશ્ચયમેં ઉસકી સંધિ હોતી હૈ.

वह तो परमार्थ ही है.... પરમાર્થ હૈ.... નિશ્ચય શ્રુતકેવલી હૈ. કહો, સમજમેં આયા ? ઓહોહો ! એક (જીવકો) મંડુકકા (-મેંઢકકા) શરીર હો, દેડકાકા....'દેડકા' કહતે હૈન ? મેંઢક. વહ ભી અપને આત્માકો ભાવશ્રુતજ્ઞાનસે જાને તો નિશ્ચય શ્રુતકેવલી હૈ. આ તમારી જેમ વકીલાત નહીં જાનતે વહાં નિશ્ચયમેં. એને તો શબ્દેય આવડે નહીં, કેવલ આત્માનો (અનુભવ હોય).

केवल शुद्ध = એકલો શુદ્ધ.... અભેદ શુદ્ધ.... એક શુદ્ધ.—ઐસી ચીજ.... વસ્તુ હૈ ઉસકા જ્ઞાન હુઆ, તો નિશ્ચય.... પરમાર્થ શ્રુતજ્ઞાની હૈ. ઓહોહો ! (અજ્ઞાનીને) અગિયાર અંગ પઢા (ઔર) નવ પૂર્વ પઢા તો ભી વહ વ્યવહાર (શ્રુત)જ્ઞાની નહીં. સમજમેં આયા ? જો જ્ઞાન આત્માકો જાને ઉસકો 'જ્ઞાન' કહતે હૈં (ઔર) 'યે જ્ઞાન' (—ઐસા) ભેદસે કહતે (–જાનતે) હૈં વે વ્યવહાર શ્રુતકેવલી હૈ, પણ વહ વ્યવહાર (ઇતના હૈ કિ) 'યે આત્મા.... યે આત્મા.... જ્ઞાન સો આત્મા'. સમજમેં આયા ?

જ્ઞાન.... वह तो परमार्थ ही है । इस प्रकार ज्ञान और ज्ञानीके भेदसे कहनेवाला जो व्यवहार है उससे भी परमार्थ मात्र ही कहा.... ક્યા કહતે હૈં ? ભગવાન આત્મા જ્ઞાનસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ હૈ ઉસકો જો (–યદિ) ભાવશ્રુત(જ્ઞાન)સે પકડ કર અનુભવ કિયા, તો કહતે હૈં કિ વે તો નિશ્ચય —પરમાર્થ શ્રુતજ્ઞાની હો ગયે.... સાચા જ્ઞાની—પરમાર્થ શ્રુતજ્ઞાની હુએ.... યે સીધા મોક્ષમાર્ગી હુએ. સમજમેં આયા ? ઔર....

(૧) જો જ્ઞાનસે, 'જ્ઞાન યે આત્મા.. જ્ઞાન યે આત્મા'.... અબ (–ઐસા) ભેદ પાડકર કહતે (–જાનતે) હૈં (વે વ્યવહાર શ્રુતકેવલી હૈ).

(૨) અકેલા આત્મા જિસને જાના વે તો નિશ્ચય શ્રુતકેવલી હૈ.

એ જગ્યા આપજો, જગ્યા ત્યાં બેસવાની. સમજમેં આયા ?

પણ જો ज्ञान और ज्ञानीके भेदसे कहनेवाला....

ક્યા કહતે હૈં ?

'આ જ્ઞાન ઔર જ્ઞાની આત્મા.... જ્ઞાન યે આત્મા'—ઐસા ભેદસે કહનેવાલે (વ્યવહારને) ભી... उससे भी परमार्थ मात्र ही कहा.... કહા તો 'આત્મા' ઉસને

(–વ્યવહારને). ‘જ્ઞાન યે આત્મા‘ (—ઐસા) ભેદ કરકે પણ.... સમજમેં આયા ? ઉસને (–વ્યવહારને) કહા તો આત્મા હી.

જગ્યા આપો જગ્યા. કેમ ખસતા નથી એટલામાં ? ખસી જાઓ, આઘા પાછા થઈ જાવ ભાઈ ! આ માર્ગ તો બાપુ ! કોઈ મહા યોગ્યતા અને પાત્ર હોય એને સમજાય હોં. (તાળીઓ). સમજાણું કાંઈ ? આહાહા ! આ તો જન્મ-મરણના ફેરાના અંત(ની વાત છે કે જ્યાં પછી) જેને જન્મ નહીં.... મરણ નહીં. (જિસકો) જન્મ-મરણ કરના હૈ વહ તો એક બાર નરકમેં જાયેગા.... એક બાર નિગોદમેં જાયેગા.... એક બાર એકેન્દ્રિયમેં જાયેગા. વે કોઈ ભવ (ઈચ્છને યોગ્ય) હૈ ? આહાહા ! સમજમેં આયા ? એક બાર એકેન્દ્રિયમેં, ઇયળમાં.... કહાં ઉદ્ધાર !!

ઓહો ! જિસકો મિથ્યાત્વ ભાવ પડા હૈ.... રાગકી એકતામેં ‘રાગ મૈં.... રાગસે મેરા કાર્ય (હોતા) હૈ.... વહ રાગમેં મેરા હિત હૈ’—ઐસી દ્રષ્ટિ જહાં પડી હૈ, તો વહ મિથ્યાત્વમેં અનંત નિગોદ (ઔર) નરકકે ભવ કરનેકી તાકાત હૈ. સમજમેં આયા ? ઔર સમ્યગ્જ્ઞાનમેં ઐસે અનંત ભવકા અંત કરકે, મોક્ષકી સન્મુખ હોનેકી તાકાત હૈ. સમજમેં આયા ?

કહતે હૈં, ભગવાન આત્મા.... સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરને કહા (ઔર) જાના ઐસા આત્મા અનંત ગુણકા પિંડ પ્રભુ અભેદ, એકસ્વરૂપ હૈ. ઉસકો જો જ્ઞાનસે જાને વહ જ્ઞાનકો (–જ્ઞાનીકો નિશ્ચય) શ્રુતકેવલી કહતે હૈં. સમજમેં આયા ? ઔર જ્ઞાનકો જાના.... હવે એકલા જ્ઞાનકી બાત કરતે હૈ કિ જ્ઞાનકો જાના (અર્થાત્) જ્ઞાન.... જ્ઞાનકી પર્યાયકો (જાના), તો જ્ઞાનકી પર્યાયકો જાના વે વ્યવહાર શ્રુતકેવલી હૈ, ક્યોંકિ ભેદ હૈં. પણ ભેદ હોકર ભી વહ જ્ઞાનકી પર્યાય, જ્ઞાતાકો બતાતી હૈ કિ ‘યે ગુણ યહ આત્માકા હૈ.... યે ગુણ આત્માકા હૈ.‘ સમજમેં આયા ? આહાહા ! બહુ ટૂંકામાં નિશ્ચય અને વ્યવહારની સંધિ કરી છે.

આ ગુણભેદ પણ.... પછી ૧૧મી (ગાથા)માં તો ગુણભેદ(ને) અનુપચાર (સદ્ભૂત વ્યવહાર) છે (—એમ કહી કાઢી નાખશે) ભાઈ ! જ્ઞાનની પર્યાય છે એને જાણી અને એ જ્ઞાનપર્યાય 'આ જ્ઞાન....આ જ્ઞાન....’ (—એમ જાણે) એ પણ એટલો ભેદ પડે છે. (જો કે ગુણભેદથી) બતાવ્યો એણે (–વ્યવહારે) પણ

(અભેદને. પરંતુ) ભેદ હૈન ઇતના (કિ ‘જ્ઞાન યે આત્મા’) ? (ઇસલિયે) ૧૧વીં ગાથામેં નિકાલ દેગા કિ વહ (ગુણભેદ) ભી નહીં.... અભૂતાર્થ હૈ. આહાહા ! સમજમેં આયા ?

'આ જ્ઞાન તે આત્મા.... જ્ઞાન તે આત્મા' (—ઐસા જાનના) વહ ભી વ્યવહાર હુઆ, ભેદ હુઆ. ‘જ્ઞાન(પર્યાય)કો જાને‘—વહ વ્યવહાર કહા, (પણ) વહ વ્યવહારને બતાયા ક્યા ? ઉસકા.... વ્યવહારનયકા વિષય વહ જ્ઞાન(પર્યાય\ગુણભેદ) હૈ. (વે જાનનેકે લિયે) વિષય હૈ હોં, મૂલ (–આશ્રય લેને યોગ્ય) વિષય નહીં. પણ બતાયા જ્ઞાનને 'યે આત્મા'—ઐસા કહતે હૈ. સમજમેં આયા ?

વ્યવહારનયકા વિષય વહ (અભેદ) આત્મા નહીં હૈ. વ્યવહારનયનો વિષય કહ્યો—સિદ્ધ કર્યો.... સિદ્ધ કિયા હોં, (કિ વ્યવહારનયકા વિષય ભેદરૂપ) વસ્તુ (હૈ).... યથાર્થ ઐસી (ભેદરૂપ વસ્તુ) હૈ. પણ ઉસને (–વ્યવહારને) બતાયા (અભેદકો) કિ 'યે આત્મા.... આ જ્ઞાન તે આત્મા.... જ્ઞાન તે આત્મા'. સમજમેં આયા ?

**उससे भी परमार्थ मात्र ही कहा जाता है.** પણ કિતનેં (લોગ) ઉસમેંસે ઐસા (અર્થ) નિકાલતે હૈં કિ ‘દેખો ! વ્યવહારમેં પરમાર્થ હી આતા (–પ્રગટતા) હૈ.... વ્યવહારસે પરમાર્થ હી આતા (–પ્રગટતા) હૈ.... વ્યવહાર, યે પરમાર્થકા અંશ હૈ’—એમ (કોઈ કહે છે). (પણ) એમ (કહેવું) નથી. યહાં તો (ઐસા કહના હૈ કિ) વ્યવહાર હૈ વહ વિકલ્પસે (–ભેદસે) 'યે આત્મા'—ઐસા બતાતા હૈ, તો ઉસને પરમાર્થ (કહા) હૈ.

યે (વ્યવહાર) તો કથનકી પદ્ધતિ હૈ. પણ અંતરમેં વિકલ્પ (સહિત) જો (જ્ઞાન) હૈ કિ 'યે જ્ઞાન વહ આત્મા.... યે જ્ઞાન વહ આત્મા'—ઐસા જાનના હૈ ઉસને બતાયા ક્યા ? કિ ‘યે આત્મા.‘ સમજમેં આયા ? તો વિકલ્પવાલા જો જ્ઞાન હૈ અથવા વહ જ્ઞાન (જો કિ) અકેલા વ્યવહારસે જાનતા હૈ વહ બતાતા હૈં ઉસકો (–આત્માકો). સમજમેં આયા ? તો વ્યવહારને ઉસકો (–આત્માકો) બતાયા ભેદ પાડકર (–કરકે), પણ નિશ્ચયમેં ભેદ હૈ નહીં કિ 'યે જ્ઞાન વહ આત્મા'.—યહ ભેદ હૈ નહીં. વહ (નિશ્ચય) તો આત્માકો સીધા જાનતા હૈ. સમજમેં આયા ? તો ભેદસે ભી 'જ્ઞાન યે આત્મા.... જ્ઞાન યે આત્મા' (ઐસા બતાયા).

પહલે વહ (–ઐસા વિકલ્પ) આયે બિના રહતા નહીં, માટે ઉલ્લેખ કરતે હૈં કિ 'આ જ્ઞાન'.... પ્રગટ હૈન જ્ઞાન !....'જ્ઞાન યે આત્મા.' તો ઉસકો.... જ્ઞાન(પર્યાય)કો જાને ઉસકો વ્યવહાર શ્રુત(કેવલી કહતે હૈં).

પણ વહ વ્યવહારને બતાયા ક્યા ? ભેદરૂપ પર્યાયને બતાયા ક્યા ?

કિ 'પર્યાયવાન યહ (આત્મા) હૈ.... જ્ઞાન યે આત્મા હૈ.... જ્ઞાન યે આત્મા હૈ.' परमार्थ मात्र ही कहा जाता है, उससे भिन्न कुछ नहीं कहा जाता.... વ્યવહારને કંઈ 'વ્યવહાર' બતાયા નહીં—ઐસે કહતે હૈં ભાઈ ! આહાહા ! હા, એમ કહે છે.

શ્રોતા : એનો વિષય.......

પૂજ્ય ગુરુદેવશ્રી : (વ્યવહારનો) વિષય ભલે (ભેદ) હો, પણ બતાયા વહ (–નિશ્ચય). વ્યવહારકા વિષય વહ (–નિશ્ચય) નહીં, પણ બતાયા તો વહ (–નિશ્ચય). (તો જબ કોઈ વ્યવહારકા) વિષય છોડકર નિશ્ચયમેં જાતે હૈં તો વ્યવહારને (નિશ્ચય બતાયા—ઐસા) કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ભાઈ ! ધર્મકી કલા અને ધર્મકી રીત કોઈ અપૂર્વ હૈ ! આહાહા ! સમજમેં આયા ?

કિતને (હી) પ્રાણી (–લોગ) આતે હૈં ભાઈ ! અંદરમેં, (ફિર) ખાનગી વાત કરે કિ (મુજે) ઇતના....ઇતના....દુઃખ.. દુઃખ.. દુઃખ.. દુઃખ.. દુઃખ.... (હૈ). સમજમેં આયા ?

(એક વ્યક્તિ) કહે હમારી સ્ત્રી હૈ (ઉસે) પક્ષઘાત હૈ ઔર ઉસકા (સ્વ)ભાવ ઐસા હૈ કિ 'ઐસા કામ કરો.... ઐસા કામ કરો' (—ઐસે હુકમ કરતી હૈ.) પક્ષઘાત હૈ તો (ભી કહતી હૈ) 'ઐસા કામ કરો.' (જેથી) ઘરના માણસને અકળામણ લાગે (–થાય છે).

હવે ઘરનો છોકરો છે એ અમને બેયને તરછોડે છે.... મા-બાપ બેયને તરછોડે છે. ઘરના છોકરાની વહુ છે એ બહુ સમજવા જેવી છે. અમારે મોઢું બંધ રાખવું પડે છે.... મોઢું બંધ રાખવું પડે એવી તે છે.

છોડી (–દીકરી).... કે છોડી એવી આકરા સ્વભાવવાળી છે કે તેનો ધણી (તેને) છોડીને વયો (–ચાલ્યો) ગયો છે કો'કને લઈને. હવે અહીં (ઘરમાં) પાલવે નહીં, (કેમ કે) છોડીનો સ્વભાવ આકરો છે.

છોકરાનો દીકરો એક છે, તો એને પહેલેથી (–જન્મથી) આહીં તુટી ગયેલું છે આ.... કંઈક કેડનું (**spinal cord**).... શું કહેવાય ? આ મકોડો.... મણકો, મણકો. એ મણકો તૂટી ગયો છે તેથી હાલતાં-ચાલતાં પેશાબ થઈ જાય, દસ્ત થઈ જાય.... કંઈ મેળ રહેતો નથી.

(મેં) કીધું જુઓ ! આ સંસાર ! 'ભાઈ ! એ તો કર્મના યોગે (એવા) સંયોગો હોય. સમતા રાખવી બાપા ! ઘરમાં એકે-એક (જણ), પણ સમજવા જેવા થયા છે.

ભગવાનજીભાઈ ! પણ આ બધા.... એકે-એક સરખા (–સારા) હોય, લ્યોને ! (તો પણ) એ શું છે ? એ તો આકુળતાનું કારણ.... દુઃખ હી હૈ. કહેવા કોને સરખા ? એ તો બહારની ચીજ છે. આહાહા ! કહો, સમજાય છે કાંઈ ?

સ્ત્રી એવી, વળી દીકરી એવી (ને) દીકરો બરોબર.... સ્વભાવ સારો, પણ મમતા ઘણી છે. સ્ત્રી પડી પડી 'આ કરો.... આ કરો.... આ કરો' (—એમ) કર્યા કરે. હવે એ (દીકરા આદિ) માને નહીં ને તિરસ્કાર (–તકરાર) થાય. મલુકચંદભાઈ ! શું હરખાઈ (–અનુકૂળતા) છે ધૂળની ? કાંઈ એનું ધાર્યું થાતું નથી. જુઓને ! આ અમદાવાદ.. અમદાવાદ(ના મંદિર) માટે કેટલા મરી પડે છે (–પ્રયત્ન કરે છે) ! (અહીં) આવ્યા છે તો હવે શું જવાબ દેશે એ ખબર પડશે. કહો, સમજાણું કાંઈ ?

આહાહા ! સંસાર એવો છે. એણે (–જીવે) આત્માનો અનુભવ કર્યે છૂટકો છે.... એણે (સંસારનો) અંત લાવવો હોય તો, બીજો કોઈ ઉપાય છે નહીં. ક્યાંય (બહારમાં સુખ) નથી. સગવડતા હોય તોય આકુળતા ને અગવડતા હોય તોય આકુળતા. એ સગવડતા ને આકુળતાની મીઠાશમાં મરી જશે.

શ્રોતા : સગવડતા કહેવી કોને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ અનુકૂળતા હોય.... પૈસા (ને) બાયડી ઠીક હોય, હમણાં (અનુકૂળ) બોલતી હોય, છોકરો સારો પાક્યો હોય, છોકરાના છોકરા સારા પાક્યા હોય, વહુઓ સારી પાકી હોય. કહેતા હતાને આપણે શેઠીયા, લ્યોને ! શેઠીયા કહે, 'મારે બધુંય સરખું છે એકે-એક.' આ શેઠીયા આવવાના છેને કાલ, ઘણું કરીને કંઈ. (તે કહે), 'એકે-એક દીકરા એવા (અનુકૂળ),

દીકરાના ઘરે વહુઓ આવે તો એવી દીકરી (જેવી), આટલી (–આવી ધર્મિષ્ઠ) જ્યાં દીકરી (હોય ત્યાં) એને જમાઈ એવા મળે.... એવા અનુકૂળ મળે કે દીકરી ધર્મ કરે.'

વહુ આવે તેરાપંથીની દીકરી.... તો વહુ આંહીનું સાંભળીને કહે : 'આહાહા પિતાજી ! અમારા ભાગ્ય ! અમે તમારા ઘરે આવ્યા, આ ધર્મ હમકો સુનને મિલા'—એમ કહે લ્યો ! (એક) બાઈ તો આહીં આવી હતી એક ફેરી (અને) કહ્યું હતું. મોટા ગૃહસ્થ દીકરી આપે, (કેમ કે) મોટા-મોટા આબરૂદાર છેને ! તે (એક) દિ' કહે, 'આહીં મારે બધી પુણ્યને યોગ્ય-યોગ્ય એકે-એક સરખાઈ છે, (પણ) ક્યા કરના ?'

ભીખાભાઈ ! તમારે તો એક (દીકરો) છે, (બીજાને) પાંચ (દીકરા) અને દીકરાનો (એક) દીકરો (—એમ) એ છ (માણસ) અને છ વહુઓ—આમ બધા ઘરના ત્રીસ માણસ, (પણ) જુઓ તો એકરસ.. શાંતિ.. સમાધાન.. સમાધાન.. સમાધાન, કોઈની સાથે કંઈ વેરઝેર કાંઈ નહીં. 'બહુ અનુકૂળતા ઘરની' (—એમ) એ કહેતા હતા એક ફેરી. તો શું સુખ છે એ ? ધૂળમાંય નથી. કોઈને એમ ન થઈ જાય સાંભળીને કે આવું મારે હોય તો ઠીક.

શ્રોતા : વાત એવી રીતે કરી કે મન થઈ જાય.

પૂજ્ય ગુરુદેવશ્રી : આહીં તો વાત કરી કે એક જણ આમ (અનુકૂળતાનું) કહેતો હતો અને એવું હતું, (જ્યારે) બીજો (કોઈ માણસ પ્રતિકૂળતાનું) કહેતો હતો.—બેયની (વાત) સાંભળી હતી મેં તો. સમજમેં આયા ? બેયમાં ધૂળધાણી ને વા-પાણી છે (—એમ) કીધું (–કહેવું છે).

આહાહા ! આ આત્મા ભગવાન સચ્ચિદાનંદ પ્રભુ.... અનંત આનંદનો કંદ પ્રભુ આત્મા છે. ઉસકી અંતર અનુભવ–દ્રષ્ટિ કરના વહી સારા દુઃખકા અંત લાનેકા ઉપાય હૈ. સમજમેં આયા ? એ સિવાય જે કોઈ ક્રિયાકાંડ.... રાગ-દ્વેષ, પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિભાવ (આદિ છે તે) સબ મેરા હૈ અને મૈં કરતા હૂં (યહ) સબ મિથ્યાત્વ ભાવ હૈ. આહાહા ! સમજમેં આયા ? (—ઐસી બાત હૈ) ભાઈ !

ઓહોહો ! ભગવાન આત્મા(કો જાના).... કહતે હૈં કિ ઉસકો જાના ન ? (જિસને) જ્ઞાનસે ઉસકો (–ભગવાન આત્માકો) જાના વે તો મહાપ્રભુ.... પરમાર્થ હો ગયે.... નિશ્ચય શ્રુતજ્ઞાની (–શ્રુતકેવલી) હો ગયે. પણ જો (જ્ઞાનસે) ઉસકો.... જ્ઞાન(પર્યાયકો) જાનતે હૈન ? (તો) જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતજ્ઞાની (–શ્રુતકેવલી) હૈ. ક્યોંકિ ઉસકો (–જ્ઞાનપર્યાયકો) જાનના (હુઆ ન) ! પીછે જાના હૈ ઉસમેં (–દ્રવ્યમેં). (તો) યહ જ્ઞાનકી પર્યાય હૈ ઉસકો (જાને) વે વ્યવહાર શ્રુત(કેવલી) કહનેમેં આયા હૈ.

યહાં તો (જો જીવ અપની જ્ઞાનપર્યાયકો) જાનતે હૈ (અર્થાત્) અંતર (આત્માકો) જાનનેવાલે (અપની) જ્ઞાન(પર્યાય)કો (જાનતે હૈ, તો ઉનકો) વ્યવહાર શ્રુત(કેવલી) કહા હૈ હોં. (યદિ) અંતર આત્માકો ન પકડે (તો) ઉસકે (પર્યાયકે) જ્ઞાનકો વ્યવહાર શ્રુત(કેવલી) ભી કહતે નહીં. સમજમેં આયા ? જો (–યદિ) જ્ઞાનકી વર્તમાન અવસ્થા જ્ઞાતાકો પકડે, તો વહ અવસ્થા (જાનનેવાલે)કો વ્યવહાર શ્રુતકેવલી કહનેમેં આતા હૈ. (પર યદિ જ્ઞાન) અંદર (સ્વભાવ) પકડનેમેં ન જાયે, તો એ જ્ઞાનકો 'જ્ઞાન' હી (કહતે) નહીં. નહીં.... એ વ્યવહાર (શ્રુતકેવલી) ભી નહીં—ઐસા કહતે હૈં. આહાહા ! ભારે વાત ! ચંદુભાઈ !

ભવનો અંત લાવવો હોય એની વાત છે બાપુ ! અને જો એક પણ ભવ કરવાની મીઠાશ રહી ગઈ.... એક પણ ભવ કરવાની મીઠાશ, તે અનંત ભવ કરવાની મિથ્યાત્વની મીઠાશ છે. ભગવાનજીભાઈ ! આહીં તો એવી વાત છે બાપુ ! એક પણ ભવ ઠીક.. ઠીક.. આ સ્વર્ગનો ઠીક, શેઠાઈનો ઠીક, સગવડતા (હોય તો) ઠીક—એવો જે ભાવ (છે તે) મહા મિથ્યાત્વ છે. <u>(અજ્ઞાનીને) ભગવાનકો 'અઠીક' કર દીયા ઔર ભવકે ભાવકો 'ઠીક' કર દીયા હૈ.</u>

આહાહા ! આહીં તો ભગવાન કુંદકુંદાચાર્ય મહારાજને.... (જો કિ) દિગંબર સંત, જંગલવાસી થે ઉન્હોંને બનાયા શાસ્ત્ર ઔર અમૃતચંદ્ર આચાર્યને ટીકા બનાઈ. આહાહા ! કહતે હૈં, અરે ભગવાન ! (યદિ જ્ઞાન), વહ જ્ઞાન (પર્યાય)કો જાને.... જ્ઞાન(પર્યાય)કો જાને તો ભી ઉસકો વ્યવહાર (શ્રુતકેવલી) કહા.

વ્યવહાર (શ્રુતકેવલી) ક્યું કહા ?

(ક્યોંકિ કિ ઉસ જીવને આત્માકો જાના હૈ). નહીંતર (–યદિ આત્માકો ન જાને તો) વ્યવહાર (શ્રુતકેવલી) ભી ન કહે. સમજમેં આયા ?

પણ વહ જ્ઞાન, 'યે જ્ઞાન' (—ઐસે) આત્માકો પકડતા હૈ.... જનાતા હૈ ઔર પકડતા હૈ. (ઇસ પ્રકાર જ્ઞાન આત્માકો) જનાતા હૈ (–જણાવે છે). ઉસ કારણસે જ્ઞાન(પર્યાય)કો જાને સો વ્યવહાર (શ્રુતકેવલી) કહા (ઔર) અંતરકા અનુભવ કરે વે નિશ્ચય (શ્રુતકેવલી) કહા. એમાં ક્યાંય વિકલ્પ ને રાગ ન આવ્યો ભાઈ ! વ્યવહાર–રાગ (વચ્ચે) આવ્યો અને રાગથી આ થાય.... વ્યવહારથી લાભ (થાય—એવું કાંઈ ન કહ્યું). આહાહા ! જુઓને ! કેવી વાત કરી છે !

(અહીં) એક જ ભેદ કહ્યો કે આ જ્ઞાન.... જ્ઞાનપર્યાય (અને) એ પર્યાય આહીં જણાવે.... બતાવે છે કે 'આ આત્મા'. માટે એને (–જ્ઞાનપર્યાયને જાણે તેને) વ્યવહાર કહ્યો અને એકલો આત્મા પકડે એને નિશ્ચય કહ્યો. સમજમેં આયા ? સબ નિકાલ દિયા કિ શરીરકી ક્રિયા, દયા-દાન-વ્રતકી ક્રિયા, પુણ્ય-પાપ, અણુવ્રત આદિ આત્મામેં હૈ નહીં, અનાત્મામેં ગયે.... વે અનાત્મામેં ગયે. ક્યોંકિ જ્ઞાનકા સંબંધ રાગ–આસ્રવકે સાથ હૈ નહીં. આહાહા ! હવે (અજ્ઞાની) આ (સમજણ) કરના હૈ એ કરે નહીં ને માથાફોડ બીજી (કરે છે). માથાફોડ જ છેને આ ન સમજે એને. એને (બીજું) શું છે.

કહે છે, व्यवहार है उससे भी परमार्थ मात्र ही कहा जाता है.... દેખો ! परमार्थ मात्र ही कहा जाता है.... (—ઐસા કહા હૈ). ઉસકા અર્થ (યહ હૈ) કિ જ્ઞાન, આત્માકો હી પકડતા હૈ ઔર આત્માકો હી બતાતા હૈ. સમજે ? જ્ઞાન, રાગકો બતાતા હૈ ઔર પરકો બતાતા હૈ—ઐસા નહીં હૈ,.... આહાહા ! (પરંતુ) 'યહ આત્મા' (—ઐસા બતાતા હૈ). યે જ્ઞાનપર્યાય ચલતી (–પરિણમતી) હૈ, તો (ઉસકે) જાનનેમેં ઐસા વ્યવહાર (–ભેદ આયા) કિ 'યહ આત્મા....અખંડ, અભેદ આત્મા.' માટે વ્યવહારને ભી પરમાર્થકો હી કહા.

પરમાર્થકા અનુભવ હુઆ વહ તો સીધા હુઆ, પણ વ્યવહારને ભી પરમાર્થ હી કહા. ઉસકા અર્થ (યહ હૈ) કિ ગુણકા ભેદ.... ગુણીમેં 'યે ગુણી ઔર યે ગુણ'—ઐસા ભેદ કરકે ભી અભેદકો (–આત્મકો) બતાતે હૈં. સમજમેં આયા ?

ઇસ કારણ ભેદકે જ્ઞાનકો.... ભેદ એટલે અંશકે (જ્ઞાનકો) વ્યવહાર શ્રુતકેવલી કહનેમેં આયા હૈ. ઓહોહોહો ! સમજમેં આયા ?

(કોઈને પ્રશ્ન થાય :) આવો ધર્મ કઈ જાતનો ? આપણે જૈનમાં તો ભાઈ ! બટાટા ન ખવાય, લીલોતરી ન ખાવી (એવું હોય).... કીકાભાઈ ! (તેને બદલે) આવું ? આ સત્ય કંઈ આવું હોય ? રાત્રે ચોવિહાર કરવો (વગેરે).... આવું તો તમે કંઈ કહેતા નથી આમાં ?

(સમાધાન :) ભગવાન ! એ ખાવાની ક્રિયા તો પર છે પ્રભુ ! યે ક્રિયા કર સકતા હૈ વહ આત્મા નહીં. યહાં તો (કહતે હૈં કિ)....

(૧) ખાનેકા જો વિકલ્પ ઉઠતા હૈ વહ ભી દોષ અને પાપ હૈ ઔર
(૨) આહાર છોડનેકા વિકલ્પ ઉઠતા હૈ વહ ભી પુણ્યકા રાગ હૈ ઔર
(૩) મૈંને (આહાર) છોડા ઐસી માન્યતા કરે (વહ) તો મિથ્યાત્વ હૈ.

આહાહા ! વાત તે વાત ! સમજમેં આયા ?

કહતે હૈં કિ ઉસસે (–વ્યવહારસે) તો પરમાર્થ હી કહા. उससे भिन्न कुछ नहीं कहा जाता.... વ્યવહારસે કોઈ દૂસરી ચીજ.... રાગકો બતાતે હૈં, વિકલ્પકો બતાતે હૈં, નિમિત્તકો બતાતે હૈં—ઐસા હૈ હી નહીં ઉસમેં તો. જ્ઞાનકી પર્યાય બતાતી હૈ કિ 'યે આત્મા'—ઐસે બતાતી હૈ. સમજમેં આયા ?

और 'जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं वे श्रुतकेवली हैं'.... ભાવશ્રુતજ્ઞાનસે જો આત્માકો જાનતે હૈં વે શ્રુતકેવલી હૈં. इस प्रकार परमार्थका प्रतिपादन करना अशक्य होनेसे.... અથવા પરમાર્થકા કહના નામ (આત્માકો) સીધા જાનના.... સમજમેં આયા ? (પ્રારંભિક અભ્યાસકી ભૂમિકામેં) સીધા (આત્માકો જાનના) અશક્ય હૈ (અર્થાત્) 'યે જ્ઞાન હૈ વહ આત્મા'—ઐસા (ભેદસે) જાને બિના, સીધા આત્માકો જાને વહ અશક્ય હૈ—ઐસા કહતે હૈં.

ક્યા કહતે હૈં ?

'યે આત્મા હૈ, યે જ્ઞાન હૈ' (—ઐસે ભેદ કિયે બીના) સીધા.... 'યહ આત્મા' ઐસે સીધા કહનેમેં (–સમજાનેમેં) અશક્ય હૈ (ઔર) ઐસા જાનના ભી અશક્ય હૈ. વહ (ભેદ, અનુભવ) પહલે આયે બિના રહતા નહીં. સમજમેં આયા ? વ્યવહાર ઐસા કહતા હૈ કિ 'યે આત્માકો અંદરમેં જાનના.... વહ

આત્મા.... જ્ઞાનસે આત્માકો જાનો.... જ્ઞાનસે આત્માકો જાનો.' (—ઐસા કહે) તો ભી ભેદ હો ગયા. 'જ્ઞાનસે આત્માકો જાનો.. જ્ઞાનસે આત્માકો જાનો' (યે ભી ભેદ હૈ). એ જ કહે છે કે પરમાર્થને (ભેદ વિના) કહેવો અશક્ય છે કે 'સીધો આત્માને જાણો'. હવે 'સીધો આત્માને જાણવો' શી રીતે કહેવાય ?

કોણ આવ્યા ? તમારા (ઓળખીતા) આવ્યા લાગે છે. તમારું રાખ્યું (-માન્યું) ખરું.... લ્યો ! આ તમારું (માન) રાખ્યું ખરું. 'બાપુજી કહી ગયા છે' (—એમ) કહે છે.... એવું સાંભળ્યું હતું અહીં. આહાહા ! અલૌકિક વાત હૈ ભાઈ ! દુનિયાને.... (મિથ્યા માન્યતાના) ધુમાડા લઈને આવ્યા હોય મગજમાં એને આકરું પડે આ (વાત). કહો, સમજમેં આયા ?

ક્યા કહતે હૈં ? 'जो श्रुतसे केवल शुद्ध आत्माको जानते हैं वे श्रुतकेवली हैं', इस प्रकार परमार्थका જાનના.... 'કથન करना' યે તો ભાષાકી બાત હૈ, (યથાર્થમેં) 'જાનના'.... (प्रतिपादन) करना अशक्य होनेसे, 'जो सर्व श्रुतज्ञानको जानते हैं वे श्रुतकेवली हैं'.... જો જ્ઞાન(પર્યાય)કો જાને કિ જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન (વે વ્યવહાર શ્રુતકેવલી હૈં) હોં. (જો વ્યવહાર શ્રુતકેવલી હૈં વે)....

(૧) રાગકો (જાને) નહીં....
(૨) શરીર કો (જાને) નહીં....
(૩) વાણી (કો જાને) નહીં....

—પરકો (જાનનેકી) તો બાત નહીં, પણ અંદર જ્ઞાન(પર્યાય)કો જાને વે વ્યવહાર શ્રુતજ્ઞાની (-શ્રુતકેવલી) હૈ.

('जो सर्व श्रुतज्ञानको) जानते हैं वे श्रुतकेवली हैं' ऐसा व्यवहार परमार्थके.... જનાનેમેં (-બતાનેમેં) अपनेको (दृढतापूर्वक) स्थापित करता है.... 'दृढता' શબ્દ વિશેષ લીધો છે, મૂળમાં (-ટીકામાં) નથી ભાઈ ! એ 'दृढता' શબ્દ પડ્યો છેને એ (શબ્દ) મૂળ (ટીકા)માં નથી.... परमार्थ प्रतिपादकत्वेनात्मानं प्रतिष्ठापयति....

ક્યા કહતે હૈં ?

બીજી કોઈ ચીજ.... વિકલ્પસે આત્મા જાનનેમેં આતા હૈ (યા) નિમિત્તસે આત્મા જાનનેમેં આતા હૈ—વહ તો બાત હૈ હી નહીં.

શ્રોતા : એ તો 'સર્વ'માં બધા આવી ગયા....

પૂજ્ય ગુરુદેવશ્રી : બધા (ભેદ) કાઢી નાખ્યા, સબ.... એક જ્ઞાનકી પર્યાયકે (અલાવા). જ્ઞાનકી પર્યાય જો જાનનેમેં (આતી) હૈ.... જ્ઞાન (પર્યાય) હૈન ? તો જ્ઞાનકા અંશ (–પર્યાય).... જ્ઞાતાકા અંશ વહ જ્ઞાન અંશ (–પર્યાય) હૈ, કોઈ રાગ કે કોઈ (વિભાવ) ઉસકા (–જ્ઞાતાકા) અંશ નહીં હૈ. તો જાનને(મેં આતા હુઆ) જો જ્ઞાન અંશ હૈ વહ આત્મા(કી જ્ઞાન પર્યાય)કો જાને—ઐસા વ્યવહાર શ્રુતકેવલી હૈ.... ઉસકો (વ્યવહાર શ્રુતકેવલી) કહતે હૈ.... તો ઉસકો વ્યવહાર શ્રુતકેવલી કહનેમેં આતા હૈં. (યહ ભેદસે કહતે હૈ) ઉસસે (પરમાર્થકો) જાનનેમેં લોગોંકો અનુકૂલ પડતા હૈ, (ક્યોંકિ) એકદમ સીધા જનાના (અર્થાત્ કહના) અશક્ય હૈ.

'યે આત્મા જાનો.... આત્મા જાનો....' (આ સીધું) શી રીતે જણાવે ? એટલે કહતે હૈં કિ વહ (પરમાર્થ સીધા) કહના અશક્ય હૈ. (ઇસલિયે) 'જ્ઞાન હૈ વહ આત્માકો જનાતે (–જણાવે, બતાવે) હૈ'—ઐસા (ભેદસે).... વ્યવહારસે પરમાર્થકો કહનેમેં (આતા હૈ. ઇસ પ્રકાર) વ્યવહાર અપના સ્વરૂપ સ્થાપતા હૈ કિ 'હમ હૈં.... હમ હૈં'. વ્યવહાર (સ્વયંકો) સ્થાપતા હૈ કિ 'હમ હૈં'.... 'જ્ઞાન યે આત્મા'—ઐસા વ્યવહાર (–ભેદ દ્વારા) 'હમ હૈં' ઐસે વ્યવહાર (સ્વયંકો) સ્થાપન કરતા હૈ. સમજમેં આયા ? ભારે વાત !

કહો, સમજાય છે કે નહીં હિંમતભાઈ ? લ્યો ! તમારા ભાવનગરવાળાને રવિવારે આવ્યું આ. આહાહા ! (તેઓ) આવે ત્યારે સારું આવે છે કે નહીં ? અમારે જયંતિભાઈ કહે છે કે 'અમે આવીએ ત્યારે સારું આવે છે.'

આહાહા ! આવો ભગવાન આત્મા અખંડાનંદ (છે—કે) જેમાં અતીન્દ્રિય આનંદની ખાણ છે. ઉસકો જો જ્ઞાનસે સીધા જાને, (વે) ન્યાલ હો ગયે. વે શ્રુતકેવલી.... નિશ્ચય શ્રુતકેવલી.... સાચા શ્રુતકેવલી.... છે, (તેમને) સાચું શ્રુતજ્ઞાન છે અને અલ્પ કાળમાં એને મુક્તિ (મળશે). એણે મુક્તિના પંથે પ્રયાણ માંડ્યા છે. આહાહા !

'એ પુણ્ય ઔર પાપ મેરા, શરીરકી ક્રિયા મેરી અને અલ્પજ્ઞપના મૈં' —ઐસી મિથ્યા માન્યતા વહ સંસાર.... નિગોદકા પ્રયાણ હૈ. નીચે.... નીચે....

નીચે.... નીચે.... નીચે ઉતરનેકા પ્રયાણ વહ મિથ્યાત્વભાવ હૈ. સમજમેં આયા ?

ઓહોહો ! દિગંબર સંતોંકી પદ્ધતિ કહનેકી અલૌકિક.. અલૌકિક.. ઐસી બાત દૂસરે હોતી નહીં. પ્રવીણભાઈ ! બરાબર છે ? તમારામાં (-સંપ્રદાયમાં આ વાત) નથી.

શ્રોતા : અમારે આ જ....

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ પહેલાં (સંપ્રદાયમાં) હતા કે નહીં ? હવે તો આ (-સત્ માર્ગમાં) થઈ (-આવી) ગયા છો.... હવે તો આ છે.

આહાહા ! શું પણ વાત ! અહીં તો (કહે છે કે) ભગવાન (આત્મા) એકલો જ્ઞાનની મૂર્તિ પ્રભુ છે, ચિદાનંદ ભગવાન આત્મા છે. બસ, ઉસકો જો ભાવશ્રુતજ્ઞાનસે.... ઉસકો ભાવશ્રુત(જ્ઞાનસે) જો પકડે.... જ્ઞાનસ્વભાવથી (આત્માકો) પકડે (તે નિશ્ચય શ્રુતકેવળી છે)—એમ (કહે છે). અને....

એકલી જ્ઞાન(પર્યાય)કો જાને.... સમજમેં આયા ? ઉસકો વ્યવહાર શ્રુત(કેવલી) કહતે હૈં. ક્યુંકિ ઉસકો (-ભેદકો જાનકર)ભી જાના હૈ તો ત્યાં (અભેદમે.... વ્યવહાર) બતાતા હૈ ત્યાં (-અભેદમેં).

(વ્યવહાર), 'યે જ્ઞાન.. યે જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન.. જ્ઞાન યે જ્ઞાતાકા'—ઐસે (ભેદસે) જ્ઞાતાકો જનાતે હૈં (-જણાવે છે) અથવા બતાતે હૈં. તો વ્યવહારસે કથન કહને (-કહકર) વ્યવહાર કથની અપના સ્વરૂપ સ્થાપન કરતી હૈ.... 'મૈં હૂં' (—ઐસે) વ્યવહારનય અપના સ્વરૂપ સ્થાપન કરતા હૈ.

**भावार्थ :—जो शास्त्रज्ञानसे अभेदरूप ज्ञायकमात्र शुद्ध आत्माको जानता है....** (જુઓ !) શાસ્ત્રજ્ઞાનથી લીધી વાત. કારણ કે શાસ્ત્રજ્ઞાન.... શાસ્ત્ર(જ્ઞાન) એટલે (પહેલાં શાસ્ત્રનું) સાંભળવું (થયું), પછી (આત્મામાં) ભાવ(શ્રુત)જ્ઞાન થયું. એટલે (કહ્યું કે) 'જો જ્ઞાન આત્માકો પકડ લે (-જાને) ઉસે ભાવ(શ્રુત)જ્ઞાન કહતે હૈં', બસ. સમજમેં આયા ?

એ પહેલું જે શાસ્ત્રથી જાણ્યું, એ જ્ઞાન કાંઈ અહીં (અનુભવમાં) કામ નથી કરતું, પણ કથન શૈલીમાં તો સમજાવે (શી રીતે ?) કાંઈ પણ (જિનવાણીનું

કથન સાંભળ્યા) પછી ભાવશ્રુત(જ્ઞાન થાય) છેને ? એટલે શ્રુતમાં (–ભાવશ્રુતજ્ઞાન થવામાં) પહેલા કંઈ સાંભળ્યું છે કે નહીં ?—એમ કહે છે. એટલે કહે છે : હા, સાંભળ્યું હતું. પણ એ સુના થા વહ (યથાર્થ) જ્ઞાન નહીં, (ઉસકે) બાદકી જો જ્ઞાનપર્યાય હૈ (ઉસમેં) ખ્યાલ આયા કિ યે (વાણી) ઐસે કહતી હૈ. તો વહ બાદકી જ્ઞાનપર્યાય દ્રવ્યકો પકડ લે યે નિશ્ચય હૈ.... યે નિશ્ચય શ્રુતકેવલી હૈ.

શ્રોતા : બહોત બઢિયા બાત હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : બહોત અલૌકિક બાત હૈ.... મુદ્દાકી રકમકી બાત હૈ. 'મુદ્દાની રકમ' સમજે ?

(<u>દ્રષ્ટાંત</u> :)

(વાણિયાએ) પાંચ-પચાસ લાખ આપ્યા હોય (વેપારીને) છ આના તરીકે વ્યાજે (પણ પછી મૂળ રકમ માંગે)....

(વાણિયા :) ‘હવે ભલે ઘણી વાર (–ઘણા વર્ષો વ્યાજ) ખાધા, લાવ હવે.... પચાસ લાખ લાવ. મુદ્દાની મૂળ રકમ છે કે નહીં ?’

(વેપારી :) ‘રકમ નથી.‘

(વાણિયો વિચારે :) ‘હાય ! હાય ! રકમ નથી !’ છ આના કે આઠ આનાનું વ્યાજ ખાધું, પણ રકમ તો ઉડી ગઈ સારી.’

સમજમેં આયા ? ઐસે....

(<u>સિદ્ધાંત</u> :) (પુણ્યકા) વિકલ્પમેં ઐસા.... પુણ્યમેં ઐસા (વ્યાજ જૈસા હૈ).... યે (પુણ્યકા વિકલ્પ) સબ વ્યાજ (જૈસા) હૈ. 'આત્મા(રૂપી’ મૂળ) રકમ લાવને પૂરી !

એક સમયમેં (–વર્તમાનમેં બિરાજમાન) અખંડાનંદ ભગવાન આહાહા !.... અરે ! (ઉસકા) ઉસે ખ્યાલ હી નહીં.... મહિમા નહીં.... ઉસકી મહિમા નહીં.... પ્રતીતિ નહીં.... વિશ્વાસ નહીં કિ ‘મૈં ઐસા હૂં.... આહાહા ! મૈં પરમાત્મા હૂં અંદર. અરે ! અનંત પરમાત્માકા ગર્ભ મેરે પેટમેં (–અંદર) પડા હૈ.’ આહાહા ! ઐસે આત્માકો જિન્હોને સમ્યગ્જ્ઞાન દ્વારા જાન લિયા વે શ્રુતજ્ઞાની.... ભાવશ્રુતજ્ઞાની.... નિશ્ચય શ્રુતજ્ઞાની.... યથાર્થ શ્રુતજ્ઞાની હૈ. શ્રુતજ્ઞાનમેં પૂરા હો ગયે—એમ કહે છે લ્યો ! યે શ્રુતજ્ઞાનમેં પૂરા હુઆ.

યે કહતે હૈં દેખો ! आत्माको जानता है वह श्रुतकेवली है, यह तो परमार्थ (निश्चय....) है.... 'कथन' તો ભાષાની વાત છે. और जो सर्व शास्त्रज्ञानको जानता है.... એટલે કે જ્ઞાનકી પર્યાયકો (જાનતા હૈ). સમજમેં આયા ? उसने भी ज्ञानको जाननेसे आत्माको ही जाना है.... જરી 'शास्त्रज्ञान' (—એમ) ભાષા લીધી છે, ખરેખર તો એમાં (–અનુભવમાં) શાસ્ત્રજ્ઞાનનું કંઈ કામ નથી.

અહીં જ્ઞાન છેને ? આ જ્ઞાનની પર્યાય છેને ? આ જ્ઞાનની પર્યાય જાણે છે કે 'આ જ્ઞાન.'—એ (જ્ઞાનપર્યાય) જણાય છે.... બસ, એ (વ્યવહાર શ્રુતકેવળી છે)....

(૧) એ જાણ્યું (–જ્ઞાનપર્યાય જાણી) એણે વ્યવહાર જાણ્યું (અને જેણે)
(૨) દ્રવ્ય(ને સીધું) જાણ્યું એણે નિશ્ચયને જાણ્યું.... નિશ્ચય જાણ્યું.

બસ, યે કહના હૈ. સમજમેં આયા ?

शास्त्रज्ञानको जानता है उसने भी ज्ञानको जाननेसे आत्माको ही जाना है.... (અજ્ઞાની, આવા શબ્દ આવે) ત્યાં પકડી લે (અને વિપરીત) અર્થ (કરે છે). એક જણ કહે કે 'અમને શાસ્ત્રની ખબર (–જ્ઞાન) છે.' પણ એ એનો (–'शास्त्रज्ञान'નો અહીં) અર્થ એવો છે કે ('शास्त्रज्ञान' એટલે) અપની જ્ઞાન દશા.... જ્ઞાન અવસ્થા હોં વર્તમાન. વહ (અપની) જ્ઞાન અવસ્થાકો જાના કિ 'યે જ્ઞાન.. યે જ્ઞાન.. યે જ્ઞાન ઇસકા (–આત્મકા).... યે જ્ઞાન ઇસકા (–આત્મકા)' તો ઉસકો વ્યવહાર (શ્રુતકેવલી) કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

क्योंकि जो ज्ञान है वह आत्मा ही है.... વહ (બાત) આ ગયી હૈ કિ જ્ઞાન, રાગ આદિ(રૂપ) નહીં હૈ.... જ્ઞાન, રાગકે સાથ સંબંધ નહીં કરતા. 'આ જ્ઞાન.. આ જ્ઞાન'.... (—ઐસા જાના) તો (જ્ઞાનકા) સંબંધ યહાં (આત્મામેં) જાયેગા, રાગકે સાથ નહીં જાયેગા —ઐસે કહતે હૈ.

इसलिये ज्ञान-ज्ञानीके भेदको कहनेवाला जो व्यवहार उसने भी परमार्थ ही कहा है.... જાનનેકા (–જાનનેવાલા) જ્ઞાન ખ્યાલમેં આયા.... જાનના—જ્ઞાન ખ્યાલમેં આયા (ઔર ઉસસે) વહ ખ્યાલ વહાં (–આત્મામેં) જાતા હૈ (કિ જાનના જિસમેં હોતા હૈ વહ દ્રવ્ય મેં હું). તો ઉસ જ્ઞાનને ઉસકો (–દ્રવ્યકો).... પરમાર્થકો

કહા, (પણ) રાગકો બતાયા નહીં.... વહ જ્ઞાનકી પર્યાયને રાગ, નિમિત્તકો તો બતાયા નહીં, ઉસકો (–આત્માકો) બતાયા હૈ. બહુ (ગંભીર) વાત !

શ્રોતા : પ્રેરે તે પરમાર્થને (તે વ્યવહાર સમંત)....?

પૂજ્ય ગુરુદેવશ્રી : યે નિમિત્તકા જ્ઞાન (કરાયા હૈ). 'પ્રેરે તે પરમાર્થને, તે વ્યવહાર સમંત.' (આત્મસિદ્ધિ, ગાથા ૩૬). આ (તેનો અર્થ) કીધોને ? કે આ જ્ઞાનની પર્યાય છે (એવું જાણ્યું) તે 'વ્યવહાર સમંત' છે.... યે વ્યવહાર હુઆ, (ક્યોંકિ) ભેદ હૈ માટે. કહો. 'જ્ઞાનકી પર્યાય યે.... યે પર્યાય ઉસકી (–જ્ઞાનકી) ઔર ઉસકો (–જ્ઞાનપર્યાયકો) જાનના....' યે ભેદ હૈ, તો વહ વ્યવહાર હુઆ. —યે 'વ્યવહાર સમંત'(કા અર્થ) હૈ. ભોગીભાઈ !

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ એનું.... આપણે આહીં (આ ગાથા પ્રમાણે અર્થ) લેવો છે. આપણે અમૃતચંદ્રાચાર્યની વાત (–ટીકા) ચાલે છેને ! (તેથી) ઉનકા (–ઉન્હોંને ઇસ ગાથામેં કહા ઐસા) વ્યવહાર લેતે હૈં. ....કહો, સમજમેં આયા ?

યે કુંદકુંદાચાર્ય તો સાક્ષાત્ ભગવાન સીમંધર પરમાત્માકે પાસ ગયે થે, આઠ દિન રહે થે ઔર ભગવાનકે પાસસે આયે.... ભગવાનકે પાસસે (આયે). સિદ્ધમાં જઈને કોઈ પાછા ન આવે. (સીમંધર) ભગવાન (વિદેહક્ષેત્રમેં) સાક્ષાત્ બિરાજતે હૈંન ? (વહાં કુંદકુંદાચાર્ય) આઠ દિન રહકર, ત્યાંથી (પાછા ભરતમાં) આવ્યા. પીછે ઉન્હોંને યે સબ શાસ્ત્ર બનાયે, જો ભગવાનકી (વાણી હૈ). બાત તો ઇતની આ ગઈ હૈ કિ (અપના કાર્ય હો જાયે).... ઓહોહો !

अन्य कुछ नहीं कहा....

ક્યા કહતે હૈં ?

યે જ્ઞાનકી પર્યાય હૈ (ઉસકો) જાનના (અર્થાત્) જ્ઞાન, જ્ઞાનકો (પકડે); (પણ) રાગકો નહીં.... રાગકો નહીં.... વિકલ્પકો નહીં.... પરકો નહીં. 'યે જ્ઞાન હૈ'(—ઐસે) યે જ્ઞાનકી પર્યાયકો જાનના. (ઉસસે) 'યે જ્ઞાનપર્યાય આત્માકી હૈ.... યે આત્માકી હૈ....'—ઐસા વલણ વહાં (–દ્રવ્યમેં) જાયેગા. સમજમેં આયા ?

(ઇસ પ્રકાર) જ્ઞાનકી પર્યાયને ભી પરમાર્થકો હી બતાયા. જ્ઞાનકી પર્યાયને કોઈ રાગ ઔર નિમિત્તકો બતાયા નહીં, ક્યુંકિ ઉસકે (–રાગકે) સાથ જ્ઞાન તાદાત્મ્ય હૈ નહીં. જ્ઞાનપર્યાય(કા) તાદાત્મ્ય તો આત્માકે સાથ હૈ. ઓહોહો ! પદ્ધતિ ! વજુભાઈ ! એવી કથન પદ્ધતિ કે કોઈ ગજબ વાત !

**इसलिये व्यवहारनय ही आत्माको.... (कहता है).**

**अन्य कुछ नहीं कहा। और परमार्थका विषय तो कथंचित् वचनगोचर भी नहीं है....** 'યે આત્માકો જાનો.... આત્માકો જાનો', પણ પરમાર્થ આત્મા ક્યા હૈ વહ ઇસમેં (–વાણીમેં) આયા નહીં.—યે (આત્મા કથંચિત્) વચન અગોચર હૈ. **इसलिये व्यवहारनय ही आत्माको प्रगटरूपसे कहता है....** લ્યો ! **ऐसा जानना....** 'જ્ઞાન તે આત્મા.... જ્ઞાન તે આત્મા'—વ્યવહારનય અપને આત્માકો ઇસ રીતસે કહતા હૈ. તો ઉસકો જાનના (ઔર) સ્વરૂપકા અનુભવ કરના વહ નિશ્ચય હૈ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૨૭**
**ગાથા - ૧૧**
**સંવત ૨૦૨૪, આસો વદ ૧, સોમવાર, તા. ૭-૧૦-'૬૮**

આ સમયસાર, જીવ–અજીવ અધિકાર ચલતા હૈ. ૯ ઔર ૧૦ ગાથા પૂરી હો ગઈ, ૧૧વીં ચલતી હૈ (–ચલેગી).

अब, यह प्रश्न उपस्थित होता है.... ક્યોં પ્રશ્ન ઉપસ્થિત હોતા હૈ.... વહ કહતે હૈ. पहले यह कहा था कि व्यवहारको अंगीकार नहीं करना....

૮વીં ગાથામેં કહા થા કિ : જો વ્યવહાર—ભેદ હોતે હૈં (ઉસકા આશ્રય કરના નહીં), આત્મા અખંડ–અભેદ ચૈતન્યમૂર્તિ હૈ ઉસકા આશ્રય કરના. ભેદકા.... નિમિત્તકા, વિકલ્પકા—રાગકા ઔર ભેદકા આશ્રય કરના નહીં, ક્યોંકિ વહ વ્યવહાર હૈ, ભેદ હૈ. 'ભેદકો ગૌણ કરકે, ઉસકા આશ્રય કરના નહીં' —ઐસા આપને પહલે (૮વીં ગાથામેં) કહા થા. ઔર....

૯-૧૦વીં ગાથામેં આપને ઐસા કહા કિ : વ્યવહાર પરમાર્થકો કહનેવાલા હૈ.... પ્રતિપાદક હૈ.... જનાનેવાલા હૈ. જ્ઞાનકી પર્યાય —કિ જો વ્યવહાર હૈ વહ જ્ઞાતાકો જનાતી હૈ (–જણાવે છે). તો આપને સિદ્ધ કિયા કિ વ્યવહાર પરમાર્થકો બતાતા હૈ.... વ્યવહાર પરમાર્થકો જનાતા (–કહતા) હૈ. તો 'વ્યવહારકો અંગીકાર નહીં કરના' (—ઐસે) પહલે (૮વીં ગાથામેં) કહા ઔર (૯-૧૦ ગાથામેં કહા કિ) વહ વ્યવહાર પરમાર્થકો જનાતા હૈ, (તો) વ્યવહારકો ક્યોં નહીં અંગીકાર કરના ? —ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ. સમજમેં આયા ? શિષ્યકે પ્રશ્નકા રૂપ ક્યા હૈ (વહ સમજે ?)....

૧૦વીં ગાથામેં વહ આયા થા કિ : जो सुदणाणं सव्वं जाणदि.... સમ્યગ્જ્ઞાન.... જ્ઞાનકી જો પર્યાય હૈ વહ (સ્વકો) જાનતી હૈ (તો) ઉસને સર્વ શ્રુતકો જાના, ક્યોંકિ ઉસસે (–શ્રુતસે) જ્ઞાતાકા જાનના હોતા હૈ. તો કહતે હૈં કિ વહ જ્ઞાનકી પર્યાય (જ્ઞાતાકો બતાતી હૈ).... રાગ-વિકલ્પ, નિમિત્ત તો દૂર હો ગયે (ઉસકી તો બાત હી નહીં). એક સમયકી જ્ઞાનકી પર્યાય એટલે અવસ્થા વહ જ્ઞાતાકો બતાતી હૈ—ઐસા વ્યવહાર આપને પહલે (૯-૧૦ ગાથામેં) પ્રસિદ્ધ કિયા થા ઔર....

(૮વીં ગાથામેં) : વ્યવહાર સ્થાપને યોગ્ય હૈ ઐસા (ભી) આપને કહા થા.

તો વ્યવહારકો અંગીકાર નહીં કરના (ઐસા આઠવીં ગાથામેં કહા) ઔર યહાં (૯-૧૦ ગાથામેં) કહતે હૈં કિ વ્યવહાર પરમાર્થકો બતાતા હૈ, તો (વ્યવહાર) અંગીકાર ક્યોં નહીં કરના ? સમજમેં આયા ?

पहले यह कहा था कि व्यवहारको अंगीकार नहीं करना.... પાઠમેં (–સંસ્કૃતમેં) તો ઐસા હૈ, कुतो व्यवहारनयो नानुसर्तव्य.... માથે (–ઉપર સંસ્કૃતમેં 'नय') શબ્દ હૈ. 'नय' શબ્દ (ઉપર સંસ્કૃતમેં) પડા હૈ, 'नय' શબ્દ આમાં (–પ્રશ્નમાં) નથી લીધો. व्यवहारको अंगीकार नहीं करना चाहिए, किन्तु यदि वह परमार्थको कहनेवाला है तो ऐसे व्यवहारको क्यों अंगीकार न किया जाये ? 'व्यवहार' શબ્દે 'વ્યવહારનય' સમજના. માથે.... ઉપર પાઠમાં (–સંસ્કૃતમાં) 'व्यवहारनय' (શબ્દ) છે ભાઈ ! कुतो व्यवहारनयो नानुसर्तव्य.... —ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ. કેમ વ્યવહારનય અંગીકાર નહીં કરના ? ક્યોં વ્યવહારકા અનુસરણ નહીં કરના ?

આપ પહલે (૮વીં ગાથામેં) તો 'વ્યવહાર અંગીકાર નહીં કરના' (—ઐસે) કહતે થે (ઔર) ૯-૧૦વીં ગાથામેં ઐસા કહા કિ ભગવાન (આત્મા) જ્ઞાતા-દ્રષ્ટા, શુદ્ધ, અભેદ, ચિદાનંદસ્વરૂપ હૈ.... સર્વજ્ઞે દીઠા ઐસા સત્ સ્વભાવી અભેદ એકાકાર (આત્મા) હૈ ઉસકો વ્યવહાર બતાતા હૈ.... જનાતા હૈ. તો વિકલ્પ આયા અને જ્ઞાનકી પર્યાય જો હૈ વહ ઉસ (–સ્વભાવકી) ઓર ઝૂકતી હૈ તો વ્યવહાર, પરમાર્થકો બતાનેવાલા (હૈ—ઐસા) તો આપ કહતે હો. (ઇસ પ્રકાર) વ્યવહાર પરમાર્થકો બતાતા હૈ.... પરમાર્થકો જનાતા હૈ, તો વ્યવહારકો ક્યોં અંગીકાર નહીં કરના ?

શ્રોતા : ઇતના તો લાભ હૈ !

પૂજ્ય ગુરૂદેવશ્રી : (વ્યવહારસે) લાભ (હૈ—ઐસા) પ્રશ્ન પૂછા નહીં હૈ, પરંતુ વહ (–વ્યવહાર) પરમાર્થકો બતાતા હૈ તો ક્યોં અંગીકાર નહીં કરના ? —ઇતના પ્રશ્ન હૈ. સમજમેં આયા ? (અજ્ઞાની) માને તો ઐસા ન ? કિ વ્યવહારસે નિશ્ચયકો લાભ હોતા હૈ. (લેકિન) ઐસા હૈ નહીં. વ્યવહારસે (સિર્ફ)

બતાયા હૈ. શરીર, વાણી, મન તો દૂર રહે, વિકલ્પ જો શુભ રાગાદિ હૈં વે ભી દૂર રહે. (—વે સબકો તો યહાં વ્યવહાર ભી નહિ કહા).

ભગવાન (આત્મા) જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ હૈ ઉસકી પર્યાયમેંસે ફક્ત જ્ઞાનપર્યાય જો હૈ, વહ જ્ઞાનપર્યાયસે 'યે જ્ઞાયક હૈ'—ઐસે જાનનેમેં.... અનુભવમેં આતા હૈ. તો વ્યવહાર પરમાર્થકો બતાનેવાલા હુઆ.

તો (કોઈ કહેતા હૈ કિ) 'વ્યવહારકો અંગીકાર કરના'—ઐસા (ઉસમેં) આ ગયા.... '(વ્યવહાર) અંગીકાર કરના'—ઐસા આ ગયા.

પહલે (૮વીં ગાથામાં) તો 'ના' પાડી હતી.... પહલે તો 'ના' પાડી હતી કિ વ્યવહારકો અંગીકાર નહીં કરના. સમજમેં આયા ? તો યે (વ્યવહાર અંગીકાર કરનેકી બાત) કહાંસે આયી ?

कुतो व्यवहारनयो नानुसर्तव्य.... ક્યોં વ્યવહારકા અનુસરણ.... અનુકરણ નહીં કરના ? અનુસરના નહીં ઔર અંગીકાર ક્યોં નહીં કરના ?—ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ. સૌભાગચંદભાઈ ! સમજમેં આયા ?

દૂસરી બાત તો નિકાલ દિયા કિ દયા, દાન ને વ્રત ને વ્યવહારસે નિશ્ચયકો (–મોક્ષમાર્ગમેં) લાભ હોતા હૈ.—વહ બાત તો હૈ (નહીં).... વહ તો કહીં દૂર રહ ગઈ. ઔર નિમિત્તસે લાભ હોતા હૈ વહ બાત (ભી) દૂર રહ ગઈ, ક્યોંકિ વહ પરવસ્તુ હૈ. પણ અંદરમેં ઇતના તો વ્યવહાર (–ભેદ) આયે બિના રહતા નહીં કિ 'યે આત્મા જ્ઞાન હૈ.... જ્ઞાન યે આત્મા.... જ્ઞાન યે આત્મા.. જ્ઞાન જાનતા હૈ'. તો 'જ્ઞાનપર્યાય વહ આત્મા'—ઐસા વ્યવહાર પરમાર્થકી ઓર ઝૂકાતા હૈ (અર્થાત્) પરમાર્થકો બતાતા હૈ. તો વહ વ્યવહારકો ક્યોં નહીં અંગીકાર કરના ? ક્યોં નહીં અનુસરના ? —ઐસા શિષ્યકા પ્રશ્ન હૈ. સમજમેં આયા ?

तो ऐसे व्यवहारको.... ('व्यवहार'કા મતલબ) યહાં 'વ્યવહારનય' લેના સબ જગહ. व्यवहारको अंगीकार नहीं करना.... એટલે વ્યવહારનયકો.... 'વ્યવહારનયકો' ઐસે લે લેના. व्यवहारको क्यों अंगीकार न किया जाये ? इसके उत्तररूपमें गाथासूत्र कहते हैं.

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।

પહલે (–ગાથાકે પહલે પદમેં) 'व्यवहार'में (–'व्यवहार' શબ્દકે સાથ) 'નય' શબ્દ નહીં પડા હૈ, પણ પીછે (–દૂસરે પદમેં) 'નય' (શબ્દ) પડા હૈન ? કિ 'सुद्धणओ'. તો વહ ('व्यवहार'કા અર્થ) આ ગયા કિ 'व्यवहारनय'.

ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ ।
भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो ।।११।।

व्यवहारनय अभूतार्थ दर्शित, शुद्धनय भूतार्थ है ।
भूतार्थ आश्रित आत्मा, सद्‌द्रष्टि निश्चय होय है ।।११।।

જૈનશાસનકી મહા પરમ ગાથા યહ હૈ. સમજમેં આયા ? ઉસકા....

अन्वयार्थ :—પહલે अन्वयार्थ લઈએ.

પાઠમેં (–મૂળ ગાથામેં) 'व्यवहार' શબ્દ પડા હૈ (ઔર) અર્થમેં (–અન્વયાર્થ તથા ટીકામેં) લિયા 'व्यवहारनय'. ક્યોંકિ વહ (અભેદ આત્માકો) 'शुद्धनय' (કહા) હૈ તો વે (ભેદાદિકો) 'व्यवहारनय' હી કહનેમેં (આતા હૈ). આ તો (મૂલ ગાથામેં) શબ્દ ટૂંકા (–કમ) કરનેકો ('व्यवहार') શબ્દ કહા હૈ.

व्यवहारनय अभूतार्थ है.... 'व्यवहारनय' હૈ (તો ભાવશ્રુતજ્ઞાનકા અંશ, લેકિન) નય ઔર નયકા વિષય.... દોનોંકો યહાં એક લેના (–લિયા) હૈ. નય, (ભાવશ્રુત)જ્ઞાનકા અંશ હૈ ઔર ઉસકા વિષય દૂસરા હૈ—ઐસા યહાં અધ્યાત્મમેં નહીં લેના હૈ.

ક્યા કહતે હૈં ?

નય તો જ્ઞાનકા અંશ હૈ.... વિષયી હૈ—વિષયકો (ગ્રહણ) કરનેવાલા વિષયી હૈ.... વિષય નામ દૂસરી ચીજકો જ્ઞેય બનાનેવાલા નય વિષયી હૈ. નય, (ભાવશ્રુત)જ્ઞાનકી પર્યાય હૈ—અંશ હૈ. વહ વિષયી હૈ એટલે કે જાનનેવાલા હૈ ઔર ઉસસે જાનનેલાયક તો જ્ઞેય.... પદાર્થ હૈં.

તો કહતે હૈં કિ જાનનેલાયક પદાર્થ.... ભેદ, રાગાદિ (વિષય હૈ) ઔર (જાનનેવાલા) નય હૈ. યહાં નય અને નયકા વિષય—દોનોંકો એક હી (–'નય'કે નામસે) કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? નહીં તો (યથાર્થમેં) 'નય' તો....

(૧) જ્ઞાનગુણ હૈ ઉસકી એક સમયકી પર્યાય હૈ (વહ) પ્રમાણ(જ્ઞાન) હૈ. ઔર....
(૨) વહ પ્રમાણ(જ્ઞાન)કે દો અવયવ હૈ નામ (અર્થાત્):
(i) નિશ્ચય(નય) ને
(ii) વ્યવહારનય.

સમજમેં આયા ? વહ (વ્યવહારનય) તો જ્ઞાનકા અંશ હુઆ, પણ યહાં વહ (પ્રમાણ)જ્ઞાનકા અંશ જો વ્યવહારનય હૈ ઔર ઉસકા જો વિષય હૈ—વે દોનોંકો હી વ્યવહારનય કહા હૈ.... દોનોંકો વ્યવહારનય કહા હૈ. સમજમેં આયા ? અમરચંદભાઈ !

### व्यवहारनय अभूतार्थ है....

(પ્રશ્ન :) નય અભૂતાર્થ હૈ ? નય તો (સમ્યક્)જ્ઞાનકા અંશ હૈ ?

(સમાધાન :) પણ વ્યવહાર જ્ઞાનકા (–નયકા) જો વિષય હૈ.... કૌન ? કિ નિમિત્ત.... વિકલ્પ.... ગુણ-ગુણીકા ભેદ કરના—ગુણ-ગુણીકા ભેદ.... આદિ વિકલ્પ હૈ (વે સબ આશ્રય કરને યોગ્ય નહીં હૈ, ઇસલિયે અભૂતાર્થ હૈં).

સદ્‌ભૂત વ્યવહારનય.... જ્ઞાનકી પર્યાય અપનેકો જાનતી હૈ ઔર પરકો જાનતી હૈ ઐસા સદ્‌ભૂત વ્યવહારનય હૈ. વહ (જ્ઞાનકી પર્યાય) વ્યવહારનયકા વિષય હૈ, તો ઉસકો હી સદ્‌ભૂત વ્યવહારનય કહ દિયા હૈ.

(અસદ્‌ભૂત વ્યવહારનય).... રાગ.... વિકલ્પ જો રાગ હૈ. વહ રાગકે દો ભાગ હૈ....

(૧) (ઉપચરીત....) જો રાગ જાનનેમેં આતા હૈ વહ અસદ્‌ભૂત (ઉપચાર) વ્યવહારનયકા (વિષય હૈ). તો વહ વિકલ્પ—રાગકો હી અસદ્‌ભૂત (ઉપચાર) વ્યવહારનય કહ દિયા હૈ યહાં ઔર
(૨) (અનુપચરિત....) જો રાગ જાનનેમેં નહીં આતા હૈ વહ રાગકો અસદ્‌ભૂત અનુપચાર (વ્યવહાર)નય કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

જો રાગ જાનનેમેં આતા હૈ વહ અસદ્‌ભૂત (ઉપચાર) વ્યવહારનય કહનેમેં આતા હૈ. (ઇસ પ્રકાર) રાગકો હી 'નય' કહનેમેં આતા હૈ યહાં તો. ભગવાનજીભાઈ ! ઝીણું છે આ હોં.

શ્રોતા : સમજવા જેવું છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : સમજવા જેવું છે, બરાબર. સમજમેં આયા ? ઔર જો જ્ઞાનકી પર્યાય જ્ઞાતાકો (અર્થાત્) 'યહ જ્ઞાન તે આત્મા' ઐસા (જાનતી હૈ વહ) સદ્‌ભૂત અનુપચાર વ્યવહારનયકા (વિષય) હૈ. તો ઉસકો 'વ્યવહારનય' કહ દિયા હૈ. નવનીતભાઈ ! સમજમેં આયા ?

ચાર પ્રકારકે વ્યવહારકે (વિષયકો) યહાં વ્યવહાર(નય) કહ દિયા હૈ. એક.... રાગકે (–રાગ સંબંધી) દો ભાગ :

(૧) જાનનેમેં આતા હૈ વહ (રાગ) અસદ્‌ભૂત ઉપચાર વ્યવહાર(નય) હૈ. ઔર

(૨) ઉસી સમય જાનનેમેં ન આયે વહ (રાગ) અસદ્‌ભૂત અનુપચાર વ્યવહાર(નય) હૈ, ક્યોંકિ (સૂક્ષ્મ રાગ) જાનનેમેં આતા નહીં.

ઔર (દૂસરા.... જ્ઞાન સંબંધી દો ભાગ) :

(૩) 'જ્ઞાન રાગકો જાને'—ઐસા લેના (–ઐસા જ્ઞાન) વહ સદ્‌ભૂત ઉપચાર (વ્યવહાર)નય હો ગયા.

જ્ઞાન અપના હૈન ? તો 'સદ્‌ભૂત' હુઆ (ઔર)
જાનતા હૈ અપનેસે, પણ પરકો જાનતા હૈ (તો) 'ઉપચાર' હો ગયા.
તો વહ સદ્‌ભૂત ઉપચાર ભી (અર્થાત્ રાગકો જાનનેવાલા જ્ઞાન ભી) વ્યવહારનયકા વિષય હો ગયા. ઔર

(૪) 'જ્ઞાન વહ આત્મા' (—ઐસા જાનનેવાલા જ્ઞાન) વહ સદ્‌ભૂત અનુપચાર (વ્યવહાર)નયકા વિષય હો ગયા.

—તો વિષયકો હી યહાં 'નય' કહનેમેં આતા હૈ.

સોભાગભાઈ ! જરીક સૂક્ષ્મ તો હૈ, પણ ગાથા હી ઐસી આયી હૈ, લો ! તુમ્હારે લિયે. તુમ્હારે લિયે દોપહરકો ઝીણા (–સૂક્ષ્મ વિષય) રખા હૈ. બે વાગે આવી'તી.... આજ ભાઈ ! અઢી વાગ્યાથી (પ્રવચન થશે એમ) કહ્યું હતુંને ? આજ બપોરે અઢીથી વાંચન દરરોજ થશે.... સામે (સાંજના) વખત મળતો નથીને. સમજમેં આયા ?

વ્યવહાર છેને ? જ્ઞાન.... આ છેલ્લો (ચોથો) બોલ હતો એ.... ભાઈ ! ૯-૧૦મી ગાથામાં જે (વાત) હતી એ (આ ચોથો બોલ) છે. 'જ્ઞાન તે આત્મા.... આ જ્ઞાન તે આત્મા....'—એ સદ્ભૂત અનુપચરિત (વ્યવહારનય) છે.

'સદ્ભૂત'.... (ક્યોંકિ) જ્ઞાન તો હૈ અપના, પણ ભેદ કિયા ન ? તો 'વ્યવહાર' હો ગયા ઔર

'અનુપચાર'.... નામ ઉસકે (–આત્માકે) સાથ (તાદાત્મ્ય)સંબંધ હૈન ? જ્ઞાન ને જ્ઞાતાકા (તાદાત્મ્ય)સંબંધ હૈ (ઇસલિયે 'અનુપચાર'). સમજમેં આયા ?

રાગકે (સાથ તાદાત્મ્ય)સંબંધ નહીં હૈ, (ઇસલિયે) રાગકો જાનના વહ તો 'ઉપચાર' હો ગયા, રાગ ખરેખર અપને (સાથ) સંબંધમેં હૈ નહીં. તો, રાગકો જાનના.... જ્ઞાન અપના ઔર રાગકો જાનના વહ સ્વ-પરપ્રકાશક(પના) સદ્ભૂત ઉપચાર (વ્યવહારનય) હો ગયા. (ઉસકા) ભી નિષેધ હૈ.

ઔર રાગકે દો ભાગ હૈં....

(૧) વ્યક્ત, (૨) અવ્યક્ત....

(૧) (વ્યક્ત....) ખ્યાલમેં આનેવાલા (રાગ) ઔર
(૨) (અવ્યક્ત....) ખ્યાલમેં નહીં આનેવાલા (રાગ).

—દોનોં હી અસદ્ભૂત વ્યવહારનયકે વિષય હૈ. તો વ્યવહારનયકે વિષયકો હી 'વ્યવહારનય' કહ દિયા યહાં તો. નય ઔર (ઉસકે) વિષયકો અભેદ આયા (–કહા) હૈ, જુદે (કહે) નહીં. સમજમેં આયા ?

व्यवहारनय अभूतार्थ है.... એ 'व्यवहार' શબ્દ (ગાથામેં) પડા થા (ઉસકે સાથ અન્વયાર્થમેં) 'नय' (શબ્દ) લે લિયા હૈ, ક્યોંકિ (આગે ગાથામેં ત્રિકાલી આત્માકો) 'शुद्धनय' કહનેમેં આયા હૈ. शुद्धनय भूतार्थ है.... અન્વયાર્થ ચલતા હૈ હોં અભી તો. शुद्धनय भूतार्थ है....

'शुद्धनय'કા અર્થ ?

'शुद्धनय'કા અર્થ અભેદ ચીજ ભૂતાર્થ હૈ ઉસકો 'शुद्धनय' કહનેમેં આતા હૈ.... ત્રિકાલી ચીજ જો ભૂતાર્થ એકરૂપ અભેદ સ્વભાવ હૈ.... સહજ જ્ઞાયક એકરૂપ સ્વભાવ હૈ ઉસકો હી 'शुद्धनय' કહનેમેં આતા હૈ. ભૂતાર્થકો હી શુદ્ધનય કહો.... નિશ્ચયનય કહો. (અહા !) ઉસકો હી 'નય' કહનેમેં આતા હૈ યહાં તો. વજુભાઈ !

શ્રોતા : વિષય અભેદ........

પૂજ્ય ગુરુદેવશ્રી : અભેદ.... યહાં (વિષયમેં) ભેદ-ભેદ હૈ નહીં. સમજમેં આયા ?

ऐसा ऋषीश्वरोंने दर्शाया है.... ઐસા સર્વજ્ઞ, મુનિયોંને.... મહા મુનિયોંને અને મહા સંતોને ઐસા દર્શાયા હૈ.... ઐસા કહા હૈ. जो जीव भूतार्थका आश्रय लेता है.... ('भूतार्थ' માને) જો 'શુદ્ધનય' કહા થા વહ. 'भूतार्थ' = ભૂત+અર્થ = છતો પદાર્થ, સત્ય પદાર્થ.... સત્ય પદાર્થ. 'સત્ય પદાર્થ' યહાં ઇસકો કહતે હૈં.... એક સમયકી પર્યાય ભી 'સત્ય પદાર્થ' નહીં. દયા, દાન, વિકલ્પ તો 'સત્ય પદાર્થ' નહીં....

(૧) <u>નિમિત્ત</u>—વહ તો અવસ્તુ.... પર હૈ, (લેકિન)

(૨) અપનેમેં <u>વિકલ્પ</u> ઉત્પન્ન હુઆ વહ ભી 'સત્ય પદાર્થ' નહીં.

(૩) વહ તો નહીં, પણ એક સમયકી <u>(નિર્મલ) અવસ્થા</u> ભી 'સત્ય પદાર્થ' નહીં.

શ્રોતા : શુદ્ધ પર્યાય.... ?

પૂજ્ય ગુરુદેવશ્રી : શુદ્ધ પર્યાય (ભી) 'સત્ય પદાર્થ' નહીં. સમજમેં આયા ?

એક સમયમેં (–વર્તમાનમેં ભી) ભૂતાર્થ—સત્.... 'ભૂત' નામ સત્.... સત્ સ્વરૂપ.... સત્ સ્વરૂપ ભગવાન જ્ઞાયક. (વહ) એકરૂપ સત્ સ્વરૂપ હૈ....

સહજ એક જ્ઞાયક, ભૂતાર્થ એકરૂપ સ્વરૂપ હૈ યે સત્ય હૈ.... વહ હી સત્ય હૈ. પર્યાયકો ભી યહાં 'અસત્' કહ દિયા હૈ. ક્યોંકિ પર્યાયસે અપના પ્રયોજન સિદ્ધ હોતા નહીં.... પર્યાયમેંસે (નયી) પર્યાય ઉત્પન્ન નહીં હોતી, પર્યાય દ્રવ્યમેંસે ઉત્પન્ન હોતી હૈ. તો, દ્રવ્યકો મુખ્ય કહા (ઉસકા) આશ્રય કરાનેકો (ઔર) પર્યાય ઉસકી હૈ ફિર ભી ગૌણ કરકે 'ઉસકી નહીં હૈ.... અસત્ હૈ'—ઐસા કહનેમેં આયા હૈ.

અભી (પ્રવચન) હિન્દીમેં ચલેગા (ઔર) દોપહરકો ગુજરાતીમેં ચલેગા. ક્યોંકિ વહ અધિકાર (૩૨૦ ગાથા, શ્રી જયસેનાચાર્યની ટીકા) ઐસા (–સૂક્ષ્મ) હૈન ! (તથા) વહ (૩૨૦ ગાથાકા અનુવાદ) ગુજરાતીમેં હૈ, હિંદીમેં હૈ નહીં. યે (સમયસાર) તો હિંદીમેં હૈ તો (હિન્દીમેં પ્રવચન) ચલતા હૈ. દોપહરકો (પ્રવચન) ગુજરાતીમેં ચલેગા. સમજમેં આયા ? સવેરેમેં હિંદીમેં (પ્રવચન) ચલેગા (ઔર) દોપહરકો ગુજરાતીમેં (પ્રવચન ચલેગા). દો બાત (હુઈ). સમજમેં આયા ?

કહતે હૈં, **जो जीव भूतार्थका....** અવલંબન **लेता है....** આશ્રય કરતા હૈ.... (ઉસકો) આધાર બનાતા હૈ.... સમજમેં આયા ? સમ્યગ્દર્શનકી પર્યાય ભૂતાર્થકા આશ્રય લેતી હૈ.... આશ્રય બનાતી હૈ.... આહાહા ! **भूतार्थ** = ભગવાન ધ્રુવસ્વરૂપ.... સત્ સ્વરૂપ.... પૂર્ણાનંદ સ્વરૂપ.... એકરૂપ સહજાત્મ પરમ પારિણામિકભાવ. પરમ પારિણામિક.... પણ યહાં 'જ્ઞાયકભાવ' કહના હૈ, ક્યોંકિ પારિણામિકભાવ તો જડમેં ભી હોતા હૈ. (ઇસલિયે) પરમ પારિણામિક જ્ઞાયકભાવ (—ઐસા કહના હૈ). સમજમેં આયા ?

સૂક્ષ્મ હૈ ભગવાન ! વહ ધર્મકી ચીજ બહોત સૂક્ષ્મ હૈ. સોભાગચંદભાઈ ! આહાહા ! ચાર ગતિના દુઃખ અનંત કાલસે અનુભવતે હૈં તો વહ દુઃખકા નાશ કરનેકા ઉપાય.... ભૂતાર્થકા આશ્રય કરના વહ હી દુઃખકા નાશ કરનેકા ઉપાય હૈ. નવનીતભાઈ ! સમજમેં આયા ?

કહતે હૈં, **जो जीव भूतार्थका आश्रय लेता है वह जीव निश्चयसे.... निश्चय** = વાસ્તવિક. **निश्चयसे सम्यग्द्रष्टि है....** યે નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ હૈ.... વાસ્તવિક સમ્યગ્દ્રષ્ટિ હૈ.... ખરેખર વહ હી સમ્યગ્દ્રષ્ટિ હૈ.... સમજમેં આયા ?—ઐસે

કહતે હૈં. નવ તત્ત્વકી વ્યવહાર શ્રદ્ધા, દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધા.... વહ શ્રદ્ધા-બદ્ધા વસ્તુ (–યથાર્થ) હૈ નહીં.... વહ સમ્યગ્દર્શન હૈ નહીં.

શ્રોતા : સબ અભૂતાર્થ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સબ અભૂતાર્થ હૈ. (જહાં) ઉસકી (–જીવકી) એક સમયકી પર્યાય અભૂતાર્થ હૈ, પીછે દૂસરી.... વહ ભેદ (આદિ)કી બાત ક્યા (કરના) ? (રાગાદિ) હૈ તો ઉસકી પર્યાય, પર્યાયદ્રષ્ટિસે તો વહ ભૂતાર્થ હૈ. એક સમયકી પર્યાય (આદિ) પર્યાયદ્રષ્ટિસે તો ભૂતાર્થ હૈ, પણ અપને ત્રિકાળકે (–ત્રિકાલી દ્રવ્યકા) અવલંબન (લેને)કી મુખ્યતા કરનેસે, એક સમયકી ભૂતાર્થ (–અસ્તિ) પર્યાયકો ભી યહાં ગૌણ કરકે 'અભૂતાર્થ' કહ દિયા હૈ.... ગૌણ કરકે (અભૂતાર્થ) કહ દિયા હૈ, (પણ) અભાવ કરકે (અભૂતાર્થ) કહ દિયા હૈ—ઐસા નહીં.

શ્રોતા : બહોત સૂક્ષ્મ હૈ.

પૂજ્ય ગુરૂદેવશ્રી : સૂક્ષ્મ ? તુમ (સુનને) આયે હો તો સૂક્ષ્મ આતા હૈ કિ નહીં ? તુમ્હારા 'સૌભાગ્ય'ભાઈ નામ હૈ કિ નહીં ? હમ તો 'સોભાગભાઈ' કહતે હૈંન ? તુમ્હારે લિયે તો દોપહરકો ઝીણા (–સૂક્ષ્મ વિષય) રખા હૈ. શેઠીયા આવે છે તો.... વાંચો તો ખરા. તે દિ' રામજીભાઈએ (સમયસારની ગાથા ૩૨૦, શ્રી જયસેનાચાર્યની ટીકા) વાંચવાનું કહ્યું'તું, કે આપણે અહીં (રાજકોટમાં) વાંચીએ છીએ તો સોનગઢમાં તો વાંચવું.

વળી પાંચ-છ દિવસ પહેલાં (૩૨૦ ગાથાની શ્રી જયસેનાચાર્યની ટીકા પ્રવચનમાં વાંચવાનો) વિચાર આવ્યો'તો, (ત્યાં) વળી પાછી પરમ દિ' રાત્રે કાંઈક ચર્ચા થતી હતી તેમાં 'નિષ્ક્રિય' (શબ્દ) આવી ગયો. 'નિષ્ક્રિય' (શબ્દ) આવ્યોને ? 'નિષ્ક્રિય'.... તો કીધું '(આ તો) પારિણામિકભાવકી વાત ! અરે ! આ તો વાત આપણે શેઠીયાને તો કરવાની હતી'—તેમ (વાત) થઈ હતી ૫-૬ દિ' પહેલાં. (પણ) ભૂલી ગયા પાછા.... ભૂલી ગયા. (હવે એ વાત પાછી યાદ) આ ગયી તો આ ગયી. તો રાત્રિકો પછી.... પરસો રાત્રિ, કલ નહીં, નક્કી કિયા કિ છાપ દો. ૧૦૦૦ પન્ને (–કોપી છાપી) હૈં. દોપહરકો આયેંગે. સમજમેં આયા ? ગુજરાતીમેં આયેંગે હોં.

ક્યા કહતે હૈં ?

યે તો આત્માકી ધર્મકથા હૈ. સમજમેં આયા ? આહાહા ! ધર્મકા ધરનેવાલા.... કાયમી સ્વભાવ, અસલી સ્વભાવ, ધ્રુવસ્વભાવ, પરમસ્વભાવ હૈ ઉસકા ધરનેવાલા તો આત્મા હૈ. વહ તો અભેદ હૈ, એકરૂપ હૈ. **शुद्धनय भूतार्थ है....** અર્થાત્ વહ (–ત્રિકાલી આત્મા) નિશ્ચય ને શુદ્ધ હૈ, યે હી સત્યાર્થ હૈ. વ્યવહાર જિતના કહો યે તો સબ 'અભૂતાર્થ' ને 'અસત્યાર્થ' હૈ.

તો કહતે હૈં કિ જો (જીવ), વસ્તુ ત્રિકાલી ધ્રુવ એકરૂપ સહજ જ્ઞાયકભાવ હૈ ઉસકા આશ્રય કરતે હૈં.... પર્યાયકો ઉસકા આશ્રય દેતે હૈં.... આહા ! વજ્ર ભીંત ધ્રુવ.... અનાદિ ધ્રુવસ્વભાવ હૈ.... ઉસકા જો પર્યાયસે આશ્રય લેતે હૈં, વે હી સત્ય સમ્યગ્દ્રષ્ટિ હૈં.... વે હી નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ હૈં.... વે હી સચ્ચે સમ્યગ્દ્રષ્ટિ હૈં. કહો, સમજમેં આયા ? વહ શબ્દાર્થ (–અન્વયાર્થ) હુઆ. હવે....

**टीका :—**પાઠમેં (–મૂલ ગાથામેં) તો '**ववहारोऽभूदत्थो**'.... ઇતના શબ્દ હૈ. ઉસકી અમૃતચંદ્રાચાર્યે ટીકા બનાયી કિ '**व्यवहार<u>नय</u>**'.... દેખો ! ત્યાં (મૂલ ગાથામેં) '**व्यवहार**'.... શબ્દ પડા હૈ તો (ટીકામેં) '**व्यवहार<u>नय</u>**'.... (ઐસા શબ્દ) લે લિયા હૈ, (મૂલ ગાથાકે ભાવકો) સ્પષ્ટ કરનેકો. (કુંદકુંદ)આચાર્યકો ભી 'વ્યવહારનય' હી કહના હૈ.

**व्यवहारनय सब ही अभूतार्थ....** (મૂલ ગાથામેં) **ववहारोऽभूदत्थो....** કહા ન ? (ઉસકા અર્થ યહ હૈ) કિ વ્યવહાર અસત્યાર્થ હૈ.... અભૂતાર્થ હૈ.—ઇતના (મૂળ ગાથામેં) પાઠ હૈ. તો (અમૃતચંદ્ર) આચાર્યને (ગાથાકા ભાવ) ખોલકર સ્પષ્ટ કર દિયા કિ **व्यवहारनय सब ही अभूतार्थ है....** સમજમેં આયા ? પાઠમેં તો ઇતના હૈ કિ 'વ્યવહાર અભૂતાર્થ હૈ.... વ્યવહાર તે અસત્ય હૈ'....—ઇતના. તો યહાં વ્યવહારકો 'અસત્ય' કહા (કુંદકુંદ)આચાર્યને, તો વ્યવહારનયકે જિતને ભેદ હૈં ઉસકો (–વે સબકો અમૃતચંદ્રાચાર્યને) લે લિયે.

**व्यवहारनय सब ही अभूतार्थ है.... व्यवहारनय सब ही अभूतार्थ है....** અધ્યાત્મમેં વ્યવહારનયકે ચાર ભેદ આતે હૈં....

(૧) અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય....
(૨) અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય....
(૩) સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય.... (ઔર)
(૪) સદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય.

(૧) (અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનયકી વ્યાખ્યા :) પહલે કહ ગયે કિ વિકલ્પ–રાગ જો આયા હૈ (વહ યદિ) જાનનેમેં.... ખ્યાલમેં આતા હૈ, તો ઉસ રાગકો અસદ્‌ભૂત ઉપચાર (વ્યવહારનય કહતે હૈં). (અસદ્‌ભૂત ઉપચાર) વ્યવહારનયકે વિષયકો ઔર ઉસકો —વ્યવહારનયકો, અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય કહતે હૈં. જો રાગ જાનનેમેં આતા હૈ ઉસકો અસદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય કહતે હૈં.

(૨) (અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનયકી વ્યાખ્યા :) ઔર ઉસ સમયમેં ઉપયોગ સૂક્ષ્મ (નહીં) હૈ, તો અવ્યક્ત (–અબુદ્ધિપૂર્વકકા રાગ) સાથમેં હૈ વહ જાનનેમેં આતા (નહીં). તો જાનનેમેં નહીં આતા ઉસકો (—ઐસે રાગકો)....

'અસદ્‌ભૂત' (કહા), ક્યોંકિ (રાગ) આત્મામેં હૈ નહીં, (ઔર)
'વ્યવહાર' હુઆ, (ક્યોંકિ) ભેદ હુઆ ન અપેક્ષાસે ? ઔર ઉસકો
'અનુપચાર' (કહા, ક્યોંકિ) (અબુદ્ધિપૂર્વકકા રાગ) ખ્યાલમેં આયા નહીં.

(અબુદ્ધિપૂર્વકકા રાગ) ખ્યાલમેં ન આયા, તો વહ કારણસે ઉસકો અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય કહતે હૈં. (જો) રાગ ખ્યાલમેં નહીં આયા, ઉસકો અસદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય કહતે હૈં.

(૩) (સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનયકી વ્યાખ્યા :) ઔર રાગ હૈ ઉસકો જ્ઞાન જાનતા હૈ.... જ્ઞાન, રાગકો જાનતા હૈ. તો ઐસા જ્ઞાન—કિ જો રાગકો જાનતા હૈ (વહ સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય હૈ). તો....

('સદ્‌ભૂત').... જ્ઞાન તો હૈ અપના, (ઇસલિયે) યે તો 'સદ્‌ભૂત' હુઆ (ઔર)
('વ્યવહાર').... ભેદ હુઆ....'ગુણીકે ગુણકી (જ્ઞાન)પર્યાય' (—યે તો) ભેદ હુઆ (તો વહ) 'વ્યવહાર' હુઆ.
('ઉપચાર').... (જ્ઞાન) હૈ (વહ) અપના હૈ (ઔર) રાગકો જાનતા હૈ.... (હૈ) વહ જ્ઞાન અપના ઔર રાગકો જાનતા (હૈ તો) 'ઉપચાર' હો ગયા.

—તો (ઇસ પ્રકાર વહ) સદ્‌ભૂત ઉપચાર વ્યવહારનય હો ગયા. સમજમેં આયા ? ઔર....

(૪) (સદ્‌ભૂત અનુપચરિત વ્યવહારનયકી વ્યાખ્યા :) જ્ઞાન તે આત્મા. વહ (નવમી)–દસમી ગાથામેં કહા થા કિ યહ જ્ઞાનકી પર્યાય.... જ્ઞાનકી પર્યાય (હૈ) વહ 'યે આત્મા.... યે આત્મા'—ઐસે જ્ઞાનકી (પર્યાય) ઔર આત્માકા ભેદ બતાતી હૈ વહ ('વ્યવહારનય' ઔર વહ) 'અનુપચાર' હૈ, (ક્યોંકિ) ઉસકા (–આત્માકા) જ્ઞાન હૈન ? કોઈ પરકા (જ્ઞાન) નહીં હૈ, (ઇસપ્રકાર 'અનુપચાર' હૈ ઔર) ભેદ પડા તો 'વ્યવહાર' હૈ.

'સદ્‌ભૂત'.... (જ્ઞાન) અપની પર્યાયમેં હૈ (ઇસલિયે) 'સદ્‌ભૂત' હૈ,
('વ્યવહાર').... ભેદ પડા તો 'વ્યવહાર' હૈ અને
('અનુપચાર')....જ્ઞાન અપના હૈ (–અપનેકો જાનતા હૈ), કોઈ પરકો (જાનતા) નહીં હૈ, (ઇસલિયે 'અનુપચાર').

—ઇસ અપેક્ષાસે સદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય (કહા જાતા હૈ). 'જ્ઞાન(ગુણ) તે આત્મા'—ઇતના (ભેદ)કો ભી સદ્‌ભૂત અનુપચાર વ્યવહારનય કહતે હૈં.

—યે ચારેય નય (અર્થાત્) વ્યવહારનયકા વિષય જૂઠા હૈ. નવનીતભાઈ ! આહાહા !

'જૂઠા'કા વિશેષ અર્થ કહેંગે હોં. 'યે (પર્યાયાદિ) નહીં હૈ'—ઐસા નહીં હૈ, (પરંતુ) અપને ત્રિકાળી (દ્રવ્યકી) અપેક્ષાસે (દ્રવ્યકો) મુખ્ય કરકે (ઔર) ઉસકો (–પર્યાયાદિકો) ગૌણ બના કરકે ઉસકો (–પર્યાયાદિકો) 'અસત્યાર્થ' કહનેમેં આયા હૈ. 'સર્વથા પર્યાય નહીં હૈ' (—ઐસે ઉસકો સર્વથા) અસત્યાર્થ માન લે તો એકાંત મિથ્યાદ્રષ્ટિ હો જાય. સમજમેં આયા ? કલ્યાણજીભાઈ ! ભારે ઝીણું આ.

વસ્તુ....વસ્તુ....—એને જ દ્રવ્ય કહે છે. પર્યાય તો વ્યવહારનયકા વિષય હૈ. ઉત્પાદ-વ્યય ભી.... ઉત્પાદ-વ્યય(રૂપ) એક સમયકી પર્યાય—અવસ્થા વહ વ્યવહારનયકા વિષય હૈ. નિશ્ચય તો.... દ્રવ્ય–વસ્તુ જો ત્રિકાળી હૈ યે નિશ્ચયનયકા વિષય હૈ. સમજમેં આયા ? યે મુદ્દાકી રકમકી બાત હૈ.

કહતે હૈં, **व्यवहारनय सब ही अभूतार्थ है, इसलिये....** આ કારણે.... એમ. છેને પાઠ ? **व्यवहारनयो हि सर्व एवाभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति....** સંસ્કૃત ટીકા હૈ.

ક્યા કહતે હૈં ?
કિ જિતના....
ભેદ દેખના (–દિખતા હૈ)....
રાગાદિ દેખના (–દિખતે હૈં)....
પર્યાય દેખના (–દિખતી હૈ)....

—વે સબ અભૂતાર્થ હૈ. વસ્તુમેં નહીં.... ત્રિકાળી દ્રવ્યમેં નહીં, ઇસ અપેક્ષાસે ઉસકો (–વ્યવહારનયકે વિષયકો) 'અસત્યાર્થ'.... નહીં હૈ.... વે નહીં હૈ (—ઐસા કહનેમેં આયા હૈ).

વ્યવહારનયકે વિષય '**अविद्यमान**' હૈ—ઐસે કહતે હૈં અહીં તો. ત્રિકાળી (દ્રવ્ય)કી અપેક્ષાસે ઉસકો '**अविद्यमान**' કહા હૈ. હૈ તો (વ્યવહારનયકે વિષય) વિદ્યમાન. (ક્યોંકિ) નય.... નયકા વિષય (વિદ્યમાન) હો તો નય પડતે (–હોતે) હૈંન ? નય.... નયકા વિષય કોઈ ચીજ હો તો (નય) પડતે (–હોતે) હૈંન ? સમજમેં આયા ? વહ ત્રિકાળી જ્ઞાયકકા આશ્રય લેનેમેં પર્યાયકા આશ્રય (–લક્ષ)

કામ નહીં કરતા, (ક્યોંકિ) પર્યાયકા આશ્રય (–લક્ષ) કરને જાય તો વિકલ્પ ઉત્પન્ન હોતે હૈં ઔર (ઉસમેં) લાભ માને તો મિથ્યાત્વ હોતા હૈ. સમજમેં આયા ?

ઇસ કારણસે (ઔર) ત્રિકાળી જ્ઞાયકભાવકે કાર્યકી (–આશ્રય કરાનેકી) અપેક્ષાસે જિતને વ્યવહારનયકે ભેદ હૈં યે 'अविद्यमान' હૈં.... 'હૈં' હી નહીં (—ઐસા કહા હૈ). લ્યો !.... સમજમેં આયા ? (ભેદ) 'હૈં' હી નહીં, ક્યોંકિ અભેદમેં ભેદ દિખતે નહીં.... એકમેં અનેકપના દિખતે નહીં, તો એકકી અપેક્ષાસે અનેકપના ઔર ભેદ 'अविद्यमान' નામ વિદ્યમાન હૈં નહીં—ઐસા કહનેમેં આયા હૈ. સોભાગભાઈ ! (વિષય) બરાબર ઝીણા હૈ, પણ સમજના પડેગા. એ સિવાય (શાંતિ) ક્યાંય.... ધૂળમાંય નથી ક્યાંય.

આ અમારા સોભાગભાઈ પૈસાવાળા છે લ્યો ! કરોડપતિ.... ક્યા હૈ ? ધૂળમેં હૈ નહીં કાંઈ.

યહાં તો કહતે હૈં કિ જ્ઞાનકી પર્યાય અપની હૈ યે ભી 'अभूतार्थ' હૈ—ઐસે કહતે હૈં ભાઈ ! આહાહા ! (જ્ઞાનકી પર્યાય) 'अभूतार्थ'.... 'अविद्यमान' હૈ, ત્રિકાળી (દ્રવ્ય)કી અપેક્ષાસે. એકરૂપ, સહજ જ્ઞાયકભાવ હૈ (ઉસકી અપેક્ષાસે) રાગ-દ્વેષકા પરિણામ તો 'अविद्यमान' હૈ હી ઔર અપની અપેક્ષાસે પરદ્રવ્ય તો 'अविद्यमान' હી હૈ.... અવસ્તુ હી હૈ.

ક્યા કહતે હૈં સમજમેં આયા ? ભગવાન આત્મા.... અપના જો સ્વરૂપ હૈ ઉસકી અપેક્ષાસે તો પરમાત્મા ત્રિલોકનાથ ભી 'अविद्यमान' હી હૈં.... અદ્રવ્ય હૈ.... 'अविद्यमान' હૈ.... 'હૈ' હી નહીં. આ (અપના સ્વરૂપ) સત્ય હૈ, તો ઇસ અપેક્ષાસે દૂસરી વસ્તુ અસત્ય હૈ. આહાહા ! નવનીતભાઈ ! વહ તો ઠીક.... સમજમેં આયા ? પણ અપની પર્યાયમેં રાગ-દ્વેષ ઉત્પન્ન હોતે હૈં વે ભી અવિદ્યમાન હૈં.... દ્રવ્યમેં હૈં હી નહીં.... 'अविद्यमान' હૈં.... જૂઠે હૈં.... અસત્ય હૈં.

દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાકા વિકલ્પ ઊઠતા હો યા નવ તત્ત્વકી શ્રદ્ધાકા શુભરાગ ઊઠતા હો, કહતે હૈં કિ વે 'अविद्यमान' હૈં.... 'હૈં' હી નહીં ન. અપને ત્રિકાળીકી અપેક્ષાસે (–વિકલ્પ) તો 'હૈ' હી નહીં, (ક્યોંકિ) વહ તો અશુદ્ધ હૈ તો

'હૈ' નહીં, પણ અબ (કહતે હૈ કિ), અપની પર્યાયમેં જ્ઞાનકા જો નિર્મળ અંશ હૈ.... વ્યક્ત ક્ષયોપશમજ્ઞાનકા અંશ હૈ વહ ભી **'अविद्यमान'** હૈ.

કિસ અપેક્ષાસે ?

કિ....

(૧) ત્રિકાળી **'भूतार्थ'**કી અપેક્ષાસે યે (જ્ઞાનકા અંશ) **'अभूतार्थ'** હૈ.

(૨) યે (ત્રિકાળી દ્રવ્ય) '<u>સત્યાર્થ</u>' હૈ, (તો જ્ઞાનકા અંશ) '<u>અસત્યાર્થ</u>' હૈ,

(૩) આ (ત્રિકાળી દ્રવ્ય) <u>'હૈ'</u> તો (જ્ઞાનકા અંશ) <u>'નહીં'</u> હૈ.

અમરચંદભાઈ ! સમજમેં આયા ? હેમચંદજી !

<u>કોઈ વાદવિવાદસે પાર પડે ઐસી ચીજ નહીં હૈ.</u>

(કિસીને યહ) ગાથામેંસે.... ઇસ (ગાથા)કા ઇતના (–ઐસા) અર્થ કિયા થા કિ 'કુંદકુંદાચાર્યને તો યહ બાત વેદાંતકે ઢાળેમેં ઢાળ દિયા હૈ.'

ભાઈ ! ઐસા નહીં હૈ.

યહાં વ્યવહારકો **'अभूतार्थ'** કહા ન ? (અર્થાત્) પર્યાયકો 'જૂઠા' કહ દિયા. (ઇસલિયે કોઈ કહતા હૈ કિ "યહાં) પર્યાયકો 'જૂઠા' (કહા), રાગકો 'જૂઠા' (કહા ઔર) પર (દ્રવ્ય)કો 'જૂઠા' (કહા), તો પર (દ્રવ્ય આદિ રહે) નહીં, અકેલી એક (સ્વ)વસ્તુ હી રહ ગઈ."

ક્યા કહતે હૈં સમજમેં આયા ?

ઇસ ગાથામેંસે.... (એક ભાઈ) ગુજરી ગયાને !.... વહ ઐસે કહતે થે (કિ) 'કુંદકુંદાચાર્યને સમયસારકો વેદાંતકે ઢાળેમેં ઢાળા હૈ.

(સમાધાન :) બિલકુલ નહીં.... બિલકુલ નહીં. (ક્યોંકિ દ્રવ્ય-પર્યાયમય) વસ્તુકા સ્વરૂપ હૈ (ઉસમેંસે) મુખ્ય-ગૌણ કરકે કહનેમેં આયા હૈ. ઇસસે પર્યાયકા અભાવ હો ગયા હૈ—ઐસા હૈ નહીં. સમજમેં આયા ?

અપની (–સ્વકી) અપેક્ષાસે સબ પરવસ્તુ અસત્યાર્થ હૈ, ઐસે અપને ત્રિકાળી (દ્રવ્ય)કી અપેક્ષાસે અપની એક સમયકી (નિર્મલ) પર્યાય ઔર રાગ-દ્વેષ અસત્યાર્થ હી હૈ.

(કોઈ કહે :) (યહ તો) 'બ્રહ્મ સત્ ને સબ જગત મિથ્યા'—ઐસા હો ગયા. 'બ્રહ્મ સત્ ને જગત મિથ્યા'.... બ્રહ્મ (માને) ભગવાન આત્મા એક હી સત્ હૈ (ઔર) દૂસરા સબ અસત્ હૈ (—ઐસા હો ગયા).

(સમાધાન :) યહાં ઐસી ભાષા લી હૈ, પણ કઈ અપેક્ષાસે લિયા હૈ. શેઠીયા ! બાત તો ઐસી હી લી હૈ, પર વહ કઈ અપેક્ષાસે લિયા હૈ (વહ સમજના ચાહિયે).

શ્રોતા : (જગત) હયાતી ધરાતા હૈ.....

પૂજ્ય ગુરુદેવશ્રી : (હા, જગત) હયાતી ધરાતા હૈ. (તો) પણ અપની (–સ્વદ્રવ્યકી) 'હયાતી'કી અપેક્ષાસે જૈસે દૂસરે (દ્રવ્ય) 'અહયાતી' હૈ, ઐસે અપને ત્રિકાળી (દ્રવ્ય)કી અપેક્ષાસે એક સમયકી પર્યાય ભી 'અહયાતી' હૈ—ઐસા કહનેમેં આતા હૈ. (પર્યાયકો) ગૌણ કરકે અભાવ કહા હૈ.... 'નથી'—એમ કહા હૈ, (પણ) અભાવ કરકે 'નથી'—ઐસે કહનેમેં આયા નહીં હૈ. સમજમેં આયા ? વજુભાઈ ! નહીંતર (જગતમાં) એક જ વસ્તુ (–ત્રિકાળી દ્રવ્ય જ) રહેશે.

(કોઈ અજ્ઞાની કહે છે :) વ્યવહાર અભૂતાર્થ થઈ ગયો (એટલે બધાનો અભાવ) થઈ ગયો જાવ ! પર્યાય નહીં, રાગ-દ્વેષ નહીં (અને) પરવસ્તુ નહીં; સર્વવ્યાપક એક વસ્તુ રહી ગઈ લ્યો ! ગુણ-ગુણી ભેદ નહીં.... એક દ્રવ્યમેં ગુણ ઘણા—એ નહીં, પર્યાય નહીં.... સમજમેં આયા ? બીજી (કોઈ) ચીજ નહીં, અકેલી રહ ગઈ એક ચીજ.

(સમાધાન :) એમ નથી. સમજમેં આયા ? આ (આત્મા) તો પૂર્ણ વસ્તુ ભગવાન હૈ, (ઇસલિયે) જિસમેં (–જિસકે આશ્રયસે) અપના પ્રયોજન સિદ્ધ નહીં હોતા હૈ ઐસે પર્યાય ઔર રાગકો અપ્રયોજનભૂત ગિનકે 'અસત્યાર્થ' કહ દિયા હૈ. (અર્થાત્) મુખ્યકો (–ત્રિકાળી દ્રવ્યકો) બતાનેકે લિયે (વ્યવહારકો) ગૌણ કરકે 'અસત્યાર્થ' કહા હૈ, (લેકિન) અભાવ કરકે ('અસત્યાર્થ' કહા નહિ

હૈ).... પર્યાય, રાગાદિ ને પરવસ્તુ હૈ હી નહીં—ઐસા હૈ નહીં. આહાહા ! સમજમેં આયા ?

યહ ગાથા તો સારે જૈનશાસનકા સ્તંભ હૈ, સારે વિશ્વદર્શનકી ગાથા હૈ. સમજમેં આયા ? (ત્રિકાળી) સત્યકો જાહેર કરનેવાલી.... પ્રસિદ્ધ કરનેવાલી ગાથા હૈ. ઔર 'असत्य' નામ ગૌણ.... જો પર્યાયાદિક હૈ (ઉસકો) ગૌણ કરકે 'અસત્યાર્થ' કહનેમેં આયા હૈ. જ્ઞાનચંદજી ! આહાહા !

ત્રિકાલી એકરૂપ ભગવાન (આત્મા હૈ) ઉસકી દ્રષ્ટિમેં.... ભૂતાર્થકી દ્રષ્ટિમેં તો એકરૂપ ભૂતાર્થ હી રહતા (–વિષય બનતા) હૈ, ઉસમેં કોઈ ભેદ-બેદ (હૈ નહીં). (ઉસમેં) પર્યાયકા ભેદ કિ ગુણ-ગુણીકા ભેદ કિ રાગ (આદિ).... કુછ હૈ હી નહીં. વહ અપેક્ષાસે व्यवहारनय सब ही अभूतार्थ है.... 'अविद्यमान' (શબ્દસે) તો ઉસકા— 'अभूतार्थ'કા અર્થ કિયા. પાઠ તો ઇતના હૈ : अभूतार्थत्वादभूतमर्थं....

(વ્યવહારનય) 'જૂઠા' હૈ તો જૂઠેકો (–દ્રવ્યમેં નહીં ઉસકો) કહતા હૈ, લ્યો ! વ્યવહારનય 'જૂઠા' હૈ, તો જૂઠકી બાત કરતા હૈ.. જૂઠકી બાત કરતા હૈ. 'જૂઠા' (શબ્દ) બહોત (બાર) આતા હૈ ભાઈ ! અપની 'કળશટીકા'મેં.... 'કળશટીકા' (કળશ-૫)માં ('જૂઠો' શબ્દ) આવે છે. એ અસદ્‌ભૂત (વ્યવહાર)ને સર્વથા જૂઠો કહેવામાં આવે છે.... એકદમ જૂઠા.. જૂઠા.. જૂઠા..

પરકા કર્તા કહના (વહ ક્યા હૈ) ?
કિ જૂઠ હૈ. સમજમેં આયા ?

(પ્રશ્ન :) વ્યવહારસે ધર્મ હોતા હૈ ?

(સમાધાન :) (વ્યવહાર) જૂઠા હૈ. સમજમેં આયા ? યહાં તો કહતે હૈં, ત્રિકાળીકી અપેક્ષાસે એક (સમયકી અપની) પર્યાય.... અવસ્થા (ભી) જૂઠી હૈ. સમજમેં આયા ? ભીખાભાઈ !

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : થોડું થોડું ધ્યાન હતું લ્યો ! આહાહા !

વ્યવહારનય(કી દ્રષ્ટિસે).... પ્રાણી દુઃખી હૈ પર્યાયદ્રષ્ટિસે.... અંશદ્રષ્ટિમેં દુઃખ (ઔર) મિથ્યાત્વભાવ હૈ. 'રાગ મેરા હૈ, નિમિત્ત મેરા હૈ'—ઇતના (—ઐસા માનનેવાલા) તો દુઃખી (ઔર) મિથ્યાદ્રષ્ટિ હૈ હી, પરંતુ અંશ જો વિકાસકા.... (જ્ઞાન)પર્યાયકા અંશ હૈ વહ (ઉપર દ્રષ્ટિ હૈ તો) અંશદ્રષ્ટિ.... પર્યાયદ્રષ્ટિ.... વ્યવહારદ્રષ્ટિ.... મિથ્યા દ્રષ્ટિ હૈ. ક્યોંકિ સારા (–પૂરા) ભગવાન આત્મા રહ ગયા (–દ્રષ્ટિમેં આયા નહીં). (ભેદકો) દ્રષ્ટિમેં લેનેસે સારી દ્રષ્ટિ (ભેદમેં) રહ (–રુક) ગઈ, (ત્રિકાળી દ્રવ્યરૂપ) વિષય રહ ગયા. સમજમેં આયા ?

અનાદિસે પ્રાણી, અંશકો અપના પૂર્ણ (સ્વરૂપ) માનકર મિથ્યા દ્રષ્ટિસે (અર્થાત્) પૂરા સમ્યક્.... સત્(સ્વરૂપ)કા અનાદર કરકે ચાર ગતિમેં રુલતે હૈં. વહ રુલના બંધ કરનેકા ઉપાય ક્યા હૈ વહ બતાતે હૈં....

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, વહ કહતે હૈં, પણ સબ (અજ્ઞાની)કો દુઃખી કહા હૈ હોં. તુમ પૈસાવાલેકો ભી યહાં દુઃખી કહતે હૈં. દુઃખી.. દુઃખી.. દુઃખી.. ('દુઃખી હું') એ તો અમથીય (–કહ્યા વગર) ખબર હૈ કિ નહીં શેઠીયા ? (પૈસાવાળાને) બહારની ઉપાધિના પાર (ન મળે). પણ (પૈસા) ન હોય તોય પરલક્ષસે વિકલ્પ ઉઠતે હૈં યે દુઃખ હૈ. ઔર વહ તો દુઃખ હૈ, પણ અપનેમેં વર્તમાન પર્યાયરૂપ અંશ હૈ.... ઉત્પાદ-વ્યયકા અંશ હૈ—ઇતનેમેં (–ઉસ પર) દ્રષ્ટિ રખનેસે મિથ્યાત્વ હૈ (ઔર) મિથ્યાત્વ યે દુઃખ હૈ. સમજમેં આયા ?

'દુઃખકી વ્યાખ્યા'.... કોઈ સંયોગ પ્રતિકૂળ હો વહ દુઃખ હૈ—ઐસી (દુઃખકી) વ્યાખ્યા હૈ નહીં. પ્રતિકૂળ સંયોગ હૈ તો દુઃખી હૈ (ઔર) અનુકૂળ સંયોગ હૈ તો સુખી હૈ—ઐસી (સુખ-દુઃખ)સ્વરૂપકી સ્થિતિ હૈ હી નહીં. નવનીતભાઈ !

અપના ભગવાન આત્મા આનંદપિંડ પ્રભુ ત્રિકાળી હૈ.... આનંદકા પિંડસ્વરૂપ ધ્રુવ હૈ—ઐસી ભૂતાર્થદ્રષ્ટિ ન કરકે (અર્થાત્) સત્ ભગવાન સચ્ચિદાનંદ સત્ પ્રભુ.... સત્ સાહેબ પોતે (–સ્વયં હૂં)—ઐસી દ્રષ્ટિ ન કરકે, (પર્યાયાદિ) અંશ ઉપર દ્રષ્ટિ હૈ કિ 'વહ મેરા (હૈ' તો વહ મિથ્યાત્વ ભાવ હૈ)....

(૧) 'યે પર(પદાર્થ) મેરા ને લડકા મેરા ને પૈસા મેરા ને શરીર મેરા ને કર્મ મેરા' (—ઐસે અન્ય જીવ ઔર અજીવકો અપના માનનેવાલા) મિથ્યાત્વ ભાવસે તો દુઃખી, દુઃખી હૈ, પણ....

(૨) 'પુણ્ય–પાપકા આસ્રવ મેરા' (—ઐસે આસ્રવ ઔર બંધમેં એકત્વ કરનેવાલા) મિથ્યાદ્રષ્ટિ તો દુઃખી હૈ, પણ....

(૩) 'એક સમયકા અંશ હૈ ઇતના મૈં હૂં' (—ઐસે સંવર, નિર્જરા ઔર મોક્ષ જિતના હી અપનેકો માનના ભી) મિથ્યાત્વ ભાવ હૈ, દુઃખ હૈ.

સમજમેં આયા ? નેમિચંદભાઈ ! ભારે વાતું ભાઈ આ. વીતરાગકા માર્ગ ઐસા હોગા ? ઓહોહો ! ૧૧વીં ગાથા ! અલૌકિક વાત હૈ.... લોકોત્તર.

કહતે હૈં કિ (વ્યવહારનય) अविद्यमान, असत्य, अभूत (अर्थको प्रगट करता है.... એટલે કે ત્રિકાળી દ્રવ્યમાં) 'નથી' (એને જણાવે છે). ('अविद्यमान', 'असत्य', 'अभूत' કહકર) એ તો એક ('अभूतार्थ'કી) વ્યાખ્યા કિયા હોં.... 'अभूतार्थ'કી વ્યાખ્યા (કિયા) હૈ.

अभूतार्थ है.... હવે વ્યાખ્યા કરતે હૈં કિ યે (વ્યવહારનય) अभूत अर्थको प्रगट करता है.... 'નથી' એને જણાવે છે—એમ કહે છે. ભાષા તો એમ છે (કે વ્યવહારનય) 'નથી' ઉસકો જણાતે હૈં. ભાષા તો જુઓ ! વહ ત્રિકાલી (દ્રવ્ય)મેં દેખે તો એક સમયકા અંશ ને રાગ હૈ, (વે દિખતે નહીં હૈ, ઇસલિયે વે) ત્રિકાલી (દ્રવ્યકી) અપેક્ષાસે નહીં હૈ .

તો કહતે હૈં, વ્યવહારનય અભૂતાર્થ, અસત્ય.... असत्य.... अर्थको प्रगट करता है.... પાઠમેં (–ટીકામેં) ભાષા ઐસી હૈ, દેખો ! अभूतार्थत्वादभूतमर्थं.... 'અસત્ય' પદાર્થ પ્રગટ કરતા હૈ.... વ્યવહારનય 'જૂઠે' અર્થકો (–દ્રવ્યસ્વભાવમેં નહીં ઉસકો) પ્રગટ કરતા હૈ. એક સમયકો (–પર્યાયકો) પ્રગટ કરે (–બતાવે) યે વ્યવહારનય 'જૂઠા' હૈ—ઐસે કહતે હૈં. આહાહા ! સમજમેં આયા ? ભાઈ ! આ તો ગાથા બહોત (ગંભીર હૈ). આપણે તો (પ્રારંભસે) વાંચન કરતે.. કરતે.... કલ ૯-૧૦વીં (ગાથા) પૂરી હો ગઈ ને આજ ૧૧વીં (શુરૂ) હો ગઈ હૈ. સમજમેં આયા ? કલ સવેરે ૯-૧૦ (ગાથા) પૂરી હો ગઈ થી.

કહતે હૈં, વ્યવહારનય 'असत्य' હૈ.... (વ્યવહાર)નય 'અસત્ય' હૈ, તો 'અસત્ય' ભાવકો પ્રગટ કરતા હૈ.... 'નહીં હૈ' ઉસકો બતાતા હૈ.... 'નહીં હૈ' ઉસકો કહતા હૈ. જુઓ ! ભાષા દેખો. સમજે ? એક સમયકી પર્યાય 'વસ્તુ હી નહીં' —ઐસા કહતે હૈં. પર્યાયકી અપેક્ષાસે પર્યાય હૈ, પણ યહાં ત્રિકાલી (દ્રવ્ય)કી અપેક્ષાસે વહ (–પર્યાય) 'વસ્તુ હી નહીં' (—ઐસા કહા હૈ.) સમજમેં આયા ? ત્રિકાલી(દ્રવ્ય)કી અપેક્ષાસે રાગ, વસ્તુ હી નહીં. ત્રિકાલી(દ્રવ્ય)કી અપેક્ષાસે પર તો 'અવસ્તુ' હૈ હી, પણ અપને ત્રિકાલી(દ્રવ્ય)કી મુખ્યતાકી અપેક્ષાસે એક સમયકી પર્યાયકો ભી 'અવસ્તુ.... અસત્ય.... અભૂત.... નહીં હૈ'—ઐસા વ્યવહારનય પ્રગટ કરતા હૈ. સમજમેં આયા ?

આ ગાથામાં હર વખતે (–બધી વારમાં) કાંઈ (તમે હાજર) હો અહીંયા ભગવાનજીભાઈ ? કોઈ કોઈ (વખતે તમે આવો ત્યારે), વચમાં.. વચમાં.... કોઈક ગાથા આવી ગઈ હોય. પણ આ ગાથા વખતે (હાજર) હો તો ખબર પડે કે આ ગાથાકા ક્યા અર્થ હૈ. સમજમેં આયા ? અમૃતચંદ્રાચાર્યને (પાઠમેંસે—મૂલ ગાથામેંસે ઐસા અર્થ) નિકાલા હૈ, ક્યોંકિ પાઠ 'अभूतार्थ' કિયા ન (–હૈ ન) ? વ્યવહારનય તો 'અસત્ય અર્થ'કો કહતા હૈ....અસત્ય અર્થકો. अभूदत्थो.... अभूदत्थो.... કીધુંને ? ('अभूतार्थ') = अभूत्+अर्थ.—અસત્ય અર્થકો કહતા હૈ.

(પ્રશ્ન :) પણ જો 'અસત્ય હૈ' ઉસકો (વ્યવહારનય) કહે ? સમજમેં આયા ?

(સમાધાન :) ત્રિકાળી જ્ઞાયક ભગવાન (આત્મા) સહજાનંદ પ્રભુકા એકરૂપ સ્વભાવ હૈ, કિ જિસકે ગર્ભમેં.... પેટમેં અનંતા પરમાત્મા પડે હૈં.... સમજમેં આયા ? અનંત આત્મા સિદ્ધ હોતે હૈં, તો (વહ) સિદ્ધકી પર્યાય એક સમયકી અવસ્થા હૈ. ઐસી.... ઐસી.... અનંત, સાદિ-અનંત જો સિદ્ધ અવસ્થા.... પર્યાય (પ્રગટ હોનેવાલી) હૈ, યે (સબ) ગર્ભમેં.... આત્માકે દ્રવ્યમેં પડી હૈ. સમજમેં આયા ? ઐસા ભગવાન (આત્મા) સત્યાર્થ.... પરમાર્થ.... ભૂતાર્થ હૈ. સચ્ચા સાહિબ તો દ્રવ્ય હૈ.... સમજમેં આયા ? ઉસકી અપેક્ષાસે એક સમયકી પર્યાયકો ભી 'જૂઠી' (કહી હૈ). વ્યવહારનય જૂઠેકો (–સ્વભાવમેં નહીં ઉસકો) 'જૂઠા' પ્રગટ કરતા હૈ.... (સ્વભાવમેં) 'હૈ નહીં' ઉસકો કહતા હૈ. સમજમેં આયા ?

યે ૧૧વીં ગાથા ઐસી હૈ ન્યાલભાઈ ! જૈનદર્શનને સમજવું એ (માટે) બડી યોગ્યતા જોઈએ.... બડા પુરુષાર્થ જોઈએ. સમજમેં આયા ? આહાહા ! કથનીકી (–કહનેકી) રીત ક્યા હૈ (વહ સમજના ચાહિયે). (ભેદાદિ)....

'अविद्यमान'.... (અર્થાત્) નહીં હૈ.... હયાતી નહીં હૈ,
('असत्य').... (અર્થાત્) જૂઠા હૈ અને
'अभूत'.... (અર્થાત્) છતી ચીજ હી નહીં હૈ.

(—ઐસે) 'નહીં હૈ' ઉસ અર્થકો પ્રગટ કરતા હૈ વ્યવહારનય. છતી ચીજ હી નહીં હૈ.... એક સમયકી પર્યાય 'છતી ચીજ' હી નહીં હૈ.

(પ્રશ્ન :) 'છતી' (માને) ક્યા (વહ) સમજતે હૈં ?
(શ્રોતા :) હયાતી, વિદ્યમાન.

આ તો આપણે 'भूत'ની સાથે જરી શબ્દ લેવો (–મેળવવો) છે. પણ ગુજરાતી આવડે એવું હિંદી ન આવડે ભઈ ! બરાબર. છતી.. છતી એટલે કે 'હૈ'.... છતી. ઉસકો (–પર્યાયકો યહાં) 'ના' પાડતે (–કહતે) હૈં કિ (પર્યાય) નહીં હૈ. 'હૈ' તો ખરી પર્યાય, પણ આ દ્રવ્યકી અપેક્ષાસે અછતી હૈ.... હૈ નહીં. તુમ (દ્રવ્યકી અપેક્ષાસે દેખો તો ) પર્યાય દુનિયામેં હૈ નહીં.

'મેરે (લિયે) તો દ્રવ્ય હી વસ્તુ હૈ'....—ન્યાલભાઈને કહા ન ? ઉસમેં (–'દ્રવ્યદ્રષ્ટિપ્રકાશ'મેં) એક બોલ (નં. ૨૭૯) આયા હૈ કિ 'મૈં તો ધ્રુવ હૂં. મૈં કિસકા ધ્યાન કરું ? પર્યાય ધ્યાન કરે તો કરો મેરા ધ્યાન.... મૈં કિસકા કરું ?' (—ઐસા) ન્યાલભાઈ સોગાનીકે પુસ્તકમેં આયા ન ?

પુસ્તક મિલા નહીં તુમકો ? ન્યાલભાઈકા.... અજમેરવાલેકા. ઉસમેં લિખા હૈ ઐસા શબ્દ. ઐસા એક શબ્દ પડા હૈ ઉસમેં. ઉન્હોંને કિતની બાત તો બહોત ખુલી કર દી હૈ. એને ક્યાં ઉપદેશ કરવો હતો ને એને ક્યાં (બીજાને) સમજાવવું (હતું) ? એને એમ ખબર નહોતી કિ મેરા પત્ર બહાર આયેગા. થોડા વખતમેં કામ કરકે ચલે ગયે.

ઉસમેં ઐસા લિખા હૈ એક (બોલ)મેં, (કિ) 'મૈં કિસકા ધ્યાન કરું ? પર્યાય મેરા ધ્યાન કરે તો કરો. મુજે ક્યા હૈ ?' સમજમેં આયા ? 'પર્યાય લગો મેરે ધ્રુવ ઉપર.... સંબંધ લગો (–કરો).... મૈં સંબંધ કિસકા કરું ?' શેઠીયા ! ('દ્રવ્યદ્રષ્ટિપ્રકાશ'ના ત્રીજા ભાગમાં) કેટલીક બાત ઐસી સૂક્ષ્મ હૈ.... બહોત સૂક્ષ્મ બાત હૈ એટલે બહાર ન પાડી (–બધાને ત્રીજા ભાગ ન આપ્યો).

ઉનકો કોઈ દૂસરેકા કામ થા નહીં (અર્થાત્) ઉનકો તો ઉપદેશ કંઈ દેના નહીં થા. વે તો અપના કામ કરતે થે. કરતે.. કરતે.. શબ્દ (કહેવાયા અને) લખાઈ ગયા. ઉનકો ખબર નહીં થી કિ મેરે પીછે ઐસા (–યહ) પત્ર (ઔર ચર્ચા) છપેંગે. (ઉનકો) એકદમ દેહ છૂટ જાયેગી ઉસકે લિયે (–ઐસા અનુમાન) નહીં થા. (દેહ) એકદમ છૂટ ગયા. ન્યાલચંદ સોગાની નહીં થે ? સુના હૈ ?.... અજમેરકે ? કલકત્તા દુકાન હૈ. નહીં સુના હૈ ?

શ્રોતા :....

પૂજ્ય ગુરુદેવશ્રી : સુના હૈ..... પરિચય નહીં.... પરિચય નહીં હુઆ. તુમકો મિલે થે ન્યાલભાઈ ?..... સમજમેં આયા ?

કહતે હૈં, યે (વ્યવહાર) **अभूत अर्थको....** અવિદ્યમાન અર્થકો.... જૂઠે અર્થકો.... **प्रगट करता है....** સમજમેં આયા ? પરમ સત્ય દ્રવ્યસ્વભાવ હૈ ઉસકી અપેક્ષાસે એક સમયકી પર્યાય ભી 'અસત્ય' ને 'જૂઠી'.... અપેક્ષાસે કહનેમેં આયી હૈ. સમજમેં આયા ? પુણ્ય-પાપકી તો કહાં બાત રહી, દૂસરે દ્રવ્યકી તો કહાં બાત રહી, (પરંતુ) પ્રમાણકા વિષય જો દ્રવ્ય ઔર પર્યાય—દો હૈ, ઉસમેંસે પર્યાયકો ભી યહાં 'અસત્ય' ને 'જૂઠા' કહ દિયા હૈ વ્યવહારનયકો. યે વ્યવહારનય 'જૂઠા' હૈ (—ઐસા) કહો કિ વ્યવહારનયકા વિષય 'જૂઠા' (હૈ—ઐસા) કહો (—દોનોં એક હી બાત હૈ). સમજમેં આયા ? ઓહોહો !

એક જ પરમ દ્રવ્ય હી સત્ય ભગવાન (આત્મા) હૈ (કિ)....

(૧) જિસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન હોતા હૈ,
(૨) જિસકા આશ્રય લેનેસે સમ્યગ્જ્ઞાન હોતા હૈ,
(૩) જિસકા આશ્રય લેનેસે (સમ્યક્)ચારિત્ર હોતા હૈ,
(૪) જિસકા આશ્રય લેનેસે શુક્લધ્યાન હોતા હૈ (ઔર)
(૫) જિસકા આશ્રય લેનેસે કેવલજ્ઞાન હોતા હૈ.

માલચંદજી ! લ્યો ! અહીં તો દયા, દાન ને વ્રત પાળીએ તો આમ થાય ને કાઉસગ્ગ કરીએ તો આમ થાય ને ફલાણું કર્યે.... એ કાંઈ રહ્યું નહીં. ન્યાલભાઈ ! આ રસનો ત્યાગ કરીએ, લીલોતરી ન ખાઈએ તો કાંઈક લાભ થાય (—એવું) કાંઈ ન રહ્યું એમાં. 'ઐસા મૈંને છોડા ને ઐસા મૂક્યા'—વહ તો વિકલ્પ મિથ્યાત્વ (સહિત)કા હૈ. આહાહા ! સમજમેં આયા ? અંશ (–વર્તમાન પર્યાય) ઉપર દ્રષ્ટિ રખકર 'મૈંને ત્યાગ કિયા ને ગ્રહણ કિયા' (—ઐસા માનના) વહ તો મિથ્યાત્વકા પોષણ હૈ. ઐસી બાત હૈ ભૈયા ! બહોત (સૂક્ષ્મ હૈ).

હવે **शुद्धनय एक ही भूतार्थ....** પાઠમાં (–મૂળ ગાથામાં) તો **ववहारोऽभूदत्थो....** કીધું'તું, (હવે કહે છે :) **भूदत्थो देसिदो दु सुद्धणओ....** —શુદ્ધનય હી ભૂતાર્થ હૈ. **भूदत्थो देसिदो दु सुद्धणओ....** જોયું ? શુદ્ધનયકા વિષય ભૂતાર્થ હૈ—ઐસા નહીં કહા. એ ભૂતાર્થ જો ત્રિકાલી (દ્રવ્ય) હૈ વહ નિશ્ચય.... શુદ્ધનયકા વિષય હૈ—ઐસા નહીં કહા, (પરંતુ) વહ ભૂતાર્થ હૈ, વહ હી 'શુદ્ધનય' હૈ (—ઐસા કહા). સમજમેં આયા ?

જો ત્રિકાલી સત્.. સત્.. સત્.. સત્.. સત્સ્વરૂપ (હૈ, કિ) જિસમેં અનંત ગુણ એકરૂપ હૈ (અર્થાત્) જે અનંત ગુણનું એકરૂપ છે.... એક-એક ગુણની અનંતી શકિત છે (અને) ઐસી અનંતી શક્તિકા.... અનંતી શક્તિકા એકરૂપ (વહ) શક્તિવાન (દ્રવ્ય હૈ). વહ એકરૂપ ભૂતાર્થ (દ્રવ્ય) હૈ ઉસકો 'શુદ્ધનય' કહનેમેં આયા હૈ. નહીં તો, હૈ વહ (ભૂતાર્થ) શુદ્ધનયકા વિષય, પણ વહ શુદ્ધનયકા વિષય ને (આ) શુદ્ધનય (—ઐસા) અહીંયા જુદા (–ભેદ) નહીં (કહા). વહ (દ્રવ્ય) હી '**शुद्धनय**' હૈ. સમજમેં આયા ?

**शुद्धनय एक ही....** <u>**एक ही**</u>.... દેખો ! વહાં સામને (વ્યવહારનયકી બાતમેં) <u>'**सब**'</u> લિયા થા ન ? (ગાથામેં સિર્ફ) '**अभूतार्थ**' શબ્દ પડા હૈ, પણ (ટીકામાં) આચાર્યે ખુલાસો કર્યો કે વ્યવહાર '**सब अभूतार्थ**' હૈ.... (—ઐસા) લે લિયા. પાઠમેં તો ઇતના હૈ.... **भूदत्थो देसिदो दु सुद्धणओ....** સામે જ્યારે વ્યવહાર <u>'અનેક'</u> હૈ, તો શુદ્ધનય <u>'એક'</u> હી હૈ. કારણ કે વસ્તુસ્વરૂપ એકરૂપ હૈ.... સમજમેં આયા ? દ્રવ્યસ્વભાવ.... વસ્તુસ્વભાવ એકરૂપ હૈ.

તો કહતે હૈં, शुद्धनय एक ही भूतार्थ होनेसे.... शुद्धनय एक ही भूतार्थ होनेसे.... शुद्धनय एक ही भूतार्थ होनेसे.... સત્યાર્થ એક હી ચીજ હોનેસે.... विद्यमान.... 'છતો'.... હયાતીવાળો પદાર્થ વહ 'शुद्धनय' હૈ (અથવા) હયાતીવાળા પદાર્થકો (શુદ્ધનય) બતાતા હૈ (તો) હયાતીવાળા પદાર્થકો હી 'शुद्धनय' કહતે હૈ. હયાતીવાળા પદાર્થ (માને) વહ (ત્રિકાલી) દ્રવ્ય. સમજમેં આયા ?

शुद्धनय एक ही.... પાછો 'ही' (શબ્દ) જુઓ ! પાછો એની સાથે ('ही' શબ્દ છે). (વ્યવહારની વાતમાં) એમ હતું કે 'सब ही', (જ્યારે) આહીં (–શુદ્ધનયની વાતમાં) 'एक ही' (શબ્દ છે). व्यवहारनय सब ही અસત્ય अर्थको प्रगट करता है, (જ્યારે) शुद्धनय एक ही સત્યકો બતાતા હૈ (અથવા) સત્ સ્વરૂપ એક હી હૈ. સમજમેં આયા ?

'प्रगट करता है'.... ઐસા ક્યા (–ક્યોં કહા) ? એક (બાજુ) તો કહા કિ भूदत्थम्.... ભૂતાર્થ હી 'शुद्धनय' હૈ, વળી (શુદ્ધનય) 'प्रगट करता है'....—ઐસા (કહા, તો ઉસકા અર્થ) ક્યા ?

(સમાધાન :) શુદ્ધનય હી અપને જ્ઞાયકભાવકો બતાતા હૈ અથવા (શુદ્ધનયસે) જ્ઞાયકભાવ પ્રગટ હોતા હૈ. વહ (ખુલાસા) આયેગા. ટીકામાં આવશેને ભાઈ ? કે 'આવિર્ભાવ' હોગા (–હુઆ) જ્ઞાયકભાવ. (યથાર્થમેં) જ્ઞાયકભાવ 'આવિર્ભાવ' નહીં હોતા, જ્ઞાયકભાવ તો હૈ વહી હૈ. પણ (અજ્ઞાનીને) દ્રષ્ટિમેં નહીં લિયા થા તો જ્ઞાયકભાવ 'તિરોભૂત' થા. (અજ્ઞાની) પર્યાયદ્રષ્ટિમેં રહા થા.... અંશદ્રષ્ટિમેં રહા થા.... દયા-દાનકે વિકલ્પકી દ્રષ્ટિમેં રહા થા તો સારા જ્ઞાયકભાવ 'તિરોભૂત' હો ગયા થા (અર્થાત્) દ્રષ્ટિમેં 'તિરોભૂત' હો ગયા થા. (યથાર્થમેં) તો યે હૈ વહી હૈ.... આહાહા ! સમજમેં આયા ?

ઔર જબ દ્રષ્ટિમેં લિયા ભૂતાર્થકો (–ત્રિકાલી દ્રવ્યકો), કિ વહ હી એક સત્ય હૈ, તો વહ હી 'આવિર્ભાવ' હો ગયા. 'प्रगट करता है' (—એવી કરી છેને) ભાઈ ! ભાષા ? એટલે એનો વિસ્તાર ત્યાં (–ટીકામાં) કરશે કે 'આવિર્ભાવ'

થયો....'આવિર્ભાવ' થયો. હા, એમાંથી ('प्रगट करता है' એ શબ્દમાંથી 'આવિર્ભાવ' એવો અર્થ) કાઢશે. સમજાય છે કાંઈ ? ઓહોહો !

જ્ઞાયકભાવ પ્રભુ સત્ સાહેબ પૂર્ણાનંદ એકરૂપ હૈ ઉસકો 'શુદ્ધનય' કહા ઔર વહ (–પર્યાયરૂપ) શુદ્ધનય ભૂતાર્થકો પ્રગટ કરતા હૈ અર્થાત્ ઉસકા (–ભૂતાર્થકા) જ્ઞાન કરનેસે.... ઉસમેં ભૂતાર્થમેં લક્ષ કરનેસે.... ભૂતાર્થ ખ્યાલમેં આતા હૈ. જો 'તિરોભૂત' થા વહ જ્ઞાયકભાવ ખ્યાલમેં આયા, તો જ્ઞાયકભાવ પ્રગટ હુઆ.... 'આવિર્ભાવ' હુઆ—ઐસા કહનેમેં આતા હૈ.

હિંદી ઐસી (પૂર્ણ) નહીં આતી. શેઠીયાકો ખબર હૈ કિ નહીં ? શેઠીયા તો ગુજરાતી સમજતે હૈં બહોત. પણ હવે આ લોકો આવ્યા દિલ્હીવાળા, એટલે થોડા હિંદી કરના પડા. લ્યો ! આઠ દિ'થી હિંદી(મેં પ્રવચન) ચલતા હૈ. સમજમેં આયા ? જયસાગરજી ! જયકુમાર ! યે ક્યા હૈ ? 'જયસાગર' હૈ આત્મા —ઐસે કહતે હૈં. બડા સાગર પડા હૈ ચિદાનંદ ભગવાન. જિસમેં અનંતા સિદ્ધ ભગવાન પડે હૈં વહ હી 'સત્ય' હૈ (ઔર) એક સમયકી પર્યાય 'જૂઠી' હૈ. એક સમયકી પર્યાયમેં (દ્રવ્ય) કહાં રહા હૈ ? સમજમેં આયા ?

शुद्धनय एक ही भूतार्थ होनेसे.... શુદ્ધનય એક પોતે સત્યાર્થ હૈ—ઐસે કહતે હૈં.... શુદ્ધનય એક હી સત્યાર્થ હૈ. તે કારણે....

विद्यमान.... યથાર્થ,
सत्य.... સચ્ચા,
भूत अर्थको प्रगट करता है....

ઇસકા અર્થ ?
વહ ભૂતાર્થકા આશ્રય લેતા હૈ તબ 'ભૂતાર્થ યહ હૈ'—ઐસા ખ્યાલમેં આતા હૈ. આહાહા !

ગાથા બહુ (ઊંચી).... શેઠીયા ? લ્યો ! યે ગાથામેં સારા નિશ્ચયકા.... ભૂતાર્થકા સારા બીજડા ઉસમેં પડા હૈ. પીછે સબ વિસ્તાર ઇસમેંસે લિયા હૈ. સમજમેં આયા ? સુરેન્દ્રભાઈ ! જુઓ ! (બહારમાં) આવું આ સમજને(કે લિયે) મિલતા નહીં, સુનને મિલતા નહીં (ને) 'કરો ભગવાનકી ભક્તિ ને પૂજા ને દેરાસર

બનાવો.... જાવ ! તમારા કલ્યાણ હોગા.' (—ઐસી બાત સુનનેકો મિલતી હૈ). (યહાં) કહતે હૈં, 'નહીં, (ઉસસે) કલ્યાણ-બલ્યાણ નહીં હોગા.' ....ભાઈ ! આવી વાત છે.

'(આ રીતે) લોકો કહે છે'—એમ (એક) ભાઈ કહે છે. એને (–મોટા માણસને) માથે (જવાબદારી) નાખ્યા વિના રહે નહીં લોકો. મોટા માણસ છેને ? મોટું માથું છેને ? છોકરા મોટા ચાર છે—બે મોટા કરોડપતિ ને બે (નાના છે). તેને (–ચાર દીકરામાંથી એકને) છોકરો નથી એટલે (લોકો) કાંઈક શું કહે છે કે છોકરો નથી એટલે કાંઈક એમાં (–મંદિરમાં) કરશે કે નહીં ?—એમ લોકો કહે છે. લોકોને આધાર-આશા રહે, (તેથી) માને લોકો, (પણ) શું થાય એ જુદી વાત છે. કહો, સમજમેં આયા ?

મલુકચંદભાઈ ! (તમારા દીકરા) કાલ બપોરે આવ્યા'તા (અને કહ્યું) કે મેં બાપુજીને કીધું (કે) ચાલો ! તો ન આવ્યા મારી સાથે. મેં (–ગુરુદેવશ્રીએ) કહ્યું : 'પોતે આહીં વિનંતી કરી તે આવું કહેવા શેના આવે ?' કેમ મલુકચંદભાઈ ? એણે તો નાખ્યું. કલ્યાણજીભાઈને વાંચવા આપ્યું, ભાઈને વાંચવા આપ્યું, પુનમચંદને આપ્યું ને આણે વાંચ્યું. હવે એ પાછું 'ના' પાડવા આવે કે બરાબર આ ઠીક નથીને ? આખી–બધી દુનિયામાં એમ ભજે છે. આહાહા !

કહતે હૈં કિ યે ગાથામેં સબ (સાર) પડા હૈ હોં બહોત. ટીકા(મેં આગે સ્પષ્ટ) કરેંગે.... ટીકામેં ઉસકા સ્પષ્ટીકરણ હૈ.

ક્યા કહતે હૈં ?

यह बात द्रष्टान्तसे बतलाते हैं.... લ્યો ! વહ (ગાથાકા) અર્થ કિયા, (અબ) ઉસકા દાખલા દેકર (સમજાયેંગે).

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૨૮
## ગાથા - ૧૧
## સંવત ૨૦૨૪, આસો વદ ૨, મંગળવાર, તા. ૮-૧૦-'૬૮

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૧વીં ગાથા ચલતી હૈ.

દેખો, પહલે ક્યા કહા ?

**व्यवहारनय सब ही अभूतार्थ है....** વ્યવહારકે જિતને પ્રકાર હૈ વે સબ અવિદ્યમાન હૈ.... જૂઠે હૈ—ઐસે યહાં કહતે હૈ. આત્મદ્રવ્ય જો અભેદ જ્ઞાયકસ્વરૂપ હૈ ઉસકી દ્રષ્ટિ કરાનેકો.... મુખ્યપને જો જ્ઞાયક ત્રિકાલી સ્વભાવ હૈ ઉસકા આશ્રય કરાનેકો ઐસા આશયસે કહા કિ ઉસમેં રાગ-દ્વેષ, કર્મ આદિ તો હૈ નહીં, પણ ઉસકી એક સમયકી અવસ્થા ભી (દ્રવ્યમેં) હૈ નહીં.... વિદ્યમાન હૈ નહીં. સમજમેં આયા ?

એક સમયકી ઉસકી અનિત્ય પર્યાય જો હૈ (વહ દ્રવ્યમેં) હૈ હી નહીં.—ઐસે દ્રવ્યકા.... જ્ઞાયકભાવકા.... અનુસરણ કરાનેકો, પર્યાયદ્રષ્ટિકો ગૌણ કરકે, 'નહીં હૈ પર્યાય'—ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

લ્યો ! (અજ્ઞાનીને) આ ('દ્રવ્યમાં પર્યાય નથી' એ વાત) તો આકરી પડે છે. (શ્રી સમયસાર ગાથા ૩૨૦, શ્રી જયસેનાચાર્યની ટીકામાં) તો પાછી (વળી) ત્રણની (–ઔપશમિક, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ભાવની) 'ના' પાડે છે (કે તે પણ દ્રવ્યમાં નથી). (અજ્ઞાની કહે છે કે) **'न वेदयति'** (–'આત્મા વેદતો નથી' —એમ શબ્દ) ન જોઈએ ત્યાં (૩૨૦ ગાથાની ટીકામાં).

અહીં (ગાથા ૧૧માં) તો કહે છે કે પર્યાય જ નથી. સાંભળને હવે ! આત્મામેં.... દ્રવ્યસ્વભાવમેં ક્ષાયિક, ક્ષયોપશમ આદિ જો પર્યાય હૈ વે પર્યાય હૈ હી નહીં (ઔર) ઉસમેં (–દ્રવ્યસ્વભાવમેં) હૈ નહીં, તો 'હૈ હી નહીં' યૂં (કહતે હૈં).... ઉસમેં નહીં, તો 'હૈ નહીં' યૂં (કહતે હૈં). નવનીતભાઈ ! એકરૂપસ્વભાવી ચૈતન્યપિંડ ભગવાન (આત્મા) હૈ વહી સત્ય હૈ.... વહી ભૂતાર્થ હૈ.... સત્ય પદાર્થ હૈ. બસ, (ઔર) પર્યાય-બર્યાય સબ અસત્ પદાર્થ હૈ. સમજમેં આયા ? વહી (–દ્રવ્યસ્વભાવ) મુખ્ય બતાનેકો, પર્યાયકો ગૌણ કરનેકો, વહાં '(પર્યાય) નહીં હૈ' ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

ઇસલિયે વહ (–પર્યાય) જૂઠી, अविद्यमान.... લ્યો ! અહીં તો 'अविद्यमान'.... (—એમ) ચોખ્ખું લખ્યું છે એમણે (–શ્રી અમૃતચંદ્રાચાર્યે). (વ્યવહારનય), પર્યાય (—કે જે) 'अविद्यमान'.... (અર્થાત્) 'નથી' તેને કહે (–બતાવે) છે.... વ્યવહાર(નય) 'નથી' તેને કહે (–બતાવે) છે. લ્યો ! ('નથી') એને પ્રગટ કરે છે.... 'નથી' તેને બતાવે છે.... 'નથી' એને બતાવે છે, (તો જે) 'નથી' તેને બતાવે શું (–કેવી રીતે) ? સમજે ? વ્યવહારનય 'નહીં હૈ' ઉસકો કહતી હૈ—ઐસા લિયા હૈ યહાં.

ઔર शुद्धनय एक ही भूतार्थ होनेसे.... યહાં (ટીકામેં) ઐસા (લિયા હૈ). નહીં તો, પાઠ (–મૂલ ગાથામેં) તો ઐસા હૈ કિ भूदत्थो देसिदो दु सुद्धणओ.... ભૂતાર્થ જો હૈ વહી 'શુદ્ધનય' હૈ. સમજમેં આયા ? જો ત્રિકાલી જ્ઞાયકભાવ.... પરમભાવ.... સ્વભાવભાવ.... ચિદાનંદસ્વરૂપ હૈ વહી 'શુદ્ધનય' હૈ. પાઠમેં (–મૂલ ગાથામેં) તો ઐસા લિયા હૈ, (ટીકામેં ઉસકા) ખુલાસા કિયા કિ शुद्धनय एक ही भूतार्थ होनेसे.... યે શુદ્ધનયકા વિષય (હૈ વહ) એક હી ભૂતાર્થ હોનેસે.... (શુદ્ધનયકા) વિષય કહો કિ શુદ્ધનય કહો—દોનોં એક હી હૈ યહાં તો.

भूतार्थ होनेसे विद्यमान, सत्य, भूत अर्थको प्रगट करता है.... લ્યો ! શુદ્ધકો.... ભૂતાર્થકો દિખાતા હૈ શુદ્ધનય (ઔર) 'ભૂતાર્થ'કો તો પહલે (મૂલ ગાથામેં) કહા કિ ભૂતાર્થ હી શુદ્ધનય હૈ ભાઈ ! (ઇસલિયે શુદ્ધનય) વહ 'ભૂતાર્થ'કો દિખાતા હૈ, તો વહ 'શુદ્ધનય'કો હી દિખાતા હૈ. (અર્થાત્) જો ત્રિકાલી ('ભૂતાર્થ'કો) દેખતે હૈ વહ 'શુદ્ધનય'કો દેખતે હૈં. સમજમેં આયા ?

शुद्धनय एक ही भूतार्थ.... એક હી સત્ય હૈ.... ભૂતાર્થ હી, એક હી સત્ય હૈ. અહીં 'શુદ્ધનય' કહો કે 'ભૂતાર્થ' કહો (—એક જ છે). 'शुद्धनयके अनुसार बोध'.... (—એમ ટીકામાં) કહ્યું છેને ? 'भूतार्थदर्शी.... शुद्धनयके अनुसार'.... (એટલે કે) એ તો દ્રવ્યકે અનુસાર.... અહીં મૂલ પાઠમેં (–ગાથામેં) તો 'ભૂતાર્થ' ઔર 'શુદ્ધનય' એક હી કહા હૈ.

विद्यमान, सत्य, भूत अर्थको प्रगट करता है.... વહી (–શુદ્ધનય) સત્ય બાતકો પ્રસિદ્ધ કરતા હૈ. ભગવાન જ્ઞાયકભાવ, ધ્રુવભાવ હૈ વહ શુદ્ધનયભાવ.... શુદ્ધનયકા હી ભાવ હૈ. (ઉસકો) વહ (શુદ્ધનય) પ્રગટ કરતા હૈ.... ઉસસે દ્રવ્ય

ખ્યાલમેં આતા હૈ તો 'શુદ્ધભાવ પ્રગટ હુઆ' (અર્થાત્) જ્ઞાયકભાવ ખ્યાલમેં આયા (તો) 'જ્ઞાયકભાવ હી પ્રગટ હુઆ'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ભારે ઝીણું.

यह बात द्रष्टान्तसे बतलाते हैं.... ભાવાર્થમાં વિશેષ ખુલાસો જયચંદજી પંડિત કરેંગે.

जैसे प्रबल कीचड़के मिलनेसे.... દેખો ! જલકા દ્રષ્ટાંત દિયા. જલ હૈન જલ ? प्रबल कीचड़.... प्रबल कीचड़.... સામાન્ય-સાધારણ કીચડ નહીં. જલકા બહોત કીચડ(કે સાથ) મિશ્રિતપના હો જાના (યા) હો ગયા (હોનેસે) जिसका सहज एक निर्मलभाव.... જલપના હી तिरोभूत.... ઢંક ગયા. કાદવકે આશ્રયમેં.... કાદવકે સંબંધમેં જલકા મૂલ જો સ્વચ્છભાવ હૈ વહ હી तिरोभूत નામ ઢંક ગયા.




प्रबल कीचड़के मिलनेसे जिसका सहज एक निर्मलभाव.... ऐसे जलका.... એમ છેને ? છેલ્લે શબ્દ છે. ऐसे जलका.... જલકા સહજ એક નિર્મલભાવ, કાદવકા સંબંધ મિલનેસે तिरोभूत.... જલપના હી तिरोभूत हो गया.... જલપનેકા ભાવ જો હૈ વહી ઢંક ગયા.

બહોત સૂક્ષ્મ બાત હૈ સોભાગભાઈ ! સંપ્રદાયમેં તો (ઐસી બાત) હૈ હી નહીં. (ઇસલિયે) ઐસી ચીજ (સુનનેકો) મિલતી નહીં. અબ યહાં કોઈ બાર સુનનેમેં, વિચારમેં આવે તો બહુત સૂક્ષ્મ લગે. (લેકિન) બાત તો ઐસી હૈ. સૂક્ષ્મ લગે તો (ભી) યે હી (બાત) હૈ, ન સમજમેં આયે તો (ભી) યે હી હૈ ઔર સમજમેં આયે તો (ભી) યે હી હૈ. સમજમેં આયા ?

ભગવાન આત્મા !.... યહાં જલકે દ્રષ્ટાંતસે (કહતે હૈ કિ) જલ હૈ (વહ) તો જલ હી હૈ, પણ કાદવકે સંબંધમેં જલ હી ઢંક ગયા.... જલ હી ઢંક ગયા

(ઔર) કાદવ પ્રસિદ્ધ હો ગયા. સમજમેં આયા ? અમૃતચંદ્રાચાર્ય દ્રષ્ટાંત દેકર (સિદ્ધાંતકો) બહોત (સરલતાસે) સિદ્ધ કરતે હૈં, નહીં તો પાઠમેં (–મૂલ ગાથામેં) તો (સિદ્ધાંત હી કહા હૈ). (જબ કિ) ૩૨૦વીં (ગાથા)મેં તો નેત્રકા દ્રષ્ટાંત દિયા હૈ વહ મૂલ પાઠ (–ગાથા)મેં હૈ. સંધુક્ષણકા દ્રષ્ટાંત દેકર પ્રસિદ્ધ.... સ્પષ્ટ કર દિયા હૈ.

યહાં તો મૂલ (–ગાથા)મેં દ્રષ્ટાંત હૈ હી નહીં, પણ દ્રષ્ટાંત (દેનેસે) સિદ્ધાંત સમજનેકો સરલ પડે, ઉસ કારણસે દ્રષ્ટાંત દેતે હૈં. દ્રષ્ટાંત, દ્રષ્ટાંતકે ખાતિર (હોતે) નહીં હૈ.... સમજમેં આયા ? દ્રષ્ટાંત, દ્રષ્ટાંતકે ખાતિર (હોતે) નહીં હૈ, (પરંતુ) દ્રષ્ટાંત તો તત્ત્વકા સિદ્ધાંત સમજનેકે લિયે સરલ પડે ઇસલિયે દ્રષ્ટાંત (દેતે) હૈં. સમજમેં આયા ?

કહતે હૈં, જલકા સ્વભાવ प्रबल कीचड़के मिलनेसे जिसका सहज एक निर्मलभाव ઢંક ગયા હૈ (અર્થાત્) જલ હી ઢંક ગયા હૈ, જાણે જલ (હૈ) હી નહીં. ऐसे जलका अनुभव करनेवाले पुरुष—जल और कीचड़का विवेक न करनेवाले.... જલ ઔર કીચડ-કાદવ, દોનોંકો ભિન્ન ન કરનેવાલે.... વિવેક ન કરનેવાલે.... જુદા નહીં કરનેવાલે.... દોનોંકે ભેદકો ન સમજનેવાલે (उस जलको मलिन ही अनुभवते है).

કહ્યું'તુંને એકવાર ૮૨ની સાલનું ? કુકડા (ગાંવ) હૈ કુકડા. વઢવાણથી મૂળી જતાં કુકડા આવે, નહીં ? ત્યાં પાણી એકલું મેલું (–મલિન). આખા ગામને (ચોખ્ખું પાણી મળે) નહીં, ડહોળું–મેલું પાણી (મળે). ઊનું પાણી (કરે તો પણ) આ (કુકડા ગામનું પાણી) તો તદ્દન મેલું (રહે). જેવું વરસાદનું હેઠલું (નીચેનું પાણી મેલું) આવે, એવું મેલું (પાણી)—એમ (કહેવું છે). (શ્રાવકના ઘરે) પાણી લેવા ગયા તો મેલું પાણી (હતું). (લોકો કહે), 'મહારાજ ! અમારે ત્યાં મેલું પાણી છે.' ...... કુકડા (ગામ)ની ૮૨ની વાત છે. ૪૨ વર્ષ હુઆ. ત્યાં રતનચંદજી હતા શતાવધાની. ....... મેલું.

(મેં) કહ્યું, 'આવું (પાણી) ?'

(ઉત્તર :) 'અહીં તો તળાવનું જ પાણી છે, દૂસરા કુવા-બુવા હૈ નહીં.' (પરંતુ) તળાવમાં તો એકલું કીચડ—મેલું (પાણી)...... (એટલે) પછી થોડીવાર (એમ ને એમ) રાખે, (પણ) ઇતના (–પૂરા) તો બૈઠે નહીં કીચડ-બીચડ (અને)

નિર્મળી ઔષધિ વહાં કહાંસે લાવે ? સમજે ? ઐસે.... નિર્મળી ઔષધિ કહાંસે લાવે ? સમજમેં આયા ?

जल और कीचड़का विवेक न करनेवाले (दोनोंके भेदको न समझनेवाले) —बहुतसे तो उस जलको मलिन ही अनुभवते हैं.... પ્રમાદી જીવો તો જૈસા મલિન પાની આયા ઐસા હી પી લેતે હૈં. बहुतसे.... દેખો ! 'बहुतसे' લિયા હૈ હોં, સબ નહીં. बहुतसे લોગ तो उस जलको मलिन ही अनुभवते हैं....

(કોઈ માનતે હૈં કિ) 'જલ હી મલિન હૈ, આ ગામમાં પાણી જ મેલું છે.'

(સમાધાન :) ભાઈ ! (ખરેખર તો) પાણી મેલું ન હોય ક્યાંય. સમજે ?

'દરિયો ગંધાય છે' (એમ કોઈ) કહે, (પણ) દરિયો ગંધાય નહીં. અમારા નારણભાઈ (તર્કવાળા હતાં, પણ પછી) મગજ (ફરી ગયું) હતુંને ? પોરબંદરનો દરિયો.... નહીં ? બહુ ગરમી પડી'તી (તેથી) માછલા મરી ગયા.... દરિયામેં મચ્છી મર ગઈ બહોત. (પીછે) ગંધ મારે ગંધ. જે મધદરિયે (હતાને તે કહેતા હતા કે દરિયો ગંધ મારે છે). સુના થા હમને. (નારણભાઈ કહે) કિ 'નહીં, દરિયા ગંધ મારતે નહીં. ગંધ મારનેકી ચીજ (–કારણ) દૂસરી હૈ.' સમજમેં આયા ? ઐસે જલ મલિન હોતા નહીં, મલિન તો કીચડકે કારણસે કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

किन्तु कितने ही अपने हाथसे.... 'कितने ही'....—એમ લિયા હૈ. થોડે પ્રાણી (–મનુષ્ય) ઉસમેંસે મલિનતાકો.... મૈલકો ભિન્ન કરકે.... अपने हाथसे डाले हुवे.... ભાષા દેખો ! કોઈ નોકરકો ભી (ઔષધિ ડાલનેકો) કહા નહીં, (ક્યોંકિ) ફિર વહ કિતની ડાલે ઔષધિ (ઔર) કૈસે કરે, કૈસે (ન) કરે (ઔર ફિર) ડાલી (ભી) હૈ કિ નહીં ? (—યહ સબ શંકા રહે. ઇસલિયે) अपने हाथसे.... (સ્વયં) હાથ ડાલકર.... કેમ કે કોઈ નોકરને (કહે તો તેણે) નાખ્યું (કે) ન નાખ્યું તે કાંઈ (ખબર ન પડે).

યે (—ઐસા) 'ખીચડી'મેં નહીં હો જાતા હૈ ? 'ખીચડી' હોતી હૈન ખીચડી ? તો, ઘરમેં દો-તીન (યા) તીન-ચાર બહને હો, (તેમાંથી) એકે મીઠું નાખ્યું હોય. (પછી) બીજી આવે તો એ પણ (મીઠું) નાખે, (કેમ કે) બીજીને

ખબરેય ન (હોય). (કોઈ) કહે, 'આવું (ખારૂં) કેમ થયું ?' (પહેલી બાઈ) કહે, 'કોણ જાણે ? મેં તો મીઠું નાખ્યું'તું એકવાર.' બીજી કહે, 'મેં પણ નાખ્યું'તું એકવાર.' પણ આ, બે વાર થઈ ગયું એમાં એ....

'ખીચડી' સમજતે હૈંન ? ઉસમેં નમક ડાલતે હૈંન ? તો (એક બહનને) થોડા નમક ડાલા હો, વહાં દૂસરી (બહન) આવે. 'નમક નાખ્યું હશે કે નહીં ?' (—એમ વિચાર કરે. હવે ભોજન) ઉનું.. ઉનું તો ઝટ ખવાય નહીં, ઉનું.. ઉનું હોય એટલે ચખાય તો નહીં. (તેથી) નાખે બીજું (મીઠું). (પછી જ્યારે કોઈ ખાય ત્યારે) ખારૂં.... ખારૂં લાગે (ઔર કહે) 'યે ક્યા !'

કહતે હૈં, अपने हाथसे डाले हुवे.... અપને હાથસે નિર્મલી ઔષધિ લેકર.... (कतकफल) = (एक औषधि जिससे किचड़ नीचे बैठ जाता है).... કીચડ નીચે બૈઠ જાય. ઔષધિ નાખે, મલિનતા નિકલ જાયે. अपने हाथसे डाले हुवे कतकफलके पड़ने मात्रसे.... જ્યાં નાખ્યું નિર્મળી.... पड़ने मात्रसे उत्पन्न जल-कादवके विवेकतासे.... (કતકફળ) પાણીમાં જ્યાં નાખ્યું, (ત્યાં) જળ ને મલિનતાની ભિન્નતા થઈ ગઈ.

विवेकतासे, अपने पुरुषार्थ द्वारा.... દેખો ! ડાલનેવાલા અપને વીર્ય દ્વારા.... યહાં પુરુષાર્થ બતાના હૈન ? पुरुषार्थ द्वारा आविर्भूत किये गये.... 'પાની પ્રગટ કિયા'—ઐસે કહતે હૈં. 'પાની પ્રગટ કિયા.... પાની—જલ.. જલ.. જલ પ્રગટ કિયા' (—ઐસે કહતે હૈં). (તો ક્યા) જલ નહીં થા ? સમજમેં આયા ? (થા), પણ જલ, કાદવકી આડમેં.... મલિનતામેં દિખતા નહીં (થા). જલકા ભાવ (–નિર્મલપના) તિરોભૂત.... ઢંક ગયા થા વહ (અબ) પ્રગટ કિયા, તો 'જલ હી પ્રગટ હુઆ' (—ઐસા કહતે હૈં). સમજમેં આયા ?

पुरुषार्थ द्वारा.... सहज.... ક્યા ? 'आविर्भूत'.... आविर्भूत किये गये.... ક્યા ? सहज एक निर्मलभावपनेसे.... જલકા સ્વાભાવિક એક નિર્મલભાવસે.... उस जलको निर्मल ही अनुभव करते हैं.... લ્યો ! जलको निर्मल ही.... 'આવિર્ભાવ કિયા' એટલે કે પાની તો થા, પણ ઢંક ગયા થા મલિનતાકે (સંબંધમેં. અબ મલિનતાકો) નિકાલનેસે (માનો) જલકા હી આવિર્ભાવ હો

ગયા.... જાણે 'પાની હી પ્રગટ હો ગયા'.... (નિર્મલ) પાણી પર્યાયમેં આયા તો 'પાણી પ્રગટ હો ગયા'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

બદલ (–નિર્મલ હો) જાતા હૈન વહ (–પાણી) ? કીચડ નીચે બૈઠ જાતા હૈ, (તો) જલ (કીચડસે) ભિન્ન (–નિર્મલ) હો જાતા હૈ. ઐસી ઔષધિ આતી હૈ (એક).

કહા થા ન એક બાર વહ (કિ એક ભાઈને) વિલાયતમેં (–Englandમેં) વિષ્ટાકા શીરા બના દિયા દો ઘડીમેં. વિષ્ટા.. વિષ્ટા. તમારા થા ન ચંપકભાઈ (દાદભાવાળા) ? એ ત્યાં ગયે થે ન વિલાયતમેં ? ઇતના ........ (થોડાસા વિષ્ટા) લે લિયા (ઔર) એક ઔષધિ ડાલી (તો) ગંધ ચલી ગઈ. દૂસરી ઔષધિ ડાલી (તો) માનો યે તો દૂસરા હૈ.... આટા હૈ આટા—ઐસા હો ગયા. તીસરી ઔષધિ ડાલી.... પૈસા બેઠા કંઈક.... ૧૫ રૂપિયેકી ઔષધિ હુઈ થી. વહ (તીસરી) ઔષધિ ડાલી તો શીરા જૈસા હો (ગયા).

'શીરા' સમજતે હો ? હલવા જૈસા હો ગયા. (યે તો) પરમાણુકી પર્યાય હૈ (વહ) પલટ ગઈ. દૂસરા ક્યા હૈ ? વહ (શીરા) તો પહલે પરમાણુ હી થે ન ? ઉસમેંસે વિષ્ટા હુઈ ન ? શીરા ખાતે થે તો શીરામેંસે વિષ્ટા હુઈ થી.... શીરા ખાયા હો તો ઉસમેંસે વિષ્ટા હુઈ થી, વળી વિષ્ટામેંસે શીરા હુઆ. પણ ઉસમેં ક્યા હૈ ? બાત તો (યહ હૈ કિ) પર્યાય બદલતી હૈ.... પર્યાય બદલતી હૈ.

જલમેં કાદવકી પર્યાય(કે સાથ સંબંધ) થા તો જલ તિરોભૂત હો ગયા થા, અકેલા મૈલ હી દિખતા થા. વિવેક જ્યાં પડા અંદરમેં, જલ પ્રગટ હુઆ. બસ, લ્યો ! કિતના વિશેષણ દિયા હૈ કિ सहज एक निर्मलभावपनेसे.... યે વિશેષણ ઉસકા.... જલકા હૈ. उस जलको.... जलको निर्मल ही अनुभव करते हैं.... યે લૌકિક દ્રષ્ટાંત દિયા, લૌકિક વિવેકકા. નિર્મલી ઔષધિ ડાલ કર વિવેકી પુરુષને.... લૌકિક વિવેકવાલેને.... ઉસને જલસે કાદવકો ભિન્ન કર (નિર્મલ) જલકા અનુભવ કિયા.

इसी प्रकार प्रबल कर्मोंके मिलनेसे जिसका सहज एक ज्ञायकभाव तिरोभूत हो गया है.... દેખો ! प्रबल कर्मोंके मिलनेसे.... દેખો ! ભાષા ઐસી હૈ કિ 'प्रबल कर्मोंके मिलनेसे'.... ઉસમેં (–દ્રષ્ટાંતમેં) આયા થા ન ? 'प्रबल કાદવકે

(–कीचड़के) मिलनेसे'—ઐસા આયા થા. 'जिसका'.... નામ (–અર્થાત્) ભગવાન આત્મા આનંદસાગર.... નિર્મલાનંદ જલસે ભરા પૂર્ણાનંદસ્વરૂપ હૈ. (વહ) શુદ્ધ દ્રવ્યસ્વભાવ.... વસ્તુસ્વભાવ.... જ્ઞાયકસ્વભાવ, શુદ્ધ પારિણામિક પરમભાવસ્વરૂપ ભાવ હૈ. વહ કર્મકા.... પ્રબલ કર્મોંસે.... દેખો ! 'પ્રબલ કર્મ' લિયા હૈ હોં, થોડા કર્મ પણ નહીં. સમજમેં આયા ?

प्रबल कर्मोंके मिलनेसे जिसका सहज एक.... કોઈ તો ઐસે લેતે હૈં (કિ) 'દેખો ! કર્મોંકે મિલનેસે વહ (જીવ) ઢંક ગયા હૈ, અપની (–જીવકી) ભૂલ નહીં હૈ.' વજુભાઈ ! (કોઈ કહતા હૈ), 'દેખો ! ક્યા અર્થ હૈ ? કરો શબ્દાર્થ લ્યો ! (કિ) પ્રબલ કાદવકે મિલનેસે જિસકા.... જલકા (નિર્મલ સ્વભાવ) તિરોભૂત હો ગયા હૈ ઐસે હૈ.' એમ प्रबल कर्मोंके मिलनेसे जिसका सहज एक ज्ञायकभाव.... 'सहज' (યાને) સ્વાભાવિક.... 'सहज' (યાને) અકૃત્રિમ.... નહીં બની (ઐસી) વસ્તુ. જગતકી શાશ્વત ચીજ હૈ આત્મા.

सहज एक.... एक.... 'એક' હૈન વસ્તુ ? एक ज्ञायकभाव.... જ્ઞાયક ધ્રુવભાવ.... પરમભાવ.... શુદ્ધ પરમ પારિણામિક ઐસા પરમભાવ લક્ષણ જ્ઞાયકભાવ હૈ વહ ઢંક ગયા થા.... પ્રબલ કર્મોંસે ઢંક ગયા થા. દેખો ! ભાષા ઐસી હૈ યહાં (કિ 'પ્રબલ કર્મોંસે ઢંક ગયા થા.') સમજમેં આયા ? ઉસકા અર્થ હૈ કિ કર્મકી દ્રષ્ટિ કરનેસે અપના સ્વભાવ ઢંક ગયા થા. સમજમેં આયા ? વજુભાઈ !

ક્યા કહતે હૈં ?

प्रबल कर्मोंके मिलनेसे.... મિલનેકી (–કર્મ મિલે ઐસી) યોગ્યતા અપની પર્યાયમેં હુઈ તો 'કર્મકા નિમિત્ત મિલા'—ઐસા કહનેમેં આતા હૈ કિ નહીં ? કર્મ તો જડ હૈ, પર હૈ.... સમજમેં આયા ? પણ અપની પર્યાયને કર્મકા સંબંધ કિયા, (ઇસસે) અપની પર્યાય (મલિન હૈ). (વહ) નૈમિત્તિક ભાવ અપના હૈ (ઔર) કર્મ નિમિત્ત હૈ. તો, 'कर्मोंके मिलनेसे'—ઐસા કહા હૈ. સમજમેં આયા ?

કર્મ તો પરદ્રવ્ય હૈ (ઔર) પરદ્રવ્યસે અપની પર્યાય ઢંક જાતી હૈ.... રુક જાતી હૈ—ઐસા (હૈ) નહીં. જયકુમારજી ? કહતે હૈં.... (અજ્ઞાની) તકરાર કરતે હૈંન ? (ક્યોંકિ) ઉસકા (–શાસ્ત્રકા) અર્થ સમજે નહીં કિ કિસ અપેક્ષાસે કહના

(–કહતે) હૈ. યહાં તો (જિસકો) ભગવાન આત્માકી દ્રષ્ટિ અનાદિસે નહીં હૈ (ઉસકી બાત પ્રથમ કરતે હૈં). સમજમેં આયા ?

ક્યા કહતે થે પહલે ?

પાનીકા (દ્રષ્ટાંત કુકડા ગાંવકા) કહા થા ન ? દેવાનુપ્રિયા ! (પણ ત્યાં) જલમેં નિર્મલ ઔષધિ (નાખે કઈ રીતે ?.... પાણી મેલું હોય, પણ એ) વખતે કીચડકા (ઔર જલકા) વિવેક ન કરનેવાલે.... પહલે (કુકડા ગાંવકા) દ્રષ્ટાંત દિયા થા ન ?.... સમજમેં આયા ?

(દ્રષ્ટાંત :) (છોટે ગાંવમેં) નિર્મલ ઔષધિ કહાંસે લાવે ? ગાંવમેં (રહતે) હો ઔર વહાં અકેલા મેલા પાણી હો તો નિર્મલ ઔષધિ કહાંસે લાવે ?

(સિદ્ધાંત :) ઐસે નિગોદ આદિમેં પડા હો.... સમજમેં આયા ? તો અનંતકાલ ઐસે (હી બીત જાય). ઉસમેં ભેદજ્ઞાન કરનેકા અવસર તો હૈ નહીં. (ભેદજ્ઞાનરૂપ) નિર્મલ ઔષધિ કહાંસે લાવે વહાં ? સમજમેં આયા ?

જલ(કે દ્રષ્ટાંત)મેં ભી ઐસા હૈ. વહાં નિર્મલ ઔષધિ કહાં થી કુકડામેં ? પાની ઐસા (મલિન) થા (અને ત્યાં એવા જ) પાણીના બેડાના બેડા ભર્યા હોય હો. 'બેડા' સમજતે હૈંન ? (વહાં) દેગડા પાણીકા, (પણ) મેલા હી ભરા હો ઘરમેં. (પાણી) ઠંડા (ઔર) ઊના.... સબ હોતે થે. ઊના.. ઊના પાણી તો ન્હાવા માટે કરેને ? એટલે હોય સાધુ માટે. (ગરમ પાણી) પણ કરે, ગામમાં ગયા (–આવ્યા) હોય સાધુ તો. પાની તો સબ (જગહ) ગરમ (મિલે), પણ વહાં નિર્મલ ઔષધિ કહાંસે લાવે ? કિ (જિસકો) ડાલે ઔર તુર્ત કીચડ નીચે બૈઠ જાયે. સમજમેં આયા ?

ઐસે જબ તક (સંજ્ઞીપનેકા) ક્ષયોપશમ ભાવ.... ઐસા મનુષ્યપના, સ્વર્ગ આદિકા (સંજ્ઞી) પંચેન્દ્રિય(પના) ન મિલે તબ તક નિર્મળ ઔષધિ(રૂપ) ભેદજ્ઞાન કહાંસે હો ? સમજમેં આયા ? પણ યહાં તો (મનુષ્યપનેમેં) અવસર મિલા હૈ ઉસકી બાત કરતે હૈં.

प्रबल कर्मोंके मिलनेसे जिसका.... 'जिसका'.... હમણાં આવ્યું'તુંને (દ્રષ્ટાંતમાં) ? (વહાં) 'जिसका' એટલે જલકા, અહીં (સિદ્ધાંતમાં) 'जिसका'

એટલે આત્માકા—ઐસા લેના. प्रबल कर्मोंके मिलनेसे जिसका सहज एक ज्ञायकभाव तिरोभूत हो गया है.... જ્ઞાયકભાવ ઢંક ગયા હૈ.

(પ્રશ્ન :) જ્ઞાયકભાવ ઢંક જાયે, તો જડ (હો જાય).... (જ્ઞાયકકા) અભાવ હો જાયે ? જ્ઞાયકભાવ = દ્રવ્યભાવ. 'દ્રવ્યભાવ ઢંક ગયા હૈ'—ઐસા લિખા હૈ ?

(સમાધાન :) ઉસકા અર્થ (યહ હૈ) કિ દ્રષ્ટિમેં કર્મ હૈ.... વિકાર હૈ (ઔર) પર હૈ, તો (જ્ઞાયકભાવ) તો દ્રષ્ટિમેં આયા નહીં. (ઇસલિયે) તો 'ઢંક ગયા હૈ' (—ઐસા કહા હૈ). વસ્તુ (જ્ઞાયકભાવ) હૈ ઉસકી દ્રષ્ટિ કી નહીં ઔર દ્રષ્ટિ તો રાગાદિ.... વિકલ્પાદિ.... પુન્યાદિ.... શરીરાદિ.... કર્માદિ પર(દ્રવ્ય) ઉપર હૈ, તો પર્યાય ઉપર બુદ્ધિ હૈ. સમજમેં આયા ? વહ કહેંગે હોં, 'व्यवहारसे विमोहित'.... શબ્દ લેંગે.

निर्मलभाव....
जलको निर्मल ही अनुभव....
पुरुषार्थ द्वारा....
अपने हाथसे....
(—એ બધું) થઈ ગયું.... વહ તો (હો ગયા).

इसी प्रकार प्रबल कर्मोंके मिलनेसे जिसका (सहज एक ज्ञायकभाव) तिरोभूत हो गया है, ऐसे आत्माका अनुभव करनेवाले.... तिरोभूत हो गया है, ऐसे आत्माका अनुभव करनेवाले....

(દ્રષ્ટાંત :) કાદવસે જલ तिरोभूत हो गया है, ऐसे जलका अनुभव करनेवाले....

(સિદ્ધાન્ત :) ઐસે પ્રબલ કર્મોંસે જ્ઞાયકભાવકી દ્રષ્ટિ હૈ નહીં ને કર્મ ઉપર દ્રષ્ટિ હૈ.... રાગ ઉપર દ્રષ્ટિ હૈ.... વિકલ્પ ઉપર (દ્રષ્ટિ) હૈ, તો ઉસકી દ્રષ્ટિમેં ज्ञायकभाव तिरोभूत हो गया है. સમજમેં આયા ?

तिरोभूत हो गया है, ऐसे आत्माका अनुभव करनेवाले पुरुष—आत्मा और कर्मका विवेक (भेद) न करनेवाले.... ભગવાન જ્ઞાયકભાવ હૈ ઉસમેં વિકલ્પ ને એક સમયકી પર્યાય ત્રિકાલમેં હૈ હી નહીં. સમજમેં આયા ? એક સમયકી પર્યાય

ઔર વિકલ્પ–રાગ ઔર નિમિત્ત હૈ ઉનસે ભિન્ન દ્રવ્ય હૈ. ઐસે 'ભિન્ન દ્રવ્ય હૈ' ઐસા વિવેક નહીં કરનેવાલે.... સમજમેં આયા ?

જૈસે પ્રબલ કાદવસે જલ ભિન્ન હૈ—ઐસા (વિવેક) નહીં કરનેવાલે.... ઐસે પ્રબલ કર્મસે ભગવાન (આત્મા) તો ભિન્ન હૈ, પણ ઉસકો ભિન્ન નહીં કરનેવાલે (–જાનનેવાલે).... સમજમેં આયા ? અનુભવ.... પુરુષાર્થસે 'विवेक (भेद) न करनेवाले'.... ભાષા એમ લીધી છે. (भेद) न करनेवाले.... તો ભેદ નહીં કિયા, યે અપને પુરુષાર્થસે નહીં કિયા—એમ કહે છે ભાઈ !

(भेद) न करनेवाले.... (—ઐસા) લિયા હૈ. કર્મસે (–કર્મકે કારણસે) 'ભેદ નહીં કરનેવાલે'—ઐસા નહીં, (પરંતુ અપને કારણસે) ભેદ નહીં કરનેવાલે.... સમજમેં આયા ? ભગવાન આત્મા સહજ એક નિર્મલભાવ જ્ઞાયક ઔર કર્મ—દોનોંકા ભેદ નહીં કરનેવાલે.... દોનોંકો જુદા નહીં કરનેવાલે.... વહ (—ઐસા કથન) આ ગયા, દેખો !

भेदविज्ञानतः सिद्धा: सिद्धा ये किल केचन ।
अस्यैवाभावतो बद्धा ....... (સમયસાર, કળશ-૧૩૧)

ભેદજ્ઞાન નહીં કરનેવાલા બંધા હૈ. 'કર્મસે બંધા હૈ' (—ઐસા) કહના વહ તો વ્યવહાર હૈ. ભેદજ્ઞાન.... પરસે ભેદજ્ઞાન નહીં કરનેવાલા (અર્થાત્) પરસે ભિન્નતા.... વિવેક નહીં કરનેવાલા.... 'કર્મસે ભગવાન આત્મા ભિન્ન હૈ'—ઐસી ભિન્નતા નહીં કરનેવાલા.... विवेक (भेद) न करनेवाले, व्यवहारसे विमोहित हृदयवाले.... 'व्यवहार(से विमोहित)'કા અર્થ (યહ હૈ) કિ....

(૧) નિમિત્ત (–જીવ, અજીવ) તરફકી સાવધાની યા
(૨) દયા-દાનકે વિકલ્પકી (–આસ્રવ, બંધકી) સાવધાની યા
(૩) એક સમયકી પર્યાયકે અંશ (–સંવર, નિર્જરા, મોક્ષ) ઉપરકી સાવધાની.

—વહ વ્યવહારસે વિમોહિત હૃદયવાલા હૈ. સમજમેં આયા ? યે ગાથા તો મૂલ હૈ. શેઠીયા ! બરાબર આયે હૈં ઇસ સમયમેં. પઢતે-પઢતે (યહ ગાથા) આ ગયી હૈ. ૧૬વીં બાર, ૧૬વીં બાર ચલતી હૈ સભામેં.

કહતે હૈં, (जिसका सहज एक ज्ञायकभाव तिरोभूत हो गया है) ऐसे आत्माका अनुभव करनेवाले (पुरुष).... દેખો ! आत्मा और कर्मका (विवेक) (भेद) न करनेवाले.... બહોત ઉસમેં (મર્મ હૈ કિ) અપના પુરુષાર્થ હી ઊલ્ટા હૈ તો 'ભેદ કરતે નહીં'—ઐસે કહતે હૈં. કર્મસે ભેદ.... કર્મ(કા ઉદય) હૈ તો 'ભેદ નહીં કરતે'—ઐસા યહાં નહીં કહા. સમજમેં આયા ? એક સાથમેં (–ક્ષેત્રમેં આત્મા ઔર કર્મ)—દો ચીજ હૈ, પણ ભિન્નતા નહીં કરનેવાલા અવિવેકી....

કૈસા હૈ અવિવેકી ?

व्यवहारसे विमोहित हृदयवाले.... એક સમયકી પર્યાયમેં મૂઢ હૈ ઔર રાગાદિ વિકલ્પરૂપ જો વ્યવહાર હૈ ઔર કર્મ જો હૈ ઉસ તરફકી દ્રષ્ટિસે, 'અપના આત્મા (કર્મસે) ભિન્ન હૈ'—ઐસા વિવેક નહીં કરનેસે.... व्यवहारसे विमोहित.... લ્યો ! રાગમેં, વિકલ્પમેં મૂઢ હો ગયા હૈ.... શુભ-અશુભ રાગ હૈ ઉસમેં મૂઢ હો ગયા હૈ. 'નિમિત્ત ઐસા હો તો મેરા અચ્છા હોગા, નિમિત્ત ઐસા (હો)....' (ઐસા માનનેવાલા) તો નિમિત્તમેં વિમોહિત હો ગયા હૈ. विमोहित.. व्यवहारसे विमोहित हृदयवाले.... મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

અપને દ્રવ્યસ્વભાવકો પરસે (–કર્મસે) ભિન્ન (નહીં) કરનેવાલા.... 'નહીં કરનેવાલા' તો નાસ્તિસે (કહા), તો અસ્તિ ક્યા હૈ ? કિ વ્યવહારસે મૂઢ હૈ.... સમજમેં આયા ?

व्यवहारसे विमोहित હૈ.

ક્યા કહા સમજમેં આયા ?

ભગવાન આત્મા જ્ઞાયકસ્વરૂપ ઔર કર્મ નિમિત્ત (—જો કિ) દિખતે હૈં સાથમેં (–એક ક્ષેત્રમેં), યે દોનોં (આત્મા ઔર કર્મ)કો ભિન્ન નહીં કરનેવાલાને ઇતના કિયા (–કહા)....

ભિન્ન નહીં કિયા તો ઉસને ક્યા (કિયા) ? ઉસકી દ્રષ્ટિ કહાં હૈ ?

કિ व्यवहारसे विमोहित.... હૈ. સમજમેં આયા ? કાં અશુભભાવ, કાં દયા, દાન, ભક્તિ, વ્રત, પૂજા આદિકા શુભ વિકલ્પ-ભાવ.... ઉસમેં જિસકી દ્રષ્ટિ પડી હૈ, (વહ व्यवहारसे) विमोहित હૈ (અર્થાત્) વિશેષ ઉસમેં મૂઢ હો ગયા હૈ.

સમજમેં આયા ? વહ મૂઢ હો ગયા હૈ, (પરંતુ) વહ 'કર્મસે મૂઢ હો ગયા હૈ'—ઐસે નહીં કહતે હૈ યહાં.

શ્રોતા : ....

પૂજ્ય ગુરૂદેવશ્રી : ક્યા 'સમજ' લેના હૈ ? વિવેક નહીં કરનેવાલા વ્યવહારમેં વિમોહિત હૈ. પરસે અપનેકો ભિન્ન નહીં કરનેવાલા પરમેં.... વ્યવહારમેં વિમૂઢ હૈ. દેખો ! કૈસી બાત હૈ ! સમજમેં આયા ?

યે તો મહામંત્ર હૈ. સમજમેં આયા ? યે કોઈ સાધારણ કથા.... વાર્તા નહીં હૈ. યે તો પરમેશ્વરકી (–આત્માકી) ભૂલ ક્યોં હુઈ ઔર પરમેશ્વર (–આત્મા) પ્રાપ્ત ક્યોં (—કૈસે) હુઆ—ઐસી (ઉસકી) બાત હૈ. સમજમેં આયા ? પરમેશ્વર.... આત્મા તો પરમેશ્વર હી હૈ તીનોં કાલ. તીનોં કાલ આત્મા, પરમેશ્વર–પ્રભુ હી હૈ.

'સર્વ જીવ છે સિદ્ધસમ.' (આત્મસિદ્ધિ, ગાથા-૧૩૫).
'સર્વ જીવ છે જ્ઞાનમય.' (યોગસાર, ગાથા-૯૯).

આતા હૈ કિ નહીં ? સમજમેં આયા ?

આત્મા પરમેશ્વર હી હૈ. ઓહોહો ! પરમ ઈશ્વરતા....

(૧) એક એક ગુણકી પરમ ઈશ્વરતા, ઐસે
(૨) અનંત ગુણકી પરમ ઈશ્વરતા, ઐસે
(૩) અનંત ગુણકી પરમ ઈશ્વરતારૂપ એકતા.

—ઐસી પરમ ઈશ્વરતા હૈ.... ઐસા પરમેશ્વર આત્મા હૈ.

વહ પરમેશ્વર (આત્મા) ક્યોં ભૂલા ? (આત્મા) ઐસા પરમેશ્વર હોને પર (ભી) ક્યોં ભૂલ પડી (–હુઈ) ?

કિ કર્મોંકે મિલનેસે ઉસકો આત્માકી દ્રષ્ટિ રહી (–હુઈ) નહીં (ઔર) દ્રષ્ટિ વહાં (કર્માદિ પર) રહી. સમજમેં આયા ? કર્મકા સંયોગ મિલનેસે સ્વભાવકી દ્રષ્ટિ (હુઈ નહીં, તો) સ્વભાવ તિરોભૂત હો ગયા.... ભગવાન ઢંક ગયા....

પરમેશ્વર પર્દેમેં પડ ગયા.... માલચંદજી ! પરમેશ્વર પર્દેમેં પડ ગયા ઔર રાગ ને વિકલ્પ (પ્રગટ હો ગયે). સમજમેં આયા ? કિતના (સ્પષ્ટ) કથન હૈ ! દેખો.

વળી કોઈ 'प्रबल कर्मोंके मिलनेसे....'—ઐસા (કહા હૈ તો) વહાં (એકાંત ન) લે લે, (ઇસલિયે) ઐસા કહા (કિ), ભગવાન ! (અજ્ઞાનને કારણે) તું તો આત્મા અને કર્મનો વિવેક નહીં કરવાવાળો (છો અને) એને '(પ્રબલ કર્મ) મિલે હૈં'—ઐસા કહનેમેં આયા હૈ. પર ઔર આત્માકા ભેદ નહીં કરનેવાલે(કે લિયે) 'પ્રબલ કર્મોસે મિલા હૈ'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? લ્યો ! ૧૧વીં ગાથા ચલતી હૈ (ઔર) તુમ ભી યહાં હૈન બરાબર. દિલ્હીવાલે આયે હૈંન ? આહાહા ! બે એકડા છે. સમજમેં આયા ?

કહતે હૈં, ભગવાન ! તુમ તો પરમેશ્વર હો ન ! પણ (નિજ) પરમેશ્વરકી પ્રતીત હૈ નહીં.... રહી નહીં.

ક્યોં ?

ક્યોંકિ પર ઉપર દ્રષ્ટિ રહનેસે.... કર્મ પદાર્થકે મિલનેસે.... 'વહ મિલા' ઐસા લક્ષ કરનેસે (ઔર) ઉસસે જો રાગ-દ્વેષ આદિ ઉત્પન્ન હોતે હૈં ઉસમેં વિમોહિત હો (જાનેસે). (ઇસ પ્રકાર) જો વ્યવહારમેં વિમોહિત હૈ.... વ્યવહાર–રાગ આદિમેં વિમોહિત હૈ (અર્થાત્) પર્યાયઅંશમેં.... અંશબુદ્ધિમેં રહા હૈ, તો અંશબુદ્ધિમેં રહનેસે મિથ્યાત્વભાવ.... વિમોહિતભાવ ઉત્પન્ન હુઆ હૈ. સમજમેં આયા ?

આત્મા ઔર કર્મકા ભેદજ્ઞાન નહીં કરનેવાલે આત્મા.... યે તો ઉસકે ઉપર (–જીવ પર જવાબદારી) આયી. કર્મ (મિલે) હૈ તો કર્મકે કારણસે 'ભેદજ્ઞાન નહીં કર સકતે'—ઐસા નહીં આયા. કર્મ મિલે હૈં, પણ ઉસ કારણસે (આત્મા ઔર કર્મોકા) 'ભેદ નહીં કર સકતે'—ઐસા નહીં હૈ. વહ તો (અજ્ઞાની સ્વયં) ભેદ નહીં કરતા હૈ. સમજમેં આયા ? (અજ્ઞાની) ભગવાન આત્માકી દ્રષ્ટિ નહીં કરતા હૈ, (પરંતુ)....

(૧) કર્મકી દ્રષ્ટિ,
(૨) રાગકી (દ્રષ્ટિ).... જો કર્મકે નિમિત્તસે ઉત્પન્ન સબ વિકલ્પાદિ શુભાશુભભાવ (હૈ ઉસકી) દ્રષ્ટિ ઔર
(૩) એક સમયકી પર્યાય હૈ ઉસમેં દ્રષ્ટિ રખનેસે....

(ઉસકો) મિથ્યાત્વભાવ (હુઆ હૈ). વ્યવહારમેં વિમોહિત.... ભેદમેં વિમોહિત.... અંશમેં વિમોહિત.... રાગમેં વિમોહિત (હોનેસે) મિથ્યાદ્રષ્ટિ હુઆ હૈ. સમજમેં આયા ?

પુસ્તક હૈ કિ નહીં સામને ? અભી તો હિંદી ચલતી હૈ, દોપહરકો ગુજરાતી ચલતી હૈ. યે તો ગુજરાતી ભી સહેલી (–સરલ) હૈ, પણ થોડા ખ્યાલ રખે ન (તો સમજમેં આ જાયે). 'સરસ' શેઠીયા કહતે હૈંન ? 'સરસ.' ગુજરાતીમેં 'સરસ' (કહતે હૈ, પણ) હિંદીમેં ભી 'સરસ' (શબ્દ) તો આતા હૈન ? સરસ=સ+રસ.

આત્મા કૌન (–કિસે) કહતે હૈ (યહ જિસે પતા હૈ).... ऐसे आत्माका अनुभव करनेवाले पुरुष.... 'पुरुष' શબ્દસે (–શબ્દકા અર્થ) 'આત્મા' હૈ હોં. 'पुरुष' શબ્દસે 'આ પુરુષ' ને 'ઓલી સ્ત્રી'—ઐસા યહાં નહીં લેના. ऐसे आत्माका अनुभव करनेवाले.... ऐसे आत्माका अनुभव करनेवाले पुरुष.... 'पुरुष' એટલે જીવ યૂં.... 'पुरुष' એટલે જીવ. 'पुरुष' એટલે 'આ પુરુષ' ને 'આ સ્ત્રી'—ઐસા યહાં હૈ નહીં. સમજમેં આયા ?

ऐसे आत्माका अनुभव करनेवाले पुरुष.... ('पुरुष') નામ જીવ. आत्मा और कर्मका विवेक न करनेवाले.... આત્મા ઔર કર્મકા વિવેક નહીં (કરનેવાલે યાની) પરકા લક્ષ નહીં છોડનેવાલે અને સ્વકા લક્ષ નહીં કરનેવાલે યૂં. સમજમેં આયા ? व्यवहारसे विमोहित.... પર્યાયમેં, રાગમેં મૂઢ હુઆ (વહ) વિમોહિત હૈ.... વિશેષે મૂઢ હો ગયા (ઐસા) મિથ્યાદ્રષ્ટિ હૈ—એમ કહે છે.

એવા हृदयवाले तो, उसे (आत्माको) जिसमें भावोंकी विश्वरुपता प्रगट है.... દેખો ! જિસમેં ભાવોકી અનેકતા.... શુભ-અશુભ વિકલ્પકી અનેકતા.... શુભ-અશુભ.... શુભકે અસંખ્ય પ્રકાર હૈ, અશુભકે અસંખ્ય પ્રકાર હૈ. યે વિશ્વ... 'विश्व' નામ સમસ્ત.... અનેક પ્રકારકે શુભ-અશુભ વિકલ્પોંકી અનેકતા. जिसमें भावोंकी विश्वरुपता (अनेकरूपता) प्रगट है.... દેખો ! ભગવાન (આત્મા) તો ઢંક ગયા (ઔર) દ્રષ્ટિ વહાં (–બહિર્મુખતામેં) રહી હૈ, તો 'प्रगट'.... અનેક પ્રકારકે શુભ-અશુભ વિકલ્પ (અર્થાત્) રાગાદિ અનેક પ્રકારકે પ્રગટ (હોતે) હૈં. સમજમેં આયા ?

ऐसा अनुभव करते हैं.... प्रगट है ऐसा अनुभव करते हैं.... ભગવાન (આત્મા) તો ઢંક ગયા.... આત્માકી દ્રષ્ટિ તો રહી નહીં (ઔર) દ્રષ્ટિ રહી વહાં (બહિર્મુખતામેં, તો) યે (–આત્માકો) તો છોડ દિયા.... ભગવાન ઢંક ગયા (ઔર) યહાં પર્દેમેં પડ ગયા તો યે રહ ગયે પ્રગટ પુણ્ય ઔર પાપ.... દયા-દાન, વ્રત-ભક્તિ-પૂજા, કામ આદિ જો વિકલ્પ ઉઠતે હૈં વે.

विश्वरूप.... 'विश्व(रूप)' નામ અનેકરૂપ.... અનેકરૂપ (—અનેક) પ્રકાર જો હૈં. (તો, અજ્ઞાની) આત્માકો અનેકરૂપ અનુભવતે હૈં. (આત્મા) હૈ એક.... સહજ એક જ્ઞાયકભાવ.... સહજ એક જ્ઞાયકભાવ હૈ, (પણ) ઉસકો પરસે ભિન્ન નહીં કરનેવાલા (–જાનનેવાલા), વ્યવહારમેં મોહિત હુઆ, અનેક ભાવકો અનુભવતા હૈ.—યે મિથ્યાદ્રષ્ટિકા લક્ષણ હૈ.

સમજમેં આતા હૈ કિ નહીં માલચંદજી ? કહો, ઉસમેં ક્યા (ભરા) હૈ ? ઇતના (–બહોત ગંભીર) અર્થ હૈ. 'સમયસાર' તો વાંચતે હો કિ નહીં તુમ ? ઘરે વાંચો છો કે નહીં ? ઇતના (–થોડાસા) વાંચતે તો હો ન ? પઢતે તો હૈં. જિજ્ઞાસા તો વાંચનેકી હૈ, તો વાંચતે હૈં. બહોત કાલસે (–સમયસે) તો આતે હૈં, (તો) ઉસકા (–શબ્દકા) ક્યા ભાવ હૈ યે સમજના ચાહિયેન ? સમજમેં આયા ? યે તો અધ્યાત્મ શાસ્ત્ર હૈ, યે કોઈ વાર્તાકા ગ્રંથ નહીં હૈ. માખણ.... માખણ હૈ.... મખ્ખનકી ચીજ હૈ. નેમિચંદજી ! આહાહા !

કહતે હૈં કિ ભગવાન सहज एक ज्ञायकभाव.... દ્રષ્ટિમેં પરસે વિવેક (–ભેદ) નહીં કિયા....

(૧) યે (જ્ઞાયકભાવ) દ્રષ્ટિમેં ન લિયા,
(૨) તો પરસે વિવેક (–ભેદ) ન હુઆ,
(૩) તો પરમેં વિમોહિત હો ગયા. ઔર
(૪) પરમેં વિમોહિત હુઆ તો એકરૂપ જ્ઞાયકભાવસે વિપરીત.... એકરૂપ જ્ઞાયકભાવકે નિર્મલ સ્વભાવસે વિપરીત શુભાશુભ વિકલ્પ આદિ જો વિકાર હૈં ઉસકો અનુભવતે હૈં (અર્થાત્) વહ મિથ્યાદ્રષ્ટિ રાગકો અનુભવતે હૈં—ઐસે કહતે હૈં.

સમજમેં આતા હૈ ? યહાં (પ્રવચન સુનનેમેં) ધ્યાન તો બહોત રખતે હો. યે સમજના વહ હી કરના હૈ હોં. યે હી માર્ગ હૈ (જિસસે) ન્યાલ હો જાય. નહોતું કહ્યું તમારે 'અલીગઢ'માં ? કહા થા ન ? (કિસીને પ્રવચન) સુનકર કહા થા કિ 'ઓહોહો ! આ વાત ! સત્ય જો રૂચ જાયે.... બૈઠ જાયે તો ન્યાલ હો જાયે' —ઐસા કહા થા. ૧૩કી સાલમેં 'અલીગઢ'મેં (આયે) થેન ? 'યે ઐસી બાત હૈ' (—ઐસા) ઉસકે ખ્યાલમેં.... જ્ઞાનમેં મહિમા આની ચાહિયે. સમજમેં આયા ?

યહાં કહતે હૈં કિ અજ્ઞાની તો **व्यवहारसे विमोहित** હૈ. ભાષા દેખો ! (અજ્ઞાની), પુણ્ય-પાપકા વિકલ્પ આદિ સબ વ્યવહાર હૈ ઉસમેં મૂઢ હો ગયા હૈ. ભગવાન (આત્મા) સહજ સ્વભાવી એકરૂપ હૈ....

(૧) (વહ અનાદિસે) દ્રષ્ટિમેં ન આયા,
(૨) ક્યોંકિ (આત્મા ઔર કર્મકા) વિવેક ન કિયા,
(૩) (ઇસલિયે વહ) તિરોભૂત હો ગયા.

(તબ) ઉસકો આવિર્ભાવ ક્યા હુઆ ?—ઐસા (–વહ અબ) કહતે હૈં.

જબ (જ્ઞાયકભાવ) તિરોભૂત હુઆ તો આવિર્ભાવ ક્યા હુઆ ?

કર્મ—નિમિત્તકી દ્રષ્ટિમેં ઔર રાગાદિકી દ્રષ્ટિમેં અનેક પ્રકારકે વિકલ્પ(આદિ) ઉત્પન્ન હોતે હૈં (ઔર) ઉસમેં વિમોહિત હોકર યે પ્રગટ જો વિકારી ભાવ હૈ (ઉસકો અનુભવતે હૈ, પરંતુ) પ્રગટ જો પરમાત્મા હૈ (વહ) તો અવ્યક્ત રહ ગયા અંદર (–આત્માનુભૂતિ નહિ હુઈ). સમજમેં આયા ? તો (ઇસ પ્રકાર) વિકારકો હી અનુભવતે હૈં.... સમજમેં આયા ? વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા !

(મિથ્યાદ્રષ્ટિ) પરકો અનુભવતે નહીં હોં.... શરીરકો ને જડકો ને પરકો. પણ પરકે.... નિમિત્તકે લક્ષસે નૈમિત્તિક (ભાવ) ઉત્પન્ન હુઆ (ઉસકો અનુભવતે હૈં). દ્રષ્ટિ પર(દ્રવ્ય) ઉપર પડી હૈ તો સ્વભાવકી દ્રષ્ટિ તો રુક ગઈ (–નહિ હુઈ).... (સ્વભાવ) ઢંક ગયા હૈ. તો (તબ) નિમિત્ત ઉપર દ્રષ્ટિ હોનેસે (યા) કર્મ ઉપર દ્રષ્ટિ હોનેસે કર્મકે નિમિત્તમેં ઉત્પન્ન હુએ, અપની પર્યાયમેં નૈમિત્તિક વિકારી ભાવ.... જો કિ અનેક પ્રકારકે ભાવ હૈ (ઉસકો અનુભવતે હૈં).

સ્વભાવ ભાવ એક(રૂપ) હૈ.... નિર્મલ ભાવ ભગવાન (આત્મા) એક(રૂપ) હૈ....

(૧) વહ તો દ્રષ્ટિમેં ઢંક ગયા હૈ (–આયા નહિ), તો યે....
(૨) (વિકાર) પ્રગટ હો ગયા હૈ.... અનાદિસે પર્યાયબુદ્ધિમેં શુભ-અશુભ વિકલ્પ.... શુભ-અશુભ રાગ હૈ વહ પ્રગટ હો ગયા હૈ (ઔર) વહ પ્રગટ હુઆ (હૈ તો)....
(૩) ઉસકો (–રાગકો) અનુભવતે હૈં કિ 'વહ મૈં હૂં.... વહી મૈં હૂં' —ઐસા અનુભવતે હૈં. સમજમેં આયા ?

ऐसा अनुभव करते हैं.... દેખો ! प्रगट है ऐसा अनुभव करते हैं.... યૂં. ('प्रगट')—ઐસા શબ્દ હૈન અંદર ?.... तिरोहितसहजैकज्ञायकभावस्यात्मनोऽनुभवितारः पुरूषा आत्मकर्मणोर्विवेकमकुर्वन्तो व्यवहारविमोहितहृदया: प्रद्योतमानभाववैश्वरुप्यं तमनुभवन्ति.... 'तमनुभवन्ति' —એમ (છે) ને ?

'प्रगट है.... प्रगट है'—એ (શબ્દ) ક્યાંથી (–સંસ્કૃત ટીકાના ક્યા શબ્દમાંથી) કાઢ્યું ?—એમ કીધું (–પૂછ્યું છે). 'प्रद्योतमान'.... ઠીક, प्रद्योतमानभाववैश्वरुप्यं तमनुभवन्ति.... બરાબર હૈ. જો પ્રગટ હૈ.... જો દેખનેમેં આતે હૈં (—ઐસે) શુભ-અશુભ ભાવ(કો અજ્ઞાની અનુભવતે હૈં). ભગવાન (આત્મા) તો દેખનેમેં આયા નહીં, (ક્યોંકિ) પરસે ભિન્ન (આત્મા)કી દ્રષ્ટિ હુઈ નહીં. (તો) યે (વિકાર) દેખનેમેં આયા (ઔર ઉસકો અજ્ઞાની અનુભવતે હૈં). પર્યાયબુદ્ધિમેં પુણ્ય-પાપરૂપ વિકલ્પ ઉદ્યોતમાન હૈ—પ્રગટ હૈ, તો ઉસકા (અજ્ઞાની અનુભવ કરતે હૈં).

પ્રગટ હૈ—ઉદ્યોતમાન હૈ ઐસા.... 'तम्'—એમ છેને ? 'तम् अनुभवन्ति'.... 'એવો છે—એમ અનુભવે છે.' प्रद्योतमानभाव.... प्रद्योतमानभाववैश्वरुप्यं तमनुभवन्ति.... ऐसा अनुभव करते हैं.—'એવો '<u>તેને</u>' અનુભવે છે' એમ (અર્થ થાય)ને ? ('ऐसा अनुभव करते हैं'—એવો અર્થ) કરતાં આ (અર્થ) ઠીક આવ્યો.... हृदयाः प्रद्योतमानभाववैश्वरुप्यं <u>तम</u>नुभवन्ति. કિસકો ? 'आत्माको'.... 'आत्माको'.... લેના હૈન બાદમેં ? (ઇસલિયે '<u>તેને</u>' શબ્દ) બરાબર હૈ.

आत्माको.... સહજ એક નિર્મલ સ્વભાવ હૈ ઉસકી દ્રષ્ટિ (અજ્ઞાનીકો) નહીં હોનેસે.... પર ઉપર દ્રષ્ટિ હોનેસે અનેકરૂપ જો વિકાર હૈ ઐસે આત્માકો અનુભવતે હૈં કિ 'મૈં યહ હૂં'—ઐસે આત્માકો અનુભવતે હૈં. જૈસે કાદવ સહિત જલકો અનુભવતે હૈં.... કાદવ સહિત જલકો અનુભવતે હૈં, ઐસે અનેક વિકલ્પભાવકો હી 'આત્મા (હૈ'—ઐસે) અનુભવતે હૈં.... ઐસે આત્માકો અનુભવતે હૈં.... ઐસે (વિકારી) ભાવકો હી 'આત્મા (હૈ'—ઐસે અનુભવતે હૈ).... ઐસે આત્માકો અનુભવતે હૈં.

જેમ કાદવ (ઔર) પાનીકા વિવેક નહીં કરનેવાલા (પુરુષ, મલિન) જલકો અનુભવતે હૈં, (તેમ અજ્ઞાની) ઐસે (–મલિન) આત્માકો અનુભવતે હૈં. પણ ભગવાન આત્મા એકરૂપ દ્રવ્ય ત્રિકાલી હૈ ઉસકી દ્રષ્ટિ (કરતા) હૈ નહીં. સમજમેં આયા ?

સમજમેં આતા હૈ કિ નહીં ?

યે તો સીધી બાત હૈ.... બહોત સીધી હૈ. પક્ષપાત થોડા છોડકે સબ સુને તો ઉસે ખ્યાલમેં આ જાયે. પણ પૂર્વકી બાત પકડે (–પકડ રખે) કિ ઐસા હૈ.... પહલે વ્યવહારસે નિશ્ચય હોતા હૈ ને ફલાણા.... (તો) યહાં 'ના' પાડતે હૈં. સુન તો સહી ! દેખો ! સમજમેં આયા ?

વ્યવહારમેં વિમોહિત.... મૂઢ હૈ ઐસા (અજ્ઞાની) આત્મા, અનેકરૂપતાકો હી (અનુભવતે હૈં). આત્મા એકરૂપ હોને પર ભી.... જ્ઞાયક સ્વભાવરૂપ એક હોને પર ભી અનેકરૂપ ઐસે આત્માકો અનુભવતે હૈં તો મિથ્યાદ્રષ્ટિ હૈ. આહાહા ! સમજમેં આયા ? કહો, શાંતિભાઈ ! લ્યો ! ઐસા (વસ્તુ સ્વરૂપ) હૈ. ઐસા અભી નિર્ણય કરે નહીં, અનુભવ કરે નહીં (ઔર માન લે કિ) હો ગયા સાધુપના લ્યો ! લે લો (સાધુપના) ! જ્ઞાનચંદજી !

વહ (અન્ય લોગ) કહતે હૈં, 'સોનગઢવાલે હમારે સાધુકો તો માનતે નહીં.'

(સમાધાન :) ભગવાન ! તુમ (ઐસા) કૈસે કહતે હો બાપુ !.... અરે ! સાધુ તો પરમેશ્વર હૈ બાપુ ! ભાઈ !.... સાધુ તો પરમેશ્વર હૈ, પણ સાધુ હોના ચાહિયે ન ? સમજમેં આયા ? ઓહો ! સાધુ તો પરમેશ્વર.... પ્રભુ.... પરમેષ્ઠી હૈ, કિ જિસકો ગણધર નમસ્કાર કરે.

જિસકો ચાર જ્ઞાન હૈં, જો ૧૪ પૂર્વ (ઔર) ૧૨ અંગકી રચના અંતર્મુહૂર્તમેં બનાતે હૈં (તથા) લાખો-કરોડો વર્ષ અપને—(સ્વયંકો) ગણધર પદમેં હુઆ હો ઔર (યહાં) દો ઘડી પહલે ભાવ(લિંગી) સંત (–મુનિરાજ) આત્મજ્ઞાન.... અનુભવ કરકે સ્થિર હુઆ હો, (તો ઉન્હેં) ગણધર કહતે હૈં કિ 'णमो लोए सव्व साहुणं'.... હે સંત ! તેરે ચરણમેં મેરા.... ગણધરકા ભી નમસ્કાર.... સમજમેં આયા ? .......... સમજમેં આયા ?

સાધુ હોના ચાહિયે ન ? સ્વરૂપકા સાધન કરકે શુદ્ધ ઉપયોગમેં રહતે હૈં વે સાધુ હૈ.

ક્યા નગ્નપના સાધુ હૈ ?.... (નહિ).
વંદન કરને લાયક નગ્ન ક્રિયા હૈ ?.... (નહિ).
ક્યા ૨૮ મૂળગુણકે વિકલ્પ ઉઠતે હૈં વહ રાગ વંદન કરને લાયક હૈ ?.... (નહિ).

વહ (તો) રાગ હૈ. (ક્યા) રાગ વંદન કરને લાયક હૈ ?.... (નહિ).

વંદન કરને લાયક તો રાગસે ભિન્ન હોકર એક ચૈતન્યમાત્રકા અનુભવ.... આનંદકા અનુભવ કરકે પ્રચુર સ્વસંવેદન જિસને અંતરમેં પ્રગટ કિયા હૈ (ઔર) શુદ્ધોપયોગમેં રમતે હૈં (વે મુનિ હૈં). કદાચિત્ કોઈ (મુનિકે યોગ્ય) વિકલ્પ આ જાતા હૈ છઠ્ઠે ગુણસ્થાનમેં, તો (ઉસે) હેય સમજતે હૈં. સમજમેં આયા ? ઐસે સંત આહાહા ! પરમેશ્વરને પગલે ચાલતા.. (ચાલતા) પરમેશ્વર હોનેવાલે હૈં.

પણ આ (આત્માકે) ભાન બિના અકેલે વ્યવહારમેં વિમોહિત હૈ વહ તો મિથ્યાદ્રષ્ટિ હૈ—ઐસે કહતે હૈં યહાં તો. સમજમેં આયા ? અકેલા શુભ વિકલ્પ જો હૈ વહ કર્મકે મિલનસે.... નિમિત્તસે.... (ઉસકા) લક્ષ હોનેસે ઉત્પન્ન હુઆ હૈ. (ઇસલિયે) વહ તો કર્મકા મિલન હૈ. (જિસકો) યહાં સ્વભાવકી દ્રષ્ટિ હૈ નહીં ઔર વિકલ્પકો અપનેમેં માનકર (અર્થાત્) આત્માકો ઐસા વિકલ્પવાલા.... અનેક વિકલ્પવાલા.... અનેક (વિભાવ)ભાવવાલા અપનેકો માનકર અનુભવતે હૈં, વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

किन्तु.... હવે સવળું લે છે. भूतार्थदर्शी.... જુઓ ! આહીં તો भूतार्थदर्शी.... (યાની) ભૂતાર્થકો દેખનેવાલા (લિયા હૈ). (જૈસે દ્રષ્ટાંતમેં લિયા કિ, કોઈ નિર્મલ) જલકો દેખનેવાલા (–અનુભવ કરનેવાલા) હો, (ઐસે સિદ્ધાંતમેં)

ભૂતાર્થ(કો દેખનેવાલા લિયા). ભગવાન જ્ઞાયકસ્વરૂપ ભૂતાર્થકો દેખનેવાલા, (પરંતુ) અભૂતાર્થ નામ એક સમયકી પર્યાય, રાગાદિકો નહીં દેખનેવાલા.... સમજમેં આયા ?

ચૈતન્યબિંબ પરમેશ્વર, પૂરા પ્રભુ પોતે.... **'पूर्णं इदं'** ઐસા ભગવાન આત્મા ભૂતાર્થ.... છતો પદાર્થ.... સત્ય પદાર્થ.... સત્સ્વરૂપ ત્રિકાલી પરમાત્મા હૈ. વહ ભૂતાર્થ હૈ ઉસકો દેખનેવાલા.... દેખો ! **('शुद्धनयको देखनेवाले')**—વહ તો પીછે આયા (–કૌંસમેં અર્થ કિયા). (ક્યોંકિ) પાઠમેં (–મૂલ ગાથામેં **'भूदत्थो देसिदो दु सुद्धणओ'** શબ્દ) હૈન ? શુદ્ધનયકો દેખનેવાલા કહો (યા) ભૂતાર્થકો દેખનેવાલા (કહો—એક હી બાત હૈ). ક્યોંકિ ભૂતાર્થ હૈ વહી શુદ્ધનય હૈ. ભારે વાત આ ! આહાહા ! સમજમેં આયા ?

એક સમયકી પર્યાય (યા) રાગાદિ બિનાકી ચીજ જો હૈ ઉસકો 'ભૂતાર્થ' કહતે હૈં. (જડ)કર્મ તો નહીં, પુણ્ય-પાપકા વ્યવહાર—વિકલ્પ તો નહીં, એક સમયકી પર્યાયકા ભી ઉસમેં.... (ત્રિકાલી) દ્રવ્યમેં વિદ્યમાનપના નહીં. ઐસા દ્રવ્યસ્વભાવ.... જ્ઞાયકસ્વભાવ.... એકરૂપભાવ હૈ ઉસકો દેખનેવાલા **भूतार्थदर्शी** હૈ. (અર્થાત્) 'હૈ'—સત્ ભગવાન ઉસકો દેખનેવાલા હૈ વહ શુદ્ધનયકો દેખનેવાલા હૈ. કહો, ચંદુભાઈ ! આહાહા ! અરે ! સુનનેમેં 'સત્' ન આયે તો ઉસ 'સત્'કી ચીજ અંદર કૈસી હૈ (વહ જાનનેકા) પ્રયોગ કૈસે કરે ? સમજમેં આયા ?

શીરા.... હલવા કૈસે બને (ઉસકી) ખબર હી નહીં, યે હલવા બનાને બૈઠે, (તો) કૈસે બને ? સમજમેં આયા ? ગુડકા પાની પહલે આટામેં ડાલ દે, બાદમેં ડાલે ઘી. (તો ઉસે) શીરા.... હલવા બનાનેકી રીતકી ખબર નહીં. આગે–પીછે કર દે. સમજમેં આયા ? પહલે ઘીમેં આટા શેકના પડે, બાદમેં ગુડકા.... સક્કરકા પાની ડાલે તો હલવા હોતા હૈ. (પરંતુ વિધિકી) ખબર નહીં (ઔર કહે કે) ગુડકે પાનીમેં આટા શેકો, બાદમેં ઘી (ડાલના).

(ઐસે, અજ્ઞાની કહતેં હૈં કિ) 'પહલે ચારિત્ર લે લો વ્રતાદિ, પીછે સમ્યગ્દર્શન હોગા.'

(સમાધાન :) નહીં.

શાંતિભાઈ ! શાંતિભાઈ બચ ગયે. (કિન્તુ) નામ આતા હૈ હમારા હોં કિ ‘ઉનકે (–કાનજીસ્વામીકે) કારણસે, કિતનેં સાધુ હોનેવાલે થે વે સાધુ નહીં હુએ.’—ઐસા (કથન) ચલતા હૈ.

અરે ભગવાન ! પણ સાધુ હોતે હૈ (વે) સચ્ચા સાધુ કે ખોટા ? જ્ઞાનચંદજી ! તુમ્હારે ગાંવમેંસે ભી નામ આતા હૈ ઐસા કિ ‘સાધુ હોનેવાલા થા, (પરંતુ) ઉસકો (સાધુદીક્ષા) નહીં હુઈ.’ પણ સાધુ કિસકો કહના યે ખબર હૈ તુજે ? આહાહા ! છાપામેં (–જૈન MAGAZINEમેં) બહોત (આતા હૈ કિ ‘કાનજીસ્વામીકી વજહસે દીક્ષા રુક ગઈ).

મરી જાય (–અત્યંત વિપરીત) એવું છે આ (દ્રવ્યલિંગ ગ્રહણ કરવું) તો....

(૧) અપની ભૂમિકા ક્યા હૈ ઔર

(૨) (મુનિ હોનેકી) ભૂમિકામેં કૈસી દ્રષ્ટિ હોની ચાહિયે,

(૩) (મુનિદીક્ષા લેતે સમય) ઉસકી ભૂમિકા નિર્મલ કૈસી હો (–હોની ચાહિયે)

—ઉસકી ખબર ભી નહીં અને (દ્રવ્યલિંગપણું ગ્રહણ કરી લે). ક્યા કરે ? અનાદિસે (બાહ્ય ક્રિયાદિસે હી ધર્મ માના હૈ).

અરે ! કુંદકુંદાચાર્ય તો કહતે હૈં હોં, (કિ) ‘હમારે દુશ્મનકો ભી કુલિંગ ન હો.... દ્રવ્યલિંગ ન હો’.... ક્યોંકિ વહ દ્રવ્યલિંગ હો જાયેગા, (તો) બાદમેં ઉસમેં મુંઝવણ (ઉલઝન) આ જાયેગી. ભાવ(લિંગ) તો હૈ નહીં, (ઇસલિયે દ્રવ્યલિંગ પરાણે) બચાના પડે.... (ઉસમેં) રહના પડે. સમજમેં આયા ? કુંદકુંદાચાર્ય તો (કહે છે) ‘મૂલાચાર‘માં કે, ‘અરે ભગવાન ! હમારે દુશ્મનકો ભી દ્રવ્યલિંગ ન હો.. કુલિંગ ન હો’.. ક્યોંકિ ઉસમેં જો સંડોવાઈ (–ફસ) જાયેગા, (તો) પીછે (વહાંસે) નિકલના ઉસકો બહોત મુશ્કિલ પડેગા. સમજમેં આયા ?....

(૧) જગતકી.... સંયોગકી.... ઇતની અટપટી હૈ ઔર

(૨) સમાજકી અટપટીમેં રહના (પડતા હૈ) ઔર

(૩) ઉસે (–મુનિદીક્ષા લેનેવાલેકો) સ્વભાવકા ભાન હૈ નહીં, ઔર

(૪) વહ (–મુનિદશાકી) લી હુઈ પ્રતિજ્ઞાકા નિભાવ (–પાલન) કરના હૈ, (લેકિન પ્રતિજ્ઞાકા પાલન કરનેકી) શક્તિ હૈ નહીં.

(—ઇસ પ્રકાર) બડી અટપટી (દશા) હૈ. સમજમેં આયા ?

યે (ક્યા કહતે હૈં વહ) દેખો ! ઓહોહો ! પહલે, ભગવાન (આત્મા) જિસને દેખા.... ભૂતાર્થદર્શી (જો હુઆ—વહ) સમ્યક્દ્રષ્ટિ હોતા હૈ. સમજમેં આયા ? भूतार्थदर्शी (शुद्धनयको देखनेवाले) अपनी बुद्धिसे डाले हुवे....

(દ્રષ્ટાંતમાં) આવ્યું'તુંને ? કે 'અપને પુરુષાર્થસે (–હાથસે) ડાલી હુઈ નિર્મલી (ઔષધિ)'.... પુરુષાર્થસે (–હાથસે) ડાલી હુઈ (—ઐસા કહા).

(અહીં સિદ્ધાંતમાં) अपनी बुद्धिसे डाले हुवे.... (—ઐસા કહા). સમજમેં આયા ? યહાં 'ગુરુકી બુદ્ધિસે ડાલે હુએ' યે કામ નહીં આતા—ઐસે કહતે હૈં. કેવલીકી બુદ્ધિસે ડાલે હુએ કિ 'હે ભગવાન ! તમે કહો એ સાચું, નાખ આમાં ભેદજ્ઞાન કરી દે' (—એમ ન હોય). સમજમેં આયા ?

કહતે હૈં, (शुद्धनयको देखनेवाले).... 'शुद्धनयको'.... નામ ભૂતાર્થકો દેખનેવાલા. દેખનેવાલી પર્યાય (જિસકો) દેખતી હૈ, વહ દ્રવ્ય હૈ. સમજમેં આયા ? દેખનેવાલી પર્યાય હૈ, આશ્રય કરનેવાલી પર્યાય હૈ (ઔર જો) દ્રવ્ય ત્રિકાલી ભૂતાર્થ હૈ વહી શુદ્ધનય હૈ. પણ ભાષા કૈસે કરતે હૈં, દેખો ! अपनी बुद्धिसे डाले हुवे शुद्धनयके अनुसार बोध होनेमात्रसे....

ક્યા કહતે હૈં ?

'વહ દ્રવ્યકે લક્ષસે જો બોધ હુઆ' (—ઐસા કહો કિ) 'વહ શુદ્ધનયકે અનુસાર બોધ હુઆ' (—ઐસા કહો, એક હી બાત હૈ) સમજમેં આયા ? પર્યાયકે લક્ષસે બોધ હોતા થા, વહ (અબ) દ્રવ્યસ્વભાવ જ્ઞાયક એકરૂપ હૈ ઉસકા અનુસરણ કરકે બોધ હુઆ. સમજમેં આયા ?

શ્રોતા : આ 'બોધ' શબ્દ વાપર્યો છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યા ?.... ('બોધ'કા અર્થ) 'જ્ઞાન' કહા ન ? આ ક્યા કહતે હૈં ? યે ધ્રુવ.... આ ધ્રુવ.... (ઐસે) ધ્રુવકે અનુસાર હુઆ 'જ્ઞાન'.

શ્રોતા : આ તો 'બોધ' આવ્યુંને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : આ 'બોધ' (એટલે) હૈન 'જ્ઞાન' !

શ્રોતા : મુનિએ 'બોધ' આપ્યોને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : યે યહાં, કહાં બાત હૈ ? અરે ! ક્યાંનું ક્યાં વળગાડ્યું (–જોડ્યું તમે ?) તમારી દ્રષ્ટિ ક્યાં અત્યારે છે ? ફેર છે મોટો. (યહાં) તો કહ દિયા કિ

'શુદ્ધનય અનુસાર હુઆ બોધ'.... અર્થાત્ ધ્રુવકે લક્ષસે હુઆ બોધ.... ધ્રુવ જો ભૂતાર્થ હૈ ઉસકે લક્ષસે હુઆ બોધ.

શ્રોતા : એવો 'બોધ' કરવાનું કીધું તો ગુરુએને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ યહાં વહ બાત હૈ કહાં ? વાંચો તો ખરા.

શ્રોતા : 'બોધ' ઉપર જ વજન છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : 'બોધ' પર હી વજન હૈ, યહાં ભી ઐસા હૈ. ક્યા હૈ દેખો ! ક્યા કહતે હૈ દેખો ! शुद्धनयके अनुसार बोध होनेमात्रसे.... ક્યા કહા ? शुद्धनयके अनुसार.... 'शुद्धनय'કા અર્થ ભૂતાર્થ, વસ્તુ હૈ વહી શુદ્ધનય હૈ. ભૂતાર્થકા લક્ષ કરનેસે.... દ્રષ્ટિ કરનેસે જો બોધ હુઆ ઉસકા નામ 'સમ્યગ્જ્ઞાન' હૈ.

શ્રોતા : ........

પૂજ્ય ગુરુદેવશ્રી : એ આહીં પ્રશ્ન જ નથી.... આહીં (એ) સવાલને અવકાશ જ નથી. ભગવાન પરમાત્મા ચિદાનંદ ધ્રુવ હૈ ઉસકી જહાં દ્રષ્ટિ હુઈ ઔર દ્રષ્ટિસે (–દ્રષ્ટિકે સાથ) જો જ્ઞાન હુઆ, વહ ભૂતાર્થ અનુસાર હુઆ.... શુદ્ધનયકે અનુસાર હુઆ.... ભગવાન (આત્મા)કે આશ્રયસે હુઆ. સમજમેં આયા ? હુઆ બોધ પર્યાય(મેં), પણ (બોધ) હુઆ કૈસે ? કિ ભૂતાર્થકે આશ્રયસે.

ત્રિકાલી ભગવાન દ્રવ્યસ્વભાવ હૈ ઉસકા પર્યાયસે લક્ષ કરનેસે.... પર્યાયકા લક્ષ દ્રવ્ય ઉપર કરનેસે દ્રવ્યકે અનુસાર જ્ઞાન હુઆ—ધ્યેયકે અનુસાર જ્ઞાન હુઆ. (અર્થાત્) શુદ્ધનયકે.... જો કિ ભૂતાર્થ ત્રિકાલી જ્ઞાન એકરૂપ હૈ ઉસકે અનુસાર (સમ્યક્) જ્ઞાન હુઆ, (પરંતુ) પર્યાયકે લક્ષસે.... નિમિત્તકે લક્ષસે.... રાગકે લક્ષસે (યા) સૂત્રકે (–શાસ્ત્રકે) લક્ષસે જ્ઞાન હુઆ વહ (સમ્યક્) જ્ઞાન નહીં. સમજમેં આયા ?

आत्म-कर्मके विवेकतासे.... ઐસા બોધ હુઆ, તબ રાગ ઔર ભગવાન (આત્મા) ભિન્ન પડ ગયા અંદર.... વિવેક હો ગયા. સમજમેં આયા ? પણ વહ, દ્રવ્યસ્વભાવ.... જો વસ્તુ જ્ઞાયક ચૈતન્ય ભગવાન એકરૂપ હૈ ઉસકે ઉપર દ્રષ્ટિ કરનેસે (તથા) ઉસકે અનુસાર બોધ હોનેસે યહ રાગ ઔર આત્મા ભિન્ન પડ ગયે.

હવે વહ ક્યા હૈ વિશેષ બાત, વહ આયેગી.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૨૯**

**ગાથા - ૧૧**

**સંવત ૨૦૨૪, આસો વદ ૩, બુધવાર, તા. ૯-૧૦-’૬૮**

યે સમયસાર, જીવ-અજીવ અધિકાર ચલતા હૈ. ઉસકી ૧૧વીં ગાથા ચલતી હૈ.

ક્યા પ્રશ્ન થા ઔર ક્યા ઉસકા ઉત્તર હૈ, દેખો ! પહલે પ્રશ્ન વહ થા કિ....

(૧) (૮વીં ગાથામેં કહા કિ) યે આત્મા અખંડ, અભેદ, શુદ્ધ ચિદાનંદમૂર્તિ હૈ (પર ઉસે સમજાનેકે લિયે) વ્યવહાર જો બીચમેં આતા હૈ (વહ) વ્યવહાર અંગીકાર નહીં કરના. પર્યાયકા અંશ જો વ્યવહાર હૈ અથવા રાગ-દ્વેષ આદિ (વ્યવહાર) હૈ વહ અંગીકાર નહીં કરના, ક્યોંકિ ઉસસે આત્માકો લાભ હૈ નહીં.—ઐસે પહલે કહા થા.

(૨) પીછે (૯-૧૦વીં ગાથામેં) કહા કિ વ્યવહાર પરમાર્થકો કહનેવાલા હૈ.... પરમાર્થકો બતાનેવાલા હૈ. પરમાર્થ જો ત્રિકાલી જ્ઞાયકસ્વરૂપ.... ધ્રુવ અભેદ ચૈતન્યસ્વરૂપ હૈ ઉસકો વ્યવહારનય બતાતા હૈ.... જતાતા હૈ (-જણાવે છે) કિ દેખો ! યે વસ્તુ.

—તો ઐસે પરમાર્થકો બતાનેવાલા યા કથન કરનેવાલા ઐસા વ્યવહારનય ક્યોં અંગીકાર નહીં કરના ? જો (-યદિ) વ્યવહારનય અંતર્વસ્તુકો બતાતા હો, તો ઉસકો અંગીકાર ક્યોં નહીં કરના ? —ઐસા શિષ્યકા પ્રશ્ન થા.

ઉસકે ઉત્તરમેં વહ (કહા) હૈ કિ વ્યવહારનય સબ અસત્યાર્થ હૈ. સમજમેં આયા ? એક સમયકી પર્યાય(સે ભી રહિત) વસ્તુ (તો) ત્રિકાળી વસ્તુ હૈ. વસ્તુ, ધ્રુવ સામાન્ય હૈ ઉસમેં.... જો એક સમયકી વિશેષ.... વિશેષ અવસ્થા હૈ (ઉસે) ભી યહાં અભૂતાર્થ કહી હૈ.... વહ હૈ હી નહીં, ક્યોંકિ ઉસમેંસે નયી પર્યાય (આતી નહીં ઔર) અપના પ્રયોજન સિદ્ધ હોનેમેં પર્યાયકા.... અંશકા આશ્રય કામ કરતા નહીં. સો વહ એક સમયકી પર્યાયકે આશ્રયસે કામ નહીં કરતા (-હોતા) (અર્થાત્) નયી શાંતિ, શ્રદ્ધા, અનુભવ આદિ પર્યાય ઉત્પન્ન નહીં (હોતી), તો વહ પર્યાય ‘નહીં હૈ‘—ઐસા (કહનેમેં આયા હૈ).

પર્યાય 'હૈ', છતાં વહ વ્યવહાર હૈ.... પર્યાય વ્યવહાર હૈ. દ્રવ્ય ત્રિકાળી વસ્તુ હૈ યે નિશ્ચય હૈ (ઔર) એક સમયકી પર્યાય વ્યવહાર હૈ. તો વહ વ્યવહાર 'નહીં હૈ' ઐસા ગૌણ કરકે (કહા હૈ). પર્યાયકો (સર્વથા) 'નહીં હૈ'—ઐસા નહીં (કહા), પણ પર્યાયકી મુખ્યતા ન કરકે, ગૌણ કરકે ('નહીં હૈ'—ઐસા કહા હૈ).

ત્રિકાલી દ્રવ્યસ્વભાવમેં અનંત આનંદ આદિ પડા હૈ, તો ઉસકે આશ્રયસે અપનેકો આનંદ ઔર અનુભવ.... સમ્યગ્દર્શન હોતા હૈ. (ઉસ) પ્રયોજનકી સિદ્ધિ કરનેકો એક સમયકી પર્યાય ઔર રાગ-દ્વેષ.... સબકો 'નહીં હૈ' ઐસા ગૌણ કરકે કહનેમેં આયા હૈ. સૌભાગભાઈ ! હવે આટલું તો આ બધું હાલ્યું (–ચાલ્યું) છે, બે દિ' થી ચાલે છે આ. સમજમેં આયા ?

'આત્મા' હૈન આત્મા ? ઉસમેં દો અંશ હૈ. પરવસ્તુ પર(મેં) રહી. અપને આત્મામેં દો અંશ હૈ :

(૧) એક ત્રિકાળી ધ્રુવ અંશ ઔર
(૨) એક વર્તમાન પર્યાય અંશ.

વહ કિતની પર્યાય—અસ્તિત્વ ગુણ આદિકી—તો નિર્મલ હૈ ઔર કિતની રાગાદિ પર્યાય અશુદ્ધ—વિકારી હૈ. (ઇસ પ્રકાર આત્મામેં) દો અંશ હૈ. હવે દો અંશમેંસે, એક અંશ જો વર્તમાન અવસ્થાકા હૈ ઉસકો ગૌણ કરકે 'વ્યવહાર' કહા હૈ. વ્યવહારકા અર્થ ‘નહીં હૈ‘ ઐસા હૈ.... વહ (ત્રિકાલી) ચીજમેં હી નહીં હૈ. સમજમેં આયા ?

એક સમયકી પર્યાય 'હૈ'.... અંશ હૈ, પણ ઉસકો ગૌણ કરકે ('નહીં હૈ' —ઐસા કહા હૈ), ક્યોંકિ ઉસકે આશ્રયસે આત્માકો લાભ હોતા નહીં. શાંતિ, સમ્યગ્દર્શન, અનુભવ, આનંદ ઔર શુદ્ધિકી ઉત્પત્તિ (–સંવર) ને શુદ્ધિકી વૃદ્ધિ (–નિર્જરા).... વે, પર્યાય(રૂપ) અંશકે આશ્રયસે ન હોનેસે (–હોતે નહીં), (પરંતુ) વસ્તુ ત્રિકાળી જ્ઞાયક ચિદાનંદસ્વરૂપ હૈ ઉસકી દ્રષ્ટિ કરનેસે....

(૧) ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દર્શન આદિ શુદ્ધિ ઉત્પન્ન હોતી હૈ (–સંવર) ઔર
(૨) ઉસકે આશ્રયસે શુદ્ધિકી વૃદ્ધિ હોતી હૈ (–નિર્જરા) ઔર
(૩) ઉસકે આશ્રયસે શુદ્ધિ પૂરી (–પૂર્ણ) હોતી હૈ (–મોક્ષ).

નવનીતભાઈ ! સમજમેં આયા ?

ઉસ કારણસે દોનોં અંશ ઉસકે (–આત્માકે) હોને પર ભી, એક મુખ્ય અંશ જો દ્રવ્ય ત્રિકાળી હૈ ઉસકો 'સત્યાર્થ' કહા ઔર પર્યાયકા અંશ હૈ.... હોને પર ભી ઉસકા આશ્રય કરનેસે લાભ નહીં હૈ, (ઇસલિયે 'અસત્યાર્થ' કહા હૈ).

જૈસે પરદ્રવ્યકા આશ્રય કરનેસે લાભ નહીં હૈ,
ઐસે એક સમયકી પર્યાયકા આશ્રય કરનેસે (ભી) લાભ નહીં હૈ.
(તથા)....
જૈસે પરદ્રવ્ય આત્મામેં નહીં હૈ,
ઐસે એક સમયકી પર્યાય 'દ્રવ્યમેં નહીં હૈ'

—ઐસે ગૌણ કરકે, ઉસકો વ્યવહાર કહકે 'નહીં હૈ' ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

ત્યારે દ્રષ્ટાંત દિયા ન જલકા ? કિ જલ, કાદવ મિશ્રિત જો હૈ.... પ્રબલ કાદવસે જલકા મિલન હોનેસે (જલ) મલિન હુઆ, તો બહુત લોગ મલિન (જલ)કો હી અનુભવતે હૈં.

(૧) જલકો નહીં જાનનેવાલે.... જલકા સ્વભાવ સ્વચ્છ નિર્મલ હૈ ઉસકો નહીં જાનનેવાલે.... કાદવ સહિત જલકો હી બહુતસે લોગ અનુભવતે હૈં.
(૨) (કિન્તુ) કિતને પ્રાણી અપને પુરુષાર્થસે (–હાથસે) નિર્મલી ઔષધિ ડાલકર, જલ ઔર મેલકો ભિન્ન કરકે, નિર્મલ જલ હૈ ઉસકા અનુભવ કરતે હૈં.

વહ ભાષા આયી ન ? (—ઐસે દ્રષ્ટાંતમેં) દો પ્રકાર આયા. सहज एक निर्मलभावपनेसे उस जलको निर्मल ही अनुभव करते हैं.... સમજમેં આયા ? એમ અહીંયા આવ્યું.

હવે (જુઓ ! દ્રષ્ટાંતમેં કહા થા કિ) 'कितने' હી પ્રાણી.... યહાં (સિદ્ધાંતમેં 'भूतार्थदर्शी' શબ્દ લિયા), 'કિતને' શબ્દ નહીં લિયા હૈ.

સમુચ્ચય બાત લિયા હૈ પીછે (–સિદ્ધાંતમેં) કિ, આત્મા ઔર પ્રબલ કર્મકે સંબંધસે અનાદિસે આત્મા મલિન હુઆ હૈ. ભગવાન આત્મા (સ્વભાવસે) તો

નિર્મલાનંદ શુદ્ધ ચૈતન્ય વસ્તુ હૈ, પણ પર્યાયમેં.... અવસ્થામેં.... હાલતમેં કર્મકે નિમિત્તકે સંબંધસે નૈમિત્તિક દશામેં મલિનતા ઉત્પન્ન હુઈ હૈ. સમજમેં આયા ?

તો કિતને (–અજ્ઞાની) પ્રાણી મલિનતા નામ વ્યવહારમેં.... જો કિ પર હૈ ઉસમેં હી મૂઢ હોકર ઉસકો હી અનુભવતે હૈં. સમજમેં આયા ? એક સમયકી જો અવસ્થા હૈ વહ મૈલી હૈ.... મલિન હૈ.... અશુદ્ધ હૈ (ઔર) વહ વ્યવહાર હૈ. ખરેખર, આત્મા.... વસ્તુમેં વહ નહીં હૈ. છતાં.... ઐસા હોને પર ભી અનાદિસે અજ્ઞાની, અપની વસ્તુકે સ્વભાવ ઉપર લક્ષ અને દ્રષ્ટિ નહીં હોનેસે અને વર્તમાન મલિન પર્યાય ઉપર દ્રષ્ટિ હોનેસે, આત્માકો મલિન હી અનુભવ કરતે હૈં. સમજમેં આયા ?

ઔર 'कितने' (શબ્દકે સ્થાનમેં યહાં સિદ્ધાંતમેં) 'भूतार्थदर्शी'.... (—ઐસા કહા). ઉસમેં (–સિદ્ધાંતમેં) 'कितने' શબ્દ નહીં લિયા, (કારણ કે મૂળ ગાથના) બેય શબ્દો વાપરવા છેને ? 'भूदत्थो' (તથા) 'सुद्धणओ'.... 'ભૂતાર્થ' તથા 'શુદ્ધનય'.... 'ભૂતાર્થ' (તથા) 'શુદ્ધનય'. તો भूतार्थदर्शी.... ભગવાન આત્મા (હર)એક સમયમેં પૂર્ણ વસ્તુ.... પૂર્ણ વસ્તુ (ભૂતાર્થ) હૈ (ઉસકો દેખનેવાલે). ઐસા....

'भूतार्थ'.... 'છતો' ત્રિકાળી એકરૂપ સ્વભાવ હૈ
('दर्शी').... ઉસકો દેખનેવાલે.

(કિન્તુ) દેખનેવાલી તો પર્યાય હૈ. એટલે કોઈ પર્યાયકા નિષેધ કર દે કિ (પર્યાય) હૈ હી નહીં, તો દેખનેવાલી પર્યાયકા નિષેધ હો જાતા હૈ. સમજમેં આયા ? (લેકિન) દેખનેવાલી પર્યાય હૈ તો વહ ભૂતાર્થકો દેખતી હૈ.

ભાષા તો (સરલ હૈ, લેકિન) ગાથા ઐસી હૈ.... મુદ્દેકી રકમકી બાત હૈ. સોભાગભાઈ ! (વાણીયાને) કિસી (વેપારી)કો લાખ, દો લાખ દિયા હો. (ફિર કુછ સમયકે બાદ પૈસા વાપસ માંગે)....

(વાણીયા :) 'બાર આના, ટકાનું વ્યાજ દેતે હો, (વ્યાજ બહુત દિયા, અબ) પૈસા (–મૂલ રકમ) તો લાઓ પહલે ?'
(વેપારી :) 'પૈસા નહીં હૈ, વ્યાજ દેંગે.'

(વાણીયા :) 'વ્યાજ ક્યા કરે ? બહુત વ્યાજ લિયા, લાઓ મૂલ રકમ.'
(વેપારી :) 'રકમ નહીં હૈ, કરો ફરિયાદ કરની હો તો.'
કોઈ (વેપારી) ઐસે કહ દે, કિતને (-કોઈ ઐસે હોતે હૈ) લ્યો !

શ્રોતા : અત્યારે વ્યાજ........
પૂજ્ય ગુરુદેવશ્રી : એમ છે.

યહાં તો કહતે હૈ, ભગવાન.... 'ભગવાન' તો આત્માકો કહતે હૈં અભી (યહાં) તો. ભગવાન.... પરમાત્મા, ભગવાન આત્માકો કહતે હૈં કિ પ્રભુ ! અનાદિસે તેરે (સંયોગમેં) કર્મ (હૈ વહ) કોઈ દૂસરી ચીજ હૈ.... તેરે સ્વભાવસે વિલક્ષણ કોઈ (અન્ય) ચીજ હૈ. યે વિલક્ષણ ચીજ ઉપર તેરા લક્ષ હોનેસે.... નિમિત્ત ઉપર, સંયોગ ઉપર લક્ષ હોનેસે સંયોગીભાવ.... વિકારીભાવ.... મલિનભાવ ઉત્પન્ન હુઆ હૈ (તથા) ઉસ ઉપર દ્રષ્ટિ હોનેસે ઉસમેં (-વ્યવહારમેં) વિમોહિત હોતા હુઆ મૂઢ પ્રાણી ઉસકો (-મલિનતા) અનુભવતા હૈ કિ 'મૈં વહ (મલીન) આત્મા હૂં.' સમજમેં આયા ?

પણ સમ્યગ્દ્રષ્ટિ ઐસા ન લેકર (-માનતા હુઆ), યહાં (કહતે હૈ કિ) भूतार्थदर्शी.... ત્રિકાલી જ્ઞાયકભાવ ઉપર દેખનેવાલા शुद्धनयके अनुसार बोध होनेमात्रसे.... અથવા ત્રિકાલી જ્ઞાયકસ્વભાવ જો હૈ ઉસકા લક્ષ કરનેસે.... (ઉસકો) ધ્યેય બનાનેસે.... આશ્રય કરનેસે જો બોધ હુઆ.... ('બોધ' શબ્દ) આવ્યોને ? ભીખાભાઈ ! આ 'બોધ' (શબ્દ વિષે પ્રશ્ન) આવ્યો હતોને તમારો કાલે ?

भूतार्थदर्शी (शुद्धनयको देखनेवाले) अपनी बुद्धिसे डाले हुवे शुद्धनयके अनुसार बोध होनेमात्रसे उत्पन्न....

ક્યા કહતે હૈં ?

ભગવાન આત્મા ધ્રુવ.... શુદ્ધ.... ધ્રુવ.... ધ્રુવ....એકરૂપ.... એકરૂપ હૈ ઉસકા આશ્રય કરનેસે.... ઉસકો દેખનેસે.... ઉસકા અનુસરણ કરતે હુએ જો જ્ઞાન હુઆ, (ઉસ) જ્ઞાન દ્વારા उत्पन्न आत्म-कर्मकी विवेकतासे.... ભૂતાર્થ તરફ દ્રષ્ટિ ગઈ તો આત્મા પરસે ભિન્ન હો ગયા. પર્યાયમેં કર્મકા સંબંધ થા, (પણ હવે)

ઇસ (–સ્વભાવકી) ઓર ઢલનેસે.... ભૂતાર્થ ઉપર દ્રષ્ટિ હોનેસે (–કરનેસે).... 'ભૂતાર્થ' નામ 'શુદ્ધનય' (નામ) વસ્તુકે અનુસાર બોધ હોનેસે પરસે ભિન્ન હો ગયા. સમજમેં આયા ? નેમચંદભાઈ !

આવી ચીજ ! આહાહા ! આ મૂળ ચીજ છે. ઉસને અનંત કાલમાં વહ વાસ્તવિક પદાર્થ.... (જો) એક સ્વરૂપ ભગવાન (આત્મા) સહજ એક જ્ઞાયકભાવમાત્ર પદાર્થ—ચીજ હૈ, ઉસ પર લક્ષ.... આશ્રય.... દ્રષ્ટિ કિયા હી નહીં. તો કહતે હૈં કિ, વ્યવહાર વિમોહિત પ્રાણી તો ઐસે હી (અજ્ઞાની) હૈં, પણ વિવેકી તો, અપને ધ્રુવસ્વભાવ ઉપર આશ્રય કરનેસે જો બોધ હુઆ હૈ વહ બોધસે તો અપને આત્મા તરફ દ્રષ્ટિ હો ગઈ હૈ (ઔર ઉસસે) રાગ અને કર્મસે ભિન્ન હો ગયા હૈ. સમજમેં આયા ?

(જ્ઞાની) તો 'કર્મસે ભિન્ન હુઆ' ઉસકા અર્થ યહ હૈ કિ યહાંસે (–બાહ્યકા) લક્ષ છોડકર યહાં ભૂતાર્થકી દ્રષ્ટિ હુઈ તો કર્મકા ભી લક્ષ છૂટા (ઔર) ઐસા (–ભૂતાર્થ) દ્રવ્યકા લક્ષ હુઆ (તો) રાગકા ભી લક્ષ છૂટ ગયા. સમજમેં આયા ? અર્થાત્ બહિર્લક્ષી જો દ્રષ્ટિ થી, વહ અંતર્દ્રષ્ટિ કરકે વસ્તુ જો ધ્રુવ અંતરમેં હૈ (ઉસકો પકડનેસે).... અંતર્દ્રષ્ટિ કરનેસે.... ધ્યેયકે અનુસાર બોધ હોનેસે.... અંતર્મુખ હોનેસે (દ્રવ્યકા) બોધ હુઆ. વહ બોધમેં, બહિર્મુખ વસ્તુ.... રાગાદિ, કર્મ આદિ ભિન્ન હો ગયે (ઔર) અપને સ્વભાવમેં એકાગ્ર હો ગયા. સમજમેં આયા ?

अपने पुरुषार्थ द्वारा.... યહાંસે શુરૂ હોતા હૈ આજનો (વિષય) તો.

अपने पुरुषार्थ द्वारा आविर्भूत किये गये सहज एक ज्ञायकस्वभावत्वके कारण....

ક્યા કહતે હૈં અબ ?

अपने पुरुषार्थ द्वारा.... અપની વીર્યગતિ.... જો વીર્ય હૈ પુરુષાર્થ, ઉસકી સ્થિતિ (–ગતિ) રાગ ઔર પર્યાય ઔર નિમિત્તમેં ઝૂક ગઈ થી. (અબ) વહ વીર્ય અંદરમેં ઝૂકા.... ધ્યેય તરફ વીર્ય ઝૂકા. (તો), વીર્ય.... પુરુષાર્થ અંતરમેં ઝૂકનેસે पुरुषार्थ द्वारा आविर्भूत किये गये....

(પુરુષાર્થને) ક્યા કિયા ?

सहज एक ज्ञायकस्वभावत्वके.... સ્વાભાવિક એક જ્ઞાયકભાવકો આવિર્ભાવ કિયા.... પ્રગટ કિયા.

'પ્રગટ કિયા'કા અર્થ ?

કિ (જ્ઞાયકભાવ સદા) હૈ તો સહી, (પર અજ્ઞાનીકો) વહ જ્ઞાયકભાવ પ્રગટ નહીં થા. પર્યાયમેં જો લક્ષ રાગાદિકકા થા, તો જ્ઞાયકભાવ દ્રષ્ટિમેં.... જ્ઞાનમેં પ્રગટ નહીં થા. (અબ, જ્ઞાનમેં આયા તો 'પ્રગટ કિયા'—ઐસા કહતે હૈ). સમજમેં આયા ? માલચંદજી ! યહ બહુત સૂક્ષ્મ બાત હૈ. ઐસે (બિના સમજે) 'દયા પાલના, વ્રત લેના, કરો—દયા પાલો, ભક્તિ કરો ધર્મ હોગા' ઐસી (બાત) નહીં હૈ (—ઐસે) કહતે હૈં. પુરાના ધર્મમેં ઐસા હૈન તુમ્હારા ? હૈ કિ નહીં ?

શ્રોતા : અબ નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : અબ નહીં, મૈં તો (ઉનકે) પુરાને (ધર્મ)કી બાત કરતા હૂં. તુમ્હારે બાપકે બાપ ઔર પિતાજી કરતે હોંગે કિ નહીં ?

અરે ભગવાન ! તેરી દયા તૂને કી નહીં. તેરે જીવનમેં (–અસ્તિત્વમેં) જિતની શક્તિ હૈ ઇતની કબૂલ નહીં કી તો જીવન(કી હિંસા હુઈ). 'મૈં હૂં નહીં'—ઐસે (માનકર) તૂને તેરી હિંસા કી. સમજમેં આયા ? વસ્તુ અખંડાનંદ પૂર્ણ પ્રભુ હૈ.... અનંત જ્ઞાન-દર્શન સામર્થ્યસે પરિપૂર્ણ પ્રભુ હૈ ઉસકે સન્મુખ ન હુઆ ઔર રાગાદિકે સન્મુખ હોકર 'યે મૈં હૂં' (—ઐસા માના) તો પૂરે દ્રવ્યકા ઉસને ખૂન કિયા. (અપની) દયા ન રહી (ઔર) 'આ (દ્રવ્યસ્વભાવ મૈં) નહીં.... આ નહીં.... (મૈં તો) આ (રાગાદિમય હું'—ઐસા માના). સમજમેં આયા ?

આહાહા ! પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવસ્વરૂપ ચેતનદ્રવ્ય હૈ ઉસકા લક્ષ નામ આશ્રય ન કરકે.... (ઉસકે) સન્મુખ ન હોકર (અર્થાત્) ઉસસે વિમુખ હોકર (ઔર) રાગાદિકે સન્મુખ હોકર (રાગાદિકો) અપના માના હૈ. તો ત્રિકાલી જીવનકી હિંસા કિયા હૈ કિ 'મૈં ઐસા (–ચેતનદ્રવ્ય) નહીં.... મૈં ઐસા નહીં.... મૈં ઐસા (રાગાદિમય) હૂં.' જ્ઞાનચંદજી ! સમજમેં આયા ?

તો કહતે હૈં, अपने पुरुषार्थ द्वारा आविर्भूत किये....

'आविर्भूत' કિયા (માને) ક્યા ?

પ્રગટ કિયા.

ક્યા (–કિસકો) પ્રગટ કિયા ?

કિ (જો) ઢંકા હુઆ થા (ઉસકો) પ્રગટ કિયા. પહલે કહા થા કિ 'જ્ઞાયકભાવ ઢંકા હુઆ હૈ.' 'તિરોભાવ'કા અર્થ ઢંકા હુઆ હૈ.

ઉસકા અર્થ ક્યા ?

કિ પુણ્ય-પાપકા વિકલ્પ ઔર એક સમયકી પર્યાય ઉપર દ્રષ્ટિ હોનેસે જ્ઞાયકભાવ જગતમેં હૈ કિ નહીં (ઉસકા ખ્યાલ ન હોનેસે વહ) ઢંક ગયા થા. સમજમેં આયા ?

વસ્તુ 'છતી' હોને પર ભી ખ્યાલમેં ન લિયા, તો 'ઢંક ગયા થા'—ઐસે કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ઔર ભૂતાર્થદર્શી હોકર જબ....

ખ્યાલમેં (આયા કિ) 'ઓહો ! વસ્તુ પૂર્ણાનંદ મૈં હૂં'....

(અર્થાત્)

ઐસી દ્રષ્ટિ હુઈ કિ 'આત્મા ઐસા હૈ'....

(અર્થાત્)

જૈસા જીવન ઉસકા હૈ—ઐસી કબૂલાત હુઈ....

(—તબ) આત્માકી દયા હુઈ.... આત્માકી અહિંસા હુઈ. સમજમેં આયા ? 'अहिंसा परमो धर्मः' વહ હૈ.

(કોઈ માનતા હૈ), 'પરકી દયા પાલે, (શુભરાગરૂપ) વ્યવહાર હૈ—વહ 'अहिंसा परमो धर्मः' હૈ.'

(ક્યા) યે.... યહી પરમ ધર્મ હૈ ?

(નહિ).

ભગવાન આત્મા ભૂતાર્થ ત્રિકાલી શુદ્ધ આનંદમય પ્રભુ હૈ (તો) એક સમયકા અંશ હૈ ઉસકા લક્ષ છોડકર, પૂર્ણ પ્રભુ હૈ ઉસકા અવબોધ.... જ્ઞાન કરનેસે કર્મ ઔર આત્મા(કા) વિવેક હો ગયા. વિવેક હોનેસે.... ભિન્ન (–ભેદજ્ઞાન) હોનેસે

જ્ઞાયકમાત્ર જો સહજ એક જ્ઞાયકસ્વભાવ હૈ વહ પ્રગટ હુઆ. ‘પ્રગટ હુઆ‘ નામ દ્રષ્ટિમેં આયા.... જ્ઞાનમેં આયા. જ્ઞાનકી પર્યાયમેં પૂરા જ્ઞેય (–જ્ઞાયકસ્વભાવ) આયા તો 'પ્રગટ હુઆ' ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

કહો, શાંતિભાઈ ! સમજમેં આતા હૈ કિ નહીં ? હમારે શાંતિભાઈ સાધુ હોનેવાલે થે. હમારે ઉપર આરોપ દેતે હૈં કિતને (લોગ) કિ, કોઈ કોઈ સાધુ હોનેવાલે થે ઉસકો અટકા દિયા.

અરે ભાઈ ! સાધુ સચ્ચા (હોનેવાલે) હો તો ઉસકો અટકાવે કૌન ? અરે ! અટકાવે કોણ.... રોકે કોણ અને બનાવે કોણ અને (સાધુપણું) આપે કોણ ? અરે ભગવાન ! આહાહા ! અરે ! સાધુપદ.... બાપા ! ભગવાન ! યે તો 'ભગવાન'પદ હૈ. આહાહા !

અહીં તો, દ્રષ્ટિકા વિષય (ઐસા) પરમાત્મા જહાં નજરમેં પડા તો 'પરમાત્મા પ્રગટ હુઆ'—ઐસે કહતે હૈં યહાં તો. (શક્તિરૂપ) તો હૈ.... થા વસ્તુ સચ્ચિદાનંદ. પ્રભુ (તો) પૂર્ણ આનંદકંદ શુદ્ધ થા.... હૈ, પણ દ્રષ્ટિ કી તો વહ ‘પ્રગટ હુઆ‘—ઐસે યહાં કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? મૂલ ચીજકી ખબર નહીં ઔર ઉપરસે (બાહ્યમેં ઐસા ઉપદેશ દિયા જાતા હૈ કિ) ‘સબ કરો.. કરો.. આ કરો..’ ક્યા કરે પ્રભુ ? વહ તો સબ પરિભ્રમણકી ક્રિયા હૈ. સમજમેં આયા ?

પરિભ્રમણકા ભાવ જિસમેં નહીં (ઐસા આત્મા) તો જ્ઞાયક ચિદાનંદ ધ્રુવ હૈ. અનંત સિદ્ધ.... સિદ્ધ.... અનંત સિદ્ધ જિસમેં (–ઉસમેં) પડે હૈં, ક્યોંકિ અપની સિદ્ધ પર્યાય હોનેવાલી હૈ (ઔર) ઐસી પર્યાય (ભાવિમેં) અનંતી હોગી. (ઐસી અનંત સિદ્ધ પર્યાય હોનેવાલી હૈ) તો અનંતી.... સબ (સિદ્ધ) પર્યાયકા પિંડ (ઐસા) દ્રવ્ય અંદર પડા હૈ. (ઇસ પ્રકાર) એક આત્મા, અનંત પરમાત્મસ્વરૂપ હૈ.

(પ્રશ્ન :) એક આત્મા (અનંત પરમાત્મસ્વરૂપ) ?

(સમાધાન :) (હા), પર્યાય હૈન ?.... પરમાત્મા, સિદ્ધ યે તો પર્યાય હૈ. તો વૈસી પર્યાય સાદિ-અનંત જો પ્રગટ હોગી, યે સબ આત્માકી શક્તિમેં પડી હૈ.... (ઐસા) સારા દ્રવ્ય પડા હૈ. ઐસે પરમાત્માકી.... પરમસ્વરૂપ ભગવાન આત્માકી દ્રષ્ટિ કરનેસે વહ સહજ જ્ઞાયકભાવ પ્રગટ હુઆ.... આવિર્ભાવ હુઆ. (પ્રગટ) નહીં થા વહ આવિર્ભાવ હુઆ.

શ્રીમદ્‌માં (છ પદના પત્રમાં, વર્ષ ૨૭) આવે છેને ભાઈ ? કે, શ્રદ્ધાએ કેવળજ્ઞાન પ્રગટ્યું છે.—ઐસા કહા હૈ લ્યો !

'કેવળજ્ઞાન પ્રગટ્યું' (ઉસકા) ક્યા અર્થ હૈ ?

'કેવલજ્ઞાનમૂર્તિ મૈં હૂં' ઐસા અનુભવ.... દ્રષ્ટિમેં આયા તો 'કેવળજ્ઞાન પ્રગટ્યું'—ઐસા કહનેમેં આતા હૈ. આહાહા ! આ (આત્મા) તો અકેલા જ્ઞાનકા પૂંજ હૈ.... વસ્તુ અકેલી જ્ઞાનકી પૂંજ હૈ. બસ, કેવળ જ્ઞાન.... 'અકેલા જ્ઞાન મૈં હૂં.'—ઐસે (સ્વીકાર કરને પર) 'કેવલજ્ઞાન પર્યાય હોગી'—ઐસા પ્રતીતમેં આ ગયા.

આ (આત્મા) એક હી (જ્ઞાનરૂપ) ચીજ હૈ.... જ્ઞાનસ્વરૂપ વસ્તુ એક (આત્મા) હી હૈ (—ઐસા સ્વીકાર હુઆ) તો (ભાવિ) પર્યાયમેં અકેલા જ્ઞાન રહેગા, (પરંતુ) રાગાદિ નહીં (રહેગા), અલ્પજ્ઞપના નહીં (રહેગા). (ઈસી પ્રકાર) ઐસી શ્રદ્ધા હુઈ તો શ્રદ્ધામેં કેવલજ્ઞાન પ્રગટ હુઆ હૈ (—ઐસા કહનેમેં આતા હૈ). સમજમેં આયા ? વર્તમાન (કેવલજ્ઞાન) મૌજૂદ ન હોને પર ભી, અકેલા જ્ઞાનાનંદપ્રભુ દ્રષ્ટિમેં આનેસે 'શ્રદ્ધામેં કેવળજ્ઞાન હો ગયા' (—ઐસા કહતે હૈં). સમજમેં આયા ? આહાહા !

(યહાં) ક્યા કહતે હૈં ?

દેખો ! पुरुषार्थ द्वारा आविर्भूत किये गये.... દેખો ! કોઈ કર્મકા મંદ પડના હુઆ.... દર્શનમોહ મંદ હુઆ (યા) કર્મકી સ્થિતિ-રસ મંદ હુઆ તો અપના આત્મા પ્રગટ હુઆ—ઐસા નહીં કહા. अपने पुरुषार्थ द्वारा.... સ્વસન્મુખ પુરુષાર્થ હુઆ વહ દ્વારા ભગવાન सहज एक ज्ञायकस्वभाव.... વસ્તુ.... વસ્તુ.... વસ્તુ.... વસ્તુ આત્મતત્ત્વ પ્રગટ હુઆ.... દ્રષ્ટિમેં, ખ્યાલમેં આયા.

વિકલ્પકી એકતાબુદ્ધિમેં વહ આચ્છાદિત થા, (અબ) નિર્વિકલ્પ દ્રષ્ટિ હુઈ તો દ્રષ્ટિમેં ભગવાન (આત્મા) આવિર્ભાવ હુઆ.... દ્રષ્ટિમેં પરમાત્મા સમીપ આ ગયા. દ્રષ્ટિસે ભગવાન દૂર થા.... સમજમેં આયા ? પુણ્ય-પાપ ઔર એક સમયકી પર્યાયકી બુદ્ધિમેં પરમાત્મા દૂર થા, તો (નિર્વિકલ્પ) દ્રષ્ટિ જહાં હુઈ ત્યાં (-તબ) ભગવાન (આત્મા) દ્રષ્ટિમેં સમીપ આ ગયા. સમજમેં આયા ?

जस्स संणिहिदो अप्पा.... આવે છેને ? 'નિયમસાર'માં (ગાથા ૧૨૭માં) આવે છે. संणिहिदो अप्पा.... જેની દ્રષ્ટિમાં આત્મા સમીપ છે, જેથી જ્ઞાનપર્યાયમાં (પણ) આત્મા સમીપ વર્તે છે.... ઓહોહો ! આચાર્યોએ કઈ કઈ શૈલીએ વાત કરી છે ! સમજમેં આયા ? જો દૂર થા, વહ સમીપ આયા. (દ્રવ્ય) સમીપ તો હૈ હી, પણ દ્રષ્ટિમેં સમીપ કિયા તો ભગવાન (આત્મા) દ્રષ્ટિમેં 'સમીપ હૈ'—ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ? એક ભાઈ ગાતા હતાને ? પોપટભાઈ (સંત વઢવાણવાળા) ગાતા હતા....

દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી....

હે પ્રભુ ! પૂર્ણાનંદનો નાથ ! દૂર ક્યાં ખસે છો ? મારે આ રમત.... રાગ અને (તેની) એકતાની (રમત) રમવી નથી.

દૂર કાં પ્રભુ દોડ તું, મારે રમત રમવી નથી....

પુણ્ય-પાપની એકતાની રમત (રમવી નથી). હવે (આત્મા !) તું દૂર ક્યાં જા છો ? સમજે ? જ્ઞાનચંદજી ! ભગવાન આત્મા દ્રષ્ટિમેં સમીપ લિયા (તો) દૂર થા વહ હટ (–નિકટ આ) ગયા. સમજમેં આયા ? આહાહા !

(દ્રષ્ટાંત :) અન્યમતમેં કહતે હૈંન ? કૃષ્ણકા વહ સુરદાસ થા ન ? સુરદાસ. (ઉસકી) આંખે બંધ થી (અર્થાત્) અંધા.. અંધા થા. તો (ઉસને) કૃષ્ણકા હાથ પકડ લિયા.... હાથ પકડતે હૈં કૃષ્ણકા. (ફિર) કૃષ્ણ હાથ છુડાકે ચલે ગયે. યે (સુરદાસ) તો અંધા થા, (વહ કહતા હૈ :) 'ભગવાન ! તુમ ચલે જાઓ, પણ મેરે જ્ઞાનમેંસે નહીં ચલે જાઓગે.'—ઐસા સુરદાસ કહતા હૈ. સમજમેં આયા ? 'મેરા હાથ તરછોડ કર તુમ છૂટ (–ચલે) ગયે, મેરે જ્ઞાનમેંસે નહીં છૂટ જાઓગે.'

(સિદ્ધાંત :) એમ જહાં રાગમેં એકતા થી, (ઇસસે) મૈં અંધા થા (ઔર) તબ તો મૈં સ્વરૂપસે દૂર હો ગયા થા.... સમજમેં આયા ? અબ મૈં સ્વરૂપકી સમીપ આયા તો મેરી જ્ઞાનકી દ્રષ્ટિમેં તરવરતા હૈ કિ 'આત્મા હી ભગવાન હૈ.' સમજમેં આયા ? આહાહા !

સમજમેં આયા ?

અપની વર્તમાન જ્ઞાનકી પર્યાયને પૂરે દ્રવ્યકો (–ત્રિકાળી શુદ્ધનયકો) જ્ઞેય બનાયા.... પૂરે દ્રવ્યકો જ્ઞેય બનાયા તો વહ જ્ઞેયકે (–ત્રિકાળી શુદ્ધનયકે) અનુસાર બોધ હુઆ. (યહાં) તો ઐસે લિયા હૈ, નહીં તો (દૂસરી અપેક્ષાસે) યહાં જ્ઞાનકી પર્યાયકો (–શુદ્ધનયકો) જ્ઞેય બનાયા તો જ્ઞેયકે (–શુદ્ધનયકે) અનુસાર હી જ્ઞાન હુઆ. સમજમેં આયા ?

(યહાં કહતે હૈ કિ) शुद्धनयके अनुसार હી જ્ઞાન હુઆ.... शुद्धनयके अनुसार હી बोध હુઆ. પરકે અનુસાર બોધ હોતા થા, વહ તો અજ્ઞાન થા. અલૌકિક બાત હૈ ભાઈ ! સમજમેં આયા ? યે તો હજી સમ્યગ્દર્શનકી બાત ચલતી હૈ હોં. સમ્યગ્દર્શનકી ગાથા હૈન યે ?

કહતે હૈં કિ आविर्भूत किये गये सहज.... 'सहज' = સ્વાભાવિક વસ્તુ.... 'एक'.... વસ્તુ તો એક હી હૈ. વહ તો વિકાર અનેક થા. અનેક થા ન ? विश्वरूपता (प्रगट है ऐसा) अनुभव करते हैं—ઐસા આયા થા ન (ટીકામેં) પહલે ? અજ્ઞાની વિશ્વકા યાની અનેકરૂપતાકા અનુભવ કરતે હૈં. ભિન્ન-ભિન્ન વિકલ્પ.... ભિન્ન-ભિન્ન દયા-દાનકા (રાગ).... ભિન્ન-ભિન્ન શુભ-અશુભભાવ.... (ઇસી પ્રકાર) અનેકકા અનુભવ કરતે હૈં. (—ઐસા) પહલે (ટીકામેં) આ ગયા હૈ (કિ) विश्वरूपता प्रगट है ऐसा अनुभव करते हैं.... (જબ કિ) યે (જ્ઞાની) એકરૂપ (દ્રવ્ય) પ્રગટ હૈ ઉસકા અનુભવ કરતે હૈં. સમજમેં આયા ?

ચીજ (–આત્મા) કૈસી હૈ ઉસકો પહલે સમજમેં લેના પડેગા કિ નહીં ? કિ ઐસે કે ઐસે (–બીના પુરુષાર્થ) હોગા ધર્મ ઉપરસે ? તો કહતે હૈં કિ सहज एक ज्ञायकस्वभावत्वके कारण.... અહીં તો કીધું કે सहज एक ज्ञायकस्वभावत्वके कारण.... પુરુષાર્થ દ્વારા જો પ્રગટ હુઆ (ઉસ કારણ).... उसे (आत्माको) जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है.... વહ તો ઇસ (જ્ઞાયકસ્વભાવત્વકે) કારણ જ્ઞાયકભાવ પ્રગટ હુઆ—ઐસે કહતે હૈં. જેમ (દ્રષ્ટાંતમાં) કહ્યું હતુંને જળના सहज एक निर्मलभावपनेसे उस जलको निर्मल ही अनुभव करते हैं.... निर्मलभाव.... ઐસે એક જ્ઞાયકભાવ ચિદાનંદકે કારણ, નિર્મળ પ્રકાશમાન જ્ઞાયકભાવકા અનુભવ કરતે હૈં, બસ. સમજમેં આયા ?

લ્યો ! યહાં તો (સમ્યગ્દર્શન હોતે હી) રાગ-દ્વેષકા અનુભવ હુઆ હી નહીં.... રહા હી નહીં—એમ કહે છે ભાઈ ! સમ્યગ્દર્શન હુઆ તો રાગ-દ્વેષકા અનુભવ રહા હી નહીં—ઐસે કહતે હૈં. અકેલા જ્ઞાન(કા અનુભવ રહા). દેખો ભાષા !

દો (બાત) હુઈ. દેખો !....

(૧) પહલે (દ્રષ્ટાંતમેં) ક્યા કહા થા ?
सहज एक निर्मलभावपनेसे उस जलको निर्मल ही अनुभव करते हैं.... જલમેં (–દ્રષ્ટાંતમેં) ઐસે લિયા હૈ.

(૨) એમ યહાં (સિદ્ધાંતમેં) અકેલા જ્ઞાયકભાવ.... ભાષા ક્યા લિયા હૈ ઉસમેં ? કિ सहज एक ज्ञायकस्वभावत्वके कारण उसे (आत्माको) जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है.... એકરૂપ જ્ઞાયક....એકરૂપ જ્ઞાયક....ઐસા અનુભવમેં ज्ञायकभाव प्रकाशमान है.

પહલે કહા થા ન ? કિ सहज एक ज्ञायकस्वभावत्वके कारण.... એમ (કહ્યું હતું). ઉસસે.... (શુદ્ધનયકે અનુસાર) બોધ હુઆ (ઔર) વહ (જ્ઞાયકભાવ) દ્રષ્ટિમેં લિયા, તો જ્ઞાયકભાવપનેકે કારણ जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है.... યે પ્રકાશમાન (દ્રવ્ય) દ્રષ્ટિમેં આયા.... અનુભવમેં આયા (અર્થાત્) ઉસકા અનુભવ કરતે હૈં.... અકેલા જ્ઞાયકભાવકા હી અનુભવ કરતે હૈં સમ્યગ્દ્રષ્ટિ. (ઉસકો) શુદ્ધકા હી અનુભવ હૈ, અશુદ્ધકા અનુભવ હૈ નહીં. આહાહા ! જુઓ ! યે ચૌથે ગુણસ્થાનસે બાત લી હૈ. સમ્યગ્દ્રષ્ટિ હોના (–હુઆ) ઉસકી તો બાત હૈ.

भूदत्थमस्सिदो खलु सम्मादिठ्ठी हवदि जीवो.... સમજમેં આયા ? (પર્યાયમેં) અશુદ્ધતા હૈ વહ તો જ્ઞેયમેં ગઈ.... પરમેં ગઈ. અપના શુદ્ધ જ્ઞેય—જ્ઞાયકસ્વભાવ.... અપના શુદ્ધ જ્ઞેય—જ્ઞાયકસ્વભાવ હૈ ઉસકો જ્ઞેય બનાનેસે શુદ્ધ જ્ઞાયકભાવ હી પ્રકાશમાન (હોતા હૈ).... પર્યાયમેં (ઉસકા) અનુભવ હોતા હૈ. રાગકા.... વ્યવહારકા જો વિકલ્પ હૈ (ઉસકા અનુભવ હોતા નહીં). કહતે હૈન લોગ ? કિ વ્યવહાર(સે ધર્મ હોતા હૈ. યહાં કહતે હૈ કિ) ધર્મી વ્યવહારસે મુક્ત હૈ. સમજમેં આયા ?

જ્ઞાતાકા જ્ઞાન હુઆ તો વહ અશુદ્ધતા જ્ઞાતાકે જ્ઞાનમેં (પરજ્ઞેયરૂપ રહ જાતી હૈ). સ્વજ્ઞેય આત્મા ઔર પરજ્ઞેય રાગ—ઐસા જ્ઞાતા, સ્વ-પરકા પ્રકાશક રહ જાતા હૈ, (પણ) અપનેમેં રાગકા અનુભવ કરતે હૈ—ઐસા હૈ નહીં, ક્યોંકિ વસ્તુમેં રાગ હૈ નહીં. સમજમેં આયા ? કિતની (સુંદર) બાત કરતે હૈં દેખો ! एक ज्ञायकभाव प्रकाशमान है ऐसा अनुभव करते हैं....

(પ્રશ્ન :) લ્યો ! પણ શુદ્ધનયકે અનુસાર સમ્યગ્દર્શન હુઆ.... ભૂતાર્થદર્શી હુઆ, તો ઇતનેમેં સબ આ ગયા (–કાર્ય હો ગયા) ? રાગ-બાગ (હૈ વે) કહાં ગયે ? (સમ્યગ્દ્રષ્ટિકો) તીન કષાયકા ભાવ (–અશુદ્ધતા તો) હૈન ?

(સમાધાન :) પરમેં ગયે. અભૂતાર્થ.... અભૂતાર્થ.... મેરી ચીજમેં હૈ નહીં, (અરે !) મેરી પર્યાયમેં (ભી હૈ) નહીં. દ્રવ્યમેં (તો હૈ) નહીં, ગુણમેં (તો હૈ) નહીં, મેરી પર્યાયમેં (ભી હૈ) નહીં.... વ્યવહાર મેરી પર્યાયમેં હૈ નહીં. જ્ઞાનચંદજી !

....ક્યા કહા દેખો ! એક જ્ઞાયક.... जिसमें.... જેમાં एक ज्ञायकभाव प्रकाशमान है ऐसा अनुभव करते हैं.... સમજમેં આયા ?

ક્યા કહા સમજમેં (આયા) ?

સમ્યગ્દ્રષ્ટિકો.... સમ્યગ્દ્રષ્ટિકો અકેલા જ્ઞાયકભાવ જો હૈ.... ચિદાનંદ દ્રવ્યસ્વભાવ હૈ વહ અનુભવમેં આ ગયા હૈ. તો, સમ્યગ્દ્રષ્ટિકો ચૌથે ગુણસ્થાનમેં અશુદ્ધતાકા અનુભવ હૈ નહીં, ક્યોંકિ દ્રવ્ય શુદ્ધ હૈ ઉસકા અનુભવ હુઆ તો શુદ્ધતાકા હી અનુભવ જ્ઞાનીકો હૈ. આહાહા ! સમજમેં આયા ? ક્યોંકિ વ્યવહાર તો અભૂતાર્થ હોનેસે વિકાર આદિ પર્યાય.... વ્યવહાર અપની પર્યાયમેં હૈ નહીં—ઐસા યહાં કહતે હૈં. આહાહા ! સમજમેં આયા ?

તો કહતે હૈં કિ, સમ્યગ્દ્રષ્ટિ....

(૧) અપના દ્રવ્ય.... ધ્રુવસ્વભાવ.... ધ્રુવસ્વભાવ જો ભૂતાર્થ હૈ ઉસકો દેખનેસે ઔર....
(૨) ત્રિકાળી જ્ઞાયકભાવકે અનુસાર અપનેમેં બોધ હોનેમાત્રસે (તથા)....
(૩) પુણ્ય-પાપકા વિકલ્પ ઔર પરસે ભિન્ન હોનેસે....

અપના જ્ઞાયકભાવ દ્રષ્ટિમેં પ્રકાશમાન હૈ ઉસકા હી અનુભવ કરતે હૈં. સમજમેં આયા ? ઓહોહો ! ભારે (વાત) ! છેને એમાં નવનીતભાઈ ? પાઠ ઐસા હૈ.... પાઠ એવો છે હોં. આહાહા ! કેટલી (સરસ) વાત કરે છે. ઓહોહો !

જ્ઞાયકભાવ આવિર્ભાવ હુઆ ઔર યે જ્ઞાયકભાવપનેકે કારણ.... सहज एक ज्ञायकस्वभावत्वके कारण.... જ્ઞાયકભાવ હી અનુભવમેં રહા, (પરંતુ) અનુભવમેં રાગાદિ.... વિકલ્પાદિ.... વ્યવહારાદિ રહા નહીં. સમજમેં આયા જયકુમારજી ? ભગવાન ! તેરી (–જ્ઞાનીકી) દ્રષ્ટિ દ્રવ્ય ઉપર હોનેસે વે દ્રવ્યકા હી અનુભવ કરતે હૈં (—ઐસા) કહતે હૈં (ઔર) દ્રવ્ય તો શુદ્ધ હૈ.... સમજમેં આયા ?

ભગવાન આત્મા સચ્ચિદાનંદ.... નિર્મળાનંદ પૂંજરૂપ (હૈ. વહ) આનંદકા પૂંજરૂપ.... જ્ઞાનકા પૂંજરૂપ વસ્તુ હૈ. તો ઉસકો દ્રષ્ટિમેં ધ્યેય ઔર જ્ઞાનમેં જ્ઞેય બનાનેસે ઉસકા હી અનુભવ રહા.... નિર્મળતાકા (હી) અનુભવ રહા. (ઇસલિયે) સમ્યગ્દ્રષ્ટિકો શુદ્ધતાકા હી અનુભવ હૈ, અશુદ્ધતાકા અનુભવ સમ્યગ્દ્રષ્ટિકો નહીં હૈ. (અશુદ્ધતાકો) 'અભૂતાર્થ' કહકે નિકાલ દિયા હૈ. સમજમેં આયા ? આહાહા ! અરે ! (આવી સત્ય) વાત (છે) એને સાંભળે નહીં !

આહાહા ! (સમ્યક્દ્રષ્ટિ શુદ્ધતાનો અનુભવ કરે છે તેનું) કારણ પણ આપ્યુંને ? દેખો ! एक ज्ञायक(स्वभावत्वके कारण)....

કેમ ?

કે पुरुषार्थ द्वारा आविर्भूत किये गये.... ક્યા ? કિ सहज एक ज्ञायकस्वभावत्वके कारण....—એમ (કહે છે). ભગવાન આત્મા ચિદાનંદ.... જ્ઞાયકમૂર્તિ આનંદપીંડ પ્રભુ (હૈ ઉસકે) સન્મુખ (હોકર) અપના પુરુષાર્થ કિયા, તો વહ પ્રગટ હુઆ. (અર્થાત્) પ્રતીતમેં નહીં થા.... જ્ઞાનમેં જ્ઞેય નહીં થા.... વહ પરમાત્મા સ્વયં પ્રતીતમેં આયા. તો જ્ઞાયક.... સહજ જ્ઞાયકતાકે કારણ 'જ્ઞાયકકા અનુભવ હૈ'—ઐસા કહતે હૈં. સમજમેં આયા ?

ઉસમેં (–દ્રષ્ટાંતમેં) ભી ઐસા લિયા થા ન ? કિ જલ.... સમજે ન ? सहज एक निर्मलभावपनेसे उस जलको निर्मल ही अनुभव करते हैं.... 'निर्मलभावपनेसे'.... (દ્રષ્ટાંતમેં જલકે) निर्मलभावपनेसे.... (—ઐસી) બાત લી હૈ. જુઓ ! निर्मलभावपनेसे उस जलको निर्मल ही अनुभव करते हैं.... એમ

'ભગવાન આત્મા ચૈતન્યબિંબ હૈ'—ઐસી દ્રષ્ટિ સમ્યગ્દ્રષ્ટિકો હુઈ, તો જ્ઞાયકભાવપનેકે કારણ.... જ્ઞાયકભાવ શુદ્ધ હૈ (ઇસલિયે) પર્યાયમેં જ્ઞાયકપનેકા.... શુદ્ધતાકા હી અનુભવ (હોતા) હૈ. ઓહોહો ! હૈ ઉસમેં ? હૈ કિ નહીં ? દેખો ! પાઠમેં (–ટીકામેં ઐસે ભાવ) હૈ કિ નહીં ? નેમચંદભાઈ !

કિતને લોગ ઐસા કહતે હૈં કિ 'વે (કાનજીસ્વામી) તો અપનેસે (–અપની ઘરકી બાત) કહતે હૈં.'

પણ સુન તો સહી ભગવાન ! તુજે ખબર નહીં, તને શાસ્ત્ર વાંચતા આવડે નહીં અને અપની કલ્પનાસે વાંચે અને કહે કિ હમને શાસ્ત્ર સુના.... શાસ્ત્ર વાંચીએ છીએ. ભગવાન ! યહ તો સમયસાર હૈ (સર્વજ્ઞ) પરમાત્માકા કહા હુઆ ઔર (ઉસમેં નિજ) પરમાત્માકી બાત હૈ. સમજમેં આયા ?

આહાહા ! શું પણ અગિયારમી ગાથા.... ગજબ છે ! સૌભાગ્યભાઈ ! બરાબર આ ગયે હૈં કૌનસી ગાથામેં દેખો ! તુમ્હારે લિયે (યહ ગાથા) નહીં લી હૈ હોં, દોપહરકો (૩૨૦વીં ગાથા, શ્રી જયસેનાચાર્યકી ટીકા) તુમ્હારે લિયે લી હૈ. યે તો કુદરતસે (આયી હૈ). (પ્રવચન) વાંચતે (–કરતે) થે (ઇસમેં) દસ ગાથા પૂરી હુઈ ઔર (તુમ) આયે. ઓહોહો ! કહો, ચંદુભાઈ !

ક્યા કહતે હૈં ?

ભગવાન ! તુમ્હારી દ્રષ્ટિ એક સમયકી પર્યાય ઔર રાગ ઔર વિકલ્પ ઉપર હૈ, તો વહ દ્રષ્ટિ વ્યવહારસે વિમોહિત હૈ.... વ્યવહારમેં મૂઢ હૈ. (ઇસલિયે) મિથ્યા દ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

જો તેરી દ્રષ્ટિમેં ત્રિકાલી જ્ઞાયકભાવ.... સહજ એક નિર્મલાનંદભાવ આયા નહીં, તો તેરી દ્રષ્ટિ તો વર્તમાન એક સમયકી અવસ્થા, રાગ-દ્વેષ વિકલ્પ અને નિમિત્ત ઉપર હૈ. (ઇસલિયે તું) વ્યવહારમેં મૂઢ હોકર અશુદ્ધતાકા, મિથ્યાત્વકા અનુભવ કરતા હૈ. ઔર (જબ) દ્રષ્ટિ ભૂતાર્થ ઉપર જાનેસે.... જ્ઞાયક ભગવાન ચિદાનંદ શુદ્ધ ઉપર દ્રષ્ટિ જાનેસે ઔર શુદ્ધકો જ્ઞેય બનાનેસે તેરી દ્રષ્ટિમેં જ્ઞાયકભાવ આતા હૈ, (તબ) વહ જ્ઞાયકભાવ 'શુદ્ધ' હૈ ઉસ કારણસે પર્યાયમેં શુદ્ધતાકા હી અનુભવ હોતા હૈ. સમજમેં આયા ?

ઓહોહો ! કુંદકુંદાચાર્ય ઔર અમૃતચંદ્રાચાર્ય.... યે દિગંબર મુનિયોંને જંગલમેં રહકર કૈસા કામ અંતરમેં કિયા હૈ ! (ઔર) બાહરમેં શાસ્ત્ર બન ગયે. સમજમેં આયા ? વે (શાસ્ત્ર) તો જડકી પર્યાય હૈ, (ઉસકો) કોઈ બનાનેવાલા નહીં હૈ. આહાહા !

કહો ! अनुभव करते हैं.... जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है.... દેખો ! जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है.... ઉસકા કારણ ભી બતાયા ન પહલે ? કિ पुरुषार्थ द्वारा आविर्भूत किये गये सहज एक ज्ञायकस्वभावत्वके कारण.... ઇસ કારણસે.... उसे (आत्माको) जिसमें एक ज्ञायकभाव प्रकाशमान है ऐसा अनुभव करते हैं.... શુદ્ધકા હી અનુભવ ધર્મી કરતે હૈં—ઐસે કહતે હૈં (ઔર) વ્યવહાર ઉસકો હૈ નહીં તો વ્યવહારકા અનુભવ કરતે નહીં—ઐસે કહતે હૈં. આહાહા ! ભારે વાત ભાઈ !

હૈ કિ નહીં જયસાગરજી !....જયકુમારજી ! ઉસમેં હૈ કિ નહીં ઐસા ? પુસ્તકમેં લિખા હૈ ? ઉસકે શબ્દાર્થમેંસે ઐસા (વાચ્ય) નિકલતા હૈન ભૈયા ! (ઐસા) વાચ્ય હૈ કિ નહીં ? એ જ વાત છે.

ભગવાન અમૃતચંદ્રાચાર્ય.... ભગવાન કુંદકુંદાચાર્યને તો ઘણી ગૂઢ બાત (ગાથા)મેં મૂક દિયા હૈ—(રખ) દિયા હૈ, પણ અમૃતચંદ્રાચાર્યને ઉસકો ખોલકર (રખ દિયા). વે દિગંબર મુનિ થે, જંગલમેં રહતે થે, આત્માકે આનંદમેં બસતે થે. અતીન્દ્રિય આનંદકા.... શુદ્ધોપયોગકા અનુભવ યે મુનિપના હૈ. સમજમેં આયા ? વહ કહતે હૈં, અરે ! સુન તો સહી પ્રભુ ! એક બાર. તેરી ચીજકા જબ સ્પર્શ હુઆ તુજે.... તેરી ચીજમેં જો નહીં હૈ (ઐસે) વિકારકા સ્પર્શ ઔર અનુભવ હૈ વહ તો તુમ (–તુમ્હારા સ્વરૂપ) નહીં.... વહ તો તુમ નહીં. (યદિ વિકારકા અનુભવ હો તો) તુમ તો અણાત્મા હો ગયા. સમજમેં આયા ?

ભગવાન.... (હર)એક સમયમેં, સહજ એક નિર્મલ ભગવાન આત્મા હૈ ઉસકી દ્રષ્ટિ છોડકર, પુણ્ય-પાપકે વિકલ્પકી દ્રષ્ટિ રખકર (–રખનેસે ઔર) એક સમયકે અંશ ઉપર બુદ્ધિ રખકર (–રખનેસે) જો વિકારકા અનુભવ (હોતા) હૈ વહ તો મિથ્યાત્વકા અનુભવ.... વ્યવહારી મૂઢ જીવકા અનુભવ હૈ. વહ આત્મા નહીં, વહ તો અણાત્મા હૈ. આહાહા ! બહુ (ઊંડી) વાત નાખી છે હોં.

પણ ભગવાન ! જબ તૂને તેરી દ્રષ્ટિ કીયા.... તૂને તેરી દ્રષ્ટિ કીયા.... પુરુષાર્થસે (બાત) લિયા હૈન ? ઉસમેં કોઈ કર્મકી મદદ મિલે ઔર કર્મ ઘટે—યે બાત યહાં તો હૈ હી નહીં. તૂને દ્રષ્ટિ જો યહાં પર્યાયબુદ્ધિમેં.... રાગબુદ્ધિમેં કી થી, વહ હી દ્રષ્ટિ ફિરાકર યહાં (સ્વભાવમેં) લી. સમજમેં આયા ?

તો વહ કારણસે ज्ञायकभाव.... 'प्रद्योतमान' શબ્દ પડા હૈન ? प्रद्योतमानैकज्ञायकभावं तमनुभवन्ति.... સંસ્કૃત ઐસા હૈ. स्वपुरुषकाराविर्भावित-सहजैकज्ञायकभावत्वात्.... ભગવાન (આત્મા), સ્વાભાવિક એક જ્ઞાયકભાવપનેકે કારણ (અર્થાત્) દ્રષ્ટિ જહાં જ્ઞાયકભાવપનેકી હુઈ, તો સહજ એક જ્ઞાયકભાવપનેકે કારણ સમ્યગ્દ્રષ્ટિકો જ્ઞાયકભાવકા.... શુદ્ધતાકા હી એક અનુભવ રહ જાતા હૈ. સમજમેં આયા ? બસ. (પૂજ્ય ગુરુદેવશ્રીનાં સ્વરમાં શ્રવણ કરવા જેવું છે).

यहाँ, शुद्धनय कतकफलके स्थान पर है.... દેખો ! જૈસે જલમેં કાદવ હૈ ઉસમેં કતકફળ.... નિર્મલી ઔષધિ ડાલનેસે દો (–જલ ઔર કાદવ) ભિન્ન હો જાતે હૈં, ઐસે યહાં શુદ્ધનય.... દેખો ! આત્મા.... આત્મા જો કિ શુદ્ધનય (યા) ભૂતાર્થ હૈ ઉસ ઉપર દ્રષ્ટિ હોનેસે (–કરનેસે).... (શુદ્ધનય) कतकफलके स्थान पर है.... ઉસકા (–શુદ્ધનય યા ભૂતાર્થકા) આશ્રય જહાં કિયા, તો રાગસે ભિન્ન હો ગયા. સમજમેં આયા ? ભગવાન જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ, ધ્રુવ....ભૂતાર્થ.... શુદ્ધનય હૈ ઉસકા જહાં આશ્રય કિયા, તો (આત્માસે) રાગ ઔર કર્મ ભિન્ન હો ગયે.... વ્યવહાર ઔર નિમિત્ત ભિન્ન હો ગયે. સમજમેં આયા ?

इसलिये जो शुद्धनयका आश्रय लेते हैं.... દેખો ! शुद्धनय कतकफलके स्थान पर है, इसलिये जो शुद्धनयका आश्रय लेते हैं.... जो शुद्धनयका आश्रय.... 'शुद्धनय'કા અર્થ ધ્રુવ. કહા ન કિ ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ.... (યહાં) ભૂતાર્થકો હી શુદ્ધનય કહા હૈ. ત્રિકાલી ભગવાન ભૂતાર્થ.... 'છતો' એકરૂપ વસ્તુ.... ધ્રુવ.... ધ્રુવ.... ધ્રુવ.... ધ્રુવ.... ધ્રુવ.... સામાન્ય હૈ વહ હી શુદ્ધનય હૈ.

વહ शुद्धनयका आश्रय लेते हैं वे ही सम्यक् अवलोकन करनेसे.... સંસ્કૃતમેં હૈ વહ (શબ્દ).... સમજમેં આયા ? કિ 'सम्यक् पश्यन्तः'.... ભગવાન (આત્મા).... વહ દેખનેકી (–જાનનેકી) જ્ઞાયકકી પર્યાય ઉસકો દેખતી (–દ્રવ્યકો

જાનતી) હૈન ? ત્રિકાલી જ્ઞાયકભાવ શુદ્ધ ધ્રુવ હૈ ઉસકા આશ્રય કરનેસે 'सम्यक् पश्यन्तः'.... सम्यक् अवलोकन करनेसे सम्यग्द्रष्टि हैं.... ઉસકો સમ્યગ્દ્રષ્ટિ કહતે હૈં. આહાહા ! સમજમેં આયા ?

ક્યા કહતે હૈં ?

यहाँ, शुद्धनय कतकफलके स्थान पर है.... નિર્મલી ઔષધિ (–કતકફલ) જેમ જલ ને કાદવને (જુદા કરે છે). इसलिये जो शुद्धनयका आश्रय.... (જુઓ !) 'શુદ્ધનયકા આશ્રય કરતે હૈં'—ઐસા લિયા હૈ. 'शुद्धनय'કા અર્થ ભૂતાર્થ વસ્તુ. (ઔર) ઉસકા જો આશ્રય કરતે હૈં.... ત્રિકાળી જ્ઞાયક દ્રવ્યસ્વભાવ હૈ (ઉસકા) આશ્રય કરતે હૈં वे ही सम्यक् अवलोकन करनेसे.... સચ્ચા દેખનેવાલે વે હી હૈ.

(અકેલા) પર્યાય અંશ ઔર રાગકો દેખનેવાલા સચ્ચા દેખનેવાલા નહીં હૈ. અકેલા અંશરૂપકો.... પર્યાય અંશ ઔર પુણ્ય-પાપકે વિકલ્પકો દેખનેવાલા સચ્ચા દેખનેવાલા નહીં હૈ. સમજમેં આયા ? કહો, શાંતિભાઈ ! આ સાંભળ્યું હતું પહેલું દિલ્હીમાં ? (સુનને કો) નહીં મિલા થા. આહાહા ! કહતે હૈં.... ભારે પણ ટીકા હોં ! ઓહોહો ! શબ્દ-શબ્દમેં કિતની ગૂઢતા ભરી હૈ ! ઓહોહોહો !

ક્યા કહતે હૈં ?

शुद्धनयका आश्रय लेते हैं वे ही.... એમ (કહે છે). વે હી ઉસકો (–આત્માકો) દેખતે હૈં (કિ) યે વસ્તુ (ઔર) તો ઉસકી શ્રદ્ધામેં સમ્યગ્દર્શન હુઆ (–હોતા હૈ), નહીં તો સમ્યગ્દર્શન હોતા નહીં. સમજમેં આયા ? ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ દિગંબર મુનિ ૯૦૦ વર્ષ પહલે હુએ. ઉનસે પહલે.... ૧૦૦૦-૧૧૦૦ વર્ષ પહલે કુંદકુંદાચાર્ય ભગવાન દિગંબર (મુનિ હુએ). ઉનકા શ્લોક....

'भूदत्थो देसिदो दु सुद्धणओ'.... બસ ! (યહ ગાથાકા દુસરા પદ).

ઉસકી (–ગાથાકે તીસરે ઔર ચોથે પદકી) વ્યાખ્યા કી અમૃતચંદ્રાચાર્યને કિ, 'ભૂતાર્થકા આશ્રય લિયા વે સમ્યક્ દેખતે હૈં, (ઇસલિયે) વે સમ્યગ્દ્રષ્ટિ હૈં.'—યે વ્યાખ્યા કી.

'भूदत्थमस्सिदो खलु'.... (યહ) તીસરા પદ.... 'भूदत्थमस्सिदो खलु'....

'सम्मादिट्ठी हवदि जीवो'.... (યહ ચોથા પદ).... સમ્યગ્દ્રષ્ટિ તબ હોતે હૈં.

ભગવાન કુંદકુંદાચાર્ય કહતે હૈં કિ 'भूदत्थमस्सिदो'.... ત્રિકાળી જ્ઞાયકભાવકા આશ્રય લેનેસે.... ઉસકા સમ્યક્ અવલોકન કરનેસે.... જૈસા સત્ય હૈ ઐસા અવલોકન કરનેસે ઉસકો સમ્યગ્દ્રષ્ટિ કહનેમેં આતા હૈ.—ઐસા ભગવાન કુંદકુંદાચાર્યને કહા (ઔર) વૈસા હી અમૃતચંદ્રાચાર્યને અર્થ કર ટીકા કર દી (અર્થાત્) સ્પષ્ટ કર દિયા. ઓહોહો ! સમજમેં આયા ?

दूसरे सम्यग्द्रष्टि नहीं हैं.... અર્થાત્....

(૧) પર્યાય અંશ ઉપર બુદ્ધિ હૈ,
(૨) પુણ્ય-પાપકે વિકલ્પ ઉપર બુદ્ધિ હૈ,
(૩) દયા-દાન-વ્રત-ભક્તિકે પરિણામ ઉપર બુદ્ધિ હૈ.

વહ સમ્યગ્દ્રષ્ટિ નહીં હૈ.... વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ? આહાહા ! સારી પૂર્ણ ચીજ ભગવાન જ્ઞાયકભાવ પૂરા ભરા હૈ. વહ એક સહજ જ્ઞાયકભાવ ઉપર દ્રષ્ટિ હોનેસે.... सम्यक् अवलोकन करनेसे.... ઉસકા આશ્રય લેનેસે સમ્યગ્દ્રષ્ટિ કહનેમેં આતા હૈ. ઉસકે સિવા....

(૧) એક સમયકી પર્યાયકા આશ્રય લિયા ઔર
(૨) રાગકા આશ્રય લિયા ઔર
(૩) પુણ્ય-પાપ ઉપર બુદ્ધિ હૈ,

તો વહ સમ્યગ્દ્રષ્ટિ નહીં હૈ.... વહ મિથ્યાદ્રષ્ટિ હૈ.

ઉસકા અર્થ વહ હુઆ કિ અપના ત્રિકાલી જ્ઞાયકભાવ ઉપર દ્રષ્ટિ નહીં ઔર સમ્યક્ અનુભવ ભી નહીં ઔર અકેલા દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાકે વિકલ્પમેં.... વ્યવહારમેં.... વ્યવહારાભાસમેં પડા હૈ વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ? હૈ ઐસા (અર્થ) ઉસમેં કિ નહીં જ્ઞાનચંદજી ? તુમ તો કેળવણી.. કેળવણીમેં હૈં કિ ક્યા હૈ ?

શ્રોતા : કેળવણીમેં....
પૂજ્ય ગુરુદેવશ્રી : કેળવણી.

આહાહા ! दूसरे (जो अशुद्धनयका सर्वथा आश्रय लेते हैं वे)....

'सर्वथा' એટલે ક્યા કહા ?

કિ અશુદ્ધપનેકા લક્ષ (–જ્ઞાન) રખકર, સ્વભાવકા આશ્રય જિસને લિયા (વે સમ્યગ્દ્રષ્ટિ હૈ). અશુદ્ધપના પર્યાયમેં હૈ, પણ આશ્રય લેના હૈ શુદ્ધકા (–દ્રવ્યકા). પણ અકેલા શુદ્ધકા (–પૂર્ણ દ્રવ્યકા) આશ્રય લિયે બિના, અકેલા અશુદ્ધકા હી આશ્રય લેતે હૈં (વે) મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

જિસને ભગવાન આત્મા.... (જો કિ) એક સમયમેં (–વર્તમાનમેં ભી) 'પૂર્ણાનંદ.... સચ્ચિદાનંદ પ્રભુ, સિદ્ધસ્વરૂપ, શુદ્ધ આનંદકંદ હૈ'—ઐસા (ઉસકા) આશ્રય લિયે બિના અકેલા રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા આદિ વિકલ્પ હૈ ઉસ ઉપર લક્ષ રખકર ઉસકા આશ્રય કરતે હૈં, (પરંતુ) સ્વભાવકા આશ્રય (લેતે) નહીં (વે) મિથ્યાદ્રષ્ટિ હૈં. સમજમેં આયા ? અનંત બૈર મુનિવ્રત લિયા, પણ ઇસ (વિપરીત) દ્રષ્ટિસે....

મુનિવ્રત ધાર અનંત બાર, ગ્રીવક ઉપજાયો;
પૈ નિજ આતમજ્ઞાન બિના, સુખ લેશ ન પાયો.

(છ ઢાળા, ઢાળ ૪, પદ ૫)

અનંત બૈર મુનિપના (લિયા).... દિગંબર મુનિ (હોકર) ૨૮ મૂળગુણ પાલનેવાલા (હુઆ, પરંતુ) વહ તો રાગ હૈ.... વહ તો વિકલ્પ હૈ.... વહ તો અશુદ્ધતા હૈ (ઔર) અશુદ્ધતાકા અનુભવ કરનેવાલા મિથ્યાદ્રષ્ટિ હૈ—ઐસે કહતે હૈં. આહાહા ! સમજમેં આયા ?

યે सम्यग्द्रष्टि हैं, दुसरे सम्यग्द्रष्टि नहीं हैं.... ઉસકા અર્થ (યહ હૈ) કિ અપના જ્ઞાયકસ્વભાવ.... ધ્રુવસ્વભાવ.... પરમાનંદ એકરૂપ સહજ સ્વભાવ હૈ ઉસકા જિસકો આશ્રય હુઆ નહીં.... સમ્યગ્દર્શન હુઆ નહીં ઔર રાગ ને પુણ્ય, વિકલ્પ, વ્યવહાર, વ્રત આદિકા નિયમ હૈ ઉસમેં લક્ષ રખતે હૈં ઔર વહ હી જિસકા આશ્રય ઔર ધ્યેય હૈ વહ મિથ્યાદ્રષ્ટિ હૈ. તો....

(૧) મિથ્યાદ્રષ્ટિકો અકેલી અશુદ્ધતાકા અનુભવ ઔર ધ્યેય હૈ (–નાસ્તિ)
(૨) સમ્યગ્દ્રષ્ટિકો અકેલી શુદ્ધતાકા અનુભવ હૈ (–અસ્તિ)

—ઐસા બતાતે હૈં. આહાહા ! ચંદુભાઈ ! કહો, સમજમેં આયા ? અરે ! આમાં વાદવિવાદને સ્થાન જ ક્યાં છે ? અરે ભગવાન ! તુજે ખબર નહીં ભાઈ !

સદ્‌ગુરુ કહે સહજકા ધંધા, વાદવિવાદ કરે સો અંધા....

(બનારસી વિલાસ, ગોરખનાથકે વચન, પદ ૭)

વાદવિવાદ ચૈતન્યમાં ક્યા (-કેવો) ? 'ભગવાન અખંડાનંદ પ્રભુ છે'—ઐસી જ્યાં દ્રષ્ટિ (હોકર) અંતરકા આશ્રય હુઆ, (તો) વહ હી શુદ્ધ અનુભવ ઔર વહ હી ધર્મ હૈ. શેઠિયા ! સમજમેં આયા ?

इसलिये.... દેખો ! दूसरे सम्यग्द्रष्टि नहीं हैं.... ઐસા (કહકર) અસ્તિ-નાસ્તિ કિયા હૈ, યે અનેકાંત.... ઉસકા નામ અનેકાંત હૈ. ઐસા નહીં હૈ કિ પર્યાયકા ભી આશ્રય કરે (ઔર) દ્રવ્યકા ભી આશ્રય કરે તો અનેકાંત હૈ.—યે અનેકાંત નહીં, યે તો ફુદડીવાદ હુઆ. સમજમેં આયા ?

ક્યા ?

કિ ભગવાન આત્મા પૂર્ણાનંદ પ્રભુ અપના (હૈ ઉસકા) આશ્રય લિયા તો શુદ્ધતાકા અનુભવ કરતે હૈં, (પરંતુ) અશુદ્ધતાકા નહીં.... ઉસકા નામ અનેકાંત હૈ.

ઔર (ઇસી પ્રકાર) પુણ્ય-પાપકે વિકલ્પકે ક્રિયાકાંડમેં (યા) રાગમેં જિસકી દ્રષ્ટિ પડી હૈ, (ઉસકો) દ્રવ્યસ્વભાવકા અનુભવ (ઔર) દ્રષ્ટિ નહીં હૈ તો અકેલી અશુદ્ધતાકા અનુભવ કરતે હૈં, (પરંતુ) શુદ્ધતાકા નહીં (અર્થાત્) અધર્મકા અનુભવ કરતે હૈં, (પરંતુ) ધર્મકા નહીં.—એમ (અનેકાંતની) ચોખ્ખી વાત છે. સમજમેં આયા ?

इसलिये कर्मोंसे भिन्न आत्माके देखनेवालोंको.... દેખો ! સરવાળો. 'કર્મોંસે ભિન્ન દેખનેવાલા'કા અર્થ અપનેકો દેખનેવાલા—એમ છે. અપનેકો દેખનેવાલા.... देखनेवालोंको व्यवहारनय अनुसरण करने योग्य नहीं है.... અપનેકો દેખનેવાલેકો રાગાદિકા અનુસરણ કરના હૈ નહીં. સમજમેં આયા ?

कर्मोंसे भिन्न आत्माके देखनेवालों.... લ્યો !

પણ કર્મોંસે (ભિન્ન) દેખના ક્યા (-કિસકો) હૈ ?

(કર્મોંસે) ભિન્ન આત્માકો.... ઉસસે (-કર્મોંસે) ભિન્ન આત્માકો (દેખના હૈ).... कर्मोंसे भिन्न आत्माके देखनेवालोंको व्यवहारनय अनुसरण करने योग्य नहीं है.... ક્યોંકિ ઇસ (-દ્રવ્યકી) ઓર પડા (-ઝૂકાવ) હૈ તો 'રાગકા અનુસરણ કરના'—ઐસા (અભિપ્રાય) હૈ નહીં.... પર્યાયબુદ્ધિ હૈ હી નહીં. સમજમેં આયા ? આ તો સમજાવે ત્યારે ઐસા કહેને ? કિ વ્યવહાર અનુસરણ કરને યોગ્ય નહીં અર્થાત્ ઉસકો (-જ્ઞાનીકો) વ્યવહારકા અનુસરણ રહતા નહીં.

દ્રવ્યસ્વભાવકા અનુસરણ હુઆ તો ઉસકો રાગ અને પર્યાયકા અનુસરણ રહતા નહીં. જ્ઞાન રહ જાતા હૈ કિ 'પર્યાય હૈ'—ઐસા જ્ઞાન. વહ બારહવીં (ગાથામેં) ખુલાસા કરેંગે.... સમજમેં આયા ? કિ દ્રવ્યકા આશ્રય લિયા (તો) સમ્યગ્દર્શન હુઆ. (ઉસ સમય) નિર્મલ પર્યાય જિતની હુઈ (ઔર) જિતના રાગ રહતા હૈ ઉસકો જાનના (વહ) પ્રયોજનવાન હૈ. (અર્થાત્) વ્યવહારનય જાનના વહ પ્રયોજનવાન હૈ.... જાનનેકે લિયે વ્યવહાર પ્રયોજનવાન હૈ, આદરનેકે લિયે નહીં. સમજમેં આયા ?

इसलिये, कर्मोंसे.... આ કારણે કર્મોંથી भिन्न आत्माके देखनेवालोंको.... દેખો ભાષા ! વજન ત્યાં (-આત્માને દેખવામાં) છે હોં. પરથી ભિન્ન એવા ભગવાન आत्माके देखनेवालोंको व्यवहारनय अनुसरण करने योग्य नहीं है.... અથવા વ્યવહારકા અનુસરણ રહતા હી નહીં—ઐસા (અર્થ) હૈ.

વજુભાઈ ! (વ્યવહારનય) अनुसरण करने योग्य नहीं है.... ઐસા લિયા હૈ, પણ એને (-જ્ઞાનીકો વ્યવહારનયકા) અનુસરણ કરના રહતા હી નહીં. (જિસને) દ્રવ્યસ્વભાવકા અનુસરણ કિયા, ઉસકો વ્યવહારકા અનુસરણ રહતા હી નહીં. (હાં), વ્યવહારકા જ્ઞાન રહતા હૈ. (વહ બાત બારહવીં ગાથામેં) આગે કહેંગે. સમજમેં આયા ? લો ! ટીકા પૂરી થઈ. હવે....

भावार्थ :—જયચંદજી પંડિત ઉસકા ભાવાર્થ લિખતે હૈં.

यहाँ व्यवहारनयको अभूतार्थ.... જૂઠા.... વ્યવહારનયકો અસત્યાર્થ.... જૂઠા કહા और शुद्धनयको भूतार्थ.... સચ્ચા कहा है.... દેખો ! અભી જરા ખુલાસા બહુત અચ્છા કરતે હૈં વે (જયચંદજી) ભી.

**जिसका विषय विद्यमान न हो, असत्यार्थ हो उसे अभूतार्थ कहते हैं....** દેખો ! **जिसका विषय विद्यमान न हो....** ભાઈ ! યહાં તો (વ્યવહારનયકા) વિષય વિદ્યમાન ન હો (નહીં હૈ—ઐસા કહતે હૈં). (ક્યોંકિ) વહાં અંદરમેં (–વસ્તુમેં વ્યવહારનયકા) વિષય નહીં હૈન ! યહાં (પર્યાયમેં) હૈ,.... સમજમેં આયા ? વસ્તુમેં નહીં હૈ.

**जिसका विषय विद्यमान न हो....** યહાં તો 'પર્યાય નહીં'—ઐસા લેના હૈ. યહાં તો કહતે હૈં, **जिसका विषय विद्यमान न हो....** પીછે ખુલાસા કરેગા જરી. યહાં તો (કહતે હૈં કિ) જિસકા વિષય ન હો જગતમેં, **असत्यार्थ हो उसे अभूतार्थ कहते हैं....** સમજમેં આયા ? પહલે તો વહ કહતે હૈં કિ વ્યવહારનયકો અભૂતાર્થ કહા (ઔર) શુદ્ધનયકો સચ્ચા કહા. (વ્યવહારનયકો) અભૂતાર્થ નામ 'જૂઠા' કહા ઉસકા અર્થ (યહ હૈ) કિ જિસકા (–ઉસકા) વિષય (દ્રવ્યમેં) હૈ હી નહીં.

**असत्यार्थ हो....** 'જૂઠા' હો **उसे अभूतार्थ कहते हैं । व्यवहारनयको अभूतार्थ कहनेका आशय यह है कि शुद्धनयका विषय अभेद एकाकाररूप....**

(૧) પહલા <u>ખુલાસા</u> યે કિયા....

ક્યા (ખુલાસા) કિયા ?
કિ **जिसका विषय विद्यमान न हो....** (—ઐસા કહકર 'અભૂતાર્થ'કી) વ્યાખ્યા (–ખુલાસા) કીયા.

અબ ઉસકો લાગૂ પાડતે હૈં....

(૨) 'વ્યવહાર'કા અર્થ યે હૈ કિ આત્મામેં વહ હૈ હી નહીં. વ્યવહાર તો પરમેં હૈ, આત્મામેં હૈ નહીં—ઐસા <u>'વ્યવહાર'કા અર્થ આયા (–કિયા).</u> સમજમેં આયા ? 'વ્યવહાર'કા અર્થ ઐસા આયા (–કિયા) કિ વહ પર્યાય ભી (આત્મામેં) હૈ નહીં. વ્યવહારનયકા વિષય વિદ્યમાન હૈ હી નહીં તો (ઉસકા અર્થ યહ હુઆ કિ આત્મામેં) પર્યાય ભી નહીં હૈ, રાગ ભી નહીં હૈ.

(૩) અબ <u>(આશય)</u> કહતે હૈં, **व्यवहारनयको अभूतार्थ कहनेका आशय....** વ્યવહારનયકો જૂઠા કહનેકા આશય.... અબ આશય લેતે હૈં.

પહલે તો (કહા કિ) વ્યવહારનયકા વિષય હૈ હી નહીં—ઐસા ('અભૂતાર્થ'કા) અર્થ હોતા હૈ....'અભૂત'કા અર્થ ઐસા હોતા હૈ.... 'અસત્યાર્થ'કા અર્થ ઐસા હોતા હૈ. પણ અબ अभूतार्थ कहनेका आशय यह है कि.... બહુ સરસ લીધું છે.... બહુ સરસ લીધું. વાત તો જેમ વસ્તુસ્થિતિ હોય એમ જ લેવાયને ?

ક્યાં ગયા ચીમનભાઈ ! આ, પર્યાયને 'જૂઠી' કીધી એનો અર્થ આ આવે (–કહેવાય) છે. (આ વાંચીને) વેદાંતવાળા ખુશી થઈ જાયને ? (કે) દ્રવ્યમાં પર્યાય નથી. પણ એ વાત જ નથી.... એ અપેક્ષા નથી અહીં. અહીં તો વ્યવહારકો 'અભૂતાર્થ' ક્યોં કહા (ઉસકા ખુલાસા કરતે હૈં). વ્યવહાર તો અભૂતાર્થ હી હૈ....

પણ ઉસકો 'અભૂતાર્થ' ક્યોં કહા ? ઉસકા આશય ક્યા હૈ ? (વહ કહતે હૈં).

शुद्धनयका विषय.... દેખો ! 'शुद्धनय' નામ ભૂતાર્થ જો વસ્તુ હૈ.... યહાં शुद्धनयका विषय.... (—ઐસા કહકર) ભેદ કિયા. નહીં તો, શુદ્ધનય ઔર (ઉસકા વિષય ઐસે) ભૂતાર્થકો એક હી કહા હૈ પાઠમેં (–ગાથામેં). પણ યહાં ખુલાસા કરના હૈ કિ....

વ્યવહારનયકો (ઔર ઉસકે વિષયકો) 'અભૂતાર્થ' કહા, તો શુદ્ધનયકા વિષય ક્યા હૈ ? કિ ભૂતાર્થ.... શુદ્ધનયકા વિષય ક્યા હૈ ?

જબ વ્યવહારનયકા વિષય 'અભૂતાર્થ' નામ હૈ નહીં (ઐસા) પહલે કહા.... વ્યવહારકો 'અભૂતાર્થ' કહા તો શુદ્ધનય(કા વિષય) ક્યા હૈ ?

शुद्धनयका विषय अभेद एकाकाररूप नित्य द्रव्य है.... દેખો ! शुद्धनयका विषय (માને) સમ્યગ્દર્શનકા ધ્યેય.

(યહાં) 'નય' (અર્થાત્ 'જ્ઞાન') ક્યોં લિયા ?

ક્યોંકિ સમ્યગ્દર્શન હૈ યે નિર્વિકલ્પ (–અભેદગ્રાહી) પર્યાય હૈ અને જ્ઞાન સવિકલ્પ (–ભેદ કરકે જાનતા) હૈ. તો જ્ઞાન, સ્વ ઔર પરકો જાનતા હૈ. (અર્થાત્) શુદ્ધનય (–જ્ઞાન) જાનતા હૈ સ્વકો (ઉપાદેય) ઔર પરકો (હેય).... રાગ આતા હૈ ઉસકો ભી (હેય) જાનતા હૈ, ઇસલિયે શુદ્ધનય લિયા હૈ. નહીંતર, વહ શુદ્ધનયકા

(–ઉસકે વિષયકા) આશ્રય કરનેવાલા સમ્યગ્દ્રષ્ટિ હૈ, પણ સમ્યગ્દર્શનમેં સ્વ-પરકો જાનનેકી તાકાત.... શક્તિ નહીં હૈ. સમજમેં આયા ?

ઉસ કારણસે કહતે હૈં કિ शुद्धनयका विषय अभेद एकाकार.... એક સ્વરૂપ. એક જ આકાર (માને) એક જ સ્વરૂપ—એમ (અર્થ છે). અભેદ.... એક સ્વરૂપ.... 'एकाकार'નો અર્થ એક સ્વરૂપ. ઐસા नित्य द्रव्य है, उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता.... उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता; इसलिये उसकी द्रष्टिमें भेद अविद्यमान, असत्यार्थ ही कहना चाहिए.... લ્યો ! યે અપેક્ષાસે ઉસમેં (–દ્રવ્યમે) વ્યવહાર હૈ નહીં. भेद अविद्यमान.... कहना चाहिए.... લ્યો ! પણ એવું ન સમજવું કે પર્યાય ને (ભેદ) કુછ નહીં હૈ. વહ ખુલાસા આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં – ૩૦**
**ગાથા -૧૧**
**સંવત ૨૦૨૪, આસો વદ ૪, ગુરૂવાર, તા. ૧૦-૧૦-'૬૮**

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર, ૧૧વીં ગાથાકા ભાવાર્થ ચલતા હૈ.

ક્યા કહતે હૈં યહાં ?
વ્યવહારકો 'નહીં હૈ'—ઐસા કહા હૈ. 'વ્યવહાર અભૂતાર્થ હૈ'—ઐસા કહા ન ?

ઉસકા અર્થ ક્યા ?
કિ આત્મામેં ગુણભેદ નહીં.... પર્યાય નહીં.... રાગ નહીં—યે કોઈ ચીજ હી નહીં હૈ. સમજમેં આયા ? 'વ્યવહાર નહીં' (—ઐસા) ઉસકો કહનેકા આશય (યહ હૈ કિ) વે ગુણભેદ ઉસમેં.... એક(રૂપ) વસ્તુમેં (નહીં હૈ).

દેખો ! यहाँ व्यवहारनयको अभूतार्थ.... અસત્યાર્થ और शुद्धनयको સત્યાર્થ.... સચ્ચા (કહા હૈ). વ્યવહારનયકો 'જૂઠા'—ઐસા કહા હૈ.

जिसका विषय विद्यमान न हो.... દેખો ! जिसका विषय.... જ્ઞેય હો હી નહીં..... જિસકા વિષય (યા) જ્ઞેય હૈ હી નહીં ઉસકો યહાં 'વ્યવહાર' કહનેમેં આયા હૈ. જિસકા વિષય હૈ હી નહીં....'असत्यार्थ' નામ જૂઠા.... જિસકા વિષય ન હો ઉસે અસત્યાર્થ કહતે હૈં.... उसे अभूतार्थ कहते हैं. સમજમેં આયા ?

व्यवहारनयको अभूतार्थ.... અસત્યાર્થ.... જૂઠા कहनेका आशय यह है कि.... (યહાં ભાવાર્થમેં આશય બતાયા હૈ) નહીં તો વ્યવહારકા વિષય 'નહીં હૈ'—ઐસા યહાં (–મૂલ ગાથામેં) તો કહા હૈ.

(૧) (મૂલ ગાથામે કહા કિ) વ્યવહારકા વિષય હી નહીં હૈ.... 'જૂઠા' હૈ.... વિદ્યમાન હી નહીં હૈ.... હયાત નહીં હૈ.... વસ્તુ નહીં હૈ—ઐસા કહા (ઔર)....
(૨) (ટીકામેં કહા કિ) ઉસકા.... 'અભૂતાર્થ'કા અર્થ તો ('અસત્યાર્થ') —ઐસા હોતા હૈ. પણ....
(3) (યહાં ભાવાર્થમેં કહા કિ) व्यवहारनयको અસત્યાર્થ कहनेका आशय यह है कि शुद्धनयका विषय.... ભગવાન આત્મા એકરૂપ વસ્તુ હૈ (વહ)

'शुद्धनयका विषय' (હૈ). યહાં (ભાવાર્થમેં વ્યવહારકો અસત્યાર્થ કહનેકા કારણ) લિયા હૈ.

હૈ તો વસ્તુ હી ભૂતાર્થ. વસ્તુ જો અભેદ હૈ યે ભૂતાર્થ હૈ ઔર ઉસકો 'શુદ્ધનય' મૂલ પાઠમેં (–ગાથામેં) કહા હૈ. સમજમેં આયા ? મૂલ ભૂતાર્થ (દ્રવ્ય).... એક સમયમેં (–વર્તમાનમેં ભી) અભેદ ચીજ.... અભેદ વસ્તુ એકાકાર હૈ વહી 'શુદ્ધનય' હૈ ઐસા પાઠમેં.... શ્લોકમેં (–ગાથામેં) તો કહા થા. અહીં (ભાવાર્થમેં) જરી સમજાયા હૈ કિ शुद्धनयका विषय अभेद હૈ....

દ્રવ્ય જો વસ્તુ હૈ (વહ) અભેદ હૈ ઔર....

(૧) 'अभेद'મેં ગુણભેદ નહીં,
(૨) 'एकाकार'.... એકમેં અનેક નહીં ઔર
(૩) 'नित्य'.... ઉસમેં (–નિત્યમેં) પર્યાય નહીં. સમજમેં આયા ?

शुद्धनयका विषय अभेद एक.... એક.... અભેદ....એક એમ. એક....

(૧) 'अभेद'મેં ભેદ નહીં,
(૨) 'एकाकार'મેં અનેક નહીં ઔર
(૩) 'नित्य'મેં પર્યાય નહીં.... અનિત્ય નહીં.

—ઐસા શુદ્ધનયકા વિષય હૈ. સમજમેં આયા ?

અંદર વસ્તુ.... જો વર્તમાન પર્યાય અંતર્મુખ હોતી હૈ, તો ઉસકા વિષય તો એક યા અભેદ રહા. સમજમેં આયા ? ગુણભેદ ભી (અંતર્મુખ પર્યાયકા વિષય) નહીં રહા, ક્યોંકિ અભેદ (વિષય હૈ ઉસ પર્યાયકા). અવસ્થા.... જો હૈ વર્તમાન અવસ્થા વહ અંતર્મુખ હુઈ તો....

(૧) દ્રષ્ટિ, અવસ્થા ઉપર રહી નહીં ઔર
(૨) દ્રષ્ટિમેં ગુણભેદ (ભી) રહા નહીં.
(૩) દ્રષ્ટિમેં તો અકેલા અભેદ સામાન્યરૂપ (દ્રવ્ય) રહા.
(૪) ઉસમેં (–દ્રષ્ટિમેં) અશુદ્ધતા તો રહી નહીં (ઔર)
(૫) નિમિત્તતા તો કહીં દૂર રહ ગઈ.

(દ્રવ્યદ્રષ્ટિમેં)....

(૧) નિમિત્તતા (-પરવસ્તુ) તો કહીં દૂર રહ ગઈ (-અજીવતત્ત્વ),
(૨) અશુદ્ધતા (-અશુદ્ધપર્યાય) તો કહીં દૂર રહ ગઈ (-આસ્રવ, બંધતત્ત્વ) (ઔર)
(૩) (શુદ્ધ)પર્યાય અંતર્મુખ ઝૂકી હૈ તો (ભી) (શુદ્ધ)પર્યાય દ્રષ્ટિમેં હૈ નહીં (-સંવર, નિર્જરા મોક્ષતત્ત્વ).

સમજમેં આયા ?

अभेद एकाकार અર્થાત્ એકસ્વરૂપ.... એકરૂપ. ઉસમેં જ્ઞાન ને દર્શન ને ચારિત્ર—ઐસે અનેક રૂપ હૈં હી નહીં. શુદ્ધનયકા વિષયમેં.... એકરૂપ અંતરમેં.... અંતરમેં જાનેસે જો સમ્યગ્દર્શનકા વિષય હૈ (ઉસકો) શુદ્ધનયકા વિષય યહાં (ભાવાર્થમેં) કહા, પણ (વહ શુદ્ધનયકા વિષય) યે 'શુદ્ધનય' હી હૈ....

(૧) અપની ચીજ (-શુદ્ધાત્મા) હી 'શુદ્ધનય' હૈ (ઔર)
(૨) વહ (હી) 'શુદ્ધનયકા વિષય' હૈ ઔર
(૩) 'વ્યવહારકા વિષય' નહીં હૈ.

—ઐસા કહા ન ? તો શુદ્ધનયકા વિષય 'યે હૈ'—ઐસા (ભાવાર્થમેં) કહા. સમજમેં આયા ?

અંતરમેં (શુદ્ધનયકા વિષય) શુદ્ધ, એકરૂપ (યાની) ગુણભેદ બિનાકા હૈ, દ્રષ્ટિ.... (જો) વર્તમાન પર્યાય.... અવસ્થા હૈ વહ અંતર્મુખ હુઈ તો ઉસમેં પર્યાય તો નજરમેં (નહીં આતી). તો પર્યાય.... દ્રવ્યદ્રષ્ટિ (દ્રવ્ય)મેં ગઈ.... દ્રવ્ય ઉપર ગઈ તો દ્રવ્યમેં પર્યાય દિખતી નહીં, નિત્ય અકેલા (ત્રિકાલી દ્રવ્ય દિખતા) હૈ. ઔર એકરૂપ (દ્રવ્ય)મેં અનેક ગુણભેદ હોતે છતે (-હોને પર ભી), એકરૂપ દ્રષ્ટિમેં અનેકાકાર કહાંસે દિખે ? (ન દિખે). સમજમેં આયા ?

તો शुद्धनयका विषय....
(૧) अभेद.... ગુણભેદ નહીં,
(૨) एकाकार.... એકમેં અનેકરૂપ નહીં ઔર
(૩) नित्य.... પર્યાય નહીં.

—ઐસા (દ્રવ્ય હૈ). शुद्धनयका विषय अभेद एकाकाररूप नित्य द्रव्य है.... સમજમેં આયા ? કહતે હૈં કિ તેરા કાર્ય કરના હો તુજે, તો તેરી પર્યાય અંતર્મુખ ઝુકાનેસે જો એકરૂપ (દ્રવ્ય) દ્રષ્ટિમેં આયા વહ દ્રષ્ટિકા વિષય અથવા શુદ્ધનયકા વિષય હૈ (ઔર) ઉસસે સમ્યગ્દર્શન હોતા હૈ. સમજમેં આયા ? યે ગાથા તો સારે (–પૂરે) જૈનશાસનકી જડ હૈ.

उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता....

ક્યા કહતે હૈં ?

દેખો ! પર્યાય.... અવસ્થા અંતર્મુખ હુઈ તો અંતર્મુખકી દ્રષ્ટિમેં....

(૧) પર્યાય નહીં દિખતી,
(૨) (ગુણ)ભેદ નહીં દિખતા, (પરંતુ)
(૩) એકરૂપ (દ્રવ્ય) અંતર્દ્રષ્ટિમેં આયા (–આતા હૈ).

'એકરૂપ (દ્રષ્ટિમેં) આયા' યે ભી (–એકરૂપ દ્રવ્ય ઔર ઉસકી દ્રષ્ટિ)—ઐસા (ભેદ)ભી દ્રષ્ટિમેં (હોતા) નહીં, યે તો સમજાના હૈ. 'યે એક (ઔર વહ) દ્રષ્ટિમેં આયા'—ઐસા (ભેદ) ભી (વહાં) હૈ ક્યા ? (નહીં). સમજમેં આયા ? પણ એકરૂપ (દ્રવ્ય) દ્રષ્ટિમેં આતા હૈ તો 'દ્રષ્ટિમેં આયા'—ઐસા કહનેમેં આયા હૈ. 'યે એક હૈ.... સામાન્ય હૈ' વહ ભી ભેદ હો ગયા (ઔર) વિકલ્પરૂપ (દશા) હો (ગઈ). સમજમેં આયા ?

કહતે હૈં કિ व्यवहारनयको જૂઠા कहनेका आशय यह है कि शुद्धनयका विषय अभेद एकाकाररूप नित्य द्रव्य है.... नित्य द्रव्य है વહ હી (શુદ્ધનયકા) વિષય હૈ. उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता.... અંતર્દ્રષ્ટિમેં भेद दिखाई नहीं देता નામ ભેદ હૈ હી નહીં. અભેદમેં ભેદ કૈસા ? (ઔર) ભેદ નહીં દિખતે હૈ ઉસ અપેક્ષાસે ભેદકો 'જૂઠા' કહા હૈ. (જિસ નયસે) એકરૂપ (દ્રવ્ય) દિખતા હૈ ઉસ (નય)કો 'સચ્ચા' કહા ઔર (વ્યવહારનયમેં વહ એકરૂપ) નહીં દિખતે (તો) ઉસકો યહાં 'અવિદ્યમાન.... અસત્યાર્થ.... જૂઠા' કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता.... અંતર્મુખ અભેદદ્રષ્ટિમેં भेद दिखाई नहीं देता; इसलिये.... इसलिये.... ઇસ કારણસે.... સમજમેં આયા ? उसकी द्रष्टिमें भेद अविद्यमान.... યૂ (કહતે હૈ). અંતર્દ્રષ્ટિ કરનેસે ભેદ દિખતે નહીં, ઉસ

કારણસે ઉસકી (–શુદ્ધનયકી) દ્રષ્ટિમેં ભેદ જૂઠા હૈ. સમજમેં આયા ? માલચંદજી ! ધ્યાન તો રખતે હૈં, પણ ઐસા સૂક્ષ્મ હૈ વિષય.

શરીર, વાણી તો કહીં રહ ગયે, પર્યાય જો હૈ વહ તો અંતર્મુખ.... અંદર (દ્રવ્યમેં) ઘૂસી હૈ (અર્થાત્) પર્યાય જો હૈ વહ તો અંતર્મુખ વળી (–ઝૂકી) હૈ, તો ઉસકે (–પર્યાયકે) વિષયમેં અકેલા રાગ (રહિત) દ્રવ્ય હૈ. પર્યાય તો વહાં (દ્રવ્યમેં) વળી (–ઝૂકી) હૈ (ઔર) ગુણભેદ લક્ષમેં હૈ નહીં, તો અભેદમેં ભેદ દિખતે નહીં.

इसलिये.... ઇસ કારણસે ભેદ 'અવિદ્યમાન હૈ'—ઐસા કહનેમેં આયા હૈ.... ઇસ કારણસે ભેદ 'નહીં હૈ'—ઐસા કહનેમેં આયા હૈ. એકરૂપ (દ્રવ્યકી) દ્રષ્ટિમેં ભેદ દિખતે નહીં.... પર્યાય વહાં (–દ્રવ્યમેં) ઝૂકી હૈ (ઔર ભેદ) દિખતે નહીં તો ઉસ અપેક્ષાસે ભેદકો 'નહીં હૈ'—ઐસા કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

दृष्टिमें भेद अविद्यमान, असत्यार्थ ही कहना चाहिये....

એટલે ?

'कहना चाहिये' એટલે કે ઐસા હૈ—યૂ (કહના હૈ). અંતર્મુખ દ્રષ્ટિમેં, અભેદમેં (ગુણ)ભેદ દિખતે નહીં.... પર્યાય(ભેદ) દિખતે નહીં.... (કોઈ ભી) અનેકપના દિખતા નહીં. ઉસ કારણસે.... દ્રષ્ટિકી અપેક્ષાસે (ગુણ)ભેદકો, અનેકપનેકો ઔર પર્યાય(ભેદ)કો ભી 'અસત્યાર્થ'.... 'જૂઠા' કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

असत्यार्थ ही कहना चाहिये.... कहना चाहिये.... એટલે કે ઐસા (વસ્તુસ્વરૂપ) હૈ અને ઉસે ઉસ રીતસે હી વાણીમેં કહનેમેં આતા હૈ કિ 'જૂઠા હૈ વ્યવહાર.... વ્યવહાર જૂઠા હૈ.'

ક્યોં ?

(ક્યોંકિ) અંતરદ્રષ્ટિમેં વ્યવહાર દિખતા નહીં (ઔર) નહીં દિખતા હૈ તો 'નહીં હૈ'—ઐસા કહનેમેં આતા હૈ. (પણ) ऐसा न समझना चाहिये.... પણ ऐसा न समझना चाहिये कि भेदरूप कोई वस्तु ही नहीं है.... સમજમેં આયા ? ऐसा न

समझना चाहिये कि भेदरूप कोई वस्तु (नहीं है).... (પછી).... ભેદના પ્રકાર પાડશે. भेदरूप कोई वस्तु ही नहीं है—ઐસા નહીં સમજના ચાહિયે.

यदि ऐसा माना जाये तो जैसे वेदांतमतवाले भेदरुप अनित्यको.... દેખો ! પર્યાય ભેદરૂપ હૈ. એક સમયકી પર્યાય અનિત્ય હૈ (ઔર) અનિત્ય વહ ભેદ હૈ. (પણ) વેદાંતમતવાલે અનિત્યકો માનતે નહીં. अनित्यको देखकर अवस्तु मायास्वरुप कहते है.... યે તો માયા હૈ.

ક્યા કહા સમજમેં આયા ?

એક સમયકી પર્યાય હૈ યે અંશ હૈ (ઔર) વહ ભેદ હૈ. (પણ) ઉસકો (વેદાંતમતવાલે) માનતે નહીં (ઔર કહતે હૈ કિ) 'યે (પર્યાયાદિ) હૈ હી નહીં, વહ તો માયા હૈ.... માયા હૈ.' (વેદાંતમતવાલે માનતે હૈ) ઐસા હો જાયેગા, જો (–યદિ તૂં) એકાન્ત માન લેગા તો....

(૧) પર્યાય હૈ હી નહીં,
(૨) ગુણભેદ હૈ હી નહીં,
(૩) અનેક દ્રવ્ય હૈ હી નહીં.

સમજમેં આયા ? (માત્ર)....

(૧) અકેલા દ્રવ્ય હૈ,
(૨) અકેલા અભેદ હૈ,
(૩) અકેલા એકાકાર હૈ.

—ઐસા માનનેસે વેદાંતમતવાલેકી દ્રષ્ટિ (જૈસે) મિથ્યા હૈ ઐસા મિથ્યાત્વ હો જાયેગા. સમજમેં આયા ?

यदि ऐसा माना जाये तो जैसे वेदांतमतवाले भेदरुप अनित्यको.... પર્યાયરૂપ અનિત્ય.... એક સમયકી પર્યાય નહીં માનતે વે તો, ગુણભેદ ભી નહીં (માનતે).... 'ગુણ હૈ'—ઐસા નહીં માનતે. (વે કહતે હૈ :) 'વળી એકમેં અનેક ગુણ કૈસે ? એકમેં અનેક કૈસે ? એક નિત્યમેં પર્યાય કૈસી ? નિત્યમેં વિકાર કૈસા ? નિત્યમેં.... એક ચીજમેં વળી દૂસરી ચીજ (–ભેદ) કહાંસે આયી ? દૂસરી ચીજ હોં.... વળી દૂસરી.' સમજમેં આયા ? जैसे वेदांतमतवाले પર્યાયરૂપ अनित्यको देखकर....

'भेदरुप' નામ પર્યાય, એક અંશ.... અંશ. ઉસકો देखकर अवस्तु.... વે (ભેદકો) તો અવસ્તુ હૈ—ઐસે માનતે હૈં.

(પ્રશ્ન :) 'પર્યાય હૈ નહીં.... અવસ્થા હી નહીં હૈ, અકેલી નિત્ય ચીજ હૈ.'—ઐસા (વેદાંતમેં) કહા (ઔર) યહાં (૧૧વીં ગાથામેં) ભી ઐસા કહા (કિ) 'વ્યવહાર હૈ નહીં.... ભેદ હૈ નહીં.'

(સમાધાન :) પર્યાય ભેદ હૈ.... અંશ હૈ, પણ વહ તો અભેદમેં (ભેદ) દિખતે નહીં ઉસ કારણસે ('નહીં હૈ' ઐસા ઇસ ગાથામેં કહા) હૈ. પર્યાયમેં ભલે (ભેદ) હો, (પરંતુ) વહ બાત (યહાં) હૈ નહીં. (જહાં) પર્યાય ઝૂકી હૈ દ્રવ્ય ઉપર.... પર્યાય યહાં અંતરમેં ઝૂકી હૈ, તો અભેદમેં ભેદ દિખે કહાંસે ? સમજમેં આયા ? (ઔર) અભેદમેં ભેદ દિખતે નહીં ઉસ કારણસે, ઉસકો (–ભેદકો) 'અવિદ્યમાન હૈ'—ઐસા (યહાં) કહા હૈ. સમજમેં આયા ?

જુઓને ! કેટલું સ્પષ્ટ કર્યું છે ! કે उसकी द्रष्टिमें भेद दिखाई नहीं देता; इसलिये उसकी द्रष्टिमें भेद अविद्यमान કહા હૈ. સમજમેં આયા ? ક્યોંકિ પર્યાય હૈ વહ તો દ્રવ્ય ઉપર અંતર્મુખ વળી (–ઝૂકી) હૈ. (તેથી) હવે અંતર્મુખમેં દ્રષ્ટિકે એકરૂપ (વિષયકા) હી અનુભવ હૈ, ઉસમેં ફિર 'યે પર્યાય'—ઐસા (ભેદ) કહાં હૈ ? 'યે પર્યાયકા અનુભવ'—ઐસા (ભેદ) ભી વહાં (અનુભવમેં) નહીં હૈ. સમજમેં આયા ? નહીં તો, અનુભવ પર્યાયકા હૈ, પણ 'યે પર્યાયકા અનુભવ'—ઐસા (ભેદ) ભી વહાં કહાં હૈ ? અંતર્મુખ દ્રષ્ટિ હૈ તો વહાં....

(૧) પર્યાય દિખતી નહીં,
(૨) ભેદ-અંશ વહ દિખતે નહીં ઔર
(૩) ગુણ અનેક હૈં વહ ભી દિખતે નહીં.

સમજમેં આયા ? (પરંતુ) એકરૂપ નિત્ય દ્રવ્ય (હી) દિખતા હૈ. તો, उसकी द्रष्टिमें.... (ઐસે) કહતે હૈં (કિ) ઉસકી (–શુદ્ધનયકી) દ્રષ્ટિમેં 'ભેદ નહીં'.—ઐસા કહનેમેં આતા હૈ. સમજાય છે ?

भेद दिखाई नहीं देता; इसलिये.... એમ (કહીને કારણ આપ્યું). उसकी द्रष्टिमें.... उसकी द्रष्टिमें.... એકકી દ્રષ્ટિમેં.... અભેદકી દ્રષ્ટિમેં भेद अविद्यमान....

'ભેદ જૂઠા હૈ.... ભેદ નહીં હૈ'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આતા હૈ ? માલચંદજી ! વાંચ્યા (–પઢા) હૈ કિ નહીં સમયસાર ? પહલે વાંચ્યા (–પઢા) હૈ કિ નહીં ઘરપે ? શેઠ પાસે સુના હૈ કિ વાંચ્યા (–પઢા) હૈ ? મહેનત કરની પડેગી. ક્યાં ગયા ભાઈ ? નથી આવ્યા ? (તબિયતમેં) ગડબડ હૈ ? ઓહો ! .... ઓહોહો ! સમજમેં આયા ?

ऐसा न समझना चाहिये कि भेदरुप कोई वस्तु.... (અર્થાત્) પર્યાય ही नहीं है । यदि ऐसा माना जाये तो जैसे वेदांतमतवाले પર્યાયકો.... પર્યાયકો એટલે કે ભેદરૂપ પર્યાયકો એટલે કે भेदरुप अनित्यको (માનતે નહિ, વૈસે હો જાયેગા). ત્રિકાલી (દ્રવ્ય) અભેદ હૈ (ઔર) પર્યાય એક સમયકી અવસ્થા હૈ. (પરંતુ વેદાંતમતવાલે) ઉસકો अवस्तु मायास्वरुप कहते हैं.... और.... (ઉસસે) ક્યા હો જાયેગા ? કિ સર્વથા (એકાંત માન્યતાકા પ્રસંગ આયેગા).

(ઇસ ગાથામેં શુદ્ધનયકી દ્રષ્ટિમેં) 'અભેદ (દ્રવ્ય) હી દિખતા હૈ'—ઐસા કહા ઔર 'વ્યવહાર નહીં હૈ' (—ઐસા) કહા, વહ તો અભેદમેં ભેદ દિખતા નહીં ઉસ કારણસે (ભેદાદિકો) અવિદ્યમાન કહા હૈ. સમજમેં આયા ? (લેકિન) વે (ભેદાદિ) વસ્તુ નહીં હૈ—ઐસા નહીં હૈ. સમજમેં આયા ? અરે ! ભારે વાતું ભાઈ !

જો ઐસા (માને તો જૈસે વેદાંતમતવાલે ભેદકો) अवस्तु मायास्वरुप कहते हैं और सर्वव्यापक (કો હી વસ્તુ કહતે હૈ વૈસા) હો જાયેગા.

ક્યા કહતે હૈં ?

જો એક જ વસ્તુ કહો અને અભેદ જ કહો, તો (આત્મા) ક્ષેત્રસે ભી સર્વવ્યાપક હો જાયેગા. બાદમેં દો આત્મા યા તીન આત્મા—ઐસા કોઈ રહેગા નહીં. સમજમેં આયા ?

(આત્મા ક્ષેત્ર અપેક્ષાસે) 'सर्वव्यापक' હોગા, કારણ કે (યદિ) નિત્ય એક (આત્મા) હી હૈ ઔર દૂસરા હૈ નહીં, તો તો એક આત્મા હી સર્વવ્યાપક હો જાયેગા, (પરંતુ) ઐસા હૈ નહીં. વહ 'सर्वव्यापक' ક્ષેત્ર (અપેક્ષા)સે કહા.... ક્ષેત્ર (અપેક્ષા)સે કહા.

'एक' હોગા.... દેખો !

(૧) (દ્રવ્ય), ક્ષેત્ર (અપેક્ષા)સે 'सर्वव्यापक' એક હી રહેગા ઔર
(૨) દ્રવ્ય, (સંખ્યા અપેક્ષા)સે 'एक' હી રહેગા.

દૂસરા (–દો) શબ્દ હૈ :

(૧) 'सर्वव्यापक'.... (ક્ષેત્ર અપેક્ષા એક હી દ્રવ્ય રહેગા) ઔર
(૨) 'एक'.... (સંખ્યા અપેક્ષા) એક હી દ્રવ્ય રહેગા, દૂસરા દ્રવ્ય ભી નહીં રહેગા.

સમજમેં આયા ? ક્ષેત્રસે ભી એક (સર્વવ્યાપક દ્રવ્ય) રહેગા (ઔર) દ્રવ્યસે ભી એક (દ્રવ્ય) રહેગા (યદિ) વ્યવહારકો (સર્વથા) 'અવિદ્યમાન' માનનેસે (–માના તો).... વ્યવહાર 'નહીં હૈ' ઐસા માનનેસે (–માના તો). .

અભેદમેં ભેદ નહીં દિખતે વહ કારણસે (ઇસ ગાથામેં) વ્યવહારકો 'અવિદ્યમાન' કહા વહ બરાબર હૈ, પણ વ્યવહાર 'વસ્તુ' (–અસ્તિત્વ) હી નહીં.... ઉસકા વિષય હી નહીં (અર્થાત્) પર્યાય નહીં.... ગુણભેદ નહીં.... અનેક દ્રવ્ય નહીં (ઔર) ક્ષેત્રમેં સર્વવ્યાપક એક હી (દ્રવ્ય) હૈ—ઐસા માનનેસે તો એકાંત હો જાયેગા. સમજમેં આયા ?

(૧) 'सर्वव्यापक'.... ક્ષેત્ર કહો (તો એક હી દ્રવ્ય સર્વવ્યાપક હોગા).
(૨) 'एक'.... (કહો તો) એક હી દ્રવ્ય રહ જાયેગા, દૂસરા દ્રવ્ય નહીં હોગા.
(૩) 'अभेद'.... (કહો તો) ગુણભેદ નહીં રહેગા. સમજમેં આયા ?

(૧) ('सर्वव्यापक').... ક્ષેત્ર દૂસરા નહીં રહેગા.... એક હી ક્ષેત્ર રહેગા,
(૨) ('एक').... દ્રવ્ય એક હી રહેગા.... વસ્તુ એક હી રહેગી ઔર
(૩) ('अभेद).... ગુણ(ભેદ) નહીં રહેગા. જ્ઞાન હૈ, દર્શન હૈ, આનંદ હૈ—ઐસા ગુણભેદ નહીં રહેગા, અકેલા અભેદ રહેગા. સમજમેં આયા ? ઔર
(૪) 'नित्य'.... (કહો તો અકેલા) નિત્ય (દ્રવ્ય) રહેગા, પર્યાય નહીં રહેગી. સમજમેં આયા ? નિત્ય જો કહો, તો પર્યાય રહેગી નહીં.

(૧) 'सर्वव्यापक'.... (અકેલા 'सर्वव्यापक') કહો તો દૂસરા ક્ષેત્ર રહેગા નહીં, એક હી ક્ષેત્ર રહેગા,

(૨) 'एक'.... (અકેલા 'एक') કહો તો દૂસરા દ્રવ્ય હી રહેગા નહીં,

(૩) 'अभेद'.... અકેલા 'अभेद' કહો તો દૂસરા ગુણ ભી રહા નહીં ઔર

(૪) 'नित्य'.... અકેલા 'नित्य' કહો તો પર્યાય ભી રહી નહીં. સમજમેં આયા ? ઔર

(૫) 'शुद्ध'.... (અકેલા 'शुद्ध' કહો) તો અશુદ્ધ પર્યાય ભી રહી નહીં.

કેટલા (કિતને) વિશેષણ દિયે હૈં ?

(પાંચ). વાંચ્યા (–પઢા) હૈ ન તુમને તો પહલે વેદાંત. વાંચ્યું છે વેદાંતનું. શુરૂઆતમેં બહુત અભ્યાસ થા. હોતા હૈ ન વહાં તો.... સમજમેં આયા ?

આહાહા ! ક્યા કહતે હૈં ?

વહ પર્યાય અભેદમેં અંતર્મુખ હુઈ તો ઉસમેં એકરૂપકા હી અનુભવ હૈ. 'અનુભવ હૈ ઔર યહ એકકા અનુભવ કરતા હૂં' —ઐસા (ભેદ) ભી વહાં કહાં હૈ ? વહાં તો એકરૂપ ઉપર દ્રષ્ટિ હૈ, તો ઉસમેં.... એકરૂપમેં અનેક (ગુણ) ઔર પર્યાય દિખતી નહીં. ઉસ અપેક્ષાસે વ્યવહારકો.... યે અપેક્ષાસે વ્યવહારકો 'જૂઠા' કહા હૈ. યદિ દૂસરી અપેક્ષાસે (ભી) 'પર્યાય (–વ્યવહાર) હૈ હી નહીં' —ઐસા જો કહો.... 'પર્યાય હૈ હી નહીં'—ઐસા જો કહો.... 'ભેદ નહીં' —ઐસા જો કહો (તો)....

(૧) ક્ષેત્રસે એક હી દ્રવ્ય 'सर्वव्यापक' હો જાયેગા.

(૨) દ્રવ્યસે 'एक' હી દ્રવ્ય રહેગા, અનેક દ્રવ્ય નહીં રહેંગે.

(૩) ગુણસે (–ભાવસે 'अभेद') દ્રવ્યમેં એક હી (ગુણ) રહેગા, ઉસમેં (–દ્રવ્યમેં) જ્ઞાન-દર્શન (આદિ) ગુણ નહીં રહેંગે.

(૪) (કાલસે દ્રવ્ય) 'नित्य' હી રહેગા, પર્યાય નહીં રહેગી (ઔર)

(૫) (દ્રવ્ય) 'शुद्ध' રહેગા, અશુદ્ધ (પર્યાય) નહીં રહેગી.

જયકુમારજી ! કહો, સમજમેં આયા ? (અર્થાત્) એકાંત હો જાયેગા—ઐસા કહતે હૈં દેખો !

शुद्ध ब्रह्मको वस्तु कहते हैं.... દેખો !

(૧) सर्वव्यापक, (૨) एक , (૩) अभेद, (૪) नित्य, (૫) शुद्ध .... ब्रह्मको वस्तु कहते हैं....

(૧) દૂસરા ક્ષેત્ર.... એક સિવાયકા દૂસરા ક્ષેત્ર હૈ, કિ
(૨) દૂસરા દ્રવ્ય હૈ, કિ
(૩) દૂસરા ગુણ (–ભાવ) હૈ, કિ
(૪) દૂસરી પર્યાય (–કાળ) હૈ, કિ
(૫) અશુદ્ધતા હૈ
—વહ (વેદાંતમતવાલે) માનતે નહીં.

સમજમેં આયા ? वैसा सिद्ध हो.... ઐસી (વિપરીત) વસ્તુ કહતે હૈં, તો વૈસા (વિપરીત) સિદ્ધ હો (જાયેગા.) જો સર્વથા અભેદ હી કહો (તો) ઐસા સિદ્ધ હો (જાયેગા કિ દ્રવ્ય)....

(૧) सर्वव्यापक, (૨) एक, (૩) अभेद, (૪) नित्य, (૫) शुद्ध. હૈ.. સમજમેં આયા ? (૧) सर्वव्यापक, (૨) एक, (૩) अभेद, (૪) नित्य, (૫) शुद्ध—(દ્રવ્ય) ઐસા સિદ્ધ હો જાયેગા.

और उससे सर्वथा एकान्त शुद्धनयके पक्षरुप मिथ्याद्रष्टिका ही प्रसंग आये.... દેખો ! પર્યાય ન માને....

(૧) એક દ્રવ્યકા ક્ષેત્ર હી સર્વવ્યાપક માને (–ક્ષેત્ર),
(૨) અનેક દ્રવ્ય ન માને (–દ્રવ્ય),
(૩) ગુણભેદ ન માને (–ભાવ),
(૪) પર્યાય ન માને (–કાળ ),
(૫) અશુદ્ધતા ન માને,
(—વહ) સર્વથા એકાંત(વાદી) મિથ્યાદ્રષ્ટિ હો જાયેગા.

ન્યાં (–મુંબઈમાં) ઉસમેં (–૧૧વીં ગાથાકે બારેમેં) કહતે હૈંન વહ (વ્યક્તિ) ? કિ દેખો ! '૧૧વીં ગાથા આદિકો વેદાંતકે ઢાલેમેં ઢાલા હૈ'—ઐસા કહતે હૈં. (ક્યોંકિ) વ્યવહાર 'જૂઠા' ઐસા કહા ન ? તો, 'આચાર્યને (સમયસારકો) વેદાંતકે ઢાલેમેં ઢાલા હૈ' (—ઐસા કોઈ કહતા હૈ).

અરે ! ઐસા હૈ નહીં, સુન તો સહી ! વે (આચાર્યદેવ) તો પહલેસે (–છઠવીં ગાથાસે) કહતે આયે હૈં કિ (જ્ઞાયકભાવ) 'પ્રમત્ત-અપ્રમત્ત નહીં હૈ'. (તો,) પર્યાયમેં પ્રમત્ત-અપ્રમત્ત હૈ (તભી) તો (દ્રવ્યમેં) 'નહીં હૈ' ઐસા કહા ન ? શુભાશુભરૂપ પરિણમન પર્યાયમેં હૈ, દ્રવ્યમેં નહીં. (ભેદ) પર્યાયમેં હૈ, નહીં તો નિષેધ કિસકા કહા ? (પર્યાયમેં ભેદ) હૈ.

'પ્રમત્ત-અપ્રમત્ત નહીં'.... ઉસકા અર્થ ક્યા ?

(પર્યાયમેં) ભેદ હૈ. દ્રવ્યકી દ્રષ્ટિમેં ભેદ હૈ નહીં, (પરંતુ) ભેદમેં (–પર્યાયમેં) ભેદ હૈ. સમજમેં આયા ?

વહ (કોઈ) જો એકાન્ત કરેગા તો.... सर्वथा एकान्त शुद्धनयके पक्षरुप मिथ्याद्रष्टिका ही प्रसंग आये.... (પંડિત જયચંદજીએ) બહુ સ્પષ્ટ કર્યું છે. જુઓ ! આ પાંચ બોલ મૂકીને બહુ સ્પષ્ટ કર્યું છે. (૧) सर्वव्यापक, (૨) एक, (૩) अभेद, (૪) नित्य, અને (૫) शुद्ध.—એવા એકલા બ્રહ્મને (એકાંતવાદી મિથ્યાદ્રષ્ટિ) માને છે. સમજમેં આયા ?

વે (એકાંતવાદી) લોગ કહતે હૈંન ? કિ 'ભઈ, (આપ કહતે હો કિ) અંતમેં તો અદ્વૈત તેરી દ્રષ્ટિમેં આના ચાહિયે, (તો) જુઓ ! અંતમેં તો હમારા અદ્વૈત આયા કિ નહીં ?' આગે કલશમેં (–કલશ ૯, ભાવાર્થમેં) આયેગા. એકરૂપ વસ્તુ.... નિર્વિકલ્પ એકરૂપ વસ્તુ.

અહીં તો (કહે છે)....

(૧) (ક્ષેત્રથી) દ્વૈતપણું (–<u>ક્ષેત્ર</u>),
(૨) અનેક દ્રવ્યપણું (–<u>દ્રવ્ય</u>),
(૩) અનેક ગુણપણું (–<u>ભાવ</u>),
(૪) પર્યાયપણું અને (–<u>કાળ</u>),
(૫) અશુદ્ધપણું....

<u>(જ્ઞાનમાં) રાખીને અદ્વૈતની દ્રષ્ટિ કરવાની છે.</u> (ભેદ) હૈ.... જ્ઞાનકે લક્ષમેં વહ બાત હૈ. સ્યાદ્વાદ (–અપેક્ષા) લક્ષમેં લેકર અભેદ ઉપર દ્રષ્ટિ કરના હૈ, ઉસ કારણસે 'અભેદમેં ભેદ નહીં દિખતે'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? આહા !

इसलिये यहाँ ऐसा समझना चाहिये.... इसलिये यहाँ ऐसा समझना चाहिये कि जिनवाणी स्याद्वादरुप है.... દેખો ! (ટીકામાં) કહ્યું હતું કે અભેદમેં ભેદ દિખતે નહીં, ઇસલિયે ઉસકી (–શુદ્ધનયકી) દ્રષ્ટિમેં (ભેદ) 'જૂઠા હૈ'—ઐસા કહનેમેં આયા હૈ. (તો) યહાં (ભાવાર્થમેં કહતે હૈ કિ) ઇસલિયે (જિનવાણીમેં) વ્યવહારકા.... ભેદકા નિષેધ કિયા હૈ કિ जिनवाणी स्याद्वादरुप है, वह प्रयोजनवश नयको मुख्य-गौण करके कहती है.... દેખો ! પ્રયોજનવશ અભેદ દ્રવ્યકો મુખ્ય કહકર ('હૈ' કહા ઔર) ગુણભેદ ને પર્યાયકો ગૌણ કરકે.... ગૌણ કરકે.... ('નહીં હૈ' કહા).

સ્યાદ્વાદમેં પ્રયોજનવશ (મુખ્ય-ગૌણ હોતા હૈ). અપના પ્રયોજન સિદ્ધ કરના હૈ તો અભેદકે આશ્રયસે પ્રયોજન સિદ્ધ હોતા હૈ. સમજમેં આયા ? (લેકિન) પર્યાયકે આશ્રયસે.... ગુણભેદકે આશ્રયસે.... નિમિત્તકે લક્ષસે કિ અશુદ્ધતાકે લક્ષસે.... યહ નિર્મલ પર્યાય હો તો ઉસકે આશ્રયસે ભી અપના પ્રયોજન સિદ્ધ હોતા નહીં.

'प्रयोजन' નામ શુદ્ધતાકા.... આનંદકા પ્રગટ હોના વહ પ્રયોજન હૈ. વહ પ્રયોજન.... દ્રવ્યકી મુખ્યતાસે વહ પ્રયોજન સિદ્ધ હોતા હૈ. સમજમેં આયા ? સમ્યગ્દર્શનકા પ્રગટ હોના ઔર આનંદકા અનુભવ હોના.... શાંતિકા વેદન હોના વહ પ્રયોજન હૈ.

વહ પ્રયોજનકી સિદ્ધિ કૈસે હોતી હૈ ?

કિ દ્રવ્યકો મુખ્ય કરકે (ઉસ પર) દ્રષ્ટિ દેનેસે યે પ્રયોજનકી સિદ્ધિ હોતી હૈ. સમજમેં આયા ? (ઇસલિયે) ગુણભેદ.... પર્યાય.... વિકાર ને નિમિત્તકો—સબકો ગૌણ કરકે 'વ્યવહાર' કહા હૈ, (પણ) અભાવ કરકે 'વ્યવહાર' કહા હૈ—ઐસા હૈ નહીં. સમજમેં આયા ?

'प्रयोजनवश'....ભાષા ઐસી હૈન ? मुख्य-गौण करके.... (ક્યોંકિ) સ્યાદ્વાદ હૈ.... સ્યાદ્વાદ હૈ. (દ્રવ્યકો) મુખ્ય કહા, તો દૂસરી ચીજ 'નહીં હૈ'—ઐસા નહીં હૈ.... સ્યાદ્વાદ(સે દ્રવ્યકો) મુખ્ય કહા, તો દૂસરી ચીજ 'નહીં હૈ' (—ઐસા નહીં હૈ), ગૌણરૂપસે દૂસરી (ચીજ) હૈ. સમજમેં આયા ? પર્યાય આદિ લક્ષ કરને લાયક નહીં ઐસી ચીજ હૈ. સમજમેં આયા ? (ઇસલિયે) ઉસકો ગૌણ કરકે 'વ્યવહાર' કહા અને એકરૂપ (દ્રવ્યકી) દ્રષ્ટિ કરાનેકો (ઉસકો મુખ્ય કરકે 'નિશ્ચય' કહા).

(જીવકા) પ્રયોજન આત્માકી શાંતિ.... સુખકા પ્રગટ હોના (—યહ) હૈ (ઔર) યે (પ્રયોજન) તો દ્રવ્યકે આશ્રયસે હોતા હૈ. વહ પ્રયોજનકી (સિદ્ધિકે લિયે) અભેદ દ્રવ્યકો મુખ્ય કરકે ('હૈ'—ઐસા) કહા અને પર્યાય આદિકો ગૌણ કરકે 'નહીં હૈ'—ઐસા કહા. (પર્યાય આદિકો) ગૌણ કરકે 'વ્યવહાર' કહા ઔર 'વ્યવહાર' કહકર 'નહીં હૈ' ઐસા કહા હૈ—યૂં (કહતે હૈ). સમજમેં આયા ?

જુઓ ! **प्रयोजनवश नयको मुख्य-गौण करके कहती है....** એટલે કે (જિનવાણી) નિશ્ચયકો મુખ્ય કરકે (ઔર) વ્યવહારકો ગૌણ કરકે કહતી હૈ. સમજમેં આયા ? વ્યવહાર 'નહીં હૈ' (—ઐસા કહા) વહ તો ગૌણ કરકે વ્યવહાર 'નહીં હૈ' (—ઐસા) કહા હૈ અને ઉસ હિસાબસે વ્યવહાર હૈ વહ 'અવિદ્યમાન' હૈ. પણ ગૌણ કરકે, વ્યવહાર કહકે 'નહીં હૈ'—ઐસા કહા હૈ. સમજમેં આયા ? વજુભાઈ ! (પંડિત જયચંદજીને) કિતના સ્પષ્ટીકરણ કિયા હૈ, લો ! સમજમેં આતા હૈ કિ નહીં ?

ભગવાન આત્માકો અંતર્મુખ દ્રષ્ટિસે દેખનેસે, સારા દ્રવ્ય પડા હૈ (વહ) એકરૂપ હૈ.... અભેદ હૈ.... નિત્ય હૈ (—ઐસા દિખાઈ દેતા હૈ.) ઉસ ઉપર દ્રષ્ટિ દેનેસે સમ્યક્ દ્રષ્ટિ.... સમ્યક્ત્વ પ્રાપ્ત હોતા હૈ.... સુખ પ્રાપ્ત હોતા હૈ.... શાંતિકી પ્રાપ્તિ હોતી હૈ.—યે પ્રયોજન હૈ જીવકા. ગુણભેદમેં.... પર્યાયમેં.... વિકારમેં (યા) નિમિત્તમેં લક્ષ કરનેસે વિકાર હોતા હૈ, ઉસમેં અપના પ્રયોજન સિદ્ધ નહીં હોતા. સમજમેં આયા ?

ઓહોહો ! સ્યાદ્વાદ(રૂપ) જિનવાણી હૈ (વહ) **मुख्य-गौण करके कहती है.... मुख्य-गौण करके कहती है....** નિશ્ચયકો મુખ્ય કરકે અભેદ (દ્રવ્યકો 'વિદ્યમાન હૈ') ઐસા કહા, વ્યવહાર.... ભેદ આદિકો ગૌણ કરકે 'વ્યવહાર' કહા ઔર 'વ્યવહાર' કહા તો ઉસ અપેક્ષાસે (ભેદાદિકો) 'અભૂતાર્થ.... અવિદ્યમાન' કહા. ઝીણું બહુ. કેટલું આમાં યાદ રાખવું ? આ અમારા માલચંદજીને ક્યાં કાંઈ.... અભ્યાસ કરના ચાહિયે યહાં ઉસ પ્રકારકા. કેમ શેઠિયા ? આજ બરાબર રહી ગયા (–ન આવી શક્યા) ભાઈ.... સૌભાગભાઈ.

**इसलिये यहाँ ऐसा समझना चाहिये.... इसलिये....** ઇસ કારણસે.... એકાંત ન હો જાય ઇસ કારણસે **ऐसा समझना चाहिये....** "પર્યાય આદિ, ગુણભેદ આદિ 'વસ્તુ' નથી"—ઐસા એકાંત ન હો જાય.... ઐસા એકાંત ન હો જાય.... **इसलिये**

यहाँ ऐसा समझना चाहिये कि जिनवाणी स्याद्वादरुप है.... અપેક્ષાસે કહતી હૈ. ‘स्यात्’ નામ જિનવાણી અપેક્ષાસે કહતી હૈ. ‘स्यात् + वाद’ = અપેક્ષાસે કહના.... અપેક્ષાસે કહના. ‘स्यात्’ = અપેક્ષાસે, ‘वाद’ = કહના.

તો અપેક્ષાસે કહના ક્યા (–કૈસે) ?

કિ નિશ્ચયકો મુખ્ય કરકે (ઔર) વ્યવહારકો ગૌણ કરકે (કહના). (—ઐસે) અપેક્ષાસે જિનવાણી કહતી હૈ. કહો, સમજમેં આયા ?

ક્યોં ? (જિનવાણી) ઐસા ક્યોં કહતી હૈ ? ઐસા ક્યોં કહતી હૈ ?

જિનવાણી સ્યાદ્‌વાદસે નિશ્ચયકો.... શુદ્ધનયકો મુખ્ય કરકે (‘હૈ’) (ઔર) વ્યવહારકો ગૌણ કરકે 'નહીં હૈ' —ઐસે કહતી હૈ ઉસકા કારણ.... ઉસકા હેતુ ક્યા હૈ ?

(1) प्राणियोंको भेदरुप व्यवहारका पक्ष तो अनादि कालसे ही है.... પ્રાણીયોંકી દ્રષ્ટિ પર્યાય ઉપર, અંશ ઉપર હૈ હી અનાદિસે.

ક્યા (કહા) ?....

હા, આવો સૌભાગભાઈ. અહીં (હમણા) કહ્યું, ‘સૌભાગભાઈ આજ (આવ્યા) નહીં’. ઠીક, આધા ઘંટા (બાકી) હૈ. અહીંયા આવો અહીંયા.

प्राणियोंको भेदरुप व्यवहारका पक्ष तो अनादि कालसे ही है.... ઇતના તો આચાર્યને સિદ્ધ કિયા હૈ (અર્થાત્ સર્વથા ભેદ નહિ હૈ ઐસી) ‘નાસ્તિક’કી બાત યહાં નહીં લિયા ભાઈ ! અંશ હૈ, રાગ હૈ, ઇસકા પક્ષ તો અનાદિકા હૈ —ઐસે કહતે હૈં. સમજમેં આયા ? (ક્યોંકિ) દ્રવ્ય ત્રિકાલી એકરૂપ હૈ ઐસી દ્રષ્ટિ તો કભી હુઈ નહીં. આહાહા !

તો કહતે હૈં, प्राणियोंको भेदरुप व्यवहारका पक्ष तो.... એક સમયકી પર્યાય ઉપર લક્ષ તો.... એક સમયકી અવસ્થા ઉપર લક્ષ ઔર ‘રાગ કરના’ (—ઐસે રાગ) ઉપર લક્ષ તો અનાદિકા હૈ. વહાં તો દ્રષ્ટિ પડી હૈ ઔર ઉસસે હી વે રુલતે હૈ. સમજમેં આયા ? प्राणियोंको भेदरुप.... અંશરૂપ પક્ષ.... અંશરૂપ પક્ષ હૈ. (પણ) જો ત્રિકાલી વસ્તુ હૈ ઉસકી દ્રષ્ટિ તો કભી હૈ નહીં, ક્યોંકિ પર્યાયબુદ્ધિ હૈ....

પર્યાયબુદ્ધિ હૈ. प्राणियोंको भेदरुप व्यवहारका पक्ष.... અર્થાત્ પર્યાયબુદ્ધિ હૈ, (પરંતુ) અભેદ દ્રવ્ય ક્યા ચીજ હૈ ઉસકે ઉપર દ્રષ્ટિ હૈ નહીં. સમજમેં આયા ?

प्राणियोंको भेदरुप व्यवहारका पक्ष तो अनादि कालसे ही है.... લો !

નિગોદમેં ભી ?

(હા), એક અંશ ઉપર તો ઇસકી દ્રષ્ટિ અનાદિસે પડી હૈ.

(II) और इसका उपदेश भी बहुधा.... દેખો ! इसका उपदेश भी बहुधा सर्व प्राणी परस्पर करते हैं.... ઇતના પર્યાયકા ક્ષયોપશમ હૈ, ઇતના હમ રાગ કરતે હૈં, ઇતના શુભ હોતા હૈ, ઇતના અશુભ હોતા હૈ. ઐસે હમ (રાગ) કરતે હૈં—ઐસા માંહોમાંહે ભી કહતે હૈં.... સમજમેં આયા ? પરસ્પર ભી કહતે હૈં.... ભેદકા ઉપદેશ પરસ્પર ભી કહતે હૈં.

<u>એક વાત</u> : અનાદિસે જીવકો ભેદકા પક્ષ.... અંશકો (હી) માનનેવાલા (પક્ષ) હૈ, (ક્યોંકિ) અંશીકો કભી દેખા નહીં.... માના નહીં.... સુના નહીં. વહ તો પહલે (૪થી ગાથામેં) કહા થા ન ? કિ શ્રુત, પરિચિત.... સુના હી નહીં તુને.... પરસે વિભક્ત ને સ્વસે એકત્વકી (બાત) કભી સુની નહીં. ‘પર્યાય ને વિકલ્પ ને અંશ (મૈં હૂં) ને મુજે પર્યાયમેં ઇતના ઉઘાડ હુઆ ને વિકાસ હુઆ. પહલે (ઉઘાડ) થોડા થા ને ફિર વિશેષ હુઆ, (પહલે) રાગ તીવ્ર થા ને મંદ કિયા, પુરુષાર્થ કિયા’—ઐસી અંશબુદ્ધિ (–વ્યવહારકા પક્ષ) તો પ્રાણીકો અનાદિસે હૈ હી.—એક વાત. ઔર....

<u>દૂસરી બાત :</u> માંહોમાંહે (અજ્ઞાની) યે (–વ્યવહાર, ભેદકી) બાત કરતે હૈં, એક-દૂસરેકો રુચતી હૈ ઇસ કારણ. ભેદકી.... અંશકી પ્રરૂપણા, પર્યાયકી પ્રરૂપણા.... પર્યાયકા કથન વહ बहुधा सर्व प्राणी परस्पर.... ‘बहुधा’ (માને) ધર્માત્માકો છોડકર. સમજમેં આયા ?

बहुधा सर्व प्राणी परस्पर करते हैं.... परस्पर करते हैं (કિ) ‘હા, ઐસા હી હૈન ? હમકો તો ઇતના ક્ષયોપશમ હુઆ.... કિતને થોડે (ક્ષયોપશમ)સે (અબ)

ઇતના (અધિક ક્ષયોપશમ) હુઆ તો કુછ હુઆ કિ નહીં ?' (ઇસ પ્રકાર) યે ક્ષયોપશમકી પર્યાય ઔર રાગકી મંદતા યા તીવ્રતા હૈ ઉસ પર (અજ્ઞાનીકી) દ્રષ્ટિ હૈ.

(અજ્ઞાની કહતે હૈ :) '(દેખો) ! (હમ કષાયકી) તીવ્રતાસે મંદતા કરતે હૈં કિ નહીં ? (હમેં) પુણ્ય હોતા હૈ કિ નહીં ?.... પુણ્ય હોતા હૈ કિ નહીં ? (ઇસસે) વહ ધર્મ નહીં હોતા હૈ ? હમ પાપ કરતે થે (ઉસકી બજાય અબ) પુણ્ય કરતે હૈં.... પૂજા, ભક્તિ, દયા, દાનકે વિકલ્પ (કરતે હૈં), તો વહ કુછ ફેરફાર હુઆ હૈ કિ નહીં ? (અમે) કેટલા વધ્યા ?'

(સમાધાન) : (વધ્યા) મિથ્યાત્વમેં. વહ (અજ્ઞાની) માનતે હૈ કિ હમ કુછ (ધર્મ) કરતે હૈં, (પરંતુ) દ્રષ્ટિ તો વહાં (રાગાદિ ઉપર) હૈ. સમજમેં આયા ?

તો (અજ્ઞાની) માંહોમાંહે ઉપદેશ કરતે હૈં.... (કિ) 'હા, શુભભાવ કરના ઔર શુભસે લાભ હોગા.... ક્રમ-ક્રમસે હોગા. પર્યાય ઉપર લક્ષ કરકે પર્યાયકા વિકાસ કરના.... પર્યાયકી ખિલવટ કરના.... અવસ્થાકા વિકાસ કરના.—ઐસે રાગ કરના અને (ક્ષયોપશમકા) વિકાસ કરના' યહ ઉપદેશ અજ્ઞાનીકા હૈ—ઐસે કહતે હૈં. સમજમેં આયા ?

(પહલે) થોડા કુછ વિકાસ હો ને (અબ) વિશેષ હુઆ, તો (અજ્ઞાની કહતા હૈ કિ) 'દેખો ! કુછ હુઆ હૈ કિ નહીં ? પહલે કહાં ઇતના ખ્યાલ થા ? (અબ ખ્યાલમેં) આયા કિ નહીં ? ઇતના તો લાભ હુઆ હૈ કિ નહીં ?'

(સમાધાન :) વહ તો પર ઉપર તેરી દ્રષ્ટિ હૈ (તો) વિકાસ હુઆ (વહ) પરકા હુઆ, આત્માકા કહાં વિકાસ હુઆ ઉસમેં ? સમજમેં આયા ? કહો, ભીખાભાઈ ! લ્યો, આવી વાત છે !

(અજ્ઞાની પરસ્પર ઉપદેશ કરતે હૈં :) 'પહલે કહાં હમકો ક્ષયોપશમ ઇતના થા ? દેખો ! સ્વાધ્યાય કરતે.... કરતે.... અબ જ્ઞાનકા ક્ષયોપશમ હો ગયા કિ નહીં વિશેષ ? દ્રષ્ટિકી તો ખબર નહીં (ઔર) પરકા લક્ષ હૈ તો (ભી) વિકાસ હો ગયા કિ નહીં ? નવ પૂર્વકા બોધ હો ગયા કિ નહીં ?

દેખો ! (જીવ) નિગોદમેંસે નિકલા થા, તો નિગોદમેં કહાં (ઇતના ક્ષયોપશમ) થા ? (ઔર) યહાં (–મનુષ્ય પર્યાયમેં) આયા તો ઇતના નવ પૂર્વકા જ્ઞાન હુઆ, અગિયાર અંગકા જ્ઞાન હુઆ, દેખો ! ઔર ક્યા करित्वा (–કરીને) ? સમજે ? શુભ.. અશુભ.. શુભ.. હમ હવે શુભ(ભાવ) બહુત કરતે હૈં.'—ઐસા સબ ઉપદેશ પર્યાયદ્રષ્ટિમેં અજ્ઞાનીયોં પરસ્પર.... માંહોમાંહે કરતે હૈં. દો બાત હુઈ. સમજમેં આયા ?

(I) ભેદ.... પર્યાયબુદ્ધિકા પક્ષ.... અંશબુદ્ધિ, રાગબુદ્ધિ, નિમિત્તબુદ્ધિકા પક્ષ અનાદિકા હૈ.

(II) અજ્ઞાની માંહોમાંહે.... પર્યાયબુદ્ધિ, રાગબુદ્ધિ (ઔર) નિમિત્તકો મિલાના —છોડના આદિ વહ વ્યવહારકી બાત અજ્ઞાની માંહોમાંહે કરતે હૈં.

(III) તીસરી બાત. યે जिनवाणीमें व्यवहारका उपदेश शुद्धनयका हस्तावलम्बन जानकर बहुत किया है.... દેખો ! આહાહા ! સમજમેં આયા ? જિનવાણીમેં ભી વ્યવહારકા.... જિનવાણીમેં નિમિત્તકા, ભેદકા ઉપદેશ (બહુત આતા હૈ), ક્યોંકિ અભેદકો સમજાનેમેં ભેદસે (કહને પર) સમજમેં આતા હૈ. તો ભેદકા, વ્યવહારકા અને પર્યાયકા બહુત લખાણ (આતા હૈ). સમજમેં આયા ? આહાહા !

(I) ઉસકો (–અજ્ઞાનીકો) તો પર્યાયબુદ્ધિકા પક્ષ હૈ ઔર

(II) ઐસી બાત ઉસકો માંહોમાંહે મિલતી હૈ ઔર

(III) શાસ્ત્ર ભી (તત્ત્વકો) કહે તો ઉસમેં વહ (વ્યવહાર) વિશેષ (આતા) હૈ.

—તીનોં મિલ ગયે ઉસકો (–અજ્ઞાનીકો).

जिनवाणीमें व्यवहारका उपदेश.... દેખો ! शुद्धनयका हस्तावलम्बन (सहायक).... શુદ્ધનયકો જાનનેમેં વહ (વ્યવહારકા ઉપદેશ) નિમિત્ત પડતા હૈ (કિ) દેખો ભાઈ ! યે (જ્ઞાન) હૈ.... યે (દર્શન) હૈ.... યે (ચારિત્ર) હૈ.... જ્ઞાન સો આત્મા.... દર્શન સો આત્મા.... પર્યાય યહ દ્રવ્યકી.... સમજમેં આયા ? —ઐસે शुद्धनयका हस्तावलम्बन.... દેખો ! (सहायक) લિખા હૈ, પણ ફલ ક્યા હૈ વહ બતાયેંગે. આહાહા ! સમજમેં આયા ? શુદ્ધનયકા (સહાયક જાનકર વ્યવહારકા)

उपदेश.... સમજમેં આયા ? शुद्धनयका हस्तावलम्बन जानकर.... (सहायक) जानकर....

(આ સાંભળી અજ્ઞાની કહે છે :) 'દેખો ! (सहायक) जानकर (—ઐસા) કહા હૈ.... વ્યવહારનય, શુદ્ધનયકા સહાયક હૈ. લો ! (ઐસા) કહા કિ નહીં ?'

(સમાધાન :) 'सहायक'કા અર્થ 'સાથમેં હૈ'.... ('સાથમેં) હૈ' (ઉસકો સહાયક કહેના)—યે કથન પદ્ધતિ વ્યવહારકી હૈ.

(યે કર્મ ઉદયમેં) ઐસા પરિણામ.... ઐસા પરિણામ.... 'કરણાનુયોગ'મેં કૈસા (વ્યવહારકા કથન આતા) હૈ ?

દેખો ! (એક-એક) ગુણસ્થાન દીઠ :

(૧) (જીવકે કૈસે) પરિણામ,
(૨) સત્તા એક–એક પ્રકૃતિકી (કૈસી હોતી હૈ),
(૩) ઇતના પરિણામ(કા ફલ) ઐસા હોતા હૈ....
(૪) સંક્રમણ હોતા હૈ....

(વગેરે) કેટલી વાત ! વ્યવહારનયકે વિષયકી (કિતની) વાત ! કર્મકી પ્રકૃતિકા અભ્યાસ વહ સબ વ્યવહારનયકા વિષય હૈ. ઔર ઉસમેં (યદિ) કુછ ખુલ ગયા વિકાસ, તો ઐસે (અભિમાન) હો જાય (કિ) 'આહા ! હમકો તો કર્મપ્રકૃતિકા બહુત અભ્યાસ હૈ.' (ભાઈ !) વહ તો વ્યવહારનયકે વિષયકા અભ્યાસ હૈ તુજે.... પર્યાયબુદ્ધિકા અભ્યાસ હૈ, દ્રવ્યકા અભ્યાસ નહીં હૈ. સમજમેં આયા ?

हस्तावलम्बन जानकर बहुत किया है.... બે-ત્રણ ઠેકાણે 'बहुत' (શબ્દકા ભાવ) લિયા હૈ. એક તો ભેદપક્ષ અનાદિકા હૈ, ઇસલિયે ઉસમેં બહુત-કમકા (–પ્રથમ ઔર બાદકા) પ્રશ્ન (નહીં)....

(I) અનાદિસે बहुत પ્રાણીયોંકો એક (વ્યવહારકા) પક્ષ હૈ.... ખલાસ (–બરોબર ?) એક.
(II) बहुधा (પ્રાણી) માંહોમાંહે (વ્યવહારકી બાત) કહતે હૈં. વહાં 'बहुधा' (શબ્દ) લિયા હૈ—ઘણા તો એ વાત કરે છે.
(III) તીસરી. જિનવાણીમેં ભી (વ્યવહારકા) 'બહુધા' (–'बहुत') ઉપદેશ હૈ.

દેખો ! (જીવોની) સંખ્યા તો 'बहुधा' ત્યાં (–વ્યવહારપક્ષમાં) ગઈ. किन्तु उसका फल संसार ही है.... સમજમેં આયા ?

(I) અંશબુદ્ધિ ઉપર દ્રષ્ટિ રખકર રાગકી મંદતા આદિ હો (–કરે), તો ભી ઉસકા ફલ તો સંસાર હી હૈ. સમજમેં આયા ? ઔર

(II) માંહોમાંહે ઉપદેશ કરતે હૈં કિ 'વ્યવહાર કરના.... ઐસા વ્યવહાર લાના.... વ્યવહારમેં જુડના,' તો કહતે હૈં કિ ઉસકા ભી (ફલ) સંસાર હૈ. યે તો ઠીક,

(III) પણ જિનવાણીને નિમિત્તરૂપ.... હસ્તાવલમ્બરૂપ જો (વ્યવહાર) કહા વહીં રહ (–અટક) જાય (અર્થાત્) અભેદકો બતાનેકે લિયે ભેદ કહા, (પરંતુ) વહીં રહ (–ભેદમેં અટક) જાયે તો उसका फल संसार ही है.... ન્યાં જઈને (–ભેદનું જ્ઞાન કરીને) અભેદમાં જાય તો ખલાસ હુઆ (–અનુભવ થઈ જાય, પરંતુ અભેદમેં) જાતે નહીં, (ક્યોંકિ) દ્રષ્ટિકે પક્ષકી (–સ્વરૂપકી) ખબર નહીં. સમજમેં આયા ?

વહ (–આત્મા) સમજાનેકે લિયે આયા હૈ કિ નહીં વ્યવહાર ? તો, વહાં રહ જાય (અર્થાત્) 'દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ આત્મા'.... (—ઐસા ભેદમેં) વહાં રહ જાય, પરંતુ (જૈસા) આત્મા કહા ઐસા (અનુભવ) ન રહે (–કરે) તો સંસાર હૈ. (વહ બાત) આયી કિ નહીં સાતવીં (–આઠવીં) ગાથામેં ? કિ 'દર્શન, જ્ઞાન, (ચારિત્રકો જો સદા પ્રાપ્ત હો વહ આત્મા).' અરે ! 'જ્ઞાન હી આત્મા'.... (—ઐસા) લ્યોને ! તો, (ઇતના) ભેદ કરકે વહીં (ભેદમેં) રહ જાય (ઔર) જો (અભેદ આત્મા) બતાના હૈ વહાં ન જાય (તો ઉસકા ફલ સંસાર હી હૈ).

વહ ભી (વ્યવહારકો) હસ્તાવલમ્બ જાનકર વહાં (–જિનવાણીમેં) ઐસા ઉપદેશ આયા હૈ (—ઐસે) કહતે હૈં. (યાની કિ) નિશ્ચયકો.... શુદ્ધનયકો.... દ્રવ્યકો બતાનેમેં ઐસા વ્યવહાર આયા હૈ.... આતા હૈ, પણ વહ વ્યવહારકા ફલ સંસાર હૈ. વહાં (વ્યવહારકા) જો (–યદિ) અનુસરણ કિયા, (તો ઉસકા ફલ) સંસાર હૈ. સમજમેં આયા ?

(કોઈ કહે :) 'બહુત લોગોંકો સમજાના (ઔર વે) સમજેંગે તો તીર્થંકરગોત્ર (–પ્રકૃતિ) બાંધેગા આત્મા'.

(સમાધાન :) ઉસકા અર્થ ક્યા હુઆ ? તીર્થંકરગોત્રકા (–પ્રકૃતિકા) પરિણામ તો સમકિતીકો (હી) હોતા હૈ, પણ (સમજાનેવાલે) સમકિતી ઐસે નહીં માનતે કિ મૈં દૂસરેકો સમજાતા હૂં તો મુજે તીર્થંકરગોત્રકા (–પ્રકૃતિકા) બંધ પડ ગયા (–પડેગા). (બલ્કિ) મેરી કમજોરીસે શુભરાગ આયા હૈ વહ મુજે હેય હૈ.... મુજે લાભદાયક નહીં હૈ. (યદિ) ઐસા બંધ પડ ગયા (તો ઉસકા જ્ઞાની) જ્ઞાતા હોકર જ્ઞેયરૂપસે જાનતે હૈં.

(જબ કિ) અજ્ઞાની (માનતા હૈ કિ) હમસે બહુત (જીવોં)કો લાભ હોગા ઔર બહુત (જીવોં)કો લાભ હોગા તો મુજે ભી કુછ મિલેગા કિ નહીં ?—ઐસે મિથ્યાદ્રષ્ટિ, શુદ્ધનયકા અવલમ્બનરૂપ નિમિત્ત (–વ્યવહાર)કા કથન દેખકર.... દેખોને ! ઐસા કહા ન ? કિ **शुद्धनयका** અવલમ્બન.... **'हस्तावलम्बन जानकर'**.... ઐસા કહા ન ? ક્યોંકિ અભેદ દિખાનેકો ઐસા ભેદ આયા બિના રહતા નહીં, પણ યે ભેદકા ફલ તો સંસાર હૈ. આહાહા ! સમજમેં આયા ?

બહુ સરસ વાત કરી (તેમણે). જયચંદ પંડિતે 'વ્યવહારનય અભૂતાર્થ'ના (ભાવને) કેટલો સ્પષ્ટ કર્યો છે ! કિતના સ્પષ્ટ કિયા હૈ ! કહો, સમજમેં આયા ? અને ઐસા કહે બિના ઉસકા (–ગાથાકા) સ્પષ્ટીકરણ હોતા નહીં.

કોઈ (બિના સમજે) એકાંત લે જાય અને શાસ્ત્રમેં ભી વ્યવહારસે કહા હો તો ઉસે ભી (યથાર્થ માન લે ઔર કહે કિ) 'ભગવાનને (વ્યવહાર) કહા હૈ કિ નહીં ? વ્યવહારનય હૈ કિ નહીં ? 'હૈ' કિ નહીં ? (ઔર) 'હૈ' તો ભગવાનને કહા કિ નહીં ?'

(સમાધાન :) આ, ભગવાનને કહા.... જિનવરને કહા (—ઐસે) વ્રત, નિયમ આદિ બંધકા કારણ હૈ લે ! બંધમેં (–બંધ અધિકાર, ગાથા ૨૭૩મેં) આતા હૈ કિ નહીં ? કિ જિનવરે કહેલા વ્રત, નિયમ ને તપ.... જો વ્યવહાર હૈ, યે અભવિ ભી કરતે હૈં (ઔર) ઉસકા ફલ સંસાર હૈ.

શ્રોતા : અભવિને (માટે) સંસાર છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ભવિને (પણ) સંસાર છે. યહ તો અભવિકા દ્રષ્ટાંત દિયા હૈ. તુમ કૌન હો ? —એમ (કહેવું છે), અભવિ ભી ઐસે (પરિણામ) કરતે હૈં. (તો યદિ) તુમ ભી જો વ્યવહાર હૈ ઐસે પંચ મહાવ્રત (આદિકા પાલન કરો તો ઉસકા

ફલ સંસાર હૈ). શીલમાં પરિપૂર્ણ, તપમાં પરિપૂર્ણ, પંચ મહાવ્રતકા પરિણામ.... ઐસે વ્યવહાર (યા) નિમિત્તકો દેખકર.... (અર્થાત્) શુદ્ધનયકી અનુભવદ્રષ્ટિ (ઔર) સ્થિરતાકે (સાથમેં) ઐસા નિમિત્ત (–રાગ) આતા હૈ.... હોતા હૈ —ઐસા (જિનવરને) કહા હૈ. (પરંતુ) જો (–યદિ) વહાં રુક જાય ઔર વ્યવહારકો હી અપના માન લે તો સંસારફલ હૈ. આહાહા ! સમજમેં આયા ?

વહ કહા દેખો ! વ્યવહાર હૈ.... ભૂમિકા પ્રમાણે વ્યવહાર, ભગવાનને દિખાયા હૈ. સમજમેં આયા ? પણ વહ વ્યવહારકા ફલ તો સંસાર હી હૈ. (આવું સાંભળે, વાંચે) ત્યાં (અજ્ઞાની) રાડ નાખે છે કે 'અરર ! વ્યવહાર મોક્ષમાર્ગ હૈન ?.... વ્યવહાર મોક્ષમાર્ગ હૈન ?'

(સમાધાન :) વ્યવહાર મોક્ષમાર્ગ હૈ હી નહીં. સમજમેં આયા ? મોક્ષમાર્ગ તો એક હી હૈ. દ્રવ્યકે આશ્રયસે અંતરમેં.... સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર અંતરકે આશ્રયસે પ્રગટ હુઆ વહ હી મોક્ષકા કારણ હૈ. (મોક્ષકા કારણ) એક હી હૈ, દૂસરા કોઈ કારણ હૈ નહીં. નિમિત્ત દેખકર.... અનુકૂલ દેખકર વ્યવહારસે વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન (ઔર) પંચ વિકલ્પ (–મહાવ્રત) આદિ હૈ ઉસકો વ્યવહાર ચારિત્ર કહા હૈ, પણ ઉસકા ફલ તો સંસાર.... બંધ હી હૈ. સમજમેં આયા ? નેમચંદભાઈ ! દેખો ! આ (વાત) છે.

(આ વાત સાંભળીને) લોકોને ત્રાસ થઈ જાય છે કે અરરર !

(પણ) ભાઈ ! ભગવાન આત્મા એક સ્વરૂપ હૈ, કિ જિસમેં અનંત આનંદ.... અનંત શાંતિ.... (આદિ) અનંત પરમાત્મશક્તિ પડી હૈ. તો ઉસકા આશ્રય કરાનેકો, (ઉસકો) મુખ્ય કરકે 'વહી ચીજ હૈ.... યેહી ચીજ હૈ'—ઐસા કહા હૈ ઔર ગુણભેદ.... પર્યાયકો ગૌણ કરકે 'નહીં હૈ'—ઐસા કહા હૈ. આહાહા ! સમજમેં આયા ? પણ (દ્રવ્યમેં) બિલકુલ ગુણ ન હો, તો એક દ્રવ્ય હી રહા (ઔર) અનંત ગુણ નહીં હૈ, તો ગુણકી (પર્યાય) ઐસે શ્રદ્ધા, જ્ઞાન, આનંદ કહાંસે આયેગા ?

(ઉસી પ્રકાર યદિ) પર્યાય નહીં હૈ, તો કાર્ય તો પર્યાયમેં કરના હૈ ? દ્રવ્યકા આશ્રય તો પર્યાય લેતી હૈ.... દ્રવ્યકા આશ્રય દ્રવ્ય નહીં લેતા હૈ. સમજમેં આયા ? આહાહા ! નિર્ણય (યા) અનિર્ણય કરના હૈ, તો વહ પર્યાય નિર્ણય કરતી હૈ. જો (કોઈ), પર્યાય ન માને તો નિર્ણય કરના રહા હી નહીં. 'મેરેમેં ભૂલ થી,

અબ મૈંને સત્‌કા નિર્ણય કિયા'—વહ કહાંસે આયા ? પર્યાય માને બિના વહ કહાંસે આયા ? સમજમેં આયા ? જયચંદજી પંડિતને ઇતના (ખુલાસા કિયા) દેખો !

'વ્યવહાર અભૂતાર્થ' (કહનેસે કોઈ) એકાંતમેં ન લે જાય (ઇસલિયે વ્યવહારકો) 'અભૂતાર્થ' કહનેકા આશય.... આશય ક્યા હૈ (વહ સમજાતે હૈ). (અર્થાત્) 'ભૂતાર્થ (યા) અભૂતાર્થ' કહનેકા આશય ક્યા હૈ ઔર (કોઈ) એકાંત ન લે જાય કિ 'વ્યવહાર બિલકુલ હૈ હી નહીં' (ઉસકા ખુલાસા કિયા). સમજમેં આયા ?

હો.... વ્યવહાર (–શુભરાગ), વ્યવહારકે સ્થાનમેં (–ભૂમિકાકે યોગ્ય) હો (ઔર) નિશ્ચય (–વીતરાગતા) સ્વભાવકે આશ્રયસે હો. પણ વ્યવહારકા ફલ તો બંધ હૈ. ચાહે તો સમકિતીકા (–સાધકકા) વ્યવહાર હો (યા) ચાહે તો એકાંતપક્ષી પર્યાયબુદ્ધિવાલેકા વ્યવહાર હો.... દોનોંકા (વ્યવહાર-શુભરાગ) બંધકા હી કારણ હૈ. સમજમેં આયા ?

તીનોંકા ફલ સંસાર કહા....

(૧) અનાદિસે અંશબુદ્ધિ ઉપર દ્રષ્ટિ પડી હૈ તો ઉસકા ફલ ચાર ગતિમેં રુલના હી હૈ ઔર

(૨) બહુધા (પ્રાણી) વ્યવહારકા હી (ઉપદેશ) માંહોમાંહે (કરતે હૈ). દ્રવ્યકો છોડકર—અભેદકો છોડકર, અકેલે પર્યાય ને ગુણ(ભેદ સંબંધી વિકલ્પ)કી વૃદ્ધિ કરના, પર્યાયકી વૃદ્ધિ કરના (માને અશુભ) રાગ ઘટાના, શુભરાગ કરના—ઐસા (વ્યવહારકા) ઉપદેશ માંહોમાંહે કરતે હૈં, (પરંતુ) ઉસકા ફલ સંસાર હી હૈ ઔર

(૩) શુદ્ધનયકા નિમિત્ત દેખકર.... નિમિત્ત દેખકર.... શુદ્ધનયકા સાથ (–સહાયક) દેખકર.... (યાની) શુદ્ધનયકા વિષય અભેદ (દ્રવ્ય હૈ ઉસકી સાધનામેં) નિમિત્તકો, વ્યવહારકો સહાયક....'सहायक' નામ સહ–સાથ. તો (મોક્ષમાર્ગમેં) સાથમેં દેખકર.... 'સાથ' એટલે મદદ—એમ નહીં, 'સાથ' એટલે સાથે. 'સાથે' (માને) ક્યા કહતે હૈં ? (સાથમેં). તો, (મોક્ષમાર્ગમેં) સાથમેં દેખકર વ્યવહારકા ઉપદેશ કિયા હૈ. લો ! ઠીક.

નિશ્ચય (–ત્રિકાલી) ભગવાન આત્માકા આશ્રય કિયા ઔર સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર હુઆ, (પરંતુ) ઉસમેં જબ લગ પૂર્ણતા નહીં હૈ તો વ્યવહાર કૈસા હોતા હૈ (યે બતાયા હૈ).—ઐસે (વ્યવહારકો) નિમિત્ત.... હસ્તાવલંબ દેખકર (બતાયા. અર્થાત્) અભેદમેં ભેદ (મોક્ષમાર્ગમેં શુભરાગરૂપ વ્યવહાર) ઇતના રહતા હૈ યે બતાયા. પણ ઉસકા ફલ તો બંધ હૈ.... સંસાર હૈ. ઓહોહો ! સમજમેં આયા ?

'संसार ही है'—ઐસા કહા.

(કોઈ કહતા હૈ) 'કથંચિત્ બંધ ને કથંચિત્ અબંધ (—ઐસા) ઇસમેં સ્યાદ્વાદ કરો. ઉસમેં (–ગાથામેં) સ્યાદ્વાદ કરતે હો તો યહાં સ્યાદ્વાદ કરો.'

(સમાધાન :) વહાં (–ઇસ ગાથામેં) તો મુખ્યકો (–દ્રવ્યકો) નિશ્ચય કહકર.... મુખ્યકો નિશ્ચય કહકર (ઔર) ગૌણકો (–ભેદાદિકકો) વ્યવહાર કહકર, પ્રયોજન સિદ્ધિ કરનેમેં, સ્યાદ્વાદ લગાયા. પણ જહાં પર્યાયબુદ્ધિ.... અંશબુદ્ધિ.... અકેલા વ્યવહાર ને અકેલા વિકલ્પમેં બુદ્ધિ હૈ, ઉસમેં વળી કથંચિત્ બંધ ને કથંચિત્ અબંધ (—ઐસા સ્યાદ્વાદ) કહાંસે આયા ?

શ્રોતા : મિથ્યાત્વમાં સ્યાદ્વાદ પણ ક્યાં આવ્યું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (મિથ્યાત્વમેં) સ્યાદ્વાદ હૈ કહાં ? અનેકાંત આયા કહાં ? એક સમયકી પર્યાય દ્રવ્યમેં હૈ નહીં, પર્યાયમેં દ્રવ્ય હૈ નહીં; રાગમેં આત્મા હૈ નહીં, આત્મામેં રાગ હૈ નહીં—ઐસા સ્યાદ્વાદ તો (મિથ્યાત્વમેં) આયા નહીં.... એકાંત આયા, (ક્યોંકિ મિથ્યાદ્રષ્ટિકી) દ્રષ્ટિ એકાંત પડી હૈ પર્યાય ઉપર (ઔર) રાગ ઉપર. ખલાસ ! આ દ્રવ્ય, ઉસમેં (–રાગાદિમેં) હૈ નહીં, દ્રવ્યમેં વે (–રાગાદિ) હૈ નહીં (—ઐસા સ્યાદ્વાદ) તો આયા નહીં. સમજમેં આયા ?

ભારે વાતું ભાઈ ! ન્યાલભાઈ ! જુઓ ! આવું ઝીણું છે. જુઓ ! આ અમારે ત્યાં શેઠ છે.. શેઠ, વડાલ.... વડાલ સ્થાનકવાસીના. હવે નથી રહ્યા હોં, આ તો પહેલાંની વાત છે. ત્યાં તો બધું કેવું સાંભળેલું ? ત્યાં બધું કેવું સાંભળેલું ? (શેઠ) કહે : 'સાંભળેલું'.... બસ—એમ કહે.

આહાહા ! (પંડિત જયચંદજીએ) સ્પષ્ટ કેટલું કર્યું છે હોં ! વિચારીને, મનન કરીને આ ગાથામાં ભાવ ક્યા ભરા હૈ ઐસા (ઉસકો) ખોલકર બતાયા હૈ. ભાવ તો

હૈ.... પાઠમેં (-મૂલ ગાથામેં) હૈ (ઔર) ટીકામેં હૈ, પણ ટીકા (ને ગાથામેંસે) ભાવ ઇતના ન સમજાય, તો ઉસકો ચાલતી ભાષામેં સ્પષ્ટીકરણ કર દિયા હૈ. બસ.

किन्तु उसका फल संसार ही है....—ઐસે કહા. દેખો !

(૧) પર્યાયબુદ્ધિ, પુણ્યબુદ્ધિ (યા) રાગબુદ્ધિ હૈ ઉસકા ફલ સંસાર હૈ.

(૨) માંહોમાંહે (અજ્ઞાની) વ્યવહાર કરનેકા કહે ઉસકા ફલ (ભી) સંસાર હૈ.

(૩) યે ભગવાનકી વાણીમેં આયી નિમિત્તકી યોગ્યતા (-ભૂમિકા યોગ્ય શુભરાગકા કથન આયા) કિ વહાં ઐસી નિમિત્તતા (હોતી) હૈ. શુદ્ધ સ્વભાવકો બતાનેકો ઐસા (ભેદકા કથન) આતા હૈ અથવા શુદ્ધ સ્વભાવ પ્રગટ હુઆ હૈ વહાં (-સાધકદશામેં) ઐસા નિમિત્ત.... સહાયક નામ સાથમેં (શુભરાગ) હોતે હૈ (—ઐસા કથન આતા હૈ), પણ ઉસકા ફલ તો સંસાર હૈ.

કહો, સમજમેં આયા ? વાડીભાઈ ! ક્યાં ગયા ડાહ્યાભાઈ ? ગયા ? સમજાય છે આ ? ભારે વાત ભાઈ આ ! એક ગાથા પણ બરાબર સમજેને, (તો) સારે (પ્રશ્નોકા) નિકાલ (હો જાય) પૂરે જૈનશાસનકે.

કહે છે, शुद्धनयका पक्ष तो कभी आया नहीं.... દેખો ! 'शुद्धनयका पक्ष' હોં. વહ (પહલે કહા થા વહ) તો વ્યવહારકા પક્ષ થા. 'જ્ઞાયક ચિદાનંદ હૂં.... અભેદ હૂં'—ઐસા (શુદ્ધનયકા) પક્ષ તો કભી આયા નહીં. સમજમેં આયા ? 'મૈં એક અંશ જિતના નહીં.... રાગ નહીં, નિમિત્ત નહીં (ઔર) ગુણભેદ નહીં. (મૈં તો) એકરૂપ ભગવાન શુદ્ધ અભેદ હૂં' ઇસકે લક્ષકા પક્ષ કભી કિયા નહીં.... આયા હી નહીં. ઓહોહો ! शुद्धनयका पक्ष तो कभी आया नहीं और उसका उपदेश भी विरल है....

દેખો ! (વ્યવહારના પક્ષવાળાની વાતમાં કહ્યું કે)....

(૧) બહુધા (પ્રાણી વ્યવહારકા) ઉપદેશ માંહોમાંહે કરતે હૈં,

(૨) બહુધા (પ્રાણી વ્યવહારકો હી) માનનેવાલે હૈ ઔર

(૩) બહુધા જિનવાણીમેં ભી ઐસા (વ્યવહારકા ઉપદેશ) આતા હૈ.

(—ઐસા કહા થા). ઓહોહો !

(કોઈ કહતા હૈ :) 'ક્યા કરે ? જિનવાણીમેં ઐસા (વ્યવહારકા ઉપદેશ) આતા હૈ તો ક્યા કરના ? વળી (શુદ્ધનયકા) હસ્તાવલંબન.... સહાયક દેખકર (વ્યવહારકા ઉપદેશ) આયા હૈ. દેખો !'

(યહાં કહતે હૈ કિ) **शुद्धनयका पक्ष तो कभी आया नहीं....** ઓહોહો ! નવમી ગ્રૈવેયક અનંત બાર દિગંબર જૈન સાધુ હોકર ગયા.

'મુનિવ્રત ધાર અનંત બાર ગ્રીવક ઉપજાયૌ,
પૈ નિજ આતમજ્ઞાન....' (છઢાળા, ઢાળ-૪, પદ-૫).

શુદ્ધનયકા પક્ષ તો કભી લિયા નહીં. અનંત બાર ઐસા પંચ મહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, પર્યાયમેં અગિયાર અંગકે (જ્ઞાનકા) વિકાસ હોના, નવ પૂર્વકે (જ્ઞાનકા) વિકાસ હોના—ઐસા સબ, વ્યવહારકે પક્ષમેં અનંત બાર હુઆ. પણ 'મૈં જ્ઞાયક ચિદાનંદ હૂં' ઐસી દિશા.... લક્ષ ફિરા નહીં ઉસકા. સમજમેં આયા ?

**शुद्धनयका पक्ष तो कभी आया नहीं और उसका उपदेश भी विरल है....** ઉપદેશ થોડા હો ગયા. આહાહા ! દેખો ! સત્‌કા.... અભેદકા લક્ષ કરાનેકા ઉપદેશ બહુત થોડા હો ગયા. નેમચંદભાઈ ! **वह कहीं कहीं पाया जाता है.... कहीं कहीं....** શુદ્ધનયકા.... અભેદકા ઉપદેશ કોઈ કોઈ સ્થાનમેં પ્રાપ્ત હોતા હૈ, બહુત સ્થાન પર નહીં.

(પ્રશ્ન :) ભગવાનને (વ્યવહાર) 'બહુત' કહા હૈન ? (તો), યહાં (નિશ્ચય) 'કોઈ-કોઈ સ્થાનમેં' (કહા)—ઐસા કહા !

(સમાધાન :) સુન તો સહી ! (ભગવાનકી) વાણીમેં વ્યવહારકે પક્ષકા (–વિષયકા) કથન બહુત આતા હૈ, વહાં ભી નિશ્ચયકે પક્ષકી બાત બહુત થોડી આતી હૈ. જિનવાણીમેં અભેદકા કથન (થોડા હૈ). ક્યા (–કૈસે) અભેદ બતાવે ? કોઈ ભી (પ્રકારસે) બતાવે.... (જ્ઞાનસે) આત્મા (બતાવે) તો ભી લક્ષ્ય-લક્ષણભેદ હો ગયા (–જાતા હૈ). લ્યો !

'જ્ઞાન યે આત્મા.... જ્ઞાન યે આત્મા' (કહનેસે ભી) જ્ઞાન, લક્ષણ ઔર આત્મા, (લક્ષ્ય)—યે ભેદ હો ગયા. સમજમેં આયા ? ઐસા ભેદકા કથન તો જિનવાણીમેં બહુત આતા હૈ, (લેકિન) અભેદ ઉપર લક્ષ કરાનેકો.... દ્રષ્ટિ કરાનેકો. (પણ) ઉસમેં (ભેદકો હી) પકડ લે (તો મિથ્યાદ્રષ્ટિ હૈ).

તો કહતે હૈં કિ જિનવાણીમેં ઉસકા (–શુદ્ધનયકા) ઉપદેશ થોડા થોડા હૈ. —ઐસા આયા કિ નહીં ? માંહોમાંહે.... (શુદ્ધનયકા ઉપદેશ) થોડા હૈ.... ઉપદેશ થોડા હૈ—જિનવાણીમેં કહીં કહીં (શુદ્ધનયકા) ઉપદેશ હૈ. બાકી તો બહુત વ્યવહારકા ઉપદેશ હૈ.

ઇસલિયે ક્યા કિયા ?—વહ કહેંગે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩૧
## ગાથા - ૧૧, ૧૨
## સંવત ૨૦૨૪, આસો વદ ૫, શુક્રવાર, તા. ૧૧-૧૦-'૬૮

લ્યો ! અહીંયા (–૧૧મી ગાથાના ભાવાર્થ) સુધી આવ્યું છે.

પહલે તો વહ બાત કરી કિ વ્યવહારકા ઉપદેશ જો હૈ (વહ ઉપાદેય નહિ હૈ, ક્યોંકિ) જગતમેં ભેદકા પક્ષ તો પ્રાણીયોંકો અનાદિસે હૈ. એક બાત.

ભેદકા અર્થ ક્યા ?

એક સમયકી પર્યાય યા રાગ-દ્વેષ—ઐસા ભેદ. ત્રિકાલી અભેદકા પક્ષ તો કભી ઉસકો આયા નહીં. સમજમેં આયા ?

તો (યહાં ભાવાર્થમેં) કહતે હૈં કિ આચાર્યને અભેદકો 'ભૂતાર્થ.... સત્યાર્થ' કહા ઔર ભેદકો 'અસત્યાર્થ.... જૂઠા' કહા ઉસકા આશય ક્યા હૈ ? સમજમેં આયા ?

કિ ભૂતાર્થ જો ત્રિકાલી જ્ઞાયકભાવ હૈ વહ નિશ્ચય હૈ.... ઉસકો મુખ્ય કરકે 'નિશ્ચય' કહા, ક્યોંકિ ઉસકે આશ્રયસે આત્માકા પ્રયોજન.... આત્માકા પ્રયોજન સિદ્ધ હોતા હૈ. (ઇસ પ્રકાર) મુખ્ય-ગૌણ કરકે કથન કિયા હૈ, (પરંતુ ઐસા) નહીં હૈ કિ 'પર્યાય હી નહીં હૈ અને દ્રવ્ય હી હૈ'—ઐસા નહીં હૈ.

દ્રવ્યકા.... જ્ઞાયક ચિદાનંદ અભેદસ્વરૂપકા આશ્રય કરનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન, સુખ આદિકી પ્રાપ્તિ (અર્થાત્) પ્રયોજનકી સિદ્ધિ હોતી હૈ. ઉસ કારણસે દ્રવ્યકો મુખ્ય કરકે 'નિશ્ચય' કહા.... 'હૈ' કહા (ઔર) પર્યાયકો ગૌણ કરકે 'વ્યવહાર' કહકે 'નહીં' (—ઐસા) કહા. સમજમેં આયા ? ટેપ રેકોર્ડિંગ સુના હૈ કિ નહીં કલ સવેરેકા ? ટેપ રેકોર્ડિંગ નહીં સુના ? લે નહીં ગયે ? સુનના બાકી હૈ. ટેપ રેકોર્ડિંગ કલ સવેરેકા. અચ્છા. સમજમેં આયા ?

તો કહતે હૈં કિ....

(૧) ભેદકા પક્ષ તો અનાદિસે પ્રાણીયોંકો હૈ હી. અંશ ઉપર બુદ્ધિ હૈ.... રાગ ઉપર બુદ્ધિ હૈ, તો અનાદિસે (ઔર) નિગોદસે લેકર સર્વ (અજ્ઞાની જીવ) હૈં ઉનકી બુદ્ધિ તો પર્યાયબુદ્ધિ હૈ. ઔર

(૨) માંહોમાંહે ઉપદેશ ભી વ્યવહારકા.... વહ હી સબ કહતે હૈ.... કરતે હૈં. વ્યવહારકા, ભેદકા જ્ઞાન હૈ તો ઉસીકા હી ઉપદેશ ભી માંહોમાંહે કરતે હૈં. ઔર

(૩) જિનવાણીમેં ભી વ્યવહારકા ઉપદેશ નિશ્ચયકા હસ્તાવલંબન.... નિમિત્તરૂપ.... સાથરૂપ.... 'सहायक' નામ સાથરૂપ દેખકર બહુત કિયા હૈ.

પણ વે તીનોંકા ફલ સંસાર હૈ. સમજમેં આયા ?

ઔર....

(૧) शुद्धनयका पक्ष तो कभी आया नहीं.... ક્યોંકિ ભગવાન આત્મા અભેદ (અવ્યક્ત હૈ). પ્રગટ પર્યાય વ્યક્ત હૈ.... પ્રગટ પર્યાય વ્યક્ત હૈ (ઔર) રાગ વ્યક્ત હૈ તો ઉસકી દ્રષ્ટિ હુઈ, પણ અવ્યક્ત જો ત્રિકાલી હૈ.... પર્યાયકે અંદરમેં પૂરા ભગવાન પૂર્ણાનંદ સ્વરૂપ પડા હૈ ઐસા (ઉસકા) અંતરમેં પક્ષ તો કભી આયા નહીં. સમજમેં આયા ? शुद्धनयका पक्ष तो कभी आया नहीं और

(૨) उसका उपदेश भी विरल है.... કોઈ-કોઈ ઠેકાણે હૈ. બાકી વહ (વ્યવહારકા) ઉપદેશ તો બહુત ઠેકાણે (-જગહ) હૈ. વ્યવહારકે ઉપદેશકી દુકાન તો બહુત હૈ—એમ કહતે હૈં. સમજમેં આયા ? ઔર યે (શુદ્ધનયકા) उपदेश भी विरल है—वह कहीं कहीं पाया जाता है.... કોઈ-કોઈ સ્થાનમેં.... કોઈ-કોઈ ઠેકાણે પાયા જાતા હૈ.

દો બાત....

| શુદ્ધનયકા ઉપદેશ | વ્યવહારનયકા ઉપદેશ |
|---|---|
| (૧) ઉપદેશ વિરલ હૈ, | (૧) બહુધા પ્રાણી વહ કરતે હૈં, |
| (૨) ઉપદેશ ક્યાંક-ક્યાંક હૈ. | (૨) માંહોમાંહે (પરસ્પર) કહતે હૈં. |

इसलिये उपकारी श्रीगुरुने.... इसलिये उपकारी श्रीगुरुने शुद्धनयके ग्रहणका फल.... દેખો ! વે તીન (વ્યવહાર)કા ફલ સંસાર હૈ. સમજમેં આયા ?

(૧) ભેદકા પક્ષ હૈ,
(૨) ભેદકી (બાત) એક દૂસરેકો સુનાના.... સુનનેમેં આતી હૈ ઔર

(૩) ભગવાનકી વાણીમેં ભી ભેદકા.... નિમિત્તકા (ઉપદેશ બહુત આયા હૈ). અભેદકો બતાનેમેં ભેદ આતા હૈ. તો ઐસા ભેદ અથવા જીવકા ભેદ પર્યાયમેં ઇતના હૈ, જીવ ઇતના હૈ આદિ ઔર એક અંશકી બાત (—ઐસા) વ્યવહારનયકા.... નિમિત્તકા કથન તો જિનવાણીમેં બહુત આયા હૈ.

પણ યે તીનોંકા ફલ સંસાર હૈ.

તભી યે શુદ્ધનયકા ફલ.... **श्रीगुरुने शुद्धनयके ग्रहणका फल मोक्ष जानकर....** દેખો ! ભગવાન જ્ઞાયક અભેદ ચૈતન્યકો દ્રષ્ટિમેં લેનેસે ઔર વહી મુખ્ય કરનેસે.... પર્યાય, રાગાદિકો ગૌણરૂપ વ્યવહાર કરનેસે (-કરકે) શુદ્ધનયકે પક્ષસે (-આશ્રયસે) મોક્ષકા ફલ પ્રાપ્ત હોતા હૈ. સમજમેં આયા ?

**शुद्धनयके ग्रहणका....** **'ग्रहण'**કા અર્થ ક્યા ?

ભૂતાર્થકા અનુભવ કરના.... ભૂતાર્થ ત્રિકાલી વસ્તુ હૈ ઉસકા આશ્રય કરના. ત્રિકાલી જ્ઞાયકભાવ હૈ.... ત્રિકાલી જ્ઞાયકભાવ હૈ ઉસકા અવલંબન કરના.

ઉસકા **फल मोक्ष जानकर....** દેખો ! સમ્યગ્દર્શનમેં ભી ઇતની મુક્તિ (-દ્રષ્ટિમોક્ષ) હૈ, વહાંસે માંડકર (-લેકર) પૂર્ણ મુક્તિ શુદ્ધ ત્રિકાલી દ્રવ્યકે આશ્રયસે હોતી હૈ. સમજમેં આયા ?

**जानकर उसका उपदेश प्रधानतासे दिया है....**—ઐસે લિયા હૈ. (શુદ્ધનયકા ઉપદેશ) મુખ્યતાસે દિયા હૈં, (સાથમેં) ગૌણપણે તો દૂસરી (વ્યવહારકી) બાત કી હૈ. (વ્યવહારકી બાત કી હી) નહીં—એમ નહીં. (લેકિન) યે (શુદ્ધનયકા) ઉપદેશ પ્રધાનતાસે.... મુખ્યતાસે દિયા હૈ (કિ) ભાઈ ! પર્યાય, એક અંશ ઔર રાગાદિ ભેદ હૈ ઉસકા લક્ષ છોડ દે.... ઉસકા લક્ષ છોડ દે. વહ ભેદ હૈ ઉસકો ગૌણ કરકે 'તેરેમેં નહીં'—ઐસા કહકર, ત્રિકાલી જ્ઞાયકભાવકા આશ્રય કરાનેકો, જિસકે (આશ્રયકા) ફલ મોક્ષ હૈ ઉસકા (અર્થાત્), ભૂતાર્થકા મુખ્ય ઉપદેશ (દિયા હૈ). સમજમેં આયા ?

**प्रधानतासे दिया है कि....** દેખો !

ક્યા (ઉપદેશ) દિયા હૈ ?

कि—"शुद्धनय भूतार्थ है...." "शुद्धनय भूतार्थ है...." દ્રવ્ય હી.... જ્ઞાયક ધ્રુવ ચિદાનંદ નિષ્ક્રિય ભગવાન અપરિણામી ભાવ सत्यार्थ.... "शुद्धनय भूतार्थ है...."—એમ કહ્યું છેને મૂળ ? भूदत्थो देसिदो दु सुद्धणओ.... (ઇસ ગાથાકા) દૂસરા પદ હૈન ? ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ.... વ્યવહાર જૂઠા હૈ.... પર્યાય જૂઠી હૈ.... રાગ જૂઠા હૈ. જૈસે પર જૂઠા હૈ અપની અપેક્ષાસે, ઐસે મુખ્યકા લક્ષ કરાનેકી અપેક્ષાસે પર્યાય ઔર રાગ, પુણ્ય આદિ 'જૂઠે હૈ'—ઐસા કહા હૈ. સમજમેં આયા ?

આજ તો પાંચવા દિન ચલતા હૈન ? ચાર દિન તો હો ગયે ન (ઇસ) ગાથાકો ? તુમ આયે હૈ તબસે (૧૧વીં ગાથા) શુરૂ હુઈ હૈ. આ તો અભી પૂરા હો ગયા.... પૂરા હો જાયેગા.

"शुद्धनय भूतार्थ है.... સત્ય હૈ.

ક્યા કહતે હૈં ?

દ્રવ્યસ્વભાવ ત્રિકાલી હી 'સચ્ચા' હૈ, પર્યાય ઔર રાગ-દ્વેષ યે 'જૂઠે' હૈં.... સમજમેં આયા ? વહ મુખ્યકા લક્ષ કરાનેકો.... અંતરકા આશ્રય કરાનેકો.... ઉસકો (–દ્રવ્યસ્વભાવકો) હી સત્ય કહા (ઔર) પર્યાયકો, (ઉસકી અસ્તિ) હોને પર ભી ગૌણ કરકે, વ્યવહાર કહકે 'જૂઠા હૈ'—ઐસા કહા હૈ. સમજમેં આયા ?

"शुद्धनय भूतार्थ है, सत्यार्थ है; इसका आश्रय लेनेसे.... इसका आश्रय लेनेसे सम्यग्द्रष्टि हो सकता है.... ધર્મકી શરૂઆત.... વહ દ્રવ્યકે આશ્રયસે પહલેમેં પહલી (ધર્મકી) શરૂઆત હોતી હૈ. કોઈ પર્યાયકે આશ્રયસે, રાગ યા નિમિત્ત યા શુભરાગમેંસે ધર્મ—સમ્યગ્દર્શન હોતા હૈ યા એક સમયકી પર્યાયકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ—ઐસા તીન કાલમેં હૈ નહીં. સમજમેં આયા ?

इसका आश्रय लेनेसे.... 'इसका' નામ સત્ય વસ્તુ હૈ વહ. ત્રિકાલી સત્ ભગવાન ધ્રુવ સ્વભાવ હૈ વહી સત્ હૈ.... વહી સત્ હૈ.... વહી સત્ય હૈ. इसका आश्रय लेनेसे सम्यग्द्रष्टि हो सकता है.... લ્યો ! યહાં તો સમ્યગ્દ્રષ્ટિકી બાત હૈ. કિતને (લોગ) ઇસ ગાથાકે લિયે કહતે હૈ કિ 'યે તેરવેં ગુણસ્થાનકી બાત હૈ.' —એમ કહે છેને કોઈ કોઈ ? સરણારામજી. આહાહા ! કોણ જાણે શું કહેવું છે ?

'स्वरूपे चरणं चारित्रं'—એમ આવે છેને એ પ્રવચનસારમાં (ગાથા-૭) ? એને રતનચંદજી કહે, ‘એ અગિયારમા ગુણસ્થાનની વાત છે,’ એકલું (–પૂર્ણ) स्वरूपे चरणं चारित्रं કષાય હોય ત્યાં સુધી હોય નહીં. માટે દે અગિયારમે (ગુણસ્થાને). પણ આચાર્ય પોતે કહે છે.... 'પોતે' (માને) ક્યા ? ખુદ. સમજમેં આયા ? હમારી ભાષા થોડી આ જાતી હૈન ગુજરાતી. સ્વયં કહતે હૈં.... આચાર્ય સ્વયં કહતે હૈં કિ હમ આત્માકા શાંત-ઉપશાંત શુદ્ધ ઉપયોગ.... સામ્યભાવ અંગીકાર કરતે હૈં (અને) ઉસ સામ્યભાવકો હી ‘स्वरूपे चरणं चारित्रं’.... સ્વસમયકી પ્રવૃત્તિ કહનેમેં આયી હૈ.

અરે ભગવાન ! શું કરે છે ? કેવા અર્થ કરે છે ? પ્રભુ ! સીધી વાત છે. આ તો શાસ્ત્રના શબ્દોથી જોવે તો (પણ) સીધી વાત છે. ક્યા કરતે હૈં ? કોણ જાણે શું કરે છે ? સમજમેં આયા ? 'पुण्णफला अरहंता'.... (પ્રવચનસાર ગાથા ૪૫ની વાત) વળી (પ્રવચનમાં) આવશે, હવે *[1] આ પુરું થાશેને ? (તે પછી પ્રવચનસાર ઉપરના પ્રવચનો આગળ ચાલશે.)

કહતે હૈં કિ इसका आश्रय लेनेसे सम्यग्द्रष्टि हो सकता है.... દેખો ! દેવ-ગુરુ-શાસ્ત્રકા.... નિમિત્તકા.... રાગકા.... એક સમયકી પર્યાયકા આશ્રય લેનેસે સમ્યગ્દ્રષ્ટિ હો સકતે નહીં.... સચ્ચા સમ્યગ્દ્રષ્ટિ હો સકતે નહીં. ‘સચ્ચા’ નામ સમ્યક્.... નિશ્ચય સમ્યગ્દ્રષ્ટિ હો સકતે નહીં. ભૈયા ! પહલે શ્રદ્ધામેં તો નક્કી કરે કિ વહ ત્રિકાલી દ્રવ્યકા આશ્રય લેનેસે હી ધર્મ પ્રગટ હોતા હૈ.

‘લાખ બાતકી બાત કરો, પણ નિશ્ચય ઉર આનો’....

એક હી બાત. આતા હૈન ? વહ 'છ ઢાલા'મેં આતા હૈ. (છઢાળા, ચોથી ઢાળ, પદ-૯) દુનિયા ઝઘડે.. ઝઘડે ચઢી ગઈ છે.

દેખો ! इसे जाने बिना.... દેખો ! જ્ઞાયકભાવ ત્રિકાલી વસ્તુસ્વભાવ હૈ ઉસકો જાને બિના.... ઉસકા આશ્રય લિયે બિના.... સમજમેં આયા ? जब तक जीव व्यवहारमें मग्न है.... દેવ-ગુરુ-શાસ્ત્રકી.... પરદ્રવ્યકી અકેલી શ્રદ્ધા.... સમજે ?

---

*[1] (શ્રી સમયસારજી ગાથા ૩૨૦, શ્રી જયસેનાચાર્યની ટીકા, તેના ઉપરના બપોરમાં થતાં પ્રવચનો)

ઔર પુન્યકી શ્રદ્ધા, એક સમયકી પર્યાયકી શ્રદ્ધા—ઐસે व्यवहारमें मग्न है.... દેખો ! व्यवहारमें मग्न है.... એક પર્યાય(રૂપ) અંશબુદ્ધિમેં ભી (મગ્ન) રહા હૈ, "....तब तक आत्माका ज्ञान-श्रद्धानरूप निश्चय सम्यक्त्व नहीं हो सकता।" સમજમેં આયા ?

જબ તક નિમિત્તકા લક્ષ હૈ ઔર પુણ્ય.... દયા-દાન વિકલ્પકા અથવા વ્યવહાર સમકિતકા (અર્થાત્) વિકલ્પકા લક્ષ હૈ અથવા એક સમયકી પર્યાય.... અંશ હૈ ઉસકા લક્ષ હૈ, તબ તક ઉસકો નિશ્ચય સમ્યગ્દર્શન નહીં હોતા. સમજમેં આયા ?

કહાં ગયે થે અભી તક ?

(અટવાય) ગયા'તા ક્યાં ? કિતની બાત ચલી ગઈ. અહીંયા તો ભાઈ ! ચાલે છે બધું હમણાં. ચાર દિનથી તો ઘણું ચાલે છે (૧૧મી ગાથા) સવારના (પ્રવચનમાં).

इसे जाने बिना जब तक जीव व्यवहारमें मग्न है.... દેખો ! યે વ્યવહાર.... જો ઉપર કહા વહ. (અર્થાત્) ભગવાનને કહા વહ વ્યવહાર હોં.... હસ્તાવલંબ કહા (વહ વ્યવહાર). ઐસે વ્યવહારમેં ભી મગ્ન હૈ.... આવ્યુંને ભાઈ આમાં ? આહાહા ! ભગવાન.... સમજમેં આયા ? जब तक जीव व्यवहारमें मग्न है.... વીતરાગને કહા (ઐસે વ્યવહારમેં મગ્ન હૈ)....

શુદ્ધનયકા અવલંબન લેનેવાલેકો (–સાધકકો) ભી પર્યાયમેં વ્યવહાર કિતને.... કિતને પ્રકારકા (હોતા) હૈ—ઐસા નિમિત્તકા (–વ્યવહારકા) જ્ઞાન (વીતરાગને) કરાયા થા.... નિમિત્તકા (સિર્ફ) જ્ઞાન (કરાયા થા), પરંતુ વહ અકેલા વહાં (વ્યવહારમેં) રહ જાયેગા (–અટક જાયેગા).... અકેલા રહ જાયેગા.... व्यवहारमें मग्न રહ જાયેગા (તો) સમ્યક્દ્રષ્ટિ નહીં હોગા. સમજમેં આયા ? માલચંદજી ! જુઓ ! આમાં તો દયાનો.... પરદયાનો (પરની દયા પાળવી તે) ધર્મ—એ (અભિપ્રાય) તો ક્યાંય રહી ગયો. આહાહા !

इसे जाने बिना.... ભગવાન જ્ઞાયકમૂર્તિ પરમાત્મા.... નિજ પરમાત્મદ્રવ્ય.... નિજ પરમાત્મદ્રવ્ય.... આગે આયેગા દોપહરકે (પ્રવચનમેં, ગાથા ૩૨૦ શ્રી જયસેનાચાર્ય કૃત ટીકાકે) આખિરકે બહોત (સૂક્ષ્મ) શબ્દ.... 'સકલ નિરાવરણ અખંડ, એક, પ્રત્યક્ષ પ્રતિભાસમય, અવિનશ્વર, શુદ્ધ પારિણામિકભાવ

લક્ષણ.... શુદ્ધ પારિણામિકભાવ એવા.... પરમભાવ લક્ષણ નિજપરમાત્મ દ્રવ્ય મૈં હૂં'—ઐસી દ્રષ્ટિ કિયે બિના સમ્યગ્દર્શન કભી હોતા નહીં. સમજમેં આયા ?

इसे जाने बिना जब तक.... જયચંદ પંડિતને ખુલાસા અચ્છા કિયા હૈ. (ઐસા ભાવ મૂલ)પાઠમેં તો હૈ હી, ટીકામેં તો હૈ હી. સર્વ (વ્યવહારકો) અભૂતાર્થ કહ દિયા ન ! સર્વ વ્યવહારનય અભૂતાર્થ હૈ.... સબ વ્યવહારનય 'હૈ હી' નહીં. લ્યો ! ગૌણ કરકે.... દ્રવ્યમેં દ્રષ્ટિ લગાનેકો સબ (–સારે) વ્યવહારકો યહાં 'જૂઠા' કહ દિયા હૈ. 'સત્' તો એક દ્રવ્યકો હી કહા. ત્રિકાલી વસ્તુ વહ સત્ હૈ. ક્યોંકિ ઇસકે આશ્રયસે સમ્યગ્દર્શન હોતા હૈ.... સમજમેં આયા ? ધર્મકી શરૂઆત વહાંસે હોતી હૈ.

ઉસકે (–શુદ્ધનયકે આશ્રયકે) સિવા (–બીના) જબ લગ व्यवहारमें मग्न है.... પર્યાયમેં (અપની પૂર્ણ અસ્તિ) માનતે હૈં.... શાસ્ત્રને ભેદસે કથન કહા ઉસમેં (–વ્યવહારમેં) મગ્ન હૈ.... દેવ-ગુરુ-શાસ્ત્રકી—પરકી શ્રદ્ધાકો વ્યવહારસે સમકિત કહા ઉસમેં ભી મગ્ન હૈ.... સમજમેં આયા ? तब तक आत्माका ज्ञान-श्रद्धानरूप निश्चय सम्यक्त्व नहीं हो सकता.... तब तक.... યહાં આયા ન ? 'जब तक (जीव व्यवहारमें मग्न है)'.... ઐસા આયા થા ન ? સમજાણું ? તબ તક યે આત્માકા જ્ઞાન-શ્રદ્ધાન નહીં હોતા.

ભગવાન આત્મા પૂર્ણાનંદસ્વરૂપ, સત્.... શાશ્વત વસ્તુ, ધ્રુવ હૈ. તો વ્યવહારકો છોડકર, ઐસા નિશ્ચય સ્વભાવકા આશ્રય લિયે બિના નિશ્ચય સમ્યગ્દર્શન.... સચ્ચા દર્શન.... સચ્ચા સમકિત (હોતા નહીં). યે ચૌથે ગુણસ્થાનકી બાત હૈ. વળી કોઈ કહતા હૈ કિ 'નિશ્ચય સમ્યગ્દર્શન આઠવેં હોતા હૈ, યે ચૌથે-પાંચવેં-છઠવેં (ગુણસ્થાન)મેં તો વ્યવહાર (સમકિત) હોતા હૈ.' યહાં તો કહતે હૈં કિ (જીવ) વ્યવહારમેં મગ્ન હૈ તબ તક મિથ્યાદ્રષ્ટિ હૈ, નવ તત્ત્વકા ભેદ સહિત જો અનુભવ કરતે હૈં વહ ભી મિથ્યાદ્રષ્ટિ હૈ. સમજમેં આયા ?

'व्यवहारमें मग्न'કા વહ અર્થ હૈ કિ જીવ, અજીવ (આદિ) નવ તત્ત્વકા ભેદ સહિત અનુભવ કરે તો મિથ્યાદ્રષ્ટિ હૈ. ઉસકા (–શુદ્ધનયકા) આશ્રય લિયે બિના जब तक जीव व्यवहारमें मग्न है.... એમ કહ્યુંને ? 'जब तक'....—એમ શબ્દ પડા

હૈન ? तब तक आत्माका ज्ञान-श्रद्धानरूप निश्चय सम्यक्त्व नहीं हो सकता ।" ऐसा आशय समझना चाहिये.

લ્યો ! એ અગિયારમી ગાથા પૂરી હુઈ. સમજમેં આયા ?

હવે બારમી.... હવે બારમી (ગાથા).

अब, "यह व्यवहारनय भी.... " દેખો ! વહાં (૧૧વીં ગાથામેં) તો બિલકુલ 'અસત્યાર્થ' કહકર.... 'જૂઠી' કહકર.... ગૌણ કરકે વ્યવહારકા અસત્યપના કહા થા. અબ કહતે હૈં, વહ व्यवहारनय भी किसी किसीको.... કોઈ કોઈ જીવકો (માને) સાધક અવસ્થામેં (ઔર) किसी काल.... (માને) જબ નિર્વિકલ્પ અનુભવ નહીં ઔર પૂર્ણદશા નહીં વહ કાલમેં (–સાધકકો સવિકલ્પદશામેં) प्रयोजनवान है.... જાનના પ્રયોજનવાન હૈ. 'જાનના પ્રયોજનવાન હૈ' (ઉસકા) ખુલાસા કરેંગે ટીકામેં. સમજમેં આયા ?

ક્યા કહા ?

अब, "यह व्यवहारनय भी किसी किसीको...." કોઈ કોઈ પ્રાણીકો (–સાધકકો) કોઈ કોઈ કાલમેં.... સાધકજીવમેં પણ જબ તક સાધક (વિકલ્પ દશામેં) હૈ તબ તક (પ્રયોજનવાન હૈ). (સાધક) નિર્વિકલ્પ અનુભવમેં આ જાયે (યા પૂર્ણ) વીતરાગ હો જાયે, તો બાદમેં ઉસકો ભી વ્યવહારનય જાનને લાયક રહતા નહીં. ક્યોંકિ (વહાં) ભેદ (–વ્યવહાર) રહતા હી નહીં.

सर्वथा निषेध करने योग्य नहीं है.... એટલે કે જ્ઞાની–ધર્મી જીવકો ભૂતાર્થ દ્રવ્યકા આશ્રય હુઆ (ઇસસે) સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ હુએ હૈં, પણ પર્યાયમેં અલ્પ પર્યાય (–શુદ્ધતા) હૈ (તો) રાગ આદિ હૈ ઉસકો જાનના. વહ (૧૧વીં ગાથામેં) ભૂતાર્થકો હી જાનના કહા થા, તો ઉસકે સાથ ઉસકો (–વ્યવહારકો) ભી જાનના. (ઇસ પ્રકાર) યહ વ્યવહારનય જાનનેકે કારણ (–લિયે) પ્રયોજનવાન હૈ.... (વ્યવહાર) જાનનેકે કારણ (–લિયે) પ્રયોજનવાન હૈ, (પણ) આદરનેકે માટે (–લિયે) પ્રયોજનવાન નહીં હૈ. સમજે ભૈયા ? માલચંદજી !

(અજ્ઞાની) કહતે હૈં ઉસમેં (-૧૨વીં ગાથામેં સોનગઢવાલે) બડી ગડબડ (–વિપરીતતા) કરતે હૈં.... બારહવીં ગાથામેં બડી ગડબડ (કરતે હૈં કિ) જુઓ !

આમાં (આમ) કહ્યું છે.... બારમાં (-બારમી ગાથામાં વ્યવહારનો) ઉપદેશ કહ્યો છે.... આનો ઉપદેશ કહ્યો છે. ".... इसलिये उसका उपदेश है" यह कहते हैं.... લ્યો ! (સંસ્કૃતમાં) એટલું છે કે, केषांचित्कदाचित्सोऽपि प्रयोजनवान् । બસ, મૂળમાં (-સંસ્કૃત ટીકામાં આટલું છે, પછી ભાવાર્થકારે વિસ્તાર કર્યો છે).

सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं ।
ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे ।।१२।।

देखे परम जो भाव उसको, शुद्धनय ज्ञातव्य है ।
ठहरा जु अपरमभावमें, व्यवहारसे उपदिष्ट है ।।१२।।

યે 'व्यवहारसे उपदिष्ट'.... (કહા હૈ) ઉસમેં (અજ્ઞાની) ગડબડ (કરતે હૈં કિ) પહેલો તો વ્યવહારનો ઉપદેશ દેવો.... અપરમભાવવાળાને વ્યવહારનો ઉપદેશ દેવો.

(સમાધાન :) ઉપદેશ દેવાની વ્યાખ્યા (-વાત) જ નથી. અહીં તો, એ તો (એવો) શબ્દ (મૂક્યો છે, કેમ કે ગાથા એ) પદ્ય છેને ? તો પદ્ય છે (તેમાં શબ્દોની મર્યાદા હોય છે, ઇસલિયે) ઐસા કહા હૈ. વ્યવહારનો ઉપદેશ એટલે કથન (અને) 'કથન'કા અર્થ, વહ (વ્યવહાર) જાનનેલાયક હૈ ઐસા જાનના—યૂં (કહતે હૈ). સમજમેં આયા ? યે અર્થ ટીકાકાર અમૃતચંદ્રાચાર્યને બહુત સરસ કિયા હૈ.

अन्वयार्थ :—जो शुद्धनय तक पहुंचकर श्रद्धावान हुए तथा पूर्ण ज्ञान-चारित्रवान हो गये.... દેખો ભાષા ! યહાં (-૧૧વીં ગાથામેં) તો 'શુદ્ધનય' દ્રવ્યકો કહા થા ભાઈ ! પણ યહાં તો शुद्धनय तक पहुंचकर.... (અર્થાત્) પર્યાય પૂર્ણ (શુદ્ધ) હુઈ ઉસકો 'શુદ્ધનય પૂર્ણ હુઆ'—ઐસા યહાં કહનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ? નહીં તો, પહલે (-૧૧વીં ગાથામેં) તો (ઐસા) કહા થા કિ 'શુદ્ધનય ભૂતાર્થ હૈ'.... દ્રવ્ય જો હૈ વહ એક હી સત્ય હૈ.

અબ, યહાં યે કહના હૈ કિ 'વ્યવહાર જાનનેલાયક હૈ'—યે બતાના હૈ ઔર વ્યવહારકા વિષય 'અસ્તિ' હૈ.... વ્યવહારકા વિષય 'હૈ', 'નહીં હૈ' ઐસા નહીં. ઉસમેં (-૧૧વીં ગાથામેં) તો નિકાલ દિયા થા કિ વ્યવહાર 'હૈ હી નહીં', (વહ) ગૌણ કરકે વ્યવહાર 'નહીં હૈ' —ઐસા કહા થા. યહાં અબ, ધર્મીકો ભી જબ તક

શુદ્ધનયકે (વિષયકા) પૂર્ણ આશ્રય કરકે પૂર્ણ (શુદ્ધ) પર્યાય પ્રગટ (ન હુઈ).... શુદ્ધનયકે વિષયકા (આશ્રય લેકર) પૂર્ણ કેવલજ્ઞાન ન હુઆ તબ તક (વ્યવહાર હૈ ઔર ઉસકો યહાં) 'શુદ્ધનય પૂર્ણ પ્રગટ ન હુઆ'—ઐસે કહનેમેં આતા હૈ. લ્યો ! સમજમેં આયા ?

(૧૧વીં ગાથામેં) 'શુદ્ધનય' તો ભૂતાર્થ વસ્તુકો કહા, પણ ઐસી જો 'સત્ય' વસ્તુ હૈ ઉસકી સત્યતાકી પર્યાય પૂર્ણ (–પૂર્ણ શુદ્ધ પર્યાય) જબ લગ ન હો, તબ લગ 'શુદ્ધનય પૂર્ણ પ્રગટ હુઆ નહીં'—ઐસે કહનેમેં આતા હૈ. 'કહેવામાં આવે છે' એટલે કે એમ છે—એમ (સમજવું). સમજાય છે કાંઈ ? અહીં તો 'ઉપદેશ કહેવામાં આવે છે' એટલે કે જાણવું (અને જેવું) જાણવું છે એવું (વસ્તુસ્વરુપ) છે. (હિંદી ભાષામેં કહો તો) '(જૈસા) જાના ઐસા હૈ.' કહો, સમજમેં આતા હૈ ?

બારમી ગાથા.... અગિયાર ને બારમી (ગાથા)માં તકરાર.

કોઈ (અજ્ઞાની) કહે, 'અગિયારવીં ગાથા સમકિતકી હૈ, પણ વહ આઠવેં ગુણસ્થાનમેં (હોતા હૈ).'

કોઈ ફિર કહે, '(નિશ્ચય સમકિત) બારમા, તેરમા (ગુણસ્થાને હોય).'

(વળી કોઈ કહે), 'આ બારમી (ગાથા)માં વ્યવહારનો ઉપદેશ (આપવો એમ કહ્યું) છે.'

તો (વળી કોઈ કહે), 'પહેલા વ્યવહારનો ઉપદેશ ચોથે, પાંચમે (ગુણસ્થાને) દેવો અને શુદ્ધનય પૂર્ણ થાય ત્યારે એને (શુદ્ધનય જાણવા યોગ્ય છે).'

(સમાધાન :) શુદ્ધનય(વાળા)ને ઉપદેશ શું દેવો ? એ તો પૂર્ણ છે. અહીં તો, શુદ્ધનયનો વિષય જે ધ્રુવ છે એની પૂર્ણ એકાગ્રતા થઈ ગઈ અને જહાં અબ પર્યાયમેં શુદ્ધનયકા (પૂર્ણ આશ્રય હૈ તો અધિક) આશ્રય લેના રહા નહીં.... આશ્રય લેના રહા નહીં (અર્થાત્) પર્યાયમેં પૂર્ણતા પ્રાપ્ત હો ગઈ હૈ, ઉસકો 'શુદ્ધનય પૂર્ણ પ્રાપ્ત હુઆ'—ઐસા કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

છેને એ ? આપણે (પાના નં) ૨૭૩ (અને)૨૭૪ (—એ બે જગ્યાએ) છે આમાં ? ૨૭૩ (અને) ૨૭૪ છેને ? આમાં (સમયસાર શ્લોક ૧૨૦ અને ૧૨૧ના ભાવાર્થમાં) છે હોં....

(કળશ ૧૨૦ :) 'साक्षात् शुद्धनय तो केवलज्ञान होने पर होता है'.... યે બાત હૈ. ૧૭૮ ગાથા (પછી શ્લોક ૧૨૦ છે) એનો ભાવાર્થ પાછળ છેને છેલ્લો ? છેને ? હિન્દીમેં તો ૨૭૩વાં પન્ના હૈ. ઔર ઉસમેં ૧૭૮ ગાથા.... ૧૭૮ ગાથા, ઉસકે આખિરમેં ૧૨૦ કળશ.... ૧૨૦ કળશ. કહો, (કળશનો નંબર જુઓ તો) પન્નેમેં ફેર (દેખના) હૈ નહીં ન ?.... ૧૨૦ કળશના પાનામાં ફેર હોય (તો પણ શું) ? એ (પાનું નંબર) ગમે તે, પણ ૧૨૦ કળશમાં ક્યાં (ફેર છે) ? જુઓ, ઐસે નીચે હૈ, દેખો ! તદ્દન આખિરકા (ભાવાર્થની છેલ્લી પંક્તિના) શબ્દ. 'साक्षात् शुद्धनय तो केवलज्ञान होने पर होता है....' હૈ શેઠિયા ? હાથમેં નહીં આયા (–નહિ મિલા ?) ઔર....

(કળશ ૧૨૧ :) (પાના નંબર) ૨૭૪, આખિર(કી પંક્તિ દેખો).... એ ૨૭૪મેં આખિર. 'केवलज्ञान होने पर साक्षात् शुद्धनय होता है....' ૧૨૧ કળશ. ૧૨૧ કળશકે (ભાવાર્થકી) આખિરકી લીટી. સમજમેં આયા ?

વહ અપેક્ષાસે યહાં કહા હૈ. ઐસે તો ભૂતાર્થ જો ત્રિકાલી વસ્તુ હૈ ઉસકો હી 'શુદ્ધનય' કહા હૈ. સમજમેં આયા ? પણ જબ લગ (સ્વભાવકા) આશ્રય પૂર્ણ ન હુઆ.... પૂર્ણ આશ્રય ન હુઆ, તો પૂર્ણ (શુદ્ધ) પર્યાય નહીં હુઈ. તો તબ લગ 'શુદ્ધનયકી પૂર્ણ પ્રાપ્તિ હુઈ નહીં' ઐસે કહનેમેં આતા હૈ. ભારે વાત. સમજમેં આયા ? છે ? સમજમેં આયા કિ નહીં ?

યહાં તો કહતે હૈં કિ शुद्धनय तक पहुंचकर श्रद्धावान हुए.... शुद्धनय तक पहुंचकर.... દેખો ભાષા ! श्रद्धावान हुए तथा पूर्ण ज्ञान-चारित्रवान हो गये.... દેખો ભાષા ! (કિ) शुद्धनय तक पहुंचकर.... चारित्रवान हो गये.... એટલે કે પૂર્ણ ચારિત્ર—વીતરાગતા ને કેવલજ્ઞાન હો ગયા. उन्हें तो शुद्ध (आत्मा)का उपदेश (आज्ञा) करनेवाला शुद्धनय.... એટલે કે ઉસકો (શુદ્ધનય) જાનને લાયક હૈ, બસ. ઉસકો (ઔર) આશ્રય કરના રહા નહીં, (માત્ર) જાનતે હૈં. સમજમેં આયા ?

(કેવલી), શ્રુતજ્ઞાનકે અવયવ(ભૂત નિશ્ચયવ્યવહારપક્ષકા સ્વરુપ) હૈં ઉસકો જાનતે હૈં—ઐસા આતા (–કહા) હૈન ? ૧૪૩ (ગાથા)માં. કેવલી હૈં વે તો શુદ્ધનયકો જાનતે હૈં (—ઐસા) વહાં આતા હૈ ભાઈ ! ૧૪૩. ૧૪૩ (ગાથા)માં કર્તા-કર્મ (અધિકારમાં). કેવળી સાથે (શ્રુતજ્ઞાનીને) મેળવ્યુંને ? કે કેવળી છે એ શુદ્ધનયને જાણે છે—એમ (ત્યાં કહ્યું છે). 'જાણે છે' એટલે કે.... (જો કે) એને (–કેવળીને) નય છે જ નહીં, (પણ) એ તો જાણે છે કે પ્રમાણ (તેમ જ નયનું સ્વરૂપ આવું) છે—એમ (કહેવું છે). સમજમેં આયા ?

૧૪૩ ગાથામેં શ્રુતજ્ઞાનકા ન્યાય દિયા હૈ મૂળ શ્લોકમેં (–ગાથામેં ઔર ટીકામેં) (અર્થાત્) કેવલીકે સાથ (શ્રુતજ્ઞાનીકો) અમૃતચંદ્રાચાર્યને મિલાયા હૈ. તો કેવલજ્ઞાની ભી.... સમજમેં આયા ? શ્રુત(જ્ઞાન)કા અવયવ ઐસે નયકો જાનતે હૈં. 'જાનતે હૈં'કા અર્થ ? કિ ઉસમેં (–કેવલજ્ઞાનમેં) નય હૈ (ઔર જાનતે હૈ —ઐસા) નહીં. ભારે વાત ભાઈ !

परमभावदरिसीहिं.... જબ (જ્ઞાન)પર્યાય પૂર્ણ પ્રગટ હો ગઈ, (તબ) ઉસકો તો કોઈ નયા જાનનેલાયક (નહીં) રહા (અર્થાત્) કોઈ ભેદ (ન જાના હો ઐસા) રહા નહીં (તથા ઔર અધિક) આશ્રય (લેના) રહા નહીં. ઉસકો 'શુદ્ધનય પૂર્ણ પ્રાપ્ત હો ગયા'—ઐસા કહના હૈ. સમજમેં આયા ? અમરચંદભાઈ ! આહાહા ! અરે ! ભગવાન.... અરે ! (ગાથાકા ઐસા) સીધા અર્થ હૈ, (પણ) સમજમેં ખ્યાલ કરે તો જાને.

और जो जीव अपरमभावमें.... દેખો ! अपरमभावमें अर्थात् श्रद्धा तथा ज्ञान-चारित्रके पूर्ण भावको नहीं पहुंच सके.... વસ્તુકા દ્રવ્યસ્વભાવ.... જ્ઞાયક ભગવાન હૈ ઉસકા આશ્રય લેકર (સમ્યક્)દર્શન હુઆ.... જ્ઞાન હુઆ.... ચારિત્ર હુઆ, પણ પૂર્ણ ચારિત્ર નહીં (હુઆ), પૂર્ણ જ્ઞાન (તક) નહીં પહુંચ શકે, (તો) સાધક-અવસ્થામેં હી હૈ. જબ લગ અભી સાધક હૈ (તબ તક વ્યવહાર હોતા હૈ). સાધ્યપર્યાય.... શુદ્ધનયકી પ્રાપ્તિ પર્યાયમેં પૂર્ણ નહીં હુઈ કિ જહાં વ્યવહાર રહતા નહીં. 'પૂર્ણ પ્રાપ્તિ'કા અર્થ જહાં વ્યવહાર રહતા નહીં. સમજમેં આયા ?

મલુકચંદભાઈ ! સમજાય છે કે નહીં ? તમે વાંચતા હતાને પહેલા અમદાવાદમાં ? આ તમારે મુખ્ય પંડિત તો એ હતા. પણ ક્યાં આવું વાંચતા હશે

આ પ્રમાણે ? લ્યો ! દાંત કાઢે છે. ચંદુભાઈ આવ્યા હવે તમારે. કહો, સમજાય છે કાંઈ ?

ક્યા કહતે હૈં ? દેખો. *'अपरमभावमें.... स्थित'*કા અર્થ સાધકપના તો પ્રગટ હુઆ હૈ.... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ હુઆ હૈ, (પરંતુ) પૂર્ણ નહીં હુઆ હૈ.... પૂર્ણ કેવળજ્ઞાન નહીં હુઆ. જયસેન આચાર્યે, ભાઈ !....

| જયસેન આચાર્યે | અમૃતચંદ્ર આચાર્યે |
| --- | --- |
| (૧) નિર્વિકલ્પ દશામેં (નહિ—ઐસે સાધકકો 'અપરમ ભાવ') લિયા હૈ. ઠીક, એ તો (અપેક્ષાએ વાત છે) | (૧) આમણે તો પૂર્ણ (દશાની) વાત લીધી છે.... અહીંયા તો પૂર્ણ(દશા નથી એ બધાને 'અપરમ ભાવ' કહ્યો છે). |
| (૨) (સાધકકો જબ) નિર્વિકલ્પ અનુભવ સાથમેં (–સહિત) હૈ તબ વિકલ્પકે જ્ઞાનસે (–વ્યવહારકે જ્ઞાનસે) ક્યા લેના-દેના—એમ લિયા હૈ. | (૨) પણ યહાં કહના હૈ કિ પૂર્ણ પર્યાય...પૂર્ણદશા... (પૂર્ણ)શુદ્ધનયકી પ્રાપ્તિ ન હુઈ તબ લગ (જીવ) સાધક (દશા)મેં હૈ.... ચૌથે, પાંચવેં, છઠવેં, સાતવે (ગુણસ્થાન આદિ અપૂર્ણ દશામેં હૈ) તો (વ્યવહાર) હૈ. |

સમજે ?

(*अपरमभावमें....*) *स्थित हैं वे व्यवहार द्वारा उपदेश करने योग्य हैं....* ઉસકે અર્થમેં (અજ્ઞાનીકો) વાંધા હૈ. ઉસકા (અર્થ) ટીકાકાર કરેંગે. 'વ્યવહાર દ્વારા ઉપદેશ કરને લાયક'કા અર્થ 'ઉપદેશ કરના' વહ નહીં હૈ, (પરંતુ) યે વ્યવહારનયસે જાનને લાયક હૈ કિ 'મેરી પર્યાયમેં કમજોરી હૈ, નિર્મલતા.... શુદ્ધતા અલ્પ હૈ, રાગાદિ હૈ'.

જિતના વ્યવહારકા (–અશુદ્ધતાકા) એક-એક અંશ ભિન્ન-ભિન્ન દિખતે હૈં ઉસકો વ્યવહારનય કહતે હૈં (ઔર) ઉસકો જાનના કિ ઇતના (વ્યવહાર —અશુદ્ધતા) હૈ.... 'મેરી પર્યાય(મેં) ઇતની (શુદ્ધિ) પ્રગટ હુઈ હૈ ઔર ઇતના રાગ હૈ.' ઉસકો (જાનના ઉસકા નામ) વ્યવહારનય જાનને લાયક હૈ.

(સાધક જીવકો), 'तदात्वे'.... કાળે.... તે કાળે.... તે કાળે.... જબ જબ.... સમય-સમયમેં (જિતની અશુદ્ધિ હૈ વહ જાનને લાયક હૈ)—એમ કહતે હૈં. સમય-સમયમેં શુદ્ધિ બઢતી હૈ (ઔર) રાગ ઘટતા હૈ, તો તે તે કાળે જિતની શુદ્ધિ ઔર રાગ હૈ, ઉસ કાલમેં વહ વ્યવહારનય.... ભેદ જાનને લાયક હૈ, બસ. સમજમેં આયા ?

શ્રોતા : એનો અર્થ વ્યવહારનો ઉપદેશ.....

પૂજ્ય ગુરુદેવશ્રી : એનું નામ (વ્યવહારનો) ઉપદેશ એટલે કે એનું વાચ્ય આ છે—એમ (કહેવું છે). 'બંધકથા' (શબ્દ) નથી આવતો ? (ગાથા-૩). (તો શું) બંધકથાનું કામ છે ત્યાં ? બંધભાવનું (–બંધભાવ કહેવો છે). એમ અહીં એનો (–વ્યવહારનો) ઉપદેશ.... તો, ઉપદેશનું કામ છે ? એ વ્યવહારને જાણવાનું કામ અહીં બતાવ્યું છે. સમજમેં આયા ?

જો કોઈ साधक अवस्थामें ही स्थित हैं वे.... [व्यवहारदेशिताः] એટલે કે વ્યવહાર જાનના.... (વ્યવહાર) જાનને લાયક ઉસકો (–સાધકકો) હૈ.... વ્યવહાર જાનના ઉસકો પ્રયોજનવાન હૈ, ક્યોંકિ (સાધકકો) વ્યવહાર હૈ. કહો, સમજમેં આયા ? ભારે અટપટી વાતું માણસને લાગે. અટપટી નથી હોં, બહુત સરળ.. સરળ છે. પણ પોતાની મતિએ ઉલ્ટા (અર્થ) કરીને એવા ગોટા વાળ્યા છેને ! ગોટા.. ગોટા.. હવે એની....

टीका :—जो पुरुष....

'पुरुष' ને ? સ્ત્રી નહીં ?

એક ન્યાયસે પુરુષકો હી ઉત્કૃષ્ટ ભાવ પ્રગટ હોતા હૈ, પણ અહીં તો ('पुरुष' અર્થાત્) આત્માની વાત છે. કહો, સમજાણું કાંઈ ? પણ આ તો પુરુષકો હી કેવલ(જ્ઞાન).... પૂર્ણતા હોતી હૈન ? પણ એ (અર્થમાં અહીં 'पुरुष') શબ્દ નથી, અહીં 'पुरुष' શબ્દે આત્મા.

જે કોઈ આત્મા.... अंतिम पाकसे उतरे हुए.... દ્રષ્ટાંત આપશે હોં હજી. अंतिम पाकसे.... વહ સોનાકો પાક દેતે હૈંન ? સોના.... સોના. આંચ દેતે હૈંન અગ્નિકા ? अंतिम पाकसे उतरे हुए शुद्ध सुवर्णके समान.... અકેલા સો ટચ સોના

હો ગયા. 'સો ટચ' કહતે હૈંન ? સોળવલા. ક્યા કહતે હૈં તુમ્હારે ભૈયા ? સો ટચ. अंतिम पाकसे उतरे हुए शुद्ध सुवर्णके समान (वस्तुके) उत्कृष्ट भावका अनुभव करते हैं..... દેખો ! (वस्तुके) उत्कृष्ट भाव.... દેખો ! યહાં 'ઉત્કૃષ્ટ ભાવ' આયા.... (કોઈ કહે છે કે) 'पर आकारेणं (પર્યાય થાય છે', પણ એમ નથી). લ્યો ! અહીંયા (એ યાદ) આવી ગયું વળી. સમજમેં આયા ?

उत्कृष्ट भावका अनुभव करते हैं.... કેવલજ્ઞાન.... કેવલદર્શન.... પૂર્ણ આનંદ, પૂર્ણ વીર્ય(દશા.... કિ) જિસમેં વ્યવહાર-ભેદ રહા હી નહીં (ઐસી) અકેલી પૂર્ણ દશા હો ગઈ. જૈસે 'સત્' ભૂતાર્થ (દ્રવ્ય) પૂર્ણ હૈ, ઐસે પર્યાયમેં પૂર્ણતા આ ગઈ. સમજમેં આયા ? ઉસકા अनुभव करते हैं उन्हें.... યે સોનાકા દ્રષ્ટાંત હૈ હોં પહલે. જિસકો સોળવલે સોના (પ્રાપ્ત) હો ગયા, ઉસકો તેરવલા-ચૌદવલા(રૂપ અપૂર્ણ સોના) તો હૈ નહીં. उन्हें प्रथम, द्वितीय आदि पाकोंकी परम्परासे पच्यमान अशुद्ध स्वर्णके समान जो अनुत्कृष्ट मध्यम भाव हैं उनका अनुभव नहीं.... લ્યો ! સમજમેં આયા ?

જો, સુવર્ણકે સમાન, શુદ્ધ હો ગયા પૂર્ણ, ઐસે આત્માકો प्रथम, द्वितीय आदि पाकोंकी परम्परासे पच्यमान.... अशुद्ध स्वर्णके समान जो अनुत्कृष्ट मध्यम भाव हैं.... લ્યો ! (જિસકો) ઉત્કૃષ્ટ (ભાવ) હો ગયા, ઉન્હેં તો પ્રથમ આદિ અનુત્કૃષ્ટ.... મધ્યમ ભાવકા અનુભવ નહીં હોગા. (જિસકો) સોળવલા (સોના પ્રાપ્ત) હો ગયા, ઉસકો તેરવલા, ચૌદવલા ખ્યાલમેં (-અનુભવમેં) આયેગા ? (નહીં), પૂર્ણ હો ગયા ફિર ક્યા ? ઐસે આત્માકી પૂર્ણ દશા હો ગઈ, ઉસકો યહાં અપૂર્ણ દશા ખ્યાલમેં (-અનુભવમેં) રહેગી ? (નહીં), પણ હૈ હી નહીં ન ? (ઉસકો) અપૂર્ણતાકા અનુભવ હૈ હી નહીં, પૂર્ણતાકા અનુભવ હૈ. સમજમેં આયા ?

प्रथम, द्वितीय आदि पाकोंकी परम्परासे पच्यमान.... अशुद्ध स्वर्णके समान जो अनुत्कृष्ट मध्यम.... એ તો (સંસ્કૃત ટીકામાં) એક જ શબ્દ છેને કે મધ્યમ ? अपरम.... अपरम.... (અર્થાત્) અનુત્કૃષ્ટ અથવા મધ્યમ. ('अपरम' એટલે) પરમ નહીં.... લ્યો ! ઇતના લ્યો.

શ્રોતા : પૂર્ણ નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : પૂર્ણ નહીં. પૂર્ણ પર્યાય જિસકો પ્રગટ હુઈ નહીં ઔર હજી પર્યાય અપૂર્ણ શુદ્ધ હૈ.... અપૂર્ણ શુદ્ધ હૈ ઔર રાગ ભી સાથમેં હૈ. તો કહતે હૈં, अनुत्कृष्ट मध्यम भाव हैं उनका अनुभव नहीं होता.... પૂર્ણદશા પ્રગટ થઈ ગઈ.... જ્યાં કેવળજ્ઞાન આદિ પરમાત્મ દશા (પ્રગટી ત્યાં) એને મધ્યમદશા હૈ નહીં તો (મધ્યમદશાકા) અનુભવ કહાંસે હો ? હૈ નહીં તો (ઉસકા અનુભવ) કહાંસે હો ?—એમ કહતે હૈં. સમજમેં આયા ?

કથન પદ્ધતિ તો ઐસી હૈ દેખો ! કિ ઉસમેં (મધ્યમભાવ) નહીં હૈ....

'નહીં હૈ'કા અર્થ ?

પૂર્ણતા (પ્રગટ હુઈ) હૈ ઉસમેં અપૂર્ણપના કહાં રહા અબ ? ભગવાન આત્મા પૂર્ણ શુદ્ધ સ્વરૂપ હૈ ઉસકા આશ્રય પૂર્ણ હો ગયા (અર્થાત્) પહલે આશ્રય લિયા તો સમ્યગ્દર્શન હુઆ, બાદમેં (વિશેષ) આશ્રય લિયા તો ચારિત્ર હુઆ. પણ જહાં આશ્રય પૂર્ણ હો ગયા.... શુદ્ધ(દ્રવ્ય)કા પૂર્ણ આશ્રય હો ગયા તો પર્યાયમેં પૂર્ણતા (માને) શુદ્ધનયકા વિષય પૂર્ણ આ ગયા.... પ્રાપ્ત હો ગયા. બાદમેં વ્યવહાર (–રાગાદિ) પર્યાયમેં ભી રહા નહીં. સમજમેં આયા ?

अशुद्ध स्वर्णके समान जो अनुत्कृष्ट मध्यम भाव हैं उनका अनुभव नहीं होता; इसलिए, शुद्धद्रव्यको कहनेवाला....

એટલે ? 'शुद्धद्रव्यको कहनेवाला'.... એટલે ?

શુદ્ધદ્રવ્યકો જાનનેવાલી પૂર્ણદશા (ઔર વહ) હોનેકે કારણ जिसने अचलित अखण्ड एकस्वभावरूप एक भाव प्रगट किया है ऐसा शुद्धनय ही, सबसे उपरकी एक प्रतिवर्णिका.... समान होनेसे, जाननेमें आता हुआ प्रयोजनवान है....

ક્યા કહતે હૈ ? શબ્દાર્થ કરીએ હવે. આપણે એકદમ બોલી ગયાને.

કહતે હૈં કિ જિસકો પૂર્ણ શુદ્ધ(દ્રવ્ય)કી પર્યાય પૂર્ણ પ્રગટ ન હુઈ ઉસકો તો વ્યવહાર (જાનનેમેં આતા હુઆ ઉસ કાલ પ્રયોજનવાન હૈ). (વહ બાત) પીછે કહેંગે. પણ શુદ્ધતા પૂર્ણ હો ગઈ ઉસકો તો અપૂર્ણતા હૈ નહીં. जिसने....

ક્યા કહા ?

કિ शुद्धद्रव्यको જાનનેવાલા.... 'कहनेवाला'કા અર્થ ('જાનનેવાલા' હૈ અર્થાત્) શુદ્ધદ્રવ્યકી પર્યાય પૂર્ણ હો ગઈ ઉસકો अचलित अखण्ड.... દેખો ! एकस्वभावरूप एक भाव प्रगट किया है....—ઐસા લિયા હૈ ભાઈ ! કિ 'प्रगट किया' હૈ.

ભાષા જુઓ ! વહ શુદ્ધ ધ્રુવ વસ્તુ તો થી, પણ ઉસકે (પૂર્ણ) આશ્રયસે પર્યાયમેં એક હી પ્રકારકા ભાવ.... કેવલજ્ઞાન, અખંડ આનંદ (આદિ) એકરૂપ ભાવ રહ ગયા. વિશ્વરૂપ.... અનેક પ્રકારકા શુભાશુભ ભાવ.... જો પર્યાયમેં રાગ થા યે રહા નહીં. આહાહા ! સમજમેં આયા ?

जिसने.... जाननेमें आता हुआ.... એમ.

जिसने.... શું (કર્યું) ?

अचलित अखण्ड एकस्वभाव.... પર્યાય(કી બાત હૈ) હોં.... एक भाव प्रगट किया है.... अचलित.... ચલે નહીં, अखण्ड ને एकस्वभावरूप ભાવ.... एक भाव.... પૂર્ણ શુદ્ધભાવ પર્યાયમેં प्रगट किया है.... સમજમેં આયા ? (—ઐસે) કેવલજ્ઞાની. 'શુદ્ધનય' તો ધ્રુવ હૈ, પણ તેને આશ્રયે જેણે પૂર્ણ એકરૂપ સ્વભાવ પ્રગટ કર્યો છે (તેને) હવે અનેકપણું રહ્યું નથી (એવા કેવળજ્ઞાની). સમજમેં આયા ? શુદ્ધદ્રવ્ય એકરૂપ હૈ.... વસ્તુ તો એકરૂપ હૈ, પણ ઉસકે આશ્રયસે પર્યાયમેં જિસને એકરૂપ (ભાવ) પ્રગટ કિયા હૈ. સમજમેં આયા ? આહાહા !

अचलित अखण्ड एकस्वभावरूप एक भाव प्रगट किया है ऐसा शुद्धनय ही.... દેખો ! યહાં પર્યાયકો 'શુદ્ધનય' કહા હૈ. सबसे उपरकी एक प्रतिवर्णिका.... समान.... 'સોળવલું'—એમ (કહે છે). એક-એક (વલું) શુદ્ધ થતાં-થતાં પૂર્ણ (શુદ્ધ) થઈ ગયું. जाननेमें आता हुआ प्रयोजनवान है.... વહ તો જાનતે હૈં.... બસ, થઈ રહ્યું. કેવળજ્ઞાન હુઆ.... પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ હુઈ.... અચલ એકરૂપ ભાવ પ્રગટ હુઆ તો સબ જાનતે હૈં.—ઇતના (કહના હૈ). (વહાં) વ્યવહાર હૈ નહીં. શુદ્ધનય પૂર્ણ હુઆ, તો કહતે હૈં 'જાનતે હૈં'—ઐસે કહનેમેં આયા હૈ. સમજમેં આયા ? ન સમજ(મેં આયે) તો પૂછના રાત્રિકો. અત્યારે ભી પૂછ સકતે હૈં. આહીં કાંઈ (વાંધો નથી). સમજમેં આયા ?

જુઓ ! शुद्धद्रव्यको कहनेवाला होनेसे.... આહાહા ! ભારે વાત ભાઈ ! શુદ્ધદ્રવ્યકો કહના હૈ (તો ક્યા) દ્રવ્યકો.... શુદ્ધદ્રવ્યકો 'કહના' હૈ ? (નહીં). દ્રવ્ય તો ત્રિકાલી હૈ, પણ વહ ત્રિકાલીકે આશ્રયસે પૂર્ણ પર્યાય (પ્રગટ) હુઈ તો વહ ભી શુદ્ધદ્રવ્યકો કહનેવાલી.... જાનનેવાલી હો ગઈ (ઔર) ઉસકો વ્યવહાર હૈ નહીં. (ક્યોંકિ) અનુત્કૃષ્ટ મધ્યમ ભાવ હૈ નહીં, પૂર્ણતા હો ગઈ, ખલાસ. વે (–કેવલી) તો જાનનેવાલે હો ગયે.... જ્ઞાતા હો ગયે ત્રણ કાળ ત્રણ લોકકે, બીચમેં (–સાથમેં) નયકે ભી જ્ઞાતા હો ગયે. ભારે ભાઈ ! સમજમેં આયા ?

सबसे उपरकी एक प्रतिवर्णिका....—એમ (કહ્યું). 'उपरकी' (એટલે) આખિરમાં આખિર.... પૂર્ણ શુદ્ધ. જેમ સોના આખિરકા.... સો ટકેકા (–પ્રતિશત) હો ગયા ન ? (સોના) નિર્મલ હોતે.. હોતે.. હોતે.. હોતે પૂર્ણ (શુદ્ધ હો ગયા), ઐસે (પર્યાય) નિર્મલ હોતે.. હોતે.. કેવલજ્ઞાન, કેવલદર્શન, પૂર્ણ આનંદ હો ગયા. ઉસકો (–કેવલીકો) તો (વે પર્યાય) જાનને લાયક રહ ગઈ. બસ, ખલાસ. एक भाव प्रगट किया है ऐसा शुद्धनय ही.... ભાષા દેખો ! પર્યાયકો યહાં 'શુદ્ધનય' કહા હૈ. ત્રિકાલી (દ્રવ્ય) તો ('શુદ્ધનય') હૈ. સમજમેં આયા ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એ કાંઈક.. કાંઈક.. (—એમ નહિ). બરાબર એને લાગુ પડે ઐસા (અર્થ) હોના ચાહિયે ન ? અમરચંદભાઈ !

(૧) એક ઠેકાણે (–૧૧મી મૂળ ગાથામાં કહે), 'શુદ્ધનય' તે ભૂતાર્થ (દ્રવ્ય)....
(૨) બીજે ઠેકાણે (–કળશ ૧૨૦/૧૨૧ના ભાવાર્થમાં કહે), 'શુદ્ધનય'.... તે કેવલજ્ઞાન થતાં શુદ્ધનય પ્રગટ કિયા (–થયો).... 'શુદ્ધનય' પ્રગટ કિયા.
(૩) (ત્રીજે ઠેકાણે ૧૧મી ગાથાની ટીકામાં કહે) વહ (શુદ્ધનય) તો પ્રગટ હોતા નહીં, વહ (–'શુદ્ધનય') તો ધ્રુવરૂપ હૈ.

વજુભાઈ ! આહાહા ! અલૌકિક પદ્ધતિ ! ભાઈ ! જિસકો (અબ અધિક) આશ્રય (લેના) રહા નહીં, ઉસકો 'શુદ્ધનય પૂર્ણ પ્રગટ હો ગયા'—ઐસે કહનેમેં આતા હૈ. આહાહા ! સમજમેં આયા ?

આહીં (આત્મખ્યાતિ ટીકામાં) તો <u>કેવળજ્ઞાન (દશામાં 'શુદ્ધનય' છે</u>—એમ) લીધું છે હોં.... અમૃતચંદ્રાચાર્યે પૂર્ણ(દશાની વાત) લીધી છે, (જ્યારે) જયસેન આચાર્યે <u>અપ્રમત્ત (દશામાં 'શુદ્ધનય' છે</u>—એમ) લીધું છે. આહીં તો ઉત્કૃષ્ટ વાત છે.... અમૃતચંદ્રાચાર્ય (ઉત્કૃષ્ટ વાત કરે) છે. એનું કારણ છે, કે (કેવળજ્ઞાન થયા) પછી કંઈ ભેદ જ નથીને ? (અને) પાછું પડવું પણ નથી. સમજાય છે ?

(જીવ) સાતમા (ગુણસ્થાન)માંથી વળી પાછો પણ આવે છઠ્ઠે (ગુણસ્થાને, જ્યારે) આ (-કેવળજ્ઞાન થતાં) તો એકદમ પૂર્ણ (દશા) થઈ ગઈ. ખલાસ.... પછી એને વ્યવહાર આવતો જ નથી. એવા જીવને જે પૂર્ણતા થઈ છે તેને એણે જાણી (-જાણવાની) છે.... જાણ્યું (-જાણવું રહ્યું) છે. બસ, થઈ રહ્યું.... એને 'શુદ્ધનય' જાણવાલાયક થઈ ગયો છે.

'દ્રવ્ય છે' એવું જાણવાલાયક છે (તેમ જ) જેવું દ્રવ્ય ત્રિકાળી (શુદ્ધ) છે એવી પર્યાય શુદ્ધ થઈ તે (પણ) જાણવાલાયક થઈ ગઈ. ખલાસ.... સમજમેં આયા ? ('શુદ્ધનય') જાનનેલાયક હો ગયા. થોડા-થોડા ગુજરાતી આ જાતા હૈ, દેખો ! (ક્યોંકિ જહાં ભાવ) ખ્યાલમેં આતા હૈ.... જ્યાં વિચાર કરવા જાઈએ, ત્યાં ભાષા (સહેજે) ગુજરાતી થઈ જાય છે. પણ (આ ગાથા) ઘણીવાર વંચાઈ ગઈ છે, તમે ન હો એટલે (તમને નવું લાગે). સમજમેં આયા ?

શ્રોતા : ....આ ૧૧મી ગાથાકા આધાર દેતે હૈં, (પણ) ૧૨મી (ગાથા)કા નહીં દેતે.

પૂજ્ય ગુરુદેવશ્રી : આ બારમી (ગાથાકા આધાર) દેતે હૈંન ? યહ ક્યા દેતે હૈં ? યહ બારહવીં (ગાથા નહીં હૈ) તો ક્યા હૈ ? યે બારહવીં (ગાથા)કા (ખુલાસા) કહતે હૈં.... સ્પષ્ટ કરતે હૈંન ? કિ અગિયારવી (ગાથામેં) ભૂતાર્થકી.... એકકી હી બાત કહી થી (તથા) પર્યાય ઔર રાગકો અભૂતાર્થ કહકર 'જૂઠા' કહા થા. ઉસકો યહાં 'સચ્ચા હૈ'—ઐસા કહા હૈ. વ્યવહાર 'સચ્ચા' નામ (-અર્થાત્) 'હૈ'—એમ (કહેવું છે). 'હૈ'....

શ્રોતા : ખોટા તરીકે તો હોયને.... ?

પૂજ્ય ગુરુદેવશ્રી : 'ખોટા' (-અભાવ) નહીં, 'હૈ'. પર્યાય તરીકે 'હૈ'.... રાગ તરીકે 'હૈ'.... ભેદ તરીકે 'હૈ'. તો 'હૈ' ઉસકો જાનના ઉસકા નામ વ્યવહારનયકા પ્રયોજન હૈ. પણ એને (-અજ્ઞાનીને) ખબર ન પડે કે વ્યવહાર શું

(કરવા અહીં ૧૨મી ગાથામાં) પ્રયોજનવાન (કહ્યો) છે. આ (૧૧મી ગાથામાં) તો (શુદ્ધનયને) ભૂતાર્થ કહ્યો'તો (અને વ્યવહારનયને ગૌણ કર્યો હતો, એટલે એ) ભાવ બાકી રહી ગયો'તો. વહ બારહવીંમેં ('હૈ'—ઐસા કહકર) સંધિ કર દિયા. પ્રમાણ.... પ્રમાણ (જ્ઞાનકા વિષય) આખા (પૂરા) કર દિયા.

નિશ્ચય વહ (ભૂતાર્થ) હૈ (ઔર) પર્યાય અપૂર્ણ હૈ વહ જાનનેલાયક (વ્યવહાર) હો ગઈ. પ્રમાણ.... પ્રમાણ(જ્ઞાન) હો ગયા. વહ ક્રમે-ક્રમે અકેલા કેવલજ્ઞાન હો જાયેગા. પીછે વ્યવહાર (યા) નિશ્ચય.... કોઈ નય રહતા નહીં. નિશ્ચયકા (પૂર્ણ આશ્રય હો ગયા તો ઓર અધિક) આશ્રય કરના નહીં રહા (તથા) યહાં (પર્યાયમેં) અપૂર્ણતા નહીં રહી.... પૂર્ણતા હો ગઈ. સમજમેં આયા ? ઓહોહો !

ક્યા કહા સમજમેં આતા હૈ ?

કિ અગિયારવીં ગાથામેં (ઐસા) કહા થા કિ (હર) એક સમયમેં પૂર્ણ ધ્રુવ, એક અક્રિયબિંબ જ્ઞાયકસ્વભાવ હૈ વહી 'સત્' થા ઔર 'સત્' હૈ. ઔર પર્યાય 'અસત્ હૈ'—ઐસા કહા થા. યે (પર્યાયકો) ગૌણ કરકે 'અસત્' કહા થા, 'નહીં હૈ' ઐસા કહકર 'અસત્' નહીં કહા થા. વહ (બાત) યહાં સ્પષ્ટ કર દિયા કિ ધર્મીકો અપને સ્વભાવકા આશ્રય હુઆ હૈ તો સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ હૈ ઔર (યદિ) ચારિત્રકી પૂર્ણ દશા પ્રાપ્ત હો ગઈ, તો ઉસકો વ્યવહાર હૈ નહીં. તો યહાં વસ્તુ (ત્રિકાળી દ્રવ્ય હૈ વહ) નિશ્ચય હો ગઈ (–હૈ હી), (ઔર) પર્યાયમેં નિશ્ચય પૂર્ણ હો ગયા. સમજમેં આયા ?

તો, ઉસકો તો शुद्धनय ही, सबसे उपरकी एक प्रतिवर्णिका समान.... સોલવલા (સુવર્ણકે) સમાન પૂર્ણ હુઆ તો जाननेमें आता हुआ प्रयोजनवान है.... લ્યો ! परन्तु....

"કિન્તુ ને પરંતુ' કહતે-કહતે (કાનજીસ્વામી મૂલ) બાત (કહના) છોડ દેતે હૈં"—એમ (એક જણ) કહે છે.... (એણે પૂજ્ય ગુરુદેવશ્રીની) ટીકા કરી છે કે "દેવ-ગુરુ-શાસ્ત્રકી શ્રદ્ધાસે સમ્યગ્દર્શન હૈ'—ઐસા તો (કાનજીસ્વામીને) ભયના માર્યા (–ભયકે કારણ) કહ દિયા, ફિર 'કિન્તુ–પરંતુ' કહતે-કહતે ઉઠ ગયે."

ઘણા માણસો અપના પક્ષ સ્થાપનેકો (સત્યકો) કચડી-મરડીને કંઈક (ખોટી વાત કહે છે). અરે ભગવાન ! શું કરે છે ભાઈ ? આ કાંઈ વાદવિવાદનો વિષય નથી. સત્ય વસ્તુ ક્યા હૈ, ઔર કિસકે આશ્રયસે લાભ હોતા હૈ (વહ જાનના ચાહિયે) ઔર જિસકા આશ્રય ન લિયા વહ ચીજ (-અપૂર્ણ શુદ્ધતા) હૈ કિ નહીં ? 'હૈ'. તો વહ (ભી) જાનનેલાયક હૈ (ઔર શુદ્ધિ) પૂર્ણ હો ગઈ તો વહ (ભી) જાનનેલાયક હૈ—ઐસે કહા હૈ. સમજમેં આયા ? આમાં તકરારને ક્યાં સ્થાન છે ? કોણ છે કાંઈ.... ? (આચાર્યને) બહુત સરલ કર દિયા હૈ.

ભગવાન આત્મા.... કહતે હૈં કિ ભગવાન પૂર્ણ પ્રભુ.... અપના નિજ પરમાત્મા દ્રવ્ય-વસ્તુ હૈ ઉસકા આશ્રય કરનેસે (પ્રથમ) સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ, (ફિર આશ્રય) કરતે-કરતે પૂર્ણ આશ્રય હો ગયા (તો) પર્યાય પૂર્ણ હો ગઈ.... કેવલજ્ઞાન દશા, પૂર્ણ આનંદ, પૂર્ણ શાંતિ (પ્રગટ હો ગયે). બસ, વહ મોક્ષ. વહાં પૂર્ણ(દશા)મેં અપૂર્ણતા રહી નહીં ઔર અપૂર્ણકા અનુભવ નહીં હૈ તો પૂર્ણકા અનુભવ હૈ, તો વહાં 'શુદ્ધનય' પૂર્ણ પ્રગટ હો ગયા.

ઔર જબ લગ ઐસા પૂર્ણ અનુભવ ન હો ઔર સ્વકા આશ્રય તો લિયા હો.... સમજમેં આયા ? પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા પ્રગટ (હુઈ) ન હો (અર્થાત્) પરમાત્મદશા.... કેવળજ્ઞાનકી દશા.... પૂર્ણ(દશા પ્રગટ) હુઈ ન હો ઔર સ્વ ત્રિકાલી દ્રવ્યકા આશ્રય લિયા હો તો ઉસકો વ્યવહાર ક્યા (-કૈસા) હૈ ઉસકી બાત (અબ) કરતે હૈં.

અરે ભગવાન ! અરે ! તુને ઉસકે (-અપને) હિતકા રાસ્તા કભી સુના નહીં (ઔર) હૈરાન-હૈરાન હો ગયે ચાર ગતિમેં. દુઃખી.. દુઃખી.. દુઃખી.. દુઃખી.. સધન દુઃખી, નિર્ધન દુઃખી, દેવ દુઃખી, ભિખારી દુઃખી, કીડા દુઃખી, કુંજર દુઃખી, રાજા દુઃખી, રંક દુઃખી.... એમ હશે ? પણ પૈસાવાળાય દુઃખી ? તુમકો કરોડપતિ કહતે હૈં ન !


શ્રોતા : પૈસાવાળો હતો કે દિ' ?

પૂજ્ય ગુરુદેવશ્રી : હવે (તમને દુનિયા) 'કરોડપતિ' તો કહે છે શોભાલાલજી.. સોભાગચંદજી.. મોહનલાલજી.. લ્યો ! ધૂળમાંય સુખ નથી.

શ્રોતા : ..કાલે અડધો કલાક સુધી (શરીરની અસ્વથતાને કારણે પ્રવચનમાં આવવાનું મોડું થયું હતું).

પૂજ્ય ગુરુદેવશ્રી : કલ ૩૫ મિનિટ રુકના પડા, ભાવનાથી તોય.... આ શરીર ઐસી ચીજ હૈ. આ ધૂલ ચીજ ઐસી હૈ.... માટી હૈ, ભગવાન (આત્મા) તો એનાથી ભિન્ન તત્ત્વ હૈ ભગવાનસ્વરૂપ. અરે ! ઉસકી ખબર નહીં. શરીર નાશ હો જાયેગા, યે સંયોગ સબ બદલ જાયેંગે. વસ્તુ ભગવાન આત્મા તો અવિનાશી હૈ, ઉસકા તો નાશ નહીં હોગા. તો, ઉસકી જૈસી શ્રદ્ધા (ઔર) જ્ઞાન હોંગે, વે લેકર ચલા જાયેગા અગલે ભવમેં. જો સમ્યગ્દર્શન-જ્ઞાન આદિ સાથ લે લિયા.... પોતે (–સ્વયં) જૈસા હૈ ઐસે (શ્રદ્ધા-જ્ઞાન)પર્યાયમેં લે લિયા તો આગે બઢકર કેવલજ્ઞાન હો જાયેગા. સમજમેં આયા ?

વહ કહતે હૈં, સાધના કરતે કરતે જો (–યદિ) અપૂર્ણતા રહ ગઈ, તો 'અપૂર્ણતાકો જાનના પ્રયોજનવાન હૈ'—એમ કહતે હૈં, (પરંતુ) 'મૈં પૂર્ણ હો ગયા'—ઐસા જાનના નહીં. યૂં કહતે હૈં. વહ વ્યવહાર હૈ.... વહ વ્યવહાર હૈ. સમજમેં આયા ?




ક્યા કહતે હૈં ? દેખો ! **परन्तु जो पुरुष प्रथम, द्वितीय आदि अनेक पाकोंकी परम्परासे पच्यमान अशुद्ध स्वर्णके समान जो (वस्तुका) अनुत्कृष्ट मध्यमभावका अनुभव करते हैं....** દેખો ! **मध्यम** = જઘન્ય (ભી) નહીં (ઔર) ઉત્કૃષ્ટ (ભી) નહીં.... સમજમેં આયા ? ક્યોંકિ સમ્યગ્દર્શન પ્રગટ હુઆ હૈ તો સ્વકા આશ્રય તો હો ગયા હૈ. (ઇસલિયે) હવે જઘન્ય (ભાવ) રહા નહીં.... તદ્દન પહલે સમયકા જો અનુભવ હૈ (વહ) નહીં હૈ. (ઉસસે) વહ થોડા આગે બઢ ગયા હૈ. (ફિર ભી) પૂર્ણ હૈ નહીં. સમજમેં આયા ?

તો કહતે હૈં, જો આત્મા પહલે, દૂસરે આદિ अनेक पाकोंकी परम्परासे पच्यमान अशुद्ध स्वर्ण.... અશુદ્ધ સુવર્ણ હૈન ? તેરવલું, ચૌદવલું, પંદરવલું. जो (वस्तुका) अनुत्कृष्ट એટલે मध्यमभावका अनुभव करते हैं.... દેખો ! 'मध्यमभाव'કી ભાષા હૈન મૂલમેં (–સંસ્કૃત ટીકામેં) ? (કિ) 'अपरम'.... (એટલે) પરમ નહીં. ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન, કેવલદર્શનમય પરમાત્મા હૈ (ઐસી) આત્માકી દશા પ્રગટ હુઈ નહીં હૈ ઔર ત્રિકાલી પૂર્ણ પરમાત્મા હૈ ઉસકા આશ્રય તો લિયા હૈ. સમજમેં આયા ?

(જૈસે) સુવર્ણ તો હૈ.... સુવર્ણ તો હૈ કિ નહીં ? કિ લોહા હૈ ? સમજમેં આયા ? ઐસે ભગવાન આત્મા શુદ્ધ ધ્રુવ ચૈતન્યમૂર્તિ હૈ ઉસકા આશ્રય તો લિયા હૈ. જૈસે સોના હૈ, પણ જૈસે સોનેમેં અપૂર્ણ (શુદ્ધ) પર્યાય હૈ, ઐસે યહાં (આત્મામેં) જબ લગ આત્માકી પૂર્ણ (શુદ્ધ) પર્યાય હુઈ નહીં, તબ લગ અશુદ્ધતા ઔર શુદ્ધતાકા અંશ.... વે સબ અપૂર્ણ (પર્યાય)મેં રહતે હૈં. સમજમેં આયા?

....पच्यमान अशुद्ध स्वर्णके समान जो (वस्तुका) अनुत्कृष्ट मध्यमभावका अनुभव करते हैं उन्हें अंतिम तावसे उतरे हुए शुद्ध स्वर्णके समान उत्कृष्ट भावका अनुभव नहीं होता.... લો ! એને ઉત્કૃષ્ટનો અનુભવ નથી. સોના તો હૈ (ઔર) તાવ દિયા. દેતે.. દેતે.. દેતે.. પાંચવલા, દસવલા, ઐસે તેરવલા, ચૌદવલા હો ગયા, (પરંતુ) સોળવલા નહીં હુઆ. સમજમેં આયા ?

એમ ભગવાન આત્મા ચિદાનંદસ્વરૂપ જ્ઞાતા (ઔર) આનંદમય હૈ ઉસકો આંચ દેતે.. દેતે.. (અર્થાત્) એકાગ્ર હોતે.. હોતે.. કિતની (–કુછ) શુદ્ધતા તો હો ગઈ હૈ, (પરંતુ) પૂર્ણ શુદ્ધતા હૈ નહીં.

તો ઉસકો ક્યા હૈ ?

કહતે હૈં.... शुद्ध स्वर्णके समान उत्कृष्ट भावका अनुभव नहीं होता; इसलिये.... ઉત્કૃષ્ટનો અનુભવ નથી. બરાબર હૈ ?

अशुद्ध द्रव्यको कहनेवाला.... દેખો ! 'अशुद्ध द्रव्यको कहनेवाला' (—ઐસા કહા હૈ).

શું ભાષા વાપરી છે (–શું કહેવું છે) ?

દ્રવ્ય તો શુદ્ધ હી હૈ, પણ દ્રવ્યકી પર્યાયમેં અશુદ્ધતા ઔર અપૂર્ણ (શુદ્ધ)તા (હૈ વહ) અપનેસે હૈ. સમજમેં આયા ? દ્રવ્ય તો શુદ્ધ હૈ ત્રિકાલી ભગવાન પૂર્ણાનંદ પ્રભુ. ઉસકા આશ્રય લિયા, (પણ) પર્યાયમેં અશુદ્ધતા ઔર શુદ્ધતા હૈ વહ પર્યાય દ્રવ્યકી હૈ.... દ્રવ્યકી હૈ. તો ભેદકો યહાં 'અશુદ્ધ દ્રવ્ય' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ઓહોહો ! ભારે !

इसलिये अशुद्ध द्रव्यको कहनेवाला એટલે જાનનેવાલા होनेसे जिसने भिन्न-भिन्न एक-एक भावस्वरूप.... દેખો ! अनेक भाव दिखाये हैं.... નિર્મલ પર્યાય પ્રગટ હુઈ ઔર પીછે વિશેષ (નિર્મલ) હુઈ, રાગ મંદ હુઆ, પીછે રાગ હુઆ.... (ઇસ પ્રકાર) એક-એક ભાવ ભિન્ન-ભિન્ન કરકે જાનના.... દેખો ! भिन्न-भिन्न एक-एक भावस्वरूप अनेक भाव दिखाये हैं.... અનેકપના દિખાયા હૈ.

વસ્તુ એકરૂપ હૈ ઔર પ્રગટ પર્યાય પૂર્ણ (હુઈ તો પર્યાય ભી) એકરૂપ હો ગઈ. ઐસે આયા ન ? વસ્તુ એકરૂપ હૈ ઉસકા (પૂર્ણ) આશ્રય કરનેસે એકરૂપ પર્યાય પ્રગટ હો ગઈ. પણ યે (ઐસી) એકરૂપ પર્યાય પ્રગટ હુઈ નહીં તબ લગ સ્વભાવકા આશ્રય કરકે સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ (ઔર) ચારિત્ર આદિ (ભી) થોડા હુઆ, પણ હજી થોડા (રાગાદિ હૈ). (ફિર) થોડી નિર્મલ પર્યાય અભી બઢતી જાતી હૈ (ઔર) રાગ ઘટતા જાતે હૈં. તો, ઐસે એક-એક ભાવકો લક્ષ (–જ્ઞાન) કરકે અનેક ભાવકો જાનના ઉસકા નામ 'વ્યવહારનય' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ?

अशुद्ध द्रव्यको कहनेवाला होनेसे.... अशुद्ध द्रव्यको कहनेवाला.... લ્યો !

(શું ત્રિકાળી) દ્રવ્ય અશુદ્ધ થઈ ગયું છે ?

(અજ્ઞાનીઓ) કહે છે કે “પર્યાય અશુદ્ધ છે તો દ્રવ્ય ભી અશુદ્ધ હો ગયા. દેખો, યે (અહીંયા) 'અશુદ્ધ દ્રવ્ય' કહા હૈ.”

(સમાધાન :) એનો અર્થ (યહ હૈ) કિ દ્રવ્ય.... જબ લગ પૂર્ણ શુદ્ધતા પર્યાયમેં ન હુઈ.... પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા ન હુઈ (તબ લગ અશુદ્ધ પર્યાય દ્રવ્યકી હૈ). (યદિ) પર્યાય પૂર્ણ શુદ્ધ હો ગઈ તો 'શુદ્ધનય' પૂર્ણ હો ગયા, પણ પર્યાય પૂર્ણ

શુદ્ધ ન હુઈ તો (અશુદ્ધ) પર્યાય ઉસકી.... દ્રવ્યકી હૈ. અશુદ્ધતા ઉસકી (–દ્રવ્યકી) હૈ, નિર્મલ પર્યાય ભી ઉસકી હૈ. હૈ (પર્યાય) વ્યવહાર.... હૈ ભેદ, પણ ઉસમેં (–દ્રવ્યમેં) હૈ (અર્થાત્) જો અભેદ દ્રવ્ય હૈ ઉસકી પર્યાયમેં ભેદ હૈ. સમજમેં આયા ?

जिसने.... 'जिसने' એટલે વ્યવહારનયને.... વ્યવહારનયને. भिन्न-भिन्न एक-एक भावस्वरूप अनेक भाव दिखाये हैं ऐसा व्यवहारनय.... દેખો ! ભિન્ન-ભિન્ન.... (વ્યવહાર) ભિન્ન-ભિન્ન પર્યાયકો દેખે કિ યે ચૌથા ગુણસ્થાન હૈ, પાંચવાં હૈ, યે રાગ હૈ આદિ. ભેદકો જાનના.... ભિન્ન-ભિન્ન એક-એક ભાવ કરકે અનેક ભાવકો જાનના ઉસકા નામ વ્યવહારનય જાના હુઆ પ્રયોજનવાન હૈ. દેખો ! (વ્યવહારનય) જાના હુઆ પ્રયોજનવાન હૈ. સમજમેં આયા ?

अनेक भाव दिखाये हैं ऐसा व्यवहारनय.... जिसने भिन्न-भिन्न एक-एक भावस्वरूप अनेक भाव दिखाये हैं ऐसा व्यवहारनय..... જિસને 'अनेक भाव दिखाये हैं' (—ઐસા કહા હૈ), દેખો !

(૧) શુદ્ધનયમેં.... દ્રષ્ટિમેં એકભાવ હૈ (ઔર)
(૨) પૂર્ણ (પર્યાય)મેં એકભાવ હો ગયા, (જબ કિ)
(૩) અપૂર્ણમેં (–સાધકદશામેં) એક-એક કરકે અનેક ભાવ ખ્યાલમેં આતે હૈં.

ઐસા જો व्यवहारनय, विचित्र अनेक वर्णमालाके समान होनेसे.... (અશુદ્ધ) સોનાનો ભિન્ન-ભિન્ન પડેને રંગ.... રંગ.... (વહ) जाननेमें आता हुआ.... દેખો ! આમાં.... યહાં મહાપ્રયોજન (–મર્મ) હૈ. 'ववहारदेसिदा पुण'.... (—ઐસા શબ્દ) જો (ગાથામેં) થા.... 'ववहारदेसिदा पुण'.... જો શબ્દ (ગાથામેં) થા કિ 'વ્યવહાર દિખાના.' (તો) ઉસકા અર્થ (યહ હૈ) કિ (વ્યવહાર) जाननेमें आता हुआ उस काल प्रयोजनवान है....—યહ ઉસકા અર્થ હૈ.... (ગાથાકે હિન્દી અનુવાદકે) ચૌથે પદકા યહ અર્થ હૈ.

'ववहारदेसिदा पुण'.... યે આયા ન ? ઉપદેશ.... 'ववहारदेसिदा पुण.... अपरमे ट्ठिदा'.... એ 'अपरम' (અર્થાત્) એની (અપૂર્ણ) અવસ્થામાં 'ववहारदेसिदा' એટલે (વ્યવહાર) જાનનેલાયક હૈ. 'ववहारदेसिदा'નો અર્થ

'(વ્યવહાર) જાનનેલાયક હૈ' (—ઐસા) કિયા. (જુઓ !) અમૃતચંદ્રાચાર્ય ઐસા અર્થ કરતે હૈં.

(પ્રશ્ન :) ભાઈ ! કુંદકુંદ આચાર્યે ('ववहारदेसिदा') કેમ (કહ્યું) ?

(સમાધાન :) વહ (ગાથા) તો પદ્ય હૈ, તો (અલ્પ શબ્દોંમેં) 'ववहारदेसिदा'.... —ઐસા કહનેમેં આયા હૈ.

(અનેકપણું) દેખાડ્યું....

(પણ તે) દેખાડે કોણ ?

અહીં તો કહે છે, વ્યવહાર(ને દિખાયા કિ સાધકદશામેં) ઐસા (અનેકપના) રહતા (–હોતા) હૈ. જિસને એક-એક ભેદસે અનેકપના દિખાયા ઐસા વ્યવહારનય, તે કાળે.... તે તે સમયે (–સાધકદશામેં) જાનનેલાયક પ્રયોજનવાન હૈ.

વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૩૨**
**ગાથા - ૧૨**
**સંવત ૨૦૨૪, આસો વદ ૬, શનિવાર, તા. ૧૨-૧૦-'૬૮**

આ સમયસાર, જીવ-અજીવ અધિકાર. ૧૨વીં ગાથા ચલતી હૈ.

દેખો ! યહાં તક આયા હૈ. **अंतिम तावसे उतरे हुए शुद्ध स्वर्णके समान उत्कृष्ट भावका अनुभव नहीं होता....**

કિસકો ?
સાધક જીવકો. છે ? નીચે.... ટીકાની ચાર-પાંચ લીટી, નીચેથી.

ક્યા કહતે હૈં ?
કિ આત્મા.... પહલે ૧૧વીં ગાથામેં તો ઐસા કહા કિ : ભૂતાર્થ (આત્મા હૈ) વહી વસ્તુ હૈ.... ત્રિકાળી વસ્તુ હૈ વહી સત્ય હૈ ઔર પર્યાય, રાગ આદિ સબ અસત્ય હૈ—ઐસા કહા થા.... (વ્યવહાર) 'જૂઠા હૈ' (—ઐસા વ્યવહારકો) ગૌણ કરકે કહા થા.

તો યહાં (૧૨વીં ગાથામેં) કહતે હૈં કિ સાધક જીવકો કુછ વ્યવહાર હૈ કિ નહીં ? કિ પૂર્ણ હો ગયા ?

(સમાધાન :) (સાધકકો) દ્રવ્યકે આશ્રયસે.... જ્ઞાયકભાવ પૂર્ણ શુદ્ધ ચૈતન્ય હૈ ઉસકા આશ્રય લિયા (તો) નિર્મળ પર્યાય પ્રગટ હુઈ, (ફિર ભી) સાથમેં રાગ ભી હૈ. તો કહતે હૈં કિ વે સમ્યગ્દ્રષ્ટિકો.... સાધક જીવકો (જો) સમયમેં જો પ્રકારકી શુદ્ધ પર્યાય હૈ ઔર વિકલ્પ આદિ અશુદ્ધતા હૈ ઔર એક-એક (પર્યાય) કરકે (અર્થાત્) પ્રથમ શુદ્ધ અંશ હુઆ, (ફિર) દૂસરા વિશેષ શુદ્ધ અંશ (હુઆ) ઔર રાગ હૈ—ઐસે એક-એક (પર્યાય) કરકે અનેક ભાવકો જો દિખાતા હૈ ઐસા વ્યવહારનય, (ઉસ) સમયમેં જાનનેલાયક પ્રયોજનવાન હૈ.

(કથન) લંબા હો ગયા કિ નહીં ? વ્યવહાર તો લંબા હી હૈ. સમજમેં આયા ? ક્યા કહતે હૈં સમજમેં આયા ?

જુઓ ભાષા અહીંયા ! ખૂબી આહીં છે કે **ऐसा व्यवहारनय, विचित्र अनेक वर्णमालाके समान होनेसे....** ક્યોંકિ ધર્મીકો સમય-સમયમેં ભિન્ન-ભિન્ન શુદ્ધતાકા અંશ ભી પ્રગટ હોતા હૈ ઔર અશુદ્ધતાકા અંશ ભી હૈ. તો ઐસે એક-એક અંશ

મિલાકર અનેક અંશકો જો દિખાતા હૈ (વહ વ્યવહારનય હૈ). (ઔર નિશ્ચયનયકી દ્રષ્ટિ) એકરૂપકો દિખાતી (–દેખતી) હૈ.... વહ દ્રષ્ટિ તો (એકરૂપ) દ્રવ્યકો દેખતી હૈ.... દ્રષ્ટિ જો હૈ વહ તો એકરૂપ દ્રવ્યકો દેખતી હૈ. સમજમેં આયા ? ઔર વ્યવહારનય હૈ વહ અનેકકો દેખતા હૈ—ઐસા બતાના હૈ. સમજમેં આયા ?

નિશ્ચયનય (–શુદ્ધનય) હૈ વહ તો જ્ઞાયક એકરૂપ સ્વભાવકો દેખતા હૈ. તો ઉસકી દ્રષ્ટિમેં પર્યાય, રાગ, ભેદ.... કુછ હૈ હી નહીં. પણ જબ લગ પૂર્ણ શુદ્ધનયકી પ્રાપ્તિ ન હુઈ.... '(પૂર્ણ) શુદ્ધનયકી પ્રાપ્તિ (ન હુઈ)'કા અર્થ પૂર્ણ (શુદ્ધ) પર્યાય ન હુઈ (ઔર તબ લગ વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ). યૂં (–ઐસા) યહાં લેના હૈ. નહીં તો, શુદ્ધનય તો 'ભૂતાર્થ' હૈ.... ત્રિકાલી (દ્રવ્ય) હૈ.

પણ (જબ લગ) ત્રિકાલી (દ્રવ્ય)કા પૂર્ણ આશ્રય નહીં હુઆ ઔર પૂર્ણ પર્યાય કેવલજ્ઞાન આદિ નહીં હુએ તબ લગ, સાધક જીવકી દ્રષ્ટિ એકરૂપ દ્રવ્ય ઉપર હોનેસે, પર્યાયમેં શુદ્ધતાકે અંશ અનેક પ્રકારકે બઢતે હૈં ઔર રાગાદિ અશુદ્ધતાકે અંશ ઘટતે હૈં આદિ અનેક પ્રકાર હૈં ઉસકો જાનના.... તે તે સમયમેં જાનના.. 'તે તે સમયમેં'—ઐસા પાઠ હૈ. હૈન ? **उस काल प्रयोजनवान है....** જાનનેમેં **उस काल प्रयोजनवान है.**

સમય-સમયમેં જો અનેક (પ્રકાર).... શુદ્ધતા, રાગ આદિ હૈ ઉસકો જાનના (ઉસ) કાલમેં ઉસકા અર્થ (યહ હૈ) કિ અપને સ્વરૂપકા જ્ઞાન (ઔર) દ્રષ્ટિ હુઈ, તો વહ જ્ઞાનમેં પરપ્રકાશક ઐસા જ્ઞાન સ્વયં હી પ્રગટ હોતા હૈ. યે તો ઉસકો (–ઉસ બાતકો) કહા કિ 'પર્યાયકો, રાગકો જાનના'—ઐસા કહા. બાકી ખરેખર તો.... સમજમેં આયા ? અપના શુદ્ધ.... પવિત્ર સ્વરૂપ હૈ ઉસકી દ્રષ્ટિમેં (–દ્રષ્ટિકે સાથ) જો જ્ઞાન હુઆ, વહ જ્ઞાનમેં જાનને લાયક સ્વકા (જાનના હુઆ) ઔર પર્યાય જિતની અશુદ્ધ (ઔર) શુદ્ધ હૈ ઉસકા જાનના (હુઆ—દોનોંકા જાનના) સાથમેં પ્રગટ હોતા હૈ.

ક્યા કહા વહ ?

શ્રોતા : (ઉસ) સમયમેં ઐસી (જ્ઞાન)પર્યાય પ્રગટ હોતી હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : (હા), સહજ ઐસી (જ્ઞાન)પર્યાય પ્રગટ હોતી હૈ. યહી, 'જાનના પ્રયોજનવાન હૈ' ઉસકા અર્થ હૈ. સમજમેં આયા ? સ્વ-પરપ્રકાશક

જ્ઞાનકી પર્યાય ઐસી હી પ્રગટ હોતી હૈ સમય-સમયમેં. (વહ પર્યાય) જૈસે સ્વકો જાને ઐસે હી જૈસી (શુદ્ધ) પર્યાય હૈ (ઔર) રાગાદિ હૈ ઉસકો ભી જાને. ઇસકી (–આત્માકી) પરપ્રકાશક પર્યાય (અનેકકો) જાને ઐસી હી પ્રગટ હોતી હૈ. ઉસકો 'પરકો જાનના (–જાનનેમેં આતા હુઆ વ્યવહાર) પ્રયોજનવાન હૈ' (—ઐસા) કહનેમેં આયા હૈ. કહો, સમજમેં આયા ?

जाननेमें आता हुआ.... ભાષા ઐસી હૈન ? દેખો !

ક્યા કહતે હૈં ?

'परिज्ञायमानस्तदात्वे'....—એમ શબ્દ છેને ભાઈ ? 'परिज्ञायमानस्तदात्वे'નો અર્થ (ઐસા હૈ કિ જ્ઞાનીકો સવિકલ્પ દશામેં) ઐસા લક્ષમેં આયા. (સવિકલ્પ) સમયમેં ઐસા હી જ્ઞાન ઉત્પન્ન હોતા હૈ.' 'परिज्ञायमानस्तदात्वे'.... ભાઈ ! 'परिज्ञाय'.... શબ્દ પડા હૈન ? જુઓ ! 'परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्'.... જિસ પ્રકારસે જાનના હુઆ, ઉસ પ્રકારસે 'પ્રયોજનવાન' કહનેમેં આતા હૈ. ભારે વાતું ભાઈ ઝીણી !

સમય.... સમયકા (વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ) હોં. એક સમયમેં ભી (ભિન્ન ભિન્ન ગુણકી પર્યાયકે) શુદ્ધતાકે અંશ અનેક હૈં કિ નહીં ? શ્રદ્ધાકા અંશ (–પરિણમન), ચારિત્રકા અંશ, આનંદકા અંશ વિગેરે.. વિગેરે.. ઉસકે (–શુદ્ધતાકે) અનેક પ્રકાર હૈં ઔર અશુદ્ધતાકે ભી અનેક પ્રકાર હૈં.

(૧) (અનેક પ્રકારકે) અશુદ્ધ (અંશ હૈ) યે <u>અસદ્ભૂત (વ્યવહાર)</u> હૈ,
(૨) (અનેક પ્રકારકે) શુદ્ધ (અંશ) હૈ યે <u>સદ્ભૂત (વ્યવહાર)</u> હૈ (ઔર)
(૩) (એકરૂપ) દ્રવ્ય વહ <u>નિશ્ચય</u> હૈ....

સમજમેં આયા ?

તો કહતે હૈં કિ 'परिज्ञायमानस्तदात्वे'.... 'परि'.... સમસ્ત પ્રકારે—એમ (અર્થ) હૈન ? દેખો ! जाननेमें आता हुआ....—ઐસા લિયા હૈ. 'परिज्ञायमानस्तदात्वे'.... ઉસકા અર્થ (યહ હૈ કિ) જ્ઞાયકસ્વભાવ દ્રષ્ટિમેં (આને પર) જો જ્ઞાન પ્રગટ હુઆ વહ જ્ઞાનમેં સ્વકા જ્ઞાન તો હૈ, પણ જિતની શુદ્ધતા અને અશુદ્ધતા રહી હૈ ઉસકા જ્ઞાન ભી હૈ. 'परिज्ञायमानस्तदात्वे'.... (ઉસ) પ્રકારકા

હી જ્ઞાન પ્રગટ હોતા હૈ અને (ઇસ) પ્રકાર વ્યવહારકો 'જાના હુઆ પ્રયોજનવાન' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? જ્ઞાનચંદજી ! હૈન ?

(જો) પૂર્ણ (શુદ્ધ) હુયે બિનાકા (સોના હૈ) વહ સોનાકા ભિન્ન-ભિન્ન વર્ણ હોતા હૈન ? તેર-ચૌદ વલા....—ઐસા ભિન્ન-ભિન્ન 'વિચિત્ર વર્ણ' કહા ન ? विचित्र....वर्णमालाके समान....—એમ કહા ન ? विचित्र अनेक वर्णमालाके समान.... એમ અનેક પ્રકારકે. સમજમેં આયા ? (૧૧વીં ગાથામેં ત્રિકાલી દ્રવ્યકો) ભૂતાર્થ કહા થા, તો ઉસમેંસે (–ઉસકે સામને ૧૨વીં ગાથામેં ભાવ) નિકાલકર ઇતના રખા (–કહા કિ) વહ પર્યાયકો બિલકુલ 'અભૂતાર્થ' કહ દો (વહ યથાર્થ નહીં હૈ). સમજે ? (પર્યાયકો) ગૌણ કરકે, વ્યવહાર કરકે 'નહીં હૈ'—ઐસા (૧૧વીં ગાથામેં) કહા થા.

(અબ યહાં કહતે હૈં કિ પર્યાય) 'હૈ'.... જ્ઞાનકી શુદ્ધિ આદિ પર્યાય પ્રગટ હોતી હૈ. તો યે (શુદ્ધ)પર્યાયકો જાનના ને રાગકો (ભી) જાનના ઉસકો ઐસા 'परिज्ञायमानस्तदात्वे'.... 'જાના હુઆ પ્રયોજનવાન' કહનેમેં (આયા હૈ). સમય.. સમયમેં ઐસા હી જ્ઞાન (પ્રગટ હોતા હૈ).... જૈસી જૈસી શુદ્ધતા ને જૈસી જૈસી અશુદ્ધતા હૈ ઉસકો જાનતી હુઈ જ્ઞાન(પર્યાય) પ્રગટ હોતી હૈ.... જાનતી હુઈ પ્રગટ હોતી હૈ. (જ્ઞાનપર્યાય) પ્રગટ હોતી હૈ (વહ) અપનેકો ભી જાનતી હૈ ઔર ઉસકો (–રાગાદિકો) ભી જાનતી હૈ, (પણ) યે કહના વ્યવહાર હૈ. આહાહા ! સમજમેં આયા ? નેમચંદભાઈ ! સૂક્ષ્મ ભાવ હૈ યહ.

બારહ ગાથા (તક) તો સારે સમયસારકી પીઠિકા હૈ.... સારી પીઠિકા. જેમ ઝાડ હોતા હૈન ? (તો ઉસકે ચારોં ઓર) ઓટલા હોતા હૈન ? ઓટલા. ઐસે બારહ ગાથા (તકમેં તો) સારી પીઠિકા ભર દી હૈ.... સારા (સાર). પીછે ૧૩વીં (ગાથાસે) ઉસકા વિસ્તાર હૈ. સમજમેં આયા ?

ક્યા સમજે ?

કિ દ્રવ્ય જો હૈ વહ તો અખંડ, એકરૂપ સ્વરૂપ હૈ. તો, ઉસકી દ્રષ્ટિમેં.... સમ્યગ્દર્શનમેં દ્રવ્ય તો (એકરૂપ) આયા. (દ્રષ્ટિમેં) તો એકરૂપ આયા, (પણ) હવે પર્યાયમેં કોઈ અનેકતા (અર્થાત્ થોડી) શુદ્ધતા (ઔર થોડી) વિકૃતતા હૈ કિ નહીં ? (ક્યા પર્યાય ભી) બિલકુલ પૂર્ણ શુદ્ધ હી હૈ ?

(સમાધાન :) જબ લગ પૂર્ણ શુદ્ધતા પ્રગટ નહીં હુઈ તબ લગ.... એમ કહતે હૈંન ? કેવલજ્ઞાન આદિ પૂર્ણ શુદ્ધતા પ્રગટ નહીં હુઈ તબ લગ.... સમજમેં આયા ? તબ લગ વહાં દ્રષ્ટિકા પરિણમન જ્ઞાયક ઉપર હોને પર ભી દ્રષ્ટિકે સાથ જો જ્ઞાન પ્રગટ હુઆ વહ સ્વજ્ઞેયકો ભી જાનતા હૈ અને.... વહ જ્ઞાનકા સ્વ-પરપ્રકાશક સ્વભાવ હૈ, તો સ્વજ્ઞેયકો ભી જાનતા હૈ ઔર પર્યાયકે અશુદ્ધતા ને શુદ્ધતા અંશકો.... જો અનેક હૈં ઉસકો ભી જાનતા હૈ. તો ઉસકો વ્યવહારનય જાના હુઆ ('પ્રયોજનવાન' કહતે હૈ).

વહી (સાધકકો સવિકલ્પ) કાલમેં ઐસા (જ્ઞાન) પ્રગટ હોતા હૈં, તો પરકો જાના હુઆ.... પરકો જાના હુઆ.... અથવા અપની (શુદ્ધ) પર્યાયકો ને રાગકો (—વ્યવહાર) જાના હુઆ 'પ્રયોજનવાન' કહનેમેં આતા હૈ. લ્યો ! અપની શુદ્ધ પર્યાયકો ભી જાનતા હુઆ ઔર અશુદ્ધ (પર્યાય)કો ભી જાનતા હુઆ (—ઐસા વ્યવહારનય) જાના હુઆ 'પ્રયોજનવાન' કહનેમેં આયા હૈ. સમજમેં આયા ? ઉસકી ઇતની મર્યાદા હૈ.

અર્થકાર જયચંદ પંડિત (ભાવાર્થમેં) શુભજોગકો 'વ્યવહાર' કહેંગેં.—યે અસદ્ભૂત વ્યવહારનયસે કથન હૈ. સમજમેં આયા ? બાકી તો, શુદ્ધતાકા અંશ જો પર્યાય હૈ વહ (ભી) 'વ્યવહાર' હૈ. સમજમેં આયા ? પીછે (ભાવાર્થમેં) બાત શુભજોગકી કરેંગે અસદ્ભૂત (વ્યવહાર)સે. અહીંયા સદ્ભૂત (વ્યવહાર)કી નિર્મલ પર્યાય ઔર અસદ્ભૂત (વ્યવહાર)કા વિકલ્પ—દોનોંકો જાના હુઆ ('પ્રયોજનવાન' કહા હૈ).

સદ્ભૂત (વ્યવહાર)કી નિર્મલ પર્યાય કોઈ અકેલી જ્ઞાનકી (પર્યાય) નહીં હૈ, દર્શનકી.... ચારિત્રકી.... આનંદકી આદિ જો શુદ્ધ પર્યાય હૈં વે (સબ) સદ્ભૂત (વ્યવહાર હૈ). ઉસકા (–શુદ્ધતાકા જો) અંશ હૈ (વહ સદ્ભૂત) વ્યવહાર હૈ ઔર વિકલ્પ હૈ વહ અસદ્ભૂત (વ્યવહાર હૈ). તો, દોનોંકો જાનતા હુઆ જ્ઞાન (અર્થાત્) વ્યવહારનય (જાના હુઆ) 'પ્રયોજનવાન'—ઐસા કહનેમેં આયા હૈ. બહુત સૂક્ષ્મ હૈ. નેમચંદભાઈ !

હવે એને (–વ્યવહારને) સિદ્ધ કરવા માટે આ (આધારની ગાથા) છે. મોટો ગોટો અહીં ઊઠે છે. જુઓ ! હવે સુનો. क्योंकि.... હવે એ વાત.... વ્યવહારનયને

સિદ્ધ કરવા માટે આ દાખલો (–આધાર) આપ્યો છે. क्योंकि.... એમ છેને ? ભાઈ ! જુઓ ! એણે (–આચાર્યદેવે) પોતે (દાખલો આપ્યો) 'तीर्थतीर्थफलयोरित्थमेव व्यवस्थितत्वात्'.... —આ સંસ્કૃત છે. (એટલે કે) આ રીતે.... તીર્થ ને તીર્થના ફળની વ્યવસ્થા આ રીતે બની શકે છે.... આ રીતે બની છે.... ક્યા હૈ તમારી (ભાષામેં) ? 'બની સકતે હૈં'—એમ કહતે હૈંન ? બન સકતી હૈ.... લ્યો ! સમજમેં આયા ?

કૈસે ? કૈસે ? क्योंकि तीर्थ और तीर्थके फलकी ऐसी ही व्यवस्थिति है.... 'तीर्थ' = જો વર્તમાન શુદ્ધતાકી પર્યાય હૈ વહ તીર્થ. સમજમેં આયા ? અશુદ્ધતાકા અંશ ભલે સાથમેં લો. (ક્યોંકિ) એમ કહનેમેં આતા હૈન ? કિ નિશ્ચય ને વ્યવહાર મોક્ષમાર્ગ. (દોનોંકો) મોક્ષકા કારણ કહનેમેં આતા હૈન ? વહ (વ્યવહાર મોક્ષમાર્ગ તો) કહનેમાત્ર હૈ. પણ આપણે.... સમજ્યાને ?.... વહ શુભ વિકલ્પકો મોક્ષકા કારણ કહા/કહો, વહ વ્યવહારસે કહા હૈ. ઉસકા અર્થ યહ હૈ કિ (વહ) 'હૈ' ઇતના બતાનેકી બાત હૈ.

યહાં કહતે હૈં કિ तीर्थ.... વર્તમાન (શુદ્ધ) પર્યાયકો હી 'તીર્થ' કહનેમેં આતા હૈ. (યદિ) પર્યાય ન માનો તો 'तीर्थ'કા નાશ હો જાયેગા. ચૌથા ગુણસ્થાન, પાંચવાં ગુણસ્થાન, છઠવાં ગુણસ્થાન.... યે સબ પર્યાય હૈ, વે સબ 'તીર્થ' હૈ. ઉસમેં વિકલ્પ આતા હૈ ઉસકો અસદ્ભૂત વ્યવહારનયસે 'તીર્થ' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ભારે !

तीर्थ और तीर्थके फलकी ऐसी ही व्यवस्थिति है....

ક્યોં ?

કિ (અપૂર્ણ શુદ્ધ) પર્યાય જો હૈ ઉસકા ફલ ભી પૂર્ણ (શુદ્ધ) પર્યાય આયેગી. (અપૂર્ણ) શુદ્ધતાકા અંશ હૈ ઉસસે પૂર્ણ શુદ્ધતાકા ફલ આયેગા વહ ભી વ્યવહાર હૈ ખરેખર તો. (પૂર્ણ શુદ્ધ) પર્યાય હુઈ વહ ભી વ્યવહાર હૈ.... કેવલજ્ઞાન ભી સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ. મોક્ષકી પર્યાય, સિદ્ધકી પર્યાય ભી.... કેવલજ્ઞાન ભાવમોક્ષ લો, તો ભી વહ તો સદ્ભૂત વ્યવહારનયકા વિષય હૈ.

જો (–યદિ) પર્યાયકો ન માનો તો તીર્થ ઔર તીર્થફલ.... વર્તમાન (અપૂર્ણ નિર્મળ પર્યાય એ) તીર્થ અને એનું ફળ કેવળજ્ઞાન એ (તીર્થફલ)—દોનોંકા નાશ

હોતા હૈ. સમજમેં આયા ? तीर्थ और तीर्थके फलकी ऐसी ही व्यवस्थिति है.... —એમ કહ્યું છે અહીં તો. એ (–તીર્થના) નાશની (વાત) તો (હવે) પછી (આધારની ગાથામાં) આવશે.

અહીં તો કહે છે, ઐસી હી.... વ્યવસ્થા હી ઐસી હૈ. દ્રવ્ય.... વસ્તુ તો એકરૂપ હૈ, પણ પર્યાયમેં ઐસી હી (તીર્થ ઔર તીર્થફલકી) વ્યવસ્થિતિ હૈ (કિ) સમય-સમયકી (અપૂર્ણ શુદ્ધ) પર્યાય હૈ વહ 'વ્યવહાર' હૈ ઔર ઉસકા ફલ.... (અપૂર્ણ) શુદ્ધતાકી પર્યાયકા ફલ.... (સાધકદશામેં હોનેવાલી) અશુદ્ધતા —શુભભાવ ભલે સાથમેં હો, પણ ઉસકા (–સાધકદશાકા) ફલ કેવલજ્ઞાન પર્યાય હૈ. (પરંતુ) વહ 'વ્યવહાર ફલ' હૈ, નિશ્ચય નહીં. નિશ્ચય તો દ્રવ્ય હૈ. સમજમેં આયા ?

વહાં (કલશ ૧૨૦ ઔર ૧૨૧કે ભાવાર્થમેં, કેવલજ્ઞાન હોને પર) 'શુદ્ધનય પૂર્ણ હુઆ'—ઐસા કહનેમેં આયા હૈ. ઇસકા અર્થ યહ હૈ કિ (અપૂર્ણ શુદ્ધ) પર્યાય સ્વકે આશ્રયસે પૂર્ણ હો ગઈ. નહીં તો, (પર્યાય પૂર્ણ) હુઈ હૈ વહ તો 'વ્યવહાર' હૈ, પણ આશ્રય પૂર્ણ હો ગયા પીછે (અધિક) આશ્રય (કરના) રહા નહીં, તો 'શુદ્ધનય પૂર્ણ હો ગયા' (—ઐસા) પર્યાયકો ભી કહનેમેં આતા હૈ. પણ ઉસકા અર્થ (યહ હૈ) કિ વ્યવહારકા (વિષય ઐસા) જો શુદ્ધતાકા અંશ હૈ ઉસસે.... શુદ્ધતાકા અંશસે કેવલજ્ઞાન પ્રાપ્ત હોતા હૈ. (ઇસ પ્રકાર) તીર્થ ઔર તીર્થફલકી વ્યવસ્થા ઐસી હૈ. સમજમેં આયા ?

દ્રવ્યમાં તીર્થ અને તીર્થના ફળની વ્યવસ્થા લાગુ પડતી નથી. 'લાગુ પડતી નહીં' કહતે હૈન ? લાગુ નહીં પડતી. સમજમેં આયા ? દ્રવ્ય તો દ્રવ્ય હૈ, ઉસમેં પર્યાય.... તીર્થ ઔર ફલ ઉસમેં (–દ્રવ્યમેં) હો સકતે નહીં. સમજમેં આયા ? પહલે યે કહા થા એક બાર. तीर्थ और तीर्थके फलकी ऐसी ही व्यवस्थिति है.... ઐસા પાઠ હૈન ? इत्थमेव.... इत्थम् एव.... व्यवस्थितत्वात्.... तीर्थतीर्थफलयो: इत्थम् एव.... 'यो:' —એમ (સંધિ વિચ્છેદ) થયુંને ? 'र' નો વિસર્ગ. 'तीर्थतीर्थफलयोः'—એમ થયુંને ભાઈ ? જુઓ ! 'र' છેને 'र'. तीर्थतीर्थफलयोः इत्थम् एव.... તે જ પ્રકારે व्यवस्थितत्वात्.... બસ. સમજમેં આયા ? ધીરે.. ધીરે.. સમજના, પણ વસ્તુ ઐસી હૈ.

યહાં તો યહ કહા કિ विचित्रवर्णमालिकास्थानीयत्वात्परिज्ञायमानस्तदात्वे प्रयोजनवान्.... એને (–પર્યાયને) લગતી વાત કરી છે. ભાઈ ! પર્યાયની વાત છે, અહીં દ્રવ્યની વાત તો જુદી રહી ગઈ. આહાહા ! પણ પર્યાયકા વહ અર્થ હૈ (કિ) જો તિરનેકા ઉપાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ વહ ભી વ્યવહાર હૈ. ત્રિકાલી (દ્રવ્ય)કી અપેક્ષાસે નિશ્ચય મોક્ષમાર્ગ ભી વ્યવહાર હૈ ઔર શુભ વિકલ્પ આયા.... વ્યવહાર મોક્ષમાર્ગ.... વહ તો અસદ્‌ભૂત વ્યવહાર હૈ. ભલે કહો દોનોંકો મોક્ષમાર્ગ, પણ એક (વ્યવહાર) કહનેમાત્ર (મોક્ષમાર્ગ) હૈ ઔર એક (નિશ્ચય) યથાર્થ (મોક્ષમાર્ગ) હૈ. સમજમેં આયા ?

तीर्थ और तीर्थके फलकी ऐसी ही व्यवस्थिति है.... 'व्यवस्थिति' નામ વિશેષે અવસ્થા.... એની મર્યાદા હૈ લ્યો ! व्यवस्थिति.... ભાઈ !

ક્યા 'व्यवस्थिति'(કા અર્થ) ?

વ્યવસ્થા.... વિશેષ અવસ્થા.... વિશેષ અવસ્થા....'व्यवस्थिति' = વિશેષ અવસ્થા, દ્રવ્ય નહીં. આપણે આજ અહીંયા પર્યાયની વાત કરવી છેને ? પર્યાયની વાત કરીએ (છીએ) એટલે એમાંથી કાંઈક વિશેષ (વિચારવું જોઈએને ?)

'व्यवस्थिति' = વિશેષ અવસ્થા.... વિશેષ અવસ્થા....

(૧) સામાન્ય તો ત્રિકાલી (દ્રવ્ય) હૈ, પણ
(૨) વિશેષ (–નિર્મળ) અવસ્થા એ નિશ્ચય મોક્ષમાર્ગ ઔર
(૩) વિકલ્પ વ્યવહાર મોક્ષમાર્ગ હૈ.

સમજે ? ઐસી (વ્યવસ્થિતિ) પર્યાયમેં હૈ વહ (મોક્ષમાર્ગ હૈ ઔર) ઉસકે બિના કોઈ (અન્ય મોક્ષકા) ઉપાય હૈ નહીં. ઉસકા (–મોક્ષમાર્ગકા) ફલ (મોક્ષ) ભી પર્યાય હૈ.

ક્યા ઉસકા (–તીર્થકા/ મોક્ષમાર્ગકા) ફલ નિશ્ચય દ્રવ્ય હૈ ?

(નહિ), દ્રવ્ય તો દ્રષ્ટિમેં આ ગયા હૈ પહલે (અને) એ તો આવે છે દોપહર(કે ૩૨૦ ગાથા, શ્રી જયસેનાચાર્યકી ટીકા ઉપરકે પ્રવચનમેં). સમજમેં આયા ? આહાહા ! જુઓ ! માર્ગ તો દેખો !

'ઐસા માર્ગ વીતરાગકા, ભાખ્યા શ્રી ભગવાન....'

(૧) ભગવાનને ઐસા ભાખ્યા,
(૨) ભગવાનને કહા ઐસા મુનિયોં કહતે હૈં (ઔર)
(૩) ઐસી વસ્તુકી સ્થિતિ હૈ.
—ઐસે કહતે હૈં. ઓહોહો ! સમજમેં આયા ?

(जिससे तिरा जाये वह तीर्थ है....) (યહ) અર્થ કિયા હૈ ભાઈને.... જયચંદ પંડિતને. (जिससे तिरा जाये....) વહ તરનેકા ઉપાય મોક્ષમાર્ગ હૈ.... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વહ તરનેકા ઉપાય હૈ, પણ વે પર્યાય હૈ. (ઇસલિયે) વહ व्यवहार धर्म है.... व्यवहार धर्म है. (વહ) પર્યાય(રૂપ) ધર્મ હૈન ? (પણ) નિશ્ચય (–દ્રવ્યરૂપ) ધર્મ નહીં હૈ.... નિશ્ચય દ્રવ્ય(રૂપ) નહીં હૈ. વ્યવહાર ધર્મ વહ પર્યાયકા સ્વભાવ હૈ.

और पार होना व्यवहारधर्मका फल है.... (અપૂર્ણ) નિર્મલ પર્યાયસે પૂર્ણ (નિર્મલ) પર્યાય પ્રગટ હોના व्यवहारधर्मका फल है.... સમજમેં આયા ? अथवा.... अथवा.... ('पार होना') એ ફલ લીધુંને ? (.....अथवा अपने स्वरूपको प्राप्त करना तीर्थफल है).... આત્માકી પૂર્ણ નિર્મલ પર્યાય પ્રાપ્ત કરના વહ ફલ હૈ (ઔર) વહ ભી પર્યાય હૈ. સમજમેં આયા ?

હવે अन्यत्र भी कहा है.... એની એ (ઉપરની) વાતને સિદ્ધ કરવા માટે છે ભાઈ ! આ (ગાથા).... એને (–પર્યાયને) સિદ્ધ કરવા માટે આ ગાથા છે. ચંદુભાઈ ! જુઓ ! 'उक्तं च'....

'जइ जिणमयं पवज्जह ता मा ववहारणिच्छए मुयह ।
एक्केण विणा छिज्जइ तित्थं अण्णेण उण तच्चं ।।'

આહાહા ! આમાં ગડબડ ઉઠાવે છે બધાય (અજ્ઞાની કે) ૧૨મી ગાથાનો અર્થ એ (છે કે) વ્યવહારથી કહ્યું છે.... વ્યવહારનો ઉપદેશ દેવો.... નીચે(ના ગુણસ્થાનોમાં) તો વ્યવહારનો ઉપદેશ દેવો.

એ (–વ્યવહારનો) ઉપદેશ (દેવા)ની ક્યાં વ્યાખ્યા (–વાત) છે અહીંયા ? (અર્થાત્ 'વ્યવહારનો) ઉપદેશ (કરવો' એવી) વ્યાખ્યા.... વાત છે જ ક્યાં ? 'ઉપદેશ' (—ઐસા) કહા, (લેકિન) ઉસકા (વાચ્ય) હૈ 'વ્યવહાર જાનના'.

('ઉપદેશ' શબ્દ હૈ) ઉસકા વાચ્ય 'વ્યવહાર જાનના' હૈ. '(વ્યવહાર) જાનના' ઉસકા નામ ઉપદેશ હૈ. સમજમેં આયા ? આ ગાથામાંથી બધા (અજ્ઞાની વિપરીત અર્થ) કાઢે છે.

आचार्य कहते हैं कि हे भव्य जीवो ! यदि तुम जिनमतका प्रवर्ताना करना चाहते हो.... प्रवर्ताना करना चाहते हो तो व्यवहार और निश्चय—दोनों नयोंको मत छोडो.... 'जिनमतका प्रवर्ताना'.... ચાહનેકી (–વિકલ્પકી) બાત હૈન ? (અર્થાત્ જો) પૂર્ણ (વીતરાગ) હો ગયે હૈં ઉનકી બાત હૈ નહીં.... સમજમેં આયા ? (ક્યોંકિ) ઉન્હેં તો કોઈ વિકલ્પ હૈ નહીં.... કોઈ (રાગ) હૈ નહીં.

પણ जिनमतका प्रवर्ताना करना चाहते हो तो व्यवहार और निश्चय—दोनों नयोंको मत छोडो.... દેખો !

ઉસકા અર્થ ક્યા ?

व्यवहारनयके बिना तो तीर्थ—व्यवहारमार्गका नाश हो जायेगा.... પર્યાયકા નાશ હો જાયેગા.... પર્યાય હી નહીં રહેગી વ્યવહાર તીર્થકી.... વ્યવહારમાર્ગકી.... 'પર્યાય હૈ નહીં'—ઐસા હો જાયેગા. સમજમેં આયા ? '(અપૂર્ણ) શુદ્ધ પર્યાય નહીં હૈ ઔર સાથમેં વિકલ્પ (ભી) નહીં હૈ'—ઐસા હો જાયેગા. સમજમેં આયા ?

व्यवहारनयके बिना तो तीर्थ—व्यवहारमार्ग કહાં રહેગા ? ચૌથા, પાંચવાં ગુણસ્થાન (આદિ) જો હૈ વે સબ તીર્થ.... માર્ગ હૈ. ચૌદહ ગુણસ્થાન હૈં વે સબ ભેદ હૈ (ઔર) ચૌથા, પાંચવાં, છઠવાં, સાતવાં આદિ ભેદ હોના વે સબ વ્યવહાર હૈં. જો પર્યાય ન માનો.... વ્યવહાર ન માનો તો ઉસકા (–ગુણસ્થાનકા) નાશ હો જાયેગા. ઔર ઉસકે (–ગુણસ્થાનકે સાથમેં) જો જો વિકલ્પ આતે હૈં ભૂમિકાકે યોગ્ય, ઉસકા ભી અભાવ હો જાયેગા. સમજમેં આયા ?

व्यवहारनयके बिना तो तीर्थ—व्यवहारमार्गका नाश हो जायेगा और निश्चयनयके बिना तत्त्व (वस्तु)का नाश हो जायेगा.... નિશ્ચય(નય) બિના તત્ત્વકા.... અભેદ અખંડાનંદ (આત્મા) હૈ ઉસકા આશ્રય નહીં રહા તો ક્યા વસ્તુ રહી ? તુજે (ભૂમિકાકે યોગ્ય) વ્યવહાર ભી ઉત્પન્ન નહીં હુઆ (ઔર શુદ્ધ) પર્યાય ભી ઉત્પન્ન નહીં હુઈ (તો) तत्त्वका नाश हो जायेगा. સમજમેં આયા ? અકેલા

પર્યાય.... પર્યાય.... પર્યાય.... પર્યાય કરેગા, તો નિશ્ચય(નય)કે બિના પર્યાયકો વ્યવહાર કહે (–જાને) કૌન ? સમજમેં આયા ?

ઓહોહો ! व्यवहार और निश्चय—दोनों नयोंको मत छोडो; क्योंकि व्यवहारनयके बिना तो तीर्थ–व्यवहारमार्गका नाश हो जायेगा.... (ગુણસ્થાન યોગ્ય) શુદ્ધ પર્યાય આદિ જો હૈ ઔર વિકલ્પ આદિ હૈ—દોનોં હી હૈ ભલે.... સમજે ન ? (પણ યદિ વ્યવહારનય ન માના તો) વે નાશ હો જાયેંગે.

(ભાવાર્થમાં) જયચંદ પંડિતે એકલા શુભયોગની જ વાત કરી છે. ખરેખર તો અહીંયા 'પર્યાયનો નાશ થશે'—એમ કહે છે. જો વ્યવહારનય છોડી દેશો તો પર્યાય નહીં રહેગી (અને) પર્યાય નહીં રહેગી તો તીર્થ—માર્ગ હી નહીં રહેગા (અર્થાત્) સમ્યગ્દર્શન-જ્ઞાન (આદિરૂપ) જો મુનિમાર્ગ, શ્રાવકમાર્ગ, સમકિતમાર્ગ હૈ વે હી નહીં રહેંગે. સબ પર્યાય.... વ્યવહારનયકા વિષય હૈ વહ માર્ગ ભી નહીં રહેગા, (યદિ) તીર્થ ન માનો તો.... વ્યવહારનય ન માનો તો. સમજે ? (ઔર) નિશ્ચય(નય) ન માનો તો તત્ત્વકા નાશ હો જાયેગા.

શ્રોતા : નિશ્ચય મોક્ષમાર્ગ (પણ) વ્યવહાર છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : વ્યવહાર હૈ. નિશ્ચય મોક્ષમાર્ગ.... મોક્ષમાર્ગ સાધવો એ (પણ) વ્યવહાર છે, પર્યાયકી બાત હૈ. યહાં (૧૨વીં ગાથામેં) તો, પર્યાયકો (—કિ જિસકો ૧૧વીં ગાથામેં) 'અભૂતાર્થ' કહા થા ઉસકી 'હયાતી' બતાતે હૈં, બસ. જો ૧૧વીં ગાથામેં પર્યાયકો ગૌણ કરકે 'અસત્યાર્થ' કહા થા, ઉસકો યહાં મુખ્ય કરકે (કહા હૈ કિ) પર્યાય ક્યા હૈ.

'મુખ્ય કરકે'(કા) અર્થ ?

વ્યવહારનયકી (વિષયરૂપ) પર્યાય વર્તમાનમેં ક્યા (–કૈસી) હૈ વહ બતાતે હૈં. બિલકુલ (પર્યાય) નહીં હૈ ઐસા નહીં હૈ—યૂં (કહતે હૈ) બસ. સમજમેં આયા ? સમજમેં આતા હૈ કિ નહીં ?

(ભાઈ ! સોનગઢ આવ્યાને) કિતને મહિને હો ગયે ? લુખ્ખું થઈ ગયું હોય.... ઘણાં મહિને આવ્યા (હોય) તો એમ ને એમ (વાંચન-વિચાર વિના પરિણામ લુખ્ખાં થઈ જાય). ક્યા ? આહીં તો કહે છે, આત્મા ભુલાય ? લ્યો ! એ કહે છે, દેખો !

એક (અંશ).... પર્યાયને સિદ્ધ કરવા માટે તીર્થ અને તીર્થફલની વ્યવસ્થિતિ ક્યા હૈ (વહ બતાયા).... પર્યાય 'હૈ' વહ સિદ્ધ કરનેકો. દ્રવ્ય 'હૈ' વહ નિશ્ચય હૈ—વહ તો નિશ્ચય હુઆ ઔર પર્યાય 'હૈ' વહ વ્યવહાર હુઆ..... સમજમેં આયા ?

માટે વીતરાગમાર્ગકો પ્રવર્તાના ચાહતે હો, તો વ્યવહાર નામ પર્યાયમેં (અપૂર્ણ) શુદ્ધતા (આદિ) આતે હૈ વે વ્યવહાર હૈ ઉસકો નહીં છોડના (અર્થાત્) 'નહીં હૈ'—ઐસા નહીં માનના.... 'નહીં હૈ'—ઐસા નહીં માનના (ઔર) દ્રવ્યકા લક્ષ ન હો તો નિશ્ચયનય નહીં હોગા.... તો દ્રવ્યકી દ્રષ્ટિ નહીં (રહેગી).

દ્રવ્ય એકાંત હૈ, એકરૂપ હૈ.... એકરૂપ હૈ.... એકરૂપ હૈ.... એકરૂપ.... એકરૂપ હી હૈ. સમજમેં આયા ? ત્રિકાલી એકરૂપ (દ્રવ્ય હૈ) વહી સત્ય હૈ. મુખ્ય સત્ય તો વહ (દ્રવ્યકો) કહા.... મુખ્ય નિશ્ચય તો વહ (દ્રવ્યકો) કહા. સમજમેં આયા ? (યદિ) વૈસી (દ્રવ્યકી) દ્રષ્ટિ ન રહી, તો તત્ત્વકા નાશ હો જાયેગા ઔર પર્યાયકો છોડ દો તો વર્તમાન ભેદ આદિ, ધર્મકી નિર્મળ પર્યાય આદિ કોઈ (–કુછ) રહેગા નહીં. ગાથા બરાબર અચ્છી આયી હૈ ૧૧વીં, ૧૨વીં. બરાબર આવી છે અહીંયા લ્યો ! સમજમેં આયા ?

**निश्चयनयके बिना तत्त्वका नाश....** વસ્તુ તો વસ્તુ હૈ.... 'સત્' તત્ત્વ વહી હૈ. નિશ્ચયનયકા વિષય જો તત્ત્વ હૈ.... અથવા નિશ્ચયનય હી ('સત્') હૈ.—ઐસે કહા થા ન ? ૧૧વીં ગાથામેં (કહા) કિ 'भूदत्थो देसिदो दु सुद्धणओ'.... ભૂતાર્થ એ જ નિશ્ચયનય છે.... નિશ્ચયનય નામ શુદ્ધનય હૈ. ત્રિકાલી વસ્તુ હૈ વહી (શુદ્ધ)નય હૈ.... વહી નિશ્ચયનય હૈ. ત્રિકાલી (દ્રવ્ય)કો દ્રષ્ટિમેંસે છોડ દિયા (તો) નિશ્ચયકા નાશ હો જાયેગા.... તત્ત્વકા નાશ હો જાયેગા. સમજમેં આયા ? અને ઐસી દ્રષ્ટિ પૂર્વક (જો) પર્યાયકા ભેદ આદિ (હોતે હૈ ઉસકો) ન માનોં, તો પર્યાય ન રહી (ઔર) તો તીર્થ (–મોક્ષમાર્ગ) હી ન રહા. સમજમેં આયા ?

દોનોં (નયોં)કો યથાર્થ સ્થાન.... જહાં-જહાં (જો નયકી અપેક્ષા) હૈ—ઐસા માનને (ઔર) જાનને લાયક હૈ. આ મોટી ગડબડ બારમી ગાથામાં છે. ઘણા (અજ્ઞાની) એમાંથી કહે છે કે 'જુઓ ! એકાંત કહે છે સોનગઢવાળા. બારમી (ગાથા)માં કહે છે કે વ્યવહાર કરના.... વ્યવહારકા ઉપદેશ દેના.... વ્યવહારસે

લાભ હોતા હૈ,. (પર સોનગઢવાલે)—ઐસા કહતે હૈં (કિ વ્યવહાર માત્ર જાનને લાયક હૈ).'

શ્રોતા : પણ, 'વ્યવહારનું જ્ઞાન કરવું'—એ વ્યવહારનો ઉપદેશ (દેવો એવો અર્થ) ન થયો ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (હા), પણ એ 'ઉપદેશ (દેવો)'ની વ્યાખ્યા (શું) ? 'ઉપદેશ (દેવો'—એ) તો કથન છે, એનું વાચ્ય 'જાણવું'—એમ કહ્યું છે આહીં. સમજમેં આયા ?

યહાં (સમયસારમાં) ઐસા શબ્દ તો બહુત આયા ન ? (જુઓ, ગાથા- ૪માં) 'બંધકથા' એટલે વિસંવાદી કથા (—એમ કહ્યું). (તો ક્યા કામ-ભોગકી) 'કથા' વિસંવાદી (-ઝગડા કરનેવાલી) હૈ ? શાસ્ત્રમેં (ગાથા-૪મેં) તો ઐસા આયા (-કહના) હૈ કિ રાગમેં રુકના (વહ) 'બંધ' હૈ. રાગમેં એકરૂપ (હોકર) રુકના વહ વિસંવાદ ખડા.... ઉત્પન્ન કરતા હૈ. ઐસી બાત હૈ. 'કથા' તો (શબ્દ હૈ, પદ્યમેં.... ટૂંકી) ભાષામેં (ઔર) ક્યા કહે ? સમજમેં આયા ?

ટૂંકી ભાષાસે (-શબ્દોસે) બતાનેકો (ઐસા કહનેમેં આતા હૈ). (ગાથા) પદ્યમેં હૈન ? તો પદ્યસે બતાનેમેં ઐસી ટૂંકી (ભાષા) આતી હૈ, (પણ) ઉસકા અર્થ તો સમજના ચાહિયે ભાઈ ! (પરંતુ અજ્ઞાની) ઝગડા કરતે હૈં (કિ) 'કરો (શાસ્ત્રકા) સીધા અર્થ.... કરો સીધા અર્થ લ્યો ! (પ્રવચનસાર) ૨૫૪ ગાથાકા. (ઉસમેં) શ્રાવકકા (કથન) આતા હૈન ? (કિ) શુભભાવસે મોક્ષ હોતા હૈ.... શ્રાવકકો શુભભાવસે મોક્ષ હોતા હૈ. 'પ્રવચનસાર'માં આવે છે કે નહીં ? કરો સીધો અર્થ. લ્યો !—એ પ્રશ્ન (ઊભો) થયો.

શ્રોતા : શ્રાવકને શુભરાગથી (મોક્ષ થાય) ને મુનિને શુદ્ધતાથી થાય ?

(અજ્ઞાની કહે છે કે) : 'મુનિને (શુભભાવથી મોક્ષ ન થાય, પણ) શ્રાવકને થાય.... શ્રાવકને થાય. મુનિને ભલે (શુભભાવથી મોક્ષ ન થાય, કેમ કે) એ તો વીતરાગ સ્વરૂપ છે. એમ. (તેમ જ શાસ્ત્રમાં પણ) મુનિને માટે 'ના' પાડી છેને ? (તેથી) મુનિને (શુભભાવથી મોક્ષ ન થાય, પણ) શ્રાવકને શુભથી (મોક્ષ) થાય.'

(સમાધાન :) (શુભભાવથી) શું થાય ? ધૂળ થાય (-ગતિ મળે). સૂન તો સહી ? વહ તો વ્યવહારનયકા કથન.... ચરણાનુયોગકા કથન હૈ (કિ શ્રાવકકો

શુભભાવસે મોક્ષ હોતા હૈ). શ્રાવક, અશુભ(ભાવ) ટાલતે હૈં ઔર શુભ(ભાવ) બહુત આતે હૈં ઉસકો, તો ક્રમ-ક્રમસે અશુભ રાગ ઘટતા હૈ ઔર શુભકો ભી ઘટાકર (પૂર્ણ) શુદ્ધતામેં આયેગા, તબ (મોક્ષ હોગા).

અરેરે ! માર્ગમેં ઐસી તકરાર !! ઐસા વિસંવાદ ખોસ (-ડાલ) દિયા !! સરળ સત્ય માર્ગ.... સરલ માર્ગ હૈ, (ફિર ભી) ઉસકી રુચિ ને રીત હી રહી નહીં.... (માર્ગકી) રુચિ ને રીત ક્યા (-કૈસી) હૈ વહ (સમજ) ભી રહી નહીં ઔર ઉસકો ધર્મ પાના ? વહ કહાંસે પાયેગા ? સમજમેં આયા ?

લ્યો ! યે તીનોંકા*[1] અર્થ હો ગયા.

ટીકાકે (શબ્દ) 'વ્યવહારનય (સાધકકો જાનનેમેં આતા હુઆ) પ્રયોજનવાન હૈ.'.... (વે મૂલ ગાથા) **'ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे'**.... (—યહ) દૂસરી (પંક્તિકે) દો પદ હૈન બારવીં (ગાથા)કે (ઉસકા અર્થ હૈ).

**'सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं'**.... એ તો શુદ્ધનય (સુધી) પહોંચ્યાં (અર્થાત્ પૂર્ણજ્ઞાની થયા) એને (શુદ્ધનયનો) ઉપદેશ છે.

(તો શું) એને (-પૂર્ણજ્ઞાનીને) ઉપદેશ દેવાનો છે ? **'सुद्धो सुद्धादेसो णादव्वो'**.... શુદ્ધનો આદેશ.... ભાઈ ! એમ છેને ? **'सुद्धो सुद्धादेसो'**.... આદેશ. લ્યો ! 'આજ્ઞા કરવી'—એમ (અર્થ કર્યો) છે એમાં (અન્વયાર્થમાં). દેવાનુપ્રિયા ! લખ્યું છેને ? અંદર (અન્વયાર્થમાં) લખ્યું છેને ? (કે) 'આજ્ઞા'. હા, છેને આદેશના (અર્થમાં).

'આજ્ઞા'નો અર્થ કે ત્યાં (શુદ્ધનય) 'હૈ'.... શુદ્ધદશા પૂર્ણ હો ગઈ, થઈ રહ્યું જાવ. (—એમ કહેવું છે). આહાહા ! સમજાય છે કાંઈ ?

દેખો ! **'उपदेश'** નામ આજ્ઞા કરના. લિખા હૈન ઉસમેં (અન્વયાર્થમેં) ? **'उपदेश'** (શબ્દ) છેને ? **'शुद्धादेश:'**.... શુદ્ધનો ઉપદેશ.

*[1] (૧) મૂલ ગાથાકા, (૨) ટીકાકા ઔર (૩) આધારકી ગાથાકા....

મૂળ તો અહીંયા શુદ્ધનો ઉપદેશ અને વ્યવહારનો ઉપદેશ.—બેય.... બેય.... ઉપદેશ છે (—એમ કહેવું છે).

(૧) (सुद्धादेसो).... શુદ્ધનો ઉપદેશ અને
(૨) 'ववहारदेसिदा'.... એનો (–વ્યવહારનો) ઉપદેશ. દેખો ! છે કે નહીં ?

(૧) सुद्धादेसो.... નિશ્ચયવાળાને (શુદ્ધનો ઉપદેશ) કહેવો (અને)
(૨) ववहारदेसिदा.... અપરમભાવ(વાળા)ને (વ્યવહારનો ઉપદેશ) કહેવો —એમ છે અહીં તો. 'કહેવું'—એમ છે.... પાઠમેં તો ઐસા હૈ.

(૧) सुद्धो सुद्धादेसो णादव्वो.... શુદ્ધનો ઉપદેશ છે તેને જાણવો. (તો શું પરમભાવમાં સ્થિત છે તેણે) ઉપદેશને જાણવો છે ? ઉપદેશકો જાનના હૈ (ઉન્હેં) ? (ના).
(૨) ववहारदेसिदा.... વ્યવહાર દેખાડવો વાણી દ્વારા. (ક્યા) યે (વ્યવહાર, અપરમભાવમેં સ્થિત હૈ ઉન્હેં) દિખાના હૈ ? (ના. અપૂર્ણતા હૈ તો) વ્યવહાર જાનના.

(અપૂર્ણતા હૈ તો વ્યવહાર જાનના) ઔર નિશ્ચય પૂર્ણ હો ગયા હો તો નિશ્ચય જાનના.... નિશ્ચય નામ પર્યાય પૂર્ણ હો ગઈ હૈ—ઐસા જાનના.

આ નિશ્ચય (અર્થાત્) દ્રવ્ય તો હૈ હી, પણ દ્રવ્યકા આશ્રય કરકે નિશ્ચય (અર્થાત્) શુદ્ધનયકી પૂર્ણ પ્રાપ્તિ કેવલજ્ઞાનમેં હૈ—ઐસા કહા હૈ. ચંદુભાઈ !

શું (કહ્યું) ?

શુદ્ધનયકી પૂર્ણ પ્રાપ્તિ, કેવલજ્ઞાન હુઆ તો હુઈ. ઉસકા અર્થ (યહ હૈ) કિ 'શુદ્ધનય' તો દ્રવ્ય હૈ, પણ ઉસકા (–દ્રવ્યકા) આશ્રય પૂર્ણ હો ગયા તો વહાં પૂર્ણ પર્યાય (પ્રગટ) હો ગઈ. સમજમેં આયા ?

(૧) सुद्धादेसो.... 'શુદ્ધનો ઉપદેશ' એટલે કે (પર્યાયમાં) શુદ્ધભાવ પૂર્ણ હૈ (ઐસા) જાનતે હૈ.

(૨) અહીંયા (–સાધકદશામાં ववहारदेसिदा).... 'વ્યવહારનો ઉપદેશ' એટલે કે શુદ્ધ પર્યાય ને અશુદ્ધ (પર્યાય—ઐસા) જો ભંગ (–ભેદ) હૈ ઉસકો જાનતે હૈં.

લ્યો ! બસ. દોનોં 'આદેશ'કા અર્થ 'જાનતે' હૈં. આ તો દોનોં ('આદેશ')કા અર્થ 'જાનના' હૈ —એમ (કહે) છે.

'આદેશ' (શબ્દ) હૈન દોનોંમેં ?

(૧) सुद्धो सुद्धादेसो
(૨) ववहारदेसिदा .... अपरमे ट्ठिदा भावे....—એમ (શબ્દો) છે.

એ (અજ્ઞાની) લોકો એમ કહે છેને ? કે વ્યવહારનો ઉપદેશ કરવો પહેલાને (–શરૂઆતવાળાને) તો.

(સમાધાન :) ઉપદેશ (કરને)કી વ્યાખ્યા (–વાત) હી નહીં હૈ યહાં તો. (નહિતર) તો, 'सुद्धादेसो'(નો અર્થ એ થશે કે) કેવળીને શુદ્ધનો ઉપદેશ દેવો. (તો શું) એમ છે ? (ના).

'પરમભાવમાં સ્થિતને શુદ્ધનો ઉપદેશ દેવો'—ઉસકા અર્થ ક્યા હૈ ? 'કેવળજ્ઞાનીકો શુદ્ધકા ઉપદેશ દેના'.—શબ્દાર્થ તો ઐસા હૈ. સમજમેં આયા ? પણ ઉસકા અર્થ (–ભાવાર્થ) સમજના ચાહિયે ન ! (કિ 'શુદ્ધનય જાનના') આહાહા !

ઘણા વખતથી (વિચારમાં) આવે છે 'बंधकहा एयत्ते'.... નહોતું આવ્યું (–કહ્યું) ?....

**एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे ।**
**बंधकहा एयत्ते....**

લો ! વહાં (ગાથા-૩મેં) યે આયા. एयत्तणिच्छयगदो समओ.... સ્વભાવમેં.... અપનેમેં એકત્વ હોતા (–રહતા) હૈ વહી સર્વત્ર સુંદર હૈ.... સર્વત્ર ઝગડા રહિત હૈ અથવા અવિરુદ્ધ હૈ. एयत्तणिच्छयगदो.... અપને સ્વરૂપમેં એકત્વ

રહના વહી અવિરુદ્ધ કાર્ય હૈ. સમજમેં આયા ? વહ 'सुन्दर'કા અર્થ આપણે કહી ગયા (છીએ). 'सुन्दर'કા અર્થ અવિરુદ્ધ કાર્ય હૈ—ઐસા કહા થા ન ભાઈ ? ઔર 'बंधकहा'.... (એટલે કે) બંધભાવ. 'બંધકથા'કા અર્થ (વહાં) કથા નહીં. 'ભાવ'(કે લિયે) 'કથા' શબ્દ હૈ ત્રીજી ગાથામેં....

एयत्तणिच्छयगदो समओ सव्वत्थ सुंदरो लोगे।
बंधकहा एयत्ते तेण विसंवादिणी होदि।।३।।

સ્વભાવમેં એકત્વ વહી અવિરુદ્ધ કાર્ય હૈ ઔર સ્વભાવકે એકત્વસે (વિરુદ્ધ) બંધકથા નામ બંધભાવ (હૈ—ઐસા) જાનના. બંધભાવકા હોના વહ વિરુદ્ધ કાર્ય હૈ.... ઝગડા ઉત્પન્ન કરતા હૈ.... આત્માકી પર્યાયમેં ખેદ નામ દુઃખ ઉત્પન્ન કરતા હૈ.... વિરુદ્ધ કાર્ય ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ? વહાં (–તીસરી ગાથામેં) 'બંધકથા'કા અર્થ (બંધભાવ હૈ) ઐસા કહા—ઐસે કહના હૈ. 'બંધકથા' (અર્થાત્ ક્યા) કથા કરની બંધકી ? (નહીં).

(યહાં ૧૨વીં ગાથામેં) શબ્દાર્થ (–અન્વયાર્થ) તો ઐસા હૈ, દેખો ! शुद्धनय (तक) पहुंचकर श्रद्धावान પૂર્ણ હો ગયા જુઓ ! (तथा) पूर्ण (ज्ञान-)चारित्र(वान) हो गये उन्हें तो शुद्ध (आत्मा)का (उपदेश) (आज्ञा) करनेवाला शुद्धनय जाननेयोग्य है....

લ્યો ! '(आज्ञा) करनेवाला' (—ઐસા કહા હૈ, ક્યોંકિ) 'आदेश' શબ્દ પડ્યો છેને ?

પણ ઉસકા અર્થ (યહ હૈ) કિ જિસકો કેવલજ્ઞાન હો ગયા, વે નયકા જ્ઞાન જાનતે હૈં. ઉનકો કુછ (અધિક) હવે આશ્રય લેના રહા નહીં, (ક્યોંકિ) અપૂર્ણતા રહી નહીં. (ઇસલિયે) વ્યવહાર જાનનેકા રહા નહીં, એકલા ઉસકો (–આત્માકો) જાનતે હૈં—યૂં (—ઐસા) કહા હૈ. સમજમેં આયા ?

ઔર अपरमभावमें.... स्थित है.... પૂર્ણ દશા ચારિત્ર આદિકી હુઈ નહીં, (પણ) સાધક અવસ્થામેં હૈ ઉસકો પર્યાયમેં જિતની શુદ્ધતા (ઔર) અશુદ્ધતા ઉત્પન્ન હોતી હૈ ઉસકો જાનના વહ પ્રયોજનવાન હૈ. ઉસકો (–સાધક જીવકો 'વ્યવહારકા ઉપદેશ) કહના'—યે બાત યહાં હૈ હી નહીં. સમજમેં આયા ?

૧૨વીં ગાથાકા ઐસા અર્થ હૈ.

યહ બહુત ઝગડેવાલી બાત હૈ તો વારંવાર વિશેષ (સ્પષ્ટીકરણ) બહુત આતા હૈ. (અજ્ઞાની મૂલ) ગાથાકા અર્થ ભી ઐસા કરતે હૈં ઔર ટીકાકા અર્થ ભી (ઐસા) કહતે હૈં કિ દેખો ! 'ववहारदेसिदा पुण'....

(સમાધાન :) પણ ટીકામેં તો દેખ કિ ક્યા કહતે હૈં 'ववहारदेसिदा'કી વ્યાખ્યા ? કિ 'વ્યવહાર જાના હુઆ પ્રયોજનવાન હૈ'—(ઐસા) 'ववहारदेसिदा'કા અર્થ કહા હૈ. 'ववहारदेसिदा पुण'.... વ્યવહાર દેખાડ્યો.... ઉપદેશ કિયા. ઉસકા અર્થ ઐસા કિયા હૈ અમૃતચંદ્રાચાર્યને, કિ દ્રવ્યદ્રષ્ટિ હુઈ.... નિશ્ચય ભાન હુઆ, પણ પર્યાયમેં પૂર્ણ દશા પ્રાપ્ત હુઈ નહીં તબ લગ પર્યાયમેં સમ્યગ્જ્ઞાનાદિ શુદ્ધતાકે અનેક અંશ હૈં ઔર વિકલ્પ આદિ અનેક અશુદ્ધ પર્યાય હૈં.—યે સબકો જાનના ઉસકા નામ ववहारदेसिदा पुण.... अपरमे ट्ठिदा भावे હૈ. સમજમેં આયા ? લ્યો ! હવે ઉસકા....

भावार्थ :—જયચંદ પંડિત(ને કિયા હૈ). યે (અજ્ઞાની) સબ લોગ ઉસમેંસે (–ભાવાર્થમેંસે) ડાલતે (–કહતે) હૈં કિ 'દેખો ! વ્યવહાર કહા હૈ—વ્યવહાર કરના કહા હૈ. વ્યવહાર કરતે.... કરતે.... (નિશ્ચય હોગા)'.

(સમાધાન :) યે તો વ્યવહાર આતા હૈ ઉસકો જણાયા હૈ. સમજમેં આયા ? જબ લગ પૂર્ણતા ન હો, તો બીચમેં શુદ્ધપર્યાયકા અંશ પ્રગટ હોતા હૈ (ઔર) સાથમેં શુભ ઉપયોગ.... વિકલ્પ ભી ઐસા હોતા હૈ. તો ઉસકો 'જાના હુઆ પ્રયોજનવાન' કહકર (ઉસકી) વ્યાખ્યા (ટીકામેં) કરતે હૈં.

યહાં (–ટીકામેં) 'જાના હુઆ' કહા ને ન્યાં (–મૂલ ગાથામેં) 'કરતા હુઆ' કહા (હો)—ઐસી ઉસકી (–ગાથાકી) ટીકા હૈ ? (ના). જો બાત (ગાથામેં) કહી હૈ ઉસકા (ટીકામેં) સ્પષ્ટીકરણ હૈ. સમજમેં આયા ? યહાં તો (–ટીકામેં) 'જાના હુઆ પ્રયોજનવાન' (કહા ઔર) વહાં (મૂલ ગાથામેં) 'કરતા હુઆ પ્રયોજનવાન' (કહા હો, ક્યા ઐસા) ઉસકા (–ગાથાકા) અર્થ.... સ્પષ્ટીકરણ હોતા હૈ ? (ટીકામાં) ઠીક પડે (–મનગમતો) એવો (અર્થ) કરે એમ હોય ? (ના). જૈસે કુવામેં (જૈસા) જલ હો ઐસા જલ બહારમેં આતા હૈ (યા) અંદરમેં મીઠા (જલ) હો ઔર બહારમેં ખારા (જલ) હો (–આ) જાય ? (—ઐસા નહિ હોતા).

જુઓ ! ટીકામેં કહા કિ વ્યવહારનય તે કાળે.... તે તે સમયે.... તે તે સમયે.... જુઓ ! ભાષા તો.... ઓહોહોહો ! સમય–સમયકા શુદ્ધતાકા અંશ

ભિન્ન–ભિન્ન (ઔર) અશુદ્ધતા (ભી) તે તે સમય.... સમય–સમયમેં (–ભિન્ન–ભિન્ન). ભલે (સમય-સમયમેં) ઉપયોગ ઉસકા (–છદ્મસ્થકા) લાગુ (–કાર્ય કરતા) ન હો.... સમજમેં આયા ? પણ સમય-સમયમેં જિતની શુદ્ધતા (ઔર) અશુદ્ધતા હૈ—(ઉસકો) જ્ઞાન જાનતા હૈ, ક્યોંકિ જ્ઞાનકા સ્વભાવ હી સ્વકો ઔર પરકો જાનના (હૈ તો) ઐસી પર્યાય પ્રગટ હોતી હૈ.

સમય-સમયમેં જિતની શુદ્ધતા-અશુદ્ધતા હૈ વહ....

(૧) વહી સમયમેં જાના હુઆ (પ્રયોજનવાન હૈ)....
(૨) દુસરે સમયમેં દુસરા જાના હુઆ (પ્રયોજનવાન હૈ)....
(૩) તીસરે (સમય)મેં જૈસા હૈ વૈસા જાના હુઆ (પ્રયોજનવાન હૈ).

(—ઇસી પ્રકાર) તે તે સમયમેં (વ્યવહાર) 'જાના હુઆ પ્રયોજનવાન' કહનેમેં આતા હૈ. આહાહા ! નવરંગભાઈ ! ભારે ભાઈ આ !

શ્રોતા : (જો) મોક્ષમાર્ગમેં હૈ ઉસકો ('ઉપદેશ દેના' ઉસકા, અજ્ઞાની) ક્યા અર્થ કરતે હૈ ?

યે (અજ્ઞાની) કહતે હૈન ?.... કિ (જો) પૂર્ણ શુદ્ધ હો ગયા હૈં એને 'ઉપદેશ શુદ્ધનો દેવો'—ઐસા કહતે હૈં.

પૂજ્ય ગુરૂદેવશ્રી : (પણ ઉન્હેં) ક્યા દેના ઉપદેશ ?

લેકિન (અજ્ઞાની કહતા હૈ કિ) 'કહના' (–ઉપદેશ દેના) ઐસા હૈન પાઠ ? 'सुद्धादेसो' હૈ કિ નહીં ? શુદ્ધકા આદેશ કરના.... (પૂર્ણ શુદ્ધ હો ગયે ઉન્હેં) શુદ્ધકા આદેશ કરના (ઔર) નીચેવાલેકો (–નીચે ગુણસ્થાનવાલેકો) વ્યવહારકા ઉપદેશ કરના. ઉસકો (–ઉપદેશ દેનેકી બાતકો પરમભાવમેં ઔર અપરમભાવમેં સ્થિત ઐસે) દોનોંકે સાથ મિલાતે હૈં. એમ જ (બીજા બધા અજ્ઞાની પણ) કહે છેને ? કે અભી તો વ્યવહાર હી હૈ, નિશ્ચય હૈ હી નહીં. .... આઠમે (ગુણસ્થાનમેં) નિશ્ચય હોતા હૈ—ઐસે કહતે હૈં. બહુત ઊંધા અર્થ.

અરે ભગવાન ! તુજે ક્યા કરના હૈ ? તુજે તિરના હૈ કિ ક્યા કરના હૈ ? (વૈરાગ્યપૂર્વક) આહાહા ! જુઓને એક સંસાર ! આ જુઓને એક બાળક મરી ગયોને ક્યાંક ? નહીં ? છોકરો મરી ગયો. બિચારો કેટલા (હોંશ)થી આવ્યો

હશે ? એ પરિણામ કઈ જાતના એના (હશે) ? આમ કરશું.... આમ કરશું.... ચાર વાગે મરી ગયો. અઢી વાગે આવ્યો અને ચાર વાગે મરી ગયો. અહીં મરવા માટે (જાણે આવ્યો હોય). પર્યાય જે ક્ષણે, જે નિમિત્તમાં, જે ક્ષેત્રે, જે સંયોગે (થવાની) તે ત્રણ કાળમાં ફરે નહીં. આહાહા ! સમજમેં આયા ?

ગમે તે પ્રસંગમાં વૈરાગ્ય ઉત્પન્ન કરના ચાહિયે. આહા ! કહાં.... ઇતના બિચારા બાલક.... પછી કોઈ કહે, મડદાને ત્યાં લઈ ગયા હશે ઘરે. કારણ કે બાળકને મા-બાપ દેખે નહિ તો રાડ નાખી જાય. ટેક્ષી કરીને લઈ ગયા ત્યાં જાફરાબાદ. જાફરાબાદ ક્યાં આવ્યું ? વેરાવળ પાસે. છોકરા કહેતા'તા.... છોકરા કહેતા'તા. કાકો-ભત્રીજો બે હતા. કાકો મરી ગયો અને ભત્રીજો મરવાને....

એ અવસ્થા.... બાપુ ! ભાઈ ! જો સમય જો અવસ્થા જડકી હોનેવાલી હૈ (ઉસે) તીન કાલમેં કેવલી ફેર (–બદલ) શકે નહીં. સમજમેં આયા ? કૌન કરે (–ફેરવે) ભાઈ ? કિતની હુશિયારીકા અભિમાન તુજે ? પ્રજ્ઞામેં (–અજ્ઞાનમેં) ઇતના અભિમાન કિ શરીરકી અવસ્થા ઐસે મૈં રખ્ખુ, ઉસકો ઐસે મૈં રખ્ખુ, ઐસે મૈં રખ્ખુ, ઐસે મૈં કર દુ, છોકરાકો ઐસા મૈં પઢા દુ–શીખા દુ, દુનિયાકો ઐસે શિખામણ દે દુ કિ ઉસસે ઉસકી વ્યવસ્થા હો જાય.... ઉસસે-પરસે (વ્યવસ્થા) હો જાય ?

શ્રોતા : વ્યવસ્થા કરવી કે ન કરવી ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (પરકા) કૌન કર સકતા હૈ (કે જેથી) કરવું ? માટે તો કહતે હૈ યહાં. આહાહા ! બિચારા બાળકને કેવા વિકલ્પ હશે કે આમ શીખશું, ૧૦ દિ' આમ શીખશું, પછી આમ થાશે, પછી ઐસા થાશે. ક્યા ધૂલ હોગા ભગવાન ? આહાહા ! અરે ! મનુષ્યપના મિલા, (પણ) કહાં (–કૈસે) ગયા.... કહાં (–કૈસે) ગયા.... કઈ દ્રષ્ટિમેં ને કઈ વૃત્તિમેં ? ઓહોહો !

આહાહા ! ભાઈ ! ઇસમેં (–ઇસ ભવમેં) તો ઝગડા કરનેકી બાત હૈ હી નહીં, યહાં તો ઝગડા ટાલનેકી બાત હૈ. ભગવાન ! જૈસા માર્ગ હૈ ઐસા સરલપને રખ (–સ્વીકાર). ઉસમેં આડ ન માર.... આડ ન માર ભાઈ ! તેરે સ્વભાવમેં (–પરિણામમેં) વિકૃતતા (યદિ) આયેગી તો સ્વભાવકી શાંતિ નહીં મિલેગી. મિથ્યાત્વકી અશાંતિ.... જિસમેં અનંતા નિગોદકે ભવ (કરનેકી) તાકાત હૈ.... મિથ્યાત્વમેં તો અનંત ભવ (કરને)કી તાકાત હૈ ઔર સમ્યગ્દર્શનમેં મોક્ષ લેનેકી તાકાત હૈ. સમજમેં આયા ?

(સમ્યગ્દર્શનમેં) બિલકુલ ભવકા અભાવ (કરકે હી) રહનેકી તાકાત હૈ. ઉસમેં (–મિથ્યાત્વમેં) પૂર્ણ ભવકી (–ભવ કરતે રહનેકી) તાકાત હૈ. (કોઈ) યે (વિપરીત) દ્રષ્ટિ લેકર જાયે, તો કહાં જાયેગા ? ચોરાસીના અવતારમાં બુડશે. આહાહા !

કહતે હૈં કિ ભગવાન ! તુમ વ્યવહારકા ઇતના આગ્રહ ન કરો કિ 'વ્યવહાર હો તો નિશ્ચય રહેગા, વ્યવહાર હૈ તો નિશ્ચય મોક્ષમાર્ગ પ્રાપ્ત હોગા.'—ઐસા આગ્રહ ન કરો. (જિસકો) નિશ્ચયકી (–ત્રિકાલી દ્રવ્યકી) દ્રષ્ટિ હૈ તો (ઉસકો) મોક્ષમાર્ગકી પ્રાપ્તિ હુઈ હૈ. (તો,) ઉસકો (–શુદ્ધતાકો) જાનના (ઔર) રાગ હૈ ઉસકો (ભી) જાનના. ઉસકો 'વ્યવહાર (જાના હુઆ પ્રયોજનવાન)' કહનેમેં આયા હૈ. ઇસસે કમ, અધિક (યા) વિપરીત માનનેસે દ્રષ્ટિમેં વિરોધ હોગા.

શ્રોતા : આપે કહ્યું, વ્યવહારનો 'એટલો' આગ્રહ ન રાખવો. એટલે સમજાણું નહીં.

પૂજ્ય ગુરુદેવશ્રી : 'એટલો' એટલે ? કિ યે વ્યવહાર ઐસા કરના હી હૈ.... કરના હી પડેગા—ઐસા નહીં હૈ. હોતા હૈ ઉસકો જાનના.—એમ કહે છે. ચંદુભાઈ ! આહાહા ! ઇતના આગ્રહ ન રખના કિ મુજે (વ્યવહાર) કરના હી (પડેગા).

(અજ્ઞાની કહતા હૈ કિ) 'જુઓ ! દેખો ! વ્યવહાર આતા હૈ કિ નહીં ?'

(સમાધાન:) 'આતા હૈ' વહ દૂસરી બાત હૈ અને 'કરના' વહ દૂસરી બાત હૈ. આહાહા ! (સમ્યગ્દ્રષ્ટિકો રાગ) 'આતા હૈ' એ તો જાનને લાયક હોકર આતા હૈ (ઔર રાગ) 'કરના હૈ' એ તો મિથ્યાદ્રષ્ટિ હોકર કરના (–કરનેલાયક હૈ ઐસા માનતે હુએ) આતા હૈ. આહાહા ! દેવાનુપ્રિયા !

શ્રોતા : ધર્મ કરવો (એ) વ્યવહારના પ્રાણ પોષવા (માટે છે)....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા, એ તો વળી (કોઈકે) કહ્યું કે 'વ્યવહારના પ્રાણ પોષવા—ઐસા ઉપદેશ દેના.' સોનગઢવાળા એવા એક નીકળ્યા છે કે (એકલી) નિશ્ચય.... નિશ્ચયની જ વાત કરે છે, તો આપણે વ્યવહાર કરવો. રામવિજયને કાયદા નિકાલા હૈ અગિયાર.... નિયમ બાંધે હૈં અગિયાર. યહાંકા (સાહિત્ય) દેખા હૈન ? તો ઉસકે સાધુમેં ભી કોઈ–કોઈકો ઝપટ લગી (–ખ્યાલમેં આને લગા) હૈ કિ

બાત કંઈક હૈ.... કંઈક હૈ—ઐસા. તો (શ્વેતાંબર સાધુ ઇસ વીતરાગ માર્ગ તરફ ન ઝૂકે ઇસલિયે) કાયદા બાંધા હૈ કિ વ્યવહારકા ઉપદેશ દેના, વ્યવહારકા પ્રાણ પોષના. (—ઐસે) અગિયાર કાયદા કાઢ્યા છે.

(અત્યંત કરુણાથી) : અરે ભગવાન ! 'વ્યવહાર' કિસકો કહના ભાઈ ? સમજમેં આયા ? આહાહા ! અરે ભગવાન ! શું કરે છે ભાઈ ! આવા (રખડવાના) અનંત કાળમાં તરવાના ઉપાય (માટે) થોડો કાળ છે. માંડ નીકળ્યો આમાંથી (–નિગોદમાંથી), એમાં વળી આ (વ્યવહારનો પક્ષ) કરીશ, ભાઈ ! તારા આરા નહીં આવે. બાપુ ! એ દ્રષ્ટિના ફેરે (–વિપરીતપણાથી) દુઃખડા અનંત આવશે.... સહ્યા નહીં જાય ભાઈ ! સમજાય છે કાંઈ ? આ (આત્મા) ભગવાન (થઈને પણ) જુઓને ! ક્યાં ને કેવી રીતે (રખડે છે) ?

આહાહા ! આ ૧૧મી અને ૧૨મી (ગાથા)માં નિશ્ચય અને વ્યવહાર —દોનોંકા ખુલાસા કર દિયા. સમજમેં આયા ? અને વહ બતાનેકો હી દ્રષ્ટાંત 'તીર્થ ઔર તીર્થકે (ફલ)કી વ્યવસ્થિતિ'કા (દિયા હૈ). ઔર વહી બતાનેકો.... વ્યવહાર ન છોડના (યહ) બતાનેકો जइ जिणमयं पवज्जह.... (કહા. ફિર ભી) પીછે નિશ્ચય તો આયા ઉસમેં (–આધારકી ગાથામેં). સમજમેં આયા ? વ્યવહાર આતા હૈ બીચમેં (–મોક્ષમાર્ગમેં).... પર્યાય હૈ વહી વ્યવહાર હૈ. આહાહા ! સમજમેં આયા ?

લ્યો ! હવે भावार्थ:—लोकमें सोनेके सोलह वान प्रसिद्ध हैं.... (હિંદીમેં) 'सोलह वान ' કહતે હૈં ? 'તાવ'. पन्द्रहवें वान तक उसमें चूरी आदि परसंयोगकी कालिमा रहती है.... પંદર વાન તક ઉસમેં ચૂરી આદિ રહતી હૈ. ચૂરી આદિ.... પણ 'કથીર' રહતા હૈ કથીર ? તાંબા ? તાંબા આદિકી બાત કહતે હૈંન ? આપણે કોઈ દેખા નહીં હોં કોઈ દિ' ઐસા સોના-બોના ચૂરીવાલા. કો'ક કહે એ સાંભળીએ.

સોનામેં કોઈ તાંબાકા ભાગ હોતા હૈન ? કથીરકા ભાગ થોડા હોતા હૈ. चूरी आदि परसंयोगकी कालिमा रहती है, इसलिए तब तक वह अशुद्ध कहलाता है.... તબ તક અશુદ્ધ કહલાતા હૈન વહ સોના ? તેર વલા, ચૌદ વલા તક ઉસમેં અશુદ્ધતા રહતી હૈ તો અશુદ્ધ કહલાતા હૈ.

और ताव देते देते.... અગ્નિકી જ્વાલા દેતે.. દેતે.. વહ સોનાકો કુલડીમેં રખતે હૈંન ? કુલડી માટીકી. (હિંદીમેં) 'કુલડી' કહતે હૈં કિ ક્યા કહતે હૈં ? હાં, વહ. ફૂંક મારતે હૈંન વહ સોની ? (ઐસે) કરતે.. કરતે.. કરતે.. કરતે.. (અર્થાત્) આમ તાવ દેતે.. દેતે.. જહાં (સોના) સોલ વલા હો જાય, તબ ડાલ દેતે હૈં.... નીચે ડાલ (-રખ) દેતે હૈં. (સોલ વલા ન હો) તબ લગ તો ઉસકો આંચ દેતે હૈં અગ્નિસે. અગ્નિકો ફૂંક મારતે હૈં અગ્નિકો પ્રજ્વલિત કરનેકો (-રખનેકો).

और ताव देते देते जब अंतिम तावसे उतरता है.... દેખો ! સોલહ વલા હો ગયા तब वह सोलह वान या सौ टंची शुद्ध सोना कहलाता है.... લ્યો ! जिन्हें सोलह वानवाले सोनेका ज्ञान, श्रद्धान तथा प्राप्ति हुई है.... सोलह वानवाले सोनेका ज्ञान, श्रद्धान तथा प्राप्ति हुई है, उन्हें पन्द्रह वान तकका सोना कोई प्रयोजनवान नहीं.... અહીં તો એમ (કહ્યું) કે જેણે સોળ વલું (સોનું) લીધું એને પંદર (વલા)નું શું કામ છે ? ક્યા કામ હૈ ? —યૂં (કહતે હૈ).

और जिन्हें सोलह वानवाले शुद्ध सोनेकी प्राप्ति नहीं हुई है, उन्हें तब तक पन्द्रह वान तकका सोना भी प्रयोजनवान है.... 'प्रयोजनवान'કા અર્થ (યહ હૈ કિ) સોના જો કિ પંદ્રહ વાન હૈ ઉસકો લેતે (-જાનતે) હૈ—ઐસા કહતે હૈં.... પંદ્રહ વાન (સોના) હૈ વહ લેતે (-જાનતે) હૈં—એમ (કહે છે). યહાં ('પંદ્રહ વાન' કહા) વહ (સિદ્ધાંતમેં) વ્યવહારકે સાથ મિલાના હૈ હોં. સોલહ (વાન)કી સાથ....

(કોઈ કહે :) 'प्रयोजनवान'કા અર્થ (યહ) હૈ કિ 'સોના પંદ્રહ વાન લેના એટલે કે વ્યવહાર કરના....' (પરંતુ ઉસકા) ઐસા (અર્થ હૈ) નહીં.

पन्द्रह वान तकका सोना कोई प्रयोजनवान नहीं होता, और जिन्हें सोलह वानवाले शुद्ध सोनेकी प्राप्ति नहीं हुई है उन्हें तब तक पन्द्रह वान तकका सोना भी प्रयोजनवान है । इसीप्रकार यह जीव नामक पदार्थ.... ભગવાન (આત્મા) जो कि पुद्‌गलके संयोगसे अशुद्ध अनेकरूप हो रहा है.... નિમિત્તકે સંગમેં અપની પર્યાયમેં અશુદ્ધતાકા રંગ લગા હૈ.... અશુદ્ધતાકા (અર્થાત્) અનેકપનાકા પ્રસંગ ઉત્પન્ન હોતા હૈ. સમજમેં આયા ?

હૈ તો સોના, જીવ સમાન (પૂર્ણ શુદ્ધ). સમજમેં આયા ? યે તો તુમ્હારા વિષય હૈ. ચૂરી-ચૂરી.... 'સોના' વિષય હૈ તુમ્હારા. કરતે હોન ? દાગીના બનાના,

ફલાના બનાના. આપણે તો કભી બનાયા નહીં, દેખા નહીં. કહો, સમજમેં આયા ?

यह जीव नामक पदार्थ है, जो कि पुद्गलके संयोगसे अशुद्ध अनेकरूप हो रहा है। उसका समस्त परद्रव्योंसे भिन्न.... યહ જીવ.... સમજે ન ? समस्त परद्रव्योंसे भिन्न.... દેખો ! समस्त परद्रव्योंसे भिन्न, एक ज्ञायकत्वमात्रका ज्ञान.... एक ज्ञायकत्वमात्रका ज्ञान.... વહ ચૌથે (ગુણસ્થાન)સે હોતા હૈ. (ઔર) एक ज्ञायकत्वमात्रका श्रद्धान.... વહ (ભી) ચૌથેસે હોતા હૈ. आचरणरूप प्राप्ति.... લ્યો ! હવે આચરણ. સમજમેં આયા ? —यह तीनों जिसे हो गये हैं.... પૂર્ણ.... જ્ઞાન, શ્રદ્ધા ઔર ચારિત્ર પૂર્ણ હો ગયે, વે તો સોલ વલા સોના (જૈસા) હો ગયે. સમજમેં આયા ?

उसे पुद्गलसंयोगजनित अनेकरूपताको कहनेवाला अशुद्धनय कुछ भी प्रयोजनवान नहीं है.... પુદ્‌ગલજનિત અનેકરૂપતાકો.... (શુદ્ધતા ઔર રાગાદિ) અનેકરૂપ હૈન ? વહ एक एक (भावस्वरूप) કરકે अनेक (भाव) दिखाये हैं—ઐસા (ટીકામેં) આયા થા ન ? विचित्र अनेक वर्णमालाके समान અનેક દિખતે હૈં.... રાગાદિ ભિન્ન ભિન્ન (ઔર) શુદ્ધતાકી પર્યાય ભી ભિન્ન ભિન્ન (દિખતી હૈ). तीनों जिसे हो गये हैं, उसे पुद्गलसंयोगजनित अनेकरूपताको कहनेवाला अशुद्धनय कुछ भी प्रयोजनवान नहीं है.... (किसी मतलबका) नहीं है....

किन्तु जहां तक शुद्धभावकी प्राप्ति नहीं हुई.... દેખો ! સમજમેં આયા ? जहां तक शुद्धभाव.... પરમાનંદકી પૂર્ણ પ્રાપ્તિ (નહીં હુઈ).... (સમ્યક્) શ્રદ્ધા-જ્ઞાન તો હો ગયા, પણ આચરણ.... ચારિત્ર પૂર્ણ ન હો.... વીતરાગતા પૂર્ણ ન હો. સમજમેં આયા ? वहां तक जितना अशुद्धनयका कथन है उतना यथापदवी प्रयोजनवान है....—તે તે પદવીમાં તે તે વ્યવહારનય (હૈ ઐસા) જાનના પ્રયોજનવાન હૈ —ઐસા કહા હૈ.

પાછું એને (–વ્યવહારને જાણવું) પ્રયોજનવાન છે એટલે (વ્યવહારને) કરવું (પણ) પ્રયોજનવાન છે (—એમ નથી, કેમ કે વ્યવહારનો) કર્તા હોય તો મિથ્યાદ્રષ્ટિ હોય. સુન તો (સહી) ! (વ્યવહારકા) કર્તા હુઆ તો જ્ઞાન.... કર્તા હુઆ તો જ્ઞાન ને આત્માકો અશુદ્ધ હી માના ઉસને. સમજમેં આયા ? વિકલ્પ શુભ હૈ વહ કરે (ઔર વહ) મેરા કર્તવ્ય હૈ (—ઐસા માને) તો બંધદશા ઉત્પન્ન હોગી....

મિથ્યાદશા ઉત્પન્ન હોગી. સમજમેં આયા ? (યહાં વ્યવહારકે) કર્તવ્યકી બાત નહીં હૈ. (મોક્ષમાર્ગમેં વ્યવહાર) આતા હૈ, તો ઉસકો 'કરના'—ઐસા વ્યવહારનયસે ઉપદેશ કહા હૈ.

અહીં તો કહેશે.... એ આહીં કહેશે.... કહેશે. 'કરના'નો નીચે (ફૂટનોટમાં) ખુલાસો કર્યો છેને ? નીચે છે. परन्तु ऐसा समझना कि साधक दशामें भूमिका अनुसार शुभभाव आये बिना नहीं रहते. (ઇસલિયે) વ્યવહારસે ઉનકા કર્તા હૈ. व्यवहारोपदिष्ट शुभभावोंको आत्मा व्यवहारसे कर सकता है....—ઐસા વ્યવહારસે કહતે હૈં. નીચે (ફૂટ)નોટમાં આ લખ્યું છે. કારણ કે પાઠના અર્થમેં (–ભાવાર્થમેં) લિયા હૈન જયચંદ પંડિતને ? કિ કરના.... કરના.... 'કરના'કા અર્થ (યહાં ઐસા હૈ કિ) 'ઐસા હોતા હૈ'.... 'ઐસા હોતા હૈ'. અરે ! નહીંતર (ઐસા અર્થ નહીં સમજે તો) સારી દ્રષ્ટિ ફિર જાયેગી.

વિકલ્પ તો વસ્તુમેં હૈ હી નહીં, યે તો પહલે કહા છઠ્ઠી ગાથામેં, કિ શુભ-અશુભપને આત્મા પરિણમતા હી નહીં કભી.... શુભ-અશુભપને ભગવાન આત્મા.... દ્રવ્ય તો હુઆ હી નહીં. (તો ભગવાન આત્મા જિસરૂપ) હુઆ નહીં વે શુભ(–અશુભ) ઉસમેં કહાંસે આયે ? ઉસ કારણસે 'પ્રમત્ત-અપ્રમત્ત નહીં' —ઐસા તો પહલે કહા હૈ. દ્રવ્યસ્વભાવ તો શુભ(રૂપ ભી) પરિણમતા હી નહીં. (ઇસલિયે જ્ઞાનીકો) પર્યાયમેં જો શુભ(ભાવ) આતા હૈ.... દ્રવ્યદ્રષ્ટિ કરકે (–હોનેકે બાદ) જો (શુભભાવ) આતા હૈ ઉસકો જાનના. સમજમેં આયા ? વહ ભૂમિકાકે યોગ્ય 'ઐસા શુભભાવ આતા હૈ.... હોતા હૈ'—ઐસા જાનના. લ્યો !

वहां तक जितना अशुद्धनयका कथन है.... દેખો ! उतना यथापदवी.... ચૌથે ગુણસ્થાનમેં ચૌથેકે પ્રમાણમેં, પાંચવેં (ગુણસ્થાનમેં) પાંચવેંકે પ્રમાણમેં, છઠ્ઠે (ગુણસ્થાન)મેં છઠવેકે (પ્રમાણમેં). उतना यथापदवी प्रयोजनवान है.... લો !

जहां तक यथार्थ ज्ञान-श्रद्धानकी प्राप्तिरूप सम्यग्दर्शनकी प्राप्ति नहीं हुई हो.... ઉન્હોંને (–જયચંદ પંડિતને યહ વિષય) ડાલા હૈ, પાઠકી (–મૂલ ગાથાકી) શૈલીમેં યે હૈ નહીં. પાઠકી શૈલીમેં તો સમ્યગ્દર્શન પાયા પીછે (–પ્રાપ્ત હોને કે બાદ) પર્યાયમેં કિતની શુદ્ધતા ને અશુદ્ધતા હૈ વહ જાનના—વહ બાત હૈ. સમ્યગ્દર્શન પાયે બિનાકી (–પ્રાપ્ત હુએ પહલેકી) બાત (તો) અગિયારવીં (ગાથા)મેં ભી નહીં હૈ ઔર બારવીં

(ગાથા)મેં ભી નહીં હૈ. પણ ઉન્હોંને જરી સમજાયા હૈ કિ (સમ્યગ્દર્શનકે) પહલે ઇતના ઇતના ઉસકો વિકલ્પ આતા હૈ.

વહ બાત કહેંગે વિશેષ.

(પ્રમાણ વચન ગુરુદેવ)

## પ્રવચન નં. ૩૩

## ગાથા - ૧૨

## સંવત ૨૦૨૪, આસો વદ ૭, રવિવાર, તા. ૧૩-૧૦-'૬૮

આ, સમયસારકા જીવ-અજીવ અધિકાર ચલતા હૈ. ઉસકી બારહવીં ગાથાકા ભાવાર્થ હૈ.

ક્યા કહતે હૈં બારહવીં ગાથામેં.... ગ્યારહવીં (ગાથા)મેં કહા ઉસકે સાથ (બારહવીં ગાથાકી) સંધિ કરતે હૈં.

ગ્યારહવીં (ગાથા)મેં તો ઐસા કહા કિ....

(૧) યહ આત્મા ભૂતાર્થ.... ત્રિકાળ સત્ સ્વરૂપ.... ધ્રુવ સ્વરૂપ હૈ વહી શુદ્ધનય હૈ, વહી નિશ્ચય સ્વરૂપ હૈ ઔર ઉસકા આશ્રય કરનેસે પહલેમેં પહલા ધર્મકી.... સમ્યગ્દર્શનકી પ્રાપ્તિ હોતી હૈ. સમજમેં આયા ? વસ્તુ.... એક સમયમેં (–વર્તમાનમેં ભી) પૂર્ણ જો ધ્રુવ દ્રવ્યસ્વભાવ.... એકરૂપ જ્ઞાયક.... અભેદ ચીજ હૈ વહી સત્ય હૈ.... વહી નિશ્ચય હૈ.... વહી વાસ્તવિક હૈ ઔર શુદ્ધનય હૈ. ઉસકા આશ્રય કરનેસે (ધર્મ હોતા હૈ). ક્યોંકિ દ્રવ્યમેં અનંતી (શુદ્ધ) પર્યાય પ્રગટ હોનેકી તાકાત હૈ. તો અપના પ્રયોજનકી.... સમ્યગ્દર્શન-જ્ઞાન ને ચારિત્રકી પ્રાપ્તિ દ્રવ્યસ્વભાવકા (અર્થાત્) ભૂતાર્થકા હી આશ્રય કરનેસે હોતી હૈ.—ઐસા (૧૧વીં ગાથામેં) કહા.

(૨) તો, વહાં તો ઐસા (ભી) કહ દિયા થા કિ જ્ઞાયકસ્વરૂપ ભૂતાર્થ એકરૂપ હૈ વહી સત્ય હૈ. પર્યાય.... ગુણભેદ.... રાગ અને નિમિત્ત—યે સબકો ગૌણ કરકે 'અસત્ય હૈ'.... પર્યાય ભી 'નહીં હૈ'—ઐસા કહા થા. વહ પર્યાય ભી 'નહીં હૈ' (—ઐસા) ગૌણ કરકે.... ગૌણ કરકે, ઉસકો 'પર' કહકર.... 'વ્યવહાર' કહકે.... 'અસત્ય હૈ'—ઐસા કહા થા.

(તો વ્યવહાર કિસ અપેક્ષાસે પ્રયોજનવાન હૈ) ઉસકા બારહવીં ગાથામેં સ્પષ્ટીકરણ કરતે હૈં. સમજમેં આયા ?

અપના સ્વરૂપ શુદ્ધ ચૈતન્ય ભગવાન હૈ. વહ ધ્રુવ હૈ.... દોપહરકો (સમયસાર ગાથા ૩૨૦, શ્રી જયસેનાચાર્યકી ટીકાકે પ્રવચનમેં) જો ચલા થા

(વહ) નિષ્ક્રિય (તત્ત્વ) બંધ અને મોક્ષકે પરિણામ ઔર બંધ-મોક્ષકે કારણરૂપ પરિણામસે શૂન્ય દ્રવ્ય હૈ. ઉસકા જો આશ્રય કરતે હૈં (ઉસકો) અપની સમ્યક્ ચીજકી અથવા સ્વરૂપકી પ્રાપ્તિ હોતી હૈ.

તો (કોઈ) કહતા હૈ, "બસ ! 'સત્ય' એક હી હૈ ? પર્યાયમેં (અનેકપના હૈ ઉસકો) ગૌણ કરકે જો નિષેધ કર દિયા થા (વે કુછ હૈ કિ નહીં) ? સમ્યગ્દ્રષ્ટિકો ધર્મ પ્રગટ હુઆ, (તો ભી) ઉસકો પર્યાયમેં કોઈ કમી હૈ.... શુદ્ધતાકે અંશ અનેક હૈં, રાગાદિ ઉત્પન્ન હોતે હૈં વે કોઈ ચીજ હૈ કિ નહીં ?" સમજમેં આયા ?

(સમાધાન :) વે ચીજ હૈ, (લેકિન) વે ચીજ હૈ યે જાનનેલાયક હૈ. નવનીતભાઈ ! સમજમેં આયા ? (પર્યાયાદિ) જાનનેલાયક હૈ, આદરનેલાયક તો યે દ્રવ્યસ્વભાવ હી હૈ. ઉપાદેય.... અંગીકાર કરના અથવા જિસમેં દ્રષ્ટિ લગાના હૈ વહ તો દ્રવ્ય હી હૈ. (ત્રિકાલી) વસ્તુ હી ઉપાદેય.... અંગીકાર કરનેલાયક હૈ.

(પ્રશ્ન :) તો (સાધકકો) પર્યાયમેં (અસ્થિરતાકા) બાકી રહા રાગ ઔર શુદ્ધતાકી કમી આદિ હૈન ?

(સમાધાન:) યે જાનનેલાયક હૈ. (ઉસ) કાલમેં જો જો પ્રકારકી શુદ્ધતા ઔર જિતને પ્રકારકી અશુદ્ધતા હૈ, (ઉસકો) ઉસ પ્રકારસે જ્ઞાન જાનતા હૈ (કિ યે સબ) 'હૈ'. (સાધક) જાનતા હૈ તો અપની પર્યાયકો (ઔર અપને દ્રવ્યકો), પણ ઉસમેં વહ (પર્યાયકી શુદ્ધતા-અશુદ્ધતા) વ્યવહારસે જાનનેમેં આતી હૈં—ઐસા યહાં કહા હૈ. સમજમેં આયા ?

તો યહાં ખુલાસા, યહાં તક તો કર દિયા હૈ ઉન્હોંને (પંડિત જયચંદજીને) ભાવાર્થમેં કિ शुद्धभावकी प्राप्ति नहीं हुई वहाँ तक जितना अशुद्धनयका कथन है उतना यथापदवी प्रयोजनवान है.... 'प्रयोजनवान'કા અર્થ જાનનેલાયક હૈ. યહાં તક આયા થા ન કલ ? કહાં આયા હૈ માલચંદજી ? કહાં તક આયા થા કલ ? (જહાં તક આયા થા) વહ અભી કહ દિયા ન ?

किन्तु जहाँ तक शुद्धभावकी प्राप्ति नहीं हुई....

ક્યા કહતે હૈં ?

પર્યાયમેં પૂર્ણ **शुद्धभावकी प्राप्ति नहीं हुई....** દ્રવ્યકે શુદ્ધભાવકી પ્રાપ્તિ તો શ્રદ્ધા-જ્ઞાનમેં હુઈ હૈ.... 'ત્રિકાલી જ્ઞાયકભાવ શુદ્ધ હૈ'—ઐસી શ્રદ્ધા-જ્ઞાનમેં તો પ્રાપ્તિ હુઈ હૈ, (પરંતુ) પર્યાયમેં જબ લગ પૂર્ણ શુદ્ધિ(કી) પ્રાપ્તિ ન હો, તબ લગ.... **वहाँ तक जितना अशुद्धनयका कथन है....** અર્થાત્ અશુદ્ધનયકે (વિષયરૂપ) જિતને ભેદરૂપ ભાવ હૈં.... પર્યાય, રાગ આદિ યે સબ '**अशुद्धनयका कथन**' કહેતાં (અર્થાત્) અશુદ્ધનયકા વિષય હૈ.... વ્યવહારનયકા વિષય હૈ.

**अशुद्धनयका कथन है....** (જુઓ !) યહાં '<u>અશુદ્ધ(નય)</u>' કહા, (લેકિન) '<u>વ્યવહારનય</u>' નહીં કહા. ક્યોંકિ ઉસકી પર્યાયમેં શુદ્ધતાકી કમી હૈ ઔર (અસ્થિરતાકા) રાગ હૈ. તો ઉસ અપેક્ષાસે, ઉસકો (–રાગાદિકો) અપની અશુદ્ધ પર્યાય કહકર.... સમજમેં આયા ? '**अशुद्धनयका कथन है**'—ઐસા કહા. 'વ્યવહારનયકા કથન હૈ'—ઐસા નહીં કહા, ક્યોંકિ 'વ્યવહાર' (કહનેસે) એકદમ 'પર' (દ્રવ્ય હૈ ઐસા ખ્યાલ) હો જાતા હૈ ભાઈ !.... 'વ્યવહાર' (કહનેસે) એકદમ 'પર' (દ્રવ્ય હૈ ઐસા ખ્યાલ) હો જાતા હૈ અને યહાં તો પર (દ્રવ્યકી બાત) નહીં હૈ.

(યહાં તો) ઉસકી (–સાધકકી) પર્યાયમેં (શુદ્ધતાકી) કમી હૈ, રાગ હૈ.... રાગ હૈ.... અશુદ્ધ(તા હૈ).... શુદ્ધ પર્યાય(મેં) કમી હૈ (ઉસકી બાત હૈ). તો (–ઇસલિયે) વહ '**अशुद्धनयका कथन है**' (—ઐસા કહા). (જબ કિ) શુદ્ધનય તો ત્રિકાલી (દ્રવ્ય)કો બતાતા હૈ. સમજમેં આયા ?

જો (–યદિ યહાં '**अशुद्धनयका कथन**' ન કહકે) 'વ્યવહારનયકા કથન' (—ઐસા) કહા જાયે.... કહને જાય, તો (જૈસે અસદ્ભૂત) વ્યવહારકા (વિષય) 'પર' હૈ.... (વૈસે અશુદ્ધતા) ઉસકી પર્યાયમેં ભી ન હો (—ઐસા હો જાયેગા). ઐસા તો કહા થા પહલે (૧૧વીં ગાથામેં) કિ 'વ્યવહાર અભૂતાર્થ હૈ.... પર્યાય ઉસમેં હૈ હી નહીં'—ઐસા કહા થા (પરંતુ યહાં ૧૨વીં ગાથામેં પર્યાયમેં અશુદ્ધતા હૈ વહ બતાના હૈ). નવરંગભાઈ ! સમજમેં આતા હૈ ?

તો યહાં કહતે હૈં કિ **जहां तक....** ભગવાન આત્મા.... અપના શુદ્ધ ચૈતન્ય પરમાત્મા જો ધ્રુવ હૈ ઉસકે શ્રદ્ધા-જ્ઞાનકી પ્રાપ્તિ તો પહલેસે હૈ હી, પણ (અબ)

અપની પર્યાયમેં પૂર્ણ શુદ્ધતા (પ્રગટ હુઈ).... (અધિક) આશ્રય કરના રહા નહીં (ઐસી) પૂર્ણ શુદ્ધતા (પ્રગટ હુઈ).... પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ હો ગઈ.... તો ઉસ (જીવ)કો તો કંઈ વ્યવહાર જાનના હૈ નહીં. સમજમેં આયા ? પણ (પૂર્ણ શુદ્ધ પર્યાયકી) પ્રાપ્તિ નહીં હુઈ, **वहाँ तक जितना अशुद्धनयका कथन है....** અપની (અપૂર્ણ શુદ્ધ) પર્યાય અને રાગકા જો ભાવ હૈ ઉસકો.... ઉસે જાનના પ્રયોજનવાન (હૈ—ઐસા) કહા હૈ. સમજમેં આયા ?

**उतना यथापदवी....** દેખો ! ચૌથે ગુણસ્થાનમેં જિતની શુદ્ધતા હૈ ઔર રાગ હૈ ઉસકો જાનના, પંચમ ગુણસ્થાનમેં ભી જિતની શુદ્ધતા (ઔર રાગ) હૈ.... ભલે (પહલેસે) શુદ્ધતા બઢ ગઈ હૈ ઔર અશુદ્ધતા ઘટ ગઈ હૈ તો ઉસકો ઉતના જાનના, છઠ્ઠે (ગુણસ્થાન)મેં શુદ્ધતા બઢ ગઈ હૈ ઔર અશુદ્ધતા ઘટ ગઈ હૈ તો ઐસે જાનના. **यथापदवी....** જહાં જહાં (જિતની) શુદ્ધતા ઔર જિતની અશુદ્ધતા હૈ, તહાં તહાં તે તે પદવી યોગ્ય વ્યવહારકા (અથવા) અશુદ્ધનયકા જ્ઞાન કરના (ઉસકો) 'વ્યવહારનય જાનનેલાયક (હૈ'—ઐસા) કહા હૈ. ઓહોહો ! ભારે. સમજમેં આયા ?

હવે જરી, જયચંદ પંડિત ગ્યારહવીં (ઔર) બારહવીં ગાથામેં નહીં હૈ વહ બાત (–અનુભવ પહેલેકી બાત) કહતે હૈં. સમજમેં આયા ? સમ્યગ્દર્શન પહલે ભી ક્યા કરના વો બાત વિશેષ ડાલતે (–કહતે) હૈં. સમજમેં આયા ? ગ્યારહવીં (ઔર) બારહવીં (ગાથા)કે સાથ (અનુભવ પહેલેકી બાતકી) સંધિ નહીં હૈ. સમજમેં આયા ?

ગ્યારહવીં (ગાથા)મેં તો (કહા થા કિ :) ભૂતાર્થ.... ભગવાન (આત્મા) ચિદાનંદ પ્રભુ અનાકુલ આનંદકંદ હૈ (ઉસકા) આશ્રય લેનેસે સમ્યગ્દર્શન-જ્ઞાન હુઆ. ઔર....

(બારહવીં ગાથામેં કહા કિ :) પર્યાયમેં અપૂર્ણતા હૈ શુદ્ધતાકી (ઔર) અશુદ્ધતા (હૈ) વહ જાનના બસ....

—વહ સંધિ હો ગઈ ગ્યારહવીં (ઔર) બારહવીં (ગાથા)કી. સમજમેં આયા ?

પણ જરી સ્પષ્ટ કરનેકો જયચંદ પંડિત કહતે હૈં : **जहां तक यथार्थ ज्ञान-श्रद्धानकी प्राप्तिरुप सम्यग्दर्शनकी प्राप्ति नहीं हुई हो....** સમજમેં આયા ? **जहां तक**

**यथार्थ ज्ञान-श्रद्धानकी प्राप्तिरुप.... यथार्थ ज्ञान-श्रद्धानकी प्राप्तिरुप सम्यग्दर्शनकी प्राप्ति नहीं हुई हो, वहां तक तो जिनसे यथार्थ उपदेश मिलता है....**

દેખો ! હવે સમ્યગ્દર્શન પાયે (–પ્રાપ્ત કિયે) બિનાકે પ્રાણીકો 'ક્યા હોતા હૈ' વહ બતાતે હૈ. 'કરના'.... 'કરના'.... કહેંગે, પણ (સમકિત પહલે) 'ક્યા હોતા હૈ'—વહ બતાતે હૈં. અમરચંદભાઈ ! વ્યવહારનયસે 'કરના'.... 'કરના'.... કરના'—ઐસે કહનેમેં આતા હૈ, પણ (સમકિતકે પહલે) 'ક્યા હોતા હૈ'—ઐસી (–વહ) બાત (યહાં બતાયી) હૈ ખરેખર તો. સમજમેં આયા ? ચંદુભાઈ !

**जहां तक यथार्थ ज्ञान-श्रद्धानकी प्राप्तिरुप सम्यग्दर्शनकी प्राप्ति नहीं हुई हो, वहां तक तो.... वहां तक तो जिनसे....** જિસકે પાસસે **यथार्थ उपदेश....** યહ પહલે શબ્દ (–પ્રથમ કાર્ય) હૈં. **यथार्थ उपदेश....** વીતરાગતા(કા ઉપદેશ)....

શ્રોતા : અજ્ઞાનીને શું ખબર પડે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સમજના ચાહિયે.... ઉસકો વીતરાગતા ચાહિયે કિ નહીં ? શ્રોતાકો વીતરાગતા ચાહિયે કિ નહીં ? જિજ્ઞાસા હો તો વીતરાગતાકા ઉપદેશ કહાં મિલતા હૈ ઉસકો નક્કી કરના.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : જિજ્ઞાસા ક્યા હૈ શ્રોતાકી ? કહો, રાગ કરનેકી હૈ ? રાગ તો (કરતે) હૈ.... રાગમેં તો હૈ.... વિકારમેં તો હૈ. અબ જિજ્ઞાસા હૈ નિર્દોષ હોનેકી. સદોષ તો હૈ, નિર્દોષ હોનેકી (જિજ્ઞાસા હૈ). તો નિર્દોષ હોનેકી ઈચ્છાવાલેકો, (જિસકા) નિર્દોષ કથન હો ઉસકા સુનના. સમજમેં આયા ? ઈતની તો જવાબદારી શ્રોતા ઉપર (હોની ચાહિયે ન ? કિ) કુછ (જવાબદારી) ન જ રહે ? નેમચંદભાઈ !

શ્રોતા : થોડો થોડો ભાર નાખો, આ તો એક સાથે....

પૂજ્ય ગુરુદેવશ્રી : ....ઉસકો સદોષતા ટાલની હૈ (ઔર) નિર્દોષતા ગ્રહણ કરની હૈ.... શ્રોતાકા અર્થ (–પ્રયોજન) ક્યા હૈ ? શ્રોતાકો ક્યા (–કૌનસી) જિજ્ઞાસા હૈ ? ક્યા વિકાર રખનેકી (જિજ્ઞાસા) હૈ ? વહ (–વિકાર) તો (કરતે)

હૈ હી. વહ (વિકારકી બાત) તો સુનનેકે લાયક હી કહાં હૈ ? સમજમેં આયા ? (જિજ્ઞાસુકો યહ) સુનના (–સુનનેલાયક) હૈ (કિ) જો અનાદિ કાલસે વિકાર હૈ વહ વિકાર કૈસે ટલે ઔર નિર્વિકારકી.... નિર્દોષતાકી પ્રાપ્તિ કૈસે હો. ઉસકા અર્થ યહ હુઆ કિ રાગકા અભાવ કૈસે હો અને વીતરાગ(સ્વભાવ)કી દ્રષ્ટિ (—દર્શન)-જ્ઞાન-ચારિત્ર કૈસે હો. બસ, ઉસકી.... શ્રોતાકી ઇતની જિજ્ઞાસા તો હોની ચાહિયે ભાઈ !

સદોષતા ટલે અને નિર્દોષતા મિલે—ઐસી (યદિ) શ્રોતાકી જિજ્ઞાસા ન હો તો શ્રોતા કૈસા ? તો શું કરવા શ્રોતા (થયો) છે એ ? વિકથા સુનના હૈ ? નાટક સુનના હૈ ? ક્યા સુનના હૈ ઉસકો ? સમજમેં આયા ? ધર્મકથા સુનની હૈ તો શ્રોતાકી ઇતની તો જવાબદારી (હોતી) હૈ કિ નિર્દોષ મુજે હોના હૈ, તો નિર્દોષ કથની કૌન કરતે હૈં, કૈસે કહતે હૈં, ક્યા પ્રકારકી (કથની) હૈ (—ઐસી જિજ્ઞાસા હોની ચાહિયે).

**यथार्थ ज्ञान-श्रद्धानकी....** સમજે ?

ક્યા કહતે હૈં ?

**(૧) जिनसे यथार्थ उपदेश मिलता है....** દેખો ! ઇતની તો ઉસકી (–શ્રોતાકી) જવાબદારી હૈ કિ નહીં ? કે (કોઈ) જે તે મારે ગપ્પા ને ત્યાં સાંભળવા જાય.

શ્રોતા : ધંધા આદિને કારણે ખબર ન પડે....

પૂજ્ય ગુરુદેવશ્રી : ન ખબર (પડે કેમ ?) ઉસે જિજ્ઞાસા ક્યા (–કિસકી) હૈ ? વિકાર રખનેકી હૈ ? (યદિ) વિકાર રખનેકી હૈ તો અનાદિસે (વિકાર) હૈ.

શ્રોતા : આબરૂદાર માણસ છે, બહુ હોંશિયાર....

પૂજ્ય ગુરુદેવશ્રી : હવે 'આબરૂદાર' કિસકો કહના ? ધૂલમેં. 'આબરૂદાર' કિસકો કહના ? દેખો !

શ્રોતા : અમારા વડીલોના પરંપરાના ગુરૂ....

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે ! વડીલોની પરંપરા કહને(કી હૈ). (પરંપરા) કિસે કહના ?

જિસમેંસે નિર્દોષતાકી પ્રાપ્તિ ન હો અને સદોષતાકા વ્યય ન હો.... વહ નાસ્તિસે બાત હૈ. પણ નિર્દોષતાકી પ્રાપ્તિ (કિસસે) હો અને નિર્દોષ(તાકી) પ્રાપ્તિ કહાંસે હો—ઐસા જિસકા કથન નહીં હૈ, તો (વહ કથન) શ્રોતાકો સુનનેકે લાયક હી કહાં હૈ ? સમજમેં આયા ? આહાહા ! જુઓને ! (કોઈએ વિપરીત કહીને) ગજબ કર્યો છેને ! (તે કહે છે :) 'વિષયમેં સમાધિ હોતી હૈ.' કાળા કેર (કરે છેને) ! (ઉસકે) શ્રોતા (ભી) કૈસે યે ?

શ્રોતા : પંચમકાળકા....

પૂજ્ય ગુરુદેવશ્રી : પંચમકાળકા....

શ્રોતા સદોષમેં પડા હૈ.... 'સદોષ'કી વ્યાખ્યા ? (કિ)....

(૧) વિપરીત માન્યતા (–મિથ્યાશ્રદ્ધા) ઔર

(૨) વિપરીત આચરણ (–મિથ્યાચારિત્ર) ઔર

(૩) વિપરીત જ્ઞાન (–મિથ્યાજ્ઞાન)

—ઉસમેં તો (વહ શ્રોતા) હૈ.

તો ઉસકો....

(૧) અવિપરીત શ્રદ્ધા (–સમ્યક્શ્રદ્ધા),

(૨) અવિપરીત જ્ઞાન (–સમ્યક્જ્ઞાન) (ઔર)

(૩) અવિપરીત આચરણ (–સમ્યક્ચારિત્ર)

કરના હૈ. (ઔર) વહ (પ્રાપ્તિકી) જિજ્ઞાસા બિના શ્રોતાકી (લાયકાત) કિસ જાતકી (–પ્રકારકી) લેના (–કહેના) ?

શ્રોતા : કરના ક્યા ? કર્મ બહોત નડતે હૈ ?

પૂજ્ય ગુરુદેવશ્રી : કોઈ (કર્મ) નડતે નહીં.... ધૂલમેં ભી નડતે નહીં, અજ્ઞાની માનતે હૈં ઐસા કિ મુજે કર્મ માર્ગ દે તો મૈં શ્રોતા(કે) લાયક હોઉં. (પરંતુ ક્યા) ઐસા હૈ ? (નહિ).

શ્રોતા : કર્મ પાસે....

પૂજ્ય ગુરુદેવશ્રી : કર્મ તો જડ હૈ. ક્યા કર્મકે પાસ માગણી કરના હૈ ? યે તો માટી.... ધૂલ હૈ.

શ્રોતા : હાથ જોડીને વિનંતી કરીએ....

પૂજ્ય ગુરુદેવશ્રી : (જો તું) કરે વિનંતી જડ પાસે, (તો) જડ થઈ જા તું. વિનંતી તો આત્માકે સાથ (–પાસ) કરની હૈ (કિ) તું સુન યથાર્થ તત્ત્વ. યથાર્થ તત્ત્વ સુનનેકે લાયક તુમ શ્રોતા હૈં—એમ (આચાર્ય) કહતે હૈં.

દેખો ! યથાર્થ તત્ત્વકા (ઉપદેશ).... હૈ ? **यथार्थ उपदेश मिलता है ऐसे जिनवचनोंको सुनना....** ભાષા કૈસી હૈ ! વીતરાગી વચન (ઉસકો કહતે હૈ કિ) જિસમેંસે વીતરાગભાવ નિતરતા હો. વીતરાગભાવ નામ નિર્દોષભાવકી પ્રાપ્તિ જિસમેંસે હો—યે જિનવચન કહનેમેં આતા હૈ. રાગસે લાભ માને.... રાગસે લાભ મનાવે—યે જિનવચન નહીં અને શ્રોતા તો વહ (રાગાદિ અનાદિસે) કરતે હૈં, ઉસમેં (નયા) ક્યા હૈ ? સમજમેં આયા ?

**जिनसे यथार्थ उपदेश मिलता है ऐसे जिनवचनोंको सुनना....** દેખો ! ઐસી વીતરાગી વાણીકો સુનના. સરાગી.... 'સરાગ' શબ્દસે મિથ્યાત્વ અને રાગ (પોષક વાણી સુનના નહીં, ક્યોંકિ) ઉસ (મિથ્યાત્વ ઔર રાગ) સહિત તો (અજ્ઞાની) પડા હી હૈ. ઔર (યદિ જિનવાણી) ઐસી કી ઐસી બાત કરે, તો ક્યા વહ નયી બાત હૈ ? તો શ્રોતાકો ક્યા નયી (બાત) સુનના હૈ (યા) ઉસી (અજ્ઞાન) જાતિકી (બાત) સુનના હૈ ? સમજમેં આયા ?

(પરીક્ષા કરકે વાણી સુને) ઇતની તો જવાબદારી ઉસકી (–શ્રોતાકી) હૈ. નેમચંદભાઈ ! પૂરી જવાબદારી હૈ. આહાહા ! જ્યાં-ત્યાં (કોઈ) મારે ગપ્પા અને સુનને જાયે, તો (ઉસકા અર્થ યહ હુઆ કિ) વિકાર–મિથ્યાત્વ સુનને જાતે હૈં (ઔર) વહ તો (પરિણતિમેં) હૈ હી. ઉસમેં ક્યા આયા (–નયા મિલા) તુજે ? રાગ કરના ને રાગસે લાભ હૈ.... વિકાર કરના ને વિકારસે લાભ હૈ.... વિકાર કરતે.. કરતે.. શાંતિ હોગી ને સમાધિ હોગી (—ઐસા) તો મૂઢ (–અજ્ઞાની) અનાદિસે કરતા (–માનતા) હી હૈ. ઉસમેં નયા ક્યા સુના ?

શ્રોતા : પરંપરાએ તો (મુક્તિ) થાયને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : પરંપરા.... ધૂલમેં પરંપરાએ (મુક્તિ) નહીં હોતી. સમજમેં આયા ?

દેખો ! શબ્દ (–બાત) કિતના (અચ્છા) લિખા હૈ ! ભલે ઉસમેં (–ગાથામેં)હૈ નહીં વહ બાત. યહાં (–ભાવાર્થમેં) તો સમ્યગ્દર્શન પ્રાપ્ત કરનેકી લાયકાતવાલા (જીવકો) લેકર (બાત કિયા હૈ ઔર ટીકામેં કહા કિ સાધકકો) ઉસકી પર્યાયમેં (રાગકી) કમજોરી કિતની હૈ ઔર શુદ્ધિ કિતની પ્રગટ હુઈ હૈ ઉસકો જાનના. બસ, ઇતની સંધિ કિયા હૈ ચાર પ્રકારસે*[1]. સમજમેં આયા ?

ભગવાન કુંદકુંદાચાર્ય (ઔર) અમૃતચંદ્રાચાર્યને, પર્યાય બાકી (–અપૂર્ણ) રહ ગઈ થી તો, 'પર્યાયમેં કિતની શુદ્ધતા (ઔર) અશુદ્ધતા હૈ વહ જાનનેલાયક હૈ'—ઐસા (કહકર) વહાં (જ્ઞાન) જોડ દિયા (ઔર ઉસસે) પ્રમાણજ્ઞાન હો ગયા.... સમજમેં આયા ? નિશ્ચયજ્ઞાન (ઔર) વ્યવહારજ્ઞાન (મિલકર) પ્રમાણજ્ઞાન હો ગયા.

યહાં અર્થકારને (–જયચંદજી પંડિતને) વિશેષ લિખા થોડા કિ ભાઈ ! (જિસે) શ્રદ્ધા-જ્ઞાનકી પ્રાપ્તિ ન હુઈ ઉસકો ક્યા કરના ? ભલે ઇસમેં (–ગાથામેં યહ બાત) નહીં હૈ, (ફિર ભી સમજાયા હૈ). સમજમેં આયા ?

શ્રદ્ધા-જ્ઞાનકી પ્રાપ્તિ નહીં હુઈ ઉસકો ક્યા (કરના) ?

કિ પહલે **यथार्थ उपदेश** (સુનના). **जिनवचन....** વીતરાગી વચન હોય તે યથાર્થ ઉપદેશ છે. અર્થાત્ જિસમેં નિર્દોષતા (–વીતરાગતા) પ્રાપ્ત કરનેકી બાત હો વહ જિનવચન હૈ, (ઉસે સુનના).

શ્રોતા : બધાય એમ કહે છે કે અમારૂં (કથન) જિનવચન છે ?
પૂજ્ય ગુરુદેવશ્રી : (કોઈનું પણ) સાંભળતા (પહેલાં ઇતની તો) જિનવચનકી વ્યાખ્યા કરેગા (–સમજેગા) કિ નહીં ? (કિ જિનવચન માને) 'નિર્દોષતા'.

નિર્દોષતા ચાહિયે કિ નહીં ઉસકો ?

(જો) નિર્દોષતા (ચાહિયે) તો 'વીતરાગતા' વહ નિર્દોષતા હૈ. (ક્યા) રાગ વહ નિર્દોષતા હૈ ? રાગસે લાભ મનાવે (ઔર) રાગસે લાભ હો (ઐસા કહે)

---

*[1] (૧) જિનવચનોંકો સુનના, (૨) ધારણ કરના, (૩) જિન (ઔર) ગુરુકી ભક્તિ (કરના) (તથા) (૪) જિનબિંબકે દર્શન (કરના).

—વહ નિર્દોષતા હૈ ? યે જિનવચન હૈં ? (—યહ તો) અજ્ઞાનીકા વચન હૈ. સમજમેં આયા ?

(અજ્ઞાની કહે છે :) જુઓ ! (અહીંયા ભાવાર્થમાં) 'વ્યવહાર કરવાનું કીધું છે.... જુઓ ! વ્યવહાર કરવો'—એમ (કહ્યું છે).

(સમાધાન :) યહાં 'કરને'કા અર્થ ઐસા હૈ (કિ ભૂમિકાકે યોગ્ય વિકલ્પ હોતા હૈ).

શ્રોતા : (પ્રથમ) સમજ તો ખરો ! કે જિનવચન શું (–કોને) કહેવાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એમ વાત છે. જિનવચન યથાર્થ....

પણ તુજે ચાહિયે ક્યા ? તુમ હો મિથ્યાત્વ ઔર રાગ-દ્વેષમેં. તો મિથ્યાત્વ ભી કષાય હૈ (ઔર) રાગ-દ્વેષ ભી કષાય હૈ. (તું) કષાયમેં (તો) હૈ, હવે ક્યા કરના હૈ ઉસકો (–તુજે) ? ક્યા સુનના હૈ ? (ક્યા) વહી કી વહી (–કષાયકી) બાત સુનની હૈ ? (યદિ 'હાં') તો શ્રોતા કહાં રહા ? (ક્યોંકિ) વહ (બાત) તો અનાદિકી (સુની) હૈ. સમજમેં આયા ?

મિથ્યાભ્રાંતિ.... વિપરીત શ્રદ્ધા હૈ વહ ભી કષાય હૈ (ઔર) રાગ-દ્વેષ ભી કષાય હૈ. તો (તું) કષાયમેં તો હૈ હી. તો (અબ) અકષાયી હોના હૈ કિ નહીં ? (હા). અકષાય કહો.... જિનવચનમેં અકષાયભાવ (કરનેકા) આતા હૈ તો (અકષાયપનેકો) જિનવચન કહો (—એક હી બાત હૈ). સમજમેં આયા ?

(जिनसे यथार्थ उपदेश मिलता है ऐसे जिनवचनोंको सुनना....

(૨) धारण करना.... દેખો ! યે બાત ધારણ કરના (કિ)....

"ઓહો ! યે (જિનવચન) રાગ રહિત વીતરાગ દ્રષ્ટિ (પ્રગટ) કરનેકો કહતે હૈં. 'સ્વભાવકા આશ્રય લેના' (—ઐસી બાત), વહ વીતરાગ દ્રષ્ટિ (પ્રગટ કરનેકો) કહતે હૈં ઔર 'સ્વરૂપમેં સ્થિર રહો તો વીતરાગતા ઉત્પન્ન હોગી' —ઐસા કહતે હૈં." કહતે હૈં ઐસા સુનના (ઔર) સુનકર (અંતરમેં) ધારના, છોડ દેના નહીં.... ધારકે રખના અંદર. સમજમેં આયા ?

શ્રોતા : યાદ ન રહે તો શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ઐસા (કૈસે) યાદ ન રહે ? સંસારકી બાત કૈસે યાદ રહતી હૈ ? દુકાનમેં હજાર, દો હજાર (પ્રકારકી વસ્તુ હો વહ યાદ રહતી ) હૈ કિ નહીં ? ક્યા કહતે હૈં ? માલ. માલકા સબ કુછ યાદ હૈ કિ નહીં ?

શ્રોતા : જીવ યે સબકો પીછાનતા હૈ.

પૂજ્ય ગુરુદેવશ્રી : અરે ! (દુકાનકે માલકી) તીન-તીન પટીકો (–પ્રકારકો) પિછાનતા હૈ....

(૧) ક્યા ભાવસે (વસ્તુ) આયી હૈ ઔર અભી ક્યા ભાવ ઉસકા ચલતા હૈ,
(૨) કિતને (–કૌનસે) ભાવસે (આગે) બેચી હૈ ઔર કિતને (–કૌનસે) નયે ભાવસે આજ બેચના હૈ ઔર
(૩) નયે ભાવસે આયી ચીજ કિતની હૈ.

નેમચંદભાઈ ! સમજાય છે કાંઈ ?

અમારે આણંદજી હતાને આણંદજી ? એને બધી–બહુ ખબર હતી. વ્યવહારમાં બહુ કુશળ હતા. માલ લેવા જાય તો માલ કેટલો બહારથી આવ્યો, એ માલ પહેલો કેટલો આવ્યો'તો અને કેટલો ખપ્યો વખારમાંથી (તથા) કેટલો એમાંનો બાકી છે—એ બધી ખબર પડે લ્યો ! સમજાણું કાંઈ ?

એમ, જિસકો આત્માકી સત્ય બાત સુનની હો, આત્માકા હિત કરના હો.... અહિત તો અનાદિસે કર રહા હૈ, (તો) અભી (ભી) ઉસે યે હી (અહિતકી) બાત સુનની હૈ ? વહ (અપના) અહિત તો (અનાદિસે) કર રહા હૈ. તો શ્રોતાકી ઇતની તો જવાબદારી હૈ કિ હિત કૈસે હો (—ઐસી બાત સુને).

તો હિત....

(૧) વીતરાગવાણીસે (–<u>નિમિત્ત</u>) ઔર
(૨) વીતરાગભાવસે (–<u>ઉપાદાન</u>) હોતા હૈ.

જો યથાર્થ उपदेश मिलता है ऐसे....

(૧) जिनवचनोंको सुनना.... ઔર
(૨) धारण करना.... સુનકર ગ્રહણ કરના, છોડ દેના નહીં વહ બાત. ઓહો !....

(૧) આત્માકા આશ્રય કરો તો સમ્યગ્દર્શન—વીતરાગ પર્યાય ઉત્પન્ન હોગી (–સંવર),
(૨) સ્વરૂપમેં સ્થિર હો તો ચારિત્ર—વીતરાગતા(કી વૃદ્ધિ) હોગી (–નિર્જરા) ઔર
(૩) (પૂર્ણ) વીતરાગતા હોગી તો કેવળજ્ઞાન હોગા (–મોક્ષ).

—ઐસી યથાર્થ બાત સુનને ઔર ગ્રહણ કરને લાયક હૈ. સમજમેં આયા ?

જુઓ ! કેટલી (સારી) વાત (જયચંદજી) પંડિતે મૂકી છે લ્યો ! यथार्थ उपदेश.... यथार्थ (उपदेश मिलता है) ऐसे जिनवचनोंको (सुनना).... લ્યો ! જહાં-તહાં સુનના નહીં—ઐસે કહતે હૈં.

(કોઈ કહે :) 'ચાલો ! કાંઈક સાંભળવાનું તો મળશે'.
(સમાધાન :) સાંભળવાનું મળશે ક્યા (શું) ધૂળ ?

શ્રોતા : આટલું બધું (સાંભળ્યું હોય તો પણ મિથ્યાત્વ ગાઢ) થઈ જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી : (એવાનું સાંભળવાનું શું ? જે) વિપરીત માન્યતાના લાકડા નાખી દે. આહાહા ! અરર ! આ તે શ્રોતા કેવા ? કે, કામભોગ(ની વાતું સાંભળવા જાય)....

(કોઈ કહે છે :) 'કામકો છૂટા છોડ દો, (ક્યોંકિ) કામ 'દેવ' હૈ.'
(સમાધાન :) આહાહા ! અરે ! ઇચ્છા ને ઇચ્છાકા કરના યે (વિપરીતતા) હૈ.

કામ-ભોગ એટલે ?
ઇચ્છા હી 'કામ' હૈ ઔર ઇચ્છાકા ભોગના વહ 'ભોગ' હૈ.

(અહીં કહે છે કે—ઐસી) બાત (સુનના) છોડ દે, વહ તો અનાદિસે સુની હૈ. ઇચ્છાકા કરના ને ઇચ્છાકા ભોગના વહ બાત તો અનાદિસે સુની હૈ, વહ નથી

બાત નહીં હૈ. (અબ તો) ઇચ્છા નહીં કરના ને ઇચ્છા નહીં ભોગના (અર્થાત્) આત્માકી (નિર્મલ) પર્યાય કરના ને આત્મા ભોગના—ઐસી બાત સુન. ચંદુભાઈ ! સમજમેં આયા ?

આહાહા ! કહતે હૈં કિ....

(૧) जिनवचनोंको सुनना,

(२) धारण करना तथा

(૩) जिनवनचनोंको कहनेवाले श्री जिन.... श्री जिन.... દેખો ! जिनवनचनोंको.... જિસને (પૂર્ણ) નિર્દોષ પર્યાય પ્રગટ (કી) હો ઐસે જિન, (જિનવચનોકો) કહનેવાલે હૈ. સમજમેં આયા ?
जिन–गुरुकी भक्ति....

શ્રોતા : એકલી ગુરુની ભક્તિ કરવી કે....
પૂજ્ય ગુરુદેવશ્રી : બેય.... બેય(ની ભક્તિ હોય)....

(૧) જિન વીતરાગની અને
(૨) વીતરાગ (માર્ગ)ના ગુરુ–સંતો (—બન્નેની ભક્તિ હોય છે).

जिन–गुरुकी भक्ति.... જિન (સાથે) લાંબી લીટી કરીને ગુરુ (પણ કહ્યા). जिन–गुरु (અર્થાત્) વીતરાગી (દેવ અને વીતરાગી) ગુરુ.

(૧) ભગવાન ભી સર્વજ્ઞ વીતરાગી ગુરુ હૈં. સર્વજ્ઞ વીતરાગ.... સર્વજ્ઞદેવ પરમગુરુ.... સર્વજ્ઞદેવ, પરમગુરુ હૈ (ઔર)
(૨) છદ્મસ્થ (મુનિરાજ) હૈં વે (ભી) જિન વીતરાગી ગુરુ હૈં.

સમજમેં આયા ? ઐસે.... જિસકી દ્રષ્ટિ (ઔર પરિણતિ પૂર્ણ) વીતરાગી હુઈ હૈ (વે જિન હૈ) ઔર જિસકો નિર્ગ્રંથ દશામય વીતરાગભાવ હુઆ હૈ (વે ગુરુ હૈ).—વે 'जिन–गुरु'.... (ઉન્હેં) 'जिन–गुरु'.... કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? આ કોઈ સંપ્રદાયકી બાત નહીં હૈ.

(જિજ્ઞાસુ) આત્મા—કિ જિસકો....

(I) પવિત્રતા પ્રાપ્ત કરની હૈ (–ઉત્પાદ) અને
(II) અપવિત્રતાકા નાશ કરના હૈ (–વ્યય)....

ઉસમેં—એક (બાતમેં), દો (બાત—અસ્તિ ઔર નાસ્તિ) આ ગયી. તો 'અપવિત્રતા'કા અર્થ હૈ મિથ્યાભ્રાંતિ ઔર રાગ-દ્વેષ. યે અપવિત્રતા હૈ.... સરાગભાવ હૈ ઉસકા નાશ કરનેકા ઉપાય વીતરાગભાવ.... અરાગભાવ.... નિર્દોષભાવ હૈ (ઔર) વહ તો સ્વરૂપ હી હૈ. સમજમેં આયા ? (ઇસલિયે) વહ કોઈ સંપ્રદાયકી ચીજ નહીં હૈ, વહ તો વસ્તુકી ચીજ (–સ્થિતિ) ઐસી હૈ.

જિસકો વિકારભાવ છોડના હૈ (–વ્યય) ઔર નિર્દોષ વીતરાગીભાવ અથવા નિર્દોષભાવ લેના હૈ (–ઉત્પાદ).... —(અસ્તિ-નાસ્તિ) દો બાત (હુઈ). (અબ) તીસરી (બાત)....

(I) નિર્દોષભાવ જિસકો પ્રગટ કરના હૈ (–ઉત્પાદ), તો આયેગા કહાંસે ? (ઔર)
(II) સદોષતા નાશ કરની હૈ (–વ્યય) તો (સદોષતા) જાકર (–છૂટકર) ઉસકે સ્થાનમેં નિર્દોષતા આયેગી કહાંસે ? સમજમેં આયા ?
(III) તો નિર્દોષતા પ્રાપ્ત કરની હૈ તો નિર્દોષતા જિસમેંસે આયેગી ઐસા દ્રવ્યકા (–ધ્રૌવ્યકા) જ્ઞાન ઉસકો કરના પડેગા ઔર જિન ઉપદેશમેં વહ (–ઉસકા કથન) પહલા આતા હૈ.

સમજમેં આયા ?

સવારના નવનીતભાઈ કહેતા હતા આજ, કે 'પરંપરા માર્ગ તો રહી ગયો છે'.... નવનીતભાઈ સવારના કહેતા હતા કે 'આ બધું ફરી ગયું ઘણું, પણ પરમ (–પરંપરા) માર્ગ આ રહી ગયો.' કિતના ફિર ગયા ? આહાહા ! ભગવાન ! (પણ) 'પરંપરાકા સત્ય માર્ગ તો રહ ગયા હૈ' (—એમ) સવારના ભાઈ કહેતા હતા. આહાહા !

ભાઈ ! કોઈ પણ પ્રકારની અપેક્ષા લ્યો, (પણ છદ્મસ્થ જીવને એટલી ભાવના તો હોયને) કે 'ભઈ ! મુજે કંઈ સુધરના (–હિત કરના) હૈ'.... ઇતના (ભાવ તો હોતા હૈ કિ) 'બસ લ્યો ! ચલો, (અબ) મુજે સુધરના હૈ'. તો ઉસકા અર્થ (યહ) હુઆ કિ (ઉસકો સ્વીકાર હૈ કિ)....

(૧) (અબ તક) ઉસકી દશા 'સુધરી' નહીં હૈ.

(૨) (દશા) 'સુધરી' નહીં હૈ તો ઉસકા અર્થ ક્યા (હુઆ) ? કિ વિપરીત વિકાર, વિપરીત મિથ્યાત્વભાવ ઉસકી દશામેં પડા હૈ, તો (અબ તક) 'સુધરી' નહીં હૈ.

(૩) તો હવે ઉસકો 'સુધરના' હૈ.

—તો 'સુધરના'.... પર્યાયમેં 'સુધરના' હૈ કિ (ધ્રુવ) વસ્તુમેં (કુછ) સુધારના હૈ ?

શ્રોતા : એ જાણવાની શું જરૂર ?

પૂજ્ય ગુરુદેવશ્રી : ક્યોંકિ અસુધરેલા ભાવકા નાશ (–વ્યય/ નાસ્તિ) અને સુધરેલા ભાવકી ઉત્પત્તિ (–ઉત્પાદ/અસ્તિ) અને એ સુધરેલો.... નિર્દોષ ભાવ કહાંસે આયેગા ? અધ્ધરસે આયેગા કહીંસે ? (નહિ, દ્રવ્યમેંસે આયેંગા). તો ઉસકો દ્રવ્ય-ગુણ-પર્યાયકા જ્ઞાન કરના પડેગા. સમજમેં આયા ? લોજીકસે.... ન્યાયસે સમજના પડેગા કિ નહીં ? ન્યાયસે સમજના હૈ કિ નહીં ?

કોઈ પણ પ્રાણી ઐસે કહે કિ 'હમેં હિત કરના હૈ.... ઠીક કરના હૈ.... સારા (–અચ્છા) કરના હૈ.' ઉસકા અર્થ (હૈ કિ) 'મેરે પાસ હિત નહીં હૈ.... ઠીક નહીં હૈ.... અહિત હૈ.... હિત નહીં હૈ (ઔર હિત કરના હૈ).' તો ઉસમેં (ઉત્પાદ-વ્યયકા) સિદ્ધાંત આ ગયા. બરાબર હૈ ?

હવે, અહિત હૈ.... ઠીક નહીં હૈ.... અઠીક હૈ.... અસહ્ય હૈ (ઉસકા અભાવ કરકે) ઠીક કરના હૈ તો કરના કહાં હૈ ? પર્યાયમેં કરના હૈ કિ નહીં ? (તો) વહ ઠીકપના.... અઠીકપના જાકર (–અભાવ હોકર) ઠીકપના આતા હૈ (અર્થાત્) વિપરીતભાવ જાકર (–અભાવ હોકર) અવિપરીતભાવ આતા હૈ પર્યાયમેં.... અવસ્થામેં આતા હૈ. તો વિપરીતભાવ જાકર (–અભાવ હોકર) નિર્દોષ વીતરાગી પર્યાય.... નિર્દોષભાવ આતા હૈ તો ઉત્પાદ-વ્યય (સિદ્ધ) હો ગયે.

તો (નિર્દોષભાવ) આયા કહાંસે ?
સદોષભાવ ગયા ઉસમેંસે નિર્દોષભાવ આતા હૈ ? (ના).

પવિત્રતાકા ભાવ.... અપવિત્રતા ગઈ ઉસમેંસે (ક્યા) પવિત્રતા આતી હૈ ? (ના).

વહ (અપવિત્રતા) તો ગઈ (–નાશ હુઈ), તો (ઉસમેંસે પવિત્રતા કહાંસે આવે ?) બસ, ઉસકા અર્થ (યહ) હો ગયા કિ ....

(I) પવિત્રતા જિસમેંસે આતી હૈ વહ દ્રવ્યસ્વભાવ.... વસ્તુ (ધ્રૌવ્ય) હૈ. ઔર
(II) અપવિત્રતા જાતી (–નાશ હોતી) હૈ વહ વ્યય હૈ. ઔર
(III) દ્રવ્યકે આશ્રયસે પવિત્રતા (આતી હૈ વહ ઉત્પાદ હૈ.)

તો (ઇસ પ્રકાર) અપવિત્રતાકે નાશકે સ્થાનમેં (દ્રવ્યમેંસે) પવિત્રતા આતી હૈ, તો ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય સિદ્ધ હો ગયે. શ્રોતાકો ઇતના (ભી) ખ્યાલ ન હો, તો શ્રોતા કહાંસે આયા (–કહલાયેગા) ? અમરચંદભાઈ ! આહાહા ! (ભાવાર્થમેં) ઐસી બાત કિયા હૈ. જેઠાલાલભાઈ ! બરાબર છે કે નહીં ?

ન્યાયસે (વિચારો તો) કોઈ ભી પ્રાણી.... જો (ભી અજ્ઞાની) આત્મા હૈ, ઉસકો ઐસા (ભાવ) હૈ કિ 'મુજે હિત કરના હૈ હોં ભાઈ ! મુજે સારા (–હિત) કરના હૈ.... સારા (–હિત) કરના હૈ.' તો ઉસકા અર્થ (યહ) હુઆ કિ ઉસકી દશામેં સારા (–હિત) હૈ નહીં ઔર સારા (–હિત) કરના હૈ. 'કરના' હૈન ? (અર્થાત્) નયા કરના હૈ. તો વહ ઉસકી પર્યાયમેં કરના હૈ.... અવસ્થામેં કરના હૈ. તો અવસ્થામેં સારા (–હિત) કરના હૈ ઔર બુરા નાશ કરના હૈ. તો સારા (–હિત) કરના હૈ (વહ) સારા (–હિત) આયેગા કહાંસે ? તો ઉસકા અર્થ યહ હુઆ કિ....

(I) વીતરાગી પર્યાય કરની હૈ (–ઉત્પાદ) ઔર
(II) રાગ પર્યાય નાશ કરની હૈ (–વ્યય). તો,
(III) વીતરાગવિજ્ઞાન પર્યાય પ્રગટ હોતી હૈ વહ વીતરાગવિજ્ઞાનઘનમેંસે (–દ્રવ્યમેંસે) આતી હૈ (ઔર સ્વયં) ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘન હૈ (–ધ્રૌવ્ય).

સમજમેં આયા ? ઇસમેં ઐસા લિખા હૈ.

ક્યા લિખા હૈ દેખો ન ?

**जिनसे यथार्थ उपदेश मिलता है ऐसे जिनवचनोंको....**

(ક્યા) કહા ?

કિ વીતરાગી વચનો.... નિર્દોષ વચનો.... પવિત્ર વચનો.... નિર્વિકારી વચનો.... વચન ભલે વચન (–જડ) હૈં, પણ ભાવ બતાતે હૈં નિર્દોષ.... નિર્વિકારી. વચન તો વચન (–જડ) હૈ....

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.'

(શ્રીમદ્ રાજચંદ્ર, દોહરા, ૧૭મા વર્ષ પહેલાં)

વીતરાગનાં વચનો 'પરમ શાંતરસ મૂળ'.... શાંતરસ મૂળ હૈ.

ક્યા કહતે હૈં ?

વીતરાગી પરમાત્મા.... જગતકા જો પ્રાણી અશાંતિમેં પડા હૈ ઉસકો શાંતિકી પ્રાપ્તિ કરાનેકો ઉનકા વચન હૈ. તો શાંતિકી પ્રાપ્તિ.... ત્રિકાલી શાંતસ્વરૂપ ભગવાન આત્મા હૈ ઉસસે શાંતિકી પ્રાપ્તિ હોગી.

ક્યા (શાંતિ) નિમિત્તસે હોગી ? (નહિ).
ક્યા (શાંતિ) અશાંતિ જાયેગી ઉસ (પર્યાય)મેંસે હોગી ? (નહિ).
ક્યા શાંતિકી પર્યાય અધ્ધરસે આતી હૈ ? (નહિ).

અભી (શાંતિ, દ્રવ્યમેંસે આતી હૈ)—ઐસે લેના હૈ. નહિ તો, શાંતિકી પર્યાય ભી સ્વતંત્ર હૈ, પણ વહ દૂસરી (અપેક્ષા) હૈ. (યહાં તો), 'શાંતિપર્યાયકા પ્રવાહ દ્રવ્યમેંસે આતા હૈ' (—ઐસી અપેક્ષા હૈ). સમજમેં આયા ? સ્યાદ્વાદકી શૈલી તો દેખો ! ઓહોહો !

થોડામાં થોડા (શબ્દથી) વાત (કરવી) હોય તો (આ છે કે)....

શ્રોતાકો હિત કરના હૈ.

(૧) તો ઉસકા અર્થ યહ હો ગયા કિ અહિત હૈ ઉસકા નાશ કરના હૈ (–વ્યય).

(૨) (અહિત) વહ દશામેં હૈ અને દશામેં હિત લાના હૈ.... દશામેં (હિત) લાના હૈ.... અવસ્થામેં લાના હૈ (–ઉત્પાદ).

તો (અવસ્થામેં) હિત લાના હૈ તો હિત(કા ઉત્પાદ) કહાંસે આયેગા ?....

ક્યા) પરમેંસે આયેગા ? (નહિ).
(ક્યા) અહિત જાતા હૈ (–વ્યય હોતા હૈ) ઉસમેંસે (હિત) આયેગા ? (નહિ). ભીખાભાઈ !

(૩) (હિત તો), ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘનકા પિંડ હૈ (ઉસમેંસે હી આયેગા) (–ધ્રૌવ્ય)

ભગવાન આત્મા અંદર બિરાજમાન હૈ.... જિસકો (ભગવાન) આત્મા કહિયે વહ તો પુણ્ય-પાપકે વિકલ્પસે રહિત હી (બિરાજમાન) હૈ. (વહ) કર્મસે તો રહિત હૈ હી, (ક્યોંકિ) યે (કર્મ) તો જડ હૈ. ભગવાન આત્મા....

(૧) પુણ્ય-પાપકે વિકલ્પ તો આસ્રવતત્ત્વ હૈ,
(૨) કર્મ અજીવતત્ત્વ હૈ (ઔર)
(૩) (ઉનસે રહિત) ભગવાન (આત્મા) જ્ઞાયક (–જીવ)તત્ત્વ હૈ.

તો (ભગવાન આત્મા) અજીવ ઔર આસ્રવ તત્ત્વસે રહિત હૈ ઔર સ્વભાવસે સહિત હૈ. લોજીકસે.... ન્યાયસે સમજના પડેગા કિ નહીં ? ઐસે (–બિના ન્યાય) સમજે (ઔર) એમ ને એમ (–બિના યથાર્થ નિર્ણય) માન લે, યે માનના (હૈ) નહીં. સમજમેં આયા ?

**जिनसे यथार्थ उपदेश मिलता है.... 'यथार्थ उपदेश मिलता है'** ઉસકી વ્યાખ્યા કિયા કિ **'ऐसे जिनवचनों....'**—એમ કહા ન ? **ऐसे जिनवचनों....' 'जिनवचनों'**કી વ્યાખ્યા : જે નિર્દોષ વચનો.... વીતરાગી વચનો (છે તે; પણ) રાગવાળા.... વિકારવાળા વચનો નહીં. બસ, થયું. જિસસે વીતરાગભાવ ઉત્પન્ન હો.... વીતરાગભાવકી વૃદ્ધિ હો.... વીતરાગભાવકી પુષ્ટિ હો—ઐસે વચનકો **'जिनवचन'** કહનેમેં આતા હૈ. જિસમેં 'રાગ કરના, રાગસે લાભ માનના'

(—ઐસા કથન હો) યે વીતરાગવચન નહીં, યે મિથ્યાદ્રષ્ટિકા રાગપોષક અજ્ઞાન વચન હૈ. સમજમેં આયા ?

યહ બારહવીં ગાથામેં તો વહ બતાયા (કિ સાધકદશામેં) રાગ આતા હૈ ઉસકો જાનના. (પરંતુ 'રાગ) કરના.... રાગ જીવકા પોષક હૈ'—ઐસા કહા હૈ વહાં ? (નહિ). ભગવાન આત્મા અનંત (ગુણ)સ્વરૂપ વીતરાગવિજ્ઞાનઘન હૈ....

'વીતરાગ' એટલે ?
વીત+રાગ નામ નહીં રાગ.

'રાગ નહીં' એટલે ?
રાગ નહીં અર્થાત્ વિકાર પણ નહીં.

નિર્વિકારી ભગવાન (આત્મા)....

(૧) નિર્દોષ પિંડ પ્રભુ આત્મા હૈ (–ધ્રૌવ્ય),
(૨) ઉસકી દ્રષ્ટિ કરનેસે નિર્દોષતા આતી હૈ. (–સમ્યક્‌દર્શનનો ઉત્પાદ),
(૩) સદોષતા મિથ્યાત્વકી (ચલી)જાતી હૈ (–વ્યય).

ફિર(સે)....

(૧) નિર્દોષ ભગવાનમેં (–ધ્રૌવ્ય),
(૨) સ્થિરતા કરનેસે અસ્થિરતા (ચલી)જાતી હૈ (–વ્યય),
(૩) સ્થિરતા આતી હૈ (–ઉત્પાદ).

બસ, ઉત્પાદ, વ્યય ને ધ્રૌવ્ય.... તીનકા યથાર્થ જ્ઞાન તો ઉસકો હોના ચાહિયે. સૌભાગ્યભાઈ ! બરાબર હૈ કિ નહીં ?

(૧૭-૧૮ ગાથામેં) રાજાકા દ્રષ્ટાંત દિયા હૈન ? કિ રાજાકી સેવા કરૂંગા (તો) નિર્ધનતા જાયેગી (ઔર) સધનતા આયેગી.... પૈસા મિલેગા. વહ (રાજા) પૈસાવાલા હો તો પૈસા દે ન ? પહલે ઐસા લિયા હૈ ૧૭-૧૮ (ગાથામેં).

જિસકે પાસ (પૈસા નહિ ઐસા કોઈ) ખાદિલા (રાજા) હો તો નોકરી (કરે ઉસકે) પૈસે મહિને–મહિને (–કંઈ મહિનો તક) નહીં દેતે.

શ્રોતા : બાર-બાર મહિના (પછી દે)....

પૂજ્ય ગુરુદેવશ્રી : બાર-બાર મહિને (તક) કેટલાક રાજા (પૈસા) ચૂકવતા નથી (—ઐસા) સુના હૈ. (પૈસાવાળો રાજા હોય તો) કહે, 'નહીં, (અભી) લે જાઓ મહિના–મહિનાનો પગાર તમારો, પચીસ હજાર, પચાસ હજાર જે થતો હોય નોકરનો. બાર મહિને છ લાખ, દસ લાખ.... સબ લે જાવ.... મહિને–મહિને લે જાવ' (—એમ કહે). કેટલાક એવા ખાદિલા હોય કે (કોઈ) બાર મહિના ઉસકી નોકરી કરે, (પણ) પૈસા મિલે નહીં. એવા રાજાની સેવા કોણ કરે ?

એમ ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ, વીતરાગવિજ્ઞાનઘન.... અનાકુલ આનંદકા કંદ હૈ. ઐસા પરમાત્મા(મય) અપના સ્વરૂપ હૈ ઉસકી સેવા કરનેસે લાભ હોતા હૈ, (ક્યોંકિ) સુખમેં વસ્તુ પડી હૈ (–સ્વયં સુખસ્વરૂપ હૈ).

(જૈસે) રાજા પાસે લક્ષ્મી પડી હૈ તો દેગા, નહીં (હૈ) તો ક્યા (દેગા ?) સમજમેં આયા ? અહીંયા ભગવાન (આત્મા) રાજા હૈ.... 'एवं जीवराया'—ઐસે આતા હૈન ? (૧૭-૧૮ ગાથામેં). રાજા.... જીવરાજા.... ભગવાન (આત્મા) પ્રભુ, જીવરાજા હૈ. અપની શુદ્ધ સંપદાસે વહ શોભિત હૈ.... અપની શુદ્ધ સંપદા.... લક્ષ્મીસે શોભિત હૈ. ઉસકી સેવા કરનેસે લાભ હોગા—ઐસા વચન હો, યે 'जिनवचन' હૈ. સમજમેં આયા ?

ઐસે जिनवचनोंको कहनेवाले श्री जिन–गुरुकी भक्ति.... (મુમુક્ષુકો) ભક્તિ આતી હૈન ? શુભભાવ આતા હૈ. સુનનેવાલેકો ભક્તિ, બહુમાન આયે બિના રહતા નહીં. ઐસા શુભભાવ આતા હૈ ઉસકો.

(૪) जिनबिम्बके दर्शन.... દેખો ભાષા ! સર્વ (જગહ) 'जिन'.... 'जिन'.... (શબ્દ) હી લિયા હૈ. વીતરાગ.... નિર્દોષ ભગવાન પરમાત્મા હૈ ઉનકી (પ્રત્યક્ષ) હાજરી ન હો તો વીતરાગ બિંબ....

ઉસકા (–'जिनबिम्ब'કા) ક્યા આયા અર્થ ?

'जिनबिम्ब' = વીતરાગબિંબ. ઉસમેં કોઈ વસ્ત્ર, દાગીના ઉસપે ન હો, અકેલા (વીતરાગતાકા બિંબ). ઐસે जिनबिम्ब.... વીતરાગી આકૃતિ દિખે (વહ) વીતરાગકા બિંબ હૈ. જૈસે ભગવાન વીતરાગ થે, ઐસા વહ બિંબ (હોતા હૈ). ખરેખર (પ્રતિમા) પ્રતિબિંબ હૈ બિંબકા (–સાક્ષાત્ પરમાત્માકા), તો ઉસકો યહાં દર્શન કરને હેતુ 'जिनबिम्ब' કહા હૈ. સમજમેં આયા ?

દેખો ! ઉસમેં (–ભક્તિમેં) ઐસા લિયા હૈ કિ....

जिन-गुरु = વીતરાગી ગુરુ—કિ જિસકી દ્રષ્ટિ વીતરાગી હૈ.... વીતરાગી ચારિત્ર હૈ.... વીતરાગી જ્ઞાન હૈ (ઉનકી ભક્તિ).

(जिन) = પૂર્ણ વીતરાગી દશા પ્રગટ હો.—વે સર્વજ્ઞ દેવ હૈં.... દેવ.

गुरु.... गुरु = (જિન્હેં) સર્વજ્ઞ હોનેકે (લિયે) દ્રષ્ટિ હુઈ હૈ, જ્ઞાન હુઆ હૈ (ઔર) ચારિત્ર હુઆ હૈ. ઔર....

जिनबिम्बके दर्शन.... દેખો ! પરમાત્મા ન હો (તો) ઉનકી ગેરહાજરીમેં વીતરાગ બિંબ.... જિસકે ઉપર કુછ નહીં.... વસ્ત્ર નહીં, દાગીના નહીં, મુકુટ નહીં, કુછ નહીં (હો), વહ 'जिनबिम्ब' કહનેમેં આતા હૈ. સમજમેં આયા ? ઉસમેં (–પ્રતિમામેં) કુછ લગા દેના.... ફૂલ લગા દેના, કેસર લગા દેના, કપડાં.... ક્યા કરતે હૈં વે ? આંગી રચા દેના, માથે મુકુટ લગા દેના વહ જિનબિંબ નહીં, વહ વિકૃતબિંબ હૈ. બાત તો ઐસી હૈ ભાઈ ! પક્ષકારને (–એકાંત પક્ષ વાળાને) ન રુચે તો એથી કંઈ વસ્તુ ફરી જાય છે ? વસ્તુ તો વસ્તુ હી હૈ.

ઇસલિયે લિખા હૈ, દેખો ! जिनबिम्बके दर्शन इत्यादि व्यवहारमार्गमें प्रवृत्त होना प्रयोजनवान है.... ઐસા વ્યવહાર ઉસકો આતા હૈ—ઐસા કહતે હૈં. ચંદુભાઈ ! સમજમેં આયા ? व्यवहारमार्गमें प्रवृत्त होना....

અહીં તો આપણે વ્યવહારમાર્ગ હૈ (વહ), સમ્યગ્દ્રષ્ટિ (હુએ) પીછે લિયા ન વ્યવહાર ? તો, વ્યવહાર આયા (હૈ) વહ 'જાનનેલાયક' હૈ—ઐસા (ટીકામેં) કહા.

યહાં (ભાવાર્થમેં) કહા, (સમ્યગ્દર્શન) પહલે (ઐસે શુભભાવ હોતે) હૈ તો ઉસકો 'વ્યવહારમાર્ગ' ઐસા (કહનેમેં) આતા હૈ (ઔર) ઉસમેં 'પ્રવર્તના' ઐસા વ્યવહારનયસે કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

**और जिन्हें श्रद्धान-ज्ञान तो हुआ है....** હવે જિનકો આત્મદર્શન (ઔર) આત્મજ્ઞાન હુઆ.... ભગવાન આત્મા શુદ્ધ અનંત આનંદકંદ પ્રભુ હૈ.... અતીન્દ્રિય આનંદકી ખાન (ઐસા) આત્મા, ભગવાન હૈ. ઐસા અતીન્દ્રિય આનંદમય ભગવાન (આત્મા હૈ) ઉસકી અંતર નિર્વિકલ્પ દ્રષ્ટિ ઔર નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન.... શાસ્ત્રજ્ઞાન આદિ (ધારણાજ્ઞાન) નહીં, યે (સ્વસંવેદન જ્ઞાન જિનહેં હુઆ હૈ).... સમજમેં આયા ? **जिन्हें श्रद्धान-ज्ञान तो हुआ है....** વસ્તુ આત્મા પૂર્ણાનંદ પ્રભુ (હૈ ઉસકા શ્રદ્ધા-જ્ઞાન જિનહેં હુઆ હૈ).

કોઈ નિર્દોષતા ચાહતા હૈ વહ નિર્દોષતા પૂર્ણ ચાહતા હૈ કિ નહીં ? કિ અપૂર્ણ (ચાહતા) હૈ ? તો પૂર્ણ નિર્દોષતા જિસમેંસે પ્રગટ હો (વહ ચીજ) પૂર્ણ નિર્દોષ સ્વરૂપ હી હૈ. જિસમેંસે 'પૂર્ણ નિર્દોષતા નિકલે' (—ઐસા) કહો કિ 'પૂર્ણ વીતરાગવિજ્ઞાનતા નિકલે' (ઐસા કહો—એક હી બાત હૈ), વહ આત્મા.... વસ્તુ ભગવાન આત્મા હી વિજ્ઞાન(ઘન પ્રભુ હૈ). ન્યાયસે સમજે તો ભી વહ (બાત) હી આતી હૈ કિ મુજે પૂર્ણ નિર્દોષ, વિજ્ઞાન ને વિકાર રહિત દશા ચાહિયે. પૂર્ણ જ્ઞાન અને પૂર્ણ નિર્દોષતા.... 'નિર્દોષતા' એટલે વીતરાગતા.

તો વહ પૂર્ણ વીતરાગતા અને પૂર્ણ વીતરાગી જ્ઞાન આયેગા કહાંસે ?
કિ વસ્તુ પૂર્ણ વીતરાગવિજ્ઞાનઘન હી હૈ (ઉસમેંસે). સમજમેં આયા ?

તો ઐસે વીતરાગવિજ્ઞાનઘનકી નિર્વિકલ્પ પ્રતીતિ–શ્રદ્ધા.... રાગકા આશ્રય (લિયે) બિના ત્રિકાલીકા આશ્રય લેકર સમ્યગ્દર્શન હુઆ ઔર ઉસકા આશ્રય લેનેસે સ્વસંવેદન જ્ઞાન હુઆ, તો ઉસકો સમ્યગ્દ્રષ્ટિ.... જ્ઞાની કહતે હૈં. તો અબ પીછે ઉસકો ક્યા આતા (–હોતા) હૈ ? વહ કહતે હૈં.... ઇતના હુઆ પીછે ક્યા આતા (–હોતા) હૈ ?

**श्रद्धान-ज्ञान तो हुआ है, किन्तु साक्षात् प्राप्ति नहीं हुई....**

ક્યા (કહતે હૈં) ?

કિ પૂર્ણ કેવળજ્ઞાન ને પૂર્ણ શુદ્ધતાકી પ્રાપ્તિ હૈ નહીં.... પૂર્ણ (શુદ્ધ) પર્યાયકી પર્યાયમેં (પ્રાપ્તિ હુઈ નહીં). વસ્તુ તો પૂર્ણ (શુદ્ધ) હૈ હી, (લેકિન જિસે) પર્યાયમેં પૂર્ણ (શુદ્ધતાકી) પ્રાપ્તિ હુઈ નહીં ઉસકો ક્યા હોતા હૈ.... ઉસકો (પર્યાયમેં) ક્યા આતા (–હોતા) હૈ ઔર ઉસકો ક્યા કરના વ્યવહારસે (—વહ યહાં) કહનેમેં આયા હૈ. સમજમેં આયા ?

આમાંથી ને આમાંથી (કેટલાક) તકરાર કાઢે છે (કે) જુઓ ! આમ કીધું છે. ભાઈ ! શું કીધું છે ? જે કહ્યું છે એ (સાચું) છે.

હવે, **साक्षात् प्राप्ति नहीं हुई उन्हें पूर्वकथित कार्य....** પૂર્વકથિત કાર્ય તો ઉસકો (–જ્ઞાનીકો) ભી આતે હૈં....

(૧) **जिनवचनोंको सुनना,**
(૨) **धारण करना** વહ ભી (જ્ઞાનીકો) આતે હૈં કિ નહીં ?
(૩) **जिन गुरुकी भक्ति,**
(૪) **जिनबिम्बके दर्शन....** વહ ભી ચૌથે ગુણસ્થાનમેં તો આતા હૈ હી. સમજમેં આયા ?

(જિસકો) આત્માકા સમ્યગ્દર્શન–જ્ઞાન હુઆ, ઉસકો વ્યવહારમેં....

(૧) જિન વીતરાગી વચનોંકો સુનના (ઐસા શુભભાવ) આતા હૈ,
(૨) ઉસકો (–જિનવચનોંકો) ધારણ કરના ભી આતા હૈ ઔર
(૩) જિનવચનોંકો કહનેવાલે ગુરુકી ભક્તિ ભી આતી હૈ ઔર
(૪) જિનબિંબ.... વીતરાગી પ્રતિમાકે દર્શનકા ભાવ ભી આતા હૈ.

સમ્યગ્દ્રષ્ટિકો ભી જબ લગ (પૂર્ણ) શુદ્ધતાકી પ્રાપ્તિ પર્યાયમેં ન હો તો ઐસા શુભભાવ આયે બિના રહતા નહીં. વહ હૈ પુણ્યબંધકા કારણ, પણ વહ વ્યવહારમાર્ગ આયે બિના રહતા નહીં. સમજમેં આયા ?

આ જિનબિંબના (દર્શન સમકિત) પહેલાંય (હોય—એમ પણ વાત) કરી છેને ? (અને) એના (સમકિતના થયા) પછી (પણ હોય) છે (—એમ કહ્યું છે).

આહાહા ! ખરેખર તો 'જિનબિંબના દર્શન' લાગુ જ પડે સમ્યગ્જ્ઞાન થયા પછી. (સમ્યક્) નય પ્રગટ હો તભી નિક્ષેપ લાગુ પડે.

પંડિતજી ! હમારે (ઇસ બારેમેં) ચર્ચા બહુત હુઈ થી ન ?

(દામોદર શેઠ :) 'પહેલા મિથ્યાત્વી હોય તો (મૂર્તિપૂજા હોય)'.

એને ઉડાડવી હતી મૂર્તિને, (તેથી એમ કહ્યું કે) મિથ્યાત્વી હોય ત્યાં સુધી ભલે મૂર્તિને માને, (પણ) સમ્યક્ (થયા) પછી શું (–કેમ માને) ?

મેં કીધું : 'સમ્યક્ (હુએ) પીછે જિનબિમ્બકા નિક્ષેપ યથાર્થ લાગુ પડતા હૈ'

લ્યો ! (સમ્યગ્દ્રષ્ટિકો) સમ્યગ્જ્ઞાન હુઆ (તો)....
નય, જ્ઞાન હુઆ તો....
નયકા વિષય (ઐસા સ્થાપના નિક્ષેપ) ઉસકો હી હોતા હૈ.

(—ઇસકા અર્થ યહ હુઆ કિ સમ્યગ્દર્શન) પહલે (મૂર્તિપૂજા) તો વ્યવહારસે કહા હૈ. સમજમેં આયા ?.... સમજમેં આયા ?

જિનબિંબકી નિમિત્તતા....

નિક્ષેપ કબ હોતા હૈ ?
જબ આત્માકા પ્રમાણજ્ઞાન.... શ્રુતજ્ઞાન હુઆ તો શ્રુતજ્ઞાનકે અંશ(રૂપ) દો ભાગ પડ ગયે....

(૧) નિશ્ચય(નય) ઔર
(૨) વ્યવહાર(નય).

તો, વ્યવહાર જ્ઞાનકે વિષયમેં નિક્ષેપકા ભેદ જો (સ્થાપના) હૈ (વહ) ઉસમેં (–નયમેં) લાગુ પડતા હૈ. નય જ્ઞાન હુઆ વહાં નિક્ષેપકા (ભેદ) લાગુ પડતા હૈ. જહાં (સમ્યક્)જ્ઞાન હી નહીં, વહાં નિક્ષેપ (યા) નય લાગુ પડતે નહીં. પણ યહાં (ભાવાર્થમેં) વ્યવહારસે (અજ્ઞાનીકો 'વ્યવહારમાર્ગ' હૈ —ઐસા) કહનેમેં (આયા હૈ) અર્થાત્ ....ઉપચારસે કહા હૈ.... સમ્યક્ (હોનેકે) પહલે ભી ('વ્યવહારમાર્ગ' કહા હૈ). સમજમેં આયા ?

(પ્રવચન પૂર્ણ થવામાં) પા કલાકની વાર છે. દરરોજની (ટેવ) છેને ? (કે નવ વાગે પ્રવચન પૂર્ણ થાય. પણ આજે) સવા આઠથી શરૂ કર્યું છેને ? સમજમેં આયા ?

અમારે ચર્ચા બહુત હોતી થી, દામોદર શેઠકે સાથ....

વહ કહે : 'મિથ્યાદ્રષ્ટિ હો તબ લગ ભલે મૂર્તિકા અવલંબન હો, પણ સમ્યગ્દર્શન (હુએ) પીછે ક્યું નિમિત્ત હો.... અવલંબન હો ? ઉસકો તો આત્માકા ભાન હૈ'.

મેં કીધું : 'પીછે (–સમકિત હોનેકે બાદ હી) નિક્ષેપ લાગુ હોતા હૈ.'

કહો ? શેઠીયા !....

(૧) સમ્યગ્દર્શન હુઆ તો
(૨) સમ્યગ્જ્ઞાન હુઆ, સમ્યગ્જ્ઞાન (હુઆ) તો
(૩) પ્રમાણ(જ્ઞાન) હુઆ.
(૪) તો ઉસકે (–પ્રમાણજ્ઞાનકે) દો અવયવ હો ગયે...
 (I) નિશ્ચય(નય) ઔર
 (II) વ્યવહાર(નય).
(૫) વ્યવહારનય હૈ ઉસકે વિષયમેં નિક્ષેપ....
(૬) નિક્ષેપ, જ્ઞેયકા ભાગ (–ભેદ) હૈ.
(૭) જ્ઞેયમેં ચાર ભાગ હૈં તો,
(૮) ઉસમેં દૂસરા ભાગ 'બિંબ' (–સ્થાપના) નિક્ષેપ હૈ.

(—ઇસ પ્રકાર) વ્યવહારનયકા વિષય (ઐસા સ્થાપના નિક્ષેપ.... જિનબિંબ) ઉસે (–સમકિતીકો) લાગુ પડતા હૈ. અમરચંદભાઈ ! વસ્તુ તો ઐસી હૈ ભૈયા !

(દામોદર શેઠ :) 'એમ નહીં, એમ નહીં'.

એને તો (જિનમૂર્તિ) ઉથાપવી હતીને ? (તેથી)....

(દામોદર શેઠ :) 'સમકિત પછી વળી કોણ (–કોનું આલંબન હોય ?) ધર્મીને (મૂર્તિપૂજા ન હોય), મિથ્યાદ્રષ્ટિ હોય ત્યારે હોય'.

અરે ભગવાન ! શું કરે છે જીવ ? અપની બાત રખનેકો (સિદ્ધાંતકો) કચડ–મચડ કરકે ક્યા–ક્યા (નહીં કરતે હૈં ?) (પરંતુ) વસ્તુસ્થિતિ તો જૈસી હૈ વૈસી રહેગી, વહ કોઈ દૂસરી હોગી નહીં.

દેખો ! કહતે હૈં કિ સમ્યગ્દર્શન પહલે ભી જિનબિંબ (દર્શન)—ઐસા શુભભાવ હો, પણ યથાર્થપને નય ઔર નયકા વિષય (–નિક્ષેપ) ઉસકો (–મિથ્યાદ્રષ્ટિકો) હૈ નહીં. ચંદુભાઈ ! યહાં (સમ્યગ્દર્શન હોનેકે બાદ) હી યથાર્થ (નિક્ષેપ) લાગુ પડતા હૈ. દેખો ! સમજમેં આયા ?

**'पूर्वकथित कार्य'**.... લિખા ન ? તો, વહ [(૧) જિનવચનોંકો સુનના, (૨) ધારણ કરના, (૩) ભક્તિ, (૪) દર્શન આદિ)] સબ આ ગયા. સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન હુએ પીછે ભી, ગૌતમ ગણધર જૈસે ભી, વીતરાગકી વાણી સુનતે હૈં. (—ઐસા) વ્યવહાર આતા હૈન ? વહ વ્યવહાર હૈ—એમ કહતે હૈં. (જિન વાણી સુનના), ધારણ કરના, જિનવચનોંકો સુનાનેવાલેકી ભક્તિ કરના.... (અરે !) ભક્તિ આયે બિના (રહેગી નહીં).

'(ભક્તિકા શુભરાગ ધર્મ નહીં) ઐસા નિશ્ચય હો, તો પીછે કોઈ વ્યવહાર ભક્તિ કરેગા હી નહીં ?'—ઐસા (અજ્ઞાની) કહતે હૈં.

અરે ! એને (–આવો નિશ્ચય કરવાવાળાને) જ ખરી ભક્તિ હોગી. અજ્ઞાની તો ભક્તિમેં ધર્મ માનતે હૈં, તો ઉસકો ખરી ભક્તિ હૈ નહીં. ખરી વ્યવહાર ભક્તિ તો ઉસકો હૈ કિ જિસકો નિશ્ચય ભક્તિ, અપની (દ્રવ્ય)દ્રષ્ટિ (પૂર્વક) પ્રગટ હુઈ હૈ ઔર પૂર્ણ શુદ્ધિકી પ્રાપ્તિ પર્યાયમેં હુઈ નહીં હૈ, ઉસકો હી જિનબિંબકા દર્શન આદિ (ઔર) ભક્તિકા શુભભાવ બરાબર આતા હૈ. ભારે વાત ! (અજ્ઞાની) તકરાર.... તકરાર (કરે છે !)

અરે ! વસ્તુની સ્થિતિ છે એ પ્રમાણે સમજ. તેરી દ્રષ્ટિસે તું આગમકા અર્થ કરે તો ઐસા ચલે ? આગમકો ક્યા કહના હૈ ઉસ તરફ તેરી દ્રષ્ટિ લે જા, (પણ) તેરી દ્રષ્ટિ હૈ ઐસા આગમકા અર્થ કર દે તો ઐસા નહીં ચલેગા.

દેખો ! સમ્યગ્દર્શન પીછે (–હોનેકે બાદ) મૂર્તિ—પ્રતિમાકે દર્શનકા (ભાવ) આયે બિના રહતા નહીં—ઐસા કહતે હૈં. માલચંદજી ! આહાહા ! ઐસા ભાવ આયા (–આતા હૈ), ક્યોંકિ પૂરી શુદ્ધિકી પ્રાપ્તિ તો હુઈ નહીં.... સમજમેં આયા ? તો, અશુદ્ધતા તો હૈ. તો, અશુભભાવ બહુત આતે હૈં તો (ઉસસે બચનેકે લિયે) ઐસે શુભભાવ આયે બિના રહતે હૈં ? (નહીં).

દેવ-ગુરુ-શાસ્ત્રકા ભક્ત હુઆ હૈ (ઔર) અપના ભક્ત હુઆ હૈ, તો ઐસી....

(૧) (જ્ઞાનાદિ) શક્તિ જિસકો પૂર્ણ પ્રગટ હો ગઈ હૈ (વે દેવ હૈં) ઔર
(૨) (રત્નત્રયધારી નિર્ગ્રંથ હૈં) વે ગુરુ હૈં (ઔર)
(૩) ઐસા (વીતરાગમાર્ગ) કહનેવાલે શાસ્ત્ર હૈ.

—ઉસકી (–યે તીનોંકી) ભક્તિકા ભાવ આયે બિના રહતા નહીં, (પણ ઉસકો) યહાં 'કરના' ઐસા વ્યવહારનયસે કહા હૈ. સમજમેં આયા ?

હવે, **पूर्वकथित कार्य** ઉપરાંત પંચમ ગુણસ્થાનમેં ઔર મુનિ(દશા)મેં ક્યા હોતા હૈ વહ કહતે હૈં. ઇતના (દર્શન, ભક્તિ આદિ) કાર્ય તો હૈ ચૌથે (ગુણસ્થાનમેં).

**परद्रव्यका आलंबन छोडनेरुप.... परद्रव्यका** નિમિત્ત **छोडनेरुप....** (યહાં) '**आलंबन**'કા અર્થ હૈ 'વલણ'.... પરદ્રવ્યકા તીવ્ર (વલણ). અભી યે અણુવ્રત (ઔર) મહાવ્રતમેં જો પંચ પરમેષ્ઠિકા ધ્યાન હૈ ઉસમેં ભી પરદ્રવ્યકા વલણ હૈ.

તો '**परद्रव्य**' (માને) ક્યા ?

'અશુભભાવકા નિમિત્ત જો પરદ્રવ્ય' ઉસકા લક્ષ છુડાનેકો.... (યહાં 'પરદ્રવ્ય'કા અર્થ) ઇતના લેના હૈ.

'परद्रव्य' (અર્થાત્) સર્વ પરદ્રવ્યકા (લક્ષ છોડના —ઐસા) યહાં (કહના) નહીં હૈ. (યહાં 'परद्रव्य'કા અર્થ) સર્વ પરદ્રવ્ય (કરેં તો) પંચ પરમેષ્ઠીકા ધ્યાન આદિ ઉસમેં (–અણુવ્રત-મહાવ્રતમેં) આતે (હૈ વે આયેંગે) નહીં. આ તો 'परद्रव्य' એટલે તીવ્ર (કષાયકે.... પાપકે નિમિત્ત). જો દેવ-ગુરુ-શાસ્ત્રસે ઊલ્ટા (–વિપરીત હૈ ઐસે) કુદેવ-કુગુરુ-કુશાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, વેપાર, ધંધા આદિ (હૈં વે યહાં) પરદ્રવ્ય હૈં. સમજમેં આયા ? ઉસકા (–સાધકકા) ઉસ (પરદ્રવ્ય) તરફકા નિમિત્ત છુડવાના હૈ.... 'आलंबन'કા અર્થ નિમિત્ત છુડવાના હૈ.... ઉસ પર (તરફ)સે લક્ષ છુડવાના હૈ.

(તો કહતે હૈં) परद्रव्यका ('आलंबन' અર્થાત્) નિમિત્ત छोडनेरूप....

| | |
|---|---|
| મોક્ષમાર્ગપ્રકાશક, સાતમો અધિકાર, ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિ પ્રકરણમાં | અહીં ગાથા ૧૨નાં ભાવાર્થમાં |
| આ 'आलंबन'નો અર્થ ત્યાં 'નિમિત્ત' કર્યો છે ભાઈ ! 'મોક્ષમાર્ગપ્રકાશક'માં. એ ('નિમિત્ત') શબ્દ, આ ('आलंबन') શબ્દ(નો અર્થ) છેને.... આ ('आलंबन') શબ્દ છેને ('સમયસાર') શાસ્ત્રનો ? | એ 'आलंबन'(શબ્દ)નો અર્થ જ ('નિમિત્ત' છે). |
| પ્રવચનસાર ગાથા ૨૧માં | અહીં ગાથા ૧૨નાં ભાવાર્થમાં |
| આપણે ભાઈ ! (આવ્યું છેને) આ 'પ્રવચનસાર'માં કે (કેવળજ્ઞાનને) લોકાલોક 'આલંબન' છે. 'आलंबन' એટલે (નિમિત્ત) છે. | 'आलंबन'નો અર્થ (અહીં પણ) 'નિમિત્ત' છે..... |
| મોક્ષમાર્ગપ્રકાશક, સાતમો અધિકાર, ઉભયાભાસી મિથ્યાદ્રષ્ટિ પ્રકરણમાં | અહીં ગાથા ૧૨નાં 'ભાવાર્થ'માં |
| જુઓ ! એ કહ્યું છે હો 'પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ....' | અહીંયા ('ભાવાર્થ'માં) 'आलंबन' મટવાની અપેક્ષાએ' (—એમ કહ્યું છે.) |
| 'પરદ્રવ્યનું નિમિત્ત મટવાની અપેક્ષાએ વ્રત, શીલ, સંયમાદિકને મોક્ષમાર્ગ કહ્યો....' અથવા (એ જ પાનાંના) પહેલા (પરેગ્રાફમાં | |

| | |
|---|---|
| કીધું છે કે) 'પરદ્રવ્યનાં નિમિત્ત મટવાની સાપેક્ષતા વડે વ્રત, શીલ, સંયમાદિરૂપ વીતરાગભાવના ભેદો બતાવતાં તેને વીતરાગભાવની ઓળખાણ થઈ.' | |

—બધું કથન એક શૈલીવાળું છે. સમજમેં આયા ?

ક્યા કહતે હૈં ?

હવે, પંચમ ગુણસ્થાનમેં સમ્યગ્દર્શન-જ્ઞાન તો હૈ, પણ 'અણુવ્રતકા ગ્રહણ' (કે પહેલે).... હવે વહ (–અણુવ્રત) લેનેકે પહેલે (—એમ કહે છે). દેખો ! હૈન ? परद्रव्यका आलंबन छोडनेरुप अणुव्रत.... પહલે યે લેના કિ, મિથ્યાત્વ (દશા)મેં કુદેવ-કુગુરુ (આદિ) સબકા નિમિત્ત (થા વહ) તો ગયા હૈ. પણ (અબ) દૂસરે જો સ્ત્રી, કુટુંબ આદિ પરદ્રવ્યમેં તીવ્ર (કષાયકે) પરિણામ થે, ઉસકો (–તીવ્ર અશુભભાવકો) છુડાનેકો અણુવ્રતકા પરિણામ આતા હૈ.... અણુવ્રતકા પરિણામ આતા હૈ. વહ હૈ નહીં મોક્ષમાર્ગ, પણ વે તીવ્ર (કષાયકે નિમિત્તરૂપ) પરદ્રવ્યકા લક્ષ છોડકર (–છૂટકર) ઐસા અણુવ્રતકા ભાવ.... શુભભાવ પંચમ ગુણસ્થાનમેં આતા હૈ.

ખરેખર તો વહ જાનનેલાયક હૈ, પણ યહાં વ્યવહારનયસે કથન કિયા હૈ કિ अणुव्रत ग्रहण.... સમજમેં આયા ? દેખો ! अणुव्रत–महाव्रतका ग्रहण.... —ઐસા શબ્દ પડા હૈન ?

શ્રોતા : અહીંયા સમ્યગ્દર્શન (થયા) પછીની વાત છે.

પૂજ્ય ગુરુદેવશ્રી : એની (–સમ્યક્દર્શન પછીની) જ વાત છેને ? એની (–મિથ્યાદ્રષ્ટિની વાત) ક્યાં છે ? પણ આ તો, (સમકિતી અને મિથ્યાત્વદ્રષ્ટિના અણુવ્રત) ગ્રહણમાં પણ ફેર છે—એમ (કહેવું છે).

(સમ્યક્દર્શન હુએ) પીછે 'अणुव्रत ग्रहण'કા અર્થ ક્યા ?

કિ તીવ્ર (કષાયકે નિમિત્ત ઐસે) પરદ્રવ્ય તરફકા લક્ષ છુડાનેકો (–તીવ્ર અશુભભાવ છોડનેકે લિયે) ઐસા અણુવ્રતકા શુભભાવ સમ્યગ્દ્રષ્ટિકો પંચમ ગુણસ્થાનમેં આતા હૈ તો 'ग्रहण' કરના (—ઐસા કહા). 'ग्रहण'....

ખરેખર તો, વ્યવહાર ગ્રહણ કરના (–કરનેલાયક) હૈ નહીં, વહ ('ગ્રહણ કરના') તો વ્યવહારનયસે કહા હૈ.

**परद्रव्यका आलंबन छोडनेरुप अणुव्रत-महाव्रत....** મુનિકો મહાવ્રત(કા વિકલ્પ).... છઠ્વેં ગુણસ્થાનમેં ઐસા વિકલ્પ (હોતા હૈ). જો વેપાર-ધંધા આદિકે, પર તરફકે, તીવ્ર (કષાયકે) પરિણામ હૈં વે છુડાનેકો (–અશુભભાવ છોડનેકે લિયે) સમ્યગ્દર્શન-જ્ઞાનપૂર્વક પંચમહાવ્રતકા (વિકલ્પ આતા હૈ) ઉસકી બાત હૈ હોં. (જિસકો) સમ્યગ્દર્શન-જ્ઞાન નહીં હૈ ઉસકો તો (યથાર્થ) અણુવ્રત, મહાવ્રત હોતે નહીં.... (ઉનકો તો) વ્યવહાર હોતા (હી) નહીં. સમજમેં આયા ? જો કોઈ અભી રાગસે ધર્મ માને.... પુણ્ય કરતે-કરતે ધર્મ માને વહ તો મિથ્યાદ્રષ્ટિ હૈ, ઉસકો તો અણુવ્રત, મહાવ્રત હોતે નહીં. સમજમેં આયા ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : જૈન હી નહીં. જૈન તો સ્વરૂપકી દ્રષ્ટિ કરે.... 'શુદ્ધ ચૈતન્યમૂર્તિ નિર્વિકલ્પ મૈં હૂં'—ઐસી દ્રષ્ટિ હો તો જૈનકે પહલે નંબરમેં (–ચોથે ગુણસ્થાનમેં) આતા હૈ, એકડામેં. યે (પાંચવેં-છઠ્વેં ગુણસ્થાનવાલે) તો આગે બઢતે હૈ. સમજમેં આયા ?

જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ;
યે હી વચનસે સમજ લે, જિન પ્રવચનકા મર્મ.
(શ્રીમદ્ રાજચંદ્ર,અભ્યંતર પરિણામ અવલોકન, હાથનોંધ ૧/૧૪ ઉપરથી)

અપના ભગવાન આત્મા નિર્દોષ પરમાત્મસ્વરૂપ હૈ ઐસી અંતર્મુખ (દ્રષ્ટિ).... રાગકા કર્તા (હુએ) બિના, જડકી ક્રિયાકા કર્તા (હુએ) બિના અપની દ્રષ્ટિ અપનેમેં હુઈ તો અપને સ્વભાવકા કર્તા હુઆ (ઔર) સ્વભાવકા જ્ઞાન હુઆ. (ફિર) ઉસમેં આગે બઢનેકો (–બઢતે હૈ તો) ઐસા મહાવ્રતકા વિકલ્પ (આતા હૈ). સ્વભાવકા આશ્રય વિશેષ હુઆ તો પરદ્રવ્ય (તરફ)કા.... ઉપરસે તીવ્ર લક્ષ (–અશુભરાગ) છુડાનેકો ઐસા મહાવ્રતકા વિકલ્પ, ૨૮ મૂળગુણકા વિકલ્પ છઠવેં ગુણસ્થાનમેં આતા હૈ (ઔર) ઉસકો 'ગ્રહણ કરતે હૈં' (—ઐસા) વ્યવહારસે કહનેમેં આયા હૈ.

अणुव्रत-महाव्रतका ग्रहण, समिति, गुप्ति और पंच परमेष्ठीका ध्यान.... ('समिति'....) દેખો ! દેખકર ચલના.... પાંચ સમિતિ હૈંન ઇર્યા આદિ ? દેખકર ચલના, વિચાર કર બોલના—યે સબ શુભભાવ હૈ. પણ તીવ્ર (–અશુભ) રાગ ન હો (ઇસલિયે), તીવ્ર મિથ્યાત્વ અને અશુભ પરિણામકે નિમિત્ત જો (પર)દ્રવ્ય હૈ, ઉસ તરફકા લક્ષ છુડાનેકો—ઐસી પાંચ સમિતિકા પરિણામ.... શુભભાવ આયે બિના રહતા નહીં. (વહ) હૈ બંધકા કારણ, પણ ઉસકો (–સાધકકો) ઐસા વ્યવહારમાર્ગ આયે બિના રહતા નહીં. સમજમેં આયા ?

गुप्ति.... મન-વચન-(કાયકી ગુપ્તિકે શુભભાવ), અશુભસે બચનેકો (આતા હૈ) और....

पंच परमेष्ठीका ध्यानरूप प्रवर्तन.... દેખો ! અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. ભગવાનને કહે ઐસે पंच परमेष्ठी.... ઉસકા ध्यानरूप प्रवर्तन.... દેખો ! परमेष्ठीका ध्यानरूप प्रवर्तन.... વ્યવહારમેં (–વિકલ્પમેં) ભી કોઈ દૂસરેકા ધ્યાન નહીં. નિશ્ચયમેં (–શુદ્ધોપયોગમેં) આત્માકા ધ્યાન (ઔર) વ્યવહારમેં (–વિકલ્પમેં) પંચ પરમેષ્ઠીકા (ધ્યાન). સમજમેં આયા ? કોઈ દૂસરેકા (ધ્યાન) નહીં.... કુદેવ ને કુગુરુ ને જૈસા–તૈસા (દેવ-ગુરુ).... સીકોતેર, ભવાની ને ફલાણું ને ઢીકણું.... ક્યા કહતે હૈં સમજે ?

पंच परमेष्ठीका ध्यान.... ક્યોંકિ (દેવને) પૂર્ણ દશા પ્રાપ્ત કરલી હૈ ઔર ગુરુ (પૂર્ણ દશા) પ્રાપ્ત કરનેકે લાયક હો ગયે હૈં. તો ઉનકી ભક્તિ સમ્યગ્દ્રષ્ટિકો–સમ્યગ્જ્ઞાનીકો, અણુવ્રતધારીકો ઔર મહાવ્રતધારીકો (આતી હૈ). સમજે ? આયે બિના રહતી નહીં.

तथा उसी प्रकार प्रवर्तन करनेवालोंकी संगति.... સંગતિ ઉસકી કરના—ઐસા કહતે હૈં. उसी प्रकार प्रवर्तन करनेवालोंकी संगति.... વિપરીત શ્રદ્ધા, વિપરીત જ્ઞાન ને વિપરીત આચરણ (જિસકા હૈ) ઉસકી સંગતિ નહીં કરના. સમજમેં આયા ? શાંતિભાઈ ! ખબર (–તત્ત્વની સમજણ) વિના કોની સંગતિ કરવી ને કોની સંગતિ ન કરવી (—એની) ખબર (પડે) નહીં.

શ્રોતા : જવાબદારી અપની....
પૂજ્ય ગુરુદેવશ્રી : જવાબદારી ઉસકી હૈ ભગવાન !

શ્રોતા : સમજના તો પડેગા ન ?
પૂજ્ય ગુરુદેવશ્રી : સમજના તો પડેગા.

સોના લેને જાતે હૈં તો સોનાકી ખબર નહીં હૈ ?
(હૈ ન).

ખબર નહીં હૈ તો પિત્તલ લે લેતે હૈં ?
(નહિ).

વહ (વ્યાપારી) પિત્તલ દેતે હૈં તો પિત્તલ લે લેતે હૈં ?
(નહિ).

પીલા હૈન વહ ભી ?
(વ્યાપારી પિત્તલ દે તો કહે) 'નહીં.. યે નહીં. ચિકનાહટ હોની ચાહિયે, સોના હોના ચાહિયે—ઐસી ચીજ હૈ તો ઝટ લાવ'

......કસોટી (કરે) તબ સોના લેતે હૈં કિ નહીં ?
(હા).

ઐસે સચ્ચે દેવ-ગુરુ-શાસ્ત્ર ઔર સચ્ચા આત્મા ક્યા (–કૈસી) ચીજ હૈ ઉસકી કસોટી લેકર પરીક્ષા તો કરના હી (ચાહિયે). સમજમેં આયા ?

जाननेके लिये....

ક્યા કહતે હૈં દેખો !
उसी प्रकार प्रवर्तन करनेवालोंकी संगति एवं विशेष जाननेके लिये.... વિશેષ જાનના (વહ) વ્યવહાર હૈન. જ્ઞાન તો.... ખરેખર આત્માસે ઉત્પન્ન હોતા હૈ નિશ્ચય જ્ઞાન તો, પણ વ્યવહાર જ્ઞાન.... પરકો જાનનેમેં ઐસા (–શાસ્ત્ર અભ્યાસાદિ કરનેકા) ભાવ આયે બિના રહતે નહીં. સમજમેં આયા ?

આ (–ભાવાર્થમાં) અર્થ ફર્યો (–વિશેષ અર્થ કર્યો છે, તો) એનો અર્થ કરવો પડે છે. ચંદુભાઈ ! કહો, રતિભાઈ ! વ્યવહાર(નો વિશેષ અર્થ ) છેને !

प्रवर्तन करनेवालोंकी संगति.... तथा उसी प्रकार प्रवर्तन करनेवालोंकी.... उसी प्रकार प्रवर्तन करनेवालोंकी.... દેખો ભાષા ! સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન —ઇતના તો હૈ, ઓર.... ઉપરાંત અણુવ્રત ઔર મહાવ્રત (જિસકો હૈ) ઐસે જો પ્રવર્તન કરનેવાલે હૈં ઉસકી संगति एवं विशेष जाननेके लिये शास्त्रोंका अभ्यास करना.... દેખો ! યે ભી વ્યવહાર હૈ. શાસ્ત્રકા અભ્યાસ વ્યવહાર હૈ (ફિર ભી શાસ્ત્ર અભ્યાસ કરનેકા) વિકલ્પ આયે બિના રહતા નહીં.

इत्यादि व्यवहारमार्गमें स्वयं प्रवर्तन करना.... અથવા વ્યવહારમાર્ગ ઐસા આતા હૈ ઉસકો જાનના. (યે તો) વ્યવહારસે કહતે હૈં કિ 'સ્વયં કરના.' दूसरोंको प्रवर्तन कराना.... અથવા દૂસરોંકો 'ઐસા (વ્યવહાર) હોતા હૈ'—ઐસા (કહના) (ઐસે) કહતે હૈં.... દૂસરોંકો ઉપદેશ (કરના કિ) 'ઐસા (વ્યવહાર) હોતા હૈ.' સમજમેં આયા ?

ऐसे व्यवहारनयका उपदेश अंगीकार करना प्रयोजनवान है.... લ્યો ! ઐસે વ્યવહારનયકા કથન (અર્થાત્) ભાવ જો આતા હૈ વહ યથાર્થમેં જાનનેલાયક હૈ. (કિન્તુ યહ કથનકો) વ્યવહારનયસે ઐસે કહનેમેં આયા કિ 'ઉસકો કરના.' —ઐસે (કહનેમેં) આયા હૈ.

ઉસકા નીચે (ફૂટનોટમેં) અર્થ હૈ. વિશેષ આયેગા.

(પ્રમાણ વચન ગુરૂદેવ)

પ્રવચન નં. ૩૪

ગાથા - ૧૨, શ્લોક - ૪

સંવત ૨૦૨૪, આસો વદ ૯, મંગળવાર, તા. ૧૫-૧૦-’૬૮

૧૨મી ગાથા, એનો ભાવાર્થ.

અહીં સુધી આવ્યું છે. જુઓ ! વ્યવહારમાર્ગમાં પોતે પ્રવર્તવું અને બીજાને પ્રવર્તાવવું—એવો વ્યવહારનયનો ઉપદેશ અંગીકાર કરવો પ્રયોજનવાન છે. છે ?.... આવ્યું ? હવે ત્યાં ખુલાસો કરે છે કે ભઈ ! વ્યવહારમાર્ગ કરવો અને વ્યવહારમાર્ગ કરાવવો એવું આવ્યું (તો) એનો શું અર્થ છે ? નીચે (ફૂટનોટમાં) છે.

વ્યવહારનયના ઉપદેશથી એમ ન સમજવું કે આત્મા પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે.... (ફૂટ)નોટ નીચે છે. પરદ્રવ્યનું કરવું એટલે કે (જિનવચનોનું) શ્રવણ કરવું.... ધારણ કરવું.... જિનબિંબના દર્શન કરવા.... પરનું નિમિત્તપણું —અવલંબન છોડવું.... પંચ મહાવ્રત આદિ ગ્રહણ કરવા વગેરે કાર્યો કરવા અને બીજાને કરાવવા—એવો જે ઉપદેશ આવ્યો એનો અર્થ એમ નથી કે, (જીવ) કંઈ પરદ્રવ્યની ક્રિયા કરી શકે છે.

પણ એમ સમજવું કે વ્યવહારોપદિષ્ટ શુભ ભાવોને આત્મા વ્યવહારે કરી શકે છે.... વ્યવહાર.... જે શુભભાવ આવે છે તેને વ્યવહારથી એમ કહેવાય કે ‘(કરે છે)’.... તે (શુભભાવરૂપે) પરિણમે છે એટલે વ્યવહારથી 'કરે છે'—એમ કહેવામાં આવે છે.

નિશ્ચયથી તો આત્મા જ્ઞાયકસ્વરૂપ છે. તે શુદ્ધ ચૈતન્યની દ્રષ્ટિ સહિત જે કંઈ શુભભાવ આવે છે તેને વ્યવહાર કહેવામાં આવે છે. એ વ્યવહાર 'કરવો' એમ જે કહ્યું છે એ તો વ્યવહારનયના કથનથી છે. (શુભભાવરૂપે) પરિણમે છે એટલે 'કરવું' એમ આવ્યું (–કહ્યું છે). (બાકી) ખરેખર (તે) 'કરવું' (–કરવાલાયક) નથી, પણ સમ્યગ્દર્શન-જ્ઞાનના ભાન સહિત શુભભાવ આવે (છે તો) એને 'જાણેલો પ્રયોજનવાન છે'—એમ કહ્યું છે. સમજાણું કાંઈ ?

વળી તે ઉપદેશથી એમ પણ ન સમજવું કે આત્મા શુભ ભાવો કરવાથી શુદ્ધતાને પામે છે.... વ્યવહાર 'પ્રયોજનવાન' કહ્યોને ? એટલે 'જરૂરનો છે'

—એમ કહ્યું, (તો) એનો અર્થ એમ ન સમજવો કે વ્યવહાર કરતાં (–કરવાથી) તેને શુદ્ધિની પ્રાપ્તિ થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિના શુભભાવથી આત્માને શુદ્ધિની પ્રાપ્તિ થાય છે—એમ ન સમજવું.

(સાધકદશામાં પણ) શુભભાવ હોય છે, એથી 'કરે છે'—એમ કહ્યું છે અને 'પ્રયોજનવાન છે' એટલે કે જાણવાલાયક છે—એમ કહેવામાં આવ્યું છે. (પણ) 'પ્રયોજનવાન છે' એટલે શુભ(ભાવ)થી શુદ્ધનો લાભ થાય છે—એમ 'પ્રયોજનવાન'ની વ્યાખ્યા નથી. અને 'કરવાની' વ્યાખ્યા (અથવા) 'કરો' એની વ્યાખ્યા એમ નથી કે 'કરવું'.... એ કરવા જેવું છે. પણ વ્યવહારનયથી.... એવા શુભભાવ આવે છે નિશ્ચયના ભાન સહિત, (તો) એને વ્યવહારથી 'કરવું'—એવો વ્યવહારનયથી ઉપદેશ કરવામાં આવ્યો છે. સમજાય છે કાંઈ ?

પરંતુ એમ સમજવું કે સાધક દશામાં ભૂમિકા અનુસાર શુભ ભાવો આવ્યા વિના રહેતા નથી.... જુઓ ! વસ્તુ તો શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે.... ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વભાવ છે (અને) એ જ દ્રષ્ટિમાં આશ્રય કરવાલાયક છે.... એ જ ઉપાદેય છે. ભગવાન (આત્મા) પોતે પૂર્ણાનંદસ્વરૂપ.... શુદ્ધ આનંદમય.... નિષ્ક્રિય ચૈતન્ય પરમાત્મા છે (અને) એ જ ઉપાદેય નામ દ્રષ્ટિમાં ધ્યેય કરવાલાયક છે.

પણ એવી દ્રષ્ટિ થયા છતાં, જ્યાં સુધી શુદ્ધનયની પૂરી પ્રાપ્તિ (એટલે કે પૂર્ણ) વીતરાગતા ને કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી વચ્ચે આવા શુભભાવો.... દયા, દાન, ભક્તિ, પૂજા, શ્રવણ આદિના (ભાવો) આવે છે (અને તે) 'આવે' એને વ્યવહારનયવાળા વ્યવહારથી 'કરો'—એમ કહે છે અને 'પ્રયોજનવાન છે'—એમ (પણ) કહે છે. તો....

(૧) '<u>કરવાની</u>' વ્યાખ્યા એ છે કે 'હોય છે' (અને) તેને વ્યવહારે 'કરે છે' —એમ કહેવામાં આવે છે. અને....

(૨) <u>'પ્રયોજનવાન'</u>ની વ્યાખ્યા એ છે કે નિશ્ચયના (–દ્રવ્યસ્વભાવના) ભાન સહિત એવા શુભભાવ હોય છે (અને) તે 'જાણવા માટે પ્રયોજનવાન' છે.

નવનીતભાઈ ! (અજ્ઞાનીને) મોટો ઝઘડો નિશ્ચય અને વ્યવહાર વચ્ચે (લાગે) છેને ? (સ્વરૂપ સમજે તો કાંઈ ઝગડો નથી, બધું) સાફ છે સાફ.

૧૧મી ગાથામાં એમ કહેવામાં આવ્યું કે (શુદ્ધનય) એકલો ભૂતાર્થ છે....(ત્રિકાળી) વસ્તુ છે તે જ સાચી છે, પર્યાય નહિ. રાગ નહિ, પર્યાય નહિ, (જે ભૂતાર્થ) વસ્તુ છે તે સાચી છે—એમ કીધું. ૧૧(મી ગાથા)માં (કહ્યું) 'ભૂતાર્થ'.... છતો જ્ઞાયક ચૈતન્યમૂર્તિ (આત્મા) તે દ્રવ્ય છે, (પણ) પર્યાય નહીં.... વસ્તુ છે તે સાચી છે—એમ કીધું, ત્યારે પર્યાય 'ખોટી છે'—એમ કહ્યું એમાં (૧૧મી ગાથામાં). એ 'ખોટી છે'—એમ કહ્યું એ 'ગૌણ' કરીને.... (પર્યાય) લક્ષમાં લેવાલાયક કે આશ્રય કરવાલાયક નથી માટે 'ગૌણ' કરીને.... વ્યવહાર કરીને '(પર્યાય) નથી'—એમ કહેવામાં આવ્યું છે.

(તો શું) એકાંતે પર્યાય નથી ?

તો (કહે છે કે દ્રવ્યનો) નિર્ણય પર્યાય દ્વારા જ કરવાનો છે (તેથી પર્યાયની હયાતી છે). સમજાય છે કાંઈ ? અમરચંદભાઈ !

અહીં ૧૧મી (ગાથા)માં તો એમ જ કહ્યું કે શુદ્ધનય તે ભૂતાર્થ છે. સાચું તત્ત્વ.... દ્રવ્ય તે સાચું તત્ત્વ છે—એમ કહ્યું. ૧૧મી (ગાથા)માં તો એમ કહ્યું કે સત્ય ત્રિકાળી જ્ઞાયકમૂર્તિ છે તે સાચી છે.... છતી છે.... સત્ય છે (અને) પર્યાય તે ખોટી છે.... જૂઠી છે.... 'નથી'. શેઠીયા ! —એમ ૧૧મી (ગાથા)માં કહ્યું.

પણ એ '(પર્યાય) નથી' (—એમ) કહેવાનો આશય (એ છે કે તેને) ગૌણ કરીને તે આશ્રય કરવાલાયક નથી અને મુખ્ય.... ત્રિકાળી ચૈતન્ય દ્રવ્યસ્વભાવ છે તેને મુખ્ય બનાવી (તે) આશ્રય કરવાલાયક છે (—એમ કહેવું છે).

(૧) પર્યાયને 'ગૌણ' કરી, વ્યવહાર કહીને 'નથી'—એમ કહ્યું છે અને

(૨) વસ્તુ ત્રિકાળી છે તેને 'મુખ્ય' કરી એ 'ઉપાદેય' છે (—એમ કહ્યું છે).

કેમ કે એનાથી પોતાનું પ્રયોજન સિદ્ધ થાય છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિની પ્રાપ્તિ વસ્તુની મુખ્યપણે દ્રષ્ટિ કરતાં થાય છે. (માટે) એ પ્રયોજન સિદ્ધ કરવા દ્રવ્યને 'સાચું' કીધું અને પર્યાયને 'ખોટી' કીધી હતી.

એ પર્યાયને ૧૧મી (ગાથા)માં જે ખોટી કીધી હતી તેને અહીંયા ૧૨મી (ગાથા)માં પાછી લાવ્યા. સમજાણું કાંઈ ? આહાહા !

(પ્રશ્ન :) તમે તો (૧૧મી ગાથામાં) પર્યાયને 'અભૂતાર્થ' કીધી હતી.... 'અસત્યાર્થ' કીધી હતી.... તેનો 'વિષય નથી'—એમ કહ્યું હતું ? એનો વિષય નથી.... 'अभूतार्थत्वादभूतमर्थं प्रद्योतयति....' જૂઠાની વાતું કરે છે એ (વ્યવહાર —એમ કહ્યું હતું).

(સમાધાન :) ભાઈ ! એ પર્યાયને 'ગૌણ' કરીને તે આશ્રય કરવાલાયક નથી (એવું બતાવવા તે 'નથી'—એમ કહ્યું હતું). પર્યાયને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન -આનંદની પ્રાપ્તિનું પ્રયોજન સિદ્ધ થતું નથી. એ માટે તેને, અમે 'ગૌણ' કરીને 'નથી'—એમ કહ્યું હતું (અને) વસ્તુ જે ધ્રુવ ચિદાનંદસ્વરૂપ છે તેને 'મુખ્ય' કરીને 'સત્ય' (છે—એમ) કહ્યું હતું.

પણ ૧૨મી ગાથામાં કહીએ છીએ કે જે વસ્તુ.... ભગવાન આત્મદ્રવ્ય નિષ્ક્રિય ચિદાનંદસ્વરૂપ છે એની દ્રષ્ટિ કરી, (તેનો) આશ્રય કરી સમ્યગ્દર્શન-જ્ઞાન થયું. પછી, અશુભભાવથી બચવા અથવા તેને કાળે શુભભાવ પણ આવે છે.... દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામસ્મરણ—એ બધો શુભભાવ આવે છે. તો, 'આવે છે' તેને અહીંયા 'જાણવાલાયક છે'—એમ કહેવામાં આવે છે. તે 'નથી' જ એમ નહીં, (પણ) 'છે'.... વ્યવહાર છે. (પરંતુ તે) જાણેલો પ્રયોજનવાન છે, આદરેલો પ્રયોજનવાન નથી. તેમ (સર્વથા) 'નથી' એમેય નથી.

....ભાઈ ! ઝીણું છે.... આ બહુ ઝીણું છે. અધ્ધરથી (–શાસ્ત્રના શબ્દ લીધા વિના ૧૧મી ગાથાની) વાત ચાલે છેને. પહેલાં (શાસ્ત્રના શબ્દે-શબ્દના અર્થની વાત) બધી વઈ (–ચાલી) ગઈ છે.... ૧૧મી ગાથાની ઘણી બધી (વાતો) ગઈ. આ તો હવે (૧૨મી ગાથા ચાલે છે). પહેલેથી (–ફરીને ૧૧મી ગાથાની વાત) બધી માંડે તો કાંઈ પાર આવે નહિ પાછું. સમજાણું કાંઈ ?

(આત્મા) વસ્તુ છેને ? તો ભગવાન આત્મામાં બે અંશો છે. કહો....

(૧) એક ત્રિકાળી અંશ અને
(૨) એક વર્તમાન પર્યાયનો અંશ.

કહો, આ વાત તો સમજાય કે નહીં ?

(૧) ત્રિકાળી અંશ દ્રવ્ય—એ પણ અંશ જ છે, (કેમ કે) નયનો વિષય છેને ? (તેને વિષય કરનાર) નય છે. અને

(૨) એક વર્તમાન અવસ્થા.... પ્રગટ અવસ્થા. તે જ્ઞાનાદિની હો કે રાગાદિની હો, પર્યાય છે (અને) તે (પણ) એક અંશ છે.

હવે, તે બે અંશમાં.... છે તો બેયની હયાતી, પણ પર્યાયના અંશને 'ગૌણ' કર્યા વિના અને દ્રવ્યના અંશને 'મુખ્ય' કર્યા વિના પ્રયોજન સિદ્ધ થતું નથી. સમજાણું કાંઈ ?

શ્રોતા : 'પ્રયોજન' સિદ્ધ થતું નથી એટલે ?

પૂજ્ય ગુરુદેવશ્રી : સમ્યગ્દર્શન થતું નથી.... આત્માને શાંતિ મળતી નથી—એમ (એનો અર્થ છે). 'પ્રયોજન' સિદ્ધ થતું નથી (એટલે કાંઈ) પૈસા ભેગા કરવા છે ત્યાં ? કહો, સમજાય છે ? પ્રયોજન સિદ્ધ થતું નથી (એટલે શું) પૈસા ભેગા કરવા છે ત્યાં ? એ ધૂળમાંય પ્રયોજન નથી. (જીવનું) પ્રયોજન એ છે કે આત્માને શાંતિ મળે.... સુખ મળે અને સત્યતાનો સ્વીકાર થાય—આ પ્રયોજન છે.

એ પ્રયોજન.... વસ્તુને.... ત્રિકાળી (દ્રવ્ય)ને મુખ્ય કરે તો તે પ્રયોજન સિદ્ધ થાય છે. અને વર્તમાન અંશને.... એ એનો (–દ્રવ્યનો અંશ) હોવા છતાં 'ગૌણ' કરીને, એ આશ્રય કરવાલાયક નથી તેથી તેને 'નથી' એમ કહીને એ વ્યવહારને 'જૂઠો' કહ્યો છે. સોભાગભાઈ ! આ બધું સમજવા જેવું છે.... અહીં બહુ ઝીણું છે. સમજાણું કાંઈ ? પણ એનો અર્થ કોઈ એમ જ લઈ લે, કે તે બે અંશમાંથી એક (ત્રિકાળી દ્રવ્યરૂપ) અંશ જ 'છે' અને આ (વર્તમાન પર્યાયરૂપ) અંશ 'નથી', (તો) તેનો ૧૨મી (ગાથા)માં ખુલાસો કર્યો છે.

૧૧મી (ગાથા)માં તો 'એક જ સત્ય છે'—એમ સિદ્ધ કર્યું હતું. ત્રિકાળી ભગવાન પૂર્ણાનંદસ્વરૂપ ધ્રુવ દ્રવ્યસ્વભાવ છે એ જ વસ્તુ છે.... સત્ય છે.... ભૂતાર્થ છે.... વિદ્યમાન છે.... હયાતી એ જ ધરાવે છે—એમ કહ્યું હતું (અને) પર્યાય જૂઠી છે.... અવિદ્યમાન છે.... અહયાતી છે (એટલે કે) એ હયાતી જ ધરાવતી નથી (—એમ કહ્યું હતું). સમજાય છે કાંઈ ? ત્યારે એ બે અંશમાં....

(૧) એક (દ્રવ્યરૂપ અંશ) 'હયાતી' ધરાવે છે અને

(૨) બીજો (પર્યાયરૂપ અંશ) 'હયાતી નથી' ધરાવતો

—એવો જે કહેવાનો આશય છે, એ દ્રવ્ય–વસ્તુ ત્રિકાળીની દ્રષ્ટિ કરાવવા (માટે છે), કે જેમાંથી શાંતિ અને સુખ મળે છે.... સમ્યગ્દર્શન-જ્ઞાન થાય છે.... સુખ મળે છે.... આનંદ મળે છે અને દુઃખ ટળે છે. એથી (–એ કારણે) ત્રિકાળી વસ્તુને 'મુખ્ય' કરી, 'સાચી' કહી (અને) એક (પર્યાય) અંશ એનો હોવા છતાં તેને 'ગૌણ' કરી, એ 'નથી' કહી, 'અવિદ્યમાન' છે—એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ?

હવે આ ગુજરાતી ચાલ્યું આજ ચોખ્ખું. સોભાગભાઈ ! દિલ્હીવાળા કેટલાક ગયા, તેના માટે કર્યું હતુંને થોડું (હિંદીમાં). કહો, સમજાય છે આમાં ?

કહે છે કે, પણ વ્યવહારને 'કરવો' એવું આમાં.... અર્થમાં (–૧૨મી ગાથાના ભાવાર્થમાં) આવ્યું અને તે 'પ્રયોજનવાન છે' (—એમ કહ્યું એનો) અર્થ કોઈ એવો લઈ લે કે તે રાગાદિ વ્યવહાર.... દયા, દાન, વ્રત, ભક્તિ આવે છે તે આત્માની શુદ્ધિને મદદ કરે છે—એમ કોઈ 'પ્રયોજનવાન' (શબ્દ)નો અર્થ કરે, (તો) એમ નથી.

તેમ જ 'વ્યવહાર કરવો' (—એમ કથન) આવ્યું.... નિશ્ચયના ભાન સહિત 'કરવું' (—એમ કથન) આવ્યું તો (પણ રાગનું) કર્તૃત્વપણું છે નહિ ખરેખર. પણ તેને (–સાધકને ભૂમિકા અનુસાર શુભરાગ) 'આવે છે' ને તે રીતે પરિણમન છે એટલે વ્યવહારનયથી 'કરવું'—એવું કથન કરવામાં આવે છે. કહો, સમજાણું આમાં ?

હવે, વ્યવહારનયને કથંચિત્ અસત્યાર્થ કહેવામાં આવ્યો છે.... હવે વ્યાખ્યા (–ભાવાર્થ) ચાલે છે. વ્યવહારનયને કથંચિત્.... (એટલે) કોઈ અપેક્ષાએ, 'જૂઠો' કહેવામાં આવ્યો છે. ત્રિકાળી દ્રવ્યની દ્રષ્ટિ કરાવવા (તેમ જ) પર્યાયને 'ગૌણ' કરીને (તેનો) આશ્રય નહીં કરાવવા, એ પર્યાય (–વ્યવહારનું અસ્તિત્વ) હોવા છતાં 'અસત્યાર્થ' કહેવામાં આવ્યો છે. માલચંદજી ! તુમ તો હવે સમજતે હો ન ગુજરાતી ?

પણ જો કોઈ તેને સર્વ અસત્યાર્થ જાણી છોડી દે.... પર્યાય નથી, શુભભાવ નથી જ.... સમજાય છે કાંઈ ?—એમ કરીને (તેને) છોડી દે, તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે.... (દેવ-શાસ્ત્ર-ગુરૂ ઉપર) પર્યાયનું લક્ષ જાય છે (અને છતાં રાગ)

'નથી જ'—એમ કહે, તો ત્યાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ આદિનો શુભ ઉપયોગ તો હોય છે. સમજાય છે કાંઈ ?

પૂર્ણ પર્યાય પ્રાપ્ત થવા પહેલાં.... પૂર્ણ પર્યાય.... સર્વજ્ઞપણું પ્રાપ્ત થવા પહેલાં આવો શુભભાવ તો હોય છે. (તેથી) જો વ્યવહારને સર્વથા છોડી દે.... સર્વ અસત્યાર્થ જાણી છોડી દે તો શુભોપયોગરૂપ વ્યવહાર છોડે અને શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી.... શુદ્ધોપયોગની પર્યાયમાં સાક્ષાત્ પ્રાપ્તિ થઈ નથી.

શ્રોતા : બીજી રીતે થાય......
પૂજ્ય ગુરુદેવશ્રી : ના, બીજી રીતે થાય એવું નથી.

શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી....

એટલે ? 'સાક્ષાત્' (પ્રાપ્તિ) થઈ નથી એટલે ?

સાક્ષાત્.... એક સમયમાં પૂર્ણ શુદ્ધ ઉપયોગ થયો નથી, હજી અહીંયા (–નીચેના ગુણસ્થાનોમાં) શુભ વર્તે છે. શુદ્ધ(દ્રવ્ય)ની દ્રષ્ટિ થઈ ગઈ છે.... શુદ્ધની દ્રષ્ટિ થઈ છે.... શુદ્ધ ઉપયોગથી આત્મદર્શન થયું છે, પણ શુદ્ધ ઉપયોગનું પરિણમન પર્યાયમાં પુરૂં જોઈએ તે (સર્વજ્ઞપણું) સાક્ષાત્ થયું નથી. સમજાણું કાંઈ ? ભારે અટપટી વાતું છે.

'સાક્ષાત્ (પ્રાપ્તિ તો) થઈ નથી' એનો અર્થ જ એ છે કે 'શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય'.... જુઓ ! (આ શબ્દો) પછી (ભાવાર્થમાં આગળ) આવે છેને ?

(અહીં કહે છે કે) તેથી ઊલટો અશુભોપયોગમાં જ આવી, ભ્રષ્ટ થઈ જાય. દ્રષ્ટિની જો ખબર હોય (–દ્રવ્યદ્રષ્ટિ જો થઈ હોય), તો તો એને ભ્રષ્ટ થવાનો પ્રસંગ રહે નહીં, (કેમ કે) એને ખ્યાલ છે કે આ કાળે આવો શુભભાવ હોય છે (અને તે) જાણવા જેવો છે. પણ જો એ ખબર ન હોય (–દ્રવ્યદ્રષ્ટિ થઈ ન હોય) અને એકલા (–સર્વ) શુભ ઉપયોગ અને પર્યાયનું લક્ષ છોડી દે, તો એકલો અશુભ ઉપયોગ થાય. દ્રવ્યનો ઉપયોગ (–શુદ્ધોપયોગ) નથી અને આનો.... શુભનો ઉપયોગ છોડી દે, તો અશુભ થાય એકલો.

ભ્રષ્ટ થઈ, ગમે તેમ સ્વેચ્છારૂપ પ્રવર્તે તો નરકાદિ ગતિ તથા પરંપરા નિગોદને પ્રાપ્ત થઈ સંસારમાં જ ભ્રમણ કરે. માટે.... હવે આવ્યું, જુઓ ! એ (ઉપર ભાવાર્થમાં કહ્યું હતું) કે 'શુદ્ધોપયોગની સાક્ષાત્ પ્રાપ્તિ તો થઈ નથી'.... તેનો ખુલાસો કે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય.... લ્યો ! એનો અર્થ એ છે કે શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા (છે તેની પ્રાપ્તિ) પર્યાય(માં) છે.

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : હા. 'સાક્ષાત્' કેમ કહ્યું એ વાત બે વાર (–કળશ ૧૨૦ ને ૧૨૧માં) થઈ ગઈ છે કે જે શુદ્ધ વસ્તુ છે તેનો પૂર્ણ આશ્રય થયો નથી (તેથી તે વસ્તુની પ્રાપ્તિ 'સાક્ષાત્' નથી). (જો) પૂર્ણ આશ્રય થાય તો પર્યાયમાં પૂર્ણ શુદ્ધતા થાય (અને તેને 'સાક્ષાત્' શુદ્ધ કહેવાય છે). સમજાય છે કાંઈ આમાં ?

બે વાર (આવે છે—એમ) કહ્યું હતુંને ? ૨૮૭મા પાને છે આમાં ગુજરાતીમાં. ૧૨૦ કળશ અને ૧૨૧ કળશમાં બતાવ્યું હતું.... હિન્દીમાં (પ્રવચન હતું ત્યારે પણ) બતાવ્યું હતું. ૧૨૦ ને ૧૨૧ કળશ છેને ? અહીં (અમારી 'સમયસાર'ની પ્રતમાં) તો ૨૮૭ પાનું (—એમ નોંધ તરીકે) લખ્યું છે. (હિન્દીમાં પ્રવચન હતું) તે દિ'થી વળી (કળશ) ૧૨૦ (છે—એમ) યાદ રહી ગયું હતું. માટે તે દિ' વાંચ્યું હતું. જુઓ ! ૨૮૭ પાનું (લખ્યું છે અમારી) ગુજરાતી.... ગુજરાતી ('સમયસાર'ની પ્રત)માં.

૧૨૦ કળશ(ના ભાવાર્થ)નો છેલ્લો ભાગ.... 'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે'.... એ કઈ અપેક્ષાથી (લીધું) છે ?

શુદ્ધનયની વાત તો (ત્રણ અપેક્ષાએ) પહેલાં કહેવાય ગઈ છે....

(૧) (૧૧મી ગાથામાં કહ્યું કે) : 'શુદ્ધનય' તો ત્રિકાળી 'સત્ય'ને જ કહે છે.... 'भूदत्थो देसिदो दु सुद्धणओ'.... ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને.... (કે જે) એક સમયની પર્યાય વિનાનું છે એને જ 'શુદ્ધનય' કીધો છે.... એને જ 'શુદ્ધનય' કીધો છે.

(૨) પણ અહીંયા (૧૨મી ગાથામાં કહ્યું કે) : શુદ્ધનય(ના વિષયનો) આશ્રય કરે છે જ્યાં સુધી, ત્યાં સુધી.... અહીં (શુદ્ધદ્રવ્યનો) આશ્રય કરે છે

(એટલે કે) આશ્રય કરવું (–કરવાનો જ્યાં સુધી બાકી) રહે છે ત્યાં સુધી તેને પૂર્ણ શુદ્ધ પર્યાયની પ્રાપ્તિ થઈ નથી. (અર્થાત્) જ્યાં સુધી દ્રવ્યનો આશ્રય કરવા માંગે છે અંદર, ત્યાં સુધી એને પૂર્ણ (શુદ્ધ) પર્યાયની પ્રાપ્તિ થઈ નથી.

(૩) એટલે (કળશ ૧૨૦-૧૨૧માં કહ્યું કે) : (સાક્ષાત્) શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે.... દેખો ! 'સાક્ષાત્ શુદ્ધનય તો કેવળજ્ઞાન થયે થાય છે'....—એ પર્યાયની વાત ચાલે છે.

'શુદ્ધનય' તો દ્રવ્યને જ કીધો છે અહીંયા (૧૧મી ગાથામાં). વસ્તુ.. વસ્તુ.. ભગવાન પૂર્ણાનંદ (તે 'શુદ્ધનય' છે).

પણ 'સાક્ષાત્' (એટલે) શું કહ્યું ?

કે (જ્યાં સુધી) એની પૂર્ણ પ્રાપ્તિ પર્યાયમાં (નથી).... કેવળજ્ઞાન થયું નથી (ત્યાં સુધી શુદ્ધનયની 'સાક્ષાત્' પ્રાપ્તિ નથી અને) કેવળજ્ઞાન થાય ત્યારે એને શુદ્ધનયની.... પૂર્ણ પર્યાયની (સાક્ષાત્) પ્રાપ્તિ (થઈ—એમ કહેવાય છે. અંતર) આશ્રય કરવો બાકી ન રહે અને આમાં (–પર્યાયમાં) રાગાદિ રહે નહીં એને.... પર્યાયમાં (આવી દશા) થાય તેને શુદ્ધનયની 'સાક્ષાત્' પ્રાપ્તિ કહી છે.

(આવા શબ્દો) નીચે પણ છે એમાં.... ૧૨૧ (કળશ)માં. એ (–ઉપર કહ્યું તે) ૧૨૦ (કળશ)માં હતું. (હવે ૧૨૧ કળશમાં) નીચે છે કે 'કેવળજ્ઞાન થતાં સાક્ષાત્ શુદ્ધનય થાય છે'.... ૧૨૦ ને ૧૨૧—બેય (કળશના ભાવાર્થ)માં એક જ (વાત) છે. સમજાણું કાંઈ ? છે એમાં (–શાસ્ત્રમાં) ભીખાભાઈ ? એમ (માત્ર વાંચવાથી) કાંઈ ન હોય (–નહીં મળે), પણ આ (કળશમાં કહ્યું એ) ઉપરથી (પૂજ્ય ગુરુદેવશ્રીએ) શું કહ્યું એ સમજાણું ? શું સમજાણું ? કહો. હા, જવાબ દેવો પડે ત્યાં.... હળવે હળવે......

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : એને (–પર્યાયને) 'શુદ્ધનય' શું કરવા કીધો ?

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : પણ 'શુદ્ધનય' તો દ્રવ્ય છે.
શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : ઠીક છે.... થોડું થોડું ઠીક છે.

આત્મા છેને એક સમયની પર્યાય વિનાનો, આપણે (તેને અહીં ‘શુદ્ધનય’ તરીકે) લીધો છે. (તે) વસ્તુ(ને) શરીર, કર્મ એ કાંઈ છે નહિ.

ભગવાન આત્મા છે એના બે અંશો છે....

(૧) એક પર્યાય અંશ,
(૨) એક (બીજો) દ્રવ્ય અંશ.

(આત્માનો એક અંશ), પદાર્થ ત્રિકાળી (અને) એક (બીજો) અંશ, અવસ્થા. (આત્માને) પર સાથે કંઈ સંબંધ નથી, પરવસ્તુ સ્વતંત્ર છે.

હવે, એમાં (–આત્મામાં) 'શુદ્ધનય' તો અહીંયા (૧૧મી ગાથામાં) દ્રવ્યને જ કીધો છે.... વસ્તુને 'શુદ્ધનય' ૧૧મી (ગાથા)માં કહ્યો છે. છતાં અહીં (૧૨મી ગાથામાં) ખુલાસો કરતાં એમ કહેવું પડ્યું કે (વસ્તુને) 'શુદ્ધનય' કહ્યો ખરો, પણ એનો (–વસ્તુનો) આશ્રય હજુ પૂર્ણ થયો નથી. જો પૂર્ણ આશ્રય થઈ જાય તો (અધિક) આશ્રય કરવો રહે નહિ (અને) શુદ્ધિની પ્રાપ્તિ પૂરી (–સાક્ષાત્) થઈ જાય. શેઠિયા ! માલચંદજી ! સમજાય છે કાંઈ ? થોડું થોડું સમજાય છે.

વસ્તુ છે શુદ્ધ ચૈતન્ય દ્રવ્ય.... જ્ઞાયકમૂર્તિ પૂર્ણાનંદ પ્રભુ. (અને) એ જ ભૂતાર્થ છે.... એ જ સાચી છે અને એને જ 'શુદ્ધનય' કહ્યો. નય.... 'શુદ્ધનય' તો એને (–વસ્તુને) કહ્યો છે, છતાં અહીં કેમ કહ્યું કે ‘સાક્ષાત્’ શુદ્ધનયની પ્રાપ્તિ થઈ નથી ? સમજાણું કાંઈ ? સાક્ષાત્ શુદ્ધનયની પ્રાપ્તિ કેવળજ્ઞાન થયે થાય છે —એમ કહ્યું અહીંયા તો (–કળશ ૧૨૦ ને ૧૨૧માં).

તેનો અર્થ (એ છે) કે શુદ્ધનયનો.... દ્રવ્યનો આશ્રય તો લીધો છે, પણ હજુ તેનો પૂર્ણ આશ્રય નથી ત્યાં સુધી વ્યવહાર આવ્યા વિના રહેતો નથી. જો (દ્રવ્યનો) પૂર્ણ આશ્રય થઈ ગયો (હોય) તો, તેની પર્યાયમાં કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય જ. સમજાણું કાંઈ ? વજુભાઈ ! ભારે વાત. એની રમતુંની એને ખબર ન મળે !!

અહીં તો કહે છે કે (હે) આત્મા !.... ભાઈ ! તારે હિત કરવું છે કે નહીં ? હિત કહો.... ઠીક કહો.... સુખ કહો.... સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહો (—એક જ વાત છે). એ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય કોના આશ્રયે આવે ?....

(શું) પર્યાયના આશ્રયે આવે ?
(શું) અંશ.... દશાના લક્ષે આવે ?
(શું) એમાં (–જૂની પર્યાય) છે (એમાંથી નવી) સમ્યગ્દર્શનની પર્યાય (આવે) ?
(શું) રાગના આશ્રયે આવે ?
(શું) નિમિત્તના આશ્રયે આવે ?

સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર—કે જે હિતરૂપ છે.... જે સુખરૂપ છે.... જે આનંદરૂપ દશા છે એ તો દ્રવ્યમાંથી આવે છે.

કારણ કે દ્રવ્યમાં અરિહંત, સિદ્ધ આદિ બધા પદો પડ્યા છે અંદર. મોક્ષમાર્ગની પર્યાયની તાકાત પણ અંદર પડી છે, (તેથી) એમાંથી આવે છે. એનો (–દ્રવ્યનો) આશ્રય કરતાં.... હિત કરનારને શુદ્ધ વસ્તુનો આશ્રય કરતાં હિત થાય છે. (પણ) પર્યાયનો આશ્રય અને રાગનો આશ્રય કરતાં હિત થતું નથી, તેનો આશ્રય કરતાં (તો) વિકલ્પ આવે છે (અને તેથી) અહિત થાય છે. સમજાય છે કાંઈ ? માટે, શુદ્ધનયનો વિષય જે વસ્તુ છે તેને 'શુદ્ધનય' કહ્યો છે અને એનો આશ્રય કરીને (–કરતાં) સમ્યગ્દર્શન-જ્ઞાન થયા (અને) ચારિત્ર કેટલેક અંશે થયું.

(હવે, કહે છે કે), પૂર્ણ ચારિત્ર અને પૂર્ણ કેવળજ્ઞાનની પ્રાપ્તિ ન થાય,.... સમજાય છે ? ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે. એટલે કે ત્યાં સુધી તેને વ્યવહાર હોય છે.... રાગાદિની મંદતા હોય છે, પર્યાયની અપૂર્ણતા હોય છે. (અને તે) પર્યાયની અપૂર્ણતા હોય છે, રાગનો ભાગ હોય છે એને 'જાણવા' તે પ્રયોજનવાન છે. કહો, સમજાય છે કાંઈ ? (અજ્ઞાનીઓને) આ ૧૧ ને ૧૨ ગાથામાં મોટા ગોટા છે (સમજ્યા) વગરના. એ માટે જયચંદ પંડિતને ખુલાસો કરવો પડ્યો અહીંયા. સમજાય છે ?

માટે શુદ્ધનયનો વિષય.... વિષય.... દેખો ! અહીંયા. સાક્ષાત્ શુદ્ધ આત્મા.... 'સાક્ષાત્ શુદ્ધ આત્મા' એટલે દ્રવ્ય નહીં *અહીંયા.

શ્રોતા : (કેવળજ્ઞાન પર્યાયને) શુદ્ધનયનો વિષય કહ્યો, અને અહીં પર્યાયને વ્યવહારનો વિષય કહ્યો ?

પૂજ્ય ગુરુદેવશ્રી : એ તો કઈ અપેક્ષાએ કરી છે વાત (એ સમજવી જોઈએ).

વ્યવહારનય.... 'પર્યાય છે તે વ્યવહારનય છે' એ વાત ક્યારે (લાગુ પડે) ? કે (પર્યાયમાં) અધૂરો છે ને નયનું જ્ઞાન કરવું છે એટલે (તેને વ્યવહારનય લાગુ પડે). પૂર્ણ દશા પ્રાપ્ત થઈ એને પછી નય હોતા નથી, (કારણ કે) એને તો કેવળ(જ્ઞાન) થયું છે. પણ નીચલા (ગુણસ્થાન)વાળાને એ કેવળજ્ઞાન 'વ્યવહારનયનો વિષય છે'—એમ કહેવાય છે. અને....

એ વ્યવહારનયનો વિષય પૂર્ણ (કેવળજ્ઞાન) છે એને અહીંયા 'શુદ્ધનયનો વિષય' કીધો છે, કેમ કે (પૂર્ણ) પ્રાપ્તિ થઈ ગઈ છે (તેથી તેને હવે) વ્યવહાર રહ્યો નહીં (અને) આશ્રય પૂર્ણ થઈ ગયો છે—એમ કહે છે.

શ્રોતા : ખુલાસાનો ખુલાસો કરવો પડ્યો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : ખુલાસાનો ખુલાસો થયો....

શ્રોતા : ભાવાર્થ એ ખુલાસો છે ને એનો ખુલાસો કરવો પડ્યો.

પૂજ્ય ગુરૂદેવશ્રી : વાત સાચી છે.... વાત સાચી છે. માર્ગ તો એવો છે ભાઈ ! પરમ સત્ય પરમાત્મા પોતે શુદ્ધ ચૈતન્ય છે—કે જેની નજરું કર્યે નિધાન (પ્રગટ) થાય.... જેની નજરું કરે (જીવ) ન્યાલ થાય. જેમાં નિધાન પડ્યું છે (અને) જેની નજર કરતાં (જીવ) ન્યાલ થાય એ તો વસ્તુ છે.... પૂર્ણ વસ્તુ છે. એમાં.... પૂર્ણ ચૈતન્ય ભગવાન દ્રવ્યસ્વભાવમાં નિધાન પડ્યા છે. કેવળજ્ઞાન, કેવળદર્શન એવા.... (એવા).... અનંતા.... અનંતા.... નિધાન જેમાં પડ્યા છે.... સમજાય છે ?

---

* (અહીં 'સાક્ષાત શુદ્ધ આત્મા' એટલે પર્યાયમાં શુદ્ધ આત્માની પૂર્ણ પ્રાપ્તિ).

એવો દ્રવ્યસ્વભાવ.... વસ્તુસ્વભાવ.... અસલી ત્રિકાળી સ્વભાવ છે તેનો આશ્રય કર્યે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની ને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, બીજા કોઈનો આશ્રય કર્યે (તે પ્રાપ્ત) થતાં નથી. તેથી 'છતો પદાર્થ' એને કીધો ને એનો આશ્રય કરવાનું કીધું. પણ, કહે છે કે, એનો આશ્રય જ્યાં સુધી પૂરો ન થાય એટલે કે પર્યાયમાં પૂર્ણ પ્રાપ્તિ.... કેવળજ્ઞાન ન થાય ત્યાં સુધી તેને વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. સમજાણું કાંઈ ?

શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી વ્યવહાર પણ પ્રયોજનવાન છે—એવો સ્યાદ્વાદ મતમાં શ્રી ગુરુઓનો ઉપદેશ છે. કુંદકુંદાચાર્ય, અમૃતચંદ્રાચાર્ય આદિ સંતો.... મહા મુનિઓ.... દિગંબર સંતો—કે જેને આત્માના અનુભવ સહિત મહા ચારિત્રદશા વર્તે છે, જે પરમાત્માના કેડાયત છે.... પરમાત્માના પંથે પડેલા છે અને તદ્દન થોડા કાળમાં પરમાત્મા થવાને લાયક છે.... સમજાય છે કાંઈ ? એવા સંતો–ગુરુઓનો આ ઉપદેશ છે —એમ કહે છે. આહાહા !

ખુલાસાનો (–ભાવાર્થનો) ખુલાસો કરવો પડે છે, (કેમ કે) એ વિના સમજે નહીં (અને અજ્ઞાની) કંઈનું કંઈ લઈ જાય (–માની લે. જેમ કે) અહીં કહે છે કે, શુદ્ધનયનો વિષય જે સાક્ષાત્ શુદ્ધ આત્મા તેની પ્રાપ્તિ થઈ નથી એટલે (તેને) 'એકલો વ્યવહાર છે અને શુદ્ધતા તો નથી આવી'—એમ અર્થ (કોઈ) કરી નાખે છે ભાઈ ! 'એકલો વ્યવહાર જ જેને છે અને શુદ્ધ (દ્રવ્ય)ના આશ્રયથી સમ્યગ્દર્શન-જ્ઞાન થયું નથી એવાને તો વ્યવહારનો.... अपरमे द्विदा भावे છે એવાને એકલો વ્યવહારનયનો ઉપદેશ દેવો'—એમ કોઈ કાઢી નાખે (–અર્થ કરી લે). સમજાણું કાંઈ ?

ઓહોહો ! એના.... પોતાના નિજ પૂર્ણ સ્વરૂપના એને મહાત્મ્ય આવતા નથી. જ્યાં નજર (કરવી છે), જેની શ્રદ્ધા કરવી છે એ તો મહાપ્રભુ છે.... ચૈતન્ય મહાપ્રભુ છે. પર્યાય તો સાધારણ વસ્તુ.... એક અંશ છે. ઓહો ! કેવળજ્ઞાન(રૂપ) અંશો.... એવા આનંદ(રૂપ) અંશો.... આદિ એવા એવા તો અનંતા અંશો જેમાં પડ્યા છે તે અંદરમાં શક્તિરૂપે આખું (તત્ત્વ છે). એવો પરમાત્મા પોતે અંદર ઝૂલે છે.... ડોલે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

એની નજર કરાવવા અને એનો આશ્રય કરાવવા તેને 'સાચો' કહીને, તેને 'મુખ્ય' કહીને, તેને 'નિશ્ચય' કહ્યો (અને) એની પર્યાય(માં શુદ્ધતા) હોવા છતાં (તેમ જ) શુભરાગ આવવા છતાં તેને 'ગૌણ' કરીને (વ્યવહાર કહ્યો છે). (શુભરાગ આદિને) અભાવ કરીને વ્યવહાર નથી કહ્યો, 'ગૌણ' કરીને વ્યવહાર કહ્યો છે. (અને વ્યવહાર કહ્યો) તો થઈ ગયું.... વ્યવહાર એટલે અવસ્તુ થઈ ગઈ. પણ 'ગૌણ' કરીને અવસ્તુ કીધી છે, 'નથી' કરીને અવસ્તુ કીધી નથી. આહાહા ! કેટલું આમાં સમજે માણસ ! 'ગૌણ' કરીને અવસ્તુ કીધી છે, (અભાવ કરીને નહિ). એ (–આ વાત) ગ્રીક-લેટીન જેવું લાગે, ન સમજાય એને તો. સમજાણું આમાં ?

ભગવાન સર્વજ્ઞ પરમેશ્વર.... પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ છે એના જ્ઞાનમાં આત્માના બે અંશો આવ્યા છે....

(૧) એક ત્રિકાળી વસ્તુ (અને)
(૨) એક પર્યાય અંશ.

સમજાય છે ? એમાં ત્રિકાળી વસ્તુ જે છે તે આશ્રય કરવાલાયક છે —એમ ભગવાનની વાણીમાં આવ્યું છે (અને) તેનો મુખ્ય ઉપદેશ કર્યો છે. એમાં (–હવેના કળશના ભાવાર્થમાં) નીચે અર્થ કહેશે.

ભગવાનની વાણીમાં (એટલે કે) જિનવાણીમાં વસ્તુને મુખ્ય કરીને.... દ્રવ્યાર્થિકનયનો વિષય જે ધ્રુવ છે તેને મુખ્ય કરીને (અર્થાત્) ઉપાદેય ગણીને એ જ (વસ્તુ) 'છે' તેમ કહેવામાં આવ્યું છે. (જ્યારે) પર્યાયને.... પર્યાયાર્થિકનયના વિષય(રૂપ) અવસ્થાને 'ગૌણ' કરીને (એને) 'નથી' (—એમ કહ્યું છે, કેમ કે તે) આશ્રય કરવાલાયક નથી, માટે 'નથી' એમ કીધું છે. સમજાણું કાંઈ ?—એમ જિનવાણીમાં આવ્યું છે. પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા સમવસરણમાં આમ કહે છે.

એ (વાત) નીચે (કળશના ભાવાર્થમાં) કરશે.

હવે, એ અર્થનું કલશરૂપ કાવ્ય ટીકાકાર કહે છે.... લ્યો !

**उभयनयविरोधध्वंसिनि स्यात्पदाङ्के**
**जिनवचसि रमन्ते ये स्वयं वान्तमोहाः ।**
**सपदि समयसारं ते परं ज्योतिरुच्चै-**
**रनवमनयपक्षाक्षुण्णमीक्षन्त एव ।।४।।**

હવે, ત્રીજા શ્લોક (પછી) ચોથો (શ્લોક) અહીં આવ્યો. ૧૨ ગાથા પછી પહેલો (અને સળંગ ચોથો) શ્લોક અહીં આવ્યો હવે. પહેલા ત્રણ કળશ તો ઉપોદ્‌ઘાતના હતા....

(કળશ ૧) 'नमः समयसाराय'....
(કળશ ૨) 'અનંતધર્મોને દેખાડનારી સરસ્વતી'.... (અને)
(કળશ ૩) 'परपरिणति'....

હવે, ૧૨ ગાથા થઈને (પછી) આ એક (ચોથો) કળશ આવ્યો છે. ત્યાં સુધી કળશેય અમૃતચંદ્રાચાર્યે કર્યો નથી. ૧૨ ગાથાની ટોચ આ એક કળશ છે.

(અર્થ :—) નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના ભેદથી પરસ્પર વિરોધ છે.... વેર છે.

શું કહે છે ?
નિશ્ચય(નય) નામ સાચું જ્ઞાન (અને) એનો વિષય તે અભેદ છે.... એક છે. વ્યવહારનયનો વિષય.... એનો વિષય ભેદ છે.... અનેક છે.... અશુદ્ધ છે. સમજાય છે કાંઈ ?

નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના.... વિષયના ભેદથી.... વિષયના ભેદથી પરસ્પર.... માંહોમાંહે.... નિશ્ચય ને વ્યવહાર—એ બેને વિરોધ છે.... બેમાં વેર છે અથવા વિરોધ છે. નિશ્ચય(નય) એમ કહે છે કે ભગવાન આત્મા એક છે.... શુદ્ધ છે.... અભેદ છે.... નિત્ય છે.... સત્ છે. વ્યવહારનય એમ કહે છે કે આત્મા અનેક છે.... ગુણ-પર્યાય(ની અપેક્ષાએ) અનેક છે.... ભેદ છે.... અશુદ્ધ છે.... અનિત્ય છે—એમ વ્યવહારનય કહે છે. સમજાણું કાંઈ ?

નિશ્ચય અને વ્યવહાર—એ બે નયોને વિષયના નામ લક્ષના ભેદથી પરસ્પર.... બેયને હોં, માંહોમાંહે. વ્યવહારથી નિશ્ચય વિરુદ્ધ છે અને નિશ્ચયથી વ્યવહાર વિરુદ્ધ છે.

એ વિરોધને નાશ કરનારું 'સ્યાત્' પદથી ચિન્હિત.... 'કથંચિત્' પદના લક્ષણવાળું જે જિન ભગવાનનું વચન.... જિન ભગવાનનું વચન તેમાં જે પુરુષો રમે છે.... ભાષા દેખો ! વાણીમાં જે પુરુષો રમે છે....

(તો શું) વાણીમાં રમવું છે ? અહીં તો પર્યાયમાં રમવું નથી.... રાગમાં (પણ) રમવું નથી અને (તો પછી શું) વાણીમાં રમવું છે ?

એનો અર્થ સમજવો જોઈએને ? કે વાણીમાં જે મુખ્યપણે (શુદ્ધઆત્માને) કહેવામાં આવ્યો છે તેમાં રમવું એનું નામ 'જિનવચનમાં રમવું' (—એમ) કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

જિન ભગવાનનું વચન.... ત્રિલોકનાથ, પરમાત્મા, તીર્થંકરદેવ છે એની જે વાણી આવી.... સો ઈન્દ્રોની મધ્યમાં.... મોટા લોક(રૂપી) આભના થોભ જેવા અર્ધલોકના સ્વામી ઈન્દ્રોની.... દક્ષિણના (સ્વામી) શક્રેન્દ્ર, ઉત્તરના (સ્વામી) ઈશાન ઈન્દ્ર એવા ઈન્દ્રોની સમક્ષમાં પ્રભુની વાણી છૂટી. એ વાણીમાં એમ આવ્યું....—એ કહે છે જુઓ ! જે પુરુષો.... એમાં—વાણીમાં કહેલા ભાવમાં રમે છે....—એમ (કહેવું છે). (—પ્રચુર પ્રીતિ સહિત અભ્યાસ કરે છે).... એટલે કે એમાં કહેલા મુખ્ય ભાવની પ્રીતિ સહિતનો અંદર અભ્યાસ કરે છે.... સમજાય છે ?

પુરુષો રમે છે તે પુરુષો પોતાની મેળે (અન્ય કારણ વિના) મિથ્યાત્વકર્મના ઉદયનું વમન (કરે છે).... થઈ જાય છે. અહીં નીચે (-ભાવાર્થમાં) ખુલાસો કરશે કે ભગવાનની વાણીમાં દ્રવ્યાર્થિક (નય)નો વિષય 'મુખ્ય' કરી અને પર્યાયાર્થિક (નય)ના વિષયને 'ગૌણ' કરીને કથન કરવામાં આવ્યું છે. એવી રીતે—એ રીતે જે કોઈ પ્રાણી.... ભગવાનના વચનમાં ઉપદેશ આવ્યો કે પર્યાય અનેક.... અશુદ્ધ (છે એને) 'ગૌણ' કરીને (અને ત્રિકાળી દ્રવ્ય) એક.... શુદ્ધ.... નિત્ય.... સત્.... અભેદ (છે એને) 'મુખ્ય' કરીને....—એમ ભગવાનની વાણીમાં આવ્યું છે. (તો) એ મુખ્યનો જે આશ્રય કરે છે તેને મિથ્યાત્વનું 'વમન' નામ મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. સમજાય છે કાંઈ ?

જિન ભગવાનનું વચન તેમાં જે પુરુષો રમે છે.... લ્યો ! એનો અર્થ એ છે કે વાણીમાં જેની (-દ્રવ્યસ્વભાવની) મુખ્યતા કીધી તેમાં રમે છે—એમ (કહેવું છે). વાણીમાં મુખ્ય-ગૌણ ભાવ જે આવ્યા.... મુખ્યપણે ભગવાન પૂર્ણાનંદ ચૈતન્યદ્રવ્ય આવ્યું અને ગૌણપણે વ્યવહારનયનો વિષય પર્યાય, રાગાદિ આવ્યા. એવા મુખ્યમાં.... ભગવાને જેને મુખ્ય કહ્યો એવો જે દ્રવ્યસ્વભાવ છે.... શુદ્ધ આનંદ જ્ઞાયકભાવ છે એમાં જે એકાગ્ર થઈને અભ્યાસ કરે છે.... એમાં રમવાનો જે અભ્યાસ કરે છે તેને અલ્પકાળમાં મિથ્યાત્વનો નાશ થઈ જાય છે. સમજાણું કાંઈ ?

પોતાની મેળે....

એટલે ?

એણે મિથ્યાત્વનો નાશ કરવાનો પ્રયત્ન (–વિકલ્પ) કરવો પડતો નથી. એણે તો ભગવાનની વાણીમાં.... ત્રિલોકનાથ પરમેશ્વરની વાણીમાં જે દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક નયનો વિષય કરીને (સહિત ઉપદેશ આવ્યો, તેમાં) મુખ્યપણે દ્રવ્યાર્થિક નયનો વિષય કહ્યો એવો જે ભગવાન આત્મા છે એમાં જે એકાગ્રતાનો અભ્યાસ કરે છે, એને મિથ્યાત્વકર્મ પોતાના ટાળ્યા વિના એની મેળાએ ટળી જાય છે.... જ્ઞાનચંદજી ! કહો, સમજાય છે કાંઈ ? મિથ્યાત્વનું ઝેર (ઉતરી જાય છે).

ભગવાન આત્મા.... પરમાત્માની વાણીમાં આવ્યું.... ત્રિલોકનાથ પરમેશ્વરોએ.... અનંત તીર્થંકરોએ.... કેવળીઓએ.... આ આત્માના બે નયોમાં દ્રવ્યાર્થિક (નયના વિષય એવા) દ્રવ્યને 'મુખ્ય' કરીને ઉપદેશ કર્યો છે (અને પર્યાયાર્થિક નયનો વિષય એવી) પર્યાયને 'ગૌણ' કરીને કહ્યું છે. એને (–એ ઉપદેશને) સાંભળીને ભગવાને કહેલાં દ્રવ્યનો એટલે કે વસ્તુ પૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે એનો જે અભ્યાસ કરે છે.... એના તરફની સન્મુખતાને સેવે છે એને, એના પ્રયત્ન (–વિકલ્પ) વિના, મિથ્યાત્વ(કર્મ)ના પરમાણુ ત્યાં નાશ થવાને લાયક હોય છે (એનું) 'વમન' થઈ જાય છે.

'વમન' કેમ કહ્યું ?

(કે જેમ) વમ્યું (–વમન કરેલું) ફરીને માણસ ખાય નહીં એમ મિથ્યાત્વ ગયું એ ફરીને આવે નહીં—એમ કહે છે. આહાહા ! સમજાય છે કાંઈ ?

ભગવાન આત્મા પૂર્ણ ચૈતન્યબિંબ છે. એ દ્રવ્યસ્વભાવ.... ધ્રુવસ્વભાવ.... જ્ઞાયકભાવ છે એને (એટલે કે) શુદ્ધનય(ના વિષય)ને ભગવાને મુખ્ય કરી અથવા દ્રવ્યાર્થિકનય(ના વિષય)ને મુખ્ય કરી ('આદરણીય' કહ્યો) છે.

'<u>દ્રવ્ય</u>' એટલે વસ્તુ,
('<u>અર્થિક</u>' એટલે) એનું (–વસ્તુનું) જેને પ્રયોજન છે,
('<u>નય</u>' એટલે) એવું જ્ઞાન.

(તો) એના (–દ્રવ્યાર્થિકનયના) વિષયને મુખ્ય કરીને તે 'આદરણીય છે' —એમ કહેવામાં આવ્યું છે. (લ્યો !) વીતરાગની વાણીમાં એમ આવ્યું છે. સમજાણું કાંઈ ?

(અજ્ઞાનીને) આમાં વાંધા છે. 'વીતરાગે તો બેય નયોને કીધી છે'—એમ તે (–અજ્ઞાની) કહે છે. (વળી તે કહે છે :) '(માટે) બેય નયમાં રમવું. (જુઓ !) આમાં એમ આવ્યું કે નહીં ? જિનવચનમાં બેય નયો આવી છે (અને) બેય નયોમાં રમે તો સમકિત થાય—એમ કહે છે જુઓ ! આમાં.'

શ્રોતા : વીતરાગનો માર્ગ અનેકાંત માર્ગ છેને ?

પૂજ્ય ગુરુદેવશ્રી : અનેકાંતમાં રમવું (–રમવાનું હોય) તો શી રીતે રમે ? (કોઈ) પર્યાયમાં (પણ) રમે અને દ્રવ્યમાં (પણ) રમે—બેય શી રીતે થાય ? સમજાણું કાંઈ ?

આમાંથી (–આ શ્લોકમાંથી) કહે છે આ લોકો.... (અજ્ઞાની) પંડિતો. આવ્યું છે (જૈનોના) છાપામાં (–સામાયિકોમાં).... આ બધું આવી ગયું છે કે "જિનવચસિ રમન્તે.... બેય નયોમાં રમે તેને સમકિત થાય (અને) મિથ્યાત્વ જાય. એનો અર્થ કે (બે નયોમાં રમવું)."

(પણ ભાઈ ! વિચાર તો કર કે) બે નયોમાં રમે શી રીતે ? (કોઈ) વિકલ્પ અને પર્યાયમાંય એકાગ્ર થાય અને દ્રવ્યમાંય એકાગ્ર થાય—એવા બે (વિરુદ્ધ ભાવ શું એકસાથે એક જીવમાં હોય ?) સમજાય છે ? કંઈ એક મ્યાનમાં બે (તરવાર) રહે ? (ના). શું થાય ? જગતને સત્ય મળ્યું નથી અને સત્યના કાળ આવ્યા ત્યારે માળા ઊલટા —ઊંધા પડ્યા. ભાગ્યશાળી સવળા પડ્યા. આહાહા ! એ અવળી ગણત્રી ગણાય નહીં.

અહીં તો કહે છે, ભગવાનની વાણીમાં (આ રીતે આવ્યું છે—એમ) આચાર્ય મહારાજ કહે છે હોં. જિનવચનો.... 'જિનવચનો'નો અર્થ વીતરાગી વચનો.

તો વીતરાગી વચનો એટલે ?

એમાં (–જેનાથી) વીતરાગભાવ પ્રગટ થાય તેવી વાણી આવે તેનું નામ વીતરાગી વચનો છે. જેમાં (–જેનાથી) રાગ પ્રગટ થાય તે 'વીતરાગી વચનો'

કહેવાય ? (ના). આહાહા ! પાઠમાંથી (–મૂળ સંસ્કૃત ટીકામાંથી) લે તો (પણ એ જ અર્થ છે) હોં. (જો કે) પછી ખુલાસો કરશે આગળ (–ભાવાર્થમાં). પાઠમાં એમ છે કે 'जिनवचसि रमन्ते....' એમ છેને ?

જિનવચન કેવા હોય ?

'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ;
ઔષધ જે ભવરોગના, કાયરને પ્રતિકૂળ.'

(શ્રીમદ્ રાજચંદ્ર દોહરા, ૧૭ વર્ષ પહેલાં)

સમજાય છે ? 'કાયરને પ્રતિકૂળ'.... ભગવાનની વાણી (સાંભળતાં) કાયરના કાળજા કંપે છે. 'વચનામૃત વીતરાગ.... વચનામૃત....' દેખો ! વાણીને પણ વચનામૃત કીધી છે. કારણ કે એનું વાચ્ય અમૃત(સાગર આત્મા) છેને ? 'વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ....' એમાં (–વીતરાગનાં વચનામૃતમાં) રાગ મૂળ છે ને અશુદ્ધતા મૂળ છે—એમ કહ્યું છે ભાઈ ? (ના).

એની પરમાત્માની વાણીમાં (કેવી વાત હોય ?)

કે 'પરમ શાંતરસ આત્મા આનંદ(સ્વરૂપ છે એ તરફ) ઝૂકાવ કરીને વીતરાગતા પ્રગટ કર'—એવી (વાત) વીતરાગની વાણી આવી છે. અનંત તીર્થંકરો.... અનંત કેવળીઓ.... અનંત સંતો (થયા) એમની વાણી(માં આ વાત) આવી છે. (તેઓની) વીતરાગી વાણી છે.

વીતરાગી વાણી એટલે ?

જેમાં (–જેનાથી) વીતરાગભાવ પ્રગટ થાય અને જેનું ધ્યેય (–વાચ્ય) પૂર્ણ વીતરાગવિજ્ઞાનઘન (આત્મા) હોય. સમજાય છે કાંઈ ? આહાહા !

ભગવાન આત્મા વીતરાગવિજ્ઞાનઘન જ છે. એવા વીતરાગવિજ્ઞાનઘન (આત્મા)માં રમતાં વીતરાગવિજ્ઞાનદશા પ્રગટ થાય એ સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર છે.... એ પણ એક વીતરાગી જ પર્યાય છે. ભગવાનના ઉપદેશમાં આ (–વીતરાગતા) પ્રગટ કરવાનું (કહેવામાં) આવ્યું છે.

(અજ્ઞાની) રાગ-દ્વેષ અને વિકલ્પો તો અનાદિનો કરતો (જ) આવે છે. (હવે જો ભગવાનના ઉપદેશમાં પણ) એનું એ (જ કરવાનું) કહે, તો તેને (નવું) કરવાનું શું ? (ઉપદેશ સાંભળીને પણ) નવું શું કર્યું (–કરશે) ? એ (રાગ-દ્વેષ અને વિકલ્પો)

તો કર્યા જ કરે છે.... પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા-દાન, વ્રત-વિકલ્પ (આદિ) બધા પરલક્ષી.... નિમિત્ત(ના લક્ષે પોતાના) ભાવ કર્યા જ કરે છે. (અને એ જ વાત જો ભગવાનની વાણીમાં આવે તો) ભગવાનની વાણીમાં બીજા કરતાં નવું શું આવ્યું ? બીજા અજ્ઞાનીઓ કહે એવી ને એવી વાણી વીતરાગની (હોય) ? (ન હોય).

ભગવાન વીતરાગ અને સર્વજ્ઞ થયા, પૂર્ણાનંદની પ્રાપ્તિ થઈ અને વાણી નીકળી. એ વાણી (છૂટે એવી તીર્થંકર પ્રકૃતિનો) બંધ જ્યારે સાધકભાવમાં પડ્યો હતો (ત્યારે), 'શુદ્ધ પૂર્ણાનંદ હું છું'—એવી પ્રતીત અને ભાન (સહિત) વિકલ્પ ઊઠ્યો હતો કે 'પૂર્ણ થાઉં.... પૂર્ણ વીતરાગ થાઉં....'—એવો વિકલ્પ હતો. (તો) તે વિકલ્પ (કાળે) એવા પરમાણુ બંધાઈ ગયા કે એ પરમાણુના (નિમિત્તે) એવી વાણી આવે કે વીતરાગતા પ્રગટે.... એવી વાણી આવે એમાં (–તીર્થંકર દશામાં). સમજાય છે કાંઈ ?

પહેલાં જ્યારે ભગવાને તીર્થંકરપણું બાંધ્યું હતું ત્યારે પોતાના આત્માના શુદ્ધ દ્રવ્યસ્વભાવ ઉપર દ્રષ્ટિનું પરિણમન હતું.... વીતરાગી દ્રષ્ટિ, વીતરાગી જ્ઞાન (અને) વીતરાગી (ચારિત્રનો) અંશ તો પ્રગટ્યો હતો. હવે 'પૂર્ણ (વીતરાગ) થાઉં'—એવો વિકલ્પ આવ્યો. તો 'પૂર્ણ થાઉં'—એ વિકલ્પના (કાળ)માં એવા પરમાણુ બંધાઈ ગયા (કે જેથી) પૂર્ણ થવાના.... વીતરાગ થવાના ભાવ જ વાણીમાં આવે, બીજો (ભાવ વાણીમાં) આવે નહીં. એ (બીજો ભાવ) લાવે ક્યાં (–કેવી રીતે) ? (કેમ કે) ભગવાન ક્યાં લાવે છે અને કરે છે વાણીને ? નવનીતભાઈ ! આહાહા ! સમજાણું કાંઈ ?

ઘણા વર્ષો પહેલાં (વિક્રમ સંવત ૧૯૯૫માં) 'આત્મસિદ્ધિ' (ઉપરના પ્રવચન)માં (આ રીતે) કહ્યું હતું,—એ 'આત્મસિદ્ધિ' (ઉપરના પ્રવચન)માં આવ્યું (–છપાયું) છે. સંપ્રદાયમાં (હતાં ત્યારે પણ સંવત ૧૯૭૨માં આ રીતે) કહ્યું હતું. ભાઈ ! (પૂર્ણ) વીતરાગપણાની (દશા વખતે) વાણીમાં (વીતરાગતાનો જ ઉપદેશ હોય). જ્યારે તીર્થંકરપણું (પ્રકૃતિ) બાંધ્યું એ કાળે તો એનો વિકલ્પ એવો હતો કે 'હું પૂર્ણ (વીતરાગ) થાઉં' અથવા બહારથી લ્યો તો 'જગતના જીવો વીતરાગધર્મને પામે.' પણ એ (વિકલ્પ) આવ્યો એ તો એનું એ આવ્યું (–વિકલ્પ જ છે).

<u>વીતરાગ એટલે રાગ રહિત ધર્મ (અને) એવા નિર્દોષ ધર્મને (બધા) પામે</u>.... 'હું નિર્દોષતાને પૂર્ણ કરું (અને) જગતના પ્રાણી નિર્દોષ ધર્મને પામે'.—એવી

જાતનો વિકલ્પ, આત્મભૂમિકામાં રમતાં એને (–સાધકને) આવ્યો. તો એ વિકલ્પનું એવું નિમિત્ત થઈને (–પામીને) પરમાણુ એવી જ જાતના બંધાય, કે (વાણી છૂટતાં તેનાથી) વીતરાગ તરફ એનું (–શ્રોતાનું) લક્ષ જાય અને વીતરાગી પર્યાય પ્રગટ થાય.—એવી જ વાણી એમાં (–સર્વજ્ઞ દશામાં) હોય.... આહાહા ! વાણી એવી હોય જ. ભાઈ ! આ (રાગપોષક વાણી) ન હોય. સમજાણું ?

આ ગજસુકુમારની વાત ભાઈ ! આવી હતીને એક ફેરી ? આ તો ૧૯૭૨ની સાલની વાત છે હોં. 'એવી (–રાગપોષક) વાણી (વીતરાગની) ન હોય' (—એમ મેં ગુરુભાઈને) કીધું. આ (વાત) અંદરથી આવી હતી. આવી (ભગવાનની) વાણી ન હોય કે.... ભગવાને (એમ) કહેલું (નથી) કે.... સમજાય છે ? ‘અત્યારે આપણે પુરુષાર્થ (કરી શકીએ) નહીં.... કાળ પાકશે ત્યારે (પુરૂષાર્થ) થાશે, હમણાં નહીં કરી શકીએ’—એમ વાણી ન હોય.... એ આગમની વાણી એવી ન હોય.

‘આ તમારી સ્વચ્છંદની વાણી છે’ (—એમ) કીધું (હતું). આ તો અંદરથી આવ્યું હતું. ૧૯૭૨ની સાલ, બાવન વર્ષ થયા. (ત્યારે) ફાગણ માસ (હતો. મેં કહ્યું) 'આ (–ભગવાનની) વાણી આવી ન હોય. આ કોણે કહી વાણી ? ક્યાંની આ વાણી આવી ?’ ભાઈ ! એની (–ભગવાનની આવી) વાણી (હોય) ? આ ગજસુકુમારનો દાખલો આપ્યો હતો તે દિ’ હોં.... આ ગજસુકુમારનો દાખલો (આપેલો). લગભગ ફાગણ સુદ તેરસ હતી, (સંવત) ૧૯૭૨, રાત્રે–રાત્રે.

(ત્યારે કહેલું કે) આ ગજસુકુમાર ભગવાન પાસે (વાણી) સાંભળવા ગયા (–જાય છે.) ત્રણ ખંડના ધણી શ્રીકૃષ્ણ જેના બંધવ છે (અને) જેને (શ્રીકૃષ્ણે) ખોળે બેસાડ્યા છે હાથીના હોદે, તે ભગવાનના દર્શન કરવા (અને વાણી સાંભળવા) જાય છે. (તેમનું) સુકુમાર (–સુકોમળ) શરીર છે. ત્યાં (સંપ્રદાયમાં) એની નાની ઉંમર ગણે છે. સુકુમાર શરીર છે (અને) ખોળામાં બેસાડીને (ભગવાનની વાણી સાંભળવા) જાય છે. એમાં (–રસ્તામાં) એક સોનારની (–સોનીની) બહુ રૂપાળી દીકરી દડે રમે છે (–રમતી દેખાય છે). એટલે આને.... કૃષ્ણને વિચાર થયો કે આ કન્યા આટલી બધી રૂપાળી (છે તો)....

(શ્રીકૃષ્ણ કહે :) 'મારા ગજસુકુમાર(ના વિવાહ) માટે (આ યોગ્ય છે)....
(એને) અંતઃપુરમાં છોડી દો.... લઈ જાઓ.'

(સંપ્રદાયમાં) ‘અંતઃઘરમાં' (—એમ શબ્દ) આવે છે.... ‘અંતઃઘર’.

(શ્રીકૃષ્ણ :) 'જાવ, એને અંતઃપુરમાં લઈ જાવ આ ગજસુકુમાર માટે.'

(શ્રીકૃષ્ણ) એના (–દીકરીના) પિતા પાસે ગયા તો....

(દીકરીના પિતા કહે :) 'ઓહોહો ! ધન્ય ભાગ્ય અમારા ભાઈ ! (દિકરીને) લઈ જાવ....'

(ગજસુકુમાર) અહીંયા ભગવાન પાસે (વાણી) સાંભળવા જાય છે (અને વાણી) સાંભળતાં પ્યાલો (–પુરૂષાર્થ) ફાટી જાય છે....

ગજસુકુમાર : 'મહારાજ ! ઇચ્છામિ.... આપની આજ્ઞા હોય તો હું મુનિપણું લેવા માંગું છું. હું મારી માતાની આજ્ઞા લેવા જાઉં છું.'

(પછી દીક્ષા માટે) માતાની આજ્ઞા લેવા ગયા (અને) દેવકીને કહે છે.

ગજસુકુમાર : 'માતા !.... માતા ! રજા આપો મા. ફરીને મા નહીં કરીએ હવે અમે. ફરીને ભવ અમારે નથી. માતા ! રજા દ્યો. અમે મુનિપણું (લેવા માગીએ છીએ)'.

(માતા કહે) : 'બેટા !.... ગજસુકુમાર (તમારા) સુંવાળા શરીર છે.... હાથીના તાળવા અંદર કૂણા ને લાલ છે એવા જેના (–તમારા) શરીર છે. બેટા ! મુનિપણું કેમ પળાશે ભાઈ ?'

(ગજસુકુમાર :) 'માતા ! એમ ન કહો.... માતા ! અમને રજા આપો હોં. હવે અહીંયા ક્યાંય અમને ચેન પડતું નથી.... ક્યાંય અમને, આત્મા સિવાય, ચેન પડતું નથી.'

(પછી માતા) રજા આપે છે (અને ગજસુકુમાર) દીક્ષા લે છે.

અરે ! વાણી કેવી સાંભળી (હશે) એણે (ગજસુકુમારે) ? ભાઈ ! કેવી (વાણી) સાંભળી હશે ? 'નહીં, હમણાં તારે (–તારાથી મુનિપણું) નહીં થાય (–પળાય), અમે દીઠું તે દિ' થશે.' (શું) એવી વાણી કીધી હશે આ (–ભગવાને) ? (—એમ મેં ગુરુભાઈને) કીધું હતું. સમજાય છે કાંઈ ? ભીખાભાઈ ! એવી વાત છે. બાપા !

જે દિશાએ સિંહ સંચર્યા, એ રજુ લાગી તરણા;
એ ઊભા તરણાં સુકશે, એને નહીં ચરે બકરા (હરણા)....

જ્યાં સિંહની ગર્જના (સમાન) વીતરાગની (વાણી) આવી.... જુઓને ! કાલે (પ્રવચનસાર ઉપરના બપોરના પ્રવચનમાં) આવ્યું'તુંને ભાઈ ! 'જોરનું' નહોતું (આવ્યું) ? હમણાં પૂછ્યું હતું મેં કે આ (પ્રવચનસારના ૨૨મા) શ્લોકમાં **'अनीचै'** શબ્દ છે. અમૃતચંદ્રાચાર્ય (કહે છે કે) 'અમારી જોરદાર વાણી.... બળવાન વાણી.... બળવાન અવાજ અમારો છે'. (ભલે) પાંચમો આરો છે, પણ (આત્મા) પ્રાપ્ત થશે. 'આજે જ પ્રાપ્ત કર'—એમાં એમ આવ્યું છે.

પ્રવચનસારમાં છેલ્લો (૨૨મો કળશ) છે. કીધું (–પૂછ્યું) આ 'બળવાન'નો અર્થ (–શબ્દ) શું છે સંસ્કૃતમાં ?' **'अनीचै'** શબ્દ છે (અર્થાત્) નીચો અવાજ નહીં, (પણ) ઊંચો અવાજ. (અમૃતચંદ્રાચાર્ય કહે છે કે) 'બળવાન.... જોરથી અમે કહીએ છીએ કે, ભગવાન આત્મા અખંડાનંદ (છે તેની) પ્રાપ્તિ આજ જ કર.... આજ જ કર....'વાયડા હોય તે વાયદા કરે.'

ગજસુકુમારે એવી વાણી સાંભળી, દીક્ષિત થયા અને આમ માંગ્યું કે..... પાઠ એ વખતે યાદ હતોને ?

(ગજસુકુમાર કહે છે :) **'इछामि णं भंते ! तुब्भेहिं उब्भणुण्णाए समाणे....'** 'નાથ ! તમારી આજ્ઞા હોય તો, આ મહાકાળ દ્વારિકાના સ્મશાનમાં 'અટ્ઠમ' લઈને બેસી જાઉં.'

'અટ્ઠમ' એ ભિક્ષુની છેલ્લી પડિમા છે બારમી.... બારમી ભિક્ષુની પડિમા સીધી (લીધી).

**'इच्छामि णं भंते ! तुब्भेहिं अब्भणुण्णाए....'** 'પ્રભુ ! આપની આજ્ઞા હો તો....' અરે ! પણ રાજકુમાર આજે (વાણી સાંભળવા) નીકળ્યો ને આજ ચાલ્યો સ્મશાનમાં !

(ગજસુકુમાર કહે :) 'આપની આજ્ઞા (હોય તો)....'

(ભગવાનની વાણીમાં આવ્યું :) 'अहासुहं देवाणुप्पिया ! मा पडिबंधं करेह !'.... ભાઈ ! આમ શબ્દ (ત્યાં સંપ્રદાયમાં) છે. ભગવાનની વાણી આવી કે....

'अहासुहं देवाणुप्पिया !'.... જેમ સુખ ઉપજે એમ કરો.

'मा पडिबंधं करेह !'.... પ્રતિબંધ કરશો નહીં. જાવ'.

(સંપ્રદાયમાં) અંતકૃત્(દશા સૂત્ર, તૃતીય વર્ગ સૂત્ર ૨૭)માં—એમ છે.... અંતકૃત્.... અંતકૃત્(દશા)સૂત્ર.

તે દિ' આ આવ્યું હતું અંદરથી લ્યો ! આવી ભગવાનની વાણી (જે દિ' સાંભળે) ને તે દિ' (જ) મોક્ષ જાય, મુનિપણું લઈને (એ વાણી કેવી હશે !). સુંવાળા (જેના) શરીર (છે એવા) ગજસુકુમાર.... હાથીના તાળવા અંદરના (કુણા હોય છે). આપણાય (તાળવા) કુણા હોય છે, (પણ) હાથીનું (તાળવું) બહુ લાલચોળ (ને) કુણું.... કુણું માખણ જેવું હોય છે. એવું આખું શરીર આનું (–ગજસુકુમારનું) તો (હતું). અને જેણે..... એમ આનું (–ગજસુકુમારનું) શરીર તદ્દન.... આખું (કુણું હતું) ને એકદમ દિક્ષીત (થઈ ગયા). આહાહા !

ત્યારે એનો (–દીકરીનો) બાપ મારવા જાય છેને ? મારવા જાય છે બીજે દિ'.... સમજાય છે ? (અને ગજસુકુમારને માથે) અગ્નિ મૂકી. ખલાસ થઈ ગયું.... (બહારમાં શરીર બળે છે ને પોતે) ધ્યાન.... ધ્યાનમાં જામી ગયા (ને કેવળજ્ઞાન પામ્યા).

(મેં ગુરુભાઈને) કીધું : 'ભગવાનની વાણી કેવી આવી હશે કે (જેથી) તે જ ક્ષણે (–અલ્પકાળમાં) મુનિપણું લઈને કેવળ પામ્યા ?' સમજાય છે ? એ કાયરોની વાણી ન હોય ત્યાં. 'એમ થશે.... નહીં થાય.... ધૂળ થાય.... આ શું ? (—આ તે કેવી વાણી) ? હીજડા જેવી.... પાવૈયા જેવી વાણી છે કીધું આ (તમારી)'.... પછી તો જરી બોલાય ત્યારે.... એમ કહ્યું, 'આ તો અનંત સંસાર ભગવાને દીઠો લાગે છે તમારો. (તમારી વાતમાં) મેળ ખાતો નથી'.

આહાહા ! જુઓ ! આ જિનવચન ! જિનવચનમાં તો વીતરાગતા પ્રગટ થાય (અને) તે વીતરાગની વાણી. 'રાગ કરો અને રાગ રાખવા જેવો છે'—એ વીતરાગની વાણીમાં હોઈ શકે નહીં. આહાહા ! ત્યાં (–ત્યારે) એ કહ્યું હતું

ભાઈ ! '(જો વીતરાગની વાણીમાં 'રાગ કરવાનું' આવે) તો રાગ ને અલ્પજ્ઞ(પણું) ટાળીને એ વીતરાગ ને સર્વજ્ઞ કેમ થયા ? (પોતે) રાગ અને અલ્પજ્ઞ(પણું) ટાળીને સર્વજ્ઞ વીતરાગ થયા, (તો) એની વાણીમાં વીતરાગ ને સર્વજ્ઞ થવાની જ વાણી (–વાત) આવે'. સમજાણું કાંઈ ?

એ અહીં કહે છે દેખો ! જે કોઈ વીતરાગની વાણીમાં આવેલા ભાવો(માં રમે છે).... જે વસ્તુ ભગવાન (આત્મા) વીતરાગવિજ્ઞાનઘન છે.... વીતરાગી પર્યાય ને કેવળજ્ઞાન થાય છે એ ક્યાંથી આવે છે ? અંદરમાં.... દળમાં (પર્યાયો) પડી જ છે. વીતરાગવિજ્ઞાનઘન જ આખો પ્રભુ પડ્યો છે એનો આશ્રય કરવો (—એમ કહે, એ) વીતરાગની વાણી છે અને એનો (–આત્માનો) આશ્રય કરતાં વીતરાગદશા પ્રગટ થાય—એ વીતરાગની આજ્ઞા છે. રાગ વચ્ચે આવે એ જાણવાલાયક છે, (પણ) આદરવાલાયક છે નહીં. સમજાણું કાંઈ ?

આવી વીતરાગની વાણીમાં જે રમે છે એટલે કે (તેમાં) કહેલા ભાવમાં (રમે છે)—એમ (કહેવું છે). ખુલાસો નીચે કરશે કે બે નયોમાં, પ્રયોજનવશ શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે.... (—એમ) ભાવાર્થમાં કહેશે. (અહીં) કહે છે, જે પુરુષો.... ભગવાને કહેલા ભાવમાં.... એમણે (–ભગવાને) તો વીતરાગભાવ વર્ણવ્યો છે (અને ભૂમિકા અનુસાર) રાગભાવ હોય એને 'જાણવાનો' કહ્યો છે.... એ તો ૧૨મી (ગાથા)માં આવ્યું. (ભગવાને) વીતરાગભાવ પ્રગટ કરવાનું કહ્યું છે, કેમ કે આત્મા જ વીતરાગસ્વરૂપ છે. સમજાય છે કાંઈ ?

'જિન સો હી હૈ આત્મા, અન્ય સો હી હૈ કર્મ;
યે વચનસે સમજ લે, જિન પ્રવચનકા મર્મ.'
(શ્રીમદ્ રાજચંદ્ર, અભ્યંતર પરિણામ અવલોકન, હાથ નોંધ ૧ ઉપરથી)

સોભાગભાઈ ! ભગવાન આત્મા.... (એમ) પરમેશ્વરે કહ્યું.... ત્રિલોકનાથની વાણીમાં આવ્યું. અહો ! વીતરાગની વાણી....

(૧) વીતરાગતાને પ્રગટ કરવા માટે જ હોય છે અને
(૨) વીતરાગભાવ રાખવા માટે હોય છે અને
(૩) વીતરાગભાવની વૃદ્ધિ કરવા માટે હોય છે.

સમજાણું કાંઈ ? એવી વાણીમાં કહેલો જે ભાવ છે એમાં જે રમે છે તે.... મિથ્યાત્વકર્મના ઉદયનું વમન કરીને.... લ્યો ! એ ભ્રમણાનો નાશ કરે છે. એ મિથ્યાત્વ 'કર્મ' શબ્દ ભલે વાપર્યો છે.... સમજાય છે ? એના ઉદયનું વમન કરીને.... (—એમ કહ્યું છે, છતાં) ઉદય ઉપર દ્રષ્ટિ નથી, (પણ) સ્વભાવ ઉપર (દ્રષ્ટિ) છે.

આ અતિશયરૂપ પરમજ્યોતિ પ્રકાશમાન શુદ્ધ આત્માને તુરત દેખે જ છે.... દેખો ! દેખે જ છે.... આહાહા ! આ અતિશયરૂપ પરમજ્યોતિ.... સૂર્ય આદિ, ચંદ્ર આદિ, અગ્નિ આદિની જ્યોતિ સિવાય આ તો કોઈ અતિશય પરમજ્યોતિ છે ભગવાન (આત્મા). સમજાણું કાંઈ ? આ સૂર્ય જ્યોતિ કહેવાય, ચંદ્ર (જ્યોતિ) કહેવાય, અગ્નિ (જ્યોતિ) કહેવાય, રત્નની જ્યોતિ કહેવાયને ? માણેક-મોતીનો તો પ્રકાશ કહેવાય. (પણ) એ બધી (જ્યોતિ)થી આ જુદી અતિશય પરમજ્યોતિ છે.... આ તો અતિશય પરમ ચૈતન્ય જ્યોતિ છે. અતિશયરૂપ પરમજ્યોતિ.... દેખો ! એક તો 'અતિશય' શબ્દ વાપર્યો (અને) વળી 'પરમજ્યોતિ' (કહી).

પ્રકાશમાન એવો શુદ્ધ આત્મા છે એને તુરત જ અનુભવે છે. તુરત દેખે જ છે.... એટલે કે અનુભવે છે.... સાક્ષાત્ અનુભવે છે—એમ કહે છે. 'ईक्षन्त' છેને શબ્દ ? એનો અર્થ છેને ? ईक्षन्त एव.... 'ईक्षन्त' એટલે અનુભવે છે. 'ईक्षन्त'.... ઇચ્છવું, જોવું, અનુભવવું. ભગવાનની વાણીમાં એ જ આવ્યું હતું કે પરમાત્મા શુદ્ધ ચૈતન્યદ્રવ્ય વીતરાગવિજ્ઞાનઘન છે (અને) તેને મુખ્ય કરીને અમે તેને 'આદરણીય' કહેવા માગીએ છીએ. પર્યાયને અને રાગને 'ગૌણ' કરીને એનો આશ્રય કરાવવા માગતા નથી. (તેથી તેને) 'નથી' તેમ કહ્યું.

આ રીતે જે રમે છે તે સાક્ષાત્ આત્માના પ્રત્યક્ષ મતિ–શ્રુતજ્ઞાન દ્વારા પ્રત્યક્ષ અનુભવ કરી આનંદનો અનુભવ કરે છે. કહો, સમજાણું કાંઈ ? (અજ્ઞાનીને શબ્દના) અર્થમાં હજુ વાંધા છે ત્યાં એના ભાવમાં તો ક્યાંય (વિપરીતતામાં) રહી ગયો. (શબ્દના) અર્થ કરવામાં વાંધા.... 'ઘરના અર્થ કરે', (પણ) એમ ચાલે કંઈ ? આ તો પરમાત્માની પેઢી છે.

કેવો છે સમયસારરૂપ શુદ્ધ આત્મા ? દેખો ! એ શુદ્ધાત્મા પ્રાપ્ત થયો ત્યારે એનો અર્થ થયોને ? કે શુદ્ધાત્માની મુખ્યતાથી ભગવાનનો ઉપદેશ હતો. આહાહા !

કેવો છે ભગવાન આત્મા ત્રિકાળી દ્રવ્ય શુદ્ધ ?

નવીન ઉત્પન્ન થયો નથી.... એ તો 'છે' (અને) 'છે'ની પ્રાપ્તિ થઈ છે—એમ કહે છે. પ્રાપ્તની પ્રાપ્તિ થઈ છે. સમજાણું કાંઈ ? નવીન નથી ઉત્પન્ન થયો.

પહેલાં કર્મથી આચ્છાદિત હતો તે પ્રગટ વ્યક્તિરૂપ થઈ ગયો.... પર્યાયબુદ્ધિમાં ઢંકાઈ ગયો હતો તે દ્રવ્યબુદ્ધિમાં પ્રગટ થઈ ગયો—એમ કહે છે. સમજાણું કાંઈ ? એક અંશ અને વિકલ્પની રુચિમાં તારું તત્ત્વ જે હતું તે ઢંકાઈ ગયું હતું.... એક અંશ વર્તમાન વિકાસનો અને રાગ છે એની રુચિમાં તારું તત્ત્વ ઢંકાઈ ગયું હતું. એ, વસ્તુનો આશ્રય કરતાં (તે તત્ત્વ પર્યાયમાં) પ્રગટ થઈ ગયું. 'પ્રગટ' એટલે કે 'છે' એવો પ્રગટ થયો. એ (ત્રિકાળી આત્મા) તો હતો જ તે. સમજાણું કાંઈ ?

વળી કેવો છે ? સર્વથા એકાંતરૂપ કુનયના પક્ષથી ખંડિત થતો નથી.... 'એકાંત' કોઈ માનનારા....

(૧) સર્વથા એક જ માને, (કાં) સર્વથા અનેક જ માને;
(૨) સર્વથા સત્ જ માને, (કાં) સર્વથા અસત્ જ માને;
(૩) સર્વથા શુદ્ધ જ માને, (કાં) સર્વથા અશુદ્ધ જ માને;
(૪) સર્વથા અભેદ જ માને, (કાં) સર્વથા ભેદ જ માને.`

—એવા કુનયના પક્ષથી ખંડિત થતો નથી.... એવા કુનયના કહેનારાઓથી આ વસ્તુને બાધ આવતો નથી, નિર્બાધ છે.... સમજાણું કાંઈ ?

એવો ભગવાન આત્મા દ્રવ્યથી શુદ્ધ છે, પર્યાયથી અશુદ્ધ છે; દ્રવ્યથી એક છે, પર્યાયથી અનેક છે.—(એમ) જેવું સ્વરૂપ છે તેવું પ્રગટ થઈ જાય છે. કુયુક્તિઓના એકાંતવાળાથી (–એકાંત અભિપ્રાયથી) તે (સ્વરૂપ) ખંડિત થઈ શકતું નથી. કહો, સમજાણું આમાં ?

લ્યો ! એટલું થયું આજે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

**પ્રવચન નં. ૩૫**
**શ્લોક - ૪, ૫**
**સંવત ૨૦૨૪, આસો વદ ૧૦, બુધવાર, તા. ૧૬-૧૦-'૬૮**

સમયસાર, જીવ-અજીવ અધિકાર. ચોથો કળશ છે એનો ભાવાર્થ.

આત્માને.... ત્રિકાળી વસ્તુને ભૂતાર્થ નામ સત્ય કહી છે અને પર્યાય અને રાગને અસત્ય કહ્યાં છે.—એનું શું કારણ છે એનો વિસ્તાર કરે છે.

વસ્તુસ્વરૂપ આત્મા, એક સમયમાં (–વર્તમાનમાં પણ) એક સમયની પર્યાય સિવાયનો (–વિનાનો) આખો પૂર્ણાનંદ સ્વરૂપ છે. (અહીં) એને (–ત્રિકાળી વસ્તુને) સત્ય કહ્યો ને એને સમ્યગ્દર્શનનો વિષય કહ્યો. અને પર્યાય.... જે અવસ્થા છે તે 'છે' ખરી.... રાગાદિ 'છે' ખરા, છતાં તેમને અભૂતાર્થ–અસત્યાર્થ કહ્યાં. કહે છે કે (આ રીતે) સ્યાદ્‌વાદની શૈલીમાં પ્રયોજન સાધવા મુખ્ય-ગૌણનું કથન કર્યું છે. સમજાણું કાંઈ ?

(આવી વાત) ન સમજાય ? દેખો !

(ભાવાર્થ :—) જિનવચન સ્યાદ્‌વાદ.... એટલે....
'સ્યાત્' એટલે અપેક્ષાએ અને
'વાદ' એટલે કહેવું.

વીતરાગના વચનો (સ્યાદ્‌વાદરૂપ છે)....
'સ્યાત્' એટલે અપેક્ષાએ અને
'વાદ' એટલે કહેવું....

('સ્યાદ્‌વાદ' એટલે) અપેક્ષાથી કહેવું.

શ્રોતા : એમાં હોય 'તે' કહેવું કે....
પૂજ્ય ગુરુદેવશ્રી : એમાં છે 'એમ' (કહેવું).... છે એને (કહેવું), પણ અપેક્ષાથી (કહેવું). એ કહેશે.... ખુલાસો કરશે.

જિનવચન (સ્યાદ્‌વાદરૂપ છે)....
'સ્યાત્' = અપેક્ષાથી (અને)
('વાદ') = કહેવું,

—એટલે કે એમાં (–વસ્તુમાં જે) સ્વરૂપ હોય તેને અપેક્ષા લગાડીને કહેવું. એનો (–આ વાતનો પછી) ખુલાસો કરશે.

જ્યાં બે નયોને વિષયનો વિરોધ છે.... (બે નય એટલે) નિશ્ચયનય અને વ્યવહારનય અથવા (દ્રવ્યાર્થિક નય અને) પર્યાયાર્થિક નય....

(૧) 'પર્યાયા(ર્થિક નય)'.... એટલે વર્તમાન અવસ્થાને જાણનાર.... વિષય કરનાર (નય).... પર્યાયા(ર્થિક નય).

(એને) પર્યાયા(ર્થિક નય) કહો કે વ્યવહારનય કહો (—એક જ છે). (અને)....

(૨) (દ્રવ્યાર્થિક નય).... (એટલે) ત્રિકાળી વસ્તુને વિષય કરનાર (નય).

(એને) નિશ્ચયનય કહો કે અભેદ(નય કહો), ભૂતાર્થ(નય કહો) કે શુદ્ધનય કહો (—એક જ છે).

—એ બે નયોને વિષયનો વિરોધ છે. એટલે કે એક નય એમ કહે છે કે....

દેખો ! જેમ કે : જે સત્-રૂપ હોય તે અસત્-રૂપ ન હોય.... એમ લાગે છે (અજ્ઞાની) લોકોને. એટલે કે પોતે પોતાથી 'છે', એ જ પાછું 'નથી'.... સત્ છે, તે જ અસત્ છે (—એમ કથનમાં) વિરોધ લાગે છે. ('સ્યાદ્વાદ' તે) વિરોધ મટાડી દેશે.

આગળ કહેશે....

(૧) (વસ્તુ) 'સત્ છે'.... એ, દ્રવ્યાર્થિક નયની અપેક્ષાને મુખ્ય ગણીને (વસ્તુ) 'સત્ છે'—એમ કહ્યું છે અને

(૨) (વસ્તુ) 'અસત્ છે'....

(I) એ, પર્યાય આદિ એમાં—ત્રિકાળીમાં નથી.

અથવા....

(II) પર વસ્તુ એમાં (–સ્વવસ્તુમાં) નથી.

—એ અપેક્ષાએ (વસ્તુ) 'અસત્ છે' (—એમ) કહેવામાં આવે છે.

(૧) (વસ્તુ) 'સત્ છે'.... વસ્તુ 'છે સત્'. એ દ્રવ્યની દ્રષ્ટિને મુખ્ય કરીને કહ્યું (કે વસ્તુ) 'સત્ છે'.

(૨) (।) (વસ્તુમાં) પર્યાય 'અસત્ છે'.... એ પર્યાય એમાં (–ત્રિકાળી વસ્તુમાં) નથી અથવા....

(।।) બીજી ચીજ એમાં (–સ્વવસ્તુમાં) નથી.

(—એ અપેક્ષાએ વસ્તુ 'અસત્ છે' એમ કહ્યું).

—એમ (–આ રીતે) જે વસ્તુ 'સત્' છે એને (જ) 'અસત્' કહેવી એ વિરુદ્ધ લાગે, પણ વિરુદ્ધ છે નહીં. —એ કહેશે, જુઓ !

(જે) એક હોય તે અનેક ન હોય, નિત્ય હોય તે અનિત્ય ન હોય, ભેદરૂપ હોય તે અભેદરૂપ ન હોય, શુદ્ધ હોય તે અશુદ્ધ ન હોય ઇત્યાદિ નયોના વિષયોમાં વિરોધ છે—ત્યાં જિનવચન.... દેખો હવે ! હવે એનો ખુલાસો આવે છે—એ શબ્દો એકસાથે વાંચી ગયા એનો અર્થ.

વીતરાગ વાણી કથંચિત્.... કોઈ અપેક્ષાએ વિવક્ષા નામ કહેવા માંગેલ સત્-અસત્રૂપ.... દેખો !

(I) સત્-અસત્રૂપ.... એમાં....

(૧) 'સત્'ને (–દ્રવ્યને) મુખ્ય કરીને પોતે આત્મા 'સત્' 'છે'—એમ કહે છે અને
(૨) પર્યાયને ગૌણ કરીને પર્યાય 'નથી' (–'અસત્' છે)—એમ કહે છે.

સમજાય છે કાંઈ ?

(૧) 'સત્' ત્રિકાળી વસ્તુ છે.... વસ્તુસ્વરૂપ એ 'સત્' છે અને
(૨) એક સમયની પર્યાય 'અસત્' છે. એમાં (–ત્રિકાળી વસ્તુમાં પર્યાય) નથી.

એ (ત્રિકાળી વસ્તુ) 'સત્' છે, એમાં 'અસત્' નથી.... પર્યાય નથી. એમાં (–ત્રિકાળી વસ્તુમાં પર્યાય) નથી એટલે 'પર્યાય જ નથી'—એમ કહ્યું એ, 'સત્'ની.... સ્વભાવિક વસ્તુની દ્રષ્ટિ કરાવવા. મુખ્ય પ્રયોજન સિદ્ધ કરવા વસ્તુને 'સત્'.... સામાન્ય.... એકરૂપ (કહી) છે, (કારણ કે) એની

દ્રષ્ટિ કરતાં સમ્યગ્દર્શન નામ ધર્મદશા થાય છે.—એ (રીતે) પ્રયોજન સિદ્ધ કરવા 'સત્'ને મુખ્ય કરીને 'નિશ્ચય' કહ્યો અને 'અસત્'ને ગૌણ કરીને 'વ્યવહાર' કહ્યો.

કહો, સમજાણું કાંઈ આમાં.... 'સ્યાદ્વાદ'માં ?

'સ્યાત્' અપેક્ષાએ
('વાદ'....) કહે છે
—એમ કહે છે....

(૧) 'સત્'ને.... (ત્રિકાળી વસ્તુને) મુખ્ય કરીને તેને સાચો.... સત્ય.... નિશ્ચય.... શુદ્ધનય કહ્યો. અને....
(૨) 'અસત્'ને.... પર્યાયને (ગૌણ કરીને 'નથી'—એમ કહ્યું). પર્યાય પર્યાયરૂપે છે, પણ એમાં (–ત્રિકાળી વસ્તુમાં) નથી તેથી તેને 'અસત્' કહી.... ગૌણ કરીને વ્યવહાર કહી. 'વ્યવહાર' એટલે નથી.

—તે મુખ્ય-ગૌણનું કથન, પ્રયોજન સિદ્ધ (કરવા).... સાધવા કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ ? આ તો એકલો ન્યાયનો વિષય છે બધો. જુઓ !....

(II) એક-અનેકરૂપ.... દેખો ! લ્યો !....

(૧) 'એકરૂપ' કહ્યું.... વસ્તુ 'એકરૂપ' છે એ દ્રવ્યાર્થિક (નય).... નિશ્ચયનયના (વિષય)નું લક્ષ કરાવવા (કહ્યું).... 'એકરૂપ'નું લક્ષ કરાવવા 'એક' કહ્યું અને....
(૨) ('અનેકરૂપ').... ભેદરૂપ ગુણ-પર્યાય એનામાં હોવા છતાં 'અનેક' એકમાં નથી એમ બતાવીને.... 'અનેક' અનેકપણે છે, (પણ) એકમાં નથી (—એમ કહ્યું).

—એમ કરીને....

'અનેક'ને ગૌણ કરીને વ્યવહાર કહ્યો.
'એક'ને મુખ્ય કરીને નિશ્ચય કહ્યો.
સમજાય છે કાંઈ આમાં ?

(III) નિત્ય-અનિત્ય.... વસ્તુ 'નિત્ય' છે અને 'અનિત્ય' (પણ) છે....

(૧) 'નિત્ય' છે એ.... દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરીને (ત્રિકાળી વસ્તુને) 'નિત્ય' કહી (અને)
(૨) પર્યાયા(ર્થિક) નયને મુખ્ય કરીને (વસ્તુના) પર્યાયને 'અનિત્ય' કહ્યો.

પણ એ 'અનિત્ય' પર્યાય, 'નિત્ય' (ત્રિકાળી દ્રવ્ય)માં નથી. કહો સમજાય છે કાંઈ ? છે વસ્તુ 'નિત્ય' (અને) 'અનિત્ય'—બેય. પણ 'નિત્ય'ને મુખ્ય કરી ('છે' કહ્યું) અને 'અનિત્ય'ને 'નથી'—એમ કહ્યું, પણ 'અનિત્ય', અનિત્યપણે 'છે'.... સમજાય છે કાંઈ ? (અને) ત્રિકાળી વસ્તુ 'નિત્ય' છે.

એ 'વસ્તુ' છે એના....

(૧) (ત્રિકાળી અંશને) મુખ્ય કરીને દ્રવ્યને 'નિત્ય' કહ્યું (અને)
(૨) પર્યાય (અંશ)ને 'નથી'—એમ કહ્યું હતું, (પણ એ) 'અનિત્ય' (અંશ)ને (ગૌણ કરીને) 'નથી'—એમ કહ્યું છે.

'અનિત્ય'(પણું) છે ખરું પર્યાયમાં, પણ તેને (ગૌણ કરીને) 'નથી'—એમ કહીને તે અનિત્યપણાને 'અસત્' કહ્યું હતું. (અને ત્રિકાળી દ્રવ્ય અંશ)ને મુખ્ય કરવા,.... સમજાય છે ? એ 'નિત્ય'ને મુખ્ય કરવા 'અનિત્ય'ને 'નથી'—એમ કહ્યું હતું.

(—આ રીતે) સ્યાદ્વાદ શૈલીમાં મુખ્ય.... પ્રયોજન સિદ્ધ કરવા 'નિત્ય' 'છે' ને 'અનિત્ય' 'નથી'—એમ કહ્યું છે. પણ (ખરેખર તો વસ્તુના)....

(૧) પર્યાય (અંશ)માં 'અનિત્ય'તા છે (અને)
(૨) દ્રવ્ય (અંશમાં) 'નિત્ય'તા છે.

—એ બેય (અંશ) વસ્તુના સ્વરૂપનું કથન છે. સમજાણું કાંઈ ? લ્યો ! એમ....

(IV) ભેદ-અભેદ.... વસ્તુ અભેદ છે અને ભેદ પણ છે. પણ પ્રયોજન સિદ્ધ કરવા....

(૧) 'અભેદ'ને મુખ્ય કરીને એ 'અભેદ' 'છે'—એમ કહ્યું હતું (અને)
(૨) ('ભેદ'ને ગૌણ કરીને) 'ભેદ' 'નથી'—એમ કહ્યું હતું.

'ભેદ' 'છે', છતાં 'નથી'—એમ કહ્યું હતું.... પર્યાય 'છે', છતાં 'નથી'—એમ કહ્યું હતું. સમજાણું કાંઈ ? —એ મુખ્ય-ગૌણથી (પ્રયોજન) સિદ્ધ કરવા (કહ્યું છે). સ્યાદ્વાદ શૈલીથી વસ્તુના એ બે (ધર્મમાં), એક (ધર્મ)ને મુખ્ય અને એક (ધર્મ)ને ગૌણ કરીને કથન કર્યું છે, (જેથી) વિરોધ મટી જાય છે. આમાં (–મુખ્ય-ગૌણની શૈલીમાં) વિરોધ રહેતો નથી.

ભેદ-અભેદ (બોલ પૂરો થયો).

(V) શુદ્ધ-અશુદ્ધ....

(૧) 'શુદ્ધ' (ધર્મને) મુખ્ય કરી શુદ્ધ દ્રવ્યસ્વભાવ.... એકલો શુદ્ધ સ્વભાવ છે (—એમ કહ્યું). જેનો આશ્રય લેતા શાંતિ થાય.... આનંદ થાય એવો ત્રિકાળી પરમાત્મા પોતે શુદ્ધ છે (અને) એને મુખ્ય કરીને તે 'છે' (—એમ) કહ્યું (અને)
(૨) 'અશુદ્ધ' (ધર્મ)ને ગૌણ કરીને 'નથી' કહ્યું. પણ (જેને) ગૌણ કરીને 'નથી' કહ્યું, (તે) છે ખરું.

સમજાણું કાંઈ ? કહો જેઠાલાલભાઈ ! સમજાય છે આમાં ?

શુદ્ધ-અશુદ્ધરૂપ જે રીતે વિદ્યમાન વસ્તુ છે.... દેખો ! એ રીતે પદાર્થ બેય(રૂપે) વિદ્યમાન છે.

શું (–કેવી રીતે) વિદ્યમાન છે ?

(૧) સત્ છે, (તે) અસત્ છે;
(૨) એક છે, (તે) અનેક છે;
(૩) નિત્ય છે, (તે) અનિત્ય છે;
(૪) ભેદ છે, (તે) અભેદ છે;
(૫) શુદ્ધ છે, (તે અશુદ્ધ છે).

તે રીતે કહીને વિરોધ મટાડી દે છે.... જે રીતે છે તે રીતે કહીને....

(૧) ત્રિકાળી (વસ્તુ) 'નિત્ય' છે, પર્યાય 'અનિત્ય' છે;
(૨) વસ્તુ 'એકરૂપ' છે, ગુણ-પર્યાય ('અનેકરૂપ') છે;
(૩) (વસ્તુ) 'અભેદ' છે, આ (ગુણ-પર્યાય) 'ભેદ' છે;
(૪) વસ્તુ 'શુદ્ધ' છે, પર્યાય 'અશુદ્ધ' છે.

—એમ એને વિવક્ષાથી (એટલે કે) કહેવા ધારેલા માર્ગ (–અપેક્ષા)થી તેનો વિરોધ મટાડી દે છે, જૂઠી કલ્પના કરતું નથી.... એમાં (–વસ્તુમાં તે ધર્મ) નથી ને (માત્ર) કલ્પના કરે છે—એમ નથી.

તે જિનવચન.... જુઓ ! હવે લીધું.... દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—એ બે નયોમાં.... જેટલા બધા જોડલા (ઉપર કહ્યાં તે) બધા વસ્તુના છે....

(૧) સત્-અસત્,
(૨) એક-અનેક,
(૩) નિત્ય-અનિત્ય,
(૪) ભેદ-અભેદ,
(૫) શુદ્ધ-અશુદ્ધ

(—એ બધા ધર્મો એક સાથે છે), છતાં વીતરાગી વાણી વીતરાગપણું પ્રગટ કરવા.... વીતરાગની વાણી વીતરાગપણું પ્રગટ કરવા (એક ધર્મને મુખ્ય ને એક બીજા ધર્મને ગૌણ કરે છે).

દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક—એ બે નયોમાં.... જુઓ ! દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક (નયો) આવ્યાને ?

(૧) 'સત્' દ્રવ્યાર્થિક (નયનો વિષય) છે, 'અસત્' પર્યાયાર્થિક (નયનો વિષય) છે;
(૨) 'એક' દ્રવ્યાર્થિક (નયનો વિષય) છે, 'અનેક' પર્યાયાર્થિક (નયનો વિષય) છે;
(૩) 'નિત્ય' દ્રવ્યાર્થિક (નયનો વિષય) છે, 'અનિત્ય' પર્યાયાર્થિક (નયનો વિષય) છે;
(૪) 'અભેદ' દ્રવ્યાર્થિક (નયનો વિષય) છે, 'ભેદ' પર્યાયાર્થિક (નયનો વિષય) છે;
(૫) 'શુદ્ધ' દ્રવ્યાર્થિક (નયનો વિષય) છે, 'અશુદ્ધ' પર્યાયાર્થિક (નયનો વિષય) છે;

—એ બે નયોમાં, પ્રયોજનવશ.... પ્રયોજનને કારણે શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે.... ભાષા દેખો ! શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે.

ત્રિકાળી દ્રવ્ય જ્ઞાયકભાવ શુદ્ધ છે તેને 'મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે.' 'નિશ્ચય કરીને મુખ્ય કહે છે'—એમ નહિ.

શું કહ્યું ? વળી એમાં ફેર શું પડ્યો ?

'નિશ્ચય છે માટે મુખ્ય છે'—એમ નહિ, 'મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે.'

કેમ ?

(કેમ કે) પર્યાય અસત્ (હોવા છતાં) 'છે' (ખરી), અશુદ્ધતા 'છે' (ખરી), (છતાં) પણ ત્રિકાળી વસ્તુને મુખ્ય કરીને.... એનો આશ્રય કરવો છે માટે મુખ્ય કરીને તેને 'નિશ્ચય' કહી. નહીંતર પર્યાયમાં અશુદ્ધતા છે ખરી.... છે ખરી.... નિશ્ચયથી છે.... ખરેખર છે. પણ આને (–ત્રિકાળી વસ્તુને) મુખ્ય કરીને 'નિશ્ચય' કહી અને પર્યાયને ગૌણ કરીને 'વ્યવહાર' કહી. સમજાય છે કાંઈ ?

ભીખાભાઈ ! સમજાય છે કાંઈ ? (પૂછીએ તો) જવાબ દેતા આવડે ?

શ્રોતા : .....

પૂજ્ય ગુરુદેવશ્રી : પહેલાં (જવાબ દેતાં) ગભરાય અંદર. શું કહેશે આ ? શું કરશે ? પણ આ ચાલે છે એ વાતમાં ન્યાય (શી રીતે છે) અને કઈ રીતે (કહેવાય) છે તે પકડાય છે ?—એમ કહેવાય છે. જે અપેક્ષાએ જે કહેવા માંગે છે તે અપેક્ષા શું છે એનું અહીં સ્પષ્ટીકરણ કરે (-કરાય) છે એ સમજાય છે ?—એમ કહેવાય છે. સમજાણું કાંઈ ?

જિનવચન.... જુઓ ! અહીં ખૂબી આ લીધી છે....

(અજ્ઞાની) કહે છે કે : જિનવચનમાં રમે (એટલે કે) દ્રવ્યાર્થિક-પર્યાયાર્થિક, નિત્ય-અનિત્ય, એક-અનેક (આદિ વિકલ્પ)માં રમે તો સમકિત થાય.

આ (પંડિત જયચંદજી) કહે છે કે : આવા જિનવચનમાં....

કેવા જિનવચનમાં ?

કે દ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને 'નિશ્ચય' કહે (અને) અવસ્થા, રાગ, ભેદ, અનેકાદિને ગૌણ કરીને 'વ્યવહાર' કહે.—એવા જિનવચનમાં એટલે કે અભેદ (આત્મા)માં રમે તેને સમકિત થાય—એમ કહે છે.

જ્ઞાનચંદજી ! સમજાય છે કાંઈ ? ધરમચંદજી ! સમજાય છે કે નહિ કાંઈ ? 'હા' પાડે છે વાતની.... 'હા' પાડે છે, પણ પૂછીએ ત્યારે.... 'ખરે મામલે' હેં.. હેં.. થઈ જાય છે જરી વાર.

શું કહ્યું ?

કે આ આત્મા વસ્તુ છે એમાં 'નિત્ય' (ધર્મ) પણ છે, 'અનિત્ય' (ધર્મ) પણ છે; 'સત્' (ધર્મ) પણ છે, 'અસત્' (ધર્મ) પણ છે.

('સત્-) અસત્' કઈ અપેક્ષાએ છે ?

કે (વસ્તુ) પોતાપણે છે ને પરપણે નથી. અહીંયા (વસ્તુ) દ્રવ્યપણે છે અને પર્યાયપણે નથી એટલું સિદ્ધ કરવું છે. પણ અત્યારે એટલું (કહે છે કે વસ્તુ)....

(૧) 'સત્' પણ છે, 'અસત્' પણ છે;
(૨) 'એક' પણ છે, 'અનેક' પણ છે;
(૩) 'અભેદ' પણ છે, 'ભેદ' પણ છે;
(૪) 'નિત્ય' પણ છે, 'અનિત્ય' પણ છે;
(૫) 'શુદ્ધ' પણ છે, પર્યાયમાં 'અશુદ્ધ'(પણ) છે

—આમ છે.... વસ્તુ તો આમ છે.

હવે, એને વીતરાગની વાણી મુખ્ય-ગૌણ કરીને કહે છે. પ્રયોજન સિદ્ધ કરવા સ્યાદ્વાદનું કથન એ રીતે (કરે છે) કે 'જે વસ્તુ એક છે, સત્ છે, શુદ્ધદ્રવ્યાર્થિક નયનો વિષય છે તેને મુખ્ય કરીને 'નિશ્ચય' કહ્યો (અને રાગ-દ્વેષ આદિ પર્યાયને ગૌણ કરી 'વ્યવહાર' કહ્યો).

નહીંતર (–ખરેખર) તો રાગ-દ્વેષની એની પર્યાય છે તો 'નિશ્ચય', કારણ કે સ્વમાં છે માટે 'નિશ્ચય' છે. સ્વમાં ન હોય તેને 'વ્યવહાર' કહીએ.... પોતામાં ન

હોય ને પર હોય તેને 'વ્યવહાર' કહીએ, પણ પોતામાં આ બધુંય છે.... સમજાણું કાંઈ ? સત્-અસત્ છે, એક-અનેક છે, નિત્ય-અનિત્ય છે, ભેદ-અભેદ—બધુંય (પોતામાં) છે. છતાં.... એ બધુંય (પોતામાં) હોવા છતાં, તેમાં(થી) પ્રયોજન સિદ્ધ કરવા વીતરાગની વાણી આ રીતે નીકળે છે કે ('નિત્યનો આશ્રય કરવો').—એમ કહે છે જુઓ ! હાં, (વીતરાગની વાણીમાં) એમ નથી કહેતાં કે 'નિત્ય-અનિત્ય' છે તે બેયનો આશ્રય કરો.... બેયને અવલંબો.

(બન્નેને) શી રીતે અવલંબે ? પણ કઈ રીતે અવલંબે ? આહીં નિત્યનું લક્ષ કરે ને વળી અનિત્યનું લક્ષ કરે—એમ બેય શી રીતે થાય ? એટલે આ ખુલાસો કરવો પડ્યો છે કે....

ભઈ ! 'જિનવચનમાં રમે' એટલે કાંઈ (જડ)વાણીમાં રમવું છે ?
(ના).
અથવા જિનવચને (બે નય) કહ્યાં દ્રવ્યાર્થિક, પર્યાયાર્થિક—એ બેમાં રમવું છે ?
(ના).

શું કહ્યું ?
એક (વાત) : 'વીતરાગની વાણીમાં રમે'—એમ કહ્યું. ત્યારે વીતરાગની વાણીમાં રમવું છે (એટલે કે) જડ (વાણી)માં (રમવું છે) ?
(ના).

બીજી વાત : વીતરાગની વાણી દ્રવ્ય અને પર્યાય—બેયને કહે છે (અર્થાત્) (૧) સત્ અને અસત્, (૨) એક અને અનેક, (૩) અભેદ અને ભેદ, (૪) નિત્ય અને અનિત્ય, (૫) શુદ્ધ અને અશુદ્ધ (આદિ) કહે છે. (તો) એ બેય (ભેદ)માં રમાય છે ?
(ના).

ત્યારે 'રમવાનું' તો કહ્યું, વીતરાગની વાણીમાં ?
એનો અર્થ એ છે કે બે વસ્તુ (–ધર્મ) જે છે અંદર (આત્મામાં)....
(૧) સામાન્ય ને વિશેષ,
(૨) નિત્ય ને અનિત્ય,
(૩) એક ને અનેક,
(૪) અભેદ ને ભેદ,
(૫) શુદ્ધ ને અશુદ્ધ....

(—તે વિરોધી ધર્મોમાંથી) એક (ધર્મ અર્થાત્) 'શુદ્ધ' (ધર્મ)ને મુખ્ય કરી (તેમાં રમવું—એમ કહ્યું છે).

(આત્મામા) ત્રિકાળી 'શુદ્ધ' (દ્રવ્ય અંશ) પણ છે અને અશુદ્ધ પર્યાય (અંશ) પણ છે.... છે તો બેય, પણ 'શુદ્ધ' (અંશ)ને મુખ્ય કરીને તે 'સત્' છે.... તે નિશ્ચય છે (અને તેથી આશ્રય કરવાલાયક છે)—એમ કહ્યું. અને પર્યાયનો અંશ આશ્રય કરવાલાયક નથી (—એમ કહ્યું), કેમ કે તેને આશ્રયે આત્માની સિદ્ધિ થતી નથી.

માટે પર્યાય હોવા છતાં.... વિદ્યમાન હોવા છતાં.... તેનું વિદ્યમાનપણું ન બતાવતા, ગૌણ કરીને 'નથી'—એમ કહેવામાં (આવે છે).... ગૌણ કરીને 'નથી' ને 'વ્યવહાર છે' (—એમ) કહેવામાં આવે છે. ઝીણી વાત છે જરી. કહો, સમજાય છે કાંઈ આમાં ?

હવે અહીંયા તો ('जिनवचसि रमंते ये स्वयं वांतमोहा:') આ કડી આવી.... 'જિનવચનમાં રમે તેના મિથ્યાત્વનો નાશ થાય'.... એનો (-એ શબ્દોનો) અર્થ શું છે એટલી વાત ચાલે છે.

જિનવચનમાં.... (જડ)વાણીમાં તો રમાય નહીં—એક વાત.

હવે જિનવચન(માં), (ત્રિકાળી) વસ્તુ ને (પર્યાય)—બેયની વિદ્યમાનતા (બતાવી) છે. (જિનવચન) એ (બેય)ને બતાવે છે કે ભઈ ! આત્મા....

(૧) ત્રિકાળી 'શુદ્ધ' છે (અને) પર્યાયમાં 'અશુદ્ધ' છે,
(૨) દ્રવ્યે 'એક' છે (અને) વસ્તુ ગુણપર્યાયે 'અનેક' છે

—એ (જિનવાણી) બતાવે છે. તો હવે બતાવે છે બેય, તો બેયમાં રમી શકાય છે ? (ના).

પર્યાયની દ્રષ્ટિએ અંશમાં (–અંશ ઉપર) લક્ષ રાખીને અનેકપણામાં.... અશુદ્ધપણામાં તો અનાદિનો રમી રહ્યો છે.... એ તો અનાદિનો છે. સમજાણું કાંઈ ? પર્યાયનો અંશ અને અશુદ્ધતા—એમાં તો અનાદિની દ્રષ્ટિ કરીને પડ્યો જ છે. તો હવે એણે (–જિનવાણીએ) કાંઈક કહેવું છે તો કાંઈક નવું કહેવું છે કે નહિ ? (અને જો) નવું કહેવું છે તો જ્યાં (–પર્યાયમાં) એ (અજ્ઞાની અનાદિનો)

રમે છે ત્યાંથી (દ્રષ્ટિ) ઉઠાવી અને ત્રિકાળી શુદ્ધ દ્રવ્યમાં રમે—એ વાત વીતરાગની વાણીમાં સિદ્ધ કરવી છે. સમજાય છે કાંઈ ?

ભગવાનની વાણીમાં (—એમ) આવ્યું કે ભાઈ ! તું ત્રિકાળી પરમાત્મા પ્રભુ છો હોં. તારામાં તો શુદ્ધતા અને આનંદ સ્વરૂપરૂપે છે.... પરિપૂર્ણ આનંદ છે. ભાઈ ! આ પર્યાયમાં જે દુઃખ દેખાય છે, એ 'છે' તો ખરું (અને તું) આનંદ(સ્વરૂપ) પણ છો ખરો—બેય છે. પણ દુઃખની દ્રષ્ટિ ને પર્યાયની દ્રષ્ટિ અનાદિની છે, (તેથી) એમાં કંઈ નવું કહેવાનું રહેતું નથી.

વીતરાગની વાણીમાં કાંઈક નવું (આવે). (બાધકપણું મટે) અને એનું સાધકપણું પ્રગટે એવું (વાણીમાં) આવે કે જેવું (અનાદિનું) છે.... એમ ને એમ (રાગાદિમાં) રમે છે એવું (ને) એવું આવે ? (એવું ને એવું ન આવે), કારણ કે વીતરાગ પોતે, પોતાનું સાધનપણું કરીને પૂર્ણ થઈ ગયા છે,.... સમજાય છે કાંઈ ? (તેથી) તેમની વાણીમાં સાધકપણું કેમ પ્રગટે.... શુદ્ધપણું કેમ પ્રગટે (તેની વાત આવે છે).

ત્રિકાળી શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરતાં.... તેને (–ત્રિકાળી દ્રવ્યને) મુખ્ય કરીને 'નિશ્ચય' કહેતાં (–કરતાં) સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. માટે શુદ્ધદ્રવ્યાર્થિક (નયનો વિષય ત્રિકાળી દ્રવ્ય) પણ (વિદ્યમાન) છે (અને) અશુદ્ધ પર્યાય પણ (વિદ્યમાન) છે—બેય વિદ્યમાન છે, છતાં આને (–ત્રિકાળી દ્રવ્યને).... સત્યને મુખ્ય કરીને દ્રવ્યાર્થિક (નય)નો વિષય કહ્યો (અને) પર્યાયને ગૌણ કરીને વ્યવહાર (નય)નો વિષય કહ્યો. ભારે વાતું. મગનલાલજી ! સુરેન્દ્રનગરના માસ્તર છે. આવી વાત છે.... સમયસારની ઝીણી વાત છે. સમજાણું કાંઈ ?

વીતરાગની વાણી(માં).... પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા છે એની વાણીમાં વિદ્યમાનતા તો પદાર્થના બેય અંશોની (બતાવી) છે. (પદાર્થ) નિત્ય પણ છે (ને અનિત્ય પણ છે); શુદ્ધ પણ છે અને અશુદ્ધ પણ છે. વસ્તુ નિત્ય છે ને પર્યાય અનિત્ય છે—બેય (અંશો) છે વિદ્યમાન. પણ બે વિદ્યમાન (અંશો)માં પર્યાયની દ્રષ્ટિએ.... અંશદ્રષ્ટિએ તો રખડી રહ્યો છે, આ (ત્રિકાળી) વસ્તુની તો ખબર નથી (અને) શુભ-અશુભ (કરે).... પુણ્ય-પાપ કરે. દયા-દાન કરે ને વ્રત-ભક્તિ કરે ને પુણ્ય બાંધે, (પછી) મરીને ચાર ગતિમાં જાય.... રખડે. એ તો અનાદિનો કરે છે.

હવે વીતરાગની વાણીમાં, વીતરાગે (પોતે) નવું (જે રીતે પ્રગટ) કર્યું એવું કંઈક બતાવેને ? (તેમને) વીતરાગતા થઈ, કેવળજ્ઞાન થયું, પરમાત્મ દશા થઈ, તો એમની વાણીમાં વીતરાગતા (કેમ પ્રગટ) થાય (અર્થાત્) આ (પર્યાય)બુદ્ધિ છે તેનો નાશ (કેમ) થાય અને નવી (દ્રવ્ય)બુદ્ધિ (કેવી રીતે) પ્રગટે—એમ કહેને કાંઈ. સમજાણું કાંઈ ?

તો એ (-વીતરાગની વાણીમાં) કહેવામાં તો એમ આવ્યું કે જિનવચન દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિક—એ બે નયોમાં, પ્રયોજનવશ.... આત્માને શાંતિ મળે, સમ્યગ્દર્શન થાય, ધર્મ થાય, અધર્મ ટળે એવા પ્રયોજનને કારણે.... સમજાણું ? શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને નિશ્ચય કહે છે. 'વસ્તુ ભગવાન.... ત્રિકાળી વસ્તુ'—એ જ જાણે કે છે એમ એને મુખ્ય કરીને તેને જ 'નિશ્ચય' કહેવામાં આવે છે.

અને અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિક.... ભાષા દેખો !

શું કહે છે ?

એ જ દ્રવ્ય એટલે કે આત્મા પર્યાયમાં પુણ્ય-પાપ, મિથ્યાભ્રાંતિના પરિણામપણે છે—એ 'અશુદ્ધદ્રવ્યાર્થિક' (નયે) છે. 'અશુદ્ધ' એટલે દ્રવ્ય પોતે (પર્યાયમાં) અશુદ્ધ થયું છે.... દ્રવ્ય પોતે (પર્યાયમાં) અશુદ્ધ થયું છે, માટે 'અશુદ્ધદ્રવ્યાર્થિક' શબ્દ વાપર્યો છે. દ્રવ્ય વળી પર્યાયમાં શુદ્ધ રહી ગયું છે અને અશુદ્ધતા કો'કમાં છે—એમ નથી. સમજાણું કાંઈ ?

શુદ્ધદ્રવ્યાર્થિક નયને મુખ્ય કરી તેને સાચું કહે છે.... નિશ્ચય કહે છે.... સત્ય કહે છે. અશુદ્ધદ્રવ્યાર્થિક.... પર્યાયમાં, પુણ્ય-પાપ(નો) મેલ, રાગ, મિથ્યાભ્રાંતિ આદિરૂપે પરિણમે છે—એ પોતાનું દ્રવ્ય જ પરિણમે છે. દ્રવ્ય જે છે એ (અશુદ્ધ) પર્યાયપણે પરિણમે છે.... પર્યાયપણે. એ (દ્રવ્ય જ અશુદ્ધ) પર્યાયપણે પરિણમે છે એટલે તેને 'અશુદ્ધદ્રવ્યાર્થિક' (કહે છે). દ્રવ્ય પોતે (અશુદ્ધરૂપે) પરિણમ્યું છે માટે (એને) 'અશુદ્ધદ્રવ્યાર્થિક' કહ્યું. અને એ પર્યાયાર્થિકનયને ગૌણ કરી.... ('નથી'—એમ કહ્યું, પણ) એ પર્યાયનયનો વિષય છે, (કેમ કે અશુદ્ધતા) પર્યાય(માં) છેને !

'અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ'.... ભાષા કેટલી સરસ કરી છે જુઓને ! ('અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ') એટલે એ (અશુદ્ધ) પરિણમન (બીજા) કોઈ (દ્રવ્ય)નું નથી, એના (પોતાના દ્રવ્યની) પર્યાયનું (અશુદ્ધ) પરિણમન છે.... પુણ્ય-પાપનો મેલ, રાગ-દ્વેષ એની (–દ્રવ્યની) અવસ્થામાં છે (એટલે એને) 'અશુદ્ધદ્રવ્યાર્થિક' (કહ્યું). એની (–દ્રવ્યની) પર્યાયમાં (અશુદ્ધતા) છે એ બતાવવા 'અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનય' (—એમ કહ્યું છે).

અશુદ્ધદ્રવ્યાર્થિકરૂપ પર્યાયાર્થિકનયને ગૌણ કરી.... અભાવ કરીને નહીં. વીતરાગની વાણી સ્યાદ્‌વાદથી આ રીતે (વસ્તુને) બતાવે છે. ગૌણ કરી તેને વ્યવહાર કહે છે.... દેખો ! કહો, ધરમચંદભાઈ ! આ (ત્રિકાળી દ્રવ્યને) નિશ્ચય કહ્યું અને એને મુખ્ય કહ્યું. સમજાણું કાંઈ ?....... (ત્રિકાળી દ્રવ્ય) 'મુખ્ય' (એવો) નિશ્ચય (આશ્રય કરવાયોગ્ય) છે ને....

'નિશ્ચય' (–હોવાપણે) તો બેય (–દ્રવ્ય ને પર્યાય) નિશ્ચય છે. (અરે !)....

(૧) દ્રવ્ય પણ નિશ્ચય છે,
(૨) ગુણ પણ નિશ્ચય છે ને
(૩) પર્યાય પણ નિશ્ચય છે.
(૪) અશુદ્ધતા પણ નિશ્ચય છે ને
(૫) શુદ્ધ (દ્રવ્ય) પણ નિશ્ચય છે.

પણ શુદ્ધ (દ્રવ્યને) નિશ્ચય (–આશ્રય કરવાયોગ્ય) બતાવીને એનું 'મુખ્ય'પણું બતાવ્યું છે અને અશુદ્ધ પર્યાયને (વ્યવહાર) બતાવી તેનું 'ગૌણ'પણું બતાવ્યું છે. કહો, બરાબર છે ?

શ્રોતા : પર્યાય .....

પૂજ્ય ગુરુદેવશ્રી : પકડાણું નથી. ક્યાંક.... ક્યાંક ફેર પડ્યો પહેલાં (કહેવામાં).

શુદ્ધ દ્રવ્યને નિશ્ચય (–હોવાપણે) કહીને મુખ્ય કહ્યો—એમ નથી,
શુદ્ધ દ્રવ્યને મુખ્ય કરીને નિશ્ચય (–આશ્રય કરવાયોગ્ય) કહ્યો છે.

નિશ્ચય (-હોવાપણે) કરીને મુખ્ય કહો, તો નિશ્ચય તો પર્યાય પણ છે. સમજાણું કાંઈ ?

સમજાણું કે નહિ આમાં ?

નિશ્ચય કરીને મુખ્ય કહ્યો—એમ નથી, (કારણ કે) નિશ્ચય તો ત્રણેય નિશ્ચય છે.... દ્રવ્યેય નિશ્ચય છે, ગુણેય નિશ્ચય છે, પર્યાયેય નિશ્ચય છે. કારણ કે 'સ્વ આશ્રય તે નિશ્ચય'.... પોતામાં છે તે નિશ્ચય અને પર તે વ્યવહાર.... પર તે વ્યવહાર.

હવે અહીંયા ત્રણેય (-દ્રવ્ય, ગુણ ને પર્યાય હોવાપણે) નિશ્ચય છે એમાં એકને વ્યવહાર કહી દેવો છે.... (અશુદ્ધ) પર્યાયને. વ્યવહાર તો પરને કહેવાય, છતાં (અશુદ્ધ) પર્યાયને.... અશુદ્ધદ્રવ્યાર્થિક (નય)ના વિષયરૂપ (અશુદ્ધ) પર્યાયને વ્યવહાર કહેવો છે.

એને વ્યવહાર કહેવો છે કેમ ?

કે ત્રિકાળી શુદ્ધ દ્રવ્યને મુખ્ય કરીને નિશ્ચય કહ્યું અને (અશુદ્ધ) પર્યાયને.... અશુદ્ધદ્રવ્યાર્થિક (નય)ના (વિષયરૂપ) પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને 'નથી'—એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ? છગનભાઈ !

શ્રોતા : .........

પૂજ્ય ગુરુદેવશ્રી : હાં, વાત ઠીક (-બરાબર) છે. પર્યાયકે આશ્રયસે પ્રયોજન સિદ્ધ નહીં હોતા. (શુદ્ધ) પર્યાય તો એક અંશ છે, એમાંથી કાંઈ નવી પર્યાય પ્રગટ થતી નથી અને પુણ્ય-પાપના ભાવ તે મેલ છે, એને આશ્રયે કાંઈ આત્માને સમ્યગ્દર્શન થાય ? (ન થાય). તેથી તે પર્યાય પોતાની અવસ્થા હોવા છતાં.... પુણ્ય-પાપના ભાવ પોતાના હોવા છતાં તેમાંથી (-તેનાથી) પ્રયોજન સિદ્ધ થતું નથી. અને એનો આશ્રય તો અનાદિનો કરી જ રહ્યો છે. આહાહા ! સમજાણું કાંઈ ?

તેથી પર્યાયના વિષયને ગૌણ કરી વ્યવહાર કહ્યો છે, (પણ) 'નથી' (-અભાવ) કરીને વ્યવહાર કહ્યો છે—એમ છે નહિ. એમ ત્રિકાળી દ્રવ્યને નિશ્ચય (-હોવાપણે) કહીને મુખ્ય કહ્યો છે—એમ છે નહિ, (પણ) ત્રિકાળીને મુખ્ય કરીને

નિશ્ચય કહ્યો છે કે જેનો આશ્રય કરવાથી ધર્મ ને સમ્યગ્દર્શન થાય છે. સમજાણું કાંઈ ?

આવી વીતરાગની.... પરમાત્મા પરમેશ્વરની વાણી છે. લોકોને તેની સમજ નથી બિચારાને. વાડામાં (લોકો) 'વ્યવહાર.... વ્યવહાર.... વ્યવહાર....' કર્યા કરે છે કે 'અમારો વ્યવહાર'. અરે ! પણ તારો દયા-દાન-વ્રતનો (વિકલ્પ) 'વ્યવહાર' ક્યારે કહેવાય ? 'વ્યવહાર' (અર્થાત્) વ્યવહારધર્મ હોં. એ (વિકલ્પને વ્યવહારધર્મ ત્યારે કહેવાય કે) એનાથી ભિન્ન પડી શુદ્ધ દ્રવ્યસ્વભાવનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ પ્રગટે પછી એ કાળે જરી કાંઈ દયા-દાન-ભક્તિ આદિ ભાવ હોય એને 'વ્યવહારધર્મ' કહેવામાં આવે છે.... ત્યારે (વ્યવહારધર્મ) કહેવાય, (પણ) હજી આહીં (–પરિણતિમાં) પરમાર્થ વિના વ્યવહાર ક્યાંથી આવ્યો ? એકડા વિના મીંડા ક્યાંથી ગણવામાં આવ્યા ? સમજાણું કાંઈ ?

જુઓને ! સરસ લખ્યું છે એ. ૧૧મી (ગાથા) અને ૧૨મી (ગાથા)નું સ્પષ્ટીકરણ કર્યું છે. ૧૧મી (ગાથા)માં એમ કહ્યું હતુંને ? કે વસ્તુ ભગવાન પૂર્ણાનંદ છે તે ભૂતાર્થ છે (અને) એ જ શુદ્ધનય છે (અથવા) તે (શુદ્ધ)નય જ શુદ્ધ (–ભૂતાર્થ) છે (અને) પર્યાય અભૂતાર્થ છે.... જૂઠી છે.

ભાઈ ! પર્યાયને 'જૂઠી' કહેવાનો આશય (–કહેવાની પાછળ પ્રયોજન) છે. પર્યાય તો વિદ્યમાન છે.... 'છે', એનામાં (–પદાર્થમાં) છે.... કંઈ કોઈમાં (–બીજી ચીજમાં નથી).... બીજી ચીજ નથી.... પર્યાય કંઈ બીજી ચીજ નથી. તે એની પોતાની ચીજ છે.... વિદ્યમાન છે.... નિશ્ચય છે.... યથાર્થ છે.... (તેની) હયાતી છે. એવી (એક સમયની) હયાતીવાળી ચીજને ગૌણ કરીને 'વ્યવહાર' કહ્યો અને ત્રિકાળી ચીજ ધ્રુવ છે તેને મુખ્ય કરીને 'નિશ્ચય' કહ્યો. સમજાણું કાંઈ ?

જુઓ ! આ વીતરાગમાર્ગના રહસ્ય છે. સમજાય છે ? વીતરાગની આખી વાણી.... ચારેય અનુયોગમાં આ રીતે કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ ? ચારેય અનુયોગનું તાત્પર્ય તો વીતરાગતા છે (પંચાસ્તિકાયસંગ્રહ, ગાથા-૧૭૨) અને વીતરાગતા.... શુદ્ધ દ્રવ્યનો આશ્રય કરે તો જ વીતરાગતા પ્રગટે, એ સિવાય વીતરાગતા પ્રગટે નહીં. સમ્યગ્દર્શન.... નિશ્ચય સમ્યગ્દર્શન વીતરાગી (દશા) છે.

સમ્યગ્દર્શન.... સરાગ (સમ્યગ્દર્શન) એ કાંઈ સમ્યગ્દર્શન છે નહીં. સમજાણું કાંઈ ?

નિશ્ચય સમ્યગ્દર્શન એ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાય, પર્યાયને આશ્રયે.... અશુદ્ધતાને આશ્રયે.... ભેદને આશ્રયે નથી પ્રગટતી. પણ એમાં (–ભેદાદિમાં) ક્યાં (વીતરાગતાની) ખાણ છે (કે એમાંથી પ્રગટે) ?

ભગવાન આહીં (–અંદરમાં) પૂર્ણાનંદ પ્રભુ ધ્રુવ છે એમાં અનંત આનંદ.... અનંત શુદ્ધતા (આદિ) પડ્યા છે. એમાં એકાગ્ર થાય તો શુદ્ધતા પ્રગટે.... આનંદ પ્રગટે.—એવું આત્માના ધર્મનું પ્રયોજન સિદ્ધ કરવા.... પ્રયોજનને વશે,.... વસ્તુ ત્રિકાળી છે તે પણ એનો (–પદાર્થનો) અંશ છે છતાં તેને મુખ્ય કરીને 'નિશ્ચય' કહ્યો (અને) પર્યાય પણ તેનો (–પદાર્થનો) અંશ છે છતાં પ્રયોજન સિદ્ધ કરવા તેને ગૌણ કરીને 'વ્યવહાર' કહ્યો.... 'નથી'—એમ કહ્યું. સમજાણું કાંઈ ?

આ તો સમજાય એવું છે હોં. ભાષા કાંઈ બહુ એવી કડક (–અઘરી) નથી આવતી. સાદી.. સાદી.. સાદી ભાષા છે. સાદા પદો છે. આવા જિનવચનમાં જે પુરુષ રમણ.... જુઓ ! આવી વીતરાગની વાણીમાં જે પુરુષ રમણ કરે છે.... (વીતરાગની વાણીમાં) એ કહ્યું છે કે જે આત્મા વસ્તુ છે તે શુદ્ધ.... તે મુખ્ય.... તે નિશ્ચય છે.—એવી (વસ્તુ) છે એમાં જે રમે છે.... એ શુદ્ધ સ્વરૂપમાં જે એકાગ્ર થાય છે તેને સમ્યગ્દર્શન ને શાંતિ થાય છે.

આવા જિનવચનમાં.... જુઓ ! આવા જિનવચનમાં (રમે છે) હોં.

(અજ્ઞાની) માળા એવો અર્થ કરે છે કે 'બે નયમાં રમે. જુઓ ! બે નય કીધી છે.... ભગવાને બે નય કીધી છે'.

પણ બે નયોને વિષયનો તો વિરોધ (છે—એમ) પાઠમાં (–શ્લોકમાં) છે.

શું કીધું ?

જુઓ ! પાઠ છે ? 'उभयनयविरोधध्वंसिनि'.... (બે નયના વિષયનો) સીધો વિરોધ છે.... દ્રવ્ય ત્રિકાળ છે, પર્યાય એક સમય છે; ત્રિકાળી (દ્રવ્ય) શુદ્ધ છે,

પર્યાય અશુદ્ધ છે.—બેયનો વિષય તો વિરુદ્ધ છે. (તો) બે વિરોધી (વિષય)માં શી રીતે રમવું હવે ? સમજાય છે ?

આહીં (બાહ્ય ભાવોમાં) એકાકાર થાય ત્યારે મિથ્યાત્વ થાય છે અને આમ (–ત્રિકાળી દ્રવ્યમાં) એકાકાર થાય ત્યારે સમ્યક્ થાય છે. હવે આ બે (વિરુદ્ધ) વિષયમાં એકી સાથે શી રીતે રમે ? સમજાણું કાંઈ ? પાઠમાં જ છે કે **'उभयनयविरोधध्वंसिनि'**.... બે નયોમાં (–તેના વિષયમાં) વિરોધ છે.... બે નય(ના વિષય) પરસ્પર વિરુદ્ધ છે. તો પરસ્પર વિરોધી (વિષય)માં બેય ઠેકાણે (એક સાથે) શી રીતે હીંડોળે હીંચકવું (–રમવું) ? કહો, સમજાણું કાંઈ ?

એક નયનો વિષય પર્યાય આદિ ભેદ (અને) એક નયનો વિષય અભેદ.... બેયને (વિષયનો) વિરોધ છે. હવે બેયના (વિષયમાં) વિરોધ છે, તો બેયમાં એક સાથે શી રીતે રમવું ? સમજાણું કાંઈ ?

તો કહે છે, જ્ઞાનીની વાણી એ વિરોધને મટાડી દે છે. એને.... શુદ્ધ દ્રવ્ય ત્રિકાળીને મુખ્ય કરી, નિશ્ચય કહીને તેમાં એકાગ્ર થવાનું કહે છે (અને) અશુદ્ધતાને ગૌણ કરીને.... પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહી છે. તેનું જ્ઞાન ભલે હો, પણ આશ્રય કરવાલાયક નથી.... આદરવાલાયક નથી (—એમ કહે છે). સમજાણું કાંઈ ? જ્ઞાનચંદજી ! સમજમેં આતા હૈ કિ નહીં ? ઐસી બાત હૈ દેખો !

તે આ શુદ્ધ આત્માને યથાર્થ પામે છે.... દેખો ! આવા જિનવચનમાં રમે છે તે આ શુદ્ધ આત્માને એટલે કે શુદ્ધ દ્રવ્ય તો છે, પણ તેમાં એકાગ્રતા કરે છે એટલે શુદ્ધ આત્માને યથાર્થ પામે છે.... તેની પર્યાયમાં શુદ્ધાત્માનું યથાર્થ ભાન થાય છે —એમ કહે છે. સમજાણું કાંઈ ?

ભગવાન આત્મામાં બે અંશો.... બે પ્રકારો વિદ્યમાન છે—હયાત છે. બેય (અંશોની) હયાતી છે....

(૧) (ત્રિકાળી) વસ્તુ શુદ્ધ છે,
(૨) પર્યાય અશુદ્ધ છે.

(વસ્તુ દ્રવ્યપણે) અભેદ (પણ) છે, પર્યાયમાં ભેદ (પણ) છે. (વસ્તુમાં) બેયની હયાતી છે. બેયની હયાતી હોવા છતાં એકની.... પર્યાયની હયાતીને આશ્રયે

ધર્મ થતો નથી. કેમ કે એ (–અજ્ઞાની) તો અનાદિનો પર્યાયનો આશ્રય કરી જ રહ્યો છે. એથી તેની (–પર્યાયની) હયાતી હોવા છતાં, લક્ષ છોડાવવા, તેને ગૌણ કરીને વ્યવહાર કહી નાખી છે. ભગવાન આત્મા શુદ્ધ વસ્તુ છે એ એનો (–પદાર્થનો) ત્રિકાળી અંશ છે. આ (–ત્રિકાળી) અંશ છે એવો આ (–પર્યાય) અંશ (હયાતીરૂપ) છે, પણ આ ત્રિકાળી અંશનો આશ્રય કરતાં સમ્યગ્દર્શન થાય છે તેથી તેને મુખ્ય કરી નિશ્ચય કહ્યો.... તેને 'સત્' કહ્યો. સમજાણું કાંઈ ?

બહુ સરસ (વાત) છે. જુઓને ! એકેએક.... બધા બોલ લીધા છે. સત્ -અસત્, એક-અનેક (આદિ) બધા (બોલ) એમણે (–પંડિત જયચંદજીએ) નાખ્યા છે. એ બધા ભલે 'છે'.... 'હો'.... વિદ્યમાન છે, (પણ તેથી) શું છે ?  નય (બન્ને) છે, પણ આદરવાલાયક તો (દ્રવ્યાર્થિકનયનો વિષય) એક ત્રિકાળી દ્રવ્ય છે તે જ છે. અનિત્યપણું, અનેકપણું, ભેદપણું, અશુદ્ધપણું.... (આદિ) આદરવાલાયક નથી. તે (બધા) વિદ્યમાન છે.... (તેમનું) વિદ્યમાનપણું તો સિદ્ધ કર્યું (અને) એ અપેક્ષાએ તો (તેઓ) 'છે'. સમજાણું કાંઈ ? મૂળ વસ્તુ આ (સમજવા જેવી) છે.

આ તો હજી ચોથો (કળશ છે, પણ વિષય સંબંધી) પહેલો જ (કળશ) આવ્યો છેને ? (વિષય સંબંધી) પહેલો જ કળશ છે. (પહેલા) ત્રણ (કળશ) તો ઉપોદ્‌ઘાતના હતા. બાર ગાથા (પછી)નો આ કળશ છે. 'નિશ્ચય'નો અર્થ બહુ સરસ વિસ્તારથી કર્યો છે.

આવા વીતરાગભાવમાં.... (અહીં જિનવચન =) વીતરાગ વચન એટલે કે વીતરાગભાવ.... ત્રિકાળી વીતરાગભાવ. શુદ્ધદ્રવ્યાર્થિક (નય) એટલે (જેનો વિષય) ત્રિકાળી વીતરાગ વિજ્ઞાનઘન (છે, અને) એમાં જે રમે છે એને વીતરાગભાવ પ્રગટ થાય છે. કહો, સમજાય છે કાંઈ ? બહુ મોંઘું (–મુશ્કેલ) પડે એવું નથી હોં સમજવામાં. પુરુષાર્થ માટે મોંઘું છે, પણ સમજવા માટે એમ નથી કે આ (બહારનું) બધું સમજાય, (ને આ તત્ત્વ) ન સમજાય. એવું છે કાંઈ ? (ના, સમજાય એવું છે). સત્ ....ભાવો બસ એટલો જીવ છે.

આખા જૈનશાસનનો સાર.... બાર અંગનું પ્રયોજન.... વસ્તુસ્વરૂપ તરફનો ઝૂકાવ કરવો—એ જ આખા બારેય અંગનું પ્રયોજન છે.

નિમિત્ત ને પર (તરફ)નો તો ઝૂકાવ નહીં, પણ પોતામાં રહેલી અવસ્થારૂપ વિદ્યમાનતા છે એનો (–પર્યાય તરફનો) પણ ઝૂકાવ નહીં. ઓહોહો !

બધી ચીજો છેને ? દેવ-ગુરુ-શાસ્ત્ર, બાયડી, છોકરા, કુટુંબ, છ દ્રવ્ય છેને બધું ?

'હો'.... 'છે'.... એની કોણે ના પાડી ? પણ એ બધી આત્મા સિવાયની ચીજો છે એનો આશ્રય કરવા જેવો નથી, કારણ કે એ તો પર છે. પરાશ્રય (–પરમાં તન્મયપણું) શી રીતે થાય ?

હવે (કોઈ કહે કે) આશ્રય (કરવો) રહ્યો (પોતાની) પર્યાયનો.

(સમાધાન :) એક સમયની પર્યાયનો આશ્રય કરવા જાય તો પર્યાય તો ક્ષણિક છે. એનો આશ્રય કરવા જાય તો વિકલ્પ ઊઠશે અને લાભ માને તો સાવ મિથ્યાત્વ.... વ્યવહારબુદ્ધિ થઈને મિથ્યાત્વ થશે. તેથી તે પર્યાયનો (આશ્રય લેવા જેવો નથી).

પરવસ્તુને તો (આશ્રય લેવા માટે) કાઢી નાખી, (કેમ કે) જે એમાં (–પોતાનામાં) નથી એનો આશ્રય કરવો એ તો પ્રશ્ન છે જ નહીં.

(હવે), એનામાં પર્યાય છે ને દ્રવ્ય છે ત્રિકાળી. એમાંય પર્યાયને ગૌણ કરીને આશ્રય કરવાલાયક નથી (—એમ કહે છે, કેમ કે) ત્રિકાળી વસ્તુનો આશ્રય કરીને (–કરતાં) સમ્યગ્દર્શન થાય છે. કહો, સમજાણું આમાં ?

આ દ્રષ્ટિએ શાસ્ત્ર વાંચે તેને (શાસ્ત્રના) અર્થ સમજતાં આવડે.

(અજ્ઞાની) પોતાની દ્રષ્ટિ મૂકીને (–રાખીને શાસ્ત્રના) અર્થ કરે છે કે 'એ એમાં આમ કહ્યું છે.... એ આમાં આમ કહ્યું છે.'

(સમાધાન :) (ભાઈ !) બધું કહ્યું છે, લે. (પણ) એમાં હેતુ–પ્રયોજન શું છે અને જાણવાયોગ્ય શું છે—એ બે વાતને સિદ્ધ કરવી જોઈએ. સમજાણું ? <u>બારેય અંગમાંથી ગમે તે લખાણ હો, પણ એમાંથી 'સ્વ આશ્રય કરવો'—એ વાત કાઢી લેવી જોઈએ. પર્યાય ને રાગ હોવા છતાં આશ્રય કરવાલાયક નથી, પણ જાણવાલાયક છે—એવો અર્થ કાઢવો જોઈએ</u>. અમરચંદભાઈ !

શ્રોતા : ....

પૂજ્ય ગુરુદેવશ્રી : મલિનતા હૈ, પણ ગૌણ કરીને 'નહીં હૈ' (—ઐસા કહા). નિર્મલતા (-નિર્મલ દ્રવ્ય) છે (એને) મુખ્ય કરીને 'એ જ સત્ય છે'.... મુખ્ય કરીને 'એ જ સત્ય છે' (—એમ કહ્યું અને) ગૌણ કરીને એ (મલિનતા) 'નથી'—એમ કહ્યું છે. ઓહોહો !

બહુ આમાં મગજને કેળવવું પડે ન્યાલભાઈ ! વ્રત ને પોષો (-પૌષધ ઉપવાસ) કરી નાખવો એવું નથી આ. (અજ્ઞાની એવું માને છે કે) 'એક પોષો કરી નાખ્યો (એટલે) જાઓ ! (ધર્મનું કાર્ય) થઈ ગયું. એક ઉપવાસ કરી નાખ્યો (એટલે ધર્મ થઈ ગયો).' (પણ ભાઈ ! એ શરીરની ક્રિયા) કોણ કરતો હતો ?

એને (-જ્ઞાનીને પણ) એ જાતનો (-વ્રતાદિનો) વિકલ્પ વચ્ચે (સાધનામાં) આવ્યા વિના રહેશે નહિ, (પણ એની) દ્રષ્ટિ ક્યાં છે એ 'વાતની વાત' છે (-એ મુખ્ય વાત છે). સમજાણું કાંઈ ?

એની (-જ્ઞાનીની) દ્રષ્ટિ ક્યાં છે ?

(૧) (શું) વિકલ્પ ઉપર છે ? (ના).
(૨) (શું) પર્યાય ઉપર છે ? (ના).
(૩) (શું) સંયોગ ઉપર છે ? (ના).
(૪) (શું) રાગ ઉપર છે ? (ના).

કે

(૫) (ત્રિકાળી) દ્રવ્ય ઉપર છે ? (હા).

—એ (રાગાદિ) બધું (જ્ઞાનીને પણ) છે એમ (સાચું) છે, (કેમ કે) જ્ઞાનીને (અસ્થિરતાના) વિકલ્પ નથી આવતા ? (જ્ઞાનીને પણ) હોય તો (રાગાદિ) બધું હોય, (પણ) હોય તેથી શું છે ? એ વિકલ્પ આવે છે (અને) એ આવે છે (તેથી તે) વિદ્યમાન છે, છતાં તેને 'ગૌણ' કરીને તેનું જ્ઞાન કરવું—એમ કહેવામાં આવે છે.

(જ્ઞાનીને પણ રાગાદિ) છેને ? (જો જ્ઞાનીને રાગાદિ) ન હોય તો પછી પૂર્ણ (-કેવળી) થઈ ગયા (હોય). (જ્ઞાનીને રાગાદિ) હોય એનું જ્ઞાન હોય કે (રાગાદિ)

ન હોય એનું જ્ઞાન હોય ? (હોય તો જ એનું જ્ઞાન હોય). સમજાણું કાંઈ ? જુઓ ! આટલું બધું આ.... જયચંદજી પંડિતે અર્થ ભર્યા છે, જુઓ !

(તે) આ શુદ્ધ આત્માને (યથાર્થ પામે છે).... આ રીતે (જિનવચનમાં જે) રમે છે તે યથાર્થ.... 'યથાર્થ'.... એમ (શબ્દ છે અર્થાત્) જેવો આત્મા છે તેવો તે શ્રદ્ધા-જ્ઞાનમાં પ્રાપ્ત કરે છે—એમ કહે છે.

અન્ય સર્વથા એકાન્તી.... એક જ પક્ષને માનનારા....

કાં નિત્ય જ, કાં અનિત્ય જ;
કાં શુદ્ધ જ, કાં અશુદ્ધ જ;
કાં દ્રવ્ય (જ), કાં પર્યાય (જ);
કાં નિત્ય (જ), કાં અનિત્ય (જ).

—એવા એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી.... નથી.... 'નથી' એવું માને તો (આત્માને) પામે ક્યાંથી ?—એમ (કહે છે). 'છે' એવું માને અને 'છે' એમાં પણ, ત્રિકાળી (વસ્તુ) 'છે' (—એમ માને અને પર્યાય) અંશ છે એને ગૌણ કરીને માને તો તો (આત્માને) પામે.

જેને આ વસ્તુની ખબર નથી (અને) મુખ્ય-ગૌણ કરવું કેમ (તથા) શા માટે (કરવું)—એની પણ જેને ખબર નથી એવા એકાંતીઓ આત્માના સ્વરૂપને પ્રાપ્ત કરતા નથી.... ચાહે તો ધ્યાનમાં રહે, જંગલમાં રહે (અને) સુકાઈ જાય.

કારણ ? જુઓ ! (હવે કારણ) આપે છે....

સર્વથા એકાન્તી સાંખ્યાદિક એ આત્માને પામતા નથી, કારણ કે વસ્તુ સર્વથા એકાંત પક્ષનો વિષય નથી....

સર્વથા એકાંત પક્ષનો વિષય.... (એટલે) ?

(આત્મા સર્વથા) શુદ્ધ જ છે, અશુદ્ધતા પર્યાયમાં નથી (અથવા તે) અશુદ્ધ જ સર્વથા છે ને શુદ્ધ નથી.

(પણ) એવો પદાર્થ કે વિષય જ નથી. સર્વથા એક પક્ષની વસ્તુ.... પદાર્થ.... વિષય.... જ નથી.

તોપણ તેઓ એક જ ધર્મને ગ્રહણ કરી.... કાં તો એક જ પર્યાયને, કાં તો એક જ દ્રવ્યને, કાં તો એકલી અશુદ્ધતાને, કાં તો એકલા શુદ્ધને ગ્રહણ કરી વસ્તુની અસત્ય કલ્પના કરે છે.... વસ્તુની જૂઠી કલ્પના કરે છે—જે અસત્યાર્થ છે, બાધા સહિત.... વિરોધ સહિત મિથ્યા દ્રષ્ટિ છે. સમજાણું કાંઈ ?

આ રીતે બાર ગાથાઓમાં પીઠિકા છે.... લ્યો ! આ બાર ગાથામાં પીઠિકા.... ભૂમિકા બાંધી. હવે તેરમી (ગાથા)થી વિસ્તાર.... વિસ્તાર.... કરશે. મૂળ માર્ગ આમાં બધો આવી ગયો. સામાન્યપણે.... સંક્ષેપમાં બાર ગાથા પીઠિકા (છે). પીઠિકા નથી (હોતી) આ ? ઝાડમાં (ઝાડ ફરતે) ઓટલો હોય છેને મોટો ઓટલો, પછી ઝાડ (વચ્ચે) ઊગે છેને. (અહીં) ઓટલો બાંધ્યો.... પીઠિકા (રચી) કે આમાં બધું છે (અને) આમાંથી બધું ઊગવાનું (–વિસ્તાર થવાનો) છે—એમ (કહેવું છે). સમજાણું કાંઈ ?

હવે આચાર્ય શુદ્ધનયને પ્રધાન કરી.... શુદ્ધનયને.... ત્રિકાળી (વસ્તુને) મુખ્ય કરી (કહે છે). શુદ્ધનય કહો કે ત્રિકાળી વસ્તુ કહો (—એક જ છે). જુઓ ! (અહીં) 'પ્રધાન' શબ્દ વાપર્યો છે, ત્યાં (–ચોથા કળશના ભાવાર્થમાં) 'મુખ્ય' શબ્દ વાપર્યો છે.

શુદ્ધનયને મુખ્ય કરી નિશ્ચય સમ્યક્ત્વનું સ્વરૂપ કહે છે. અશુદ્ધનયની (વ્યવહારનયની) મુખ્યતામાં જીવાદિ તત્ત્વોના શ્રદ્ધાનને સમ્યક્ત્વ કહ્યું છે.... સમજાય છે ? વ્યવહારની શ્રદ્ધામાં.... ભેદની શ્રદ્ધામાં.... જીવાદિની શ્રદ્ધાને વ્યવહારે સમકિત કહ્યું છે.

તો અહીં એ જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમકિત થાય છે એમ કહે છે.... અભેદ દ્રષ્ટિથી સમકિત થાય છે, (પણ) એવા નવના ભેદની (દ્રષ્ટિ)થી સમકિત થતું નથી. એને (–ભેદની શ્રદ્ધાને) તો વ્યવહાર સમકિત કહ્યું (છે અને) વ્યવહાર સમકિત છે એનો.... (ભેદનો) એકલો અનુભવ કરે તો મિથ્યાત્વ જ છે. સમજાણું કાંઈ ?

જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે જાણવાથી સમકિત થાય છે એમ કહે છે.... જીવાદિ તત્ત્વોને શુદ્ધનય વડે.... એટલે કે એકલા આત્મા વડે....—એમ (કહેવું છે).

ત્યાં ટીકાકાર એની સૂચનારૂપે ત્રણ શ્લોક કહે છે.... લ્યો ! આ (કળશ) તેરમી (ગાથા) માટે કીધો છે. (આ કળશ) તેરમી (ગાથા)નો ઉપોદ્ઘાત છે.

તેમાં પહેલા શ્લોકમાં એમ કહે છે કે વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો તોપણ તે કાંઈ વસ્તુભૂત નથી.... એની સાથે મેળવે છે.... પૂર્વ(ની બારમી ગાથા)ની સાથે મેળવ્યું એટલું. વ્યવહારનયને કથંચિત્ પ્રયોજનવાન કહ્યો.... પણ એ કાંઈ.... સાચી સમજણ (કે) અનુભવ થતાં એ કાંઈ કામ કરતું નથી.

પાંચમો શ્લોક.

**व्यवहरणनयः स्याद्यद्यपि प्राक्पदव्या-**
**मिह निहितपदानां हन्त हस्तावलम्बः ।**
**तदपि परममर्थं चिच्चमत्कारमात्रं**
**परविरहितमन्तः पश्यतां नैष किञ्चित् ।।५।।**

જુઓ !.... જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાંસુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાંસુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે.

ત્યાં *[1]('प्राक्पदव्या' શબ્દનાં) બે અર્થ કર્યાં છે....

(૧) (આ પાંચમા કળશને) જો નવી.... તેરમી ગાથાની ટીકાનો ઉપોદ્ઘાત ગણીએ, તો તો એને (–અજ્ઞાનીને આત્મા) સમજવામાં પહેલાં ગુણ-ગુણીના ભેદનું કથન આવ્યા વિના રહેતું નથી. સમજાય છે ? 'આ

---

*[1] કલશ ટીકા શાસ્ત્રના પ્રારંભમાં 'ટીકા ઔર ટીકાકાર'ના લેખમાં પંડિત ફૂલચંદજીએ 'प्राक्पदव्या' શબ્દનાં (૧) 'अर्वाचीनपदव्यां' અને (૨) 'व्यवहारपदव्यां' —એવા બે અર્થ કર્યા છે.

ગુણી (તે આત્મા).... આ જ્ઞાન તે આત્મા.... જ્ઞાન તે આત્મા....' એટલો વ્યવહાર પહેલો આવે છે.... હોય છે—એટલું હોં. પણ અનુભવ થતાં એ વ્યવહાર રહેતો નથી. અને....

(૨) વ્યવહારની (–જ્ઞાનીની સવિકલ્પ દશાની) અપેક્ષાએ લઈએ (તો **'प्राक्पदव्या'**ના અર્થમાં) પંડિત ફૂલચંદજીએ એમ (પણ) લીધું છે કે (જ્ઞાનીને) સવિકલ્પ દશામાં 'વ્યવહાર' હોય છે. ત્યાં તો પૂર્ણની (–પૂર્ણ વીતરાગતાની) સાથે સંધિ કરી છે.

(૧) આ તેરમી ગાથાની ટીકાનો ઉપોદ્‌ઘાત (છે એમ) જો લઈએ તો એમ પણ લેવાય કે.... કોઈ પણ પ્રાણીને 'આત્મા' કહેવો (–સમજાવવો) હોય, તો આટલો તો ભેદ વ્યવહાર(થી) સમજાવવામાં (આવ્યા) વિના રહેતો નથી. 'જ્ઞાન તે આત્મા.... જાણે તે આત્મા....' એટલો તો વ્યવહાર (–ભેદ) પહેલા સમજાવવામાં (સમજાવનારને) અને સમજનારને આવે છે. પણ અંતરમાં જતાં એ કોઈ વસ્તુ (–ભેદ) આદરણીય છે નહીં. સમજાણું કાંઈ ? એ વ્યવહાર 'હો', પણ એ વસ્તુ (–ભેદ) અનુભવ કરતાં કાંઈ કામ કરતો નથી. એ બતાવ્યું એણે (–ભેદે) કે, આ.... 'અંતરમાં આત્મા જ્ઞાયકસ્વરૂપ છે.'

અથવા (બીજી રીતે અર્થ લઈએ તો)....

(૨) વ્યવહારનય પહેલી પદવીમાં એટલે કે (જ્ઞાનીને) પૂર્ણ શુદ્ધતાની પ્રાપ્તિ થઈ નથી.... સાધકદશામાં છે (અને) જ્યારે તે સવિકલ્પમાં આવે /(હોય) છે.... રાગમાં આવે/(હોય) છે ત્યારે તેને વ્યવહાર (–ભેદ) આવે છે. એટલે એ (ભેદ) જાણવો તે પ્રયોજનવાન છે, પણ વસ્તુનો આશ્રય.... (ફરીને નિર્વિકલ્પ) દ્રષ્ટિ કરવામાં એ (–ભેદ) કાંઈ કામ કરતો નથી. સમજાણું કાંઈ ?

વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં.... પહેલી પદવીના બે અર્થ છે :

(૧) અનુભવ થવા પહેલાં ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ આવવો અને

(૨) અનુભવ થયા પછી પણ નિર્વિકલ્પતા પૂર્ણ ન થાય ત્યાં સુધી પણ તેને 'પહેલી પદવી' કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

(પહેલી પદવીમાં) 'વ્યવહારનય છે' એટલે ?

(સાધકદશામાં) અશુદ્ધપણું (આદિ) જાણવાલાયક છે.... (તેમ જ અનુભવ પહેલાં) ભેદપણું આવે છે.

તે પહેલી પદવીમાં (જ્યાંસુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાંસુધી) જેમણે પોતાનો પગ માંડેલો છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે.... (આચાર્યદેવ) ખેદ કરીને કહે છે : 'અરે ભગવાન આત્મા ! પૂર્ણાનંદનો નાથ પ્રભુ !...' એને ભેદથી સમજાવે છે કે 'આ આત્મા.... જ્ઞાન તે આત્મા....' અરેરે ! એવો વ્યવહાર (–ભેદ/વિકલ્પ) વચ્ચે આવે છે.... ખેદ છે. 'हन्त:'.... નહીંતર તો એનો (–વ્યવહારનો) આશ્રય આવ્યા વિના સીધો આત્માને અનુભવી (લેત), પણ એટલો વ્યવહાર વચ્ચે આવ્યા વિના રહેતો નથી. સમજાણું કાંઈ ? તેથી વ્યવહારને 'અભૂતાર્થ' કહેવામાં આવે છે.

ગજાધરલાલે આનો ('हन्त:'નો) અર્થ લીધો છેને એમાં.... 'પરમ અધ્યાત્મ તરંગિણી'માં. 'हन्त' કહીને આચાર્ય ખેદ બતાવે છે કે વ્યવહાર આવે છે (એનો) ખેદ છે. અરે ! અભેદ ભગવાન આત્મા છે એને ભેદ તરીકે લક્ષમાં લઈને સમજવો.... અરે ! વ્યવહાર વચમાં આવો આવે છે !! 'આ જ્ઞાન તે આત્મા....' એવો ભેદ પાડીને પહેલા સમજાવે છે (અને શ્રોતા) સમજે છે. શું કરીએ ? એ વ્યવહાર વચ્ચે એટલો આવ્યા વિના રહેતો નથી. નહીંતર તો, સીધો આત્માને.... ભૂતાર્થને પકડવો એ વસ્તુ (–કરવાયોગ્ય કાર્ય) છે. સમજાણું કાંઈ ?

જે વ્યવહારનય છે તે જો કે આ પહેલી પદવીમાં (જ્યાંસુધી શુદ્ધ સ્વરૂપની પ્રાપ્તિ ન થઈ હોય ત્યાંસુધી) જેમણે પોતાનો પગ એટલે કે (જેનું) લક્ષ (ભેદ ઉપર) રહેલું છે એવા પુરુષોને, અરેરે ! હસ્તાવલંબ તુલ્ય કહ્યો છે.... દેખો ! 'હસ્તાવલંબ' (શબ્દ) આવ્યો હતો. વ્યવહારનયને હસ્તાવલંબ.... સહાયક ગણીને કહ્યો છે,.... (—એમ) ૧૧મી ગાથાના (ભાવાર્થ)માં જયચંદ પંડિતે કહ્યું હતું. 'પણ એનું ફળ સંસાર જ છે'—એમ (પણ) ત્યાં કહ્યું હતું. સમજાણું કાંઈ ?

ભેદનું (–ભેદના વિકલ્પનું) ફળ શું હોય ?

(ભેદનો) વિકલ્પ છે એનું ફળ તો સંસાર છે. એનાથી (–ભેદનો વિકલ્પ છોડી) અંદરમાં જાય તો (ભેદના વિકલ્પને) નિમિત્ત કહેવામાં આવે. આહાહા ! ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન છે. એની વર્તમાન અવસ્થા એને પહોંચી વળે.... બસ, પછી 'આ જ્ઞાન તે આત્મા' એવા ભેદ ત્યાં રહેતા નથી, એટલે કે વ્યવહાર 'જૂઠો' થઈ ગયો ત્યાં. સમજાણું કાંઈ ?

'એવો મારગ વીતરાગનો, ભાખ્યો શ્રી ભગવાન....'—આવું ભગવાને કહ્યું છે ભાઈ ! આમાં વાદ-વિવાદને અવસર પણ ક્યાં છે ? (છતાં અજ્ઞાની) તકરાર કરે છે.... પણ હવે એને સાંભળવા મળ્યું નથી સત્ય અને (તેથી) સત્ય (સાંભળવામાં) આવે ત્યારે એને લાગે છે કે 'અરે ! આ એકાન્ત થઈ ગયું.... એકાન્ત થઈ ગયું.' ભાઈ ! સમ્યક્ એકાન્ત થયા વિના ક્યાંયથી સમ્યગ્દર્શન થશે નહીં ત્રણ કાળમાં.

એ અહીં કહે છે કે પર્યાય હોવા છતાં.... રાગ હોવા છતાં.... અનિત્ય(પણું) હોવા છતાં.... તેને ગૌણ કરી દઈને 'નથી'—એમ અમે કહીએ છીએ. હા, લક્ષ છોડાવવા. અહીં (પર્યાયમાં વિકલ્પના કાળે ભેદ) છે.... ભલે 'હો', તેથી શું છે ? અહીંયા વસ્તુ ભગવાન (આત્મા) આખો પરમાનંદ અંતર્મુખમાં પડ્યો છે.... (ભગવાન આત્મા) અંતર્મુખમાં છે ને જો પર્યાયનું બહિર્મુખે લક્ષ જશે તો ત્યાં આગળ કાંઈ આત્માની પ્રાપ્તિ છે નહીં.

ભગવાન (આત્મા) તો અંતરમાં પડ્યો છે.... પર્યાયના અંશની અંતરમાં આખું દ્રવ્ય છે.... સમજાણું ? વર્તમાન પર્યાયના અંશની અંતરમાં આખું દ્રવ્ય છે. તે (આખું દ્રવ્ય) પર્યાયના અંશમાં નથી ને પર્યાયનો અંશ બહારમાં નથી. તેથી એક સમયની પર્યાયને અંતરમાં વાળતાં, એ (–જે વ્યવહારને પહેલાં) 'હસ્તાવલંબ' કહ્યો હતો એ કાંઈ વસ્તુ જ નથી જા ! (—એમ) કહે છે.

તોપણ જે પુરુષો ચૈતન્ય-ચમત્કારમાત્ર, પરદ્રવ્યભાવોથી રહિત.... દેખો ! એકલો ચૈતન્ય-ચમત્કારમાત્ર ભગવાન.... સામાન્યસ્વભાવ.... ધ્રુવસ્વભાવ.... એકરૂપ ચૈતન્યપિંડ સ્વભાવ છે એનો અનુભવ કરનાર....

કેવો છે તે (પદાર્થ) ?

પરદ્રવ્યભાવોથી રહિત (શુદ્ધનયના વિષયભૂત) પરમ ‘અર્થ’.... પરમ પદાર્થ.... વસ્તુ પરથી ભિન્ન છે.

એક સમયની પર્યાય પણ અંતરમાં વાળવી છે, તેથી એનાથી પણ ખરેખર લક્ષ છૂટતાં પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે છે....

અહો ! શુદ્ધનયનો વિષય ભગવાન.... ‘વિષય’ (શબ્દ) લીધો છે અહીં. જુઓ ભાષા ! (ખરેખર) વસ્તુ તો.... શુદ્ધનય(ના વિષયભૂત) શુદ્ધ દ્રવ્ય (તો) તે (આત્મા) પોતે જ છે. એને જે પકડે છે (તે પુરુષ) પરમ 'અર્થ'ને અંતરંગમાં (અવલોકે છે).... દેખો ! એ (ત્રિકાળી આત્મા) પરમ ‘અર્થ’ છે, પર્યાયનો એક સમયનો અંશ (કે) રાગાદિ પરમ ‘અર્થ’ નથી. સમજાણું કાંઈ ?

પરમ પદાર્થ.... ભગવાન ધ્રુવ સચ્ચિદાનંદ પ્રભુ એ પરમ પદાર્થને જે અનુભવે છે.... એનો આશ્રય કરીને તેને અનુભવે છે એને વ્યવહાર કાંઈ (પ્રયોજનવાન) નથી.

(પહેલી શૈલીમાં એમ આવે છે કે જે)....

(૧) (પરમ 'અર્થ'ને) અવલોકે છે.... એટલે કે અનુભવે છે (–જ્ઞાન), પહેલું જ્ઞાન લીધું,

(૨) તેની શ્રદ્ધા કરે છે.... અંતરના પૂર્ણ સ્વભાવની શ્રદ્ધા અંતરમાં કરે છે (–શ્રદ્ધા) અને

(૩) તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે (–ચારિત્ર).

(—તેને વ્યવહારનું પ્રયોજન નથી). લ્યો ! અહીં તો એમ લીધું. જોયું ?

(બીજી શૈલીમાં એમ આવે છે કે)....

પૂર્ણ (વીતરાગ ન) થાય ત્યાં સુધી એને વ્યવહાર (હોય છે).

—એવી શૈલી (પણ) લીધી છે. બેય ઢબ આવે છે, પણ અહીં તો એમ....

અહીં તો એ છે અત્યારે.... કેટલામો (કળશ) છેએ ? પાંચમો.

स्याद्यद्यपि प्राक्पदव्यामिह निहितपदानां.... परममर्थं चिच्चमत्कारमात्रं परविरहितमन्तः पश्यतां नैष किञ्चित्.... એટલે (એમાંથી) બેય અર્થ નીકળે છે....

(૧) જ્યાં પરમ પદાર્થની દ્રષ્ટિ.... અનુભવ થયો ત્યારે પણ વ્યવહાર કાંઈ રહેતો નથી અને

(૨) પૂર્ણ (વીતરાગતાની) પ્રાપ્તિ થઈ ત્યારે પણ વ્યવહાર રહેતો નથી.

(૧) (અનુભવ) પહેલાં વ્યવહાર આવ્યો કે 'જ્ઞાન તે આત્મા....' (હવે) એ જ્ઞાનમય આત્માનો અનુભવ કરતાં એ જ્ઞાન ને આત્માનો ભેદ રહેતો નથી, માટે (વ્યવહાર) કાંઈ નથી. અને

(૨) બીજી રીતે (કહીએ તો) દ્રષ્ટિ ને અનુભવ થયાં છતાં પૂર્ણ શુદ્ધ થયો નથી ત્યાં સુધી એને વિકલ્પ આદિ આવે છે.... 'હો', પણ પૂર્ણ (શુદ્ધ) થાય એટલે પછી (વિકલ્પ આદિ) કાંઈ જાણવાલાયક રહેતા નથી.... જાણવાલાયક રહેતા નથી.... જાણવાલાયક રહેતા નથી, (પણ) એકલો અનુભવ રહી જાય છે.

તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.... કાંઈ પણ પ્રયોજનવાન નથી એટલે કે વસ્તુ (-વ્યવહાર) જ નથી—એમ કહે છે. વાત તો એમ છેને ! એક જ.... ભગવાન આત્માના પૂર્ણ શુદ્ધ આનંદનો જ્યાં અનુભવ (થયો), પછી વ્યવહાર કોઈ વસ્તુ જ નથી.... ઉડી જાય છે (-અભાવ થાય છે). સમજાય છે કાંઈ ?

શ્લોકમાં લીધુંને ? કે પરમ 'અર્થ'ને અંતરંગમાં અવલોકે.... (તેમાં) ત્રણેય (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) લઈ લીધા છે. परममर्थं.... પાઠ તો એ છેને ? परममर्थं.... परममर्थं चिच्चमत्कारमात्रं परविरहितमन्तः पश्यतां.... परविरहितमन्तः पश्यतां.... એ તો....

परविरहितमन्तः पश्यतां (શબ્દના અર્થમાં)....

(૧) સમ્યગ્દર્શન પણ હોય (-આવી જાય) છે. પરથી રહિત એકલો આત્મા દેખતાં એ સમ્યગ્દર્શન (—એમ) પણ (અર્થ) હોય (-આવી જાય) છે અને

(૨) પરથી રહિત, અશુદ્ધતાનો અંશ બિલકુલ ટળીને પૂર્ણ (શુદ્ધ) થઈ ગયો ત્યાં (પણ) '**परविरहितम् (अन्तः पश्यतां**')—એમ પણ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ ?

એ તો (–બારમી ગાથામાં તો) નિશ્ચયનું (–નિશ્ચય સમકિત સહિતની વાત છેને ? છતાં એમણે (–પંડિત જયચંદજીએ) બેય (–સમકિત પહેલાંની અને પછીની-બન્ને વાત) નાખીને અર્થમાં.... અર્થમાં (–ભાવાર્થમાં) નાખ્યુંને '**परममर्थं**'. નહીંતર તો એમ કહે છે કે.... સમજાણું ? .....આમણે (–જયચંદ પંડિતે) પાછું ચારિત્ર નાખ્યું ભેગું. એ માટે અર્થ કર્યો.... એમણે અર્થ કર્યોને જયચંદ પંડિતે કે શ્રદ્ધા કરે છે તથા તદ્રૂપ લીન થઈ ચારિત્રભાવને પ્રાપ્ત થાય છે.... જુઓ ! (એમણે બારમી ગાથા)માં નાંખ્યું'તુંને ? કે શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રને પ્રાપ્ત થાય તેને વ્યવહારનય (કાંઈ પ્રયોજનવાન નથી)....—એ એવી શૈલી લીધી છે.

તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી....

(૧) એકલા સમ્યગ્દર્શનની અપેક્ષાએ લઈએ તો, ગુણ-ગુણીનો ભેદ કરીને જે વિકલ્પ ઊઠતો હતો એ, ગુણીનો (–દ્રવ્યનો) અનુભવ જ્યાં થયો (ત્યાં) વ્યવહાર કાંઈ છે જ નહિ. એકલો આત્માના આનંદસ્વરૂપનો અનુભવ રહી ગયો.—એ સમ્યગ્દર્શનની અપેક્ષાએ કથન છે.

(૨) આ જયચંદ પંડિતના અધિકાર (–પ્રમાણે) ચારિત્ર સુધી પણ લઈ ગયા કે પૂર્ણ ચારિત્ર થાય ત્યારે એને સવિકલ્પ અવસ્થામાં વ્યવહાર જે આવતો હતો એ રહેતો નથી (અને વ્યવહાર) રહેતો નથી એટલે તે કાંઈ પ્રયોજનવાન નથી.... એટલે કે (વ્યવહાર છે—એમ) જાણવા જેવું પણ રહેતું નથી, (પરંતુ) એકલો અનુભવ થઈ (–રહી) જાય છે. તેમને એ વ્યવહારનય કાંઈ પણ પ્રયોજનવાન નથી.... લ્યો !

(ભાવાર્થ :—) શુદ્ધ સ્વરૂપનું જ્ઞાન, શ્રદ્ધાન તથા આચરણ થયા બાદ.... —એમ લીધું.... અશુદ્ધનય કાંઈ પણ પ્રયોજનકારી નથી.... એટલે કે જાણવાલાયક (–વ્યવહાર જાણવા માટે પણ) રહેતો નથી—એમ (કહેવું છે). 'પ્રયોજન(કારી નથી)' એટલે કે પછી વ્યવહાર જાણવાલાયક (પણ) રહેતો નથી, એકલો સ્વરૂપનો પૂર્ણ અનુભવ થઈ (–રહી) જાય છે. વિશેષ કહેશે.

(પ્રમાણ વચન ગુરુદેવ)

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજી સ્વામી દિગંબર જૈન

દિવાળી યાત્રા ગ્રુપ

પૂર્ણ નિર્મળતા

જ્ઞાન

દર્શન

ચારિત્ર

## પ્રકાશક

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી દિગંબર જૈન દિવાળી યાત્રા ગ્રુપ

## પ્રાપ્તિસ્થાન

Vitragvani

www.vitragvani.com